શ્રીસ્વામિનારાયણીય

ભક્ત આખ્યાન

ભાગ-૧

ભક્તરાજ જોબન પગી



રૂડિયો રખડું



નિષ્ઠાવાન ભગા દોશી



સંતસ્નેહી શિવલાલ શેઠ



વિશ્વાસી ભક્ત ગલુજી



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

શ્રીસ્વામિનારાયણીય

ભક્ત આખ્યાન

ભાગ-૧

શ્રીસ્વામિનારાયણીય

ભક્ત આખ્યાન

ભાગ-૧

લેખક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯, આસો વદ-૩૦, દીવાળી; તા.૩/૧૧/૨૦૧૩

દ્વિતીય આવૃત્તિ : સં.૨૦૭૨, શ્રાવણ સુદ-૧૫, રક્ષાબંધન; તા.૧૮/૮/૨૦૧૬

પ્રત : ૨૦૦૦

કુલ પ્રત : ૫૦૦૦

કિંમત : ₹૭૦/-

ISBN : 978-93-83456-53-6

: પ્રાપ્તિસ્થાન :

- કુંડળ : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- વડોદરા : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- વડતાલ : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- મુંબઈ : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- સુરત : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી..

ગામ .... **તા.**............................... **જિ.** ....

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતોના યોગથી જીવન પરિવર્તન કરનાર (૧) ભક્તરાજ જોબન પગી, (૨) રૂડિયો રખડું, (૩) નિષ્ઠાવાન ભગાદોશી, (૪) સંતસ્નેહી શિવલાલભાઈ અને (૫) વિશ્વાસુ ભક્તરાજ ગલુજીભાઈ - આ પાંચ મુક્તરાજના જીવન આખ્યાન આ **'શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન'** ભાગ-૧ માં સમાવિષ્ટ કરેલ છે. એને વાંચવાથી આપણી સર્વ પ્રકારે જીવનશુદ્ધિ, સમજણશુદ્ધિ, ધ્યેયશુદ્ધિ તથા આધ્યાત્મિક ઉન્નતિ થાય તથા આત્મકલ્યાણ સાધવામાં જરૂર મદદ મળે, એવા હેતુથી આપને તથા આપના પરિવારને આ ગ્રંથ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

....

તારીખ ....

પ્રસ્તાવના

હરિભક્ત તણાં આખ્યાન, સુણીયે થઈને સાવધાન;
તેથી તેના જેવા ગુણ આવે, પ્રીતિ પ્રભુપદમાં ઉપજાવે.
જેણે ભક્તિ કરિ શિર સાટે, સહ્યાં સંકટ સત્સંગ માટે.
થયા સત્સંગી આ સમે એવા, ધ્રુવજી અને પ્રહ્લાદ જેવા;
આવાં આવાં સુણે જે આખ્યાન, થાય પવિત્ર તેહના કાન;
તનશુદ્ધિ તો તીરથ સ્નાને, મનશુદ્ધિ આવાં આખ્યાને.

હરિલીલામૃતની ઉપરોક્ત પંક્તિમાં ભક્તના આખ્યાનના શ્રવણની જે ગરિમા ગવાણી છે તથા ફળશ્રુતિ લખી છે તે બધું જ આ જોબન પગી, રૂડિયો રખડું, ભગા દોશી, શિવલાલ શેઠ અને ગલુજીભાઈનું આખ્યાન વાંચતા, વિચારતા પ્રત્યક્ષ અનુભવાય છે. આ કથા છે પરિવર્તનની, જીવનશુદ્ધિની, ધ્યેયશુદ્ધિની; માટે સહુના જીવનને સ્પર્શે છે. આ કથા કોઈ કલ્પનાનો વૈભવ નથી, પરંતુ એક અલૌકિક સત્ય ઈતિહાસ છે, પ્રેરણામૃત છે. આ ગ્રંથમાં લખાયેલા એક એક પ્રસંગો આપણા અજ્ઞાન અંધકારને ટાળનાર સૂર્ય સમાન છે. વળી, જન્મ-મરણરૂપ રોગને ટાળનાર અનુપમ ઔષધ છે. નૂતન દૃષ્ટિ દેનાર દિવ્ય ચશ્મા છે. ભાગ્ય પલટનાર સુખદ સમજણ છે. તેથી જ પ્રાયઃ પ્રસંગો તો આપણા અંતરને સીધા જ સ્પર્શતા હોય છે. કોઈ ને કોઈ રીતે પ્રેરણાનાં ઝરણાં વહાવતાં હોય છે.

આ જોબન પગી વગેરેનાં આખ્યાનો વાંચવા-સાંભળવાથી ભગવાનમાં હેત જરૂર વધશે. વળી, બિનસત્સંગી હોય કે સામાજિક

માણસ હોય, નવા સત્સંગી હોય કે વર્ષો જૂના સંતો યા હરિભક્તો હોય તે સહુને વાંચવા, સાંભળવા ગમે એવા છે. અરે..! મુક્ત, મુમુક્ષુ, વિષયી અને પામર સહુને મનને અને કર્ણને પ્રિય લાગે એવા છે. વાંચનપ્રિય માણસોને તો હાથમાં લીધા પછી મૂકવાનું મન ન થાય એવા આ પ્રેરણાદાયી એવં રસપ્રદ આખ્યાનો છે. અધર્મી માણસને પણ આ આખ્યાનો વાંચવા-સાંભળવાથી ધર્મી બનાવી દે એવા છે. ક્રૂર અને ઘાતકી માણસને કોમળ અને પરોપકારી બનાવી દે એવા છે. નાસ્તિક માણસ પણ વાંચીને આસ્તિક થાય એવા આ જોબન પગી આદિના આખ્યાનો મને લાગ્યા છે. વળી, સાચા સત્સંગીને માટે તો ભગવાનની નિષ્ઠા અને મહિમાની ખુમારી ચડાવી દે એવા અદ્‌ભુત આ આખ્યાનો છે. વળી, જૂના તેમજ નવા તૈયાર થતા કથાકાર સંતોને તો અતિ ઉપયોગી છે.

તત્ત્વચિંતકો કહે છે કે, ‘કોઈ પણ સંપ્રદાય, સંસ્કૃતિ કે જાતિને પૃથ્વી ઉપરથી ભૂંસી નાખવી હોય, તો પહેલાં તેનો ઈતિહાસ ભૂંસી નાખો; એટલે તે આપોઆપ અદૃશ્ય થઈ જશે.’ આ વાક્ય વિચારતાં સ્પષ્ટ સમજાય છે કે, **‘સત્સંગના અણમોલ વારસાને જીવંત રાખવા માટે આપણો સાચો ઈતિહાસ અને સંતો-ભક્તોનાં આખ્યાનો ચેતનવંતી પાઠશાળાની ગરજ સારે એવા છે.’**

જેમણે સંપ્રદાયની ઈમારત ચણવામાં પાયાનું યોગદાન આપ્યું છે એવા નિષ્ઠાવાન, નિયમધારી, સેવા, સમર્પણ, સદ્‌ગુણો અને સમજુ (૧) ભક્તરાજ જોબન પગી, (૨) રૂડિયો રખડું, (૩) નિષ્ઠાવાન ભગાદોશી, (૪) સંતસ્નેહી શિવલાલ શેઠ તથા (૫) વિશ્વાસી ભક્તરાજ ગલુજીભાઈના આખ્યાનો આપણા સાચા વ્યક્તિત્વને વિકસાવવા માટેનું સુંદર ટોનિક છે. આવતી પેઢીના ભક્તો માટે અનુપમ ઉપહાર છે. આ આખ્યાનો વાંચન કરતાં જાણે કે, આપણે પણ તેમની સાથે વિલસતા હોય એવું લાગે છે.

વહાલા ભક્તો ! ભગવત્‌ચરિત્રો સાંભળવા કરતાં પણ આવા મહાન ભક્તોનાં આખ્યાનોનું વાંચન-શ્રવણ આપણને વધારે ઉપયોગી અને પોષણ કરતા નીવડે છે. કેમ જે, શ્રેષ્ઠ ભક્તો અન્ય ભક્તોના આદર્શ છે. તેથી ભક્તચરિત્ર સાંભળવાથી તે ભક્તોએ ભગવાનને કેમ રાજી કર્યા ? સંતોને કેમ રાજી કર્યા ? કયા માર્ગે ચાલવાથી તેઓ જલ્દી સિદ્ધિને પામ્યા, શ્રીહરિ પ્રસન્ન થયા ? તે લોકોને ભગવદ્‌પ્રાપ્તિ માટે કેવાં કેવાં વિઘ્નોનો સામનો કરવો પડ્યો ? અને કસોટીકાળે પણ કેવી રીતે, કેવો મહિમા રાખ્યો, દિવ્યભાવ રાખ્યો ? તથા કેવી નિષ્ઠા રાખી અને તેઓ કઈ રીતે વિઘ્નોને જીતી ભગવદ્‌ધામને પામ્યા ? આ બધી બાબતો ભક્તોનાં આખ્યાનોમાં આવે છે.

વળી, ભક્તોનાં આખ્યાન સાંભળવાથી તેમાં રહેલા ગુણો અને વિશેષતાઓનો ખ્યાલ આવે છે, તેથી આપણી ભૂલો ઓળખાય છે. મહાન ભક્તોના ગુણો સાંભળતાં આપણા અવગુણો દેખાય છે. અને અંતરમાં એમ થાય કે, ‘અહો ! તે કેટલા નિર્માની છે અને હું શું કામ માન રાખું છું ? તે કેવા અનાસક્ત છે ? હું શા માટે આસક્તિ રાખું છું ? તે કેવા નિર્મમ છે ? અને હું શું કામ મમતા રાખું છું ? તે કેવા સદ્‌ગુણી છે ? હું શા માટે દુર્ગુણો રાખું છું ?’ આવી સીધી અસર થાય છે. અને દેહ-દુનિયાનો મોહ છોડી જલ્દી પ્રભુ પામવાનું બળ મળે છે. આમ, અતિ ઉપયોગી જાણી આ **‘શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન’** નામે ગ્રંથ લખ્યો છે. અને મને જ્યાં કથા અસરકારક એવં પ્રેરણાદાયી બને એવું લાગ્યું, ત્યાં અનુકૂળતાપૂર્વક દોહા, ચોપાઈ, સોરઠા રચીને મૂકેલ છે.

આ આખ્યાનો લખવામાં સાંપ્રદાયિક શાસ્ત્ર-સાહિત્ય, કવિ માવદાનજીએ લખેલું ‘જોબન પગીનું આખ્યાન’ તથા ‘ભગાદોશી અને શિવલાલભાઈનું જીવનવૃત્તાંત’ ખૂબ જ ઉપયોગી થયા છે. તથા ક્ષત્રિયોના

બારોટ ભાનુસિંહ ફતેસિંહના ચોપડાઓ અને જોબન પગીના વંશજો પાસેથી તથા વડતાલ મંદિર પાસેથી પણ જોબન પગીના આખ્યાન માટે ઘણું મળેલ છે. આ સર્વનો સુભગ સમન્વય અહીં કરાયો છે. માટે તે સહુનો હું હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા આ **'શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન'** ભાગ-૧ પ્રકાશિત થઈ રહ્યો છે. આ સાહિત્યસેવાથી શ્રીહરિ તથા સત્સંગપ્રેમી સર્વે નાના-મોટા સંતો-ભક્તો અમારા ઉપર પ્રસન્ન થાઓ, એવી અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ (કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ

INDEX

સમર્પણ

હે સર્વાવતારી શ્રીહરિ ! હે મારા આત્માના આત્મા ! જે કાંઈ છે તે બધું આપને લઈને છે. આપના પ્રકાશ્યા અમે પ્રકાશિત છીએ. આપના બનાવ્યા બધા મુક્ત બન્યા છે અને બનશે. આપે જેમ ઇચ્છ્યું તેમ પૂર્વમુક્તો સહુ જીવ્યા છે અને આપે લીધેલી પરીક્ષામાં આપે જ પાર ઉતાર્યા છે. માટે આ 'શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન' ગ્રંથમાં આપની કૃપાથી લખાયેલા પાંચે મુક્તોનાં આખ્યાનો આપના હોઈ આપના જ કરકમળમાં અર્પણ કરી ધન્યતા અનુભવું છું.

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ-કુંડળધામના
ઝાઝા જય સ્વામિનારાયણ

અનુક્રમણિકા

પ્રકરણ-૧

ભક્તરાજ જોબન પગી

પ્રકરણ-૨
રૂડિયો રખડું

પ્રકરણ-૩
નિષ્ઠાવાન ભગા દોશી

પ્રકરણ-૪

સંતસ્નેહી શિવલાલ શેઠ

પ્રકરણ-૫


વિશ્વાસીભક્ત ગલુજી



શ્રીહરિકૃષ્ણ મહારાજ-બોટાદ



ભક્તરાજ જોબન પગી



નીલકંઠવર્ણી સાથે જોબન પગીનો પ્રથમ મેળાપ



ડભાણ યજ્ઞમાં શ્રીજીમહારાજના શરણે થયેલા જોબન પગી



જોબન પગી વગેરેને વર્તમાન ધરાવતા શ્રીજીમહારાજ




જોબન પગીને દિવ્યરૂપે તેની મેડીએ દર્શન આપતા શ્રીહરિ



સ્વામિનારાયણ ભગવાનનું સામૈયું કરતા જોબન પગી વગેરે ભક્તજનો




જોબન પગીના આંગણામાં નૃત્ય દ્વારા શ્રીહરિને રીઝવતા સદ્. શ્રીમુક્તાનંદસ્વામી



વડતાલ ફૂલદોલોત્સવમાં પ્રભુનું પૂજન કરતા ભક્તરાજ જોબન પગી



ભક્તરાજ જોબન પગીએ વડતાલમાં ભવ્ય રંગોત્સવ કરાવ્યો



શ્રીહરિએ ગોમતી કિનારે જોબન પગીના ગર્વનું ગંજન કર્યું



રૂડિયા રખડું ઉપર કરુણા રેલાવતા સદ્. શ્રીબ્રહ્માનંદસ્વામી



વડતાલ મંદિરની સેવા કરતા શ્રીહરિ, જોબન પગી તથા રૂડાભગત વગેરે ભક્તો





દેવોને અર્પણ કરેલ ખેતર જોવા શ્રીહરિને ખભે બેસારીને લઈ જતા ભક્તરાજ જોબન પગી



વડતાલધામ તથા સંઘની સદા ચોકી કરવાનો દસ્તાવેજ આપતા જોબન પગી



ચરણરજ માટે ચાખડી ચોરી. પછી જોબન પગી પર રાજી થઈ ચરણરજ આપતા શ્રીહરિ



ભક્તરાજ શ્રીજોબન પગી

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

ભક્તરાજ
શ્રીજોબન પગીનું આખ્યાન

પ્રકરણ-૧

અધ્યાય-૧
મંગલાચરણ તથા પૂર્વભૂમિકા

દોહા : હે સર્વાધાર શ્રીહરિ, તમે છો પુરુષોત્તમ;
મારા જેવા જીવને, તમોમાં શું પડે ગમ ?..૦૧
આનંદ આપો આપનો, કરી કરુણા ને પ્યાર;
હે મારા વાલમા તમે, સર્વે સુખ આધાર...૦૨

મનુષ્યદેહ મળ્યા પછી અખંડ શાંતિમય, સુખમય, ભક્તિમય અને મૂર્તિમય જીવન જીવાય તે શ્રીહરિની કૃપા છે. લોકો ભોગમય અને પાપમય જીવન જીવે છે તેથી અંતે બહુ દુઃખી થાય છે. આજ શ્રીહરિ તથા મોટા સંતોએ અહેતુક કૃપા કરી છે તેથી તેમના પ્રેમથી, હૂંફથી અને બળથી આપણે આપણું જીવન પવિત્રપણે જીવીએ છીએ. જ્યારે ભગવાનની અને મોટાની અકારણ કરુણા થાય ત્યારે જીવનમાં પરિવર્તન થાય છે, પ્રભુમાં પ્રેમ થાય છે, મોક્ષના માર્ગે આપણી ગતિ થાય છે, સાચી સન્મતિ પ્રાપ્ત થાય છે અને તે દ્વારા આપણે અખંડ મૂર્તિરૂપી શાંતિને ભોગવી શકીએ છીએ.

જે મૂર્તિ રાખે છે અને મોટાની મરજીમાં રહે છે તે છતાં દેહે નિર્બંધ થાય છે, મહામુક્ત થાય છે. માટે સંસારનો અને દેહનો સંબંધ છોડીએ અને જે ચૈતન્ય ભૂમિકામાં આપણા મહારાજ વિહાર કરે છે, જે દિવ્ય ભૂમિમાં ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, દાદા ખાચર તથા જોબન પગી જેવા મુક્તાત્માઓ વિચરે છે, ત્યાં આપણા આત્માની ચેતનાને સંલગ્ન કરીએ. ભૌતિક દેહ અને દુનિયાને ભૂલીને ચૈતન્ય મૂર્તિ શ્રીહરિને જ આપણી દુનિયા બનાવીએ તો ખૂબ જ આનંદ આવશે.

જોબન પગી જેવા મહાન ભક્તનું આખ્યાન આપણને દેહરૂપ મટી બ્રહ્મરૂપ બનવાનું શીખવે છે. આપણને બ્રાહ્મી ભૂમિકામાં જીવવાની શિખામણ આપે છે. જગપ્રસિદ્ધ એવા આ ભક્તરાજ જોબન પગીની જેમ આપણું પણ જીવન પરિવર્તિત થાય, તેમની જેમ આપણે પણ નિષ્ઠાવાન, પ્રેમી અને ભક્તિવાન બનીએ; એવી આ પ્રથમ મંગલાચરણ દ્વારા શ્રીહરિને પ્રાર્થના કરીએ.

દોહા : **અવતારી અહીં આવિયા, આ અંડે પે'લી વાર;**
આસુરી ચોર ડાકુનો, કર્યો સહજ ઉદ્ધાર...૦૩

પાપી સુરાપી તારિયા, વ્યભિચારી નર નાર;
વામી ક્રુર પલલભક્ષી, આસુરી કર્યા પાર...૦૪

એમાંથી કહું એકનું, આજ રૂડું આખ્યાન;
નિજ જીવનને સુધારવા, સહુ ભણજો દૈ ધ્યાન...૦૫

ભરાડીને ભગત કર્યો, પાપી ઉતાર્યો પાર;
અવતારી છે આ શ્રીહરિ, ગણશો નહિ અવતાર...૦૬

ધન્ય ધન્ય ગરવી ગુજરાતને, ધન્ય ધન્ય ચારુતર પ્રાંત;
ધન્ય ધન્ય વડતાલ ધામને, થાય સંભારે મન શાંત...૦૭

અખંડ તિયાં બિરાજે છે, હરિકૃષ્ણ મહારાજ;
પૃથ્વી પર વડતાલને, જાણો અક્ષર આજ...૦૮

જોબન આદિને ફાળે, જાય છે તે સહુ યશ;
વડતાલ મહાતીર્થ કર્યું, હરિએ જોબનને વશ...૦૯

શ્રીહરિ ઘણીવાર કહેતા કે, **'હું આ બ્રહ્માંડમાં ક્યારેય આવ્યો નથી અને હવે આવીશ પણ નહીં.'** આવા સર્વોપરી શ્રીહરિએ ચપટી વગાડતામાં અનેક જીવોને સમાધિ કરાવી, અનેક આસુરી જીવોનું પણ પરિવર્તન કરી મહાન ભક્ત કર્યા. જોબન પગી, તખા પગી, રૂડિયો રખડું, માનભા, મુંજાસુરુ જેવા અનેક પાપીઓને પાવન કર્યા. **દુશ્મનોને દાસ બનાવવા એ શ્રીહરિની સર્વોપરીતા છે.** અન્ય અવતારોમાં તો જે તેની સામા થયા તેનાં તલવારે સમાધાન કર્યા કે ચક્ર મૂકીને માથાં ઉડાડી દીધાં છે; ત્યારે સ્વામિનારાયણ ભગવાને બે કાંઠે વહેતી ગંગાની જેમ સહુની ઉપર કરુણા રેલાવી છે. તેથી જ તેમને મારવા આવેલાને પણ મહામુક્ત બનાવ્યા છે. પિબેક કે મેઘજી સુખડિયા જેવા અનેક અહંકારીનો અહંકાર ઉતારી ઉત્તમ ભક્ત બનાવ્યા છે. આ શ્રીહરિની કરુણાશક્તિ, સહનશક્તિ અને સર્વોપરીતા છે. આ શક્તિઓ દ્વારા જ સ્વામિનારાયણ ભગવાને કંઈક પાપી, સુરાપી, માંસાહારી તથા વ્યભિચારીનો ઉદ્ધાર કર્યો છે. એવા જ એક પાપના પર્વત જેવા લુટારાનું પરિવર્તન કરી ઉત્તમ ભક્ત બનાવ્યા અને એ હતા : **વડતાલના જોબન પગી.**

ગરવી ગુજરાતના ચરોતર પ્રાંતમાં વડતાલ ધામને સંભારતાં આજ અસંખ્ય લોકોના અંતરમાં શાંતિ થાય છે. કેમ જે, ત્યાં **સર્વાવતારી પુરુષોત્તમનારાયણ 'હરિકૃષ્ણ મહારાજ'રૂપે પ્રગટ બિરાજે છે અને આ લુટારાનું ગામ મહા તીર્થધામ બન્યું, એનો યશ જોબન પગી આદિક ભક્તોને ફાળે જાય છે.** આજે દુનિયામાં નરસિંહ મહેતાની કરતાલ, ગાંધીજીની હડતાલ અને સ્વામિનારાયણ ભગવાનનું વડતાલ પ્રસિદ્ધ છે.

ચોપાઈ : **હડતાલ કડતાલ વડતાલ રે, ગાંધી મહેતા ને ધર્મલાલ રે;**
ત્રણે પ્રસિદ્ધિ પામ્યા જગમાંય રે, એમ કહે છે ડાહ્યા બાય ભાય રે.

આ ત્રણમાંથી વડતાલ વિશ્વમાં પ્રસિદ્ધ થયું તેનું કારણ ત્યાં જોબન પગી જેવા મહાન ભક્ત થયા. હવે તેમના પૂર્વજન્મની કથા કહેવાપૂર્વક આખ્યાનનો આરંભ કરું છું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'લેખકે મંગલાચરણ કર્યું તથા પૂર્વભૂમિકા કહી' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

જોબન પગીના પૂર્વજન્મનું વૃત્તાંત

દોહા : **હવે કહું જોબન પગીનું, પૂર્વ જન્મનું વૃત્તાંત;**
પૂર્વ જન્મે તે કોણ હતા, સુણી ટળે તે ભ્રાંત...૧૦

આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે **ઉન્મત્તગંગા માહાત્મ્ય ગ્રંથના અધ્યાય ૧૨ ૩**માં જોબન પગીના પૂર્વજન્મની કથા લખી છે. જોબન પગી પૂર્વ જન્મમાં ક્ષત્રિય હતા. બહુ પવિત્ર જીવન જીવતા. અતિ બુદ્ધિવાળા અને મહા શૂરવીર હતા. ક્ષત્રિય ધર્મને અનુસરતા હતા. નીતિમત્તાથી કુળપરંપરાનો વ્યવસાય કરતા હતા અને પરોક્ષભાવે ભગવાનનું નિત્ય ભજન કરતા. ઉદાર સ્વભાવના તથા સાધુ-સંતોની સેવામાં અતિશય શ્રદ્ધાવાળા હતા. આમ સુખપૂર્વક જીવન જીવતા હતા. પરંતુ એક દિવસ લોભે માથુ માર્યું. તેથી ઝાઝુ ધન કમાવાની વાસનાથી ઘર છોડીને પરદેશ જવાની ઇચ્છા થઈ.

ઘણા ભક્તોને પણ જીવનમાં આવું બને છે. અહીં સત્સંગ, સેવા, ભજન સુખે થતાં હોય; શાંતિમય જીવન જીવાતું હોય; નિત્ય મંદિરનો તથા સારા સંતો-ભક્તોનો યોગ રહેતો હોય છતાં લોભને કારણે આ બધું છોડીને વિદેશ જાય. પછી કાવાદાવા કરીને કમાય અને તેમાંથી થોડું-ઘણું દાન કરે એટલે અજ્ઞાની લોકો તેને ઉદાર અને સેવાભાવીનો

સિક્કો મારી દે; પરંતુ લોભ વિના આવો દિવ્ય સત્સંગ કોણ છોડાવે છે ? કોણ આપણા જીવનને બગાડે છે ? તે વિચારવું.

આ પવિત્ર ક્ષત્રિય ધન કમાવવા સારુ ઘર છોડી પરદેશ ગયો. ત્યાં તેને અતિ દુરાચારી લોકોનો યોગ થયો. તેથી હળવે હળવે સત્સંગ ટળી ગયો અને કુસંગે અંતરમાં ઘર કર્યું. દુરાચારી માણસના નિત્યના સંસર્ગથી માણસોને જરૂર દુર્ગુણો અડી જાય છે.

✹ કુસંગને કારણે અધઃપતન :

શ્રીહરિ વચ.ગ.પ્ર.૭૦માં કહે છે જે, "અંતરમાં જે કુસંગી રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે, અને વળી અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે; પણ **જે અંતરમાં કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે, અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે.** માટે બહારના કુસંગીનો સંગ ન કરે ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય છે." પરંતુ બહારથી નિત્ય કુસંગનો યોગ રાખે તો વ્યક્તિ જરૂર વાસનાનો ભોગ બને છે અને એનો ભોગ કરતા દુર્ગુણી બની પાપના કીચડમાં પડે છે.

જાય કોઈ પરદેશમાં, ત્યાં કુસંગ યોગ થાય;
દુરાચારી દુષ્ટ યોગે, ભલભલા બગડી જાય...૧૧
વિદેશે કુસંગ લાગિયો, સદ્‌બુદ્ધિ પામી નાશ;
ધર્મમર્યાદા તજી દીધી, થયો દુરાચારી ખાસ...૧૨

જે વિદેશ ધન કમાવવા સારુ જ જાય છે તેવા ભક્તોએ ખાસ સાવધાની રાખવા જેવી આ વાત છે. આ ક્ષત્રિયને વિદેશમાં કુસંગ લાગ્યો, તેથી સદ્‌બુદ્ધિ નાશ પામી. ધર્મમર્યાદા છોડી દીધી. અભક્ષ ખાવા લાગ્યો. જે કરવાથી જીવ જમપુરીમાં જાય એવાં હીન કર્મો કરવા લાગ્યો. પ્રાણીઓની હિંસા તથા દુરાચારથી ભરપૂર થયો. મદ્ય, માંસ,

વ્યભિચાર, જુગાર આદિક અનેક ધંધા કરવા લાગ્યો. કુસંગીનો સરદાર થયો. પછી તો તેની લુચ્ચાઈ, ઉદ્ધતાઈ અને દાદાગીરી વધી ગઈ. જેમ સિંહથી હરણિયા ત્રાસ પામે તેમ સારા માણસો તેનાથી ત્રાસ પામવા લાગ્યા. તેની પાડોશમાં કોઈ સારા માણસ રહેવા જતા નહીં.

આમ ઉતરતા ઉતરતા તે સાવ ઉતરેલ થઈ ગયો. આવાં હીન કૃત્યોને કારણે તેને ધીરે ધીરે અપાર દુઃખો આવવા લાગ્યાં. પછી તેની તમામ સંપત્તિનો ધીરે ધીરે નાશ થઈ ગયો. ગરીબ થવાને કારણે સગાં-સંબંધીઓએ તેનો ત્યાગ કર્યો અને જે કુટુંબીઓ સાથે હતા તેનો પણ ધીરે ધીરે વિનાશ થયો. કુસંગને કારણે આ બધી કઠણાઈ બેઠી.

કઠણાયોનું કારણ છે, 'જ્ઞાન' આવો કુસંગ;
કુસંગ કોઈ કરશો નહિ, કરજો સદા સત્સંગ...૧૩

પછી તો તે ગામ છોડી વનમાં શિકારીઓની સાથે ફરવા લાગ્યો. અન્ન-વસ્ત્રની ખેંચ પડવા લાગી. એકવાર અતિ ભયંકર દુઃખની સ્થિતિ આવીને ઊભી રહી. ઘોર જંગલમાં તે ભૂખ્યા-તરસ્યા દિવસો કાઢતો હતો. અત્યંત દુઃખથી ચોધાર આંસુએ રુદન કરતો હતો. પોતાના પ્રથમના સદ્વર્તન તથા સારા મિત્રો, પત્ની અને સંતોને સંભારી નિસાસા નાખતો હતો. તેને ક્યાંય દુઃખનો અંત દેખાતો ન હતો. સારો સમય અને સારા માણસોનો સંગ છૂટી ગયો તેનો અંતરમાં અતિશય પસ્તાવો થતો હતો. આવાં ભયંકર દુઃખોના વિચારો આવવાથી શોકને કારણે તે મૂર્છાવત્ થઈ ગયો. ધરણી ઉપર ઢળી પડ્યો.

કરે કર્મો જેવાં જનો, તેવાં જ ભોગવે ફળ;
કર્મનો અટળ સિદ્ધાંત છે, ન ચાલે કોઈનું બળ...૧૪

કોઈ એવું ન સમજતા કે, કોણે ભાળ્યું છે ? ઈશ્વરના ઘરમાં દેર છે પરંતુ અંધેર નથી. કરેલાં કર્મનું ફળ જરૂર ભોગવવું જ પડે છે - આ કર્મનો અટળ સિદ્ધાંત છે.

કુસંગીમાં અને ભક્તમાં એટલો ફેર છે કે જ્યારે અતિ દુઃખ આવે ત્યારે કુસંગી ભૂંડે હાલે મરે અને ભક્તને ભગવાન કે સંત યાદ આવે એટલે તે તરે છે. આ ક્ષત્રિય કુસંગને કારણે વાસના, વ્યસન અને વ્યભિચારમાં ફસાયો તો તેની ભૂંડી દશા થઈ. માટે સદ્‌રસ્તે રહેવું, વર્તન સારું રાખવું, પંચવર્તમાન પાળવા અને કુસંગનો ત્યાગ કરી સત્સંગ પરાયણ રહેવું. શ્રીહરિ અને મોટા સંતોને ગમે એવું જીવન જ જીવવું. ક્યારેય સંતો-ભક્તોની આંખમાં ધૂળ નાખવી નહીં. સ્વાદને કારણે, કામને કારણે કે ધનના લોભને કારણે દંભ કે કપટ કરવાં નહીં. નિખાલસ અને નિષ્કપટભાવે સત્સંગ કરીએ, તો જ આ લોક અને પરલોક સુધરશે. જો કુટુંબ સાથે, સત્સંગ સાથે અને સંતો-ભક્તો સાથે લુચ્ચાઈ કરી, વિશ્વાસઘાત કર્યો તો જીવનમાં અવશ્ય દુઃખના ડુંગરા તૂટી પડશે, માટે સાવધાન રહેવું.

✹ દિલની પ્રાર્થના અને સંતોના આશીર્વાદ :

આ ક્ષત્રિય નિસાસા નાખીને રડતા રડતા બેભાન થઈ ગયો. ઘણીવારે વળી પાછો તે સભાન થયો. અને વળી પોતાનાં પાપ યાદ આવવા લાગ્યાં. તેથી ફરી નિસાસા નાખી પશ્ચાતાપ કરવા લાગ્યો. આ દુઃખમાંથી ઉગરવાનો જ્યારે કોઈ રસ્તો ન સૂજ્યો ત્યારે ભગવાન યાદ આવ્યા. ભગવાનને અંતિમ ઉપાય જાણીને રડીરડીને પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો. **ગમે તેવો પાપી હોય તોપણ અંતરના ઊંડાણથી પ્રાર્થના કરે તો તેની પરમેશ્વર જરૂર સહાય કરે છે. નાભીના નાદને નારાયણ જરૂર સાંભળે છે.** તેથી તે જ સમયે ભગવાનની ઈચ્છાથી જેનાં દર્શનમાત્રથી આનંદ થાય, હૈયામાં શાંતિ થાય અને પાપો ધોવાઈ જાય એવા પવિત્ર ચાર સંતોનાં તેને દર્શન થયાં.

સંત દર્શન માત્રથી, દુર્બુદ્ધિ પામી નાશ;
અમીદષ્ટિ થતાં સંતની, થયો સદ્‌બુદ્ધિ પ્રકાશ...૧૫

દુઃખ વેળાએ સંત મળ્યા, તેથી નમી પડ્યો પાય;
દુઃખ ને સંકટ જીવને, પ્રભુ નજીક લઈ જાય...૧૬

અને પ્રાર્થના કરતાં તેણે કહ્યું, "હે સંતો ! હું મહાપાપી છું, દુરાચારી છું, દુઃખી છું, એકલો છું અને ભગવાનનો, સંતોનો તથા ધર્મનો આશરો છોડીને મેં બહુ પ્રકારનાં કુકર્મો કર્યાં છે; પરંતુ આજથી હું તમારે શરણે છું. મારી રક્ષા કરો...રક્ષા કરો..." પછી શરણે આવેલા ક્ષત્રિયને સંતોએ આશ્વાસન આપ્યું.

સુખ અને સફળતા માણસને ભગવાન અને સંતોથી દૂર લઈ જાય છે. સત્તા, સંપત્તિ, સન્માન અને સંકલ્પોની સિદ્ધિ થવા મંડે એટલે તરત જ માણસના જીવનમાં ભગવાન અને સંતો ગૌણ થઈ જાય છે. તેથી ફરી શ્રીહરિ અને સંતોના ઉપકારને યાદ કરાવવા પ્રભુને ઈચ્છા ન હોવા છતાં આપણને દુઃખ દેવું પડે છે. માટે ભગવાનને દુઃખ મોકલવું ન પડે એવા ડાહ્યા આપણે થાવું. આ ક્ષત્રિયને પ્રભુએ દુઃખ આપ્યું ત્યારે ડહાપણ આવ્યું. જ્યારે અકિંચન બનીને સંતોની શરણાગતિ સ્વીકારી ત્યારે સંતોએ અધમઉદ્ધારણ એવા ભગવાનનો મહિમા વિચારી ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહ્યું, "હે રાજન્ ! હવે તું દુઃખી થઈશ નહીં, ચિંતા કરીશ નહીં. તારી પ્રાર્થના અમે સાંભળી છે. આગળના કાળમાં તને પ્રગટ ભગવાન મળશે.

ટૂંક કાળમાં પ્રગટશે, કોટિ બ્રહ્માંડના નાથ;
તું જેવા ઘણા પાપીનો, દયાળુ ઝાલશે હાથ...૧૭
આવતે જન્મે તેનો, થાશે જરૂર યોગ;
સર્વોપરી હરિ સેવતાં, જશે જન્મ-મરણ રોગ...૧૮

હવે ટૂંક સમયમાં કોટિ ભુવનના નાથ, સર્વોપરી, સર્વનું કારણ શ્રીહરિ પ્રગટ થશે. સાથે તેમના મહામુક્તો પણ પ્રગટ થશે. આ સંતો-

ભક્તો સંસારમાં અનેકના આદર્શ અને દિવાદાંડીરૂપ બનશે. તે પ્રગટ પરમેશ્વર તથા તેમના મહામુક્ત સંતોનો તને યોગ આવતા જન્મમાં થશે. અને તેમની સેવાથી તારાં આધિ, વ્યાધિ, ઉપાધિ, જમપુરી તથા જન્મ-મરણ આદિક તમામ દુઃખો નાશ પામશે અને તને ભગવાનનું અક્ષરધામ મળશે.” આમ આશીર્વાદ આપી સંતો ત્યાંથી ચાલતા થયા.

પછી તે ક્ષત્રિય પોતાના ગામમાં ગયો. મનમાં અખંડ એમ માનતો કે, ‘સંતોના આશીર્વાદ કોઈ દિવસ મિથ્યા જાય નહીં; મારું જરૂર એક દિવસ કામ થશે.’ થોડા દિવસ પોતાનું જૂનું ઘર હતું ત્યાં રહ્યો અને પછી કાળના વેગથી તે મૃત્યુ પામ્યો.

હવે તે આ જન્મમાં કેવી રીતે મહાન ભક્ત બન્યો ? તેમના પૂર્વજો કોણ હતા ? વગેરે પ્રસંગોને થોડા વિસ્તારથી જોઈએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં ‘જોબન પગીના પૂર્વજન્મનું વૃત્તાંત કહ્યું’ એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

જોબન પગીના પૂર્વજોનો ઈતિહાસ

જોબન પગીના પૂર્વજોના ઈતિહાસની બધી જ માહિતી બારોટના ચોપડામાંથી પ્રાપ્ત થઈ છે. ક્ષત્રિયોના બારોટ રાવ દીપસિંહ ફતેસિંહ તથા ભાનુસિંહ ફતેસિંહ - આ બંને વડોદરામાં રહેતા બારોટોએ વર્ષો જૂના ચોપડા ખોળીને ખૂબ લાગણીની ભાવનાથી આ બધી માહિતીઓ આપણને આપી છે.

દોહા : **ધન્ય ધન્ય કુળ સોલંકી, જેમાં પ્રગટ્યા જોબન;**
માટે સોલંકી કુળના, ગુણ ગાય જ્ઞાનજીવન...૧૯

સોલંકી કુળે પ્રગટ્યા, વાઘ્રદેવ શુરવીર;
એના કુળમાં જનમ્યા, ભક્ત જોબન ભડવીર...૨૦
વાઘેલા કુળ દિપોને, લાખવાર ધન્ય ધન્ય;
વખાણું વાઘેલા કુળને, જેમાં થયા ભક્ત જોબન...૨૧

સં.૧૦૨૦ થી ૧૦૪૦ના કાળમાં એકવાર સોલંકી વંશના બે વીર પુરુષો **રાજ સોલંકી** અને **બીજ સોલંકી** આ બન્ને રાજસ્થાનથી ગુજરાતની યાત્રાએ આવ્યા. તેમાં બીજ સોલંકી સૂરદાસ હતા અને પ્રભુભક્તિ, સંતસ્નેહ અને પવિત્ર જીવન જીવતા હતા. તેને કારણે તેના અંતરચક્ષુ ખુલી ગયા હતા. તે ખૂબ નીતિકુશળ અને પ્રામાણિક હતા. વળી, અતિ બુદ્ધિશાળી હતા.

યાત્રા કરતાં તે બન્ને ભાઈઓ ગુજરાતમાં સિદ્ધપુર પાટણ આવ્યા. ત્યાં અશ્વશાળાની બાજુમાં તેમણે ઉતારો કર્યો. રાત્રીએ ત્યાં સૂતા હતા. તે સમયે તે અશ્વશાળાના અશ્વપાળે ક્રોધ કરી ગર્ભવતી ઘોડીને લાકડી મારી. તે અવાજ સાંભળી બીજ સોલંકી જાગી ગયા અને કહે, ‘હે ભાઈ ! આ અશ્વપાળ ક્રૂર અને ઘાતકી છે. તેણે ગર્ભવતી ઘોડીને લાકડી મારી તેથી તેના ગર્ભમાં રહેલા વછેરાની આંખ ફૂટી ગઈ છે. તે વછેરો અતિ જાતવાન છે અને તેને અતિ દુઃખ થયું છે.’

ત્યારે રાજ સોલંકી કહે, ‘હે ભાઈ ! જો આ વાત સાચી હોય તો હું અહીંના રાજાને જઈને વાત કહું.’ ત્યારે બીજ સોલંકી કહે, ‘આ વાત સંપૂર્ણ સાચી છે; માટે સુખે જઈને રાજાને કહો.’

✹ બીજ સોલંકીની વાણી સાચી ઠરી :

પછી બીજે દિવસે સવારે બંને ભાઈ રાજકચેરીમાં ગયા. ત્યાં રાજ સોલંકીએ પ્રથમ ત્યાંના મંત્રીઓને આ વાત કહી અને કહ્યું, ‘અમારે અહીંના રાજાને પણ આ વાત કહેવી છે.’ તે સમયે **પાટણમાં સામંતસિંહ ચાવડાનું** રાજ્ય હતું. મંત્રીઓએ આ રાજસ્થાનના રજપૂતોને

સામંતસિંહની મુલાકાત કરાવી. પછી રાજ સોલંકીએ રાત્રે બનેલી ઉપરોક્ત ઘટના તેમને કહી.

ત્યારે સામંતસિંહ કહે, 'વછેરો કાણો જન્મશે, તેની ખાતરી શું?' ત્યારે બીજ સોલંકી કહે, 'જો તેમ ન જન્મે તો અમે બંને આજીવન તમારા ગુલામ બનીને રહીશું.' ત્યારે સામંતસિંહ કહે, 'હે રાજપૂત ! જો તમે કહ્યું તેમ થશે તો હું મારી બેન તમારા ભાઈ રાજ સોલંકીને પરણાવીશ અને તેને મારો પ્રધાનમંત્રી બનાવીશ.' આવી દરબારમાં બંનેને સામસામી શરત થઈ.

ધીરે ધીરે સમય વિતવા લાગ્યો. સહુને ઈન્તેજારી વધવા લાગી. એક દિવસ એ સમય આવી ચૂક્યો. જ્યારે અશ્વશાળામાં ઘોડીને વછેરો જનમ્યો, ત્યારે તે એક આંખે કાણો હતો. બીજ સોલંકીનાં કેણ સાચાં ઠર્યાં. તેથી બધા મહા અચંબો પામી ગયા. સહુએ આ રાજપૂતોને ધન્યવાદ આપ્યા.

પછી રાજા સામંતસિંહ ચાવડાએ પોતાની બેન **લીલાદેવી**નાં લગ્ન **રાજ સોલંકી** સાથે કર્યાં અને રાજ સોલંકીની પોતાના મુખ્ય પ્રધાનમંત્રી તરીકે નિમણૂક કરી. હવે તેઓ ત્યાં જ સુખમય જીવન વિતાવવા લાગ્યા. પોતાના મોટા ભાઈ સૂરદાસ બીજ સોલંકી પણ સાથે છે.

આમ તે બન્ને રજવાડામાં સુખમય ગૃહસ્થ જીવન જીવતા હતા. થોડા સમય બાદ રાજ સોલંકી થકી લીલાદેવીની કૂખે સં.૧૦૪૨માં એક પુત્રનો જન્મ થયો. તેનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો હોવાથી તેનું નામ **મૂળરાજ** રાખ્યું. પછીથી આ મૂળરાજ સોલંકી જ પાટણના સોલંકી વંશના પ્રથમ રાજા થયા હતા. પરંતુ જેણે જૂનાગઢમાં રા' નવઘણ સાથે યુદ્ધ કર્યું, તે આના વંશના બીજા મૂળરાજ સોલંકી હતા. આ પ્રથમ મૂળરાજ સોલંકી છે. તે કેવી રીતે ત્યાંના રાજા બન્યા એ ઈતિહાસ પણ રસપૂર્ણ છે.

❋ સમાધાનમાં સુખ રહ્યું છે :

આ બન્ને ભાઈઓ પાટણમાં રહેતા હતા તે જ સમયે રાજ્યની સીમ બાબતે સામંતસિંહને ભૂજના રાજા ચુડાસમા **રા લાખાણી** સાથે વેર થયું. બન્ને વચ્ચે યુદ્ધ થવાની ઘડીઓ ગણાવવા લાગી. બન્ને રાજાઓ પોતપોતાના સૈન્ય સાથે રણમેદાનમાં એકઠા થયા. આ સમયે પરિસ્થિતિ પારખી **રાજ સોલંકી** તથા **બીજ સોલંકી**એ સામંતસિંહને કહ્યું, 'મહારાજા, યુદ્ધ કરવાનું પરિણામ સારું નહીં આવે; માટે અમારું માનો અને સમાધાન કરો તો સારું.'

સુખનું મૂળ સમાધાન છે, સંપથી વધે માન;
સમય પરખી નમી શકે, એને જ જાણવું જ્ઞાન...૨૨
યુદ્ધ કદી નથી થયું, સુખદાયી પુરવાર;
યુદ્ધ કરતલ દુનિયામાં, 'જ્ઞાન' થયા છે ખુવાર...૨૩

આ દુનિયા સર્જાણી ત્યારથી આરંભીને આજ સુધી આ બ્રહ્માંડમાં અનેક વાર યુદ્ધ થયાં છે; તેમાં કોઈ યુદ્ધ ક્યારેય સર્વથા સુખદાઈ પુરવાર થયું નથી. સ્વર્ગ, મૃત્યુ કે પાતાળ આ ત્રિલોકીમાં ગમે ત્યાં યુદ્ધ થયાં, તે સર્વે યુદ્ધ અંતે દુઃખદાયી જ પુરવાર થયાં છે. **કોઈ પણ પ્રકારનો ઝઘડો શાંતિદાયક હોતો નથી. આ દુનિયામાં યુદ્ધ કરનારા અંતે ખુવારી પામ્યા છે; આ પરમ સત્ય હકીકત છે.** તમે કહેશો, હારે એનું તો પતન થાય, પણ જીતે તેને તો ફાયદો થાયને ! ના ના, જુઓને મહાભારતનું મોટું યુદ્ધ થયું, તેમાં પાંડવો જીત્યા છતાં અંતે પોક મૂકીને રડ્યા છે. બધું ખલાસ થઈ ગયું ત્યારે રાજ્ય આવ્યું. પછી પણ તેના અંતરમાં શાંતિ થઈ નથી. માટે બંને પક્ષને યુદ્ધમાં તો નુકશાન જ છે.

દુનિયામાં સહુથી મોટો રોગ અને સહુથી મોટું દુઃખ 'સ્વાર્થ' છે. સ્વાર્થને કારણે ઘેરઘેર, ગામેગામ અને દુનિયામાં ઝઘડા, સંઘર્ષ અને યુદ્ધ થાય છે. સત્તા-સંપત્તિનો પુત્ર અહંકાર છે અને અહંકારનું સંતાન

યુદ્ધ છે. માટે અહં છોડો, લોભ છોડો તો જ સુખ થશે. અને રૂપાળી સ્ત્રી માટે ઘણા યુદ્ધ થયા છે અને થાય છે. એને લઈને અનેક વ્યક્તિ, કુટુંબ, જ્ઞાતિ અને દેશો ખુવાર થઈ ગયા છે. માટે એ વાસના જે દિ છૂટશે તે દિ જ વિશ્વ સુખી થશે.

માણસને સગવડતાવાળું જીવન બનાવતાં વર્ષો લાગે છે, પરંતુ યુદ્ધ તેનો થોડી જ ક્ષણમાં નાશ કરી નાંખે છે. જેમ યુદ્ધનો આરંભ પ્રથમ વ્યક્તિના મનમાં થાય છે, તેમ જ શાંતિમય જીવવાના ઉપાયો પણ વ્યક્તિ પોતાના મનમાં કરે તો જ યુદ્ધથી બચી શકાય છે.

જન કોઈ જીતે કે હારે, પણ હોય અતિ નુકશાન;
નક્કી કહું બંને પક્ષમાં, થાય છે અતિશે જ્યાન...૨૪

'જ્ઞાન' સદાયે સમજીને, મેલી દેવું અભિમાન;
થઈ શકે તો કરી લેવું, સમય પર સમાધાન...૨૫

ખોટા વટ નવ રાખવા, સાચો રાખજો હક;
પણ ટાણા વિના કોઈ દિ, કરવી નહિ રકઝક..૨૬

મોટા પાસે નાનાએ, નમી જવામાં માલ;
'જ્ઞાન' જો નમે નહિ તો, માઠો આવે કાળ...૨૭

જે ખોટું અભિમાન મૂકી દે છે અને સમય પારખી સમાધાન કરી લે છે તે નીતિશાસ્ત્રમાં કુશળ ગણાય છે. ખોટો વટ રાખવા જતાં કાંઈક માણસો ખોવાઈ ગયા છે. સ્વમાન ખાતર પણ ખોટો વટ ન રખાય. અને સમયને સમજ્યા વિના કોઈ દિવસ કોઈની સાથે ખોટી રકઝક ન કરાય; નહિતર એમાંથી મોત થાય.

સામંત ચાવડાને રાજ સોલંકી અને બીજ સોલંકીની વાત સાચી લાગી; તેથી તેણે તે વાતનો સ્વીકાર કર્યો. પછી તે બંને ભાઈઓએ મધ્યસ્થી બની રાજનીતિથી બન્ને રાજાઓને સમજાવ્યા અને યુદ્ધ અટકાવ્યું. તેથી ભૂજના રાજા **રા લાખાણીએ** પોતાની પુત્રી રાજ સોલંકીને પરણાવી.

આ બાજુ સામંત ચાવડાએ પણ રાજી થઈને કહ્યું કે, 'હું તમને વીશ ગામ ભેટ આપીશ.' આમ વાત બની ગઈ.

✺ રાજ સોલંકીનું મૃત્યુ અને ક્રોધનો કેર :

સમય જતા ભુજના મહારાજાની રાજપુત્રી થકી રાજ સોલંકીને એક પુત્રનો જન્મ થયો. તેનું નામ **રાકાયત** હતું. પછી લીલાદેવી અને ભુજના રાજાની કુંવરી - આ બન્નેને પરસ્પર ન બનવાથી પોતાના પુત્ર રાકાયતને લઈ નાની પત્ની પોતાના પિયર ભુજમાં ચાલી ગઈ. થોડા દિવસો બાદ રાજ સોલંકી તેને તેડવા ભુજ ગયા. રા લાખાણીને બધી વાત કરી. ત્યાં વાતચીત થતાં પરસ્પર બોલાચાલી થઈ અને વાતમાં વિવાદ વધ્યો. તેથી રા લાખાણીને અતિ ક્રોધ વ્યાપ્યો અને તલવારે કરીને પોતાના સગા જમાઈરાજ રાજ સોલંકીનું મસ્તક કચેરીમાં જ ઉડાવી દીધું. ક્રોધે કરીને આવું અપકૃત્ય કર્યું.

ક્રોધે તો આ જગતમાં, અતિ અતિ વાળ્યો દાટ;
કાંઈક જીવના એણે, ઘડી નાખ્યા છે ઘાટ...૨૮

અલ્પ સરખા પણ ક્રોધને, નિંદે છે ભગવાન;
'જ્ઞાન' ઝાઝા ક્રોધથી તો, થાય છે અતિ નુકશાન...૨૯

સગા જમાઈને માર્યો, હતી નજીવી વાત;
'જ્ઞાન' જુઓ આ ક્રોધ તો, મોટું પાપ સાક્ષાત...૩૦

શ્રીહરિ વચ.લો.૧માં કહે છે, "ક્રોધ તો કેવો છે ? તો જેવું હડકાયું કૂતરું હોય તેવો છે. જેમ હડકાયા કૂતરાની લાળ જે ઢોર અથવા મનુષ્યને અડે, તે હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાખીને મરી જાય; તેમ **ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાંખીને સંતના માર્ગ થકી પડી જાય.**

અને વળી ક્રોધ કેવો છે ? તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બીવરાવે છે અને બીજાના

પ્રાણને હરિ લે છે, તેમ ક્રોધ પણ સૌને બિવરાવે છે અને બીજાના પ્રાણને હરિ લે છે. એવો જે ક્રોધ તે જો સાધુમાં આવે તે તો અતિ ભૂંડો લાગે; કેમ જે, સાધુ તો શાંત હોય પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે અને તે સાધુની આકૃતિ પણ ફરી જાય; કેમ જે, એ ક્રોધનું નામ વિરૂપ છે; માટે એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાંખે."

માણસને વિરૂપ કરી નાંખે એવો ક્રોધ છે ! જુઓને, રા લાખાણીએ સગા જમાઈને નાની એવી વાતમાં મારી નાંખ્યો. તેથી શ્રીહરિ થોડા પણ ક્રોધને અતિ નુકશાનકારક કહે છે. ક્રોધમાં ને ક્રોધમાં કડવું વેણ બોલાઈ જાય તો ઘણા માણસો આત્મઘાત કરે છે. ઘણા ઝઘડે છે અને કોર્ટમાં કાવાદાવાએ ચડીને અતિ ખુવાર થાય છે. ઘણાને આવેશમાં ને આવેશમાં ભાન નથી રહેતું કે, 'હું શું કરું છું ?'

એક બહુ પ્રેમીભક્ત હતા. સાધુમાં ખૂબ હેત હતું. દર પૂનમે વડતાલ જતા. તેની દીકરીનાં લગ્ન હતાં. કાંઈક નજીવી વાતમાં ક્રોધ ચડ્યો તે દીકરીના માથામાં લોખંડનો દસ્તો માર્યો. તેથી તે બેભાન થઈને પડી ગઈ. તાત્કાલિક દવાખાને દાખલ કરી. હરિઇચ્છાથી બચી ગઈ. પાટો બાંધીને પરણાવી. પરંતુ પછી તે મારી પાસે આવીને બહુ રડ્યા. આમ, એક ઘડીના ક્રોધથી માણસને આખી જિંદગી પસ્તાવો થાય છે.

ક્રોધ માણસને આંધળો બનાવી દે છે. જ્યારે માણસમાં ક્રોધ આવે ત્યારે તેનું મોઢું ઉઘડી જાય છે અને આંખો બંધ થઈ જાય છે. ક્રોધ કરવાનો અર્થ એ કે, બીજાની ભૂલની સજા પોતાની જાતને કરવી. કેમ કે, ક્રોધ વિવેકનો વિનાશ કરે છે અને તેનાથી તેનું અધઃપતન થાય છે. માટે ક્રોધ ઉપર પ્રેમથી, પાપ ઉપર પુણ્યથી, લોભ ઉપર ઉદારતાથી અને અસત્ય ઉપર સત્યથી વિજય મેળવશું તો જ સુખી થવાશે.

સુખી થાવું હોય અને શાંતિમય જીવન જીવવું હોય તો ધીરજ, પ્રેમ, કરુણા અને સંતોષથી ક્રોધાદિક દોષોને જીતવા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીના પૂર્વજોનો ઈતિહાસ કહ્યો' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

મૂળરાજ સોલંકી વગેરેનો ઈતિહાસ

રાજ સોલંકીનું નાની વાતમાં રા લાખાણીએ ક્રોધને કારણે ખૂન કર્યું. આ બાજુ પાટણમાં મૂળરાજ સોલંકી ધીમે ધીમે મોટા થયા. એકવાર તેમના કાકા બીજ સોલંકીએ કહ્યું, 'બેટા ! યુદ્ધના સમાધાન વખતે મામા સામંતસિંહે ૨૦ ગામ આપવાના કહ્યા હતા; માટે તું રાજ્યભાગ માંગ.' પછી બીજ સોલંકીને સાથે લઈ મૂળરાજ કચેરીમાં ગયા. બીજ સોલંકીએ મામા સામંતસિંહને કહ્યું, 'યુદ્ધ વખતે આપે મારા પિતાને વીશ ગામ આપવાનું કહ્યું હતું; માટે તેટલું રાજ્ય મને આપો.'

તે વખતે સત્તાલાલચુ તથા સત્તાઘમંડી સામંતસિંહ દારૂ-માંસાદિક વ્યસનથી ભરપૂર હતો. તેથી તે બોલેલું ફરી ગયો અને કહે, 'ભાણા, આકાશમાં લીંબુ ઉછાળે અને પાછું પૃથ્વી ઉપર ન પડે, તો વીસ ગામ જ નહીં પણ આખા પાટણનું રાજ્ય આપવાની શરત તારા પિતા સાથે થયેલી છે. અત્યારે તારા પિતા હાજર નથી, માટે પિતાને સ્થાને તું છો; તો તું લીંબુ ઉછાળ અને જો પૃથ્વીએ ન પડે તો રાજ્ય મળે, નહિ તો રાજ્ય ન મળે.'

ત્યારે મૂળરાજ કહે, 'મામા, આવી કોઈ શરત છે જ નહીં ! માટે મને વીશ ગામ આપો.' સામંતસિંહ કહે, 'તો તું તારા બાપને

હાજર કરીને પૂછી લેને !' આમ બન્ને વચ્ચે પરસ્પર બોલાચાલી વધતી ગઈ. પછી મૂળરાજે કહ્યું, 'મામા ! આ વિશ્વાસઘાત છે, દગો છે !!'

દોહા : **કરવો નહિ કદિ કોઈનો, ક્યારેય વિશ્વાસઘાત;**
'જ્ઞાન' એ તો મહાદુઃખ છે, પછી સુધરે નહિ વાત...૩૧

માણસ કોઈ પણ લાલચ કે સ્વાર્થમાં ફસાઈને વિશ્વાસઘાત કરી તો નાખે છે, પણ પછી એ વાત એવી બગડે છે કે તેનો કોઈ અંત આવતો નથી; તે વાત ઝેર બની જાય છે. ઘણા માણસો ઘરમાં ને ઘરમાં પરસ્પર ખોટું બોલે છે. વચન આપીને ફરી જાય છે. પછી તે બાપ-દીકરો હોય, પતિ-પત્ની હોય કે મા-દીકરી કે વહુ હોય પરંતુ તેના જીવનમાં અંદરોઅંદર બોલવાનો પણ વહેવાર રહેતો નથી. માટે પરસ્પર કડવાશ ઊભી થાય એવા ધંધા ન કરવા.

શ્રીહરિએ શિક્ષાપત્રીના વીશમા શ્લોકમાં કહ્યું છે કે, **'પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે ક્યારેય કોઈનો વિશ્વાસઘાત ન કરવો.'** વિશ્વાસઘાત મહાપાપ છે. તેનું પ્રાયશ્ચિત કોઈ શાસ્ત્રોમાં પણ કહ્યું નથી. વિશ્વાસઘાતીનું માંસ જમપુરીમાં જમ પણ ખાતા નથી. માટે સો વાર વિચારીને વચન આપવું; પરંતુ વિશ્વાસ કે વચન દીધા પછી પ્રાણના ભોગે પણ નિભાવવું.

અને જો આપણે સમર્થ ન હોઈએ તો કોઈને વિશ્વાસ આપવો જ નહીં. ઘણા કહેતા હોય છે કે, 'તમારે જ્યારે જોઈએ ત્યારે કહેજો, હું મદદ કરીશ.' પછી પેલી વ્યક્તિને પોતાના દીકરા-દીકરીનાં લગ્ન જેવા પ્રસંગે રૂપિયા વગેરેની જરૂર પડે એટલે માગે. ત્યારે તરત બોલેલું ફરી જાય અથવા તો કોઈ ને કોઈ બહાનું બતાવી દે. આવા અસત્ય પ્રેમી, અધર્મી અને લુચ્ચા કદી આપણે ન બનવું.

નિજ સ્વાર્થને કારણે, કરો ન વિશ્વાસઘાત;
બોલેલાં વચન પાળવાં, તો હરિ થાય રળિયાત...૩૨

વિશ્વાસઘાત કરનારાનો, કોઈ કરે નહિ વિશ્વાસ;
'જ્ઞાન' એની તો જિંદગી, કેવળ ત્રાસ ને ત્રાસ...૩૩

વિશ્વાસઘાત કર્યા કરવાથી ઘણા માણસોની જિંદગી બરબાદ થઈ ગઈ છે. **બીજા આપણો વિશ્વાસ નથી કરતાં તેમાં સામાનો વાંક નથી, આપણો જ વાંક છે.** આપણે વચન પાળતા નથી એટલે કોઈ આપણો વિશ્વાસ કરતા નથી. એકવાર પણ કોઈને આવો કડવો અનુભવ થાય પછી તેમને વિશ્વાસ મૂકતા બહુ વાર લાગે છે.

સામંતસિંહ ચાવડાએ નાની એવી વાતમાં પોતાના ભાણા મૂળરાજ સોલંકીનો વિશ્વાસઘાત કર્યો. તેથી પરસ્પર બોલાચાલી વધવા લાગી. એટલે તરત જ સમય પારખી બીજ સોલંકી કહે, 'બેટા મૂળરાજ, મામાની વાત સાચી જ છે; શરત થયેલી જ છે; માટે તું અત્યારે મારી સાથે ઘેર આવ.' એમ કહી બીજ સોલંકી મૂળરાજને સમજાવીને ઘેર લઈ આવ્યો.

પછી મૂળરાજે પૂછ્યું, 'કાકા ! આવી શરત ક્યારે થઈ હતી ?' બીજ સોલંકી કહે, 'બેટા, હું પણ જાણું છું કે કોઈ શરત થઇ ન હતી; પરંતુ જો ત્યાં વાદ-વિવાદ વધુ થાય તો આપણે બે હતા ને તેનું આખું પ્રધાનમંડળ હતું. માટે જેવી તારા પિતાની દશા ભૂજમાં થઈ તેવી જ આપણા બન્નેની હાલત થાય. કેમ જે, **થોડા માણસોએ હંમેશાં સમૂહની સામે ઝૂકી જાવું જોઈએ - એ રાજનીતિ છે.'**

ત્યારે મૂળરાજ કહે, 'કાકા, તો આપણા રાજ્યનું શું ??' ત્યારે બીજ સોલંકી કહે, 'બેટા ! આમ આંકરાય કરવાથી વીશ ગામ ન મળે; સામું માથું જાય. અને તું પાટણનો મહારાજા બનીશ એવું તારું ભવિષ્ય છે પરંતુ તું અત્યારે એક કામ કર.' ત્યારે મૂળરાજ કહે, 'શું કરું ?'

એટલે બીજ સોલંકી કહે, 'તું મિત્રોની સાથે રોજે સરસ્વતીને કિનારે રમવા જા. ત્યાં ગીધ પંખીઓને જોઈ નિત્ય માસના ટૂકડા

ઉલાળજે. તેથી તે પંખીઓ તારી ફરતા ઘેરાઈ તેને ઝીલી લેશે. આમ તું છ મહિના કર.' તેથી મૂળરાજ સોલંકીએ કાકાના વચનમાં વિશ્વાસ રાખી છ મહિના સુધી એમ કર્યું. પછી તો મૂળરાજ ઘરની બહાર નીકળે ત્યાં પંખીઓ તેની ફરતાં ઊડવાં લાગે અને જે ઉડાડે તેને ખાવાની આશાથી આકાશમાં જ ઝીલી લેતાં હતાં. આવી ગીધ પક્ષીઓને ટેવ પાડી દીધી.

✵ મૂળરાજ સોલંકી પાટણના રાજા થયા :

જ્યારે છ મહિના પૂરા થયા ત્યારે કાકાના કહેવાથી મૂળરાજે પોતાના વિશ્વાસપાત્ર ૨૦૦ ઉપરાંત સાથીદારોને રાજસ્થાનમાંથી પાટણ બોલાવ્યા. સહુની ખૂબ સરભરા કરી. પરસ્પર વિશ્વાસમાં લીધા. પછી એક દિવસ રમતના મેદાનની ચારેબાજુ હથિયાર સહિત તે સહુને ગોઠવી દીધા. બધી વાત સમજાવી દીધી.

પછી કાકો-ભત્રીજો બંને રાજદરબારમાં ગયા. ત્યાં જઈ મૂળરાજે કહ્યું, 'મામા ! તમે કહેતા'તા કે, તું લીંબુ આકાશમાં ઉછાળ ને જો તે પૃથ્વી પર ન પડે તો તને હું પાટણનું રાજ્ય આપીશ. માટે ચાલો, આજે હું મારી શક્તિ બતાવું.'

તેથી તરત જ મૂળરાજનું આ તૂત જોવા સામંતસિંહ પ્રધાનમંડળ સાથે બહાર રમતના મેદાનમાં આવ્યા. ત્યારે તેમની પાસે કોઈ હથિયારો ન હતા. કેમ કે, રમત જોવા આવ્યા હતા.

મેદાનમાં મૂળરાજને જોઈ ગીધ પક્ષીઓ આકાશમાં ઊડવા લાગ્યાં. બીજ સોલંકીએ માંસવાળું કરેલું લીંબુ મૂળરાજના હાથમાં આપ્યું. પછી મૂળરાજે જેવું ઊંચે આકાશમાં લીંબુ ઉડાડ્યું કે તરત જ એક ગીધ પક્ષી લઈને આકાશમાં ઊડી ગયું. તેથી મૂળરાજ કહે, 'મામા ! આજથી પાટણનો રાજા હું થયો. કેમ કે, શરત પૂરી થઈ.'

ત્યારે સામંતસિંહ કહે, 'ભાણા ! આ તો દગો છે.' એટલે મૂળરાજ કહે, 'આ શરત પણ એક દગો જ છે.' એમ કહી તલવારના એક ઝાટકે મામાનું મસ્તક વાઢી નાંખ્યું; અને તરત જ ત્યાં ઘમસાણ યુદ્ધ થયું. મૂળરાજના સાથીદાર રજપૂતો તૂટી પડ્યા અને તેમણે ત્યાં ૩૦૦ ચાવડાઓની હત્યા કરી નાખી. આમ, પાટણનું રાજ્ય પોતાના કબજે કર્યું.

દગો કર્યે દગો મળે, દગો સગો નહિ થાય;
ઈતિહાસ સાક્ષી પૂરે છે, કોઈ દગો ન કરશો ભાય...૩૪

'જેવું વાવો એવું લણો', 'ખાડો ખોદે તે પડે' તે કહેવત મુજબ સામંતસિંહે દગો કર્યો, વિશ્વાસઘાત કર્યો, તો તેનું આ ફળ મળ્યું; માટે સમજી જાવું. ક્યારેય કોઈનો દગો કે વિશ્વાસઘાત ન કરવો. **સાચું સુખ સત્તા-સંપત્તિમાં નહિ પણ શ્રીહરિના ભજનમાં છે**; તે સમજી રાખવું.

સત્તા સંપત્તિમાં જાણજ્યો, આવું ને આવું થાય;
'જ્ઞાન' સુખ છે ભજનમાં, બીજે મળે નહિ ક્યાંય...૩૫
લડી લડીને મરી ગયા, ને ગયા યમપુરી માંય;
'જ્ઞાન' સમજી હરિ ભજે, જીવનું કલ્યાણ થાય...૩૬
પૃથ્વી સત્તા ને સંપત્તિ, પડ્યા રે' અહિંના આંય;
'જ્ઞાન' બિચારા જીવડા, નરકે ગોથા ખાય...૩૭

હવે મૂળરાજ સોલંકી પાટણના મહારાજા બન્યા. તેઓ ખૂબ શૂરવીર હતા. સિદ્ધપુર મહાદેવના તે પરમ ભક્ત હતા. ગરીબોને દાન ખૂબ આપતા. અને વળી શાસ્ત્રો, સંતો તથા તીર્થોને માટે ખૂબ આદરભાવ રાખતા. તેથી થોડા સમયમાં જ તેઓ લોકપ્રિય બની ગયા. સિદ્ધપુરમાં તેમણે 'મૂલેશ્વર મહાદેવ'નું મોટું મંદિર બંધાવ્યું હતું. વડનગરના બ્રાહ્મણ સોલશર્માને તેણે રાજપુરોહિત બનાવ્યા. ચાહમાન કુળની પુત્રી માધવી સાથે લગ્ન કર્યાં. તેનાથી તેને એક પુત્ર થયો. તેનું નામ **ચામુંડ સોલંકી** હતું.

હવે મૂળરાજ સોલંકીએ રાજસ્થાની રજપૂતોનો સાથ લઈ પિતાનું વેર વાળવા ભૂજના રા લાખાણી સાથે યુદ્ધ કર્યું. તેમાં તે જીત્યો અને કચ્છ દેશને પોતાના કબજે કર્યા. યુદ્ધમાં તેણે રાકાયતને પોતાનો નાનો ભાઈ જાણીને ન માર્યો. પરંતુ આબુના રજપૂત પરમાર અમીરસિંહની સાથે યુદ્ધ થતાં તેના હાથે રાકાયતનો વધ થયો. તેની પત્ની તેના નાના પુત્રને વાઘેશ્વરી માતાના ડેરામાં મૂકી સતી થઈ. વાઘેશ્વરી દેવીએ વાઘણનું રૂપ લઈ આ પુત્રને ધવરાવ્યો અને તેનું રક્ષણ તથા પોષણ કર્યું.

✵ વ્યાઘ્રદેવના વંશજો વાઘેલા કહેવાયા :

એકવાર મૂળરાજ સોલંકી જંગલમાં ફરવા જતાં આ પુત્રને તેણે જોયો. તેને મનમાં એમ થયું કે, 'આવો નાનો બાળ વાઘણ સાથે રમે છે, માટે આ કોઈ ચોક્કસ ઉત્તમ ક્ષત્રિયનું બીજ હોવું જોઈએ. પછી તેમણે આ પુત્રને તેડી લીધો અને પોતાના રાજ્યમાં લાવી મોટો કર્યો.

વાઘેશ્વરી માતાને ધાવ્યો, તેથી તેનું નામ **વ્યાઘ્રદેવ** રાખ્યું અને તેનો જે વંશ થયો તે 'વાઘેલા પરિવાર' ગણાયો. આ વ્યાઘ્રદેવ મહા શૂરવીર અને પ્રજાપ્રેમી તથા નીતિમાન હતા. તે વ્યાઘ્રદેવ જ્યારે મોટા થયા ત્યારે યુદ્ધ કરી સં.૧૦૯૦માં ૭૦૦ ગામમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. જે 'વાઘેલા ખંડ' ગણાયો હતો.

આ વાઘેલા પરિવારમાં જ સ્વામિનારાયણ ભગવાનના મહાન ભક્ત ભાડેરના **અખાજી** આદિ થયા અને તેમના પુત્રો વાઘજીભાઈ તથા પાતળભાઈ થયા. આ પાતળભાઈ જ સત્સંગિજીવનના શ્રોતા **પ્રતાપસિંહ રાજા** છે. અને બંધિયાના **મૂળુભા** વગેરે ભક્તો આ વાઘેલા વંશમાં થયા. તેમ જ અડાલજના વાઘેલા વીરસિંહનાં પત્ની **રૂડબાઈ** થયાં. તેનો બીજો જન્મ ધર્મજ ગામમાં થયો. તે સમયે તેમનું નામ

કુશળકુંવરબાઈ હતું. તેમનાં લગ્ન પણ સૂર્યવંશી વાઘેલા સોમદેવ સાથે થયા હતા. આમ આ કુળમાં અનેક મહાન ભક્તો થયા છે.

આ વ્યાઘ્રદેવના વંશમાં એક **મેલાજી વાઘેલા** થયા હતા. તેઓ **સં.૧૩૭૨માં સહુ પ્રથમ વડતાલમાં** રહેવા આવ્યા. મેલાજીના પુત્ર **અખેરાજજી** થયા. તેમનાં લગ્ન બારૈયાની પુત્રી સાથે થયાં. બારૈયા એટલે શું ? તો લડાઈમાં સામી છાતીએ લડતાં કોઈ ઘાયલ થાય કે પરાજિત થાય; પછી તેના પક્ષના બચેલા સૈનિકો ભાગી જાય. તેમાં ઘાયલ થયેલા સૈનિક બહાર રહી જાય અને તે જીવી જાય. તેથી તેમના વંશમાં જે જન્મ્યા હોય તે 'બારૈયા રજપૂત' નામે ઓળખાયા.

આ વાઘેલા ક્ષત્રિયોનું ભારદ્વાજ ગોત્ર છે. વાઘેશ્વરી માતા કુળદેવી છે. તેમનો વેદ યજુર્વેદ છે. શાખા માધ્યંદિની છે. ઘોડો હંસી શ્વેત છે. નિશાન પચરંગી છે. તંબુ ભગવો છે. ઈષ્ટદેવ કાશીવિશ્વનાથ છે. નદી સરસ્વતી છે. ગણપતિ એકદંતા છે. વંશ અગ્નિકુળ છે. હથિયાર તલવાર છે. આ લોકો ગાયત્રીમંત્ર બોલીને જનોઈ ધારણ કરી નિત્યનિયમ પાળી શકે છે.

આ પવિત્ર કુળમાં **અખેરાજની આઠમી પેઢીએ સંવતની સોળમી સદીમાં હમીરસિંહ થયા.** તેઓ શૂરવીર, ઉદાર, ભક્તહૃદય અને સંતપ્રેમી હતા. અને પગેરું કાઢવામાં તો મહા ચતુર હતા. ભગવાન પણ આવા ટેકીલા, નિયમધારી અને ભક્તને જ યશ, સુખ, સંપત્તિ અને વિજય અપાવે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'મૂળરાજ સોલંકી વગેરેનો ઈતિહાસ કહ્યો' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

વાઘેલા ક્ષત્રિયો 'પગી' શા માટે કહેવાણા ?

આ સોળમી સદીમાં **સં. ૧૫૦૬ થી ૧૫૭૧** સુધી ગુજરાતમાં અમદાવાદના **સુલતાન** તરીકે **મહંમદ બેગડાએ** રાજ્ય કર્યું. તે ૧૩ વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો હતો. તે રોજે ૫૦૦ ગ્રામ અફીણ અને ૨૦ કિલો જેટલું ભોજન લેતો. તે ઘોડાને ઊંચકીને ચાલ્યો જતો; એવો મહા શક્તિશાળી હતો. ઔરંગઝેબની જેમ તે ધર્મઝનૂની ને ક્રૂર સ્વભાવનો હતો. તેણે જૂનાગઢ તથા પાવગઢ એ બે ગઢ જીત્યા; તેથી તે 'બેગડો' કહેવાયો. દ્વારકાધીશના પ્રસિદ્ધ મંદિર પર ચઢાઈ કરી, મૂર્તિ તોડી ત્યાં પણ તેણે લૂંટ કરી હતી અને તેની જગ્યાએ મસ્જિદ બાંધવાના પ્રયાસ કર્યા હતા. તેણે ફરવા માટે મહેમદાવાદ વસાવેલું. ત્યાં તેના ૩૬૦ હાથીઓ રહેતા હતા; તે પૈકી એક સફેદ હાથી હતો. તે અતિ શક્તિશાળી અને મહમદ બેગડાનો અતિ પ્રિય હાથી હતો.

ચાંપાનેર(અત્યારના પાવાગઢ)ના રાજા જયસિંહ ચૌહાણનો પરાજય કરી મહમદ બેગડાએ સં.૧૫૪૫માં પાવાગઢ જીત્યું. જયસિંહના પુત્ર પ્રતાપસિંહ મહા પરાક્રમી હતા. તેણે તેની સાથે લડાઈ કરી પાવાગઢ પરત મેળવ્યું. તેમના રાજગુરુ મહા સમર્થ હતા.

એકવાર તેઓ રાજસ્થાનના ગઢગાંગરણથી પાવાગઢ આવતાં પાંચ ગાઉ દૂર તેમણે પડાવ કર્યો હતો. આ સમાચાર રાજાને મોકલ્યા. તેથી રાજાએ તેના પટાવત વેરા રાણાને ૫૦૦ ઘોડેસ્વાર સાથે સામૈયું લઈ સામે જવા કહ્યું. ત્યારે પટાવતે કહ્યું, 'મહારાજા, ગુરુ તથા બ્રહ્મદેવનું સન્માન કરવા આપ પધારો એ આપણી સંસ્કૃતિ છે.' છતાં રાજા ન ગયા. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે,

ગુરુભૂપાલવર્ષિષ્ઠ-ત્યાગિવિદ્વત્તપસ્વિનામ્ ।।
અભ્યુત્થાનાદિના કાર્યઃ, સન્માનો વિનયાન્વિતૈઃ ।।૬૧।।

'પોતાના ગુરુ, રાજા, અતિ પ્રતિષ્ઠિત, ત્યાગી સાધુ-સંતો, વિદ્વાન અને તપસ્વી - આ છ જણા આવે ત્યારે તેની સામા જવું. અને વિનયથી મીઠે વેણે બોલાવીને તેમનું સન્માન કરવું.'

❋ મોટા પુરુષની અવજ્ઞાનું માઠું ફળ :

પટાવત વેરા રાણાએ કહ્યું, 'પ્રતાપસિંહ ! આપણા ગુરુદેવ આવ્યા છે; માટે તમે તેમની સામા જાઓ તો સારું.' પણ **વ્યક્તિને ઝાઝી સંપત્તિ કે સત્તાનો ઝાઝા સમયનો યોગ રહે એટલે તેનું ઘમંડ આવ્યા વિના રહેતું નથી. પછી તે પોતાના હિતની વાત પણ કોઈની માનવા તૈયાર હોતો નથી.** આપણે પણ કોઈ મોટા સંતો, આચાર્યશ્રી, પ્રતિષ્ઠિત વ્યક્તિ કે રાજકીય નેતા આવે તો તેમને યોગ્ય રીતે સન્માનવા જોઈએ. આ નિયમ સહુને લાગું પડે છે. માટે અભિમાનમાં ક્યારેય મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહીં.

દોહા : **સત્તા સંપત્તિ પામ્યા પછી, આવી પડે અભિમાન;**
'જ્ઞાન' વસમું લાગે પછી, કોઈને દેવું માન...૩૮
જેની કૃપાથી પામ્યા, રાજ્ય સુખ સન્માન;
'જ્ઞાન' એને સન્માનતા, એને ગઢ થયું માન...૩૯

પાવાગઢના રાજાને ઝાઝી સત્તા અને સંપત્તિનો યોગ થયો, તેથી જેની કૃપાથી રાજ્ય પામ્યા હતા એવા પોતાના ગુરુનું સન્માન કરવાનું પણ ન ગમ્યું.

શ્રીહરિ વચ.ગ.મ.૨૫માં કહે છે કે, "જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય, અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા **સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તોપણ સંતની આગળ જેવો કંગાળ હતો ને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે; તેમ જ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય**

પામે તોપણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે. અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ-ચાકરી કરતો હોય; તેવી ને તેવી જ પોતામાં ભગવાનનાં જેવાં ઐશ્વર્ય આવે તોપણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈદાવો બાંધે નહિ ને બરોબરિયાપણું કરે નહિ એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે."

જે નિર્માની રહે, દાસના દાસ થઈને રહે, કોઈના બરોબરિયા ન થાય, કોઈની સાથે પિતરાઈદાવો ન બાંધે તેના ઉપર ભગવાન અતિશય પ્રસન્ન થાય છે. માટે આપણે આ શીખવું.

પ્રતાપસિંહ રાજા ગુરુને સન્માનવા ન ગયા. પછી પટાવત વેરા રાણા ૫૦૦ ઘોડેસ્વાર સાથે સામૈયું લઈ સામે ગયા. રાજાને ન જોયા તેથી રાજગુરુ બ્રહ્મદેવને લાગી આવ્યું. તેણે શાપ આપ્યો કે, **'જેની કૃપાથી તું રાજ પામ્યો છે, તેની સામે આવતા તને શરમ થઈ; માટે જા, તારા રાજનું પતન થશે.'** આ સમાચાર મળતાં પ્રતાપસિંહ ગુરુ પાસે ગયા, માફી માગી અને સન્માન સાથે પોતાના નગરમાં તેડી લાવ્યા, ખૂબ આદર આપી સેવા કરી. તેવામાં ભાદરવા મહિનામાં શ્રાદ્ધના દિવસો આવ્યા. એક દિવસ પ્રતાપસિંહ કટાક્ષમાં પોતાના ગુરુ બ્રહ્મદેવને કહે, 'તમારા બાપુજી જ્યારે શ્રાદ્ધ કરાવતા ત્યારે પિતૃઓ હાથોહાથ પિંડદાન ગ્રહણ કરતા હતા. તમારામાં એવું કાંઈ સામર્થ્ય છે કે માત્ર શાપ જ આપી જાણો છો?' આમ, અહંમાં અંધ બનીને ન બોલવાનું બોલી ગયા અને પોતાના ગુરુની મશ્કરી કરી.

મોટાની ન ઉડાડીએ, ઉડાડતા દુઃખ થાય;
'જ્ઞાન' કુરાજીપો મળતા, પછી સહુ સુખો જાય...૪૦
જીભડી કાબુ રાખવી, બોલવું નહિ જેમ તેમ;
મનમાન્યું 'જ્ઞાન' બોલતા, થાય છે આ થયું એમ...૪૧

મોટામાં ગૌણભાવ લાવવાથી અને તેની મશ્કરી કરવાથી શું પરિણામ આવે છે ? તે હવે જોઈએ.

✹ મહેમદાવાદથી શ્રાદ્ધ માટે સફેદ હાથી લાવ્યા :

ભૂદેવ કહે, 'હું કહું તે સામાન લાવી આપો, તો તમારા સહુના દેખતા શ્રાદ્ધના અંતે હું પણ પિતૃઓને પિંડદાન કરાવું.' એટલે રાજાએ હા પાડી. તેથી રાજગુરુએ તમામ સામગ્રી લખાવી દીધી. તેમાં એક સફેદ હાથીની પણ માંગણી કરી. રાજા પ્રતાપસિંહે અન્ય વસ્તુ તો લાવી આપી, પરંતુ સફેદ હાથી ક્યાંથી કાઢવો ? તે વિચાર કરતાં પટાવત વેરા રાણાએ કહ્યું, 'મહેમદાવાદમાં મહંમદ બેગડાના હાથીખાનામાં એક ધોળો હાથી છે.' એટલે પ્રતાપસિંહે કહ્યું, 'કોઈ પણ ભોગે તે હાથી લાવો.' એમ કહી વેરા રાણાને ચુનંદા સૈનિકો સાથે તે હાથી લાવવા માટે મોકલ્યા.

વેરા રાણા પોતાના સાથીઓ સાથે ૩૦૦નું સૈન્ય લઈ મહેમદાવાદ ગયા. ખંભો મારી હાથીખાનાની ડેલી ખેડવી અંદર ગયા. હાથીના રખેવાળોને મારી ૩૬૦ હાથી લઈ પાવાગઢ તરફ ભાગ્યા. આ વાતની રાજ્યમાં જાણ થતાં બેગડાની વિશાળ ફોજ વારે ચડી. સૈનિકો નજીક આવતાં વેરા રાણાએ કળા કરી : પાંચ હાથીઓને સૈન્ય સામા છોડ્યા; તેથી ફોજમાં ભંગાણ થયું. આમ પાંચ-પાંચ ગાઉના અંતરે ફોજ નજીક આવતાં પાંચ-પાંચ હાથી છોડતા ગયા. ત્યાં મહિસાગરનો કિનારો આવ્યો. એટલે ત્યાં તમામ હાથી છોડી સફેદ હાથીને લઈ પટાવત વેરા રાણા પાવાગઢ પહોંચ્યા.

સાંજે ૪.૦૦ વાગે હાથીઓને લઈને ફોજ મહેમદાવાદ પાછી આવી. તપાસ કરતાં ખબર પડી કે એક ધોળો હાથી નથી આવ્યો. તે એક હાથીમાં ૧૦ હાથી જેટલું બળ હોવાથી બેગડાને તે અતિ પ્રિય હતો. તેણે તે હાથી માટે ખૂબ તપાસ કરી. અનેક સૂબેદારો પાસે શોધ કરાવી; પરંતુ પત્તો ન લાગ્યો.

❋ હમીરસિંહ વાઘેલાને 'પગી'નો ઇલ્કાબ :

પછી કોઈએ તેને સલાહ આપતાં કહ્યું, 'હાથી ક્યાં છે ? તેને ગમે ત્યાંથી ગોતી લાવે એવા ચતુર અને બાહોશ વ્યક્તિ અત્યારે વડતાલના ક્ષત્રિય હમીરસિંહ વાઘેલા છે.' એટલે બેગડાએ તરત તેમને બોલાવ્યા અને આ કામ સોંપ્યું. હમીરસિંહે જરૂરી સાધનો તથા ચુનંદા માણસોને સાથે લઈ શોધ આદરી. અને પાકે પાયે પગેરુ કાઢ્યું. તેમાં તે સફળ થયા. તેથી તેણે મહંમદ બેગડાને પાકા સમાચાર આપ્યા કે, 'પાવાગઢના રાજા પ્રતાપસિંહને તેમના પિતૃઓના શ્રાદ્ધ માટે સફેદ હાથીની જરૂર હતી, તેથી તેઓ લઈ ગયા છે.'

આ સમાચારથી ખુશ થયેલા બેગડાએ હમીરસિંહ વાઘેલાને સવા લાખના શિરપાવ સાથે **'વડતાલ'** ગામ ભેટ આપ્યું. વળી, પગલે પગલે ચાલી શોધ કરીને હાથીને ગોતી કાઢ્યો; **તેથી તેને 'પગી'નો ઈલ્કાબ આપ્યો.** ત્યારથી તેના આ ગુણને અનુસાર લોકો તેમને **'પગી'** કહેવા લાગ્યા. આમ આ પગીપણું તો તે વાઘેલા કુળની શાખા કે આબરૂ છે. તે સમયે જોળ અને બામરોલીની મળી કુલ ૬૦૦ એકર જમીન વડતાલની ગણાતી.

આ **હમીરસિંહ**ની આઠમી પેઢીએ **સં.૧૭૦૦ના** અંતમાં **સોરમજી** થયા. તેમનાં લગ્ન ચકલાસીના ક્ષત્રિય ગલાજીની પુત્રી **જીવીબા** સાથે થયાં હતાં. તેમના પુત્ર વાઘેલા **ભાયાજી** થયા. તેમનાં લગ્ન પંચરાણિયા ગામના લાલાજીભાઈની પુત્રી **વખતબા** સાથે થયાં હતાં. આ વખતબા મહાન ભક્ત અને સદાચાર સંપન્ન તથા સત્સંગપ્રેમી હતા. ઉદારતા, દયા અને સહિષ્ણુતાદિક ગુણો તથા પરિવારમાં સારા સંસ્કારો આવે એવી ઉદાર ભાવના સદા સેવતા હતા. અને એવા મહાન ભક્ત વખતબાની કુખે જ આપણા **મહાન ભક્તરાજ જોબન પગી**નો જન્મ થયો હતો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'વાઘેલા ક્ષત્રીઓ 'પગી' શા માટે કહેવાયા ?' એ વાત કહી એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬

જોબન પગીનો જન્મ તથા કુસંગ લાગ્યો

દોહા : **નાથ કોટિ બ્રહ્માંડના, સર્વોપરિ કીરતાર;**
કર્તા હર્તા એક શ્રીહરિ, મારા પિયુ ભરથાર...૪૨
આનંદ આપો છો ખુદનો, વાલમજી વારવાર;
સર્વે મનોરથ પૂરિયા, રાજી થઈ આ વાર...૪૩

સહેજે જીવન સુધરે, સાચી સમજણ મળે, વાસના તથા દોષો ટળે અને ભગવાનનો અલૌકિક આનંદ મળે એવું આ અનુપમ આખ્યાન છે. જીવનમાં જોબન પગી જેવા મહાન ભક્ત થાવું અને સર્વોપરી પુરુષોત્તમનારાયણના આશ્રિત કહેવાવું એ મોટાં ભાગ્યની વાત છે. સ્વામિનારાયણ ભગવાને આ બ્રહ્માંડમાં આવીને આવા અનેક સંતો-ભક્તોની ભેટ આપી, તે આપણા સહુ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. માટે સત્સંગ કરી અખંડ શ્રીહરિમય અને સંતો-ભક્તો પરાયણ જીવન જીવવું અને કુસંગથી સદા છેટા રહેવું.

✹ જોબન પગીના પરિવારનો પરિચય :

સમય જતાં વડતાલમાં ભાયાભાઈ પગી થકી વખતબાઈની કૂખે **સં.૧૮૩૧માં** એક પુત્રનો જન્મ થયો. તેમનું નામ **'જોબન'** રાખ્યું. સં.૧૮૩૪માં બીજા પુત્રનો જન્મ થયો. તેમનું નામ 'શંકરજી' રાખ્યું. વળી, સમય જતાં બીજા બે પુત્રોનો જન્મ થયો. તેનાં નામ અનુક્રમે 'સુંદરજી' અને 'દલાજી' રાખ્યાં. આમ તેઓ ચાર ભાઈ હતા. જોબન

પગીને પ્રથમ કુસંગ લાગી ગયેલો પરંતુ તેમના ઉત્તર જીવનમાં શ્રીહરિની કૃપાથી તેઓ પ્રાતઃસ્મરણીય ભક્ત બન્યા હતા.

ધન્ય ધન્ય પગી જોબનને, ઓળખ્યા પ્રગટ નાથ;
ધન્ય ધન્ય એ ભડવીરને, સોંપ્યા હરિને હાથ...૪૪

વાઘેલા કુળ ઉજાળિયું, સેવ્યા સંત હરિરાય;
ક્ષત્રિય કુળમાં શોભતો, શૂરો જોબનભાય...૪૫

ધન્ય પિતા ભાયાભાઈને, ધન્ય માત વખતબાઈ;
જેને આંગણે જનમ્યો, મહાભક્ત જોબનભાઈ...૪૬

જેમના ઘેર જોબન પગી જેવા મહાન ભક્તરાજનો જન્મ થયો. માટે તેમનાં માતા વખતબાને તથા પિતા ભાયાભાઈને ધન્યવાદ છે.

આ બ્રહ્માંડે આવિયા, પોતે શ્રીપુરુષોત્તમ;
ઓળખે ન એને ભલભલા, પણ પાડી પગીએ ગમ...૪૭

ધન્ય ધન્ય જોબન વડતાલો, નામે પડે હડતાલ;
પ્રગટ પરબ્રહ્મ ઓળખી, કર્યું સંત હરિશું વા'લ...૪૮

બંધૂક વળી બાણભાથો, હાથે રાખે તલવાર;
લીધી માળા હાથમાં, જપ્યાં હરિ એકતાર...૪૯

આખ્યાન છે જગજાણીતું, કહું વિસ્તારી આજ;
સુણી રીઝે સંત હરિજનો, જેથી રીઝે મહારાજ...૫૦

ક્ષત્રિયોના બારોટ રાવજી હેમંતસિંહના ચોપડાની વિગત મુજબ જોબન પગીનાં લગ્ન **૧૪ વર્ષની** ઉંમરે **સં.૧૮૪૪માં નાંદોલી** ગામના માવજી રાઠોડની દીકરી **તેજબા** સાથે થયાં હતાં. જોબન પગીના પરિવારમાં (૧) મોટી પુત્રી ઉજમબા (૨) રળિયાતબા (૩) જગમાલજી (૪) અમરસંગ (૫) સુરજબા(સુરતબા). આમ તેમને પાંચ સંતાનો હતાં. તેમાં **રળિયાતબા** તથા **સુરજબા**એ પરણેલા પતિનો ત્યાગ કરી આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રભુ ભજ્યા હતા. મોટા પુત્ર **જગમાલજી**નાં

લગ્ન ભૂમેલના ક્ષત્રિય નાનાજીની પુત્રી **ઈજ્જતબા** સાથે થયાં હતાં. **અમરસંગ**નાં લગ્ન લીંબાસીના ચાવડા માલાજીની પુત્રી **નાથીબા** સાથે થયાં હતાં. આ આખા પરિવારને જ્યારથી સત્સંગ થયો ત્યારથી શ્રીહરિ અને સંતોને સમર્પિત બની મન, કર્મ, વચને સત્સંગ, સેવા અને ભજન કરી પોતાનો જન્મ સાર્થક કર્યો. સમગ્ર સંપ્રદાયમાં તે સમયે આ પરિવારની સેવા અનોખી હતી. આ પરિવારે પોતાના બંને લોક સુધરે એવું જીવન બનાવ્યું હતું અને એવાં જ કાર્યો કર્યાં હતાં.

આ સમયે વડતાલના ગામધણી બાપુભાઈ પાટીદાર હતા. આ ગામમાં તમામ લોકો ઉચ્ચ રહેણી-કહેણીવાળા અને આદર્શ જીવન જીવનારા હતા. સહુ પરસ્પર સંપી, પ્રેમથી અને હળીમળી રહેતા. સહુ સંતોષ, સદાચાર અને સહકારની ભાવનાથી જીવન જીવતા. આમ આખું ગામ સદાચારી અને ભાવીલું હતું.

પરંતુ કમનસીબે એકવાર આ ગામમાં વામાચારી બાવા આવી પહોંચ્યા. ગામના બારૈયા લોકોમાં તેણે મંત્ર, તંત્ર, મૂઠ, ચોટ, દારૂ-માંસનું સેવન અને વ્યભિચાર જેવા અનેક દુર્ગુણોનાં બીજ રોપ્યાં. ધર્મના નામે આ ધનધૂતા અસાધુઓએ અધર્મ ફેલાવ્યો.

માણસને સદાચારી બનતા વાર લાગે છે; દુરાચારી તો તરત બની જાય છે. કપડાંને ધોવાં હોય તો બાફવાં પડે, સાબુ કે પાવડર લગાવવો પડે. પરંતુ મેલાં કરવાં કોઈ મહેનત ન કરવી પડે; સવારે પહેરે ને સાંજે મેલાં થઈ જાય. છોકરાઓને સંસ્કારી બનાવવા હોય; વકીલ, એન્જિનીયર કે ડૉકટર બનાવવા હોય તો ઘણી મહેનત કરવી પડે; લાખો રૂપિયા ખર્ચવા પડે. પરંતુ કુસંસ્કારી અથવા ખરાબ બોલવાનું શીખવાડવા કોઈ દાખડો કરવો પડતો નથી. એ તો માણસ તરત શીખી જાય છે. કેમ કે, જન્મોજન્મનો વિષય તરફનો જીવનો ઢાળો છે. વામાચારી બાવાઓએ ફેલાવેલી કુટેવો ચેપી રોગની માફક

આ જ્ઞાતિના અનેક લોકોમાં ફેલાણી. સદાચારી આ ગ્રામજનો માર્ગી બાવાઓના કુસંગને કારણે દુરાચારી બની ચોરી, લૂંટફાટ અને હિંસાના માર્ગે વળ્યા.

આમ બીજે જન્મે પણ કુસંગના યોગથી જોબન પગીની બુદ્ધિ ભ્રષ્ટ થઈ. તેથી તે ચોરનો સરદાર ને પાપીઓનો રાજા બન્યો. વ્યસની, ચોર, ઠગારા અને લુચ્ચા લોકોને જોબન પગી જેવો બહાદુર, બુદ્ધિશાળી અને કુશળ નાયક મળી ગયો. જેના પૂર્વનાં બીજબળ હોય તે જે ક્ષેત્રમાં જાય તે ક્ષેત્રમાં સહુનો આગેવાન બને. કુસંગને કારણે જોબન પગી પણ અધર્મીનો નાયક થયો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીનો જન્મ તથા ફરીને કુસંગ લાગ્યો તે વાત કહી' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

કુસંગથી થતું નુકસાન

આજ દિવસ સુધીમાં કુસંગને કારણે અનેક માણસોનું અધઃપતન થયું છે. જેમ ગ્રહણ સમયે રાહુને યોગે સૂર્ય-ચંદ્રનું તેજ ઢંકાય છે, તેમ કુસંગને કારણે જોબન પગીનું પુણ્યતેજ ઢંકાયું. કાળાં કૃત્યોથી જીવન બદનામ બન્યું. આજે પણ કુસંગને કારણે અનેક સત્સંગીઓનાં દીકરા-દીકરીઓ ભણવા માટે દૂર ગયા હોય છે ત્યાં ભણતાં ભણતાં બગડે છે. જેનાં માતા-પિતા પવિત્ર હોય, કુટુંબ પવિત્ર હોય, તેમનાં દીકરાઓ પણ કુસંગને કારણે ઉંમરલાયક થતાં જિંદગીભર પસ્તાવું પડે એવાં કામ કરે છે; કુટુંબને કલંક લગાડે છે. કેમ કે, નબળા વાતાવરણની અસર મનુષ્યના મગજમાં તત્કાળ પડે છે.

માટે સુખી થાવું હોય તો કુસંગથી બચવું. ક્યારેય ખરાબ વાંચવું નહિ, ખરાબ જોવું નહિ, ખરાબ મિત્રો કરવા નહીં, તેવાની વાત સાંભળવી નહીં. જોબન પગી પૂર્વજન્મે ખૂબ પસ્તાયા હતા છતાં આ જન્મે કુસંગ થયો તો ફરીને ફસાઈ ગયા, બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. માટે દરેક માનવે કુસંગથી પોતે બચવું અને પોતાના પરિવારને પણ સચેત રહીને બચાવવા. આમાં ગાફલાઈ રાખવી નહીં. જો ચૂક્યા તો તમારે ને તમારા પરિવારને આજીવન પસ્તાવું પડશે.

શ્રીહરિએ વચ.ગ.પ્ર.૧૮માં કહ્યું છે કે, "કુસંગીનો સંગ તો લીલાગર ભાંગ જેવો છે, માટે જે કુપાત્રની સોબત રાખશે તેની તો બુદ્ધિ જરૂર ભ્રષ્ટ થાશે. **પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે."**

જેમ સાતમાળની હવેલી હોય અને દારૂ, માંસ પડ્યું હોય, વેશ્યાઓ નાચતી હોય ત્યાં જઈને માણસ ઊભો રહે તો જરૂર તેના વિચારો બદલાઈ જાય. ખરાબ સંકલ્પો થવા લાગે અને પવિત્ર મંદિરમાં પવિત્ર સંતો ભગવાનની કથા-વાર્તા કે કીર્તન કરતા હોય ત્યાં જઈને બેસીએ તો આપણું અંતર બદલાઈ જાય છે અને પવિત્ર થાય છે, સારા વિચારો આવે છે.

અને મહારાજ વચ.વ.૨૦માં તો ત્યાં સુધી કહે છે કે, **"જનકરાજા જેવી સમજણ હોય તોપણ કોઈ પ્રકારે કુસંગ ન જ કરવો - એ સિદ્ધાંત વાત છે."** કેમ જે, કુસંગથી અતિ ભૂંડું થાય છે. નિષ્કુળાનંદસ્વામીએ વચનવિધિ ક.૧૭માં કહ્યું છે કે,

કોઈ રીતે કુપાત્રનો, ગુણ ગરી જાય જો ઘટમાં;
તો પાર પોત પામતાં, તરી ભાંગ્યું જાણો જઈ તટમાં.

પય સાકર સુંદર ત્યાં લગી, જ્યાં લગી ન ભળી લાળ ભોયંગની;
તેમ હરિજન સારો ત્યાં લગી, જ્યાં લગી નથી સોબત કુસંગની.
મુક્તની મોટપ ત્યાં લગી, જ્યાં લગી નથી પંચવિષયનો પ્રસંગ;
દેહ ઈન્દ્રિય મન પ્રાણથી, અતિ રહે છે અસંગ.

જો કુસંગ થઈ જાય તો વહાણમાં બેસીને સમુદ્ર પાર કરતા વચમાં બૂડી મરીએ એવું થાય. જેના અંતરમાં કુસંગીનો ગુણ આવે તેનું જરૂર પતન થાય. મુક્ત હોય તોપણ તે ફસાઈ જાય; તો સામાન્ય માણસની તો વાત જ શું કરવી ? વ્યક્તિને દેહ, ઈન્દ્રિયો કે મનથી પંચવિષયનો પ્રસંગ થતા જ તેનો પાશ અડી જાય છે. જેમ બહારનો કુસંગ નડે છે તેમ આ દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણરૂપી અંતરનો કુસંગ પણ અતિ નડે છે. આત્મા શુદ્ધ સોના જેવો ચૈતન્ય છે; નિર્વિકાર અને નિર્દોષ છે; પરંતુ તેમાં માયા દેહભાવરૂપ પિતળ ભેળવી દે છે. પછી તે જીવ ત્રણ ગુણમય તથા દેહરૂપ થઈ જાય છે. માટે જેમ બહારના કુસંગથી બીવું તેમ જ અંદરના કુસંગથી બીવું

જેવા કુસંગ છે બા'રના, તેવો કુસંગ છે ઉરમાંય;
નિષ્કુળાનંદ કહે ન કરિયે, એનો વિશ્વાસ કાંય.

આપણા દેહનો, ઈન્દ્રિયોનો કે મનનો પણ ક્યારેય વિશ્વાસ ન કરવો. આપણું મન એ અંદરનો કુસંગ છે. જે મનનો વિશ્વાસ કરે તેનું પણ જરૂર ભૂંડું થાય છે અને બહારથી કુસંગનો યોગ રાખે, ખરાબ વાતાવરણ સેવે તો અંદરનો કુસંગ વૃદ્ધિ પામે છે. જેમ અંતરમાં કુસંગ છે તેમ સત્સંગ પણ છે. **બહારથી સંતોનો યોગ રાખે અને સત્સંગમય વાતાવરણ રાખે તો અંદરના સત્સંગને પોષણ મળે છે. માટે સો વાતની એક વાત છે કે, 'કુસંગ કોઈ કરશો નહિ.'**

જોબન પગીમાં પૂર્વજન્મના સંસ્કારને લઈને અમુક સદ્‌ગુણો અજોડ હતા. નબળાની ઝપટમાં આવી ગયા છતાં અમુક એમાંના સારા સંસ્કારો

પૂર્વનાં બીજબળને લઈને હતા. તેથી તેમને પૂર્વજન્મના સંસ્કાર અને સંતોના આશીર્વાદથી સત્સંગ ઓળખાયો. પ્રગટ ભગવાન ઓળખાયા અને મહાભક્ત બન્યા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'કુસંગથી થતું નુકસાન કહ્યું' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

જોબન પગીના ગુણો તથા સદાચાર

જોબન પગી ચોરનો સરદાર બન્યો. બહારવટિયો બન્યો છતાં પૂર્વજન્મના સંસ્કારવશાત્ આદર્શ-ઉત્તમ બહારવટિયાના ઘણા ગુણધર્મ તેમનામાં હતા. તેથી વાઘેલા જોબન પગી 'ઉત્તમ બહારવટિયા' તરીકે ઈતિહાસનાં પાનાઓમાં અમર રહેશે. બહારવટિયાઓમાં પણ પોતાની નીતિ-રીતિ અને મર્યાદાઓ હતી. તેઓની પણ આચારસંહિતા હતી.

(૧) સાધુ-બ્રાહ્મણને લૂંટવા નહીં. જોબન પગી ક્યારેય સાધુ-સંતોને લૂંટતા નહીં.

(૨) ક્યારેય વહુ-દીકરીની આબરૂ લેવી નહીં. ક્યારેય કોઈ પરસ્ત્રીનાં ચેન-ચાળા કરતા નહીં. ચારિત્ર્યશુદ્ધિ રાખવી.

(૩) પોતાને આશરે આવનારને દાગીના તથા રૂપિયા આપવા. અર્થાત્ જે પોતાના કહ્યામાં હોય, શરણાગત હોય તેનું સદા ઘરના સભ્યની જેમ ધ્યાન રાખવું.

(૪) કદી જાન લૂંટવી નહીં. અને માનેલી બહેન કરી હોય તેને બાર મહિને 'પસલી(ભેટ)' મોકલવી.

(૫) ગામ લૂંટી બ્રાહ્મણોની ચોરાશી કરવી તથા ગાયોને નિરણ ખવડાવવી.

(૬) હનુમાનજીના મંદિરે, ઠાકોરજીના મંદિરે અને શિવાલયમાં દીપમાળા પુરાવવી તથા નાળિયેર-સાકર ધરી સહુને પ્રસાદી વહેંચવી.

(૭) વેપારીની દુકાનોમાંથી તેમના ચોપડા કઢાવી ચોક વચ્ચે જ સળગાવી દેવા.

તેનો હેતુ એટલો કે તેથી ગરીબો લેણામાંથી મુક્ત થાય. તે સમયે એવા ઘણા વેપારીઓ હતા કે, એકવાર ચોપડામાં નામ નાખ્યું હોય તે સાત પેઢી સુધી લેણું ચૂકતે થાય જ નહીં. ને લેણિયાત તરીકે નામ નીકળે જ નહીં. આમ પ્રજાનું શોષણ લુચ્ચા વેપારી ધનવાનો દ્વારા બહુ થાતું. તેથી ગરીબોને જોબન પગી આવી રીતે મદદ કરતા.

આ બધા નિયમોનું જે પાલન કરે તેને જોબન પગી ખૂબ મદદ કરતા. તેના ઉપર રાજી થતા અને પોતાના સાગરીત હોય છતાં જો આ નિયમોનું ઉલ્લંઘન કરે તો બંદૂકની ગોળીથી વીંધી નાખતા. જોબન પગી આવા ઉત્તમ નિયમો સાથે લૂંટફાટ કરતા હતા. એટલા માટે જોબન પગીના સાથીઓને તેમનો પૂર્ણ વિશ્વાસ રહેતો.

✹ જાનૈયા જીવણદાસને પાછા સોંપ્યા :

જોબન પગી ગૌરક્ષક, નારીરક્ષક, બ્રાહ્મણરક્ષક, સાધુરક્ષક હતા. વળી ક્યારેય જેસલ જાડેજાની જેમ જાન રોકતા, લૂંટતા નહીં. એક દિવસ તેઓ પોતાના સાથીદારો સાથે ખંભાતથી વડતાલ તરફ પ્રયાણ કરી રહ્યા હતા એવામાં રસ્તામાં કોઈ વરઘોડિયાંને પરણાવીને જાન લઈ પોતાને ગામ ઉંદેલ પાછા જતા હતા. અર્થાત્ માણસો જાન સાથે વરરાજાને પરણાવી પોતાને ઘેર જતાં હતાં. તેઓએ સારાં વસ્ત્રો-દરદાગીના પહેર્યાં હતાં. આ જાનવાળાઓને કોઈ વટેમાર્ગુએ ખબર આપ્યા કે, 'જોબન પગી ધાડ લઈને પાછળ આવી રહ્યો છે.'

વટેમાર્ગુ દ્વારા જોબનનું નામ સાંભળતાં જ બધાનાં હોંશકોશ ઊડી ગયાં. જાનના આગેવાનોએ વિચાર્યું કે, ઉંદેલ ગામ નજીક જ દેખાય

છે. જો ગાડાં ઝડપી દોડાવીએ તો ગામ ભેગા થઈ જવાય અને બચી જઈએ. એવું વિચારી તેઓએ જાનના ગાડાં અને વરઘોડિયાના માફાને પૂરઝડપે દોડાવ્યાં. પરંતુ આમ અચાનક દોડધામ થતાં એક ગાડામાંથી એક વૃદ્ધ જાનૈયા જીવણદાસ પટેલ રસ્તામાં પડી ગયા. તેમને લેવા માટે કોઈએ પણ ગાડું ઊભું રાખ્યું નહિ અને બીકનાં માર્યા કોઈ માણસ રોકાયા પણ નહીં.

એ દરમ્યાન જોબન પગી પોતાની ધાડના માણસો સાથે ત્યાં આવી પહોંચ્યા. રસ્તામાં પડેલા અને જોબન પગીને જોઈને ધ્રૂજી રહેલા જીવણદાસને બધી વાત પૂછી. ત્યારે તેણે ઉપરોક્ત સર્વે વાત કહી. તેથી જોબન પગીને સાચી બાબતની જાણ થઈ. પછી જોબન પગીને દયા આવી. માનવધર્મને માનનાર જોબન પગી તરત જ એ વૃદ્ધને ઊંટ ઉપર બેસાડીને ઉંદેલ ગામે આવ્યા.

જોબન પગીની ધાડ આવતાં જ ગામના લોકો ડરના માર્યા સંતાઈ ગયા. આખું ગામ ધ્રૂજવા લાગ્યું. બધે જ નાસભાગ થવા લાગી. થોડી વારમાં તો ચારેબાજુ સૂમસામ થઈ ગયું. આ બધું જોઈને જોબન પગીએ ગામના ચોરે આવી મોટા અવાજે ગામલોકોને કહ્યું, **'હું અહીં જાન લૂંટવા કે ગામ લૂંટવા નથી આવ્યો; તમારા વૃદ્ધ જાનૈયા જીવણદાસ પટેલ રસ્તામાં પડી ગયા હતા તેને પહોંચાડવા અહીં આવ્યો છું.** હવે તેને તમે તેના ઘેર તેડી જાઓ અને પાટાપીંડી કરાવો.' એમ કહીને વરઘોડિયાને ભેટ તરીકે હાથગરણું કરવા માટે બે સોનામહોર જીવણદાસ પટેલને આપી. આવું વર્તન જોઈને ગામના અમુક લોકો ભેગા થયા. તેમને પગી માટે ખૂબ આદર થયો. પછી જતાં જતાં જોબન પગીએ કહ્યું,

દોહા : **જાન નથી હું લૂંટતો, ન લૂંટું સાધુ ફકીર;**
ચારણ ભાટ વિપ્રને, લૂંટતો નથી લગીર...૫૧

લૂંટે જો કોઈ જાનને, મને દેજો સમાચાર;
આવી વડતાલથી દોડતો, એને મારુ હું ઠાર...૫૨

આમ જોબન પગીએ ચોરામાં ઊભા રહીને સહુને સંભળાવ્યું. પછી કહ્યું, 'તમારી જાન કોઈ મારા નામે લૂંટે તો મને સમાચાર દેજો. હું તેવા હરામીને છોડીશ નહીં.' ત્યારે ઉંદેલ ગામના લોકો કહે, 'સારું બાપુ; આપનો ખૂબ ખૂબ આભાર.' જોબન પગી આટલું કહીને સાથીદારો સાથે વડતાલ આવ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીના ગુણો તથા સદાચારની વાત કહી' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

ગૌરક્ષક તથા આપકળાવાન જોબન પગી

દિવસો પછી દિવસો જાય છે. જોબન પગીનું બહારવટું બરાબર ચાલે છે. ચારે દિશામાં જોબન પગીની ધાક જામી ગઈ છે. એક દિવસ જોબન પગી **વડતાલમાં** જ્ઞાનબાગ સામે કેદારનાથ મહાદેવનું મંદિર છે તેમાં દર્શન કરીને ડાયરો જમાવીને બેઠા હતા. ડાયરામાં સાથે તેમના બધા સાથીદારો હતા. બધા કસુંબા-પાણી કરતા હતા. અલક-મલકની વાતો કરતા અને તમામ સાગરીતો જોબન બાપાને વિવિધ પ્રકારના સમાચારો આપતા હતા.

એવામાં ત્યાં એકાએક **હીરો ભરવાડ** હાંફતો હાંફતો આવ્યો. ડાંગ હેઠી મૂકી ધા નાખતાં બોલ્યો, 'બાપા, ગજબ થઈ ગયો !' જોબન પગી કહે, 'શું થયું ?' ત્યારે હીરો ભરવાડ કહે, 'મારી ગાયો સાથે આપણા ધણની બસો ગાયોને યાકુબખાન પઠાણ અને અલારખા મલેક ઘોડીની ઘુમરમાં લઈ ભાલા મારી ઉમરેઠ તરફ હાંકી ગયા છે. ઘરે

વાછરું ભાંભરડા નાખે છે; હવે તમને ઠીક લાગે તેમ કરો.' એમ કહી ભરવાડે પોક મૂકી.

હીરાના આ શબ્દો સાંભળી જોબન પગીનાં રુવાંડાં ઊભાં થઈ ગયાં. આંખોમાં અંગારા ઝરવા લાગ્યા. મૂછના આંકડા થર થર ધ્રૂજવા લાગ્યા. પછી જોબન પગીએ હાંકલ મારી. પોતાના ભાઈઓ, ભત્રીજાઓ અને સાથીદારોને કહ્યું : 'ઊભા થાઓ. હથિયાર બાંધી સહુ તૈયાર થાઓ.' થોડીવારમાં સહુ તૈયાર થયા. જોબન પગી પણ બાણ તથા ભાથાને બાંધી હાથમાં ભાલો લઈ છલાંગ મારી ઘોડેસવાર થયા. સહુ સાથીદારોને સાથે લઈને મારતે ઘોડે ઉમરેઠ ગયા. જ્યાં ઉમરેઠમાં પહોંચ્યા ત્યાં સમાચાર મળ્યા કે, 'યાકુબખાન પઠાણ ગાયોને લઈ બાલાસિનોર તરફ ગયો છે.'

તે વખતે બાલાસિનોરમાં મુસ્લિમોનું રાજ હતું. જોબન પગીને વડતાલ વિભાગની ગાયો કતલખાને જાય તે અસહ્ય લાગ્યું. પોતાનું હળહળતું અપમાન લાગ્યું. તેમણે તરત જ સાથીદારોને ઇશારો કર્યો. ટૂંકે રસ્તે જઈ ડભોલી ગામે યાકુબખાન પઠાણને આંતરી લીધો. આજ ગાયો અર્થે મારીએ કાં મરીએ પણ પાછા ફરવું નથી. આવા નિશ્ચય સાથે પઠાણ સાથે ધીંગાણું કર્યું. સહુ સાથીદારો કહેવા લાગ્યા કે, 'આજ આ ગાયોની રક્ષા માટે કૂરબાન થાવાનો સમય આવી ગયો છે. મા ભોમકાને આજ માથું દેવાનું ટાણું છે. આવા સારા કામ કરવા માટે જ આપણી માઉએ આપણને જનમ આપ્યો છે.' એમ પડકારા કરી સહુ 'યાહોમ' કહી તૂટી પડ્યા.

જોબન પગીએ યાકુબખાન પઠાણ અને અલારખા મલેકના તલવારના ઝાટકે કટકા કરી નાખ્યા. તેના ઘણાક સાથીદારોને પણ રેંશી નાખ્યા. બીજા બધા પ્રાણ લઈને ભાગી ગયા. આમ **૨૦૦ ગાયોને** બચાવી જોબન પગી સાથીદારો સાથે વડતાલ આવ્યા. રડતા હીરા ભરવાડને

તેની ગાયો સોંપી દીધી. તેથી તેના અંતરમાં નવો પ્રાણ આવ્યો હો. રુંવાડે રુંવાડે આનંદ થઈ ગયો. જોબન પગી આવા ગૌપ્રતિપાલક હતા.

દોહા : **ધન્ય ધન્ય જોબન પગી, જાણીતા ગૌ રક્ષક;**
'જ્ઞાન' ગાયોને પાળવી, ન થાવું ગૌ ભક્ષક...૫૩
ગાયનો મહિમા મહાન છે, ગાય પુજે રૂડું થાય;
'જ્ઞાન' ગાયને સાચવો, તો સર્વે દુઃખ જાય...૫૪
કરવી સેવા ગાયની, સર્વે શાસ્ત્રો ગાય;
'જ્ઞાન' ગાય આ જગતમાં, સર્વ રીતે સુખદાય...૫૫

આ દેશમાં આવા અનેક ગૌભક્તો થયા છે, અનેક દેશભક્તો થયા છે, અનેક સત્યવાદી અને પ્રામાણિક માણસો થયા છે. જેણે જાનના જોખમે પણ આવા પરોપકારનાં કાર્યો કર્યાં છે. અને **જે પરોપકારનાં કાર્યો કરે છે એ જ માણસ મહાન કહેવાય છે.** આવી ઉદારતા અને પરોપકારની વૃત્તિઓ માનવીના કંઈક દુર્ગુણ હોય તો તેને છુપાવી દે છે. જ્યારે કંજૂસાઈ અને સ્વાર્થીપણું વ્યક્તિના સદ્‌ગુણોને છુપાવે છે. સ્વાર્થી માણસ તો ઉનાળાનાં વાદળાં જેવો છે; તે વરસે નહિ ઊલ્ટાનો ગરમીમાં વધારો કરે છે. માટે સ્વાર્થ છોડવો, કંજૂસાઈને ત્યાગવી અને શક્ય હોય એટલાં પરોપકારનાં કાર્યો કરવાં. **પરોપકારી માણસ ક્યારેય પોતાના દુઃખને જોતો નથી. કેમ કે, તે બીજાનાં દુઃખ જોઈને કરુણાભીનો બની જતો હોય છે.**

બુરું કરવાની તક તો જીવનમાં અનેક વખત આવે છે, પરંતુ પરોપકાર કરવાની તથા બીજાનું હિત કરવાની તક તો ક્યારેક પ્રાપ્ત થતી હોય છે. માટે કોઈને સંકટ આવી પડ્યું હોય તો શૂરવીરતાપૂર્વક તેને મદદ કરવી. ખરા સમયે જીવવાનો મોહ છોડી દેવો એ જ સાચી શૂરવીરતાનું રહસ્ય છે. અને આવા શૂરવીર માણસો જ આવા પરોપકારનાં કાર્યો કરી શકે છે.

❋ જોબન પગીની આપ કળાઓ :

રાગ પાઘ ને પારખું, નાડી ને વળી ન્યાય;
તરવું તંતરવું ને તસ્કરવું, એ આઠે આપ કળાય.

આ દુનિયામાં આઠ પ્રકારની કળાઓ શ્રેષ્ઠ ગણાય છે. તેને 'આપકળાઓ' કે 'કોઠાસૂજ' કહેવાય છે અથવા આ આઠ 'કોઠાવિદ્યા' કહેવાય છે. જોબન પગી આ તમામ કળામાં પારંગત હતા.

(૧) **રાગ :** રાગ ગાતા જેને ન આવડે તેને તો આખી જિંદગી સંગીત વગેરે શીખવાડીએ છતાં ગાતા ન આવડે અને આવડે તેને તો સહજમાં રાગ અને સંગીતનું જ્ઞાન થાય છે. શીખ્યા વગર પણ સારા રાગ ગાઈ શકે તે કોઠાસૂજ એટલે કે ભગવાને આપેલી ભેટ કહેવાય.

(૨) **પાઘ :** પાઘડી બાંધવી એ પણ એક કળા છે. અમુક વ્યક્તિઓ પાઘડી બાંધે તો સરસ છોગાં મૂકે. શ્રીજીમહારાજની ત્રણ છોગાની પાઘ ઈતિહાસમાં અમર બની ગઈ. દુનિયામાં હજી કોઈને એવી ત્રણ છોગાની પાઘ બાંધતાં આવડતું નથી. આવી શ્રીહરિ બેનમૂન પાઘ બાંધતા.

(૩) **પારખું :** બીજાને ઓળખી લેવા એ કોઈકને જ આવડે. નહિતર અન્યનું પારખું કરવા જાય ત્યાં પોતાનું પારખું થઈ જાય.

(૪) **નાડી :** નાડી જોવાનું પણ બહુ ઓછાને આવડતું હોય. મહારાજ વખતે ભજનાનંદસ્વામી આવા નાડીવૈદ્ય હતા. તેમ જ રામાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી પણ સારા નાડીપારખું હતા. માટે નાડી જોઈ શારીરિક તથા માનસિક બધા જ રોગને પારખી જાવું એ એક કળા છે.

(૫) **ન્યાય :** સરખો ન્યાય કરવો એ બુદ્ધિશાળી માણસનું કામ છે. આ દુનિયામાં સરખો ન્યાય કરતા કોઈકને જ આવડે છે. ઘણાને તો સમાધાન કરવા માટે બોલાવ્યા હોય અને પરસ્પર એકબીજામાં વધારે

વેરઝેર ઊભા કરે; એવા પણ હોય છે. ઘણા એવા પણ હોય છે કે ન્યાય કરવા બેઠા હોય છતાં જે સમજુ હોય તેને જ કહે, 'સામાનો તો ૮૦% વાંક છે પણ સમજુ છો માટે મૂકી દો.' આ ન્યાય કર્યો ન કહેવાય. સમજુ વ્યક્તિને અન્યાય કર્યો કહેવાય. ઘણાને તો ન્યાય-અન્યાયનું કાંઈ જોવાનું હોતું જ નથી. એને તો એક પોતાનો અહં પોષવો હોય છે કે, મેં સમાધાન કરાવી નાંખ્યું. આવા સમાધાન કરાવનારા કેટલાયને અન્યાય કરતા હોય છે. ગરીબને દબાવીને પોતાનું માન વધારવા સમાધાન કરાવવા આંટા માર્યા જ કરતા હોય છે.

(૬) **તરવું :** પાણીમાં સહેલાઈથી તરી જાણવું એ પણ એક કૌશલ્ય છે. ઘણાને ઘણું તરતા શીખવાડો પણ આવડતું જ નથી. અને ઘણાને પાણીમાં નાખી દ્યો ત્યાં તરવા માંડે. અને પશુ, પ્રાણી, પક્ષી તે બધાને કુદરતે જ તરતા શીખવાડ્યું હોય છે. માટે એ પણ એક આપકળા છે.

(૭) **તંતરવું :** વાજિંત્રો વગાડી જાણવાં. તબલા, વાયોલીન, સિતાર, ફ્લૂટ વગેરે સૂર સાથે વગાડવાં એ બધાને આવડે નહીં; આ એક કળા છે. અમુકને તબલા વગાડવા બેસાડો તો જાણે તબલા સાથે ઝઘડ્યા હોય અને તબલાને રીશના માર્યા મારવા મંડ્યા હોય એવું લાગે. પણ એવું લાગે જ નહીં કે એ તબલા વગાડે છે. તબલાને વગાડે છે એવું જ દેખાય.

(૮) **તસ્કરવું :** ચોરી કરવી. એ પણ કોઠાસૂજ છે. જેને આવડતું હોય તેને આવડે. અમુક તો ચોરી કરવામાં અને ખોટું બોલવામાં જન્મથી પાવરધા હોય. અને અમુકને ગમે એટલું શીખવાડો તોપણ તે ન આવડે તે ન જ આવડે. અને અમુક તો આખી જીંદગી ન પકડાય તે ન જ પકડાય. માટે એ આપકળા છે.

આ બધી જ કળાઓમાં જોબન પગી પાવરધા હતા. તેથી ભલ-ભલા સેનાપતિઓ જોબન પગી પાસે ભૂ પી જતા હતા. વળી, તેઓ

શુકનભેદ જાણનારા હતા. વેશ-પરિવર્તન કરવામાં હોશિયાર અને બાહોશ હતા. પ્રાણીઓની બોલી બોલનારા અને નિશાનબાજમાં અજોડ હતા. તેમનામાં વિશિષ્ટ પ્રકારનું શૌર્ય હતું. તેઓ જબરા સાહસિક હતા; છતાં કોઈ કાર્યમાં ઉતાવળ કરતા નહીં. માટે ધીરજવાન પણ હતા. આયોજનબદ્ધ સહુને સાજે એમ કાર્ય કરતા હતા. માટે આયોજનશક્તિ ધરાવનારા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીની ગૌરક્ષકતા તથા આપકળા કહી' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

જોબન પગીના બાતમીદારો,

તેની વિશ્વસનિયતા, ધાક તથા કિંવદંતિ

ચરોતર તથા ગુજરાત પ્રાંતમાં તેના ૩૦૦થી વધુ ગુપ્તમથકો હતા. દ્વારકાથી માંડી દક્ષિણમાં પૂના સુધી તેમના નામે બહારવટા ચાલતા. સર્વ સ્થળે તેઓના હિંમતબાજ અને વિશ્વાસુ બાતમીદારો હતા. તેમાં મુખ્ય બાવન બાતમીદારો હતા. આ લોકો જાસૂસી કરવાનું કામ કરતા. બધા જ પ્રાંતના તમામ સમાચારો આ ગુપ્તચરો જોબન પગીને આપતા. અને તેમના માટે પ્રાણ આપવા તૈયાર રહેતા.

કોણ કોણ એ હતા ? તો મુખ્ય મુખ્ય થોડાક લખું છું : **મહીકાંઠા**માં **ગામો અનગઢ** અને **કાનવાડી**માં **કાનો કારસ્થાની**, ઓખામંડળમાં **વસઈ** ગામે **ભોજો ભરાડી**, **પ્રભાસપાટણ**માં **સોમો સોરઠીઓ**, **લીમડી** વિસ્તારમાં **કાળો કામળીઓ**, **ગોહિલવાડ**માં **ગેમો ગારડી**, **લુણાવાડા**માં **ઉકો ઉઠાણો**, **સાબરકાંઠા** વિસ્તારમાં **લાખો વડગામો** અને તેનો સૌથી

નજીકનો વિશ્વાસુ એટલે જેનું ગામ, નાત, જાત કે માતા-પિતાનું નામ હજું મળ્યું નથી એવો **રૂડિયો રખડુ**.

✵ બાવા અને બહારવટિયાની ભાઈબંધી :

આ તમામ લુટારાઓ જોબન પગી સાથે જોડાવાથી સલામતી અને ખુશાલી અનુભવતા હતા. જોબન ભાયાના નાનપણના ભાઈબંધ વડેઉ માતાના મઠના પૂજારી **નારાયણગિરિજી** બાવા હતા. જોબન પગી શુકનવિદ્યા તેમની પાસેથી શીખ્યા હતા. જ્યારે જોબન પગીને કાંઈ લૂંટવા જવાનું હોય અથવા કોઈનો ખજાનો લૂંટીને લાવ્યા હોય તો તે બધું કાર્ય આ વડેઉ માતાના મંદિરમાં આ લોકો કરતા. બાવાજી હરિગુણ ગાય અને વાંસેથી ત્યાં ચોરી કરવાનાં કામો થાય; એટલે લગભગ ન પકડાય. આમ બધું પ્લાનબદ્ધ કામ કરતા. મોર મોર ભજન-ભક્તિ, દેવ-દેવીના ડાકલા, નારાયણગિરિજી બાવાના મોરા અને વાંહણ વાંહણ ચોરી, લૂંટ, દારુ, માંસ વગેરેના અખાડા. આજ-કાલ માતાજીના નામે ચાલતા નવ નોરતા અને ગણપતિ ઉત્સવમાં ક્યાંક આવું જ હોય છે. એમાંય વળી વ્યભિચારનું પ્રમાણ તો માપબારુ હોય છે. માટે ભલા થઈને કોઈ સત્સંગી આવા ઉત્સવમાં ભાગ લેશો નહીં. અને પોતાની મા, બેન, દીકરી, દીકરાને પણ એમાં ક્યારેય જાવા દેશો નહીં.

✵ મદદનીશ જોબન પગીની સ્વાશ્રિતમાં વિશ્વસનીયતા :

વળી, જોબન પગીના તમામ સાથીદારો વફાદાર, હિંમતવાન, કસાયેલા, અનુભવી, ચોરી કરવામાં પારંગત અને સ્વામીભક્ત હતા. જોબન પગી પણ પોતાના સાથીદારો પ્રત્યે પૂર્ણ જવાબદારી અને કર્તવ્યનિષ્ઠાપૂર્ણ વ્યવહાર રાખતા હતા. બધા સાથીદારોના પરિવારોને પોતાના સમજીને તેમના દરેક પ્રસંગે તન, મન અને ધનથી જેટલી જરૂર હોય એટલી મદદ કરતા હતા.

દોહા : **કોઈનો વિશ્વાસઘાત કદિ, કરતો નહિ જોબન;**
તે લૂંટારાનો કરતા, વિશ્વાસ લૂંટારા જન...૫૬
બહુનો વિશ્વાસ કેળવવો, એ ભારે કપરું કામ;
ઘણા સાધુ સત્સંગીઓ, એમાં છે બદનામ...૫૭

જોબન પગી બહારવટિયા હતા; છતાં ક્યારેય કોઈનો વિશ્વાસઘાત કરતા નહીં. આ બહુ મોટો ગુણ છે. ઘણા ભક્ત હોય, ડાહ્યા ગણાતા હોય, છતાં વાતની વાતમાં બોલેલું ફરી જાય; વિશ્વાસઘાત કરે. જોબન પગી કોઈનો વિશ્વાસઘાત કરતા નહીં અને આવી રીતે ઘણા સમય સુધી વર્તન થાય ત્યારે બીજાને વિશ્વાસ જામે છે. અનેકના વિશ્વાસપાત્ર થવું એ ઘણું કઠણ કામ છે. માટે આ ગુણ આપણે શીખવો. કેમ જે, બહારવટિયા વિશ્વાસઘાત કરે નહીં અને ધાર્મિક લોકો પોતાની જાતને આધ્યાત્મિક અગ્રેસર ગણાવી-જણાવી અને વિશ્વાસઘાત કરે એ તો બહારવટિયાથી પણ બુરુ કામ છે.

✷ બહારવટિયા અમરાજીએ કહેલી ત્રિશુળની વાત :

લુણાવાડાના **મહારાજા વીરભદ્રસિંહ** હતા. તે વખતે **ઠાકોર અમરાજી** નામે બહારવટિયા થયા હતા. તેમને મહારાજા વિરભદ્રસિંહે કહેવડાવ્યું કે, 'તમે રાજ્યને શરણે થઈ જાઓ; અમે તમારા તમામ ગુના માફ કરશું. કોઈ તમારું નામ નહિ લે.' એવું અભયવચન આપીને રાજ્યમાં રાખ્યા હતા. તેથી અમરાજી લુણાવાડામાં રહેતા. કવિ માવદાનજી પ્રથમ આ પંચમહાલ જિલ્લાના લુણાવાડાના રાજકવિ થયા હતા.

તે સમયે એક દિવસ માવદાનજીના કપાળમાં તિલક-ચાંદલો જોઈને અમરાજીએ કવિશ્રીને કહ્યું, 'તમારા સ્વામિનારાયણ પંથના ઠાકોર જોબનબાપા મારા દાદાના સગા મામા થતા હતા. તેમણે મારા દાદાને એટલે કે પોતાના ભાણિયાને રૂપાના પતરાથી મઢેલું એક ત્રિશૂળ આપેલું. તેના ત્રણેય પાંખડામાં 'જોબનાભાયા વડતાલો' એવું નામ કોતરેલું છે. એ ત્રિશૂળ હાલ પણ મારા ઘરમાં માતાજીના મઢમાં અમે

રાખીએ છીએ. અને તેને ધૂપ-દીપ કરીએ છીએ. જ્યારે ધાડ પાડવા જતા ત્યારે તેને સલામ કરી 'જોબનબાપાની જય' બોલીને નીકળતા; એટલે અમારું કામ ફતેહ થતું હતું.' એમ કહી અમરાજીએ કવિ માવદાનજીને તે ત્રિશૂળ દેખાડેલું.

પછી તેણે કહેલું કે, 'જોબનબાપાએ પોતાના તમામ બાતમીદારોને રૂપાના પતરાથી મઢેલું ને ત્રણ પાંખડાઓમાં **'જોબન ભાયા વડતાલો'** એવું નામ લખેલાં આવાં ત્રિશૂળો આપ્યાં હતાં. એને હાથમાં લઈને તેના સાથીદારો જાનમાં અથવા કોઈ સ્થાનમાં ચોકી કરવા જાય; ત્યાં ક્યારેય લૂંટ ન થાય; એવી જોબન પગીની હાંક વાગતી.'

✹ જોબન પગીની ધાક :

જોબન પગીને વિશ્રામનાં ૬૪ સ્થાનો હતાં. તેને તેઓ તેની ભાષામાં 'ચોસઠ જોગણી'ના નામથી ઓળખતા અથવા તેને ચાડીકાની જગ્યાઓ કહેતા. આ સ્થાનોની આસપાસ આદિવાસી કે ભીલોનાં ઝૂંપડાં રહેતાં. ત્યાં જઈ જોબન પગી અથવા રૂડિયો રખડુ સાંકેતિક શબ્દ કરે એટલે અનેક ભીલો ભેગા થઈ જતા. ત્યાંથી તેઓ આયોજન કરી લૂંટવા જતા હતા. ૧૦ વર્ષમાં તો તેમણે લાખો રૂપિયાની લૂંટ કરી હતી. અનેક અમલદારો અને સેંકડો માણસોને મોતને ઘાટ ઊતાર્યા હતા. સર્વત્ર તેની ધાક વાગતી હતી. દ્વારકાથી પંઢરપુર સુધી તેનું બહારવટું ચાલતું. તેનું નામ સાંભળતા સહુ ધ્રૂજી ઊઠતા.

હાંક વાગે વડતાલાની, સર્વે પરગણામાંય;
મોટા મુછાળા ધ્રૂજી ઉઠે, છોરુ રડતાં બંધ થાય...૫૮

નામ સાંભળતાં પગીનું, બહુ બહાદુરો મુંજાય;
ગમે તેવા બળિયાના, છક્કા છૂટી જાય...૫૯

સો ને જીતે જે એકલો, તે જ બહાદુર વીર;
જોબનને જીતે એવો, ન જડ્યો તેમાં ધીર...૬૦

સો માણસને એકલો જીતી લે તેને ગાયકવાડ સરકાર ‘બહાદુર’નો ઈલ્કાબ આપતા હતા. એવા બહાદુરનો ઈલ્કાબ પામેલા શૂરવીરો સરકાર પાસે ઘણા હતા. એકવાર ગાયકવાડ સરકારે તે બહાદુરોને કહેલું કે, ‘કોઈ જોબન પગીને પકડી લાવે તો એને પચાસ હજારનું ઈનામ આપીએ.’ પરંતુ જોબન પગીને પકડવા કોઈ તૈયાર થયેલું નહીં. તેથી સયાજીરાવ સરકારના જોબન પગી સમકાલિન બારોટ રાવજી તેની બિરદાવલીમાં કહે છે,

જોબન તું જગ જાણતો, ને ભાયાનો ભડવીર;
જેની ધાકે ધરણી ધ્રૂજે, ધ્રૂજે વડા અમીર.

જોબન વડતાલા તણી, ધાકે સહુ સંતાય;
ધોળે દા’ડે નગરના, દરવાજા જાય દેવાય.

માતાનો સુત મોવડી, પીરાણાનો પીર;
નામ સુણી નરપતિ વડા, ધરી શકે નહિ ધીર.

જોબન પગીનું નામ સાંભળતાં મોટા મોટા રાજાઓની પણ ધીરજ છૂટી જતી. આવી સર્વત્ર તેની હાંક વાગતી હતી. જોબન પગીને કોઈએ જોયેલો નહીં, પરંતુ રાજ-રજવાડામાં લોકો તેમને વિશે અનેક પ્રકારની વાતો કરતા હતા.

❋ જોબન પગી વિશે સાચી-ખોટી વાતો :

કોઈ કહેતાં ‘જોબનને માથે કોઈ પીરનો હાથ છે. તેથી તેને કાંઈ થાતું નથી.’ કોઈ કહેતાં ‘માતાજીએ તેને કાળો પછેડો આપ્યો છે; તે ઓઢે એટલે તેને કોઈ ભાળી શકતું નથી.’ કોઈ કહેતાં ‘તે શકુનાવળી છે; તેથી શુકન જોઈને નીકળે એટલે ચોરી કરવામાં ફતેહ થાય છે અને ધોળે દિવસે સહુની આંખમાં ધૂળ નાંખી ગામ લૂંટી શકે છે.’ ત્યારે કોઈ કહેતાં ‘તેના માથે કોઈ બંદૂક ફોડે તો ગોળી નીચી પડી જાય, એવો તે મજબૂત છે. વળી, કોઈ તલવાર કે ભાલો મારે તો વાગે જ નહીં;

ભટકાઈને હેઠાં પડે.' તો કોઈ કહેતાં 'તે મંત્રથી બીજાની તલવારની ધાર બુઠ્ઠી કરી દે છે, તેથી વાગતું નથી.' વળી કોઈ કહેતાં 'સાંભળો, જોબન તો છ હાથ ઊંચો છે; સાત મણ વજન છે અને બેય હાથે બંદૂકો ફોડે છે તથા તીર છોડે છે. વળી, ઝાડની ડાળે બાંધેલા લવિંગ વીંધે એવો નિશાનબાજ છે.' આમ, જોબન પગી વિશે અનેક પ્રકારની કિંવદંતિઓ લોકોની જીભે થતી હતી. આ બધી અફવાઓથી તેમની હાંક સર્વત્ર કેવી વાગતી હશે ?? તે સૂચવે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીના બાતમીદારો, તેની વિશ્વસનિયતા, ધાક તથા કિંવદંતિ કહી' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય-૧૧

જોબને ગાયકવાડ સરકારની અમરેલીની તિજોરી લૂંટી

એ જમાનામાં વડોદરાના ગાયકવાડ સરકારનું **૨૪૦૦ ગામમાં** વિશાળ રાજ્ય હતું. તેમને **દીવાન બાબાસાહેબ** તથા **બાપુભાઈ ગારદી** જેવા બાહોશ પ્રધાનો હતા. તેઓ વિભાગ પ્રમાણે **૫૦૦-૫૦૦** ગામની ખંડણી ઉઘરાવતા હતા. અમરેલી પંથકની ખંડણી બાબાસાહેબ ઉઘરાવતા હતા. આના નામની જગતમાં એક કહેવત હતી કે,

બાબા તારી બકરી, કોઈએ ન ઝાલ્યો કાન;
ખરિયા સોતી ખાઈ ગયો, ઓલ્યો ભડલીવાળો ભાણ.

અર્થાત્ હે બાબાસાહેબ ! તારી બકરીનો કાન કોઈએ ઝાલ્યો નહીં. પરંતુ ભડલીવાળા ભાણ ખાચરે તો તેને આખેઆખી પોતાની કરી લીધી. પરંતુ પોતે બકરી ખાઈ ગયા એવો અર્થ થાતો નથી. ખાઈ ગયાનો અર્થ પોતાની કરી લીધી એવો થાય છે.

આ બાબાસાહેબ માથાભારે અને અતિ આકરો માણસ હતો. પરંતુ શેર માથે સવાશેર હોય જ છે. માટે કોઈએ ખોટો ગર્વ ન કરવો. આ દીવાને એકવાર અમરેલી પંથકની પાંચસો ગામની ખંડણી ઉઘરાવી. પછી તે તમામ મિલ્કત તિજોરીઓમાં ભરી અને ગાયકવાડ સરકારની આ તિજોરીઓને અમરેલીથી ગાડામાં ભરી **વડોદરા** તરફ રવાના કરી. આ તિજોરીઓમાં હજારો રૂપિયાનું નગદ નાણું હતું. તેથી સાથે તિજોરીઓના રક્ષણ કરવા માટે ઘણા શિરબંધી સ્વારો હતા.

આ વાતની અમરેલી પરગણાના જોબન પગીના બાતમીદાર **ગેમા ગરાડી**ને ખબર પડી. તેણે જોબન પગીને કે'ણ મોકલ્યું : 'હે જોબનબાપા ! નગદ રોકડા રૂપિયા **આઠ લાખની** તિજોરીનાં **૨૦ ગાડાં** ચોકીઓ જોડાવી આંહીંથી બાબાસાહેબ દીવાને રવાના કર્યા છે. એક એક ગાડામાં બે-બે હજાર રૂપિયા ભરેલી **૨૦-૨૦** થેલીઓ છે. અને એક ગાડે બે ખેડૂત, બે કટકિયા કહેતાં મહા શૂરવીર હથિયારધારી સિપાઈ છે. બે મશાલચી અને બે પડખે બે-બે શૂરવીર ઘોડેસવારો ચાલે છે. આમ એક એક ગાડે **આઠ** વ્યક્તિઓ છે. એટલે કુલ **૪૦ ઘોડેસવાર** અને **૪૦ કટકિયા સિપાઈ** એમ ૮૦ હથિયાર બંધ માણસો છે. તથા ૮૦ બીજા સહાયક સાથીદારો છે. કુલ **૨૦ તિજોરીના** ગાડાઓ છે. સાથે મહેતા, રસોઈયા, પાગરણ, મોદીખાનું તથા પથારી વગેરે ઉપાડનારા ભોઈ આદિના ૬-૭ ગાડા છે. બધા થઈને કુલ **૨૦૦** ને આશરે માણસો સાથે છે. તે નિત્ય દશ-દશ ગાઉ પર મુકામ કરે છે. ઉનાળો હોવાથી કોઈક વખત રાતે પણ ચાલે છે. ચાલતી વખતે ભારખાનાના ૭-૮ ગાડા આગળ નીકળે છે. તે રસોઈ પકવે છે. તેમની સાથે **બે-ત્રણ** ઊંટસવારો પણ છે.

હું આપણા **૨૦ ભીલોને** સાથે રાખી બબ્બે ગાઉને અંતરે આગળ-પાછળ ચાલી તેની બાતમી મેળવું છું. હવે કઈ જગ્યાએ

થાપો મારવો તે નક્કી કરી આપ કે'ણ મોકલજો અને તૈયારી બરાબર રાખજો. આ હકીકત રૂડિયા રખડુ સાથે તેના બાતમીદારે આવી જોબન પગીને કહી સંભળાવી.'

પોતાના બાતમીદાર ગેમા ગરાડી પાસેથી આ હકીકત મળી. તેથી જોબન પગીએ પોતાના સાથીદારોને બોલાવ્યા. અતિ ચતુરાઈથી વ્યૂહરચના ગોઠવી. ગામમાં ખોડાભાભા શુકનપારખું હતા. જોબન પગી તેની પાસે ગયા. તેણે માતાજી પાસે વાસા વધાવાના દાણા જોઈ જારની ચપટી આપી. જોબન પગીએ તે એક ચીંથરીમાં બાંધી. તેથી તેમની ભાષામાં માતાજીની આજ્ઞા મળી કે 'ચરોતરની સીમમાં તમે ફાવશો; આગળ કે પાછળ નહિ ફાવો.'

પછી સોરઠ, હાલાર, ઝાલાવાડ, ગોહિલવાડ તથા ગુજરાતના તમામ બાતમીદારો સાથે જોબન પગી નારાયણગિરિના મઠમાં ભેગા થયા. ત્યાં જોબન પગીએ તિજોરી લૂંટવાની વ્યૂહરચના રચી. સહુને કહ્યું, 'તમારાં હથિયાર, પડિયાર અર્થાત્ મ્યાનમાં રહેતાં હથિયાર, ખાતરિયાં અર્થાત્ ચોરી કરવાનાં વિવિધ સાધનો વગેરે જે લોકો જે સાધનો વાપરી જાણતા હોય તેને સાથે રાખી-રખાવી તમામ ભીલોને ચરોતરમાં બોલાવવા અને આયોજન પ્રમાણે ગોઠવણી કરવી.'

જોબનબાપાના કહેવાથી તમામ ભીલો ચોરી કરવામાં વપરાતાં સાધન જેવાં કે, ચંદન ઘોની ડબ્બી, ઘેનની વીંજણી, વિરૂપ થવાની મેશ, લુકાંજન કહેતાં જે આંખમાં આંજવાથી બીજા તેને જોઈ ન શકે એવું એક પ્રકારનું અંજન, વેષભૂષા, છીણા-છીણી, હથોડા-હથોડી, સાંગડી, ચકમક, કંપ, દીવડા વગેરે વસ્તુ-પદાર્થો તથા હથિયારોમાં મુખ્ય બાણનું ભાથું, તીર-કામઠી, છરા, કાતાં, નાના તમંચા, મોટી બંદૂકો, ભાલા, ખુડદમો અર્થાત્ એક છેડે સીસાનો ગઠ્ઠો જડ્યો હોય તેવો મોટો દંડો કે પટ્ટો, ચીપિયા વગેરે તમામ હથિયારો ધારણ કરી

ભીલો તિજોરી લૂંટવાની પૂરી તૈયારી સાથે નિયત સ્થળે આવી પહોંચ્યા.

તિજોરીનો રસાલો ધીરે ધીરે સાબરમતી ઊતરીને ચરોતર પ્રદેશમાં આવી પહોંચ્યો. ત્યારે મુખ્ય બાતમીદાર ગેમા ગરાડીએ મોરથી આવી જોબન પગીને બધી હકીકત કહી. એટલે જોબન પગીએ પોતાના સાથીદારોને વ્યૂહરચના પ્રમાણે ગોઠવાઈ જવાની આજ્ઞા આપી. રાતનો વખત હતો. ત્રણેક ગાઉની ઉજાડ હતી. કોઈ માણસોની વસ્તી ન હોય એવો પ્રદેશ હતો. તેની વચ્ચે એક મોટું કોતર હતું. જેમાં હજી પાણી ચાલતું હતું. ત્યાં ભીલો બન્ને બાજુનાં ઝાડવાં ઉપર એક ગાઉમાં અલગ અલગ સ્થળે તીર-કામઠાં લઈને ચડી ગયા. જોબન પગી પણ કાળિયા ઊંટ માથે કાળાં કપડાં પહેરી, રૂડિયા રખડુની સાથે થાપો મારવાની તૈયારી સાથે પહોંચી ગયા. ગાડાં આવવાના શરૂ થયાં.

એકેક ગાડે બબ્બે મશાલવાળા હતા. તે આગળ-પાછળ ચાલી રસ્તો બતાવતા હતા. બે પડખે બે ઘોડેસવારો ચાલતા. બે કટકિયા સિપાઈ ગાડાં માથે ભરેલ બંદૂકો લઈ બેઠા હતા. તમામ ગાડાં પાણીવાળા સજીવન કોતરમાંથી કાંઠે ચડ્યે જતાં હતાં. તેમાંથી એક છેલ્લા ગાડાના બળદ નબળા હોવાથી તે પછવાડે રહ્યું હતું. તેની સાથે ઘોડેસવારો, કટકિયા ને મશાલચી વગેરે હતા. જેવું તે પાણીના વહેણમાં આવ્યું કે તુરત ગાડાનું પૈડું ખાડામાં ખૂંચી ગયું; એટલે ઉપર બેઠેલા નીચે ઊતરી ગયા અને સહુ મળી પૈડાને બહાર કાઢવા મંડ્યા. પણ ગાડામાં **૨૫ મણ** વજન હોવાથી તેનું પૈડું બહાર ન નીકળ્યું. એટલે ઘોડેસવારો કોતરની બન્ને બાજુ ભેખડના કાંઠા ઉપર ચડી ગયા.

ફક્ત બે કટકિયા, બે ખેડૂત અને બે મશાલચી એમ છ જણા ત્યાં રહ્યા. આગળનાં ગાડાં તો ધીમે-ધીમે ચાલતાં થોડા દૂર ગયાં. એ વખતે જોબન પગીએ રૂડિયા પાસે લાળી કરાવી. તેથી બન્ને બાજુ ઝાડ માથે બેઠેલા ભીલોએ તીર મારી બેય ઘોડેસવારોને તથા એક મશાલચીને

મારી નાખ્યો. બીજો મશાલ નાખીને ભાગી ગયો. એટલે ત્યાં અંધારું થતાં **૧૫-૨૦ સાથીદારો** સાથે જોબન પગી ત્યાં ગયા ને કટકિયા સિપાઈઓને ઠાર માર્યા. ગાડાવાળા કરગરતા હતા. તેને બળદની રાશું છોડી ગાડાંની ઊંધ સાથે બાંધ્યા. ત્યાં જોબનપગીના ચાર ઊંટિયાં લાળી સાંભળી નજીક દોડી આવ્યાં. તેથી તેની માથે નગદ નાણાંની વીસ કોથળીઓ નાખી સહુ **વડતાલ** તરફ ખેતરોમાં આડેધડ રવાના થઈ ગયા. અને તેમનાં જે ગુપ્ત ઠેકાણાં હતાં, તેમાં જુદે-જુદે ઠેકાણે તમામ માલ દાટી દીધો.

વળી, જોબન પગીએ તમામ ભીલોને એક કોથળીમાંથી ખોબા ભરી ભરી રૂપિયા આપીને ભાગી જવા કહ્યું અને જ્યારે આજ્ઞા મળે ત્યારે આવીને ભાગ લઈ જવાનું પણ કહ્યું. તેથી સહુ ભીલો સહુ સહુનાં સ્થાનકે રવાના થયા. ગુજરાતના ભીલો વડતાલની સીમમાં રહી સરકારના માણસો હવે શું કરે છે ? તેની બાતમી જોબન પગીને આપવા લાગ્યા.

આમ **૪૦ હજાર** રૂપિયાની ગાયકવાડ સરકારની તિજોરી લૂંટી. માતાજીના પ્રતાપે તેમનો **બે મહિનાનો** દાખડો સફળ થયો; એમ સહુએ માન્યું. સવાર થતાં આ વાત જાહેર થઈ. પછી ગાયકવાડના ફોજદારો, સુપરિટેન્ડેન્ટ, બીજા સૂબેદારો, સૂબાઓના ઘોડાઓ ચારેબાજુ દોડવા મંડ્યા ને તપાસ ચાલવા મંડી. એમાં એક દક્ષિણી અમલદારને કંઈક શંકા આવતાં વડતાલની આજુબાજુ બે દિવસથી ફરવા મંડ્યો. તેણે તેના આઠ-દશ સિપાઈઓ સાથે વડતાલને ઘેરી લીધું.

તે સમાચાર મળતા જોબન પગીએ લાળી કરી. તે લાળી સાંભળીને ભીલો રાતોરાત ત્યાં આવી પહોંચ્યા અને તે અમલદારને તેના સાથીદારો સહિત તીરથી વીંધી નાખ્યો. તેનો તંબુ સળગાવી ઠેકાણે કર્યો. તથા અન્ય કેટલાક સિપાઈઓને પણ મારી નાખ્યા. **જોબન પગીના અનેક**

પરાક્રમોમાં આ એક મોટી સફળતા હતી. આ લૂંટથી ગાયકવાડ સરકાર પણ સ્તબ્ધ થઈ ગઈ. જોબનના આ પરાક્રમથી ગાયકવાડનું નાક કપાયું. જોબન પગીની નાની-મોટી અનેક લૂંટોમાં આ નોંધપાત્ર લૂંટ હતી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબને ગાયકવાડ સરકારની અમરેલીની તિજોરી લૂંટી' એ નામે અગ્યારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય-૧૨

ઓખામંડળની તિજોરી લૂંટી

જોબન પગીએ જેમ અમરેલીની તિજોરી લૂંટી એવી જ રીતે ઓખામંડળની તિજોરી લૂંટી હતી. સામાન્ય લૂંટારાથી આ કામ થાય નહીં. અમરેલીની તિજોરી લૂંટ્યા બાદ એક મહિને ઓખામંડળના સૂબાએ ખંડણી ઉઘરાવી તેની તિજોરીઓનાં ગાડાં વડોદરા તરફ રવાના કર્યાં. તેનો બાતમીદાર ભોજો ભરાડી હતો. તે જોબન પગીના તમામ બાતમીદારોમાં એક નંબરનો બુદ્ધિશાળી હતો. તેણે પહેલાની જેમ જ તમામ બાતમી આગળથી જોબનને પહોંચાડી.

વધારામાં કહ્યું : 'અમરેલીની તિજોરી લૂંટાયા પછી આ વખતે ગાયકવાડે રાજકોટમાંથી **૫૦૦ ઘોડેસવારોને** સાથે રાખ્યા છે. તેમાંથી **૧૦૦ ઘોડેસવારો** તિજોરી સાથે ચાલે છે. હું મારા માણસો સાથે આગળ-પાછળ ઘેરો ઘાલીને કોઈને ખબર ન પડે તે રીતે ગાડાંઓની સાથે ચાલું છું. હવે ક્યાં અને કેવી રીતે થાપો મારવો ? તે મને કહેજો.' જોબન પગીએ તેને **ચરોતરમાં** આવવા દેવાનું કેણ મોકલાવ્યું.

પહેલાંની જેમ જ બધી તૈયારી કરી ઓડો બાંધ્યો. રસ્તાની વચ્ચે સહુ ગોઠવાઈ ગયા. ખેડાથી આગળ બે-ચાર ગાઉ આવતાં એક ગાડાની ધરી ભાંગી અને પૈડું બળદના પગમાં લાગતાં બળદ પડી ગયો. આ

વાતની જાણ થતાં સૂબેદારે બધાં ગાડાંઓ ત્યાં જ રોક્યાં. છાવણી નાંખી અને ફરતો પે'રો મૂકી દીધો. ધરી ભાંગેલા ગાડાને ખાલી કરી ખેડે સમું કરવા મોકલ્યું. તિજોરી ફરતાં પોલીસોની કડક ચોકી રાખી દીધી.

ભોજા ભરાડીએ ચાર છૂપા માણસોને ઓખામંડળની પોલીસની નોકરીમાં રાખેલા. તે ચારેય સિપાઈઓ ફોજમાં સાથે ચાલતા હતા. તેણે આ બધી બાતમી ભોજા ભરાડીને આપી. તેથી તેણે જોબન પગી સાથે આ બાબતની તમામ મસલત કરી. પછી સહુ ત્યાં આવ્યા. છાવણીની નજીકમાં સહુ જંગલી ભીલોનાં ઝૂપડાંમાં સંતાણા. અને ઊંટ, ઘોડા તથા માણસોને કોતરોમાં સંતાડી, લાળી સાંભળી આવવા કહ્યું.

ભોજા ભરાડીની શિખવણી પ્રમાણે ફોજમાં પોલીસ તરીકે ચાર ભીલો હતા, તેમાંથી એક ભીલે જ્યાં ઊંટ-ઘોડા બાંધ્યા હતા તેના ચાર(નિરણ)ના ઢગલા સળગાવ્યા. તેથી સહુ અગ્નિ ઓલવવા ત્યાં આવ્યા. તરત બીજા ભીલે પોલીસ ચોકીમાં રહેલી દારૂ-ગોળાની પેટીઓ સળગાવી. એટલે ચારેય બાજુ કોલાહલ થયો. અંધારી રાત્રીએ ઉપરી અમલદારો મશાલો સળગાવી ઊંટ-ઘોડા તરફ અગ્નિ ઓલવતા હતા. ત્યાં જોબન પગીએ સંકેત કર્યો.

જંગલી ભીલો તે સંકેત સાંભળી ત્યાં આવ્યા. જોબન પગીએ આવા વાતાવરણમાં તિજોરીને લૂંટવાનો સહુને હુકમ કર્યો. તેથી તમામ ભીલો જમીન પર રૂપિયાની કોથળીઓ હતી ત્યાં પહોંચ્યા અને તેના પહેરેદાર ચાર સિપાઈઓને તીરેથી વીંધી નાંખ્યા. પછી જેટલા લેવાય તેટલા રૂપિયાની કોથળીઓ લઈ ઝૂંપડામાં જ્યાં **જોબન પગી** અને **ભોજો ભરાડી** બેઠા હતા ત્યાં દસ-બાર જણા આવ્યા. કોઈ એક તો કોઈ બે કોથળીઓ લૂંટીને લાવ્યા હતા. જોબન પગીએ તરત નિર્ણય લીધો. એક વાંસડાની મજબૂત નનામી તૈયાર કરી. તેમાં ગોદડાના ગાભા પાથરી ઉપર કોથળીઓ મૂકી. માથે રાતું ખાંપણ ઓઢાડ્યું અને મડદાને બાળવા

લઈ જાય તેમ, ઓ...ઓ... કરતાં સ્મશાન તરફ ચાલ્યા. પછી ત્યાં કોતરોમાં ઝુકાવેલા ઊંટિયા ઉપર રૂપિયા નાંખીને તેને વડતાલ તરફ રવાના કર્યા.

પાછળથી છાવણીમાં પહેરેગીરો માર્યા ગયાની જાણ થઈ. તેથી ઘણી મશાલો સળગાવી સહુ સૂબેદારોએ રાત્રે ઝૂંપડાં તપાસ્યાં અને ૧૫-૨૦ ભીલોને પકડ્યા. ઘણી મારકૂટ કરી. પણ કોઈ પત્તો ન લાગ્યો. પછી ઓખામંડળની તિજોરી સાથે ભોજા ભરાડીના મદદગાર ચાર માણસો હતા તે હથિયારો લઈ વડતાલની હદમાં આવી પહોંચ્યા. કોતરોના ભોંયરામાં જ્યાં રૂપિયાની કોથળીઓ રાખી હતી તેની પહેરેગીરી કરવા માટે તેઓ ત્યાં રોકાયા. એક જ માસમાં ફરીને ગાયકવાડની તિજોરી લુંટાણી તેથી ગાયકવાડ સરકાર તેના તમામ બહાદુર વીરો અને સૈનિકો અતિ ઊકળી ગયા.

✹ સુપરિટેન્ડેન્ટ ઘાટગેનું મોત :

પછી વડોદરાથી સુપરિટેન્ડેન્ટ **ઘાટગે સાહેબ** પલટણ સાથે ત્યાં આવ્યા. તેણે ઘણા ભીલોને પકડ્યા, ખૂબ માર માર્યો, એક-બેને તો મારી નાંખ્યા; છતાં ભીલોએ હકીકત ન કહી. તેથી કોઈ પત્તો ન લાગ્યો. પછી તેણે વડતાલ ફરતાં સો સિપાઈઓ સાથે ઘેરો નાખ્યો. **ઘાટગેએ** ખેડામાં તંબુ નાંખી પડાવ કર્યો અને મોટી રકમનું ઈનામ કાઢી રાત્રી-દિવસ **જોબન પગી**ને પકડવા પાછળ ફરવા લાગ્યા. છતાં કોઈ ભીલનો છોકરો પણ તેનો બાતમીદાર ન થયો. મામલો કાંઈક થાળે પડ્યો. મોટી પલટણ પાછી વડોદરા આવી.

પછી એક દિ’ જોબન પગીના સાગરીતોએ વડતાલ ફરતાં ઘેરો કરીને બેઠેલાં **૨૫-૩૦** સિપાઈઓને ઝાડની ઓથે છુપાઈને મારી નાંખ્યા. એક દિવસ ખેડામાં રાત્રે **ઘાટગે** દારૂ પી તંબુમાં સૂતો હતો. ત્યાં એક ભીલ રીંછનું ચામડું ઓઢી તેના તંબુની વાંસેની મેખ કાઢી

અંદર પ્રવેશ્યો. અને ભરનિદ્રામાં પલંગ પર સૂતેલા ઘાટગેનું કાતું મારીને ગળું કાપી નાંખ્યું. ચાલાકીથી એક જ ઘાએ બે કટકા કરી રીંછની જેમ કૂદતો કૂદતો ત્યાંથી નીકળી ગયો અને કોતરોમાં જઈને સંતાઈ ગયો.

આ પ્રસંગ પછી વડોદરામાંથી કોઈએ જોબન પગીને જીવતો પકડવા કે મારવાનું બીડું ન ઝડપ્યું. ઘણીવાર સરકાર દ્વારા મોટું ઈનામ મળવા છતાં પણ આ બીડું ઝડપવા સરકારની કચેરીમાંથી એકપણ અમલદાર ઊભો ન થયો. હવે જોબન પગી શું કરશે ? એવી બીક સહુના અંતરમાં ઘોળાવા લાગી. સહુની ઊંઘ હરામ થઈ ગઈ. સર્વત્ર ત્રાસ ત્રાસ થઈ ગયો.

દોહા : **ગાયકવાડ તણા સુબા, નામ સુણી સંતાય;**
ફોજું તો પાછી ફરે, ભાળે તો જાય ભરખાય...૬૧
ગાયકવાડ સરકારને, મનમાં થયો વિચાર;
કેવોક હશે જોબન પગી, મારે કરવા દિદાર...૬૨

હવે સરકારને પણ મનમાં એમ થવા માંડ્યું કે, ‘આ જોબન પગી કેવોક હશે ? મારે તેને જોવો છે. એકવાર તેને મળવું છે.’ આ વિચારથી સરકારે જાહેરનામું બહાર પાડ્યું. તેમાં લખ્યું કે, ‘જોબન પગી એકવાર પાઘ ઉતારી મને પગે લાગે તો તેના તમામ ગુના હું માફ કરીશ અને મારી પલટનનો ઉપરી અધિકારી બનાવીશ.’

જોબનને આ સમાચાર મળ્યા. પરંતુ તેણે વિચાર કર્યો કે, ‘મોટા રાજાનો વિશ્વાસ કરાય નહીં. કેમ જે, મને લલચાવીને કદાચ માફી ન આપે અને જેલમાં પૂરે તો મારો મનખો હરામ થઈ જાય. તેથી તો મરવું સારું.’ આ વિચારે તે લાલચમાં ન ફસાણા. પછી તેણે તપાસ કરાવી તો દગો ન હતો, વાત સાચી હતી. છતાં જોબન પગી કોઈનો ભરોસો કે વિશ્વાસ કરતા નહીં. કોઈ તેને સમજાવે તો કહેતાં ‘હું કોઈ દિ’ મોટા અમલદારને મળતો નથી. અને કોઈ પકડવા આવે તો તેનું

રૂડિયા રખ્ડુ વગેરે દ્વારા મોત કરાવતા. તેથી વડતાલથી પુના અને કાઠિયાવાડ તથા દ્વારકા સુધી જોબનના નામની હાંક સર્વત્ર વાગતી હતી. હવે વનવિચરણ દરમ્યાન વર્ણિરાજ તેમને પહેલાંવહેલાં મળ્યા તે પ્રસંગ કહું છું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'ઓખામંડળની તિજોરી લૂંટી' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય-૧૩

માયાનો મોહ છોડી સર્વોપરી હરિમાં જીવ જોડવાની વાત તથા પગીને પ્રથમ વર્ણીના દર્શન

આપણી ચેતનામાં માયિક દેહ રહ્યો છે, તેની જગ્યાએ દિવ્યમૂર્તિ શ્રીહરિને ધારવા અને રોમેરોમ મહારાજનો આનંદ ભોગવવો. મહારાજ સાથે ઓતપ્રોત રહેવું. દિવ્યમૂર્તિ સાથે ખૂબ જ સ્નેહ કરવો. હરિમાં હેત થાય તેનો સમય અને જન્મ સુધરી જાય છે. **ભગવાનમાં જેટલી ક્ષણ વૃત્તિ ચોંટે એટલી જિંદગી સુધરી જાણજો.** માટે જેમ જગતના લોકો ધન માટે ધંધામાં એકાગ્ર થાય છે અને રાત્રી-દિવસ મહેનત કરે છે, તેમ **આપણે શ્રીહરિનો દિવ્ય આનંદ માણવા માટે મૂર્તિમાં એકાગ્ર થવું. હરિમાં હેત કરવાથી આત્મા ટાઢો થાય છે, સુખાળો અને હેતાળો થાય છે. કેમ જે, મૂર્તિનો આનંદ એ આત્માને ઘરનો આનંદ છે.**

માટે ખૂબ ધીરજ અને શાંતિ રાખી મૂર્તિમાં તદાકાર થવાય એવું કરવું. જોબન પગી મહાપાપી હતો, પરંતુ તેણે પ્રગટ હરિને ઓળખી મૂર્તિમાં પોતાની તમામ ચેતનાઓ સ્થિર કરી તો તમામ પાપ તરત ભસ્મ થઈ ગયા અને વિશ્વવંદનીય મહાન ભક્ત બની ગયા. તે કામ આ દિવ્ય સત્સંગથી થાય છે. આનંદના ખજાના જેવા શ્રીહરિને આપણામાં

પ્રગટ કરી દે એવો આ દિવ્ય સત્સંગ છે. માટે દરેકે **જીવનમાં સમય ફાળવી સત્સંગ કરવો, ભજન કરવું અને શ્રીહરિની સ્મૃતિ રાખવી.** આ કાર્ય આપણાથી વિશેષ થઈ શકે એટલા માટે ગદ્‌ગદિત ભાવે પ્રભુને પ્રાર્થના કરીએ.

✹ શ્રીહરિની સર્વોપરીતા તથા સત્સંગનો કેફ :

દોહા : **તમે અક્ષરધામાધિપતિ, આવ્યા ધરા મોજાર;**
શું કહું વાતો આજની, અમે ફાવ્યા સહુ અપાર...૬૩
જોબન જેવાને તારિયા, બાળીને સર્વે પાપ;
નથી તાર્યો આ એકને, તાર્યા આપે અમાપ...૬૪
મોટાં ભાગ્ય છે અમારા, આપ્યો આવો સત્સંગ;
કથા વાર્તા કીર્તનનો, ચડાવ્યો રંગ અભંગ...૬૫
એવા કરુણામૂર્તિ તમે, સર્વોપરિ સરદાર;
ધન્ય ધન્ય મારા પિયુજી, આનંદ આપ્યો અપાર...૬૬
દિવ્ય ચિન્મય મૂર્તિ, તમે કેવળ સુખાકાર;
અતિ વહાલે વા'લમાં, ધારું હૈયા મોજાર...૬૭
ભાવે ભેટું આપને, ને ચૂમું વારમવાર;
અતિ સ્નેહે હું આપમાં, થઈ જાઉં એકાકાર...૬૮

ભગવદ્‌બળ જીવને ન્યાલ કરી દે છે અને એ બળ એમનો વિશ્વાસ અને સ્મૃતિ રાખવાથી આપણામાં પ્રગટે છે. આત્મામાં અખંડ શ્રીહરિને સંભારવા; તેને સ્મૃતિ રાખી કહેવાય. જે પોતાના આત્માને ભગવાનના સ્વરૂપમાં સપ્રેમ સતત ચિંતન દ્વારા જોડ્યા કરે; તેને સત્સંગ કર્યો કહેવાય અને એ જ ડાહ્યો કહેવાય.

શ્રીહરિને પૂછીએ કે, 'આપ સહુથી વધારે શામાં રાજી છો ?' તો મહારાજ સ્પષ્ટ કહેશે કે, **'હે આત્માઓ ! તમે મારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખો. મારા દિવ્ય સ્વરૂપને સતત ચિંતવો. મારા ચરિત્ર**

સંભારો.' જો આપણે આમ કરીશું તો અંતરમાં હરપળ આનંદનો મહાસાગર ઘૂઘવશે. માટે વિષયભોગ વાસના છોડી અને હૈયું હરિવરની મૂર્તિમાં રસબસ કરીએ.

જોબન પગીના પરિવર્તનનું આ આખ્યાન છે. પાપ છોડવાનું અને અંતરને સત્સંગમાં જોડવાનું આ આખ્યાન છે. આ કરવા માટે આપણે ખુદે જ સુધરવું જોઈએ. **જે પોતે પોતાની વૃત્તિઓ બદલાવે તેની સ્થિતિ બદલે છે.** એકવાર કહું કે લાખવાર કહું, પરંતુ **આપણો આત્માનો સાચો આધાર, સાચો આનંદ કેવળ સહજાનંદ છે.** આ વાતની દઢતા કર્યા વિના લાખ કે કરોડ જન્મે પણ ઉદ્ધાર થવાનો નથી અને આ દઢતા કરવા માટે આ સત્સંગ છે.

આપણી આત્માની ચેતના જડ દેહમાં ચોંટી છે. આ ચેતનાને જડમાંથી ચેતનમાં બદલાવવી એ જ આપણું કર્તવ્ય છે. **દેહમાં જેવી આત્મબુદ્ધિ છે એવી જ શ્રીહરિમાં કરશું ત્યારે જ પ્રભુજી વરશે. આ કાર્ય કરાવવા માટે જ સર્વોપરી પુરુષોત્તમનારાયણ અહીં આવ્યા હતા.** ગોલોકવાસી, વૈકુંઠવાસી આદિ ઘણા અવતાર આવ્યા, પરંતુ સર્વે અવતારનું મૂળ સર્વોપરી અક્ષરધામાધિપતિ શ્રીજીમહારાજ પહેલીવાર અહીં આવ્યા છે. તેનો જેને આશરો થયો તે બધા ફાવ્યા છે.

ગુણાતીતાનંદસ્વામી કહેતાં કે, **'જ્યારે જૂ વિયાય ત્યારે લીખ આવે, ને હાથણી વિયાય ત્યારે ભેંસ જેવડું બચ્ચું આવે; તેમ પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે. ને બીજાં ધામને વિષે જે મૂર્તિઓ છે, તે સર્વેનું કારણ ને સર્વ થકી પર જે શ્રીપુરુષોત્તમનારાયણ છે. એ જ આજ સ્વામિનારાયણરૂપે ધરતી ઉપર પ્રગટ થયા છે.'**

વળી શ્રીહરિએ પૃથ્વી ઉપર પ્રગટ થઈ ગાયત્રી મંત્રથી લાખગણો વિશેષ ફળદાયી 'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો છે. ધ્યાન ધરવા હરિકૃષ્ણ મહારાજ વડતાલમાં સ્થાપી આપ્યા છે. માટે અખંડ પ્રભુનું

ધ્યાન ધરો, મૂર્તિ સાથે ચેતનાને એકાકાર કરો, તો સહેજે બેડો પાર થઈ જશે. જેમણે જોબન પગી જેવા નરબંકાનો ઉદ્ધાર કર્યો. એ વાત હવે ઊંડાણપૂર્વક વાંચીએ અને વિચારીએ.

✹ જોબન પગીને વડતાલમાં વર્ણીરૂપ હરિના પ્રથમ દર્શન :

સં.૧૮૩૭ ચૈત્ર સુદ-૯ સર્વાવતારી શ્રીહરિ **છપૈયામાં** પ્રગટ્યા. **૧૧ વર્ષ** બાળલીલા કરી. ત્યારબાદ વનવિચરણ કરવા માટે શ્રીહરિ ઘરબારનો ત્યાગ કરી વનની વાટે ચાલ્યા. કરોડો જીવોનું કલ્યાણ કરતા કરતા વર્ણિરાજ નાવલી-ભાલેજ થઈ વડતાલ આવ્યા ત્યારે **સં.૧૮૫૫** ફાગણ સુદ બારશ ને સોમવાર હતો. આશરે વનવિચરણમાં વર્ણીને છ વર્ષ વીતી ગયા હતા. નીલકંઠવર્ણીની ઉંમર ત્યારે ૧૭ વર્ષની હતી.

કીર્તન : ઢાળ - વડતાલમાં બિરાજ્યા વડતાલમાં

વડતાલમાં પધાર્યા વડતાલમાં,
આવ્યા પહેલીવારે હરિ વડતાલમાં;
હતા વર્ણિવેશે તે દિ' મારો વાલમા...આવ્યા. ટેક.
ફાગણ સુદી બારસ ને સોમવાર છે;
સંવત અઢારસો ને પંચાવનની સાલમાં...આવ્યા૦ ૧
થયું વ્રતપુરી નામ આજ સાર્થક;
ઊગ્યો સોનાનો સૂરજ વડતાલમાં...આવ્યા૦ ૨
બેઠા ઘેલા હનુમાનજીના ઓટલે;
જોયા જોબને વર્ણીને બહુ વાલમાં...આવ્યા૦ ૩
જોતાં લુંટારાનું મન બહુ મોહ્યું;
વૃત્તિ રહી નહીં તેની ધનમાલમાં...આવ્યા૦ ૪
જ્ઞાનજીવન કહે, હરિ એમ બોલિયા;
મોટું ધામ થાશે, બદ્રી છે જ્યાં હાલમાં...આવ્યા૦ ૫

આ દિવસે જોબન પગીનાં પૂર્વનાં પુણ્ય ઉદય થયાં. આજે તેના ઉદ્ધારનું બીજ રોપાયું. રાત્રીએ વગડામાં ચોરી કરી ગુપ્તચરો સાથે મંત્રણા કરી વહેલી સવારે જોબન ગામમાં પ્રવેશતા તળાવમાં ઊતરી કોગળા કર્યા. નાની પોતડી પહેરી સ્નાન કર્યું અને કપડાં પહેરી તળાવની પાળે પશ્ચિમ દિશા તરફ પાંચ-સાત ડગલા ચાલ્યો. એ જ સમયે તેને હનુમાનજીની ડેરીએ બેઠેલા વર્ણિરાજનાં દિવ્ય દર્શન થયાં.

આંખો આંજી દે એવી બાલાજોગીની દિવ્ય મૂર્તિ સામું પગીએ નજર માંડીને જોયું. ત્યાં તો **બાલાજોગીની** મૂર્તિમાંથી દિવ્ય તેજની છટા છૂટવા લાગી. તેથી જોબન પગીની આંખો અંજાઈ ગઈ. તે મહાશૂરવીર હતા છતાં ક્ષણવાર મનમાં ભયને કારણે ધ્રૂજારી આવી ગઈ. આંખો મીંચી થોડીવાર ત્યાં જ બેસી ગયા. કુળદેવી ખોડિયાર માતા તથા હનુમાનજીનું સ્મરણ કર્યું. પછી આંખો ખોલી ત્યાં વર્ણિરાજે ધીમે ધીમે તેજ પોતાની મૂર્તિમાં સમાવી લીધું. તેજ ઓછું થયું, એટલે હિંમત એકઠી કરી ડેરીના ઓટલે બેઠેલા શ્રીહરિ પાસે આવ્યા. ઊગતા સૂરજના અજવાળાને ઝાંખા પાડે એવી શ્રીહરિની મનોહર મૂર્તિમાં તેનું ચિત્ત ખેંચાયું. જોબન લુંટારો હોવા છતાં નીલકંઠવર્ણીના તેજથી અને રૂપથી અતિ પ્રભાવિત થયો અને ત્યાં જ નીચે જમીન પર આળોટી પડ્યો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'માયાનો મોહ છોડી સર્વોપરી હરિમાં જીવ જોડવાની વાત કહી તથા પગીને પ્રથમ વર્ણીના દર્શન' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય-૧૪

જોબન પગી અને વર્ણીરાજનો સંવાદ તથા સંગનો પ્રભાવ

ત્યારે ગંભીર અવાજે વર્ણિરાજ બોલ્યા, **'જોબન !** જમીન પર આળોટવાથી પાપ નાશ નથી થતાં.' આ સાંભળતાં જ જોબનને મહાઆશ્ચર્ય થયું. એક ક્ષણ આંચકો ખાઈ ગયા કે, 'આ અજાણ્યા પુરુષે મારું નામ કઈ રીતે જાણ્યું ? અને હું પાપી છું એમ પણ કેમ જાણ્યું ? માટે આ કોઈ સામાન્ય પુરુષ નથી.' પછી ઓટલે બેઠેલા હરિવરને બે હાથ જોડીને પગે લાગ્યા. વર્ણિરાજના શરીરમાં લોહી-માંસ સુકાઈ ગયાં હતાં. માત્ર અસ્થિ અને ત્વચા જ દેખાતાં હતાં. શરીર ઉપર માત્ર કોપીન પહેરેલ. બધી જ નાડીઓ ઉઘાડી દેખાતી હતી.

દોહા : **તેજસ્વી મુખ મુદ્રા હતી, આંખે અમી રસ ધાર;**
સત્તર વર્ષના વર્ણીની, સૂકું તન તેજ અપાર...૬૯

આવી મનોહર મૂર્તિને થોડીવાર જોબન પગી જોઈ રહ્યા. પરંતુ હજી તેની લુટારુવૃત્તિ છે, એટલે મનમાં સંકલ્પ થવા મંડ્યા કે, 'આવી સૂકલકડી કાયા છે, એમાં શું બળ હોય ? આ મને શું કરી શકે ?' પરંતુ અંતર્યામી વર્ણિરાજ તેના આ સંકલ્પને જાણીને કહે,

પગી દેહના દેખવાથી, નિકળે ન માનવ માપ;
પ્રથમ ઘા કરે જનને, એનાં કરેલાં પાપ...૭૦

વર્ણિરાજ કહે, 'પગી ! સંકલ્પ કરો છો, પરંતુ શરીરથી અમારું માપ નહિ નીકળે. અમારું માપ તો મોટા મોટા દેવો પણ કાઢી શકતા નથી. અમે અમાપ છીએ. પરંતુ યાદ રાખો, સહુને પહેલાં પોતાનું પાપ જ નડે છે. હા.. અમે તમને નડવાના નથી. કેમ જે, આ દુનિયામાં કોઈ કોઈને નડતું નથી. પરંતુ સહુને સહુનું પાપ જ નડે છે.'

જ્યાં શ્રીહરિ આમ બોલ્યા ત્યાં જોબનના અંતરમાં પોતાના પાપની કતાર સામે દેખાઈ અને ઝબકારો થયો કે 'અહો..! આ તો

મારાં બધાં પાપને પણ જાણે છે. માત્ર નામ નહિ કામને પણ જાણે છે.' એટલે હાથ જોડી જોબન કહે, 'હે જોગીરાજ ! મારી ભૂલ થઈ ગઈ, આપ મારા ઉપર દયા કરો. મારે ઘેર પધારો.' વર્ણી કહે, 'તારે ઘેર આવીશ, પરંતુ કાંઈ જમીશ નહીં.' જોબન કહે, 'જોગીરાજ, મારે ઘેર આવો અને કાંઈ ગ્રહણ ન કરો, એ તો મારું દુર્ભાગ્ય કહેવાય. છતાં આપ સમર્થ છો, સ્વતંત્ર છો, આપને યોગ્ય લાગે તેમ કરજો. પરંતુ મારું ઘર પાવન કરો.'

ચોપાઈ : **પગી જોબને તે જોગી જાણી, પદ વંદી કહી એમ વાણી;**
આપું ઓરડી કરી આ ઠામ, જોગીરાજ રહો આ જ ગામ.
સુણી શ્રીહરિ લાગ્યા ઉચરવા, મારે જાવું છે તીરથ કરવા;
અમે આવશું વળતાં જ્યારે, ગામ રહેશું તમારે જ ત્યારે.
પછી જઈ તે પગીને ભવન, ભાવે રાંધીને કીધું ભોજન.

તેમની વિનંતી સાંભળી શ્રીહરિ તેમની ઘેર પધાર્યા. વર્ણીએ જોબનની મેડી પાવન કરી. તેના ઘરમાં ઉપર-નીચે ફર્યા. ઓરડામાં પગલાં કર્યાં. ત્યાં જોબન પગીની ઊંચાઈથી એક હાથ વધારે ઊંચી એક માટીની કોઠી હતી. પ્રભુએ પૂછ્યું, 'જોબન, આમાં તેં શું ભર્યું છે ?' આસુરી લોકોને પોતે કેટલાં પાપકર્મો કર્યાં તેની યાદી રાખવાનું મિથ્યા અભિમાન હોય છે. તેથી જ તે પાપકર્મની ગુપ્ત નોંધ રાખે છે.

મને એક બાપા મળ્યા હતા. તે ખીસ્સામાંથી મોટી યાદી કાઢી કહેવા લાગ્યા કે, મેં વડતાલમાં આટલી રસોઈ દીધી, ગઢપુરમાં આટલી રસોઈ દીધી, આટલું દાન-પુણ્ય કર્યું. સારા માણસોને પણ પોતાનાં કાર્યોની નોંધ રાખવાની ટેવ હોય છે; તો જોબન પગી જેવા લુંટારાને પોતાનાં કરેલાં પરાક્રમોને ગણવાનો શોખ હોય તેમાં શું કહેવું ?! પોતાનાં કર્મોની નોંધ રાખવા માટે તેણે ઘરમાં આ કોઠી કરાવી હતી. પછી જોબન પગી માણસોને મારે ત્યારે એક કાંકરો તે કોઠીમાં નાંખતો.

તે કોઠી ભરાઈ રહેવા આવી હતી. વર્ણીના પ્રશ્નનો શું ઉત્તર દેવો ? તેની મૂંઝવણમાં પડી ગયો હતો. ત્યાં વર્ણિરાજ બોલ્યા,

દોહા : **જોબન પગી આ કોઠીમાં, ભર્યું છે તમારું પાપ;**
પાપ કરતાં પાછું ન જોયું, ભોગવિશ કષ્ટ અમાપ...૭૧

'જોબન ! પરમેશ્વર પાપના જે દિ' લેખા લેશે, ત્યારે ત્રાહિમામ્ પોકારવું પડશે. **માણસ પાપકર્મ કરતાં પાછું વાળી જોતો નથી; પરંતુ તેનું ફળ ભોગવવું પડે ત્યારે ભયંકર પીડા થાય છે. જ્યારે પરમેશ્વર પાપકર્મનો જવાબ માંગે ત્યારે ભડવીર પણ ધ્રૂજી જાય છે. માટે પાપથી પાછા વળો; એમાં જ તમારું હિત છે.'** આટલું કહી શ્રીહરિ ત્યાંથી નીકળી ગયા અને બાજુમાં જ દેવકરણ પગીને ઘેર ગયા.

ચોપાઈ : **દેવકરણ પગી તણે ઘેર, પોઢ્યા એકાંતની જાણી પેર.**
બ્રહ્મચારી કહે સુણ ભૂપ, કથા એટલી પરમ અનૂપ;
પગી જોબન મુખ સાક્ષાત, એ તો સાંભળેલી છે મેં ભ્રાત.
મારા અંતરમાં સ્મૃતિ રહી, તેથી મેં તમને આજ કહી;
ચાલ્યા ત્યાં થકી ધૈર્યનિધાન, ગયા બોચાસણે બળવાન.

પછી વર્ણિરાજ બોચાસણ, ખંભાત, બુધેજ, ભીમનાથ, ગોપનાથ વગેરે ગામોમાં થઈ લોજ પધાર્યા. ત્યાંથી પીપલાણા ગયા. ત્યાં રામાનંદસ્વામીનો મેળાપ થયો. સં.૧૮૫૭, કારતક સુદ એકાદશીએ પીપલાણામાં સ્વામીએ વર્ણીરાજને દીક્ષા આપી 'સહજાનંદસ્વામી' અને 'નારાયણમુનિ' એવા બે નામ પાડ્યા. પછી સોરઠમાં વિચરણ કરતાં કરતાં વાળાના જેતપુર ગામે આવ્યા. ત્યાં ઉનડ ખુમાણના દરબારમાં સં.૧૮૫૮, કારતક સુદ એકાદશીએ ઉદ્ધવ સંપ્રદાયના તમામ આશ્રિતોને તેડાવી બહુ મોટો મહોત્સવ કર્યો. અને સહજાનંદસ્વામીને પોતાની ગાદીએ બેસાડ્યા. પછી ગુરુ શ્રીરામાનંદસ્વામી ફરેણી ગામે સ્વધામ

પધાર્યા. પછી શ્રીજીમહારાજે સમાધિપ્રકરણ ચલાવ્યું. અનેક લીલાઓ કરી. અનેક જનહિતનાં કાર્યો કર્યાં.

✵ કુસંગ આગળ શાણપણ નકામું :

આ બાજુ શ્રીહરિ લોકહિતનાં અનેક કાર્યો કરે છે. તો બીજી બાજુ વર્ણિરૂપે શ્રીહરિ મળ્યા પછી પણ જોબન પગી દશ વર્ષ સુધી લૂંટફાટનો ધંધો ચાલુ રાખે છે. વર્ણિરાજનાં દર્શનથી થોડીક ક્ષણ તેમાં સદ્‌ભાવનાની ચિનગારી પ્રગટી હતી, પરંતુ અપાર કુસંગનો સંગ હોવાથી તરત વિચારો બદલાઈ ગયા. સારા વિચારો ધોવાઈ ગયા અને સંગદોષના કારણે નબળા વિચારો ફૂટી નીકળ્યા.

માટે વારંવાર અમે કહીએ છીએ કે, હંમેશાં સારા વિચારોવાળા માણસોનો જ સંગ રાખવો. તેમની સાથે જ ઊઠકબેઠક રાખવી. સારું જ વાંચવું, લખવું અને વિચારવું. નબળા સાહિત્યના વાંચન કે કેવળ બીજાની ટીકા-નિંદા કરવામાં કે જગતની વાતો કરવામાં માહિર એવા હલકટ માણસોથી દૂર રહેવું. કદાચ સંજોગોવશાત્ વ્યવહાર કરવો પડ્યો, છતાં તેના વિચારો કે કૂટેવો આપણામાં ન આવી જાય તેનાથી સદા સાવધાન રહેવું.

દોહા : **સદ્‌વિચારો નાશ પામે, જો થાય નબળો સંગ;**
નબળાને તજ્યા વિના, નભે ના 'જ્ઞાન' સત્સંગ...૭૨

સંસારમાં હલકા માણસોની કાંઈ તાણ નથી. એકને શોધવા નીકળો ત્યાં હજાર મળે અને આવા મૂર્ખ માણસો હોય તે જ્યાંથી સંતો કે દેવો પણ ભાગી જાય એવી જગ્યાએ વારંવાર જતા હોય છે, પણ સારા માણસો શોધવા કે મળવા મુશ્કેલ છે. મૂર્ખ અને મડદાં - આ બે પોતાના વિચારો બદલી શકતા નથી.

માટે સંગદોષરૂપી ભૂલ થાતી હોય તો સુધારી લેવી. કેમ કે, જ્યારે સત્સંગ થાય ત્યારથી આપણે દારૂ, માંસ, ચોરી, લાંચ, ભ્રષ્ટાચાર,

વ્યભિચાર વગેરે દુર્ગુણો છોડી દીધા હોય; અને નિત્ય મંદિરે જવું, પૂજા કરવી, વડીલોને આદર આપવો, સદ્‌ગ્રંથોનું વાંચન કરવું, સંતો-ભક્તોના સંગમાં રહેવું વગેરે કરતા હોઈએ. પણ વળી, જો કુસંગનો કે નબળાનો યોગ થાય તો આ બધું ટળી જાય અને ન કરવાના બધા ધંધા પાછા ફરી ચાલુ થઈ જાય. બધાં શાસ્ત્રોમાં કુસંગ તથા નબળાનો સંગ રાખવાની ચોખ્ખી ના પાડેલી છે. માટે ઘરમાં, ઓફિસમાં, ડ્રાઈવરથી માંડીને રસોયા સુધીના જે કોઈ માણસો રાખવાના હોય તે જોઈ ચકાસીને રાખવા. કારણ કે, નબળા માણસોનો સંગ ઘરની કોઈ પણ વ્યક્તિને જો લાગી જાય તો બહુ મોટું અધઃપતન નોતરાઈ જાય છે.

ગોપાળાનંદસ્વામી કહેતા કે, **'જે પુરુષ સંતને સેવે, અસંતને સેવે, તપસ્વીને સેવે, ચોરને સેવે તો તે સેવનારો પુરુષ જે તે તેમના વશને પામે છે; કહેતાં સંતને સેવે તો પોતે સંત થાય છે અને અસંતને સેવે તો અસંત થાય છે, અને તપસ્વીને સેવે તો તપસ્વી થાય છે ને ચોરને સેવે તો ચોર થાય છે; કેની પેઠે ? તો જેમ વસ્ત્રને જેવા રંગમાં રંગીએ તેવા રંગવાળું થાય છે.'**

જોબન પગીને શ્રીહરિનો યોગ થતાં થોડીવાર અંતરમાં સારા વિચારો આવ્યા, પરંતુ શ્રીહરિનો યોગ તો ક્ષણવાર જ રહ્યો હતો. અને પછી તો તરત જ તેની નબળી ટોળકીનો અખંડ સહવાસ રહ્યો. માટે તે નબળાનો યોગ હોવાથી બધા જ સદ્‌વિચારો ક્ષણમાં નાશ પામી ગયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગી અને વર્ણીરાજનો સંવાદ તથા સંગનો પ્રભાવ કહ્યો' એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય-૧૫

પેટલાદ ભાંગ્યું તથા સાથીદારો પ્રત્યે વફાદારી

એકવાર ચરોતરના સાથીદાર ભીલોને ત્યાં વિવાહાદિક પ્રસંગો આવ્યા. તેથી તેમણે જોબન પગીને બધી વાત કરી. જોબન પગી તેમના સાથીદારોને જ્યારે જ્યારે ઘી, ગોળ, ખાંડ, દાણા, કપડાં, ઘરેણાં વગેરે વસ્તુની જરૂરિયાત પડે ત્યારે કોઈ ગામને ભાંગી તે જરૂરિયાત પૂરી પાડતા. તેઓ કાંઈ રળવા તો જતા નહિ. તેમનો મુખ્ય ધંધો જ ધાડ પાડવાનો હતો. લૂંટ ને ચોરી કરવાનો હતો. તેથી બધાએ ભેગા મળી નક્કી કર્યું કે પેટલાદ લૂંટીએ.

દોહા : **એકવાર તેણે લૂંટિયું, ધોળે દિ'એ પેટલાદ;**
વાત કહું તે સાંભળો, જોબનની વિખ્યાત...૭૩

જોબન પગી કહે, 'ભીલો ! તમારે બધાને ઝાઝી જરૂરિયાત છે. માટે નાનું ખોરડું કે નાનું ગામ લૂંટ્યે પૂરું નહિ થાય. જેથી આ વખતે પેટલાદ પર થાપો મારીએ.' પછી બધી ગોઠવણો કરી. પેટલાદ જેવું મોટું ગામ ભાંગવા માટે પ્રયાણ કર્યું. જોબન પગી મારવાડી કાળિયા ઊંટ ઉપર હથિયાર બાંધી બેઠા હતા. રૂડિયો રખડુ તેને હાંકવા બેઠો. સાથે બીજા સેંકડો ભીલની ટોળી આસપાસ દોડતી આવે. આ રીતે વડતાલથી જોબન પગીની ધાડ નીકળી.

અને બરોબર દિવસ ઊગ્યે સહુ પેટલાદના પાદરમાં પહોંચ્યા. બંદૂકોના અવાજ કર્યા. તેથી તળાવે પાણી ભરતી બાઈઓ વાસણો પડતાં મેલી ગામમાં ભાગી. સર્વત્ર રાડોરાડ થવા લાગી. ગામલોકોને જાણ થઈ કે, 'જોબનની ધાડ આવી છે.' તેથી સહુ ભાગવા લાગ્યા. કોઈ વસ્તુ લેવા કે ચંપલાં પહેરવાં પણ ઊભા ન રહ્યા. વેપારીઓ દુકાન બંધ કરવા પણ ન રહ્યા, ખુલ્લી દુકાનો મૂકી જ્યાં ત્યાં સંતાઈ ગયા. ભીલોની ટોળીઓ દુકાનોમાંથી કપડાં, ઘરેણાં, દાણા, ઠામડા વગેરે જેને

જે માલ હાથમાં આવ્યો તે લૂંટવા લાગી. ગાંસડા બાંધીબાંધીને માલને નદીઓની કોતરમાં જ્યાં ઊંટ ઝુકાવેલા હતા ત્યાં પહોંચાડવા લાગ્યા.

પછી જોબન પગીએ રૂડિયાને હુકમ કર્યો કે 'ઊંટ કસિયાભાઈની માઢ તરફ હંકારો.' આમ જોબન પગી ભીલની ટોળી સાથે કસિયાભાઈની ડેલીએ પહોંચ્યો. કસિયાભાઈ એટલે વડોદરા સરકાર તરફથી નિમાયેલા અત્યારની ભાષામાં કહીએ તો પોલીસ કમિશ્નર જેવા ઊંચા અધિકારી હતા. તેને ખ્યાલ આવ્યો કે 'જોબન પગી અહીં આવી રહ્યા છે. તેની જાણ થતા જ..

કસિયો ચડ્યો માઢ પર, બંધ કર્યાં છે કમાડ;
અરે રે હાય મરી ગયા, આ તો જોબનની ધાડ...૭૪
જોબન વડતાલા તણી, ધાકે સહુ સંતાય;
ધોળે દા'ડે નગરના, દરવાજા જાય દેવાય...૭૫

કસિયાભાઈ કમાડ બંધ કરી માઢ ઉપર ચઢી ગયા. ડેલીએ લોખંડનાં ભોગળો આડાં દીધાં. જોબન પગીએ ત્યાં જતાં વેંત જ દરવાણી આરબને બંદૂકની ગોળીએ ઠાર કર્યો. પછી તિજોરીના ઓરડાનાં તાળાં તોડી ખજાનો લૂંટવા લાગ્યા. ધોળા દિવસે કસિયાભાઈના ઘરમાંથી ઘરેણાં વગેરે લૂંટી લીધું. સવા પો'ર દિ ચડ્યો ત્યાં સુધી અર્થાત્ પોણા દશ વાગ્યા સુધી પેટલાદમાં લૂંટ કરી. પછી સૌ પોતાના ચાડીકાને ઠેકાણે આવ્યા. જોબન પગીએ જેને જે વસ્તુની જરૂર હતી તેને તે બધી જ વસ્તુઓ આપી. બાકીનો માલ વડતાલ પહોંચાડ્યો અને ભીલોને કહ્યું, 'જરૂર પડે ત્યારે ફરી જે જોઈતું હોય તે લેવા આવજો.'

જાહો મોકલ્યો કસિયાને, જો તારે જીવવું હોય;
માની આ જોબન પગીનું, ન કે'શો વડોદરે કોય...૭૬
કરશો જાણ સરકારને, તો ચોખ્ખું જ તમને કવ;
માથું તમારું ધડ સાથે, હું નક્કી રે'વા નહિ દવ...૭૭

તેથી કસિયાભાઈ પેટલાદના કમિશ્નર હતા છતાં કાંઈ જ કર્યું નહીં. આવી જોબન પગીની હાંક વાગતી. મોટા મોટા મરદ પણ જોબન પગીનું નામ સાંભળીને ધ્રૂજી જતા.

આમાંથી આપણે તો એટલું જ શીખવાનું છે કે, તે લુંટારો હતો છતાં તે કૃતઘ્ની ન હતો. કોઈ તેને મદદ કરે તો તેને પૂરું વળતર આપતા. તેમના સેવકોને ક્યારેય તે નિરાશ કરતા નહીં. માટે **આપણે પણ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું તે મુજબ કર્મચારીઓનું ક્યારેય શોષણ કરવું નહીં. આપણી સાથે કાર્ય કરનારા માણસો સાથે પૂર્ણ વફાદાર રહેવું. તેને પોતાના ઘરનો જ એક સભ્ય માની તેનું પોષણ કરવું તો શ્રીહરિ રાજી થાય.**

✹ જોબન પગીની સાથીદારો પ્રત્યેની વફાદારી :

આવી રીતે જોબન પગીએ બે વાર **પેટલાદ** અને બે વાર **આણંદ** ધોળા દિવસે લૂંટ્યા હતા. એકવાર **આણંદ, વસો** અને **પેટલાદમાં** ખૂબ લૂંટફાટ કરી. પછી તકરાર થવાની બીકે તથા સરકારની બીકે જોબન પગી **વડતાલ**થી **જેસાપર** ગામે આશ્રય માટે ગયા. ત્યાંથી **બાકરોલ** ગામે પટેલને ત્યાં માલ મૂકેલો. તેનો નિકાલ કરવા માટે મિત્ર **બાથાજી**ને સાથે લઈ જોબન પગી ત્યાં ગયા. ત્યાંના બાવાએ જોબન પગી આવ્યા તેની ખબર **પેટલાદ** તેમ જ **વસો** પંથકના સૂબાઓને કરી. એટલે સૂબાઓ લશ્કર લઈને **બાકરોલમાં** પ્રથમ સમાચાર આપનારા બાવાજીના ઘેર ગયા. ત્યાંથી **જોબન પગી** તથા **બાથાજી** જે પટેલના ઘરમાં હતા; ત્યાં આવી અચાનક ઘરને ઘેરી લીધું. આ વાતની જોબન પગીને જાણ થઈ. તેથી વેશપલટો કરી, **ભરવાડનો** વેશ લઈ સૂબાને તથા સિપાઈઓને કાંધ મારી જોબન પગી ત્યાંથી નીકળી ગયા. જોબન પગી વેશ કાઢવામાં માહિર હતા. તેથી આબેહૂબ ભરવાડનો વેશ લઈ કોઈને ખબર પણ ન પડે તેમ ત્યાંથી છટકી ગયા.

✵ પગીના મિત્ર બાથાજી મરાણા :

પછી સૂબાના માણસોએ ઘરમાં તપાસ કરી. અને પટેલના માણસો સાથે ખોટી વઢવેડ કરી. તેમને હેરાન કરવા લાગ્યા. તેથી શૂરવીર **બાથાજી**નું લોહી ઊકળી ગયું. તેથી **બાથાજીએ** સરકારના તે માણસનું માથું ક્રોધે કરી તલવારથી કાપી નાખ્યું. તે ધીંગાણામાં બાથાજી કામ આવી ગયા અને સુબાએ પટેલનું ઘર આખું સળગાવી દીધું. આવો બાકરોલમાં ઈતિહાસ બની ગયો. જોબન પગી તે દિવસે ઈશ્વર ઈચ્છાથી બચી ગયા.

પછી થોડા સમય બાદ જોબન પગી વડતાલ આવ્યા. પોતાનો વફાદાર માણસ મરાયો તેથી તેમને ઘણો આઘાત લાગ્યો. પછી મિત્ર બાથાજીના દીકરા દાજીભાઈને બોરિયાવી લાવ્યા અને નવાં ઘર લઈ આપ્યા. તથા **બોરિયાવીની** સીમમાં **૮ વીઘાનું** રબારીનું ખેતર હતું, તે અને તેથી ઉગમણું **૬ વીઘાની** ગોંસાઈની જમીન હતી તે તેને ખરીદી આપી. તે બન્ને જમીનથી દક્ષિણાદિ દિશામાં એક મોટો ચોખંડો કૂવો વડતાલની સીમમાં હતો. તે પણ દાજીભાઈને આપી, તેને તૃપ્ત કર્યા હતા. પછી થોડા દિવસોમાં સમાચાર આપનાર બાવાજીના આખા કુટુંબને જોબન પગીએ સમાપ્ત કરી દીધું.

એકવાર બાકરોલના પટેલોએ પોતાને ત્યાં સારા પ્રસંગે જોબન પગીને બોલાવ્યા. જોબન પગી પાસે એક પરગંધીલી ઘોડી હતી. કોઈના પ્રસંગમાં જાય ત્યારે તે ઘોડી લઈને જતા. માલિક પર કોઈ પ્રકારનો દગો હોય તો તે ઘોડી ગંધથી પારખી જતી અને તરત સવાર માગતી. બાકરોલના પટેલોએ પોતાના પ્રસંગમાં બોલાવી જમણમાં ઝેર નાંખી જોબન પગીને મારી નાખવાનું કાવતરું કરેલું. તેથી ઘોડીએ તરત જ અસવાર માગ્યો. એટલે જોબન પગી ચાલુ પ્રસંગે જમ્યા વગર ત્યાંથી નીકળી ગયા. બીજે દિવસે તપાસ કરતા પટેલના કાવતરાની

ખબર પડી. તેથી તેના કુટુંબને પણ ભીલો દ્વારા જોબન પગીએ જેર(નાશ) કરાવી નાંખ્યું. જેમ **પોરબંદરના** બાવાએ મગ્નીરામને કહ્યું હતું કે, 'દેડકા ડાંભે શું થાય ? સ્વામિનારાયણ પાસેથી પૈસા લે તો ખરો..!' તેમ તે સમયે શ્રીજીમહારાજ બોચાસણ ગામ આવ્યા હતા. તેની બાકરોલના પટેલને જાણ હોવાથી એક પટેલે જોબન પગીને પડકાર ફેંક્યો કે, 'સ્વામિનારાયણની ઘોડી ચોર તો ખરો મર્દ, અમારા જેવા ગરીબને માર્યાથી શું થાય ?' જોબન પગીને આ શબ્દો લાગી આવ્યા. તે વડતાલ આવ્યા. એવામાં તેને સમાચાર મળ્યા કે બે દિવસ પછી સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં બાપુભાઈને ઘેર પધારવાના છે. આ બાજુ શ્રીહરિએ વિચાર કર્યો કે, **'આ લુંટારાને આ માર્ગેથી હવે મારે પાછો વાળવો હોય તો તેને હવે નબળા કામમાં સફળતા ન અપાય. કેમ જે, નબળા કામમાં વ્યક્તિને સફળતા મળે તો તે તેવાં કામ કરવા માટે વધુ ઉત્સાહિત બને છે.'** માટે પ્રભુએ તેને નિષ્ફળતા આપી પાછા વાળવાનો સંકલ્પ કર્યો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'પેટલાદ ભાંગ્યું તથા સાથીઓ પ્રત્યે વફાદારી કહી' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય-૧૬

જોબન પગી વડતાલમાં શ્રીહરિની ઘોડી ચોરવામાં નિષ્ફળ ગયા

ગામધણી બાપુભાઈના આમંત્રણને માન આપી શ્રીહરિ વડતાલ પધાર્યા છે તેની જાણ થતાં જ જોબન પગીએ મહારાજની ઘોડી ચોરવાનું મનમાં નક્કી કર્યું. નબળા કામમાં થયેલી સફળતાને કારણે તેને કોઈનો ભય હતો નહીં. મિથ્યા અભિમાન હતું.

ચોપાઈ :

મોટા મહિપતિના મો'લ ફાડે, લૂંટે વાટમાં ધોળે દહાડે;
સો સો ગાઉ સુધી જેનું નામ, જાણે રંક ને રાય તમામ.
પગી સુંદર શકરો ને દલો, ચારે ભાઈ વિષે સંપ ભલો;
સગાં-વાલાંનો જથો વિશેષ, તેથી કોઈથી નવ ડરે લેશ.
ભાઈ સુંદરને જ બોલાવી, પગી જોબને વાત સુણાવી.

જોબન કહે, 'સુંદર ! આ પાટીદાર બાપુભાઈને ઘેર એક બાવો ઘોડી લઈને આવ્યો છે; તે ઘોડી લઈ લેવી છે.' સુંદરજી કહે, 'અરે ભાઈ ! એ તો ચમત્કારી છે, બહુ તેજસ્વી છે. વળી, પાટીદારો તેને ભગવાન કહે છે. માટે ભાઈ ! સાધુ-બાવાને ન લૂંટીએ તો સારું.' આમ તો જોબન પગીને સાધુ-બાવાને ન લૂંટવાનો નિયમ હતો. પરંતુ પટેલે મેણું માર્યું છે તેથી પગીને વટ ચડેલો છે. તેથી પોતાની ખાનદાની ભૂલ્યો છે. જ્યારે માણસ વટે ચડે ત્યારે નિયમો ભૂલી જાય છે.

જોબન કહે, 'હા ! એને સહુ ભગવાન કહે છે; એટલે જ મારે એનું ભગવાનપણું તપાસવું છે અને ઘોડી ચોરવી છે.' સુંદરજી કહે, **'મોટાભાઈ ! એવા મોટા પુરુષને છંછેડાય નહીં. કેમ કે, આજ દિવસ સુધી ઈતિહાસમાં મોટા પુરુષની સાથે અથડાતાં કાંઈક સામાન્ય માણસો ચૂરેચૂરા થઈ ગયા છે. વૈકુંઠમાં ભગવાનના પાર્ષદો પણ સંત સાથે અથડાણા તો અસુર થઈ ગયા હતા.'**

મોટા પુરુષની છેડ ન કરિયે, એવાથી તો અંતર માંહી ડરિયે;
એમ કહીને સુંદરજી ગયો, પગી જોબન શાંત ન થયો.

જોબન પગીના અહંકારે તેના અંતરમાં તોફાન મચાવ્યું. તેના હૈયામાં શાંતિ ન રહી. અને બરોબર અર્ધી રાત્રે પોતાના ઘરથી ચાલ્યા. ને બાપુભાઈના ઘર તરફ ઘોડી ચોરવા આગળ વધ્યા. તેને ઘેર પહોંચી

પછી ધીમે રહી બાપુભાઈ ઉર્ફે કુબેરભાઈની ખડકી ઠપકારી. એવામાં તેમના મોટા દીકરા રાયજીભાઈ ઝબકીને જાગી ગયા અને હાથમાં તલવાર લઈને કૂદ્યા.

કુદ્યા લૈ હાથમાં તરવાર, ઝટ ઉઘાડિયું જઈ દ્વાર;
પગી જોબનને જોયો જ્યારે, કહે રાયજી ક્રોધથી ત્યારે.

રાયજી કહે, 'જોબનભાઈ ! આ અર્ધી રાત્રે શું છે ? તમે બહુ માથાભારે અને ઝાઝા માણસો છો એટલે અહીં ચોરી કરવા આવ્યા છોને ? પણ સાંભળી લો, અમે પણ ઝાઝા છીએ. આઠ ભાઈઓ છીએ.' જોબન કહે, 'મારે તમારા ભગવાનની પરીક્ષા લેવી છે.' રાયજી કહે, 'આ કામ તમે સારું કરતા નથી; સમજ્યા..! અમે તમારાથી બીતા નથી, અમે પણ બહુ મોટુ કુટુંબ છીએ. વધારે છંછેડશો તો લડાઈ થઈ જશે.'

ભાખે તે સમે જોબનભાઈ, જોવી છે પ્રભુની પ્રભુતાઈ;
તમે આજ કદી આડા ફરશો, બીજે ગામ જશે ત્યાં શું કરશો ?
કહી એવું પગી ઘેર ગયા, પછી રાયજી તો પોઢી રહ્યા;
ત્રણ દિવસ રહ્યા પ્રભુ ત્યાંય, થયા ચોથે દિ જમી વિદાય.

પણ જોબન પગી વિચારમાં ચડી ગયા. તેની જિંદગીમાં ચોરી કરવામાં નિષ્ફળતા મળી હોય તેવો આ પહેલો પ્રસંગ હતો. આ નિષ્ફળતાથી તેના હૈયામાં અતિ આઘાત લાગ્યો. પરંતુ તરત મનોમન નિશ્ચય કર્યો, 'ગમે ત્યારે સ્વામિનારાયણ ભગવાનની ઘોડી ચોરું તો હું જોબન વડતાલો ખરો.'

અડધી રાત્રે જોબન પોતાના ઘરે ચોરી કરવા આવ્યો. આ પ્રસંગથી બાપુભાઈના અંતરમાં અતિ ક્રોધ વ્યાપ્યો. તે વડોદરા ફરિયાદ કરવા જવા માટે તૈયાર થયા. ત્યારે શ્રીહરિએ તેમને સમજાવ્યા. જોબન પગી માટે તમે કશી કાર્યવાહી કરશો નહીં. હવે તેનું પરિવર્તન થવાની પળો પાકી ગઈ છે. બાપુભાઈ શ્રીજીમહારાજનાં વચનો સાંભળી જ રહ્યા.

તેમના હૃદયમાં પૂર્ણ શ્રદ્ધા હતી, તેથી શ્રીહરિના પ્રત્યેક શબ્દ પર તેઓ પૂર્ણ વિશ્વાસ રાખતા હતા. તેથી થોડીવાર મૌન રહ્યા.

પછી વળી શ્રીજીમહારાજે કહ્યું, 'બાપુભાઈ ! ધીરજ રાખો. આ જોબન પગી એક દિવસ અમારો ભક્ત બની જશે ! એટલું જ નહીં પરંતુ **'ભક્તરાજ'** બની અમારી તથા સંતો-ભક્તોની સેવા કરી તમારા ગામનું નામ આખાયે જગમાં પ્રખ્યાત કરશે..!'

શ્રીજીમહારાજના આ શબ્દો સાંભળી બાપુભાઈ ગદ્ગદ થઈ ગયા ને ચરણોમાં પડી પગે લાગ્યા અને કહ્યું, 'હે પ્રભુ ! તો તો અમારા ધન્યભાગ્ય કહેવાય. કેમ કે, અત્યારે તો આ જોબન પગીનાં કાળાં કૃત્યોને કારણે કોઈ અમારા ગામમાં સારા માણસો સગાં થતાં નથી. પરંતુ આપ બોલ્યા કે, આને કારણે વડતાલ વિશ્વમાં પ્રસિદ્ધ થશે, તે ક્યારેય મિથ્યા નહિ થાય એવો મને વિશ્વાસ છે.'

મહારાજે બાપુભાઈને આશીર્વાદ આપી ભવિષ્યવાણી ભાખતાં કહ્યું, 'બાપુભાઈ, હવેથી જોબન પગીનાં કુકર્મો નિષ્ફળ થતાં જશે અને સદ્કર્મો સફળ થતાં જશે. અમને એની ખબર છે ! **જોબન પગીને ઘોડી ચોરવામાં મળેલી આ નિષ્ફળતા જ તેને સદ્માર્ગે પ્રયાણ કરવાની શરૂઆત કરાવશે.** હવે તે કોઈ પણ ખરાબ કાર્ય કરશે તો દરેક કાર્યમાં તેને નિષ્ફળતા મળશે. તેથી તે દિનપ્રતિદિન અંતરમુખી બનશે.'

✵ હે ભગવાન ! ખોટા કામમાં અમને નિષ્ફળ કરજો :

હે વ્હાલા ભક્તો ! આપણે પણ ભગવાનને પ્રાર્થના કરવી કે, 'હે નાથ ! અમારા માટે પણ આપ એવો જ સંકલ્પ કરો કે અમારાથી જાણે-અજાણે ક્યારેય કોઈનું ખોટું કરવાની ઇચ્છા થાય તો તેને નિષ્ફળ કરજો. કોઈનું બગાડવાનું કે મફતમાં લૂંટી લેવાનું મન થાય તો તેમાં અમને નિષ્ફળતા જ આપજો અને સત્કાર્ય કરવામાં હંમેશાં સફળતા આપજો.

એટલી હે હરિ ! અમારા ઉપર દયા રાખજો.' એક લૂંટારા ઉપર આપે જો દયા કરી છે તો અમારા ઉપર દયા રાખશો જ એવો અમને ભરોસો છે.

એક વાત યાદ રાખો, ભગવાન સર્વ કરે છે, સર્વ કરાવે છે યા તો કરવા દે છે; એ ન્યાયે **આ દુનિયામાં જે કોઈ માણસ સફળ થયા છે તે પરમેશ્વરની ઈચ્છાથી જ સફળ થયા છે અને જે કોઈ નિષ્ફળ ગયા છે તે પણ ભગવાનની ઈચ્છાથી જ નિષ્ફળ ગયા છે. મનુષ્ય તો નિમિત્તમાત્ર છે.** અર્જુનજી મહાભારતનું યુદ્ધ ખેલ્યા. મોટા મોટા યોદ્ધાઓને માર્યા, તે ભગવાનનો સંકલ્પ હતો તેથી મર્યા. અર્જુન તો માત્ર નિમિત્ત હતા. આમ, **સર્વ જગતના કર્તાહર્તા માત્ર એક સર્વાવતારી શ્રીહરિ છે. આપણે બધા તો કઠપૂતળીની જેમ ખેલનારા છીએ. આમ ભગવાનનું કર્તૃત્વ સમજાઈ જાય તો તરત મોહમાયાનાં બંધનો છૂટી જાય, અંતરમાં શાંતિ થાય અને દિવ્ય આનંદનો અનુભવ થાય.** શ્રીહરિ બાપુભાઈને કહે છે, 'જોબન પગીને મળેલી નિષ્ફળતા જ સદ્‌માર્ગે ચાલવાની શરૂઆત કરાવશે.'

દોહા : **જીવનમાં કદિ નિષ્ફળતા, બને છે ભાગ્ય દ્વાર;**
નિષ્ફળતા આપી શ્રીહરિ, કરે છે 'જ્ઞાન' ઉદ્ધાર...૭૮

નિષ્ફળતાને જાણો મા, 'જ્ઞાન' નકામી સાવ;
નિષ્ફળતાથી ક્યારેક તો, મળે છે મોટો લ્હાવ...૭૯

નબળાં નકામ કામોમાં, સફળતા પામે જન;
જેમ સફળ થાય તેમ, 'જ્ઞાન' બગડે જીવન..૮૦

મેં એકવાર એક યુવાનને પૂછ્યું, 'તારા જીવનનો યાદગાર પ્રસંગ કહે.' ત્યારે તે કહે, 'મેં એકવાર મારા ઘરમાં મારા પપ્પાના ખિસ્સામાંથી જ રૂપિયા ચોર્યા અને તેની મારા પપ્પાને ખબર પડી. તેથી મને ખૂબ માર્યો. ત્યારથી મેં નિયમ લીધો કે હું જિંદગીમાં પણ ચોરી નહીં કરું.' આમ નિષ્ફળતા ઘણીવાર વ્યક્તિને સદ્‌માર્ગે વાળે છે. જે

રીઢો ગુનેગાર હોય તેને પાછા વળતા વાર લાગે. પરંતુ વધારે વાર નિષ્ફળતા મળે તો તે અવશ્ય ખરાબ કાર્ય કરવામાં હિંમત હારી જાય. આને જ ભગવાનની મોટી કૃપા સમજવી જોઈએ. પછી તે પાપમાર્ગેથી પાછો વળે અને દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર જેવાં કુકર્મો છોડી દે છે. માટે જીવનમાં દુષ્કર્મોમાં મળતી નિષ્ફળતાને પ્રભુની કૃપા જ સમજજો તો તે આપણું જીવન સુધારવામાં પૂરક બની રહેશે.

હરિ ધારે છે મનમાં, જેનું કરવા રૂડું 'જ્ઞાન';
નબળા કામે નિષ્ફળતા, આપી આપે છે ભાન...૮૧

કરવા જાતાં કામ ખોટું, જો નિષ્ફળ થવાય;
'જ્ઞાન' તે શ્રીહરિ કૃપાથી, પછી સુરસ્તે જવાય...૮૨

નબળા કામે નિષ્ફળતા, મળી હોય જેહ કાળ;
એવા સમયે સંત મળે, તો પલટે જીવ તત્કાળ...૮૩

શ્રીહરિ આ રીતે બાપુભાઈને સમજાવીને વડતાલથી જેતલપુર ગયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગી વડતાલમાં શ્રીહરિની ઘોડી ચોરવામાં નિષ્ફળ ગયા' એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય-૧૭

મુક્તાનંદસ્વામી દ્વારા વડતાલમાં સત્સંગનું પોષણ

જેતલપુરમાં એક દિવસ મહારાજે મુક્તાનંદસ્વામી વગેરે સંતોને કહ્યું, 'વડતાલમાં બહુ મુમુક્ષુઓ છે.' સંતો કહે, 'મહારાજ એ તો લુંટારાઓનું ગામ કહેવાય છે.' ત્યારે શ્રીહરિ કહે, 'ત્યાં ઘણા સારા જીવો પણ જન્મ્યા છે. માટે તમે સત્સંગ કરાવવા માટે વડતાલ જાવ.'

ચોપાઈ : **દૈવી જીવ ઘણાક છે ત્યાંય, તે તો આવશે સત્સંગમાંય;**
કેટલાક અમે સમજાવ્યા, તેથી સત્સંગમાં તેઓ આવ્યા.

તમે જૈને કરો ઉપદેશ, તેથી આવશે અન્ય વિશેષ;
અમદાવાદમાં અમે જાશું, પછી કચ્છને મારગે થાશું.

શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી મંડળ સાથે વડતાલ આવ્યા. કુબેરદાસભાઈ પટેલને ઘેર ઉતારો કર્યો. ત્યાં નારાયણગર બાવા નિત્ય કથા સાંભળવા આવતા. તેથી તેને સત્સંગનો રંગ લાગ્યો અને સ્વામી પાસે કંઠી બંધાવી સત્સંગી થયા. પછી એક દિવસ વિનંતી કરી, 'હે સ્વામી ! આપણે સાધુએ ગૃહસ્થના ઘરે રહેવું તે બહુ ફાવે નહીં. માટે જો તમને અનુકૂળ હોય તો માતાજીના મઠમાં આવો. ત્યાં હું એકાંત જગ્યા આપીશ. વળી, ત્યાં સત્સંગ થાય એવું મોટું ફળિયું છે. સત્સંગસભા સારી થશે. તેથી સહુને આનંદ આવશે.' ત્યારે સ્વામીએ હા કહી.

બીજે દિવસે વડેઉ માતાના મંદિરમાં સંતોએ ઉતારો કર્યો. સહુને ત્યાં ગમ્યું. સાંજે ત્યાં જ કથા-વાર્તા તથા કીર્તન-ભક્તિ કરી. માણસો સાંભળવા આવવા લાગ્યા. એક દિ' જોબન પગી પણ આવ્યા. સંતો ત્યારે રસોઈ બનાવતા હતા. થોડીવારે થાળ તૈયાર થયો એટલે ઠાકોરજીને થાળ ધરાવ્યો, સંતો જમ્યા. પછી મુક્તાનંદસ્વામીએ રાજી થઈને તે પ્રસાદી નારાયણગર બાવાને તથા જોબનને આપી. સંતોના હાથની નિર્ગુણ પ્રસાદી તે બંને જમ્યા. તેથી તેનાં હૃદય નિર્મળ થયાં. સદ્‌વિચારો આવ્યા.

દોહા : **પ્રસાદી મળતા સંતની, હૃદય થાય નિર્મળ;**
હરિ સંતના પ્રસાદથી, કંઈક તર્યા ભવજળ...૮૪

શ્રીહરિ અને સંતોના હાથની પ્રસાદી જમીને કાંઈક જીવો ભવજળ તરી ગયા છે. મોક્ષ પામ્યા છે. આવા ઈતિહાસમાં અનેક દાખલાઓ છે. પછી મુક્તાનંદસ્વામીએ સભા કરી. ઘણા માણસો સભામાં વાતો સાંભળવા આવ્યા. જોબન પગી પણ તે દિવસે કથા સાંભળવા બેઠા. પથ્થરને પણ પીગાળી નાખે એવી સ્વામીની વાતો સાંભળી અનેકના જીવનમાં અસર થઈ, તેથી તેઓની કસર ગઈ. ઘણા ભક્તો શ્રીહરિને

શરણે થયા. સ્વામીએ તે ભક્તોને વર્તમાન ધરાવ્યા. ત્યારે તે ભેળા જોબન પગીએ પણ સ્વામી પાસે વર્તમાન ધરાવી કંઠી બંધાવી.

જેને સત્સંગ થયો તેનાં નામ આ મુજબ છે : વાસણ સુતાર, દાદાભાઈ, પ્રભુદાસ, વ્રજલાલભાઈ, થોભણદાસ, વાલાભાઈ, ભાઈજી-ભાઈ, વસનભાઈ, રાયજીભાઈ, દાજીભાઈ, ગોર વનમાળી, જોબન પગી તથા તેમના ત્રણેય ભાઈ સુંદરજી, શકરાજી અને દલાજી વગેરે સત્સંગી થયા. તેમ જ બામરોલીના તખાપગી પણ સત્સંગી થયા. આમ જોબન પગીએ મુક્તાનંદસ્વામીને ગુરુ કર્યા; પણ તેમના પાપને તોડવા હજી મોટી સુરંગની જરૂર હતી. કેમ કે, બહુ ઝાઝાં પાપ કર્યાં હતાં તેથી તેને સદ્‌રસ્તે ચઢતા ઘણીવાર લાગે. પરંતુ સારા સંગની અસર તો જરૂર થઈ.

આવતા સારા સંગમાં, ધરી લીધા વર્તમાન;
પણ જોબનના પાપને, બાળી શકે ભગવાન...૮૫
ગુણ આવ્યો છે સંતનો, તે થયું મોટું કામ;
હવે એના જીવનમાં, પધારશે ઘનશ્યામ...૮૬

જ્યારે આપણા જીવનમાં મોટા સંતનો ગુણ આવે ત્યારે બહુ મોટું કામ થાય છે. ગમે એવા દોષો હોય છતાં મોટા સંતોનો ગુણ આવે, તેમની ક્રિયા ગમે, એમની વાત ગમે, એમની સાથે રહેવું ગમે, તેમનો સ્વભાવ ગમે ત્યાં જ આપણા જીવનમાં બહુ મોટું પરિવર્તન આવે છે. શ્રીહરિ ગ.પ્ર.૭૩માં કહે છે જે, **‘મોટાપુરુષને વિશે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થઈ જાય છે. અને જે મોટાપુરુષને વિશે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.’** આ બહુ સમજવા જેવું છે.

જોબન પગીને મુક્તાનંદસ્વામીનો ગુણ આવ્યો ત્યાં તેનું હૈયું નિર્મળ બની ગયું. માટે આપણે પણ સહુમાંથી ગુણ જ લેવા. કુસંગીનો પણ અવગુણ ન લેવો. કેમ જે, તે ભગવાન સંભારવામાં બહુ નડે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'મુક્તાનંદસ્વામી દ્વારા વડતાલના ભક્તોને સત્સંગનું પોષણ આપ્યું' એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય-૧૮

આપણું કર્તવ્ય તથા ડભાણ યજ્ઞના સમાચાર

આપણો આત્મા ભગવાનની મૂર્તિને બેસવાનું મંદિર છે, સિંહાસન છે. અંતરમાં શ્રીહરિની મૂર્તિને ધારી તેમાં ઓતપ્રોત બનીએ તો અનોખા આનંદની પ્રાપ્તિ થાય છે. તે ભગવાનના આનંદની આગળ અનંતકોટિ બ્રહ્માંડના વિષયસુખ તુચ્છ થઈ જાય છે. વચ.સા.૧માં કહેલા શ્રીહરિના શબ્દો મુજબ કહીએ તો, **ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં.**

તોલવાનો કાંટો લઈ એક પલ્લામાં અનંતકોટિ બ્રહ્માંડના ભોગ-સુખ મૂકીએ અને એક પલ્લામાં શ્રીહરિની મૂર્તિના એક રોમના કરોડમાં ભાગનું સુખ મૂકીએ તોપણ શ્રીજીમહારાજનું સુખ વધી જાય. આવા અલૌકિક આનંદની મૂર્તિ આપણા સહજાનંદ છે. અરે ! તે ભગવાનનું જે અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક-સુખ છે, તેને મોક્ષધર્મને વિશે નરકતુલ્ય કહ્યા છે. તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખ આગળ બધું નરક જેવું લાગે તેમાં શું કહેવું ?

એવો આનંદ મળે કોને ? તો જે ધૂન-કીર્તન કે કથા-વાર્તાના માધ્યમે મહારાજની મૂર્તિમાં ઓતપ્રોત બને તેને જ આ મોટો આનંદ મળે છે. માટે દિલને શ્રીહરિની મૂર્તિ સાથે એકાકાર કરવું. શ્રીહરિની માધુરી મૂર્તિના સ્વાદને લૂંટનારા વિરલા બનવું, હરપળ પ્રાણઆધાર

શ્રીહરિ સાથે જ સર્વ ઈન્દ્રિયોથી જોડાયેલા રહેવું, તો જોબન પગીની જેમ આપણું આખું જીવન બદલાઈ જશે, ધન્ય ધન્ય બની જશે. શ્રીહરિ આવો દિવ્ય આનંદ આપવા અને આપણી વાસના કાપવા જ અહીં પધાર્યા છે. માટે હરિવરને હેતભરેલા હૈયે પ્રાર્થના કરીએ.

દોહા : **સર્વોપરી પધારિયા, કરવા આપણું કાજ;**
પધારો ભલે ભલે તમે, પધાર્યા રાજાધિરાજ...૮૭

પુરુષોત્તમને પામિયા, આજ લાખો ભક્તજન;
ધન્ય ધન્ય આ કળિયુગમાં, મળિયા જગજીવન...૮૮

ઓળખ્યા જેણે અંતરે, ધાર્યા અંતરમાંય;
પ્રીત બાંધી દૃઢ એવી, હરિ વિન ન રહેવાય...૮૯

વૃત્તિયો રાખી હેતથી, નિજ પ્રભુજી માંય;
સુખના સાગર ઉછળ્યા, સર્વત્ર છલકતા જાય...૯૦

આવ્યો આનંદ મહોદધિ, ધરતિમાં મૂર્તિમંત;
કાંઈક ભરાડી ભક્ત કર્યા, કાંઈક રાજાને સંત...૯૧

પ્રતાપ એવો જણાવિયો, કળિયુગ કાઢ્યો દૂર;
સતયુગ પોતે સ્થાપિયો, આવ્યું મોક્ષનું પૂર...૯૨

આવા સર્વોપરી પુરુષોત્તમનારાયણ આ બ્રહ્માંડમાં પધારી કાંઈક ભરાડીને ભક્ત કર્યા. કળિયુગમાં સત્યુગ સ્થાપ્યો. અસંખ્યનાં મોક્ષનાં દ્વાર ખુલ્લાં કર્યાં. આવા સર્વાવતારી શ્રીહરિને ઓળખીએ અને એમાં પૂર્ણ પ્રીતિ બાંધીએ તો અંતરમાં અખંડ આનંદનો સાગર રેલાય. જેમ વરસાદ વરસે અને નદીઓમાં પૂર રેલાય તેમ શ્રીહરિએ આજે કરુણા કરી પોતાનાં સુખનાં-શાંતિનાં અને મોક્ષનાં પૂર રેલાવ્યાં છે. જોબન પગી જેવાને પાર ઉતાર્યા છે. કેવી રીતે તે સુધરી ગયા ? તે પ્રસંગ હવે આપણે વાંચીએ.

❋ ડભાણ યજ્ઞમાં લૂંટનું આયોજન :

એક દિવસ જોબન પગી વડતાલમાં પોતાના સાથીદારો સાથે અલક-મલકની વાતો કરતા હતા અને પોતાનાં પરાક્રમો સહુને કહેતા હતા. લૂંટવાના નવા પ્લાનો ઘડતા હતા. એવામાં મહિસાગરના કિનારે રહેનારો તેમનો બાતમીદાર લાખો વડગામો વગડામાંથી રૂડિયા રખ્ડુને સાથે લઈને બાતમી આપવા આવ્યો. તેણે ડાયરામાં બેઠેલા જોબન પગીને કહ્યું, 'એક ખૂબ સારા સમાચાર છે. શું છે લાખા ? ડભાણમાં સ્વામિનારાયણ મોટો જગન કરે છે. તેમાં દેશોદેશથી હજારો શેઠ-શાહુકારો આવવાના છે, એવી ખબર મળી છે. અને તેઓ તેના ભગવાન માટે અનેક પ્રકારનાં કિંમતી વસ્ત્ર-ઘરેણાંઓ લાવશે. મોટા રાજા-રજવાડા જેવો માહોલ સર્જાશે.'

ત્યાં તો જોબન પગી વચમાં જ બોલી ઉઠ્યા, 'લાખા ! તો તો કાઠિયાવાડના કાઠી દરબારો પણ આવશે. ખરુને !' 'હા હા બાપુ. એના ભગવાન જગન કરતા હોય અને એ લોકો લાભ લીધા વગર થોડા રહે ?' જોબન કહે, 'અલ્યા ! તો તો મારું કામ થઈ જાહે.' બાપુ ઈ વળી તમારું શું કામ ? 'અલ્યા બધા સાંભળો. મારા મનમાં એ બાવાની ઘોડી ચોરવાનો સંકલ્પ છે. ઈ કેવા ચમત્કારી છે ઈ મારે જાણવું છે ! બધા લોકો એને ભગવાન કહે છે. મારે એનું ભગવાનપણું જોઈ લેવું છે. અને વળી કાઠિયાવાડના કાઠિ દરબારો આવશે તો એ પણ ભારે કિંમતી ઘોડા લાવશે. એ તમે બધા ચોરજો. પણ મારે તો ઈ સ્વામિનારાયણની માણેકવર્ણી માણકી ઉપર નજર છે.' આ બધી વાતો સાંભળી બધા લૂંટ કરવાના ઉમંગથી આનંદમાં આવી ગયા.

અને તરત પોતાની લુટારુંમંડળી બોલાવી. તે બધા આવ્યા પછી સહુએ મળી લૂંટની મંત્રણા આદરી. એકબીજા પોતપોતાની બુદ્ધિ, ચાતુરી પ્રમાણે માંડ્યા વ્યૂહરચના ઘડવા.

લાખો કહે, 'પંદર દિવસનો જગન ચાલનારો છે; જો સાવધાન થઈને લૂંટફાટ કરશું તો ખૂબ માલ મળશે.' ત્યારે એક કહે, 'સાંભળો જોબન બાપા ! મેં વાત સાંભળી છે કે, સ્વામિનારાયણે આમાં ખૂબ બંદોબસ્ત કરેલો છે. અંગ્રેજ સરકારના સિપાઈઓ અને ઘોડાસરના રાજા જાલમસિંહ વગેરે અહીં આ યજ્ઞની ચોકી માટે આવેલા છે.'

તે સાંભળી જોબન કહે, 'વાત સાચી છે. જે ચોરવા જાઓ તે સાવધાન રહેજો. કોઈ પકડાઈ જાશો તો એની જવાબદારી મારી નહીં અને સાંભળો, મારે તો માત્ર સ્વામિનારાયણની માણકી ઘોડી ઉપર થાપો મારવો છે. કેમ કે, મારે તેમની પરીક્ષા કરવી છે. તમારે તો પોટલાં, દાગીના વગેરે જે લૂંટવું હોય તે લૂંટજો; પણ ત્યાં તમારા કહેવા પ્રમાણે ઘોડાસરના રાજા જાલમસિંહ દશ હજાર ભીલોને લઈ તીરકાંમઠા સાથે આવવાના છે. માટે કોઈ ત્યાં ધીંગાણું કરતા નહીં. પેટલાદ કે આણંદ જેવું અહીંયાં નથી. મારામારી થશે તો આપણા ઓછા થશે અને એનું ઉપરાણું હું નહિ લઈ શકું. માટે વેશપલટો કરી સહુ જાજો. હું પણ ગુપ્તવેશે લાગ આવે ત્યારે સ્વામિનારાયણની માણકી ચોરવા સમયસર આવી પહોંચીશ. જે માલ મળે તે મહિસાગરની કોતરોમાં આપણી ચાડીકાની જગ્યામાં પહોંચતો કરજો.'

આવી બધી ચર્ચા ચાલતી હતી એમાં જોબન પગીએ લાખા વડગામાને અને રૂડિયા રખડુંને આજ્ઞા કરી કે, 'અલ્યા તમે બંને જાવ. પશુ, પંખી મારીને હમાચો ભરીને લઈ આવો. આ ડાયરાને કાંઈક સારું તો ખવરાવવું પડશેને ! અને આજ તો શુભ સમાચાર આવ્યા છે માટે કાંઈક અનેરો જલસો કરીએ. માટે જલ્દી જઈ તમે જેટલા જડે એટલા પશુ, પક્ષીને જટ મારીને થેલા ભરી લાવો.'

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'આપણું કર્તવ્ય તથા ડભાણ યજ્ઞના સમાચાર કહ્યા' એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

અધ્યાય-૧૯

લાખા વડગામાએ નિજવૃત્તાંત કહ્યું

ત્યારે લાખા વડગામાએ કહ્યું, 'પણ જોબનબાપા ! હવે હું જીવડા નથી મારતો. મેં નિ'મ લીધું છે.' 'અલ્યા કાગડા ! તું કે દિ' ભગત થ્યો ? તું અને વળી નિયમ !' એમ હસતાં હસતાં જોબન પગીએ કહ્યું. ત્યારે લાખો વડગામો કહે કે, 'બાપુ ! આ તો એક દશકા પહેલાની વાત છે. ઈ... માથે ભૂરી જટાવાળા બાલુડા જોગી... ! આશરે સોળ-સત્તર વર્ષની ઉંમરના હશે.. આવા બાલુડા જોગીની મૂર્તિ મને એવી ને એવી સાંભરે છે હો...'

ત્યારે જોબન પગી કહે, 'અરે બહારવટિયા ! આ કઈ કથા આદરી તેં ? સાનામાના ઝટ તું ને રૂડિયો રખડું ઉપડો. આપડે વળી નિ'મ શેના ? નિયમ-ફિયમ નેવે મૂકો; જાવ ! પશુ, પંખી મારી આવો.' 'અરે ! જોબનબાપા મારી પૂરી વાત તો સાંભળો. આ નિયમ મેં મારી મેળે નથી લીધું. મને ઈ બાલુડા જોગીએ આપ્યું છે. માટે ઈ નિયમ તો મારાથી નથી તોડી શકાય તેમ.'

ત્યારે જોબન કહે, 'ઈ જોગી વળી તને ક્યાં ભટકાઈ ગ્યા ? જરાક વિસ્તારથી વાત તો કર.' એમ કહી અન્ય ભીલો સાથે રૂડિયાને શિકાર માટે મોકલ્યો. અને લાખાને પોતાની પાસે રાખ્યો. પછી તે કહે, 'તો સાંભળો જોબનબાપા અને બધો ડાયરો' એમ કહી લાખે બાલા જોગીની વાત આરંભી.

'આજથી ૧૦ વર્ષ પહેલાની વાત છે. એટલે સં.૧૮૫૫ની સાલ ચાલતી. ફાગણ મહિનો હતો. દુષ્કાળનું વર્ષ હતું. ત્યારે એક દિવસ મેં સાબર નદીના શિકોતરને આરે નાનાં-મોટાં માછલાં માર્યાં. તેની જોળી ભરી, કાંધમાં ભરાવી, હું ગામ ભણી જતો હતો, ત્યાં એક બાલુડો જોગી મળ્યો. હજુ મુંછનો દોરો ફૂટુ ફૂટુ થઈ રહ્યો હતો, સુકલકડી કાયા હતી. પાસે ખભામાં એક જોળી હતી. બીજું ઓઢવા, પાથરવાનું કોઈ લુગડું નો'તું. એક લંગોટી વાળી હતી. હાથમાં માળા ફેરવતો, માથે ભુરી બાબરી હતી. તે જોગી મને સામો મળ્યો. એને જોઈ હું તેનાથી ચીલો તરીને આઘો હાલ્યો, એટલે તેણે મને જોઈને પૂછ્યું કે, 'લાખા ! જોળીમાં શું છે ?' તે સાંભળી મારા મનમાં થયું કે, 'આને મારું નામ કેમ આવડે ? હું તો તેને દીઠેય ઓળખતો નથી.

મારે તે મહાત્માને શું જવાબ દેવો ?' એમ વિચાર કરું છું. ત્યાં તો તે ફરીને બોલ્યા કે, 'કેમ લાખા..! તારી જોળીમાં માછલા છેને ?' મેં કહ્યું, 'હા બાપજી ! માછલા માર્યા છે.' સાંભળી તે કહે, 'તારા એક પેટ સારુ તેં કેટલાનાં પેટ ફોડ્યા ? આ પાપથી ક્યારે છૂટીશ ? કોળી તો શુદ્રમાં શ્રેષ્ઠ ગણાય.

✵ લાખા કોળીને ઉપદેશ અને કૃપા :

કોળી તો કૈક ભક્ત થયા છે, તેના દિલમાં વિશેષ દયા છે;
કેમ આટલાં મત્સ તેં માર્યાં ? ક્યાં તું છુટિશ કર્મ તે તારાં ?

આવા માર્યા તેં જીવ અનેક, લેશે વેર તે પ્રાણી પ્રત્યેક;
અકરાકેર તેં કેમ કીધો ? ડર ઈશ્વરનો તજી દીધો.

પ્રભુ પૂછશે તુજને જ્યારે, તું શો ઉત્તર આપીશ ત્યારે ?
સૌને માથે નકી મરવાનું, નથી આંહીં સદા ઠરવાનું.

એવા એના તીર જેવા વેણ સાંભળી મારા નેણ ભીના થઈ ગયા. કઠણ કાળજું થરથર કંપ્યું. અને મેં હાથ જોડી કહ્યું, હે જોગીરાય !

આજ દેશમાં છે દુષ્કાળ, અન્ન મોંઘું છે દીનદયાળ;
તેથી કર્મ હું આવું કરું છું, જેમ તેમ આ પેટ ભરું છું.

કહો હું આ પાપથી કેમ છૂટું ? આપ જેમ કહો એમ કરું. પણ મા-બાપ મારું સારું કરો. ત્યારે તે બાલાજોગી મને કહે કે, 'લાખા ! જે કોઈ અન્નનો આહાર કરે છે તેને ઈશ્વર અન્ન જરૂર પુરું પાડે છે. જુઓને ! કોઈ વાણિયા, બ્રાહ્મણ ભૂખે મરે છે ? માટે મજુરી કર, ખેતી કર કે નોકરી કર પણ પાપ કરીશ નહીં. જો પાપ કરીશ તો તે તને મરવા ટાણે આડા આવશે, સુખી નહીં થા, પાપ કરીને પેટ ન ભરાય.'

આટલું સાંભળતાં હું મુંઝાણો હાથ જોડીને બોલ્યો કે, 'બાવાજી ! હવે આટલા બધા માછલાં માર્યા તેનું મારે શું કરવું ?' તે કહે પાછો હાલ નદી કાંઠે. અમે બંને નદી કાંઠે ગયા. નદીકાંઠે તેણે જોળી છોડાવી જોયું, તો તેમાં કોઈ માછલા વેંત વેંતનાં, તો કોઈ મોટાં - નાનાં હજારો માછલા મરેલા હતા. તેના સામું જોઈ બાલાજોગીએ નદીમાંથી પાણીની અંજલિ ભરી છાંટી. ત્યાં તો, તે બધાય માછલા જીવતા થઈ પાણીમાં ફટોફટ ઉછળી ઉછળીને પડવા મંડ્યાં. આવું પરભુ વિના કોણ દેખાડે ?

આ જોઈને હું તો આભો બની ગયો. પછી મેં કહ્યું કે, બાપજી, દિ' આથમવા આવ્યો છે માટે પાછા વળો ને મારે ઘેર વડગામમાં રાત રીયો. આગળ રસ્તો વસમો છે. અહીં પૂર્વમાંથી મહી નદી અને ઉત્તરમાંથી સાભ્રમતિ આવે છે. તે બંને અહીં સમુદ્રમાં ભળે છે. તેથી અહીંથી જવાનો રસ્તો નથી મળતો.

ત્યારે તે કહે કે, 'મારે ઉતાવળ છે, મારે હમણા જ સાંમે કાંઠે જાવું છે. મેં કહ્યું કે, બાપજી ! દરિયાની વેળ સામી ચઢતી આવે છે, ગાઉ અરધામાં પાણી સમથળ વાંસજાળ છે. વળી સામે કાંઠે 'જાળ' નામના વૃક્ષની જાડી છે. તેમાં મોટા વાઘ રહે છે. ને વળી અત્યારે

દિવસ આથમે છે. ને આગળ ધોલેરા સુધી ઉજ્જડ છે. માટે બાપું રોકાઈ જાવ, પાછા વળો.' તો તે કહે કે, પાછો નહિ વળું, પણ તું આજથી જીવડા નહિ મારવાનું નિયમ લઈને મારે પગે પાણી મેલ. મને તેનો ભરોસો થાતા મેં નદીમાંથી પાણીની અંજલી ભરી તેને પગે મેલ્યું ને કીધું કે, 'બાપજી ! આજથી હું હવે જીવડા નહિ મારું.'

તે સાંભળી તે રાજી થયા ને મને આશિષ દીધા કે, તું ભૂખે નહીં મરે. તને અન્ન, વસ્ત્ર પ્રભુ દઈ રે'શે. જા, આ શિકોતેરના મંદિરમાં ઉગમણે ખૂણે થોડુંક ખોદજે. ત્યાં માટલામાંથી જાર મળશે. રોજ જોઈએ એટલી લઈ જાજે. એમાંથી દળી ખાજો. વેચી મસાલા લેજો ને કાળ ઉતરજો. બીજા ગરીબ ગુરબાને પણ દેજે. પણ જોજે આ વાત બીજા કોઈને કહીશ નહીં. એમ કહીને જોગી ચાલતા થયા. ત્યારે મેં કહ્યું, 'અરે મારા પરભુ ! બસ તમે તો હાલ્યા. આગળ ઊંડી નદી ને વાઘ છે. પરભુ પાછા વળો. મારે ઘરે રાત રહો. મારો ગરીબનો રોટલો જમો.'

ત્યારે જોગી કહે, 'અમે નદીથી નથી ડરતા. અમે કંઈક મોટી નદી ઊતરીને આવ્યા છીએ અને વાઘ શું, કોઈ પણ હિંસક પ્રાણીની અમને બીક નથી. અમે ઘોર જંગલમાં એમની ભેળા જ સાત વર્ષથી ફરીએ છીએ. અમે નદી કેમ ઊતરીએ છીએ એ તમારે જોવું છે ? તો જુઓ.' એમ કહ્યું. ત્યારે હું શિકોતેરને આરે ઊભો હતો.

ત્યાં તો ભરતી આવી હતી ભારી, તિથી પુનમની હતી સારી,
રવિ આથમ્યો પશ્ચિમ પાસે, થયો ચંદ્રનો ઉદય આકાશે.
ઘણા ઘૂઘવે નદિઓના નિર, છૂટે ધીરજવાનની ધીર.

જોર જોરથી મોજા આવતા હતા. જાણે કે બાવાજીના પગ પખાળવા ઉતાવળા ન થયા હોય ! દેડકા ને તમરા ચારેકોર બોલતા હતા. પાણીમાં મગરો ઉછળતી હતી. એવા તો કોણ હિંમતવાળા હોય કે આવે ટાણે જઈ શકે. ઓહોહો...

❋ લાખા વડગામાએ વર્ણીરાજની વાત કહી :

જોબનબાપા ! આજ એ વાતનો દશકો થયો છે પણ તે બાવોજી મારી નજરે તરે છે. પછી બાલાજોગી કહે કે, 'લાખા ! હવે તું મારી સામું જોઈ રાખજે, સામે કાંઠે જઈને આ ધોળું ગરણું છે તે વીંઝીશ એટલે જાણજે કે, સામે કાંઠે પહોંચી ગયા.' એમ કહીને તે તો પાણીમાં ચાલવા લાગ્યા. પણ જોબનબાપા ! હું શું કહું એ તો કમાનમાંથી જેમ તીર જાયને, તેમ તે પાણીમાં ચાલતા થયા. તેના કાંડા સુધી પગ પાણીમાં બુડતા જોયા ને આપણે જેમ છબછબિયા પાણીમાં ચાલીએ તેમ તે ચાલી સામે કાંઠે પહોંચી ગયા. અને તેમણે ધોળું લૂગડું વીંઝ્યું. તે મેં નજરોનજર જોયું. ને પછી તે અલોપ થઈ ગયા. એ જોઈ મારાથી બોલાઈ ગયું, 'અરે રે...હાથમાંથી પરભુ ગીયા.' ઉપરની વાત સાંભળી જોબન કહે કે, 'લાખા, તેમ થયું હોય તો તે પરભુ ખરા.' લાખો કહે, 'મા સિકોતરીના સમ ખાઈને આ વાત કરું છું. એમાં એક વેણ ખોટું નથી. પણ મને અડધી નદીએ ગયા ત્યારે મગજમાં થ્યું કે, આ તો ભગવાન હાથમાંથી ગયા. હવે શું કરુ ? ગ્યા ઈ ગ્યા.

બાપા ! દશ વર્ષથી મારી આંખ્યું એને ગોતે છે. ક્યાંય એના દેખા થાતા નથી. એનો મેળાપ મને કોઈ કરાવી દેને તો મારું સર્વસ્વ એને ચરણે ધરી દઉં હો... ! જોબનબાપા ! એ તો ખરેખર પરભુ હતા. બસ ઈ મોટા પુરુષે મને નિયમ આપ્યું છે તે દિવસથી હું કોઈ જીવને મારતો નથી. આપ કાંઈ ખોટું નો લગાડતા. અને પછી મેં શિકોતેર માતાના મંદિરમાં જઈને જોગીના કહેવા પ્રમાણે ઉગમણા ખૂણામાં થોડી ધૂડ આઘી કરી ત્યાં એક માટલું નીકળ્યું. એનું ઢાંકણું લઈ અંદર જોયું તો સુંદર જુવાર જોઈ. પછી હું એમાંથી કાઢી જોળી ભરી ઘરે લઈ ગયો. એમાંથી વેચીને ઘી, ગોળ, મીઠું, મરચું વગેરે મસાલા લીધા. અને બાકીની દળીને રોટલા કર્યા. આ રીતે કાયમ ખૂટે એટલે ત્યાંથી

જુવાર કાઢી જાતો. અમે આખું કુટુંબ એમાંથી જ ગુજરાન ચલાવતા. અને કેટલાય બીજા ગરીબને પણ એમાંથી મેં મદદ કરેલી. આમ, ઈ જોગીએ અમને વગર પાપે ને વગર મહેનતે કાળ ઊતરાવ્યો.

પણ ઈ જોગીએ ચોખ્ખી ના પાડી હતી એટલે મેં કોઈને વાત નો'તી કરી. જેવો કાળ વિત્યો કે તરત જ ત્યાં માટલી કે જુવાર કાંઈ દેખાણું નહીં. બોલો જોબનબાપા ! આ પરભુ ખરા કે નહીં ?' 'હા લાખા હા. પરભુ ખરા હો... પણ તને ને મને ઈ હવે ક્યાં મળે ? મનેય એક એવા જોગી મળ્યા'તા હો... એનેય લગભગ ૧૦ વર્ષ થયા છે. કદાચ એ જ તને મળ્યા હોય કે બીજા ? પરભુ જાણે. પણ હવે એને ક્યાં મળાય ?'

આમ ડાયરામાં વાત ચાલતી હતી ત્યાં રૂડિયો રખડું અને બીજા ભીલો ઘણાય પશુ, પક્ષીને મારીને હમાચા ભરીને ત્યાં આવ્યા. પછી ભેળામળીને બધાએ જલસો કર્યો. ઉપર દારુ ઢીંચ્યો. આવી હતી આ જોબન પગીની મંડળી. પછી વ્યવસ્થિત આયોજન કરી તેઓ સર્વે ડભાણ યજ્ઞમાં ચોરી કરવા માટે પહોંચ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'લાખા વડગામાએ નીજવૃત્તાંત કહ્યું' એ નામે ઓગણીશમો અધ્યાય થયો. ॥૧૯॥

અધ્યાય-૨૦

ડભાણ યજ્ઞમાં જોબન પગીનું પરિવર્તન

આ બાજુ શ્રીહરિ ડભાણમાં યજ્ઞ કરી રહ્યા છે. તે યજ્ઞ વિશ્વમાં જોટો ન મળે એવો ભવ્ય મોટો થઈ રહ્યો હતો. રોજે હજારો મણ ઘીના લાડુ બ્રાહ્મણો જમે છે. સેંકડો મણ ઘીની આહુતિઓ યજ્ઞનારાયણને

અપાય છે. સર્વત્ર માનવ મહેરામણ ઊમટ્યો છે. આ યજ્ઞમાં જ શ્રીહરિએ પોષ સુદ બીજને દિવસ બદરિકાશ્રમથી આવેલા શતાનંદસ્વામીને દીક્ષા આપી. વળી અનેકને સમાધિઓ કરાવે છે. અનેક પ્રકારે પ્રતાપ દેખાડે છે. તેથી સહુના હૈયે ખૂબ આનંદ છે. શ્રીહરિ નિત્ય નવા શણગાર સજે છે, સહુને દર્શન આપે છે. આ રીતે પાંચ-છ દિવસ જતાં જોબન પગી શ્રીહરિની માણકી ચોરવા માટે છૂપા વેશે આવ્યા.

ગામ બહાર યજ્ઞશાળા હતી. તેથી દક્ષિણમાં ઘોડાઓને બાંધવાની ઘોડશાળ હતી. તેમાં પ્રથમના જ ખીલે શ્રીજીમહારાજની સવારીની માણકી ઘોડી બંધાતી. તે પછી કાઠી દરબારોના જાતવાન ઘોડા બંધાતા. તે ઘોડશાળ પાછળ આંબાઓનું આંબાવાડિયું હતું. તેમાં એક મોટો બે થડિયાવાળો ઘેઘુર પાંદડાથી ઘેરાયેલો આંબો હતો. જે ડભાણિયા આંબા નામે ઓળખાતો હતો. એ આંબાની ઘાટી છાંયામાં જોબન પગી વેશપલટો કરી રાત્રે સંતાયા અને બાજુના આંબાઓમાં તેના ભાઈઓ સંતાયા. બરાબર અરધી રાત થઈ ત્યારે ઘોડશાળમાં જઈ ઘોડા ચોરવાનો વિચાર કર્યો. જ્યાં ઘોડશાળમાં પ્રવેશ કરવા જાય છે ત્યાં ભગવાન સ્વામિનારાયણની તેજસ્વી મૂર્તિ તેના જોવામાં આવી.

અને એવા દર્શન થયા કે, શ્રીજી પોતાની વ્હાલી માણકી ઘોડીના બરડા માથે હાથ ફેરવી નીરણ પગેથી સંકોરે છે. તેથી જોબન એકદમ દૂર જઈ સંતાઈ ગયો. અને ફરીને એક કલાક પછી પાછો ત્યાં આવ્યો. ત્યાં શ્રીજી માણકી ઘોડીને ખરેરો કરે છે. એ જોઈ વળી દૂર જઈ છૂપાયો. ને પછી મનમાં વિચાર થયો કે શું આટલી મોડી રાત્રે સ્વામિનારાયણ સુતા નથી ? ને ખરેખર અહીંયા આવ્યા હશે ! માટે એને ઉતારે જઈ તપાસ કરી આવું. એમ વિચારી લુકાંજન આંજી (લુકાંજન નામનું અંજન થાય છે તે આંજવાથી તેને કોઈ જોઈ શકે નહીં પણ પોતે બધું જુએ) શ્રીજીમહારાજ જ્યાં પોઢ્યા હતા ત્યાં આવીને ખાતરી કરી તો

શ્રીજી પલંગ ઉપર માથે વસ્ત્ર ઓઢી ભર નિદ્રામાં આરામ કરે છે. અને ઢોલણીની બંને બાજુ બે પાળાઓ ચોકી કરતા. તે અંગરક્ષકો હથિયારબંધ જાગૃત બેઠા છે. આ જોયું. એટલે જોબન પગી ત્યાંથી તરત પાછા વળી ઉતાવળે પગે ઘોડશાળમાં આવ્યા. ને જ્યાં માણકી નજીક આવે છે ત્યાં શ્રીજીમહારાજ માણકી ઘોડીને જોગાણનો તોબરો ચડાવે છે. (પાવરામાં દાણા ભરી પાવરો મોઢે બાંધી ખવરાવે તે) આ રીતે જોબન પગીએ સાત વખત માણકી ચોરવાનો પ્રયાસ કર્યો. સાતેય વખત ઘોડી પાસે આવે ને પાછા સંતાય જાય. ત્યાં સવાર થઈ ગયું.

✵ જોબન પગીને ઘોડે ઘોડે હરિદર્શન :

બીજે દિવસે પણ તેમ જ દર્શન થયા. અને બે દિવસ અને બે રાતથી તેઓ ક્યાંય નિરાંત કરીને બેઠા નહીં. છતાં મહારાજની માણકી તો શું પરંતુ એક પણ ઘોડી તેના હાથમાં ન આવી. તેથી તેના અંતરમાં અફસોસ સાથે ઉચાટ વધવા લાગ્યા. ધારી ધાડ પાડનાર, રજવાડામાંયે રાડ મચાવનાર અને આજ સુધી ક્યાંય નિષ્ફળ ન ગયેલા જોબન પગી વિચારે ચડી ગયા. આ શું ?? પરંતુ જો હું આજે ઘોડી લીધા વિના પાછો જાવ તો માની કૂખ લાજે, હું માને પેટ પાણો પાક્યો ગણાવ.

આમ વિચારી પછી તો ત્રીજે દિવસે તેમણે જબરો મરણિયો પ્રયાસ કર્યો. અને વળી વિચાર્યું કે, 'માણકી નહીં તો બીજા ઘોડામાંથી બે-ચાર ઘોડા તો છોડી જ લેવા છે.' એમ નક્કી કરી અરધી રાત્રે ચારેય ભાઈઓ આંબાવાડિયામાંથી ઘોડશાળમાં આવ્યા. ત્યાં તો ચારેય જણાને શ્રીજીમહારાજના ઘોડે ઘોડે દર્શન થયા.

નિષ્કુળાનંદસ્વામી ભ.ચિં.પ્ર.૫૯માં લખે છે.

સામેરી : **લાખો લોકો ભેળા થયા, નીરખવા નયણે નાથ,**
તેમાં નર તસ્કરા, આવ્યા'તા નાખવા હાથ.

જોયા સરવે સંઘને, ખબડદાર દીઠા ખરા,
પછી અશ્વ ઉપરે, આવી તાંકિયા તસ્કરા.
ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા, નયણે નિદ્રા નવ કરી,
આવીને જુએ અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દિઠ્યા હરિ.

જ્યારે જોબન પગી પોતાના ચારેય ભાઈઓની સાથે ઘોડા ચોરવા ગયા ત્યારે દરેક ઘોડે શ્રીજીમહારાજ જુદી જુદી ચેષ્ટાઓ કરી રહ્યા હતા. શ્રીહરિ કોઈ ઘોડાને ખરેરો કરે તો કોઈને માલિશ કરે છે, કોઈને જોગાણ માટે મુખે પાવરો ચડાવે તો કોઈને પાણી પાય છે, કોઈ ઘોડાને ચારો નાંખે છે તો કોઈને બરડે હાથ ફેરવે છે, કોઈ ઘોડાને કેશવાળી સરખી કરે છે તો કોઈને વહાલ કરી પંપાળે છે.

આ રીતે જુદા જુદા વેશમાં શ્રીહરિ અદ્‌ભુત કાંતિથી શોભી રહ્યા હતા. શ્રીહરિનાં આવાં અલૌકિક દર્શન થતાં જોબનનું મન વિભ્રાંત થઈ ગયું. તે આંખો ચોળવા લાગ્યો. આ શું ?! સ્વામિનારાયણ ઘોડે ઘોડે દર્શન દે છે તે સત્ય છે કે સ્વપ્ન છે ?? પછી કોઈ ન ભાળે તેમ ત્યાંથી તે નીકળી ગયા. યજ્ઞશાળામાં જઈને જોયું તો ત્યાં પણ શ્રીહરિનાં દર્શન થયાં. પછી સભામંડપમાં જઈને જોયું તો ત્યાં પણ શ્રીહરિ અમુક સંતો-ભક્તો સાથે રાત્રીએ વાતો કરતા હતા. ત્યાંથી રસોડામાં જઈને જોયું તો ત્યાં રસોઈયાઓને કામ ચીંધતા હતા. સંઘના ઉતારે આવીને જોયું તો શ્રીહરિ સહુ ભક્તોને સમાચાર પૂછતા હતા અને કહેતા હતા કે ‘કેમ ઉતારા સરખા મળ્યા છેને..?’

ચોપાઈ : **પૂછે સંઘમાં કુશળક્ષેમ, બોધ સભામાં આપે છે એમ;**
જોતું કરતું પૂછે રસોડે, ઘૃત હોમે છે બ્રાહ્મણ જોડે.

આમ સર્વત્ર મહારાજનાં દર્શન થયાં. જેમ કૃષ્ણ ભગવાને ગોપીઓને રાસ રમાડી ત્યારે એક ગોપી ને એક કાન; એમ અનેક રૂપ લીધાં હતાં, એ જ રીતે મહારાજે જોબનને ઘોડે ઘોડે દર્શન આપ્યાં.

એટલું જ નહીં એના સાગરીતો હતા તેને પણ જ્યાં પોટલું લેવા જાય ત્યાં પ્રભુનાં દર્શન થાય. શ્રીહરિ ખોખારો ખાય અથવા મંદમંદ હસે. આવો મહારાજનો પૌઢ પ્રતાપ જોઈ તેમનો ગર્વ ગળી ગયો. જોબન પગી, તેમના ભાઈ સુંદરજી વગેરે તથા સાથીદારો અચંબો પામી ગયા.

સુંદરજી કહે, "મોટા ભાઈ ! જ્યારે તમે બાપુભાઈને ઘેર ઘોડી ચોરવા ગયા ત્યારે મેં કહ્યું હતું કે, **'આ મનુષ્ય નથી પરમેશ્વર છે.'** માટે તેને છંછેડાય નહીં. હજી કહું છું 'જ્યાંથી ગુના છૂટવાના હોય ત્યાં આપણે ગુના કરીએ છીએ; પરંતુ ઝાઝું ડા'પણ ડોળવું સારું નથી.' હવે ચોરીનું કામ બંધ કરીએ અને સવારે સ્વામિનારાયણના પગમાં પડીએ તો સારું." આ વાત સાંભળી જોબન પગીના હૃદયનો પલટો થયો. સર્વત્ર શ્રીજીમહારાજનાં દર્શનથી બધી ભ્રાંતિ ટળી ગઈ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'ડભાણ યજ્ઞમાં જોબન પગીનું પરિવર્તન થયું' એ નામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

અધ્યાય-૨૧

જોબન પગીએ શ્રીહરિનું શરણું સ્વીકાર્યું

વિ.સં.૧૮૬૬, પોષ સુદ-૧૦ને દિવસે સવારે જોબન પગી તેના ભાઈઓ સાથે સભામાં આવ્યા. મહારાજે હેતથી બોલાવ્યા અને કહ્યું, 'બહુ ઉજાગરા કર્યા; છતાં એકેય ઘોડું ન ચોરાણું ? અમારી પાસે માગ્યું હોત તો અમે વગર ઉજાગરે ઘોડું આપી દેત. માટે ચોરી ન કરો તો સારું.' આ વાત સાંભળી જોબનના અંતરમાં ઝબકારો થયો. શ્રીહરિ થોડીવાર તેની સામું અમીદષ્ટિથી જોઈ રહ્યા. પછી લાડુ મંગાવ્યા. ભગુજી જલ્દી લાડુ લાવ્યા. શ્રીહરિએ માન આપી તેમને જમાડ્યા.

ચોપાઈ : **મહાપ્રભુ છે કેવા ઉદાર, ચોર ચોરનો જે સરદાર;**
લાડુ આપી કર્યું બહુ માન, એવો કોણ બીજો ભગવાન.
એવો કોણ છે ક્ષમાનિધાન, અપરાધીને આપે જે માન;
એનું શરણ જે ન સ્વીકારે, તેને વેદ પુરાણ ધિક્કારે.

શ્રીહરિએ જોબન પગીના ચોરી કરવાના ઘાટ કહ્યા તથા શ્રીહરિની કરુણા જોઈ તેને અંતરમાં ખૂબ પસ્તાવો થયો. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. ઊભા થઈ તે દંડવત કરવા લાગ્યા.

શ્રીહરિ સં.૧૮૫૫માં વર્ણિવેશે મળ્યા હતા ત્યારે ચેતવણી આપી હતી. સ્વામિનારાયણ ભગવાનનું નામ તેણે સાંભળ્યું હતું વળી મુક્તાનંદસ્વામીએ પણ કંઠી બાંધેલી. પરંતુ આજ પોતાના અપરાધોનો સ્વીકાર કર્યો. **વ્યક્તિ જ્યારે પોતાની ભૂલો કે દોષોનો સ્વીકાર કરે ત્યારે જ તેનું પરિવર્તન થાય છે.** અનેકને રડાવનારો જોબન પગી આજ શ્રીહરિના ચરણોમાં પડી ચોધાર આંસુએ રડી પડ્યો. નીતરતાં નેત્રે પ્રાર્થના કરતાં કહ્યું,

ઉપજાતિ :

હે નાથ છો સમર્થ સર્વ વ્યાપ, જોઈ લીધો મેં નજરે પ્રતાપ;
હતો મને સંશય સ્વલ્પ જેહ, ટળી ગયો તર્ક તમામ તેહ.
જાણ્યા હતા અન્ય મનુષ્ય જેવા, તેથી કર્યું અશ્વ ઉઠાવી લેવા;
ઈચ્છ્યો હતો આપ તણી પરીક્ષા, મળી ગઈ સદ્ય સમગ્ર શિક્ષા.
કર્યું કસોટી કરવા કુકર્મ, જાણી લીધો પ્રૌઢ પ્રતાપ પર્મ;
દેવો કરે વંદન મોક્ષ કાજે, એનો કર્યો મેં અપરાધ આજે.

હે ભગવાન ! મેં અપાર કુકર્મો કર્યા છે. બહુ લૂંટફાંટ કરી છે. મેં કેટલાયનાં મોત કર્યાં છે. ગણી ન શકાય એટલા બધા પાપ કર્યા છે. એવો હું અપાર પાપી છું. પરંતુ હે શરણાગતવત્સલ ! આજ હું

પાપનો પહાડ આપને શરણે આવ્યો છું. મને ક્ષમા કરો... ક્ષમા કરો... તમારા વિના મારો કોઈ તારણહાર નથી. આપ અધમઉદ્ધારક છો, અશરણશરણ છો. સર્વનું કારણ છો. સર્વના સાચા માતા-પિતા છો. હું બગડેલું તમારું બાળક છું. છોરું કછોરું થાય પણ માવતર કુમાવતર ન થાય. એ ન્યાયે મારી રક્ષા કરો. મેં બહુ મોટી ભૂલ કરી છે. જ્યાંથી ગુના છૂટવાના હોય ત્યાં મેં ગુના કર્યા છે. મારા અપરાધો માફ થાય એવા તો નથી જ. છતાં લળી લળી પગે પડી વિનંતી કરું છું, મારા અપરાધો માફ કરો. હે નાથ ! દયા કરીને મને ઉગારો.

જે જે જને શર્ણ લીધું સ્વીકારી, તે કોઈની કર્ણી નથી વિચારી;
આપ્યું અભેદાન બિરુદ ધારી, એવું ગણી નાથ લિયો ઉદ્ધારી.
એમ જોબને પાપ પોકારી, શુદ્ધ ભાવેથી સ્તુતિ ઉચ્ચારી;
સુણી રાજી થયા ભગવાન, લૂંટારાને આપ્યાં વ્રતમાન.

જોબન પગીએ પોતાના ગુના સ્વીકાર્યા. પાપનો પશ્ચાતાપ કર્યો તેથી શ્રીહરિ રાજી થયા. તેમને શરણે લીધા. પછી શ્રીહરિએ બ્રહ્મચારી પાસે પાણી મંગાવ્યું. અને જોબનના હાથમાં પાણી આપ્યું ત્યારે વળી જોબનને એવા વિચારો આવ્યા કે, અરેરે ! હું મહાપાપનો પહાડ છું. અને આ સ્વામિનારાયણ મને વર્તમાન ધરાવશે તો એમની પણ આબરુ ઓછી થશે. કેમ જે, મારા જેવા કાળપ ભરેલાને જે પડખે રાખે એય કાળા તો ચિતરાય જ. એમ વિચારી જોબન પગી કહે કે, ‘ રહેવા દ્યો પરભુ રહેવા દ્યો. મને તમારો ભગત કરવાનું રહેવા દ્યો. મને વર્તમાન ધરાવીને સત્સંગી કરવો રહેવા દ્યો. કારણ કે મેં એટલાં બધાં પાપ કર્યા છે કે સૂર્યનારાયણના તેજને ઝાંખુ કરી નાંખે એવું આપના મુખનું તેજ છે, આપના સત્સંગની આબરુ છે, તે મને વર્તમાન ધરાવી મારું પાપ લેશો, મને તમારા ભેળો ગણશો તો તમારા મુખનું તેજ, સત્સંગની શોભા નાશ પામશે.’

❋ શ્રીહરિની સર્વોપરીતા :

આવું જોબન પગીનું વચન સાંભળીને શ્રીહરિ કહે કે, **'પગી ! તમારું પાપ મારે શી ગણતીમાં છે ? હું અનંતકોટિ બ્રહ્માંડનું પાપ લઉં તોપણ મારા મુખનું તેજ ઝાંખું પડે નહિ. મારા સ્થાપેલા સત્સંગને ઉની આંચ આવે નહીં.** મારે તો તમે ભલે ગમે એટલા કાળા હો તોપણ ધોઈને ધોળા કરવા છે. મારે શરણે આવ્યા એટલે મારી ફરજ થઈ ગઈ કે મારે તમને તમામ પાપથી, સંતાપથી, ભયથી ઉગારવા જ જોઈએ. મારે મારા સત્સંગની કે મારી આબરુની ચિંતા ન કરવી જોઈએ. મારે તમારું જ ભલું વિચારવું જોઈએ.' એમ કહી તેને વર્તમાન ધરાવી કંઠી પેરાવી સત્સંગી કર્યા.

ગુણાતીતાનંદસ્વામી કહેતાં કે, 'કાળા પથ્થરની શિલા ઉપર તે પાપ નાખ્યાં હોય તો શિલા તૂટી જાય એવા તે પાપીને પણ શ્રીહરિએ ભગત કર્યો. આ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા છે.' પછી શ્રીહરિ કહે, 'હવે પંચવર્તમાન પાળજો; દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર તજવા તથા વટલવું-વટલાવવું નહીં - આ નિયમ રાખજો.' જુગાર રમવો નહિ વગેરે સત્સંગીના બીજા ધર્મ પણ સમજાવ્યા.

ત્યારે જોબને હાથ જોડીને કહ્યું કે, 'હે મહારાજ ! હે નોંધારાના આધાર ! અનંતકોટિ બ્રહ્માંડના ધણી શ્રીહરિ ! આજથી હું એ નિયમને તો શિરસાટે પાળીશ, પણ એકવાર કૃપા કરી આ લુંટારાનું ઘર પાવન કરો. વડતાલમાં પગલાં કરો. મારે આંગણે સભા કરો. આ તપોમૂર્તિ, બ્રહ્મની મૂર્તિ એવા સંતો સાથે પધારી અમારે આંગણે ઉત્સવ કરો.' શ્રીહરિએ તેમની મનોભાવનાને સ્વીકારી અને કહ્યું, 'જોબન પગી ! ચિંતા ન કરો, અમે તમારે ત્યાં ચોક્કસ આવશું.' આવું વરદાન આપ્યું. આમ જોબન પગી, શકરો પગી, સુંદર પગી, દલો પગી વગેરે ચારેય ભાઈઓ શ્રીજીમહારાજના આશ્રિત થયા.

ક્યારેક મહારાજ સભામાં કહેતા કે, 'જોબન પગીના પાપ લેવાનો કોઈ સંકલ્પ કરે તો તે બળીને રાખ થઈ જાય એટલા બધાં તેના પાપ હતા. આવા પાપવાળા ચાર જણ હતા : તેમાં પહેલા જોબન પગી, બીજો સગરામ વાઘરી, ત્રીજો મુંજોસુરુ અને ચોથા નાગપાલવરુ. આ ચાર પાપના પર્વત હતા. તેમને વર્તમાન ધરાવી કંઠી પહેરાવીને અમે અમારા સત્સંગી કર્યા છે. અને એના સર્વે પાપ હર્યા. અને એવા પાવન કર્યા કે તેઓ પ્રાતઃસ્મરણીય બની ગયા. હવે આ ચારેય જણ અમારું પ્રત્યક્ષનું ભજન કરે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીએ શ્રીજીનું શરણું સ્વીકાર્યું' એ નામે એકવીશમો અધ્યાય થયો. ॥૨૧॥

અધ્યાય-૨૨

લાખો કોળી તથા નારાયણગિરિ બાવા સત્સંગી થયા

જોબન પગીને શરણે લીધા બાદ શ્રીજીમહારાજે સભા સામું જોયું, ત્યાં તો લાખા વડગામાને જોયો. તેથી કહે, **'કેમ લાખા ! કાંઈ ઓળખાણ પડે છે ?'** ત્યારે લાખાને દશ વર્ષ પહેલા આ જ રીતે 'લાખા ! જોળીમાં શું છે ?' એમ લાખા સંબોધન, એ જ અવાજ, એ જ મીઠાશ મગજમાં સચેત થયા કે, ત્યારે પણ આ જ રીતે અચાનક જ એ અજાણ્યા જોગીએ અંતર્યામીપણે મારું નામ જાણી મને સંબોધન કર્યું હતું. આ એ જ હશે ! પણ એ તો બાલાજોગી હતા ! અને આ તો ... આમ જ્યાં વિચારે છે, ત્યાં ફરીવાર શ્રીહરિએ કહ્યું, 'કેમ લાખા ! કાંઈ ઓળખાણ ન પડી ?' ત્યારે લાખો કહે, 'ક્યાંક જોયા હોય એવું તો લાગે છે. ક્યાંક તમારો અવાજ જાણીતો છે.'

'હે લાખા ! **માછલાં સજીવન કરી પાણીમાં નખાવ્યા હતા અને પૃથ્વીની જેમ પાણી ઉપર ચાલ્યા હતા, એ જ અમે છીએ.'** મહારાજની આ વાત સાંભળતાં જ લાખા કોળીની અંતરઆંખ ઊઘડી ગઈ. એને બધી સ્મૃતિ તાજી થઈ ગઈ. રાજાધિરાજ શ્રીહરિ અને વર્ણીરૂપ શ્રીહરિની આંખ્યો, મુખાકૃતિ અને આકૃતિ એક જણાણા. અને તરત જ 'અહોહોહો...! ગયેલા ભગવાન આજ પાછા મળ્યા. જોબનબાપા ! આ એ જ મૂર્તિ છે હો...! કે, જે મૂર્તિ પાણી ઉપર ચાલી હતી. આજ મને પ્રભુ મળી ગયા.'

એમ કહેતા ઊભો થઈને પ્રગટ પ્રભુના પગે બાઝી પડ્યો. પાઘડી પગમાં મૂકી રડતા નેત્રે બોલ્યો, 'હે નાથ ! તમે કૃપા કરીને દસ વર્ષે મારી સંભાળ લીધી. આજ હું ધન્યભાગ્યશાળી થઈ ગયો. અહો..! તે દા'ડાનો મારે તમને જમાડવાનો ભાવ હૈયામાં પડ્યો છે. મારું કાંઈક અંગીકાર કરો. મારા ઉપર દયા કરો.'

આમ વાત કરી ત્યારે શ્રીહરિએ નેત્ર દ્વારા અનુમતિ આપી એટલે તરત જ ગામમાં જઈ બશેર બરફી દુકાનેથી લઈ દોડતો આવ્યો. શ્રીહરિને અર્પણ કરી કહ્યું, 'જોગીબાપા ! મારા ગના માફ કરો. મારું કલ્યાણ કરો. આપે કહ્યું તે દિવસથી મેં હિંસા બંધ કરી છે. પણ હે જોગીબાપા ! આ જોબનબાપાના કહેવાથી ચોરી કરતો હતો પણ હવે તો આજથી ચોરી વગેરે કુકર્મો પણ છોડી દઉં છું. માટે મનેય કંઠી બાંધી તમારો ભગત બનાવો.'

ત્યારે શ્રીહરિએ તેને પણ વર્તમાન ધરાવી, નિયમ આપી સત્સંગી કર્યો. આ વૃત્તાંત જોઈને જોબન પગી તથા ત્યાં બેઠેલી આખી સભા આશ્ચર્યસાથે અશ્રુભીની આંખે શ્રીહરિની કરુણાભીની મૂર્તિને જોઈ રહી હતી. સહુના અંતરમાં ક્યાંય આનંદ સમાતો ન હતો. આમ શ્રીહરિએ

ચરોતરમાં જોબન પગી, લાખા કોળી વગેરે ચોર, ડાકુઓને ભગત કર્યા, એ આખા પરગણામાં મોટો પરચો તે વખતે ગણાયો હતો. આ કાર્યથી હજારોનાં હૈયામાં શાંતિ અને સુખ થયું હતું. વડોદરા સરકાર તથા એના સુબાઓના મનમાં પણ સ્વામિનારાયણ ભગવાન પ્રતિ ભારે ભાવ જાગ્યો હતો. પછી સભા પૂરી થતા શ્રીજીમહારાજ પોતાના ઉતારે ગયા. સહુ સભાજનો પણ પોતપોતાને ઉતારે ગયા.

❋ બહારવટિયાના મિત્ર બાવા નારાયણગિરિને સત્સંગ

ડભાણના વિશ્વપ્રસિદ્ધ મહાયજ્ઞમાં અનેક ગામોથી લાખો નરનારીઓ દર્શનાર્થે નિત્ય આવતા હતા. તેઓ દર્શન કરી આ બધો અલૌકિક માહોલ જાણી-માણી પરત પોતાને ગામ જતા ત્યારે જ્યાં જાય ત્યાં અને પોતાના ગામમાં આ મહાયજ્ઞના સૌની આગળ મુક્તકંઠે વખાણ કરતા હતા.

વડતાલથી પણ બાપુભાઈ વગેરે હરિભક્તસમાજ તથા વડતાલ ગામના અનેક માણસો આ મહાયજ્ઞના દર્શને ડભાણ આવેલા. તેઓ પણ યથાનુકૂળ સમય ત્યાં રોકાઈ પરત જતા પોતાને ગામ અનેકને આ યજ્ઞની ખૂબ પ્રશંસા કરી અને જાણ કરતા હતા કે, 'એકવાર તો દર્શન કરવા જવું જ જોઈએ.' આવા બધા સમાચારોથી આકર્ષાઈને ઘણા બધા શ્રદ્ધાળુ, બીનશ્રદ્ધાળુ, જીજ્ઞાસુ, મુમુક્ષુ તથા કેટલાક તો હારેહારે આ યજ્ઞના દર્શને ઉમટ્યા હતા. એ જ રીતે જોબન પગીના લંગોટિયા મિત્ર બાવા નારાણગિરિ વગેરે પણ વડતાલથી ડભાણ મહાયજ્ઞના દર્શને આવ્યા.

ત્યાં તેમને જોબન પગી વગેરે મળ્યા. તેઓ નવા સત્સંગી થયા હતા, તે જાણ્યું. વાતચીતમાં જોબન પગીએ નારાણગિરિ બાવાને પોતે સત્સંગ સ્વીકારી સ્વામિનારાયણને શરણે થયા એ બધી વાત કરી.

આ વાત સાંભળીને બાવા નારાણગિરિને અતિ આશ્ચર્ય થયું. તેણે કહ્યું, 'તમે પણ સ્વામિનારાયણની ઈન્દ્રજાળમાં ફસાઈ ગયા !' ત્યારે જોબન પગી કહે, 'બાવાજી ! એ તો પ્રગટ પરભુ છે. અંતરજામી નારાયણ છે, નહીં તો હું જોબન વડતાલો કોઈને નમી દઉં ખરો ?' એમ કહી પોતાને જે પરચો થયેલો તે વાત તેમણે વિસ્તારથી કહી બતાવી. નારાયણગિરિને જોબન પગીનો પૂરેપૂરો વિશ્વાસ હતો. બંનેના ખોળિયા જુદાં પણ જીવ એક હતો. એટલે તેને તે વાત તરત સાચી મનાણી.

પછી કહે, 'તો જોબનભાઈ ! મને પણ તે પરભુનો ભેટો કરાવોને ! મુક્તાનંદસ્વામી તે દિવસે આપણને સાચું કહેતા કે, આજ ધરતી પર મનુષ્યાકારે મોરાર વિચરે છે. પણ તે'દિ આપણને મનાણું નહીં. માટે ચાલો આપણે હવે ફરી પરભુ પાસે જઈએ.અને જો તે સાક્ષાત્ પરભુ જ છે તો તેને આપણે આંગણે પધરાવ્યા વિના હવે જાવા ન દેવાય હો..!' ત્યાં તો લાખો વડગામો બોલ્યો, 'સાચું કહો છો હો નારાણગિરિ બાવા ! એમને આપણે ઘરે પધરાવીને જમાડવા જોઈએ. ઈ તો મારેય મનસુબો છે.'

એટલે બાવાજી કહે, 'તું પણ ભગત થયો કે શું ?' ત્યારે જોબન પગી કહે, 'તે દિ' ડાયરામાં જે બાલુડા જોગીની આ વાત કરતો હતો એ જ તેને પાછા ૧૦ વર્ષે ભેટ્યા. પરગટ પ્રભુને ઓળખીને લાખે પણ મનખો સુધારી લીધો છે અને હવે બાવા તમારો વારો છે.'

જોબન પગીની તે વાત સાંભળી નારાયણગિરિજી તરત તૈયાર થયા. અને જોબન પગી વગેરે સાથે મળી શ્રીહરિને મળવા માટે ચાલ્યા. ચાલતા વચમાં નારાયણગિરિજી બોલ્યા જે, હું આ મારી ગોદડી બગલમાં સંતાડીને માથે લુગડું ઓઢીને ત્યાં પાસે બેસીશ અને તે ગોદડી જો મારી પાસેથી તે સ્વામિનારાયણ તાણી લઈને પોતે માથે ઓઢી લે, તો જાણું જે સ્વામિનારાયણ ભગવાન ખરા ! પછી વર્તમાન લઈ સત્સંગી થાવ. હે

જોબન પગી ! માત્ર તમારી વાતે કરીને હું સત્સંગી નહીં થાવ. તમે જેમ પરચો માગ્યો અને તમને પરચો આપ્યો, બહારવટિયાને બહારવટિયા જેવો આપ્યો તો મને મારા જોગો સ્વામિનારાયણ પરચો આપે તો જ મારે સત્સંગી થાવું છે. અને જો સ્વામિનારાયણ મને આવો પરચો આપે તો એને આપણે ઘેરે તેડ્યા વગર રહેવું નથી. રોઈ કરગરીને પણ સંતે સહિત એમને આપણે ગામ લાવી આપણે આંગણે ઝાઝું રોકવા છે અને પૂરો લાભ લઈ મનખો સફળ કરવો છે.'

ત્યારે જોબન પગી કહે, 'બાવા તમારોય મનોરથ પ્રગટ પ્રભુ પૂરો કરશે. ઝટ હાલો બાપા.' એમ વાતો કરતાં કરતાં શ્રીહરિજી પાસે પહોંચ્યા ત્યારે સભામાં શ્રીજીમહારાજ બેઠા હતા. જ્યાં તે લોકો તેમની પાસે પહોંચ્યા ત્યાં જ શ્રીહરિ તેમને જોતાવેંત બોલ્યા જે, "આવો નારાયણગિરિજી ! આંહિ આવો." ત્યારે તે શ્રીજીમહારાજ પાસે જઈ પગે લાગીને બેઠા અને બોલ્યા જે, 'અમને તો આ જોબન પગીએ બધી વાત કરીને આંહી સુધી પુગાડ્યા છે, તેથી આપના દર્શન થયા.'

ત્યારે મહારાજ કહે, "ભલે આવ્યા... અહીં સભામાં બેસો." ત્યારે તે સભામાં લુગડું ઓઢીને જ બેઠા. ત્યારે શ્રીજીમહારાજ ઊઠ્યા અને નારાયણગિરિજી પાસે જઈને તેની કાંખમાંથી ગોદડી તાણી લીધી અને પોતે ઓઢીને પાછા પોતાને સ્થાને બેઠા. ત્યારે નારાયણગિરિજીએ તો પોક મૂકી, જોરજોરથી રડવા લાગ્યા. ત્યારે શ્રીહરિ કહે, "અરે બાવાજી ! આમ રુદન કેમ કરવા લાગ્યા ? અમે તમારા સંકલ્પ પૂરા કર્યા છતાં કેમ રડો છો ?" ત્યારે તે કહે, "આ બધાય સાધુઓને લઈને જો અમારે ઘેર પંદર દિવસ રહો તો હું રોતો છાનો રહું." ત્યારે શ્રીહરિ કહે, "ભલે બાવાજી ! અમે જરૂર આવશું."

ત્યારે નારાણગિરિએ કહ્યું, "હે મારા પ્રગટ પરભુ ! અમારે ગામ સત્સંગ કરાવવા માટે આપે મુક્તાનંદસ્વામીને મોકલ્યા હતા ત્યારે એણે

અમને તમારો પ્રગટ પ્રભુપણાનો નિશ્ચય કરાવવા ઘણી વાત કરી હતી, પણ હું બાવો ને આ બહારવટિયો એકેય ગળેલા નહીં. પાછા અમે સૌની હારે ભગતવેડા તો કરતા જ. અને કંઠી પણ સ્વામી પાસે સૌની હારે હોરેહોરે બંધાવી લીધી હતી, પણ અંદર તો એકેયને કાંઈ ઉતરેલું નહીં હો ! હા... ! અમારા જેવા ઘણાય આમ સત્સંગી કહેવાતા તો હશે જ ! પણ હે પરભુ ! આજથી મને તમારો પાકો નિશ્ચય થઈ ગયો છે માટે તમારે હાથે મને વર્તમાન ધરાવી કંઠી પેરાવો અને તમારો આશ્રિત બનાવો. હવે તમારી આજ્ઞા એ જ મારું જીવન હશે. તમને ગમતું જીવન જીવવા આજથી હું તમારી સાથે પ્રતિજ્ઞાબદ્ધ થાવ છું." આ વાત સાંભળી શ્રીજીમહારજ બહુ રાજી થયા અને હસતા હસતા બોલ્યા, 'બ્રહ્મચારી ! બાવા સારુ પાણી લાવો.' તરત બ્રહ્મચારી પાણી લાવ્યા. બાવાજીના જમણા હાથમાં જળ મૂકી શ્રીહરિએ વર્તમાનરૂપ નિયમ ધરાવ્યા. પ્રભુજીએ પોતાને હાથે કંઠી પેરાવી પોતાને શરણે વાસ આપ્યો.

ત્યારે નારાણગિરિ બોલ્યા, "હે મહારાજ ! અમે તો શિવના ઉપાસક હતા તે હવે તમારા ભક્ત થયા માટે તમારી મોટાઈ અમને સારી રીતે સમજાય અને તમારા નિશ્ચયમાં ડગમગાટ ન થાય એવી કૃપા કરજો."

આ રીતે જોબન પગીના લંગોટિયા મિત્ર નારાયણગિરિ વગેરે ઘણા તેમના સાથીદારો સત્સંગી થયા. પછી જોબન પગી કહે, 'મહારાજ ! આ બાવાજીને સત્સંગ થયો તે બહુ સારું થયું. કેમ જે, તે તો ઘણાને સત્સંગ કરાવશે.' ત્યારે મહારાજ કહે, 'પગી ! આ નારાયણગિરિ તો અમને પામવા માટે બે-ત્રણ જનમથી દાન, પુણ્ય કરે છે. નારાયણગિરિ તથા તમે સહુએ મુક્તાનંદસ્વામીને ગુરુ માન્યા છે. માટે હવે સહુ તે સંતો કહે તેમ કરજો.'

✵ વાલમને વડતાલ પધારવાનું આમંત્રણ :

પછી જોબન પગી વગેરે ફરીથી હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા, 'હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. માટે અમારા અપરાધ સામું જોશો મા અને કૃપા કરીને અમારે ઘેર પધારજો.' ત્યારે મહારાજ બોલ્યા કે, 'હે જોબન પગી ! તમે તો અમારા છો અને તમારે ઘેર આવ્યા વિના અમારે છૂટકો નથી; તમને અમે પ્રથમ વચન આપ્યું છે, પણ હમણાં તમે અમારી પાસે રહો ને સર્વે સંઘની ચોકી કરો.'

જોબન પગી હાથ જોડીને બોલ્યા જે, 'સારું મહારાજ.' પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું કે, 'હે મહારાજ ! આ જોબન પગીને તમે ક્યારે વચન આપ્યું હતું ? તે તો આજ જ તમારે દર્શને આવ્યા છે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'જ્યારે અમે વનવિચરણ કરતાં કરતાં વડતાલના તળાવ ઉપર આવ્યા ત્યારે જોબન પગીએ અમને દેખ્યા હતા ને અમારા પગમાં પડ્યા હતા. અમને કહ્યું હતું કે, 'હે મહારાજ, તમે અહીં રહો. હું તમને એક ઓરડી બનાવી આપું અને જેમ તમે કહેશો એમ હું કરીશ.' ત્યારે અમે તેમને ના પાડી. એટલે જોબન પગી કહે, 'હે મહારાજ ! મને તમારો ચેલો કરો ને તમારી સાથે તેડી જાઓ.' તે વખતે અમે એમને વચન આપ્યું કે, 'અમે તીર્થ કરીને પાછા તમારે ઘેર આવીને રહીશું.'

પછી મહારાજ કહે, 'કેમ જોબન પગી, અમે જોગીરૂપે તમારે ત્યાં આવ્યા હતા ? એ વાત તમને સાંભરે છે ?' ત્યારે જોબન પગીની આંખમાં આંસુ આવી ગયાં અને બોલ્યા કે, 'હા મહારાજ ! હું તે દિવસનો તમારી વાટ જોતો હતો પણ હવે મેં તમને ઓળખ્યા.'

પૂર્વછાયો : જજ્ઞ કર્યો જે ડભાણમાં, જમ્યા દ્વિજ હજારો હજાર;
સર્વત્ર વાત પ્રસિદ્ધ થૈ, થયો જગમાં જયજયકાર.

આ રીતે શ્રીહરિએ અનંત જીવોના કલ્યાણ માટે મહાયજ્ઞ કર્યો. તેથી સર્વત્ર શ્રીહરિનો જયજયકાર થયો. આ યજ્ઞમાં રાજા-પ્રજાને માન્ય સાચા સિદ્ધ ને મહાજોગી એવા, મૂળ ગામ ઠીકરિયાના અને રણું ગામમાં સ્થાયી થયેલા પ્રભાતગિરિ બાવાને પણ એમના ગોદડી આદિના સંકલ્પો પૂરા કરીને શ્રીહરિએ પોતાના આશ્રિત કર્યા હતા.

સં.૧૮૬૬, પોષ સુદ પૂનમે યજ્ઞ પૂરો થયો. અને વળી આ ડભાણના મહાયજ્ઞમાં જ પૂર્ણાહુતિને દિવસે શ્રીહરિએ ભાદરાના મૂળ શર્માને સાધુદીક્ષા આપી હતી એ જ ગુણાતીતાનંદસ્વામી તરીકે પ્રસિદ્ધ થયા. પછી સહુ ભક્તો શ્રીહરિ પાસે રજા લઈ પોતપોતાનાં ગામે જવા રવાના થયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'લાખો કોળી તથા નારાયણગિરિ બાવા સત્સંગી થયા' એ નામે બાવીશમો અધ્યાય થયો. ॥૨૨॥

અધ્યાય-૨૩

જોબન પગીનો સંશય ટાળવા બીજારૂપે દર્શન

ડભાણમાં યજ્ઞ પૂરો થયો તે સમે જોબન પગી, નારાણગિરિ, બાપુભાઈ પટેલ, રણછોડદાસ, વાસણ સુતાર ને તખો પગી વગેરે શ્રીજીમહારાજ પાસે રજા લેવા માટે આવ્યા.

આ ભક્તોએ હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું, 'હે નાથ ! કૃપા કરી વડતાલ જલદી પધારજો.' મહારાજ કહે, 'તમે જાઓ, અમે આવીએ છીએ.' તેથી તે સહુ વડતાલના રસ્તે ચાલવા લાગ્યા. પરંતુ જ્યારે વડતાલ તરફ જતા હતા ત્યારે વળી રસ્તામાં જોબન પગીનું મન ડગ્યું અને તેને વિચારો આવવા લાગ્યા :

ચોપાઈ : જતાં વાટમાં જોબનભાઈ, ઘણા ઘાટ ઘડે મનમાંઈ;
મારી મેડીની બારિયે શ્યામ, બેઠા દેખું જઈ મુજ ગામ.
તો હું અત્યંત આનંદ પામી, જાણું એહને અંતરજામી;

શ્રીહરિએ ઘોડીએ ઘોડીએ દર્શન આપ્યાં, વર્તમાન ધરાવ્યા છતાં તેના મનમાં એમ થયું કે, હું વડતાલ પહોંચું અને મારી મેડીની બારીએ મહારાજ બેઠા હોય એવાં દર્શન થાય તો સ્વામિનારાયણ ભગવાન સાચા. આ મારો છેલ્લો સંકલ્પ છે. જો શ્રીહરિ પૂર્ણ કરશે તો જિંદગીભર તેમનો ગુલામ બનીને રહીશ. પ્રભુનું પારખું લેનારા જોબનને એકવાર વિશેષ દૃઢતા માટે પારખું લેવાનું મન થયું. મનોમન નક્કી કર્યું પછી ઘોડા દોડવતાં વડતાલ પહોંચ્યા.

જ્યાં પોતાની શેરીમાં ગયા ત્યાં સામે તેમની મેડીની બારીએ અનંત ભુવનના નાથ શ્રીહરિ બેઠા હતા. પ્રભુજીનાં દર્શન થતાં જોબન પગીના રોમરોમમાં આનંદનો સાગર રેલાયો; રુવાંડાં ખડાં થઈ ગયાં. 'ડભાણમાં શ્રીહરિ છે એ સાચું કે આ શ્રીહરિ બેઠા છે તે સાચું ?' 'શું આ સ્વપ્ન છે ? કે મારી મતિનો કોઈ ભ્રમ છે ?' ત્યાં તો પોતાને તરત વિચાર આવ્યો કે, 'મેં રસ્તામાં જે સંકલ્પ કર્યો તે મારા પ્રભુએ પૂરો કર્યો.' તેથી આંખમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. કંઠ ગદ્‌ગદ થઈ ગયો. નીતરતાં નેત્રે શ્રીહરિ સામું જોઈ રહ્યા. ત્યાં મહારાજ ધીર ગંભીર અવાજે કહે, 'જોબન ! વહેલા નીકળ્યા છતાં મોડા કેમ આવ્યા ?' શ્રીહરિના આ શબ્દ સાંભળી જોબન પગીને અતિ આનંદ થયો. મહારાજને વંદન કરી કહ્યું,

વા'લાજી કરો છો ભલી વિધ, નિજજનના મનોરથ સિદ્ધ;
જેવું મેં ચિત્ત ચિંતવન કીધું, તેવું દર્શન મુજને દીધું.

પછી બારીએ બિરાજેલા મહારાજને જોઈને ઘોડે બેઠેલા જોબન પગીનો મન મોરલિયો નાચવા લાગ્યો. તેના જીવમાં હા પડી ગઈ કે, 'જે કોઈ પરમતત્ત્વ કહેવાય છે, અંતિમ સત્ય કહેવાય છે, શાસ્ત્રો જેને પરમેશ્વર પુરુષોત્તમનારાયણ કહે છે, સંતો જેને સર્વોપરી ભગવાન કહે છે, તે જ આ સ્વામિનારાયણરૂપે પ્રગટ છે.' પછી ઘોડેથી ઠેકડો મારી નીચે ઊતર્યા. તેમના બીજા ભાઈઓ તથા સાથીદારો પણ ત્યાં આવ્યા. બજારમાં મહારાજને દંડવત્ કર્યા અને આનંદમાં આવી નાચવા લાગ્યા. તે જોઈ ગામના અનેક લોકો ત્યાં આવ્યા. લોકોએ પૂછ્યું 'આ શું છે?' ત્યારે જોબન પગી કહે, 'તમને આ ન સમજાય એવું છે. મારા વહાલાએ મારો મનોરથ પૂરો કર્યો છે. આ મારી બારીએ બહુનામી બેઠા છે. માટે દર્શન કરી લો આજ ટાણું છે.' એમ કહી તેઓ નાચી-કૂદીને ગાવા લાગ્યા.

કીર્તન : ઢાળ - તેરી સાંવરી સુરત છટાદાર

મારી બારીએ બેઠા છો બળવંત,
ધન્ય દિન આજ મારે;
મને પ્રગટ મળ્યા છો ભગવંત,
કે જમડા જખ મારે...ટેક.

ધન્ય હરિ મારો, પૂર્યો કોડ મારો;
બારીએ દીધાં દર્શન...કે જમડા૦ ૧

વાત કહું ખરી, ક્યાંથી મળે હરિ;
કોણ જાણે શુંયે ફળ્યું પુન્ય...કે જમડા૦ ૨

કરી બહુ કૃપા, શ્રીજી તમોએ;
તાર્યો આવો પાપી જોબન...કે જમડા૦ ૩

ધન્ય ધન્ય જોબન, ધન્ય ધામ વડતાલ;
ગુણ ગાય જ્ઞાનજીવન...કે જમડા૦ ૪

શ્રીજીમહારાજ જોબન પગીની મેડીએ બેઠા હતા અને જોબન પગી વગેરે ભક્તો નીચે બજારમાં નાચતા હતા. તે જોઈને ગામના લોકોને અતિ આશ્ચર્ય થયું. સહુ ટોળે-ટોળાં મળીને ત્યાં ભેગા થઈ ગયા. તે સમયે જોબન પગીની પત્ની તેજબાએ નીજપુત્રીઓને કહ્યું કે, 'બેટા સૂરજ ! બેટા રળિયાત ! બહાર જુઓ તો ખરા, આ અવાજ શેનો થાય છે ? અને આતા શું કરે છે ? અને લોકો શું કામ ભેગા થયા છે ?' તેથી તે બંને દીકરીઓએ બહાર આવીને જોયું અને ઘરમાં આવી પોતાની માતાને કહે, 'બા, એક બાવો બારીએ બેઠો છે અને આતા તેની આગળ નીચે બજારમાં પોતાના સાથીદારો સાથે નાચે છે. અને ગામ આખું આ બધું જોવા ભેળું થયું છે.'

✵ એ તો આપણા તારણહાર છે :

ત્યારે જોબન પગીના માતુશ્રી વખતબા બોલ્યાં, **'એ બાવો નથી. એ તો પ્રગટ ભગવાન છે. આપણા તારણહાર છે. તે જ આપણા સહુનો ઉદ્ધાર કરશે.'** આમ પગી પરિવારમાં વખતબા પ્રથમથી જ મહાન ભક્ત હતાં. તેથી તેઓ તરત શ્રીહરિને ઓળખી ગયાં. પગી પરિવારની તમામ મહિલાઓમાં સત્સંગના સંસ્કાર રેડનારા અતિ બળિયા અને પવિત્ર જો કોઈ હોય તો તે જોબન પગીનાં માતા વખતબા હતાં. એમના રૂડા સંસ્કારોને કારણે જ જોબન પગીની આ બંને દીકરીઓએ પરણ્યા પતિનો ત્યાગ કરી, બ્રહ્મચર્ય પાળી, સાંખ્યયોગી બની આજીવન શ્રીહરિનું ભજન કર્યું હતું. આવા તે મહાન મુક્તાત્મા હતા.

જોબન પગી નીચે નાચતા હતા તે જોઈ મહારાજ કહે, 'પગી, મને ક્યાં સુધી બારીમાં બેસાડી રાખશો ? ઉપર તો આવો.' તેથી જોબન પગીએ વિચાર કર્યો કે, 'વાત સાચી છે.' તેથી પટારામાંથી ગાદલા વગેરે કઢાવી નીચે પથરાવ્યા અને પોતે મેડી ઉપર મહારાજ પાસે ગયા ત્યાં તો શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા હતા. તેથી મહાઆશ્ચર્ય થયું. પછી

સુંદર પગીને ઉપર બોલાવ્યા અને કહ્યું, 'મહારાજ ક્યાં ગયા ? અહીં ક્યાંય દેખાતા નથી. આ તેમના હાથમાં રેશમી રૂમાલ હતો, તે પડ્યો છે, પરંતુ મહારાજ ક્યાં ગયા ?'

સુંદરજીભાઈ કહે, 'ભગવાન ભક્તવત્સલ છે, તેથી આપનો સંકલ્પ જાણી દિવ્યરૂપે દર્શન આપ્યાં છે.' પછી બન્ને ભાઈ બારીને વંદન કરી નીચે આવ્યા. સાથીદારોને રૂમાલ બતાવી વાત કરી કે, 'મારો સંકલ્પ સિદ્ધ કરવા શ્રીહરિએ આ દિવ્ય દર્શન આપ્યાં હતાં.' તેથી સહુને આશ્ચર્ય સાથે આનંદ થયો. એવામાં સમાચાર આવ્યા કે, નમતા બપોરે ત્રણ વાગે શ્રીજીમહારાજ વડતાલ પધારે છે.

આ સમાચાર મળતાં જ જોબન પગી પોતાના ભાઈઓને કહે કે, 'મહારાજના સ્વાગત-સામૈયાની તૈયારી કરો. શેરીઓ વળાવીને સાફ કરાવો. ટોડલે તથા શેરીઓમાં તોરણ બંધાવો.' એમ કહી જોબન પગીએ પાંચ મણ સાકર મંગાવી. અને એ જ રીતે બાપુભાઈએ પણ એના બધા ભાઈઓ તથા પુત્ર-પરિવારને વાત કરી અને પાંચ મણ સાકર મંગાવી. આખા વડતાલ ગામમાં સહુ કોઈને હૈયે ઉત્સાહ સમાતો નથી. અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ પ્રગટ પુરુષોત્તમનારાયણ આજ પોતાને આંગણે પધારે છે, તેથી પટેલ પરિવાર અને પગી પરિવાર અતિ ઉત્સાહમાં આવીને સામૈયાની તૈયારીઓ કરે છે.

ત્યારબાદ બાપુભાઈ અને તેમના આઠેય પુત્રો, ગામના આગેવાનો ભેળા મળી જોબન પગીને ઘેર આવ્યા ત્યારે પગી હાથમાં માળા લઈ ઊભા હતા અને મુખથી સ્વામિનારાયણનું સ્મરણ કરતા હતા. અને સહુને હર્ષઘેલા થઈ શ્રીહરિના સામૈયા બાબતની તૈયારીની ભલામણ કરતા હતા. તેથી બાપુભાઈ હર્ષઘેલા બની સામે ચાલી ભેટી પડ્યા. સહુને પરસ્પર આત્મીયભાવ થયો. અને પછી તો સહુએ સાથે મળી એકમના થઈને શ્રીહરિના સામૈયાની પૂર્ણ તૈયારી કરી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીનો સંશય ટાળવા શ્રીહરિએ બીજા રૂપે દર્શન આપ્યા' એ નામે ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

અધ્યાય-૨૪

શ્રીહરિ ડભાણથી વડતાલ તથા શ્રીહરિનું ભવ્ય સામૈયું

આવી રીતે વડતાલમાં સામૈયાની તૈયારી થતી હતી ત્યાં શ્રીહરિ ડભાણથી વડતાલ પધાર્યા. ત્યારે વડતાલના ભાવિક ગામજનો સાથે ગામના મુખી પાટીદાર **બાપુભાઈ** તથા **જોબન પગી** વગેરે ભક્તો કુટુંબ સહિત મહારાજની સન્મુખ ગયા. વિવિધ પ્રકારનાં વાજાઓ વાગવા લાગ્યાં. સહુ પોતાનાં ધન્યભાગ્ય માની શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. મહારાજ તેમની શુદ્ધ મનોભાવના જોઈ અતિ રાજી થયા.

પછી શ્રીહરિ બધા ગામજનો આગળ બોલ્યા, 'આ વડતાલ ગામ આખા ચરોતર પ્રદેશની મધ્યમાં છે. અહીંથી ચારે તરફ દસ દસ કોશ સુધી જાત જાતના અપાર વૃક્ષો છે. તેમાં પણ સહુથી સારા આંબાના વૃક્ષ તો અનંત છે. જાણે વૃંદાવનનો બધો પ્રદેશ અહીં આવીને પ્રકટ થયો હોય તેમ લાગે છે. અને પક્ષીઓમાં પ્રવેશ કરીને મોટા ઋષિઓ જાણે તપ કરતા હોય તેમ લાગે છે. ચારેબાજુ દસ દસ કોશ સુધી વિવિધ પ્રકારના પંખીઓ રહ્યા છે. જાણે તે બધા ધામના અપાર ઋષિઓ તપ કરવા માટે અહીંયાં આવ્યા હોય તેમ જણાય છે.'

શ્રીહરિની આવી આશ્ચર્યકારી વાત સાંભળીને તે સમયે જોબન પગી વગેરે બધા વડતાલના ભક્તો બોલ્યા, 'આપ ભગવાન છો, એટલે જે કહો છો તે ક્યારેય અસત્ય નહિ હોય. અમે તો અલ્પજ્ઞ મનુષ્ય છીએ એટલે કાંઈ જાણતા નથી. આપની ગતિ તો આપ જ જાણો છો. અહીંયાં કોઈ મોટું ધામ નથી અને ભગવાનના કોઈ અવતાર પણ અહીં આવીને રહ્યા નથી.

✹ શ્રીહરિની સર્વોપરિતાથી વડતાલની સર્વોપરિતા :

तब श्रीहरि बोलत भयेउ, इहाँ धाम सर्वोपरी रहेउ ।
अवतार भये हे हरि के जेते, सर्वोपरी इहाँ आये तेते ॥

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, “અહીંયાં સર્વોપરિ ધામ રહ્યું છે અને ભગવાનના જે અવતાર થયા છે. તેમાં જે સર્વોપરિ છે તે અહીંયાં આવ્યા છે. અત્યારે ભગવાનની ઈચ્છાથી તે દેખ્યામાં આવતા નથી. આટલા પ્રદેશમાં અપાર મુક્તો ભર્યા છે. તેનો કોઈ પાર આવે તેમ નથી. જેટલી ઋષિપત્નીઓ, દેવાંગનાઓ અને ચારધામમાં રહેલી બધી દેવીઓ તેમ જ જેટલા ઋષિઓ અને દેવતાઓ કહેવાય છે તે બધા અહીંયાં મનુષ્ય દેહ ધરીને રહ્યા છે. કોઈને પોત પોતાના મૂળરૂપનું જ્ઞાન નથી. સહુ મનુષ્યભાવે વર્તે છે. જ્યારે તમને તે બધું જ્ઞાન થશે ત્યારે વાસ્તવિકતા તમારા જાણ્યામાં આવશે. *(હ.ચ.સા.૫/૬૨)*

વળી જોબન પગી જેવો બીજો કોઈ ચોર નહીં. આખા પ્રદેશમાં સહુ તેને ઓળખે. અમારો પ્રતાપ દેખીને તેનું હૃદયપરિવર્તન થઈ ગયું અને તે નિષ્પાપ થઈ ગયા છે.”

આમ જ્યાં શ્રીહરિ બોલ્યા ત્યાં તેણે મહારાજને હાથ જોડીને કહ્યું, ‘હે હરિ ! મેં બહુ ચોરી કરી છે. અપાર માણસોને માર્યા છે. સો સો ઠાકોરોનાં ટોળાં લઈને મોટાં મોટાં શહેર અનેકવાર લૂંટ્યાં છે. બધા દેશ રગદોળી નાખ્યા છે. અનેક લોકોને ભયભીત કરી હું આજ સુધી નિર્ભય થઈને ફર્યો છું. હું કોઈ રાજાને પણ ગણકારતો નહિ, પણ આપનાથી હું ભય પામ્યો છું. આપને દેખતાં જ તત્કાળ મારું મન મીણના જેવું ઢીલું થઈ ગયું છે. મને નજર આગળ કાળ દેખાય છે. હમણાં જ કાળ ખાઈ જશે કે શું ? એવો ડર લાગે છે. **હે નાથ ! હવે મને ઝાઝું જીવવાની આશા નથી. હું આપને શરણે આવ્યો છું. આપ મારો હાથ પકડી લ્યો, તો જ મારો ભય ભાંગશે. આપ તો કાળના પણ મહાકાળ છો, એવા પ્રભુ આપ આજ પ્રગટ થયા છો. માટે હવે મારો ઉદ્ધાર કરો.’**

પછી મહારાજે જોબન પગીના અંતરને શુદ્ધ મનવાળું જાણ્યું એટલે તેનો હાથ પકડ્યો. પછી જોબન પગીના ભયથી સહુએ તે સ્થળે બધાં જ વ્યસનો છોડવાના નિયમ લીધાં અને જોબન પગી શ્રીહરિનાં શરણે થયા છે તે જાણીને ત્યાં આવેલા બીજા બધાએ શસ્ત્રોનો ત્યાગ કરી હાથમાં માળા ધારણ કરી. તેમના પરીવારના જેટલા સગાં-સંબંધીઓ હતા તે સર્વએ પણ સત્સંગના નિયમ ધારણ કર્યા. મહારાજના કહેવાથી જોબને સહુની પાસે આજીવન તે નિયમો પળાવ્યા હતા. આ રીતે પ્રગટ પ્રભુની ઓળખાણથી સહુ કૃતાર્થ થયા.

✵ વિશ્વકર્માએ વડતાલને સજાવ્યું :

તે જ સમયે વિશ્વકર્મા ત્યાં આવ્યા અને તેણે આખા વડતાલ ગામને સારી રીતે શણગારી દીધું. એક ક્ષણમાં આખા વડતાલની શોભા બદલાઈ ગઈ. વળી તે સમયે ભગવાનની શક્તિઓ જે રાધા અને રમાદિક કહેવાય છે તે સહુ દિવ્યરૂપ ધારણ કરી સેવા કરવા માટે સેવકના રૂપમાં ત્યાં હાજર થઈ. વડતાલની ચારે તરફ રહેલાં ગામો અનેક મુક્તો અને દેવતાઓથી ભરપૂર ભરાય રહ્યા. તે શ્રીહરિ એક જ પોતાના મનમાં જાણતા હતા તથા જે સમાધિવાળા સંતો હતા તે દેખતા હતા.

શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે મંગળમય વાતાવરણ અને અનુપમ શોભા બની હતી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. મહામુક્તો પણ સંતરૂપે શ્રીહરિની સાથે જ આવ્યા હતા. તે સૌ શ્રીહરિની આગળ ચાલી વેદસ્તુતિનું સમુહમાં ગાન કરતા હતા. સ્ત્રીઓના સમૂહમાં સ્ત્રીઓ અને પુરુષોના સમૂહમાં પુરુષો ચાલતાં હતાં. અને બાપુભાઈ તથા જોબન પગી બધાયને સાકર વહેંચાવતા હતા. બહેનો મધુર કંઠે કીર્તન ગાતાં હતાં,

આવ્યા મહારાજ, આવ્યા મહારાજ;
આજ મારે આંગણે પધાર્યા મહારાજ.
ફાવ્યા અમે આજ, આવ્યો સંતનો સમાજ;
આજ મારે આંગણે પધાર્યા મહારાજ.

આમ વડતાલમાં સર્વત્ર આનંદ છવાયો હતો, નાના મોટા બાઈઓ-ભાઈઓ સહુ સામૈયામાં જોડાયાં હતાં. સહુના મન પ્રગટ મહારાજની મૂર્તિમાં એકાકાર થયા હતા. તેથી સહુના રોમેરોમમાં આનંદની છોળો છૂટતી હતી. **સહુનાં ચિત્ત એક શ્રીહરિની મૂર્તિમાં જ જોડાયેલાં હતાં. તેથી તેઓ મૂર્તિ સિવાય અન્ય વસ્તુઓને દેખતા નહીં. મૂર્તિની અદ્‌ભુત રમ્યતાને દેખીને કેટલીક સ્ત્રીઓને તો પોતાના શરીરનું પણ ભાન ન રહ્યું.** શ્રીહરિ નજીક આવે ત્યારે વડતાલવાસી સહુ ઘણા જ પ્રેમમગ્ન થઈ પૂજા કરવા લાગ્યા. વૃદ્ધો અને બાળકો બધાય મહારાજની પૂજા કરતાં અને પુષ્કળ ગુલાલ ઉડાડતાં તથા જયજયકાર કરતાં હતાં. આ રીતે ધામધૂમપૂર્વક શ્રીહરિ જોબન પગીને ઘેર ઉતારે પધાર્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'શ્રીહરિ ડભાણથી વડતાલ પધાર્યા અને વડતાલવાસીઓએ શ્રીહરિનું ભવ્ય સામૈયું કર્યું' એ નામે ચોવીસમો અધ્યાય થયો. ॥૨૪॥

અધ્યાય-૨૫

શ્રીહરિને રાજી કરવા મુક્તાનંદસ્વામીનું નૃત્ય

પછી શ્રીહરિએ ગરીબ વિપ્રોને અન્ન-વસ્ત્રાદિકનાં બહુ જ દાન કર્યાં. કેટલાકને તો કરજથી પણ છોડાવ્યા. કેટલાકને તાંબાં-પિતળનાં વાસણો અપાવ્યાં. વિશ્વકર્માએ પોતાના નિવાસસ્થાનની તથા પુરની

સુંદર રચના કરી હતી; તેથી મહારાજે તેને પોતાની પાસે બોલાવી અમૂલ્ય વસ્ત્ર અને ઘરેણાં વગેરે ભેટ આપ્યાં.

પછી શ્રીહરિએ વડતાલમાં ઘરોઘર પધરામણી કરી સહુના મનોરથ પૂર્ણ કર્યા. આવી રીતે શ્રીહરિ જ્યાં સુધી ધરતી ઉપર રહ્યા ત્યાં સુધી અનેક જીવનાં કલ્યાણ માટે ઘેર ઘેર ફર્યા છે. સહુનાં આંગણાં પાવન કર્યાં છે. અનેક સ્થળોને રમણરેતી સમાન પ્રસાદીની દિવ્યભૂમિ બનાવી છે. આખા વડતાલ ગામને આમ પાવન કરી શ્રીહરિ પાછા ઉતારે પધાર્યા. જોબન પગીને ઘેર આવી થાળ જમ્યા. સહુ સંતો-ભક્તોને પ્રેમથી પીરસીને જમાડ્યા. સહુનાં અંતર શાંત કર્યાં.

પછી સુંદર સભા ભરાણી. તેમાં મહારાજે કહ્યું : ‘સાંભળો ભક્તો, તમારામાંથી કોઈને પગે ઘૂઘરા બાંધી નૃત્ય કરીને નાચતા આવડે છે ? જો આવડતું હોય તો ઊઠો અને ઘૂઘરા બાંધીને નૃત્ય કરો. તેથી અમે રાજી થઈ અમૂલ્ય ભેટ આપીશું.’ સહુ ભક્તો એકબીજા સામું જોઈ રહ્યા. કોઈ ઘૂઘરા બાંધીને નાચે તે બધાને ગમતું હતું, પરંતુ તે કળા આવડતી નહોતી. શ્રીહરિ કહે, ‘નારદજી પણ નૃત્ય સાથે ગાન કરી ભક્તિ કરે છે. શિવજી પણ તાંડવ નૃત્ય કરી ભગવાનને રિઝાવે છે. માટે આજ ભક્તિ કરવાનો અવસર છે. જેને આવડતું હોય તે ઊઠો.’

તે સમયે બાવનવર્ષીય વયોવૃદ્ધ અને સાધુતાની મૂર્તિ એવા મુક્તાનંદસ્વામીને ભગવાનની મરજી જોઈ રાજીપો લેવાની ઈચ્છા થઈ. તેથી તેમણે કહ્યું, ‘મહારાજ ! કહો તો હું નૃત્ય કરું.’ શ્રીહરિએ સંમતિ આપી.

ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને રીઝવવા પગમાં ઘૂઘરા બાંધ્યા, હાથમાં ગુલાબના બાજુબંધ બાંધ્યા, સુંદર શણગાર સજ્યો. પછી મહારાજને રાજી જ કરવા છે એવા અંતરના ભાવ સાથે સ્વામીએ નૃત્યની શરૂઆત કરી. સંતોએ તબલાનો તાલ આપ્યો. વિવિધ પ્રકારનાં

વાજાં વાગવા લાગ્યાં. આજ જોબન પગીનું ઘર તથા વડતાલની ભૂમિ ધન્ય ધન્ય બની.

સદ્.આધારાનંદસ્વામી એવું લખે છે કે, જ્યારે સ્વામી પ્રેમભક્તિમાં તરબોળ બની નાચવા લાગ્યા ત્યારે એ નૃત્ય જોવા માત્ર મનુષ્યો કે સ્વર્ગલોકના દેવો જ નહિ, પરંતુ ગોલોક અને વૈકુંઠમાંથી રાધાજી અને લક્ષ્મીજી તેમની અસંખ્ય સખીઓ સાથે દિવ્ય દેહ ધરી ત્યાં હાજર થયાં.

चोपाई : राधा रमादिक त्रिय जेति, गोलोक वैकुंठ में रेवत तेति।
दिव्य तन धरि सब आये, विमान में सब बैठ रहाये॥
ताके जेसो नृत्य जेहु, त्रिभुवन में नहिं आवत केहुं।
मुनि को नृत्य देखि के तेहा, परम मुर्छित हो गये एहा॥

વિમાનમાં બેઠા બેઠા આકાશમાંથી રાધાજી વગેરે મહારાજની મૂર્તિમાં મસ્ત બની નૃત્ય કરતા મુક્તાનંદસ્વામીનાં દર્શન કરવા લાગ્યાં. આ રાધા-લક્ષ્મી જેવું નૃત્ય ત્રણ લોકમાં કોઈને આવડતું ન હતું. આનો અર્થ એ થાય કે આ બ્રહ્માંડમાં સર્વોત્તમ નૃત્ય રાધાજી તથા લક્ષ્મીજીને આવડે છે. તેઓ પણ મુક્તાનંદસ્વામીનું નૃત્ય જોઈને અતિ મૂર્છિત થઈ ગયા, આશ્ચર્યચકિત થઈ ગયા.

આવી મુક્તાનંદસ્વામીની અજોડ નૃત્યકળા હતી. સ્વામી જ્યારે ઘૂઘરા બાંધીને નૃત્ય કરતા ત્યારે નાચતાં નાચતાં પગથી હાથીનું ચિત્ર દોરી દેતા. આવા સ્વામી જ્યારે શ્રીહરિને રીઝાવવા નાચતા ત્યારે માત્ર રાધા-લક્ષ્મી જ નહિ, પરંતુ બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા બીજા અનેક દેવો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા ને સ્વામીનું નૃત્ય દેખીને તેઓ પણ વિસ્મિત થઈ ગયા.

જ્યારે સ્વામી નૃત્ય કરી પોતાની જગ્યાએ બેઠા ત્યારે મહારાજ એકદમ ઊઠ્યા અને કહે, 'ધન્ય છે સ્વામી ! તમને ધન્ય છે !!' એમ

કહી વારંવાર તેમને ભેટી પડ્યા. પછી કહ્યું, 'દુર્લભમાં દુર્લભ જે મોજ હોય તે માંગો. આજ હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. જે માંગો તે આપીશ.' આવી વાતો હરિચરિત્રામૃતસાગર સિવાય કોઈ ગ્રંથોમાં પ્રાયઃ નથી કે, એક સંત નાચે અને સર્વાવતારી શ્રીહરિ આટલો બધો રાજીપો વરસાવે !

જ્યારે શ્રીહરિએ મોજ માંગવાનું કહ્યું ત્યારે મુક્તાનંદસ્વામી બે હાથ જોડી કહે, 'હે મહારાજ ! હું આપની પાસે વારંવાર વિનંતિ કરી જે માંગું છું તે કૃપા કરીને મને આપો.' એમ કહીને સ્વામી એક પછી એક એમ નવ વરદાન માંગે છે. આ વરદાન એટલાં બધાં સરસ છે કે, આપણને પણ માંગવાનું મન થાય.

મુક્તાનંદસ્વામીને એવું સરસ માંગતાં આવડે છે કે, આપણને પણ તેમાંથી ભગવાન પાસે શું મંગાય અને શું ન મંગાય તેની દિશા જડી આવે છે. પ્રભુ પાસે માંગવું હોય તો આવું મંગાય, માયિક વસ્તુ ન મંગાય. સ્વામી જેવા વિરલ સંતને ખ્યાલ આવે કે, પ્રગટ પુરુષોત્તમ પ્રસન્ન થાય તો શું મંગાય. જે ઉત્તમ જ્ઞાની હોય તેને ખબર પડે કે સ્વામી આ કેવું અજોડ માગે છે. આ વરદાનો એક કાગળિયામાં લખી 'નિત્યગીતા' બનાવી રોજ પૂજામાં વાંચવાં જેવાં છે. હવે ક્રમથી સ્વામીએ જે વરદાનો માગ્યાં તે હું લખું છું. આ વરદાન આપણે સહુએ વાંચવા અને એકાગ્રમનથી હૈયામાં ધારવા અને નિત્ય પ્રભુને પ્રાર્થવા યોગ્ય છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમપ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'શ્રીહરિને રાજી કરવા મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કર્યું' એ નામે પચીસમો અધ્યાય થયો. ॥૨૫॥

અધ્યાય-૨૬

મુક્તાનંદસ્વામીએ માગેલા નવ વરદાન

વડતાલમાં જોબન પગીના ઘરે નૃત્યથી રાજી થયેલા શ્રીહરિ પાસે મુક્તાનંદસ્વામી વરદાન માંગે છે કે, (૧) હે મહારાજ ! અત્યારે મને જે આપનાં દર્શન થાય છે, એવાં દર્શન અખંડ રહો.

चोपाई : एसी हि एसी मूर्ति एहा, अखंड रहो नैन आगे तेहा ।
मूर्ति विन घाट न होवे कोई, एसी मोज मागत में सोई ।।

આપની મૂર્તિ સિવાય બીજો કોઈ ઘાટ ન થાય એ મોજ મને આપો. આનો અર્થ એ થાય કે, આપ અત્યારે જેવા મારી ઉપર રાજી છો, એવા આજીવન રાજી રહેજો. બીજો અર્થ : **આવીને આવી કરુણા ભરેલી આપની મૂર્તિ મારાં નેત્રની સામે અખંડ રહો એવી મોજ આપજો.**

(૨) હે મહારાજ ! બીજો વર એ માંગું છું કે, **આપની મૂર્તિ અને આપનું વચન એ બેનો અનાદર મારું મન ક્યારેય કરે નહીં.**

तव मूर्ति अरु वचन तुमारो, अनादर करे न मन हमारो ।
मन को धार्यो होवे न कबहु, तुमारो धार्यो होवे सबहु ।।

હે નાથ ! હું અખંડ આપની મૂર્તિમાં અને આપની મરજીમાં વહ્યા કરું; આપની મૂર્તિ અને આપની મરજીને ક્યારેય છોડું નહિ.

(૩) **હું હંમેશાં આપનું જ ધાર્યું કરું; મારા મનનું ધાર્યું ક્યારેય ન કરું.**

(૪) **દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ તે જીવના મિત્ર થઈને વર્તે છે; પણ તેમની મિત્રતા મારે ક્યારેય ન થાય.** અર્થાત્ દેહ, ઈન્દ્રિયો દુશ્મન મનાય અને શ્રીહરિ અને સંતો સાચા હિતકારી મિત્ર મનાય.

(૫) આ દેહના જેટલા કુટુંબી છે તે બધા મને પરમ શત્રુરૂપ મનાય. તેમ જ એટલો જ સત્સંગમાં મને કુટુંબભાવ મનાય. સંતો-ભક્તોનો મને ક્યારેય અભાવ ન આવે. સંતો-ભક્તોમાં જ સદાય

સુખબુદ્ધિ, હેતબુદ્ધિ, મમત્વબુદ્ધિ તથા આત્મબુદ્ધિ રહે. માત્ર સંબંધી જ નહિ, શરીર તથા ઇન્દ્રિયો-અંતઃકરણ પણ દુશ્મન મનાય. આવું તો પ્રહ્‌લાદજીએ માગ્યું હતું.

(૬) નાના-મોટા જે સત્સંગીઓ મુખથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... નામ બોલતા હોય, તે સિવાય બીજા કોઈને સંભારતા ન હોય, એવા સંતો-ભક્તોનો મને હંમેશાં સંગ રહો.

(૭) એવા સંતો-ભક્તોની સેવામાં નિત્ય શ્રદ્ધાભાવ રહે, તેમના વચનમાં વિશ્વાસ રહે અને મારા શરીરનો અભાવ રહે.

(૮) સંતોની સેવા થાય એટલો જ મનમાં લાભ મનાય. પોતાની સેવા કરાવવા માટે સંતોની વિરુદ્ધ સંકલ્પ પણ મારું મન ક્યારેય ન કરે. સંતોને ન ગમતો હોય એવો સંકલ્પ પણ ન થાય અને સંતોની સેવા થાય એટલો જ લાભ મનાય; બીજું જીવન ગેરલાભમાં ગયું એમ સમજાય.

(૯) શ્રીહરિ અને સંતો-ભક્તો એ ત્રણનો અભાવ લેવડાવે એવા અન્ય કોઈના દેહમાં મને ક્યારેય ભાવ થાય નહીં.

હે નાથ ! આટલી મોજ હું માંગું છું; તે મને કૃપા કરીને આપો. ત્યારે મહારાજ કહે, “વાહ...સ્વામી વાહ..! તમે તો બહુ સરસ માગ્યું. જે ભક્તનું હૃદય અત્યંત શુદ્ધ હોય તે જ આવી આંતરિક સમજણરૂપી મોજ માંગી શકે છે અને એવા સુપાત્રને જ આવી મોજ અમે આપીએ છીએ. બીજા તો કરોડો જન્મ વિતાવે છતાં આવી મોજ અમે ન આપીએ.

દોહા : **ધન્ય ધન્ય સ્વામી તમને, માંગી રૂડી મોજ;**
ધન્ય મુમુક્ષુતા તમારી, ધન્ય ધન્ય મન ખોજ...૯૩

હે સ્વામી ! તમારું મન શુદ્ધ જોઈને અમે આવી મોજ તમને આપીએ છીએ.” એમ કહીને ‘તથાસ્તુ’ કહ્યું. પછી કૃપાળુ શ્રીહરિ

તત્કાળ ઊભા થઈને સૌ પ્રથમ સ્વામીને બાથમાં લઈને ભેટ્યા. પછી સૌ સંતોને પણ બાથમાં લઈને ભેટ્યા. આમ મહારાજ વડતાલમાં રહ્યાં ત્યાં સુધી જોબન પગીને ઘેર અનેક લીલાઓ કરતા અને ઘણા લોકોને ધારણા, ધ્યાન અને સમાધિ પણ કરાવતા. તેથી આખા ચરોતર પ્રદેશનાં ગામોમાં રહેલા બધા જ મુમુક્ષુ જીવ શ્રીહરિને શરણે થયા. મહારાજે તેઓને વર્તમાન-નિયમ ધરાવ્યા અને સહુને સુખિયા કર્યા.

પછી મહારાજ બોલ્યા, **"ખરેખર તો જે સત્સંગ કરે તે જ મનુષ્ય કહેવાય છે. અર્થાત્ ધર્મ-નિયમ પાળે, ભાવથી ભક્તિ કરે, પોતાને આત્મરૂપે માને, ભગવાનનું ધ્યાન ધરે, તેને જ મનુષ્ય કહેવાય.** જે તામસ દેવ-દેવીઓના મંત્રેલા દોરા હાથે બાંધે, મલિન દેવી કે દેવને પૂજે અને તેનું નૈવેદ્ય ખાય તથા કુસંગ રાખે તે મનુષ્ય ન ગણાય; તેને તો પશુ જેવા સમજવા."

આ વાત આપણા કલ્યાણની છે. સર્વાવતારી શ્રીહરિએ કહેલી છે. શ્રીહરિનો આપણે આશરો છે, સાચો સત્સંગ મળ્યો છે; માટે આપણે પણ અતિ ભાગ્યશાળી છીએ. મુક્તાનંદસ્વામીએ કહેલાં વરદાનો જીવનમાં ઉતારવા અને ભગવાનનો અતિશય મહિમા સમજવો. મૂર્તિ અને મરજી આ બેને પકડી રાખવા. શૂરવીર થઈ શિરસાટે સત્સંગ રાખવો - એ જ કરવાનું છે. આટલું આપણે કરશું તો પ્રભુ આપણાં બીજાં કાર્યો સહેજે પૂરાં કરી દેશે.

આજ સર્વાવતારી શ્રીહરિની આપણા ઉપર અતિ કૃપા છે. અશાંતિમય આ ધમાલિયા યુગમાં શાંતિના સાગર જેવો તો એક આ સત્સંગ છે. **આ સત્સંગમાં આવી સંતો સાથે હૈયાનું હેત રાખવું અને આત્માની ચેતનાને મહારાજની મૂર્તિ સાથે જોડ્યા કરીશું તો છતાં દેહે શ્રીહરિના અલૌકિક આનંદનો અનુભવ થશે. જે ભક્ત મહેનત કરી**

આત્માની વૃત્તિઓને શ્રીહરિ સાથે એકાકાર કરશે તેને મૂર્તિરૂપી શાંતિનો મહાખજાનો મળશે.

મૂર્તિરૂપી આનંદનો મહાસાગર કેવો છે ? તો એકવાર પણ એ આનંદનો એક કણ કોઈને મળી જાય તોપણ તેને અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ રાખના ઢગલા જેવા થઈ જાય. પછી તમામ ભોગસુખો ખાવાની વિષ્ટા અને પીવાના પેશાબ જેવા લાગે. જ્યાં જુએ ત્યાં એક શ્રીહરિની મૂર્તિ જ દેખાય અને સ્વયં તે ભક્ત પણ બ્રહ્મની મૂર્તિ બની જાય. માટે આવા અનુપમ અવસરને પામીને ખૂબ જ હરિવરમાં હેત કરવું, પ્રેમથી સત્સંગ કરવો અને સંસારની ખોટી મોહમાયામાં ભૂલા પડવું નહિ.

આ રીતે જોબન પગીને ઘેર અનેક લીલાઓ કરી વડતાલવાસી ભક્તોને અપાર સુખ આપ્યું. પછી વડતાલથી નીકળીને ભક્તોને સુખ દેતા દેતા મહારાજ ગઢપુર આવ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'મુક્તાનંદસ્વામીએ શ્રીહરિ પાસે માગેલાં નવ વરદાન કહ્યાં' એ નામે છવીસમો અધ્યાય થયો. ॥૨૬॥

અધ્યાય-૨૭

દુષ્કાળમાં જોબન પગી વગેરે ભક્તોની રક્ષા

શ્રીહરિ જ સર્વનું કારણ છે, સર્વાધાર છે, સર્વના પ્રેરક છે; પરંતુ આ પ્રભુ મળે એટલે જીવ તેમની પાસેથી બીજું-ત્રીજું માગવા માંડે છે. માટે **અંતરથી વિષયસુખની આશાને છોડવી, આ લોકની મહત્ત્વાકાંક્ષા મૂકવી અને મૂર્તિના મહાઆનંદ સુધી દૃષ્ટિ પહોંચાડવી.** જેમ જોબન પગી જેવા ખૂંખાર લુંટારા સુધરી ગયા તેમ આપણે પણ સુધરવું હોય તો આ કહ્યું તેમ કરવું પડશે.

આજ સર્વોપરી મહારાજ પોતાના અનંત મુક્તો સાથે લઈને અવની ઉપર પોતે આવ્યા, વળી તેમણે મોટાં ધામો બંધાવ્યાં, તેમાં પોતાના અવતાર સ્વરૂપો પધરાવ્યા. વળી, વડતાલમાં પોતાને હાથે પોતાની હરિકૃષ્ણ મહારાજ નામે મૂર્તિ સહુના ધ્યાન, ઉપાસન માટે પધરાવી. વળી, પોતે જ જપ કરવા માટે 'સ્વામિનારાયણ' એવો મહામંત્ર આપણને આપ્યો. અનેક સદ્‌ગ્રંથો રચ્યા-રચાવ્યા, આવો દિવ્ય કલ્યાણકારી સત્સંગ સ્થાપ્યો; આચાર્યપદ સ્થાપ્યા, દિવ્ય અલૌકિક મોક્ષદાતા સંતો આપ્યા. આવા સમયે આપણો જન્મ થયો માટે આપણે ભાગ્યશાળી છીએ. જેને સર્વાવતારી શ્રીહરિનો આશરો થયો તે ખૂબ ભાગ્યશાળી છે.

દોહા : **ધન્ય ભાગ્ય કળિયુગમાં, જનમ્યા જે નરનાર;**
પુરુષોત્તમના યોગથી, સહજ પામ્યા પાર...૯૪

સહુ ધામના ધામી પોતે, પુરુષોત્તમ પરાત્પર;
આ વખતે કરુણા કરી, આવ્યા ધરા ઉપર...૯૫

અક્ષરધામના મુક્તોને, સંગ લાવ્યા મહારાજ;
તે દ્વારા અનેક જીવનું, વા'લે કરાવ્યું કાજ...૯૬

જીવ તારવા ધરતી પર, ઘૂમ્યા દિ' ને રાત;
થાક્યા વિના ચાલુ રાખી, અખંડ જ્ઞાનની વાત...૯૭

એવા દયાળુ સર્વોપરિ, શ્રીસ્વામિનારાયણ;
કૃપા કરી કોટી કર્યા, નારાયણ પરાયણ...૯૮

બહુ જીવોને તારિયા, દઈ પોતાનો યોગ;
છોડાવ્યા વિષય વાસના, ટાળ્યો મહા ભવરોગ...૯૯

શ્રીહરિએ કરુણા કરી જોબન પગી જેવા અનેક જીવોનો મોક્ષ કર્યો છે, તે કરુણા કરી આપણો પણ મોક્ષ કરશે જ. આપણાં પણ વ્યસન, વાસના અને વિકારો ટાળશે ને મહાસુખ આપશે. પરંતુ જે સત્સંગના માર્ગે ચાલશે તે સફળ થશે; વિષયના માર્ગે ચાલશે તે અંતે

નિષ્ફળ જશે. માટે ભોગ ભોગવવા ખોટાં કર્મ કરવા નહિ. પ્રભુને પ્રાર્થના કરજો કે, 'હે મહારાજ ! અમારા અસત્કર્મને નિષ્ફળ કરજો અને સત્કાર્યને જ સફળ બનાવજો.'

વળી, આજથી બસો વર્ષ પહેલા જ્યારે સં.૧૮૬૯નો પ્રસિદ્ધ દુષ્કાળ પડ્યો ત્યારે એકવાર શ્રીહરિ નારદીપુરમાં હતા. ત્યાં શિવજીએ દર્શન આપી કહ્યું, 'હે મહારાજ ! આપ સર્વોપરી પરમાત્મા ધરતી ઉપર પ્રગટ થયા છો, છતાં અસંખ્ય જીવો અધર્મ અને કુકર્મો કરે છે. આપના સંતો-ભક્તોને હેરાન કરે છે, તેમનો દ્રોહ કરે છે અને આપને અને આપના મોક્ષદાતા સંતોને સ્વીકારી પોતાના જીવનું કલ્યાણ કરતાં નથી. માટે એવા માણસોનો નાશ કરવા હું ધરતી ઉપર કાળ પાડીશ; પરંતુ જે આપનો સત્સંગ કરશે તેની હું રક્ષા કરીશ.'

પછી શ્રીહરિ ફરતાં ફરતાં નાગડકા આવ્યા. ત્યાં લોયાના સુરા ખાચરના ધર્મપત્ની શાંતાબા કહે, 'હે મહારાજ ! કાલ અહીં એક બાવો આવ્યો હતો તે કહેતો હતો કે, 'હવે ધરતી પર ડટ્ટણ સો પટ્ટણ હોગા' તે અમારું નાગડકા તો કુશળ રહેશેને ?' ત્યારે મહારાજ કહે, 'એવું તો કાંઈ નહિ થાય પણ આવતા વર્ષે ભયંકર કાળ પડશે. માટે ગાયો, ભેંસો, ઘોડા કે દાગીના વેચી અનાજનો સંગ્રહ કરજો અને ગળે રુદ્રાક્ષનો પારો રાખજો તેથી શિવજી તમારી રક્ષા કરશે.' એમ કહી શ્રીહરિ ગઢપુર પધાર્યા.

એવામાં વાલમજીને વડતાલ યાદ આવ્યું. જોબન પગી વગેરે ભક્તો યાદ આવ્યા. જોબન પગી આદિક હરિભક્તોને દુષ્કાળની ચેતવણી આપવા શ્રીજીમહારાજ છેક ગઢપુરથી ગામડે ફરતાં ફરતાં અને સહુને ચેતવણી આપતાં ડભાણ થઈ વડતાલ આવ્યા હતા.

ચોપાઈ : વા'લો જૈને રહ્યા વરતાલ, થયા હરિજન નીરખી નિહાલ;
પગી જોબન રણછોડદાસ, ત્રીજા તો નારાયણગિરિ પાસ.

એમ બોલિયા જનપ્રતિપાળ, કાળ પડશે ઘણો વિકરાળ;
માટે મારું કહ્યું મન ધરજો, ઘણાં અન્નનો સંગ્રહ કરજો.
આસપાસ જે ભક્તનાં ગામ, જૈને પણ કહો વાત તમામ.

આમ ભક્તવત્સલ શ્રીજીમહારાજે જોબન પગી આદિ ભક્તોની ભવિષ્યના દુ:ખથી રક્ષા કરી તથા આજુબાજુનાં ગામોના ભક્તોને પણ ચેતવ્યા. પછી મહારાજ ચાંગા આદિક ગામોમાં ફરીને ત્યાંથી ગઢપુર પધાર્યા. હરિલીલામૃત ગ્રંથમાં આનું વિસ્તારથી વર્ણન કરેલું છે.

શ્રીહરિએ ઓગણોતેરા કાળમાં ભક્તોની ખૂબ રક્ષા કરી છે અને પોતે પણ ગઢપુરમાં રહેતા ત્યારે રાતે એક ધોતી અને કચ્છી ટોપી પહેરી ગરીબ લોકોને નિત્ય ખીચડી આપવા નીકળતા. સહુની સહાય કરતા. આમ ઘણો સમય ગયો. પછી શ્રીહરિને સંતો સાંભર્યા. તેથી ઉત્સવના નિમિત્તે બોલાવ્યા. સંતો ગુજરાતમાંથી આવે છે તે સાંભળી શ્રીહરિ કુંડળ સુધી સામા ગયા. સંતોને આવતા જોઈને સ્વયં પ્રભુજીએ દંડવત કર્યા અને ભાવથી ભેટી પડ્યા. પછી સહુ સંતોને સાથે લઈ રાયબામાના દરબારમાં આવ્યા.

રાયબાએ મહારાજને ઠપકો દીધો, "આપ ભગવાન થઈ આવી દાઢી રાખો છો, વરહો વેશ રાખો છો એ આપને શોભતું નથી; માટે આ બધું કાઢી નાખો. આપની મરજી વિના કોઈથી તરણું પણ ના તોડી શકાય, તો આપની આગળ ઈન્દ્ર તે વળી શું ગણતરીમાં ? અને સાચું કહું, ધરતીમાતા આ સંતો માટે જ અનાજ પકવે છે. અને તમે સંતોને રસકસના નિયમ આપ્યા તેથી વરસાદ વરસતો બંધ થયો છે. માટે હવે આ રસકસના નિયમ છોડાવો અને સંતોને લાડવા જમાડો; એટલે સર્વત્ર સુકાળ થશે." પછી શ્રીહરિએ કુંડળમાં સંતોને પોતાને હાથે પીરસીને લાડુ આદિ ભોજન ખૂબ જમાડ્યા અને દુષ્કાળને વિદાય કર્યો. પછી મહારાજ સહુ સંતો સાથે ગઢપુર આવ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'દુષ્કાળમાં જોબન પગી વગેરે ભક્તોને ચેતવણી આપીને રક્ષા કરી' એ નામે સત્યાવીશમો અધ્યાય થયો. ॥૨૭॥

અધ્યાય-૨૮

વડતાલમાં રંગસપ્તમીનો ઉત્સવ

એકવાર શ્રીજીમહારાજ પોતાના પ્યારા સંતોને કહે, "આપણે વડતાલમાં સં.૧૮૭૦ના આ વર્ષમાં મોટો રંગોત્સવ કરવો છે. માટે તમે ઉત્સવની તૈયારી કરવા માટે આગળથી જાવ. અમે પાછળથી આવશું." તેથી સંતો અગાઉ વડતાલ ગયા. આ વાત હ.લી.૭/૪૦માં આ રીતે લખી છે :

ચોપાઈ : **ત્યારે સંત સરવ તો સિધાવ્યા, જ્યારે ઉત્સવના દિન આવ્યા;**
કરી હરિએ જવાની તૈયારી, પણ રાખ્યા ઉત્તમનૃપે વારી.
અસાધારણ ભૂપનો પ્રેમ, એનું થાય ઉલ્લંઘન કેમ;
કર્યો દુર્ગપુરે ફૂલદોલ, સૌને આનંદ ઊપજ્યો અતોલ.

વડતાલ ગયેલા સંતો ત્યાં શ્રીહરિની રાહ જોતા હતા. ગઢપુરમાં જેવો રંગોત્સવ પૂર્ણ થયો એવા તરત જ શ્રીહરિને વડતાલવાસી સંતો તથા જોબન પગી વગેરે ભક્તો સાંભર્યા એટલે તરત જ ગઢપુરથી ચાલ્યા અને સં.૧૮૭૦, ફાગણ વદ-૬ને દિવસે મહારાજ વડતાલ પહોંચ્યા.

જોબન પગીની મેડીએ ઉતારો કર્યો. ત્યાં સંતો-ભક્તોએ રંગોત્સવની ઘણી પૂર્વ તૈયારી કરી હતી. તેથી ભક્તોએ રંગોત્સવની વાત કરી. ભક્તાધીન ભક્તવત્સલ મહારાજે ભક્તોનો ભાવ પૂરવા જોબન પગીની મેડીએ જ રંગોત્સવ કરવાનું નક્કી કર્યું. પછી બીજે દિવસે જોબન પગીની મેડીએ જ સહુ સંતો-ભક્તોને ખૂબ રંગે

રમાડ્યા. તેથી આ સાતમનું નામ 'રંગસપ્તમી' પડ્યું. મહારાજના હજૂરી પાર્ષદ ગુમાનજી ભક્ત હતા, તેઓ પાછળથી ગોપાળાનંદસ્વામી ભેળા 'વાસુદેવચરણસ્વામી' નામે સંત થઈને રહ્યા હતા. તેમણે 'હરિચરિત્રચિંતામણિ' નામે ગ્રંથ લખ્યો છે. તેમાં આ રંગોત્સવનું વર્ણન કરતાં તેના છત્રીસમા કિરણમાં લખે છે કે,

રમ્યા હોળી વૃતાલયમાં વાલો, ધર્મધુરંધર ધર્મનો લાલો;
જોબનને મેડે જગનાથ, રંગ ગુલાલ લઈ સુખપાથ.
ઓતર મુખે ઊભા મનોહર, નાંખ્યો રંગ સંતજન પર;
તે પર અબીર ગુલાલ અતિ, કર્યો વડતાલ દેશ વદિતિ.
ચાલ્યું રંગ પાણી ગામ પાર, પડ્યું આવી સરોવર મોઝાર;
મળ્યા સંતને ત્યારે શ્રીહરિ, રંગે ભરિયા બહુ હેતે કરી.

શ્રીહરિએ જોબન પગીની મેડીએ રંગોત્સવ કર્યો હતો તેનું પાણી પૂર્વ દિશામાં સરોવર છે ત્યાં સુધી પહોંચ્યું હતું. પછી રંગમાં રસબસ થયેલા શ્રીહરિ અતિ રાજી થઈ પ્રથમ સહુ સંતોને ભાવથી ભેટ્યા. પછી જોબન પગીને પણ ભેટ્યા અને અતિ પ્રેમથી પોતાની પાઘ ભેટ આપી.

આપી જોબનને રંગ ભરી પાઘ, વાલે કરી અતિ અનુરાગ;
નાહ્યા સુંદરને કૂવે શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ.

પછી વાજતે-ગાજતે સ્નાન કરવા ગયા. સુંદરજીભાઈના કૂવે શ્રીહરિ તથા સહુ સંતોએ સ્નાન કર્યું. તે સમયે સંતોએ ત્યાં કીર્તનો ગાયાં. પછી મહારાજે કોરાં વસ્ત્ર પે'ર્યાં અને રંગવાળાં વસ્ત્રો ઉતારીને થાળામાં મૂક્યાં. તે પ્રસાદીનાં વસ્ત્રો સુંદરજીભાઈ વગેરે ભક્તોએ પ્રેમથી ગ્રહણ કર્યાં. થાળાનું પાણી પ્રસાદીના મહિમાથી કૂવામાં નાખ્યું. પછી મહારાજ સંતો સાથે ઉતારે આવ્યા. અતિ ભાવથી પોતે જમ્યા. પછી પ્રેમ કરી વારંવાર પીરસી સંતોને જમાડ્યા.

પછી જ્ઞાનબાગમાં આંબાની ડાળે સંતોએ હિંડોળો બાંધ્યો હતો ત્યાં મહારાજ પધાર્યા અને હેતથી હિંડોળે બેઠા. ત્યારે પ્રથમ સહુ સંતોએ હાર પહેરાવીને શ્રીહરિની પૂજા કરી. પૂજન બાદ બ્રહ્માનંદસ્વામીએ આરતી ઉતારી. પછી સંતોએ વાજિંત્ર સાથે કીર્તન ગાન કર્યું. હિંડોળાનાં પદોની રમઝટ બોલાવી. તે સમયે દેવો પણ દર્શને આવ્યા હતા. હિંડોળે ઝૂલતા હરિવરનાં દર્શન કરી સહુ કૃતાર્થ થયા હતા. આ રીતે મહારાજે સાતમને દિવસે વડતાલમાં રંગોત્સવ કરી જોબન પગી વગેરે ભક્તોની ઈચ્છા પૂર્ણ કરી અને સંતો-ભક્તોની અગાઉ જઈને કરેલી પૂર્વતૈયારીને સફળ કરી. સહુને અતિ આનંદ આવ્યો. પછી શ્રીહરિએ જવા માટે રજા માગી. ત્યારે જોબન પગી વગેરે હરિભક્તોએ પ્રગટ પ્રભુને રોકાવાનો આગ્રહ કર્યો. તેથી તેમના પ્રેમને આધીન થઈ હરિવર રામનવમી સુધી વડતાલમાં રોકાયા.

પ્રભુ પ્રેમને વશ છે. પ્રેમ ન હોય તો સોનાની સાંકળે બાંધો તોય ન રહે. સ્નેહ હોય તો પ્રેમરૂપી કાચા દોરાના તાંતણે બંધાઈને મારો વહાલો દોડતા આવે. માટે વહેમી નહિ પણ પ્રેમી થાવું. હૈયું હરિવરના હેતથી છલકાતું રાખવું. પ્રભુ વિવિધ પ્રકારની વાનગીના ભૂખ્યા નથી, પ્રેમના ભૂખ્યા છે. પ્રેમને આધીન થઈ શ્રીહરિએ જેતલપુરમાં જીવણભગતનો મઠનો રોટલો ખાધો હતો અને મોટા મોટા શેઠિયાના છપ્પન પકવાનોનો ત્યાગ કર્યો હતો.

હસ્તિનાપુરમાં શ્રીકૃષ્ણ ભગવાન પણ દૂર્યોધનના મેવાને છોડીને વિદુરજીને ઘેર પ્રેમને વશ ભાજી જમ્યા હતા અને વિદુરપત્નીના પ્રેમને આધીન થઈ કેળાની છાલ જમ્યા હતા. આ પ્રેમની તાકાત છે.

માટે હૈયામાં હરિ પ્રત્યે હેત વધારવું. **શ્રીહરિ અને સંતમાં સ્નેહ વધે એ જ સત્સંગ કર્યાનું ફળ છે. હેત ઘટે એ તો સત્સંગમાં પણ કુસંગ કર્યો કહેવાય.** માટે સતત જાગતા રહેવું. આપણા હેતનો પ્રવાહ

સ્ત્રીમાં, ધનમાં કે પદ-પ્રતિષ્ઠામાં ન જોડાઈ જાય અને કદાચ જોડાઈ ગયો હોય તો ત્યાંથી તોડીને પ્રભુમાં તે પ્રેમપ્રવાહ વાળવો. તેનાથી ભગવાન બહુ જ રાજી થશે. આ પ્રેમની કથા છે.

શ્રીહરિએ ઉત્સવની તિથિ ન હોવા છતાં પ્રેમને વશ રંગોત્સવ કર્યો, હિંડોળે ઝૂલ્યા અને સહુને ભેટ્યા અને અતિ સુખ આપ્યું. માટે **જ્યાં પ્રેમ છે, સમર્પણભાવ છે, સાચો વિશ્વાસ છે, ત્યાં જ પ્રભુ અઢળક ઢળે છે.** જોબન પગી વગેરે હરિભક્તોએ આ સદ્‌ગુણો પોતાના જીવનમાં કેળવ્યા એટલે મહારાજે તેમને રાજી કર્યા. આપણે પણ ભગવાન રાજી થાય એવા સદ્‌ગુણો જીવનભર કેળવતા જ રહેવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'વડતાલમાં રંગસપ્તમીનો ઉત્સવ કર્યો' એ નામે અઠ્યાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

અધ્યાય-૨૯

જોબન પગીનો ગર્વ ઉતાર્યો

જોબન પગી મહા લુંટારો મટી મહાન ભક્ત બન્યા હતા. પ્રભુપ્રેમ અને સમર્પણભાવની બધી જ તૈયારી હતી; પરંતુ એકાંતિકપણામાં હજુ થોડી કચાસ હતી. પ્રભુ તો બહુ મોટા એટલે ખૂબ પ્રેમ આપે, મોજ આપે, પણ હજી પૂરી પાત્રતા ન હોવાથી આ બધો રાજીપો પચ્યો નહીં. આવી રીતે મહારાજે તેમને ખૂબ રાજી કર્યા, હેત બતાવ્યું એટલે તેને થોડુંક પોતાને વિશે શ્રેષ્ઠપણું મનાવા લાગ્યું.

પ્રભુ બીજું બધું ચલાવી લે છે, પણ ભક્તને રંચમાત્ર પણ અહં આવે, માન આવે તે પ્રભુથી સહન થતું નથી. પોતામાં ગમે તેટલા સદ્‌ગુણો આવે, ભગવાન રોજે પોતાને દર્શન આપે, આપણા ઘેર

મહારાજ રોજે થાળ જમવા પધારે; છતાં જે નાના-મોટા સહુ સંતો-ભક્તોના દાસના દાસ થઈને રહે, સહુની ચરણરજ બનીને રહે અને સહુ સંતો-ભક્તોને પોતાથી મહાન જ માને. એવી જેનામાં પાત્રતા તથા સમજણ હોય તેમને ભગવાન સદા આધીન થઈને રહે છે. પરંતુ જીવને તો થોડું માન-સન્માન મળે ત્યાં હું જ સત્સંગનો આગેવાન છું, મોવડી છું; આવું શ્રેષ્ઠપણું મનાઈ જાય છે.

જેવા પહેલા દિવસે સત્સંગમાં આવ્યા હોઈએ ત્યારે સહુના દાસના દાસ થઈને રહેતા હોઈએ, સહુમાં દિવ્યભાવ હોય, અલૌકિક દૃષ્ટિ હોય એવી ને એવી છેલ્લા શ્વાસ સુધી દિવ્યદૃષ્ટિ અને દાસત્વ રહે તો મોટું કામ થાય. આ તો થોડી સેવા કે દાન પુણ્ય કરે અને કોઈ વખાણે એટલે તરત અંદર અહંની ગાંઠ બંધાય જાય. પછી પોતાના વખાણના શબ્દો જ હૈયામાં ચોંટી જાય. વખાણ જ વહાલા લાગે. જે ન વખાણે તેમાં અનેક સદ્‌ગુણો હોય છતાં તે ગૌણ પડી જાય.

જોબન પગી જેવાને પણ મહારાજે અચાનક આવીને અતિ સુખ આપ્યું એટલે થોડો અહંનો અંકૂર ફૂટ્યો; તો આપણા જેવા સામાન્યની તો વાત જ શું કરવી ? માટે મહારાજ કે મોટા આપણા ઉપર ક્યારેક રાજી થાય તો તે વાતનો અહં ન લાવવો; એમની આપણા પરની પરમ કૃપા સમજવી. **પોતાની સેવા કે દાન-પુણ્ય વગેરે કર્તૃત્વની નોંધ આપણે નહિ રાખીએ તો જ ભગવાન તેની નોંધ લેશે ને રાખશે.**

જ્યારે વ્યક્તિમાં અહં આવે ત્યારે તેને પોતાના કાર્યની કે ગુણોની જ નોંધ રહ્યા કરે છે. પછી શ્રીહરિ કે મોટા સંતોની નોંધ ગૌણ પડી જાય છે. તેથી તેમની વાતમાં પણ શંકા-કુશંકા થયા કરે છે. કોઈનું મનાય નહિ, પોતાનું સ્થાન છોડી શકાય નહિ અને મનધાર્યું મૂકી શકાય નહિ. બીજા વાળે તેમ વળી શકાય નહીં. આમ **ગુણનું આવેલું**

અભિમાન જ સત્સંગરૂપ મોક્ષમાર્ગથી પાડી નાંખે છે. માટે અભિમાનથી દૂર રહેવું. પોતાની ખોટ અને ભક્તોની ખૂબીઓ જોવી. આવી રીતે **જો પોતાના અવગુણ અને સંતો-ભક્તોના ગુણને જ જોવાની ટેવ પડશે તો દાસત્વભક્તિ દૃઢ થશે અને પ્રભુ રાજી થશે.**

જોબનના અંતરમાં આવેલ અહંની ગંધ ટાળવાનું શ્રીહરિએ મનોમન નક્કી કર્યું. એક દિવસ ગોમતીને કાંઠે આંબાવાડિયામાં મહારાજ સભા કરીને બિરાજમાન થયા. મહારાજ પાસે નટથી પંડિત સુધી, કોળીથી કલાવિદ્ સુધી સહુ ભક્તો આવતા હતા. પોતાની કળાઓ રજૂ કરી, પ્રભુપ્રસન્નતા પામતા હતા. આજ વિશાળ સભાને સંબોધતાં મહારાજ કહે, 'કોઈ નિશાનબાજ હોય તો પોતાની કળા અજમાવે અને નિશાન પાડે, તો અમે એને શિરપાવ આપીએ.'

આખા ગુજરાતમાં શ્રેષ્ઠ નિશાનબાજ તરીકે પંકાયેલા જોબન પગી તથા તેના ભાઈઓએ બીડું ઝડપ્યું. ત્યારે મહારાજે પાર્ષદો પાસે ગોમતી કાંઠે આંબાના વૃક્ષ ઉપર છેલ્લી ડાળીએ નાળિયેર લટકાવડાવ્યું. પછી મહારાજે કહ્યું, 'સભામાં બેઠેલા સર્વે નિશાનબાજ ઊઠો અને આ નિશાન પાડો.' ત્યારે સભામાં ઊભા થઈ જોબન પગીએ હાંકલ કરી કે, 'આ સભામાં મૂછને તા દે એવો કોઈ કાઠી છે ? હોય તો આવો, નિશાન પાડો અને મોજ મેળવો.' જોબનને પોતાની કળાના અભિમાનમાં ઝાલ્યા ન રહેવાણું. જાણે કે 'હું જ શ્રેષ્ઠ છું.' એમ સહુ હરિભક્તો સાથે વર્તન થઈ ગયું. મહારાજને તેમનું આ વર્તન ન રુચ્યું.

✹ ગુણોના અહંથી અધઃપતન :

ખરેખર તો ભગવાન મળ્યા છે, સંતો મળ્યા છે તેનો કેફ રાખવો જોઈએ, તેનું બળ રાખવું જોઈએ; પરંતુ **જીવ જ્યારે ભગવાનની કૃપા ભૂલી જાય છે અને પોતાને વિશે સ્વતંત્રપણું ને શ્રેષ્ઠપણું માને છે ત્યારે**

તરત તેને પોતામાં રહેલા ગુણનું, કળાનું કે કોઈ નિયમ પળતા હોય તેનું અભિમાન આવે છે.

જોબન પગીના શબ્દો સાંભળીને તલવારોને વાપરી જાણનારા કાઠીઓ; જોબન પગી જેવા નિશાનબાજ આગળ હાર થાય એવી બીકે હોડમાં ન ઊતર્યા. ત્યારે શ્રીહરિએ ફરી કહ્યું, 'કેમ બધા બેસી રહ્યા છો, ઊઠો કોઈ તો નિશાન પાડો.' તેથી જોબન પગી મૂછે હાથ નાંખી ગર્વથી ગાલ ફુલાવતા બે-ત્રણ વાર બોલ્યા, 'કોઈ નહિ ઊઠો ?' પછી તેણે પોતાના નાનાભાઈ શકરા પગીને કહ્યું, 'ઉઠાવ તીર-કામઠું અને નિશાન પાડ.' તેણે ઘણી વાર નિશાન પાડ્યા પરંતુ બધા નિશાન નિષ્ફળ ગયા. પછી તો સુંદર પગી અને દલા પગીએ પણ સાહસ કર્યું. તેઓ પણ નિશાન પાડવામાં નિષ્ફળ ગયા. એટલે જોબન પગીએ તીર-કામઠું હાથમાં લીધું. શ્રીજીમહારાજ મંદમંદ હસતા જોબન પગીના અભિમાનને જોયા કરતા હતા.

હે વહાલા ભક્તો ! આપણે પણ જ્યારે કોઈપણ બાબતના અભિમાનમાં હોઈએ ત્યારે આપણા અંતરમાં રહ્યા થકા પરમાત્મા જોયા કરે છે કે, આ મારા દાસને એના અહંમે દાસ બનાવ્યો છે. હવે એને મારો જાણીને અહંરૂપી રાક્ષસના કબજામાંથી છોડાવવા મારે તેની વ્હારે ચડવું પડશે. મારા ભક્તની મદદ હું નહીં કરું તો બીજો કોણ કરશે ? એમ વિચારી શ્રીહરિ નિજદાસનું અભિમાન તોડવા કંઈક તો યુક્તિ જરૂર અજમાવે છે અને નિજભક્તને થયેલા અહંનો નાશ કરી સુખિયો કરે છે.

જોબન પગીને બધા દરબારો જોઈ રહ્યા હતા. જોબને બરાબર નિશાન તાક્યું. અને છન..નન.. કરતું તીર ફેક્યું. પરંતુ આ શું..?! નિશાન ફેલ ગયું ! શ્રીહરિ કહે, 'પગી ! ફરીવાર બરાબર નિશાન

તાકો; જો જો હવે ફેલ ન જાય.' જોબને ફરીવાર નિશાન તાકી તીર છોડ્યું. તે પણ નિષ્ફળ ગયું. અરે, ત્રીજો ઘા પણ ખાલી ગયો ! જોબન પગી વિચારમાં ચડી ગયા. આ શું થયું ?? તે સમજાતું નથી.

અભિમાન માણસનું પતન કરે છે. ગર્વ સર્વ દુઃખનું ઘર છે. ઘરોઘરમાં, ગામોગામમાં કે દેશોદેશમાં થતાં ઝઘડાનું મૂળ અભિમાન છે. અભિમાન સર્વે દિવ્ય સંપત્તિનો નાશ કરે છે. અજ્ઞાનીને કે વિદ્વાન વ્યક્તિને રાજી કરવા સહેલા છે, પરંતુ અહંકારથી ભરેલા માણસને સમજાવવો કે રાજી કરવો બ્રહ્માને માટે પણ મુશ્કેલ છે.

જે માણસ જેટલો નાનો હોય તેટલો તેનો અહંકાર મોટો હોય છે. અહં ઓગળે ત્યારે સર્વ પ્રકારના ભય નાશ પામે છે. અહંકારી વ્યક્તિ હંમેશાં પોતાનાં સારાં કાર્યોને ગણાવ્યા કરે છે અને બીજાનાં ખરાબ કાર્યો તથા અવગુણોને ગણાવ્યા કરે છે. આપણે તો આ ભૂલ નથી કરતાને..! તે તપાસવું.

✹ આંબા શેઠે નિશાન પાડ્યું

પછી મંદમંદ હસી મહારાજ કહે, 'જોબન પગી ! હવે તમે નીચે બેસી જાવ.' ત્યારે કાઠીઓ પરસ્પર એકબીજાને કહેવા લાગ્યા, **'અલ્યા, મહારાજની મરજી હોય તો મૂંગો પણ વેદ ભણે અને મરજી ન હોય તો નિશાનબાજનેય નીચું જોવું પડે. ભણું, આ પરગટ પરભુની મરજી હોય તેમ થાય. તેમની મરજી ન હોય તો કોઈથી ધાર્યું નિશાન પડે નહીં.** પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, તારામંડળો અને બ્રહ્માંડો બધું આ શ્રીહરિના હાથમાં છે. પ્રભુ કૃપા કરે તો પાંગળો પર્વત ચડે; બાકી કોઈથી કાંઈ ન થાય.'

પછી સભામાં મહારાજ કહે, 'લ્યો અમારા નિશાન પાડનારાને બોલાવીએ.' ત્યારે સભા વિચારે ચડી, 'કોણ હશે એ શ્રીહરિના નિશાન

પાડનારા ?' ત્યાં શ્રીહરિ બોલ્યા, 'અમારો આંબો ક્યાં છે ?' તેથી આંબાશેઠ હાથ જોડી મહારાજને પગે લાગ્યા અને કહે, 'મહારાજ, આપની સેવામાં હાજર છું.' મહારાજ કહે, 'તમે નિશાન પાડો.'

જે ચોપડા લખનારા વાણિયા છે, જેણે તીરકામઠું હાથમાં ઝાલ્યું નથી, તેને શ્રીહરિએ નિશાન પાડવાનું કહ્યું. તેઓ મહારાજની મરજી તરત સમજી ગયા. તેણે જાણ્યું આજ આ કામ મારાથી થશે; છતાં જોબન પગીની સામે આ કાર્ય કરવાનું હોવાથી થોડા ખચકાયા. એટલે જોબન પગી કહે, 'શેઠ ! હાથમાં તીરકામઠું લો.' પછી મહારાજ સામે જોયું. શ્રીહરિએ સંમતિ આપી. તેથી હાથમાં તીરકામઠું લીધું.

આંબા શેઠે મહારાજની મૂર્તિ હૈયામાં ધારી નિશાન તાકી 'જય ન્યાલકરણ' કહી તીર ફેંક્યું. અને પહેલા જ ઘાએ તો તે તીર નિશાન વીંધી નાળિયેર સોતું દશ હાથ દૂર પડ્યું. સભામાં બેઠેલા સહુ ભક્તો આશ્ચર્યચકિત થઈ ગયા.

મહારાજ કહે, 'શાબાશ... શાબાશ... આંબા શેઠ ! શાબાશ... તમે તો જોબન પગીથી પણ આગળ નીકળ્યા.' ત્યારે શેઠ કહે, 'હે પ્રભુજી ! આ બધો આપનો પ્રતાપ છે. મેં તો જિંદગીમાંય તીરકામઠું હાથમાં લીધું નથી. પરંતુ આજ આપની ઈચ્છાથી નિશાન પડ્યું છે. નહિ તો સો ઘાએ પણ નિશાન ન પાડી શકું.' એમ કહી મહારાજને દંડવત્ કર્યા. પ્રભુએ પોતાના કંઠમાં હાર હતો તે તેમના ગળામાં પહેરાવ્યો. જોબન પગીનો ગર્વ ગળી ગયો. જોબન તથા તેમના ત્રણેય ભાઈઓ નતમસ્તકે મહારાજનાં ચરણમાં પડ્યા અને કહે, 'મહારાજ ! આંબા શેઠે આજ અમારી લાજ લીધી.' ત્યારે મહારાજ કહે,

દોહા : **કોઈએ કદી ન કરવું, ગુણ તણું અભિમાન;**
નમ્રતા આગળ ગર્વની, થાય છે હાર 'જ્ઞાન'...૧૦૦

હું હટે તો દુઃખ મટે, થાય અંતરે સુખ;
'જ્ઞાન' અભિમાન કરાવે, સંત હરિથી વિમુખ...૧૦૧

રથોદ્ધતા : **ગર્વ સર્વ સુખ નાશકાર છે, ગર્વ માંહિ દુઃખ તો અપાર છે;**
ગર્વવાન તૃણતુલ્ય થાય છે, ગર્વગંજન હરિ ગણાય છે.

અભિમાન પતનનું કારણ છે. અલૈયા ખાચરને અભિમાન આવ્યું તો તે શ્રીહરિ સાથે કુંડળમાં કુસ્તી કરવા તૈયાર થયા. પછી મહારાજે તેનો અહંકાર સારી રીતે ઉતાર્યો. તે વાત પ્રસિદ્ધ છે.

વળી, ગોવિંદસ્વામીએ જેતલપુરમાં યજ્ઞ કર્યો. શ્રીહરિએ તેમાં સફળતા આપી. એટલે તેનું અભિમાન આવ્યું. પછી યજ્ઞમાં વધેલા બે હજાર રૂપિયા મહારાજથી છાની રીતે નાનાભાઈને આપ્યા. મહારાજે કહ્યું, 'સ્વામી ! કાંઈ યજ્ઞમાં વધ્યું ?' તો કહે, 'ના મહારાજ, દરની માટી દરમાં સમાઈ ગઈ; કાંઈ વધ્યું નથી.' તે સમયે સભામાં બેઠેલી પર્વતભાઈની આઠ વર્ષની નાની દીકરી ઊભી થઈને બોલી, 'શું કામ ખોટું બોલો છો ? બે હજાર રૂપિયા નાનાભાઈને ઘેર નથી મૂક્યા ?' શ્રીહરિ કહે, 'સ્વામી, પેલી દીકરી શું કહે છે ?' ત્યારે તે કહે, 'એ શું બોલે..? એમાં રહીને તમે બોલો છો.' આમ મહારાજને અંતર્યામી જાણતા હોવા છતાં અહં આવવાથી ભૂલ પડી. માટે **સત્સંગમાં સદા દાસના દાસ થઈને રહેવું.** શ્રીહરિ કહે છે કે,

દાસના દાસ થઈને, જે રહેશે સત્સંગમાં;
ભક્તિ ભલી માનીશ તેની, રાચીશ તેના રંગમાં.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીનો ગર્વ ઉતાર્યો' એ નામે ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

અધ્યાય-૩૦

જોબન પગીની પ્રાર્થના, રસોઈ તથા નિષ્ઠાની વાત

પછી જોબન પગી પ્રાર્થના કરતાં કહે છે કે,

દોહા : **સર્વોપરી છો શ્રીહરિ, ધાર્યું તમારું જ થાય;**
સિંહનું કરો તમે સસલું, સસલું સિંહ બની જાય...૧૦૨
જીવન મારું જાણજો, હરિ તમારે આધીન;
જ્ઞાનાકાર તવ આગળે, જોબન અતિ છે દીન...૧૦૩

"હે મહારાજ ! આપ તો સર્વોપરી પુરુષોત્તમનારાયણ છો. આપની લીલા અપાર છે. મારા પૂર્વનાં કાંઈક પુણ્યોથી આપ પ્રગટ પ્રભુ મને મળ્યા છો. આપ જ સર્વે અવતારોના અવતારી છો, સર્વનું કારણ છો, આપના જેવું અનંતકોટી બ્રહ્માંડમાં કોઈ નથી. અને આપની પ્રગટ નિષ્ઠાવાળા આ સંતો-ભક્તો જેવા મહાન આ બ્રહ્માંડમાં કોઈ નથી. નિશાન પાડવામાં ભલે ફેલ ગયો; પરંતુ તમારી કૃપાથી હું મારા અહંરૂપી દોષને જીતવામાં સફળ થયો છું. માટે આવતીકાલે મારી રસોઈ રાખો અને સહુને જમાડો."

પછી બીજે દિવસે મહારાજે વડતાલમાં જોબન પગીની રસોઈ રાખી. પ્રથમ મહારાજ જમ્યા. પછી શ્રીહરિએ સંઘ સહિત સહુ સંતો-ભક્તોને અડદિયા, લાડુ વગેરે પ્રેમથી પીરસીને જમાડ્યા. પછી જોબન પગીએ મહારાજની પૂજા કરી, કપૂરથી આરતી ઉતારી, ભેટ ધરી. **આ પ્રસંગ પરથી જોબન પગીએ પોતાની ભૂલ ઓળખીને નિર્માનીપણે સ્તુતિ કરી અને શ્રીહરિ, સંતો-હરિભક્તોને જમાડી શ્રીહરિ રાજી થાય એવું કામ કરી લીધું. આમ જોબન પગી અવાર-નવાર શ્રીજી-સંતની સેવા કરી પોતાની સંપત્તિ અને જીવનને સાર્થક કરતા.** જેટલી આપણી જિંદગી, જેટલા શ્વાસો અને જેટલી સંપત્તિ શ્રીહરિ અને સંતો-ભક્તોને અર્થે વપરાય એટલી જ સાર્થક ગણાય. માટે આપણે પણ આવી સમજણ શીખવી.

✹ શ્રીહરિ સાથે પગીની ગોઠડી :

જોબન પગીના દરેક પ્રસંગો આપણને ઘણું શીખવી જાય છે. એકવાર શ્રીહરિ વડતાલ પધાર્યા. તે વખતે જોબન પગી તથા મહારાજનો સંવાદ થયો તે વાત આધારાનંદસ્વામીએ હ.ચ.સા.૮/૬૩માં ખૂબ જ સરસ રીતે લખી છે.

સ્વામી કહે, અક્ષરાધિપતિ શ્રીહરિ ભક્તોની રક્ષા કરવા રાત્રી-દિવસ સત્સંગમાં વિચરતા હતા. એકવાર વડતાલ આવ્યા. જોબન પગીને ઘેર ઉતારો રાખ્યો. ઘણા દિવસ ત્યાં રહ્યા. એક દિવસ સંધ્યા સમયે સર્વે પાર્ષદો તથા જોબન પગી વગેરે ભક્તોને લઈને શ્રીહરિ ગામ બહાર ટહેલવા નીકળ્યા. પછી પાર્ષદો સામું જોઈ શ્રીહરિ કહે, “અમે ૧૧ વર્ષની ઉંમરે ઘર છોડ્યું. પછી એકલા જ ઘોર વનમાં ૭ વર્ષ સુધી ફર્યા. જંગલમાં હાથી, સિંહ આદિ પ્રાણીઓ હોય પરંતુ અમને કોઈનો પણ લેશમાત્ર ડર લાગતો નહીં.”

ત્યારે જોબન પગીએ કહ્યું, “હે મહારાજ ! આપ તો ભગવાન છો. એટલે આપને વળી ભય કોનો ? આવા તો અનંત અને અપાર બ્રહ્માંડો છે. તેનો કોઈ પાર પામી શકાય તેમ નથી. તે બ્રહ્માંડોમાં જે જે દેવો, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત અને મનુષ્ય આદિક સર્વે છે. તેમ જ પશુ, પંખી આદિ જીવજંતુઓ છે. સ્થાવર અને જંગમ, જડ અને ચેતન, જળજંતુઓ, આકાશચારીઓ વગેરે અણુ જેવા હોય કે મહાન હોય, **જેમાં જીવ રહેતો હોય, એ બધાં જ આપને આધીન છે. પાતાળથી લઈને પ્રકૃતિપુરુષ સુધી સર્વ જગતમાં આપ જેવું ધારો તેવું જ બધું થાતું હોય છે.** અત્યારે તે અંગે અમને પાકો વિશ્વાસ છે.”

સત્સંગના પ્રતાપથી, તમારો આવો મહિમાય;
જાણ્યો છે અમે મનમાં, સંશય કદિ ન થાય...૧૦૪

ત્યારે શ્રીહરિ કહે, 'જોબન પગી ! તમને અમારો આવો નિશ્ચય કેમ થયો ?' ત્યારે તે કહે, 'હે મહારાજ ! એકવાર ભાઈરામદાસજીસ્વામી અહીં વડતાલ આવ્યા હતા. તેમણે અમને સમજાવીને આપના સ્વરૂપનો આવો પાકો નિશ્ચય કરાવ્યો છે. **સ્વામી આવી જે જે વાતો કરે તે અમને પૂરેપૂરી મનાતી. તેમનું વર્તન જ એવું હતું કે તેમની વાતો સાંભળતાં સહુને પ્રેમ થતો હતો અને વાત ગળે ઊતરી જાતી હતી.** તેમનામાં વચનસિદ્ધિ હતી; તેથી જે કહે તે વાત તરત સત્ય દેખાતી.

✹ ભાઈરામદાસસ્વામીની વિશેષતા :

એકવાર તેમને અમે પૂછ્યું કે, 'આપને આવી વચનસિદ્ધિ ક્યાંથી મળી ?' ત્યારે સ્વામી કહે, 'સાંભળો. તે વાત હું તમને સમજાવું છું. મેં આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામીની સેવા કરી હતી. તેમના પ્રતાપથી આ વચનસિદ્ધિ મળી છે. પરંતુ જ્યારથી આ સહજાનંદસ્વામી મળ્યા છે, ત્યારથી બધું તેમની કૃપાથી જ થાય છે; એમ હું સમજું છું.'

રામદાસસ્વામી એટલે રામાનંદસ્વામીના પ્રથમ શિષ્ય. રામાનંદ સ્વામીને વૃંદાવનમાં શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દીધા અને સંપ્રદાય સ્થાપવાનું કહ્યું. પછી તે ત્યાંથી જૂનાગઢ તરફ જતાં સારંગ નામે ગામના પાદરમાં એક ખેડૂત સાંતી હાંકતા હતા. તે જોઈને રામાનંદસ્વામીએ તેને કહ્યું, 'ભાઈ ! ક્યાં સુધી આમનામ જમીન ખેડશો ? આત્માની ખેતી ક્યારે કરશો ? મનુષ્યજન્મ તો પ્રભુ મેળવવા માટે જ છે.'

સ્વામીના આ વચન સાંભળતાં જ સાંતીને ખેતરમાં ઊભું મૂકીને ચાલી નીકળ્યા અને તે સંત થયા તે જ ભાઈરામદાસસ્વામી. તેમણે પોતાના ગુરુ સદ્.શ્રીરામાનંદસ્વામી તથા તેમના ગુરુ મહાસિદ્ધ આત્માનંદસ્વામીની ખૂબ સેવા કરી હતી. તેને પ્રતાપે ભાઈરામદાસ સ્વામી વચનસિદ્ધ થયા હતા. તેથી સ્વામી કહે છે કે, પ્રથમ ગુરુદેવ રામાનંદસ્વામીના પ્રતાપથી હું વચનસિદ્ધિ માનતો. પરંતુ જ્યારથી

સર્વાવતારી શ્રીહરિ મળ્યા ત્યારથી તમામ તેમની કૃપાથી જ થાય છે, એમ હું માનું છું. કેમ જે, શ્રીહરિ જ સર્વના કારણ છે. જ્યારે રામદાસસ્વામીએ આવું કહ્યું ત્યારે અમને એમાં પૂરો વિશ્વાસ આવ્યો છે કે, તમે જ અક્ષરધામાધિપતિ સર્વે અવતારના ઉપરી, પ્રેરક ને કારણ, સર્વોપરી મનુષ્યરૂપે પ્રગટ પુરુષોત્તમનારાયણ છો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીની પ્રાર્થના, રસોઈ તથા નિષ્ઠાની વાત કહી' એ નામે ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

અધ્યાય-૩૧

જોબન પગીની સ્વરૂપનિષ્ઠા અને સમજણ

હે નાથ ! હવે મને આપનો એવો અચળ વિશ્વાસ થયો છે કે,

दोहा : **अब छोडाइ न छूटे कबु, अचल प्रतीति आई ।**
जेसे प्रतीति जातीकि, तेसे तुमारी कराई ।।
चरित्र करो अब जीतने, निश्चे न मीटे लेश ।
विमुख करो दोष देख कबु, करहि न तुमारो द्वेष ।।

હે નાથ ! જેવી આ દેહમાં અચળ પ્રીતિ થઈ છે, એવી જ તમારામાં પરમેશ્વરપણાની દૃઢ પ્રતિતિ થઈ છે. જેમ વ્યક્તિને 'હું બ્રાહ્મણ છું', 'પટેલ છું', 'વણિક છું' કે 'ભરવાડ છું' આવી જ્ઞાતિની પ્રતીતિ રહે છે, એવી પ્રતીતિ મને સ્વામીના વચનથી આપમાં થઈ છે. હવે તમે ગમે તેવાં ચરિત્ર કરો છતાં મારો નિશ્ચય લેશમાત્ર પણ ટળે તેમ નથી.

કદાચ મારા દોષો કે સ્વભાવને દેખીને તમે મને વિમુખ કરો છતાં મને તમારો ક્યારેય દોષ ન આવે. અને આપ મને કાઢી મૂકો છતાં રંચપણ તમારો વિરોધ ન કરું; તમારી સાથે દ્વેષ ન રાખું; સદા

તમારી જ ધ્યાન-ઉપાસના કરું. આવો મને પાકો નિશ્ચય છે. હજી મારા તમામ સ્વભાવો, વાસના કે ખામી ટળી નથી, પરંતુ સંતકૃપાથી તમને ઓળખ્યા છે.

सोरठा : तुम अदोष सदाय, तुमारे संत अदोष सब ।
हरिजन जे ते रहाय, तुम से हे अदोष तेहि ।।

હે મહારાજ ! તમે જેવા સદા નિર્દોષ છો, દિવ્ય છો તેવા જ આ તમારા સર્વે સંતો સદા દિવ્ય અને નિર્દોષ છે. અને જેટલા હરિભક્તો છે તે સર્વે તમારા યોગને કારણે તે પણ સદા નિર્દોષ છે. એમ મને મનાય છે. જો કે, મારામાં અપાર દોષ છે. આપ કહો કે, 'તમે ઘર છોડી દ્યો' તો કદાચ તેમાં વાર લાગે. કેમ જે, અમે હરિભક્ત થયા છીએ પણ તેમાં થોડા કાચા રહ્યા છીએ; પરંતુ હે નાથ ! આપ તથા આપના સંતો-ભક્તો સદા નિર્દોષ છો, દિવ્ય છો, નિર્ગુણ છો, ચૈતન્યની મૂર્તિ છો. આ નિશ્ચય મારો ટળે તેમ નથી.

આપણે પણ રાત્રી-દિવસ સંતનો સમાગમ કરીએ છીએ, સદ્‌ગ્રંથો વાંચીએ છીએ, કથા-વાર્તા સાંભળીએ છીએ; પરંતુ સંતો-ભક્તો વિશે આવી નિર્દોષ બુદ્ધિ કેટલી થઈ ? **જેટલી આવી નિર્દોષ બુદ્ધિ થાય અને દિવ્યભાવની દૃઢતા થાય એટલો જ સત્સંગ કર્યો કહેવાય.** શ્રીહરિ તથા તેમના સંતો-ભક્તો અને બીજા જગતના જીવ બંને સરખા જ મનાય તો શું ધૂળ સત્સંગ કર્યો કહેવાય ? કાંઈ સમજ્યા કહેવાય નહીં. કેમ કે, **અલૌકિક મતિનું નામ જ સત્સંગ છે.** જોબન પગીએ વડતાલના પાદરમાં શ્રીહરિ સાથે ફરતાં ફરતાં આ વાત કરી, તે આપણા સહુ માટે બહુ જ ઉપયોગી છે. વળી કહે છે કે,

चोपाई :

तुम अपमान करो सहे सबहु, संत को दुःख न लगे उर कबहु ।
अंत समे जीय के हे यह संगी, युं जानी प्रीत भई हे अभंगी ।।

હે નાથ ! આપ ગમે તેટલું મારું અપમાન કરો, આપના સંતો ગમે ત્યારે ગમે તેવું મારું અપમાન કરે, સભામાં વઢે, મારી નિંદા કરે, છતાં તેનું મને દુઃખ ન લાગે. કેમ કે, મેં આપને તથા આપના સંતોને ઓળખી લીધા છે. હું તો દોષયુક્ત છું, પરંતુ આપ તથા આપના સંતો સદા નિર્દોષ છો, મોક્ષના દાતા છો. આ સંતો જ મારા અંત સમયના સાચા સગાં છે. એમ સમજીને મેં આ પ્રગટ સંતોમાં ગાઢ પ્રીતિ કરી છે. માટે તેને કોઈ તોડી શકે એમ નથી.

संतकुं स्वारथ नहिं कबु लेशा, मोक्ष करन स्वारथ हे हंमेशा ।
पेटमें अन्न जोत हे जेता, घर घरसें मागी लावत तेता ।।

આ સંતોને લેશમાત્ર પણ પોતાનો સ્વાર્થ નથી. જીવનો મોક્ષ કરવો તે જ એક કાયમનો સ્વાર્થ છે. પેટ પૂરતું અન્ન જોઈએ તે પણ માધુકરી વૃત્તિથી માગી લાવે છે. જેમ ભમરા ફૂલને પીડતા નથી, માત્ર સુગંધ જ લે છે; તેમ સંતો વારેવારે એક ઘેર ભીક્ષા કરવા પણ જતા નથી. જે અનાજ મળે તેનાથી જીવનનિર્વાહ કરે છે અને અખંડ આપની ભક્તિ કરે છે, આપના ગુણગાન ગાય છે અને અમને આપનાં અલૌકિક ચરિત્રો સંભળાવે છે. માટે આ સંતો તો અમારાં સાચા સગાં છે; મોક્ષના દાતા છે. કોઈ મને કાપી નાખે છતાં અમે તેની નિંદા ન કરીએ. મને ક્યારેય તેમનો અભાવ ન આવે.

હે વહાલા ભક્તો ! આપણું કોઈ સંતોએ અતિ અપમાન કર્યું હોય તો કેમ થાય ? તે તપાસવું. જોબન પગી જેવું શ્રીહરિ અને સંતનું સ્વરૂપ તથા મહિમા સમજાયો છે ? તે અંતરમાં ડોકિયું કરીને જોતા રહેવું. વળી તેઓ આગળ કહે છે કે,

संत को वर्तन कहावत जेतो, देखत भाव हि उपजत तेतो ।
लोभ न देखावत कोउ रीता, तेहि करीके उपजत अति प्रीता ।।

હે નાથ ! સંતોનું વર્તન જોઈને જ તેમના ઉપર અમને અત્યંત

પ્રેમ થાય છે. કેમ કે, તેમાં કોઈ પ્રકારનો લોભ દેખાતો નથી. કોઈ પણ જાતનો સ્વાર્થ રાખ્યા વિના જ જીવનો ઉદ્ધાર કરે એવા સાધુ તો અમે ક્યાંય સાંભળ્યા નથી.

જ્યારે સંસારીને સંતમાં સ્વાર્થ જણાય, લોભ જણાય ત્યારે તેને સંતોમાંથી હેત ઊતરી જાય છે. કેમ કે, તેમને એમ લાગે છે કે, 'જેવા આપણે સ્વાર્થી છીએ તેવા જ આ લોકો છે.' માટે સંતોએ નિઃસ્વાર્થપણે સહુનું હિત કરવું જોઈએ. જ્યારે જોબન પગીએ સંતોને નિઃસ્વાર્થ જોયા ત્યારે ગાઢ પ્રીતિ થઈ અને બોલ્યા :

દોહા : **કળિયુગ કે યહ કાલમેં, સત્યુગ જૈસે સંત;**
દર્શન સે સબ દુઃખ મિટે, આવે ચોરાસી અંત...૧૦૫

✵ સદાચાર અને સંયમની મહત્તા :

હે મહારાજ ! સાંભળ્યું છે કે પૂર્વે નારદ, સનકાદિક, શુકદેવજી, કપિલજી, દત્તાત્રેય અને ગોરખનાથ સારા હતા. શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય નિષ્કામી અને નિર્લોભી આચાર્યો હતા. ઋષભદેવ ભગવાન, જડભરત અને દક્ષ પ્રજાપતિના અગિયાર હજાર પુત્રો પણ નિર્લોભી હતા. પરંતુ તે વાત યુગો પહેલાંની છે; તેને અમે નજરે દેખી નથી. અને આ સંતોની વાત તો આજ આપે નજરે દેખાડી છે. બાકી અત્યારે જગતમાં સ્ત્રી, ધન અને વ્યસનનો ત્યાગ કરી નિઃસ્વાર્થપણે સહુનું હિત કરે એવા સંત કોઈ દેખાતા નથી. બધા જ આશ્રમવાળા સ્ત્રી, ધન ને વ્યસનમાં આસક્ત થયા દેખાય છે. ત્યાગી થઈને પણ ધન ને સ્ત્રી રાખે છે, તો બીજાનું શું કહેવું ?

તે સાંભળીને શ્રીહરિ કહે, **"એ કાંઈ શાસ્ત્રનો મત નથી, બધાએ શાસ્ત્રનો મત તજી દીધો છે. આજે ધર્મ પાળવો બહુ કઠણ છે. શસ્ત્રથી મરી જાવું કે અગ્નિમાં પડીને સળગી જાવું સુગમ છે, પણ ધર્મ પાળવો કઠણ છે. જેમ દેહમાંથી જીવ નીકળી જાય પછી તેનો કોઈ જ ઉપયોગ**

થતો નથી; તેવી જ રીતે જે નીતિ કે ધર્મ રહિત હોય તેમાં પરમેશ્વર ક્યારેય રહેતા નથી. પરમેશ્વરે એવો જ નિયમ કર્યો છે કે, જે નીતિમાં રહે તે જ સુખી રહે. અને નીતિમાન તથા પ્રામાણિક વ્યક્તિને જ પ્રભુ સહાય કરે છે. માટે આપણે પણ ધર્મ દૃઢપણે પાળવો.

ધર્મ ભક્તિની ઢાલ છે. ધર્મ સદ્‌ગુણરક્ષક દિવાલ છે. માટે સુખી થાવું હોય તો ક્યારેય કુદરતના કાયદાને લોપવા નહીં. પ્રભુએ બાંધેલી ધર્મમર્યાદાને જે તોડે છે તે કોઈ કાળે સુખી થતા નથી. માટે ધર્મને લોપીને રાતોરાતમાં લાખોપતિ થવાની ઈચ્છા કોઈએ રાખવી નહીં. જો ધર્મ-નિયમને છોડશો તો તમારાં કરેલાં કર્મો તમારે જ ભોગવવાં પડશે. પછી દુઃખી થઈને રોવાનો વારો આવશે. માટે સદા આનંદમાં રહેવું હોય તો શ્રીહરિ કહે તેમ કરવું. શિક્ષાપત્રી પ્રમાણે રહેવું.

મહારાજ કહે, હે જોબન ! અત્યારે જગતમાં આ સત્સંગ સમાન બીજો કોઈ મત કે સિદ્ધાંત નથી. જે માણસ જેટલો સત્સંગ કરે છે, તેને તેટલી સદ્‌બુદ્ધિ મળે છે. જે મનુષ્ય રાત્રી-દિવસ સત્સંગ કરતો રહે તે મૃત્યુ પછી ભગવાનના ધામને પામે છે, ને આલોકમાં પણ સુખી થાય છે. સત્સંગ રાખે છે તેને ભગવાન સહાય કરે છે. માટે જે સત્સંગ કરે છે તે બધા સભાગિયા છે અને કુસંગ કરે તે બધા દુર્ભાગિયા છે.

श्रीहरि जाको जिय लेव तानी, समर्थ कछु न रहत सो प्रानी ।
तेहि हित सब कारन हरि कुं जानि, हरि कुं भजना अति हेत आनी ।।

મનુષ્ય રાત-દિવસ સત્સંગ કરતો રહે તે સુખી થાય છે. ભગવાન જો શરીરમાંથી જીવને ખેંચી લે, તો કોઈપણ પ્રાણી કાંઈપણ કરી શકે જ નહીં. એટલા માટે જ ભગવાનને સર્વના કારણ સમજીને ઘણા હેતથી તેમનું ભજન કરવું."

શ્રીહરિએ આ રીતે વાત કરી અને જોબન વગેરે ભક્તોને પ્રસન્ન કર્યા. પછી ઉતારે આવ્યા ને શ્રીહરિ પ્રેમથી પલંગ ઉપર પોઢી ગયા. આમ, મહારાજ જોબન પગીને ઘણીવાર તેમના હિતની વાતો કરતા હતા. તે વાત સર્વ સાધકને અતિ ઉપયોગી છે.

માટે દૃઢતાપૂર્વક નિયમધર્મ પાળવા. આપણે મહારાજને હાર પહેરાવીએ, ચુંબન કરીએ, દર્શન કરી અંતરમાં ઉતારીએ, તેથી આપણને મહારાજમાં હેત થાય; પરંતુ ભગવાનને આપણામાં કેમ હેત થાય છે, તે જાણો છો ? **આપણે જેટલી ભગવાનની આજ્ઞા પાળીએ તેટલું તેમને આપણામાં હેત થાય છે.** માટે વચનપાલનમાં જ્યાં જ્યાં ગાબડાં પડતાં હોય તે ચણી દેવાં. ક્યારેય કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ, કોઈના ઉપર મિથ્યાપવાદનું આરોપણ કરવું નહિ, કપટ તથા દગો કરવો નહિ, અને શ્રીહરિ સદા આપણી સાથે જ છે, એમ સ્વીકારવું. **જે શ્રીહરિનું સતત સ્મરણ કરે છે અને મહારાજને પોતાની સાથે જ સ્વીકારે છે તેના તમામ વિકારો ટળી જાય છે.** પછી વડતાલથી મહારાજ ગઢપુર પધાર્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીની સ્વરૂપનિષ્ઠા અને સમજણની વાત કહી' એ નામે એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

અધ્યાય-૩૨

વડતાલમાં હિંડોળા તથા જન્માષ્ટમી ઉત્સવ

સં.૧૮૭૧માં ગઢપુરમાં રથયાત્રા કરી શ્રીહરિ સંતો અને દરબારોને સાથે લઈ સાળંગપુર આવ્યા. ત્યાં એક માસ રહ્યા. ત્યાંથી કુંડળ પધાર્યા. અહીં રાયબામા, મામૈયા પટગીર, અમરા પટગીર વગેરે ભક્તોને ખૂબ સુખ આપ્યું. પછી શ્રીહરિ ધંધુકા, ખસતા, પચ્છમ,

કમિયાળા, બોરુ, ગલિયાણા, સીંજીવાડા વગેરે ગામોના ભક્તોને સુખી કરી વડતાલ પધાર્યા. જોબન પગીના મેડે ઉતારો કર્યો. વાસણ સુતારને ઘેર મહારાજ નિત્ય જમવા જતા હતા.

એક દિવસ મહારાજ સવારમાં જોબન પગીના ઘેર સભા કરીને બેઠા હતા. ત્યાં સંતો પૂજા કરવા માટે આવ્યા. સહુ સંતોએ પૂજા કરી; ત્યાં તો તમામ ભક્તો પણ દોડી આવ્યા. જેમ લોઢું લોહચુંબક તરફ ખેંચાય છે તેમ સહુ સંતો-ભક્તોનાં મન શ્રીહરિનાં દર્શન તથા વાતોમાં સતત ખેંચાયેલાં રહેતાં.

સંતો ઘણીવાર તો મહારાજનાં દર્શન કરવા આખી રાત જાગતા અને એક નજરે મહારાજની મૂર્તિ સામું જોઈ રહેતા. આ પ્રગટ શ્રીહરિનો પ્રતાપ છે. નહીંતર એમાં કાંઈ આટલા બધા માણસો ખેંચાય નહીં. કોઈ એક માણસમાં બીજા અનેક લોકો જો ખેંચાતા હોય તો સમજવું કે, 'તેમાં ભગવાનનો વાસ હશે કાં તો સ્વયં ભગવાન હશે.'

✵ સંતો તમારા મુખનું પાણી રહેશે :

પછી ત્યાં વડતાલ જોબન પગીની મેડીએ સુંદર સભા ભરાઈને બેઠી હતી ત્યાં બે નવા ભાઈઓ મહારાજ માટે અત્તરની શીશી લઈને આવ્યા. તે શીશી મહારાજને ભેટ આપી. મહારાજે તે અત્તર લઈ સહુ સંતોને નાકે ચોપડ્યું. આ વાત ભક્તચિંતામણીમાં લખી છે જે,

ચોપાઈ : ચર્ચી નાસિકા ને બોલ્યા નાથ, તમે સાંભળજો સહુ સાથ;
બીજા ભેખ થાશે ધૂળધાણી, રહેશે તમારા મુખનું પાણી.

સંતો નિયમ-ધર્મે કરીને તમારાં નાક રહેશે. આ વાત સાવ સાચી છે. જે નિયમ-ધર્મથી ભ્રષ્ટ થાય છે તેનાં નાક અને કાન બેય જાય છે. પછી ચિંતા અને ભય તેને ઘેરી વળે છે. જે સંત કે ભક્ત નીતિમત્તા, પ્રામાણિકતા અને સાચા ધર્મમાં રહેતો હોય તે દેશ-વિદેશમાં ગમે ત્યાં

ફરે પરંતુ કોઈથી દબાય નહીં. કેમ કે, **જે નીતિમાં અને ધર્મમાં રહે તેની શ્રીહરિ સહાય કરે છે. માટે મહારાજ કહે, 'હે સંતો ! તમે ધર્મ નિયમમાં સાવધાન રહેજો. તેથી તમારી લાજ રહેશે અને જો લોપશો તો તમારી લાજ પણ બીજા ભેખધારીની જેમ જ જશે.'**

વહાલા ભક્તો ! શ્રીહરિએ કહેલી આ વાત સાવ સાચી છે. જો આજ પણ કોઈ સંત કે હરિભક્ત કે ધર્માચાર્ય ધર્મ-નિયમને લોપે છે તો ભગવાન તેને વિધવિધ રીતે દંડ દે છે, છાપે ચડાવે છે કાં આંતરિક પીડા આપે છે કાં સત્સંગમાં આબરુહીન કરે છે કાં તેનું સર્વે આંતરિક-બાહ્યબળ હરી લે છે. તેને ફિક્કો, નિર્બળ અને ઐશ્વર્યહીન બનાવી દે છે કાં તો તેનું પદ અને મોભો પણ છિનવી લે છે. આ શું નાની-સુની ફજેતી કહેવાય ? સામાન્ય પીડા કહેવાય ? માટે આપણે સહુએ શ્રીહરિજી મહારાજની શિક્ષાપત્રી પ્રમાણે, ધર્મામૃત પ્રમાણે સાવધાનપણે રહેવું જોઈએ.

પછી શ્રીજીમહારાજે અત્તરની શીશી લાવનાર બંને ભાઈઓને પાસે બોલાવી સમાચાર પૂછ્યા કે, 'તમે કોણ છો ? આ અત્તર કોણે મોકલ્યું છે ?' ત્યારે તેમણે કહ્યું, 'અમને અહીં તમારા સાધુ સુખાનંદસ્વામીએ મોકલ્યા છે. આ અત્તરની શીશી પણ તેમણે મોકલી છે અને આપને હાથોહાથ આપવાનું કહ્યું છે. બંગાળ દેશના કાયસ્થ કરોડપતિ લાલાબાબુએ વૃંદાવનમાં આરસનું શિખરબંધ મંદિર બંધાવ્યું. તેણે આ શીશી અને મથુરાના પેંડા આપ્યા છે.' પછી મહારાજ કહે, **'આ જગતમાં કોઈ રૂપિયાવાળા સત્સંગ કરે નહીં.'**

✺ કેવા ધનવાનને સત્સંગ થાય છે ?

હે વહાલા ભક્તો ! તે રૂપિયા ફેરવવામાં નવરા થાય તો પૂજા, માળા કે માનસી વગેરે કરેને..! માટે રૂપિયાવાળામાં કે તેમનાં છોકરાઓમાં પ્રાયઃ સંસ્કાર આવે નહીં. દ્વારકા અને લંકા બંને સોનાની

નગરી કહેવાય. દ્વારકામાં ભગવાન સ્વયં હતા છતાં તેમના દીકરાઓમાં બિલકુલ સંસ્કાર ન આવ્યા તે, ન જ આવ્યા.

એકવાર મેં જોયેલું કે, એક રૂપિયાવાળાનો છોકરો, ગરીબ સંસ્કારી સત્સંગીના છોકરા સાથે રમતો હતો. તે જોઈને તેનાં મા-બાપે તેને બોલાવી લીધો અને કહ્યું, 'આપણે એવા ગરીબના છોકરા સાથે ન રમાય.' આહાહાહા.. ! રૂપિયાવાળાના વંઠેલ, બગડેલ છોકરા સાથે જ રમાયને ? જુઓ તો ખરા, આવો રૂપિયાવાળાને સહજ અહં હોય છે. તેથી તે એના દીકરાઓને સંસ્કારી ગરીબ છોકરાઓના સંગમાં પણ રહેવા દેતા નથી. કેમ જે, તેમાં સંસ્કાર છે પરંતુ ધનપતિના દીકરા નહીં હોવાથી ધનવાનો પોતાના દીકરા તેવા ગરીબ સંસ્કારી દીકરા સાથે રમે તો પોતાની આબરૂ ઓછી થાય છે એમ સમજે છે. પછી ધનવાનોના સ્વચ્છંદી, બધી વાતે પૂરા હોય એવાના સંગમાં રહે છે. પછી મોટા થાય એટલે ઈંડાં ખાય, દારૂ પીવે, ભ્રષ્ટ થાય અને આખા કુટુંબની આબરૂ જાય એવાં કામ કરે.

માટે **સુખી થાવું હોય તો ગરીબ હોય છતાં સંસ્કારી ઘર હોય તો તેમની સાથે હેત રાખવું. સારાનો સંગ રાખવો. જે સંગશુદ્ધિ રાખે છે તેની જ જીવનશુદ્ધિ થાય છે.**

શ્રીહરિ કહે, 'કેવા ધનવાનને સત્સંગ થાય ? તો આખા બ્રહ્માંડની મોટપ કાળના ગ્રાસમાં રહેલી છે એમ દેખે એવા અમલદાર અને ધનવાનને કો'ક દિવસ સત્સંગ થાય છે.' પછી વળી મહારાજ કહે, 'તે બંગાળના કાયસ્થ વિપ્રને સંતો અને સંતોના સમાગમમાં ભાવ હતો અને મરણ પામ્યો છે, તેથી સત્સંગીને ઘેર જન્મ લેશે. **હરિભક્તને ઘેર જન્મ આવવો તે દેવથી અધિક છે; કહેતાં સ્વર્ગલોકમાં જાવું તે કરતાં પણ સત્સંગીને ઘેર જન્મ લેવો તે વધારે સારું છે. કેમ કે, તેનો મોક્ષ થાય છે.** દેવોને ત્યાં ભોગ-સુખ, અપ્સરાઓ, હિંડોળા, વિમાનો

વગેરે સમૃદ્ધિ ખૂબ છે પરંતુ સત્સંગ નથી, ભક્તિ નથી; તેથી વિષયમાં ફસાયેલા દેવોને પરમેશ્વરને પામવાની ઈચ્છા થતી નથી.

માટે સ્વર્ગલોકના દેવ કરતાં પણ સત્સંગીને ઘેર જન્મ લે તે શ્રેષ્ઠ છે. અને **હરિભક્તને ઘેર જન્મી જે સત્સંગ ન કરે તે અતિ અભાગી છે. ચંદનના વનમાં તે બાવળ જેવો છે. વિમુખના ઘેર જન્મી હરિભક્ત થાય તે બાવળના વૃક્ષમાં ચંદન જેવો છે.'** એમ કહી મહારાજે તે ગ્વાલિયર દેશના બંને ભક્તોને પરમહંસ કરી તેનાં 'જ્ઞાનાનંદસ્વામી' તથા 'રામાનુજાનંદસ્વામી' નામ પાડ્યાં. પછી સંતોને કીર્તનગાન કરવાનું કહ્યું. *(સંદર્ભ : હ.ચ.સા.૧૬/૧૧)*

પછી સંતે કર્યાં ગુણગાન, તેને સુણી રીઝ્યા ભગવાન;
આપી માથેથી સોનેરી મોળ, કાજુ કસુંબી રંગે ઝકોળ.

સંતોની કીર્તન-ભક્તિથી શ્રીહરિ બહુ રાજી થયા. તેથી શ્રીહરિએ ગાનારા સંતો ઉપર રાજી થઈ સોનેરી કસુંબી પાઘ મુક્તમુનિને પહેરાવી. તેથી શ્રીહરિનું મસ્તક ઉઘાડું થયું એટલે કોઈ હરિભક્ત સુંદર કેવડાની ટોપી લાવ્યા હતા તે મહારાજને પહેરાવી. મુક્તાનંદસ્વામી કસુંબી પાઘમાં અને મહારાજ કેવડાની ટોપી ધારી સુંદર શોભતા હતા. પછી મુક્તાનંદસ્વામીએ સોનેરી પાઘ ઉતારી. તેથી અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિએ કેવડાની ટોપી પોતાના હાથમાં લીધી.

તે તો હરિએ લીધી છે હાથે, મેલી મુક્તાનંદજીને માથે;
બીજા પાસે હતા જે મરાળ, તેને આપિયું ફૂલની માળ.

સહુ ગાનારા સંતોને ફૂલની માળા પહેરાવી. પ્રગટ પ્રભુ પ્રગટ સંતો-ભક્તોને આવો અલૌકિક આનંદ આપતા. અને તે સહુ સંતો-ભક્તોને પણ આ આનંદ પચતો. સામાન્ય જીવ આવું કરી તો ન શકે પણ કો'ક કરતાં હોય તે જોઈ પણ ન શકે. કેમ કે, પાત્ર બહુ નાનું પડે.

❋ સુરતી ભક્તોએ શણગાર પહેરાવ્યો :

પછી સુરતના હરિભક્ત પગે લાગી પૂજા કરવા આવ્યા. તેમણે સોનાના હાર, કડાં, બાજુબંધ, વેઢ, કુંડળ તથા શાલ અને જરીનો સુરવાળ શ્રીહરિને ધરાવી પૂજા કરી. સંતોએ ત્યાં સરોવરની પૂર્વ બાજુ આંબાના વૃક્ષે હિંડોળો બાંધ્યો હતો. આવા અલૌકિક શણગાર પહેરી શ્રીહરિ તેમાં બેસીને ઝૂલ્યા. ત્યાં સંત-હરિભક્તોની સભા થઈ. શ્રીહરિ હિંડોળે ખૂબ શોભતા હતા. સંતો ગરબી ગાતા હતા. તેની સાથે લટકાં કરી તાળી પાડતા હતા. હિંડોળાના બે સ્તંભ ગ્રહણ કરી શ્રીહરિ પણ ગરબી બોલતા. પગેથી હિંડોળો ઠેલીને ચાલતો કરતા.

શ્રીહરિને પ્રસન્ન કરવા સંતો ગાન કરતાં તનનું ભાન ભૂલી જતા. **સંતોને માત્ર એક પોતાના પ્રિયવર પ્રભુને રીઝવવાનું જ તાન હતું. તેથી તેઓ ગાન કરતાં ભગવાનમય બની જતા** અને તેથી જ શ્રીહરિ બહુ રાજી થતા. જે તનનું ભાન ભૂલી ભગવાનમાં તલ્લીન થાય તેને જ સાચો ભક્ત કહેવાય. આ સંતો આવા હતા. તેથી શ્રીહરિ પ્રસન્ન થઈ દરેક સંતને મળ્યા. સંતોએ પણ શ્રીહરિની પૂજા કરી અને ચરણમાં ચંદન ચર્ચી પોતાની છાતીમાં બબ્બે, ત્રણ-ત્રણ વાર લીધા. આમ, શ્રીહરિની સાથે સંતોના વિધવિધ રમૂજમાં દિવસો જતા રહેતા. એમ કરતાં જન્માષ્ટમી આવી. *(હ.લી.૭/૪૭)*

કૃષ્ણ જન્માષ્ટમી દિન આવ્યો, ત્યારે સમૈયો સારો ભરાવ્યો;
ભલા સુરતના ભક્ત આવ્યા, તાવદાન ભલું ભેટ લાવ્યા.
તેમાં બેસીને વિશ્વવિહારી, ચાલ્યા ના'વા સજી અસવારી;
ધન્ય ધન્ય તે ધના તળાવ, ના'યા જે વિષે નટવર નાવ.
જળકેળી કરી સખાસંગે, કોરાં વસ્ત્ર ધર્યાં પછી અંગે;
ગામનું જે તળાવ ગણાય, તે તળાવથી ઈશાન માંય.

આંબે હિંડોળો બાંધ્યો તે ઠામ, ઝૂલ્યા ત્યાં બેસી સુંદરશ્યામ;
હતો હિંડોળો નાનો હે ભૂપ, નાથે ત્યાં ધર્યું નાનુ સ્વરૂપ.

કોઈ પ્રેમી ભક્તને પ્રેમમાં ને પ્રેમમાં હરિવર માટે કેવડો હિંડોળો બનાવાય તેનો ખ્યાલ ન રહ્યો. તેથી નાનો બનાવ્યો અને આંબો પણ પાંચ વર્ષનો નાનો હતો. પરંતુ મહારાજ તેનો ભાવ સમજી ગયા અને તરત જ જેવડો હિંડોળો હતો તેવું નાનું સ્વરૂપ ધારી લીધું. આ જોઈ સહુ ભક્તોને ખૂબ આનંદ થયો.

જોઈ જનમન વિસ્મિત થાય, જાણ્યો શ્રીહરિનો મહિમાય;
એવાં પાવનકારી પવિત્ર, કરે નાથ વિચિત્ર ચરિત્ર.
અતિ રાજીમાં છે રંગરસિયો, સર્વે જન તણે મન વસિયો;
પછી થયું છે પંગતટાણું, બેઠા સંત શોભા શી વખાણું.

પછી જમવાનો સમય થયો. પ્રથમ શ્રીહરિ જમ્યા. પછી પરમહંસોની પંક્તિ થઈ. દેવોને પણ દર્શન કરવાનું મન થાય એવી દિવ્ય સંતોની પંક્તિ શોભતી હતી.

જાણે બેઠી છે હંસની હાર, એક એકથી ઓપે અપાર;
પછી મોદક લઈ મહારાજ, આવ્યા પ્રભુ પીરસવા કાજ.
જમે જન જમાડે જીવન, બહુ ભાત્યનાં લાવી ભોજન;
એમ આપે છે સુખ અપાર, તેનો કહેતાં આવે કેમ પાર.
આપ્યાં સુખ જનને જીવને, શ્રાવણ વદિ અષ્ટમીને દને;
તે દિ' કર્યો છે ઉત્સવ વા'લે, કરાવ્યો જોબન વરતાલે.

આ આખા ઉત્સવના યજમાનપદનો લાભ જોબન પગીએ જ લીધો હતો. વળી, રંગસપ્તમીના ઉત્સવનો પણ જોબન પગીએ જ લાભ લીધો હતો.

શ્રીહરિએ વ.ગ.મ.૬૨માં કહ્યું, **'જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેણે પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો. એવી રીતે જે ભગવાનપરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય તોય પણ મરે ત્યારે ભગવાનના ધામમાં નારદ-સનકાદિકની પંક્તિમાં ભળે અને પરમ મોક્ષને પામે.'** આ શ્રીહરિનાં વચનોને જોબન પગીએ પોતાના જીવનમાં યથાર્થ ચરિતાર્થ કર્યાં હતાં.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'વડતાલમાં હિંડોળા ઉત્સવ તથા જન્માષ્ટમી ઉત્સવ કર્યો' એ નામે બત્રીશમો અધ્યાય થયો. ॥૩૨॥

અધ્યાય-૩૩

શ્રીહરિનો વડતાલમાં જોબન પગીની મેડીએ ગુપ્તવાસ

સં.૧૮૭૨માં શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ કર્યો. પછી ત્યાંથી થોડા સંતોને સાથે લઈ મહારાજ કારિયાણી આવ્યા. ત્યાંથી બુધેજ ગયા. ત્યાં ખોડાભાઈના ખેતરમાં મુકુંદ બ્રહ્મચારીએ થાળ બનાવ્યો. શ્રીહરિને તથા બધાને પ્રેમથી જમાડ્યા. ત્યાંથી એકલા વહાલો વડતાલ આવ્યા. પ્રથમ જોબન પગીની ડેલીએ ગયા. પરંતુ ત્યાં સર્વે સૂતેલા હતા. તેથી ગામથી થોડે દૂર ચંદન તલાવડીએ શ્રીહરિ દંતધાવન કરી સ્નાન કરવા લાગ્યા.

આ બાજુ જોબન પગીએ વહેલા જાગી પોતાની ડેલી ખોલી. ત્યાં તો બારણા સામે રેતીમાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદની છાપ જોઈ. પછી મકાનની આસપાસ જોયું, પરંતુ ક્યાંય શ્રીહરિનાં દર્શન ન થયાં. એટલે જોબન પગીએ પગેરું કાઢ્યું. પગલાં પકડી સીધા ચંદન તલાવડીએ પહોંચ્યા. શ્રીહરિ દૂરથી જોબન પગીને આવતા જોઈને ડૂબકી

મારી ગયા. પગીનું ધ્યાન પગેરું કાઢવામાં હતું, તેથી તેમણે શ્રીહરિને ભાળ્યા નહિ; પછી આસપાસ જોયું તો ચરણારવિંદનું પગેરું આગળ ચાલ્યું નહિ, કાંઠા માથે જ અટક્યું હતું. એટલે પોતે ત્યાં બેઠા. તેમને ખાતરી થઈ કે, પગ આગળ ક્યાંય ચાલ્યા નથી. તેથી શ્રીહરિ નક્કી આ તળાવમાં છે. એમ નક્કી કરીને તે ત્યાં એક કલાક ધીરજ રાખીને બેઠા. પછી શ્રીહરિને દયા આવતાં તેઓ પાણીમાંથી પ્રગટ થયા.

શ્રીજીમહારાજને જોઈને જોબન પગી તરત દંડવત્ કરવા લાગ્યા. એ જોઈ મહારાજ કહે કે, 'તમોને કેમ ખબર પડી કે અમે અહીં તળાવમાં જ છીએ ?' જોબન પગી કહે, "મહારાજ ! હું આપનાં પગલે-પગલે આંહીં આવ્યો. ત્યાં દર્શન ન થયાં તેથી મેં તળાવને આંટો દઈ ખૂબ જોયું, તો તે પગલાં અહીંથી આગળ ચાલ્યાં ન હતાં; એટલે ખાતરી થઈ કે, મહારાજ આ તળાવમાં જ છે. એમ ધારીને અહીં બેઠો. પ્રભુ અમે પગીના દીકરા છીએ. અમારા વડવા હમીરસિંહ વાઘેલાએ પાવાગઢ સુધી પગેરું કાઢી હાથી ગોતી આપેલો. તે દિવસની 'પગી' છાપ અમને ઈલ્કાબમાં મળેલી છે." શ્રીહરિ કહે, "આજે તમે વળી 'પગી' નામ સાર્થક કર્યું." પછી જોબન પગી કહે, 'હે નાથ ! આપે દયા કરી દર્શન દીધાં છે તો હવે મારે ઘેર પધારો.'

આ સાંભળી મહારાજ કહે કે, 'જોબન પગી ! મારે અહીં વડતાલમાં છાનું રહેવું છે; જો તમે મને ગુપ્ત રાખી શકો તો તમારે ત્યાં આવું.' જોબન પગી કહે કે, 'હે હરિ ! વરસોનાં વરસો વીતી જાય તોય તમારો પત્તો ન લાગવા દઉં, પણ વડતાલની આસપાસ જંગલમાં જ્યાં અમારે સંતાવાનાં ઠેકાણાં છે તેમાં રહેવું જોઈએ.'

મહારાજ કહે, 'ત્યાં જંગલમાં તો કોઈ માણસ જોઈ જાય.' જોબન પગી કહે, 'મહારાજ ! અમારાં જ્યાં સંતાવાના ઠેકાણાં છે ત્યાં કોઈ

માણસ આવે જ નહિ. માત્ર અમારા જંગલી ભીલો છે તે કોઈ વખત ત્યાં આવે; અને આપ કહો તો તેને પણ ત્યાં આવવાની મના કરી દઉં. ગાયકવાડની પલટણો અમોને પકડવા આવતી પણ કદી અમારો પત્તો લાગતો નહીં, એવા સ્થાનકમાં આપને સંતાડી મેલું.'

ત્યારે મહારાજ કહે કે, **'અમારે તો ફક્ત એક માસ જ ગુપ્ત રહેવું છે, માટે તમારી મેડી માથે રહું; પણ ત્યાં કોઈ ન આવે તો આવું; તેમ જ આ વાત પણ કોઈ ન જાણે એવી રીતે રાખો તો રહું.'** એટલે જોબન પગી કહે, 'મહારાજ ! આપ ખુશીથી મેડીએ પધારો. જેમ આપ કહો છો તેમ હું રાખીશ.' તેથી શ્રીજીમહારાજ જોબન પગીની સાથે તેમને ઘેર ગયા. અને તેમની મેડીએ ગુપ્તપણે રહ્યા. ગઢપુરવાસી ભક્તોના પ્રેમની પરીક્ષા લેવા મહારાજે ત્યાં ગુપ્ત રહેવાનો વિચાર કર્યો હતો.

આ સમયે વડતાલમાં સ્વામી રામદાસભાઈ હતા. તેમને ખાનગીમાં બોલાવી શ્રીહરિએ એક માસ ગુપ્ત રહ્યાની વાત કરી અને કહ્યું, 'અમે ગઢપુરવાસીની પરીક્ષા લેવા માટે છાનામાના અહીં આવ્યા છીએ. થોડા દિવસોમાં બ્રહ્મચારી ગોતતા ગોતતા અહીં આવશે. તમે એમને સમજાવી અહીં રાખજો.' ત્યારે રામદાસસ્વામી કહે, "બહુ સારું મહારાજ, જેમ તમને ગમતું હોય તેમ કરો. સુખે અહીં ગુપ્ત રહો. અમે કોઈને વાત નહીં કરીએ." આ રીતે અનંત બ્રહ્માંડના ધણી સર્વાવતારી શ્રીહરિ એક મહિનો જોબન પગીની મેડીએ ગુપ્તવાસ કરીને રહ્યા.

શ્રીહરિ બુધેજના ખોડાભાઈના ખેતરમાં થાળ જમ્યા ત્યારે મૂળજી બ્રહ્મચારી વગેરે જે કોઈ સાથે હતા તે શ્રીહરિને શોધતા શોધતા વડતાલ આવ્યા. તેમને ભાઈરામદાસસ્વામીએ સમજાવીને ત્યાં જ રાખ્યા.

આ સમયે જોબન પગીનાં માતા વખતબા, પત્ની તેજબા તથા તેમની દીકરીઓ રળિયાતબા અને સૂરજબા વગેરે ભક્તોએ મહારાજ

માટે થાળ બનાવવો, પ્રેમથી પીરસીને જમાડવું, વાસણ ઊટકવાં, કપડાં ધોવાં, શ્રીહરિને સ્નાન કરાવવું, પથારી કરી આપવી, પોઢાડવા વગેરે ખૂબ જ સેવા કરી હતી. આ લાભ મળવાથી તેઓ ભાગ્યશાળી બની ગયા. ઇતિહાસમાં નામ લખાઈ ગયાં. શ્રીજીમહારાજ પણ તેમની આ સેવા-ભાવનાથી ખૂબ રાજી થયા અને પોતાની પ્રગટ મૂર્તિનું દિવ્ય અલૌકિક સુખ તેમને ખૂબ આપ્યું.

આમ દિવસો પછી દિવસો વિતવા લાગ્યા. એવામાં એક દિવસ ઈટોલાના નારાયણભાઈ ગલકા તથા રીંગણાનાં શાકનું ગાડું ભરીને વડતાલ આવ્યા અને જોબન પગીને પૂછ્યું : 'મહારાજ હમણાં ક્યાં છે? મારે દર્શન કરવાં છે અને આ ભેટ ધરવી છે.'

જોબનપગીએ તે વાત મહારાજને કહી કે, 'ઈટોલાના નારાયણભાઈ શાકનું ગાડું લઈને આવ્યા છે. તેઓ આપનાં દર્શન ઇચ્છે છે; તો શું કરવું?' ત્યારે મહારાજ કહે, 'તેને ખાનગીમાં દર્શન કરવા તેડી લાવો.' એટલે જોબન પગી પટેલને મેડી ઉપર તેડી ગયા. તેથી પટેલે શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી મહારાજ કહે, 'આ વાત છાની રાખજો, કોઈને કહેતા નહિ.' ત્યારે તે કહે, 'વાંધો નહિ.' શ્રીહરિએ તેમનાં શાકભાજી સ્વીકાર્યાં. પછી દર્શન કરી તેઓ ગયા. આમ, એક પછી એક દિવસ વીતે છે એમ કરતાં માસ પૂરો થવા આવ્યો.

✵ ગઢપુરવાસી ભક્તોની ઉદાસી :

આ બાજુ ગઢપુરવાસી ભક્તો અતિ ઉદાસ થયા. શ્રીહરિના કોઈ પત્ર કે સમાચાર મળ્યા નહિ. તેથી મોટીબા, લાડુબા વગેરે બહેનોએ અન્ન-જળનો ત્યાગ કર્યો હતો. પોતાના હૈયાની ધડકન, પ્રાણઆધાર, તારણહાર હરિવર ન મળવાથી સહુ રડવા લાગ્યા. પછી એક દિવસ દાદા ખાચરે સભામાં વાત કરી કે, 'કોઈ શૂરવીર હોય તો પ્યારા

મહારાજને ગોતી લાવો. હવે વાલમના વિયોગનું દુઃખ સહન થતું નથી. આંખમાંથી આંસુ સૂકાતા નથી. અને બહેનોએ તો અન્ન-જળ છોડી દીધાં છે. કોમળ પાંદડું સૂકાઈ જાય તેમ તેમનાં શરીર સૂકાઈ ગયાં છે. હવે જો હરિવરને આવતાં વાર લાગશે તો કોકના દેહ છૂટી જશે. માટે કોઈપણ ઉપાયે કરીને મહારાજને શોધી લાવો અને તે માટે જે ખર્ચી આદિક જરૂર પડે તે તમામ હું પૂરું પાડીશ.'

તે સાંભળી નાજા જોગિયા કહે, 'દાદા ખાચર ! બસ કરો, બસ કરો. હું જાઉં છું, અને ગમે ત્યાંથી મહારાજને ગોતીને લાવીશ.' દાદા ખાચર કહે, 'મહારાજ ક્યાં ગયા છે તેનો કોઈ પતો નથી, ક્યાંથી ગોતી લાવશો ?' ત્યારે નાજા જોગિયા કહે, 'હું સભાના સોગંદ ખાઈને કહું છું કે, શ્રીહરિ કદાચ બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં, વૈકુંઠમાં, ગોલોકમાં ગયા હશે તો ત્યાંથી પણ ગોતી લાવીશ, અરે...

ગયા હશે અક્ષરધામમાંય, કરી સમાધિ પણ જાઉં ત્યાંય;
આ સર્વનું કષ્ટ જઈ સુણાવું, તે ધામમાંથી અહીં તેડી લાવું.

તો પૃથ્વી ઉપરની તો વાત જ શું કરવી ? ત્યાંથી તો ગોતી જ લાવુંને...' આ સાંભળીને દાદા ખાચરે તેમને શાબાશી આપી. પછી વાટે જોઈએ તે ખર્ચી(રસ્તામાં વાપરવા માટે રૂપિયા) અને ખાવા માટે સુખડી બાંધી આપી. પછી નાજા જોગિયા શ્રીહરિને શોધવા માટે નીકળી પડ્યા. એક પછી એક ગામ ખોળતા જાય અને સહુને પૂછતા જાય. ધીરે ધીરે વડતાલ તરફ ચાલવા લાગ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'શ્રીહરિએ વડતાલમાં જોબન પગીની મેડીએ ગુપ્તવાસ કર્યો' એ નામે તેત્રીશમો અધ્યાય થયો. ॥૩૩॥

અધ્યાય-૩૪

નાજા જોગિયાએ શ્રીહરિની શોધ કરી

પછી નાજા જોગિયા ફરતાં ફરતાં ચોથે દિવસે વડતાલ આવ્યા. ત્યાં મૂળજી બ્રહ્મચારીને જોયા. તેને જોઈને નાજા જોગિયાને નક્કી થઈ ગયું કે, જ્યાં બ્રહ્મચારી હોય ત્યાં નક્કી મહારાજ હોય જ. માટે મહારાજ જરૂર અહીં હશે. પરંતુ બ્રહ્મચારી પાસે ગયા ત્યાં તેમનો ચેહરો પારખી ગયા એટલે તેમને કાંઈ પણ પૂછ્યું નહિ.

પછી સંતોની ધર્મશાળામાં આવ્યા અને ત્યાં રામદાસભાઈ પાસે જઈને પૂછ્યું, 'મહારાજ ક્યાં છે ?' ત્યારે તેમણે પણ 'કાન આડા હાથ કર્યા' અર્થાત્ સરખો જવાબ ન આપ્યો. તેથી નાજા જોગિયાને નક્કી થઈ ગયું કે, 'મહારાજ જરૂર અહીં છે અને તે પણ જોબન પગીને ઘેર હોવા જોઈએ.' એમ ધારી ત્યાં ગયા.

જ્યાં પગીની મેડીએ ચઢવા જાય, ત્યાં એક દ્વારપાળે રોક્યા અને કહ્યું, 'પૂછ્યા વગર ઉપર જશો તો યુદ્ધ થશે. માટે અહીંથી ચાલ્યા જાઓ.' એમ કહી અપમાન કરી ત્યાંથી પાછા કાઢી મૂક્યા. પછી તો ગામમાં, ગોમતીના કાંઠે, જ્ઞાનબાગે, આમ ઠેર ઠેર મહારાજના સમાચાર પૂછ્યા પરંતુ કોઈએ સમાચાર ન આપ્યા. નાજા જોગિયાના મનમાં પાકું થઈ ગયું હતું કે મહારાજ વડતાલમાં જ છે. માટે હવે શું કરવું ?

પછી મનમાં વિચાર્યું કે, 'કોઈને ત્યાં અહીં નોકર રહી તપાસ કરું.' આવી ગુપ્તચરની તપાસ કરવાની એક રીત છે. પછી વડતાલના જગમાલ પગી પાસે જઈ નોકરીએ રહેવાની વાત કરી. તે કહે, 'તમે શું કામ કરી જાણો છો ?' ત્યારે નાજા જોગિયા કહે, 'ઉન્મત્ત ઘોડાને વશ કરી જાણું છું; રણમાં શત્રુને પાછા હઠાવું છું; આખી રાત ચોકી કરું છું, ઊંઘ તો મને આવતી નથી અને એક મહિનો જ નોકરી કરું છું પણ વધારે મને ફાવતી નથી.'

✵ નાજા જોગિયા જગમાલના ચાકર બન્યા :

તે વાત સાંભળીને જગમાલ પગીએ વિચાર્યું કે, 'આ છે કોઈ શૂરવીર માણસ. નોકરીએ રાખવામાં વાંધો નથી.' પછી તેણે નોકરીએ રાખ્યા. ઘોડાની ચાકરી કરવાનું સોંપ્યું. ત્યાં રહ્યા થકાં નાજા જોગિયા જોબન પગીની મેડીએ કોણ જાય છે ? કોણ આવે છે ? તેની રાત-દિવસ નજર રાખતા. નજર રાખતા રાખતા તેમની માન્યતા અતિ દૃઢ થઈ ગઈ કે, 'પ્રભુ જોબન પગીને ઘેર જ છે. તેથી હવે મહારાજને મળવા પગીને ઘેર મેડી માથે જ જવું પડે, પરંતુ જો ત્યાં જોરાવરીએ જાઉં તો યુદ્ધ થાય; માટે હવે શું કરવું ?' આમ વિચારમાં હતા.

એવામાં એક દિવસ હરિઈચ્છાથી જગમાલ પગીએ કહ્યું, 'એય ચાકર ! તું જા તો. જોબન બાપુની મેડીએ મહારાજ છે, તેને પ્રણામ કરીને આંહીં આપણે ઘેર તેડી લાવ.' તેથી તે અતિ રાજી થયા અને દોડતાં જોબન પગીને ઘેર ગયા અને મેડીએ ચઢવા મંડ્યા. ત્યાં દ્વારપાળ કરીમભાઈએ રોક્યા અને કહ્યું, 'તું કોણ છો ? શા માટે અહીં આવ્યો છો ?'

ચોપાઈ : **નાજો ભક્ત કહે કોણ તું છું, જગમાલનો ચાકર હું છું;**
જતાં કોણ મને અટકાવે, કરું યુદ્ધ આડો કોઈ આવે.

આમ તે બંને વચ્ચે પરસ્પર તકરાર થઈ. તે સાંભળી મહારાજ ત્યાં આવ્યા અને ઝઘડો કરતા અટકાવ્યા. મહારાજને જોતાં જ નાજા જોગિયાની આંખમાંથી ચોધાર આંસુ સરી પડ્યાં. પછી મહારાજે ઘણી સાંત્વના આપી અને કહ્યું,

ગઢપુરના કહો સમાચાર, સુખી છે નૃપનો પરિવાર;
નાજોભક્ત કહે શિર નામી, સર્વ જાણો છો અંતરજામી.

'હે મહારાજ ! જ્યારથી આપ દૂર થયા ત્યારથી પાંખ વિનાના પંખી જેમ ટળવળે તેમ મોટીબા અને લાડુબા વગેરે ભક્તો ઝૂરે છે. જળ વિનાના માછલા જેવી તેમની સ્થિતિ છે. સહુએ અન્ન-જળ છોડી

દીધાં છે. શરીર સાવ સુકાઈ ગયાં છે. રાત-દિવસ આપના વિયોગે રુદન કરે છે.' આટલું કહેતાં તો નાજા ભક્તે વધારે ધીરજ ગુમાવી દીધી. અને વળી વધારે રડતાં રડતાં કહ્યું,

નથી લોહિ શરીરમાં રહ્યું, ત્વક અસ્થિ તન પાંજરું થયું;
દિલમાં જરી જો દયા ધરો, સુખદાતા ગઢપુર સંચરો.

ગઢપુરવાસીના પ્રેમની વાત સાંભળતાં મહારાજને પણ આંખમાંથી આંસુની ધાર થઈ ગઈ. શ્રીહરિ કહે, 'નાજા ! બસ કરો, બસ કરો. હવે સહન થતું નથી. વાત બંધ કરો. અમે તેમના પ્રેમની પરીક્ષા લેવા માટે અહીં છાના રહ્યા હતા. તેઓ પરીક્ષામાં સંપૂર્ણ પાસ થયા છે. ગઢપુરવાસી ભક્તો અમને અતિ વહાલા છે.'

કરે ભજન જે ભાવથી મારું, તેને હું કદિએ ન વિસારું;
પછી શ્રીજીએ પત્ર મંગાવ્યો, લખાવી ગઢપુર મોકલાવ્યો.

એમ કહી શ્રીહરિએ તરત એક તેમના ઉપર પ્રેમભર્યો પત્ર લખ્યો. તેમાં વડતાલના તથા પોતાના સર્વે સમાચાર કહ્યા અને કહ્યું, 'દાદા ખાચર, મોટીબા, લાડુબા વગેરે ભક્તોને કહેજો હવેથી અન્ન-જળ લે. આનંદથી અમારું ભજન કરે. થોડા દિવસોમાં અમે ત્યાં આવશું.' એવો પત્ર લખી નાજા જોગિયા સાથે ગઢપુર મોકલ્યો. શ્રીહરિના સમાચાર સાંભળી સહુ ભક્તોના અંતરમાં શાંતિ થઈ. સહુએ અન્ન-જળ લીધાં.

આમ, મહારાજ એક માસ જોબન પગીના ઘેર ગુપ્ત રહ્યા હતા. તે વખતે તેમણે મહારાજની મરજી પ્રમાણે ખૂબ દિલથી સેવા કરેલી. આવા શૂરવીર વ્યક્તિ જ શ્રીહરિને ગુપ્તપણે રાખી શકે; બીજાનું કામ નહીં. **આપણે પણ આવો દિવ્ય સત્સંગ મળ્યો છે તો સાવ ફૂટલાં વાસણ જેવું ન રહેવું. કદાચ આ રીતે શ્રીહરિને ગુપ્ત ન રાખી શકીએ તો કાંઈ નહીં પણ કોઈની ખાનગી વાતની ખબર હોય તો કમ સે કમ તેને તો ખાનગી રાખવી જ. જ્યાં-ત્યાં કહેતા ન ફરવું. પારકા**

દોષને પી જવા. ગુપ્ત રાખ્યા જેવી વાતને ગળી જઈએ તો મહારાજ અને મોટા સંતો રાજી થાય. પરંતુ આવી બધી સમજણ ને સદ્‌ગુણો સત્સંગથી જ આવે છે.

❋ સત્સંગની દિવ્યતા તથા જીવનની સાર્થકતા :

આ દિવ્ય સત્સંગ એટલે શાંતિની ક્ષણો માણવાનો અણમોલ અવસર. જિંદગીના શ્વાસોને સફળ કરવાની સોનેરી તક. **જોબન પગીની જેમ જેટલા શ્વાસો શ્રીહરિ અને સંતો-ભક્તોની સેવામાં વપરાય એટલું જીવન સાર્થક છે.** જપ, તપ, વ્રત, દાન, યોગ, યજ્ઞ વગેરે સાધનોનું ફળ હરિમાં હેત વધે એટલું જ છે. કોઈ આપણને થોડી પણ પ્રભુમાં પ્રીતિ વધારી આપે તો તે આપણા માટે રોજના કરોડો અને અબજો રૂપિયા આપનારા કરતાં પણ શ્રેષ્ઠ છે.

જે હરિવરમાં હેત વધારી આપે એ જ આપણાં સાચા સગાં છે અને શ્રેષ્ઠતમ મિત્ર છે. જે શ્રીહરિ અને સંતોમાંથી પ્રીતિ ઘટાડે એ જ જીવના સાચા દુશ્મન છે. પછી ભલેને તે આપણા દેહના સંબંધી હોય. પણ આજ તો પ્રભુની કૃપાથી મૂર્તિમાં સહેજે સહેજે સ્નેહ વધે એવો દિવ્ય સત્સંગ મળ્યો છે. માટે જેટલો શ્રીહરિનો ઉપકાર માનીએ એટલો ઓછો છે. હાલો કરીએ હરિને પ્રાર્થના...

દોહા : **શું કહું વહાલા આપની, કૃપાનો નથી જ પાર;**
અમે તો સુખિયા છીએ, તવ દયાથી અપાર...૧૦૬

રમાડ્યા સ્નેહે જમાડ્યા, હેત કર્યા અપાર;
પ્રેમમાં ને પ્રેમમાં હરિ, તાર્યાં કોટિ નરનાર...૧૦૭

મહા સમર્થ હરિ મૂર્તિ, અલૌકિક આકાર;
જોતાં અતિ નેણાં ઠરે, ઊભરાય હૈયે પ્યાર...૧૦૮

ધારું તમને આત્મામાં, કરું એકાંતે પ્યાર;
રોમેરોમ સુખ ભોગવું, જાણી સર્વે કરતાર...૧૦૯

નીરખી રૂપાળા અંગો, હું જોડું અંગોઅંગ;
ભેટી પડું અતિ ભાવથી, હૈયે ધરી ઉમંગ...૧૧૦
સુખ તમારી મૂર્તિનું, આવે અપરંપાર;
તે સુખના અતિ કેફમાં, 'જ્ઞાન' ભુલાય સંસાર...૧૧૧

આપણે કાંઈ ગંગા કાંઠે બેસી સોપારી મૂકી ઊંધે માથે તપ નથી કર્યું; વર્ષો સુધી વનમાં બેસી જપ નથી કર્યાં; પર્વતની ગુફામાં બેસી ઉપવાસ નથી કર્યા; છતાં આ દિવ્ય સત્સંગ પામ્યા છીએ. ભગવાનની ભક્તિ કરીએ છીએ. પરસ્પર દિવ્યતા અને પ્રેમ વધારીએ છીએ અને આત્માને અવિનાશી સાથે એક કરીએ છીએ. તેથી મજા બહુ આવે છે. આ તો કેવળ પ્રભુની કૃપા જ છે. આપણા સાધનનું ફળ નથી. અહોહો..! ક્યારેક તો અંતરમાં એવો આનંદ આવે છે તેથી આંખમાં ઊંઘ ભરાણી હોય છતાં ઊંઘ ન આવે અને હેતથી હરિને સંભારીએ ત્યાં સુખના ધોધ છૂટવા લાગે. આવું પ્રભુ સુખ આપતા હોય તો પછી સૂઈ રહેવાથી શું ફાયદો છે ?

માટે સર્વના કારણ શ્રીહરિમાં સ્નેહ કરવો. કારણને લઈને કાર્યની કિંમત છે. માટે કાર્યને મહત્ત્વ આપી તેમાં ફસાઈ ન જવું. સર્વના કારણ દિવ્ય મૂર્તિ શ્રીહરિમાં સ્નેહ કરવો. **જે સહુના કારણ શ્રીહરિમાં સ્નેહ કરે છે તેનું જ કારણ શરીર નાશ પામે છે.** ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, જોબન પગી આ બધાએ સર્વના કારણ શ્રીહરિમાં સ્નેહ કર્યો અને મૂર્તિરૂપી બ્રહ્મરસના પ્યાલા ભરીભરીને પીધા તો અનેકના આદર્શ બની ગયા. જન્મ સાર્થક થઈ ગયો. માટે જેને સંભારતાં સુખના ફુવારા છૂટે અને સંસાર ભુલાઈ જાય એવા સુખસ્વરૂપ શ્રીહરિમાં સ્નેહ કરવો. આપણો જનમ તો શ્રીહરિમાં સ્નેહ કરવા જ થયો છે, એમ માનવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'નાજા જોગિયાએ શ્રીહરિની શોધ કરી અને ગઢપુર વાસીઓના પ્રેમનું વર્ણન કર્યું' એ નામે ચોત્રીશમો અધ્યાય થયો. ॥૩૪॥

અધ્યાય-૩૫

શ્રીજીમહારાજે ધરમપુર જતાં જોબન પગીને સાથે લીધા

એકવાર જોબન પગી વગેરે ભક્તોએ વડતાલમાં ભવ્ય રંગોત્સવ કરાવ્યો હતો. ખૂબ અનેરો લહાવો લીધો હતો. તેની પૂર્વભૂમિકાની વાત કહું છું. સં.૧૮૭૨માં મહારાજ કુશળકુંવરબાઈનો ભાવ પૂરવા માટે ધરમપુર ગયા ત્યારે પોતાના હજુરી પાર્ષદ નાજો જોગીયો, કરીમભાઈ, ભગુજી વગેરે હતા અને વડતાલથી જોબન પગીને આજ્ઞા કરી કે, તમો તમારા આઠ-દસ માણસો સાથે લઈને ધરમપુર અમારી સાથે ચાલો. તેથી જોબન પગી, સુંદરજી પગી, તખો પગી, જુસાજી, બેચર પગી, ખોડો, ગલો, ભવાન, આસજી વગેરે પગીઓ લઈ અસ્ત્ર-શસ્ત્ર સજી સવારીમાં ભળ્યા. ઉધનેથી ધરમપુર જતાં રસ્તામાં મીંઢોળ નદી ઊતરીને આસોદરના વિશાળ વડલા નીચે ઉતારો કર્યો. સહુએ મળી ટીમણ કર્યું અને રાત્રી રહ્યા. શ્રીજી વેલ ઉપર પોઢ્યા છે.

પછી સહુએ પોતપોતાને સુવા માટે પથારીની તૈયારી કરી. સાથે માલસામાન માટે એક ગાડું રાખેલું. તેને ગાંડો તથા પારેવો નામના બે બળદ જોડતા. વાલજી ખેડૂત તેને ચલાવતો. તે બાજુમાં જ હતા. કોતરવાળી ભૂમિ હતી. હિંસક પ્રાણીઓનો ભય હતો. તે સમે ચીબરીઓ બોલતી હતી. અને શસ્ત્રધારી ભક્તો ચોકી કરતા હતા.

ત્યારે બરાબર અરધી રાત્રિ વિતી તે વખતે પૂર્વ દિશામાંથી શિયાળની લાળી સંભળાઈ (શિયાળ બોલી), અને તેના પછી તરત

જ પશ્ચિમ દિશામાંથી ચીબરી(ભેરવ)ના બોલવાનો અવાજ આવ્યો. તેને સાંભળીને શ્રીજીમહારાજ જાગી ગયા, અને પૂછ્યું કે, ભગુજી, આ અવાજ કયાંથી આવે છે ? ભગુજી કહે કે, 'મહારાજ, જંગલમાં શિયાળીયા બોલે છે, અને આપણાથી આથમણી બાજુના ઝાડે બેસી ભેરવ બોલે છે.'

તે સાંભળી શ્રીજીમહારાજ કહે કે, 'જોબન પગીને બોલાવો.' જોબન પગી આવતાં શ્રીજીમહારાજ કહે કે, 'તમો જ્યારે ચોરી કરવા જાવ છો ત્યારે શુકન જુવો છો, તો તે શુકન કેવી રીતે જુવો છો ? અને એ શુકન પ્રમાણે થાય કે નહીં ?'

જોબન પગી કહે, 'મહારાજ ! પક્ષીઓમાં તેતર, ભેરવ, ઘુવડ, કાગડો અને જાનવરોમાં શિયાળ, કૂતરો, ગધેડો વગેરેના શબ્દો કઈ દિશામાંથી આવે છે અને તે કઈ વેળા(ટાઇમ)નો છે તેનો હિસાબ કરી તેનું ફળ કેવું મળશે એમ વિચારીને અમો કહીએ છીએ. અને તે 'વસંતરાજ' કરીને એક સંસ્કૃતમાં ગ્રંથ છે, તેનો સાર ગુજરાતી ભાષામાં નારાયણગિરિના દાદાગુરૂએ એક ચોપડીમાં લખી લીધેલ તે હું નારાયણગિરિજી પાસેથી શીખેલ છું. તે પ્રમાણે કહું છું પણ મળતું તો કોઈક સમે જ આવે.'

સુણીને કહે કૃષ્ણ કૃપાળ, બોલી ચીબરી બોલી શિયાળ;
કહો કેવાં શુકન તેહ છેય, ત્યારે બોલિયા તે પગી બેય.
પૂર્વ ઈશાન વચ્ચે સદાય, લોહિ કેરો પ્રવાહ ગણાય;
તહાં બોલિ શિયાળ આ ટાણે, દેખશું લોહી કોઈ ઠેકાણે.
પછિ પશ્ચિમે ચીબરી બોલી, તેનો ભેદ કહું હવે ખોલી;
વિપ્રનું ઘર પશ્ચિમ માંય, પરુણો આજ ક્ષત્રિ ગણાય.
માટે માણસને નહિ મારે, ભેદ શુકનનો એવો ઉચ્ચારે;
એમ શુકન જાણે તે બતાવે, પણ મળતું કોઈ સમે આવે.

સર્વ જાણે છે અંતરજામી, પણ મનુષ્યલીલા કરે સ્વામી;
એમ કરતાં થઈ કાંઈ વાર, એક વાઘ આવ્યો તેહ ઠાર.
તેણે બળદ ઉપર પંઝો માર્યો, કર્યો શ્રીહરિએ ત્યાં હોંકારો;
વાઘ ત્રાસ પામી ગયો નાશી, પગી પ્રત્યે બોલ્યા અવિનાશી.
તમે શુકન કહ્યાં હતાં જેવાં, આજ તો દીશી આવીયાં એવાં;
ઘણું બળદને લોહી નિકળિયું, કહ્યું એવું શુકન આજ ફળિયું.

ત્યારે જોબન પગી અને એમના બનેવી તખા પગીએ શ્રીજીમહારાજને એક **“શક્તિશુકનભેદ”** ની વાત સંભળાવી.

✹ પગીએ કહેલી ખોડાભાભાની વાત :

હે મહારાજ ! અમારા કુટુંબમાં એક મેલડી માતાનો મોટો ભૂવો હતો, તેનું નામ ખોડોભાભો હતું. માતા એને વેણે વાતું કરે છે, એમ સહુ અમે માનતા. તે ભારે ભૂવો હતો અને વળી ભારે **શકનાવળી** હતો. એ જ્યારે વૃદ્ધ થયો ત્યારે વડતાલથી થોડેક છેટે એક ટેકરા ઉપર તેની ઝૂંપડી મહુડાના ઝાડ તળે હતી, ત્યાં તે રાત્રિદિવસ રહેતો. રૂડો રખડુ તેને શિકાર લાવી આપે, ગામમાંથી ટાઢુંશીળું લાવે તે ખાઈને પડયો રહે, રૂડિયો પણ અવારનવાર તેની પાસે રહેતો. આ ખોડેભાભે જીંદગી આખી ચોરી કરવામાં કાઢી નાંખી. હવે જીવનસંધ્યાએ આંખે ઝાંખપ આવતાં તે ઝૂંપડીમાં પડયો રહેતો હતો.

એક દિવસ તે રૂડિયાને કહે, “એક હળની હાલ લઈ આવીને સૂરજનારાયણ સામી જમીનમાં ઊભી ખોડી દે; એમાં જે મોટા વિંધ હોય તે ઉપર રહે તેમ ખોડજે. તને એક હું માતાજીનું વાયક (શુકન) જોઈ દઉં.” રૂડે તે પ્રમાણે કર્યુ. પછી તે કહે મારી આંખે બહુ આંધી આવી છે તેથી ઊંચી નજર ન પડે તો તું મંગળવારે અને દિતવારે(રવિવારે) આંહી રહી, એ હાલ ને મહુડાની ડાળ વચ્ચે જે દોરી મેં બંધાવી છે તે

દોરી ઉપર મારી માતા મેલડી કાળીદેવી એટલે કે કાળી ચકલીનારૂપે આવીને બેસશે. અને પછી તે હળની હાલના ઠેબા ઉપર બેસશે. પછી તે હાલના મોટા વિંધમાંથી ત્રણવાર ગડકી જાય એટલે કે, સોંસરી નીકળી જાય અને પાછી દોરા માથે બેસે. આવું થાય અને જો તે'દી દિતવાર કે મંગળવાર હોય, અને તેની તને નજરે જોઈ ખાત્રી થાય, તો હું કહું તે દિશામાં મારા ભેળો હાલ તો એક ફેરો કરી આવીએ.

ત્યારે રૂડિયો રખડું કહે, 'ભાભા તમે ભાળો નહિ ને ક્યાંક પકડાઈ જઈએ તો મરાઈ જઈએ.' તે સાંભળી, ખોડોભાભો કહે કે, 'જો કાળીદેવી એ હળની હાલના વિંધમાંથી ત્રણવાર જાય આવે અને દિતવાર કે મંગળવાર હોય, તો ધોળે દિ'એ આપણને કોઈ ભાળે જ નહિ. તું બીમા. મને એવું થાય તે દિ' વાત કરજે.'

પછી એકાદ મહિનો વિત્યે, બરાબર મંગળવારે બપોરે રોટલા ખાઈ બેય બેઠા છે, ત્યાં કાળીદેવી ઊડતી ઊડતી એ દોરા માથે બેઠી. રૂડિયો કહે, 'ખોડાભાભા ! કાળીદેવી દોરે આવીને બેઠી છે.' ભાભો કહે કે, 'હવે બરાબર જોઈ રાખ. તે હળની હાલના વિંધમાં સોસરવી કેટલી વાર નીકળે છે ? અને કઈ દશે ઊડીને જાય છે, તે બરાબર ધ્યાન દઈ જોજે. હું પણ જોવું છું.' એમ જ્યાં કહે છે ત્યાં કાળીકોશે લાકડાના ઠેબે બેસીને તેના વિંધમાંથી ત્રણ વખત આવ-જા કરી. પછી દોરા માથે બેસીને ઊડી ગઈ, તે બંનેએ જોયું.

એટલે ખોડોભાભો કહે કે, 'રૂડિયા ! મારી લાકડી દે અને હાલ મારા ભેળો, ભારે શુકન થયું છે, તારો મોવાળોય વાંકો નહિ થાય.' એમ કહેતા બંને જણા આણંદ તરફ ઉપડી ગયા. રાત્રે ક્યાંક બેય પડ્યા રહ્યા, ને બીજે દિવસે બજારમાં જતા જતા એક શાહુકારની દુકાને જ્યાં રૂપિયા ગણાતા હતા તે દુકાનને ઓટલે બેઠા. ચાર-પાંચ માણસ અને શેઠ હતા. પડખે બીજા રૂપિયાની કોથળીઓ સિવેલી પડી

હતી. રૂપિયા ગણી થેલીઓ ભરતા હતા, તેવામાં તેની દુકાનના પટારા હેઠેથી એક મોટો સર્પ નીકળ્યો. તેને જોતા જ બધાય દુકાન બહાર નીકળી ગયા અને બીજી દુકાનમાં પેસી ગયા. એટલે ખોડોભાભો તે તક જોઈ દુકાનમાં પેસી ગયો. અને માંયલી કોર જઈને રૂપિયા ભરેલ ચાર કોથળીઓ પોતાની પછેડીમાં વીંટીને હાલી નીકળ્યો, અને રૂડિયાને કહે, 'તું ભેગો થઈ જાજે.'

પછી રૂડિયે તો દુકાનમાં જઈ સર્પને પકડ્યો, વાણિયા ભેળા થઈ ગયા ને રાજી થયા. રૂડિયે સર્પને ઊંચો કર્યો તો તેના પગથી માથા સુધી લાંબો કાળો નાગ જોઈને સહુ બીવા લાગ્યા. પછી રૂડિયો કહે, 'સર્પને મારી નાખું ?' વાણિયા કહે, 'ના.. ના.., એવું ના કરીશ. તેને ગામ બહાર આઘો મેલી દે, તને દસ રૂપિયા દેશું.' રૂડિયો દસ રૂપિયા લઈ સર્પ સોતો મસાણે ગયો, ત્યાં ખોડોભાભો વાટ જોઈ બેઠેલ. પછી બેય જણાએ ખભે કોથળીઓ નાખી અને મસાણમાં પડેલા લાકડાઓની ભારી વડે કોથળીઓને ઢાંકી વડતાલને માર્ગે ભાગ્યા. ભાગતા ભાગતા ભાભો થાક્યો, પછી ત્યાં એક નાનું ગામ દેખાણું. ત્યાં રોકાવાનું નક્કી કર્યું. પણ ભાભાના પગ ઉપડે નહીં તેથી પડી ગયો; એટલે પડખે એક ખેતરમાં બળદને ખાવાની ચારનું કાલરું(ઓઘો) હતું તે ખડ એકબાજુ કરી તેમાં બેય સંતાઈ ગયા. દિવસ ઝળવગળ રહ્યો અર્થાત્ દિવસ આથમ્યા ટાણું થઈ ગયું. ત્યારે એક પટેલિયો ગાડુ લઈ તે કાલરું ભરવા આવ્યો. રૂડો કહે, ભાભા ! કાલરું ભરવા ગાડી આવી, હમણા આપણે ઝલાઈ જશું.'

ભાભા કહે, 'કાળીદેવીનું કેમ છે ? બરાબર ત્રણવાર નીકળી ગઈ હતી ને ?' રૂડો કહે, ભાભા ! તેમાં ફેર નથી. ભાભો કહે, 'રામ રામ કર. જખ મારે કોઈ ન પકડે, આંધળા ભીંત સમજજે.' આમ વાત કરે છે ત્યાં ખેડુતે કાલરા પાસે આવી ગાડેથી બળદને છોડી ધોંસરે બાંધી,

ગાડામાં નાડા લાંબા રાખી, કાલરામાંથી ઘાસ લઈ ભરોટિયું ભરવાની તૈયારી કરી. ત્યાં તો તેનું ગામ જે ઢૂકડું હતું ત્યાં લાય લાગતા બૂંગિયો ઢોલ પીટાણો. ખેડુતે તે ગાડા માથે ચડી જોયું તે તેના વાડા તરફ આગ હતી. એવું ભાળતા તે તો ગાડુ બળદ પડ્યા મેલીને મુઠ્ઠીયું વાળીને ગામ તરફ ભાગ્યો. એટલે બંને ઓઘામાંથી બહાર નીકળ્યા.

પછી રૂડિયે એ બળદગાડાને જોડી ભાભાને ગાડામાં બેસાડી રૂપિયાની થેલિયું ગાડામાં મૂકી માથે ઘાસ ઢાંક્યું અને ગાડું વડતાલને માર્ગે હાંકી મેલ્યું. અને દોડાવતા દોડાવતા આવ્યા અને હે મહારાજ ! અમને એ થેલિયું સોંપી. અને પછી રૂડિયો તે ગાડુ-બળદ અમારા બીજા નાતીલાને આપી આવ્યો. તેણે જઈને અમદાવાદની ગુજરીમાં વેચી નાખ્યા. આમ હજારો રૂપિયા એ ખોડોભાભો ને રૂડિયો લઈ આવેલ. આવો તે શકુનાવલી હતો. અને આવો જબરો ચોર હતો.

પછી શ્રીહરિ જોબન પગીને કહે, 'તમે તો ભગવાનના સમોવડિયા છો. કેમ કે, તમે ચીબરીનો શબ્દ સાંભળીને કહ્યું હતું તે વાત સત્ય થઈ.' ત્યારે જોબન પગી કહે, **'હે મહારાજ ! અમે ભગવાનના સમોવડિયા નથી, અમે તો ભગવાનના દાસના પણ દાસ છીએ;** પણ અમે ચોરી કરવા સારુ જાઈએ ત્યારે શુકન જોઈને જતા, તેથી થોડું જાણીએ છીએ.' એવી રીતે રમૂજ કરતાં કરતાં આખી રાત જાગ્યા. સવારે ત્યાંથી ચાલ્યા તે ગામ દોરે ગયા. આમ મહારાજની સાથે રહી ખૂબ સેવા કરી. તેથી મહારાજ તેમના પર અતિ પ્રસન્ન થયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'શ્રીજીમહારાજે ધરમપુર જતાં જોબન પગીને સાથે લીધા' એ નામે પાંત્રીશમો અધ્યાય થયો. ॥૩૫॥

અધ્યાય-૩૬

જોબન પગીની સેવાથી રાજી થઈને વડતાલમાં રંગોત્સવનું વરદાન

આ જોબન પગીનું આખ્યાન વાંચવા-સાંભળવાથી હરિમાં હેત વધે એવું છે. વળી, બિનસત્સંગી હોય, સામાજીક માણસ હોય કે નવા સત્સંગી હોય તે સહુને વાંચવું, સાંભળવું ગમે એવું છે. અરે..! મુક્ત, મુમુક્ષુ, વિષયી અને પામર સહુને મન અને કર્ણને પ્રિય લાગે એવું છે. વાંચનપ્રિય માણસોને તો હાથમાં લીધા પછી મૂકવાનું મન ન થાય એવું આ આખ્યાન છે. અધર્મી માણસને પણ આ આખ્યાન વાંચવા-સાંભળવાથી ધર્મી બનાવી દે એવું છે. ક્રૂર અને ઘાતકી માણસને કોમળ ને પરોપકારી બનાવી દે એવું છે. નાસ્તિક માણસ પણ વાંચીને આસ્તિક થાય એવું આ જોબન પગીનું આખ્યાન મને લાગ્યું છે. વળી, સાચા સત્સંગીને માટે તો ભગવાનની નિષ્ઠા અને મહિમાની ખુમારી ચડાવી દે એવું અદ્‌ભુત આ આખ્યાન છે.

પછી શ્રીહરિ ધરમપુર ગયા. કુશળકુંવરબાઈએ મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું. હરિવરને હાથીએ બેસાડ્યા. ત્યાં વસંતપંચમીનો મોટો રંગોત્સવ કરાવ્યો અને કુશળકુંવરબાઈએ ખૂબ લાભ લીધો. તેમનો ભાવ પૂરો કરી શ્રીહરિ પાછા ફર્યા. અને વળતાં ભરૂચ, ડભાસા થઈ બામણગામ આવ્યા. ત્યાંથી શેલડિયા, ભાદરણ, રુંદેલ, બોચાસણ, દેદરડા, ગાના વગેરે ગામોને પાવન કર્યા. ત્યાંના ભક્તોને રાજી કરી **વડતાલ** આવ્યા. જોબન પગીની મેડીએ ઉતારો કર્યો. ધરમપુર જાતા તથા વળતા બંને સમયે જોબન પગી તથા તેમના સાથીદારોએ ચોકી પહેરાની ખૂબ સેવા કરી હતી. આ તેમની સેવાથી મહારાજ ખૂબ રાજી થયા અને કહે, 'જોબન પગી ! હું તમારા ઉપર પ્રસન્ન છું. માટે તમે જે માગો તે વરદાન આપું.'

ચોપાઈ : પગી બોલ્યા કરીને પ્રણામ, મળ્યા છો પ્રભુ પૂરણકામ;
મૂરતિ તમારી ભગવાન, સદા છે કલ્પવૃક્ષ સમાન.

'હે નાથ ! આપ તો ભક્તોની ઈચ્છા પૂરનાર છો; છતાં રાજી થયા હો તો આંહીં રંગોત્સવ કરવાનું વરદાન આપો. પાંચસો પરમહંસો અને દેશદેશાવરના સર્વે હરિભક્તોને અહીં તેડાવો. હું તેનો તમામ ખર્ચ આપીશ. તમામ વ્યવસ્થા કરીશ. મારે મારી સંપત્તિ આપ તથા આપના લાડીલા સંતો-ભક્તોને અર્થે વાપરી જીવન સાર્થક કરવું છે. આપ મળ્યા અને આપના આવા મોક્ષદાતા સંતો મળ્યા અને હવે જો અમારું સર્વે તમારે અર્થે અને તમારા સંતો-ભક્તોને અર્થે ન વપરાય જાય તો હું એને એળે ગયું માનું છું. માટે મારા ઉપર કૃપા કરીને આ ઉત્સવ કરાવવાની સેવા મને આપો.'

ત્યારે શ્રીજીમહારાજે રાજી થઈને તે વરદાન જોબન પગીને આપ્યું. તેથી પગી પરિવાર ખૂબ રાજી થયો. તેમના મનમોરલિયા નાચી ઊઠ્યા. અને વડતાલના બધા હરિભક્તો તથા આ પરગણાનો આખો સત્સંગ સમાજ રાજી રાજી થઈ ગયો. ત્યાં ધર્મપુરથી પાછા વળેલા મોટીબા વગેરે બહેનો સુરત થઈ વડતાલ આવ્યા. આમ તો શ્રીહરિએ તેમને ગઢપુર જવાનું કહ્યું હતું; છતાં પાછળ વડતાલ આવ્યા એટલે મહારાજ કહે, 'તમે વિકટ રસ્તે અહીં કેમ આવ્યા ?'

મોટીબા કહે, 'મહારાજ ! તમે વડતાલ રોકાઈ ન જાઓ, તેટલા માટે તમને તેડવા આવ્યા છીએ. ગઢપુરવાસી તમામ ભક્તોની ઈચ્છા છે કે આ વર્ષે રંગોત્સવ ગઢપુર કરો. માટે આપ જલ્દી ગઢપુર પધારો.' ત્યારે મહારાજ કહે, "મોટીબા ! વડતાલવાસી ભક્તોને અમે હમણાં જ વચન આપ્યું છે કે, 'હું આ રંગોત્સવ અહીં કરીશ.' તે મારું વચન મિથ્યા થાય તો મારો વિશ્વાસ કોણ કરે ? માટે ઉત્સવ તો આંહીં જ કરવો પડશે.

✵ વચન પાલનની મહત્તા : ઉપજાતિવૃત :

જે કોઇ વાણી વદિને ન પાળે, પોતાનિ તે તો કિરતી પ્રજાળે;
મનુષ્ય તે તો હલકું ગણાય, વિશ્વાસ તેનો જગમાંથિ જાય.
માટે યશસ્વી જન હોય જેહ, વિચારિને વેણ વદે જ તેહ;
કરે કુબુદ્ધી બકવા અપાર, પાળે નહીં વેણ પછી લગાર.
ફરે નહીં પશ્ચિમમાંથી સૂર, ફરે ન જોગીની સ્થિતિ જરૂર;
ફરે ન દેવો વરદાન દે તે, ફરે નહીં સજ્જન જે કહે તે.
જો હોય રાજા કદિ રંક હોય, પ્રતાપી પૂરો પણ હોય તોય;
જો બોલિને બોલ જુઠો કરે છે, લબાડ તે વિશ્વ વિષે ઠરે છે.
વાણી ન પાળ્યે વ્યવહાર જાય, વાણી ન પાળ્યા થકિ પાપ થાય;
વિશ્વાસઘાતી જન દુષ્ટ જે છે, જુઠા દિલાસા દઈને ઠગે છે.
જે સત્યવાદી જન સત્ય બોલે, અસત્ય વાચા વદને ન ખોલે;
રિઝે સદા શ્રીહરિ સત્યતાથી, ખિજે ખરા જૂઠ જિભ્ભે કહ્યાથી.

માટે અમારે વચન આપ્યું હોવાથી આ રંગોત્સવ તો વડતાલમાં જ કરવો પડશે.”

શ્રીહરિના આવા વચનો સાંભળીને મોટીબા રડતાં હૃદયે ગદ્‌ગદિત ભાવે કહે, ‘હે નાથ ! આપ ગઢપુરથી દૂર થયા તેને ઘણા દિવસો થઈ ગયા, સહુને આપના વિયોગરૂપી અસાધ્ય રોગ થયો છે. હું તો આપના કહેવાથી ધરમપુર આવી પરંતુ દાદો, લાડુ વગેરેને આપના વિના ઊંઘ નહિ આવતી હોય. સચ્ચિદાનંદસ્વામી તો ગાંડા જેવા થઈ ગયા છે. સહુ આપના વિયોગે ઝૂરી ઝૂરીને મરી જશે. માટે આપ ત્યાં પધારો અને તેમને દર્શન આપો તો સારું.’ એમ કહેતાં તો મોટીબાની આંખમાંથી આંસુની ધારા થઈ.

શ્રીહરિ તેમનો ભાવ સમજી ગયા. તેમને આશ્વાસન આપી કહ્યું, 'શાંત થાઓ, હું આવું છું. ત્યાં જલ્દી આવીને સહુને દર્શન, આશ્વાસન આપી રંગોત્સવ કરવા તત્કાળ પાછો વડતાલ આવી જઈશ.' રંગોત્સવના દિવસો નજીક હતા છતાં ગઢપુરવાસી ભક્તોનો ભાવ પૂરો કરવા મહારાજે થોડા દિવસ ત્યાં જવા હા કહી.

પછી જોબન પગી વગેરે ભક્તોને શ્રીહરિ કહે, 'આંહીં બહુ મોટો રંગોત્સવ થશે. દેશદેશના હરિભક્તો આવશે. ગામમાં તથા સીમમાં અતિ ભીડ થશે. માટે સૌને ઉતારા દેવા નારાયણબાગ આદિ જગ્યા સાફ કરાવજો. પરમહંસો તથા સંતો જ્ઞાનબાગે આંબલે ઊતરશે. વળી, કેસુડા, કેસર કે અબીર-ગુલાલ આદિ રંગ મંગાવજો. જ્ઞાનબાગમાં બે મોટા હોજ તૈયાર કરાવજો. કેમ કે, ક્યારેય ન થયો હોય એવો મોટો રંગોત્સવ કરવો છે. અને સર્વે સત્સંગના તમામ બાઈ-ભાઈ હરિભક્તોને આ ઉત્સવમાં તેડાવવા છે. અને તેમને ખૂબ જ લાડ લડાવવા છે. અનેરો લ્હાવો આપવો છે. માટે દેશદેશાવરમાં મંગલપત્રિકાઓ મોકલવી પડશે. કોઈ પ્રાંત, ગામ પત્રિકા વિનાનું રહેવું ન જોઈએ માટે સુંદર પત્રિકાઓ લખાવો. કંકુ છાંટી કંકોત્રીઓ મોકલાવો.'

જોબન પગી કહે, 'કાંઈ વાંધો નહિ.' પછી તરત જ લહિયા બોલાવ્યા. ખડિયા, પેન તૈયાર કરાવી શ્રીહરિ સુંદર કંકોત્રીઓ લખાવવા બેસી ગયા. કાનમ, વાંકળ, વાળાંક, દંઢાવ્ય, શ્રીપુર, કચ્છ-ભુજ, સોરઠ, સુરત, નર્મદા કિનારો, ગંગા કિનારો વગેરે પ્રાંતના ભક્તો ઉપર કંકોત્રીઓ લખી અને તે આપવા માટે ખેપિયાઓને રવાના કર્યા.

✵ શ્રીહરિએ ગઢપુરવાસી ભક્તોને રાજી કર્યા :

પછી શ્રીજીમહારાજ ગઢપુરવાસી ભક્તોને રાજી કરવા વડતાલથી નીકળ્યા. તે વસો ગયા. ત્યાંથી ઝીંઝર, બોટાદ આદિ ગામોમાં થઈ ગઢપુર આવ્યા. સહુના અંતરમાં શ્રીહરિ આવ્યાથી પરમ શાંતિ થઈ.

ગઢપુરવાસી સહુ ભક્તોને દર્શન-દાનાદિથી ખૂબ રાજી કર્યા. સહુનાં વિયોગનાં દુઃખ ટાળ્યાં. સહુને અતિ હેતથી પીરસીને જમાડ્યા. સહુ પ્રેમથી જમ્યા.

હે વહાલા ભક્તો ! **જે પ્યારા પ્રભુજીની આજ્ઞા પાળે તેની બધી જ ખબર શ્રીહરિ રાખે છે. તેમને ખૂબ લાડ લડાવે છે. પ્રેમ વસ્તુ જ અલૌકિક છે. જેને ભગવાનમાં પ્રેમ છે તેને મારાં લાખો વંદન છે. કેમ જે, જેને શ્રીહરિમાં સ્નેહ છે અને વિશ્વાસ છે તેઓ ભગવાનની આજ્ઞા શિરસાટે સારધાર પાળે છે. તેમ છતાંય તેને જો કાંઈ ભૂલો થઈ જાય તો તેના ગુના ભગવાન માફ કરે છે. તેના તમામ સ્વભાવ અને આસક્તિ શ્રીહરિ જ સહેજે ટાળી દે છે. માટે હરિવરમાં હેત અને વિશ્વાસની દૃઢતા કરતા રહેવું. કરી કરીને આ બે વસ્તુ જ પાકી કરવાની છે.**

ભક્ત માટે ભગવાનનો વિશ્વાસ અને ભગવાનમાં પ્રેમ આ બે પાયાની વસ્તુ છે. જો પાયો નબળો હોય તો તેના ઉપર ચણાયેલા મકાનની કોઈ કિંમત રહે નહિ; તેમ વિશ્વાસ કહેતાં નિષ્ઠા. પ્રેમ કહેતા ભક્તિ. તેમાં ખામી હશે તો ગમે તેટલાં બીજાં સાધનો કર્યાં હશે પરંતુ તે બધાં મીઠા વગરના ભોજન જેવાં ફીક્કાં જ રહેશે. ભગવાનમાં હેત હોય અને વિશ્વાસ હોય તેને હરિ કેટલું બધું સુખ આપે છે ! તે આ ગઢપુરવાસી ભક્તોમાંથી શીખવા જેવું છે.

હવે રંગોત્સવના દિવસો નજીક જ આવી ગયા હતા તેથી શ્રીહરિએ ગઢપુરવાસીઓને કહ્યું, ‘અમે આ વર્ષે વડતાલમાં રંગોત્સવ કરવાનું નક્કી કર્યું છે અને જોબન પગીને વરદાન આપ્યું છે. તેથી અમો વડતાલ જઈએ છીએ. અને તમો પણ બધા વડતાલ ઉત્સવમાં આવજો.’ એમ કહી શ્રીહરિ ફરી પાછા સખાઓને સાથે લઈને વડતાલ જવા માટે નીકળ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીની સેવાથી રાજી થઈને વડતાલમાં રંગોત્સવ કરવાનું વરદાન આપ્યું' એ નામે છત્રીશમો અધ્યાય થયો. ॥૩૬॥

અધ્યાય-૩૭

જોબન પગીએ કરેલી રંગોત્સવના સામાનની વ્યવસ્થા

એક દિવસ બ્રહ્માનંદસ્વામી જોબન પગીને કહે, 'મહારાજે તમારી વિનંતી સાંભળી દેશદેશાવરમાં પત્રિકાઓ મોકલાવી છે. માટે અહીં બહુ મોટો ઉત્સવ થશે. પાંચસો પરમહંસો આવશે. અસંખ્ય સંતો તથા ભક્તોના સંઘ આવશે. તેમની સરભરા માટે ગાદલાં, ગોદડાં, બૂંગણ, પાગરણ, તંબુ, રાવટીઓ, મોટાં વાસણો વગેરે વસ્તુઓની જરૂર પડશે. માટે આ બધું આગળથી તૈયાર રાખ્યું હોય તો સારું. કેમ કે, ફરીવાર આવો મોટો ઉત્સવ ક્યારે થશે ? માટે અત્યારથી જ આપણે ધ્યાન રાખીએ તો કોઈ વાતની કસર ન રહે.'

જોબન પગી કહે, 'હે સ્વામી ! આ બધી વસ્તુ હું જરૂર ભેગી કરી આપું, પણ તે માટે આપ કહો તો મારી જૂની કળાનો પ્રયોગ કરું તો સહેજે કામ થાય.' સ્વામી કહે, 'ના. ઉત્સવમાં તો સહુને દાન આપવાનું હોય, સહુને સુખી કરવાના હોય; કોઈને મારવાના કે દુઃખી કરવાના ન હોય.'

ત્યારે જોબન પગી કહે, 'સ્વામી, મારે કોઈને મારવા નથી; પરંતુ મારું નામ સાંભળી લોકો વગર માર્યે માલ મને આપી જતા. પરંતુ હવે તિલક-ચાંદલો ધારણ કર્યાં, કંઠી પહેરી, હાથમાં માળા લઈ અખંડ પ્રભુનું સ્મરણ કરું છું. તેથી હવે મારા નામથી કામ થાય છે કે કેમ? તે જરા ચકાસી તો જોઉં. પછી મહારાજની ઈચ્છા હશે તેમ

થશે.' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, 'કોઈને મારવાના કે લૂંટવાના ન હોય તો આ ધર્મનું કામ છે, પ્રયોગ કરો.'

પછી બીજે દિવસે જોબન પગીએ તૈયારી કરી. સાથે ૨૫-૩૦ હથિયારધારી ભીલ લીધા. જૂનો પોશાક પહેરી લીધો. કાળા ઊંટ ઉપર બેઠા. રૂડિયો રખ્ડુ ઊંટ હાંકવા બેઠો. ભીલો સાથે સાથે દોડતા આવે. આમ ધડબડાટી બોલાવતા દિવસ ઊગ્યા પહેલાં પેટલાદ પહોંચ્યા. ત્યાં ધર્મશાળામાં ઉતારો કર્યો. જોબનબાપાને જોઈને તે ધર્મશાળાનો માલિક ધ્રૂજવા લાગ્યો. જોબન પગી કહે, 'બી મા, અમે કોઈને મારવા નથી આવ્યા. લૂંટવા નથી આવ્યા. આ તો નાહી-ધોઈ પૂજા કરવી છે એટલા માટે આવ્યા છીએ; માટે પાણી બતાવો.'

પછી જોબન પગીએ ત્યાં સ્નાન કરી પૂજા-પાઠ કર્યા. તે એક જ ભગત હતા. સાથે કોઈ ભગત ન હતા. તેથી ત્યાં ભીલોએ કસુંબા-પાણી કર્યાં. પછી સર્વેએ હથિયાર ધારણ કર્યાં અને ભીલોને કહે, 'ચાલો મારી સાથે.' આમ, ધાડપાડુના સમાજ સાથે પેટલાદના ઝાંપે જઈને ઊભા રહ્યા. પનિહારીઓએ જોયા. હાહાકાર થવા લાગ્યો. સહુ કહે, 'જોબનની ધાડ આવી...જોબનની ધાડ આવી...' આવી રાડો નાખતી સહુ બહેનો બેડાં મૂકીને ભાગી ગઈ. ગામમાં સમાચાર મળતાં ધડાધડ દુકાનો બંધ થવા લાગી. સહુ બારણા બંધ કરી સંતાવા લાગ્યા.

❋ જોબન પગીએ જૂની કળા વાપરી :

પછી જોબન પગી કસિયાભાઈની ડેલીએ ગયા. જોબન પગીનું નામ સાંભળતાં તેણે આરબ પાસે ડેલીનો દરવાજો બંધ કરાવ્યો હતો. પોતે માઢ ઉપર જઈને સંતાઈ ગયા હતા. તે સમયે જોબન પગીએ ઊંટ ઉપર બેઠા બેઠા ભાથામાંથી તીર કાઢી, નિશાન તાકી, કસિયાભાઈની મેડીની બારીએ માર્યું. તેથી બારી તૂટી ગઈ. કસિયાભાઈની અને જોબન પગીની નજર એક થઈ ગઈ. એટલે જોબન પગી કહે, 'સાંભળો કસિયાભાઈ...

દોહા : **હવે હું તો ભગત થયો, જો ગળે ધારી માળ;**
હિંસા હવે નથી કરતો, તિલક ચાંદલો કપાળ...૧૧૨
પીડું નહિ હવે કોઈને, ન બોલુ મુખથી ગાળ;
પ્રગટ સહજાનંદનો, હવે જપ કરું હરકાળ...૧૧૩

જોબન પગીની વાત કાનોકાન સાંભળી, વળી કપાળમાં તિલક, ચાંદલો જોયા. તેથી કસિયાભાઈને વાત સાચી લાગી એટલે આરબોને દરવાજો ખોલવા હુકમ કર્યો. આરબ દરવાજો ખોલી મરવાની બીકે તરત ત્યાંથી ભાગ્યો. તે જોઈ જોબન પગી તેને કહે, 'તું ભાગીશ મા. હવે અમે તને નહિ મારીએ.'

પછી કસિયાભાઈ ધ્રૂજતા ધ્રૂજતા મેડી પરથી નીચે આવ્યા. જોબન પગીને સલામ કરી કહે, 'આવો જોબન ભાયા આવો...' એમ કહી તેમનો હાથ ઝાલી મેડી ઉપર લઈ ગયા. પછી પાસે બેસાડીને આવવાનું કારણ પૂછ્યું કે, આપ શું કામ આવ્યા છો ? આમ પૂછતા છતાં તેનું હૈયું ધ્રૂજતું હતું કે આ દગો કરીને મને મારી તો નહિ નાંખેને ! આવી બીક રહેતી. તેથી અંદરથી ધ્રૂજારી આવતી.

તે જોઈ જોબન પગી કહે, **'કસિયાભાઈ ! હવે હું ભગત થયો છું. મારો વિશ્વાસ રાખો. હું દગો નહિ કરું. મારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન છે.** અને તે મારા ગુરુએ મારી ભાવનાને કારણે વડતાલમાં મોટો ફૂલડોલનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું છે. આ રંગોત્સવમાં દેશદેશાવરથી સ્વામિનારાયણ ભગવાનની સાથે અનેક કાઠી દરબારો આવશે, ગામધણીઓ આવશે તથા શેઠ-શાહુકારો અને જાગીરદારો આવશે. વળી તેમના સંતો તથા મારા આમંત્રણથી પણ ઘણા લોકો આવશે. તેમની સરભરા માટે હું ચીજવસ્તુ લેવા આવ્યો છું.'

ત્યારે કસિયાભાઈ કહે, 'જોબન ભાયા ! વાત કરોને. આ બધું તમારું જ છેને ! આ દરબારગઢમાં, પેટલાદમાં અને પેટલાદ

પરગણાનાં ગામડામાંથી જે જે ચીજવસ્તુ જોઈતી હોય તે બધી મને નોંધાવી દો. હું તે બધી વસ્તુ એક-બે દિવસમાં જ વડતાલ પહોંચતી કરીશ.' પછી તેમણે એક જણાને લખવા બેસાડ્યો. જોબન પગીએ જે જે બૂંગણ, લાકડાં, ગાદલાં-ગોદડાં, ઘોડા માટે ઘાસચારો, ગોળા, ગોળિયું, પાણી ભરવાના મોટા ચરુ, તપેલાં, તાવેથા વગેરે જોઈતું હતું તે બધું જ લખાવી દીધું.

પછી કસિયાભાઈ કહે, 'જોબન ભાયા ! મારો વિશ્વાસ રાખજો. બધી જ વસ્તુ કાલે વડતાલ પહોંચી જશે.' એમ કહી આરબોને બોલાવી તેમણે વેપારીઓ પાસેથી તમામ વસ્તુઓ દરબારગઢમાં હાજર કરવાનો હુકમ કર્યો. તેથી તેઓ વસ્તુ લેવા ગામમાં ગયા. પછી બંનેએ થોડીવાર હળવી વાતો કરી. કસિયાભાઈ કહે, 'અહીં આવ્યા છો તો હવે જમીને જવાનું છે.' એમ કહી સારી રસોઈ બનાવડાવી. રસોઈ તૈયાર થઈ. પાટલા ઢાળી દીધા. તેથી બંને સાથે બેસીને જમ્યા.

પછી જ્યારે સાંજ પડવા આવી ત્યાં તો આખા ગામમાંથી અને પરગણામાંથી જે જે વસ્તુઓ લખાવી હતી તે તેના દરબારમાં ઢગલા થવા લાગ્યા. કસિયાભાઈ કહે, 'જુઓ જોબન ભાયા ! બધી વસ્તુઓ આવી ગઈ છે. આ બધાં જ ગાડાં ભરી મારા માણસો વડતાલ પહોંચાડી દેશે. તમે ચિંતા ન કરતા.' એમ કહી ખેડૂતોને બોલાવી વસ્તુઓનાં ગાડાઓ ભરવા લાગ્યા ને વડતાલને માર્ગે રવાના કરવા લાગ્યા. પછી છેલ્લે હાથ જોડીને કહે, 'જોબન પગી ! બીજું મારા જોગ કાંઈ કામકાજ હોય તો કહેજો.'

ત્યારે જોબન પગી કહે, 'મારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન બે દિવસમાં જ વડતાલ આવવાના છે. માટે તેમનાં દર્શન કરવા, પડવાના દિવસે તમે કુટુંબ-કબીલા સાથે આવજો. એ મોટાપુરુષ છે, હું તો એને પરગટ ભગવાન કહું છું અને એ વિના મારી જેવો ગાયકવાડ

સરકારનેય નમાવનારો તેમને નમે ખરો..? માટે એ સહજાનંદસ્વામીને મનુષ્ય ન સમજતા. કેમ કે,'

હરિ વિના મુજ હૃદયનો, પલટો કોણ કરનાર ?
માટે સ્વામિનારાયણને, હું માનું પ્રગટ અવતાર...૧૧૪
માટે તમે પણ આવજો, દર્શને પડવાને દન;
સહકુટુંબ આવજો થશે, પ્રગટ પ્રભુનાં દર્શન...૧૧૫

એમ આમંત્રણ આપી છેલ્લે સામસામી જય સ્વામિનારાયણ કહ્યા અને બંદૂકના અવાજ કર્યા. પછી ઊંટ ઉપર બેસી વડતાલને માર્ગે હંકાર્યો. સંધ્યા ટાણે વડતાલ પહોંચ્યા. બ્રહ્માનંદસ્વામીને મળીને સઘળી હકીકત કહી. તે દિવસની સાંજથી બીજા દિવસની સાંજ સુધી ધમધોકાર માલનાં ગાડાં આવતાં રહ્યાં. આ રીતે ઉત્સવના સામાનની સંપૂર્ણ પૂર્વ તૈયારી કરી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીએ રંગોત્સવના સામાનની વ્યવસ્થા કરી' એ નામે સાડત્રીશમો અધ્યાય થયો. ॥૩૭॥

અધ્યાય-૩૮

જોબન પગી તરફથી વડતાલમાં રંગોત્સવ

પછી સૌ મહારાજને આવવાની વાટ જોવા લાગ્યા. ત્યાં તો મહારાજ સંઘ સાથે પધાર્યા. શાસ્ત્રમાં આનું વિસ્તારથી વર્ણન છે. આખો ચરોતર પ્રાંત નાચી ઊઠ્યો. અતિ ધામધુમથી શ્રીહરિનાં સામૈયા કર્યાં. પછી સહુ ભક્તો સાથે શ્રીહરિ જ્ઞાનબાગમાં પધાર્યા. સંતોને ખૂબ આનંદ થયો. જોબન પગી, બાપુભાઈ, રણછોડભાઈ, રાયજીભાઈ વગેરે તમામ ગામના આગેવાન ભક્તો આવ્યા હતા. સહુ હાથ જોડી કહે,

આ તો અમ પર બહુ દયા આણી, નિજ દાસના દાસ પ્રમાણી;
અહો ભાગ્યશાળી અમે જેવા, નથી અન્ય આ જગમાં એવા.

ત્યારે મહારાજ કહે, 'સહુ ભક્તો સાંભળો. ઉત્સવ બહુ મોટો થશે.આંહીં આંબલે સંતો ઊતરશે તથા કાઠી દરબારો જોબન પગીને ઘેર તથા નારાયણગિરિના મઢમાં ઊતરશે. અમે પણ વાસણ સુતારને ઘેર ઊતરશું. ત્યાં જગ્યા બહુ સારી છે અને તે કુટુંબ બહુ સંપીલું છે. **અમને જ્યાં સંપ હોય ત્યાં રહેવું ગમે છે. કંકાસ હોય ત્યાં રહેવું ગમતું નથી.** માટે અમે વાસણ સુતારના ઘરે રહીશું.' જેણે પોતાના ઘરમાં શ્રીહરિને રાખવા હોય તેણે સંપ રાખવો.

આમ મહારાજે સહુ ભક્તોને ઉતારાની વ્યવસ્થા કરાવી. પછી પોતે વાસણ સુતારને ઘેર ઉતારે પધાર્યા. બધા ભક્તો પણ સહુ સહુના ઉતારે ગયા. ગંગામાએ મહારાજ માટે થાળ કર્યો. પછી તેઓ થાળ લઈને આવ્યાં; એટલે મહારાજ પ્રેમથી જમ્યા. પછી થોડીવારે પોઢી ગયા. જાગીને મોઢું ધોયું. ત્યાં મહારાજનાં દર્શન કરવા દેશદેશાવરથી લાખો ભક્તો આવવા લાગ્યા. નાનાં મોટાં બાઈઓ, બાળકો, વૃદ્ધો વગેરે અનેક સંઘો આવ્યા. સહુ શ્રીહરિનાં દર્શન માટે આતુર હતાં. મહારાજે દર્શનની છૂટ આપી. તેથી સહુ ત્યાં આવ્યા. મહારાજે ભક્તોને પૂછ્યું, 'સુખી છોને ? રસ્તામાં ખર્ચી ખૂટી નો'તીને ?' વગેરે સમાચાર પૂછી સંભાવના કરી.

✹ શ્રીહરિએ અનેકરૂપ ધરી ભક્તોને દર્શન આપ્યા :

તે સમયે વડતાલની સીમમાં તથા આજુબાજુનાં ગામોમાં અસંખ્ય ભક્તોના સંઘ ઊતર્યા હતા. સમાચાર મળતાં સહુ દર્શન માટે આતુર બન્યા. તે સર્વે મહારાજનાં દર્શન માટે જેમ જળ વિના માછલું તરફડે તેમ આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. તેથી મહારાજે તેમના અંતરની ભાવના જાણી. પછી જેટલા ભક્તો હતા અને જ્યાં જ્યાં ઉતર્યા હતા

ત્યાં ત્યાં તેટલાં સ્વરૂપ ધારણ કરી સહુને એકસાથે દર્શન આપ્યા. હરિલીલાકલ્પતરુના ૫/૪૭માં અધ્યાયમાં કહ્યું છે કે,

स इत्थं युगपत्स्वेक्षां, दत्त्वा तेभ्यो दयानिधिः ।
सर्वान् पृष्ट्वा समाचारान्, सुखयामास तान् भृशम् ।।
तानि स्वानेकरूपाणि, प्रभुर्भक्तप्रियस्ततः ।
अन्तर्दधे स भगवान्, स्वयं योगेश्वरेश्वरः ।।

યોગેશ્વરના પણ યોગેશ્વર અને ભક્તજનપ્રિય એવા શ્રીહરિએ પોતાના દાસને દર્શન આપવા માટે એકસાથે અનેકરૂપ ધારણ કર્યાં. સહુને તેમના સુખ-દુઃખના સમાચાર પૂછ્યા. આ રીતે સહુ ભક્તોને સુખી કરી તરત શ્રીહરિએ અનેકરૂપ અદશ્ય કરી એકરૂપ ધારણ કરી લીધું. પછી જ્યારે સર્વે ભક્તો ભેગા થયા ત્યારે સર્વ ઠેકાણે મહારાજે દર્શન દીધા, એ વાત સાંભળી. આવું શ્રીહરિનું ઐશ્વર્ય જોઈને સહુ ભક્તોને ખૂબ આનંદ થયો. સહુ રાજી રાજી થઈ ગયા. પછી રંગોત્સવની પૂર્વતૈયારી જોવા મહારાજ જ્ઞાનબાગમાં પધાર્યા. સાથે થોડા સંતો અને ભક્તો પણ હતા. વડતાલના ભક્તોએ રંગના ઢગલા દેખાડ્યા.

ચોપાઈ : **પીચકારી આણેલી અપાર, તેનો દેખાડ્યો એક અંબાર;**
ગંજ દેખાડ્યા અબિલ ગુલાલ, દેખી રીઝિયા દીનદયાળ.
પછી ચોથો પ્રહર થયો જ્યારે, જ્ઞાનબાગે ગયા હરિ ત્યારે;
જગ્યા જોઈ કહે સુખકારી, રંગ રમવાની જગ્યા છે સારી.
હરિએ નીરખ્યા હોજ બેય, અહો ભૂપ તે અદ્યાપિ છેય;
હોજ જોઈ કહે હરિરાય, વાહ સારી રચી છે શોભાય.

પછી મહારાજે ત્યાં સહુ સંતો-ભક્તોને થોડીવાર જ્ઞાન-વૈરાગ્યની વાર્તા કરી. પછી મહારાજે વિચાર્યું, વડતાલની સીમ તથા શાખાનગરોમાં રહેલા ભક્તોને મારાં દર્શન થતાં નથી. માટે મારે તેમને આ લાભ

આપવો જોઈએ. સહુને દિવ્યદષ્ટિ આપવી જોઈએ. સત્યસંકલ્પ શ્રીહરિએ જ્યાં આમ સંકલ્પ કર્યો ત્યાં દૂર રહેલા સૌ ભક્તોને દિવ્યદષ્ટિ પ્રાપ્ત થઈ. તેથી દિવ્યદષ્ટિ પામેલા તે ભક્તો અતિ દૂર હોવા છતાં મહારાજ પોતાની પાસે જ હોય તેમ દર્શન પામ્યા.

एवमानन्दसन्दोहं, स्वभक्तानां हि कोटिशः ।
वितन्वन् श्रीहरिस्तेभ्यो, निजैश्वर्यमदर्शयत् ।।

આવી રીતે લાખો અને કરોડો ભક્તોને એકસાથે શ્રીહરિએ દિવ્યદષ્ટિ આપી સહુને પોતાનો અતિશય આનંદ આપ્યો. સહુ ભક્તોને શ્રીહરિએ આવું અમાપ ઐશ્વર્ય બતાવ્યું હતું.

श्रीस्वामिनारायण आत्मतन्त्रे, तत्राऽवतारिण्यखिलेश्वरेशे ।
असंख्यविश्वप्रभवादिलीले, चित्रं परब्रह्मणि भूप ! नैतत् ।।

અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જેમની લીલા છે, આ બધું તો જેઓ આંખના ઈશારે કરનારા એવા સર્વ અવતારના અવતારી, સર્વ ઈશ્વરોના ઈશ્વર, સ્વતંત્રમૂર્તિ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાને આવો પ્રતાપ સહજમાં બતાવ્યો. કરોડો બ્રહ્માંડો જેના એક એક રુંવાડે અણુની જેમ ઊડતાં ફરે છે એવા શ્રીહરિ તો જે ધારે એ સહજમાં જ થાય.

કોઈ એક માણસ રોજે અબજો રૂપિયાનું દાન કરે તો આપણને આશ્ચર્ય બહુ થાય. કેમ કે, એના ઘરે આટલું બધું ધન કેવી રીતે આવતું હશે ? ક્યાંથી લાવતા હશે ? કેમ રળતા હશે ? આવું મનમાં થાય. પરંતુ સ્વામિનારાયણ ભગવાન તો આવાં ઐશ્વર્યોના મહાસાગર છે. એમને ક્યાંયથી ઐશ્વર્ય રળી, માગી લાવવાનુ હોતું નથી. આવો પ્રતાપ દેખાડવો એ એમના માટે સહજ છે. માટે ઉત્સવમાં મહારાજે આ રીતે અનેક પ્રકારનું ઐશ્વર્ય સ્વેચ્છાથી બતાવ્યું હતું. તેથી ભક્તોને અતિ આનંદ થયો હતો.

આ બાજુ રંગોત્સવની પૂર્ણ તૈયારી થઈ ગઈ ત્યારે મહારાજે રંગે રમવા માટે સંતોનાં બે જૂથ કરાવ્યા. એકમાં બ્રહ્માનંદસ્વામીને મુખ્ય કર્યા અને બીજા જૂથમાં નિત્યાનંદસ્વામીને મુખ્ય કર્યા. આમ બે જૂથ કરી શ્રીહરિ સંતો-ભક્તો સાથે ખૂબ રંગે રમ્યાં. તે વખતે આકાશમાં તેત્રીસ કરોડ દેવતાઓ જોવા આવ્યા હતા. અતિ ભવ્ય અને દિવ્ય રંગોત્સવ થયો હતો. પછી રંગલીલા બંધ કરાવી. સહુ ગાતાં ગાતાં સ્નાન કરવા ચાલ્યા.

રસ્તામાં વચ્ચે જોબન પગીની કૂળદેવી ખોડિયાર માતાનું સ્થાનક આવ્યું. તે દેવીને રંગ છાંટી મહારાજ કહે, 'આજથી તું સત્સંગી થા.' ત્યારે જોબન પગી કહે, 'હે મહારાજ ! આંહીં નવરાત્રીમાં લોકો ઘેટાં-બકરાં મારતા અને પાપ કરતા. આજ આપે દયા કરી મારી માતાનો ઉદ્ધાર કર્યો.' મહારાજ કહે, 'આ તારી માતા અંતે બદરિકાશ્રમમાં જાશે અને હવે આંહીં કોઈ હિંસા કરશે તો માતાનો કોપ થશે.

હે જોબન પગી ! હવે તમારી માતા બદરિકાશ્રમમાં જઈ તપ કરશે, શુદ્ધ થશે. પછી સત્સંગમાં જન્મ લઈ અક્ષરધામમાં જશે.' અક્ષરધામમાં જવું દેવ-દેવીઓ માટે પણ દુર્લભ છે. તેની માટે તો ખૂબ ભજન-ભક્તિ કરવા જોઈએ અને આજ્ઞા-ઉપાસનાની દૃઢતા કરવી જોઈએ. આ રીતે દેવીનો ઉદ્ધાર કરી શ્રીહરિએ સંતો-ભક્તો સાથે 'હરિ તલાવડી'એ સ્નાન કર્યું. સ્નાન કરી સહુ પાછા ઉતારે આવ્યા.

જ્યારે શ્રીહરિએ માતાજીને રંગ છાંટી સત્સંગી કરી ત્યારથી ત્યાં હિંસા કરવાનું બંધ થયું. પછી અમુક વર્ષો બાદ કોઈને કમતિ સૂઝેલી તેથી ત્યાં તેણે હિંસા કરવાનો પ્રયાસ કરેલો. પરંતુ માતાજીનો કોપ થવાથી તેનો એકનો એક પુત્ર મરી ગયો હતો. તે કારણે ત્યારથી આરંભીને ધાક બેસી ગઈ છે; એટલે ત્યાં અદ્યાપિ પર્યંત હવે કોઈ હિંસા કરતા નથી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગી તરફથી વડતાલમાં રંગોત્સવ થયો તથા શ્રીહરિએ ઐશ્વર્ય બતાવ્યું' એ નામે આડત્રીશમો અધ્યાય થયો. ।।૩૮।।

અધ્યાય-૩૯

હરિભક્તોને પરસ્પર હેત અને મહિમા

આ ઉત્સવમાં આવેલા તમામ ભક્તોમાં કોઈને મસ્તકે સુરતી પાઘ હતી. કોઈને માથે કચ્છી ટોપી હતી. કોઈને શીર ગુજરાતી પાઘ તો કોઈને ગોહિલવાડી પાઘ હતી. કોઈને માથે મોળિયું તો કોઈને મોટાં છોગાં હતાં. કોઈને દક્ષિણી તો કોઈને પારસી પાઘ હતી. કોઈને મારવાડી તો કોઈને મેવાડી પાઘ હતી. કોઈનાં લૂગડાં જાડાં તો કોઈનાં ઝીણાં હતાં. કોઈ ધોતિયાવાળા તો કોઈ ચોરણાવાળા હતા. આમ સહુના અનેક પ્રકારના પહેરવેશ હતા. અનેક પ્રકારની જ્ઞાતિ હતી. પરંતુ સહુની એક પ્રગટ શ્રીહરિમાં જ નિષ્ઠા હતી. સહુના દિલ એક હતા. સહુને પરસ્પર સંપ અને આત્મીયતા અજોડ હતી. હરિલીલામૃતમાં સરસ વર્ણન છે :

ચોપાઈ : **એક એકનો વેશ વિરુદ્ધ, પોતપોતા તણો ગણે શુદ્ધ;**
એમ જુદા જણાય અનેક, ઈષ્ટ સર્વ તણા શ્રીજી એક.
અન્યોઅન્ય હરિભક્ત કેરો, સગાથી પણ સ્નેહ ઘણેરો;
કરે તિલક દેખીને પ્રણામ, લૈને સ્વામિનારાયણ નામ.
મહિમા હરિજન તણો જાણે, ધ્રુવ પ્રહ્‌લાદ જેવા પ્રમાણે;
કોઈ રસ્તાની રજ લઈ હાથે, મહિમા જાણીને ધરે માથે.

તે સમયે સહુ હરિભક્તોને પરસ્પર આવો મહિમા અને હેત હતું. કેમ જે, ત્યારે શ્રીહરિ પ્રગટ બિરાજતા હતા અને તેમના ઘડેલા સાચા સંત અને મોટા પુરુષો પ્રગટ હતા. ધર્મ-નિયમ જીવતા હતા.

ભક્તિભાવ અપાર હતો. મોટા ભાગના ભક્તો નીતિમાન, પ્રામાણિક, ધર્મનિષ્ઠ અને શ્રીહરિ તથા સંતોના દૃઢ નિષ્ઠાવાળા હતા. તેથી સમગ્ર વિશ્વમાંથી જે ઉત્તમ મુમુક્ષુઓ હતા, બુદ્ધિશાળી હતા, પ્રતિભાસંપન્ન હતા તે સહુ શ્રીહરિના આશ્રિત થયા હતા. તેથી પરસ્પર એકબીજામાં વિશ્વાસ રહેતો, દિવ્યભાવ રહેતો. સમય જતાં ભગવાનનું પરોક્ષપણું મનાણું. ધર્મ-નિયમ, ભક્તિભાવ, નિષ્ઠા, મહિમા ઘટ્યા. તેથી જેમ લુચ્ચા વેપારીઓ માલમાં ભેળસેળ કરે તેમ સત્સંગમાં પણ સ્વાર્થી અને સહુનો ઉપયોગ કરે એવા માણસો આવવા લાગ્યા. તેણે જ મહિમા તથા દિવ્યભાવનું સ્તર સાવ નીચું ઉતારી નાંખ્યું.

આજથી દોઢસો વર્ષ પહેલાંની વાત છે. એક સારા સત્સંગી દ્વારકામાં રહેતા હતા. ત્યાં એક ખળ માણસ પહોંચ્યો. તેને ત્યાં ના'વું, ધોવું, ખાવું, પીવું તથા ઉતારાની જરૂર હતી. તપાસ કરી તો ખબર પડી કે અહીં એક સ્વામિનારાયણનો સત્સંગી રહે છે. તે જાણતો કે 'સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હરિભક્તો પરસ્પર બહુ જ મહિમા રાખે. સંબંધી કરતાંય સવાયું હેત રાખે.' તેથી તેણે એક સારા સત્સંગીનો વેશ લીધો. તિલક, ચાંદલો, પૂજા-પાઠ વગેરે ચાલું કર્યું.

પછી તે હરિભક્તના ઘરે ગયો. ત્યાં સંતો ઓછા આવતા. ઘણા સમયે એક હરિભક્ત પોતાને ઘેર આવ્યા જાણી મહિમાથી આ ભક્તે બધી જ વ્યવસ્થા કરી. રોજ શીરો, પૂરી વગેરે સારું સારું બનાવી જમાડે. આમ અઠવાડિયું ગયું. ત્યાં એક દિવસ જમતાં જમતાં છીંક આવી, અને આનાથી 'જય માતાજી' એમ બોલાય ગયું. તેથી સત્સંગીને ખબર પડી, 'અરે..! આ હરિભક્ત નથી, પણ ખોટો સત્સંગીનો વેશ લઈ દિવસ ટૂંકા કરવા અહીં આવ્યો છે.'

પછી બીજે દિવસે જમવામાં ટાઢા રોટલા અને છાશ આપી. એટલે તે ખળ કહે, 'આમ કેમ..?' ત્યારે આ શૂરવીર ભક્ત બોલ્યા,

'આઠ દિવસ શીરો પૂરી મળ્યા એ તો સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ હતો. અને આ ટાઢા રોટલા અને ખાટી છાશ મળી તે તારી લુચ્ચાઈનો પ્રતાપ છે.' એમ કહી કાઢી મૂક્યો.

હે વહાલા ભક્તો ! આ તો અન્ય દેવીનો ઉપાસક ખોટો દાડા ટૂંકા કરવા સત્સંગી બન્યો હતો. પરંતુ જેને આપણે સ્વામિનારાયણ ભગવાનના જ ઉપાસક માનીએ છીએ એવા ઘણા કહેવાતા શ્રીહરિના આશ્રિત કેવળ સ્ત્રી, ધનના અને ખાન-પાનના જ ઉપાસક હોય છે. અને પોતાની કાળી મથરોટી ધોળી કરવા જ સત્સંગી બની ગયા હોય છે. એને માટે જ સંપ્રદાયમાં આવ્યા હોય છે. અને વળી, તે તે સ્થાનમાં, મંદિરમાં, ગામમાં, ગૃપમાં, સંપ્રદાયમાં આગેવાન થઈને મોર મોર ચાલતા હોય છે. પરંતુ ભગવાનનો કાંઈ મહિમા કે નિષ્ઠા હોતા નથી. ભગવાનની ભૂખ-જરૂરિયાત જરાય તેનામાં હોય એવું જણાતું નથી. પરંતુ કેવળ આલોકનું સુખ અને આબરુ પામવા જ સંપ્રદાયમાં મોટભા થઈને હડિયો દેતા હોય છે અને એનું જીવન તો એક સામાન્ય સત્સંગીને પણ ન છાજે એવું બદતર હોય છે. આવા ઝાઝા માણસો કોઈ પણ સંપ્રદાયમાં, મંદિરમાં, ગૃપમાં, સંસ્થામાં ભળે તો ત્યાં ઉપર જણાવ્યું તેવું પરસ્પર હેતવાળું, મહિમાવાળું, વિશ્વાસવાળું દિવ્ય વાતાવરણ રહે જ નહીં.

અને આવા કેટલાકને તો આપણે રૂપિયાની ભૂખે આગેવાન બનાવી દીધા હોય છે. કાં તો આપણા કોઈ પણ સ્વાર્થે એવાને આપણે જ સત્સંગમાં વધારે પડતા વખાણી સ્વાગત, સન્માન કરી બિનજરૂરી મોટા કરી મૂક્યા હોય છે. એ લોકો જ દિવ્ય વાતાવરણનો સત્યાનાશ કરી નાંખે છે. શ્રીજીમહારાજ વખતે પ્રાયઃ આવું હતું નહીં. મહારાજ વખતે તો સહુ ભક્તો ખરેખરા નીતિમાન, પ્રીતિવાન, દઢવિશ્વાસી, પ્રગટની નિષ્ઠાવાળા હતા.

✹ તે સમયના સત્સંગનો સુંદર ચિતાર :

તે હરિલીલામૃત ક.૭/૬૦માં આ રંગોત્સવમાં આવેલા ભક્તોની અલૌકિકતાનું વર્ણન કરતા કહ્યું છે,

દેશ દેશથી આવેલા જન, કરે શ્રીહરિનાં દરશન.
લાખો લોકની ભીડ ભરાય, પણ નર ત્રિયા સ્પર્શ ન થાય;
પગ પુરુષનો પુરુષ ન પીલે, પગ અડકે તો માફી માગી લે.
બાઈ ભાઈ જે વૃદ્ધ જુવાન, ભાસે સૌ ભાઈ બેન સમાન;
પ્રભુમાં મન સૌનાં પ્રોવાય, બીજો ઘાટ ન મનમાં ઘડાય.
દીસે દોષ વિના સૌની દૃષ્ટિ, ભાસે સંસારથી ભિન્ન સૃષ્ટિ;
એવું આશ્ચર્ય જેને જણાય, પ્રભુનો કેમ નિશ્ચે ન થાય.
પડી વસ્તુ ઉપાડે ન કોય, ભલે હેમનું ભૂષણ હોય;
વાટે ઘાટે જનો જે વિચરતા, દીસે શ્રીજીનું નામ ઉચ્ચરતા.
કામ ક્રોધ કે લોભનો લેશ, કોઈમાં ન કરે તે પ્રવેશ;
ભાસે બાળક વૃદ્ધ સમાન, તેની વાતમાં વૈરાગ જ્ઞાન.
તજી ગેડી દડા મોઈદંડ, ધરે બાળક ધ્યાન અખંડ;
જોઈ બાળક સત્સંગી એવા, પામે અચરજ સનકાદિ જેવા.
ભક્તિ બાઈયોની એવી ભાસે, ગર્વ ગોપિયોનો પણ નાસે;
વિપ્ર ક્ષત્રિ ને વૈશ્ય છે જેવા, શૂદ્ર પણ સતસંગી છે તેવા.
પૂજા પાઠ કર્યા વિના કોઈ, જળ ન પિવે જમે શું રસોઈ;
કોઈ ભાંગ તમાકુ ન ખાય, જોવા ભાંડ ભવાઈ ન જાય.
એવો આચાર જોઈ આ ટાણે, ઋષિ ગૌતમ જેવા વખાણે;
ધર્મ કર્મ જ્યાં એવાં જણાય, કળિકાળ ત્યાં કેમ ગણાય.

માટે અરસપરસ બીજા ભક્તોને ધ્રુવજી, પ્રહ્‌લાદજી જેવા મહાન માનતા. કોઈ સંત યા એવા ભક્ત રસ્તે નીકળ્યા હોય યા નીજઆંગણે

આવ્યા હોય તો બીજા હરિભક્ત ત્યાંથી રજ લઈને મસ્તક ઉપર ચઢાવતા, અંગો ઉપર ચોપડતા. તો મંદિર વાળીને તે રજનો મહિમા સમજે એમાં શું કહેવું ? આવો મહિમા હતો. તેથી હ.લી.માં કહ્યું છે,

પુષ્પિતાગ્રવૃત :

હરિજન જન માંહિ હેત કેવું, પય જળ કેરું જણાય હેત જેવું;
જળ જળ પય હેઠ જૈ જળે છે, પય ઊભરાય ઉતાપ ઓલવે છે.

જેમ દૂધને અને પાણીને પરસ્પર પ્રેમ છે એવું સંતો-સંતોને, ભક્તો-ભક્તોને પરસ્પર હેત હતું. દૂધ ચૂલા ઉપર મૂકે અને હેઠેથી તાપ કરે તો પાણી નીચે બેસી જાય અને દૂધને બળવા ન દે ત્યારે દૂધને એમ થાય કે મારો મિત્ર દાઝે છે એટલે તે ઊભરાય અને અગ્નિને ઓલવી નાખે. આમ અરસપરસ તે બંનેને મિત્રાચારી છે. તે જ રીતે **સાચા સંતો-ભક્તો સાચા સંતો-ભક્તો માટે જીવે, સત્સંગ માટે જીવે તો ભગવાન બહુ જ રાજી થાય છે.**

જેમ માઈનસ ચાર ડીગ્રી વાતાવરણ થાય તો પાણી બરફ થઈ જાય તેમ સંતો-ભક્તોમાં પરસ્પર ગાઢ પ્રીતિ અને સાચી આત્મીયતા થાય તો જીવ જરૂર બ્રહ્મરૂપ થઈ જાય છે. પરંતુ સાચા ધર્મ, નિયમ અને સાચી નિષ્કપટ ભક્તિ જો ન હોય તો ઉપરોક્ત વાતાવરણ કદિ શક્ય નથી.

મોટી નદીઓમાં પડેલું પાણી નીચાણ તરફ વહેતું એક દિવસ સમુદ્રને મળી સમુદ્રરૂપ બની જાય છે. એ જ રીતે સાચા સંતો કે ભક્તોમાં થયેલો સ્નેહ ભગવાન તરફ જીવને લઈ જાય છે અને એક દિવસ બ્રહ્મભાવ જગાડી ભગવાનમાં લગાડી દે છે, છતાં દેહે મુક્ત બનાવી દે છે. માટે **સાચા સંતો-ભક્તોને ઓળખી તેમાં ખૂબ હેત રાખવું, મહિમા રાખવો, તો મોક્ષમાર્ગ બહુ જ ટૂંકો થઈ જશે.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'હરિભક્તોના પરસ્પર હેત તથા મહિમાનું વર્ણન કર્યું' એ નામે ઓગણચાલીશમો અધ્યાય થયો. ॥૩૯॥

અધ્યાય-૪૦

જોબન પગીએ માંગેલું પ્રભુ પાસે વરદાન

આ રીતે વડતાલમાં આનંદસભર રંગોત્સવ પૂરો થયો. સહુને હરિવરે હેતે કરીને પીરસ્યું. પ્રભુનો પ્રસાદ પામી તમામ સંતો-ભક્તો ધન્ય ધન્ય થયા. વળી, સાંજે ચાર વાગે જ્ઞાનબાગમાં ભવ્ય સભાનું આયોજન થયું. મહારાજે તે સભામાં જોબન પગી તથા તેમના પરિવારની સેવા, ભાવના, સમર્પણ અને નિષ્ઠાને ખૂબ બિરદાવ્યા અને કહ્યું, **"તમોએ આ ઉત્સવમાં ખૂબ તન, મન, ધનથી સેવા કરી છે. મોટો ખર્ચો કર્યો છે. આ ઉત્સવની સેવાથી હું તમારા ઉપર અતિ પ્રસન્ન થયો છું. માટે હે જોબન પગી ! તમારે જે વરદાન માગવું હોય તે વરદાન માગો. કોઈ પ્રકારનો સંકોચ કે ચિંતા રાખતા નહીં."**

ત્યારે જોબન પગી કહે, 'હે નાથ ! આપની કૃપાથી અત્યારે મારે કોઈ વાતની કમી નથી. પુત્ર-પરિવાર બહોળો છે. ખેતીવાડીમાંથી પણ અઢળક ઊપજ આવે છે. વળી, આપને ઓળખ્યા તેથી મારું અને અમારા પરિવારમાં સહુનું નિશ્ચય કલ્યાણ થઈ ચૂક્યું છે; તેનો મને વિશ્વાસ છે. પરંતુ હે સર્વાવતારી શ્રીહરિ ! હે મા-બાપ ! મને અંતરમાં એક વાતનું દુઃખ છે.' શ્રીહરિ કહે, 'એવું તે શું દુઃખ છે ?'

ત્યારે ગળગળા થઈને જોબન પગી કહે, 'હે મહારાજ ! મેં આ ચરોતર દેશમાં જ નહીં પરંતુ સાબરમતીથી પૂના સુધીની પ્રજાને ખૂબ ઘમરોળી છે, રંજાડી છે, લોહી ઉડાડ્યાં છે. સહુને ચાર દશકા સુધી ખૂબ જ દુઃખ દીધાં છે. મારું નામ સાંભળી સહુ ધ્રૂજતા હતા. મેં અનેક

લોકોને મારી નાખ્યા છે. આમ મેં બહુ પાપ કર્યાં છે. તેથી હવે મને તેમના ઉપર કરુણા વરસે છે. માટે સહુનું ભલું કરવું છે. તેથી આજ તેમના કલ્યાણ માટે બે હાથ જોડી પ્રાર્થના કરું છું કે, મેં જેને જેને દુઃખી કર્યા હોય, લૂંટ્યા હોય, માર્યા હોય તે સહુનું સારું કરજો, ભલું કરજો.'

જ્યારે વ્યક્તિમાં પરિવર્તન આવે ત્યારે આવી દિવ્યતા સર્જાય છે. જે બીજાને દુઃખ દેતા તે સહુના સુખને ઇચ્છે છે. જે બીજાને લૂંટતા તે આજે તેમના કલ્યાણની પ્રાર્થના કરે છે. આમ આખું આંતરિક વલણ બદલે ત્યારે સમજવું કે ભગવાન સમજાણા છે. વળી, જોબન પગી પ્રાર્થના કરતાં કહે છે કે,

દોહા : **મહિ સાબર નદી વચ્ચે, રાખજો દયા દયાળ;**
અન્ન-પાણી ખૂટે નહિ, કદિ ન પાડશો કાળ...૧૧૬

"મહિસાગર અને સાબરમતી આ બંને નદી વચ્ચેના પ્રાંતને ચરોતર પ્રદેશ કહેવાય છે. માટે આ ચરોતરમાં ક્યારેય કાળ ન પડે. એવી કૃપા કરો." મહારાજ જોબન પગીની આવી સમજણ તથા ઉદારતાથી ખૂબ જ રાજી થયા અને વરદાન આપતાં કહ્યું, 'જાઓ, હવે આંહીં ક્યારેય કાળ નહિ પડે.'

મહારાજે આ વરદાન આપ્યું તેને બસો વર્ષ થવા આવ્યા. હજી સુધી ક્યારેય ચરોતરમાં કાળ પડ્યો નથી. ત્યાં ઝાડવાં સુકાયાં નથી. આજે પણ આ ચરોતર પ્રાંતમાં ખૂબ ફળ-ફૂલ પાકે છે, અઢળક સંપત્તિ છે. આ જોબન પગીની ઉદારતા અને શ્રીહરિની કૃપાનો પ્રતાપ છે. સુરજ ચંદ્ર રહેશે ત્યાં સુધી આ વાત અમર રહેશે. આમ શ્રીહરિએ જોબન પગીના યજમાનપદે વડતાલમાં લીલા કરી. નિષ્કુળાનંદસ્વામી ભ.ચિં.૭૪માં કહે છે,

અપરંપાર લીલા કરી, ફાગણ સુદ પૂનમ દને;
કરી લીલા વડતાલમાં, કરાવી હરિજન જોબને.

પહેલાં કહેવત હતી કે, 'જિલ્લો ખેડા અને ન મળે કાંઈ મેડા.' પરંતુ આજ જોબન પગીના વરદાનના પ્રતાપે 'જિલ્લો ખેડા થયા મેડા પર મેડા.' ત્રણ-ત્રણ અને ચાર-ચાર માળની હવેલીઓ થઈ. જ્યારે ભગવાન કે સંતની કૃપા થાય ત્યારે જેમ વરસાદ સર્વત્ર વરસે તેમ સહુ સુખિયા થાય છે. બહુ મોટું કામ થાય છે.

✹ માત્ર વેશ નહીં હૃદય બદલવું જોઈએ :

આ પરિવર્તનની કથા છે. માટે આપણે પણ આપણું હૃદય બદલવું જોઈએ. આપણામાં વર્તનશુદ્ધિ, જ્ઞાનશુદ્ધિ અને સમજણશુદ્ધિ થવી જોઈએ. સ્વાર્થી મટી પરમાર્થી થઈએ. અધર્મી મટી ધાર્મિક બનીએ. પાપી મટી પુણ્યવાન થઈએ. રાગી મટી વૈરાગ્યની દઢતા કરીએ. કપટી મટી નિખાલસ થઈએ. ભોગી મટી ભાવિક બનીએ. માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ જીવનમાં ઊતારીએ તો આ આખ્યાન વાંચ્યું-સાંભળ્યું સાર્થક ગણાય. તિલક-ચાંદલો સરસ કરતા હોઈએ, ઉપરથી ભક્તપણું સારું દેખાડતા હોઈએ, પરંતુ થોડું દુઃખ આવે કે મુશ્કેલી આવે ત્યાં ધીરજ ડગી જાય, ખોટું બોલીએ, કોઈને છેતરીએ તે સારું ન કહેવાય. કેમ કે, વેશ બદલવાથી નહિ પણ હૃદય બદલો તો કામ થાય છે.

વેશ બદલે વળે નહિ, બદલવું જોઈએ હૃદય;
હૃદય બદલે રાજી હરિ, નહિ તો રાજી નય...૧૧૭
રાજી કરતાં શ્રીજીને, થાય છે લાભ અપાર;
મળે સુખ ને શાંતિ બહુ, સંપત્તિનો નહિ પાર...૧૧૮
કૃપા મળે જો શ્રીજીની, યત્ન ફળીભૂત થાય;
નહિ તો મે'નત પાણીમાં, જાણજો જરૂર જાય...૧૧૯

જે વેશ આપણે લીધો છે તેને પૂરેપૂરો ભજવવો. જોબન પગીમાં આવા સદ્‌ગુણો હતા. ભગવાનના બળે મહેનત કરી તો તેઓ સદ્‌ગુણો પામ્યા, રાજીપો પામ્યા; તેમ આપણે પણ પ્રયત્ન કરશું તો પ્રભુ જરૂર

કૃપા કરશે. કોઈએ એવું ન સમજવું કે, 'શ્રીહરિના કહેવાણા એટલે હવે કાંઈ કરવું રહ્યું નથી.' **જે વિશેષ સેવા-ભજન કરશે, આજ્ઞા પાળશે, વિશ્વાસ તથા નિષ્ઠા રાખશે, નિખાલસ રહેશે તે બધાનું જલ્દી કામ થશે.**

નિષ્કુળાનંદસ્વામીએ એકવાર ગોપાળાનંદસ્વામીને પૂછ્યું, 'હે સ્વામી ! સર્વનું કલ્યાણ સરખું થાય કે નહીં ?' સ્વામીએ કહ્યું જે, **"સર્વે શ્રીજીમહારાજના નોરમાં કહેતાં મહારાજે બાંધેલી પ્રથા મુજબ ચાલ્યા જાય છે, તેમાં પણ જે અધિક ભજન-સ્મરણ કરે છે, તે મુક્તાનંદસ્વામી તથા પર્વતભાઈ જેવા થાય છે.'** આમ જે મહિમા રાખી મહારાજને રાજી કરવા મહેનત કરશે તેને હરિવર વરશે અને મહાસુખિયા કરશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીએ શ્રીહરિ પાસે જનહિતકારી વરદાન માંગ્યું' એ નામે ચાલીશમો અધ્યાય થયો. ॥૪૦॥

અધ્યાય-૪૧

જોબન વડતાલાના પ્રગટના નિશ્ચયની વાત

દોહા : **નિશ્ચય પ્રગટ પ્રભુનો, પગીને પરવત પ્રાય;**
જ્ઞાન ડગાવે સો સો જણા, તોય ન ડગે જરાય...૧૨૦

જોબન પગીને સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય મેરુ પર્વતની જેમ અડગ હતો. આવો અડગ નિશ્ચય થવો એ જ સર્વ સાધનનું ફળ છે. પ્રગટની આવી નિષ્ઠા અને કલ્યાણ બંને એક છે. આપણે પણ આવી નિષ્ઠા શીખવી. આ વાતને સમજાવતા અદ્‌ભુતાનંદસ્વામી પોતાની ૧૮૧મી વાતમાં કહે છે,

એક દિવસ મહારાજે વાત કરી કે, જોબન વરતાલો પોતાની બે દીકરીઓ સહિત વરતાલથી એકવાર અમારાં દર્શન કરવા સારુ ગઢડે

આવતા હતા. ચાલતાં ચાલતાં ધોલેરા ગયા. ત્યાં દેવોનાં દર્શન કરી પોલારપર આવ્યા. ત્યાં તળાવને કાંઠે ઢેબરાં ખાઈ પાણી પીને થોડો સમય બેઠાં હતાં.

તેટલામાં ગામમાંથી દસ-વીસેક વાણિયા નીકળ્યા. તેમણે જોબન પગીને પૂછ્યું, 'ભાઈ ! ક્યાં રહેવું ?' ત્યારે જોબન પગી કહે, 'ગુજરાતમાં રહીએ છીએ.' ત્યારે તે વાણિયા કહે, 'ગુજરાતમાં જોબન વરતાલો કહેવાય છે, તેની બે દીકરીઓને સ્વામિનારાયણ લઈને ભાગી ગયા છે.' એવી વાત સંભળાય છે. **એવું સાંભળીને જોબન પગી કહે, 'વાણિયાભાઈ ! સ્વામિનારાયણ બે દીકરીઓને જ લઈ ગયા છે કે વધારે ?'** ત્યારે તે કહે, 'બે નું જ સંભળાય છે.'

તેથી જોબન પગી કહે, 'તમે વાણિયા જગતમાં વેપાર કરીને બહુ લોકોને છેતરવામાં હોશિયાર છો. પરંતુ પ્રગટ ભગવાનને ઓળખવામાં અને તેનો આશરો કરવામાં તમે જ છેતરાયા છો. કલ્યાણના માર્ગમાં તમે સાવ દિવાળું ફૂક્યું લાગે છે. સાંભળી લ્યો... **શ્રીકૃષ્ણ ભગવાને સોળ હજાર એકસો ને આઠ રાણીઓ કરી હતી.** તે વાત તમે સાંભળી છે ?' તે કહે, 'હા.'

ત્યારે જોબન પગી કહે, **' સ્વામિનારાયણ ભગવાન તેટલી રાણીઓ કરશે ત્યાં સુધી તો હું તેમને શ્રીકૃષ્ણ ભગવાન જેવા જાણીશ. ને એથી બમણી કરશે અથવા ત્રણ ગણી કરશે તો શ્રીકૃષ્ણ કરતાં બે-ત્રણ ગણા મોટા સ્વામિનારાયણ ભગવાનને જાણીશ.'** એમ કહીને કહે, **'હું પોતે જ જોબન વડતાલો છું. આ બે મારી દીકરીઓ મારી સાથે છે; પણ તમારી મા-બેન, દીકરીઓને સાચવજો કોઈ લઈ જાય નહીં.'** એવું તેમણે કહ્યું, ત્યાં વાણિયા ધ્રૂજવા લાગ્યા. હાથ જોડી કહેવા લાગ્યા, 'અમારી ભૂલ થઈ ગઈ, અમને માફ કરો.' એમ કહી બને એટલો જલદી રસ્તો પકડી લીધો.

આમ ઈર્ષ્યાળુ કે અદેખા લોકોને પ્રગટ ભગવાન કે કોઈ પણ મોટાપુરુષ હોય તેને વિશે ગમે તેવી ખોટી અફવાઓ ઉડાડવાની ટેવ હોય છે. જે ભોળા હોય તે તેમની વાતમાં આવી જાય છે. માટે એવા ઈર્ષ્યાળુ વિરોધી લોકોથી દૂર રહેવું. એનાં વચનમાં ક્યારેય વિશ્વાસ ન કરવો.

શ્રીહરિ ગઢપુરમાં છવ્વીસ વર્ષ રહ્યા; છતાં ગઢપુરમાં પણ અનેક વિરોધીઓ હતા. જેના ઉપર મહારાજ કે મોટા સંતની કૃપા થાય તેને પ્રગટનો નિશ્ચય થાય છે. અને પ્રગટનો નિશ્ચય થાય તેને કરવું કાંઈ બાકી રહેતું નથી. બાકી તો ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદ-સ્વામી જેવા મોટા સંતના પણ ઘણા વિરોધી હતા. વર્તમાનકાળે પણ મોટા સંતો કે ભક્તોના વિરોધ કરનારા અને ખોટી વાતો ઉડાવનારા બહુ લોકો હોય છે. તેની વિકૃત વાતોથી બચતા રહેવું.

❋ સંત ઓળખે તો શ્રીહરિ ઓળખાય :

જેને એકવાર મોટા સંતનો સ્વીકાર થઈ જાય તેના તમામ વિકારો નાશ પામી જાય છે. **જેને સંતની ઓળખાણ કે પ્રાપ્તિ થાય તેને ભગવાનની ઓળખાણ કે પ્રાપ્તિ દૂર રહેતી નથી. પ્રગટ ભગવાન કે પ્રગટ સંત આ બેમાંથી એકનો નિશ્ચય થાય એટલે તરત જીવનો મોક્ષ થઈ જાય છે.** આ જીવને પરોક્ષ ભગવાન અને પરોક્ષ સંતનો નિશ્ચય તો છે જ પરંતુ પરોક્ષથી કલ્યાણ થતું નથી.

જેમ દૂધમાં ઘી છે, પૃથ્વીમાં પાણી છે, પણ તેમાંથી ઘી કે પાણીનો આનંદ ન આવે. સ્વાદ તો પ્રગટ ઘી કે પાણી હોય તો જ આવે છે. તેમ જે કોઈ પ્રગટ ભગવાનનો અથવા સાચા સંતમાં ભગવાનને સાક્ષાત માનીને તેનો દૃઢ આશ્રય કરે છે, તેમાં જ માયા પાર કરવાની શક્તિ પ્રગટે છે. આવી રીતે પ્રગટને સ્વીકારવા તે જ સાચી મર્દાનગી છે, સાચી સમજણ છે. **જોબન પગીને પ્રગટ સંતનો નિશ્ચય પૂર્ણ હતો; એટલે**

પ્રગટ હરિનો નિશ્ચય પણ પૂર્ણ થયો. અને આ નિશ્ચયના બળના કારણે જ તેમને લેશમાત્ર પણ અવગુણ આવ્યો નહીં.

સ્વીકાર્યા પ્રગટ પ્રભુને, જાણી સર્વોપરિ નાથ;
કુટુંબ સહિત પ્રગટને, સોંપી દીધા હાથ...૧૨૧
વાતો સુણી ગમે તેવી, પણ નાવ્યો કદિ અભાવ;
ધન્ય ધન્ય જોબન પગીનો, જ્ઞાન પ્રગટ વિષે ભાવ...૧૨૨
નિંદા કરે જે પ્રગટની, ને પ્રોક્ષના ગુણ ગાય;
જ્ઞાન કહે આ દુનિયામાં, બહુ એવી ટેવ જણાય...૧૨૩
સ્વભાવ સર્વે છોડી દીધા, લીધો ન કદિ અભાવ;
સેવી પ્રગટ હરિ સંતને, જ્ઞાન રાજી કર્યા માવ...૧૨૪
અભિમાન સર્વે છોડીને, એણે પકડ્યો દાસભાવ;
આકરો માણસ હતો છતાં, આવ્યો નહીં અભાવ...૧૨૫
નિશ્ચયનું અતિ આ બળ છે, નિષ્ઠાની છે મોટાય;
અભાવ કદિએ આવે નહિ, જો નિષ્ઠા પક્વ થાય...૧૨૬

જોબન પગીને પ્રગટ પ્રભુ-સંતનો આવો જોરદાર નિશ્ચય હતો તેથી જ હું તેનું આખ્યાન લખું છું. આ દુનિયામાં પ્રગટની નિંદા કરે અને પરોક્ષને વખાણે એવા માણસની તો કાંઈ તાણ જ નથી. પણ પરોક્ષ નિશ્ચયવાળાની કોઈ વિશેષતા નથી. પરોક્ષને તો આખી દુનિયા માની શકે છે; પરંતુ જે **પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને પચાવી શકે તે જ મહાન છે. જ્યારે પ્રગટનો નિશ્ચય થાય ત્યારે જ અહંકારના ચૂરેચૂરા થાય છે. અક્ષરધામમાં જે મહારાજ અને મુક્તો છે તે જ આ પ્રગટ છે એમ સ્વીકારવા એ જ કલ્યાણનું રહસ્ય છે.** સર્વે શાસ્ત્રોમાં આ વાત છે. આપણા તમામ ગ્રંથોનાં પાનેપાને પ્રગટથી જ કલ્યાણ થાય તેમ વાત લખી છે, છતાં જેને પ્રગટનો સ્વીકાર ન થાય તેને અનંત જન્મનાં ભેળા થયેલા પાપો નડે છે એમ સમજવું.

માણસને પોતાના ગુણનું માન કે બુદ્ધિનો બોજ સહેજે રહે છે. હું સમજું છું, કળાવાન છું, ડાહ્યો છું આવો અહં રહે તેથી જ તે પ્રગટ નિશ્ચયરૂપી દરવાજામાં પ્રવેશી શકતો નથી. પછી તે ભગવાનના સુખથી વંચિત રહી જાય છે. મોક્ષ તેનાથી દૂર રહે છે. **જે દાસના દાસ થાય, નિર્માની થાય, નાના બનીને રહે તેમાં જ ભગવાન પોતાના જ્ઞાનનો પ્રકાશ કરે છે.** પછી તે જોબન પગી જેવો આકરો માણસ હોય છતાં આખો બદલાઈ જાય છે. અને તેને કોઈ ગમે તેમ કહે છતાં અભાવ-અવગુણ ન આવે.

આમ જેને નિશ્ચયની પક્વતા થાય તેને ક્યારેય અભાવ આવે નહીં. માટે વાતની વાતમાં સંતો-ભક્તોનો અભાવ-અવગુણ આવતો હોય તો સમજવું કે મારે સ્વામિનારાયણ ભગવાનના જ નિશ્ચયની ખામી છે. ભગવાનનો નિશ્ચય હોય તેને ભગવાનના સંતો-ભક્તોનો નિશ્ચય હોય જ. જોબન પગી આવા પ્રગટ નિષ્ઠાવાળા હતા. માટે તેમને ધન્યવાદ છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન વડતાલાના પ્રગટના નિશ્ચયની વાત કહી' એ નામે એકતાલીશમો અધ્યાય થયો. ॥૪૧॥

અધ્યાય-૪૨

ગધેડાની ગાય તથા કશિયાભાઈ સાથે મિત્રતા

એકવાર જોબન પગી ગામ વડતાલથી કશિયાજીને મળવા ગામ પેટલાદ ગયા. તે ગામના પાદરમાં ગયા ત્યાં તો ગામના વેપારીઓને ખબર પડી કે, જોબન પગી આવે છે. તેથી બીકને લીધે દુકાનો બંધ કરીને સહુ સહુને ઘેર જતા રહ્યા. જોબન પગી કશિયાભાઈની ડેલીએ

ગયા ત્યારે કશિયાજીએ નામ લઈને બોલાવ્યા ને પોતાની ગાદી પાસે બેસાર્યા ને ખૂબ મહેમાનગતિ કરી. ને પૂછ્યું, "કેમ તમે શું કામે આવ્યા છો ?" ત્યારે તેમને જે પૂછવાનું હતું તે પૂછી લીધું. પછી થોડીવાર વાતોએ વળગ્યા તેમાં કશિયાભાઈ કહે, "હે જોબન પગી ! તમે સ્વામિનારાયણના સત્સંગી થયા તે સ્વામિનારાયણે તમને શું પરચો આપ્યો ? વળી, મેં સાંભળ્યું છે, સ્વામિનારાયણ ભગવાન ગધેડાની ગાય કરે છે; તે વાત સાચી છે કે ખોટી ?" ત્યારે જોબન પગી કહે, "તે વાત સાવ સાચી છે. અને તમે પણ જોયેલું તથા અનુભવેલું છે.

દોહા : **ગધેડા જેવો હું હતો, મારી બનાવી ગાય;**
નહિ તો તારી શું ખેર છે, મારી સામુંય જોવાય...૧૨૭
મુજ નામે તો છોકરા, રોતાં આળસી જાય;
ધોળા દિ'એ પેટલાદના, કમાડ જાતાં દેવાય...૧૨૮
કશિયા મારા નામથી, તું જાતો તો સંતાય;
તારી સાથે વાત કરું છું, ખરી બન્યો છું ગાય...૧૨૯

કશિયાભાઈ મારા શરીરમાં જેટલા રુંવાડાં છે એટલા ઘા વાગેલા છે. એવો હું પાપી અને ગધેડા જેવો હતો. આ હું ગધેડા જેવો હતો તે મને સત્સંગી કરી નાખ્યો એ જ ગધેડાની ગાય કર્યા બરોબર છે. કલકત્તા સુધી મારી હાંક વાગતી. મારે કોઈ પ્રકારનો આચાર-વિચાર નહોતો. હું એક નહિ મારા જેવા અનેક પશુ જેવું જીવન જીવતા તેમને સ્વામિનારાયણ ભગવાને ગાયો જેવું પવિત્ર જીવન જીવતા કર્યા છે. જે મુખમાં ગાળો નીકળતી હતી તે મુખમાં હવે ભગવાનનો મંત્ર જપાવા લાગ્યો છે. જ્યાં દારૂ-માંસના અડ્ડા જામતા તે સ્થાને સ્વામિનારાયણ ભગવાને સત્સંગસભાઓ અને સંસ્કારની પાઠશાળાઓ કરી છે. આમ અનેક ગધેડા જેવાને સ્વામિનારાયણ ભગવાને ગાયો જેવા બનાવ્યા છે. દેવોને પણ

વંદન કરવા યોગ્ય બનાવ્યા છે. માટે લોકો કહે છે કે 'સ્વામિનારાયણ ભગવાન ગધેડાની ગાય બનાવે છે.' તે વાત પૂર્ણ સત્ય છે.

થયો સ્વામિનારાયણનો, આ કંઠી ગળામાંય;
હાથમાં માળા ફેરવું છું, હવે તરણુંય ન ચોરાય...૧૩૦
જ્યારથી વર્તમાન લીધાં, ત્યારથી છોડ્યાં વ્યસન;
સહુનું ભલું હું ઇચ્છું છું, કરું છું પ્રગટ ભજન...૧૩૧

વળી, બીજો પરચો એ જ અમે ચારેય ભાઈ ડભાણમાં સ્વામિનારાયણ યજ્ઞ કરતા હતા ત્યારે તેમના ઘોડા ચોરવા ગયા હતા તે વખતે સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને અમને ઘોડે ઘોડે દેખાયા અને અમે ત્રણ દિવસ દાખડો કર્યો પણ એકેય ઘોડું ન લેવાણું. વળી હું સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી થયો ત્યારે તમે મને તમારી ગાદી પાસે બેસાર્યો એ ત્રીજો પરચો." તે સાંભળીને કચેરીના સહુ માણસો બોલ્યા કે, "હા, એ વાત ખરી છે."

આમ, જોબન પગીએ જડબાતોડ જવાબ આપ્યો. આ સાંભળી કશિયાભાઈ કહે, 'તમે ખરા સત્સંગી થયા છો. તમારી વાત પૂર્ણ સત્ય છે. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજાનું આ કામ નથી. માટે તમોને તથા તમારું પરિવર્તન કરનારા સ્વામિનારાયણ ભગવાન બંનેને હું હવે હૃદયથી ચાહું છું.' ત્યારે જોબન પગી કહે,

અલૌકિક આનંદ દાતા, સ્વામી સહજાનંદ;
સર્વે ગુરુના ગુરુ પોતે, પૂરણ પરમાનંદ...૧૩૨
મોટા સદ્‌ગુરુમાં વસી, સુખ આપે મહારાજ;
ગાઈએ ગુણલા શ્રીજીના, રૂડી તક પામી આજ...૧૩૩

'આજ આવો મનુષ્યદેહ મળ્યો છે. માટે તમે પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. એ સર્વે ગુરુના ગુરુ છે. અંતર્યામી

પરમાત્મા છે. તેમના મોટા સદ્‌ગુરુઓ પણ ભવ-બ્રહ્માદિક દેવો કરતાં મહાન છે. એવા સંતમાં રહી શ્રીહરિ અમને બહુ સુખ આપે છે. મોક્ષ પામવાની આ તક સમજી તમે પણ સત્સંગ કરો. ભગવાન તથા સંતોના ગુણલા ગાઈ જીવન સાર્થક કરો.' તે વાત કશિયાભાઈને સમજાઈ. તેઓ પણ સત્સંગ તરફ વળ્યા. તેથી કશિયાભાઈ અને જોબન પગી આ બંને વચ્ચે ગાઢ મિત્રાચારી બંધાણી. બંને એકબીજાનાં કામ કરતા. એકબીજાના પૂરક બનીને રહેતા.

આ બંનેને મિત્રાચારી થઈ તે વાત આખા પરગણામાં તથા વડોદરા પ્રાંતમાં પ્રસિદ્ધ થઈ ગઈ. સહુને ખ્યાલ આવી ગયો કે પેટલાદના કશિયાભાઈ અને જોબન વડતાલો, આ બંને ભારે વૈરી હતા તે હવે પરમ મિત્ર થઈ ગયા છે. આ વાત ગાયકવાડ સરકારના કાન સુધી પહોંચી. સરકારના મનમાં ઘણા સમયથી જોબન પગીને વડોદરા બોલાવવાની અને આ નરબંકાને એકવાર જોવાની ઇચ્છા હતી.

સરકારને પણ એ પાકો નિશ્ચય થઈ ગયો હતો કે 'મારા અનેક અમલદારો અને ઇન્સ્પેક્ટરોને મારી નાખનાર બહાદૂર બહારવટિયો હવે ભક્ત થઈ ગયો છે. તે કોઈને મારતો નથી; તેથી હવે તેમને પકડવાનો કોઈ અર્થ નથી. પરંતુ મારે વીરપુરુષને એકવાર જોવો છે. લોકો કહે છે, જેવું એ શૂરવીરતાથી બહારવટું ખેડતો હતો એવી જ શૂરવીરતાથી હવે એ ભક્તિ કરે છે. એમની પ્રામાણિકતા, નીતિમત્તા, ધ્યાન, ભજન, સેવા, પૂજા, સત્સંગ આ બધું જ અજોડ છે. માટે એકવાર મારે તેને મળવું છે.

ઇતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'ગધેડાની ગાય કરી તથા જોબન પગીની કશિયાભાઈ સાથેની મિત્રતા કહી' એ નામે બેતાલીશમો અધ્યાય થયો. ॥૪૨॥

અધ્યાય-૪૩

જોબન પગી પ્રથમવાર વડોદરામાં

આવા મહાન ભક્તોનાં આખ્યાનો વાંચવા-વિચારવાથી આપણામાં રહેલી નિષ્ઠાની ખામી ટળે છે. કામ, ક્રોધ, લોભ આદિ વાસના ભાગે અને શ્રીહરિમાં પ્રીતિ જાગે છે. શૂરવીરપણે ભજન કર્યાનું તાન જાગે છે. ગમે તેવા પાપી હોઈએ તોપણ પરમાત્માને આશરે જઈએ તો પાવન થવાય છે. જીવન બદલી શકાય છે. એના વિશ્વાસનો પૂરાવો એટલે જોબન પગીનું આખ્યાન. માટે આનું ખૂબ શ્રવણ-મનન કર્યા કરવું.

દોહા : **ભક્તચરિત્ર અતિ ભાવથી, ભક્તો સુણજો જરૂર;**
કામ ક્રોધ લોભ વાસના, સુણતા થાશે દૂર...૧૩૪
થયા છે મિત્ર જાણીને, કશિયો અને જોબન;
ગાયકવાડ સરકારે દિધું, જોબનને આમંત્રણ...૧૩૫

જોબન પગી અને કશિયાભાઈ પાક્કા ભાઈબંધ થયા છે. હવે જોબન પગીનું ખોળિયું બદલાઈ ગયું છે, તેથી ગાયકવાડ સરકારને તેમને રૂબરૂ મળવાની તથા તેમની વીરતાની વાતો જાણવાની અતિ ઇચ્છા થઈ. જોબન પગીની શક્તિની અને લૂંટફાટની વાતો સાંભળવાની તીવ્ર ઇચ્છા થતાં ગાયકવાડ સરકારે કશિયાભાઈને એક કાગળ લખ્યો. કાસદ તે પત્ર લઈ પેટલાદ આવ્યો.

પત્રમાં લખ્યું હતું કે, ‘તમે જોબનના જામીન થાઓ અને કાંઈ પણ બીક ન રાખવાનું તમારા ગળામાં (માથે) લઈ તેમને વડોદરા સરકારની સલામે તેડી લાવો. તે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત થયા છે. ચોરી, ખૂન વગેરેનો ત્યાગ કર્યો છે. માટે તેના તમામ ગુન્હાની હું માફી આપું છું. મારા મનમાં કોઈ દગો નથી, કપટ નથી. મારે તેને જેલમાં પૂરવો નથી. એકવાર પ્રેમથી તેને જોવો છે. તે કામ તમારા દ્વારા

થઈ શકે તેમ છે. માટે મારી પુનઃ પુનઃ વિનંતી છે કે, જોબન પગીને વિશ્વાસ આપી તમો અહીં વડોદરા લાવજો. મારે એનું વડોદરાની ભર બજારમાં ભવ્ય સ્વાગત-સન્માન કરવું છે. કચેરીમાં મારી સાથે બેસાડી ભારે ઈનામ આપવું છે. એનું સન્માન કરી માન વધારવું છે. કોઈથી ન જિતાય એવા અને કોઈથી ન મરે એવા જોબન પગીને સ્વામિનારાયણ ભગવાને જીત્યો છે. માટે તેમને પણ લાખો ધન્યવાદ કહું છું.'

કશિયાભાઈએ સરકારનો કાગળ વાંચ્યો. પછી તેમણે જોબન પગીને સમાચાર આપ્યા કે, 'મારે આપનું અગત્યનું કામ છે. માટે આપ તત્કાળ એકવાર પેટલાદ પધારો તો સારું.' સમાચાર મળતાં જોબન પગીને એમ થયું 'કશિયાભાઈ મારા મિત્ર છે. તેણે મારાં ઘણાં કામ કર્યાં છે. માટે મારે ત્યાં તેમને અગત્યનું કામ હોય તો જવું પડે.' આમ વિચારી કશિયાભાઈના કહેવાથી જોબન પગી પેટલાદ ગયા.

કશિયાભાઈએ જોબન પગીને વડોદરા સરકારના તમામ સમાચાર આપ્યા અને પત્ર વાંચી સંભળાવ્યો. પછી તેમણે જોબન પગીને કહ્યું, 'તમે કહો ત્યારે આપણે વડોદરા જઈએ. તમામ જવાબદારી મારે માથે છે.' ત્યારે જોબન પગી કહે, 'જો જો હો કશિયાભાઈ, એ રાજા કહેવાય... તમને જામીન રાખી મને જેલમાં પૂરે તો મારો મનખો હરામ થઈ જાય. જો દગો થાય તો તમારે માથે માથું નહીં રહે. ભરસભામાં હું તમને મારી પછી મારા પેટમાં જમૈયો નાંખી આત્મહત્યા કરીશ. માટે વિચારીને પગલું ભરજો.'

ત્યારે કશિયાભાઈ કહે, 'શું બોલો છો, જોબનભાઈ..! હું ખાનદાન માણસ છું, તમારો વાળ વાંકો નહિ થાય. માટે મનમાં ધરપત રાખો; હું તમને મોટું સન્માન અપાવીશ.' તેથી જોબન પગીને વિશ્વાસ આવ્યો. એટલે કહ્યું, 'તમે વડોદરા જવા નીકળો પછી તેના

મને સમાચાર મોકલજો.' સમાચાર આવે હું ત્રીજે દિવસે મારા ઊંટીયા પર બેસી નીકળીશ. અને વડોદરા તમારા ઉતારામાં આવીને મળીશ. પછી આપણે બંને સાથે મળી સરકારની કચેરીમાં જાશું. એમ કહી જય સ્વામિનારાયણ કહી તે વડતાલ આવ્યા.

પછી કશિયાભાઈએ પત્ર લઈને આવનાર કાસદને કહ્યું, 'હું એક મહિનામાં જોબન પગીને તેડીને વડોદરા આવીશ.' એમ જવાબ લખી તેને રવાના કર્યો. તેણે વડોદરા સરકારને જોબન પગી એક મહિનામાં આવશે એવા સમાચાર આપ્યા; તેથી તેમને આનંદ થયો.

આ બાજુ થોડો સમય ગયો, પછી કશિયાભાઈ આઠ-દશ હથિયારબંધી માણસો સાથે લઈ વડોદરા જવા નીકળ્યા. જોબન પગીને તે સમાચાર પહોંચાડ્યા. સમાચાર લાવનાર માણસની સાથે જોબન પગીએ કહી મોકલ્યું કે, 'કશિયાભાઈને કહેજો હું જરૂર આવીશ અને તમને ત્યાં મળીશ.' પછી તે માણસે આ સમાચાર કશિયાભાઈને આપ્યા.

સમાચાર મળ્યા બાદ જોબન પગી ઊંટ ઉપર બેસી ત્રીજે દિવસે શ્રીજીમહારાજને સંભારી વડોદરા જવા નીકળ્યા. જોબન પગીને હજુ પૂરો વિશ્વાસ નથી. મનમાં એમ થાય છે કે, રાજા વાજા ને વાંદરા, કદાચ મને આવા કાવતરાથી જેલ ભેગો કરી દે. માટે મારે પોતે જ સાચી તપાસ કરી લેવી જોઈએ. એમ વિચારી બે જાસૂસોને અગાઉ વડોદરા મોકલ્યા. વળી, અનગઢ વિસ્તારના બાતમીદાર કાના કારસ્તાનીનો વડોદરામાં ઉતારો હતો, તેને ત્યાં હાજર રહેવા કે'વરાવ્યું. પછી જોબન પગી વડોદરા પહોંચ્યા ત્યારે પ્રથમ ખાનગીમાં તેને મળ્યા અને તેને ત્યાં જ ઉતારો કર્યો અને તેના દ્વારા પણ બધા સમાચાર જાણી લીધા.

કશિયાભાઈ પણ મુકામ કરતાં કરતાં ચોથે દિવસે વડોદરા આવ્યા. તે પોતાના ઉતારામાં ત્યાં ઊતર્યા. જોબન પગીએ મૂકેલા જાસૂસે આ

સમાચાર તેમને આપ્યા. તેથી બીજે દિવસે બપોરે જોબન પગી તેને મળવા કશિયાભાઈને ઉતારે ગયા. તપાસ કરતાં જાણ થઈ સરકારના મનમાં કોઈ કૂડ-કપટ કે દગા જેવું નથી; માત્ર મને નજરે જોવા માગે છે. આવી ખાતરી થઈ તેથી બીજે દિવસે કશિયાભાઈની સાથે સરકાર પાસે જવાનું નક્કી કર્યું.

બીજે દિવસે સોમવાર હોવાથી કોર્ટ-કચેરીમાં રજા હતી. ગાયકવાડ સરકારે પોતાના તમામ નાના-મોટા અમલદારો, શેઠ-શાહુકારો તથા અધિકારીઓને કહ્યું, 'જોબન પગીને જોવાનો કાલે દરબાર ભરાશે.'

એમ કહી ઢોલ પીટાવી આખા વડોદરામાં તેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. **'ભરાડીમાંથી મહાન ભક્ત બનેલા જોબન વડતાલાનું વડોદરા સરકાર કાલે મોટું સન્માન કરશે. તેની બજારમાં ભવ્ય સવારી નીકળશે. પછી દરબાર ભરાશે. માટે જેને જોબન પગીને જોવો હોય તે બધા હાજર રહે.'** આ રીતે આખા વડોદરાની જનતાને ઢોલ વગાડીને જાણ કરી.

બીજા દિવસે કશિયાભાઈના ઉતારે સરકારે પ્રધાનોને ફોજ સાથે મોકલ્યા. અને કહેવરાવ્યું વાજતે-ગાજતે સન્માન સાથે જોબન પગીને લાવવા માટે આ સામૈયું મોકલાવ્યું છે. ત્યારે જોબન પગીએ લીલી અતલસનો પાયજામો પહેર્યો. માથે અતલસની આસમાની રંગની સોનેરી બુટ્ટાવાળી ડગલી પહેરી. માથે નવધરું મંડીલ બાંધ્યું. કમર ઉપર કસુંબલ રેંટાની ભેટ વાળી. તેમાં જમૈયા, છરી તથા કટાર ખોસ્યાં. ડોકમાં સોનાના બે ગંઠા પહેર્યા. કાનમાં ઠોળિયાં, હાથમાં વેઢ-વીંટી અને પગમાં રૂપાના તોડા પહેર્યા. કમરે રૂપાની મૂંઠવાળી તલવાર બાંધી. એક ખંભે તીરકામઠું અને બીજા ખંભે જોટાવાળી બંદૂક ધારી.

હાથમાં મહારાજે આપેલી માળા, કપાળમાં તિલક-ચાંદલો અને મુખમાં સ્વામિનારાયણનું નામ જપતા આવાં હથિયાર ધારણ કરી બનીઠની બાહોશ બહારવટિયાના રૂપમાં જિંદગીમાં પ્રથમવાર વડોદરા શહેરમાં જોબન પગીએ પ્રવેશ કર્યો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગી પ્રથમવાર વડોદરા આવ્યા' એ નામે તેતાલીશમો અધ્યાય થયો. ॥૪૩॥

અધ્યાય-૪૪

ગાયકવાડ સરકારે કરેલ જોબન પગીનું સન્માન

જોબન પગી જ્યારે વડોદરા આવ્યા ત્યારે તેમણે કાંઈ દગા જેવું જણાય તો જેટલા મરે તેટલાને મારીને પછી મરી જવાનો મનમાં નિશ્ચય કર્યો હતો. આ તરફ સરકારે ચાર બળદ જોડેલું વેલડું તેમની માટે મોકલાવ્યું હતું. તેમાં ઊંચી બેઠકવાળી રંગતપાટ પર ગાદી-તકિયા બિછાવ્યાં હતાં. અમલદારોએ જોબન પગીને વિનંતી કરી કે આપ સરકારના માન ખાતર આ ઊંચા આસને બેસો.

પછી કશિયાભાઈ સાથે જોબન પગી તે વાહનમાં ગાદી-તકિયા ઉપર બેઠા. સામે ગાદલાઓ ઉપર તેડવા આવેલા સરકારી અમલદારો અને પ્રધાનો બેઠા. આ રીતે સરકારી નોબતો સાથે જોબન પગીનું સામૈયું વડોદરાની મુખ્ય બજારે નીકળ્યું. જ્યારે તેઓ શહેરમાં નીકળ્યા, ત્યારે આંગળી ચીંધી ચીંધી લોકો તેમને જોતા હતા અને કહેતા હતા કે **'આ વાંકડી મૂંછોવાળો નરબંકો એ જ જોબન વડતાલો છે.'** તે વખતના વડોદરાના પ્રસિદ્ધ ક્ષત્રિયોના બારોટ હેમતસંગ ત્યાં હાજર હતા. તેમણે જોબન પગીની બિરદાવલીઓ આ રીતે ગાઈ હતી :

વડોદરાની બજારમાં, જોબન જોવા કાજ;
હલકી ઊઠી મેદની, અસવારીમાં આજ.

નીરખવા નર બંકડો, જોબન જોવા કાજ;
ચતુરા ચડી ઝરૂખડે, અસવારીમાં આજ.

પાંચ હથાલો પેખીઓ, જોબન પગી જુવાન;
સાવજ જેવો શોભતો, ભાળ્યો ભીનેવાન.

તિલક ચાંદલિયો સહિત, ભળકે રૂડું ભાલ;
કેડે હથિયારો કસિયાં, જમણે હાથે માળ.

વાંસે ઢાલું હીંડળે, કમરે છે કરવાળ;
બંદૂક ડાબા હાથમાં, જમણે હાથે માળ.

બારોટો આવી બિરદાવલીઓ ગાતા. સર્વત્ર આનંદ ઉત્સવ થતા. વડોદરાના અસંખ્ય નરનારીઓ જોબન પગીને જોવા ટોળેટોળાં ઊભાં હતાં. વાજતે-ગાજતે સવારી આગળ ચાલતી હતી. તે સામૈયું સૂબા સાહેબ તથા મહેતા સાથે ઊભી બજારે માંડવી સોંસરા થઈ હજૂરીબાગમાં ગયું. ત્યાંથી સવારી ગાયકવાડને આંગણે આવીને ઊભી રહી. ચોપદારો આગળ હતા. તેઓ નીચે ઊતર્યા. પછી કશિયાભાઈ અને તેની પાછળ જોબન પગી ગાડીમાંથી નીચે ઊતર્યા અને પ્રધાનમંડળની પાછળ કશિયાભાઈની સાથે જોબન પગી વડોદરાની રાજકચેરીમાં દાખલ થયા. તેમની બેઠક કશિયાભાઈની બાજુમાં જ રાખી હતી.

તેથી કશિયાભાઈએ કહ્યું, 'આવો જોબન પગી ! આ બાજુ આપની બેઠક છે. તેને ગ્રહણ કરો.' તેથી વિરાસન રાખી જોબન પગી ત્યાં બેઠા અને બંદૂક તથા તલવાર ખોળામાં રાખી. કેમ કે, કાંઈક થાય તો પોતાના નિર્ણય પ્રમાણે લડી લેવાનું હતું.

પછી ગાયકવાડ સરકાર ઝરુખેથી નીચે ઊતરી કચેરીમાં આવ્યા. સહુ સાથે જોબન પગીએ પણ સલામ કરી. પછી કશિયાભાઈના કહેવા મુજબ રાજરીત પ્રમાણે ભેટ મૂકી સરકારને મુજરો કર્યો. અને બે હાથ જોડી ઊભા રહ્યા. ત્યારે સરકાર કહે, **'કેમ જોબન પગી ! તમે હવે સ્વામિનારાયણના ભગત થયા છો, ખરુંને..!'** ત્યારે તેણે કહ્યું, **'હા. હું હવે ભગત થયો છું.'** પછી સરકાર થોડીવાર તેની સામે એક નજરે જોઈ રહ્યા. પછી બેસવાનું કહેતાં જોબન પગી પોતાના આસને બેઠા. સરકારે પણ પોતાનું આસન સ્વીકાર્યું.

ત્યારબાદ ગોઠવણી મુજબ સભામાં નાચગાનનો હુકમ થયો. એટલે રાજરીતિ પ્રમાણે રાજ્યની ગાયિકાઓ નૃત્ય કરવા આવી. તબલાના તાલ અને સંગીતના સૂરો સાથે ગાયન અને નૃત્ય શરૂ થયાં. સહુ ગાન સાંભળે છે પરંતુ બધાની નજર જોબન પગી સામું સ્થિર હતી. પરંતુ જોબન પગીનું ધ્યાન શ્રીજીમહારાજની મૂર્તિનું સ્મરણ કરવામાં હતું. એ તો નીચી દૃષ્ટિએ માળા ફેરવી જપ કરતા હતા.

આમ જેની ઇન્દ્રિયો કાબુમાં હોય, મન કાબુમાં હોય તેને ભગવાન વશ થાય છે. તેમના માટે જ આ કાર્યક્રમ ગોઠવાયો હતો છતાં તેમને પરસ્ત્રી સામું ન જોયું. તેથી સરકાર તથા તેમના તમામ માણસો તેમના સંયમ અને સદાચાર જોઈને ફીદા ફીદા થઈ ગયા. સહુને ગુણ આવ્યો. આપણું વર્તન જોઈને બીજાને ગુણ આવે તો આપણે સત્સંગી સાચા.

નાચગાન પૂરા થયા. પછી સન્માન સભાનો આરંભ થયો. સરકારે સેવકોને ઈશારો કરતા જોબન પગીને આપવાના શિરપાવનો ભરેલો થાળ લઈ એક માણસ આવ્યો. સરકારે તે થાળમાંથી લઈ જોબન પગીને પોતાના હાથથી **બહાદુર પુરુષ**ના નામવાળો મોટા ચગદામાં કોતરાવેલ સોનાનો કંઠો આપ્યો. તેમ જ બીજી અનેક ભેટો આપી.

પછી સરકારે કહ્યું, **'આજથી તમે અમારા રાજ્યના એક અમીર છો. હું તમારી બહાદુરીથી ખુશ છું. તમારા તમામ ગુના માફ કરું છું. અને હું મારા રાજ્યના એક 'બહાદુર પુરુષ'નો તમને ઈલકાબ આપું છું.'** એમ કહી સરકારે ફરી ઈશારો કર્યો તેથી લાઈનબદ્ધ બીજા કપડાંના, રૂપિયાના અને ઘરેણાંના થાળો હતા તે લઈને સરકારના માણસો આવ્યા. સરકારે તેને હાથ અડાડી બધું જ જોબન પગી પાસે મેલાવ્યું. આ રીતે જોબન પગીને ભેટ ધરી, સત્કાર કરી સરકાર ખૂબ ખુશ થયા.

પછી કશિયાભાઈએ તે તમામ ભેટના થાળો પોતાના માણસો દ્વારા ઉપડાવી ઉતારે મોકલાવ્યા. રાજ્યના ચિહ્નવાળો મોટા ચગદાનો હાર સરકારના કહેવાથી જોબન પગીએ ત્યાં જ ડોકમાં પહેર્યો. પછી કચેરી બરખાસ્ત કરી અને જોબન પગી તથા કશિયાભાઈને સરકાર બીજા ખંડમાં તેડી ગયા. જોબન પગીના મનમાં વિચાર થયો : કદાચ... દગો કરી મને પકડે તો..?

ત્યાં તો સરકારે પોતે હોકો પીતાં હતા તેવા તે બન્ને જણ માટે રૂપેરી હોકા મંગાવ્યા. અને પીવાની આજ્ઞા કરતાં કહે, 'જોબનભાઈ મારા વતી બે દમ લો.' ત્યારે જોબન પગીએ પોતાની પ્રતિજ્ઞા જાહેર કરતાં કહ્યું, **'સરકારશ્રી ! જ્યારથી સ્વામિનારાયણ ભગવાન મને મળ્યા ને કંઠી બાંધી હું ભગત થયો ત્યારથી મેં હોકા, જરદા, તમાકુ, અફીણ, દારૂ, ચરસ, ચંડુલ વગેરે નશો કરું તો હિંદવાણી ગાય ને મુસલમાનને સુવર. કહેતા હિંદુ ગાય મારે અને મુસલમાન સુવર મારે તેનું પાપ મને લાગે. આ મારા નિયમ છે. માટે તે વાત નહિ બને.'**

તેથી સરકારે શાબાશી આપતાં કહ્યું, 'જોબન પગી તમને ધન્યવાદ છે. તમારી ટેકને ધન્યવાદ છે. પરંતુ તમારે એ બધાં વ્યસન કેમ છૂટ્યાં ? શરીરમાં કાંઈ મુશ્કેલી ન થઈ ?' ત્યારે જોબન પગીએ કહ્યું,

'શરૂઆતમાં એક મહિનો પીડા થઈ પણ કાળજું કઠણ રાખ્યું તથા દૃઢ મનોબળ રાખ્યું તેથી હવે શાંતિ છે. કોઈ વાતનું દુઃખ નથી. હવે હું શાંતિથી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન કરું છું. અંતરમાં બહુ આનંદ આવે છે.'

જેને વ્યસન છોડવું હોય તેણે દૃઢ મનોબળ અને અંતરનો ઠેરાવ જોઈએ. તો બધાં જ વ્યસનો છૂટી જાય. દુર્ગુણોને છોડવાની દૃઢતા એ જ એને છોડવાની સફળતાનું રહસ્ય છે. માટે ભગવાન અને સંતોનું બળ રાખી હિંમત સાથે ઠેરાવ કરીએ તો બધાં વ્યસનો તો શું, બધાં વિષયો પણ છૂટી જાય.

આ રીતે વડોદરા સરકાર તથા જોબન પગીએ થોડીવાર ચર્ચા કરી, ત્યાં માણસોએ આવીને કહ્યું, 'મહારાજા, ભોજન તૈયાર છે. તેથી સરકાર, જોબન પગી અને કશિયાભાઈ ત્રણેય ભોજનખંડમાં ગયા. ત્રણેય સાથે જમવા બેઠા. સરકારે ખૂબ આગ્રહ કરી જોબન પગીને જમાડ્યા. પછી ચળું કરી પાનબીડાંના મુખવાસ લીધા. વળી, પાછા કચેરીમાં આવ્યા. ત્યાં સહુ દરબારી ડાયરો એકત્રિત થયો હતો.

આજ સરકાર ખૂબ ખુશ હતા. એટલે કહે, 'જોબન પગી ! મારે તમારા જૂનાં પરાક્રમોની વાતો સાંભળવાની ઈચ્છા છે. તમે લૂંટફાટ કેવી રીતે કરતા ? કઈ રીતે ગામો ભાંગતા ? શું કરવાથી તમારા બધા માણસો તમને વફાદાર રહેતા ? વગેરે તમારાં પરાક્રમો સંભળાવો.' પછી જોબન પગી સરકારી ડાયરામાં પોતાની જૂની વાતો કરવા લાગ્યા.

દોહા : **જોબન વાતો કરતાં, સુણતા'તા સરકાર;**
વાતો સુણવા ડાયરો, થઈ જાતો એકતાર...૧૩૬
સરકાર પ્રશ્નો પૂછતાં, ઉત્તર દેતાં જોબન;
વડોદરાની જનતા તો, સાંભળતી એક મન...૧૩૭

જોબનની વાતો સાંભળવાની સહુને બહુ મજા આવતી. આમ બે દિવસ ગયા પછી જોબન પગીએ જવા માટે રજા માગી. ત્યારે સરકાર કહે, 'એમ ન હોય જોબન ભાયા..! થોડા દિવસો અહીં રોકાઓ.' સરકારનો અતિ આગ્રહ તથા ભાવ જોઈ જોબન પગી બીજા પંદર દિવસ ત્યાં રહ્યા. સરકાર સાથે બેસી થાળ જમતા, પાનબીડાં લેતા અને નિત્ય અનેક પ્રકારનાં પરાક્રમોની વાતો કહેતા. ઘણીવાર પોતાને ભગવાન સ્વામિનારાયણે ઘોડે ઘોડે દર્શન આપ્યાં, પોતાની મેડીએ દિવ્યરૂપે દર્શન આપ્યાં, વળી રંગોત્સવમાં અનેકરૂપે અનેકને દર્શન આપ્યાં વગેરે શ્રીહરિનાં ઐશ્વર્યપ્રતાપની પણ ઘણી વાતો કરતા. તેથી સરકાર અને તેમના માણસો સહુ ખૂબ ખુશ થતા. આમ, દિવસો ઉપર દિવસો જવા લાગ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'વડોદરાના ગાયકવાડ સરકારે જોબન પગીનું સ્વાગત-સન્માન કર્યું' એ નામે ચુમાલીશમો અધ્યાય થયો. ॥૪૪॥

અધ્યાય-૪૫

ગાયકવાડની ગંધીલી ઘોડી ગૂમ કરી

એક દિવસ ગાયકવાડ સરકારે ભરડાયરામાં જોબન પગીને કહ્યું, **'તમારા ચોરીના પરાક્રમ વગેરેની વાતો સાંભળી હું ખુશ ખુશ થયો છું. પરંતુ મારા મનમાં એમ છે કે, 'તમે આ દરબારમાંથી કાંઈક ચોરી કરી બતાવો તો હું તમને ખરા ચતુર અને મર્દ કહું.'** જોબન પગી કહે, 'માફ કરજો સરકાર. ચોરી ન કરવાનો મેં નિયમ લીધેલ છે.

ત્યાં તો ડાયરો બોલી ઊઠ્યો, 'અરે જોબન ભાયા ! આ તો તમારા માલિકને ખુશ કરવા તમારી ચાતુરીનો પ્રયોગ કરવાનો છે. તેનાથી

કાંઈ નિયમનો ભંગ થયો ન કહેવાય. અને કોઈને કળા દેખાડવી તેને ચોરી પણ ન કહેવાય. માટે તમારી ચાતુરી દેખાડો. અમનેય બધાને સરકારની જેમજ તમારી ચાતુરી ને બહાદૂરી જોવા-જાણવાનો ભારે શોખ થયો છે.'

જોબન પગી કહે, 'આપની ઈચ્છા હોય તો હું મારી કળા દેખાડું; પરંતુ મારી બે શરત છે : પહેલી શરત એક મહિનાની મુદત આપો અને બીજી શરત એ કે, મને દરબારગઢમાં રહેવા દો, મારા ઉતારે નહીં.' સરકારે કહ્યું, 'બંને શરત મને મંજૂર છે. આજથી આપનો ઉતારો દરબારગઢમાં કરો.' આ પ્રમાણે કબૂલાત કરી.

પછી જોબન પગીએ સરકારના મહેલમાં ધામા નાખ્યા. રોજ સરકારને મળતા રહે. સરકાર તેમને પોતાના ઓરડા, ઘોડા, ખજાનો, તોપખાનું, શસ્ત્રો રાખવાના ઓરડાઓ, સૂવા-બેસવાના ઓરડાઓ આ બધું ઘરનો જ એક સભ્ય ગણીને બતાવતા હતા. આમ, પરસ્પર બંનેને અતિ મનમેળ થયો. બીજી બાજુ જોબન પગી ઉપર સરકારે જાસૂસ દ્વારા ચાંપતી નજર કડકપણે રખાવી હતી. અને તેમના બધા માણસોને પણ આ બાબતની સૂચના કરી દીધી હતી.

એક વખત જોબન પગી ઓરડામાં સૂતા હતા. ત્યાં વહેલા ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. તેથી તેના મનમાં થયું કે, 'અત્યારે આ ઘોડાના ડાબલાનો અવાજ ક્યાંથી આવે છે ?' પછી ઊભા થઈ જાળી ખોલીને જોયું તો સરકાર ઘોડેસવાર થયા હતા. પછી તેમણે દરવાજે સૂતેલા દરવાણીને સોટી અડાડીને જગાડ્યા. દરવાણી ઊભો થયો. તેણે દરવાજો ખોલ્યો. એટલે સરકાર બહાર ગયા. દોઢ-બે કલાકે સૂર્ય ઊગતાં પહેલા પાછા આવ્યા અને પોતાના હાથે ઘોડીને ઘોડારમાં બાંધી. પછી અગાશીમાં આવીને સૂઈ ગયા. વળી ચોથે દિવસે ફરી તે જ રીતે ગયા અને આવ્યા. આ બધું જોબન પગીએ બરાબર નીરખ્યું.

હવે તેની મુદતને એક અઠવાડિયું બાકી હતું. તપાસ કરતાં જણાણું કે સરકાર જેની ઉપર બેસીને જતા એ ગંધીલી જાતની ઘોડી હતી. તે માલિકના પસીનાની ગંધને સૂંઘી તેને જ પાસે જવા દે; બીજાને બટકાં ભરવાં લાગે. તેથી તેની ચાકરી કરનાર માણસો દૂરથી ઘાસચંદી ફેંકતા. આ રીતે તેની સંભાળ રાખતા. આ ઘોડી સરકારની ગંધ જોઈને માલિક ઓળખતી અને તેને જ પાસે આવવા દેતી. તેથી તેનું નામ ગંધીલી ઘોડી હતું. જોબન પગીએ આ ઘોડી જ ઉઠાવી લેવાનો નિર્ણય કર્યો.

જોબન પગી રોજ સાંજે પાંચ વાગે ઘોડું લઈ વડોદરા શહેરમાં વિશ્વામિત્રી સુધી ફરવા જતા હતા. ચારેય બાજુનાં સ્થાનકો જોતા. તેમાં એકવાર વડોદરાથી બે ગાઉ ઉપર એક ઊંડી કોતર નજરે આવી. ત્યાં કોઈ માણસની અવર-જવર થતી નહીં. તેથી તે જગ્યા તેમણે પસંદ કરી. પછી આસપાસનાં સ્થળ તથા રસ્તાથી પોતે વાકેફ થયા. ગાયકવાડ સરકાર વહેલી સવારે આવી ઘોડી છોડે છે ને બાંધે છે તેનો બારીકાઈથી અભ્યાસ કર્યો. સરકાર નિત્ય ચોથા દિવસે નગર તપાસ માટે જતા હતા તે પણ જાણી લીધું.

પછી ત્રીજે દિવસે જોબન પગી વહેલા રાત્રે બે વાગે ઊઠ્યા. તેલ ભરેલા દીવા બળતા હતા તે બુઝાવ્યા. પછી જે અગાશીમાં પલંગ પર સરકાર પોઢ્યા હતા તે અગાશીને કઠોડે ચંદનઘોને ડાબલામાંથી કાઢી અને જોરથી ઘા કર્યો. તેથી ચંદનઘોએ કઠોડો બરાબર પકડી લીધો. પછી જોબન પગીએ હીરની દોરી ખેંચીને બરાબર પકડાણી છે કે નહિ તેની તપાસ કરી. ઘોએ બરાબર કઠોડો પકડી લીધો છે તેની ખાતરી થતાં તેને આધારે તેઓ અગાશી ઉપર ચઢી ગયા.

પછી સરકારનો મોટો ઝભ્ભો, ગાયકવાડી પાઘડી અને હાથમાં રાખવાની સોટી - આ ત્રણ વસ્તુ લીધી. પછી દોરી પકડી નીચે ઊતર્યા. પછી ઝભ્ભો તથા પાઘડી પહેરી લીધી. સ્વામિનારાયણ ભગવાનને

સંભારીને ગંધીલી ઘોડી પાસે ગયા. માલિકના પરસેવાની ગંધ આવવાથી ગંધીલી ઘોડી શાંત રહી. પછી જોબન પગીએ સરક છોડી. પછી ગળે લગામ બાંધી. જીનલગામ કહેતાં ઘોડી ઉપર પલાણ માંડ્યું.

પછી જોબન પગી ગંધીલી ઘોડી ઉપર સવાર થઈ બહાર નીકળ્યા. સરકારની જેમ દરવાણીને સોટી અડાડીને જગાડ્યો. તે જાગ્યો અને તેને સરકાર જાણી સલામ કરી દરવાજો ખોલી આપ્યો. પછી જોબન પગી પસંદ કરેલી કોતરમાં ઘોડીને લઈ ગયા. ત્યાં ઘોડીને પાણી પાઈ ખીજડાના ઝાડ સાથે હીરની સરકથી બાંધી દીધી. પછી ઘોડીને બરડે હાથ ફેરવ્યો. ત્યાં તેણે કરેલ સૂચના મુજબ તેના માણસો ઘોડાઓ સાથે ગદબનું પોટલું લઈને આવ્યા. તે ઘોડીના મોઢા આગળ નાંખ્યું અને જીનલગામ ઉતારી થોડે દૂર મૂક્યું. પછી પોતાના માણસોએ લાવેલા ઘોડા ઉપર સવાર થઈ દિવસ ઊગ્યા પહેલાં પાછા આવ્યા. ત્યારે દરવાણી સુતો હતો અને કમાડ અધખુલ્લું હતું. તેમાંથી અંદર આવી પછી માણસને ઘોડું સોંપી તેને રવાના કર્યો.

પોતે ઉતારે આવી ચંદનઘો બાંધેલી રસીથી ઉપર ચઢી સરકારનો ઝભ્ભો, પાઘ ને સોટી જેમ હતાં તેમ રાખી દીધાં. અને નીચે ઊતરી ગયા. પછી કડાથી બાંધેલી ઘોની દોરીને ઢીલી કરી તેથી તરત ઘો નીચે પડી. તેને સંકેલી પેટીમાં પૂરી દીધી. પછી જોબન પગી ઉતારે જઈ સૂઈ ગયા ત્યારે દિવસ ઉગવાની બે કલાકની વાર હતી.

સવારે ઠાણદાર ઘોડીનું જોગાણ લઈ ત્યાં ગયા. પણ ઘોડી ન જોતાં જાણ્યું જે સરકાર બારા ગયા હશે. એમ જાણી કૂંડીમાં પાણી ભરી તે જતો રહ્યો. સવારે દિવસ ઊગ્યા પછી એક કલાકે સરકાર જાગ્યા. નાહી ધોઈને નિત્યવિધિ કર્યા. પછી કપડાં પહેરી નીચે ખાનગી હોલમાં આવ્યા. જોબન પગી પણ પૂજા-પાઠ આદિક નિત્યવિધિ કરી, તિલક-ચાંદલો કરી હાથમાં માળા લઈ સરકાર પાસે આવ્યા.

ત્યારે સરકાર કહે, 'જોબન પગી ! આજ તો અમને બહુ નિદ્રા આવી.' આમ થોડીવાર વાતો કરી. નાસ્તા-પાણી કર્યા. ત્યાં અમલદારે આવી મુજરો કરી કહ્યું, 'નામદારશ્રી આજ આપની ઘોડીને ઠાણમાં નહીં બાંધતાં બીજે ક્યાંય બાંધી છે ? કેમ કે, ઘોડી ઠાણમાં નથી.' એવા સમાચાર મળતાં સરકાર અને સહુ જોવા માટે ત્યાં ગયા.

ઘોડીને ત્યાં નહિ જોતાં સરકાર કહે, 'અજબ થયો, ઘોડી મારા વિના કોઈને ખીલેથી છોડવા ન દે, તે ઘોડી સરક તથા જીનલગામ સહિત ક્યાં ગુમ થઈ ?' પછી સરકારે સેનાધિપતિ તથા સૂબેદારોને હુકમ કર્યો કે 'જાઓ ગમે ત્યાંથી મારી ઘોડી ગોતી લાવો.' સરકારની ગંધીલી ઘોડી જીનલગામ સહિત ગુમ થઈ, તેથી સહુને પણ મહાઆશ્ચર્ય થયું. ચારેય તરફ તપાસ શરૂ કરી. અમુક સવારો સુરત બાજુ ગયા. તો અમુક પંચમહાલ તરફ ગયા. આમ ચારેય દિશામાં સવારો ગયા. સહુ માણસો ગોતી ગોતીને થાક્યા ને પાછા આવ્યા. આવીને સરકારને કહ્યું : 'નામદાર, આપની ગંધીલી ઘોડીનો પત્તો ક્યાંય લાગતો નથી.'

ત્યારે દેવઘરના પૂજારી વગેરે કહે, 'રાજવી ! આપની ઘોડી દેવાંશી હતી. તેથી આજ સુધી આપની સેવા કરી હવે અદૃશ્ય થઈ ગઈ.' બારોટ કહે, 'એ તો ઈન્દ્રની અપ્સરા અવતાર લઈને આવી હતી, તેની ઈચ્છા પૂરી થતાં ઈન્દ્રપુરીમાં ઊડી ગઈ હશે.' આમ સહુ અનેક પ્રકારની વાતો કરતા હતા. બપોર થતાં થાળ જમવા આવ્યા. ત્યારે સરકાર કહે, 'મારે તો તે ઘોડી કેમ અલોપ થઈ ? કેવી રીતે ઊડી ગઈ ? જીનલગામ ચડાવી કોણ લઈ ગયું ? તેનો નિર્ણય ન થાય ત્યાં સુધી અન્ન જમવું હરામ છે.'

તેથી સરસૂબાએ જોશ જોવરાવ્યો. જોષી ટીપણું કાઢી આમ તેમ જોઈને કહે, 'કામધેનુ અહીં ઘોડીરૂપે જન્મી હતી, તે હવે અલોપ થઈને સ્વર્ગમાં ગઈ છે. જેમ ભીષ્મપિતાના માતા ગંગાજી તેમની ઈચ્છા મુજબ

રહી ગંગાના જળમાં અદૃશ્ય થઈ ગયા હતા; તેવું જ કાંઈક આ ઘોડીનું સમજો. કોઈ મનુષ્યથી સરકારની આ ઘોડીને અડી ન શકાય, તો લઈ તો શકે જ કેમ ?' પછી જોષીને સાથે લઈ સહુ રાજા પાસે આવ્યા. તે સહુએ સરકારને ભોજન આરોગવા વિનંતી કરી, પણ સરકાર કશું બોલ્યા નહીં. તરત કચેરી બરખાસ્ત કરવાનો હુકમ થયો; તેથી સહુ ત્યાંથી ગયા.

પછી સરકાર જોબન પગીને ખાનગીમાં લઈ જઈને કહે, હે જોબન ! તું હવે ભગત થયો છો. મારો મહેમાન છો ને મારી ઘોડી ચોરાય જાય એ તને કલંક ચડે. માટે કાંઈક થાય તો સારું.' ત્યારે જોબન પગીએ કહ્યું, 'નામદાર ! મારું પગેરું ખોટું ન પડે, પણ આપણા દરબારમાં બધે કાળા પથ્થર ચોંટાડેલા છે; તેથી પગેરું કેમ ચાલે ? અને પગેરું કાઢ્યા વિના કોઈ નિર્ણય ન આવે.'

ત્યારે સરકાર કહે, 'તમે શુકન જોવાની કળાને સારી રીતે જાણો છો તો શુકન જોઈને કહો, મને ઘોડી મળશે કે નહીં મળે ? ને અત્યારે ક્યાં હશે ?' એમ જ્યાં વાત થાય છે ત્યાં દરબારગઢના દેવઘરની ધજાની માથે કાગડો આવીને બેઠો અને બોલ્યો.

પછી જોબન પગીએ મહારાજનું ધ્યાન કરી બે મિનિટ મૌન રહી કહ્યું, **'સરકાર ઘોડીનું મળવું ન મળવું તે તો ભગવાનના હાથમાં છે પણ આ દેવઘરની ધજા ઉપર કાગઋષિ બોલ્યા માટે ઘોડી વડોદરાની સીમ બહાર નથી; જરૂર તમને પાછી મળશે.'** વળી, થોડીવારે ફરી કાગડો ગદ્‌ગદ કંઠે બોલ્યો. તેથી સહુને તેમની વાતમાં શ્રદ્ધા બેઠી.

પછી જોબન પગીને થયું, સરકારને ભૂખ્યા નથી રાખવા. તમામ અમલદારોની નજર તેમની સામે હતી. જોબન પગી બોલે તે સાક્ષાત્ બ્રહ્મા બોલે એમ માનતા હતા. જોબન પગીએ કહ્યું, 'નામદાર ! મારું શુકન અત્યારે તમારી તરફેણ કરે છે. માટે પલટણના ઉપરીને અહીં

હાજર કરો ને પૂછો શું તપાસ કરી ? જો એમ કહે કે, ઘોડીનો કશો પત્તો નથી, તો આંહીં એક રૂમમાં નજરકેદ કરો એટલે આપોઆપ રસ્તો નીકળશે.'

તરત સરકારનું ફરમાન થતાં મોટા અમલદારો આવીને ઊભા રહ્યા. સરકારે તેમને પૂછ્યું, 'ઘોડીનો કાંઈ પત્તો લાગ્યો કે નહિ ?' ત્યારે સહુએ કહ્યું, 'ઘોડીનો કોઈ પત્તો નથી.' એવા સમાચાર સાંભળી સરકાર કહે, 'આ બધાને અત્યારે રાજમહેલના એક ઓરડામાં નજરકેદ કરો.' પછી તેમ કર્યું. ઓરડાની જાળીને તાળાં દીધાં. આમ જોબન પગીએ હોંશિયારી વાપરી સહુને કેદ કરાવ્યા જેથી નડે નહિ.

પછી સરકારશ્રીને કહ્યું, 'અત્યારે ગોધૂલી વેળાનું શુકન છે. માટે ઘોડી સહી સલામત મેળવવી હોય તો મારી સાથે ચાલો.' સરકાર કહે, 'કઈ બાજું જશું ?' જોબન કહે, 'હું જ્યાં કહું ત્યાં ચાલો.' પછી બન્ને ઘોડેસ્વાર થઈને ચાલ્યા. જોબન પગી તેમને લઈને બે માઇલ દૂર જે કોતરમાં ઘોડી બાંધી હતી, ત્યાં ધીરે ધીરે પહોંચ્યા.

તેમના ઘોડાના ડાબલાના અવાજ સાંભળીને ગંધીલી ઘોડી હાવળો ઉપર હાવળો નાંખવા લાગી અર્થાત્ હણહણવા લાગી. અવાજ સાંભળી સરકાર કહે, 'જોબન ! આ હાવળ મારી ઘોડીની જ છે. આટલામાં જ તે હશે. પણ કેમ દેખાતી નથી ?' ત્યારે જોબને કહ્યું, 'બાપજી ! જગ્યા બહુ ચોખ્ખી છે. ધીમેથી ઘોડું કોતરમાં ઉતારો. નહીં તો ઘોડું પડી જાશે અને આપને ઈજા થશે. મારી પાછળ પાછળ ઘોડું ચલાવો. હું આગળ ચાલી જેમ સહેલો ઉતરાણ, ચડાણ આવે તેમ ઉતરી, ચડી તમને આગળ લઈ જાવ.

પછી મોટા સાંઢિયા ગારત થાય તોય ન દેખાય તેવા ઊંડા કોતરમાં જોબન પગી સરકારને લઈ ગયા. ત્યાં તો ઘોડી તેઓના ઘોડા જોઈને હાવળો નાંખી કૂદવા લાગી. પછી જોબન પગી જેવા નીચે ઉતરી ઘોડી

પાસે ગયા ત્યાં તો ઘોડી ચાર પગે કૂદી. તેને કરડવા કાનબઠિયા કરી લંબાવવા લાગી. ત્યારે સરકાર કહે, 'અલ્યા જોબન ! દૂર રહે. દૂર રહે. તને હમણા લાત મારી દેશે. માટે તું ત્યાંથી છેટો રહે અને મારો ઘોડો ઝાલ.'

એમ કહી સરકારે પાસે જઈ 'બાપો ગંધેલી બાપો ગંધેલી' કહી હેતનાં વચન કહ્યાં. માલિકનો પસીનો સૂંઘી ગંધ આવતાં ઘોડી ખુશ થઈ અને ગેલ કરવા લાગી. પછી બાજુમાં પડેલ જીનલગામ ચડાવી સયાજીરાવ ખીજડેથી સરક છોડવા લાગ્યા. પણ છૂટે નહીં કેમ જે, હિરની ગાંઠ ખેંચાઈ ખેંચાઈને દૃઢ થઈ ગયેલી. ખિજડી પણ અડધી ભાંગી ગયેલી. ધૂળમાં વેંત વેંતના ખાડા પડી ગયેલા. અને ભૂખી તરસી ઘોડી છૂટવા માટે આંચકા મારતી હતી. અતિ અધિરી થઈ ગઈ હતી.

પછી જોબન પગીએ દૂરથી છરીનો ઘા કર્યો. તે લઈ સરકારે સરક કાપી નાંખી. પછી ગંધીલી ઘોડી ઉપર સરકાર સવાર થયા. જોબન પગી પોતાના ઘોડા ઉપર સવાર થયા. અને સરકારનો ઘોડો સરક ઝાલી જોબનપગીએ સાથે લઈ લીધો. બંનેએ વચ્ચે નદીમાં ઘોડીને પાણી પાયું. અને રસ્તે ચડ્યા. સંધ્યાવેળા વીતિ ગઈ હતી અને અંધારુ થવા માંડ્યું હતું. અડધો કલાકમાં દરબારગઢમાં પહોંચ્યા. ઘોડીને ઘોડારમાં બંધાવી તમામ અમલદારોને મુક્ત કર્યા. પછી સરકાર જોબન પગીની સાથે સાંજે ભોજન જમ્યા. ઘોડી મળી જવાથી સહુને ખૂબ આનંદ થયો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીએ ગાયકવાડની ગંધીલી ઘોડી ગૂમ કરી' એ નામે પિસ્તાલીશમો અધ્યાય થયો. ॥૪૫॥

અધ્યાય-૪૬

જોબન પગીએ સરકારને પોતાની કળા કહી

બીજે દિવસે સરકાર તરફથી આખા શહેરમાં સાકર અને મીઠાઈઓ વહેંચાવી. દેવમંદિરોમાં દીપમાળા પુરાવી, ગાયોને લીલાં ઘાસ નંખાવ્યાં, શહેરમાં બ્રાહ્મણોની ચોરાશી કરાવી. હજારો રૂપિયાનાં દાન-ખેરાત કરાવ્યાં; અને તે દિવસે પણ સરકાર જોબન પગી સાથે મિષ્ટાન્ન જમ્યા. પછી સાંજે ખાનગી કચેરી ભરાણી. તેમાં જોબન પગીએ સરકારને કહ્યું, 'હું ઘણા દિવસ અહીં રોકાયો. માટે હવે મને વડતાલ જવા રજા આપો.' ત્યારે સરકારે કહ્યું, પણ તમે કાંઈ તમારી ચોરી કરવાની કળા તો બતાવી નહીં. મારે તમને કળા ન બતાવો તે પહેલા જાવા દેવા નથી. ત્યારે જોબન પગીએ કહ્યું,

દોહા : **સરકાર મારી મુદતને, બાકી રહ્યા ત્રણ દિન;**
હવે મને રજા આપો, મેં બતાવી કળા પ્રવીણ...૧૩૮

ત્યારે સરકાર બોલિયા, શું કહો છો આ વાત;
શું કળા તમે બતાવી, કહો મને સાક્ષાત...૧૩૯

સુણો રાજન વાત મારી, ઘોડી ચોરી'તી મેં જ;
આપ ઈચ્છા પૂરી કરી, મેં જોબન પગી એ જ...૧૪૦

વાત સાંભળતાં સહુને નવાઈ લાગી. સહુની આંખો પહોળી થઈ ગઈ. સહુ સજ્જડ થઈ ગયા. ગાયકવાડ સરકાર કહે, 'જોબનભાઈ ! તમે અમારો આટલો રાજ્યમાં કડક બંદોબસ્ત હોવા છતાં ઘોડી ચોરી કેવી રીતે ?' ત્યારે જોબન પગીએ તમામ હકીકત કહેતાં કહ્યું,

સાંભળો સરકાર સ્નેહથી, હું ગંધીલી ચોરનાર;
પ્રગટ પ્રભુની માણકીએ, (મને) ઓળખાવ્યા કીરતાર...૧૪૧

'તમારી ઘોડીની જેમ હું સ્વામિનારાયણ ભગવાનની માણકી ચોરવા મથેલો. આ ગંધીલી ચોરાણી પણ માણકી ન ચોરાણી. તેથી જ

મેં સ્વામિનારાયણને પ્રગટ ભગવાન માન્યા છે. કેમ કે, તમે માણસ છો અને એ પરમેશ્વર છે. માણસની વસ્તુ ચોરવી મારે મન સહજ છે, પણ સર્વના માલિક શ્રીહરિની ઘોડી ચોરવી મને અશક્ય થઈ પડી. તેથી જ હું તેમનો ભગત થયો છું.'

ત્યારે સરકાર કહે, 'પરંતુ જોબન ! મારી ગંધીલી ચોરી કઈ રીતે? તે વર્ણવીને વાત કરો. કેમ જે, મને નવાઈ લાગે છે. આ ઘોડી ગંધીલી છે. કોઈને મારા સિવાય પાસે ન જવા દે. તે કેવી રીતે છોડી? કેમ જીનલ માંડ્યું ?ઊંડા કોતરમાં તમે તેની નજીક ગયા ત્યાં જ તમને તે પગની લાતો મારવા લાગી હતી તે મેં નજરે જોયું છે. માટે આ હકિકત કેમ બની ? તે વાતની અમને ખાતરી કરાવો.'

ત્યારે જોબન પગી કહે, 'સરકાર ! મારો એક ગુનો માફ કરો તો હું ચોખવટ કરું.' ત્યારે સરકારે ગુનો માફ કરવા કબુલ કર્યું. એટલે જોબન પગી કહે, 'સરકાર ! પ્રથમ તો મારે ચોરી કરવામાં જે સાધન જોઈએ તે એકઠા કર્યા.' એમ કહી દોરી સહિત ચંદન ઘોની ડબી બતાવી. અને કહ્યું, 'આ ઘોને અગાશીને કઠોડે ચોંટાડી હું તમારા શયનખંડમાં આવ્યો.' પછી ઘેનની વિંઝણી એક વેંતની હતી તે બતાવી. અને કહ્યું, 'આ સુંઘવાથી ઘેન ચડે. તે મેં તમને સુંઘાડી.'

ત્યારે સરકાર કહે, 'તેમાં શું શું આવે ?' એટલે જોબન પગી કહે, 'ખસખસના બી ને ગાંજો વાટીને ભાંગ્યના રસમાં પલાળવાના. બીજે દિવસે કાઢી તેને ભેંસના ફીણવાળા દૂધમાં પલાળવાના.પછી તેનો ઘાટો લેપ સુગંધી વાળાની વિંઝણીને ચોપડવાનો. અને સૂકાવા દેવાનો. પછી ઉપયોગ કરતી વખતે માથે પાણી છાંટીને ત્રણ-ચાર વખત નશકોરા આગળ પવન નાંખવાથી સુતેલા માણસને ઘાટી ઊંઘ આવી જાય છે. તે આ વિંઝણી છે.' તે સાંભળી સરકાર કહે, 'એટલે

જ મને કાલે બહુ ઘાટી ઊંઘ આવી હતી. ઉઠવાનું મન કરતો છતાંય ન ઉઠાય. હા... પછી તેં શું કર્યું ?'

ત્યારે જોબન પગીએ આગિયા અંગૂઠી બતાવી અને કહ્યું, 'જંગલમાં આગિયા જીવડાઓ ઊડે તેને પકડી તેની પાંખોને ગંધરકમાં પલાળી પછી તેને ચકમકના પાણાથી ખરલ કરવાનું. ને તે અંગૂઠીને ચોપડી સૂકવી દેવાની. પછી લુગડામાં વીંટી રાખવાની. આ અંગૂઠી પહેરવાથી જ્યાં જરૂર પડે ત્યાં એક હાથ સુધી થોડું થોડું અંજવાળુ પડે તે આ આગિયાઅંગૂઠી છે. આજની ભાષામાં ખાનગી બેટરી.

પછી લોહચુંબકનું એક શેરનું મોટું બાણ બતાવ્યું. અને કહ્યું, 'આ ગમે તેવું ઈસ્કોતર, પેટી હોય તેને ખૂણે ફેરવતા તેની તમામ ચૂંકું, ખીલા તણાઈ આવે. પછી તેના અંદરનો માલ લઈ લેવાય. તે દ્વારા તિજોરીઓ તોડતો હતો. આમ, ચાર-પાંચ સાધનો બતાવ્યા. અને કહ્યું, 'આ સાધનોના મદદથી હું આપના શયનખંડમાં આવ્યો. પછી આપનો ઝભ્ભો, પાઘ અને સોટી લઈ લીધા. તે પહેરી હું ગંધીલી ઘોડી પાસે ગયો. તે કપડામાં તમારા પરસેવાની ગંધ આવવાથી ઘોડીએ મને પોતાનો માલિક જ સમજ્યો. પછી આપણે ગયા તે સ્થાને કોતરમાં મેં ઘોડીને સંતાડી હતી.'

ત્યારે સરકાર કહે, 'આ સાધનો તમે અહીં ક્યાંથી લાવ્યા ? કેવી રીતે લાવ્યા ? તે સમજાણું નહીં.' ત્યારે જોબન પગી કહે, 'હું વિશ્વામિત્રી કિનારે ઘોડો લઈ ફરવા જતો ત્યારે મારા બાતમીદાર માણસો દ્વારા મેં તે સાધન મંગાવી લીધા હતા અને અહીં આપના મહેલમાં જ રાખ્યા હતા.'

આવી જોબનપગીની ચોરી કરવાની ચાતુરતા અને બાહોશતાની વાત સાંભળી ગાયકવાડ સરકાર તથા તેમના માણસો ખૂબ રાજી થયા.

પછી ખુશ થયેલા સરકારશ્રીએ રાત્રે ગંધીલી ઘોડી ચોરવા માટે પહેરેલા ઝભ્ભો, પાઘ, સોટી આ ત્રણ પ્રથમ જોબન પગીને ભેટ આપ્યા. પછી એ સિવાયનું બીજું ઘણું મોટું ઈનામ આપી શિરપાવ બંધાવ્યો. એક બિકાનેરી ઊંટિયો, બે ઘોડા, કપડાં, ઘરેણાં, બાબાશાહી રૂપિયાનો થાળ વગેરે ભેટ આપ્યું. જ્યારે જોબન પગી વડોદરા રોકાયા ત્યારે તેમની સાથે પોતાના બે માણસો પણ હતા. તેનેય સરકારે પોશાક આપી ખુશ કર્યા. પછી સહુને જમાડીને ભાવભીના હૃદયે વિદાય આપી. આશરે સં.૧૮૭૭-૭૮માં બનેલી આ વાત છે. પછી જ્યારે વડતાલમાં મંદિર બંધાતું હતું ત્યારે એકવાર જોબન પગીએ આ બધી વાત બ્રહ્માનંદસ્વામીને કહી હતી. તે સાંભળી બ્રહ્માનંદસ્વામી તેમની હિંમત, હોંશિયારી અને ચાતુરીથી ખૂબ પ્રસન્ન થયા હતા. અને તેને ધન્યવાદ સાથે રૂડા આશીર્વાદ આપ્યા. ત્યારે જોબન પગી કહે,

જોબન કહે સુણો સ્વામી, પ્રગટનો છે ઈ પ્રતાપ;
પ્રગટ વિના આ પાપીનાં, કોણ પ્રજાળે પાપ...૧૪૨
મારા હૃદયનો પલટો, પ્રભુ પ્રગટથી જ થાય;
ડાકુમાંથી ભગત કર્યો, જેવી ગરીબ ગાય...૧૪૩

આ વાત મહારાજ જ્યારે વડતાલ આવ્યા ત્યારે સ્વામીએ જોબન પગી દ્વારા મહારાજને કહેવરાવી. તેથી મહારાજ પણ અતિ રાજી થયા અને જોબનનો વાંસો થાબડી કહે, 'આજથી તમારાં અનેક જન્મોનાં પાપ નાશ પામે છે.'

પાપીમાંથી પુણ્યશાળી, ભરાડીમાંથી ભગત;
પ્રાતઃ સ્મરણીય કર્યો, ચપટી વગાડી તરત...૧૪૪

આમ, સવારમાં જેનું સ્મરણ થાય ત્યાં દિવસ સુધરી જાય એવા સ્વામિનારાયણ ભગવાને ચપટી વગાડતામાં જોબન પગીને પ્રાતઃસ્મરણીય ભગત બનાવી દીધા.

આ દુનિયામાં જે માણસ અંદરથી બદલાય છે તે જ સિદ્ધદશાને પામે છે, બ્રહ્મરૂપ થાય છે. જગત બદલવાની જરૂર નથી, સમજણ બદલવાની જરૂર છે. આપણી અંદરની સમજણ બદલે તો આપણું વર્તન અને જગત બંને આપોઆપ બદલાઈ જશે. જોબન પગી અંદરથી બદલાયા તેથી અનેકના આદર્શ બન્યા. જે પોતાના સંકલ્પ બદલે અને હંમેશાં ઊંચા વિચારો કરે તે જ મહાન બને છે. આપણી માન્યતા એ જ આપણું જગત છે. જો આપણે પોતાને દેહ માનીએ તો દેહરૂપ છીએ. અને સમજણ બદલીએ જે, 'હું અક્ષરબ્રહ્મ છું', 'ભગવાનને રહેવાનું ધામ છું' તો આપણે બ્રહ્મરૂપ છીએ. માટે જડ દેહમાંથી માન્યતા બદલી પોતાને બ્રહ્મરૂપ માનીએ તો જોબન પગીની જેમ આખા બદલાઈ જવાશે. ભગવાન સદા આપણી સાથે જ રહેશે, સુખ-શાંતિથી ભરી દેશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીએ સરકારને પોતાની કળા કહી' એ નામે છેતાલીશમો અધ્યાય થયો. ॥૪૬॥

અધ્યાય-૪૭

જોબન પગી તથા તેમના પરિવારની સેવા

શ્રીજીમહારાજે આનંદાનંદસ્વામી પાસે અમદાવાદમાં સૌ પ્રથમ મોટું મંદિર બંધાવ્યું. સં.૧૮૭૮, ફાગણ સુદ ત્રીજના દિવસે તેમાં ધામધૂમથી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. પછી ત્રીજે દિવસે શહેરમાં કાંકરિયા સરોવરને કિનારે ચોરાશી કરી. સર્વત્ર શ્રીહરિનો જયજયકાર થયો. ત્યારે શ્રીહરિએ ત્યાં સંઘના રક્ષણ માટે જોબન પગીને ભીલો સાથે બોલાવી સેવામાં રાખેલા. તેમાં અમદાવાદના એક ભગતનું પોટલું ચોરાયું. શ્રીહરિને તેની ખબર પડી. તેથી તેમણે જોબન પગીને બોલાવીને વાત કરી.

ત્યારે તે કહે, 'મહારાજ ચિંતા ન કરતા, આવતી કાલે આવી જશે.' બીજે દિવસે પોટલું લાવી જોબન પગીએ મહારાજનાં ચરણમાં મૂક્યું. ત્યારે શ્રીહરિ કહે, 'જોબન, કેવી રીતે લાવ્યા ?' ત્યારે તેઓ કહે, 'હે મહારાજ ! અમે પગી એટલે પગલાં જોઈને ગોતી લઈએ.' પછી તે પોટલું શ્રીહરિએ જે હરિભક્તનું ચોરાયું હતું તેને આપ્યું અને ત્યારે શ્રીજીમહારાજે અતિ રાજી થઈ જોબન પગીને વર માંગવાનું કહ્યું. જોબન પગી કહે,

દોહા : **જોબન કહે મહારાજને, જેમ મંદિર બાંધ્યું આંય;**
એમ મારા વડતાલમાં, મોટેરું મંદિર થાય...૧૪૫

એવી કૃપા કરો. શ્રીહરિ કહે, 'તથાસ્તુ. હું વડતાલમાં મોટું ધામ બાંધીશ.' આમ જોબન પગીને વચન આપ્યું. તેથી વડતાલવાસી પાટીદારો વગેરે ભક્તો અતિ રાજી થયા. પછી શ્રીજીમહારાજ ગઢપુર પધાર્યા. ત્યાંના ભક્તોને ખૂબ સુખ આપી પાછા વડતાલ રામનવમીનો સમૈયો કરવા માટે આવ્યા. ત્યારે વડતાલમાં એકવાર વિશાળ સભા ભરાણી હતી. તેમાં પ્રશ્નોત્તર તથા જ્ઞાનવાર્તા થયા. પછી કીર્તનો ગવાયાં. ત્યાં સંધ્યા સમય થતાં મશાલો પ્રગટી. સહુએ સાથે મળી આરતી, ધૂન કર્યા.

પછી શ્રીજીમહારાજે ચરોતરવાસી ભક્તોને પૂછ્યું, 'અમદાવાદ નરનારાયણ દેવનાં દર્શન કર્યાં ?' ત્યારે તે ભક્તો કહે, 'મહારાજ ! ગયા તો હતા પણ માણસો બહુ અને મોટું શહેર તે કોઈએ ખાવા-પીવાનું પણ પૂછ્યું નહીં.'

ત્યારે જોબન પગીના ઘરનાં તેજબા વગેરે બોલ્યાં, 'હે મહારાજ ! શહેરમાં અમને ખબર પડે નહિ અને કોઈએ ઉતારો પણ આપ્યો નહીં તેથી હેરાન થઈ ગયા.' ત્યારે મહારાજ કહે, 'હવે અહીં તમારે આંગણે જ એવું મોટું ધામ બાંધી દઈએ. જેથી તમારે અમદાવાદ જાવું મટે.

તે સાંભળી તેજબા તથા તેમની બંને પુત્રીઓ વગેરે બહેનો ખૂબ રાજી થયાં. ત્યારે જોબન પગીએ કહ્યું, 'હે નાથ ! આપે મને અમદાવાદ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે વરદાન આપ્યું છે કે, હું વડતાલમાં મોટું મંદિર બંધાવીશ. માટે..

પૂર્વછાયો : **કરો આદર કરુણાનિધિ, પાળો વચન વિશ્વાધાર;**
શ્યામે તે વિનતી સાંભળી, કર્યો મંદિર કરવા વિચાર.

પછી જ્યાં વડતાલમાં પહેલા નરનારાયણ દેવ પધરાવ્યા હતા ત્યાં પ્રથમ બોરડીનું વૃક્ષ હતું. તે જગ્યાએ ખાતમુહૂર્ત કરવાનો શ્રીહરિએ વિચાર કર્યો. પછી રાજી થઈ ખાતપૂજનનું શુભમુહૂર્ત જોવરાવ્યું અને પોતાના હાથે જ ખાતમુહૂર્ત કરવાનું નક્કી કર્યું.

ત્યાર પછી સં.૧૮૭૮ના ચૈત્ર મહિનામાં શ્રીહરિએ વડતાલમાં મંદિરનું પોતાના હાથે ખાતમુહૂર્ત કર્યું અને મંદિર બાંધવાની તમામ જવાબદારી બ્રહ્માનંદસ્વામીને સોંપી. આ મંદિરમાં જોબન પગીએ અને તેના તમામ પુત્ર, પરિવારોએ તન, મન અને ધનથી અપાર સેવા કરેલી છે. જ્યારે ધન ખૂટે ત્યારે બ્રહ્માનંદસ્વામી જોબન પગીને સાથે લઈ આજુ-બાજુનાં ગામડે જતા. ચરોતરમાં રૂડું ધામ બંધાતું જાણી લોકો ખૂબ દાન આપતા હતા.

✺ જગમાલ પગીનું પૂર્વવૃત્તાંત :

જોબન પગીના પિતા ભાયા પગી હતા. તેમને ચાર પુત્રો હતા. જોબન, શંકર, સુંદર અને દલો. તેમાં જોબન પગીને જગમાલ અને અમરસંગ આ બે પુત્રો હતા. **તેમાં પણ જગમાલ પગી તો પૂર્વના મહાન ભક્ત હતા.** શ્રીહરિ વર્ણિરૂપે વનવિચરણ કરતા કરતા જ્યારે હિમાલયમાં પહોંચ્યા ત્યારે ત્યાં એ પ્રાંતમાં એક શિવનું મંદિર હતું. તેના પૂજારીએ વર્ણિરાજને મંદિરમાં ઊતરવાની ના કહી. તોપણ વર્ણીરાજ

ત્યાં જ રાત રોકાણા. તેથી પૂજારીને બહુ ક્રોધ ચડ્યો. અને વિરોધ કરી વર્ણીનું આસન બહાર ફેંકી દીધું. એટલે વર્ણીરાજ મંદિરની બહાર જઈને બેઠા. પૂજારી અંદર જઈ મંદિર બંધ કરી સૂઈ ગયો.

પછી નીલકંઠ વર્ણીએ હનુમાનજીને સંભાર્યા. તેથી હાથમાં ધોકો લઈ હનુમાનજી પૂજારી પાસે આવ્યા. અને પૂજારીને ખૂબ માર મારવા લાગ્યા. તેથી પૂજારી બૂમો પાડી રુદન કરવા લાગ્યો. અને કહે, 'મને મારો મા, બાપ મારો મા.' ત્યારે હનુમાનજી કહે, 'આજ તને ઠાર મારી નાંખું.' ત્યારે પૂજારીએ પ્રાર્થના કરતા કહ્યું, 'આપ કોણ છો ? અને શા માટે મારો છો ?'

તેથી **હનુમાનજીએ કહ્યું, 'હું રામભક્ત હનુમાન છું. આ બહાર બેઠા તે અમારા ઈષ્ટદેવ રામચંદ્ર ભગવાન છે. તેં મંદિરમાં ઉતારો ન આપ્યો અને ઉપરથી તેનું અપમાન કર્યું માટે તને મારું છું. સુખી થાવું હોય તો માફી માગી તેમનું સન્માન કર.'** ત્યારે પૂજારીએ કહ્યું, 'હે દાદા ! મારો નહીં. આપે કહ્યું એમ જ કરીશ.' તેથી હનુમાનજી અદૃશ્ય થઈ ગયા.

હવે પૂજારીની અંતરઆંખો ઊઘડી ગઈ. તેથી તરત દરવાજે આવ્યો. અને દરવાજા ખોલ્યા ત્યાં તો શ્રીહરિના દિવ્યદર્શન થયાં. તેથી મહા આશ્ચર્ય પામ્યો. પછી વર્ણીરાજ પાસે આવી પ્રણામ કરી, ગદ્ગદ્ કંઠે કહ્યું, 'હે રામચંદ્ર પ્રભુ ! મારો અપરાધ માફ કરો. મેં આપને ઓળખ્યા ન હતા. તેથી મંદિરમાં ઉતારો આપ્યો નહીં અને આસન ફગાવીને બહાર કાઢી અપમાન કર્યું. પણ આપની કૃપાથી હનુમાનજી દાદાએ ધોકા મારી મને ભાનમાં આણી આપની ઓળખાણ કરાવી. હવે હું આપની માફી માંગું છું. મારો અપરાધ માફ કરો.' આવી રીતે

માફી માગી. અને પ્રાર્થના કરતા કહ્યું, 'હે નાથ ! હવે આપ મંદિરમાં પધારો. અમારું અન્ન જમો અને મારું કલ્યાણ કરો.'

પછી નીલકંઠ વર્ણી મંદિરમાં પધાર્યા. ત્યાં દરવાજા પ્રથમ બંધ હતા તેમ જ ફરી આપોઆપ બંધ થઈ ગયા. તેથી પૂજારીને અતિ આશ્ચર્ય થયું. પછી શ્રીહરિની પ્રેમથી બહુ સેવા, પૂજા કરી. તેની ભાવના જોઈ મહારાજ રાજી થયા અને વરદાન આપ્યું કે

પૂર્વછાયો : **ગુર્જર ધર જે દેશ મોટો, રૂડું વડતાલગામ;**
જોબન વડતાલા ગૃહે, જન્મ ધરીશ તેહ ઠામ.
ત્યારે થાશે કલ્યાણ તારું, પામીશ અક્ષરધામ;
આવીશ તું સત્સંગમાં, ત્યાં થાશે રૂડું કામ.

આ શિવ મંદિરના પૂજારી તે જ **બીજા જન્મે જોબન પગીના દીકરા જગમાલજી થયા.** તેમણે પણ શ્રીહરિ, સંતો તથા મંદિરની ખૂબ જ સેવા કરી હતી. તે બહુ મહાન ભક્ત થયા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગી તથા તેમના પરિવારની સેવા કહી' એ નામે સુડતાલીશમો અધ્યાય થયો. ॥૪૭॥

અધ્યાય-૪૮

પગી પરિવારની બહેનોની સેવા

દોહા : **વખતબા વડતાલના, તેને થયો દઢ સત્સંગ;**
તેણે ઘણા ભક્તોને, હરિનો લગાડ્યો રંગ...૧૪૬

જોબન પગીનાં માતુશ્રી વખતબા મહાન ભક્ત હતાં. જ્યારે મુક્તાનંદસ્વામી પ્રથમ વડતાલમાં આવ્યા અને સત્સંગની વાતો કરી ત્યારથી તેમનું હૈયું હરિના રંગે રંગાયું હતું. સંતોની વાતો તથા સત્સંગી

બહેનોના યોગમાં આવતા પોતાના કુળ પરંપરાના અમુક કુરિવાજો છોડાવવાની શરૂઆત પણ વખતબાએ જ કરી હતી.

પ્રથમ તેમણે લસણ-ડુંગળી જેવા અખાદ્ય કે અપેય વસ્તુ ખાવા-પીવાનો ત્યાગ કર્યો-કરાવ્યો. નિત્ય સ્નાન-પૂજાનો નિયમ લીધો. પછી પોતાની પુત્રવધુઓ તેજબા વગેરે તથા પૌત્રીઓ સુરજબા, રળિયાતબા વગેરેને પણ સમજાવી કુળપરંપરાના ચાલ્યા આવતા કુરિવાજો છોડાવ્યા. આમ આખા પગી પરિવારની બહેનોમાં વખતબાએ મોટું પરિવર્તન આણ્યું હતું. સહુને સદાચાર અને સત્સંગના શુભ સંસ્કારો આપ્યા હતા. આ લોકોને સદાચારી બનાવવા અને કુરિવાજોમાંથી મુક્ત કરવા માટે વખતબાને ઘણું સહન કરવું પડ્યું હતું. ઘણી ધીરજ અને નિષ્ઠા રાખવી પડી હતી. ખરેખર આ રીતે અન્ય પ્રત્યે આત્મીયતા, પ્રેમ અને ક્ષમાભાવના રાખી સહુના દુરાચારો છોડાવવા અને સદાચાર શીખવવા એ ઘણું કઠણ કામ છે. પોતાનું જીવન શુદ્ધ હોય, સત્ય-અસત્યનો વિવેક હોય, પોતે સાંસારિક સુખથી વિરક્ત હોય અને શાશ્વત સુખના નિધિ એવા શ્રીહરિ સાથે અખંડ તન્મયતા અનુભવતા હોય; આવા મુક્તાત્માથી બીજાનાં જીવન પરિવર્તન થઈ શકે છે. વખતબા આવાં ઉત્તમ કોટિના ભક્ત હતાં. આજની સત્સંગી મહિલાઓએ વખતબામાંથી ઘણું બધું શીખવા જેવું છે.

વખતબા ભક્ત બન્યા ત્યારથી વડતાલ સમૈયામાં રાજબા, મોટીબા, લાડુબા, ગંગામા વગેરે સાંખ્યયોગી બહેનો આવતાં તેના ઉતારા પોતાને ઘેર આગ્રહથી રખાવતાં. **પરિવાર સાથે તેમની સેવા-સમાગમ કરી રૂડા આશીર્વાદ મેળવતા. અને પગી પરિવાર માંદા સંતોની અતિ સેવા કરતાં અને ખબર રખાવતાં. સહુમાં દિવ્યભાવ રાખતાં. ક્યારેય કોઈનો અભાવ-અવગુણ લેતા નહિ. કોઈ બોલે તો સાંભળતા પણ નહીં. આવા તે પવિત્ર હતાં. અને વખતબાએ પોતાની જીવનમૂડી**

સાચવી રાખેલી; તે તથા પોતાને રહેવાનું મકાન, ઘરેણાં, વાસણ આદિ સર્વસ્વ અંતે શ્રીહરિને સમર્પણ કર્યાં હતાં. અને મહારાજનો તથા મોટા સંતોનો ખૂબ જ રાજીપો લીધો હતો.

આ રીતે સ્નેહ, સમર્પણભાવ અને એક રહેણીકહેણીવાળું જીવન જીવી વખતબાએ એક આદર્શ ભક્તનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વળી, હ.લી.ક.૧/૧૭માં કહે છે

ચોપાઈ : **સૂરજબા તથા રળિયાતબાઈ, સાંખ્યયોગી તે સારી ગણાઈ;**
પગી જોબનની પુત્રી બેય, મહામુક્ત સહુ તો કહેય.

મહામુક્ત વખતબાની છત્રછાયામાં જોબન પગીની બન્ને પુત્રીઓ સુરજબા તથા રળિયાતબા ઊછર્યાં હતાં. **નાનપણથી જ દાદીમાએ સંસારનાં દુઃખ તથા શ્રીહરિના અખંડ સુખનાં બીજ રોપ્યા હતાં.** સતી મદાલસા જેવાં વખતબાના યોગમાં આવતાં તેમનાં અંતર નિર્મળ બન્યાં, આત્મા-પરમાત્માનું શુદ્ધ જ્ઞાન થયું. તેથી તે બંનેએ પરણેલા પતિને મૂકી, સંસાર છોડી અખંડ આનંદ સહજાનંદને વરવાનું નક્કી કર્યું હતું. પછી જોબન પગીએ પણ બન્ને દીકરીઓને સાંખ્યયોગી બની સત્સંગ-ભક્તિ કરવાની છૂટ આપી હતી.

આ બન્ને બહેનો આજીવન સાંખ્યયોગી રહ્યાં હતાં. આજીવન તપ, જપ, વ્રત અને નિષ્કામભાવે ખૂબ સેવા કરી હતી. વડતાલમાં મોટા મોટા ઉત્સવો, સમૈયાઓ તથા મંદિર બંધાવ્યું; આ બધાં કાર્યોમાં તેઓ પાયાના પથ્થર બની સેવા કરતાં હતાં. વળી, આ બન્ને બહેનોએ અનેકવાર પોતાને ઘેર શ્રીહરિ તથા સંતો-ભક્તોને તેડી જમાડ્યા હતા. કીંમતી વસ્ત્ર-આભૂષણો વડે શ્રીજીમહારાજની પૂજા કરી હતી તથા સંતો, બ્રહ્મચારી, પાર્ષદો વગેરેને વસ્ત્રઅર્પણ આદિથી ખૂબ જ પૂજ્યા, સેવ્યા હતા. આ રીતે સત્સંગની ખૂબ સેવા કરી હતી. તેમ જ વખતા પગીના એક દીકરી અમરબા હતાં. તે પણ આ જ રીતે વખતબા તેમ

જ મોટીબા જેવાં બહેનોના યોગમાં આવતા સાંખ્યયોગી બન્યાં હતાં. તેમ જ ગણેશ પગીની દીકરી રામબા પણ સાંખ્યયોગી થયાં હતાં. તથા માનબા, જીતબા, નવલબા, વડતાલના વિપ્ર વનમાળીના પુત્રી અવલબા વગેરે અનેક બહેનોને વખતબાએ સત્સંગ કરાવ્યો હતો.

આ ભક્ત બહેનો દરેક ઉત્સવમાં સેવામાં રાત-દિવસ ખડે પગે હાજર રહેતાં હતાં. શંકર પગીના પુત્ર ખોડાભાઈ અને ભવાનભાઈ હતા. સુંદરજી પગીના પુત્ર ઓધારજી પગી હતા. તેમના વંશમાં હરમાનભાઈ થયા. તેઓ વડતાલમાં ૩૫ વર્ષ સુધી સરપંચ રહ્યા હતા. ગામની તથા મંદિરની ખૂબ સેવા કરી હતી. **આ તમામ ભક્તોએ ઘરબાર સહિત સર્વે શ્રીહરિને અર્પણ કરેલું હતું. તેઓ શ્રીહરિ અને સંતોમાં જેવો કુટુંબ ઉપર ભાવ હોય તેવો જ એક એકથી સરસ ભાવ રાખતા હતા. પરિવાર જેવી સંતો-ભક્તોમાં તેમની પ્રીતિ અને સેવાથી શ્રીહરિ તેમના ઉપર અતિ પ્રસન્ન રહેતા હતા.** આમ જોબન પગી તથા તેમના પરિવારના તમામ સભ્યોએ આ સત્સંગની તથા મંદિરની ખૂબ જ સેવા કરેલી છે.

અરે..! જોબન પગીએ એકવાર જન્માષ્ટમી ઉત્સવ, એકવાર અન્નકૂટ ઉત્સવ તથા બે વાર મોટો રંગોત્સવ કરાવી ખૂબ સેવાનો લાભ લીધો હતો. શ્રીહરિને હિંડોળે ઝુલાવ્યા હતા. સંતો-ભક્તોનો ખૂબ રાજીપો લીધો હતો. વડતાલ મંદિરમાં દેવોની ધામ-ધૂમથી પ્રતિષ્ઠા થઈ ત્યારે જોબન પગીએ પોતાનું એક ખેતર દેવના થાળમાં કૃષ્ણાર્પણ કર્યું હતું.

તેથી મહારાજ અતિ રાજી થઈને કહે, 'હે જોબન ! તમોએ જે ખેતર દેવોને અર્પણ કર્યું, તે આપણે જોવા માટે જઈએ.' જોબન પગી કહે, 'બહુ સારું મહારાજ, પરંતુ જોવા જ જવું હોય તો ત્યાં નજીકમાં જ કૂવો છે. માટે ત્યાં જ સંતો-ભક્તો મારા તરફથી રસોઈ કરે અને આપ સહુ સાથે ત્યાં જ કૃપા કરી જમો. એવી મારી ભાવના છે.'

તેમનો શુદ્ધભાવ જોઈ મહારાજ બહુ રાજી થયા. પછી શ્રીહરિ જોબન પગીને ખભે બેસીને ખેતર જોવા ગયા હતા. એવો સંતોનો મત છે.

પગી સાથે તે જોવાને કાજ, સંત સહિત ગયા મહારાજ;
બહુ રાજી થયા હરિ જોઈ, દીધી ત્યાં જોબને રસોઈ.
આખા ખેતરમાં પ્રભુ ફર્યા, અડવાણે પગે જ વિચર્યા;
વળી એમ બોલ્યા અવિનાશ, તમે સાંભળો જોબન દાસ.
આપ્યું ઠાકોરને આ રૂપાળું, નામ આજથી ઠાકોરવાળું;

પછી જોબન પગી તથા તેમના પરિવારે આ ખેતરનો લક્ષ્મીનારાયણ દેવના નામનો પાકો દસ્તાવેજ કરાવેલો છે. તેમાં લખ્યું છે કે, ‘સૂરજ ચંદ્ર તપે ત્યાં સુધી દેવોની દિવેટ માટે તથા સાધુના ખર્ચ માટે અમો આ ખેતર ધર્માદામાં આપીએ છીએ. આ ખેતર ઉપર અમારી વંશપરંપરાનો કોઈ દરદાવો નથી. જે આ લખત પ્રમાણે ધર્મનું કામ જાણી પાળશે કે પળાવશે તેનું આલોક અને પરલોકમાં રૂડું થાશે. તેના વંશપરંપરાની વૃદ્ધિ થાશે. આ લખ્યા પ્રમાણે પાળે-પળાવે તેને કાશીએ ગાય આપ્યાંના પુણ્ય થશે’ આવો પાકો દસ્તાવેજ કરાવી આપેલો છે. જે હાલ વડતાલ મંદિરના કબજામાં છે. આ સમયે શ્રીજીમહારાજે જોબન પગીને રાજી થઈ ચરણારવિંદ પાડી આપ્યાં હતા. તેને તેઓ આજીવન પૂજતા રહ્યા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં ‘પગી પરિવારના બહેનોની સેવા કહી’ એ નામે અડતાલીશમો અધ્યાય થયો. ॥૪૮॥

અધ્યાય-૪૯

જોબન પગીને અખંડસ્મૃતિનો વર

દોહા : **જોબન પગીએ શ્રીજીને, પૂજ્યા પ્રસન્ન થય;**
ચરણારવિંદ આપ્યાં હતાં, તે પૂજતાં રાજી રય...૧૪૭
છાતીમાં આપ્યા'તાં, વળી ચરણ બહુ વાર;
છતાં તેમના દિલમાં, ક્યારેક થતાં વિચાર ?..૧૪૮
પૂર્વે કરેલા પાપની, સ્મૃતિ થતી'તી લગાર;
શું મમ અઘ બળ્યાં હશે ? એમ કદિ થતાં વિચાર...૧૪૯

શ્રીરામના ચરણસ્પર્શથી શલ્યામાંથી અહલ્યા બની, શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી કાળીનાગ નિર્વિષ થયો. વળી, ચરણરજનો મહિમા સમજી અક્રૂર ગોકુળ જતાં રસ્તામાં આળોટ્યા તો તેમના તમામ પાપ નાશ થઈ ગયા. અને **વિરાટપુરુષે તેના પચાસ વર્ષ અને દોઢ પહોર પૂજા-સ્તુતિ કરી ત્યારે સર્વાવતારી પુરુષોત્તમનારાયણનાં ચરણ આ બ્રહ્માંડમાં આવ્યાં છે. તે આ સર્વોપરી શ્રીહરિની ચરણરજ મને મળે તો મારા કેવા ભાગ્ય ? આ દેહે અનેક પાપ કર્યાં છે, માટે એ ચરણરજ સંઘરી રોજે પ્રસાદીનો ઉપયોગ કરું અને જ્યારે જમવા બેસું ત્યારે થાળીમાં થોડી ચરણરજ લઈને જમું તો મારું અંતર શુદ્ધ થાય, ચિત્તમાં શાંતિ થાય અને અખંડ ભગવદ્‌મય રહેવાય.** આ વિચારથી તેઓ એકવાર ગઢપુર આવ્યા.

જ્યારે તે ગઢપુરમાં આવ્યા ત્યારે શ્રીજીમહારાજ અનેક સંતો-ભક્તોને સાથે લઈ ઘેલાનદીમાં સ્નાન માટે જવા નીકળ્યા હતા. જોબન પગીને પરિવાર સાથે દૂરથી આવતા શ્રીજીમહારાજે જોયા. તેથી શ્રીહરિ ઉતાવળા તેમની સન્મુખ દોડ્યા. મોટા યોગેશ્વરો જેમની ચરણરજમાં આળોટે છે, એવા શ્રીહરિ જેમ હંસ માનસરોવર તરફ ઉતાવળા જાય;

તેમ જોબન પગીની પાસે ઉતાવળા ચાલીને પહોંચ્યા. મધુર વચને બોલાવી તેમની સંભાવના કરી. પછી જોબન પગીને સાથે લઈ શ્રીહરિ ઘેલાનદીએ સ્નાન કરવા માટે ગયા.

જેનું સ્વામિનારાયણ નામ તમામ સુખનો આધાર છે, એવા સર્વાવતારી શ્રીહરિ મહા પ્રેમીભક્ત જોબન પગીનું કાંડું હાથમાં ઝાલી સ્નાન માટે જળમાં ઊતર્યા. સંતો-ભક્તો સાથે શ્રીહરિએ સ્નાન કર્યું. જોબન પગીએ પણ સ્નાન કરવા માટે ડૂબકી મારી, એ જ સમયે શ્રીહરિની ઈચ્છાથી તેમને પૂર્વજન્મની સ્મૃતિ થઈ. આગલા જન્મે કરેલાં પાપરૂપ દુષ્ટ કર્મો તેમને દેખાવાં લાગ્યાં. તેથી અંતર ખિન્ન થઈ ગયું. મનમાં અતિ દુઃખ થયું. આ રીતે શ્રીહરિએ જોબન પગીને પાણીમાં સમાધિ કરાવી તેના પૂર્વજન્મનું વૃત્તાંત બતાવ્યું. તેથી તેમના અંતરમાં એમ થયું જે, 'હું પૂર્વે બહુ મોટો પાપી હતો. મારે આમાંથી જલદી છૂટવું જોઈએ.'

પછી સુખસાગર શ્રીહરિને કહ્યું, **'હે નાથ ! મને મારા પૂર્વજન્મનું સ્મરણ થતાં હૃદયમાં ઘણું જ દુઃખ થાય છે. આપનો સ્વભાવ સહુને સુખ-શાંતિ આપવાનો છે. જે આપને શરણ આવે તેનાં તમામ પાપને તમે નાશ કરો છો. માટે મારાં પૂર્વજન્મના સ્મૃતિરૂપી પાપ ટળે અને હૈયામાં શાંતિ વળે, એવી કૃપા કરો'**

શ્રીહરિ કહે, 'હે ધીમન્ ! આપણે અહીં સ્નાન કર્યું, તેથી **આ સ્થળનું નામ હવેથી 'જોબન પગી ઘાટ' કહેવાશે.** તમો એક મહિનો અહીં રહો. આ સ્થળે નિત્ય સ્નાન કરો અને એક ચાંદ્રાયણ વ્રત કરો. ચાંદ્રાયણ પૂરું થાય ત્યારે વડતાલમાં અમારી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ છે; તેમને સારાં વસ્ત્રો તથા ઘરેણાં પહેરાવજો. તેમ જ સંતો-ભક્તોને સારી રસોઈ કરી જમાડજો. **તેથી તમારા પૂર્વજન્મનાં સ્મૃતિરૂપ**

તમામ પાપો નષ્ટ થશે. તમારા હૈયામાં અખંડ અમારી મૂર્તિ દેખાશે.' પછી જોબન પગીએ શ્રીહરિને પ્રસન્ન કરવા જેમ મહારાજે કહ્યું તેમ કર્યું. એક મહિનો ઘેલામાં સ્નાન કર્યું. ચાંદ્રાયણ વ્રત કર્યું. વડતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજને સારાં વસ્ત્રાભૂષણો અર્પણ કર્યાં. તથા સંતો ભક્તોને સારી રસોઈ કરીને જમાડ્યા. તેથી શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. એટલે તેના અંતરમાં ક્યારેક ક્યારેક પૂર્વના કરેલાં પાપ કર્મોની સ્મૃતિ થતી તે સઘળી નાશ પામી.

સાંભરતી અખંડ મૂર્તિ, પાપની સ્મૃતિ ગઈ;
જ્ઞાન પગીના દિલમાં, હવે અખંડ મૂર્તિ રઈ...૧૫૦

હવે જોબન પગીના દિલમાં અખંડ શ્રીહરિની મૂર્તિ રહેવા લાગી. હરપળ તેમને પોતાના અંતરમાં શ્રીહરિની હાજરી અનુભવાવા લાગી. તેથી અંતરમાં ખૂબ આનંદ રહેવા લાગ્યો. ખરેખર ભગવાનની સ્મૃતિ એ જ આનંદ છે, સુખ છે, પુણ્ય છે. ભગવાનની વિસ્મૃતિ એ જ દુઃખ છે, પાપ છે. માટે સુખી થાવું હોય તો સતત શ્રીહરિની સ્મૃતિ રાખો. ભગવાનની પ્રાપ્તિ કરતા પણ તેમની અખંડ સ્મૃતિ રહે એ મોટી પ્રાપ્તિ છે. કેમ જે, ભગવાન તો સદા આપણી સાથે જ છે. તેમની સ્મૃતિ નથી રહેતી એટલે પરોક્ષ જણાય છે. સ્મૃતિ રહે તો સદા પ્રગટ જ અનુભવાય. અને સ્મૃતિ જ સર્વે સુખનું મૂળ છે. માટે હાલતાં-ચાલતાં સતત શ્રીહરિને સંભારવા.

એકવાર જોબન પગીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પુછ્યો જે, "હે મહારાજ ! અમે તમારી કેવી મોટાઈ સમજીએ ?" ત્યારે શ્રીજીમહારાજ કહે જે, "અમને તો સર્વે અવતારના કારણ સર્વોપરી સમજવા અને અમે તો બ્રહ્માંડથી પાર જે અક્ષરધામ છે ત્યાંથી આવ્યા છીએ અને અનેક જીવનાં કલ્યાણ કરીને તેમને અક્ષરધામમાં લઈ જવા છે. અને અવતાર તો અમારી ભેગા સાધુ થઈને રહ્યા છે ને અમારું ભજન કરે છે

એમ તમે સમજો." શ્રીહરિએ રાજી થઈને સ્વમુખે જ પોતાનું સર્વોપરી માહાત્મ્ય જોબન પગીને કહ્યું. ત્યારે તેમને શ્રીજીમહારાજનું સ્વરૂપ દૃઢ સમજાણું અને બહુ રાજી થયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીને અખંડ સ્મૃતિનો વર આપ્યો' એ નામે ઓગણપચાશમો અધ્યાય થયો. ॥૪૯॥

અધ્યાય-૫૦
ચરણરજનો મહિમા

જ્યારે જ્યારે જોબન પગી ગઢપુરમાં આવે ત્યારે તેમનો ઉતારો અક્ષરઓરડીની બાજુમાં જ ગંગાજળિયા કૂવાની દક્ષિણ બાજુ છાપરી હતી, તેમાં હંમેશાં રહેતો હતો. જોબન પગી ગઢપુર આવે ત્યારે હજૂરી પાર્ષદોને કહેતા, હું જ્યાં સુધી અહીં હોઉં ત્યાં સુધી તમે આરામ કરજો. રાજાઓના સેવકોની જેમ હું ખડે પગે ઊભો રહી રાજાધિરાજ શ્રીહરિની અખંડ ચોકી કરીશ. આ ક્રમ મુજબ આ વખતે પણ જોબન પગી શ્રીહરિની સુરક્ષાની સેવામાં જોડાયા અને દ્વારપાળ બનીને રહ્યા.

આ સમયે તેમના હૈયામાં શ્રીહરિની ચરણરજ લેવાનો મહિમા અતિશય વધી ગયો.

દોહા : **ચરણરજનો મહિમા, વધી ગયો મનમાંય;**
ચરણરજને લૂંટવા, પગીનું દિલ ચહાય...૧૫૧

દિલમાં સતત થવા લાગ્યું કે 'આવા સર્વોપરી પુરુષોત્તમનારાયણની ચરણરજ મને મળી જાય તો મારું મોટું કામ થઈ જાય.' આમ વિચારી તેણે ત્યાં એક મહિનો રોકાવાનું નક્કી કર્યું. સમય પૂરો થવા આવ્યો પરંતુ ચરણરજ ન મળી. તેમણે વચ્ચે ત્રણ દિવસ શ્રીહરિની ચરણરજ

મેળવવા મહેનત પણ કરી. પણ રજ લેવાની કાંઈ તક જ મળી નહીં. કેમ જે, જ્યારે મહારાજ સભામાં જાય, ગામમાં જાય, લક્ષ્મીવાડીએ જાય કે ઘેલે નહાવા માટે બહાર જાય ત્યારે તરત સેવકો મહારાજને મોજડી કે ચાંખડી આપતા અને શ્રીહરિ તે પહેરી લેતા. તેથી શ્રીહરિ અડવાણે પગે ચાલે જ નહિ તો ચરણરજ કેમ લેવી ? પછી જોબન પગીને વિચાર આવ્યો કે, 'મારા જૂના સ્વભાવ મુજબ કાંઈક કરું તો જ ચરણરજ લેવાની તક મળશે.' આમ સંકલ્પ થયો કે, 'જો ચાખડી ઢોલિયા નીચેથી ઉપાડી અને કાંઈક સંઘરી દઉં તો કામ થાય.'

પછી એક દિવસ શ્રીહરિની મોજડી ચોરી. અને ઉગમણા બારણાના ખૂણામાં મહારાજ સ્નાન કરતા ત્યાં મોટા પથ્થરનો બાજોઠ હતો તેની નીચે સંઘરી દીધી.

સવાર થયું. શ્રીજીમહારાજ જાગ્રત થયા. સ્નાનાદિક ક્રિયા કરી જળપાન કર્યું. પોશાક પહેર્યો. પણ આજ મોજડી ન મળી. તેથી રતનજીબાપુ વગેરે સેવકો મોજડી ખોળવા લાગ્યા. ઘણી તપાસ કરી. પરંતુ મોજડી ન મળી. ત્યાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી વગેરે આવ્યા. તેમણે મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, 'હે હરિ ! ચાલો ગોપીનાથજી મહારાજના મંદિરે દર્શને.'

ત્યારે મહારાજ તેમને કહે, 'મારી મોજડી લાવી આપો અથવા મોજડીના ચોરને હાજર કરો. પછી જ અહીંથી મંદિરે જવું છે.' ત્યારે રતનજીબાપુ કહે, 'મહારાજ ! ઘણી ગોતી પરંતુ મળતી નથી.' શ્રીહરિ કહે, 'તમે પાર્ષદો અહીં હાજર છો, જોબન પગી અહીં હાજર છે અને મોજડી જાય ક્યાં ? જલદી ચોરને શોધો.' જોબન પગી બાજુમાં જ ઊભા હતા. તેને મનમાં વિચાર થયો કે, 'ચોરી મેં કરી છે, અને મહારાજે હઠ લીધી છે. હવે જો હું નિખાલસપણે કબૂલાત નહિ કરું

તો પ્રભુ મારા ઉપર નારાજ થશે.' આમ વિચારી જોબન પગીએ રડતાં રડતાં નિખાલસપણે શ્રીહરિને દિલની વાત કહી. 'હે નાથ ! આપની મોજડીનો ચોર હું છું.

ચોર તમારો હું જ છું, ચોરી કરી મેં નાથ;
ચરણરજના મહિમામાં, હૈયું રહ્યું નહિ હાથ...૧૫૨

માફ કરો મહારાજ મુજને, માફ કરો મહારાજ;
મોટા મોટું મન રાખીને, માફ કરો મહારાજ.

હે વહાલા ! માફ કરજો. આપની ચરણરજ લેવા માટે હું ઘણા સમયથી પ્રયત્ન કરતો. તે માટે તો હું અહીં એક મહિનાથી રહ્યો છું. પરંતુ આપ નિત્ય મોજડી પહેરીને જ ચાલતા. તેથી મને ચરણરજ લેવાની તક જ ન મળી; એટલે મેં આ કૃત્ય કર્યું છે.' એમ કહી જોબન પગીએ માફી માગી. અને તરત મોજડી લાવી આપી. તેથી શ્રીહરિ અતિશય રાજી થયા. પછી મંદિરે દર્શને જવા તૈયાર થયા.

ત્યારે જોબન પગીને કહ્યું, 'આજ હું અક્ષરઓરડીથી મંદિર સુધી પાદુકા વિના ચાલું છું. તમે મારી પાછળ ચાલો. અને ચરણરજને લેવા મંડો.' તેથી જોબન પગી બહુ રાજી થયા. નેત્રમાં હર્ષાશ્રુ વહેવા લાગ્યા. મહારાજ તરત ઊભા થયા. ઉઘાડા પગે ચાલવા માંડ્યા. જ્યાં મહારાજ પગલું મૂકે ત્યાંથી જોબન પગી ખોબો ભરી ચરણરજ લે અને ફાળિયામાં મૂકે. આમ અક્ષરઓરડીથી ગોપીનાથજી મહારાજના મંદિર સુધી શ્રીહરિનાં દરેક પગલાંની ચરણરજ જોબન પગીએ લીધી.

પછી શ્રીજીમહારાજ કહે, 'હવે રાજી થયા ?' ત્યારે તે કહે, 'હા.' શ્રીહરિ કહે, 'આ રજને તમે શું કરશો ?' ત્યારે તે કહે, 'હે નાથ ! આ આપની ચરણરજ તો દિવ્ય બ્રહ્મરસ ગણાય. માટે નિત્ય હું જમીશ ત્યારે અન્ન સાથે પ્રથમ આ ચરણરજ જમીશ.' આ રીતે

જોબન પગીનું જીવન હવે શ્રીહરિની ચરણરજ સાથે જોડાયું. તેમણે તે ચરણરજને કપડેથી ચાળી એક પાત્રમાં ભરી લીધી. પછી તે લઈને વડતાલ ગયા. અને પરિવારને ચરણરજ અર્પી કહ્યું કે, 'આ ચરણરજને જીવ જેમ સાચવજો. અને જ્યારે હું જમવા બેસું ત્યારે થાળીમાં ભૂલ્યા વિના આ ચરણરજ કાયમ પીરસજો.'

ત્યાર પછી તે નિયમ કાયમી બની ગયો હતો. જોબન પગી નિત્ય જમવા બેસે ત્યારે ઘરના સભ્યો ચરણરજમાંથી ચપટી ભરી થાળીમાં મૂકે પછી જ થાળી જોબન પગીની આગળ જમવા માટે મેલતા. અને જોબન પગી પણ પ્રથમ કોળિયો તે રજ સાથે ભેળવીને જ લેતાં. દરેક કોળિયે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતાં જાય અને જમતાં જાય. આ તેમનો નિત્યક્રમ થઈ ગયો હતો. જોબન પગી આવો ચરણરજનો અદ્‌ભુત મહિમા સમજતાં હતા.

ચરણરજનો મહિમા, અક્રૂરે જાણ્યો જેમ;
તેથી સવાયો જાણિયો, જોબન પગીએ એમ...૧૫૩
એ તો ખાલી આળોટિયા, આ તો જમતાં નિત્ય;
કહોને પ્રગટ પ્રભુજીમાં, પગીને કેવી પ્રીત ?..૧૫૪

જોબન પગીને મહારાજની ચરણરજ સાથે અદ્‌ભુત પ્રીતડી હતી. ચરણરજ જ તેમનું જીવન બની ગઈ. અનેક અવતારો થયા પરંતુ આવી રીતે પ્રગટ પ્રભુની ચરણરજનો મહિમા સમજનારા ભક્ત માત્ર જોબન પગી થયા છે. તેમની પાસે શ્રીજીમહારાજની પ્રસાદીનાં અનેક વસ્ત્રો હતાં. ચરણારવિંદની અનેક જોડો હતી. ચાખડિયો, નખ, કેશ, માળા, કંકુ વગેરે પ્રસાદીની વસ્તુઓ હતી. તેને નિત્ય તેઓ દર્શન કરતા, આંખે અડાડતા, પરંતુ તેનો આવો ઉપયોગ ન થાય તેથી ચરણરજનો મહિમા સમજી નિત્ય તેને જમતા. આ તેમનો રોજીંદો અટળ નિયમ હતો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'ચરણરજનો મહિમા કહ્યો' એ નામે પચાશમો અધ્યાય થયો. ।।૫૦।।

અધ્યાય-૫૧

વડતાલમાં સૂર્યનારાયણની સ્થાપના

હવે જોબન પગીની પ્રાર્થનાથી શ્રીહરિએ વડતાલમાં સૂર્યનારાયણ દેવની સ્થાપના કરી તે કથા શ્રીસ્વામિ.ના.ચ.ચિં.ના પ્ર.૪/૪૮માં છે. તે ખૂબ સમજવા જેવી છે. તેથી અહીં લખું છું.

વડોદરામાં ખારીવાવ ઉપર સુરૈયા લવાર સત્સંગી દસ-બાર રહેતા હતા. તેમણે ગોપાળાનંદસ્વામીને પધરામણી કરીને પૂજા કરવા પોતાને ઘેર ગાડીમાં બેસાડીને બોલાવ્યા. તેથી સ્વામી પંદર-વીસ સાધુ પોતાની સાથે લઈને તેમને ઘેર ગયા. પછી તે હરિભક્તે સ્વામીની તથા સર્વે સાધુની ચંદન પુષ્પ વડે પૂજા કરીને ચાદરો ઓઢાડી ને દસ શેર પેંડા, બરફીનો થાળ મૂકયો ને પગે લાગ્યા.

ત્યારે ગોપાળાનંદસ્વામીએ શ્રીહરિના સર્વોપરીપણાની વાતો કરી સહુ ભક્તોને ખૂબ સુખ આપ્યું. પછી સ્વામી ત્યાંથી ઊઠ્યા. તે ત્યાં સામું ખારીવાવની પાસે જ એક મોટું જૂનું શિખરબંધ મંદિર દીઠું. તેનું શિખર પથ્થરનું નકશીદાર શોભાયમાન છે, તે જોઈ સ્વામીએ પૂછ્યું કે, "એમાં કયા દેવની સ્થાપના છે.?" લોકોએ કહ્યું કે, "પ્રાચીન કાળથી સૂર્યનારાયણની મૂર્તિ છે."

ત્યારે સ્વામી કહે," એ તો આપણે પૂજ્ય છે, ચાલો દર્શન કરીએ." પછી ત્યાં સાધુ હરિભક્ત સહિત ગયા. તે મંદિરને ફરતી મોટી ધર્મશાળા ને હવેલી છે તેમાં દેવના પૂજારી દક્ષિણી બ્રાહ્મણ વિગેરે

સરસામાન સહિત વંશપરંપરાથી રહે છે. પછી એ મંદિરમાં જઈને સૂર્યનારાયણને પેલો બરફીનો થાળ સ્વામીએ નૈવેદ્ય મૂક્યો ને નમસ્કાર કર્યા તે વખતે આગળ પાછળ રહેનારા જે પૂજારી આદિ બ્રાહ્મણો હતા તે ત્યાં દોડી આવીને પાસે ઊભા. સ્વામીએ તેમને પૂછ્યું કે, "તમે આ દેવની પૂજા સેવા કરો છો ?" તેમણે હા કહી. પછી સ્વામીએ મંદિરના ઊમરા પાસે ઊભા રહીને સૂર્યનારાયણને કહ્યું કે, "સવિતા દેવ પ્રસન્ન છો ? આ મોટા સુશોભિત મંદિરમાં વિરાજમાન છો તે પ્રમાણે પૂજા સેવા નૈવેદ્યનું યોગ્ય રીતે સાનુકૂળ છે કે નહીં ?"

પછી સર્વેના દેખતાં સાંભળતાં સૂર્ય બોલ્યા કે, "સ્વામી, તમે અહીં પધાર્યા તેથી હું બહુ પ્રસન્ન છું અને સેવા પૂજા તો આ બ્રાહ્મણો ભક્તિ ભાવથી કરે છે ખરા, પણ મને ઠીક લાગતું નથી. કારણ કે એ બ્રાહ્મણો બરાબર ધર્મ પાળતા નથી અને નૈવેદ્ય કરે છે તે ગાળ્યા વિનાના જળ-દૂધથી રસોઈ કરીને મને થાળ ધરાવે છે, તેથી અમે જમતા નથી. બાકી બીજું તો રાજ વૈભવ સઘળો છે, કારણ કે રાજાનું વર્ષાસન મળે છે. તેથી બીજો વસ્ત્રાભુષણ ઉત્સવ દીવા વગેરેનો ઉપરથી તો ઘણો ભારે ઠાઠ છે. પણ ભોજન વિના ઉપવાસ કરવા પડે છે. કોઈ કોઈ વખતે ફળ મેવો ધરાવે છે, તો તે તપસ્વી ઋષિયોની પેઠે જમીએ છીએ ને ક્યારેક ઘણી ક્ષુધા લાગે ત્યારે તો સ્વર્ગમાં ઈંદ્ર પાસેથી અમૃતનો કળશ લઈને ઈચ્છા પ્રમાણે પી લઉં છું અને આજ તો આ તમે પેંડા બરફીનો પવિત્ર થાળ મુકયો છે તેમાંથી જમીશ."

ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું કે, "બહુ સારું તમે જમો." પછી ઝટઝટ બરફીનાં ચકતાં તથા પેંડા મુખમાં મુકવા જ માંડયા તે પાંચશેર જમી ગયા. પછી અડધો થાળ બાકી રહ્યો ત્યારે કહ્યું કે, આ પ્રસાદી સર્વને આપજો." એમ કહીને પછી સ્વામીને કહ્યું કે, **"હમણાં શ્રીહરિ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને અનેક જીવોના કલ્યાણ**

કરે છે, ને અનેક લીલાઓ કરી પોતાના એકાંતિક ભક્તને સુખ આપે છે, તો હું પણ એ પ્રભુનો એકાંતિક ભક્ત છું અને મને પણ એમણે જ તેજ પ્રતાપ ને મોટપ આપી છે. માટે મારી પણ ઈચ્છા છે કે ,એ મહાપ્રભુના સમીપ રહી એમની સેવા કરું."

પછી સ્વામી બોલ્યા કે, "ભલે, એમ ઈચ્છા હોય તો ચાલો." અમે ચાર દિવસ પછી વડતાલ જઈએ છીએ. અને આ કારતકી સમૈયો કરવા શ્રીહરિ પણ ગઢપુરથી વડતાલ પધારવાના છે, માટે ચાલો. અહીં તમને નૈવેદ્યાદિક સેવાનું અનુકૂળ નથી. તો ત્યાં શ્રીલક્ષ્મીનારાયણ આદિ ભગવાનનાં સ્વરૂપને શ્રીહરિએ સ્થાપન કર્યા છે અને પોતે શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્વયં મૂર્તિ સ્વરૂપે ત્યાં અખંડ રહ્યા છે, તેમના સમીપમાં તમારી પ્રતિમા પણ ત્યાં રથમાં સ્થાપન કરીશું. તેથી એ શ્રીહરિના સેવક નૈષ્ઠિક બ્રહ્મચારી તમારી પુજા નૈવેદ્ય વગેરે સેવા નિરંતર કરશે."

એમ સ્વામીએ કહ્યું ત્યારે સૂર્યનારાયણ તો અતિ પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા ને બોલ્યા કે, "વાહ રે વાહ ! સ્વામી તમે મારી મૂર્તિ સાક્ષાત્ ભગવાનના સમીપમાં સ્થાપન કરશો, એથી મોટી પદવી હવે બીજી કઈ છે ! ધન્ય છે સ્વામી તમે તો અતિ મોટા છો. એ ભગવાનના ધામરૂપ અક્ષરના સ્વરૂપ તમે જ છો એમ મેં તમને જાણ્યાં છે." પછી સ્વામીએ કહ્યું કે, "અમે ચાર દિવસ પછી સાતમને દિવસ જઈશું, માટે તમે વિપ્ર સ્વરૂપે અમારી સાથે ગાડીમાં બેસીને વડતાલ આવજો." એમ કહી સ્વામી નમસ્કાર કરીને ગયા.

પછી સ્વામી જ્યારે સાતમને દિવસે ગાડીમાં બેઠા ને ચાલ્યા ત્યારે આસપાસ સાધુ અને હજારો હરિભક્તો સહિત ખારીવાવના ખાંચા પાસે ગાડી ઊભી રખાવીને ઊતરીને પાંચ સાત સાધુ લઈને તે મંદિરમાં પધાર્યા અને સૂર્યદેવને નમસ્કાર કરીને ચાલો એમ કહ્યું કે, તરત સૂર્ય પ્રતિમામાંથી વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને નીકળ્યા, તે સ્વામી

સાથે ગાડીમાં બેઠા. ત્યારે ત્યાં રહેલ હજારો હરિભક્તોને એમ જણાયું કે આ કોઈ પરદેશથી વિદ્વાન વૃદ્ધ બ્રાહ્મણ આવ્યા છે, તેને સ્વામી વડતાલ તેડી જાય છે. પણ જેટલા સમાધિવાળા સાધુ હરિભક્તો હતા, તે તો આ સૂર્યનારાયણ સ્વામી સાથે આવે છે, એમ જાણી ગયા હતા. પછી સ્વામી રસ્તામાં તેમની બરદાશ કરાવતા બીજે દિવસે વડતાલ આવ્યા.

આ બાજુ ગઢડામાં પણ તે જ સમયે સભામાં સર્વ સાધુ હરિભક્ત આગળ શ્રીહરિએ વાત કરી કે, "આ વડતાલથી જોબન પગી, સુંદર પગી, તખા પગી ને જુહો પગી એ ચાર જણ આવ્યા છે. તેમણે અમને કહ્યું કે, "મહારાજ તમે અહીં ગઢડામાં આ દાદાખાચર આદિક સૂર્યવંશી ક્ષત્રીય તમારા મોટા ભક્ત છે. તેમના કુળદેવ જે સૂર્ય છે, તેમનું સ્થાપન કર્યું છે. તો અમે પણ એમના જેવા જ વાઘેલા ક્ષત્રિય વંશના છીએ માટે અમારા કુળદેવ પણ સૂર્ય છે. તો કૃપા કરી વડતાલમાં પણ સૂર્યદેવનું સ્થાપન કરો. માટે હે સંતો-ભક્તો ! અમે તમને પુછીએ છીએ કે ત્યાં વડતાલમાં પણ સૂર્યદેવ સ્થાપન કરીશું ?"

✹ અમે અને ગોપાળાનંદસ્વામી જુદાં નથી :

પછી સર્વે રાજી થઈને બોલ્યા કે, "મહારાજ ! બહુ સારું. તમે સૂર્યદેવનું વડતાલમાં સ્થાપન કરો. અમે તો સર્વ રાજી છીએ પણ ગોપાળાનંદસ્વામી તો વડોદરે છે તેમને પૂછવાનું હોય તો ત્યાં આવે ત્યારે પૂછવું હોય તો પૂછજો." પછી શ્રીજીમહારાજ હસ્યા અને બોલ્યા કે, **"ગોપાળાનંદસ્વામી અમારા થકી કયારેય જુદા રહેતા નથી પણ નિરંતર ભેળાને ભેળા જ છે. વડોદરે હોય કે બ્રહ્માંડમાં હોય તો પણ જ્યાં અમે ત્યાં એ અને એ ત્યાં અમે. એમનું હૃદય તે અમે ને અમારું હૃદય તે એ છે. એમણે જે સંકલ્પ કર્યો તે અમે કર્યો અને અમે કર્યો તે એમણે કર્યો.** માટે અમે જ્યારથી એ સંકલ્પ કર્યો છે, ત્યારથી જ સ્વામી તો સૂર્યનારાયણને વડતાલ સ્થાપન કરવા માટે વડોદરેથી પોતાની

સાથે જ તેડીને આગળથી વડતાલ આવ્યા છે અને એ અમારી વાટ જુએ છે. માટે હવે આપણે સર્વે ચાલો વહેલા વહેલા વડતાલ જઈએ." એમ કહીને સંતમંડળ સહિત વડતાલ પધાર્યા.

પછી ત્યાં ગોપાળાનંદસ્વામીને તથા બ્રાહ્મણરૂપે સૂર્ય હતા તેમને શ્રીજીમહારાજ મળ્યા અને સૂર્યદેવને યોગ્ય આસન ઉપર સભામાં બેસાડયા. બધાએ તો એમ જાણ્યું કે આ કોઈ વૃદ્ધ અને વિદ્વાન બ્રાહ્મણ છે, તેનું મહારાજ સન્માન કરે છે. પણ સમાધિવાળા તથા દિવ્ય દૃષ્ટિવાળા તો સૂર્ય છે એમ જાણી ગયા હતા.

પછી બીજે દિવસે સપ્તમુખી ઘોડાના રથમાં વિધિ સહિત દેરામાં શ્રીહરિએ પોતાના સમીપમાં એ સૂર્યનારાયણને સ્થાપન કર્યા, તે જ વખતે બ્રાહ્મણરૂપ તીરોભાવ થઈ તેજના પ્રવાહરૂપ થઈ પોતાની પ્રતિમા સ્થાપન કરી તેમાં હજારો મનુષ્યના દેખતાં પ્રવેશ કર્યો અને તે મૂર્તિમાં રહીને શ્રીહરિની સાથે બોલ્યા કે,

હે હરિ સહજાનંદજી ! સ્વામી ગોપાળાનંદ;
આપ સમીપે સ્થાપીને, મને આપ્યો આનંદ...૧૫૫
અખંડ દર્શન આપના, મને થશે દિ' ને રાત;
આપથી આ બ્રહ્માંડમાં, મુજ મોટપ થશે ખ્યાત...૧૫૬
તેજ આપેલું આપનું, વળી પ્રતાપ અધિકાર;
ભોગવું છું બ્રહ્માંડમાં, હે સર્વેશ સુખાકાર...૧૫૭

આ રીતે જોબન પગી વગેરે ક્ષત્રિયોની ઈચ્છાથી શ્રીહરિએ.

વડતાલે સુરજ સ્થાપિયા, પગી પરિવાર કાજ;
ધન્ય ધન્ય જોબન પગીને, ધન્ય ધન્ય શ્રીમહારાજ...૧૫૮

તમોએ અહીં મારી સ્થાપના કરી તેથી હું ધન્ય ધન્ય થયો છું. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "તમે તો હિરણ્યમય વિષ્ણુ છો ને જગત પૂજ્ય

છો. હવે અહીં અખંડ વિરાજમાન રહો અને આ અમારાં લક્ષ્મીનારાયણ આદિ સ્વરૂપ છે, તેમની સેવા પૂજા થાળ વિગેરે જે નૈષ્ઠિક બ્રહ્મચારી કરશે, તે તમારી પણ એ રીતે નિત્યે સેવા પૂજા કરશે." એમ કહી ત્યાં એ રીતે સૂર્યનારાયણનું સ્થાપન કરીને મોટો ઉત્સવ કરાવ્યો. અને જેમ રણછોડરાય દ્વારકાથી સચ્ચિદાનંદસ્વામીને સાથે વડતાલ પધાર્યા છે તે જ રીતે વડોદરેથી ગોપાળાનંદસ્વામી સાથે સૂર્યનારાયણ વડતાલ પધાર્યા તેમને શ્રીહરિએ સ્થાપન કર્યા.

હે વહાલા ભક્તો ! જોબન પગી જેવા ભક્તને લાખો ધન્યવાદ છે. ગોપાળાનંદસ્વામી જેવા મહાસંતને લાખો નમસ્કાર છે. સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનને પણ લાખો લાખો પ્રણામ છે. જે જે ભક્તોની જેવી ભાવના હોય તેવા તે મનોરથ પૂરા કરે છે. માટે **આપણે પણ શ્રીહરિને રાજી કરવા મજબૂત મન રાખી જીવનમાં રહેલા દુર્ગુણો, દોષો છોડવા. અખંડ ભગવાનનું સ્મરણ કરવું. શ્રીહરિ અને સંતોના રાજીપાનું તાન રાખવું. અક્ષરધામના મુક્ત થાવું છે એવો ઠેરાવ રાખવો. મહારાજ જરૂર એક દિવસ આપણો મોક્ષ કરશે, કરશે ને કરશે જ.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'વડતાલમાં સૂર્યનારાયણની સ્થાપના કરી' એ નામે એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥

અધ્યાય-૫૨

કડવી કાકી મીઠી કાકી બની

નિર્ગુણદાસજીસ્વામીની ૪૪૭મી વાતમાં જોબન પગીની કાકી સત્સંગી થયાં તેવો પ્રસંગ છે. જોબન પગીના પિતરાઈ કાકા તપોધન પગી હતા. તેમની પત્નીનું નામ કડવીબાઈ હતું. તે પાંચ હાથ પૂરી, શરીરે જાડી, દેખાવમાં કાળીમશ જેવી, આંખો ભેરવ જેવી, સાદે નરવી

અને માતાજીની ભગત હતી. મેલડી માતા તેને હાજરાહજૂર હતી. મોટા મોટા ભૂવાઓ તેના પગમાં પડતા. જંત્રમંત્ર ઉતારવા, કોઈના ઉપર કામણટૂમણ કરવા, મારણમોહનના મંત્રો દ્વારા લોકોને મારવા વગેરેમાં તે પાવરધી હતી.

દર વર્ષે કાળીચૌદશની આખી રાત જાગી તે માતાજીની સાધના કરતી. અને તેનાથી ગામના પાટીદાર વગેરે માણસોને ડરાવતી. તેથી આખા ચરોતર પ્રદેશમાં કડવી ડાકણ નામે તે પ્રસિદ્ધ હતી. આખી જિંદગી તેણે અનેક પાપકર્મ કર્યાં હતાં. વાંદરો વૃદ્ધ થાય છતાં ગુલાંટ ન ભૂલે તેમ આ કડવી કાકી વૃદ્ધ થઈ છતાં પાપકર્મ કરતા ડરતી નહીં. ઊડતા પંખીને પાડતી. તેનું ઘર ગામથી છેવાડે હતું. આંગણામાં મોટો ઉકરડો હતો. તેના માથે એક લાકડું ખોડ્યું. ત્યાં હાંડલાનો કાંઠો દોરાથી બાંધ્યો અને તે નિત્ય તેને ફર્યા કરતી. તેની માથે જે પંખી ઊડે અને તેનો પડછાયો કાંઠામાં બરાબર પડે તો તે પંખી આકાશમાંથી ગોથું ખાઈને નીચે પડતું. પછી તેને તે બાફીને ખાઈ જતી.

તેને બે દીકરા હતા. જ્યારથી જોબન પગી સત્સંગી થયા ત્યારથી તેમના દીકરાઓ પણ જોબન પગીની સાથે વર્તમાન ધરાવી સત્સંગી થયેલા. દીકરાઓ પૂજા-પાઠ કરે, તિલક ચાંદલો કરે, સત્સંગીની સેવા કરે તે આ ડોસીને જરાય ગમતું ન હતું. કેમ કે, બાર મહિને હજારો રૂપિયા લૂંટીને દીકરા લાવતા તે હવે બંધ થયા. તેથી કડવી કાકી અનેકવાર તેમના દીકરાઓને તથા મહારાજને પણ ગાળો દેતી હતી. એકવાર તેના દીકરાઓને કહે, ‘સત્સંગ છોડતા નથી. પરંતુ આ વખતે તારા સ્વામિનારાયણ અહીં વડતાલમાં આવે ત્યારે જોજે તેના કેવા હાલ કરું છું.’ એમ કહીને દીકરાઓને ડરાવતી.

તેવામાં એક સમયે શ્રીહરિ સમૈયો કરવા વડતાલ આવ્યા. રાત્રીએ જોબન પગીના ચોકમાં સભા કરીને વિરાજમાન થયા. સંતો વાજિંત્રો

વગાડી કીર્તનગાન કરતા હતા. હજારો માણસો મહારાજના મુખારવિંદ સામે બેઠા હતા. ત્યારે શ્રીહરિએ અંગો ઉપર ધારણ કરેલા જરિયાની વસ્ત્રો અને મુખારવિંદમાંથી તેજના અંબાર છૂટતા હતા. સહુ ભક્તો તેનો આનંદ માણતા હતા. તેવામાં અભિચાર મંત્ર જાણનારી આ જોબન પગીની કડવી કાકી સંતાતી સંતાતી ત્યાં સભામાં આવી.

મહારાજની પાછળ પાર્ષદો ઊભા હતા. તેની વાંસે આવીને ઊભી રહી. અને ત્યાં ઊભી રહીને મંત્રેલા અડદના દાણા મહારાજ ઉપર નાખવા લાગી. આમ ત્રણવાર મહારાજ ઉપર અડદની મૂઠ નાખી. પરંતુ શ્રીહરિને કોઈ અસર ન થઈ. મહારાજ અંતર્યામીપણે તેને જાણી ગયા અને બોલ્યા કે, 'માસી પૂતના જેવી આવી છે. તે અમને મારવા માટે અડદ નાખે છે. તેણે મંત્રેલા અડદથી અનેકને માર્યા છે. પણ તેનું કાંઈ ચાલશે નહિ. કેમ કે, અમે તો સર્વોપરી પરમેશ્વર છીએ. તેથી અમને કાંઈ થવાનું નથી. છતાં અડદ શા સારુ નાખતી હશે ?'

આમ જ્યાં શ્રીહરિ બોલ્યા ત્યાં એનું શરીર બળવા લાગ્યું, એટલે એ આગળ આવીને ઊભી રહી અને બોલી કે **'હે મહારાજ ! તમે તો ભગવાન છો અને હું તો બહુ પાપણી છું. મેં સત્યાવીશ માણસોને આ રીતે અભિચારથી મારેલા છે તથા મારા પાપનો પાર નથી. પણ હવે હું તમારે શરણે આવી છું. તે તમે મારું કલ્યાણ કરો.'** પછી મહારાજે તેને સમાધિ કરાવી અને જમપુરીનાં દુઃખ દેખાડ્યાં તથા ધામનાં સુખ પણ દેખાડ્યાં. જ્યારે સમાધિમાંથી તે જાગ્રત થઈ ત્યારે તરત જ પોક મૂકીને રડવા લાગી. અપરાધોની ક્ષમા માગી. તેથી મહારાજે તેને નિયમ ધરાવીને ભક્ત કરી. એનું કલ્યાણ કર્યું. ભાગવતમાં કહ્યું છે જે **'कं वा दयालुं शरणं व्रजेम।'** આવા દયાળુ ભગવાનનું શરણું છોડશું તો આપણો કોણ ઉદ્ધાર કરશે ?

✵ લહેરી આવ્યા આજ લહેરમાં :

દોહા : **આવી'તી જે મારવા, તેનેય તારનાર;**
પ્રગટ પ્રભુ મહાદયાળુ, સર્વોપરિ અવતાર...૧૫૯
આવા મળ્યા છે શ્રીહરિ, આપણને આ વાર;
જ્ઞાનજીવન ભાગ્યશાળી, આપણે છીએ અપાર...૧૬૦

વળી, નિષ્કુળાનંદસ્વામી ભક્તિનિધિમાં કહે છે,

આપ ઈચ્છાએ આવિયા, કરવા કોટિકોટિનાં કલ્યાણ;
દયા દિલમાં આણી દયાળે, તેનાં શું હું કરું વખાણ.
અઢળ ઢળ્યા અલબેલડો, કહું કસર ન રાખી કાંય;
કૈક જીવ કૃતાર્થ કીધા, મહાઘોર કળિની માંય.

જ્યારે તે કડવી કાકી સભામાંથી ગઈ ત્યારે મહારાજ કહે, ‘અમે તો પશુ પંખીનું કલ્યાણ કરીએ છીએ. અમારા યોગમાં આવેલા ખાખરા અને રાયણ જેવાં વૃક્ષનું તથા ભૂતનું પણ કલ્યાણ કરીએ છીએ. તો માણસનું કલ્યાણ કરીએ તેમાં શું કહેવું ?’ આ રીતે શ્રીહરિએ જોબન પગીની પિતરાઈ કડવી કાકીનાં પાપો છોડાવીને મહાન ભક્ત બનાવી મીઠી કરી તેનો ઉદ્ધાર કર્યો હતો.

લે'રી આવ્યા બહુ લે'રમાં, અતિ મે'ર કરી મે'રવાન;
દુઃખિયા જીવ સુખિયા કર્યા, વળી પાપી કર્યા પુણ્યવાન.
કોટ ઉઘાડ્યા કલ્યાણના, ભાગ્યના ખોલ્યા ભંડાર;
ભૂખ ભાંગી ભૂખ્યા જનની, જગે કર્યો જેજેકાર.
ડંકા દીધા જગે જીતના, શ્યામે સહુને ઉપર;
પ્રબળ પ્રતાપ જણાવિયો, દેશ ગામ ને ઘરોઘર.
બૃહદ રીત આ વિશ્વમાં, વરતાવી છે બહુવિધ;
ચાલી વાતો ચારે દેશમાં, પ્રભુપણાની પ્રસિદ્ધ.

સ્વામિનારાયણ સહુને, નક્કી લેવરાવ્યું નામ;
ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ.
એમ અનેક અભય કર્યા, પોતાતણે પરસંગ;
અખંડ ધામ તેને આપિયું, સહુ કરી શુદ્ધ અંગ.

આવા મહાદયાળુ સર્વાવતારી શ્રીહરિનો દૃઢ આશરો રાખવો અને એમની આજ્ઞામાં રહીને સતત તેમનું ભજન સ્મરણ કરવું. એમાં જ આપણું કલ્યાણ છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'કડવી કાકી મીઠી કાકી બની' એ નામે બાવનમો અધ્યાય થયો. ॥૫૨॥

અધ્યાય-૫૩

જોબન પગીના વહીવંચાના ચોપડાની હકીકત

હવે જે પ્રસંગ હું લખી રહ્યો છું તે જોબન પગીના ભક્તત્વનો અને સંપ્રદાયના ઈતિહાસનો અજોડ પુરાવો છે તથા સ્વામિનારાયણ ભગવાનના ભગવાનપણાને સમજાવે એવો અને અતિ પ્રમાણભૂત છે. વડતાલ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, લક્ષ્મીનારાયણ દેવ વગેરે દેવોની સ્થાપના થઈ. આચાર્યની સ્થાપના થયા બાદ એકવાર શ્રીહરિ વડતાલમાં હતા.

તે સમયે જોબન પગીએ ક્ષત્રિયોના બારોટને વડોદરાથી બોલાવી પોતાનું વૃત્તાંત બારોટના ચોપડે લખાવેલું. તે તેમના શબ્દોમાં જ વાંચવા જેવું છે. પ્રથમ તો તેમણે બારોટને તેડાવવા માટે પત્ર લખ્યો. આ પત્ર આપવા અને બારોટને તેડવા માટે ધોળા બળદ જોડેલું વેલડું વડતાલથી વડોદરા મોકલ્યું. પત્ર આ મુજબ છે.

જય શ્રીસ્વામિનારાયણ. ગામશ્રી વડોદરા મધ્યે શ્રીબારોટજી હેમંતસિંહજી તથા તેમના પુત્ર ગુમાનસિંહજી વગેરે ભાઈઓ તથા સકળ કુટુંબીઓ. વડતાલથી લિ.જોબનજી ભાયાજીના જે સ્વામિનારાયણ વાંચશો.

આપને કંકોત્રી પાઠવતા આનંદ મંગલ થાય છે. અમારે ત્યાં ભગવાન સહજાનંદજી પધારેલ છે. જેથી કરીને અમારી વંશાવલીમાં શ્રીહરિની આજ્ઞા થકી પરચા લખવા હોય (છે માટે) જરૂર પધારશો. ભગતમંડળી ને સગાં-વ્હાલાં તેડાવ્યાં છે, હરિભગતોને પણ કંકોત્રી લખી છે. માટે શ્રીહરિજીનો રાજીપો પામવા જરૂર જરૂર પધારશોજી.

આ કંકોત્રી વડોદરા પહોંચી, બારોટજીએ સમાચાર સાંભળ્યા. તેથી જોબનજીના વહીવંચા રાવ શ્રીહિંમતસિંહ રસાલા સાથે વડતાલ આવ્યા. જોડે તેમના દીકરા ગુમાનસિંહજીને લાવ્યા. છડીદાર અને બંદૂકધારી એમ બે ઘોડેસવાર, રામસંગ ને હલુભા હતા. સાંઢણીસવાર ખુમાણજી હતા અને રાંધનારા ગોપાલ ભટ્ટ હતા. ધોળા બળદો જોડેલ સીગરામ સહિત બારોટશ્રી આવ્યા. જોબનજી અને તેમના સર્વે ભાઈઓએ સામૈયું કર્યું. બારોટજીને ઉતારે લાવ્યા. થોડીવાર વિસામો કર્યો. બપોરે ચૂરમું જમ્યા. સાંજની સંધ્યા આરતી કરી.

પછી બારોટજીએ જોબન પગીને કહ્યું, મારે શ્રીહરિની ઝાંખી કરવી છે કહેતાં દર્શન કરવા છે. જોબન પગી કહે, 'શ્રીજીમહારાજ અહીં મોડા પધારશે. મારો વહાલો કાલે તમારા મનોરથ પૂર્ણ કરશે. તમતમારે વાળું કરીને પોઢો. આ મીઠાભાઈ રાતે તમારી ચાકરીમાં રહેશે.'

બીજે દિવસે એક પહોર જતાં શણગારેલા માંડવામાં બેઠકો બનાવી છે. ગાદી બિછાન કરી છે. ગામના બાઈઓ, ભાઈઓ, હરિભક્તો હકડેઠઠ છે. સહુ હરિભજનમાં મગન છે. તેવા સમયે મહારાજ પધાર્યા. કેવી રીતે ? તો જોબનજી, શંકરજી, સુંદરજી તથા દલોજી, તેમના કાકા હેમંતજી તથા પાટીદાર ભાઈજીભાઈ વગેરે શ્રીજીમહારાજ સાથે ઉત્સવ

કરતાં કરતાં જ્યાં જોબન પગીને ઘેર બેઠક કરી હતી ત્યાં પધાર્યા. ત્યારે ત્યાં હેમંતસિંહજી ને પુત્ર ગુમાનસિંહજી બેઠા હતા.

પછી જોબન પગી ચાંદીનો થાળ તથા લોટામાં કેસરજળ લાવ્યા. હિંમતસિંહજીએ કેસરજળથી મહારાજના પાય પખાળ્યા. તે વેળાએ બારોટજીએ શ્રીહરિની ચરણરેખાઓનાં દર્શન કર્યાં. તીર્થજળ આચમન કરી માથે ચઢાવ્યું અને આ સાક્ષાત્ પરમેશ્વર છે તેમ જાણ્યું. પછી જોબન પગી, તેમના બે દીકરા જગમાલજી તથા અગરસંગજી તથા રાવશ્રી હિંમતસિંહજી, બારોટ ગુમાનસિંહજીએ શ્રીજીમહારાજની અર્ચના કરી પૂજન કર્યું.

ત્યારે શ્રીહરિએ મરક મરક હસતાં રાવશ્રીને શિરપાવમાં ખેસ, દુપટ્ટો, શેલું ને પાનનું બીડું આપ્યું. ગુમાનસિંહજીને જરકશી સાફો ને પાનનું બીડું આપ્યું. **ને કહ્યું, 'તમો રાજવંશી છો, તમારો માન મરતબો સદાને માટે રહેશે. તમને જે માન દેશે તે સુખિયા થાશે. પણ તમો સત્સંગી રહેજો.'** આમ શ્રીહરિએ તેમને સત્સંગ રાખવા કહેલું. પછી જોબન પગીએ તથા તેમના બન્ને દીકરા જગમાલજી અને અમરસંગજીએ વંશાવળીના ચોપડાનું પૂજન કર્યું અને રાવશ્રીનું પૂજન કરી વૃત્તાંત લખાવ્યું.

(૧) તે બારવટું ખેડતા ને હીરા ભરવાડે સમાચાર કહ્યા કે યાકુબખાન પઠાણ અને અલ્લારખા મલેક ગાયોનું ધણ હાંકી ગયા વગેરે. (૨) ખંભાતથી આવતા વચમાં જાનના ગાડામાંથી ડોસો જીવણદાસ પડી ગયો'તો તે. (૩) બાકરોલમાં પોતાના મિત્ર બાથાજી મરાણા તે. (૪) ડભાણમાં ઘોડી ચોરવા ગયા તે. આનો વિસ્તાર આપણે પૂર્વે વાંચી ચૂક્યા છીએ. (૫) લક્ષ્મીનારાયણદેવનું મંદિર થયા બાદ શ્રીહરિએ સંપ્રદાય સંબંધી ધર્મોપદેશ કર્યો. શું..? તો જેમાં નિત્ય સત્સંગ કરવો; વેદ, ભાગવત્, પુરાણ, ભગવદ્ગીતાદિકનું જ્ઞાન મેળવવું; શિક્ષાપત્રી

પ્રમાણે આચરણ કરવું; સદાચારી થઈને રહેવું; માંસ, મદિરા ખાવું-પીવું નહીં; દેવમંદિરમાં નમસ્કાર કરવા; માળા કરવી; કોઈ જાતનું વ્યસન કરવું નહીં; દાન-ધર્મ કરતા રહેવું; ગુરુદ્રોહ ક્યારેય કરવો નહીં; ગાળ્યા વિના દૂધ તથા પાણી પીવું નહીં; સૂર્ય ઊગતા પહેલાં ઊઠી સ્નાન કરવું. સેવા, પૂજા ને તિલક કરીને જ બહાર નીકળવું; પોતપોતાના ધર્મનું પાલન કરવું; સત્સંગી થઈ સત્સંગનું જ્ઞાન મેળવવું; સદા ભક્તિપરાયણ રહેવું; વગેરે ધર્મોપદેશ આપ્યો.

વળી, (૬) ત્યારે દેવના ઘીના દિવા માટે ૧૨ વિઘાનું ખેતર આપ્યું. (૭) શ્રીજીમહારાજ પધારેલા તે મેડીવાળા ઘરમાં મેં સેવા-પૂજા રાખી છે. માટે મારા કુટુંબે આ મકાન વેચવું નહીં. ફાવે તેવી આપત્તિ આવે તોય કોઈ દીકરાએ આ મકાન વેચી દેવું નહીં. સાફસૂફી કરાવી કાયમ સેવા રાખવી. જો શ્રીજીમહારાજની સેવા કરશો તો તમે કોઈ નાગા, ભૂખ્યા રહેશો નહીં. આવાં આશિષ લખાવ્યાં. અને છેલ્લે (૮) શ્રીહરિનું જન્મથી આરંભી મંદિરો બંધાવ્યાં ત્યાં સુધીનું ટૂંકું વર્ણન લખાવ્યું છે.

આમ જોબન પગીએ શ્રીજીમહારાજ સમક્ષ સભાસમસ્ત તથા હરિભગત મંડળની હજૂરમાં બારોટશ્રી ગુમાનસિંહ, હિંમતસિંહજીને વડતાલ મધ્યે તેડાવી વૃત્તાંત તથા પેઢી પ્રકાશ લખાવ્યું. અંતે સહુએ શ્રીજીમહારાજનો જય જયકાર કર્યો. મહારાજે બધા ઉપર અમીદૃષ્ટિ કરી. પછી હિંમતસિંહજી, જોબન પગી તથા સાધુ સત્સંગીને શ્રીજીમહારાજ ભેટ્યા. ને મંડપમાંથી સાથે પ્રસ્થાન કર્યું કહેતાં ઉતારે આવ્યા. પછી સર્વએ સાથે મળી પ્રસાદ લીધો. આ હકિકત અમને ક્ષત્રિયોના બારોટ રાવ દીપસિંહ ફતેસિંહ તથા ભાનુસિંહ ફતેસિંહ - આ બંને વડોદરામાં રહેતા બારોટોએ વર્ષો જૂના ચોપડા ખોળીને ખૂબ લાગણીની ભાવનાથી આપી છે. તેમની પાસે ચોપડા છે તેમાં પૂર્વોક્ત લખાણ છે.

આ જ રીતે બીજા ઐતિહાસિક ઘટનાના બે લેખો પ્રાપ્ત થયા છે, તે વાંચીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીના વહીવંચાના ચોપડાની હકીકત કહી' એ નામે ત્રેપનમો અધ્યાય થયો. ॥૫૩॥

અધ્યાય-૫૪

પગીઓએ વડતાલમાં મંદિર તથા સંતોની રક્ષાનો શ્રીહરિને લખી આપેલો દસ્તાવેજ

સંવત્ ૧૮૮૩ના વર્ષે વૈશાખ સુદી બીજના દિને સ્વામીશ્રી સહજાનંદજી પ્રત્યે લખીતંગ ગામ વડતાલના પગી જોબન ભાયા તથા પગી માલા દીપા તથા પગી અજબાગેર સીંઘ તથા પગી વખતા વસતા તથા ભાઈ સમસ્ત તથા

ગામ **બામણોલિ પગી જગુ કાલા** તથા **પગી બાદર કશલા** તથા **પગી ઝાલ મહેમા** તથા **પગી ભાઈજી નાહાના** તથા **ભાઈ સમસ્ત**

ગામ **પીપલગ**ના **પગી ઝાલા વખતા** તથા **પગી વજા અજબાજી** તથા **પગી દેવકરણ જીતાભાઈ સમસ્ત** તથા

ગામ **આખડોલ**ના **પગી ઝાલમ વસતા** તથા **પગી ગલા દલા** તથા **પગી વાસજી પુજા** તથા **ભાઈ સમસ્ત** તથા

ગામ **સંજાયા**ના **પગી ઊજમ ગમાન** તથા **પગી અખા નાથા** તથા **પગી લેમજી ભવાન** તથા **પગી ભુરા ગોકળ** તથા **ભાઈ સમસ્ત** તથા

ગામ **વલોટવા**ના **પગી થોભણ માનસીંઘ** તથા **પગી બેચર ઘુસતા** તથા **ભાઈ સમસ્ત** તથા ગામ **પાલજ**ના **પગી હાથી હમિર** તથા **પગી દેતાર ઉમેદ** તથા **ભાઈ સમસ્ત** તથા

ગામ **કેરિયાવી**ના **બારીઆ** (બારૈયા) **ફુલજી અવલા** તથા **બારીઆ ઊમેદ નાગજી** તથા **કોટવાલ ઝાલજી વેણા** તથા **ભાઈ સમસ્ત**

બીજું તમોએ ગામ વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણનું મંદિર કરાવ્યું છે તેની સેવા અમો સમસ્ત ગામના પંચ થઈ કરશું તથા ચાકરી કરશું અમારા પુત્ર પુત્રાદિક જે કોઈ અમારા વંશમાં થાશે તે સર્વે લક્ષ્મીનારાયણ દેવની તથા મંદિરની સેવા કરશે. બીજું લક્ષ્મીનારાયણનાં દર્શને સંઘ આવે તેની અમો કોઈ સંઘના માણસની કોઈ ચોરી કરીએ નહીં, કોઈ પાસે કરાવીએ નહીં તથા અમારા વંશમાં જે થાશે તે લક્ષ્મીનારાયણના સંઘની ચોરી કરશે નહીં અને કરાવશે નહીં. સંઘની આવતા જાતા અમારી સામરથી પરમાણે અમો સર્વે બરદાશવલી (સારી રીતે સંભાળ) રાખીશું.

ઉપર લખ્યા પ્રમાણે અમો પાળીશું ને ઉપર લખ્યા પ્રમાણે ન પાળે ને ચોરી કરી લૂંટે, તેને અમો ધારાળા પંચ મળીને અમારી નાત બહાર કાઢીશું તથા અમારા વંશના હશે તેપણ તેને નાત બહાર કાઢશે. આ લખ્યા પ્રમાણે જે નહીં પાળે તેને અન્ન-વસ્ત્ર નહીં મળે. તથા આ પરથવી(પૃથ્વી)માં પાપ થાય તે તેને માથે છે. આ લખ્યા પરમાણે અમે રહીએ તો લક્ષ્મીનારાયણ દેવ અમને અન્ન-વસ્ત્રે કરીને સુખિયા રાખજો તથા અમારાં બાળ ગોપાળને સુખિયાં રાખજો.

આ અમો રાજી થઈને લખી આપ્યું છે. બીજું અમને અન્ન-વસ્ત્ર તથા રૂપૈયા મેલતમાંથી(મિલ્કતમાંથી) અમારી સામરથી પ્રમાણે વરશો વરશ લક્ષ્મીનારાયણને અરથે આપીશું એ ઉપર લખતની શાહી છે. સં.૧૮૮૩ વૈશાખ સુદ બીજના દિવસે આ દસ્તાવેજ લખેલ છે. (આ સિવાયના અન્ય નવ જણની તેઓના અક્ષરમાં સહીઓ છે પણ તે અક્ષર ઉકલતા નથી.)

✵ ચરોતરના ક્ષત્રિયોની નાતે કરેલો બંદોબસ્ત

સં.૧૮૮૪ના માગશર વદ બીજ ને બુધવારે ચરોતર પ્રાંતના તમામ ક્ષત્રિયોની નાતે ભેગા મળીને આ બંદોબસ્ત કરેલો છે. તે તમામ ક્ષત્રિયોને લાગુ પડે છે.

શ્રીલક્ષ્મીનારાયણની સેવાને અર્થે અમે પંચ સર્વે ધારાળાનું નાત સમસ્ત ચોબલાના(ચરોતરના) પંચ મળીને આજથી આપણી નાતે આવો બંદોબસ્ત કર્યો છે. હે મહારાજ ! હવેથી જે શ્રીલક્ષ્મીનારાયણનો સંઘ દર્શન કરવા સારુ આવે, જાય તેનું તથા મંદિર વગેરે ગામનું તથા રસ્તે તથા સીમમાં રાત વરતે (રહે તેને) તથા દિવસે કોઈ ચોરે તથા લૂંટે તો તે ચોર ઝાહર પડે (જાહેર થાય, પકડાય) તો તે ધરમનો ગુનેગાર ને તેહને હોકો તથા પાણી બાઅબવરાયે (આપવા નહીં) તથા દીકરી દેવી લેવી નહીં, એ રીતે નાત બહાર મૂકવો. તે માંહીં કોઈકની વગ રાખે ને લખ્યા પરમાણે ન ચાલે તો શ્રીલક્ષ્મીનારાયણનો ગુનેગાર છે. એ લખ્યું તે સર્વે પંચ મળીને રાજી રજાવન(ખુશી) થઈને લખ્યું છે, તે સહી છે. **સં.૧૮૮૪**ના માગશર વદ બીજને બુધવાર. (લખાવનારાની સહીઓ)

ગામ બામણોલીના : ૧ પગી ભાયસીંઘ ગુમાનજી સહી, ૧ પગી જગમાલ સરદારજી સહી, ૧ પગી દોલા ખનાભઈ સહી, ૧ કોટવાલ રાયજી ભીખા સહી, ૧ પગી બાદર તેજા સહી તથા પંચ સમસ્ત સહી.

ગામ પીપલાડુ (પીપલગ) : ૧ પગી ઝાલા વખતા સહી, ૧ પગી વજા અજબાજી સહી, ૧ પગી દેવકરણ જેતા સહી, ૧ પગી જાલમ નવલ સહી તથા પંચ સમસ્ત મળી સહી.

ગામ આખડોલના : ૧ પગી ગલા ડાલાની સહી, ૧ પગી જગતા વસતા સહી, ૧ પગી આધાર જીુસા સહી, ભાઈ સમસ્તની સહી

ગામ બામણોલી ઝાલા પગીની : ૧ પગી જાલુ કાલ સહી, ૧ પગી બાદર કશલા સહી, ૧ પગી નાહાના મુલજી સહી, ૧ પગી જાલમ હેમાની સહી, ગામ ભાઈ સમસ્ત સહી

ગામ સંજાઆના(સંજાયાના) : ૧ પગી અકા નાથાની સહી, ૧ પગી ઊજમ ગુમાન સહી, ભાઈ સમસ્ત સહી

ગામ વરતાલના : ૧ પગી જોબન ભાયાની સહી, ૧ પગી જાલા દીપાની સહી, ૧ પગી અજબાગર સીંઘ સહી, ભાઈ સમસ્ત સહી

ગામ દાવડાના : ૧ પગી અવલા કાલાની સહી, ૧ પગી મેરા ભુદર સહી, પગી જોમાભાઈ સહી, **ગામ ટુંડેલ**ના પગી **ગામ વલેટવા** તથા **ગામ કેરિયાવી** વગેરે સમસ્ત પંચ સહી લી.

પગી જગમાલ સરદારજી ઊપર લખી તે બાબત કજિયો-ટંટો થાય તો એને પંચ સર્વે ચોબલાવાલા(ચરોતરવાળા) ભોગવે પટેલ પ્રાગદાસ લાલદાસની શાખ.

આ લખાણ ૧૮૮૪ની સાલમાં કરીને આ લોકોએ શ્રીહરિને અર્પણ કર્યું હતું. અમે સહુ લક્ષ્મીનારાયણદેવની સેવા કરીશું તથા સંતોની તથા હરિભક્ત સંઘની રક્ષા કરીશું.

હે વ્હાલા ભક્તો ! આજે કહેતા આનંદ થાય છે કે, ‘સેંકડો વર્ષો ગયા છતાં આ પગી પરિવારના સભ્યો મંદિર તથા સાધુ સંતોની રક્ષા શિરસાટે કરતા આવ્યા છે. આ મંદિરને કાંઈપણ થાય તો પહેલા પગી પરિવારના શૂરવીર ભક્તો માથું આપે. એમનાં મસ્તક પહેલાં પડે પછી જ મંદિરને કોઈ અડી શકે. આવો સ્વામિનારાયણ ભગવાનનો તથા મંદિરનો શિરસાટે પક્ષ તેમના વંશ વારસામાં આજ દિવસ સુધી જોવા મળે છે. તે ખરેખર ભગવાનની મોટી કૃપા કહેવાય.

દુનિયામાં તો સહુને સગા-સંબંધીનો પક્ષ રહે અને તેની માટે સહુ તૂટી મરે છે. ત્યારે મંદિરનો, સાધુ-સંતોનો, હરિભક્તોનો તથા સત્સંગનો આવી રીતે પક્ષ રાખે તે સહુને માટે શીખવા જેવું છે. એક લુંટારામાંથી મહાન ભક્ત બન્યા. પછી ઈતિહાસમાં જે ક્રાંતિ સર્જાણી અને સમાજમાં જે અનોખું પરિવર્તન આવ્યું તે સ્વામિનારાયણ સંપ્રદાયનો અતિ અનુપમ ઈતિહાસ છે. જ્યારે જોબન પગી મહાન ભક્ત બન્યા ત્યારે તે સમયમાં આ વાત સર્વે ભક્તો-સંતો પરચા કરતાં પણ અધિક સમજતા.

એક ખુલાસો કરું છું : આ ઉપરોક્ત બંને લેખમાં **'ધારાળા પંચ'** આવો ઠરાવ કરે છે, એમ શબ્દ લખાયેલા છે. માટે આજે ક્યાંક ક્યાંક ધારાળા શબ્દો સાંપ્રદાયિક સાહિત્યમાં પ્રયોજાયેલા દેખાય છે. તથા ક્યાંક ક્યાંક વાતચિતમાં પણ સંતો-ભક્તો તે શબ્દ પ્રયોજે છે. તે ધારાળા શબ્દ ક્યાંથી, કેવી રીતે આવ્યો ? તે ખ્યાલ આવતો નથી. પરંતુ વૃદ્ધોનું એવુ કહેવું છે કે, આ પગી ક્ષત્રિય પરિવાર ધાર્યું કામ પાર પાડતા હોવાથી ધારાળાના નામથી પણ ઓળખાતા હતા. પરંતુ ધારાળા શબ્દનો અર્થ કોળી-કિરાત થતો નથી. તે જમાનામાં આ શબ્દ તો એ લોકોએ જ લેખમાં ધારાળા પંચ લખીને વાપરેલો છે. આજ આ શબ્દ અપ્રિય જણાય છે. અને એટલે જ મેં આની અંદર બને ત્યાં સુધી તે શબ્દપ્રયોગ કર્યો નથી. પરંતુ ધારાળા કહેવાતા હતા તે આ લેખ ઉપરથી સાબિત થાય છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'પગીઓએ શ્રીહરિને આપેલો દસ્તાવેજ તથા ચરોતરના ક્ષત્રિયોની નાતે કરેલો બંદોબસ્ત કહ્યો' એ નામે ચોપનમો અધ્યાય થયો. ॥૫૪॥

અધ્યાય-૫૫

જોબન પગીના નિયમની દઢતા

જોબન પગી જેવા શૂરવીર હતા, એવા જ મહાપ્રેમી ભક્ત હતા. જ્યારથી ભગત થયા ત્યારથી સેવા,પૂજા-પાઠનો પાકો નિયમ રાખતા. પૂજા કર્યા વિના ક્યારેય અન્ન જમતા નહીં. ભગવત્ સ્મરણ વિના વિતેલી પળ તેમને અતિ વસમી લાગતી હતી. એકપળ પણ વ્યર્થ જાય તો તેના મનમાં કાંઈક ગુમાવ્યું હોય એવું દુઃખ થતું. અખંડ ભજન, ભક્તિમાં તલ્લીન રહેતા. નિત્ય એક પહોર (ત્રણ કલાક) મહારાજનું ધ્યાન તથા પૂજા કરતા. નિયમ, નિશ્ચય અને પક્ષ શિરસાટે રાખતા. તેથી જ શ્રીહરિ સ્વધામમાં ગયા પછી પણ તેમને પ્રેમાધીન થઈ ઘણીવાર દર્શન આપતા, તેમની પૂજા સ્વીકારતા. નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું છે,

પૂર્વછાયો : **કરે સહાય હરિ કષ્ટમાં, નિજ સેવકની નરવીર;**
વસમી વેળાએ વાલમો, સુખ આપે શ્યામ સુધીર.
સુખકારી દુઃખહારી, ધારી ટેક એ ધૈર્યની;
દાસના અવિનાશ ત્રાસ, વિનાશન રીત ઘરની.

એકવાર જોબન પગી વ્યવહારિક કામે પેટલાદ ગયા હતા. કામ પતી જાશે એવી આશાથી પૂજા લઈ ગયા ન હતા. પરંતુ કામ પત્યું નહિ, તેથી ત્યાં રાત રોકાવું પડ્યું. પૂજા કર્યા વિના જમવું નહિ એવો તેમનો નિયમ હતો. તેથી ઉપવાસ કર્યો. ત્યાં કાર્ય પૂરું ન થતાં ત્યાંથી બીજે દિવસે બોચાસણ જવું પડ્યું. ત્યાં કાશીદાસભાઈને ઘેર ઉતારો કર્યો. તેથી કાશીદાસભાઈ બહુ રાજી થયા. તરત જમવા માટે રસોઈ બનાવી. અને અતિ પ્રેમથી જમવાનું કહ્યું.

ત્યારે જોબન પગી કહે, 'કાશીદાસભાઈ ! હું પૂજા ઘેર ભૂલી ગયો છું અને પૂજા કર્યા વિના અન્ન ન જમવું એવો મારો નિયમ છે.

માટે મને તાણ કરશો નહીં' એમ કહી ત્યાં ગામમાં કામકાજ હતું તે કરવા ગયા. ત્યાં સાંજ પડી ગઈ. ત્યાંથી કામ પતાવી વડતાલ જતા રસ્તામાં રાત્રી પડતા આણંદ પહોંચ્યા. ત્યાં પોતાના જ્ઞાતિજનોને ઘેર ઉતારો કર્યો. તે લોકોએ પણ જમવાનો ખૂબ આગ્રહ કર્યો. પણ નિયમ હોવાથી ન જમ્યા. અને ત્યાં રાત્રી રોકાણા.

અને ત્રીજે દિવસે સવારે નાહી ધોઈ ઘોડે સવાર થઈને નીકળ્યા બીજા પહોરમાં વડતાલની સીમમાં આવ્યા. તે વખતે તેમને અતિ ભૂખ લાગી. પેટમાં અતિશય લાય બળવા લાગી. શરીરના ગાત્ર શિથિલ થવા લાગ્યા. તેથી ઘોડા માથે બેઠા બેઠા ચક્કર આવવા લાગ્યા. પછી સુધ ન રહેતા મૂર્છાવશ થઈ ગયા. અને જેવા બેભાન થઈને ઘોડેથી નીચે પડતા હતા ત્યાં તત્કાળ મહારાજે પ્રગટ થઈને તેમને તેડી લીધા. ઘોડેથી નીચે ઉતારી રસ્તાની બાજુમાં ઝાડને છાંયે લઈ ગયા.

શ્રીજીમહારાજ આજ તેમના નિયમની દૃઢતા જોઈને અતિ પ્રસન્ન હતા. મારો ભક્ત જોબન પગી આજે મારી આ રીતની નવિન પરીક્ષામાં સંપૂર્ણ ઉત્તીર્ણ થયા છે. આજ હરિને હૈયામાં હેત સમાતું નથી. મનોમન મહારાજ ગણગણતા રહ્યા છે. 'હે જોબન ! તેં તો મનખો ધન્ય કર્યો. કોઈ વાતે જીવનમાં કચાશ રાખી નહીં. સેવામાં પણ નહીં. ભક્તિ કરવામાં નહીં. ધર્મ પાળવામાં નહીં. સમર્પણમાં નહીં. મારી મૂર્તિ ધારવામાં નહીં. બધી વાતમાં તમે પહેલા નંબરે રહ્યા છો. આજે મેં પૂજા કર્યા વગર જમી લો છો કે નહીં ? તે જોવા તમને ટલ્લે ચડાવ્યા હતા. પણ તમે તો મને ટલ્લે ચડાવી દીધો. તમે મૂર્છા ખાઈને ઘોડેથી પડવાનું મંજૂર રાખ્યું પણ નિયમમાંથી પડવાનું તો તમને ન જ રુચ્યું. વાહ જોબન પગી ! વાહ... મને આશા છે કે, તમારા જીવનમાંથી હજારો હરિભક્તો બોધપાઠ લેશે. નિષ્ઠા, ભક્તિ, ધર્માદિ ગુણો અવશ્ય શીખશે.' એમ મનોમન વિચારી બાથમાં

ઘાલીને ભેટ્યા. પછી ત્યાં ઝાડના છાંયે બેસાર્યા અને અતિ સ્નેહથી છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

અને તરત જ શ્રીહરિના સંકલ્પથી ત્યાં સુંદર મજાનો ફોરમદાર તાજી રસોઈથી ભરેલો થાળ પ્રગટ થયો. વ્હાલપ વરસાવતા વાલમાએ બહારવટિયામાંથી બદલાઈને પ્રગટને ઓળખી પ્રેમ-નેમમાં ડૂબેલા જોબનને મુખમાં કોળિયા દઈને પ્રેમથી જમાડ્યા. પછી શ્રીજીમહારાજ નેહ નીતરતા નેણે જોબન પગીને જોતા મુખમાં કોળીયા દેતા વાલપના વેણે બોલી ઊઠ્યા,

દોહા : **ધન્ય ધન્ય જોબન તમે, મારા ભગત અનન્ય;**
મારા સિવાયની વાસના, તમને નથી અન્ય...૧૬૧
ધન્ય નિયમની દઢતા, ધન્ય સત્સંગનો પક્ષ;
ધન્ય શ્રદ્ધા ને ભગતી, ધન્ય મૂર્તિનો લક્ષ...૧૬૨
સાંભળો પગી સ્નેહથી, જે રાખે તમ સમ ટેક;
મન જીતી મને ભજે, તે પામે સુખ અનેક...૧૬૩

'હે જોબન પગી ! હું તમને શાબાશી આપું છું. તમારી જેમ જે મને પ્રસન્ન કરવા માટે નિયમ રાખશે, મનને જીતીને ધર્મની દઢતા રાખશે, સ્નેહથી મને ભજશે તો હું તમારી જેમ જ એ સર્વના યોગક્ષેમનું વહન કરીશ. સર્વ રીતે સુખી કરીશ.'

ત્યારે જોબન પગી કહે, 'હે પ્યારા પ્રભુ ! બસ હવે આપ રાખો. હું મારે હાથે જમી લઈશ. આપ મારી સેવા કરો તે મને છાજતું નથી. ત્યારે શ્રીહરિ જમાડતા બંધ રહ્યા. અને જોબન પગી જમી રહ્યા ત્યાં સુધી તેમની પાસે સામુ જોઈને બેસી રહ્યા. ભોજન બાદ ઠંડા પાણીનો લોટો શ્રીહરિએ પ્રગટ કરી આપ્યો. જોબન પગીએ ચળુ કરી અને પાણી પી તૃપ્ત થઈ જ્યાં લોટો હેઠો મૂક્યો ત્યાં થાળ, લોટો ને શ્રીહરિ સહિત બધું જ અદૃશ્ય થઈ ગયું.

પછી જોબન પગી થોડીવાર તે ઝાડ નીચે ડીલ લંબાવી વિશ્રાંતિ લેતા લેતા પણ વાલમજીના વહાલસોયા પ્રેમમાં વમળે ચડી ગયા. પછી ઘોડે બેસી વડતાલ પોતાને ઘેર પહોંચ્યા. પરંતુ ઘેર પહોંચ્યા ત્યાં સુધી નેણે નેહના નીર વરસતા રહ્યા. ઘેર આવી પરમાત્માની આ દિવ્ય અનુભૂતિની વાતો આખા પરિવારને ભેળા કરીને ગળગળતા હૃદયે સંભળાવી. આ વાત સાંભળીને વખતબા, બીજા ભાઈઓ, બંને દીકરીઓ બધાયની આંખમાંથી ચોધાર આંસુડા વહી ગયા.

પછી તરત જોબન પગી વડતાલ મંદિરે પધાર્યા. ત્યાં લક્ષ્મીનારાયણ આદિ દેવોના દર્શન કર્યા. અને હરિકૃષ્ણ મહારાજ આગળ હાથ જોડી નિતરતા નેત્રે ગદ્‌ગદ કંઠે બહુવાર સુધી સ્તુતિ કરી. પછી હેતવાળા સંતોને પણ આ દિવ્ય સુખાનુભૂતિના સહભાગી બનાવ્યા. આનંદનો કોઈ પાર રહ્યો નહીં. સહુને એવી અનુભૂતિ થઈ કે,

પ્રગટ જ છે હજી હરિ, નથી ગયા નીજ ધામ;
ટેકિલા ભક્ત કારણે, હાજર છે ઘનશ્યામ...૧૬૪
નિયમ રાખી જે હરિ ભજે, તજે વિષય વિકાર;
તેની પાસે છે શ્રીહરિ, સદાય સાક્ષાત્કાર...૧૬૫

આવી રીતે જોબન પગીની દૃઢતા અને ભક્તિ જોઈને શ્રીહરિ તેમને અવારનવાર દર્શન દેતા હતા. હે વ્હાલા ભક્તો ! આપણે પણ તેમના જેવી નિષ્કામભક્તિ કરીશું અને આળસ પ્રમાદ મૂકી નિયમ દૃઢતાપૂર્વક પાળશું તો શ્રીહરિ આપણને પણ જરૂર દર્શન દેશે, આપણા પણ દોષો ટાળશે, આપણી પણ સર્વે વૃત્તિઓ ભગવાનના સ્વરૂપમાં વાળશે. કેમ જે, **'જે સાચી રાખે ટેક તે પામે લાભ અનેક.'** માટે નિયમ રાખી ભજન-ભક્તિ કરવા. પરંતુ આપણે કપાળમાં ટીલું અને નિયમમાં ઢીલું. આવું જીવન જીવશું તો ભગવાન રાજી નહીં થાય. જો આપણે સાધુ-હરિભક્તનો વેશ લીધો છે તો તે વેશને પૂરેપૂરો ભજવી જાણવો.

જુઓ જોબન પગીએ બહારવટું ખેડ્યું એ પણ એવું. ચોર રહ્યા તોપણ એવા અને જ્યારે તે બધું છોડ્યું તો પૂરેપૂરું છોડ્યું. અને સત્સંગી થયા તો પૂરેપૂરા થયા. સત્સંગીનો વેશ લીધો પછી એ જ રીતે ભજવી જાણ્યો. આપણે પણ ગળામાં કંઠી અને કપાળે તિલક, ચાંદલો કરીને દુનિયાને દેખાડ્યું છે કે, અમે સ્વામિનારાયણિયા છીએ તો હવે આપણી પાવન ફરજ થઈ ચૂકી છે કે, સ્વામિનારાયણ સંપ્રદાયની આપણે કારણે આબરુ વધે એવું આપણું જીવન હોવું જોઈએ. ખેર આબરુ વધારી ન શકીએ તો કાંઈ નહીં. પણ સત્સંગની આબરુ ઘટાડવાનો ફાળો તો ન જ નોંધાવીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીના નિયમની દૃઢતા કહી' એ નામે પંચાવનમો અધ્યાય થયો. ॥૫૫॥

અધ્યાય-૫૬

જોબન પગીનો અક્ષરવાસ તથા ઉપસંહાર

જોબન પગીનો જન્મ સં.૧૮૩૧માં થયો હતો. શ્રીજીમહારાજ કરતા પણ તે છ વર્ષ ઉંમરમાં મોટા હતા. ૧૫ વર્ષ તેમના બાળપણમાં વીત્યા. ત્યારબાદ સં.૧૮૪૬ થી ૧૮૬૬ આમ ૨૦ વર્ષ બહારવટિયું ખેડ્યું. સં.૧૮૫૬માં મહારાજ તેમને ઘેલા હનુમાનજીને મંદિરે વર્ણિવેશે મળ્યા હતા. આમ શ્રીહરિનાં દર્શન થયા બાદ પણ તેમણે દશ વર્ષ બહારવટિયું ખેડ્યું હતું. અને વળી મુક્તાનંદસ્વામીના હાથે તેમણે કંઠી પણ બાંધી હતી પણ પછી સં.૧૮૬૬માં ડભાણયજ્ઞમાં શ્રીહરિએ ઘોડીએ ઘોડીએ દર્શન આપ્યા ત્યારે સાચા સત્સંગી થયા. ત્યારથી આરંભી ૫૧ વર્ષ સુધી સત્સંગમાં રહ્યા. તેમાં ૨૦ વર્ષ સુધી શ્રીહરિની સાથે રહ્યા.

શ્રીહરિ ધામમાં ગયા પછી પણ તેઓ ૩૧ વર્ષ સુધી સત્સંગમાં રહ્યા. તેમાં તેમણે અનેક પ્રકારની સત્સંગની સેવાઓ કરી. શિરસાટે સત્સંગનો પક્ષ રાખ્યો. મન જીતીને નિયમ ધર્મ પાળ્યા. અખંડવૃત્તિ સિદ્ધ કરી. આવા અનેક સદ્‌ગુણોથી અસંખ્ય ભક્તોના આદર્શ બની ગયા.

સં.૧૯૧૭માં એક દિવસ જમવા માટે બેઠા. ત્યાં થાળીમાં શ્રીહરિની ચરણરજ ન દેખી. તેથી જે પીરસતા હતા તેમને તેનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે જવાબમાં કહ્યું કે, 'બાપા ! મહારાજની ચરણરજ ખૂટી ગઈ છે, તેથી મૂકી નથી.' ચરણરજ જ તેમનું જીવન હતું. જ્યારથી ગઢપુરમાં મહારાજે તેમને ચરણરજ આપી ત્યારથી આરંભી નિત્ય તેઓ પ્રથમ કોળિયો ચરણરજ સાથે જમતા. પછી તેઓ ભોજન કરતા. આવી જીવનદોરીરૂપ ચરણરજ ખૂટી ગઈ છે. એવા શબ્દો જ્યાં સાંભળ્યા ત્યાં જોબન પગી ઊંડા ઊતરી ગયા. અંતરવૃત્તિ થઈ ગઈ. મનમાં વિચાર થવા લાગ્યા કે, 'મહારાજે રાજી થઈ ગઢપુરમાં મને ચરણરજ આપી. તેને આજ એકત્રીશ એકત્રીશ વર્ષનાં વાણાં વાઈ ગયાં. હું તે ચરણરજને આધારે આજ સુધી આ લોકમાં જીવન ટકાવી શક્યો. આજ ચરણરજ ખૂટી તો હવે મારી આયુષ્ય પણ ખૂટે છે. એમ તેણે મનમાં નક્કી કર્યું.

દોહા : **હવે જમવું હરામ છે, હવે જીવવું હરામ;**
શ્રીજીની ચરણરજ વિના, આલોકે રે'વું નકામ...૧૬૬

છ્યાસી વર્ષની વયોવૃદ્ધ ઉંમરે થાળી ઉપર સ્થિર થઈને બેઠેલા તેમને જોઈને દીકરીઓએ કહ્યું, 'બાપા ! કેમ જમતા નથી ?' ત્યારે જોબન પગીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. તે આંસુ લૂછતા કહે, 'દીકરી ! આજ મહારાજની ચરણરજ ખૂટી એટલે મારી આયુષ્ય ખૂટી.' ઘરના સભ્યો કહે, 'શું બોલો છો બાપા..?' ત્યારે તે કહે, 'સાચું કહું છું. હવે મારા ગળા નીચે અનાજ નહિ ઊતરે. મહારાજ

મને કાલે ધામમાં તેડી જશે.' એમ કહી થાળી ઉપરથી ઊઠી ગયા અને સહુને ધીરજ આપી તત્કાળ મંદિરે આવ્યા. લક્ષ્મીનારાયણાદિક દેવનાં દર્શન કર્યા.

પછી વડતાલવિહારી પ્રગટ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી ખૂબ સ્તુતિ કરી તથા દિલથી પ્રાર્થના કરી, **'હે મહારાજ ! હવે મારે આલોકમાં રહેવું હરામ છે. માટે કૃપા કરી મને હવે આવતીકાલે જ આપ તેડવા પધારો. અક્ષરધામમાં આપની અખંડ સેવા આપો.'** તે જ વખતે ભક્તાધિન ભક્તપતિ શ્રીહરિએ તેમને આંતરિક સંકેત આપ્યો અને કહ્યું, 'આવતીકાલે દશ વાગે હું તમને તેડવા આવીશ. આપ તૈયાર રહેજો.'

પછી જોબન પગીએ મંદિરમાં સહુ સંતોને કહ્યું કે, 'કાલે મારા તરફથી દેવોને થાળ તથા સહુ સંતો-ભક્તોને માટે રસોઈ રાખજો. દેવોનો થાળ વહેલો કરજો. સહુ સંતો-ભક્તો પણ વહેલા જમી લેજો. કેમ કે, કાલે સવારે દશ વાગે વ્હાલા મહારાજ મને તેડવા આવશે. હું ધામમાં જઈશ.' એમ કહી ઘરે આવ્યા. આખા કુટુંબને ભેગું કર્યું. તેમને સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના રાખવાની તથા નિયમ ધર્મની દૃઢતા રાખવાની ભલામણ કરી અને કહ્યું, 'જો તમે સત્સંગ રાખશો, નિષ્ઠા રાખશો તો સ્વામિનારાયણ ભગવાન સદા તમારી સહાય કરશે.' એમ કહી પોતે મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી ગયા.

બીજે દિવસે જોબન પગીના કહેવા મુજબ મંદિરમાં સંતોએ વહેલી રસોઈ કરી. સહુએ મંદિરમાં દેવોને અને હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવ્યો. અને સંતો-હરિભક્તોની પંક્તિ કરી સહુને જમાડી દીધા. જમી લીધા બાદ અમુક સંતો-હરિભક્તો પણ વાત જાણતા હોવાથી તરત જ જોબન પગીને ઘેર પહોંચ્યા. સવારના દશ વાગ્યાનો સમય થયો. જોબન

પગી હાથમાં માળા રાખી, આંખો મીંચી મહારાજનું સ્મરણ કરતા હતા. સાચે જ તે દિવસે સવારે દશ વાગ્યે સાક્ષાત્ શ્રીજીમહારાજ જોબન પગીને અનેક મુક્તો-સંતો સાથે તેડવા પધાર્યા. તેઓ અચાનક ઝબકીને બોલ્યા, **'આ ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિ અનેક મુક્તમંડળ સહિત મહારાજ વિમાન લઈ મને તેડવા પધાર્યા છે. મારો નાથ મારી સામે જોઈ રહ્યા છે.'**

સહુ જોબન પગીની સામે હાથ જોડીને જોઈ રહ્યા હતા. કેમ કે, બધાને શ્રીજીમહારાજ અને સંતોના દર્શન થતાં ન હતા. પછી જોબન પગીએ પણ સમીપ રહેલા સર્વ સંતો-ભક્તોને કહ્યું, 'સહુ સત્સંગ રાખજો. સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ વિશ્વાસ અને અડગ નિશ્ચય રાખજો. અને ભગવાન શ્રીહરિની આજ્ઞામાં સાવધાનપણે વર્તીને તેમને સર્વોપરી જાણીને ધ્યાન, ભજન, ઉપાસના કર્યા કરજો. શ્રીજીમહારાજ તમારા સહુનું કલ્યાણ કરશે અને હવે હું અક્ષરધામમાં મહારાજની ચરણરજ લેવા માટે જાઉં છું. મહારાજનાં ચરણોમાં રહેવા માટે જાઉં છું. મારી પાછળ કોઈ રડશો નહીં.'

એમ કહી હાથ જોડી સહુને જય સ્વામિનારાયણ કહ્યા. એટલું બોલ્યા ત્યાં એમનું મસ્તક ઢોલિયા ઉપર ઢળી પડ્યું. આ રીતે સહુના દેખતા ૮૬ વર્ષની ઉંમરે જોબન પગીએ ભૌતિક દેહનો અને આ દુનિયાનો ત્યાગ કર્યો. દિવ્ય દેહ ધરી મહારાજની સાથે વિમાનમાં બેઠા અને અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા.

✵ આ આખ્યાનનો અંતિમ ઉપસંહાર :

જોબન તણા આખ્યાનથી, સમજાય છે ભગવાન;
કેવા દયાળુ શ્રીહરિ, અતિ અતિ સામર્થીવાન...૧૬૭
સાચું સમર્પણ પગીનું, કર્યો સાચો સત્સંગ;
અવળો સવળો થઈ ગયો, પછી ઉતર્યો નહિ રંગ...૧૬૮

એકવાર તેમણે જીવનમાંથી અવળાઈ અને દુરાચાર છોડ્યા. સદાચાર અને સવળા વિચારોને સ્વીકાર્યા પછી જિંદગીભર તે સારા ને સારા રહ્યા. ક્યારેય રંગ ઊતરવા દીધો નહીં. આપણે પણ...

આખ્યાન સુણી ઉમંગથી, લેજ્યો સવળો સાર;
પાળી ધર્મ હરિ ભજશું, પ્રભુ ઉતારશે પાર...૧૬૯

પગીએ પ્રગટ સંતને, મેળવ્યા પ્રગટ ભાવ;
પછી પ્રગટ હરિ સંતનો, એણે લીધો ન અભાવ...૧૭૦

શ્રદ્ધા ભક્તિ નિયમ એના, જબરું હતું સમર્પણ;
કુટુંબ સહિત સમૃદ્ધિ, કરી પ્રગટને અર્પણ...૧૭૧

દાસપણું ને પક્ષ એનો, ચરણરજ મહિમાંય;
માંગુ એના જેવા ગુણો, જ્ઞાન હું આખ્યાન ગાય...૧૭૨

સહુ ભક્તો પણ શીખજો, આવા ગુણો હરખાય;
તો જ આ આખ્યાનને, સાચું વાંચ્યું ગણાય...૧૭૩

રાજી કરવા શ્રીહરિ, સંતો ભક્તો મહાન;
ભાવે સંગ્રહી ગાયું છે, પગી જોબનનું આખ્યાન...૧૭૪

પ્રગટ મારો વાલમો, પ્રગટ ભક્તો ને સંત;
જ્ઞાન માગે હાથ જોડી, રાજી થાજો અત્યંત...૧૭૫

આ જોબન પગીના આખ્યાનમાંથી એ પણ શીખવા જેવું છે કે, 'તેઓ આજીવન સત્સંગને સમર્પિત થઈને રહ્યા. સદા દાસના દાસ થઈને રહ્યા. વચ.ગ.મ.૬૨ મુજબ કુળ, કુટુંબ સહિત બધું જ ભગવાનને અર્થે અર્પણ કરી રાખ્યું હતું. વળી, એમનો શિરસાટેનો પક્ષ અને ચરણરજના મહિમાનો જગમાં જોટો જડવો અશક્ય છે. આપણે પણ આવા તમામ સદ્‌ગુણો શીખવા તો જ સાચા અર્થમાં આ આખ્યાન આપણે વાંચ્યું, વિચાર્યું ગણાય. માટે...

વિચારીને વાંચજો, ને તેનો લેજો સાર;
સાર પ્રમાણે વર્તશો તો, સહેજે ઉતરશો પાર...૧૭૬

સંવત બે હજાર ને, ઓગણસિતેર સાલ;
જેઠ વદ સોમવતી છે, અમાસનો દિ' હાલ...૧૭૭

ઈસવિસન બે હજાર ને, તેરની સાલ આજ;
તારીખ આઠ જુલાઈ છે, સોમવાર સુખસાજ...૧૭૮

તે'દિ પ્રકરણ પૂરું થયું, ઉતાવળી નદિ તીર;
કુંડળધામે વાસ વસી, લખી કથા સુધીર...૧૭૯

રાજી થજો હે વાલમા, સંતો તથા હરિજન;
રાજીપાનો ભુખ્યો છું, એ માગે જ્ઞાનજીવન...૧૮૦

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે ભક્તરાજ જોબન પગીના આખ્યાનમાં 'જોબન પગીનો અક્ષરવાસ તથા ઉપસંહાર કહ્યો' એ નામે છપ્પનમો અધ્યાય થયો. ॥૫૬॥

ઈતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી કુંડળધામ લિખિત
શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન ગ્રંથ મધ્યે
ભક્તરાજ શ્રીજોબન પગીનું આખ્યાન કહ્યું
એ નામે પ્રથમ પ્રકરણ સમાપ્ત ॥૧॥

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

રૂડિયા રખડુંનું આખ્યાન

પ્રકરણ-૨

અધ્યાય-૧
મંગલાચરણ તથા પૂર્વભૂમિકા

દોહા : સર્વોપરી છે શ્રીહરિ, સર્વોપરી તદ્સંત;
બહુ જીવને ભેટાડિયા, રાજી થઈ ભગવંત...૦૧

હરિ હરિજન સંગે બહુ, જીવ ઉત્તર્યા પાર;
વાત રૂડિયા રખડુંની, સાંભળજો નરનાર...૦૨

અક્ષરધામ ધામી પોતે, શ્રીસ્વામિનારાયણ;
ધરતી ઉપર પધારિયા, બહુનાં સુધાર્યાં મરણ...૦૩

પાંચસો પરમહંસોએ, બહુના કર્યા કલ્યાણ;
એમાંથી રૂડિયા રખડુંનું, કહું એક આખ્યાન...૦૪

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને તથા તેમના પરમહંસોએ અવનિ ઉપર આવી અનેક જીવનો ઉદ્ધાર કર્યો છે. કળિયુગના વિષમ કાળમાં પણ અનેકને મહાશાંતિનો અનુભવ કરાવ્યો છે. કોઈથી ભૂલ થઈ હોય તો દંડ આપીને કે પ્રાયશ્ચિત કરાવીને પણ તેને પ્રેમ વડે પાવન કર્યા છે.

આવા શ્રીહરિને પામવું અને તેમની મૂર્તિમાં જામવું; એ આપણો ધ્યેય છે. **ક્રિયા અનેક છે પરંતુ આશય એક છે. અખંડ મહારાજનું ધ્યાન ધરવું છે. કોઈ પણ ભોગે મહારાજને પામવા છે. મૂર્તિમાળે વિરામ લેવો છે. કેમ જે, તે સિવાય શાશ્વત શાંતિ મળવી અશક્ય છે.**

વિકારી આ જગતમાંથી જીવને ક્યારેય સાચા અર્થમાં સુખ, શાંતિ અને સ્થિરતા મળવાના નથી. જ્યાં સુધી પીંડ-બ્રહ્માંડ સાથે અહં અને મમતારૂપી માયાથી જીવ વળગેલો રહેશે ત્યાં સુધી વાસના અને વિકારથી ઘેરાયેલો રહેશે. ભક્ત હશે તોપણ દેહરૂપ હશે તો વિકારનો શિકાર બનશે. જ્યારે તેને શ્રીહરિનું સ્વરૂપ સમજાશે ત્યારે તેની વૃત્તિઓ જડ દેહમાંથી તૂટશે અને મૂર્તિમાં લાગશે. પછી તેને અખંડ આનંદ આવશે, મૂર્તિમાળે વિરામ થશે.

કરોડો બ્રહ્માંડમાં સર્વાવતારી શ્રીહરિની ઈચ્છા વિના કોઈથી પાંદડું પણ હલી શકે તેમ નથી. મહારાજ જ સર્વનું કારણ, સર્વના આત્મા છે. સર્વે દેવો તથા ઈશ્વરોને ઐશ્વર્યના દાતા છે. તે સહુ શ્રીહરિને આધીન છે. આમ જ્યારે મહારાજનું કર્તૃત્વ સમજાય ત્યારે પરમાત્માને વિશે અતિશય પ્રેમ થાય છે. અને જ્યારે અતિશય પ્રેમ થાય છે ત્યારે ભગવાનમાં અખંડ વૃત્તિ લાગે છે. આપણે એ કામ કરવા માટે જ જન્મ લીધો છે. ભગવાનની ચરિત્રામૃત કથા તથા ભગવાનના સંબંધમાં આવેલા સંત યા તો ભક્તજનની ભગવાનને પામ્યા સંબંધી અદ્‌ભુત કથાઓ આપણને પરમાત્માનું કર્તૃત્વ, પ્રકાશકત્વ, આધારત્વ આદિ મહિમા સંબંધી બળ પ્રેરે છે. એટલા માટે રૂડિયા રખડુંનું આખ્યાન લખું છું.

અખંડ મૂર્તિ ધારીને ફરનારા મહાસંત એટલે બ્રહ્માનંદસ્વામી. સ્વામી દ્વારા જોબન પગીના મિત્ર મહા પાપી રાઠોડ રૂડિયા રખડુંનો ઉદ્ધાર થયો. તે વાત સહુને માટે સમજવા જેવી અનુપમ છે.

સં.૧૮૮૦-૮૧ના વર્ષમાં વડતાલમાં મંદિર બંધાતું હતું. આ મંદિરનો તમામ કારભાર શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને સોંપ્યો હતો. સ્વામી તે કારભાર સંભાળતા, તે સમયે કોઈ વાર આર્થિક જરૂરિયાત ઊભી થાય તો સ્વામી જોબન પગીને સાથે લઈ આજુ બાજુના પ્રાંતના ગામડાઓમાં ફાળો કરવા જતા અને લોકો ઉદારભાવે ખૂબ જ ધન, ધાન્ય આદિ આપતા હતા. કેમ કે, સ્વામી ચરોતર પ્રાંતમાં અનેક લોકોના શાંતિના કેન્દ્રસમું ભગવાનનું ધામ બંધાવતા હતા અને આ પ્રાંતની પ્રજામાં ભગવાન અને ભગવાનના સંતો પ્રત્યે શુદ્ધ ભાવ હતો અને ભગવાનને અર્થે વાપરવું તેમાં તેઓ ગૌરવ માનતા. એવા એ સંસ્કારી હતા.

આ મુજબ એકવાર બ્રહ્માનંદસ્વામી, બે સંતો, પાર્ષદ વજાભગત તથા જોબન પગીને સાથે લઈને આજુબાજુના ગામડામાં ટેલ નાખવા માટે ગયા. લોકોને કહ્યું, 'સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી હું અહીં વડતાલમાં કલ્યાણના સદાવ્રતસમું મંદિર બાંધું છું. તમારાથી જેટલી થઈ શકે એટલી સેવા કરો. આ ધર્મનું કામ છે. આમાં તમે થોડું આપશો તોપણ ભગવાન તમને અનંતગણું પાછું આપશે.' સ્વામીના એક અવાજે લોકોએ ખૂબ યોગદાન આપ્યું.

પછી સ્વામી સંતો તથા જોબન પગીની સાથે પાછા વડતાલ તરફ વળ્યા. રસ્તામાં ઘણાં સ્થળે ઊંચી ટેકરીઓ જોવામાં આવી. ઘાટી ઝાડી અને નદીની કોતરો વગેરે સ્થળે ઝાડના થડિયે મોટા પથરા કે પાળિયા હોય; તેના ઉપર સિંદૂરના મોટા ત્રિશૂળો કરી ધજાઓ રોપેલી તથા આજુબાજુ નાળિયેરના કાચલા વગેરે જોવામાં આવ્યા. તેથી બ્રહ્માનંદસ્વામીએ જોબન પગીને પૂછ્યું, 'આ પ્રદેશમાં ઘણાં સ્થળે ત્રિશૂળ, ધજા વગેરે જોવામાં આવે છે. તે શું અહીં આટલા બધા દેવોનાં સ્થાનક છે ? કે અઘોરી બાવાનાં સ્થાનક છે ? આવી ભયંકર જગ્યામાં આટલાં બધાં દેવ સ્થાનો કોણે કર્યા ?' આમ સ્વામીએ આશ્ચર્ય સાથે પૂછ્યું ત્યારે,

સ્વામીની સામું જોઈને, જોડ્યા પગીએ હાથ;
હસતા હસતા બોલિયા, તમે સુણો સ્વામીનાથ...૦૫
નથી સ્થાનક એ દેવના, નથી પાળિયા પીર;
ચાડીકાની જગ્યાઓ છે, નથી દેવ કે વીર...૦૬

સ્વામી કહે, 'જોબનભાઈ ! ચાડીકાની જગ્યામાં હું કાંઈ સમજ્યો નહીં.' ત્યારે તે કહે, 'સ્વામી ! ચાડીકાની જગ્યા એટલે અમારા જેવા ચોર-લુટારાનાં બેસણાનાં સ્થાનકો. ચરોતરમાં આવી ૬૪ જોગણીના નામે ૬૪ જગ્યાઓ છે. તેને અમે ચાડીકાની જગ્યાઓ કહીએ છીએ. જ્યાં જ્યાં આવી જગ્યાઓ હોય તેથી થોડે દૂર અમારા જંગલી ભીલોના રહેઠાણ હોય. અમે જ્યારે આ ચાડીકાની જગ્યા ઉપર જઈ લાળી કરીએ કહેતાં શિયાળિયાના જેવા અવાજમાં સાંકેતિક શબ્દ કરીએ એટલે તમામ ભીલો સમજે કે અમને જોબનબાપા બોલાવે છે. તેથી સહુ આવીને ભેગા થાય.'

સ્વામી કહે, 'તમામ ભીલોને ભેગા કરી તમે શું કરો ?' ત્યારે જોબન પગી નિખાલસપણે કહે, 'સ્વામી ! અમારે કઈ તરફ લૂંટ કરવા જાવાનું ? કોને કોને જાવાનું ? કોણ કોણ તેની સાથે જશે ? આ બધા જ નિર્ણયો પછી મારી હાજરીમાં નક્કી થાય. આમ દેવીને આગળ રાખી અમે આવાં નબળાં કાર્યોના નિર્ણયો અહીં લેતા હતા. વળી, ભીલો લૂંટફાટ કરીને માલ લાવે તે અમે અમુક જગ્યાએ દાટેલો હોય, આ માલની જ્યારે સહુને મહેનત પ્રમાણે વહેંચણી કરવાની હોય ત્યારે અમે ઝાડ ઉપર ચઢી લૂગડું ફરકાવીએ. તેથી તમામ આગેવાન ભીલો ભેગા થાય. પછી ડાયરામાં ભેગા મળી અફીણ, દારૂ પીએ. શિકારમાં આવેલું માંસ રાંધીને ખાઈએ. આવા અમારા ૬૪ બેસણાં હતાં. માટે આ કોઈ દેવ, દેવી કે પીરનાં સ્થાનક નથી. પરંતુ બીજા માણસો સિંદૂરના ત્રિશૂલ, ધજા જોઈ, દેવસ્થાન માની દૂર રહે.

વળી, હું દર વર્ષે આ સ્થાનકોમાં પાંચ શેર સિંદૂર ને એક તાકો ધજા ચડાવતો હતો. મારું આ કામ મારો વિશ્વાસુ સાથીદાર રૂડિયો રખડુ કરતો હતો. મારી લૂંટ ચરોતરથી વડોદરા, પુનાથી પંઢરપુર, સુરતથી ઉત્તર ગુજરાતમાં ગોધરા, લુણાવાડમાં બનાસકાંઠા, કાઠિયાવાડમાં દ્વારિકા સુધી અને સાબરકાંઠો, મહીકાંઠો વગેરે તમામ દેશોમાં ચાલતી. ત્યાં મારા અનેક મદદગાર સાથીદારો રહેતા હતા.

બાહોશ બાતમીદારો, સાગરીતો બાવન;
મને મદદ કરતા હતા, રહેતા હતા તે વન....૦૭

મારા કુલ બાવન શૂરવીર સાગરીતો હતા. આ બાવન વીર સમાન બળિયા હતા. તે બધાની પોતપોતાની એક એક લૂટારું ભીલોની ટૂકડી હતી. આ ટોળીને સાથે લઈ તેઓ લૂંટ કરવા જતા અને એનો અમુક હિસ્સો મને પહોંચાડતા હતા. કેમ જે, આ બધા મારા નામે લૂટ કરતા હતા. આ તમામ વીરોને રૂપાના પતરાથી મઢેલું એક ત્રિશૂલ મેં આપેલું હતું. આ ત્રિશૂળના ત્રણેય પાંખડામાં **'જોબન ભાયા વડતાલો'** એવું નામ લખેલું હતું. વળી, અમે અમુક સારાં કામ પણ કરતા હતા. કોઈ આવીને મને કહે, 'જોબનબાપા દીકરો પરણાવવો છે. પરંતુ જાન લૂંટાવાનો ભય છે. માટે મદદ કરો તો સારું.' ત્યારે આ મારા નામનું ત્રિશૂળ હાથમાં લઈને મારા માણસ જાનમાં આગળ ચાલે તો પછી તેને કોઈ લૂંટતા નહીં. વળી, આ ત્રિશૂળ રાખી કોઈ શેઠ-શાહુકારને ઘેર ચોકીદાર તરીકે રહે તો તેને પણ કોઈ ચોર, ડાકુ લૂંટતા નહીં અને મારા નામનું ત્રિશૂળ હોય છતાં જો કોઈ ત્યાં લૂંટ કરે તો એ માણસોને પછી થોડા દિવસમાં હું મારી નંખાવતો. આવી મારી હાંક વાગતી હતી. મારું નામ સાંભળે એટલે કોઈ ચોરી કરતા નહીં.

વડોદરા મહિકાંઠાના ગામોમાં અનઘટ અને કાનવાડી વિસ્તારમાં મારા સો બસો ભીલો રહેતા. તેમાં ૧૨ મોટા સરદારો હતા. તે સહુનો

અગ્રેસર **કાનો કારસ્તાની** હતો. ઓખા મંડળ તથા દ્વારિકા વિસ્તારમાં વસઈ ગામે **ભોજો ભરાડી** હતો. તે બહુ અક્કલવાળો અને ચોરી કરવામાં પાવરધો હતો તથા અતિ બાહોશ અને મારો વિશ્વાસુ હતો. તેની ચોરી કરવાની રીત સહુથી જુદી હતી. કાઠિયાવાડનો તે મારો મોટો બાતમીદાર હતો. ઓખા મંડળ અને અમરેલી, એ બે વિસ્તારની ગાયકવાડ સરકારની તિજોરી લૂંટી તેમાં તેનો જબરો સાથ હતો. પ્રભાસ પાટણમાં **સોમો સોરઠિયો**, ઝાલાવાડ પ્રાંતમાં લીંમડી નજીક પાણીશીણા ગામે **કાળો કામળિયો,** ગોહિલવાડમાં **ગેમો ગારડી,** લુણાવાડ વિસ્તારમાં **ઉકો ઉઠાણો,** સાંબર કાંઠા વિસ્તારમાં વડગામમાં **લાખો વડગામો.**

આવા મારા વફાદાર વિશ્વાસુ કુલ બાવન બાતમીદારો હતા. તે બધા સુબા સમાન હતા. લુટારાની ટોળીઓના તે રાજા હતા. કોઈ ચોથો, કોઈ પાંચમો, કોઈ આઠમો તો કોઈ દસમો ભાગ આ સહુ મને આપતા હતા. મોટો ખજાનો કે રાજાની તિજોરી તોડે તેનો તમામ ધન-માલ પ્રથમ મને આપતા. હું તેને સાચવતો. તેની મુદત પાકે એટલે કે રાજ તરફથી થતી ચોરીની તપાસ મોળી પડે પછી હું આ ચાડીકાના સ્થાનકે જઈ રૂડિયા રખડુ પાસે સાંકેતિક શબ્દ કરાવું તેથી સહુ ભેગા થતા. પછી મહેનત પ્રમાણે સહુને ઘણું વળતર આપતો હતો. બીજો માલ વડતાલ ઊંટિયા ઉપર નાખી મારા ઘેર પહોંચાડતો. સ્વામી ! હવે તો હું ભગત થયો પરંતુ પહેલા આ મારા કરેલા પરાક્રમની ઓળખાણ તમને કહી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે રૂડિયા રખડુના આખ્યાનમાં 'મંગલાચરણ તથા પૂર્વભૂમિકા કહી' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨
રૂડિયા રખડુંનું જીવન તથા પરાક્રમ

દોહા : જોબનપગી કે સાંભળો, તમે સ્વામી બ્રહ્માનંદ;
વાત કરું હું રૂડિયાની, થાશે ઘણો આનંદ...૦૮
રે'તો તે વડતાલમાં, સદાય મારી પાસ;
મારો વફાદાર હતો, તેમાં મને વિશ્વાસ...૦૯
રૂડિયા રખડું નામનો, જંગલી ભારે ભીલ;
એકલ બ્રહ્મચારી હતો, અતિ કાળુ એનું ડીલ...૧૦
હતી વાચા રૂડિયાને, એથી જ જન કે'વાય;
તેમાં ને જાનવરમાં, ફેર ન જાણો જરાય...૧૧

વળી, આગળ વાત કરતા જોબન પગી કહે, 'હે સ્વામી ! તે હનુમાનજીનો મહા ભક્ત હતો. રૂડિયાનું પહાડી શરીર હતું. તે કેડે કસોટો વાળતો, હંમેશાં ઉઘાડે માથે, ઉઘાડે પગે અને ઉઘાડા શરીરે જ રહેતો. ખંભામાં તીર-કામઠું ત્રણેય ઋતુમાં રાખતો અને રાત દિ' જંગલમાં રખડ્યા કરતો. તેથી તેનું નામ મેં રૂડિયો રખડું રાખેલું. ગામમાં મારે ઘેર જમવા કે સમાચાર દેવા આવે ત્યારે કમર ઉપર કસોટો વાળે, ટૂંકી બંડી પહેરે અને માથે દોરડા જેવી પાઘ બાંધે. ગામ બહાર જાય એટલે તરત પાઘડી તથા બંડીને ગમે ત્યાં સંતાડી દે. ચરોતરના ઝાડે ઝાડ, નદી-નાળા, ઊંડા કોતરો, ગુપ્ત ભોંયરાઓ અને પાણે પાણાનો તે ભોમિયો હતો. ક્યાં કયો પાણો કેવી રીતે પડ્યો છે ? તેની તેને ખબર હોય.

વળી, પગ પારખવામાં ભારે ચાલાક હતો. આજે જેમ અમુક પોલીસ અધિકારીઓ કૂતરા દ્વારા ચોરીની તપાસ કરે છે તેમ તે જમાનામાં પગેરું કાઢીને કોણ લોકો ચોરી ગયા છે ? તેની તપાસ

કરતા. આ કાર્યમાં રૂડિયો રખડું ભારે હોશિયાર હતો. તેનું કાઢેલું પગેરું ખોટું પડતું નહીં. રાત દિવસ જંગલમાં રખડે. અંધારામાં ગમે ત્યાં દોડ્યો જાય છતાં તેને કાંટા કે પાણા વાગતા નહીં. બપોરે તથા રાત્રે આમ બે વખત મારે ઘેર ખાવા માટે આવતો. જ્યારે આવે ત્યારે શિકાર કરી અમારા બધા માટે માંસનો હમાચો ભરીને લાવતો. હમાચો એટલે હરણિયાને મારી તેનું ચામડું સૂકવી તેમાંથી બનાવેલો મજબૂત કોથળો-થેલો. આ માંસ રંધાતું અને ડાયરામાં અમે સહુ ભેળા મળીને ખાતા. આવાં કામ રૂડિયો કરતો.'

સ્વામી કહે, 'જોબન પગી શું બોલો છો ?' તે કહે, 'સાવ સાચી વાત તમને કહું છું. વળી, મારા બાવન બાતમીદારો તેને જંગલમાં મળે એટલે તેના જે સમાચાર હોય તે રૂડિયો મને આપતો. અને હું જે હકીકત કહું તે રૂડિયો મારા બાતમીદારોને પહોંચાડતો. તે એકલવ્ય જેવો શબ્દવેધી હતો. રાત્રે અંધારામાં અવાજની દિશા તરફ નિશાન તાકી તીર છોડે એટલે તેનો ઘા ક્યારેય નિષ્ફળ જતો નહીં. ભારે નિશાનબાજ હતો. જિંદગીભર તેણે પગમાં પગરખું પહેર્યું ન હતું. તેના પગના તળિયાં ઘોના ચામડાં જેવાં જાડાં હતાં. પગ પડે તો કાંટો ભાંગી જાય પણ તેને કાંઈ ન થાય, એવા મજબૂત હતા. રાત્રે સૂવે ત્યારે હરણનિદ્રા કરતો. સહેજ ખખડાટ થાય તો તરત ઝબકીને જાગી જાય. વળી, દોડતા કાંઈક વાગે તો જંગલી ઝાડની દવા પોતાની મેળે કરી લેતો. વનઔષધિઓની દવાઓનો તે જાણકાર હતો. તેથી અન્ય દવા ક્યારેય કરતો નહીં. જબરો વ્યસની હતો તેથી તેની આંખો હંમેશાં લાલઘૂમ રહેતી. અખંડ દારૂ અને ગાંજાના નશામાં ઘૂમ્યા કરતો.

આંખ્યું લાલઘૂમ સદા, કરતો ખૂબ શિકાર;
દારૂ અફીણ ને ગાંજો, ભાંગનો અતિ પીનાર...૧૨

માર્યા લાખુ જાનવરો, પંખીડા માર્યા ઠાર;
માર્યા અનેક માણસો, એવો પાપ સરદાર...૧૩

આ રૂડિયો મારા નામથી સર્વત્ર લૂટ કરતો. પછી તો મારી સર્વત્ર હાંક વાગવા લાગી. મને જીવતો પકડવા ગાયકવાડ સરકારે અડધા લાખનું ઈનામ જાહેર કર્યું. માથું લાવી આપે તો પચ્ચીસ હજારનું ઈનામ આપવાનું કહ્યું. અમુક પલટણોના પોલીસ, અમલદાર મને પકડવા ઘણો સમય પાછળ ફર્યા. પણ વડતાલના ઝાપામાં આવી શકતા નહીં. તે વડતાલની સીમમાં પ્રવેશ કરે કે તરત રૂડિયો જંગલમાં ઘાટી ઝાડી માથે સંતાઈને બેઠો હોય ત્યાંથી તેના ઉપર ઓચિંતા નિશાન તાકી તીર મારે. પહેલા તીરે અધિકારીઓનો નાશ કરે.

આમ રૂડિયાએ તથા મારી લુટારું ટોળિયોએ અનેક અધિકારીઓનો નાશ કર્યો હતો. ઘણાને ઓચિંતા તે છાવણીમાં છાપો મારીને તે અધિકારીઓને મારી નાખેલા અથવા તો રાત્રે તે સહુ નશો કરીને સૂતા હોય ત્યાં તેની આખી છાવણીને સળગાવી દેતા. આ રીતે સેંકડો જમાદારો, પચાસ ફોજદારો, અનેક સૂબેદારો તથા એક સુપ્રીટેન્ડેન્ટ ધાડગેનો રૂડિયે તથા મારી લુટારું ટોળીએ નાશ કર્યો હતો. તેથી કોઈ માયનો બેટો ઈનામ મેળવવા ફોજમાંથી પછી તૈયાર થયો ન હતો. આમ હે સ્વામી..!!

ગાયકવાડ તણા સૂબા, નામ સુણી સંતાય;
ફોજું તો પાછી ફરે, ભાળતા જાય ભરખાય...૧૪
ગાયકવાડ સરકારને, મનમાં થયો વિચાર;
કેવો હશે જોબનપગી, કરવા છે દીદાર...૧૫

પછી સરકારે એકવાર મને ગોતવા માટે જાહેરનામું બહાર પાડ્યું. કે ‘જોબન પગી પાઘ ઉતારી મારે પગે પડે તો તેના તમામ ગુના હું માફ

કરીને મારી પલટનના ઉપરી અધિકારી બનાવીશ. મને આ સમાચાર મળ્યા. પછી મેં વિચાર કર્યો કે મોટો રાજા કદાચ મને લલચાવી માફી ન આપે અને જેલમાં નાંખે તો મારો મનખો હરામ થઈ જાય. તેથી તો મરવું સારું.' એમ જાણી હું તેની લાલચમાં ન ફસાણો.

પછી તપાસ કરાવતા જાણવા મળ્યું કે દગો નથી. છતાં મને ભરોસો ન આવ્યો. તેથી હું કોઈ દિવસ મોટા અમલદારને મળતો નહીં. કોઈ મને મળવા આવે તો તેનું રૂડિયા વગેરે દ્વારા મોત કરાવતો. તેથી સર્વત્ર મારા નામની હાંક વાગતી. ચરોતરમાં રહેલા ભીલોને કોઈ વસ્તુ, પદાર્થ વગેરે જોઈતું હોય તો તે બધા મળી જંગલમાં રૂડિયા મારફત મને સમાચાર આપતા. પછી અમે ચાડીકાઓનાં સ્થાને ભેળા થતા અને લૂંટ કરવા જતા.

એકવાર અમે લૂટિયુ, ધોળે દિ'એ પેટલાદ;
વાત કહું તે સાંભળો, બધુય છે મને યાદ...૧૬

એમ કહી તેમણે ધોળા દિવસે પેટલાદ લૂટ્યું હતું તેની સ્વામીને વિસ્તારથી વાત કહી. જ્યારે પેટલાદ ભાંગવા ગયા ત્યારે કસિયાભાઈના મુખ્ય અમલદારને રૂડિયા રખડુએ પહેલા જ તીરે ઠાર કર્યો હતો અને અમે પેટલાદ ભાંગીને આવ્યા પછી મેં કસિયાભાઈને જાહો મોકલ્યો. તેની બીકના માર્યા તે વડોદરા ફરિયાદ કરવા પણ ગયા ન હતા. આવાં તો અમે અનેકવાર મહાપાપો કર્યા છે.

સ્વામી બ્રહ્માનંદજી, સુણીને આવા પાપ;
મૂર્તિ ધારી મહારાજની, અંતઃ મુખ થયા આપ...૧૭

વધુ સાંભળવા વાતને, પ્રાક્રમ જાણવા મન;
સ્વામી કે' ધન્ય તમને, જબરા ભાઈ જોબન...૧૮

જોબન તારા પાપને, તારે મુખે સુણે કોય;
જરૂર તે જનને તારો, સંસર્ગ દોષ હોય...૧૯

અમે તો હરિ ધારીએ, રહિએ મૂર્તિ મગન;
અગ્નિને ઉધઈ ચડે નહિ, આગળ કહો જોબન...૨૦

જોબન પગી કહે, 'સ્વામી ! આવા મારી જિંદગીમાં અનેક બનાવો બન્યા છે, તેનો કહેતા પાર ન આવે. પરંતુ બે-ત્રણ મોટા બનાવોની વાત કહું.' એમ કહી અમરેલીની તથા ઓખા મંડળની ગાયકવાડ સરકારની તિજોરી વડોદરા જતી હતી. તેની રૂડિયા દ્વારા બાતમી મળતા રાત્રે લૂંટ કરી અનેકની કતલ કરી; તે વાત કહી. પછી કહ્યું, 'અરે સ્વામી ! પ્રભાસ પાટણ, સોમનાથ મહાદેવનું સવામણ સોનાનું ઇંડું અમે ચોર્યું હતું પણ એ બધી વાત અત્યારે નથી કરવી. મારે અત્યારે તો રૂડિયાની વાત કરવી છે. સ્વામી ! રૂડિયો જીવતા સર્પ પકડતો. તેનું વેંત મોઢું તથા વેંત પૂછડું કાપી નાખતો. પછી તેને બાફીને લોકો સીંગ ખાય તેમ તે સર્પને ખાઈ જતો.

વળી તે હનુમાનજી સિવાય અન્ય કોઈ દેવ, દેવી, પીર, પેગમ્બરને ક્યારેય માનતો નહીં. પડે, આખડે, ઘા વાગે, લોહી નીકળે તેની તેને પીડા થાતી નહીં. નીકળતા લોહીને વગડાની વનસ્પતિ લગાડી દેતો. શારીરિક દુઃખને ગણતો નહીં. કાળી ચૌદશને દિ' મારે પાંચ શેર સિંદૂર, ધજા માટે એક રાતો મધરાશીનો તાકો ચાડીકાને સ્થાને ચડાવવાનો હોય. રૂડિયો ગમે તે વેપારીની દુકાનેથી તે લૂંટી લાવતો. ખોટા દેવસ્થાને કહેતાં ચાડીકાની જગ્યાએ સિંદૂર ચોંપડતો, વાંસ સાથે બધે ધજાઓ બાંધતો, બાજુમાં ત્રિશૂળ દોરી દેતો અને સો નાળિયેર ફોડી સર્વત્ર કાચલા વેરી નાખતો. તે ભારે ચકોર અને અતિ ચાલાક હતો.' આમ વાત કરતાં કરતાં જોબન પગીનું હૈયું ભરાઈ આવ્યું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે રૂડિયા રખડુના આખ્યાનમાં 'રૂડિયા રખડુનું જીવન તથા પરાક્રમ કહ્યા' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

રૂડિયો બીમાર તથા સ્વામી ખબર કાઢવા

દોહા : **આટલું બોલતા જોબનનું, હૈયું આવ્યું ભરાય;**
સ્વામી કહે શું રૂડિયો, મરી ગયો હેં ભાય...૨૧
સ્વામી હજુ નથી મર્યો, (પણ) મરશે આજ કે કાલ;
ભૂંડી પીડા ભોગવે છે, થયો છે અતિ બેહાલ..૨૨

'ત્રણ-ચાર મહિનાથી માંદો છે. સવાર-સાંજમાં મરશે એવી પરિસ્થિતિ છે. ખાટલાવશ છે. હું ત્રણ-ચાર દિવસ પહેલા તેની ખબર કાઢવા ગયો હતો. તે અત્યારે કાળી વેદના વેઠી રહ્યો છે. ભડવીર માણસનું હૈયું પણ ધ્રૂજી જાય એવી તે ભયંકર વેદના ભોગવે છે, કાળી રાડ્યો પાડે છે.'

✵ બ્રહ્માનંદસ્વામીની કરુણા :

ત્યારે સ્વામી કહે, 'અત્યારે તે છે ક્યાં ?' જોબન પગી કહે, 'બામરોલીમાં તખા પગીને ઘેર ચાકરી માટે રાખ્યો છે.' બ્રહ્માનંદસ્વામી અતિ દયાળુ સંત હતા. વાત સાંભળતા સ્વામીના અંતરમાં કરુણાનો સાગર રેલાયો. મનમાં થયું આ જોબન પગી તો ભક્ત થયો. પરંતુ રૂડિયો જો ભગત થાય અને સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારે તો એનો પણ બેડો પાર થઈ જાય. મનુષ્યજન્મ સાર્થક થઈ જાય.

મોટા સંતની વાત જુદી છે. સામાન્ય લોકો જેની સામું જોવા પણ રાજી ન હોય એવા પાપી ઉપર પણ સંતો અકારણ કરુણા કરે છે. કેમ જે, તેના અંતરમાં કરુણાના સાગર શ્રીહરિ પ્રગટ પ્રમાણ બિરાજે છે. તેથી જ **એવા સંતના દર્શન થાય તો ભગવાનના દર્શનનું ફળ મળે છે. આવા સંતની સેવા કરે તો પ્રગટ ભગવાનની સેવા થાય છે. તેમની વાતો સાંભળે તો પ્રગટ પ્રભુની વાતો સાંભળ્યાનું ફળ મળે છે.** બ્રહ્માનંદસ્વામી આવા કરુણામૂર્તિ અને નિષ્ઠાવાન સંત છે.

પછી સ્વામીએ કહ્યું, 'જોબન પગી ! જો તે જીવતો હોય તો ચાલો આપણે ત્યાં તેને દર્શન દેવા જઈએ.' જોબન પગી કહે, 'ઓહો હો..! તો તો બહુ સારું. એણે જાનની જોખમે મારાં બહુ કામ કર્યા છે. ભલે સારાં કામ નથી કર્યા પરંતુ હું ભગત થયો તેથી મને પણ તેના ઉપર દયા આવે છે કે, આપ જેવા સંતના એને દર્શન થાય તો એના જીવની સદ્‌ગતિ થાય. પણ સ્વામી આપ તેને દર્શન દેવા પધારો છો ને કદાચ તે મરી ગયો હશે તો...?!'

સ્વામી કહે, 'ભગવાનની ઈચ્છા હશે તો જરૂર જીવતો હશે. આપણે જરૂર એને મળશું.' ત્યારે જોબન પગી કહે, 'તો સ્વામી ચાલો. પરંતુ એક ખેદની વાત છે.' સ્વામી કહે, 'શું ખેદની વાત છે ભાઈ ?' પગી કહે, 'શરીરમાં મોટાં મોટાં ઘારાં પડ્યાં છે. તેમાં જીવડાં ખદબદે છે. એ બધાં જીવડા તેને કરડે છે. તેને ખાય છે. તેની પીડાને કારણે તે ભયંકર રાડો પાડે છે. જોઈએ તો તેની પથારીમાં પણ જીવડાં પડ્યાં હોય છે. પણ હે બ્રહ્માનંદસ્વામી ! તે પીડા ઓછી થાય તે માટે સેવકો ઘારામાં માંસના ટૂકડા ભરે છે. જેથી જીવડા તે ખાય અને રૂડિયાની પીડા ઓછી થાય. પરંતુ તેની દુર્ગંધ બહુ આવે છે. તેને નવરાવી ધોવરાવીને કોણ સાફ કરે ? ત્રણ દિ' પહેલા હું ખબર લેવા માટે ગયો હતો. તેથી મને ખબર છે. તેને અડીને પણ નાહવું પડશે. માટે તમે કહો તેમ કરીએ.'

દયાળુ સ્વામીએ કહ્યું, 'કાંઈ વાંધો નહિ. ચાલો જઈએ. શરીર તો બધાના અંતે મળ-મૂત્રના ભરેલા જ છે ને ! તેને દર્શન આપીશું અને તેનું સારું કરીશું.' પછી બંને બામરોલી આવ્યા. ત્યાં રૂડિયો જીવે છે તેવા સમાચાર મળ્યા. તેથી સ્વામી તખા પગીને કહે, 'મારે તેને જોવા માટે જાવું છે.' પછી તખા પગીએ થોડા દૂરના બીજા ઘરમાં સારી

પથારી કરી ત્યાં તેને સુવાડ્યો. અને થોડું માંસ વગેરે ઓછું ગંધાય એવી વ્યવસ્થા કરી. પછી સ્વામી અને જોબન પગીની પાસે આવીને કહ્યું, 'ચાલો.' એમ કહી તે બંનેને રૂડિયા રખડું પાસે તેડી ગયા. સારી પથારીમાં સુવાડ્યો છતાં અતિ દુર્ગંધ મારતો હતો અને પીડાને કારણે ઉકારા કરતો હતો. આંખો ઊઘડતી નહિ. કરેલા પાપની વેદના ભયંકર રીતે ભોગવતો હતો. જોબન પગીએ સ્વામીને કહ્યું,

ચોપાઈ :

આવી થઈ સ્વામી તેની સ્થિતિ રે, કરો પ્રાર્થના પ્રભુ તેના વતી રે;
કર્યો હરિએ મને જેમ પાર રે, તમે કરો રૂડાનો ઉદ્ધાર રે...૨૩

દોહા : **સ્વામીએ તે જોઈને, દયા કરી અપાર;**
સ્વામિનારાયણ કહી, જળ છાંટ્યું ત્રણ વાર...૨૪

પછી તખા પગીને કહ્યું, 'કાંઈ છાલિયું કે વાટકો હોય તો લાવો. થોડું તેને પાણી પીવડાવીએ. અમારા સંતના હાથનું પાણી પીશે તો તેનું રૂડું થશે.' તરત તખા પગી છાલિયું લાવ્યા. સ્વામીએ તેમાં પાણી લીધું. પછી તખા પગીએ તેનું માથું પકડી, મોઢું પહોળું કર્યું. સ્વામીએ તેમાં થોડું જળ રેડ્યું. સંતના હાથનું પ્રસાદીનું જળ તેના પેટમાં જતા પાપ બળવા લાગ્યાં. પાપ બળ્યાં તેથી પીડા ઓછી થઈ.

વ્યક્તિ પાપ કરતા પાછું વાળી જોતો નથી. પરંતુ એનું જ્યારે દુઃખ ભોગવવું પડે ત્યારે આવી કારમી વેદના વેઠવી પડે છે. માણસ હસતાં હસતાં પાપ કરે છે પરંતુ તેનું ફળ તેથી અનંતગણું રુદન કરીને ભોગવવું પડે છે. કોઈનું પાપ કોઈને ક્યારેય છોડતું નથી. માટે પાપ કરતા નહીં. પ્રભુથી અને પાપથી ડરીને ચાલજો.

पीपा पाप न किजीए, तो पून्य किया सो बार ।
जो किसीका लिया नहि, तो दिया वार हजार ।।

પાપ ન કરવું એ જ દુનિયા ઉપર મોટો ઉપકાર કર્યા જેવું છે. જીવતા માણસ માટે પાપથી ભરેલી આંતરિક પીડા એ જ નરક છે. છુપાઈને કરેલું પાપ પણ માણસને જીવનભર કાંટાની જેમ સતત દુઃખ્યા કરે છે. એક પાપ બીજા અનેક પાપના દરવાજા ખોલી આપે છે. માટે નાના એવા પાપથી પણ ડરજો. પાપ અને સાપ, આ બંને લપાઈ લપાઈને જ આગળ વધે છે. પછી વ્યક્તિનો નાશ કરે છે. માટે જિંદગીમાં કોઈ પાપ થયું હોય તો સંતને મળી તેનું પ્રાયશ્ચિત કરી લેજો. નકામા કાર્યો કરીને વળી એવા કાર્યોનો ગર્વ કરવો તે કરતા પાપનું પ્રાયશ્ચિત કરી શુદ્ધ થઈ જવું તે જ વધુ હિતકારી છે.

પાપ તો મનુષ્યે પોતે જ પોતાના નાશ માટે ગળામાં બાંધેલો પથ્થર છે અને પુણ્ય એટલે પ્રભુએ આપેલી દિવ્ય પાંખ છે. પરને પીડા કરવી એ મોટું પાપ છે અને બીજાને સુખી કરવા, પરોપકાર કરવો એ મોટું પુણ્ય છે. બીજી રીતે કહીએ તો જે કાર્ય આપણને ભગવાન અને સંતથી દૂર લઈ જાય તે પાપ છે. **જે કરવાથી આપણે ભગવાન અને સાચા સંતોની નજીક થઈએ એ મોટું પુણ્ય છે.** ગમે તેવો અધમ અને મહાપાપી હોય તેને પણ કોઈ મોટા સંતનો યોગ થઈ જાય તો એકાદ ક્ષણમાં પણ તેના ભાગ્યની રેખા પલટી નાખે છે, તેને પુણ્યવાન બનાવી દે છે. ગમે તેટલી પાપની પીડા વ્યક્તિ ભોગવતો હોય પરંતુ ભગવાન કે સાચા સંત મળે અને દિલથી માફી માગે તો તેનાં તમામ પાપ નાશ પામે છે, તે જીવનો ઉદ્ધાર થાય છે.

બ્રહ્માનંદસ્વામીનાં સ્પર્શથી રૂડિયાને થોડી શાંતિ થઈ. તેથી તેની આંખો ઊઘડી અને તે જોબન પગીને ઓળખતો હતો. જેવા જોબન પગીને ભાળ્યા એવો એ તરત બેઠો થઈ ગયો અને કહે, 'ઓ મારા જોબનબાપા...! ઓ મારા જોબનબાપા...!' એમ કહી બે હાથ જોડી

તેના પગમાં પડવા પ્રયત્ન કર્યો. પણ અતિ મંદવાડને કારણે ઉઠી શક્યો નહીં. ત્યારે જોબન પગી કહે, 'મારે લઈને તારે આ દુઃખ વેઠવાં પડે છે. અને મારા પગમાં ક્યાં પડવા જા છો ? હું તો સ્વામિનારાયણ ભગવાનના યોગમાં આવતા સુધર્યો. પરંતુ આ તેમના જેવા જ મોટા સંત છે. માટે આ બ્રહ્માનંદસ્વામીના પગમાં પડ. તારો ઉદ્ધાર થશે.'

મારા પગમાં પડ્યમાં, સ્વામીને પગે પડ્ય;
સ્વામીની અતિ કૃપાથી, ભવાટવીમાં ન રખડ...૨૫
સર્વે તારા પાપની, સંત કને માફી માંગ્ય;
સ્વામીની કૃપાથી તારા, ઊઘડશે મહાભાગ્ય...૨૬

પછી રૂડિયા રખડુએ સ્વામીના દર્શન કરી પગ પકડ્યા અને કહે, 'સ્વામીબાપા...!' એમ કહેતા તો આંખોમાંથી આંસુની ધારા થઈ. સ્વામીએ તેને મસ્તકે હાથ ફેરવી છાનો રાખ્યો. પછી તેણે બે હાથ જોડી પોતાના બધા ગુનાની માફી માગી. ને કહે, 'જેમ જોબનબાપાનો ઉદ્ધાર કર્યો તેમ હવે મારો ઉદ્ધાર કરો.' નિષ્કપટભાવે સહુની હાજરીમાં બધાં પાપ બોલવા લાગ્યો. આવો તેનો નિખાલસભાવ જોઈ સ્વામી કહે, 'હવે તું તારા બધાં પાપ નહિ કહે તો ચાલશે. મને જોબનબાપાએ વાત કરી છે.'

ત્યારે તે કહે, 'હે સ્વામી ! તમે તો મારા પરભુ છો. હું પરભુને ઓળખતો નથી. હું તો તમને પરભુ જાણું. તમે મારા ઉપર કૃપા કરી મારા ગના માફ કરો. તમે મહાદયાળુ છો. જેથી અંત વખતે અહીં મને દર્શન આપવા આવ્યા.' એમ કહી કહે, 'જોબનબાપા ! તમારો પણ બહુ મોટો ઉપકાર છે. જેથી આવી મારી કપરી વેળાએ તમે મને ભગવાન જેવા સંતનાં દર્શન કરાવ્યા. બહુ દયા કરી.' એમ કહી વળી, જોબનબાપાના પગમાં પડી રોવા લાગ્યો.

સ્વામીએ ફરી તેને ધીરજ આપી, આશ્વાસન આપ્યું. પછી જોબન પગીએ તેના હાથ પકડ્યા. સ્વામીએ તેમના જમણા હાથમાં પાણી લેવડાવી વર્તમાન ધરાવ્યા અને કહ્યું, 'જેમ ડભાણના યજ્ઞમાં સ્વામિનારાયણ ભગવાને જોબન પગીનાં તમામ પાપ મુકાવ્યાં હતાં તેમ આજ હું તને તમામ પાપથી મુક્ત કરાવું છું' એમ કહી સ્વામીએ મંત્ર બોલી પાણી નીચે મુકાવ્યું. એ જ વખતે તેનાં તમામ પાપો ધુમાડાના ગોટા નીકળે તેમ બળી ગયાં. તેથી એ થોડો વધારે સ્વસ્થ થયો.

પ્રગટ ભગવાન કે પ્રગટ સંત આમ જીવનું કલ્યાણ કરે. બીજા કોઈનું આ કામ નથી. કોઈને પૈસા દેવા કે બીજું-ત્રીજું દેવું સહેલું છે પરંતુ કોઈનાં પાપ ધોવાં અને વ્યક્તિને નિર્દોષ બનાવવો એ ઘણું કઠણ કામ છે. આ કામ તો શ્રીહરિ કે તેમના સંત જ કરી શકે. પછી સ્વામીએ તેને કહ્યું, 'રૂડિયા ! હવે જો તું આમાંથી જીવતો રહે તો હું કહું એ પ્રતિજ્ઞા લે.' તે કહે, 'સ્વામીબાપા ! તમે જે કહો તે મને મંજૂર છે.' ત્યારે સ્વામી કહે,

જો આમાંથી તું ઊગરે, તો આવવું વડતાલ;
સેવા કરવી મંદિરની, રટવા ધર્મના લાલ...૨૭
તેની રૂડિયે હા કહી, સ્વામી એ છે કબુલ;
વચન તમારું ના લોપું, ભલે માથું થાય ડુલ...૨૮

રૂડિયો કહે, 'સ્વામી ! માથું જાય તોપણ મારું આ વચન નહિ જાય.' શૂરવીર હતો એટલે શૂરવીરતાપૂર્વક બોલ્યો, **'જો હું ઊગરીશ તો વડતાલ આવીશ, મંદિરની સેવા કરીશ અને અખંડ ભજન કરીશ.'** તેથી સ્વામી અતિ રાજી થયા. પછી સ્વામી કહે, 'તખા પગી ! હવે આને સુવાડી દો.' તેથી તેને પથારીમાં સુવાડ્યો.

ત્યારબાદ સ્વામી તથા જોબન પગી ઉતારે આવ્યા. ત્યાં સ્વામીએ

સ્નાન કર્યું. પછી તખા પગીને ઘેરથી સીધુ મંગાવ્યું. રસોઈ કરી ઠાકોરજીને થાળ ધરાવ્યો. પછી સંતો સાથે સ્વામી જમ્યા. થોડી પત્તરની પ્રસાદી તખા પગીને આપી અને કહ્યું, 'આ પ્રસાદ રૂડિયાને જઈને જમાડજો.'

ધન્ય ધન્ય બ્રહ્માનંદને, સુણ્યા પગીના વેણ;
પાપીની ખબર લીધી, અહો કેવા સુખદેણ...૨૯
સગા છે સંસારમાં, હરિ કે હરિના સંત;
પાર ઉતારે પળમાં, લાવે ભવાટવી અંત...૩૦
ઠાકોરજીનો થાળ કરી, જમ્યા સહુ સાધુજન;
પછી રૂડિયા રખડુને, આપ્યું પ્રસાદિ અન્ન...૩૧

સ્વામીએ પ્રસાદી મોકલાવી. તે પ્રસાદી રૂડિયો જમ્યો. તેથી તેનાં તમામ પાપ નાશ પામ્યાં અને પીડા તરત જ સાવ ઓછી થઈ ગઈ.

સ્વામી તો પછી ત્યાંથી વડતાલ આવ્યા. ત્યાં ત્રીજે દિ' સમાચાર આવ્યા કે, રૂડિયાને આખા શરીરે ચામડીની ખોળ ઊતરી ગઈ છે. અને ઘારાં રૂઝાવા લાગ્યાં છે. માથાના મોવાળા ખરી ગયા છે. નવા વાળ ઊગતા હોય એવું દેખાય છે. હવે થોડું અન્ન જમવા લાગ્યો છે. તેથી હવે વળતા દિવસો થયા હોય તેવું જણાય છે.

પછી તો તેની તબિયતમાં રાત્રી દિવસ સુધારો થવા લાગ્યો. ત્રણ મહિનામાં તો તે સંપૂર્ણ સાજો થઈ ગયો. આમ સંતકૃપા થાય તો અશક્યનું શક્ય થાય. ગમે તેવો પાપી હોય તે પુણ્યવાન થાય, રોગી હોય તે નીરોગી થાય.

શ્રીહરિએ વચ.ગ.મ.૪૫ માં કહ્યું છે કે, "ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે; અને **ભગવાન**

ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે. માટે જે સમજું હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું.

અને પોતાના સંબંધી જે માણસ હોય તેને પણ એમ ઉપદેશ કરવો જે, **'ભગવાન ને ભગવાનના સંત જે જે પ્રકારે આપણી ઉપર રાજી થાય ને કૃપા કરે તેમ જ આપણે વર્તવું.'** ભગવાન ને ભગવાનના સંતને અગ્નિએ જ્યારે રાજી કર્યા હશે ત્યારે અગ્નિને એવો પ્રકાશ પ્રાપ્ત થયો છે; અને સૂર્ય-ચંદ્રાદિક જે પ્રકાશમાન છે તેણે પણ ભગવાન ને ભગવાનના સંતને શુભ કર્મે કરીને રાજી કર્યા હશે ત્યારે એવા પ્રકાશને પામ્યા છે; અને દેવલોક-મૃત્યુલોકને વિશે જે જે સુખિયા છે તે સર્વે ભગવાન ને ભગવાનના સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે કરીને સુખિયા છે. માટે જે પોતાના આત્માનું રૂડું થવાને ઈચ્છે તેને તો સદ્‌ગ્રંથને વિશે કહ્યા જે સ્વધર્મ તેને વિશે રહીને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એ જ ઉપાય કરવો."

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે રૂડિયા રખડુના આખ્યાનમાં 'રૂડિયો બીમાર તથા સ્વામી ખબર કાઢવા ગયા' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

રૂડિયા રખડુમાંથી રૂડો ભગત બન્યા

ત્યાર પછી સંપૂર્ણ સાજો થઈ રૂડિયો રખડું એક દિવસ તખા પગીની સાથે ગાડામાં બેસી વડતાલ આવ્યો. જોબનબાપાને મળ્યો. જોબન પગીએ તેને બ્રહ્માનંદસ્વામીને સોંપ્યો. સ્વામીના પગ પકડીને

વળી રૂડિયો રડવા લાગ્યો અને કહે, 'હે સ્વામીબાપા ! તમે મારી છેલ્લી જિંદગીમાં સંભાળ લીધી. નહિ તો હું દુઃખી દુઃખી થઈ ભૂંડે હાલે મરત.' સ્વામીએ બે-ત્રણ દિવસ મંદિરમાં રાખ્યો. તેની સેવાની શ્રદ્ધા, સંતો-ભક્તો પ્રત્યેની ભાવના, મહિમા અને અજોડ સરળતા જોઈ. પછી એક દિવસ સ્વામીએ તેને માથે મુંડન કરાવ્યું. નવરાવ્યો અને ધોળી ધોતી પહેરાવી, ધોળી બંડી, માથે ધોળી પાઘડી પહેરાવી. પછી તેને પૂજા શીખવાડી અને પૂજા આપી કહ્યું, 'હવે નિત્ય પૂજા કરજે.' આ રીતે સ્વામીએ તેને ભગત બનાવી મંદિરની સેવામાં રાખ્યો. જ્યારથી તે ભગત થયો અને સ્વામીના મંડળમાં તેમનો શિષ્ય થઈને રહ્યો. ત્યારથી તેને સહુ રૂડો ભગત કહીને બોલાવતા હતા.

✹ જોબન પગીની રૂડિયાભગતને ભલામણ :

પછી રૂડિયાભગતને મહિમા સમજાવતા જોબન પગી કહે,

દોહા : **જોબન કે' અલ્યા રૂડિયા, તારા ભાગ્ય અપાર;**
મને શ્રીજીએ તારિયો, સ્વામી તને તારનાર...૩૨
રે'જે સ્વામીના વચને, કરજે શ્રીજી ભજન;
રૂડો કહે મને તાર્યો, નહિ ફરું બાપ જોબન...૩૩
ભગવાન જેવા સ્વામીનો, તમે કરાવ્યો જોગ;
કાળી પીડા ભોગવતો, ટળાવ્યો મારો રોગ...૩૪
હવે આ મારા જન્મમાં, સેવા કરીશ અમાપ;
સ્વામીને રાજી કરી, ધોઈ નાંખીશ પાપ...૩૫

વળી કહે, 'હે જોબનબાપા ! હવે આ જિંદગીના રહેલા શ્વાસો સ્વામીની આજ્ઞામાં જ વિતાવીશ. જેમ સ્વામી કહેશે તેમ કરીશ. આ મારી પ્રતિજ્ઞા છે. તે ક્યારેય નહિ બદલું.' પછી બ્રહ્માનંદસ્વામી રૂડાભગતને

કહે, 'સહુ સંતો બપોરે જમી પત્તર ધોવે ત્યારે તારે સંતોની પર્ણકુટીર બહાર ઊભા રહેવું. હાથમાં થાળી રાખવી. હું સહુ સંતોને કહું છું તેથી એક-એક કોળિયો પત્તરની પ્રસાદી તને આપશે, પછી પત્તર ધોવા જશે. તે તું જમજે. બીજી વધારે વસ્તુ જોઈએ તે ભંડારેથી લાવી જમજે. જમતાં જમતાં કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલજે. હવેથી સ્વામિનારાયણ નામની જ માળા ફેરવજે. વહેલો ઊઠી મંદિરમાં વાસીદું વાળજે. સંતો-ભક્તોની ચરણરજ માથે તથા છાતીએ ચઢાવજે. સંતો જેમ કહે તેમ શક્તિ પ્રમાણે સેવા કરજે. સેવા કરતાં કરતાં પણ સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરજે. મનધાર્યું કાંઈ કરતો નહીં. આજથી તારાં તમામ પાપ નાશ પામે છે.'

મોટા સંતની કૃપાથી, પાપ બળે પળમાંય;
વિધિ લેખ પર મેખ વાગે, એવો સંત મહિમાંય...૩૬

પછી તે કહે, 'હે સ્વામીબાપા ! પહેલા પણ હું મનધાર્યું કાંઈ કરતો નહિ. જેમ જોબનબાપા કહે તેમ જ કરતો.' પછી તો સ્વામીએ જેમ કહ્યું તેમ રાત-દિવસ કરવા લાગ્યો. કેમ જે, મનધાર્યું કરવાની તો ટેવ જ ન હતી. તે તેને સત્સંગમાં કામ લાગી.

મોટા સંતનો આવો અપાર મહિમા છે. એની આજ્ઞામાં રહે તો કોઈ દિવસ દુઃખ ન આવે અને મોટા સંતો રાજી થાય તો જ ભગવાન રાજી થાય અને ભગવાન રાજી થાય તો જીવનું કામ થાય. શ્રીહરિ વ.ગ.મ.૫૧માં કહે છે **'સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે, તે જ રૂડા દેશ-કાળાદિકને વિશે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ એને ભૂંડા દેશ-કાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'**

બ્રહ્માનંદસ્વામી વગેરે સંતોની આજ્ઞા મુજબ રૂડિયો સેવા કરવા લાગ્યો. તેથી સહુ તેને રૂડો ભગત કહીને બોલાવવા લાગ્યા. મંદિરના ચણતર કામમાં તે ખૂબ સેવા કરતો. તેનું શરીર પ્રથમના જેવું મજબૂત બની ગયું. તેથી ભારે મહેનતનું કામ પણ અતિ શ્રદ્ધાથી દોડી દોડીને રાત્રી દિવસ કરતો. લાકડાં તથા પાણા ચડાવવા જેવી આકરી સેવા પણ હસતા મોઢે કરતો. સેવામાં કોઈ દિવસ થાક કે આળસ કરતો નહીં. જેવો પહેલા પાપી હતો એવો જ મહાન ભક્ત બની ગયો.

વળી, સંતોની મરજીમાં રહીને સેવા કરતો. તેથી સહુ બહુ રાજી થતા. તેનો કંઠ અતિ સારો હતો. તેથી તેનો તે ગુણ બ્રહ્માનંદસ્વામીએ ભક્તિમાં વાળી દીધો. સ્વામી નિત્ય તેને સારા સારા રાગનાં કીર્તનો એક એક કડી કરીને શીખવતા. તેથી તેને ઘણાં કીર્તનોના ચોરસા કંઠસ્થ થઈ ગયા. પછી તો સેવા કરતાં કરતાં પડછંદા રાગે કીર્તનો બોલે. તે સાંભળીને સહુ સંતો-ભક્તો ખૂબ રાજી થતા.

સ્વામીએ રાજી થઈને, બહુ ગોખાવ્યા કીર્તન;
રાત્રે હલકથી બોલતો, કરતો સભા રંજન...૩૭

નવો સુણે કોઈ રાગ તો, સુણાવે સ્વામી પાસ;
સ્વામી તે રાગ ઢાળના, રચે કીર્તનો ખાસ...૩૮

કોઈ સારાં કીર્તનના રાગ ઢાળ કોઈની પાસેથી તે સાંભળે તો તે તરત એવો રાગ સ્વામી પાસે ગાતો અને કહેતો કે ‘સ્વામી ! મને આવા રાગનાં કીર્તન બનાવી આપો ને.’ પછી સ્વામી એવા રાગનાં કીર્તન બનાવતા. એટલે સ્વામીને નવા રાગોનું નોટેશન મળતું અને સહુને તે જમાનાને અનુરૂપ નવા નવા રાગ ઢાળનાં કીર્તનો ગાવાની ખૂબ મજા આવતી. આ રીતે સહુ પ્રેમથી ભક્તિ કરતા.

મને પણ ઘણા યુવાનો કોઈ અત્યારના જમાનાને અનુરૂપ

ફિલ્મી ગીતોના કે લગ્નગીતોના સારા રાગ લખીને આપે અને કહે, 'જ્ઞાનસ્વામી ! આવા રાગ કે ઢાળનું કીર્તન બનાવો તો અમને સહુને ગાવાની મજા આવે.' તેથી હું પણ યુવાનોની શક્તિને ભક્તિમાં વાળવા માટે તેમને ગમતા હોય તેવા રાગ ઢાળનાં પદો બનાવી આપું છું. આ માધ્યમે અનેક યુવકો ભગવાનમાં હેત વધારતા થયા છે. સત્સંગમાં જોડાયા છે. બ્રહ્માનંદસ્વામીને પણ એક નવા રાગ ગોતી આપનાર વ્યક્તિ મળી ગઈ. તેથી સ્વામી પણ તેના ઉપર રાજી થતા. સહુની શક્તિ ભક્તિમાં વળે એ રીતે નવાં નવાં કીર્તનો બનાવતા.

આમ સહુ સાથે મળી સત્સંગ, સેવા, ભજન, ભક્તિ કરતા. પરસ્પર એકબીજામાં આત્મીયતા, દિવ્યભાવ અને મહિમાની દઢતા કરતા. તેથી સહુને બહુ જ આનંદ આવતો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે રૂડિયા રખડુના આખ્યાનમાં 'રૂડિયા રખડુમાંથી રૂડો ભગત બન્યા' એ નામે ચોથો અધ્યાય થયો. ।।૪।।

અધ્યાય-૫

રૂડાભગત ઉપર શ્રીહરિનો રાજીપો

દોહા : એમ દિવસો વિતાવતા, આવ્યા વાલો વડતાલ;
સ્વામી કહે રૂડિયાને, હાલ્ય દર્શને હાલ...૩૯

આવી રીતે રૂડાભગત મંદિરમાં રાત્રી દિવસ તનતોડ અને મનમોડ સેવા કરતા. સંતોની પ્રસાદી જમતા. ઉંચા સાદે કીર્તનો બોલતા. હાલતાં ચાલતાં શ્રીહરિનું સ્મરણ કરતા. એવામાં એક દિવસ સર્વાવતારી શ્રીહરિ વડતાલ આવ્યા. એટલે તરત બ્રહ્માનંદસ્વામીએ રૂડા ભગતને બોલાવ્યા અને કહ્યું, 'રૂડા ભગત ! હાલો આજ હું તમને સર્વોપરી શ્રીહરિનો પ્રગટ ભેટો કરાવી દઉં.'

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી;
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી.
જગતમાંહિ સંત પરમ હિતકારી...

એમ કહી મહારાજ પાસે લાવ્યા અને કહ્યું, 'મહારાજના ચરણનો સ્પર્શ કર.' તેથી તે મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજ કહે, 'સ્વામી ! આ નવા પાર્ષદ ક્યારે કર્યા ? આનો વાન કાળો અને લૂગડાં ધોળાં બહુ સરસ શોભે છે ?' ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! આ જોબન પગીનો વિશ્વાસુ રૂડિયો રખડુ છે. તે હવે ભગત થયો છે' એમ કહી બધી વાત કરી.

તેની સેવાના વખાણ કરતા કહે, 'હે મહારાજ ! આ રૂડાભગત મંદિરમાં રાત-દિવસ તનતોડ સેવા કરે છે. મોટા મોટા પાણા, લાકડાં વગેરે ચડાવવાના કામમાં તે બહુ જ આવે છે. ક્યારેય તેને થાક લાગતો નથી. સેવામાં આળસ કરતો નથી. તેનો કંઠ પણ ઘણો સારો છે. તેથી ઘણાં કીર્તનો કંઠસ્થ કર્યા છે.' એમ કહી સ્વામી કહે, 'સાચું છે ને રૂડાભગત..!'

ત્યારે તે કહે, 'સ્વામીબાપા ! આ બધી આપની દયા છે.' ત્યારે મહારાજ કહે, 'રૂડા..! એકાદું કીર્તન મને સંભળાવીશ ?' એટલે બ્રહ્માનંદસ્વામીએ ઈશારો કર્યો. તેથી પડછંદા રાગે રૂડાભગતે કીર્તન લલકાર્યું.

રાગ - પરજ પદ - ૧

તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;
નેણુંનો શણગાર, મારા હૈડા કેરો હાર...તારી૦ ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન...તારી૦ ૧

માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી, વ્રજનારીને ધીર...તારી૦ ૨
બાંય જડાઉં બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર...તારી૦ ૩

દોહા : કીર્તન પરજ રાગનું, ગવાર્યું રૂડા પાસ;
રાગ ઢાળ સુણી એના, રાજી થયા અવિનાશ...૪૦
રૂડિયો રખડુ મટીને, થયો તે રૂડો ભગત;
સેવા કરી પાર ઉતર્યો, જાણજો સર્વે જગત...૪૧
મોટા સંત સંબંધથી, પાપી ઉદ્ધરી જાય;
નજર પડે કોઈ સંતની, પળમાં પાવન થાય...૪૨

આમ મોટા સંતની કૃપા થાય તો જીવનો એક પળમાં બેડો પાર થાય. મોટા સંતની અમીદૃષ્ટિ જ જીવનું અધૂરું પૂરું કરે છે. બાકી ગમે તેટલા સાધન કરે તોપણ આ માર્ગમાં મેળ ખાય તેમ નથી. માટે જે કરવાથી અને જેમ રહેવાથી મોટા સંતો રાજી થાય તેમ કરવું અને એમ જ રહેવું. એમાં જ આપણું કલ્યાણ છે.

✹ રૂડાભગતને કીર્તનના રાગ શોધવાની સેવા :

એકવાર મહારાજ ગઢપુરમાં સવારના પહોરમાં ઊગમણાબારની ઓસરીએ ઊગમણા મુખે સભા કરીને બિરાજમાન હતા. સહુ સંતો-ભક્તો મહારાજની સન્મુખ બેઠા હતા. આજ ચાતુર્માસનો પ્રારંભ થવાનો હતો. તેથી શ્રીજીમહારાજે સહુને કહ્યું કે, 'પોતાની શક્તિ પ્રમાણે સહુ ભગવાનને રાજી કરવા ચાતુર્માસના નિયમ લો.' એમ કહી મહારાજ જ સહુને નિયમ આપવા લાગ્યા.

કરજો બ્રહ્માનંદજી, નિત્ય ચાર કીર્તન;
તમને આ નિયમ આપ્યું, મેં રાજી થઈ મન...૪૩

ત્યારે સ્વામી કહે, 'હું નિત્ય નવા રાગ ક્યાંથી લાવું ?' ત્યારે હસતા હસતા મહારાજ કહે, 'સ્વામી ! તમારો ઓલ્યો રૂડો ભગત શિષ્ય થયા છે ને ! તેને તમે કહેજો તેથી તે નિત્ય નવા નવા રાગ ગોતી લાવશે. તમે તે પ્રમાણે કીર્તન બનાવજો.'

ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, 'મહારાજ ! સારુ. ભલે હું ઈ નિયમ રાખું છું. રૂડા ભગત નિત્ય નવાં રાગ લાવશે, હું નિત્ય નવા નવા ચાર કીર્તનો બનાવીશ. પણ હે નાથ ! તમારે પણ એક નિયમ લેવું પડશે. તે તાજા તાજા કીર્તનો તમારે રોજ સાંભળવાની અમ ઉપર કૃપા કરવી. એટલી કૃપા કરો. આમ આપણે બધા સાથે નિયમ રાખીએ.' સ્વામીની ભાવના જોઈ મહારાજ રાજી થયા.

હરિ કહે અમે સાંભળશું, રૂડિયો લાવશે રાગ;
તમે કીર્તન નિત્ય રચજો, જાણી મોટા ભાગ...૪૪

પછી રૂડો રાગ લાવતા, રૂડા રૂડા અપાર,
સ્વામી કીર્તન બનાવતા, લાગતી નહીં વાર...૪૫

શ્રીહરિ નિત્ય સાંભળતા, દેતા પ્રસાદી થાળ;
તેમાંથી સ્વામી રૂડાને, દેતા પ્રસાદી દયાળ...૪૬

આવું જો આ રૂડિયાનું, એની ફયે પાડ્યું નામ;
પાડ્યું હશે શુભ ઘડિયે, તેથી થયું તેનું કામ...૪૭

બ્રહ્માનંદસ્વામી મહાદયાળુ સંત હતા. એટલે મહારાજ તેમને પ્રસાદી આપે તેમાંથી રૂડા ભગતને તેના મહેનતાણારૂપે નિત્ય મહારાજની પ્રસાદી આપતા. મોટા મોટા દેવોને, ઈશ્વરોને અને ઋષિમુનિઓને જે સેવા તથા ધામ મળતું નથી. તે સેવા અને તે અક્ષરધામનું પદ રૂડા ભગત સહેજે પામી ગયા. કેમ કે, રૂડા ભગતને મોટા સંત-ભક્ત સાથે સ્નેહ થયો. તેથી તેનો છેડો સુધરી ગયો.

જોબન પગીની જમણી ભુજા જેવો આ રૂડિયો રખડુ પણ ઈતિહાસમાં અમર બની ગયો. જેમ જોબન પગી સુધર્યા પછી મહાન ભક્ત થયા. આખું જીવન બદલી નાખ્યું. તેમ જ રૂડિયાએ પણ ભગત થયા પછી તેનું આખું જીવન બદલી નાખ્યું. આ આખ્યાન જીવન બદલવા માટે છે. માત્ર વેશ બદલે કામ થતું નથી. આપણી પણ સમજણ બદલે, જીવન બદલાય ત્યારે કામ થશે.

માટે આપણે આપણા આંતરિક પ્રવાહને ઓળખવો. આપણું ચિંતવન તથા વિચારો સુધારી નાખવા તો વર્તન આપોઆપ સુધરી જશે. માટે સુખિયા થાવું હોય તો બાહ્ય વર્તન નહિ પરંતુ અંતરમાં ચાલતા ચિંતવન અને વિચારો ઉપર ખૂબ ધ્યાન રાખવું. જેને નબળા વિચારો આવતા હશે તેનાથી ક્યારેક નબળું વર્તન જરૂર થશે. માટે નબળા વિચારોને જ મૂળમાંથી ટાળજો. હંમેશા સારા વિચારો અને સારું ચિંતવન કરજો. જો ચિંતન સુધારશો તો વર્તન આપોઆપ સુધરી જશે અને આપણે પણ અનેકના આદર્શ ભક્ત બની જઈશું.

રાઠોડ રૂડા ભગતે પોતાનું ચિંતન સુધારી નાખ્યું. વિચારો જ બદલી નાખ્યા તેથી મહાન ભક્ત બન્યા. **અંતે ભૌતિક તનનો ત્યાગ કરી મહારાજની સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા. મહામુક્તનું પદ પામી મહાસુખિયા થયા.** આ લોકનું પાપ બાળ્યું અને જન્મ-મરણનું દુઃખ પણ ટળ્યું. આવું મોટું કામ ભગવાન અને ભગવાનના સંતોના સંબંધથી, સેવાથી અને તેમના રાજીપાથી થાય છે.

✹ રૂડા ભક્તના આખ્યાનનો અંતિમ સાર :

સ્વામી સહજાનંદજીનું, ધરે જન કોઈ ધ્યાન;
મરે ત્યારે ધામ મળે, ધરા ઉપર મળે માન...૪૮

અવતારના અવતારી, સ્વામી સહજાનંદ;
અક્ષરધામથી આવિયા, સંગ લાવ્યા સાધુ નંદ...૪૯

રૂડિયા રખડું જેવાને, બહુ તારિયા આજ;
અતિ દયાળુ સંતો છે, મહા કૃપાળુ મા'રાજ...૫૦

તેથી આજ પણ અનેક, પળમાં થાય છે પાર;
માટે વિશ્વાસ રાખજો, થશે આપણોય ઉદ્ધાર...૫૧

રૂડિયાનું આખ્યાન સુણી, લેજો તેનો સાર;
પાપ પંથ છોડી વળી, કરો ભક્તિ લગાતાર...૫૨

સાચા સંતને સેવજો, રાખો શ્રદ્ધા અપાર;
મહિમા મોટાનો સમજો, તો બનશો દિવ્યાકાર...૫૩

હોય કળા ગુણ નિજમાં, તે આવે હરિને કામ;
રાજીપો તો મોટો મળે, અંતે મળે અક્ષરધામ...૫૪

શંકા સંશય છોડીને, મહિમા સમજો ભાય;
વિશ્વાસ રાખતા મોટાનો, કામ મોટું થઈ જાય...૫૫

જ્ઞાનજીવન સાચું કહે, સાંભળો નર ને નાર;
આવા આખ્યાન સાંભળી, પાપી ઉતરશે પાર...૫૬

જે સાચા દિલથી શ્રીહરિ અને સંતની સેવા કરશે, મનગમતું મૂકી સંતગમતામાં રહેશે તેને અંતે અક્ષરધામ તો મળશે જ પણ જીવતા પણ બહુ મોટું માન મળશે. એ પણ દાદા ખાચર, પર્વતભાઈ, જોબન પગી જેવો અનેકનો આદર્શ ભક્ત બનશે.

માટે નિત્ય પૂજાપાઠ કરવા, તિલક ચાંદલો કરવો, શ્રીહરિનું સ્મરણ કરવું, સારા મિત્રોનો સંગ રાખવો, નિત્ય મંદિરે જવું, કુસંગ અને કુટેવોથી છેટા રહેવું, ખરાબ જોવું, સાંભળવું કે વાંચવું નહિ, કોઈ પણ

પ્રકારનું વ્યસન રાખવું નહીં, સહુમાંથી સારું સારું ગ્રહણ કરવું. સહુની ખામીઓ નહિ પણ ખૂબીઓ ખોળવી. ગુણગ્રાહી સ્વભાવ કેળવવો અને ખૂબ શ્રદ્ધાથી સત્સંગ, સેવા અને ભજન-ભક્તિ કરવા, સત્સંગ સભાઓ ભરવી, સમૈયા ઉત્સવમાં શ્રદ્ધા રાખી સેવા કરવા માટે સમય ફાળવવો, આચાર્યશ્રી, સંતો-હરિભક્તો, તીર્થો, ધામો, વગેરેનો ખૂબ મહિમા રાખવો, થાય એટલી એમની સેવા કરવી તો આપણને પણ મહારાજ જરૂર સાચી સમજણ આપશે, આલોકમાં સુખ આપશે અને અંતે અક્ષરધામ આપશે.

આખ્યાન રૂડિયા રખડુંનું, ધારજો સર્વે ઉર,
હરિ સંતનો મહિમા, દિલે થશે ભરપુર...૫૭

અહો દયાળુ છે હરિ, એવા જ એના સંત,
રૂડિયા રખડું જેવાના, ભવનો આણ્યો અંત...૫૮

ભાગ્ય જાણો એ જીવના, જેને મળ્યા છે સંત,
સંતકૃપાથી પામશે, જલ્દી તે ભગવંત...૫૯

એવી પ્રેરણા આપતું, રૂડું આ આખ્યાન,
લખ્યું છે રાજી કરવા, સંતો ને ભગવાન...૬૦

હરિભક્તો પણ થજો, રાજી અતિ અપાર,
જ્ઞાનજીવનને રાજીપો, જીવન મૂડી સાર...૬૧

વિક્રમ સંવત બે હજાર, ઓગણસિતેર સાલ,
અષાઢ સુદિ બીજ દિ'ને, લખી કથા આ રસાલ...૬૨

નદી ઉતાવળી કાંઠડે, રૂડું છે કુંડળધામ,
ઝરમર વરસે મેહુલો, રાજીપો ઘનશ્યામ...૬૩

એવા કાળે આ લખિયું, રૂડિયાનું આખ્યાન,
કથા વાંચીને શિખીએ, આપણે રૂડું જ્ઞાન...૬૪

આ રીતે આ **'શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન'** ગ્રંથમાં ભક્તરાજ જોબન પગી તથા રૂડિયા રખડુંનું આખ્યાન **સંવત્ ૨૦૬૯ અષાઢ સુદ-૨ રથયાત્રા, તારીખ ૧૦/૭/૨૦૧૩ બુધવાર**ના રોજ ઉતાવળી નદીને તીરે તીર્થધામ કુંડળમાં પૂર્ણ કર્યું છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે રૂડિયા રખડુનાં આખ્યાનમાં 'રૂડાભગત ઉપર શ્રીહરિનો રાજીપો કહ્યો' એ નામે પાંચમો અધ્યાય થયો. ।।૫।।

ઈતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી કુંડળધામ લિખિત

શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન ગ્રંથ મધ્યે

રૂડિયા રખડુંનું આખ્યાન કહ્યું એ નામે

બીજું પ્રકરણ સમાપ્ત ।।૨।।





સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ પધરાવેલ મૂર્તિ તથા ચરણારવિંદ




સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીએ પધરાવેલ મૂર્તિ



સદ્.શ્રીજોગેશ્વરસ્વામીએ પધરાવેલ મૂર્તિઓ

બોટાદના મંદિરોમાં ક્રમશઃ પધરાવેલી મૂર્તિઓ તથા
સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ પધરાવેલા શ્રીજીમહારાજનાં ચરણારવિંદ



સદ્.શ્રીગોપાળાનંદસ્વામી


સદ્.શ્રીમુક્તાનંદસ્વામી


સદ્.શ્રીસાંખ્યાનંદસ્વામી


સદ્.શ્રીધ્યાનાનંદસ્વામી

બોટાદ સત્સંગ સ્થાપક-પોષક-રક્ષક પરમહંસો



વ્યાપકાનંદસ્વામીએ ઘોડી સજીવન કરી. તે જોઈ ભગા દોશી સત્સંગી થયા



ભાવનગરના મહારાજાને ભાઈચંદશેઠ ભગા દોશી માટે મળ્યા



ભાઈચંદશેઠ પુત્ર ભગાને લઈને શ્રીહરિ તથા સંતો માટે સીધું આપવા આવ્યા




ભગા દોશીની ભાવનાથી બોટાદમાં પધારતા શ્રીજીમહારાજ



રંગોત્સવ પ્રસંગે ગાડા ઉપર પલંગ અને તેની ઉપર ચાંગામાંચી પર બિરાજીત શ્રીહરિ




ભગા દોશીના યજમાન પદે બોટાદમાં ભવ્ય રંગોત્સવ યોજાયો



બાળ શિવલાલને વર્તમાન ધરાવતા સદ્. શ્રીગોપાળાનંદસ્વામી



બોટાદ મંદિરમાં શ્રીહરિનાં ચરણારવિંદ પધરાવી પ્રતાપ મૂકતા સદ્. શ્રીગોપાળાનંદસ્વામી



શિવલાલભાઇ વિગેરે ભક્તોને સત્સંગ લાભ આપતા સદ્. શ્રીગુણાતીતાનંદસ્વામી



વચનમૂર્તિ સદ્. શ્રીભાયાત્માનંદસ્વામીની સેવાથી વરદાન પામેલા શિવલાલ શેઠ









શિવલાલ શેઠની જૂની હવેલી. શિવલાલભાઈએ બનાવેલી હવેલીના ચાર ખંડમાં વિદ્યમાન સદ્.શ્રીગોપાળાનંદસ્વામી સભામંડપ. શ્રીહરિએ સ્નાન કર્યું હતું તે પ્રસાદીનો કૂવો. રંગોત્સવમાં શ્રીહરિએ ધારણ કરેલ વાઘા તથા બોટાદમાં બિરાજીત પ્રસાદીભૂત વસ્તુઓ.










૧.નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર, બોટાદ ૨.ભગાદોશીએ મંદિરમાં આપેલી ફૂલવાળી ચાખડીઓ
૩.ચાંગામાંચી તથા ગાડું ૪.પ્રસાદીનો ઢોલિયો



માતા જીજીબા ધામમાં ગયા છતાં સ્વાગત સાથે સ્નેહથી શ્રીહરિને ઘેર પધરાવતા ભક્તરાજ ગલુજી



પરિક્ષામાં સંપૂર્ણ પાસ થયેલા ડડુસરના ગલુજીભાઈને ભેટતા શ્રીજીમહારાજ

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

નિષ્ઠાવાન
શ્રીભગા દોશીનું આખ્યાન

પ્રકરણ-૩

અધ્યાય-૧
મંગલાચરણ તથા પૂર્વભૂમિકા

દોહા : પુરુષોત્તમ પરાત્પર, અક્ષરધામ નિવાસ;
સર્વોપરી અવતારી, એકાંતિક જન આશ...૦૧
સર્વધામ વાસીએ, વંદ્યા જેને સદાય;
પ્રથમવારે પધારિયા, ધરા પર અક્ષરરાય...૦૨
નિજમુક્તોને લાવિયા, ધર્મ સ્થાપન કાજ;
આત્યંતિકી મુક્તિ દેવા, ઈચ્છ્યા શ્રીમહારાજ...૦૩
ધર્મકુળ પાવન કર્યું, તેમાં પ્રગટી આજ;
પુરુષોત્તમ પધારિયા, પોતે રાજાધિરાજ...૦૪
સહેજે સહેજે તારિયા, કોટિ જીવોને આજ;
એવા સ્વામિનારાયણ, સુખદ શ્રીજીમહારાજ...૦૫
તવ એકાંતિક ભક્તના, લખું છું હું આખ્યાન;
જેથી મહિમા આપનો, સમજુ હે ભગવાન...૦૬

આપને રાજી કરવા, રીઝવવા આપજન;
જ્ઞાનજીવનને આપજો, બુદ્ધિ પ્રાણજીવન...૦૭

વહાલા ભક્તો ! ભગવત્‌ચરિત્રો સાંભળવાથી ભક્તને ભગવાનમાં પ્રેમ થાય છે, પ્રભુ પ્રસન્ન થાય છે; પરંતુ એક દૃષ્ટિએ જો વિચારીએ તો, ભક્ત માટે તો ભગવત્‌ચરિત્ર કરતાં પણ ક્યારેક ભક્તચરિત્ર વધારે ઉપયોગી અને પોષણ કરતાં નીવડે છે. કેમ જે, શ્રેષ્ઠ ભક્તો અન્ય ભક્તોના આદર્શ છે. તેથી ભક્તચરિત્ર સાંભળવાથી તે ભક્તોએ ભગવાનને કેમ રાજી કર્યા ? સંતોને કેમ રાજી કર્યા ? કયા માર્ગે ચાલવાથી તેઓ જલ્દી સિદ્ધિને પામ્યા, શ્રીહરિ પ્રસન્ન થયા. તે લોકોને ભગવદ્‌પ્રાપ્તિ માટે કેવાં કેવાં વિઘ્નોનો સામનો કરવો પડ્યો ? અને તેઓ કઈ રીતે તે વિઘ્નોને જીતી ભગવદ્‌ધામને પામ્યા ? આ બધી બાબતો ભક્તચરિત્રમાં આવે છે.

વળી, ભક્તચરિત્રો સાંભળવાથી તેમાં રહેલા ગુણો અને વિશેષતાઓનો ખ્યાલ આવે છે. તેથી આપણી ભૂલો ઓળખાય છે. ભક્તોનાં ગુણો સાંભળતાં આપણા અવગુણો દેખાય છે અને અંતરમાં એમ થાય કે, ‘અહો ! તે કેટલા નિર્માની છે અને હું શું કામ માન રાખું છું ? તે કેવા અનાસક્ત છે ? હું શા માટે આસક્તિ રાખું છું ? તે કેવા નિર્મમ છે ? અને હું શું કામ મમતા રાખું છું ? તે કેવા સદ્‌ગુણી છે ? હું શા માટે દુર્ગુણો રાખું છું ? અહો ! તેને કેવો સંત-શ્રીહરિનો માહાત્મ્યજ્ઞાને યુક્ત દૃઢ નિશ્ચય છે, કેટલો બધો વિશ્વાસ છે ! મારે તેમાં ખામી જણાય છે. તે ખામી મારે દૂર કરવી જોઈએ. આવી સીધી અસર થાય છે.

સોરઠા : **સુણતા ભક્ત ચરિત, ભક્તને ફાયદો થાય અતિ;**
થાય હરિમાં પ્રીત, નિષ્ઠા જામે નાથની...૦૮

તેમના જેવી ભૂખ, થાય હરિને પામ્યાની;
સહેજે પામે સુખ, એવી નિષ્ઠા કેળવતા...૦૯

અને પ્રભુપ્રાપ્તિમાં નડતરરૂપ દોષોને ઓળખીને ફેંકી દેવાની હિંમત આવે છે અને પ્રહ્‌લાદ, ધ્રુવજી જેવા પ્રાચીન કાળના ભક્તોનાં આખ્યાનો સાંભળીને અનેક લોકોએ ભગવાન મેળવવા અપાર બળ મેળવ્યું છે. અને મધ્યકાલીન યુગમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુકારામ, તુલસીદાસ વગેરે ભક્તોનાં આખ્યાનોથી અપાર લોકો ભગવાનને પામવા નીકળી પડ્યા છે, અને તે કાર્યમાં આવતા તમામ પાસાઓને પહોંચી વળવા સક્ષમ બન્યા છે.

વહાલા ભક્તો ! હજી તો બે સદી પૂર્વે જ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણનાં અવતરણથી આ ધરતી ઉપર કંઈક નૂતન ભક્ત, સંત એવં સન્નારીઓ આધ્યાત્મિક દુનિયામાં સૂર્યની જેમ ચળકી ઊઠ્યાં છે. પૂર્વકાલીન, મધ્યકાલીનની જેમ જ અર્વાચીનકાલના આ બધા મહાભક્તોનાં આખ્યાનો આજની પેઢીને અને આવનાર ભવિષ્યની અનેકાનેક પેઢીઓને મોક્ષમાર્ગનું પાથેય પૂરું પાડશે, એની મને પૂર્ણ ખાતરી છે. બસ એને માટે અમારા જેવા સાધુ-સંતોએ શાસ્ત્રો, વંશાવલી સાચવનાર બારોટો તથા એમના વંશ-વારસો એવં જૂના અનુભવી વયોવૃદ્ધ સંતો-ભક્તો પાસેથી, તે તે સંત-ભક્તની સંપૂર્ણ સાચી માહિતીઓ એકત્રિત કરીને, સારું આલેખન કરી, ગ્રંથનું સ્વરૂપ આપીને સત્સંગને સમર્પિત કરવાની સેવા કરવી જોઈએ; એમ હું માનું છું, અને તેથી જ આ કાર્ય કરવાની શ્રદ્ધા મને શ્રીહરિએ પ્રેરી છે.

વહાલા ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગણ્યા ગણાય નહીં એટલા મહાન સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો, હરિભક્તો અને મહિલા ભક્તો થયા છે. એમનાં એકેએકનાં આખ્યાનોનાં અણમોલ ગ્રંથો અનેક

જીવોનાં કલ્યાણ કરે એવાં રચી શકાય એમ છે. આ કાર્યક્ષેત્ર પ્રાયઃ વણખેડ્યું પડ્યું છે. અમે શ્રીહરિ ખેડાવશે એટલું જરૂર ખેડશું, પરંતુ આને ઝાઝું ખેડનાર કોઈક તો વીરલો ધરતી ઉપર જન્મશે.

હવે, દુનિયાનાં આધ્યાત્મિક માર્ગનાં પ્રવાસીઓને મંજીલ હાંસલ કરવામાં જે કાંઈ જરૂર પડે તેને પૂરી પાડતું એક આખ્યાન અહીંયાં આલેખવાનો શ્રીહરિસ્મૃતિસહ આરંભ કરું છું. આપણા સંપ્રદાયના શ્રીજીસમકાલીન સર્વથી શ્રેષ્ઠ ધનવાન બોટાદના ભગા દોશી તથા તેમના પુત્ર શિવલાલ શેઠનું અનુપમ આખ્યાન પ્રસ્તુત કરું છું.

દોહા : **અવની ઉપર આવિયા, પુરુષોત્તમ મહારાજ;**
સંગે મુક્તો લાવિયા, કરવા સહુનાં કાજ...૧૦
ધામ ધામના વાસીને, લાવિયા પૃથ્વી માંય;
મનમાં એવું માનિયું, સહુ અક્ષરધામે જાય...૧૧
વિવિધ કોટીના મુક્તને, કરવા છે મહામુક્ત;
તેથી આવ્યા પુરુષોત્તમ, અક્ષર મુક્તોએ યુક્ત...૧૨
જોગી ઋષિ તપસ્વીઓ, કરતા હતા સાધન;
પ્રગટ પ્રભુને પામવા, ઝાઝું કરતા જતન...૧૩
સિદ્ધ અસિદ્ધ સાધુઓ, ભક્ત રંક ને રાય;
યોગભ્રષ્ટ એ જીવોને, પુગાડ્યા અક્ષરમાંય...૧૪
અવતારના અવતારી આ, સર્વોપરિ મહારાજ;
સે'જે સે'જે જીવોના, કર્યા સર્વોપરી કાજ...૧૫

જ્યારે પુરુષોત્તમનારાયણની કૃપા થઈ અને એમણે જ અહીં આવીને એમની ઓળખાણ કરાવી, ત્યારે સર્વોપરી પુરુષોત્તમનારાયણની ઓળખાણ થઈ. શ્રીહરિ પોતાની ઓળખાણ કરાવવા માટે અનેક

મુક્તોને અક્ષરધામમાંથી સાથે લાવ્યા અને વળી, અન્ય ધામના મુક્તોને, ઋષિઓને, તપસ્વીઓને ને જોગી-જતીઓ વગેરે યોગભ્રષ્ટ આત્માઓને પણ પોતાની સાથે જન્મ ધરાવ્યાં અને સહુને પોતાના અક્ષરધામના મુક્તોનો યોગ કરાવ્યો. તેમની કસરો ટળાવી, પોતાના સ્વરૂપની સાચી ઓળખાણ આપી અને સહેજે સહુનું આત્યંતિક કલ્યાણ કર્યું.

ગુણાતીતાનંદસ્વામી કહેતા, **'ટોલો વિયાય તો લીખ આવે ને હાથી વિયાય તો ભેંશ જેવડું મદનિયું આવે.' તેમ બીજા દેવ-દેવીઓ કે અવતારોની ઉપાસના કરે તો તેવી પ્રાપ્તિ થાય અને સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે તો એનું સહેજે બહુ જબરું કલ્યાણ થાય. કેમ જે, સ્વામિનારાયણ ભગવાનની તો વાત જ જુદી છે.** જેમ બકરી દોઈએ અને ભગડી ભેંશ દોઈએ તેમાં ઘણો ફેર હોય. ભેંશ થોડુંક દૂધ આપે તોપણ ઘણું આવે, એમ પુરુષોત્તમનારાયણ થોડુંક કલ્યાણ આપે તોય મહાપુરુષ, પ્રધાનપુરુષ કે વિરાટનારાયણ જેવું પદ આપે. **આવા સર્વાવતારી શ્રીહરિ અને તેમના સંતો સામે ચાલીને અનેક મુમુક્ષુઓને મળ્યા છે, તેમનો ઉદ્ધાર કર્યો છે. આવા જ બાપ-દિકરાની બેલડી જેવા બે મુમુક્ષુ એટલે બોટાદવાસી ભગા દોશી તથા શિવલાલ શેઠ...** તેમાં પણ બાપ કરતાં બેટો સવાયો એ ન્યાયે શિવલાલ શેઠ સર્વોત્તમ છે, તે પૂર્વજન્મમાં સિરપુર શહેરના રાજા સિદ્ધવલ્લભ હતા.

સર્વ જીવોને મળિયા, સામે ચાલી મહારાજ;
તેમાંય કસર જો રહી, તો જન્મ દઈ કર્યું કાજ...૧૬
એવા રાજા સિદ્ધવલ્લભ, જેને મળ્યા વર્ણિરાય;
સર્વોપરિ ન જાણ્યા તેથી, જન્મ આવિયો આંય...૧૭
ધન્ય ધન્ય કાઠિયાવાડને, ધન્ય ધન્ય બોટાદ ગામ;
ધન્ય ધન્ય દોશી કુળને, ધન્ય ધન્ય શિવલાલ નામ...૧૮

સંત પ્રેમી એ પૂર્વેના, હતા સિદ્ધવલ્લભ રાય;
સંતમાં પ્રીતિ પ્રગટી, એને આ જનમમાંય...૧૯
મીઠા દોશીના દિકરા, ધારશી દોશી ઈંદ;
તેના પુત્ર શોભા દોશી, તેના છે ભાયચંદ...૨૦
તેના પુત્ર ભગો દોશી, જે નગર શેઠ ગણાય;
શિવલાલ છે પુત્ર તેનો, સત્સંગે મુક્ત મનાય...૨૧
પિતા પુત્રનું પ્રેમથી, કહું રૂડું આખ્યાન;
સુણતાં સદ્‌ગુણ સાંપડે, તેથી રીજે ભગવાન...૨૨
શ્રીજીના જન સહુ સુણજો, ગ્રહણ કરજો સાર;
શિવલાલ જેવા ગુણ પામી, કરજો બેડો પાર...૨૩

આ સંપ્રદાયમાં એવો તો કોણ કવિ કે લેખક છે કે જે, ભગા દોશી અને શિવલાલ વિશે કલમ ચલાવ્યા વિના રહ્યા હોય. આથી મનમાં એમ થાય છે કે, 'શિવલાલ શેઠમાં તથા તેમના પિતામાં કેવાં સદ્‌ગુણો હશે ?' હવે તો તે જાણવા આપણે તે તે કવિ, લેખકના સાહિત્યને જ ફંફોળવું જોઈએ. ભગા દોશીનું જીવનવૃત્તાંત કવિ માવદાનજીએ થાય તેટલું સંશોધન કરીને સત્સંગને અર્પ્યું છે, તે આ આલેખમાં અમને ઘણું જ ઉપયોગી થયું છે.

મૂળીના વાઘજીભગત નિજકૃતિ 'પુરુષોત્તમચરિત્રપુષ્પમાળા' નામક ગ્રંથ લખતા આરંભમાં જ જેને પરમ વંદનીય જાણીને આ રીતે વંદના કરે છે,

શાર્દૂલ : **જેને શ્રીજી વિના કદાપિ સ્વપ્ને, સંકલ્પ સ્ફૂર્યો નથી,**
બુદ્ધિમાન વિધિ સમાન કહીએ, વિરક્ત વહેવારથી;
માનિતા નિજ જ્ઞાતિ ને નગરમાં, તે રાજ્યમાં મોવડી,
હાલે હૂંડી હરેક રાજ્ય હદમાં, એવી પ્રતિભા પડી.

જાણે છે સત્સંગમાં સહુ જનો, ભક્તિ ભગાશેઠની,
જેનાથી શિવલાલની ઉપશમે, સ્થિતિ હતી ઠેઠની;
નિર્દોષી મહામુક્ત દોશી કુળમાં, બોટાદવાસી વળી,
આપો બુદ્ધિ વિશાળ ગ્રંથ રચવા, સ્તુતિ કરું છું લળી.

આ બે શ્લોકમાં તેમના આખા જીવનનો એકદમ ટૂંકમાં સાર ખડો કરી દીધો છે. જે બ્રહ્મા સમાન બુદ્ધિશાળી હોવા છતાં વ્યવહારથી વિરક્ત હતા, આખા રાજ્યમાં જેમની હૂંડી ચાલતી છતાં તેઓ ભક્તિમાં રત હતા, ખુદ બોટાદ શહેરના નગરશેઠ હોવા છતાં પ્રગટ શ્રીહરિમાં અખંડવૃત્તિ રાખતા; અઢળક સુખ, સંપત્તિમાં આળોટતા હોવા છતાં સ્વપ્નમાં પણ સ્વામિનારાયણ ભગવાન વિના બીજા સંકલ્પ થતા નહીં, અને ભગા દોશી કરતાં પણ શિવલાલ શેઠની સ્થિતિ તો ઠેઠની હતી. કહેતાં, એ તો અખંડ મૂર્તિમાળે રમનારા મહામુક્ત હતા. ત્યારે જ તો ગ્રંથલેખકો એમનો મહિમા જાણીને મંગલાચરણમાં એમની સ્તુતિના શ્લોકો રચતા હશેને..!

તેઓ જૈન પરિવારમાં જનમ્યા હતા. કેમ જે, ભગા દોશીના પિતા ભાઈચંદ શેઠ જૈનધર્મના આગેવાન હતા, છતાં તેમને કેવી રીતે સત્સંગ થયો ? તે બાબત જાણવા જેવી છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'લેખકે મંગલાચરણ તથા પૂર્વભૂમિકા કહી' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

ભગા દોશીનો જન્મ તથા સત્સંગ

દોહા : **કોટિ ધ્વજ શાહુકાર, ઓર વસ્તીમાં નહિ વાદ;**
કહું કાઠિયાવાડમાં, બડુ પુર બોટાદ.

જેમ પ્રાચીનકાળથી આજ દિન સુધી દેવાલયો ઉપર ધજા ચઢે છે, તેમ જ પહેલાના વખતમાં રાજાના રાજમહેલ ઉપર પણ ધજાઓ ચડતી - વાવટો ફરકતો, અને તેમ જ જે શાહુકારની પેઢીમાં એક કરોડ તે સમયના ચાલતા સિક્કાઓ હોય, તે કોટિધ્વજ કહેવાતાં અને તેની પેઢી ઉપર પણ રાજઆજ્ઞાથી ધ્વજો ફરકાવતા; તેથી જ કોટિધ્વજ શબ્દ વપરાય છે. એમ ભાવનગરના ચારણી સાહિત્યમાં ઈતિહાસકારો લખે છે.

વિ.સં.૧૮૬૧ આસપાસના કાળમાં બોટાદ શહેરના ગામધણી હમીર ખાચર હતા. ભાવનગર નીચેના પરગણામાં આ સહુથી મોટું શહેર ગણાતું. હમીર ખાચર મહા શૂરવીર અને ઉદાર હતા. તેમને ત્યાં વીશ વર્ષની ઉંમરે એક દીકરાનો જન્મ થયો હતો, તેનું નામ દાહા ખાચર હતું; એ તો પિતા કરતાં પણ સવાયા શૂરવીર, ઉદાર, સત્સંગપ્રેમી અને પ્રગટ ભગવાન સ્વામિનારાયણના મહાન ભક્ત થયા હતા, અને હમીર ખાચરને એક બીજો દીકરો થયો હતો, તેનું નામ જસા ખાચર હતું. પરંતુ તેમને કોઈ વારસ ન હતો. હમીર ખાચરના દરબારમાં લગભગ પચાસ ઉપર ઉત્તમ જાતિના ઘોડા-ઘોડીઓ હતા. તેમાં એક તાજણ જાતિની ઘોડી હતી.

આ સમયે ભાઈચંદભાઈ દોશી બોટાદના નગરશેઠ હતા. તેમને એક જ પુત્ર હતો. **તેમનો જન્મ આશરે સં.૧૮૪૭માં થયો હતો. તેનું નામ ભગા દોશી હતું.** ભાઈચંદ શેઠ ચુસ્ત જૈનમતને માનનારા વિસાવાણિયા હતા. ભગા દોશીને ૧૫ વર્ષની ઉંમરે સત્સંગ થયો હતો.

બોટાદના ગામધણીના પુત્ર દાહા ખાચર અને નગરપતિના પુત્ર ભગા દોશી, આ બંને નાનપણથી ગોઠિયા-મિત્ર હતા. તે સમયમાં બોટાદ, લીંબડી અને ગોંડલ, આ ત્રણ ગામ જૈનોના ગઢ ગણાતાં હતાં, એવા ચુસ્ત જૈનવાદી ભગા દોશીને કેવી રીતે સત્સંગ થયો ? એ ઈતિહાસ હવે લખું છું.

કારિયાણીના માંચા ખાચર, ગઢપુરના એભલ ખાચર અને બોટાદના હમીર ખાચર, તેઓ ભાયાતો થતા હતા, અને અરસપરસ સ્નેહી અને મિત્ર હતા. સં.૧૮૬૧માં શ્રીહરિ કારિયાણી ગામ પધાર્યા. ત્યાંથી ગઢપુરમાં આવ્યા. ત્યારે એભલ ખાચરના કહેવાથી નજીકના ગામોના ઘણા દરબારો શ્રીફળ લઈ શ્રીહરિનાં દર્શને જતાં. બોટાદના હમીર ખાચર પણ પાણી વિનાનું જેવું તેવું શ્રીફળ લઈ તેમની સાથે ગઢપુર આવ્યા. શ્રીહરિએ તેમનું નાળિયેર માગ્યું અને ભગુજીને કહ્યું કે, 'આ શ્રીફળ તોડી પાણી કાઢો. પછી શેષ કાઢી હમીર ખાચરને જમાડો.' દરબારને ખબર હતી કે, 'પોતાનું શ્રીફળ ખરાબ હતું, પરંતુ ભગુજીએ વધેરી પાણી કાઢ્યું તો લોટો ભરાય એટલું પાણી નીકળ્યું.' શ્રીહરિએ તે પાણી હમીર ખાચરને પાયું, ત્યાં તેમનું અંતર ટાઢું થઈ ગયું; પરમ શાંતિનો અનુભવ થયો. પછી શ્રીફળની શેષ જમી પ્રસાદીભૂત ટોપરું પણ તેમને આપ્યું. આ પ્રસાદી જમવાથી હમીર ખાચરમાં પરિવર્તન થયું.

દોહા : **હમીર ખાચર બોલિયા, મને કંઠી બાંધો નાથ;**
આવ્યો તમારે શરણે, હરિ ઝાલો મમ હાથ...૨૪
કોણ જાણે આ જન્મે, પ્રગટ્યાં મારાં પુન્ય;
ભેટો થયો હરિ આપનો, રહી નહિ કોઈ નુન્ય...૨૫
શરણે રાખો સદા હવે, જાણી તમારો દાસ;
આજ આપથી મુજને, થયો જ્ઞાન પ્રકાશ...૨૬

આવી તેમની વિનંતિ સાંભળીને શ્રીહરિએ તેમનું કાંડું ઝાલ્યું. હાથમાં જળ આપી વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. કાળ-માયા આદિ ભય દૂર કર્યા. આ રીતે હમીર ખાચરને સત્સંગ થયો. પછી તેઓ બોટાદ આવ્યા. થોડા સમય બાદ તેમણે શ્રીજીમહારાજને બોટાદમાં તેડી લાવવા માટે પોતાના પુત્ર દાહા ખાચરને ગઢપુર મોકલ્યા.

ત્યારે મહારાજ કહે, ‘અત્યારે ઉત્તર ગુજરાતના સિદ્ધપુર શહેરમાં સમૈયો કરવાની કંકોત્રીઓ લખાઈ ગઈ છે, એટલે અમારે ત્યાં જવું પડશે; પરંતુ મારી બદલીમાં આ મોટા વ્યાપકાનંદસ્વામીને તેડી જાઓ, તે ત્યાં આવી તમોને ધર્મ, જ્ઞાન અને ભક્તિસભર વાતો કરી સુખ આપશે.’

એટલે દાહા ખાચર શ્રીહરિને બદલે સં.૧૮૬૨માં માગસર માસમાં સદ્.શ્રીવ્યાપકાનંદસ્વામીને તેડીને બોટાદ આવ્યા. દરબાર હમીર ખાચરે સ્વામીનું ખૂબ સન્માન કર્યું. પોતાના એક ડેલીબંધ ફળીવાળા મોટા અલાયદા ઓરડામાં ઉતારો આપ્યો. સહુ મુમુક્ષુઓ તથા સત્સંગપ્રેમી બોટાદવાસી લોકો સ્વામીનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા. બે-પાંચ દિવસ ગયા ત્યાં હમીર ખાચરે સ્વામીને પોતાના દરબારમાં પધરામણી માટે તેડાવ્યા. પુત્ર દાહા ખાચરને દરબારગઢમાં સ્વામીનું સ્વાગત કરવા માટે રાખ્યા. તેઓ સર્વ તૈયારી કરી સંતોના આગમનની રાહ જોતા હતા. સ્વામી નદીએ સ્નાન માટે ગયેલા, તેથી થોડું મોડું થયું હતું. તે જ સમયે દરબાર હમીર ખાચરની તાજણ નામની ઘોડીને પેટમાં પીડા ઊપડી અને અચાનક તેનું પ્રાણ પંખીડું ઊડી ગયું.

આ ઘોડીને દરબારે અનેક પ્રકારની તાલીમ આપી પાંચ વર્ષની ઉંમરે ચડાઉ કરી હતી. તેનાં વખાણ સાંભળીને તે સમયનાં ભાવનગરનરેશ વખતસિંહજીએ દસ હજાર કોરીમાં ઘોડીની માંગણી કરી હતી, પણ હમીર ખાચરે આપી ન હતી; એવી તે ઘોડી તેમને અતિશય વહાલી હતી. એ જમાનામાં પ્રાયઃ પચાસ-સાઠ રૂપિયામાં ઘોડી

મળતી હતી. અને જો ભાવનગરનરેશ જેવાને દશ હજાર રૂપિયામાં પણ ન આપી હોય તો સમજી શકાય છે કે, પ્રીતિની અતિશયતા કેટલી હશે ? આ મમતાને કારણે ઘોડી મરવાથી આખા દરબારગઢમાં દુઃખમય વાતાવરણ સર્જાણું.

જેમ કુટુંબમાં કોઈનું મરણ થાય ને દુઃખ થાય તેમ સહુને દુઃખ થયું; સહુ અતિ દિલગીર થઈ ગયા. સ્વામીને તેડીને હમીર ખાચર દરબારગઢમાં આવ્યા અને પોતાની તાજણ ઘોડી મરી ગઈ છે, આવા સમાચાર મળતાં હમીર ખાચરની આંખમાંથી આંસુંની ધારા થવા લાગી; પોક મૂકીને રડી પડ્યા. અતિ પ્રિય તાજણ ઘોડી અચાનક મરી જતાં દરબારને અતિ આઘાત લાગ્યો. લડથડિયું આવ્યું ને પડવા જતા બાજુના માણસોએ પકડી લીધા. જાણ થતાં આજુબાજુના માણસો પણ ભેગા થઈ ગયા.

અતિશય રુદન કરતાં હમીર ખાચરને જોઈને વ્યાપકાનંદસ્વામી કહે, **'दरबार काईकुं कल्पांत करते हो ?'** તેમણે ઘોડી સામી આંગળી ચીંધતા કહ્યું, 'હે સ્વામી ! આ મારી ઘોડીની ભાવનગરનરેશે દશ હજાર કોરીમાં માંગણી કરી, છતાં મેં આપી ન હતી; એવી મારી પ્રિય ઘોડી મરી ગઈ.' એમ કહેતાં અતિ આક્રંદ કરવા લાગ્યા. સ્વામીને અતિશય દયા આવી. પછી સુતેલી ઘોડી પાસે જઈ વ્યાપકાનંદસ્વામી કહે, **'हमीर खाचर, तेरी ताजण मर नहि गई है, वो तो आराम करती है ।'** એમ કહી જળનો લોટો મંગાવી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' મહામંત્ર બોલી, ઘોડી ઉપર પાણીની અંજલી છાંટી. પછી પોતાના હાથમાં લાકડી હતી તે ઘોડીને અડાડી; સ્વામી કહે, **'तेजण को लाठी की जरूरत नहीं है, ऊठ खडी हो जा...'** એમ જ્યાં સ્વામી બોલ્યા, ત્યાં તરત જ તાજણ ઘોડી હાવળ નાખી(હણહણી) ઊભી થઈ. આ ચમત્કાર જોઈ સહુ આશ્ચર્ય પામ્યા. દરબારગઢમાં ઉપસ્થિત તમામ લોકોનાં મનમાં

અતિ આનંદ થયો. પછી સંતો સાથે વ્યાપકાનંદસ્વામી દરબારગઢની ઓસરીમાં પધરામણી માટે પધાર્યા. સંતો મુક્તાનંદસ્વામીકૃત...

અનુભવીને અંતરે રહે રામ વાસે રે,
તે બોલે તે સાંભળે દૃષ્ટિ પ્રકાશે રે.

આ કીર્તન બોલ્યા. પદો પૂરાં થતાં હમીર ખાચર તથા દાહા ખાચરે સ્વામી તથા સંતમંડળની પૂજા કરી, સહુને પ્રસાદ વહેંચ્યો. ઘોડી સજીવન કર્યાના સમાચાર બોટાદ શહેરમાં વાયુવેગે પહોંચી ગયા. તેથી તે સમયે સેંકડો માણસો દરબારગઢમાં આવવા લાગ્યા. પુરુષોના વિભાગમાં પુરુષો, સ્ત્રીઓના વિભાગમાં સ્ત્રીઓ અને બાળકોના વિભાગમાં બાળકો ભગવાન જેવા પ્રતાપી સંતનાં ભાવથી દર્શન કરી, પ્રસાદ જમી પાવન થયા.

❋ ભગા દોશીએ વર્તમાન ધરાવ્યા :

પોતાને ત્યાં સંતો પધારવાના હતા તેથી દાહા ખાચરે પ્રથમથી જ મિત્ર ભગા દોશીને પોતાને ઘેર બોલાવેલા. તેથી હમીર ખાચરની ઘોડી વ્યાપકાનંદસ્વામીએ જીવતી કરી તે સમયે ભગા દોશી ત્યાં હાજર હતા. ઘોડી જીવતી કર્યાના પ્રસંગને પંદર વર્ષના ભગા દોશીએ નજરે જોયો. તેથી તેમના મનમાં વિચાર આવ્યો કે, **'જેના સાધુ આવા સમર્થ હોય તો તેમના ગુરુ સ્વામિનારાયણ જરૂર ભગવાન હોય.'** આમ વાણિયાબુદ્ધિથી વિચારી મિત્ર દાહા ખાચરની સાથે ઉતારે વ્યાપકાનંદસ્વામી પાસે આવ્યા. જેમ લોઢું ચુંબકમાં ખેંચાય, તેમ પૂર્વના આ મુક્તાત્માને સ્વામીમાં ખૂબ જ ખેંચાણ થયું. અને તે જ સમયે **સં.૧૮૬૨માં વ્યાપકાનંદસ્વામીના હાથે જ પંદર વર્ષના ભગા દોશીએ વર્તમાન ધાર્યા, કંઠી પહેરી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા.**

પછી સ્વામી કહે, 'સાંભળ ભગુ ! સ્વામિનારાયણ ભગવાન અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે. આજ કળિયુગમાં કરોડો જીવોનું

કલ્યાણ કરવા માટે પ્રગટ થયા છે. તેમની પાસે હું એક નહિ, મારી જેવા પાંચસો ઉપરાંત પરમહંસો છે. સહુ અતિ સ્નેહથી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે અને **શ્રીહરિ પણ પોતાના આશ્રિતોને અંતસમયે દર્શન આપીને અક્ષરધામમાં તેડી જાય છે. માટે કોઈ પણ ભોગે સત્સંગ છોડતો નહીં, તો તારો બેડો પાર થશે.**' વ્યાપકાનંદસ્વામીની આ વાત ભગા દોશીના જીવનમાં શીરાની જેમ ગળે ઊતરી ગઈ.

ત્યારથી પોતાની ઉંમરના મિત્ર દાહા ખાચરની જેમ 'નાહી-ધોઈ પૂજા-પાઠ કરવા, સ્વામિનારાયણ ભગવાનની માળા ફેરવવી ને પછી જ જમવું' આવું નિયમ રાખ્યું. જગમાં કહેવત છે કે, 'વીહો વૈષ્ણવ થાય નહીં.' પણ આ રીતે જૈન પરિવારમાં જન્મેલા ભગા દોશીને સત્સંગનો રંગ લાગ્યો...

✵ મેં સત્સંગનું અમૃત પીધું છે :

પછી પૂજા-પાઠ વગેરે નિત્યવિધિ કરીને જ ભગા દોશી મિત્ર સાથે નિશાળે ભણવા જતા. આ તેમનો રોજનો કાર્યક્રમ થઈ ગયો. તેથી એક દિવસ શાળાના મહેતાજી ભગા દોશીનું કાંડું ઝાલીને નગરશેઠને ઘેર આવ્યા ને શેઠાણીને કહ્યું, 'આ તમારો લાડલો દીકરો સત્સંગી થયો છે. ગામધણી હમીર ખાચરના દરબારમાં સ્વામી આવ્યા છે. તેમની પાસે નિત્ય જાય છે. સ્વામીનો બહુ રંગ લાગી ગયો છે. નિશાળમાં પાઠ વાંચતાં પણ 'સ્વામી સ્વામી' બોલ્યા કરે છે. સ્વામીએ જાણે કાંઈ આના ઉપર કામણ કર્યું હોય એવું લાગે છે. વળી, ભાઈચંદ શેઠનો સ્વભાવ ઉગ્ર છે, તેથી મને ઠપકો આપશે. શેઠાણી ! આની બેઠક-ઉઠક સારી નથી. માટે તમારી પાસે આ વાત કહેવા આવ્યો છું.' એમ કહી મહેતાજી ત્યાંથી ચાલી ગયા.

પછી શેઠાણી કહે, 'બેટા ભગુ ! તું હવે હમીર ખાચરના દરબારમાં જઈશ નહીં. તારા પિતાને ખબર પડશે તો તારો ઘાણ કાઢી નાખશે.'

પુત્ર કહે, 'મા..! મને સ્વામિનારાયણ નામની લગની લાગી છે. હવે મેં આ દેહ અને જીવ સ્વામીને અર્પણ કર્યા છે. મેં સત્સંગનું અમૃત પીધું છે, મને સાચી ચિંતામણિ મળી છે, તેની ગાંઠ બાંધી છે; તે હવે બાપના વઢવાની બીકે પણ નહિ છૂટે.'

ત્યારે શેઠાણી કહે, 'બેટા ! આપણા બાપ દાદાનો જૂનો ધર્મ છોડાય નહીં.' એટલે નિષ્ઠાપૂર્વક ભગાભાઈએ કહ્યું, 'માતા ! થોડા દિવસો પહેલા સ્વામિનારાયણના સંત વ્યાપકાનંદસ્વામીએ દરબારની ઘોડી જીવતી કરી હતી, તે વાત આખું બોટાદ જાણે છે. **જેના સંતમાં આવી સામર્થી હોય..! તો તેના ભગવાન કેવા સમર્થ હશે..! માટે સત્સંગ તો હવે મારાથી નહિ છૂટે.'** ત્યારે શેઠાણી કહે, 'બેટા ! તારી વાત સાચી, અપાસરામાં પણ સહુ સ્વામીનાં ગુણ ગાય છે, પરંતુ આ પાંચમા આરામાં પ્રભુ હોય નહીં; માટે તું સ્વામીને છોડી દે.'

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગા દોશીનો જન્મ તથા તેમને સત્સંગ થયો' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

ભગા દોશીની નિષ્ઠા અને પરીક્ષા

મા-દીકરાનો આવો મીઠો સંવાદ ઘરમાં ચાલતો હતો, ત્યાં માથે વાંકી પાઘડી, એક હાથમાં કૂંચીનો ઝૂડો અને બીજા હાથમાં લાકડી ઝાલી નગરશેઠ ભાઈચંદભાઈ આવ્યા. તે જ સમયે ભગાભાઈને છીંક આવી, તેથી તે છીંક ખાઈ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' આમ બોલ્યા. આ નામ સાંભળતાં જ ભાઈચંદ શેઠે ક્રોધથી કહ્યું, "ભગા..! એ શું બોલ્યો ? આ નામ તને ક્યાંથી વળગ્યું ?" એટલે શેઠાણીએ કહ્યું, "મહેતાજી પણ શાળામાંથી આવ્યા હતાં અને કહેતાં હતાં કે,

'નિશાળમાં પણ સતત સ્વામી, સ્વામી બોલ્યા કરે છે.' પાછળથી તેમને ઠપકો ન સાંભળવો પડે તેથી તેમણે અહીં આવી બધી વાત કહી હતી."

✹ ભાઈચંદભાઈએ ભગા દોશીને આપેલું દુઃખ :

નગરશેઠ ભાઈચંદભાઈ ચુસ્ત જૈન હતા. એટલું જ નહિ, જૈન મતના આગેવાન હતા. તેથી તેમનું સંતાન જૈનમત છોડી કોઈ બીજાને માને તે તેમનાથી સહન થાતું નહીં. માટે તેમણે ઘણી ઉપાધિ કરી તરત જ ભગા દોશીને ઘરમાં પૂરી તાળું વાસી દીધું અને શેઠાણીને કહ્યું, 'આને ખાવા-પીવા દેતી નહીં. આ તારો જ વાંક છે, તેં મને અત્યાર સુધી વાત કેમ કરી નહિ ?' વગેરે શેઠાણીને ઘણો ઠપકો આપ્યો. આ રીતે પુત્રને ઘણું દુઃખ આપ્યું.

પરંતુ બીજે દિવસે અંતરમાં લાગણી જાગી, તેથી ઘરમાંથી બહાર કાઢી તેમને સમજાવવા લાગ્યા. કેમ જે, ભગો તેમનો એકનો એક દીકરો હતો. પરંતુ ભગા દોશીએ શિરસાટે સત્સંગ રાખ્યો. તે તેમના સમજાવ્યા કાંઈ જ સમજ્યા નહીં. તેથી તેમના પિતા ભાઈચંદભાઈએ પુત્રને ખૂબ દુઃખ દીધું. ત્યારે ભગા દોશીની માતાએ ભાઈચંદભાઈને કહ્યું, 'તમે તે સત્સંગ કરે છે તેમાં તેને આટલું બધું શું કરવા દુઃખ આપો છો ?, તેને સ્વામિનારાયણને ભજવા દ્યોને.' ત્યારે ભાઈચંદભાઈએ ક્રોધાવેશમાં આવી તેને ડમણું(નાની લાકડી) માર્યું. તેથી સોનાનો ચૂડો ભાંગી ગયો. પછી કહે, 'રાંડ તારે તેનું ઉપરાણું લેવું હોય તો મારા ઘરમાંથી નીકળી જા.' આમ કહ્યું. તેથી શેઠાણી બિલકુલ ચૂપ થઈ ગયા.

ભાઈચંદભાઈએ આવી અનેક ઉપાધિઓ કરી છતાં ભગાએ કંઠી ન તોડી. ઊલટાનું તેમના પિતાને કહ્યું, **'તમે હોકો પીઓ છો, વ્યસન કરો છો, મહિનામાં બે વાર જ સ્નાન કરો છો. અને હું તો રોજ નાહી ધોઈ, પવિત્ર થઈ પ્રભુભજન કરું છું. કોઈ વ્યસન કરતો નથી. છતાં મને શા માટે દુઃખ દો છો ?'** આવાં પુત્રનાં વચન સાંભળ્યાં.

ભાઈચંદભાઈ સ્વભાવના આંકરા પણ બુદ્ધિશાળી હતા. તેથી વિચાર્યું આ ડરાવવાથી કે દબાણથી નહિ સુધરે. આની પાસે ધીરજ રાખી કામ લેવું પડશે. આમ વિચારી મનમાં ઘણી ધીરજ રાખી ભગાને પોતે દશ-પંદર દિવસ સમજાવ્યા. અને અન્ય સંબંધીઓ દ્વારા પણ સમજાવવાનો પ્રયત્ન કર્યો, છતાં નિષ્ફળ ગયા. તેથી નગરશેઠે વિચાર્યું કે, 'લોકો મૂંઝાય ત્યારે મારી સલાહ લે છે, પરંતુ હું મારું આ દુઃખ કોને કહું ?' પછી તેમના દિલમાં વિચાર થયો કે, 'ભાવનગરનરેશે મને નગરશેઠનો ઈલ્કાબ આપ્યો છે. મારું માન રાખે છે અને પુત્ર પણ ભાવનગરના રાજાનું કે'ણ માનશે. માટે ભગાને ભાવનગર તેડી જાઉં અને ભાવનગર રાજા પાસે સામ, દામ, ભેદ અને દંડનો ઉપાય કરાવી મારી બગડેલી બાજી સુધારી લઉં.' આમ વિચારી એક દિવસ પુત્રને કહ્યું, 'બેટા ભગા ! આપણે ભાવનગર જાવું છે.'

આ વાત સાંભળી ભગા દોશીને ખ્યાલ આવી ગયો કે, 'મારા પિતાશ્રી મને ભાવનગર લઈ જઈને રાજા દ્વારા દબાણ કરાવી સત્સંગ છોડાવશે. તેથી તે ડરના માર્યા કંઈક ઉપાય શોધવા માટે વ્યાપકાનંદસ્વામી પાસે આવ્યા અને કહે, "સ્વામી ! અમને બાપ-દીકરાને ઘણી તકરાર થઈ છે, છતાં મેં સત્સંગ છોડ્યો નથી. નિત્ય પૂજા-પાઠ કરું છું, પરંતુ હવે મને મારા બાપા સત્સંગ છોડાવવા માટે ભાવનગરનરેશ વખતસિંહ પાસે લઈ જાય છે, તે પણ સત્સંગના દ્વેષી છે. માટે મારે શું કરવું ?"

ત્યારે સ્વામી કહે, **"ભગુ ! ધાર્યું ભગવાનનું થાય છે, માટે ચિંતા કરતો નહીં. લીધેલી ટેક મૂકતો નહિ. ભગવાન તારું રક્ષણ કરશે. માતા-પિતાની સેવા કરજે, તેમનું માનજે. હા, પ્રભુભજનની ના કહે તેમાં વિવેક રાખજે. બીજી તેમની બધી વાત માની તેમને અનુસરજે. તેથી સ્વામિનારાયણ ભગવાન તારી સાથે રહેશે. અને ત્યાં દરબારમાં**

કોઈ પ્રકારની આકરપ કે તોફાન કરતો નહીં, વિનયથી વાત કરજે." આમ, સ્વામીનાં આશીર્વાદસહ સલાહ લઈ ભગા દોશી ઘેર આવ્યા. તેમનાં દિલમાં સંતોષ થયો કે, 'મારાં ગુરુનાં આશીર્વાદ મારી સાથે છે, તેથી ભગવાન મારી સાથે રહેશે, હવે મારે ચિંતા નથી.'

થોડા દિવસો બાદ ભાઈચંદ શેઠ કહે, 'ભગા ! આપણે ભાવનગર માલ ખરીદવા જાવું છે તો તું પણ મારી સાથે ચાલ. તેં ભાવનગર શહેર નથી જોયું, તે જોઈ તને ગમે તેવી ચીજવસ્તુ લેજે, તૈયાર થઈ જા. આપણે જલ્દી નીકળવું છે.'

આ વાત સાંભળી ભગાની માતાને એમ થયું કે, 'તેમના પિતાનો ક્રોધ ઊતરી ગયો છે અને એકના એક પુત્રને શહેર જોવા તેડી જાય છે; તે ઠીક થયું.' એમ વિચારી કહે, 'બેટા ભગુ ! બાપુજી ભેળો જા અને લે આ પચાસ કોરીઉં, તારે લેવું હોય તે લેજે.' આમ કહીને કોરીઉં આપી. પછી બાપ-દીકરો બંને ભાવનગર ગયા.

✵ ભાવનગરનરેશ તથા ભાઈચંદભાઈનો સંવાદ :

બોટાદના નગરશેઠને આવેલા જોઈ મહારાજા વખતસિંહજી કહે, 'પધારો..! શેઠ, પધારો..! કુશળ તો છો ને..?' એમ કહી પોતાના આસનની બાજુમાં તેમને બેસાડ્યા. થોડા સમાચાર પૂછ્યા. પછી કહ્યું, 'આ તમારા પુત્રને ભણાવો છો ને ?' શેઠ કહે, 'હા, રાજાસાહેબ ! ભણાવું છું. અભ્યાસમાં બહુ હોંશિયાર ને બુદ્ધિશાળી છે. એક પાઠે બધું આવડી જાય છે, પણ...' એટલું કહેતાં શેઠ બોલતાં અટકી ગયા.

ત્યારે રાજાસાહેબ કહે, 'પણ..શું ? કાંઈ મુશ્કેલી છે ? દિલ ખોલીને વાત કરો. મારાથી બનતી મદદ કરીશ.' ત્યારે શેઠ કહે, 'ભગો એક વાતે મને બહુ દુઃખ દે છે, મારું કહ્યું માનતો નથી. એટલે આપની હજુરમાં સમજાવવા લાવ્યો છું. જો આપનું વચન માને તો બગડ્યો છે તે સુધરી જાય.'

ત્યારે રાજાસાહેબ કહે, 'શેઠ ! તે શું બગડી ગયો છે ? તે કહો. કાંઈ વ્યસન કરે છે ? કાંઈ અવળી લાઈને ચડી ગયો છે ? કાંઈ દારૂડિયો તો થઈ ગયો નથી ને..!!' શેઠ કહે, 'ના..ના..ના.. એવું કાંઈ નથી. એમ તો મારાં કરતાં વધારે નિર્વ્યસની છે, સદ્‌ગુણી છે, પણ તે અમારો જૈનપંથ છોડી સ્વામીપંથી થયો છે. અમે રહ્યા વિસા વાણિયા. લોકોમાં કહેવત છે, 'વિસો વૈષ્ણવ થાય નહીં,' પણ મારો ભગલો બગડી ગયો છે. જૂનો ધર્મ મૂકી નવો ધર્મ લીધો છે. માળો વૈષ્ણવ થઈ ગયો..! અરે..! હું જૈન સંપ્રદાયનો આગેવાન છું. મારો એકનો એક પુત્ર મારા બાપ-દાદાના સંપ્રદાયને તજી દે તેમાં મારી પ્રતિષ્ઠાની હાનિ થાય છે. હું આ દુઃખ આપ સિવાય કોને કહું..?! તેથી હું આપને શરણે આવ્યો છું, મને આ દુઃખથી ઉગારો.'

તે સમયમાં ભાવનગરનરેશ આતાભાઈ ઉર્ફે વખતસિંહની કીર્તિ પ્રસિદ્ધ હતી. તેઓ સાધુ, બ્રાહ્મણ, ગાય અને શરણાગતરક્ષક કહેવાતા. ગમે તેવો અપરાધી શરણે આવે તેના ગુના માફ કરતા. વળી, ભાઈચંદ શેઠને પોતાના કુટુંબ જેવા જ ગણતા. શેઠની આવી દીન વાણી સાંભળી દરબારને દુઃખ થયું. તેથી ઠાકોર વખતસિંહે ભગા દોશીને સમજાવવા માટે નાનો બાળક જાણી અતિ ભાવથી પોતાની પાસે બેસાર્યા.

દોહા : **સત્સંગ કરે જે ભાવથી, તેની કસોટી થાય;**
ટેક તજે ન મનથી તો, રાજી થાય હરિરાય...૨૭
પૂર્વે થયા જે ભક્તો, તેને તાવ્યા અપાર;
પરંતુ સાથે રહીને, તેણે જ કર્યા પાર...૨૮
ભક્તે કે દિ ના માનવું, દુઃખ દે છે બીજું કોય;
પરીક્ષા લેવા આપણી, હરિ જ એમાં હોય...૨૯
આવું દિલમાં માનીએ, તો સુખ રહે અપાર;
જેમ કસોટી થાય તેમ, થાય હરિમાં પ્યાર...૩૦

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગા દોશીની નિષ્ઠા અને પરીક્ષાની વાત કહી' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪
ભાવનગરનરેશ અને ભગા દોશીનો સંવાદ

ભાવનગરનરેશ ભગા દોશીને સત્સંગ છોડી દેવા બાબતે વાતો કરી સમજાવવા લાગ્યા. સમજાવવાથી ન માન્યા ત્યારે રાજાએ ભગા દોશીને ઘણી જાતના પ્રલોભનો આપ્યા, પણ ભગા શેઠે સત્સંગને જ અત્યંત સારરૂપ માન્યો હતો; તેથી કોઈ બાબતમાં લોભાયા નહીં.

सोरठा : जो जो लोभ देखाय, भूप ने कोटिक भातकर।
सत्संग सरस रहाय, तेहि कर क्षोभ न भयेउ रति॥
साम दाम हि भेद, दंड देखाये विध हि विध।
तोहु रहे निरवेद, सत्संग सो जाने सार तेहि॥

અર્થાત્ ભાવનગરનરેશે ફેરવી ફેરવીને ઘણી રીતે લાલચ દેખાડી, પણ સત્સંગ સરસ રીતે જીવમાં ઊતરી ગયો હતો; તેથી ભગા શેઠનાં મનમાં રતીભાર પણ ક્ષોભ થયો નહીં. રાજાએ સામ, દામ, દંડ અને ભેદની વિવિધ રીતોને અજમાવી, પણ તેમની કહેલી બધી જ બાબતોમાં ભગાશેઠ અનાસક્ત જ રહ્યા. કેમ જે, તેમણે સત્સંગને સારરૂપ જાણ્યો હતો. રાજાએ ઘણા ઉપાય કર્યા પણ જ્યારે ભગા શેઠ લગારેય સત્સંગથી ડગ્યા નહીં. ત્યારે વળી વિશેષ સમજાવતાં કહે, 'બેટા ભગુ ! તમો તમારા પિતાની આજ્ઞામાં રહી તેમને રાજી કરો. તમે પુત્ર તરીકેની ફરજ બજાવો, પિતાને દુઃખી ન કરો.'

ત્યારે પંદર વર્ષની નાની ઉંમરના ભગા દોશીએ વિનયપૂર્વક જવાબ આપ્યો કે, 'દરબારશ્રી ! હું સ્વામીના સાધુ પાસે બેસવા જાઉં છું. તે મને

ઉપદેશ આપે છે કે, દારૂ, માટી ન ખાવા, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો; તે સદાચાર હું પાળું છું. મારાં વાણી-વર્તન શુદ્ધ છે, એક પણ ખોટો પૈસો બગાડતો નથી, કુમાર્ગે ચાલતો નથી, વ્યસન કરતો નથી અને અમારા પંથમાં પણ દારૂ-માંસનો નિષેધ છે; પણ હું ચોરી કે વ્યભિચાર કરું છતાં તમે મને જેલમાં ન નાખો અને તે પાપ તમારા માથે લ્યો તો હું એ ધર્મ મૂકું.'

તે સાંભળી ભાવનગરનરેશ ચકિત થઈ ગયા. પછી દરબારે ભાઈચંદ શેઠની સામુ જોયું. ત્યારે તે કહે, 'હા, એમ તો પુત્ર બહુ ડાહ્યો છે. વાણી-વર્તનમાં અતિ શુદ્ધ છે. કોઈ કુટેવ કે દૂષણ છે નહીં.' ત્યારે ભગા દોશી કહે, 'દરબાર ! હવે આપ જેમ કહો તેમ કરું.' પરંતુ ભાવનગરનરેશને પણ પ્રતિષ્ઠાનો સવાલ હતો, તેથી ભગા દોશીની વાતને સ્વીકારી શક્યા નહીં.

વખતસિંહે કરેલા અનેક ઉપાયોમાં પણ ભગા શેઠ લગારેય સત્સંગથી ડગ્યા નહીં. આવી નાની ઉંમરમાં ભગા શેઠની હિંમત જોઈને રાજાને, દીવાનને તથા કચેરીમાં બેઠેલા તમામને ઘણું આશ્ચર્ય થયું. પછી શિરસાટે સત્સંગ રાખનારા ભગા શેઠને રાજાએ ધન્યવાદ આપ્યાં. અને કહ્યું, 'તારા મોક્ષમાં કોઈ સંદેહ નથી. ચોક્કસ તારો મોક્ષ થાશે.

गुरु याके प्रतापी भारी, निर्मोह किये एसे नर नारी।
जाकुं गुरु मिलत हे जेसा, ताके शिष्य होत हे तेसा॥

આના ગુરુ પણ ભારે પ્રતાપી છે, જેણે અનેક નરનારીઓને આવા નિર્મોહી કરી દીધા છે. કારણ કે, **જેને જેવા ગુરુ મળે તેવા તેના શિષ્ય થાય છે.** ગુરુ છે તે વૃક્ષ કહેવાય છે અને શિષ્ય તેના ફળ અને ફૂલ છે. ફળ, ફૂલનાં ગુણોને દેખીને વૃક્ષમાં રહેલાં ગુણોનો ખ્યાલ આવે છે. જેનાં ફળ, ફૂલ અમૃત જેવાં હોય તો તે વૃક્ષ પણ અમૃત જેવું જ જાણવું જોઈએ. તારા ગુરુ પણ ભારે પ્રતાપી હશે. તેથી જ તું આમ

નિર્મોહી રહી શક્યો છો. કેમ જે, જેવા ગુરુ મળે તેવા શિષ્યમાં ગુણ આવે છે.'

આ રીતે જો પરીક્ષામાં પાસ થઈએ તો દુશ્મનો પણ આપણી સરાહના કરે. કેમ જે, **જ્યાં નિષ્ઠા હોય છે ત્યાં પ્રતિષ્ઠા આપમેળે આવે છે.** ભગાની પ્રતિષ્ઠા રાજાના માથામાં સ્થપાઈ ચૂકી. શ્રીહરિએ ભગાની નિષ્ઠા જોઈને ભાવનગરનરેશનું દિલ પણ ફેરવી નાખ્યું.

શ્રીહરિ તથા વ્યાપકાનંદસ્વામીના આશીર્વાદથી ભગા શેઠ આ પરીક્ષામાં પાસ થયા. ત્યારે વખતસિંહે ભાઈચંદભાઈને કહ્યું, 'તમારા પુત્રમાં કોઈ પણ દૂષણ નથી. તે તમારાં ભાગ્યની વાત છે. આવા પુત્ર અમારે હોય તો આખા રાજ્યને શોભાવે. મારે તેને શું શીખામણ દેવી?' ત્યારે શેઠ કહે, 'પરંતુ મારા જૈનધર્મનું શું ? મારે અમારા મતના આગેવાનોને મોઢું શું દેખાડવું ? મારે આ એક જ દીકરો છે, તે સ્વામીપંથી બને તો અમારા બાપદાદાનો ધર્મ નાશ પામે.'

ત્યારે ભાવનગરનરેશ બોલ્યા કે, "શેઠ ! તમારા આ પુત્રના આચાર-વિચાર શુદ્ધ છે, પૈસો બગાડતો નથી, તેમ તમારી સંપત્તિની પણ ઈચ્છા રાખતો નથી; કેવો નિર્દંભ અને નિષ્કપટ છે ? માટે શેઠ, મારા કુટુંબમાં જૈન સંપ્રદાયની જ પરંપરા રહેવી જોઈએ એવો દુરાગ્રહ છોડો. **દુરાગ્રહમાં બહુ દુઃખ રહ્યું છે. દુરાગ્રહથી ક્યારેય કોઈ વ્યક્તિ સફળ થતા નથી.** ભગાનો સદાગ્રહ છે, સદાગ્રહી પ્રહ્‌લાદની સામે હિરણ્યકશિપુ જેવાનું પણ કાંઈ ચાલ્યું નથી. મીરાંની સામે રાણાભોજનું પણ કાંઈ ચાલ્યું નથી. નરસિંહ મહેતાની સામે જૂનાગઢની નાગરી નાતનું પણ કાંઈ ચાલ્યું નથી. માટે હવે હું આપને સમજાવું છું કે, આપ દુરાગ્રહ છોડો."

✵ ભાવનગરનરેશે ભગા દોશીને શિરપાવ આપ્યો :

વળી, રાજાએ કહ્યું, 'શેઠ ! આવું જીવન જીવવું એ તો સ્વામીના સત્સંગથી થાય. મેં તેમના સત્સંગની ઘણી વાતો સાંભળી છે. સત્સંગની

નીતિ મને બહુ પ્યારી લાગે છે.' ત્યારે શેઠ કહે, 'દરબાર ! મારે એકનો એક દીકરો છે અને એ સ્વામિનારાયણનો થયો, તેથી મારી પેઢીથી જ મારો જૈન સંપ્રદાય સમાપ્ત થાય છે; તે મારાથી જોયું જાતું નથી.'

ત્યારે રાજા કહે, 'શેઠ ! જો તમને તમારા ધર્મની ચિંતા હોય અને આ એક દીકરો પરધર્મમાં જાય તે ન ગમતું હોય તો તમે બીજી નારી પરણો, અને તેમાંથી જે પુત્ર થશે તે તમારો ધર્મ પાળશે. બીજું શું ? અને મારે મતે તો બધા ધર્મ સરખા જ છે. **જે સારું વર્તન રાખે તે શ્રેષ્ઠ ધર્મ છે.**' એમ કહી ભાવનગરના રાજાએ ભગા દોશીને પાસે બેસાડી વાંસો થાબડ્યો અને સોનાની હીરાસાંકળીનો શિરપાવ આપ્યો.

વળી, ભાઈચંદ શેઠને કહે, 'તમો હઠ છોડો ને આ રત્ન જેવા તમારા પુત્રને મૂંઝવો મા. સ્વામિનારાયણ ભગવાન જો કાઠિયાવાડમાં આવ્યા ન હોત તો આ દેશના કાઠીઓને કોણ સુધારત ? તમારા ગામના ધણી હમીર ખાચર, દાહા ખાચર, સોમલો ખાચર આ બધા ધાડ પાડવા જતા, તે મહાન ભક્ત થઈ ગયા છે. વળી, હમીર ખાચરની તાજણ ઘોડી તેમના સાધુએ જીવતી કરી, એ વાત પણ સાંભળવામાં આવી છે. માટે આ તમારો તેજસ્વી પુત્ર સમજીને સત્સંગ કરે છે. તેથી તે જે કરે તે કરવા દો. અને સ્વામિનારાયણે તમારા પુત્રને સ્ત્રી કે ધન તજાવ્યા નથી. જો સ્ત્રી તજાવે અને તમારું ધન લૂંટાવી દે તો અમને કહેજો; અમે તમારી સહાય કરશું.'

આ વાત સાંભળી ભગા દોશીના મનમાં અતિ આનંદ થયો. તેઓ મનોમન શ્રીહરિજીને અને વ્યાપકાનંદસ્વામીને પ્રાર્થના કરતાં કહેવા લાગ્યા કે, 'હે પ્રભુ ! હે સ્વામી ! આપે મારાં ઉપર બહુ કૃપા કરી છે. આ આતાભાઈનું દિલ તમે ઊગમણેથી આથમણે કરી નાખ્યું, આ તમારો પ્રતાપ છે. આજ જો તમે સહાય ન કરી હોત તો મારે અહીં ભારે મુશ્કેલી થાત. પ્રભુ તમે મારા નાના જીવ ઉપર બહુ મોટી દયા કરી છે.'

આમ, ભગા શેઠ દિલની દુનિયામાં, શ્રીહરિની પ્રાર્થનામાં ખોવાયેલા હતા. ત્યાં રાજાએ તેમને ઢંઢોળતા કહ્યું, 'ભગા ! તારા પિતાનું ધન તું લૂંટાવી દેતો નહીં, તેમના મનમાં એ જ બીક છે.' ત્યારે ભગો કહે, 'હે રાજાજી ! અમારાં ગુરુ બીજા ગુરુઓનાં જેવાં ધન લૂંટનારા નથી. તેઓ તો પાતાળથી લઈને પ્રકૃતિપુરુષ સુધીના ધન અને નારીની તો અત્યંત નિંદા કરે છે. ધન અને નારીના પ્રસંગથી જેને જેને કલંક લાગ્યા છે, તેને તો તેઓ વારંવાર અમારી આગળ સંભળાવે છે, તેઓ ધન અને સ્ત્રીમાં ક્યાંથી ફસાય ? અમને અમારા ગુરુનો પૂરો વિશ્વાસ છે.' ભગાભાઈના આવા વચન સાંભળી વખતસિંહ અતિ ખુશ થયા, તેમને શાબાશી આપી.

પિતાનો આ ઉપાય નિષ્ફળ ગયો, તેથી ભગાને સાથે લઈ શેઠ ભાઈચંદભાઈ બોટાદ પરત આવ્યા. નાની ઉંમરના ભગા દોશીને ભાવનગરનરેશે શિરપાવ આપ્યો તે વાતની જાણ થતાં સહુ કુટુંબી ભાઈઓ, મહાજનો અને બીજા સગા-સંબંધીઓ હરખ કરવા આવ્યા. તેમના માતા પણ ખૂબ રાજી થયા, પુત્રના વહાલથી દુઃખણા લીધા અને કંસાર કરી મુખમાં કોળિયા આપી જમાડ્યો અને કહે, 'મારા દીકરા ! તું મોટા રાજાનો મોબતી થઈ શિરપાવ લાવ્યો..! તેથી મારી આંખો ટાઢી..!' હમીર ખાચર વગેરે દરબારો પણ તે સમયે તેમને ઘેર આવ્યા હતા. તે પણ આ પ્રસંગ જોઈ ખૂબ રાજી થયા.

આ બધા રાજી થનારાઓને તો ભગાને શિરપાવ મળ્યો એ એક વાતનો જ આનંદ હતો. પરંતુ ભાઈચંદ શેઠ શીરાની લય અને કંસારનું થૂલું કરીને આવ્યા હતા, એ વેદના તો એ એક જ જાણતા હતા. અને બીજા બધાને શ્રીજીમહારાજ કેવો આનંદ આપતા હતા..?! આ છે અંતર્યામી પરમાત્માનો ઊડીને આંખે પડે એવો પ્રતાપ...!!

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગા દોશીની નિષ્ઠા અને પરીક્ષા લીધી' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

ભગાશેઠને સમજાવવા આવેલા જૈન મુનિઓનો પરાજય

ભાવનગરથી નિરાશ થઈ આવ્યા પછી ભાઈચંદ શેઠે મનમાં વિચાર કર્યો કે, 'હમણા ભગાને કાંઈ નથી કહેવું. કોઈ સમય ઉપર આપણા મોટા પૂંજ આવશે તેને બધું કહી સમાધાન કરશું.' આ આધ્યાત્મિક વાતમાં રાજાથી કામ થયું નહીં, માટે આમાં તો કોઈ આધ્યાત્મિક માણસ જ ચાલે; એને કેમ સમજાવવા તેની કળા તો તેને જ આવડતી હોય..! માટે અમારા કોઈ જૈનમતના સાધુ-સંત આવે ત્યારે ભગાને સમજાવવાની કળા ગોઠવવી છે. આમ વિચારી બેસી રહ્યા. કેમ જે, ભાઈચંદ શેઠ બોટાદ શ્રાવક સંઘના પ્રમુખ હતા અને અતિ બુદ્ધિશાળી હતા.

પછી તેમણે જૈન સંપ્રદાયના મોટા મોટા વિદ્વાનો અને સાધુ-સંતોને પુત્રને સમજાવવા માટે બોટાદમાં બોલાવ્યા. ગોંડલ, લીંબડી, ખંભાત, પાલીતાણા વગેરે સ્થળો તે સમયે જૈનોના ગઢ ગણાતા. ત્યાંથી જૈનોનાં જે જે મોટા પંડિતો તથા ધર્માચાર્યો કહેવાતાં, તેઓને ભાઈચંદ શેઠે બોટાદ બોલાવ્યા અને તેમાં હજારો રૂપિયાનો ખર્ચો પણ કર્યો; પરંતુ ભગા દોશીને સત્સંગ જીવમાં ઊતરી ગયો હતો. તેથી કોઈ આંચ ન આવી. આ વાતની પુષ્ટિ કરતા **હ.ચ.સા.૯/૧૦**માં લખતા આધારાનંદસ્વામી કહે છે કે,

चोपाई :

बडे बडे साधु तेहि विद्यावाना, बडे बडे शेहेर में जेते रहाना।
ताकि विद्या कहावत जेती, तातने सो करायेउ तेती॥

सहस्र हि सहस्र धन हि जेहा, तातने सो खरच किये तेहा।
पनर वर्ष की वय हि रहाये, सत्संग जीय संग रखाये।।
भय में भय मरवेको भारी, सो त्याग दीने प्रथम विचारी।
वणिक की सो जाति कहावे, तामें बडे सउकार सो रहावे।।

વળી, ભાઈચંદ શેઠે મોટાં મોટાં વિદ્યાવાળા જૈનસાધુઓ તથા મોટા શહેરોમાં રહેનારા અને મંત્રાદિક વિદ્યા જાણનારાને પણ બોલાવ્યા. તે માણસોએ પોતા પાસે જેટલી મંત્રવિદ્યા આદિ હતું, તે બધાના પ્રયોગ ભગા શેઠ ઉપર કર્યા. ભગા શેઠનો સત્સંગ છોડાવવા પિતા ભાઈચંદ શેઠે તે સમયે આ તંત્ર, મંત્ર, વિદ્યામાં પણ હજારો હજાર રૂપિયાનો ખર્ચ કર્યો હતો. ભગા શેઠની ઉંમર ત્યારે માત્ર પંદર વરસની હતી. છતાં પણ શ્રીહરિની સહાયથી તંત્ર, મંત્ર, વિદ્યાવાળાનું કાંઈ ચાલ્યું નહીં. કેમ જે, તેમણે સત્સંગને પોતાના જીવ સાથે જોડી રાખ્યો હતો.

મનુષ્યને મોટામાં મોટો ભય મરણનો હોય છે. ભગા શેઠે વિચાર કરીને તે મરણના ભયને પહેલેથી જ તજી દીધો હતો. પોતે જાતિથી વણિક હતા. પોતાની નાતમાં પણ મોટા શાહુકાર ગણાતા, છતાં મૃત્યુનો ભય છોડી દીધો તે ઘણું કઠણ કામ છે. **માણસ જ્યારે મૃત્યુનો ભય પણ છોડી દે છે ત્યારે જ તેને જીવનો સત્સંગ થાય છે, અને જીવના સત્સંગને કોઈ છોડાવી શક્તા નથી.**

પછી પિતાએ જૈન સંપ્રદાયના પ્રસિદ્ધ વિદ્વાન **જૈનમુનિ નેમીવિજયને** બોટાદ બોલાવ્યા અને સર્વે વાત કહી. પછી અપાસરામાં મોટી સભા રખાવી, તેમાં પુત્રને લઈ ભાઈચંદભાઈ ત્યાં ગયા. ભગા દોશીને જૈન સંઘ તરફથી મોટું સન્માન આપી સૌની આગળ આસન પર બેસાડ્યા. પછી જૈનમુનિએ ભગા દોશીને ઘણા સમજાવ્યા, ઘણા ડરાવ્યા પણ ભગા દોશી એકના બે ન થયા. તેથી નેમીવિજય સત્સંગનું જેમ તેમ બોલવા લાગ્યા.

પછી બાપ-દીકરો બંને ઘેર આવ્યા. ત્યારબાદ ભગા દોશી મિત્ર દાહા ખાચર વગેરેને મળ્યા. ત્યાં ભક્તો દ્વારા ગોપાળાનંદસ્વામી સારંગપુર પધાર્યાં છે એવા સમાચાર મળ્યા. તેથી તરત જ ભગા શેઠે સ્વામીને બોટાદ તેડી લાવવા પત્ર લખીને વેલડું મોકલ્યું અને પત્રમાં પ્રાર્થના કરી કે, "હે સ્વામી ! મેં સત્સંગ કર્યો તેથી મારા પિતાએ બહુ ઉપાધિ કરી છે. જૈનોના અનેક સાધુ-સંતોને બોલાવ્યા છે, તેઓ મને ડરાવે છે; તેમાં પણ અત્યારે નેમીવિજય કરીને જૈનમુનિ અહીં આવ્યા છે, તે સત્સંગનો ખૂબ વિરોધ કરે છે, સત્સંગીને ભ્રમમાં નાંખી દે છે અને કહે છે કે, 'આ પાંચમા આરામાં પ્રભુ હોય નહીં, સ્વામી પંથમાં શું વિશેષ જોયું છે ? શું કામ મૂળધર્મ છોડી દીધો ? તને પાપ લાગશે,' આમ, તે મને ઘણો ડરાવવાની કોશિશ કરે છે, અને અભિમાનમાં અંધ થઈ ધમાલ મચાવે છે. માટે આપ કૃપા કરીને અહીં પધારો તો અમને શાંતિ થાય."

શેઠનો વિનંતીપત્ર સારંગપુરમાં ગોપાળાનંદસ્વામીને મળતાં તરત જ થોડા સંતો-ભક્તો સાથે સ્વામી બોટાદ પધાર્યા. બોટાદની બજારમાં જૈનના ઉપાશ્રય તરફ ગાડી ચલાવી. સ્વામી આવ્યાની જાણ તમામ સત્સંગીમાં થઈ ગઈ. અને ઉપાશ્રયમાં રહેલા નેમીવિજય સુધી પણ વાત પહોંચી. ત્યાં સ્વામીની ગાડી ઉપાશ્રય પાસે આવીને ઊભી રહી. તેથી નેમીવિજય સ્વામીને જોવા માટે બહાર આવ્યા. અને ઉપાશ્રયના બારણાને બંને હાથે ઊંચે ઝાલીને ઊભા રહ્યા. સ્વામીની અને તેમની નજર એક થઈ, સ્વામી ગાડીમાંથી નીચે ઊતર્યા. ધીરે ધીરે માણસોની મેદની ભેગી થવા લાગી.

ગોપાળાનંદસ્વામીએ જૈનમુનિને શાંતિથી પૂછ્યું, 'તમે શા માટે સત્સંગનો વિરોધ કરો છો ? સ્વામિનારાયણ ભગવાનનું જેમ તેમ બોલો છો ? તેમણે શું તમારું બગાડ્યું છે ?' તે સાંભળી થોડા આવેશમાં

આવી જૈનમુનિ કહે, 'આવું મને કહેનારા તમે કોણ છો ?' આવો તેનો ઉદ્ધત જવાબ સાંભળી સ્વામી કહે, 'અમે જગતના ભગવાન છીએ.' ત્યારે તે કહે, 'તો સ્વામિનારાયણ કોણ છે ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'સ્વામિનારાયણ અમારા ભગવાન છે.' ત્યારે જૈનમુનિ કટાક્ષમાં કહે, 'આવા દંભ-પાખંડ છોડી દો. ભોળા માણસોને શા માટે ભોળવો છો ? મારી પાસે તમારું કાંઈ નહીં ચાલે. ને જે ભગવાન હોય તેના હાથમાં તો સહુના નાડી-પ્રાણ હોય, તમારાથી કોઈની નાડી ખેંચી શકાય તેમ છે ?'

આવા તેના ઉદ્ધતાઈ ભરેલાં વચન સાંભળી સ્વામીએ સ્થિર થઈ તેની સામે વેધકદૃષ્ટિ ફેંકી. તે જ સમયે જૈનમુનિની વાણીનો પ્રવાહ અટકી ગયો. અને જે રીતે ઊભા હતાં તે જ રીતે હાથ બારણાંની સાખો સાથે ચોંટી ગયા. આંખો મટકારહિત થઈ ગઈ. આ રીતે નેમિવિજયની પૂતળાં જેવી દશા જોઈને ત્યાં ઊભેલા લોકો ચર્ચા કરવા લાગ્યા કે, 'આ ગોપાળાનંદસ્વામી ભારે જાદુગરા છે. તેમણે જૈનમુનિ પર ચોંટ નાખી પૂતળા જેવા બનાવી દીધા.' ઘણા આમ બોલવા લાગ્યા, તો ઘણા તેમને સ્થિર થયેલા જોઈ ભય પામીને ભાગી ગયા. અને આ કુતૂહલ જોવા કેટલાક નવા આવવા લાગ્યા.

આ રીતે જૈનમુનિની દુર્દશા જોઈને નગરશેઠ ભાઈચંદભાઈ વગેરે આગેવાનોએ સ્વામીને વિનંતિ કરી કે, 'તેમને હવે આવી દશામાંથી છોડાવો, નહિ તો આમાંથી ઝઘડો થશે.' પછી સ્વામીએ કૃપાદૃષ્ટિ કરી એટલે તરત તે ભાનમાં આવ્યા અને સ્વામીના પગ પકડી કહે, 'આપ ખરેખર ભગવાન છો. હે સ્વામીજી ! મારો અપરાધ ક્ષમા કરો. આજથી હું સ્વામિનારાયણ સંપ્રદાયની નિંદા નહિ કરું, સત્સંગીને દુઃખ નહિ આપું.' ત્યારે સ્વામીએ કહ્યું, **'ભગવાન તો કોટિ જીવાત્માના કલ્યાણ કરવા પ્રગટ થયેલા શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ એક જ છે. હું તો**

એમના દાસનો પણ દાસ છું.' ત્યારે જૈનમુનિ ત્યાં ઊભેલા શ્રાવક વાણિયાઓને કહે, "આ સંતે મને સમાધિ કરાવી. તેમાં મને આપણા ચોવીસ તીર્થંકરોનાં દર્શન થયાં, અને તે તીર્થંકરો પણ સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરતા મેં જોયા; ને તેમણે મને સત્સંગનો વિરોધ કરવાની ના કહી છે. વળી, પાછા આવતાં જમપુરી પણ દેખાડી, તેમાં બીજાની નિંદા કરવાથી તથા પાપો કરવાથી ભોગવવાં પડતાં દુઃખો દેખાડ્યાં. તેથી મને સ્પષ્ટ સમજાયું છે કે, **સુખી થાવું હોય તો કોઈએ સત્સંગનો વિરોધ કરવો નહીં."**

આ રીતે સ્વામીએ ઐશ્વર્ય જણાવી જૈનમુનિને બોલતા બંધ કર્યા. તેથી અન્ય સંબંધીઓની ઉપાધિ ઓછી થઈ. ભગા દોશીની પ્રતિભા અને પ્રતિષ્ઠા ખૂબ જ વધી અને બધા જ સ્થળે જૈનધર્મ તરફથી આવતી ઉપાધિઓનું શમન થયું. જૈનોના પ્રબળ ગઢ ગણાતા એવા બોટાદમાં ખૂબ જ સત્સંગ વિકસ્યો. પરંતુ હજુ પિતાને પ્રતિષ્ઠાની હાનિને કારણે દિલમાં દુઃખ રહ્યા કરતું. ભાવનગરનરેશે ભગા દોશીનું સન્માન કર્યું અને શિરપાવ આપ્યો. તેમ જ નેમીવિજય જેવાનો ગોપાળાનંદસ્વામીએ પરાજય કર્યો, તે જોઈ ભાઈચંદ શેઠ તો શું..? સમગ્ર બોટાદ નગર અને આખું કાઠિયાવાડ આશ્ચર્યચકિત થઈ ગયું. તેથી જૈનધર્મ તરફથી આવતી ઉપાધિઓનું શમન થયું. આ રીતે પિતા દ્વારા શ્રીહરિએ લીધેલી દરેક કસોટીમાં ભગા દોશી શ્રીહરિની કૃપાથી જ પાર ઊતર્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગાશેઠને સમજાવવા આવેલા જૈન મુનિઓનો પરાજય કર્યો' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬
શ્રીહરિ બોટાદ પધાર્યા અને શેઠના દુઃખની વાત

આ સમયે શ્રીહરિ જીવા ખાચરના આગ્રહથી ઉત્સવ કરવા સારંગપુર પધાર્યા હતા. બોટાદવાસી ભક્તોને તેની જાણ થઈ. પછી સહુ ભક્તો મળી શ્રીહરિને આમંત્રણ આપવા માટે સારંગપુર જવા તૈયાર થયા. ત્યારે ભગા દોશીની ઉંમર નાની હતી, તે ગર્ભશ્રીમંત હતા. તેમણે ભક્તોને કહ્યું, ‘મને સાથે લઈ જાઓ, મારે માટે એકલા અહીં રહેવું તે યોગ્ય ન કહેવાય.’

ત્યારે બોટાદના ભક્તો કહે, “ભગુભાઈ ! તમારા પિતાની પ્રકૃતિ કઠોર છે, તમને દુઃખ દે છે, માટે તમે અમારી સાથે ન આવો તો સારું; અમે તમારી બધી જ વાત શ્રીજીમહારાજને કહીશું અને શ્રીહરિને તેડીને બોટાદ લાવશું.”

પછી બોટાદવાસી ભક્તો શ્રીહરિ પાસે સારંગપુર ગયા. શ્રીહરિને પ્રાર્થના કરતા કહ્યું કે, ‘હે મહારાજ ! આપ એકવાર બોટાદ પધારો.’ એમ કહીને ભગા દોશીનો સંદેશો કહ્યો અને તેમણે આપેલાં પેંડા અર્પણ કર્યા. નાની વયના ભગા દોશીની ભાવના જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. પછી શ્રીહરિએ ભગા દોશીની વાત પૂછી.

ત્યારે સોમલા ખાચર કહે, ‘હે નાથ ! ભગા દોશીના પિતા ભાઈચંદ શેઠ જૈનધર્મી છે, મહાજનમાં મુખ્ય છે. જીવદયાધર્મ પાળે છે, નાવા-ધોવામાં પણ હિંસા છે; એવું માની સ્નાન કરતા નથી.’ તે સાંભળી મુખ આડો રૂમાલ દઈ હસતાં હસતાં શ્રીહરિ કહે, ‘એ તો સારું ન કહેવાય.’

ત્યારે વળી સોમલા ખાચર કહે, ‘તેમના પિતા તેમને નિત્ય દુઃખ દે છે, કઠણ વચન કહે છે; તે અમારાથી સહન થતું નથી પણ ભગા દોશી સત્સંગ માટે બધું સહન કરે છે. વ્યાપકાનંદસ્વામીનો ઉપદેશ તેની રગેરગમાં ચઢી ગયો છે. તે અતિ સાધુસ્વભાવનાં છે અને આપની સાથે

હેત રાખે છે તેથી તેમના પિતા અકળાય છે, છતાં તે વાતને તેઓ નહિ ગણીને તમારું ભજન કરે છે. માટે તેમને દર્શન દેવાં એકવાર જરૂર બોટાદ આવવું જોઈશે.' બોટાદવાસી ભક્તોની ભાવના અને ભગા દોશીના પ્રેમથી પ્રભુજી પ્રસન્ન થયા અને કહ્યું, 'કાલે અમે જરૂર બોટાદ આવશું. તમો સહુ ત્યાં જઈ ઉતારા વગેરેની તૈયારી કરો.'

દોહા : **પ્રીતમ આધિન પ્રેમને, પ્રેમીને પાળનાર;**
પ્રેમી પાછળ પોતે ફરે, સુખ દેવા અપાર...૩૧
પ્રેમ હોય જો દિલમાં, પ્રભુ પ્રત્યે અપાર;
આવી મળે છે શામળો, નથી લગાડતા વાર...૩૨

✵ શ્રીહરિ પ્રથમવાર બોટાદ પધાર્યા :

બીજે દિવસે પરમહંસો સાથે શ્રીહરિ રાજી થઈ બોટાદ પધાર્યા. સોમલા ખાચર, હમીર ખાચર, દાહા ખાચર, ભગા દોશી વગેરે ભક્તોએ શ્રીજીમહારાજનું ધામધૂમપૂર્વક સામૈયું કર્યું. ગામમાં અનેક જૈન વાણિયા રહેતા હતા. સહુ જીવનો મોક્ષ કરવા સારુ શ્રીહરિએ જરિયાની વસ્ત્રો ધારણ કર્યાં. ઊંચા છોગાવાળી સોનેરી પાઘ પહેરી અને રોઝા ઘોડે બિરાજ્યા. ભગુજીએ માથે છત્ર ધર્યું હતુ, સંતો ધૂન-કીર્તનની રમઝટ બોલાવતાં હતાં, અલૈયા ખાચર શ્રીહરિને ચમર ઢોળતાં હતાં, છડીદાર 'જય...જય...'ના શબ્દો બોલતાં હતાં, પાર્ષદો બંદૂકોનાં બાર કરતાં હતાં અને સહુ ભક્તો 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' નામની ધૂન બોલતાં હતાં.

આવી રીતે બોટાદની મુખ્ય બજારે શ્રીહરિ સામૈયામાં ચાલ્યા જતાં હતાં. ત્યારે શ્રાવક વાણિયાઓનો તેમજ અન્ય બોટાદવાસીઓનો મોક્ષ કરવા સારુ શ્રીહરિએ અપાર પ્રતાપ જણાવ્યો. પોતાની મૂર્તિમાંથી ચારેય તરફ તેજનાં કિરણો છૂટવાં લાગ્યાં ! જોનારાને સહુને એમ જણાયું કે, 'ભગવાન મારી સામું જોઈને હસે છે, મને પ્રેમથી બોલાવે છે,

આ ચોક્કસ ભગવાન છે..!' આ રીતે સહુનાં ચિત્ત ચોરી શહેરને પાવન કરી, સહુને દર્શન આપી શ્રીહરિ પ્રથમ સોમલા ખાચરનાં ઘેર પધાર્યાં. ત્યાં પધરામણી કરી, પછી હમીર ખાચરને ઘેર ઉતારો કર્યો. સંતો-ભક્તોએ પણ યથાયોગ્ય ઉતારા કર્યા, પછી સહુ જમ્યા. આ વાત હ.ચ.સા.૪/૪૩માં વિસ્તારથી છે, આપણે ટૂંકમાં વાંચીએ.

પછી દરબાર હમીર ખાચરના વિશાળ ચોકમાં સભા ભરાણી. અસંખ્ય લોકો આવીને બેઠા. બ્રહ્માનંદસ્વામી વગેરે સંતોએ કીર્તનો ગાયાં. તે સાંભળી સહુ રાજી થયા. તે વખતે પણ મહારાજની મૂર્તિમાંથી તેજનાં કિરણો છૂટવાં લાગ્યાં. તેથી અનેક મુમુક્ષુઓના ચિત્ત ખેંચાયાં. દાહા ખાચરનાં માતુશ્રી મહાન સતી અને ભક્ત હતાં. તેમને તો શ્રીહરિની મૂર્તિ નીરખતાં જ સમાધિ થઈ ગઈ. સમાધિમાં મહાતેજ જોયું. તેમાં **અક્ષરધામમાં દિવ્ય સભામાં બિરાજતા મહારાજ અને પોતાના ફળિયામાં સભામાં બિરાજતા મહારાજ આ બંને એક છે, એવાં દર્શન થયાં.** પછી જ્યારે સમાધિમાંથી જાગ્રત થયાં, ત્યારે પોતાને સમાધિમાં થયેલા અનુભવોની વાતો અન્ય બહેનોને કહી. તેથી ઘણાં મુમુક્ષુ બહેનો સત્સંગી થયાં.

દોહા : **ધન્ય ધન્ય બોટાદ ગામને, ધન્ય ધન્ય ત્યાંના જન;**
ફાવી ગયા આ જનમે, વાલે કર્યા પાવન...૩૩
નિજ પ્રતાપથી સહુને, કરાવ્યો છે નિશ્ચય;
રહ્યો નહિ કાળ કર્મનો, કોઈને જરાય ભય...૩૪

પછી શ્રીહરિ જમવા પધાર્યા. થાળ જમી રહ્યા ત્યારે મહારાજે બોટાદના મહાજનોને બોલાવીને પોતાની પાસે બેસાર્યા અને સહુના નામ પૂછ્યા. કુશળ સમાચાર આદિ થોડી વાતચીત થઈ, ત્યારે હમીર ખાચર કહે, 'હે મહારાજ ! ભગા શેઠના પિતા સત્સંગને નિમિત્તે તેમને કાયમ દુઃખી કરે છે, મોઢેથી કડવાં વેણ બોલે છે. જો કે ભાઈચંદ શેઠને

આ એક જ પુત્ર છે. ભાઈચંદ શેઠ તો કોટીધ્વજ(કરોડપતિ) કહેવાય. તેમને મોટા મોટા શહેરના સહુ વેપારી મહાજનો ઓળખે છે. એના નામની લાખો રૂપિયાની હૂંડી બધે ચાલે છે તથા મોટા મોટા રાજાઓ પણ ઓળખે છે, પરંતુ તેમના જીવનમાં મોટી ખોટ એ જ છે કે, તેમને સત્સંગ ઉપર ભાવ નથી. તેઓ ચુસ્ત સ્થાનકવાસી જૈન છે, અપાર જીવદયાનું પાલન કરે છે, સૂર્યાસ્ત પછી ભોજન કરતા નથી; પરંતુ ક્યારેય નહાતા નથી, સૂતકને પાળતા નથી અને ભગવાનના અવતાર કહેવાય તેનું મુખેથી નામ લેતા નથી.'

વળી, શ્રીહરિની મરજી જોઈને હમીર ખાચર કહે, "હે મહારાજ ! તેને લીધે જ તેઓ પોતાના એકના એક પુત્રને પણ અપાર દુઃખ દે છે. તે અમારાથી નજરે જોઈ શકાતું નથી. ભક્ત પ્રહ્લાદની રીતે જ ભગા શેઠ મહાન દુઃખને સહન કરે છે. ભગા શેઠને આપની સાથે પ્રીતિ બંધાણી છે. તેથી તેઓ પિતાને પણ કીટના જેવા તુચ્છ ગણે છે. તેમને ખાવા-પીવામાં બહુ રુચિ નથી, સારાં કપડાં કે ઘરેણાં પહેરવાં ગમતાં નથી. ઉપવાસ થાય છતાં સ્નાન કર્યા સિવાય તેઓ ભોજન કરતા નથી. જ્યારથી ભગા શેઠને સત્સંગ થયો છે, ત્યારથી તેઓ ગળામાં કંઠી અને કપાળમાં તિલક-ચાંદલો કાયમ રાખે છે, લસણ અને હિંગનો ત્યાગ કરી દીધો છે. આપ શ્રીહરિ વિનાના ઘરમાં તેમને પ્રેમ નથી. ભગા શેઠ ક્યારેય બાળકોની રમત રમતાં નથી. તેઓ ભાંડ-ભવાઈમાં ચિત્ત ધરતા નથી.

चोपाई :

बालकको कबु खेल न करही, भांड भवाईमें चित्त न धरही।
हरिजन देखीके होत आनंदा, संसारमें विचरत हे मंदा।।

ભગવાનના ભક્તોને દેખીને જ આનંદ પામે છે. સંસારના માર્ગમાં બહુ ધીમા ધીમા ચાલે છે. અર્થાત્ સંસારમાં તેમનું ચિત્ત લાગતું જ નથી. ઘરમાં સોના-ચાંદીનો તો કોઈ પાર નથી, છતાં તેના ઉપર

ભગા શેઠના હૃદયમાં પ્રેમ થતો નથી. હોળી, દિવાળી કે વિવાહ જેવા પ્રસંગમાં કોઈ એલફેલ કે ફાલતું શબ્દ ક્યારેય બોલતા નથી. કોઈ પણ પરસ્ત્રી, બાલિકા, યુવતી કે વૃદ્ધા હોય તેને માતા સમાન ગણે છે, પણ એને વિશે મનમાં બીજો કોઈ સંકલ્પ કરતા નથી. ભગા શેઠના સાધુના જેવા સ્વભાવને જોઈને તો કેટલાક સુજ્ઞ-ડાહ્યા મનુષ્યોને પણ આશ્ચર્ય થાય છે. તેઓ કહે છે કે, 'આવો સાધુ સ્વભાવ તો કોઈનો હોઈ શકે નહિ.' તે સુજ્ઞ મનુષ્યોની વાત સાંભળીને તેમના પિતા ભાઈચંદ શેઠ ઘણીવાર મનમાં અકળાઈ જાય છે.

ભગા શેઠના સદ્‌ગુણોને જોઈને તેની ઉંમરના બોટાદ ગામવાસી કેટલાક બાળકોને અને યુવાનીયાઓને સત્સંગ થયો છે. એટલું જ નહિ, પરંતુ સત્સંગનો ખરેખરો રંગ ચડી ગયો છે, તે દેખીને ભગા શેઠના પિતા ભાઈચંદ શેઠ સત્સંગ ઉપર અતિશય ઈર્ષ્યા કરે છે; અને તેથી જ ભગા શેઠને માનસિક ત્રાસ દેવા માટે ભાવનગર ઠાકોર પાસે પણ લઈ ગયા હતા. પરંતુ આપની કૃપાથી ભાવનગર ઠાકોરે તેમને શિરપાવ આપ્યો."

હમીર ખાચરની આ વાત સાંભળીને શ્રીહરિ કરુણારસથી તરબોળ થઈ ગયા અને બોલ્યા, **"જ્યારે સુખ-સગવડ હોય ત્યારે તો સહુ કોઈ સત્સંગ કરે અને મનમાં ભક્તિભાવ પણ અપાર રાખે, પરંતુ આવાં વિપત્તિનાં સમયમાં સત્સંગ રાખે ત્યારે તેની ખરી પરીક્ષા થાય છે. સત્સંગની કસોટી વિપત્તિ છે."** આપત્તિ આવે ત્યારે પણ દૃઢ આશરો રાખે તેને ખરો સત્સંગી કહેવાય. દુઃખ આવે ત્યારે ધીરજ રાખે તેણે જ સત્સંગ પચાવ્યો છે. **નિષ્ઠા તથા પ્રેમનાં પારખાં લેવાં જ પ્રભુ અચાનક આપત્તિ મૂકે છે.** તે વખતે આપણી નિષ્ઠાનાં મૂળિયાં કેટલાં ઊંડાં છે? તે જણાઈ આવે છે. કેમ જે,

विपत्तिमें परख ही आये, कसोटी विपत्त ही रहावे।
जेसो होय अंतर के भावा, कसोटी में परे ही देखावा।।

વિપત્તિરૂપ કસોટી તો અગ્નિનાં કરતાં પણ મોટી છે. તે કસોટીમાં તો જેવાં અંતરમાં ગુણ હોય તેવા તરત જ પ્રગટ થઈ આવે છે.

આંતરિક સ્થિતિ કે સારાં-મોળાનું તળિયું કસોટીમાં દેખાય છે. અને જે દુઃખમાં ઘડાયાં છે, એ જ મજબૂત બન્યાં છે. જેને જીવનમાં દુઃખ આવ્યું નથી, તેને સુખની પણ કોઈ કિંમત હોતી નથી. જ્યારે આનંદ ઉત્સવ થતાં હોય, બધાં આપણાં વખાણ કરતાં હોય, સત્સંગમાં માન મળતું હોય ત્યારે વ્યક્તિ ક્યારેય મજબૂત થતો નથી અને નિષ્ઠા પણ દઢ કરી શકતો નથી. જ્યારે સત્સંગમાં અપમાન થાય, આપણી લાજ કે આબરૂ જાય એવો પ્રસંગ આવીને ઊભો રહે, અચાનક આપણા ઘરમાંથી કોઈ પ્રિયપાત્રને પ્રભુ ધામમાં તેડી જાય, તેવા સમયે આપણું અંદરનું તળિયું દેખાય છે. અને આવા વખતે પણ આપણે નિષ્ઠામાંથી ડગીએ નહિ, રંચમાત્ર પણ ભગવાન કે સંતોમાં ભાવફેર થવા દઈએ નહિ, પોતાનો જ દોષ જોઈએ અને સહુનાં ગુણ લઈએ તો મહારાજ રાજી રાજી થઈ જાય છે. અને આપણામાં વિપત્તિ સહન કરવાનું અપાર બળ પ્રગટાવે છે.

ભગા દોશીને તેમના પિતા તરફથી, જૈનધર્મ તરફથી અને કુટુંબીઓ તરફથી અનેક ઝંઝાવાતી પવનો ફૂંકાયા, છતાં તેઓ મેરુની જેમ મક્કમ મન રાખી સત્સંગમાં ઊભાં રહ્યાં. ભગા શેઠનાં આવાં સદ્‌ગુણી સ્વભાવને જોઈને તો તે સમયનાં બીજા ઘણા બાળકો, યુવનોને પણ સત્સંગ થયો હતો.

તેમાં મૂળચંદ શેઠ, તેમના બંને મોટા ભાઈઓ, હીરાચંદ, કેશવલાલ, ભવાનજી, હકાભાઈ, ચકુભાઈ, રામચંદ શેઠ, કરશનજી, અદા શેઠ, પાનાચંદ આદિ ઘણાનો સમાવેશ થાય છે. આ વાણિયાઓના ઘરમાં તેમના લીધે સત્સંગ થયો હતો. વળી, ધનજી નામે પરજિયા સોનીનું આખું ઘર સત્સંગી થયું હતું. નારણભાઈ, તુલસીદાસ, વાઘજી વગેરે શ્રીમાળી સોની, બંને પૂંજાભાઈ, રૂડાભાઈ, કીકાભાઈ વગેરે

સુતાર, લાધાભાઈ વગેરે કેટલાક ભાવસાર, દશ-બાર દરજી, કેટલાય કણબી, કુંભાર, લુહાર, કેટલાક સથવારા, કાંઈક રાજગુરુ અને અપાર કાઠીઓ ભગા શેઠને કારણે સત્સંગી થયા હતા. અને એક મુસ્તફા નામે મુસલમાન સિપાઈ પણ સત્સંગી થયા હતા. આ બધા ભગા શેઠની જીવનરીતિ, વહેવારું નીતિ, સત્સંગમાં પ્રીતિ તથા પ્રગટ શ્રીહરિ અને પ્રગટ સંતમાં પ્રતીતિ જોઈને એક એકથી અધિક સત્સંગી થયા હતા અને તેમણે આજીવન પ્રેમથી સત્સંગ નિભાવ્યો હતો. અને ખૂબ બધાએ સત્સંગની સેવા કરી હતી.

દોહા : **જીવન જીવન ઘડે છે, ઉપદેશથી ન ઘડાય;**
વર્તન વાતો કરે છે, ન બોલીએ છતાંય...૩૫
એક જ શૂરો સત્સંગી, હોય જે ગામ મોજાર;
તેને લીધે તે ગામમાં, થાય સત્સંગી અપાર...૩૬
એક જ લબાડ આવે કોઈ, આ સત્સંગ મોજાર;
તેને લઈને સત્સંગીઓ, મટી જાય છે અપાર...૩૭
સત્સંગમાં જે કુસંગી, તે સત્સંગ ટાળનાર;
તેવાને સત્સંગમાંથી, કાઢ્યે જ સુખ થનાર...૩૮
કહ્યું છે એમ શ્રીજીએ, કુપાત્ર હોય નરનાર;
સત્સંગે આવી ન સુધરે, તો કાઢી મેલજો બા'ર...૩૯
કાઢી મૂકતા એવાને, પંડ્યે કુશળ રહેવાય;
આજ્ઞા આ જો પાળશો, તો સાથે રે'શું સદાય...૪૦

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'શ્રીહરિ બોટાદ પધાર્યા અને ભગા દોશીનાં દુઃખની વાત સાંભળી' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

શ્રીહરિએ ભગા દોશીનું કૌટુંબિક દુઃખ ટાળ્યું

હવે શ્રીજીમહારાજ ભગા દોશીની છેલ્લી પરીક્ષા કેવી રીતે લે છે ? અને તેમનાં સર્વ દુઃખ કેવી રીતે ટાળે છે ? તે પ્રસંગ જાણીએ...

હમીર ખાચર દ્વારા ભગા દોશીનાં દુઃખ-દર્દની વાત સાંભળ્યાં પછી શ્રીહરિએ કહ્યું, "પરમાત્મા તો અંતર્યામી છે. તેમનાથી કાંઈ અજાણ્યું નથી. ભગવાનના નિશ્ચયની જેને ભગુ જેવી દૃઢતા હોય એવા આત્મવિદ ભક્તને ક્યારેય દુઃખ લાંબું ટકતું નથી.

सोरठा : अंतरजामी जोय, तिनकुं नहिं हे अजाने कछु।
एसे दृढाव होय, तब तिनकुं न दुःख कबु॥

પરમાત્માના નિશ્ચયની આવી દૃઢતા જો મનમાં હોય તો તે આત્મવિદ ભક્તને ક્યારેય દુઃખ થતું નથી.

जियकुं नहिं कबु दुःख, दुःख मात्र यह देह कर।
देह में नहिं कबु सुख, एहि सिद्धांत दृढ वात ग्रहे॥

જીવ સ્વભાવથી જ સુખી છે, તેને ક્યારેય દુઃખ થતું જ નથી. દુઃખમાત્ર દેહને કારણે છે, દેહમાં ક્યારેય સુખ હોતું નથી; આ એક દૃઢ સિદ્ધાંતરૂપ વાત છે. જે ચોરાશી લાખ જાતનાં દેહ છે તે બધાંને દુઃખરૂપ જ જાણવાં. રાજા હોય કે રાંક, કોઈ મહાન ચક્રવર્તી સમ્રાટ હોય, દેવ હોય કે દાનવ, પાતાળ લોકથી લઈને બ્રહ્માનાં લોક સુધી અને પ્રકૃતિપુરુષનાં લોક સુધી જેટલાં દેહ છે તે બધાંને દુઃખમય જ સમજવાં. માત્ર મોઢેથી કહી બતાવે તો તેનાથી કોઈ કામ-લાભ થવાનો નથી. જ્યારે અંતરદૃષ્ટિ કરીને તપાસવામાં આવે અને જીવાત્મા સુખરૂપ દેખાય તો તે લાભ છે, અને દેહને સુખરૂપ માનવામાં આવે તો તે

મોટું નુકશાન છે. માનો જીવાત્મારૂપી નગર છે, તે ઘણું સુખમય છે, તેમાં કાળનો પ્રવેશ થતો જ નથી; તે જીવરૂપી નગરના મધ્યમાં પરમાત્મા હરિકૃષ્ણ પ્રકટ રહ્યા છે. પાર્ષદો અને મુક્તોએ સહિત તે પરમાત્મા સિંહાસન ઉપર વિરાજે છે. જીવાત્માથી વધારે સૂક્ષ્મ બીજું કોઈ નથી. છતાં તેમાં ઘણું મોટું સામર્થ્ય ગુપ્ત રીતે રહ્યું છે. અનંત બ્રહ્માંડો પણ તે સૂક્ષ્મ જીવમાં દેખાય છે. અરે ! અક્ષરધામ પણ તેમાં રહ્યું છે. બ્રહ્માંડમાં જીવ રહ્યો છે અને જીવમાં બ્રહ્માંડ રહ્યા છે આ રીતે જ બધું ઓતપ્રોત અખંડ રહ્યું છે, તે આ સત્સંગથી સમજાય છે.

માટે આ વેળાએ જેને સત્સંગ થયો છે, તેનાં પુણ્યનો કોઈ પાર નથી. કેમ જે, **પૂર્વે આવો સમય ક્યારેય આવ્યો નથી અને આવા ભગવાન પણ ક્યારેય આવ્યા નથી.** આ અમારી વાતને જે સત્ય કરીને માનશે ને સમજશે તેને હું બુદ્ધિમાન કહીશ.” આવી રીતે શ્રીહરિએ વાત કરી. તે સાંભળી ભગા શેઠ વગેરે ખૂબ જ રાજી થયા.

પછી સાંજે શ્રીહરિએ સહુ સંતો-ભક્તોને પીરસીને જમાડ્યા, સહુને તૃપ્ત કર્યા. બીજા દિવસે સ્નાનાદિક નિત્યવિધિ કરી ચાલવા તૈયાર થયા. ત્યારે દાહા ખાચરનાં માતુશ્રીએ કહ્યું, “મહારાજ ! કાલે સમાધિમાં મારે તમને જમાડવા હતા, પરંતુ ત્યાં સમાધિ પૂરી થઈ ગઈ. માટે હવે આપ આજ અહીં જમીને જાઓ.” મહારાજે તેમની ભાવના જોઈ સંતોને રસોઈ બનાવવાની આજ્ઞા કરી.

ભગા દોશીએ તે સમયે પિતા સત્સંગના વિરોધી હોવાથી તેમની બીકે છાનામાના ઘી તથા સાકર લાવી મહારાજને આપ્યાં અને કહ્યું, ‘આટલું મારું સીધું સ્વીકારો તો અમારાં કુટુંબીઓનું કલ્યાણ થાય !’ ત્યારે મહારાજે તેનો અસ્વીકાર કરતાં કહ્યું, ‘જે પિતાથી છાનુંમાનું લાવ્યા હોય તે વસ્તુને અમે નહિ સ્વીકારીએ.’ મહારાજની આ વાત સાંભળતાં જ તે અતિશય દિલગીર થઈ ગયા.

ચોપાઈ :

થયો ભગો અતિશે દિલગીર રે, ચાલ્યાં બંને નેણમાંથી નીર રે;
મારું સીધું ન આવ્યું સંત કાજ રે, જાણે પ્રભુ છે મું પર નારાજ રે...૪૧

પછી મુક્તાનંદસ્વામી તેમને સમજાવતાં કહે, **'મહારાજ કહે તેમ કરો, તેમાં આપણું કલ્યાણ છે**. માટે તમે સીધું ઘેર લઈ જાઓ. તેથી શ્રીહરિ રાજી થશે અને તમારું કામ થશે.' ભગો અતિ દિલગીર થઈ ગયા, પણ મુક્તાનંદસ્વામીના સમજાવવાથી સીધું લઈ પાછા ઘેર આવ્યા. તેમનાં માતુશ્રી પાસે સામાન મૂકી અતિ રૂદન કરવા લાગ્યા.

ત્યારે ભાઈચંદ શેઠ ઓસરીમાં બેઠા હતા. તેમણે કારણ પૂછતાં કહ્યું, 'બેટા કેમ રડે છે ?' ત્યારે તેમણે કહ્યું, "શ્રીજીમહારાજે સીધું ન લીધું અને એમ કહ્યું કે, 'જે પોતાના પિતાને પૂછ્યા વિના છાનુંમાનું લાવે તે અધર્મ કહેવાય, માટે અમે આ સીધું નહિ જમીએ." એમ કહી ભગા દોશીએ સઘળી વાત કહી.

શ્રીહરિની આવી નિર્બંધતા તથા ધર્મમાં રુચિ જોઈને ભાઈચંદ શેઠને મહારાજનો અતિશય ગુણ આવ્યો અને કહ્યું, 'હાલ હું તારી સાથે તારા ગુરુ પાસે આવું છું.' એમ કહી માણસ પાસે સીધું ઉપડાવી ભાઈચંદ શેઠ શ્રીહરિ પાસે હમીર ખાચરના દરબારમાં આવ્યા. જ્યારે તે બાપ-દીકરો બંને ત્યાં પહોંચ્યા ત્યારે શ્રીજીમહારાજ સંતોને પીરસતા હતા. સંતો લાકડાનાં પાત્રમાં દાળ, ભાત, શાક, મિષ્ટાન્ન, રોટલી વગેરે ભેળું કરી કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' નામનું સ્મરણ કરતાં જમતાં હતાં. સંતોની આ પંક્તિનાં ભાઈચંદ શેઠને દર્શન થયાં. સંતોને પીરસીને પછી શ્રીજીમહારાજ હાથ-પગ ધોઈ તેમની પાસે બેઠા.

ત્યારે ભાઈચંદ શેઠ કહે, 'હે મહારાજ ! આપના સંતો આમ ભેળું કરીને જમે, તેમાં શું સ્વાદ આવે ?' એટલે મહારાજ કહે, "શેઠ !

અમારા સંતો રસાસ્વાદનું સુખ ભોગવતાં નથી. તેઓ તો **ધર્મનું અને પ્રભુભજનનું જે સુખ, તે જ સાચું સુખ માને છે.** વળી, અમારા સંતો નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ, નિર્માન, નિઃસ્વાદ આ પંચવર્તમાન પાળે છે. અષ્ટ પ્રકારે સ્ત્રી-ધનનો ત્યાગ રાખે છે. પત્તરમાં આવેલું તમામ અન્ન ભેળું કરી, સ્વાદરહિત કરી હરિસ્મરણ કરતાં જમે છે. ક્યારેય ગાળ બોલતા નથી, કોઈનું ભૂંડું ઈચ્છતા નથી, આવા અમારા સંતો છે. તેમાં તમને ઊણપ જણાતી હોય તો કહો."

આ વાત સાંભળી ભાઈચંદ શેઠને મહારાજનો તથા સંતોનો અતિશય ગુણ આવ્યો કે, "જરૂર આ મહાપુરુષ છે નહિતર આ ઘોર કળિયુગમાં આવા કઠિન વર્તમાન પાળી શકાય નહીં, અને આ રીતે પ્રભુ ભજી શકાય નહીં. આજે અનેક મતો છે, તે ભજન-ભક્તિ, ઉત્સવ વગેરે તો બધું બહુ કરે છે, પરંતુ નિયમ-ધર્મમાં શિથિલતા સર્વત્ર દેખાય છે. જ્યારે આ સ્વામિનારાયણ પોતાના ગૃહી-ત્યાગી તમામ આશ્રિતો પાસે શાસ્ત્રમાં લખ્યા પ્રમાણેનો યથાર્થ ધર્મ પળાવે છે. આ વાત નાની-સૂની ન કહેવાય..! માટે સહજાનંદસ્વામી ખરેખર બહુ મોટા પુરુષ છે." આમ, શેઠને શ્રીહરિનો ગુણ આવ્યો. તેથી મહારાજને પગે લાગી પ્રાર્થના કરતાં કહે,

મારું સીધું પ્રભુજી સ્વીકારો રે, મારો ભગો છે ભક્ત તમારો રે;
મારી વિનંતિ કાને પ્રભુ ધરો રે, મને અને ભગાને ખુશ કરો રે...૪૨

ત્યારે શ્રીહરિ કહે, "શેઠ ! તમારો ભાવ છે એટલે તમારું સીધું અનેકવાર અમને પહોંચ્યું, માટે તમે રાજી થઈને પાછું લઈ જાવ. ફરી આવશું ત્યારે તમારી રસોઈ જમશું." આવો મહારાજનો ઉત્તર સાંભળી ભાઈચંદ શેઠના હૃદયમાં પરિતાપ થયો કે, "અરે ! મારા પુત્રએ આવા મહાન પુરુષ તથા તેમના સંતોનો આશરો લીધો છે.

તેમનો મેં આજ સુધી ખોટો અપરાધ કર્યો છે, માટે મને ધિક્કાર છે." એમ વિચારી કહે, 'ભગા આજથી તું સુખેથી સ્વામિનારાયણનું ભજન કરજે. એમાં હું રાજી છું.'

આમ, શ્રીહરિએ ભાઈચંદ શેઠનું પરિવર્તન કર્યું. પછી બાપ-દીકરો બંને મહારાજને પગે લાગી ઘેર ગયા. પછી ભાઈચંદભાઈએ કહ્યું, 'બેટા ભગુ ! તારે હવે અહીં બોટાદમાં સ્વામિનારાયણ ભગવાન પધારે, સંતો પધારે ત્યારે સેવા કરવાની છૂટ. સત્સંગીઓ સાથે રહેવાની તથા ભજન-ભક્તિ કરવાની છૂટ છે, પરંતુ ક્યાંય બહારગામ જવું નહીં; જો મને પૂછ્યા વિના તું સત્સંગ માટે બહારગામ ગયો તો હું તને ઘેરથી કાઢી મૂકીશ.' સત્સંગનો ગુણ આવવાથી ભગા શેઠને આટલી ઉપાધિ ઓછી થઈ. પછી શ્રીજીમહારાજ ત્યાંથી લોયા પધાર્યા.

દોહા : **આવે ગુણ સત્સંગનો, થાય સત્સંગી જન;**
અવગુણ આવે જો મનમાં, તો જીવનું થાય પતન...૪૩
માટે આપણે સર્વે, રે'વું સદા સાવધાન;
અવગુણ આવે કોઈને, એવું વર્તો ન નિદાન...૪૪
સત્સંગ વધે કે ઘટે, આપણે તેનું કારણ;
વર્તન જોઈને આપણું, સત્સંગ કરે ધારણ...૪૫
સત્સંગ વધે એમ વર્તીએ, તો પુણ્ય થાય અપાર;
સત્સંગ ઘટે એમ વર્તીએ, તો પાપનો નહિ પાર...૪૬

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'શ્રીહરિએ ભગા દોશીનું કૌટુંબિક દુઃખ ટાળ્યું' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

શ્રીહરિનો ભગા શેઠને ઉપદેશ અને તેમની સ્થિતિ

હવે ભગા શેઠ સૌ સત્સંગી સાથે સુખેથી ધૂન-કીર્તન તથા સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા. ભગા શેઠને સત્સંગ કરાવ્યાનું અંગ હતું. તેથી તેણે પોતાની હેડીના અનેક લોકોને સત્સંગ કરાવ્યો હતો. સમય જતાં ભાઈચંદ શેઠે સારા કુળમાં ભગા દોશીનાં લગ્ન કર્યાં. તેમની પત્નીનું નામ લક્ષ્મીબાઈ હતું.

વળી, મહારાજ સત્સંગવિચરણ કરતાં કરતાં એકવાર સારંગપુર, કુંડળ, કારિયાણી થઈ સમઢિયાળા આવ્યા. ત્યાંના દરબાર લાખા ખાચરે સન્માન સાથે શ્રીહરિને પોતાને ઘેર રાખ્યા. તે વાતની બોટાદવાસી ભક્તોને ખબર પડી. તેથી સહુ ભક્તો શ્રીહરિને આમંત્રણ આપવા માટે ત્યાં જવા તૈયાર થયા. ત્યારે હમીર ખાચર વગેરે ભક્તોએ તેમને કહ્યું કે, 'ભગા શેઠ તમે સાથે ન આવો. કેમ જે, તમારા પિતાએ અમને પણ કહ્યું છે કે, 'ભગો ! અહીં સત્સંગમાં ભલે આવે પરંતુ બહારગામ કાંઈ લઈ જતા નહીં.' જો તમો અમારી સાથે આવશો તો તમારા પિતા સહુ સત્સંગીઓને હેરાન કરશે. માટે તમે ન આવો તો સારું.

ત્યારે ભગા દોશીએ પેંડા લાવી આપ્યા અને કહ્યું, 'મારા વતી આ પેંડાની માટલી મહારાજને અર્પણ કરજો, દંડવત્ કરી મારી ભાવના જણાવજો અને મહારાજને તેડીને જરૂર બોટાદ લાવજો.'

પછી હમીર ખાચર વગેરે ભક્તો સમઢિયાળામાં શ્રીહરિ પાસે આવ્યા. તે સમયે સંધ્યાવખત થયો હતો. શ્રીહરિને પગે લાગી ભગા દોશીએ આપેલ ભેટ અર્પણ કરી. પછી કહ્યું, 'હે નાથ ! આપનાં દર્શન માટે બોટાદવાસી તમામ ભક્તો ઉત્સાહિત છે, આપ બોટાદ પધારો. બોટાદના નગરશેઠ ભાઈચંદભાઈના એકના એક પુત્ર ભગા દોશીનો સત્સંગ સહુથી અધિક છે. તેઓ અમારી સાથે આવતાં હતાં. અમે

તેમને જાણીને લાવ્યા નથી. અમે હાથ જોડીને અને કોલ આપીને તેમને પાછા વાળ્યા છે. તેના પિતા ભાઈચંદ શેઠ બધા હરિભક્તોને નિત્ય બીવડાવે છે કે, જે કોઈ મારા પુત્રને પોતાની સાથે બહારગામ લઈ જશે તો હું તરત તેનું ઘર ભંગાવીશ. મારા પુત્રને જે લઈ જાશે તેનાં ગામ અને ગરાસને હું તોડાવી નાખીશ.

જો સ્વામિનારાયણ અહીંયાં આવે તો મારો પુત્ર ભલે સુખેથી જઈને તેમનાં દર્શન કરે. સારી રસોઈ કરાવીને ભલે સુખેથી જમાડે. મન ચાહે ત્યાં સુધી બોટાદમાં ભલે રાખે. ખર્ચ થાય તેનાથી હું લેશમાત્ર ડરતો નથી. ધર્મને માટે જે વાપરે તેને હું ખર્ચ નથી ગણતો. કેમ જે, ધર્મમાં ઉપયોગી થાય તે જ સાચી કમાણી છે. બીજા ધનનું કામ પણ શું છે ? તે તો સાવ નકામું છે. હાલ ભાઈચંદ શેઠની આવી ભાવના થઈ ગઈ છે. માટે હવે તેઓ ક્યારેય સત્સંગનો દ્રોહ કરશે નહીં.

તેથી હે નાથ ! અત્યારે આપને બોટાદમાં આવ્યાનો સમય છે. એટલા માટે જ અમે આપને આગ્રહ કરીને કહેવા આવ્યા છીએ. પછી તો જેવી આપની મરજી ! અમે કોઈ આપને રોકવાનો આગ્રહ લગારેય નહીં કરીએ. હે મહારાજ ! અમારી આટલી વિનંતી છે. અમને આપના દાસ જાણીને અને દિલમાં અતિ પ્રેમ લાવીને તેને માન્ય રાખો.

અત્યારે બોટાદમાં જે સત્સંગીઓનાં ઘર છે તેને આપે પોતાના જ માન્યા છે. હવે તો આપ જ અમારું જીવન થયા છો, તેથી આપ બધાનાં ઘરની રખવાળી કરજો. ચંદ્રમાને ચકોર તરફ તાન નથી પણ ચકોરનું મન ચંદ્રમામાં લોભાયેલું હોય છે. ચકોરને જ્યાં સુધી ચંદ્રમાનાં દર્શન થતાં રહે છે ત્યાં સુધી તે અમૃતરસનું પાન કરતો રહે છે. ચંદ્રમાનાં પ્રતાપથી ચકોર અંગારાને ખાય છે છતાં જરાય તે બળતો નથી.

दोहा : अनल हे संसार ही, हरिजन हे चकोर।
हरि तव मूर्ति चंद ही, वृत्ति रखे तामें जोर॥

तुमारे दरश वचन ही, सो सुधारस पान।
सिंचो दरश तव दईकर, समर्थ श्रीभगवान॥

આ સંસાર અગ્નિ છે, હરિભક્તો ચકોર પક્ષી છે અને હે હરિ ! આપની મૂર્તિ ચંદ્રમા છે એટલે હરિભક્તો આપની મૂર્તિમાં ચિત્તવૃત્તિ જોડી રાખે છે. આપનાં દર્શન અને વચન, અમારે માટે અમૃતરસનું પાન છે. આપ સર્વસમર્થ ભગવાન છો માટે અમને આપનાં દર્શન દઈને અમૃતરસનું સિંચન કરો.

આ રીતે બોટાદના સર્વે હરિભક્તોએ ભગા દોશી વતી જ્યારે બોટાદ પધારવાની ખૂબ વિનંતિ કરી ત્યારે શ્રીહરિએ હરિભક્તોનો ભક્તિભાવ જોઈને તેને પૂરો કરવા માટે કહ્યું, 'તમે એક અશ્વ લાવો. અત્યારે અમારી પાસે અશ્વ નથી. અત્યારે અમે હરિભક્તોને સુખ આપવા માટે પગે ચાલીને જઈએ છીએ, પણ તે તમને નહીં ગમે. એટલે અશ્વ ઉપર બેસીને બોટાદ આવશું.'

તરત જ હમીર ખાચરે પુત્ર દાહા ખાચર પાસે ઘોડો તૈયાર કરાવ્યો. તે અશ્વ ઉપર સવાર થઈ સહુ ભક્તો સાથે શ્રીહરિ વહેલી સવારે બોટાદ પહોંચ્યા. બોટાદવાસી ભક્તોએ અતિ ભાવથી શ્રીહરિનું સામૈયું કર્યું. શ્રીફળ ચરણે ધરી પુષ્પનાં હાર પહેરાવ્યાં.

શ્રીજીમહારાજ સહુ ભક્તોને દર્શન દેતાં દેતાં હમીર ખાચરનાં દરબારમાં પધાર્યા. જેને આ સમયે શ્રીહરિ તથા સાચા સંતોનાં દર્શન થયાં તેનાં ભવરોગ નાશ થયા, જીવમાં પ્રકાશ થયો, અંતર નિર્મળ થયું. તેથી સાચા સત્સંગની અને શ્રીહરિની ઓળખાણ થઈ. પછી સહુ ભક્તોએ ભાવથી શ્રીહરિ તથા સંતો, વર્ણી અને પાર્ષદોની પૂજા કરી. તે સમયે જાણે ફૂલનો બાગ ખીલ્યો હોય એવી શોભા બની હતી.

પછી શ્રીહરિ જમ્યા અને સહુ સંતો-ભક્તોને જમાડી રાત્રે ધૂન-કીર્તનની રમઝટ બોલાવી. સહુને ખૂબ જ આનંદ થયો. તે સભામાં

સમય પર સેવા કરનારા એવા મૂળજી બ્રહ્મચારી તથા જેરામ બ્રહ્મચારીની શ્રીહરિએ ખૂબ જ સરાહના કરી. પછી ભગા શેઠ, અદા શેઠ, નરશી પંડ્યા, મોના પંડ્યા, સોમલા ખાચર, અમરશી કંસારા વગેરે ભક્તોને ઘરે શ્રીહરિએ પધરામણી કરી. શ્રીહરિ બે દિવસ બોટાદ રોકાયા. સહુ ભક્તોને ખૂબ સુખ આપ્યું. ભગા દોશીની રસોઈ જમ્યા.

પછી જ્યારે મહારાજ ચાલતાં થયા, ત્યારે ભગા શેઠ બરફીની માટલીઓ લઈને શ્રીહરિની સાથે આવ્યા. ઉત્તર તરફ નદી પાસેનો જે દરવાજો છે, ત્યાં બધા ભક્તો ભેળા થયા. શ્રીહરિએ રાજી થઈને બધાને ઘણા પ્રેમથી બોલાવ્યા. સહુ ફૂલના હાર લાવ્યા હતાં તે શ્રીહરિને પહેરાવ્યા. હેતથી વારંવાર વિનંતિ કરી અને બરફી તથા પેંડા અર્પણ કર્યા. જે શ્રીહરિની સાથે હતા તેમને શ્રીહરિએ સ્વયં પેંડા આપ્યા અને હરિભક્તોને પણ પ્રસાદી અપાવીને પછી તરત જ ચાલતાં થયા.

શ્રીહરિએ ચાલતી વેળાએ પોતાના કંઠમાં જેટલા હાર હતા તે બધા ભગાશેઠને આપ્યા અને તેમને કહ્યું, 'આ વખતે તો અમે તમને દર્શન દેવાં જ આવ્યા છીએ. કુસંગીઓના શબ્દ સાંભળીને તમારા પિતા સત્સંગને નિમિત્તે તમને ઘણું દુઃખ દે છે.

सोरठा : सत्संग निमित्त दुःख, जो जो आवे जितनो जेहि।
हरिजन मानत हि सुख, हरिजन सो सत्संग में अधिक॥
हरि की क्रपा अति होत, सत्संग निमित्त दुःख आत तेहि।
दुल्लभ में दुल्लभ बोत, हम मानत हें वात एहि॥

હરિભક્તને સત્સંગ રાખવાથી જેટલું દુઃખ આવે છે તેને જે હરિભક્ત સુખ માને છે, તે આપણા સત્સંગમાં મોટો છે. જેના ઉપર ભગવાનની ઘણી મોટી કૃપા થાય તેને જ સત્સંગ નિમિત્તે દુઃખ આવે છે. આવી બાબતને ખૂબ જ દુર્લભમાં પણ દુર્લભ અમે માનીએ છીએ.

બધી રીતે સુગમતા હોય ત્યારે તો અપાર લોકો ગામોગામ સારો

સત્સંગ રાખતા હોય છે, પરંતુ દુઃખ પડે છતાં પણ જેનો સત્સંગ રહે છે તેનો સત્સંગ પરિપક્વ છે. દુઃખ આવ્યા વિના જે સત્સંગી થયા હોય તેઓ તેટલા પાકા કહેવાતા નથી. કુંભાર માટીનાં ઠામ-વાસણ બનાવે છે, તે ઠામ અગ્નિમાં પકાવ્યા વિના મજબૂત થાતાં નથી. આગમાં પાકે તે જ ઠામ પૂર્ણ કહેવાય છે. તેમાં જે ફૂટી જાય તે ફૂટેલું જ રહેવાનું, તે પાણી ભરવાના કામમાં આવતું નથી. કુંભારની વાસણ બનાવવાની જે રીત કહી તેના જેવી જ હરિભક્ત થવાની રીત છે.

जा पर जाकु ईछक अति होवे, सो दुःख सामे कबु न जोवे।
दुःख सन्मुख जो जुवे जेहि, ईछक ताको पूरे नहीं तेहि॥

જેને જેના ઉપર અતિશય ઈશક થાય તે તેને રાજી કરવા માટે અખંડ પ્રયત્ન કર્યા કરે. અને તે માટે વચમાં આવતા દુઃખોની સામે ક્યારેય જુએ નહીં. **ઈશક-પ્રેમ કરતાં જે દુઃખની સામું જુએ તે તેનો પૂરો ઈશ્કી-પ્રેમી નથી.** જેને ચોરીના ઉપર ઈશક-વેગ હોય, તે મરવાનો ડર રાખતો નથી. પરનારી ઉપર જેને ઈશક હોય તેને માથું કપાવાનો પણ ભય હોતો નથી. તેના નાક, કાન કાપે તોએ તેને શું થાય ? તેનાથી તે શરમાતો નથી. સતી સ્ત્રીને જો પતિમાં ઈશક-પ્રેમ હોય તો તે સળગતી ચિતામાં પડવાથી ડરતી નથી. **ઈશકવાળાને જેમ જેમ વધારે દુઃખ પડે તેમ તેમ તે દુઃખને વધારે શોભા ગણે છે અને તેને અત્યંત સારરૂપ સુખ દેખે છે.**

दोहा : मायिक पर ईछक जीतनो, तितनो मोक्ष हित होय।
ताके हरि सो पास हे, यामें फरक न कोय॥

માયિક ભોગ્ય વસ્તુના ઉપર જેટલો ઈશક હોય તેટલો જો મોક્ષ મેળવવામાં ઈશક હોય તો ભગવાન તેની પાસે જ હોય છે, તેમાં કોઈ ફરક નથી. સત્સંગ સિવાયનો અપાર ઈશક અનેક લોકો પાર વગરનો કરે છે, અને તેમાં ઠેર ઠેર માર ખાય છે અને તોએ તેમાં સુખ માને છે.

सोरठा : तेसो ईछक जोउ, सत्संग में जो करत जेहि।
धन्य धन्य कहत सोउ, संत हरिजन अवतार सबे॥

માયિક પદાર્થ જેવો ઈશક જો કોઈ સત્સંગ માટે કરતો હોય તો તેને માટે તો સંતો, હરિભક્તો અને અમે ખુદ ભગવાન પણ ‘ધન્ય ધન્ય’ એમ કહીએ છીએ.’ ભક્તરક્ષક દયાળુ શ્રીહરિ ચાલતાં ચાલતાં પણ ભગા શેઠને બળ આપવા માટે રાજી થઈ આવી વાતો કરતાં હતાં.

વળી, શ્રીહરિએ કહ્યું, ‘ભગા શેઠ ! ભાગવતમાં જે પ્રહ્લાદજીનું આખ્યાન છે તેને પ્રેમથી વાંચવું, સાંભળવું. પ્રહ્લાદજી ત્રિલોકીના રાજકુમાર હતા. તેને ધન કે દોલતનો કોઈ પાર ન હતો. ઈંદ્ર, વરુણ અને વાયુ જેવા મોટા દેવો પણ પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુની આજ્ઞામાં રહેતા હતા. તે પ્રહ્લાદજી તો જન્મથી ભગવાનના ભક્ત થયા. લેશમાત્ર પણ પિતાનો ભય રાખતા નહીં. મહાન સમર્થ શ્રીહરિવરને તેણે શિરે ધાર્યા હતા. તેમનો અપાર મહિમા દઢતાથી વિચારતા. તેમ તમે પણ ભગવાનનું બળ હૈયામાં રાખજો. **મનુષ્યદેહનું પ્રયોજન માત્ર ભગવાનને ઓળખવા અને પામવા એટલું જ છે.** તે થાય એટલે પ્રયોજન પૂર્ણ થયું. હરિની ઈચ્છા પ્રમાણે સુખ, દુઃખ આવે; તેમાં ધીરજ રાખવી. હું તો દેહથી જુદો છું એમ માનવું.

दोहा : अपनो माने देह जब, तब होय ताको दुःख।
अपनो न जानत देह यह, परम मानत यह सुख॥

જ્યારે દેહને પોતાનો માનીએ ત્યારે દુઃખ થાય છે. જો દેહને પોતાનો ન માનીએ તો આત્મા-પરમાત્મા સંબંધી સુખ શ્રેષ્ઠ મનાય છે. અને આવી નિર્લેપ રહેવાની સમજણ હોય તો ઘણું સુખી રહેવાય; સમજણમાં અપાર સુખ છે.

सोरठा : भक्त के हरि आधार, एसे आधार कहो कुन अवर।
दृढ एसे निर्धार, करे सो हरिजन श्रेष्ठ तेहि॥

ભક્ત માટે તો ભગવાન જ આધાર છે. ભગવાનના જેવો બીજો દઢ આધાર કોણ હોઈ શકે ? આવો જેને મજબૂત નિશ્ચય હોય તે જ શ્રેષ્ઠ હરિભક્ત છે.' શ્રીહરિએ ભગા શેઠને આટલી વાત કરીને 'જય સચ્ચિદાનંદ' બોલ્યા અને ગઢપુર જવા ચાલતા થયા. ભગા શેઠે શ્રીહરિની કહેલી વાતને દિલમાં ધારી લીધી. તેનાથી તેમને જીવમાં અપાર બળ આવ્યું.

श्रीहरि दरशन दियेउ जेसे, अखंड देखावत जीय में तेसे।
ब्रह्मस्थिति कहावत जेहा, परिपक्व उर भयेउ तेहा।।

પછી શ્રીહરિએ તેમને જેવાં દર્શન દીધાં હતાં તેવી જ મૂર્તિ તેનાં અંતરમાં અખંડ દેખાવા લાગી. જેને બ્રહ્મસ્થિતિ કહેવાય છે તેવી તેમનાં હૃદયની પરિપક્વ સ્થિતિ થઈ ગઈ.

જૈનોના સમાજમાં મોટા શહેરોમાં રહેતા ઘણા શ્રીમંત અને જે મોટા મોટા શેઠ-શાહુકારો કહેવાતા હતા તે સહુ ભગા શેઠની આવી બ્રહ્મસ્થિતિ દેખીને આશ્ચર્ય પામતા અને ભગા શેઠના તથા સત્સંગના વખાણ કરતા. કારણ કે, ભગા શેઠનું ઘર ઘણું સમર્થ-સમૃદ્ધ-ધનાઢ્ય હતું, છતાં તેમનામાં સહુથી અધિક અપાર નિષ્કામીપણું હતું અને ખાવામાં કે પીવામાં કોઈ પણ પ્રકારનું વ્યસન ન હતું. દરેક મુમુક્ષુની જ્યારે આવી સ્થિતિ થાય છે ત્યારે તેની મુક્તિ તરત જ થાય છે. તેવી સ્થિતિ સિવાય મુક્તિ ન મળે અને મુક્તિ મળ્યા સિવાય સંસૃતિ ટળે નહીં. જેનો જેવો પ્રતાપ હોય તે વર્તનમાં દેખાઈ આવે છે. કોઈનો પ્રતાપ ઢાંક્યો ઢંકાતો નથી. ભગા શેઠની આવી સ્થિતિ, નિષ્કામીપણું વગેરે ગુણો જોઈ સહુના મસ્તક તેમના ચરણોમાં ઝૂકી જતા.

પછી સમય જતા પુત્ર ભગા દોશીને અતિશય ગુણીયલ સમજી ભાઈચંદ શેઠે પોતાની પેઢીનો તમામ વહીવટ તેમને સોંપી દીધો. હવે

ભગા દોશી ઘણું કમાવા લાગ્યા. અને તેથી બહારગામ જવાની બંધી હતી તેની છૂટ થઈ ગઈ તેમજ શ્રીહરિ પાસે, સંતો પાસે બહારગામ સત્સંગ-સમૈયા વગેરેમાં જવાની છૂટ થઈ ગઈ. તેથી ઉત્સવ સમૈયાઓમાં તેઓ જતા અને ત્યાં તેઓ ખૂબ સેવા પણ કરતા, ઉદાર હાથે ધન વાપરતા અને સહુનો અઢળક રાજીપો કમાતા.

દોહા : **હોય વ્યવહાર હાથમાં, તો સેવા કરી શકાય;**
ન હોય કે ગયા પછી, સેવા ક્યાંથી થાય...૪૭
હાથે છે તે સાથે છે, એવો માની ન્યાય;
કરી લેવા જોઈએ, ભજન સેવા સદાય...૪૮
હાથમાંથી જાય પછી, વળતું નથી જ કાંય;
કરવું હોય તે સમજીને, ટાણે કરી લેવાય...૪૯
સંસારની એ રીતિ છે, જ્યાં સુધી નિજ હાથ;
તમે કમાતા હોવ તો, ત્યાં સુધી નામે માથ...૫૦
રળે તેનું જ થાય છે, જગમાં ધાર્યું સદાય;
માટે રળતા હો તમે, તો વાપરી લ્યો ભાય...૫૧

શ્રીહરિએ સં.૧૮૬૬માં ડભાણમાં મોટો યજ્ઞ કર્યો ત્યારે બોટાદવાસી ભક્તો સાથે ભગા દોશી ત્યાં ગયા હતા. અને શ્રીજીમહારાજને ડભાણ યજ્ઞમાં શેલું બંધાવ્યું હતું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'શ્રીહરિનો ભગા શેઠને ઉપદેશ અને તેમની સ્થિતિ કહી' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

ભાઈચંદ શેઠને મંદવાડ અને શ્રીહરિદર્શન

જેમ દીપથી દીપ પ્રગટે તેમ હવે ભગા શેઠ દ્વારા બોટાદમાં અનેક કુટુંબોમાં સત્સંગ વધવા લાગ્યો. સમય ઉપર સમય ચાલ્યો જાય છે. હવે ભાઈચંદ શેઠની ઉંમર ઘણી થઈ ગઈ. શેઠે હવે ધંધામાંથી વૃત્તિઓ સંકેલી લીધી. અને થોડો સમય જતાં શેઠ બીમાર થયા. દા'ડે દા'ડે બીમારી આગળ વધવા લાગી. તે સમાચાર શ્રીહરિને ગઢપુર મળ્યા. તેથી સં. ૧૮૭૦ માં મહારાજ તેમની ખબર કાઢવા બે-ચાર ઘોડેસ્વાર લઈ બોટાદ આવ્યા. તેમના ઓરડામાં ખુરશી નાખી તેમની પાસે બેઠા.

ભગા દોશીએ પિતાને કહ્યું, "આ મારા સ્વામિનારાયણ પ્રભુ તમને જોવા પધાર્યા છે." ભાઈચંદ શેઠે આંખ ઉઘાડી મહારાજને નમસ્કાર કર્યા. પછી પોતાના અંતરમાં જે વેદના હતી, તે શ્રીહરિ આગળ વ્યક્ત કરતાં એક સાખી બોલ્યા,

નીચું નળિયેલ ખોરડું, જેની થાંભલીએ નહીં ઠા;
એ ન રહે આલીંગડા, મોભ જતાં માઠું રીએ.

અર્થ : "હે પ્રભુ ! હું ખોરડાનાં મોભ કહેતાં, આડસરને ઠેકાણે છું. તે હવે હું તો ચાલ્યો અને ભગા શેઠ તો થાંભલીને ઠેકાણે છે. માટે થાંભલી મોભ વગર નહિ રહી શકે." તે સાંભળી મહારાજ કહે, **"ભાઈચંદ શેઠ ! તમે તેની ચિંતા ન કરતા. તમારા કરતાં ભગો સો ગણો સારો થશે અને તમારા કુળને દીપાવશે."** ત્યારે શેઠ કહે, "હે મહારાજ ! તમારી વાણી ફળો, તમારું વચન સત્ય થાઓ." એમ કહી મહારાજને નમસ્કાર કર્યા. આ રીતે તેમની ખબર કાઢી મહારાજ ગઢપુર ગયા.

દોહા : **વાહ રે વાહ નાથ મારો, દયા તણો સાગર;**
રહી શક્યા ન વાલમો, ખબર કાઢ્યા વગર...૫૨

જીવના અલ્પ ગુણને, માને પર્વત તુલ;
પ્રભુની મહાકૃપાનું, કરી શકે કોણ મુલ...૫૩

પછી ભાઈચંદ શેઠને થયું કે, "મારાથી ભગો સો ગણો સારો થશે એવા સ્વામિનારાયણ ભગવાને આશીર્વાદ આપ્યાં છે. ભલે તે ભગવાન ન હોય પણ મહાપુરુષ તો ખરા..! જેથી મારો મંદવાડ સાંભળી મને જોવા આવ્યા ને આશીર્વાદ આપ્યાં." આવો મહારાજનો ગુણ આવતાં તેમના અંતરમાં અતિ શાંતિ રહેવા લાગી. અને એમ કરતાં દેહનું આયુષ્ય પૂરું થયું. તેથી તનનો ત્યાગ કર્યો. ત્યારે મહા દયાળુ મહારાજે તેમનું કલ્યાણ કર્યું.

✵ ગુણ લેવાની મહત્તા :

દોહા : **ગુણ આવે જો મોટાનો, થઈ જાય મોટું કામ;**
પાપ પળમાં પરજળે, પામે પ્રભુનું ધામ...૫૪

ભગવાન કે મોટા સંતોનો ગુણ આવે તો મોટું કામ થઈ જાય. ધોરાજીમાં એક મુસલમાન ગાંડો થઈ ગયો હતો, પરંતુ તેને ગુણ લેવાની ટેવ હતી. કોઈ પણ સામા મળે તેના વખાણ કરતો. એક દિવસ ગુણાતીતાનંદસ્વામી સંતોના મંડળ સાથે ધોરાજી પધાર્યા. સ્વામીને આવતાં જોઈ આ મુસલમાન કહે, **"वाह.. ! स्वामिनारायण के ओलिये में कितना ज्यादा नूर हैं, वह सामान्य नहि है, जो उनके पैर छूए उनका कल्याण हो जायेगा।'** આ શબ્દો ગુણાતીતાનંદસ્વામી સાંભળી ગયા. તેથી કોઈ હરિભક્તને પૂછ્યું, 'આ કોણ છે ?' 'હે સ્વામી ! તે અમારા ગામનો મુસલમાન છે અને એને ખસી ગયું છે. તેથી આખો દિવસ આમનામ ગાંડાં કાઢ્યાં કરે છે.' ત્યારે સ્વામી કહે, 'એ આપણાં વખાણ કેમ કરે છે ?' 'સ્વામી ! એને તો એવી ટેવ છે જેને ભાળે તેનાં વખાણ કર્યાં કરે.' ત્યારે સ્વામી કહે, 'તો અમારે પણ જીવનાં કલ્યાણ કરવાની ટેવ છે, તે જેને અમારો ગુણ આવે તેનું કલ્યાણ

કરીએ.' આમ, સ્વામી રાજી થઈ બોલ્યા હતા.

ઇતિહાસ એવું નોંધે છે કે, આટલો તેને સંતનો ગુણ આવ્યો તો અંતકાળે સ્વામિનારાયણ ભગવાન તેને તેડવા આવ્યા. અને **'આ સ્વામિનારાયણ ભગવાન અને ગુણાતીતાનંદસ્વામી મને તેડવા આવ્યા છે ને હું ખુદાનાં ધામમાં જાઉં છું.'** એમ કહીને તે ધામમાં ગયો હતો. સંતનાં ગુણ ગાયા તો ગાંડો હતો તોય કલ્યાણના માર્ગમાં ડાહ્યો બની ગયો અને મોક્ષ પામી ગયો. તો ભાઈચંદ શેઠને ગુણાતીતાનંદસ્વામી જેવા અનંત મહામુક્તોના પતિ પ્રગટ ભગવાન સ્વામિનારાયણનો ગુણ આવ્યો હતો અને તેણે સ્વામિનારાયણનાં વખાણ કર્યાં હતાં તેથી તેનું કલ્યાણ થાય, તેમાં શું આશ્ચર્ય છે..!!

દોહા : **પુત્ર પ્રતાપે પિતાનો, થઈ ગયો ઉદ્ધાર;**
સગો હોય જો સત્સંગી, થઈ જાય બેડો પાર...૫૫
પરંતુ એના ગુણ જો લે, સમજી કરે સહાય;
તો તેને પણ શ્રીહરિ, ધામમાં તેડી જાય...૫૬

પરંતુ અમુક અભાગિયા જીવ ઘણા બુદ્ધિશાળી હોય, વ્યવહારમાં ખૂબ ડાહ્યા હોય છતાં તેને તેની બુદ્ધિનું અભિમાન હોવાથી જેને ભાળે તેના મોટાભાગે અવગુણ જ લેતા હોય છે. માનમાં ને માનમાં ગમે તેને તુચ્છ માની તેની પ્રત્યે તુચ્છ વચનો બોલ્યા કરતા હોય છે. તેથી જ તેઓ પોતાના કલ્યાણને બદલે પોતાની કઠણાઈ કરી બેસતા હોય છે.

પછી ભગા દોશીએ તેમના કુટુંબના રિવાજ પ્રમાણે પિતાની ઉત્તરક્રિયા કરી. અને તેરમાના દિવસે જ્ઞાતિના રિવાજ મુજબ મોટો જમણવાર કર્યો.

✵ ભગા દોશી નગરશેઠ થયા :

તે જ દિવસે ભાવનગર રાજ્ય તરફથી રાજ્યનો પોશાક લઈ ત્યાંના અમીર, ઉમરાવ, નગરશેઠની પાઘ લઈ ભગા દોશીને બંધાવવા

માટે બોટાદ આવ્યા. અને બોટાદના મહાજન તથા સર્વની હાજરીમાં તેમના પિતાશ્રીની માફક આજથી બોટાદના નગરશેઠ ભગા દોશી છે; એમ જાહેરાત કરી. પછી નગરશેઠની પાઘ બંધાવી તથા શાલ, પોશાક અને પહેરામણી આપી ખૂબ સત્કાર કર્યો.

આ રીતે રાજ્ય તરફથી વંશ-પરંપરાનો નગરશેઠનો ઈલકાબ ભગા દોશીને મળ્યો અને રાજ્ય તરફથી તેમનું બહુમાન થયું. તે સમયે બોટાદના ઉપાશ્રયમાં બોટાદના જૈન સંઘો અને અન્ય મહાજનોએ મોટી સભા યોજી. તે સભામાં ભગા દોશીનું ખૂબ બહુમાન કર્યું. પછી ભગા દોશીએ સહુનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, 'હું સ્વામિનારાયણ ધર્મમાં માનું છું. પરંતુ તે ધર્મના અને જૈનધર્મના ઘણાક સિદ્ધાંતોમાં સમાનતા છે. (૧) અહિંસા એ જ પરમ ધર્મ છે. (૨) બ્રહ્મચર્ય (૩) દારૂ, માંસ, લસણ-ડુંગળી આદિક અભક્ષ્ય વસ્તુનો નિષેધ (૪) ચોરી ન કરવી. (૫) કોઈને માથે મિથ્યા કલંક ન દેવું. (૬) તીર્થ, ગાય, બ્રાહ્મણ, સાધુ પ્રત્યે પૂજ્યભાવ રાખવો. (૭) જેમ જૈનધર્મમાં પંચશીલ છે તેમ જ અમારા સંપ્રદાયમાં નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન - આ પંચ વર્તમાન છે. આ રીતે ધર્મની બાબતમાં બંને સંપ્રદાયમાં સમાનતા છે. વળી, સામાન્ય જીવોથી પર કોઈ મહાન તત્ત્વ છે જેને હિંદુધર્મમાં ભગવાન, પરમેશ્વર, પરબ્રહ્મ જેવા નામથી સંબોધે છે અને તેના ચોવીસ અવતારો સ્વીકારે છે. તે જ રીતે જૈનધર્મમાં ચોવીસ તીર્થંકરોને સ્વીકારે છે અને તેમના ઋષભદેવ, બુદ્ધ વગેરેને તો અમે પણ ભગવાન તરીકે માનીએ છીએ. આ રીતે બંને સંપ્રદાયો સદાચારપ્રધાન છે અને જનહિતના કાર્યો કરે છે.'

આવી નગરશેઠ બનેલા ભગા દોશીની નિર્દંભ અને નિખાલસ વાણી સાંભળી અનેક જૈનપંથીઓને સ્વામિનારાયણ સંપ્રદાયનો ગુણ આવ્યો અને કડવાહટ મટી. તેથી સાંપ્રદાયિક મતભેદ અને દુરાગ્રહ

છોડ્યા. તેના પરિણામે ભગા દોશીને ઘણા માનસિક વિક્ષેપો ઓછા થયા. જ્યારે ભગવાન કૃપા કરે ત્યારે સહજમાં અનેકનું ભલું થાય છે અને સહુને સવળું પડે છે.

❋ વહેવારના બોજમાં પણ હરિસ્મૃતિનો ધોધ ચાલું રાખ્યો :

ભગા શેઠને માથે હવે ઘરનું, પેઢીનું, રાજ્યનું અને જ્ઞાતિનું આ તમામ કામકાજ આવી પડ્યું. સર્વે કાર્યવાહી તે મહારાજને સંભારી કરવા લાગ્યા. આટલો માથે વહેવારિક બોજો તથા નાતની આગેવાની હોવા છતાં તેઓ ભગવાન ભૂલ્યા નથી; આ બહુ મોટી વાત કહેવાય. આપણે તો નહિ જેવી બાબતમાં પણ ભગવાનને ભૂલીને જીવન જીવતા હોઈએ છીએ; એ શરમજનક બાબત છે.

વળી, તે જમાનામાં મોટાં શેઠ-શાહુકારો ઘણીવાર સદાવ્રતો ખોલી ગરીબોને અન્નદાન આપતાં. તે મુજબ ભગા દોશીએ અન્નક્ષેત્ર ખોલી સહુને અન્ન આપવાનું શરૂ કર્યું. ત્યારે તેમની ઉંમર નાની હતી, પરંતુ શ્રીહરિની તેમના ઉપર કૃપા હતી, તેથી મહાજ્ઞાની અને વયોવૃદ્ધ માણસો કાર્ય ન કરી શકે તેવા કાર્ય તેઓ સહજમાં કરતા હતા.

❋ રાજકીય કાવાદાવાનો ઉકેલ કરતા :

વળી, તે કુશાગ્રબુદ્ધિવાળા હતા. તેથી ભાવનગર રાજ્યનું કોઈ આંટીઘૂંટીવાળું કામ હોય તો તેને ઉકેલવા રાજદૂતો ભગા શેઠને તેડવા આવતા, અને ભગા શેઠ પણ પોતાને સોંપેલું કાર્ય ઘણી જ ઉત્તમ રીતે નિર્વિઘ્ન પાર પાડતા. તેથી ભાવનગરનરેશ ખૂબ રાજી થતા. પછી તો માત્ર કાઠિયાવાડમાં જ નહિ, પરંતુ કચ્છ, ચરોતર અને સમગ્ર ગુજરાતમાં બોટાદના નગરશેઠ ભગા દોશી અતિ વિચક્ષણ, મહા ઉદાર અને હિંમતવાન વેપારી છે તથા ધર્મની રીતિ અને રાજનીતિને જાણનારા છે. આવી તેમના નામની ખ્યાતિ થઈ ગઈ. સર્વત્ર એમના નામની હૂંડીઓ ચાલવા લાગી.

✵ પ્રસાદીની વસ્તુઓ બોટાદ મંદિરમાં પધરાવી :

એકવાર શ્રીહરિ સારંગપુરમાં બિરાજમાન હતા. ભગા શેઠ વગેરે ભક્તો મહારાજનાં દર્શન માટે ત્યાં ગયાં. શ્રીહરિનાં દર્શન કરી કૃતાર્થ થયા. બીજે દિવસે વહેલી સવારે ગાનકળામાં પ્રવીણ પછે ગામના વજા રાવળ શ્રીહરિને રીઝવવા પ્રભાતી ગાતાં હતાં. તેમનું મધુર કીર્તનગાન સાંભળી શ્રીહરિ જાગી ગયા. તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા અને વરદાન માગવાનું કહ્યું. ત્યારે વજાભાઈ કહે, 'હે નાથ ! બીજે તો લોકરીઝવવા ગાન કરું છું, પરંતુ અહીં તો માત્ર આપની પ્રસન્નતાર્થે અને મોક્ષાર્થે ગાન કરું છું.'

તે સાંભળી શ્રીહરિ બહુ રાજી થયા અને કહ્યું, 'હે રાવળ ! તારું કલ્યાણ તો અમારાં દર્શન કર્યાં ત્યારથી જ થઈ ગયું છે.' એમ કહી પ્રસન્ન થયેલા શ્રીહરિએ સાજ સજાવી ઉત્તમજાતિનો ઘોડો ભેટ આપ્યો. તથા પોતાને પહેરવાનો જરકસી જામો, સોનેરી સુરવાળ અને રૂપે મઢેલી ચાખડીઓ ભેટ આપી. તે વસ્તુ લઈ રાવળ જ્યારે ચાલતો થયો ત્યારે ભગા દોશી તેમની પાછળ ગયા અને વજાભાઈને કહ્યું, 'તમે કહો તેટલા રૂપિયા આપું, પરંતુ શ્રીહરિની આ પ્રસાદીની વસ્તુઓ મને આપો.'

પછી તેમણે શેઠ પાસેથી રૂપિયા લઈ પ્રભુપ્રસાદીભૂત જામો, સુરવાળ તથા ચાખડી ભગા શેઠને આપી. શેઠ તેનું નિત્ય દર્શન તથા પૂજન કરતાં. પછી જ્યારે બોટાદમાં મંદિર ચણાયું ત્યારે સહુ સત્સંગીઓનાં દર્શન માટે તે વસ્તુ બોટાદ મંદિરને સમર્પણ કરેલી છે. આ વાતને નોંધતા હરિલીલામૃતમાં કહ્યું છે,

બ્રહ્મચારી કહે હે ભૂપાળ, એહ જામો તથા સુરવાળ;
બીજો પણ તે સામાન સુહાતો, ભગા દોશિયે લીધો વેચાતો.
મુક્યો બોટાદે મંદિર માંય, સૌને દર્શન કરવાને ત્યાંય;

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભાઈચંદ શેઠને મંદવાડ અને શ્રીહરિએ દર્શન આપ્યાં' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

ભગા દોશીએ અમદાવાદ મંદિરમાં કરેલી સેવા

સં.૧૮૭૪માં શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા ત્યારે ત્યાંના એરણ સાહેબે મંદિરની જગ્યા માટેનો લેખ કરી આપ્યો હતો. શ્રીહરિએ તે જગ્યામાં ભવ્ય મંદિર બંધાવી નરનારાયણદેવ પધરાવવાનું મનમાં નિર્ધાર્યું હતું.

એકવખત શ્રીજીમહારાજ ગઢડામાં વિરાજમાન હતા, ત્યારે શ્રીજીમહારાજે અમદાવાદની તે જગ્યામાં મંદિર કરવા માટે આનંદાનંદસ્વામીને પસંદ કર્યા અને તેમને અમદાવાદ જઈ મંદિર બાંધવાની આજ્ઞા કરી. ત્યારે આનંદાનંદસ્વામીએ શ્રીહરિને કહ્યું, 'હે મહારાજ ! મંદિર કાંઈ અમથું તો ન થાય..!! એને માટે તો પૈસા જોઈએ, માણસ જોઈએ.' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'સ્વામી ! તમે અમદાવાદ જાઓ, ત્યાંના હરિભક્તો તમને મદદ કરશે.' પણ આનંદાનંદસ્વામીને અંતરમાં થોડું એમ રહ્યું કે, 'પરબારું ત્યાં જઈને કઈ રીતે મંદિરનું કામ મારાથી કરાશે ?' અંતર્યામી શ્રીહરિએ તે મૂંઝવણ જાણી.

બરાબર એ સમયે બોટાદથી ભગા દોશી શ્રીજીમહારાજનાં દર્શન કરવાં ગઢડા આવ્યાં. શ્રીહરિએ તેમને બોલાવી વાત કરી કે, 'અમારે અમદાવાદમાં મંદિર કરવાની ઈચ્છા છે, અંગ્રેજ સરકારે પાકો દસ્તાવેજ કરીને જમીન આપી છે. ત્યાંના હરિભક્તો તેમાં મદદ કરશે પણ હાલ શરૂઆતમાં નાણાની જરૂર પડી છે, તો તમો કાંઈ મદદ કરી શકશો..?! તમે જે કાંઈ મદદ આપશો તે બીજા હરિભક્તો જ્યારે ભેટ વગેરે જે આપશે, તેમાંથી તમને પાછું આપશું.'

દોહા : ભગા શેઠ આ સુણીને, ગળગળા થઈ અપાર;
કર જોડી કહેવા લાગ્યા, સુણો શ્રીધર્મકુમાર...૫૭
જે છે મારી પાસ તે, આપનું જ છે તે નાથ;
શા માટે શરમાવો છો, આપી દઉં સહુ સાથ...૫૮

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમારે બધુંય કાંઈ જોઈતું નથી. હાલ પૂરતું લોન તરીકે મંદિર શરૂ થાય એટલાં પૂરતું થોડું આપો.' આ વાક્ય સુણી તરત જ ભગા દોશીએ અમદાવાદનાં શેઠિયા ઉપર રૂપિયા દશ હજારની હૂંડી લખી આપી જે, 'આ આવનારને રૂપિયા દશ હજાર સુધી મારા નામે ઉધારી આપજો; અને વળી, સાથે એક બીજો કાગળ એવો લખીને આપ્યો કે, 'બીજા વિશેષ રૂપિયા જોઈએ તોપણ આપજો.'

દોહા : ટાણે તક ઝડપીને, સેવા કરી સુપાથ;
મંદિરની આ સેવાથી, રાજી થયા બહુ નાથ...૫૯
જરૂર હોય ખરેખરી, ત્યારે જો દેવાય;
ભલે તે થોડું જ હોય, અતિશે તે કે'વાય...૬૦
વધુ જો અપાય તો તો, કેટલા રાજી થાય;
એનું માપ કોણ કાઢે, કદિ ન કાઢી શકાય...૬૧
એવા અપાર શ્રીજીને, રાજી કર્યા આ વાર;
ધન્ય ધન્ય ભગા દોશીને, ધન્ય ધન્ય એનો પ્યાર...૬૨

પછી શ્રીજીમહારાજે પચાસ યુવાન સાધુ-પાર્ષદો સાથે આનંદાનંદસ્વામીને અમદાવાદ મોકલ્યા. ત્યાં શ્રીહરિએ સંપ્રદાયમાં પ્રથમ શિખરબંધ મંદિર બંધાવ્યું. સં.૧૮૭૮માં શ્રીહરિએ સ્વહસ્તે નરનારાયણ આદિ દેવોની સ્થાપના કરી.

પછી જ્યારે પ્રતિષ્ઠાના બીજે દિવસે મંદિરના ચોકમાં મોટી સભા ભરાણી હતી. તે સભામાં મંદિરમાં ભગા દોશીએ ઘણી આર્થિક સહાય

પ્રથમ કરી હતી, તે સેવાથી રાજી થઈ શ્રીહરિએ તેમનું મોટું સન્માન કર્યું. ત્યારે આનંદાનંદસ્વામી અને સર્વ સભામાં ઉપસ્થિત સંતો-હરિભક્તો ભગા દોશીની આવી ઉદાર સેવા ને શ્રીહરિનો અઢળક રાજીપો જોઈને અતિ રાજી થયા હતા. તથા બોટાદના પારેખ કુટુંબ, કામદાર કુટુંબ, ગઢાળીના આંબા શેઠ, વસ્તડીના કવિ અમર શેઠ, દેરડી ગામના પ્રતિષ્ઠિત વણિક રૂપશીભાઈ વગેરે કુટુંબોને આગળ બેસાડી ભગા શેઠની સાથે આ બધા કુટુંબોની પરસ્પર શ્રીહરિએ ઓળખાણ કરાવી હતી.

જ્યારે વાણિયાની જ વાત ચાલે છે ત્યારે દુઃખ વેઠીને પ્રગટ પ્રભુને ઓળખી જેઓએ પોતાનું આત્યંતિક કલ્યાણ સાધ્યું છે એવા એક બે વાણિયાની વાત ભેળી ભેળી લખું છું. આ અમદાવાદ પ્રતિષ્ઠા મહોત્સવની સભામાં શ્રીહરિએ એક દેરડી ગામના રૂપશીભાઈ નામે જૈન વણિક હતા. તે સારા વૈદ્ય અને કવિ પણ હતા. તેમને ઊભા કર્યા અને કહ્યું, ‘હે રૂપશીભાઈ વણિક ! તમને કોના દ્વારા અને કેમ સત્સંગ થયો ? તે જરા વિસ્તારીને વાત કરો.’

શ્રીજીમહારાજના આજ્ઞા-વચનને માથે ચઢાવી રૂપશીભાઈ સભામાં ઊભા થયાં અને સહુ સાંભળે તેમ બોલ્યા જે, ‘પ્રાણપ્યારા પ્રગટ શ્રીહરિ તથા હરિનાં હૃદયસમા સર્વે સંતો તથા સર્વે સભામાં ઉપસ્થિત હરિભક્તોને મારા ભાવથી જય સ્વામિનારાયણ.

મને બ્રહ્માનંદસ્વામીના યોગમાં આવતા સત્સંગ ઓળખાણો છે. વળી, હે મહારાજ ! મને સત્સંગ ઓળખાણો પછી મેં અપાસરામાં જઈ જૈનધર્મી પૂંજની સલાહ લીધી હતી. તેની વાત સાંભળી મેં વિચાર કર્યો અને છેલ્લે જેમ લાખોપતિ નાણાવટી વણિક ‘નવડી ભાંગી’ હિસાબનો તાળો મેળવે તે રીતે મેં તાળો મેળવ્યો તેથી મને આ પ્રગટ શ્રીહરિ અને પ્રગટ સંતોનો રોકડિયો સત્સંગ સારમાં સાર જણાણો. પછી સં.૧૮૭૭ના જેઠ મહિનામાં મેં બ્રહ્માનંદસ્વામીના હાથે વર્તમાન ધરી સત્સંગ સ્વીકાર્યો.

તેમના સમાગમથી મારી બુદ્ધિ નિર્મળ થઈ. પછી મારા અનુભવ અને સત્સંગમહિમાનું એક મને આવડે એવું કાવ્ય રચ્યું છે." એમ કહી તે સભામાં કાઠિયાવાડી શૈલીમાં રૂપશીભાઈએ કાવ્ય લલકાર્યું...

દોહા :

શ્રી સહજાનંદ સ્વામી, સર્વ અવતારનું કારણ;
અવનિ ઉપર ઓધારવા, પ્રગટયા તરણ તારણ...૧

સંભારે સુખ ઉપજે, દુઃખ તો નાખ્યા વામી;
કલી મધ્યે કૃપાનાથ, ધરમ સ્થાપિયો સ્વામી...૨

સ્વામિનારાયણના ચમત્કારની, વાત કરે છે વાણિયો;
મુરખને તો મનાય નહિ, ભાઈ સત્સંગી સુખ માણિયો...૩

શ્રી પુરુષોત્તમની પુરણ કૃપા છે, સહુને માથે સરખી;
તેમાં સત્સંગીને સમું પડ્યું, તે જેણે જોયા નિરખી...૪

બીજા લાખો ખર્ચે મર રૂપિયા, અને શાસ્ત્ર ભણે મર સો;
પણ પ્રગટ પ્રભુની ઓળખાણ વિના, તો મટે નહિ કાળનો ભો...૫

માટે સર્વ તીર્થના તીર્થ સ્વામી, અને સર્વે દેવના દેવ;
મોટા ભાગ્ય એ મનુષ્યના, જેણે ઓળખ્યા તતખેવ...૬

પ્રગટ સ્વામી સહજાનંદજી, છે ચૌદલોકના પતિ;
વાણિયા તો ઘણી વાતું સાંભળે, પણ માનવા દિયે નહિ જતી...૭

એમાં વાણિયાનો તો વાંક નથી, એ તો ઘણા ભજન કરે;
પણ આંટો જાય અપાસરે, ત્યારે જતી (સંગ) મને ફરે...૮

વાણિયાને વાત મનાઈ ગઈ, અને વાત ઉતરી ગળે;
ચાલો હવે સતસંગ કરીએ, આમાં દિ' નહિ વળે...૯

તોય વાણિયા બિચારા વિચાર કરી, પુંજને જઈને પૂછે;
આ કળિયુગમાં આમ કે' છે, જે આ સ્વામીની વાત તે શું છે ?...૧૦

આ રીતે રૂપશીભાઈએ શ્રીહરિની આજ્ઞાથી ભરસભામાં પોતાને સત્સંગ થયો અને તેમાં જે જે મુશ્કેલીઓ પડી તે તમામ વર્ણન આ નિજકૃતિમાં કર્યું હતું, તે દોહા સંભળાવ્યા. આ વિચારવિલાસના એંશી ઉપરાંત દોહાઓ છે. તે સાંભળી શ્રીહરિ, સંતો તથા આખી સભા ખૂબ રાજી થઈ. ત્યારે શ્રીહરિએ રાજી થઈ પોતે ફેરવતા હતા તે માળા અને હાર રૂપશીભાઈને આપ્યા. પછી કહ્યું, ‘ભગા શેઠ ! જુઓ આ તમારા જેવો જ બીજો દાખલો છે. તેના ગુરુની જ્યારે તેમને ઉપાધિ થઈ ત્યારે તેમણે વિચારીને તેને પણ સત્ય વાત સમજાવી.’ સત્ય કહેવું તે નિંદા નથી. તે સાંભળી ભગા શેઠ તથા તે સમૈયામાં આવેલા તમામ વણિક ભક્તો ખૂબ રાજી થયા.

એવા જ એક બીજા ઝાલાવાડ પ્રાંતના વસ્તડી ગામના દશા શ્રીમાળી કવિ અમરચંદ હતા. તે પણ પ્રતિષ્ઠિત અને જૈન વણિક હતા. તેમની પણ શ્રીહરિએ તે સભામાં ઓળખાણ કરાવી હતી. ત્યારથી ભગા શેઠ તથા બંને વણિકો વચ્ચે કાયમ મિત્રાચારીનો નાતો બની રહ્યો હતો. અમરચંદ કવિના પણ આચાર-વિચારશુદ્ધિના અનેક ચંદ્રાવળા છે, તેમાંથી અહીં બે આપણે વાંચીએ...

પેલું પાપ મુકાવિયું, વરતાવ્યાં વર્તમાન;
દીનબંધુ દયા કરી, દીધું દર્શન દાન.
દીધું દર્શન દાન, મૂરખને મન નહિ ભાવ્યું;
હતા હરિના જન, ફાવતું તેને ફાવ્યું.
કહે કવિ અમરચંદ, મોક્ષ તો દેવા વેલું;
વરતાવ્યા વરતમાન, પાપ મુકાવ્યું પેલું...૧

સાચો સત્સંગ જો મળે, થાય પ્રભુની મેર;
અજાણ નરને આવડે, પ્રભુ ભજવાની પેર.

પ્રભુ ભજવાની પેર, જીવમાં જાણે સારી;
કરે નહિ કુસંગ, ધર્મ વ્રત રાખે ધારી.
કહે કવિ અમરચંદ, પડે નહિ કબુ એ કાચો;
થાય પ્રભુની મેર, મળે જો સત્સંગ સાચો...૨

આ પ્રતિષ્ઠિત વણિક કવિ અમરચંદ તથા દેરડીના રૂપશીભાઈ જેવા સત્સંગીની ઓળખાણ થઈ. તેમની સાથે મિત્રાચારી થઈ તેથી ભગા દોશી ખૂબ રાજી થયા. પછી પ્રતિષ્ઠાને ત્રીજે જ દિવસે આખા શહેરના બ્રાહ્મણોની ચોરાશી કરાવી શ્રીહરિએ અપાર ઐશ્વર્ય-પ્રતાપ બતાવ્યો. પછી બોટાદવાસી તમામ ભક્તો સાથે તેઓ પરત પોતાને ગામ આવ્યા. સત્સંગનો રંગ દિનપ્રતિદિન વધતો રહ્યો. હવે બીજા પણ શ્રીહરિને ખૂબ જ રાજી કર્યા હોય એવા ભગા દોશીના જીવનના અનુપમ પ્રસંગો છે, તે જણાવું છું...

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગા દોશીએ અમદાવાદ મંદિરમાં કરેલી સેવા' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય-૧૧

કારિયાણીમાં હાસ્ય-વિનોદ

એકવાર શ્રીજીમહારાજ કારિયાણીમાં હતા. ત્યારે ભગા શેઠે એક દિવસ સાટા જલેબીની રસોઈ આપી હતી. તેથી તેઓ બોટાદથી ઘણા ભક્તો સાથે કારિયાણી આવ્યા હતા. ભગા દોશીની રસોઈ શ્રીહરિ પ્રેમથી જમ્યા અને દરેક સંતો-ભક્તોને પણ પ્રેમથી જમાડ્યા.

પછી જમીને શ્રીહરિ કારિયાણીની અક્ષર ઓરડીમાં ઢોલણી ઉપર આથમણે ઓશીકે પોઢ્યાં હતાં. અને ઢોલણીના પડખે દક્ષિણાદિ બાજુ સૂરા ખાચરને સુવરાવ્યા હતા. સૂરા ખાચરની ફાંદ ઢોલણીની ઈંહ

બરોબર ઊંચી ભાળીને શ્રીજીમહારાજ જમણે પડખે સુઈ પોતાના ડાબા પગની પાની સૂરા ખાચરનાં પેટની ડૂંટીનો મોટો ગોળ ખાડો ભાળી તેમાં મેલી થોડો ભાર દઈ હલાવવા લાગ્યા.

ત્યારે સૂરા ખાચર રમૂજમાં કહે, "ભણે મહારાજ ! તમોણો ચરણ મોહે બરછી જેવો લાગતો શાં." ત્યારે મુક્તાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી બેઠા હતા. તેમાંથી મુક્તાનંદસ્વામી કહે, 'સૂરા ખાચર મહારાજનાં ચરણારવિંદ તો કમળ જેવાં સુંવાળા છે, તેને બરછી જેવા કેમ કહો છો ?' સૂરા ખાચર કહે, 'ભણે સ્વામી ! છે તો સુંવાળા કમળ જેવાં.. પણ હું જમીને સુતો સાને.. મહારાજ મારી ડૂંટીમાં પગની પેની નાખીને ભાર દઉં ને હલાવે છે તે મુંહે બરછી માર્યા જેવો વસમો લાગે છે. ભણે મહારાજ ! હવે રાખો... ઘણો થીઓ. બહુ દબાવશો તો મારો જીવ ઊડી જાશે.'

આમ, જ્યાં રમુજ કરે છે ત્યાં ભગા શેઠ બોટાદ જવા તૈયાર થઈ શ્રીજીની રજા લેવા અક્ષરઓરડીએ આવ્યા. ભગા દોશીને જોઈને સૂરા ખાચર કહે, "એ શેઠ ! તમે જુઓને મને તાણ કરી કરી જલેબી, સાટા ખૂબ જમાડ્યા છે, તે હવે મહારાજ મારા પેટમાંથી કઢાવી નાખવા ડૂંટીમાં પાની મારે છે, તે મને વહમું લાગે છે."

ત્યારે શ્રીહરિને નવી રમૂજ સૂઝી. તેથી કહે, "સૂરા ખાચર ! તમારી ફાંદ મોટી છે કે ભગા દોશીની ફાંદ મોટી છે ?" ત્યારે સૂરા ખાચર કહે, "ભણે મહારાજ ! શેઠની ફાંદ તો સોનું ખાય છે તે મોટી જ હોયને !" મહારાજ કહે, "ફાંદ કેમ સોનું ખાય ? આ કાંઈ સમજાણું નહિ." ત્યારે સૂરા ખાચરે કહ્યું, "તે વાત તો બ્રહ્માનંદસ્વામી જાણે છે, તેને બોલાવો." તેથી મહારાજે બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને બોલાવ્યા. ત્યારે તે બંને સંતો આવી પગે લાગી બેઠા. મહારાજ તો હજી સૂરા ખાચરની ડૂંટીમાં પેની રાખી ભાર દેતાં જાય ને હલાવતાં

જાય અને સૂરા ખાચર રાડ્યું નાખતાં જાય. અને કહેતાં જાય 'ભણે મહારાજ ! મારાથી તો આ ભગા દોશીની ફાંદ મોટી છે અને આ તમારા કવિ બ્રહ્માનંદસ્વામીની..! અને આ તમારા ચાર આંખોવાળા નિત્યાનંદસ્વામીની (સ્વામી ચશ્મા પહેરતાં તેથી) ફાંદ મોટી...! હવે થોડી થોડી તમારા ચરણની પ્રસાદી એમને પણ આપો.' એમ કહી કહે, 'હું ક્યારનો કરગરું છું, તોય આ મુક્તાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી પણ કાંઈ બોલતા નથી. માટે આ ત્રણ મોટી ફાંદવાળા આવ્યા છે તેને વારો આપો.'

ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'સૂરા ખાચર ! એ ત્રણની ફાંદ કરતાં તમારી ફાંદ મહારાજને વધારે ગમતી હશે. એટલે તમને રમૂજ કરાવી તમારી ફાંદ પ્રસાદીની કરે છે.' ત્યારે મહારાજ રમૂજ કરતાં તે બંને સંતોને કહે, 'તમે બોલો, આ ચારમાંથી કોની ફાંદ મોટી છે ?' ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'મહારાજ ! એ તો આપણા ગુરુ મુક્તાનંદસ્વામી જાણે.' ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "મહારાજ ! તમારે સાચો જવાબ જોઈતો હોય તો બ્રહ્માનંદસ્વામીને પૂછો." તેથી શ્રીહરિએ તેમને કહ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "હે મહારાજ ! ફાંદ તો ચારેયની સરખી છે, પણ આહાર જુદાં છે." એમ કહીને સાખી બોલ્યા,

એક ઉદર કંચન રાખે, એક પ્રભુકી પાની;
એક ઉદર સાહિત્ય રાખે, એક જ્ઞાનકી ખાની.

મહારાજ ! શેઠની ફાંદ સોનું રાખે, દરબારની ફાંદ આપની પાની રાખે, મારી ફાંદ સાહિત્ય રાખે અને નિત્યાનંદસ્વામીની ફાંદ તો જ્ઞાનની ખાણ છે. આમ સહુનાં આહાર જુદાં છે. પરંતુ પેટ તો સહુનાં સરખાં છે. અને મને કહેતાં હો તો સહુથી શ્રેષ્ઠ ફાંદ સૂરા ખાચરની. કેમ જે, 'આપનાં ચરણારવિંદ ડૂંટીમાં લઈને બેઠી છે.' એ સાંભળી મહારાજે પછી ડાબો ચરણ લઈ લીધો અને ચત્તા સુઈને જમણો પગ લાંબો કરી

સૂરા ખાચરની ડૂંટીમાં નાખી હલાવ્યો. ત્યારે સૂરો ખાચર કહે, 'હે બ્રહ્મમુનિ ! તમે ભગા દોશીની ફાંદ સોનું ખાય છે તે વાત તો કરો. તે સાંભળી મહારાજ રાજી થશે ને મારો આ દુઃખમાંથી ઉદ્ધાર થાય.'

શ્રીજીમહારાજ કહે, 'બ્રહ્મમુનિ તે વાત કરો.' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "શેઠ ! તમારો સોનાનો વેઢ ખોવાઈ ગયો હતો તે વાત તમે જ મહારાજને સંભળાવો તેથી સહુ રાજી થશે." એટલે ભગા દોશી કહે, "હે મહારાજ ! ગયા ઉનાળામાં બપોરે મને અતિ ગરમી થઈ. તેથી હું મારા ઘેર ઓરડામાં ના'વા બેઠો. ભૂતડાની માટી લઈ તેમાં થોડી છાશ, અરીઠાનું પાણી તથા થોડું તેલ નાખી આખા શરીરે ચોળ્યું. અને બે હેલ પાણી ઢોળી સ્નાન કર્યું. પછી સારાં કપડાં પહેરી દુકાને ગયો.

જ્યાં લખવા બેઠો ત્યાં જમણા હાથના અંગૂઠામાં હું સોનાનો મોટો વેઢ પહેરતો તે જોવામાં ન આવ્યો. તેથી તરત પાછો ઘેર આવ્યો. અને ના'વાના ઓરડામાં વેઢ ગોતાવ્યો પણ ન મળ્યો. પછી ઘરના તમામ સભ્યોને તથા કામકાજ કરવાવાળાને પૂછ્યું. આમ, ત્રણ-ચાર દિવસ ગોતાવ્યો, પૂછપરછ કરી પણ કાંઈ પત્તો ન લાગ્યો. પછી કામ કરવાવાળાને એમ વહેમ જાય કે, શેઠ અમને ચોર ઠરાવે છે એમ વિચારી મેં વાત પડતી મેલી.'

દોહા : **કોઈ પર ખોટી કલ્પના, કરવી તે મોટું પાપ;**
ખોટી આળ ચડાવવી, તે જ દોષ અમાપ...૬૩
જેની ખોટી કલ્પના, કરીને દઈએ દોષ;
તે પાછો બહુ જાય પડી, ચડે તેને બહુ રોષ...૬૪
કોઈના ઉપર કદિએ, કરો ન હલકા ઘાટ;
હલકું ચિંતવન કરવાથી, નિજને થાય ઉચાટ...૬૫
ખોટી કલ્પના કરવાની, ચોખ્ખી હોય જો ના જ;
અભાવ અવગુણ લેવાની, કોણે કહી છે હા જ...૬૬

થાય જ કેમ નિંદા કદિ, ભૂલેય કોઈની જ્ઞાન;
સ્વપ્રશંસા પરનિંદાની, ના પાડી ભગવાન...૬૭

'હે મહારાજ ! પછી પંદર દિવસે હજામત કરવાની પાળી આવી. પછી હજામત કરાવી ફરી તે જ ઓરડામાં અરીઠાના ફીણવાળું પાણી, ભૂતડોમાટી વગેરે આખા શરીરે ચોળ્યું. પછી મારા પેટમાં ત્રણ મોટા વળ પડે છે તે ફીણવાળા પાણીથી ચોળીને સાફ કર્યા. ત્યાં વચલા વળમાંથી વેઢ નીચે પડ્યો. આમ મારી ફાંદે પંદર દિવસ સુધી આ વેઢ સાચવ્યો.' આ વાત સાંભળી મહારાજ ખૂબ હસ્યા. ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વગેરે પણ ખડખડાટ હસી પડ્યા.

પછી મહારાજ કહે, 'હે શેઠ ! પણ આ વાતની બ્રહ્માનંદસ્વામીને કેમ ખબર પડી ?' ત્યારે શેઠ કહે, "હે મહારાજ ! આ પ્રસંગ બન્યા પછી ત્રીજે દિવસે બ્રહ્માનંદસ્વામી મંડળ સાથે બોટાદ આવ્યા. મેં તેમને રસોઈ આપી. ઠાકોરજીને થાળ ધરાવી સહુ સાથે જમવા બેઠા. હું પણ સ્વામીની સામે બેસી જમવા લાગ્યો. ત્યારે મારી ફાંદ જોઈ બ્રહ્માનંદસ્વામી કહે, 'શેઠ ! તમે તો ગણપતિરૂપ છો. જેવી ગણપતિને ફાંદ છે તેવી જ તમારે ફાંદ છે.' ત્યારે મેં સ્વામીને વેઢની સઘળી વાત કહી. તે સાંભળીને સ્વામી બહુ હસ્યા, ત્યારથી બ્રહ્માનંદસ્વામી જાણે છે. અને તેમણે સૂરો ખાચરને વાત કરી ત્યારથી તે બંને મારી ફાંદ સોનું ખાય છે તેમ કહે છે." શેઠની તે વાત સાંભળી વળી મહારાજ અને સહુ ખૂબ હસ્યા.

પછી મહારાજ કહે, 'શેઠ ! ગૃહસ્થમાં તમો અને સૂરા ખાચર અને ત્યાગીમાં બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી, ગણપતિ જેવા ફાંદાળા છો.' આમ, શેઠે મહારાજને ખૂબ રમૂજ કરાવી. તે જોઈને ગોપાળાનંદસ્વામી કહે, 'શેઠ ! તમે વેઢની વાત કરી, આજ મહારાજને ખૂબ રાજી કર્યા.'

સોરઠા : વિન ખર્ચો વિન શ્રમ, આવો અવસર ક્યાંથી મળે;
કરે છે બહુ પરિશ્રમ, તોય નથી કોઈ ખુશ થતા...૬૮
હરિ ને હરિના જન, રાજી કર્યાનો મોકો મળે;
કરીએ અતિ પ્રસન્ન, તક ના ચૂકીએ કોઈ પળે...૬૯

આમ, જીવનમાં ક્યારેક પોતાના પ્રસંગથી જ ભગવાન તથા મોટા સંતને રાજી કરવાની તક મળે તો ઝડપી લેવી. કેમ જે, **મોટાના રાજીપામાં આખો આધ્યાત્મિક માર્ગ સમાયેલો છે.** તેમના રાજીપાથી અખંડ આપણામાં કલ્યાણકારી ગુણો ઝરતા રહે છે, ઉપજતા રહે છે. માટે **જેને રાજી કરવાથી શ્રીહરિ રાજી થાય એવા સંતો-ભક્તોને ખૂબ રાજી કરી દેવા.** આજ શેઠે ખૂબ રાજીપારૂપી કમાણી કરી. પછી શેઠ રજા લઈ સીગરામમાં બેસી કારિયાણીથી બોટાદ પોતાને ઘેર ગયા.

અપાર સન્માન, સંપત્તિ, સત્તા આદિ મળે છતાં તેમાં મન ન ચળે અને તે સહુથી શ્રીહરિ અને સત્સંગમાં જ અધિક પ્રીતિ રહે તે પરમેશ્વરની મોટી કૃપા છે. પ્રગટ પ્રભુમાં સાચી નિષ્ઠા હોય, પ્રગટ સંતો સાથે આત્મબુદ્ધિ હોય, પરમેશ્વરમાં જ સુખબુદ્ધિ હોય અને 'મારે છેલ્લો જન્મ કરી લેવો છે, અવિનાશી અક્ષરધામને પામી જવું છે.' આવો અખંડ આલોચ હોય તો જ સત્તા-સંપત્તિ મળવા છતાં તેમાં જીવ લોભાય નહીં. પ્રાયઃ ભક્તોને વિષયનાં થોડાં સુખ મળતા તૃપ્તિ માની લે છે. તેથી પ્રભુપ્રાપ્તિની અને પ્રસન્નતાની ભૂખ મરી જાય છે. આપણું તપાસવું...!

ભગા શેઠ જેટલી સંપત્તિ અને સન્માન મળતું હોય, છતાં અખંડ ભગવાનને રાજી કરવા અને પામવાનું જ તાન રહે તો સાચી નિષ્ઠા કહેવાય. ભગા દોશી આવા નિષ્ઠાવાન ભક્ત હતા. આવા ગુણો બધા માટે ઘણા દુર્લભ છે. આપણે પણ આવા સદ્‌ગુણો કેળવીએ અને પ્રભુની પ્રસન્નતાનું પાત્ર બનીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'કારિયાણીમાં હાસ્ય-વિનોદ કરાવી હરિને રાજી કર્યા' એ નામે અગ્યારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય-૧૨

ગઢપુરનો સમૈયો અને શેઠનાં અનેકરૂપે દર્શન

એકવાર દાદા ખાચરના પ્રેમભર્યા આગ્રહથી મહારાજે ગઢપુરમાં મોટો સમૈયો કર્યો. તે સમૈયામાં રાજા-રજવાડાં તથા સુરત, વડોદરા, અમદાવાદ વગેરે શહેરનાં મોટા સંઘોની તથા શેઠ શાહુકારોની સરભરા કરવા માટે એક સારા કારભારીની જરૂર હતી. મહારાજ મોટા સંતો સાથે વિચારતા કે, 'આ સમૈયાના કારભારી કોને નિમવા ?' પછી સદ્‌ગુરુને પૂછતાં બ્રહ્માનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામીએ બોટાદના ભગા શેઠનું નામ આપ્યું. તેથી મહારાજે રાજી થઈ તેમને બોટાદથી બોલાવી તે સમૈયાના કારભારી નિમ્યા. ત્યારે ભગા શેઠે લાધા ઠક્કર તથા હરજી ઠક્કર, બંને પોતાની સાથે રહે તેવી માંગણી કરી, મહારાજે હા કહી. અને તે બંનેને તેમની સાથે રાખ્યા.

શેઠનું શરીર બહુ જ જાડું હતું. છતાં રાત-દિવસ ખડે પગે રહી ખૂબ સેવા કરતા. પાકશાળામાં, સંઘને ઉતારા દેવામાં, મોટાની સરભરા કરવામાં, સભામાં, આમ દરેક સ્થળોએ સેવામાં હાજર રહેતા અને સહુને સંતોષ આપતા. જેને જે વસ્તુ જોઈએ તે લાવી આપતા. સંઘને ઉતારો ન મળ્યો હોય તો તરત તેની વ્યવસ્થા કરાવી દેતા. આમ પાકશાળામાં, ઉતારા આપવામાં વગેરે બધી જ જગ્યાએ તેઓએ હાજરી આપી હતી.

પછી છેલ્લે દિવસ મહારાજની પૂજા વખતે ત્યાં તેમની હાજરીની જરૂર હતી. ત્યારે તે કોઈ કામમાં હોવાથી સભામાં નહોતા આવ્યા.

એટલે મહારાજના કહેવાથી માણસો તેમને ખોળવા નીકળ્યા. ત્યાં રસ્તામાં શેઠ સામા મળ્યા. તેમણે શેઠને કહ્યું, 'મહારાજ તમને બોલાવે છે.' શેઠ તેમને કહે, 'તમે જાઓ હું આવું છું.' તે સાંભળી તે માણસ સભામાં આવ્યા. ત્યાં ભગા દોશી મહારાજ પાસે હાજર હતા.

વળી, બીજા પણ જે જે માણસો ખોળવા ગયા હતા તેઓને પણ તે તે સ્થળે ભગા દોશીનાં દર્શન થયાં અને મહારાજ પાસે પણ દેખાયાં. આમ, મહારાજની કૃપાથી ભગા દોશીનાં સહુને અનેક સ્થળે, અનેક રૂપે દર્શન થયાં. તેથી લોકોને બહુ આશ્ચર્ય થયું. તે સમયનું બ્રહ્માનંદસ્વામીએ મનહર છંદમાં કવિત રચીને મહારાજને સંભળાવ્યું.

ભારે સમૈયો ભરાયો જ્યારે ગઢપુર ત્યારે;
ભગા દોશી કારભારી કર્યા વનમાળીએ.

હરિ પાસે ભગો દોશી હાજર હંમેશ રહે;
ઉતારે ઉતારે ભગા દોશીને નિહાળીએ.

ભવન ભવન માંહી પણ ભગો દોશી દીસે;
ભગો દોશી દીસે મેડી માળિયે ને જાળીએ.

ગામ માંહી ભગો દોશી ધામમાંહી ભગો દોશી;
ઠામ ઠામ ભગો દોશી ભગો દોશી ભાળીએ.

આમ, સર્વાવતારી શ્રીહરિની કૃપાથી ભગા દોશીએ પણ અનેકરૂપ ધરી અનેક સ્થળે ખડે પગે રહી સત્સંગની સેવા કરી હતી. આ રીતે તેમણે અવારનવાર અનેક પ્રકારની સેવાઓ કરી શ્રીહરિ અને સંતોને રાજી કર્યા હતા.

શ્રીહરિના એક નિષ્ઠાવાન ભક્તમાં આવો પ્રતાપ હોય તો તેમના પરમહંસોમાં કેટલો અપાર પ્રતાપ હશે ! તે વિચારણીય છે. અને ગોપાળાનંદસ્વામી જેવા અનેક પરમહંસો જેમના ચરણની સેવા કરે છે; એ સર્વોપરી પુરુષોત્તમનારાયણની તો વાત જ શું કહેવી ! આમ, મહારાજનો

મહિમા સમજાય તો અંતરમાં અખંડ આનંદ રહે. મહિમા વિના જ જીવ દૂબળો રહે છે. મહિમા જેમ જેમ વિચારીએ તેમ તેમ જીવમાં અપાર બળ આવે છે. અનુભવ કરીને જોઈએ તો તરત જણાઈ આવશે.

ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, "ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. શ્રીજીમહારાજ તો પોતાનું અક્ષરધામ, પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને આંહીં પધાર્યા છે, તે એવાને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે તે આજ દેહ છતાં જ મળ્યા છે, કાંઈ બાકી નથી. એમ ન સમજાય તેથી જીવમાં દુબળાઈ રહે છે, ને એમ સમજાય ત્યારે કોઈ દિવસ જીવમાં દુબળાઈ મનાય જ નહિ; ને જીવ બીજી રીતનો થઈ જાય, ને **મહિમા સમજવા જેવું બીજું કોઈ મોટું સાધન પણ નથી,** ને મહિમા વિના બીજાં ગમે એટલાં સાધન કરે તોપણ જીવ બળને પામે નહિ; ને એવો **મહિમા સમજવાનું કારણ તો એવા ભગવદીયનો પ્રસંગ છે;** પણ તે વિના એવો મહિમા સમજાતો નથી."

માટે હંમેશાં મહિમાવાળાનો સંગ રાખવો. અમહિમાવાળાથી આઘા રહેવું. **મહિમા આધ્યાત્મિક માર્ગનું ઑક્સિજન છે.** મહિમા જ જીવને માયા પાર કરે છે અને જેટલો મહિમા સમજાય તેટલી સ્થિતિ બંધાય છે, તેટલા ભૂંડા ઘાટ બંધ થઈ જાય છે, એટલું અંતરે સુખ વર્તે છે; માટે શ્રીહરિ અને તેમના મોટા સંતો-ભક્તોનો મહિમા સમજવામાં જરાય લોભ કે કચાશ ન જ રાખવા.

કવિ માવદાનજીએ પણ ભગા દોશીની પ્રશસ્તિ કરતા લખ્યું છે,

મનહરછંદ :

બોટાદના વાસી, દુર દેશના નિવાસી કહે;
ભગા દોશી 'એક' છે કે, એકના હજારી છે ?
ધર્મ કર્મ કરી દ્રવ્ય, વાવરે છે આજ અતિ;
ખૂટે નહિ અન્ન ધન, કુબેર ભંડારી છે ?

કોઈ કહે પારસમણી છે, તેની પેઢી માંહી;
કોઈ કહે તેના ગુરુ, કેવા ચમત્કારી છે ?
બુદ્ધિશાળી ભગો દોશી, ભાગ્યશાળી ભગો દોશી;
વહાલા વનમાળી શ્રીજી, મુક્ત અવતારી છે.

જુઓ તો ખરા ! પુરુષોત્તમનારાયણ અનેકરૂપે દર્શન દે કે ગોપાળાનંદસ્વામી જેવા સંતવર્ય અનેકરૂપે સત્સંગમાં વિચરણ કરવા જાય એ તો આપણે સાંભળ્યું છે, પરંતુ ભગા દોશી જેવા એક ગૃહસ્થ શેઠ પણ અનેકરૂપ ધરીને શ્રીજીમહારાજનાં પ્રતાપે સમૈયામાં સેવા કરે એ જ શ્રીહરિનું સર્વાવતારીપણું અને સર્વોપરીપણું સૂચવી આપે છે. અનેક શાસ્ત્રો લખાયેલા ધરતી ઉપર ઉપલબ્ધ છે, તેનું વાંચન કરીએ અને શ્રીસ્વામિનારાયણ ભગવાન વિષયક જે સદ્‌ગ્રંથો છે કે, જે એમના મળેલા મહાપુરુષોએ લખ્યા છે, તેને જ્યારે વાંચીએ છીએ ત્યારે સ્પષ્ટ ખ્યાલ આવે છે કે, 'અવતારી અને અવતાર એમાં કેટલો તફાવત છે ?'

સ્વામિનારાયણ ભગવાને પોતાના ગૃહસ્થ હરિભક્ત દ્વારા પણ અવતારો સમાન ઐશ્વર્ય જણાવ્યું છે અને અનેક જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ કર્યાં છે. અરે..! ગૃહસ્થ મહિલા ભક્તો દ્વારા પણ બહુ મોટો પ્રતાપ જણાવી કંઈક જીવોને ભવપાર કર્યા છે. શ્રીહરિએ તો પોતાના પ્રતાપથી જ વિના સાધને સમાધિઓ કરાવી પોતાનું અક્ષરધામસ્થસ્વરૂપ અનુભવાવી અનેકના મૂળ અજ્ઞાનરૂપ કારણ શરીરને બાળી નિજ અક્ષરધામમાં પોતાની મૂર્તિનો મહાઆનંદ આપ્યો છે. આવું ઐશ્વર્ય પૂર્વે કોઈ અવતારે જણાવ્યું હોય એમ કોઈ ગ્રંથોમાં જણાતું નથી. માટે નિષ્કુળાનંદસ્વામીએ પુરુષોત્તમપ્રકાશમાં લખ્યું છે,

પુરુષોત્તમ પોતે પધારી રે, લીધા અનેક જીવ ઉદ્ધારી રે;
આપ સામર્થી વાવરી ઘણી રે, જોઈ નહિ કરણી જીવતણી રે.

વળી, નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે કે, શ્રીહરિ શ્રીમુખથી જે બોલ્યા હતા અને જે મેં સાંભળ્યું છે તે આ પ્રમાણે છે...

આ વારનો જે અવતાર રે, એવો ન થાયે વારમવાર રે;
નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજો સૌ મનમાંથી રે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ગઢપુરનો સમૈયો અને શેઠનાં અનેકરૂપે દર્શન આપ્યાં' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય-૧૩

બોટાદમાં ભગા શેઠે કરાવેલો રંગોત્સવ

એકવાર ભગા શેઠ ગઢપુર હતા. ત્યારે દાદા ખાચર શ્રીહરિ અને સંતો-ભક્તોને અર્થે અઢળક રૂપિયા વાપરીને તેમને રાજી કરવા અવારનવાર ઉત્સવો કરાવતા હતા, તે જોઈને તેમના મનમાં વિચાર થયો કે, મુક્તરાજ દાદા ખાચર અનેકવાર ગઢપુરમાં મોટા ઉત્સવો કરાવે છે અને સહુ સંતો-ભક્તોનો રાજીપો લે છે, તેમ મારે પણ બોટાદમાં ઉત્સવ કરાવી સહુનો રાજીપો લેવો છે. ભગવાનની કૃપાથી અમારે ત્યાં ધન-સંપત્તિની તો કાંઈ તાણ નથી; તો એને સત્સંગ અર્થે વાપરીને શા માટે રાજીપો ન કમાઈ લઉં ? એકવાર મહારાજ બોટાદમાં ગઢપુરમાં કરે છે એવો જો ઉત્સવ કરે તો મહારાજનાં ચરણકમળથી બોટાદ ગામ તથા તેની સીમ પ્રસાદીની થાય. અનેક મનુષ્યો તથા પશુ-પક્ષીઓને મહારાજનાં અને સંતોનાં દર્શન થાય; તેથી તેનું પણ કલ્યાણ થાય. અને મારું ધન સેવામાં વપરાય તેનો મને અલૌકિક લ્હાવો મળે; આમ વિચારતા હતા.

આ વાત અંતર્યામીપણે જાણીને શ્રીહરિ કહે, 'શેઠ ! શું મનસૂબા કરો છો ? કેવો મહોત્સવ કરવો છે ? જે હોય તે કહો.' ત્યારે ભગા

શેઠ કહે, 'હે મહારાજ ! આપ કૃપા કરો તો મારા બોટાદમાં સૌથી શ્રેષ્ઠ સમૈયો થાય અને તેના ખર્ચમાં કોઈનો ભાગ નહીં. જેટલો ખર્ચો થશે તેટલો હું એકલો આપીશ.'

ત્યારે મહારાજ કહે, 'મોટા ઉત્સવમાં તો દેશદેશાવરથી અસંખ્ય ભક્તો આવે. તમારા જેવા લખપતિ શેઠિયાઓ તથા દાદા ખાચર જેવા જાગીરદારો આવે, તેની સંભાવના તેમજ સંઘના ચોકી-પહેરાનો બંદોબસ્ત કરવો જોઈએ. કેવળ ધન-સંપત્તિથી જ મહોત્સવ સંપન્ન નથી થતા હોતા.' ત્યારે ભગા શેઠ કહે, 'હમીર ખાચરનો જબરો પરિવાર છે. તેથી તે બંદોબસ્ત માટે ઘણા આદમીઓ લાવશે. વળી, કાના પટેલ બાર ગામના મુખી છે, તે તેમના માણસોને બોલાવશે. અને હું ભાવનગરથી આરબની બેરખ તથા સિપાઈઓની પલટન લાવીશ. અને આપ પણ સર્વે શૂરવીર પાર્ષદો તથા એકસો ઉપરાંત કાઠી દરબારોને સાથે લાવજો, છતાં કોઈની એક રૂપિયાની ચીજ ચોરાશે તો, હું તેના બદલામાં દશ રૂપિયા આપીશ; પણ મારે આંગણે દેશદેશાવરના સંતો, ભક્તો અને મુક્તોને તેડાવી મારો મનોરથ પૂર્ણ કરો.' એમ કહી પ્રભુને પગે લાગ્યા.

ત્યારે હમીર ખાચર તથા કાના પટેલે પણ સૂર પુરાવ્યો, સંપૂર્ણ સાથ આપવાની હા કહી. તેમની ભાવના જોઈ મહારાજ કહે, 'એમ હોય તો અમે જરૂર ત્યાં આવશું અને આ વખતનો રંગોત્સવ બોટાદમાં કરશું. તમે બોટાદ જઈ ઉત્સવની તૈયારી કરો. તૈયારી થતાં જ અમે તરત આવશું.' એમ કહી તે સહુ ભક્તોને વિદાય આપી. તત્કાળ બોટાદનાં ભક્તો હર્ષઘેલા થતાં નિજગામ જવા નીકળ્યા. ત્યાં જઈ રંગોત્સવની તાબડતોબ તૈયારી કરવા લાગ્યા. બે-ચાર દિવસમાં તો બોટાદનાં ભક્તોએ ઉત્સવની પૂર્ણ તૈયારી કરી નાખી. હમીર ખાચરને ઘેર મહારાજનો ઉતારો તૈયાર કરી રાખ્યો હતો. નાનાચંદ શેઠનાં નવાં

ઘેર પાકશાળા રાખી હતી. બોટાદનાં તમામ ભક્તોએ ઉત્સવ ઉપર આવનાર દરેક સંઘના હરિભક્તોનાં ઉતારાની ગોઠવણ પોતપોતાનાં ઘેર કરી હતી. સંતોનાં ઉતારા હાલ જ્યાં મંદિર છે તે સ્થળે રાખ્યાં હતાં. દાદા ખાચર વગેરે પરિવારનાં ઉતારા ભગા શેઠને ત્યાં રાખ્યાં હતાં. આ રીતે ઉતારા વગેરેની વ્યવસ્થા-ગોઠવી રાખી હતી. તેરશને દિવસ સૌ પ્રથમ ગુજરાતનો સંઘ આવ્યો, તેમને ખૂબ આદર સાથે ઉતારા અપાવ્યાં.

ચોપાઈ :

ઘેરે આવે સગા મિજમાન, એવું થઈ ન શકે સનમાન;
ધન્ય બોટાદના હરિજન, રહે હાજર રજની ને દિન.
આવ્યો ચૌદશનો દિન જ્યારે, આવ્યા સંતના મંડળ ત્યારે;
સંતોને રાંગળી વડે ઉતારો, આપ્યો તે લાગ્યો સર્વને સારો.
અતિ ધન્ય તે વડ અવતાર, મહિમા વધ્યો અપરમપાર;
મોટા સંત અક્ષરમુક્ત જેવા, જેની છાયામાં ઉતર્યા એવા.

આ રીતે સંતો તથા સત્સંગીઓનું પોતાના સગાથી પણ સવાયું સન્માન કર્યું. સંતોની જેમ જ હરિભક્તોની સેવામાં હરિભક્તો હાજર રહ્યા. આખા શહેરને વિધવિધ રીતે શણગારી દીધું.

ત્યારે ચૌદશના દિવસે મહારાજ પણ અનંત મુક્તો સાથે બોટાદ પરગણાને પાવન કરવા પધાર્યા, સાથે સો કાઠીસ્વારો હતા, પંચોતેર પાળા હતા. તથા ઘણા સંઘ, રથ, ગાડાં વગેરે હતાં. બોટાદનાં તમામ ભક્તોએ અતિ ભવ્યતાપૂર્વક મહારાજનું સામૈયું કર્યું. સૌ તાજપરના ઝાંપા સુધી સામા ગયાં. મહારાજને આવતા જોઈ ભક્તોએ દંડવત્-પ્રણામ કર્યા. સર્વ હરિભક્તોએ શ્રીહરિનાં ચરણમાં શ્રીફળ અને સાકરનો પડો મૂકી પ્રેમથી પુષ્પહાર પહેરાવ્યાં. ભગા દોશીએ મહારાજ માટે સુંદર પોશાક તથા સુવર્ણનાં અલંકાર વગેરે તૈયાર કરાવ્યાં હતાં તે ભેટ

ધર્યા. અને મહારાજને કહ્યું, 'હે નાથ ! આ ધારણ કરો.' મહારાજે તેમનો ભાવ જોઈ તે પોશાક ધારણ કર્યો, ત્યારે તે મૂર્તિ ધ્યાન ધરવા જેવી બની હતી.

કિનખાબનાં ઝાકઝમાળ, ધર્યાં ડગલી તથા સુરવાળ;
રેટો સોનેરી કોરનો સારો, ધર્મનંદને મસ્તકે ધાર્યો.
કેડ્યે પણ રેટો એવો જ કસિયો, જોતાં હરિજનને મન વસિયો;
ધોળો રૂમાલ રાખ્યો તે હાથે, ધર્યાં હેમકડાં મુનિનાથે.
બાજુબંધ ને પોંચીઓ ધારી, વેઢ વીંટીઓ પણ બહુ સારી;
કોટે ઊતરી સોનાનો દોરો, પુષ્પના હાર પુષ્પનો તોરો.
રોઝે ઘોડે થયા અસવાર, તેની શોભા તણો નહિ પાર;

પછી શ્રીહરિની સવારી ત્યાંથી ધામધૂમપૂર્વક ગામમાં જવા નીકળી. આગળ વિવિધ પ્રકારનાં વાજાં વાગતાં હતાં. શરણાઈઓના સૂર અને નોબતોના નાદથી પૃથ્વી અને આકાશ ગાજી રહ્યાં હતાં. બોટાદના ધણી દરબાર હમીર ખાચર, દાહા ખાચર, માતરા ધાધલ, ગોદડ ધાધલ, નાથા ખાચર, ભગા દોશી, નાનચંદ શેઠ, મૂળચંદ શેઠ, કરશન શેઠ, શામજી શેઠ, કેશવજી, હીરાજી, ભવાનભાઈ પટેલ, તળશીભાઈ પટેલ, નારાયણ સોની, દયાળ સોની, વાઘા સોની, વિપ્ર વેણીરામ, જગન્નાથ, ભગવાનભાઈ, ગોવિંદભાઈ, નરશી પંડ્યા, મોના પંડ્યા, સોનબાઈ, જીવુબાઈ, હીરુબાઈ, મધુબાઈ, રતનબાઈ, માનબાઈ, રાજુબાઈ, રામબાઈ, રૂપાબાઈ આદિક અસંખ્ય બાઈઓ, ભાઈઓ અને બાળકો સુદ્ધાં શ્રીહરિનાં સામૈયામાં સામેલ થયાં હતાં.

તેમાંના કેટલાક ભક્તો અતિ આનંદથી શ્રીહરિને રીઝવવા માટે સવારીમાં નાચતાં હતાં. અને પોતાનાં અહોભાગ્ય માની ધૂન-કીર્તનસહ હરિવરનાં દર્શન કરતાં હતાં. છડીદારો 'જય જયકાર...' બોલતાં હતાં.

પાર્ષદો બંદૂકોનાં ભડાકા કરતાં હતાં. ગામ આખું પ્રગટ પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન માટે હિલોળે ચઢ્યું હતું. હજારો નર-નારીઓ સુંદર વસ્ત્ર પહેરી ઊભી બજારે લાઇનમાં ઊભા રહી પુરુષોત્તમનાં નેણાં ભરી દર્શન કરતાં હતાં. પુષ્પહાર પહેરાવી પોતાના ધન્યભાગ્ય માનતાં હતાં. કેટલીક બહેનો અગાશીએ, અટારીએ, ઝરુખે ઊભી ઊભી સાચા મોતીડે, સોનાં-રૂપાનાં પુષ્પે પુરુષોત્તમને વધાવીને પૂજતી હતી. માધુરી મૂર્તિને જોતાં કોઈના નેણાં તૃપ્ત થતાં નહીં.

આ રીતે ગામમાં સહુને દર્શન દેતાં અને સહુની પૂજા સ્વીકારતાં શ્રીહરિ કુંભારવાડમાં થઈ રાંગળી માતાના મંદિર પાસે વડ નીચે સંતોના ઉતારા હતા ત્યાં પધાર્યા. પછી મહારાજ હમીર ખાચરના દરબારમાં જઈને ઊતર્યા. ભગા શેઠને ત્યાં દાદા ખાચર વગેરે પરિવારના ઉતારા થયા. સૌને યથાયોગ્ય ઉતારા આપ્યા. નાનચંદ શેઠને ત્યાં પાકશાળા હતી. ત્યાં જઈ શ્રીહરિ તથા સહુ સંતો-ભક્તો ભાવથી ભોજન જમ્યા. સાંજે આરતી-ધૂન કર્યા, કીર્તનગાન થયા. પછી સહુએ સુખરાત કરી. બીજે દિવસે સવારે શ્રીહરિ જાગ્યા. નાહી-ધોઈ, પૂજાપાઠ કરી, જ્યાં શ્રીહરિ તૈયાર થયા ત્યાં બીજે દિવસે પણ ભગા શેઠ મહારાજ માટે પોશાક લઈ આવ્યા. અને મહારાજને પહેરવા વિનંતિ કરી. ભક્તાધીન મહારાજે પ્રેમથી તે પોશાક સ્વીકાર્યો.

ભક્ત આધીન છે ભગવાન, કરે ભક્તની ઈચ્છા સમાન;
કીનખાબ તણો સુરવાળ, કૃપાનાથે પેર્યો તતકાળ.
ડગલી કીનખાબની ધારી, તેમાં બુટ્ટા શોભે બહુ ભારી;
રોમરોમ બ્રહ્માંડ રહે છે, જાણે એ જ આ તો ચળકે છે.
માથે મંડિલ બાંધિયું કેવું, જોતાં મોરમુગુટના જેવું;
કેડે બાંધિયો રેટો રૂપાળો, જરીયાન તણા બુટ્ટાવાળો.

શ્રીહરિએ આવો સુંદર સ્વાંગ સજ્યો. બધા કાઠી ભક્તો પણ તૈયાર થઈને ત્યાં આવ્યા. બીજે દિવસે બોટાદમાં ભવ્ય સવારી નીકળી. ગામધણી દરબાર હમીર ખાચરના ઘરેથી મહારાજની સવારી બોટાદની મુખ્ય બજારે નીકળી. હજારો ભક્તો દર્શન કરી ધન્ય ધન્ય થયાં. બોટાદવાસી ભક્તોને જિંદગીમાં ક્યારેય ન મળ્યો હોય તેવો આજ અલૌકિક લાભ મળ્યો હતો ! તમામ દૈવી જીવો સત્સંગ કરવા આકર્ષાયા હતા. ગામની મુખ્ય બજારે ફરતી ફરતી શોભાયાત્રા રાંગળી વડની આગળ તળાવની પાળે થઈ, હાલ જ્યાં મંદિર છે, ત્યાં સંતોના ઉતારા હતા ત્યાં પહોંચી.

ત્યાં લીંબડાના થડમાં આથમણી પડખે મોટો ઓટો હતો. તેની નીચે મોટો મંચ કર્યો હતો. તે સમયે પીપળિયાના કાનો અને ભગો લુહાર, આ બંને ભાઈ ગાડું લઈને ત્યાં આવ્યા હતા. તેઓએ શ્રીહરિને વિનંતિ કરી, 'હે પ્રગટ પરમાત્મા ! આ અમારું ગાડું પ્રસાદીનું કરી દો.' પછી શ્રીહરિએ તે ગાડાને લીંબડાનાં થડમાં ગોઠવાવ્યું. પછી તે જોઈ મહારાજ કહે, 'આ આસન હજી નીચું પડે છે.' તેથી તે ગાડા ઉપર ચાંદીથી મઢેલી ખાટલી નાખી, છતાં આસન નીચું પડ્યું. પછી તેના ઉપર ભગા દોશીએ સાંગામાંચી નખાવી. તેના ઉપર શ્રીહરિજી મહારાજ સહુને દર્શન દેવાં બિરાજમાન થયાં. (આ તમામ પ્રસાદીની વસ્તુઓ આજે બોટાદ મંદિરના સભામંડપમાં છે.)

પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિક સંતોએ પ્રથમ વાજિંત્રો સાથે ગાન કર્યું. અક્ષરધામના મુક્તો ગાન કરે તેમાં ખામી શું હોય ? પછી મહારાજે થોડીવાર સભામાં કથાવાર્તા કરી. ત્યાં થાળ તૈયાર થયો. તેથી શ્રીહરિજી મહારાજ ભોજન કરવા માટે પધાર્યા. કર-ચરણ ધોઈ એક પીતાંબર પહેરી અને એક ઓઢી મહારાજ બાજોઠ ઉપર બિરાજમાન થયા. સામે બીજા બાજોઠ ઉપર સુંદર

પકવાનોનો થાળ પીરસીને મૂક્યો. પ્રગટ પ્રભુ પ્રેમથી તે થાળ આરોગવા લાગ્યા. જમતાં જમતાં શ્રીહરિ ભગા દોશીને કહે, 'તમે આજે સંઘના સહુ લોકોને સારી રીતે જમાડજો. ઘોડા વગેરે પશુ માટે ઘાસ,ચંદી પહોંચાડજો. સહુની સારી બરદાશ રાખજો.' શેઠે કહ્યું, 'મહારાજ ! બધું જ તૈયાર છે.' એમ વાતો કરતાં શ્રીહરિ જમી રહ્યાં.

પછી ભવ્યતાપૂર્વક રંગોત્સવ કર્યો. ભક્તો કોથળા ભરી ભરીને ગુલાલ લાવ્યા હતાં. મહારાજ ઝોળી ભરી ભરીને ગુલાલ ઉડાડવા લાગ્યા. અવની અને આકાશ લાલ થઈ ગયાં ! ત્યારે સર્વત્ર અનેક પ્રકારનાં વાંજિત્રો વાગતાં હતાં. સહુ લોકો 'જય જયકાર' બોલતાં હતાં. વળી, મહારાજ તાંસળાં ભરી ભરી સૌની માથે રંગ નાખી સૌને રંગમાં રસબસ કરતાં હતાં. અને બોલતા કે, 'આ રંગના છાંટા જેને અડે તેને વર્તમાન ધરાવ્યા જાણજો..!'

તે વખતે ખોખરા ઉર્ફે ભૂપગઢના વસ્તાભગત ત્યાં આવ્યા હતા. મહારાજે તેમનો હાથ ઝાલ્યો અને રંગમાં રસબસ કર્યાં, ત્યારે તેને સંકલ્પ થયો કે, 'શ્રીહરિએ મારો હાથ ઝાલ્યો, હવે બીજા કોઈનો ન ઝાલે તો ભગવાન ખરા.' તેથી તેનો સંકલ્પ જાણી મહારાજ કહે, 'અમે તો કોઈના હાથ ઝાલતા નથી. તમે જેના તેના હાથ ઝાલી લો છો. અને વારેવારે સંકલ્પ કર્યા કરશો તો નિશ્ચય કેમ ટકશે ? માટે જે સમજાણું છે તે રીતે દૃઢપણે ભગવાનનો નિશ્ચય રાખી ભજન કરશો તો જ સુખી થાશો. હવે સંકલ્પ કરવા બંધ કરો.' તે સાંભળી વસ્તાભગતને મહારાજનો અતિ દૃઢ નિશ્ચય થયો.

આ રીતે શ્રીહરિએ રંગે રમતાં રમતાં અનેક ભક્તોનાં મનોરથ પૂરાં કર્યાં. સર્વત્ર જય જયકાર થઈ રહ્યો હતો.

એવી લીલા નીરખવાને કાજ, સુર સહિત આવ્યા સુરરાજ;
કરે ગગને રહી પુષ્પવૃષ્ટિ, ધન્ય ધન્ય કહે એહ સૃષ્ટિ.

ધન્ય ધન્ય તે બોટાદ ગામ, મોટું તીર્થ થયું તેહ ઠામ;
જાત્રા કરવાને આવશે જન, લીલા સંભારશે નિજ મન.

બોટાદના ભાવનાવાળા ભક્તો તે પ્રસાદીનો રંગ દેગડા ભરી ભરીને પોતાને ઘેર લઈ ગયા હતા. પછી સૌ ભક્તોને સાથે લઈ મહારાજ ત્યાંથી પશ્ચિમમાં વાડીએ કૂવો હતો ત્યાં સ્નાન કરવા માટે ગયા. તે કૂવામાં ઊતરીને મહારાજે તેમાં સ્નાન કર્યું. સહુ ભક્તોએ પણ ત્યાં સ્નાન કર્યું.

ગંગા ગોમતી ને સરસ્વતી, આવ્યા ત્યાં સહુ તીર્થના પતિ;
દિવ્ય દૃષ્ટિવાળા જન દેખે, પણ પ્રાકૃત જન નહિ પેખે.
કોરાં વસ્ત્ર ધરીને કૃપાળ, થયા અસ્વાર દીનદયાળ;
વાજતે ગાજતે રૂડી રીતે, ગયા પાકશાળા ભણી પ્રીતે.

ત્યાં પ્રથમ મહારાજ જુક્તિથી જમ્યા. મુખવાસ લીધો. પછી સંતોની પંક્તિમાં બહુવાર ફરી ‘લ્યો લાડુ... લ્યો જલેબી...’ એમ અમૃતવાણી ઉચ્ચારી હેતથી પીરસ્યું. સહુ સંતો-ભક્તોને ભાવથી જમાડ્યા, સહુને આનંદ પમાડ્યા. પછી મહારાજ દાહા ખાચરના દરબારમાં જઈ પોઢી ગયા. ત્રીજા પહોરે ઊઠ્યા.

ત્યાં દાહા ખાચરે પ્રેમથી મહારાજનું પૂજન કર્યું. પછી કચ્છના ગંગારામ મલ્લ વગેરે ભક્તોએ મલ્લ કુસ્તી કરી. શ્રીહરિને બહુ રાજી કર્યા. મહારાજે માગવાનું કહ્યું, ત્યારે તે કહે, ‘દેશકાળે પણ અમારું મન ડગે નહિ અને નિરંતર આપનું ધ્યાન રહે, તથા આપના સંતો-ભક્તોમાં સદા પ્રીતિ રહે, એવું વરદાન આપો.’ પછી મહારાજે તેમને એવું વરદાન આપ્યું.

વળી, થોડીવાર જોબન પગી તથા ઘોડાસરના ઠાકોર ઝાલમસિંહે સામસામી ટૂકડી પાડી નિશાન પાડવાની રમત રમી મહારાજને રાજી કર્યા. વળી, શૂરવીર દરબારોએ તલવારોના ખેલ બતાવ્યા. આમ, સહુ

ભક્તોએ શ્રીહરિને રાજી કર્યા, અને જીવનમાં મહારાજની લીલાનું સુંદર સંભારણું બાંધ્યું. આ રીતે મહારાજે બોટાદવાસી વગેરે સહુ ભક્તોને ખૂબ સુખ આપ્યું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગા શેઠે કરાવેલો બોટાદમાં રંગોત્સવ' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય-૧૪

શ્રીહરિની શેઠને ઘેર પધરામણી તથા વરદાન

પછી ભગા શેઠ મહારાજને પોતાના ઘેર પધરામણી કરાવવા માટે તેડવા આવ્યા અને શ્રીહરિને વિનંતિ કરી. સંમતિ મળતા તેઓએ રાજી થઈ વિવિધ પ્રકારનાં વાજાવાળાને બોલાવ્યાં. વાજતે-ગાજતે શ્રીહરિ સહુ સંતો-ભક્તો સાથે કીર્તન ગાતાં ગાતાં પધરામણી કરવા નીકળ્યા.

સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય.

શેઠે શ્રીહરિની પોતાના ઉત્તરાદા બારની ડેલીની મેડીએ પધરામણી કરાવી.

ઘેર આવ્યા પ્રભુ એવી રીતે, શેઠે પૂજા કરી ઘણી પ્રીતે;
પગ ધોઈ પાદોદક પીધું, ભાલ ચંદને ચર્ચિત કીધું.
વસ્ત્રા ભૂષણ ભાવે ચડાવ્યાં, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવ્યા;
આરતી અતિ હરખે ઉતારી, સ્તુતિ તે પછી શેઠે ઉચ્ચારી.

પછી પોતાની **'શોભા ધારશી'**ના નામે ચાલતી પેઢીમાં પણ પ્રભુની પધરામણી કરાવી, પોતાની દુકાન પાવન કરી. પાછા તેમને ઘેર આવી મહારાજ તેમના ઓરડાની ઓસરીમાં સભા કરીને બિરાજમાન થયા. ત્યારે શેઠે હરખતા હૈયે હરિવરની પ્રાર્થના કરી.

✵ ભગા શેઠની કરેલી સ્તુતિ તથા માગેલાં વરદાન :

ઈન્દ્રસભાનો રાગ :

જય જય પ્રભુ જગદાધારા, દીનબંધુ ધર્મદુલારા...ટેક.
પ્રભુ અતિ ઐશ્વર્ય તમારું, ચિતમાં નિત્ય નિત્ય વિચારું;
તમે સકળ જગત સ્રજનારા, દીનબંધુ ધર્મદુલારા...૧
રચી ભૂમિ સરસ શોભાતી, રચ્યા પશુપક્ષી જન જાતિ;
રચ્યા સૂરજ શશિયર તારા, દીનબંધુ ધર્મદુલારા...૨
સહસ્રાનન ગુણ ગણ ગાવે, ઉચ્ચરતાં અંત ન આવે;
વદશે શું વેદ બિચારા, દીનબંધુ ધર્મદુલારા...૩
તમે પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, શુભ ધર્મમરમ સમજાવ્યો;
નવજાણે લોક નઠારા, દીનબંધુ ધર્મદુલારા...૪
હતો પિબેક પૂરો પાપી, તમે સદ્ગતિ તેને આપી;
તમે છો પ્રભુ અધમોદ્ધારા, દીનબંધુ ધર્મદુલારા...૫
તમે ઘેર અમારે આવ્યા, મુનિમંડળ સાથે લાવ્યા;
કર્યા પાવન અમને પ્યારા, દીનબંધુ ધર્મદુલારા...૬
છે અદ્ભુત શક્તિ તમારી, તમે છો પ્રભુ વિશ્વવિહારી;
અખિલેશ્વર ઈષ્ટ અમારા, દીનબંધુ ધર્મદુલારા...૭

તેમની આવી મહિમા તથા ભાવનાસભર પ્રાર્થના સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા. અને કહ્યું, 'શેઠ ! માગો. જે માગો તે આપીશ.'

ત્યારે ભગા દોશી કહે, 'હે મહારાજ ! આપના પ્યારા સંતો-ભક્તોનો હંમેશાં સંગ આપજો, અને આપની મૂર્તિમાં અખંડ પ્રેમ આપજો. વળી, મારા વંશમાં સદા સત્સંગ રહે, મારા વંશજો જે થાય તે બધાને પણ આપ તથા આપના સંતોની સાથે ખૂબ સ્નેહ રહે, એ વર આપો.'

અહીં શેઠે શ્રીહરિ પાસે બે વસ્તુ માગી છે : **એક મૂર્તિમાં ગાઢ પ્રીતિ અને બીજું સાચા સંતનો સમાગમ અર્થાત્ ભક્તિ અને સત્સંગ; આ બે માગ્યાં છે.** અને આ બે વિના તો ગમે તેવો વિદ્વાન હોય, બુદ્ધિશાળી હોય, ભણેલો હોય, ગુણીયલ હોય તોપણ અધોગતિને પામે છે; એમ શ્રીહરિએ 'શિક્ષાપત્રી' માં લખ્યું છે.

તમામ ગુણો, બુદ્ધિ, કળા અને વિદ્વત્તાનું ફળ સત્સંગ અને ભક્તિ, આ બે જ છે. જો આ બે ન હોય તો આપણી પદ, પ્રતિષ્ઠા, સત્તા, સંપત્તિ, સદ્‌ગુણો, શૂરવીરપણું કે કળા, આ બધું એક દિવસ ધૂળમાં મળી જશે. **સત્સંગ અને ભક્તિ, આ બે તો સર્વે ગુણોનું મૂળ છે**, અને ભગા દોશીએ તે બે વસ્તુઓ માગી લીધી. માટે તેમને સંતોએ સાચા બુદ્ધિશાળી કહ્યા છે. મહારાજે રાજી થઈ તથાસ્તુ કહ્યું. આ બે વરદાન આપ્યાં. પછી શેઠે સંતો તથા પાર્ષદોનું વસ્ત્ર ઓઢાડી પૂજન કર્યું.

ભગો દોશી ભલા બુદ્ધિમાન, કેવું માગી લીધું વરદાન;
પુત્ર પૌત્રાદિને સતસંગ, માગ્યો તે અતિ ઉત્તમ અંગ.

એક આંધળા વાણિયાએ ખૂબ તપ કર્યું. ભગવાને દર્શન દઈ માંગવાનું કહ્યું. ત્યારે તે વણિકે કહ્યું, 'હે ભગવાન ! રાજી હો તો હું મારા પુત્રના પુત્રની વહુને સાત માળની હવેલીએ સોનાની ગોળીમાં સોનાના રવૈયાથી દહીં વલોવતાં જોઉં.' આમ, તેણે એક વાક્યમાં બહુ ઝાઝું માંગી લીધું. તેમ છતાંય તે માત્ર આ લોક પૂરતું જ માગી શક્યા છે, માટે ખરા બુદ્ધિશાળી ન કહેવાય. પરંતુ ભગા દોશીએ તો દીર્ઘદષ્ટિથી જ્યારે મહારાજે માંગવાનું કહ્યું ત્યારે પોતાને તથા પોતાના કુળ પરંપરામાં સત્સંગ રહે તે માંગ્યું. તેથી આ લોક અને પરલોકનું સર્વે સુખ માગી લીધું, માટે ખરા બુદ્ધિશાળી કહેવાયા. સત્સંગીઓ માટે આ વાત અતિ ઉપયોગી છે.

તમે હરિભક્ત હો તો તમારા પુત્ર પરિવારમાં પણ સત્સંગ ઊતરે એવું તમારે કરવું જોઈએ. તમારી નજર સમક્ષ જ્યારે તમારાં છોકરા-છોકરી સત્સંગ છોડી દે, દુરાચારી અને ભ્રષ્ટાચારી બને એ તમારે માટે સારું ન કહેવાય, સત્સંગીની એ શોભા નથી. **માટે તમારા પુત્રોને સંપત્તિ કરતાં પણ સત્સંગ અને સંસ્કારનો વારસો વિશેષ આપવો જોઈએ.**

વળી, જેની સાત પેઢી સુધી નગરશેઠનો ઈલકાબ રહ્યો હતો. છતાં તેઓએ સત્સંગ જાળવી રાખ્યો એ પણ શ્રીહરિનાં વરદાનનો મૂર્તિમંત પરચો છે. અને તેમની દીકરીઓ જ્યાં જ્યાં સાસરે જાય ત્યાં ત્યાં પ્રાયઃ તેઓ સત્સંગ કરાવે છે. તેમના પરિવારમાં માત્ર થોડી જ સત્સંગીની દીકરીઓ પરણીને આવી છે. મોટા ભાગની જૈન પરિવારની દીકરીઓ જ આવે છે. તેમને પણ અહીં આવવાથી મોટે ભાગે સત્સંગ થાય છે. આ શ્રીહરિનાં રાજીપાનું ફળ છે.

ઉપજાતિ :

જો પુત્ર જેનો સતસંગી થાય, પિતા દિલે શાંતિ સદા પમાય;
કુટુંબ આખું સતસંગી હોય, તો તીર્થમાં વાસ સમાન સોય.
જેની પ્રજા છે સતસંગવાળી, તે તો પિતા પૂરણ ભાગ્યશાળી;
શ્રીસ્વામિનારાયણનું જ નામ, કાને પડે ઉત્તમ એહ ધામ.
સત્સંગ જેવો શુભ ધર્મ છોડી, જેણે બીજે મારગ બુદ્ધિ જોડી;
તે પુત્રને તો ગણવો ગમાર, ધિક્કાર ધિક્કાર હજાર વાર.

જ્યાં શ્રીજીમહારાજની પૂજા ને કથા-વાર્તા થતી હોય, ત્યાં જગતની કે અન્ય વાતો થાય તે તીર્થમાં પાયખાનું ચણ્યા જેવું કહેવાય. માટે સત્સંગીએ પોતાના ઘરને મંદિર સમાન બનાવવું જોઈએ.

ભલો પ્રભુનો બળિરાય ભક્ત, કુપુત્ર બાણાસુર તો અભક્ત;
પુલસ્ત પોતે શુભ વિપ્રવર્ણ, તેના થયા રાવણ કુંભકર્ણ.

જેના પુત્રો કુસંગી થાય તેના પિતાને મનમાં શાંતિ ન થાય. તેથી તેના દિલમાં એમ થાય કે આથી તો નિર્વંશ રહ્યો હોત તો સારું હતું. કુસંગી પુત્ર કે કુસંગી સ્ત્રી હોય તેને સદા મહાદુઃખ રહે છે. તેને ઘરમાં રહેવું યમપુરીના જેવું લાગે છે. જે સત્સંગીનો પુત્ર થઈને ધર્મ ન પાળે એવા કુસંગી પુત્રએ કરેલું શ્રાદ્ધ કે પિંડદાન પણ એના પિતૃઓ લેતા નથી. માટે પુત્રોને પરંપરામાં સત્સંગ રહે તેમ કરવું જોઈએ.

ચોપાઈ :

ભગાભાઈએ ચિત્તમાં વિચાર્યું, માગ્યું વરદાન સર્વથી સારું;
એની બુદ્ધિ વિચક્ષણ બહુ, સુણી એમ કહે જન સહુ.
પ્રભુ ત્યાંથી ચાલ્યા રૂડી પેર, પધરામણી થઈ ઘેર ઘેર;
કૃપાસિંધુ ફર્યા ઠામ ઠામ, પ્રસાદીનું કર્યું આખું ગામ.

આમ, ભગા શેઠે બોટાદમાં ભવ્ય રંગોત્સવ કરાવી પોતે અલૌકિક લાભ લીધો, પોતાની સદ્‌લક્ષ્મીને ઉદાર દિલે છૂટે હાથે વાપરી બોટાદના તથા સર્વે સત્સંગના હરિભક્તોને સુંદર લાભ અપાવ્યો. બોટાદને તીર્થધામ બનાવ્યું. આ ઉત્સવમાં જેણે સેવા કરી હતી તેવા ભક્તોને પણ ભગા દોશીએ શ્રીજીમહારાજનાં હસ્તે શિરપાવ અપાવી સહુને રાજીપો અપાવ્યો હતો.

પછી સૌ જનને કહે માવો, પોત પોતાને ગામ સિધાવો;
ધર્મ પાળજો ધીરજ ધારી, વાત રાખજો મનમાં અમારી.
હરિજનનું તો માહાત્મ્ય જાણી, સંપ રાખજો ઉત્સાહ આણી;
વળી કરીયે સમૈયો જ્યાં અમે, ત્યારે તે સ્થળે આવજો તમે.

આ રીતે સંઘના સહુ ભક્તોને શ્રીહરિએ અંતિમ ભલામણ કરી. પછી સહુ શ્રીહરિની રજા લઈ પોતપોતાને ગામ જવા રવાના થયા. મહારાજ પણ ગઢપુરવાસી ભક્તોની સાથે બોટાદથી ચાલતાં થયાં.

જ્યારે શ્રીહરિ ચાલતાં થયાં ત્યારે બોટાદવાસી તમામ ભક્તો વાજતે-ગાજતે વાલમને વિદાય આપવા ચાલ્યા. નાગલપુર સુધી બોટાદના ભક્તો પ્રાણઆધાર શ્રીહરિને વળાવવા સાથે ગયા. ત્યારે...

વળો વળો કહે અવિનાશી, સર્વે સાંભળી થાય ઉદાસી;
વિજોગે ન ધરી શકે ધીર, આવે નેણમાં સર્વને નીર.
બોલે ગદગદ કંઠે વચન, ક્યારે દેશો ફરી દરશન;
પ્રેમ બોટાદવાસીના જેવો, માગે મોટા મોટા મુનિ એવો.
વાલે ધીરજ દૈ પાછા વાળ્યા, ત્યારે તે સહુ ઘર ભણી ચાલ્યા;
પ્રેમ ઉત્તમ એહનો જાણ્યો, પ્રભુયે પણ પૂરો વખાણ્યો.
જાતાં વળતાં બોટાદ મોઝાર, વિચર્યા છે પ્રભુ ઘણી વાર;
ગામ બોટાદની રજ જે છે, પ્રભુજીની ચરણરજ તે છે.
મહિમા પ્રભુનો મન ધરશે, જાત્રા બોટાદની તે તો કરશે;
લીલા બોટાદની સુણે જેહ, પળમાં થાય પાવન તેહ.
સતસંગમાં દૃઢ મતિ થાય, તેથી પાપ તેનાં બળિ જાય;
શ્રોતા સૌ અતિ આનંદ પામી, બોલો જય સહજાનંદસ્વામી.

આ રીતે ભગા દોશીએ સત્સંગની ઘણી સેવા કરી હતી. સત્સંગનું, ઘરનું, પેઢીનું, રાજ્યનું તથા જ્ઞાતિનું નીતિપૂર્વક ઉદારભાવે કામકાજ કરતાં કરતાં ઘણો સમય ચાલ્યો ગયો. તેમના ઉદારતા, સેવા આદિ સદ્‌ગુણોને કારણે ભગા દોશીની સર્વ ક્ષેત્રે અતિ પ્રતિષ્ઠા વધી રહી હતી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'શ્રીહરિની શેઠને ઘેર પધરામણી તથા વરદાન આપ્યું' એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય-૧૫

શ્રીહરિએ ભગા શેઠને રોગમાંથી બચાવ્યા

સં.૧૮૮૧ના વર્ષે બોટાદમાં મરકીનો રોગ આવ્યો. ઘણાં લોકો આ રોગનાં ભોગ બન્યાં અને મૃત્યુ પામ્યાં. ભગા દોશીને પણ મરકીનો રોગ લાગુ પડ્યો. તેમના કાકા કમળશી શેઠ પાકા જૈન હતા. તેમને નગરશેઠની પદવી પામવાની ઈચ્છા હતી. પરંતુ તે નગરશેઠની પદવી તો ભાવનગરનરેશે ભગા દોશીને નાની ઉંમરમાં આપી હતી. તેથી તેમને ન મળી. વળી, ભગા દોશી જૈન ધર્મ છોડી સ્વામિનારાયણના આશ્રિત થયા અને અનેક લોકોને સત્સંગના રંગે રંગી નાખ્યા. તેથી તેના કાકાને અતિ ઈર્ષ્યા થવા લાગી.

દોહા : **ઈર્ષા મોટું પાપ છે, ઈર્ષા છે સંતાપ;**
ઈર્ષા નિશાની પડતીની, ઈર્ષા દુઃખનો બાપ...૭૦
ઈર્ષા કરતાં કોકની, આપણું જ ભૂંડું થાય;
ઈર્ષા ઉકાળે મનને, પ્રગતિ તેથી રુંધાય...૭૧

આ દુનિયામાં કોઈક જ ભાગ્યશાળી ઈર્ષ્યાથી બચ્યા છે. બાકી સર્વને ઈર્ષ્યાએ હેરાન કર્યા છે, કરે છે અને કરશે. ઈર્ષ્યા સહુને અંતરથી સળગાવે છે, ઈર્ષ્યા ઊધઈની જેમ માણસને પોતાને કોરી ખાય છે, ઈર્ષ્યા વ્યક્તિમાં પ્રગતિનું મહોરું પહેરીને આવે છે; તેથી તે જલદી દેખાતી નથી. ઈર્ષ્યાવાનને હંમેશાં સામાના જ દોષો દેખાય છે. ઈર્ષ્યા પોતાને આંધળા બનાવી દે છે. માટે આવી ઈર્ષ્યા આપણામાં રહેતી હોય તો ઓળખવી-ટાળવી જોઈએ.

ભગા દોશીનાં લગ્ન થયાંને ઘણો સમય થઈ ગયો હતો. તેમની ઉંમર પણ એકત્રીસ-બત્રીસ વર્ષની થવા આવી હતી. છતાં કોઈ પુત્ર થયો ન હતો. તેમની પેઢીનો વહીવટ **"શોભા ધારશી"**ના નામે ચાલતો.

આ શોભા દોશીને ભાઈચંદ અને કમળશી, આ બે પુત્રો હતા. ભગા દોશીને અતિ બીમાર જોઈને તેમના કાકાના મનમાં આવા ખરાબ વિચાર આવવા લાગ્યા જે, જો તે મરી જાય તો પોતાને જ નગરશેઠની પદવી મળશે; એવી તેના કાકાએ ખોટી વાતો પણ ફેલાવી. અને એમ પણ બોલી ગયા કે, 'ભગો તો કાંઈ જીવનાર છે નહિ અને તે નિર્વંશ છે. માટે હવે તો હું જ નગરશેઠ બનીશ.'

આ વાત સત્સંગીઓ સુધી પહોંચી. તેથી સત્સંગીઓ ભેગા થયા. પછી ભગા શેઠની પરિસ્થિતિ જણાવવા મોના પંડ્યાને ગઢપુર શ્રીહરિ પાસે મોકલ્યા. ત્યારે મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉતરાદા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને બેઠા હતા. જીવા ખાચર પણ મહારાજ પાસે બેઠા હતા. ત્યાં બોટાદના મોના પંડ્યાએ આવી શ્રીહરિને દંડવત્ કર્યા. મહારાજે પૂછ્યું, 'ક્યાંથી આવો છો ?' મોના પંડ્યા કહે, 'બોટાદથી આવું છું.' એમ કહી શેઠની બીમારીના સઘળા સમાચાર કહ્યા. અને કહ્યું કે, 'દાહા ખાચર, ભવાનભાઈ પટેલ અને મૂળચંદ પારેખે આપને તેડવા સારુ મને અહીં મોકલ્યો છે.'

શ્રીહરિએ ફરી પૂછ્યું, 'શેઠ બહુ માંદા છે ?' ત્યારે મોના પંડ્યા કહે, 'હા મહારાજ, મરકીનો રોગ લાગુ પડ્યો છે. હવે જીવે તેમ નથી.' તે સાંભળી શ્રીહરિએ કહ્યું, 'અમારે ભગા દોશીને જોવા સારુ બોટાદ જાવું છે.' ત્યારે જીવા ખાચર કહે, 'હું પણ સાથે આવું.' મહારાજ કહે, 'આવવું હોય તો તૈયાર થાવ.' પછી જીવા ખાચર પોતાને ઘેર તૈયાર થવા માટે ગયા. દાદા ખાચર વગેરે ભક્તો તૈયાર થઈને આવ્યા. મહારાજ રોઝે ઘોડે ચડી તૈયાર થયા અને કહ્યું, 'જેને આવવું હોય તે બહાર બોટાદના ઝાંપે જઈને ઊભા રહો, અમે જીવા ખાચર પાસે થઈને આવીએ છીએ.'

તે જ વખતે બોટાદથી વિસો વાણિયો જીવા ખાચરની ડેલીએ આવ્યો. ત્યારે જીવા ખાચરે તેને પૂછ્યું, 'ભગા દોશીને કેમ છે ?' એટલે તે કહે, 'ભગા શેઠે તો દેહનો ત્યાગ કર્યો.' એમ જ્યાં તે વાત કરે છે ત્યાં મહારાજે જીવા ખાચર પાસે જઈને કહ્યું, 'ચાલો બોટાદ.' ત્યારે જીવા ખાચર કહે, 'ભગા દોશીએ દેહ મેલી દીધો.' મહારાજ કહે, 'કોણ કહે છે ?' જીવા ખાચર કહે, 'આ બોટાદથી વિસો વાણિયો ખબર લઈને આવ્યો છે.' **ત્યારે મહારાજ કહે, 'ભગો અમારો છે, માટે મારા વિના કોણ એના જીવને લઈ જનાર છે ? હું એને જાવાના બધા રસ્તા બંધ કરી દઉં. બીજા મરે તેમ ભગો શેઠ ન મરે. હું તેડવા જાઉં ત્યારે જ તે દેહ મૂકે.** વિહો શું કહેતો તો ? માટે ચાલો.' પણ

દોહા : **મોટા આપે માનને, જીવથી ન જીરવાય;**
સ્નેહે બોલાવે શામળો, પણ જીવથી ન જવાય...૭૨

જીવા ખાચરને માન નડતું હતું તેથી મહારાજનું કહ્યું ન મનાણું, ને વિહા વાણિયાનું મનાણું. આમ, જીવને જ્યારે માન આવે ત્યારે પોતાને માન આપે એવા સામાન્ય વ્યક્તિનું મનાય અને માન ન આપે તો ભગવાનનું પણ ન મનાય. આવી અવળી મતિ કરાવનારું માન છે. જીવા ખાચર ન માન્યા. એટલે મહારાજ ઘોડીને એડી અડાડી ચાલતા થયા. તે ગઢડાના પાદરમાં બોટાદના ઝાંપે દાદા ખાચર, સોમલા ખાચર, નાજા જોગિયા વગેરે ભક્તો ભેગા થયા.

પછી મહારાજે તેમને કહ્યું, 'તમારા ઘોડા દોડી શકે તો ભેગા થાજો ને અમારો ઘોડો બહુ ચાલનાર છે, અને અમારે ઉતાવળે જવું પડે તેમ છે; માટે અમે જલદી જઈએ છીએ.' એમ કહી મહારાજે ઘોડો દોડાવી મૂક્યો. પાછળથી જીવા ખાચરે રામ ખાચરને બોટાદ મોકલ્યા. શ્રીહરિ તીર વેગે ચાલ્યા જાય છે. રસ્તામાં વરસાદ વરસતો હતો. છતાં મહારાજ તાબડતોબ અડધી રાત્રે બોટાદ પહોંચ્યા. દાહા ખાચરના

દરબારમાં પધાર્યા. તેમના ફળિયામાં પાણી ખૂબ ભરાયું હતું. તેમાં ઘોડાને ઊભો મૂકી, મહારાજ ભીનાં વસ્ત્રે જ ભગા શેઠને ઘેર ગયા. અને એક ભગતનું કાંડું ઝાલીને તેમની ખડકીમાં પ્રવેશ્યા.

તે વખતે તે જગ્યાએ ઢુંઢિયાની બે આરજા(જૈન સાધ્વી)ઓ સાથે ભગા દોશીની સ્ત્રી લક્ષ્મીબાઈ ત્યાં ઊભી હતી. ત્યારે તે આરજાઓ મહારાજને જોઈને કહે, ‘આ સ્વામિનારાયણ આવ્યા તે હવે શું જીવ ઘાલી દેશે ?’ તે સાંભળી મહારાજ કહે, **“હું જીવ નહિ ઘાલું ત્યારે તું જીવ ઘાલીશ ?”** ત્યારે હરિજનોએ મહારાજને કહ્યું, ‘આ આરજા પાસે ઊભેલ છે તે ભગા દોશીનાં ઘરનાં છે.’ ત્યારે મહારાજ કહે, **‘એ જીવ સત્સંગ કરે એવો નથી પણ તેનો પુત્ર થશે તે બહુ મોટો ભક્ત થશે.’**

શ્રીહરિ ત્યાં પહોંચ્યા ત્યારે કુટુંબીઓએ મરકીના રોગને કારણે ભગા દોશી મૃત્યુ પામ્યા છે, એમ માની સ્મશાનમાં લઈ જવા માટે જોઈતી વસ્તુઓ ભેગી કરી હતી, અને ઘણા મહાજનો ત્યાં ઊભા હતા. ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા અને સહુને શાંતિ પમાડતા કહ્યું, ‘તમે કોઈ શોક કરશો નહીં, ભગાભાઈ હજી જીવે છે.’ એમ કહી શ્રીહરિએ શેઠ પાસે ઊભા રહી બે વાર ઊંચેથી ‘ભગા..! એ.. ભગા..!’ એમ સાદ કર્યો, પણ તે કાંઈ ન બોલ્યા. તેથી મહારાજે તેની છાતીમાં ચરણારવિંદ અડાડીને કહ્યું, ‘એ..ભગા શેઠ..!’ એમ જ્યાં કહ્યું કે તરત જ શેઠ બેઠા થયા. અને મહારાજને કહ્યું, ‘અહો.. પ્રભુ ! આપ ક્યારે પધાર્યા ?’ એમ કહી પગે લાગવા માટે હેઠા ઊતરવા ગયા, ત્યારે મહારાજે કહ્યું, ‘બેઠા રહો..!’

ત્યારે ભગાભાઈ કહે, ‘હે મહારાજ ! અનંત દિવ્ય પાર્ષદો સાથે આપ દિવ્ય વિમાન લઈ મને તેડવા પધાર્યા હતા અને અક્ષરધામમાં મને લઈ ગયા હતા. હું અક્ષરધામમાં આપનું અનુપમ, અલૌકિક સુખ માણી રહ્યો હતો, છતાં આપ મને પાછો કેમ લાવ્યા ?’

ત્યારે શ્રીહરિ કહે, ‘હે બુદ્ધિમાન ભગા શેઠ ! અનંત જીવોની મુક્તિ માટે તથા તમારા સંબંધીઓને મારું દિવ્ય ઐશ્વર્ય બતાવવા મેં તમને હાલ સજીવન કર્યા છે. તમો હવે આ લોકમાં રહી બીજાને ધર્મે સહિત મારી ભક્તિ શીખવજો અને મારું ભજન કરજો.’ શ્રીહરિનો આ પ્રતાપ જોઈને બોટાદના મહાજનો ઘણું આશ્ચર્ય પામ્યા.

પછી મહારાજ ખુરશી પર બેઠા ને શેઠને પૂછ્યું, ‘શરીરમાં કેવું દુઃખ છે ?’ ત્યારે શેઠ કહે, ‘રૂંવાડે રૂંવાડે બળતરા થાય છે, તે ખમાતી નથી.’ એટલે મહારાજે ભવાનભાઈને કહ્યું, ‘ગોરસ મળશે ?’ ત્યારે તે કહે, ‘હા મહારાજ ! જોઈએ તેટલું મળશે.’ પછી તાંસળી ભરીને ગોરસ મંગાવ્યું. શ્રીહરિએ કહ્યું, ‘આમાં સાકર નાખો.’ ત્યાં તેના કાકા કમળશીભાઈએ કહ્યું, ‘સાકર ન નખાય. કેમ જે, શ્વાસ વધે.’ ત્યારે મહારાજ તેને કહે, ‘ભગોભાઈ રહે તેમાં તમે રાજી કે, દેહ મૂકે તેમાં રાજી ?’ તે કહે, ‘રહે તેમાં હું રાજી છું.’ ત્યારે મહારાજે કહ્યું, ‘અમે જે ઓસડ કરીએ તે કરવા દ્યો.’ તેથી તે કહે, ‘સારું, જેમ તમારી મરજી હોય તેમ કરો.’

પછી શ્રીહરિએ હાથમાં તાંસળી લઈ, દહીંમાં સાકર નાંખી, આંગળીએથી હલાવ્યું, ને પોતાના હાથે ભગાભાઈને તે પાયું. તેથી તરત તેમને શરીરમાં જે બળતરા થતી હતી તે શમી ગઈ અને સુખ થયું. પછી મહારાજે કહ્યું, ‘હવે કેમ છે ?’ ત્યારે શેઠ કહે, ‘હવે બળતરા મટી ગઈ ને શાંતિ થઈ.’

પછી ભગા શેઠ કહે, ‘અહો..! અહો..! મહારાજ, આપ મારા એક માટે અહીં આવ્યા..! અને મારી પાસે બેઠા છો. મેં એવો કોઈ ઉપકાર કર્યો નથી, પરંતુ અત્યારે આપ કરુણા કરી આવ્યા છો.

हरि कहे मो बिन रखे न जाही, ताके में समिप जो रहाही।
मो बिन जो रखत रहे जितना, तिनसे दुर रहत में तितना॥

दूर समिप में रहत हु जेसे, तुमकु कहि दीने अब तेसे।
भक्तसे में अधिक न रखेऊ, अक्षरधाम जो एसे तेऊ॥

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ભગા શેઠ ! જે મારા સિવાય અન્ય વસ્તુને મુખ્ય નથી રાખતો તે ભક્તની પાસે જ હું રહ્યો છું અને જે મારા સિવાય અન્ય વસ્તુને મુખ્ય રાખે છે, તેનાથી તેટલો હું દૂર રહું છું. હું દૂર કે પાસે કેવી રીતે રહું છું ? તે મેં અત્યારે તમને કહી બતાવ્યું છે. મારે માટે ભક્ત કરતાં કાંઈ પણ અધિક નથી, અક્ષરધામ પણ ભક્તથી અધિક નથી. તો પછી બીજી વાત તો શા લેખામાં ? મારા ભક્ત મને એવા વહાલા છે, અને તેવા ભક્તોને માટે જ હું વારંવાર પ્રગટ થાઉં છું. મારા જેટલા ચરિત્રો છે તે બધાં ભક્તોનાં હિત માટે જ છે.

सोरठा : एसी हे मेरि रीत, मेरो नहीं विश्वास जेहि।
भ्रमिक रखे जेहि चीत, जिहाँ तिहाँ जन्म धरत तेहि॥

जितो मेरो विश्वास, तेति रक्षा में करत रहत।
तितना रहत हुँ पास, निश्चे एसे बात रहेउ॥

આવી મારી રીત છે કે, જેને મારો વિશ્વાસ નથી તથા જેનું ચિત્ત મારા નિશ્ચય-વિશ્વાસમાંથી ભ્રમી ગયેલું રહે છે, એવા લોકો જ્યાં ત્યાં જન્મ ધરે છે અર્થાત્ લખચોરાશીમાં રખડ્યા કરે છે. અને જેટલો જેને મારો વિશ્વાસ રહે છે તેટલી તેની હું રક્ષા કરતો રહું છું. અને તેટલો તેની પાસે રહું છું. આ વાત નિશ્ચિત છે.

આમ વાત કરી, પછી મહારાજે કહ્યું, 'શેઠ ! તમારે બે દિવસના ઉજાગરા છે માટે હવે તમે સૂઈ જાવ.' પછી શેઠ સૂતા અને જેમ સાજા માણસને નિદ્રા આવે તેમ તેમને નિદ્રા આવી ગઈ. શ્રીહરિનું આ ચરિત્ર જોઈને તેમની જ્ઞાતિના ઘણા વાણિયાઓએ પોતાના નાસ્તિક ગુરુઓનો

અને તે મતનો ત્યાગ કરી સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશ્રય કર્યો. તથા બોટાદવાસી બીજા ઘણાં લોકો પણ આ ચરિત્ર જોઈને શ્રીહરિનાં દૃઢ આશ્રિત થયાં હતાં.

પછી શ્રીજીમહારાજ દાહા ખાચરના દરબારમાં આવ્યા. ભીનાં વસ્ત્રો બદલી ઓસરીમાં તાપણી કરી થોડીવાર તાપ્યું. ત્યાં દાદા ખાચર વગેરે ભક્તો પણ આવી પહોંચ્યા. અને તેમણે શ્રીહરિને પૂછ્યું, ‘શેઠને કેમ છે ?’

ત્યારે મહારાજ કહે, ‘હવે સુવાણ છે.’ પછી સવાર થવા આવ્યું ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું, ‘હે મહારાજ ! દાતણ કરશો ?’ કેમ જે, સ્વામીનું મંડળ બોટાદ આવ્યું ત્યારે વગડામાં સુંદર દાતણ જોયું તેથી સ્વામીને સંકલ્પ થયો હતો કે, ‘આ દાતણ તો મહારાજ કરે એવું છે.’ એટલે મહારાજ માટે તે કાપીને લાવ્યા હતા. પરંતુ શ્રીજીમહારાજે ના કહી. પછી સવારે ફરી શ્રીહરિ ભગા શેઠને જોવા ગયા. શેઠને જગાડીને આશ્વાસન આપ્યું અને કહ્યું, ‘આનું આ ગોરસ અને સાકરરૂપી ઔષધ ચાલું રાખજો, કાંઈ ચિંતા રાખશો મા, સારું થઈ જશે. હવે અમે ચાલશું.’ ત્યારે શેઠ કહે, ‘બે દિવસ રહો તો સારું.’ ત્યારે મહારાજે કહ્યું, ‘હાલ રોકાવાય તેમ નથી, અમો તો તમને માત્ર સાજા કરવા સારુ જ આવ્યા હતા.’ આમ કહી ભગા શેઠને ખૂબ સુખ આપ્યું.

પોતાના ભક્તોની પીડા હરનારા, કરુણાના સાગર, વાત્સલ્યનીધિ, સર્વ અવતારના અવતારી, સર્વ કારણનું કારણ અને સર્વના સ્વામી; એવા સ્વામિનારાયણ ભગવાને પોતાના અનેક ભક્તોનું આ સમયે મરકીના રોગથી રક્ષણ કર્યું હતું. આવા શ્રીહરિ આપણું પણ જન્મ-મૃત્યુરૂપી રોગથી રક્ષણ કરે, કામ-ક્રોધાદિક દોષોથી રક્ષા કરે; એવી ગળતા હૃદયે પ્રાર્થના કરીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'શ્રીહરિએ ભગા શેઠને રોગમાંથી બચાવ્યા' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય-૧૬

શ્રીહરિની ભક્તવત્સલતા તથા સત્સંગનું મહત્ત્વ

દોહા : **વરસતા વરસાદમાં, પધાર્યા અડધી રાત;**
એક સેવકને કારણે, જાગ્યા આખી રાત...૭૩

સારંગપુરમાં દેવાભગતનું ઘર પડ્યું ત્યારે પણ મહારાજ આખી રાત ખંભે આડસર રાખીને ઊભા રહ્યા હતા. આવા મહાદયાળુ સ્વામિનારાયણ ભગવાન છે, પરદુઃખભંજન છે. આશ્રિતજનના પ્રગટ સુખકરણ છે. જો તેની સાથે સારા સંબંધ રાખીએ, તેમની આજ્ઞાનું પાલન કરીએ, ભક્તિ કરીએ અને કોઈનું આડુંઅવળું ન કરીએ તો ટૂંકમાં મોટું કામ થઈ જાય એમ છે.

ધન્ય છે ભક્તવત્સલતા, ધન્ય ધન્ય કૃપાનિધાન;
આવા દયાળુ શ્રીહરિ, સર્વોપરી ભગવાન...૭૪

આમ, અતિ દયાળુ મહારાજ શેઠની રજા લઈ ફરી દાહા ખાચરના દરબારમાં આવ્યા, ત્યાં ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી ભાઈસ્વામીનો સંકલ્પ સિદ્ધ કરવા દાતણ સંભાર્યું કે, 'કોણ કહેતું જે દાતણ કરવું છે ?' ત્યારે આત્માનંદસ્વામી કહે જે, 'હું કહેતો હતો.' પછી તેમણે મહારાજને દાતણ આપ્યું. મહારાજે દાતણ કર્યું, ત્યાં દિવસ ઊગવા આવ્યો. તેથી ભક્તો દર્શન કરવાં આવ્યાં. મહારાજ દાતણ કરીને ચાલવા તૈયાર થયા. ત્યારે હરિભક્તો કહે, "છાશ પીને ચાલો." મહારાજે કહ્યું, "અમારા ઘોડા રાતના ખડ તથા જોગાણ વિના પાણીમાં ઊભા છે, માટે છાશ થાય ત્યાં સુધી અમારે નથી રહેવું." પછી ભવાન પટેલ

વગેરે ભક્તોએ કહ્યું, 'મહારાજ ! ભગા શેઠને ત્યાં સોનબાઈ નામે સાંખ્યયોગી બેન રહે છે, તે બહુ પવિત્ર છે; તેમની પાસે રાતનું જમવાનું કરાવી મેલ્યું છે.'

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે સોમલા ખાચરના દરબારમાં સાધુની ઓરડી જ્યાં હતી ત્યાં ચાકળા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. ત્યાં હરિભક્તો મોતૈયા લાડવાનાં તપેલાં ભરીને લાવ્યા. તે વખતે પાછળ રહેલા દાદા ખાચર વગેરે ભક્તો ભગા શેઠની ખબર લઈને મહારાજ પાસે આવ્યા. ત્યારે હરિભક્તોએ મહારાજને કહ્યું જે, 'લાડવા બધાને વહેંચો.' ત્યારે મહારાજ કહે, 'આમાં સાધુનો ભાગ છે ?' ત્યારે ભક્તો કહે, 'હા, સહુને અર્થે કર્યા છે.' પછી મહારાજે સહુને બે-બે લાડવા આપ્યા. ત્યારે કોઈ બોલ્યા જે, 'આ ભીમાપાળાને બે લાડવે શું થાશે ?' ત્યારે મહારાજ કહે, 'અમે શું કરીએ ? વાણિયા તો તોળી તોળીને રસોઈ કરે, તે અમે વધુ ક્યાંથી લાવીએ ?' એમ કહીને વધ્યા તે ખડિયામાં નખાવ્યા.

✵ સત્સંગ અને ભગવદાશ્રયનું મહત્ત્વ :

પછી શ્રીહરિ બોટાદવાસી ભક્તોને કહે, 'સુખરૂપ સમજણનો જે માર્ગ છે તે જ્યાં સુધી મળતો નથી ત્યાં સુધી મનુષ્યોને ગમે તેટલી મોટાઈ મળે તોપણ દુઃખ મટતું નથી. આલોકમાં એક એકથી વધારે સુખ મેળવવાની જ્યાં સુધી ભાવના રહે છે, ત્યાં સુધી વધારે ને વધારે દુઃખ રહે છે અને વધારે સુખ મેળવવાની જે ભાવના છે તે જ દુઃખનો માર્ગ છે. **આ લોકમાં જ્યાં સુધી સુખ અનુભવાતું હોય છે ત્યાં સુધી દુઃખનો માર્ગ રહ્યો છે. એકલાં ભગવાન સિવાય ક્યાંય સુખ ન દેખાય, ત્યારે માનો તેને સુખનો માર્ગ મળ્યો છે.**

सत्संग यह सुख हि जो ताके, मारग प्रगट रहाये वाके।
सत्संग करत रहत दुःख जितना, सत्संग नहीं करेउ तितना॥

सुख वरतत तितना सत्संगा, करेउ इतना रहे उमंगा।
सुख उमंग में कसर जेता, सत्संग करेउ कसर तेता॥
भगवान अरु सत्संग जेही, आश्चर्य में आश्चर्य हे तेही।
एहि सम आश्चर्य नहीं हे केही, कहेकी नहीं बात हे एही॥

જે સત્સંગ છે તે સુખનો પ્રત્યક્ષ માર્ગ છે. તે સત્સંગ કરતાં થકાં પણ જેટલું દુઃખ રહે છે તેટલું માનો, તેણે સત્સંગ પૂરો કર્યો નથી. જેટલું ઉત્તમ સુખ રહે છે તેટલો સત્સંગ કર્યો ગણાય તથા તેટલો જ ઉમંગ રહે છે, અને સુખનાં ઉમંગમાં જેટલી કસર રહે છે તેટલી સત્સંગ કર્યામાં કસર ગણાય છે. **ભગવાન અને સત્સંગ તે બે આશ્ચર્યમાં પણ મોટું આશ્ચર્ય છે. તેના જેવું બીજું કોઈ આશ્ચર્ય નથી.** અને તે વાત બહાર કહેવાની હોતી નથી. બહાર કહેવા માટેની વાત જ્યાં સુધી હોય છે ત્યાં સુધી પ્રાકૃતમતિ કહેવાય છે, અને એવી બહાર કહેવા લાયક જે જે વાત હોય છે તે બીજાને દેખાડવા પૂરતી જ હોય છે.

अंतरजामि रहे भगवाना, भाव जनके जानत रहाना।
भाव तेसे फल देवत ताई, निश्चे एसे बात रहाई॥

ભગવાન તો અંતર્યામી છે, તે ભક્તના બધા ભાવને જાણતા હોય છે. ભક્તની જેવી ભાવના હોય છે તેવું તેને ફળ પોતે આપે છે, આ વાત નિશ્ચિત છે. ભગવાનને આ લોક અને પરલોકમાં હરિભક્તના સમાન બીજું કોઈ નથી અને તેનું મહત્ત્વ સત્સંગ અને ભગવાનના યોગે કરીને છે. **ભગવાન ને સત્સંગના યોગ સિવાય કોઈ વાતમાં કાંઈ દૈવત દેખાતું નથી. દૈવત તો બધું ઉપર કહેલા યોગમાં જ છે.** જે જે કોઈ પણ વાત હોય છે તે કહ્યા સિવાય ચાહે તેવો વિચક્ષણ હોય તોપણ તેને ક્યારેય સમજાતી નથી. ભગવાન અને સત્સંગ સંબંધી જેટલી વાત છે, તેમાં જ સહુથી વધારે રંગ-ઉમંગ રહે ત્યારે સત્સંગ દૃઢ થયો કહેવાય.

સત્સંગ અને ભગવાનના જ્ઞાન સિવાય કદાચ કોઈ બ્રહ્મા જેવો બુદ્ધિશાળી હોય તોપણ સાચો ભક્ત તેને નરકનો અધિકારી જ જુએ છે, અને તેની તેવી ભાવનામાં ક્યારેય ફેર પડતો નથી. **કોઈ વિષમ દેશકાળને લીધે ક્યારેક યોગ ન રહે તોપણ જેને ભગવાન અને સત્સંગ દિલમાં વધારે ને વધારે રહે અને તેના નિશ્ચયની દૃઢતા રહે તે પાકા હરિભક્ત છે.** દેહ, ઈન્દ્રિય અને અંતઃકરણની કોઈ વિષમ સ્થિતિ થઈ જાય તોપણ જેના જીવમાં નિશ્ચય ફરે નહિ તેવા ભક્ત, મુક્ત કહેવાય છે, અને તે પોતાના આત્માને ભગવાનની સમીપ રાખીને પોતે બધી પરિસ્થિતિથી નિર્લેપ રહે છે.

એમ વાત કરી પછી શ્રીહરિ બોલ્યા જે, 'અમે તો ગામની બહાર ધાર ઉપર કોઈ સારી જગ્યા હશે ત્યાં જમશું. આ ગામમાં તો શેરીઓ ગંધાય છે તે અહીં નહિ જમીએ.' એમ કહી મહારાજ શીખ માગીને ચાલ્યા. પાછા ગઢપુર જતા પણ રસ્તામાં ખૂબ વરસાદ થયો. ત્યારે સૂરા ખાચરે મહારાજને કહ્યું, 'ઘોડીનો સાજ પલળશે..!' ત્યારે મહારાજ કહે, **"મારા ભગાના નામ ઉપર આવા એકસો પલાણ બગડે તોય કુરબાન છે."** એમ વાત કરતાં મહારાજ ગઢડા આવ્યાં.

શ્રીજીમહારાજે ભગા શેઠને સાજા કર્યા, ત્યારબાદ શેઠ **૪૪ વર્ષ** જીવ્યા હતા. શ્રીહરિની તો વાત જ જુદી છે. તેના સમાન કોઈ થયું નથી અને કોઈ થાશે પણ નહીં. આપણે તો આ પ્રસંગથી શ્રીજીમહારાજની દયાળુતા, ભક્તવત્સલતા સમજવી જોઈએ, અને ભક્તોને જ્યારે દુઃખ આવે ત્યારે મહારાજ પોતાના દેહને પણ ગણતા નહીં, તે નાનીસુની કરુણા ન કહેવાય. માટે આપણે પણ ગમે તેવું દુઃખ આવે છતાં ભગા શેઠ જેવો સત્સંગનો ખપ રાખવો જોઈએ. ધર્મ-નિયમની દૃઢતા પણ રાખવી જોઈએ. આ કથાથી સમર્પણ અને સેવાભાવના રાખવી વગેરે શીખવા જેવું છે.

આ એક જ પ્રસંગમાં સાચા ભક્તની દૃઢતા કેવી હોય ? સત્સંગીઓએ બીજા સત્સંગી સાથે કેવો સંપ રાખવો જોઈએ ? અને ભગવાનની ભક્ત ઉપર કેવી કરુણાગંગા વહે છે ? આવો ત્રિવેણી સંગમ અહીં રચાયો છે. શ્રીહરિ એક એક પ્રસંગમાં આવાં અનેક તીર્થો સત્સંગમાં રચતા રહેતા, તેમાં સ્નાન કરી હજારો ભક્તો જીવનશુદ્ધિ કરતા હતા.

બોટાદમાં ભગા દોશી સાજા થયા એનો બધાયને આનંદ થયો. પરંતુ એક વ્યક્તિને દુઃખ થયું, તે હતા ઈર્ષ્યાનો માર ખાધેલા તેમના કાકા કમળશી દોશી..! આપણે પણ આવી રીતે ક્યારે ? અને ક્યાં માર ખાઈએ છીએ ? તે તપાસવું જોઈએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'શ્રીહરિની ભક્તવત્સલતા તથા સત્સંગનું મહત્ત્વ કહ્યું' એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય-૧૭

ભગા શેઠે મરકીને ભગાડી

મોક્ષપ્રાપ્તિનાં તમામ સાધનોમાં જેને જેવો ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને તેવી પ્રાપ્તિ થાય છે. નિષ્ઠા વિનાનાં ગમે તેટલાં સાધનો કરે છતાં અંતે નિષ્ફળ જાય છે. અન્ય સાધનો માત્ર ભગવાનની પ્રસન્નતા માટે ઉપયોગી છે, પરંતુ કલ્યાણ તો નિશ્ચય વડે જ થાય છે; આ સિદ્ધાંત વાત છે. **વિપરીત કાળમાં પણ બુદ્ધિ ડગે નહિ, શંકા થાય નહિ અને પોતાના ઈષ્ટદેવથી અધિક બીજું કાંઈ મનાય નહીં; આવી જે અચળમતિ તેને નિશ્ચય કહેવાય છે.**

જગતમાં નાત-જાત અથવા કુળ-કુટુંબમાં તિરસ્કાર કે અપમાન થાય, સુખ-દુઃખનાં કપરાં પ્રસંગો આવે, છતાં સર્વોપરી શ્રીહરિ સિવાય

ક્યાંય મન ખેંચાય નહિ; આવી જે ઉપાસ્યમૂર્તિ શ્રીહરિની મક્કમ દૃઢતા સાથેની સાચી સમજણને નિશ્ચય કહેવાય. આવા નિશ્ચયમાં અણુબોંબ કરતાં પણ અધિક તાકાત છે. તે ગમે એવા વજ્રસાર જેવા કારણ શરીરને, સ્વભાવને અને તમામ દુઃખોને તોડી નાખે છે. આવો દૃઢ નિશ્ચય નિર્બળને સબળ બનાવે છે, કંગાળને કૃતાર્થ બનાવે છે, વાસનિકને નિર્વાસનિક બનાવે છે; આવા જ દૃઢ નિષ્ઠાવાન મહાન ભક્ત એટલે બોટાદના ભગા દોશી તથા શિવલાલ શેઠ. તેમના જેવા આપણામાં સદ્‌ગુણો આવે એવી શ્રીહરિને પ્રાર્થના કરીએ...

દોહા : **નમું હું મારા નાથને, સહજાનંદ સુખદાય;**
ધન્ય ગણું મારા ભાગ્યને, ભક્તના ગુણ ગાય...૭૫
મળવા મોંઘા અતિ ઘણા, ભક્ત અને ભગવાન;
સેવવા ગુણલા ગાવવા, અવસર આવ્યો જ્ઞાન...૭૬
દિવ્ય થવાય દિવ્ય મતિએ, ગુણ ગાતાં ગુણ પમાય,
જેવું જેવું વિચારીએ, એવા જ થઈ જવાય...૭૭
મહામુક્તોને પ્રેમથી, વંદું હું વારમવાર;
સંભારતા શ્રીજી સંતને, ભૂલાય જાય સંસાર...૭૮
સુખ શ્રીહરિનું આવતા, અંતર આનંદ થાય;
રીઝવું હું મહારાજને, દાસના ગુણલા ગાય...૭૯
ધન્ય ધન્ય ભગા દોશીને, ધન્ય પુત્ર શિવલાલ;
નાશવંત આ સંસારમાં, એણે ન જાણ્યો માલ...૮૦
જાણ્યા શ્રીજી સર્વોપરી, ભજ્યા દિવસ ને રાત;
મારે આજ કરવી છે, એ તાત-સુતની વાત...૮૧

બોટાદની આ બાપ-દીકરાની અદ્‌ભુત જોડી છે. ભગા દોશીનો મૃત્યુ જેવા મંદવાડનો રોગ મટાડી મહારાજ ગઢડા ગયા, પરંતુ ત્યારબાદ

બોટાદમાં મરકીને કારણે અતિશય રોગચાળો ફાટી નીકળ્યો હતો. વૈદ્યોની અનેક પ્રકારની દવા લેવા છતાં હરિવિમુખ અનેક લોકો નિત્ય મૃત્યુ પામતાં હતાં. તેમાંથી બચવા ઘણા ભૂવા, ડાકલા, ભરાડીને બોલાવતા. જ્યોતિષી પાસેથી જોષ જોવડાવતા, પરંતુ રોગ નિત્ય વધતો જતો હતો.

એક દિવસ મરકીને કાઢવા લોકોએ ભૂવા ભેગા કર્યા. તે ભૂવા ધૂણીને બોલ્યા કે, "માતાજી પશુનો ભોગ માંગે છે, તે વિના આ રોગ નહિ જાય." તેથી બિચારા ભોળા લોકો પાડા, બકરા વગેરે માતાજી આગળ વધેરવા તૈયાર થયા. ભૂવાઓએ તેને મારવાની તૈયારી કરી. જૈનોમાં જીવદયા ધર્મ મુખ્ય છે. ઘણા વણિકોને ખબર પડી, તેથી તેઓ ત્યાં ગયા. મહાજનની મરજી લીધા સિવાય બોટાદમાં પશુનો વધ થઈ શક્તો નહીં. કારણ કે, બોટાદ ગામ મહાજનનું છે. તેથી મહાજનોએ ભૂવાઓને જીવહિંસા કરવાની ના પાડી.

ત્યારે દેવીભક્તો મહાજનોને કહે, 'મરકી તો માતા છે, તે પશુનો ભોગ માગે છે. પશુનો ભોગ આપ્યા સિવાય કરોડો ઉપાય કરો તોપણ મરકીને શાંતિ થશે નહીં, અને જો તેને શાંતિ નહિ થાય તો તે શાંત નહિ થાય, અને તે શાંત નહિ થાય તો તમને બધાને કાયમી શાંત કરી નાખશે; બોલો તમે કહો તેમ કરીએ.' આ વાત સાંભળી મહાજનોને જીવવાની પ્રબળ ઈચ્છા હોવાથી તેના મોહયુક્ત મને તેના અંતરજ્ઞાનમાં ગોટાળો સર્જ્યો. આવો એ ગોટાળિયું જ્ઞાન તેના મુખેથી સાંભળીએ.

પછી મહાજનોએ ભૂવાઓને કહ્યું કે, 'જો મહાજન પોતે વધ કરે તો બાધ આવે. જેમ તમારી માતાનો ધર્મ હોય તેમ કરો. માતા તો સમર્થ છે, અસમર્થનું ત્યાં જોર ચાલતું નથી. તે તો બ્રાહ્મણ સુધ્ધાંનો ભોગ લઈ લે છે, તે પાપનો ડર રાખતી નથી. માતાને લીધે જે પાપ

કરવામાં આવે છે અને માતા જ જો પાપને સમજીને પોતાના માથે લઈ લેતી હોય, તો તે પાપ અમારે માથે ન રહે. મહાજન નથી કહેતું કે તમે પશુહત્યાનું પાપ કરો. પોતાનો જે ધર્મ હોય તે પ્રમાણે તમે ચાલો. પોતપોતાના ધર્મમાં જે રહે છે તેમાં રતીભાર પણ પાપ કહેવાતું નથી. જેના જેવા ઈષ્ટદેવ હોય તેણે તેવા ધર્મ તેમને બતાવ્યા હોય છે. ધર્મ અને અધર્મનું મુખ્ય કારણ તો જે જેના ઈષ્ટદેવ હોય છે તે જ છે.' આવી રીતે મોતથી ડરેલા અને પાપથી ડરેલા વાણિયાઓ શાહમૃગની સ્થિતિ જેવી સ્થિતિ પામીને ગોટાળિયું જ્ઞાન આગળ ચલાવતા કહે છે,

'ઘરમાં જે બીજા બધાને દબાવીને રહેતો હોય છે તે તેના ઘરમાં ઈષ્ટ કહેવાય છે, આવી સંસારની રીત કહેવાય છે. જે ઈષ્ટ હોય છે તેની આગળ ઈષ્ટ સિવાયનાનું ક્યારેય રતીભાર પણ ઉપજતું નથી અને ત્યાં કોઈ ઉપાય પણ ચાલતો નથી. કારણ કે, ત્યાં તે તે ઈષ્ટનું ચલણ હોય છે. દેહ અને દેહના સંબંધીઓમાં પરસ્પર સહુને અત્યંત અહં-મમત્વ રહેલું હોય છે અને તેને લીધે માણસ ભૂત-પ્રેતની યોનિને પામે છે. અહં-મમત્વને લીધે જીવ અનેક જન્મને પામે છે. **જ્યારે જીવ અહં-મમત્વનો ત્યાગ કરે છે અને પોતાના ઈષ્ટદેવની સાથે સ્નેહ કરે છે,** ત્યારે તેના ઈષ્ટ કહે તેમાં કોઈ જાતનો બાધ રહેતો નથી.' આ રીતે વાણિયાઓ મનમાં જાણે ભૂવાઓ પશુહિંસા કરે એમાં આપણે શેનું પાપ ? પાપ એને જાય અને આપણી રક્ષા થાય; એવો રોકડો નફાનો ધંધો આપણને વાણિયાને ન આવડે તો કોને આવડે ? એમ મનમાં મોહ પામીને મરકતાં મરકતાં આવું બધું ઉપરોક્ત બોલ્યા.

જેમ જગતમાં પોતાનું ખેતર કોઈકને વાવવા આપનાર ખેડૂ બોલે કે, 'જો ભાઈ..! હું નથી કહેતો કે તું દવા છાંટજે. તારો જેમ ધર્મ હોય તેમ કરજે. એમાં તને પાપ ન થાય, પણ મારે ભાગે આવતા રૂપિયા મારે ઘરે પહોંચાડી દેજે. હું તને દવા છાંટવાનું કહેતો નથી.

તેથી મને તો પાપ લાગે જ નહીં, અને પૈસાની કમાણી ભાગે પડતી મને પૂરતી મળે છે, એમાં મારે શું વાંધો છે ? પાપ મળે નહિ ને પૈસા મળે.' આમ, મોહ પામેલો ખેડૂ એમ નથી વિચારતો કે, 'ખેતર મારું છે, હું એને ના પાડું તો તેનાથી જીવહિંસા થાય જ નહીં.'

બસ, એ જ રીતે આ વાણિયાઓ પણ બોટાદને પોતાનું ગામ માને છે. જો પોતે ધારે તો જીવહિંસાને રોકી શકે એમ છે, પરંતુ જીવહિંસા થાય તેમાં પોતાનો જીવ બચે એ સ્વાર્થ સમાયેલો છે. તેથી જીવવાની ઘેલછામાં ભૂવાઓને બુદ્ધિના વાદપૂર્વકનો ખોટો ઉપદેશ આપી, જાણે કે આપણને પાપ નહીં લાગે અને આપણો જીવ બચી જશે. પરંતુ પરની હિંસા કરવી તેમાં પાપ ન લાગે, એવો કોઈ ધર્મ નથી, પણ મોહાંધવ્યક્તિને તે સમજાતું નથી.

પછી માતાજીનાં ભક્તોએ મહાજનોની રક્ષા કરવા માટે બકરાં, કૂકડાં અને પાડાઓને મારવા માટે તૈયાર કર્યા. અને તેનો ભોગ આપવાની બધી વિધિઓની તૈયારીઓ કરી, જેને મહાજનોએ છૂટ આપી તેને કોણ અટકાવી શકે ? સહુને જીવવું છે. કોઈને મરવું ગમતું નથી. એટલે બીજાને મારીને પણ પોતે જીવે એવા અમુક માણસો લુચ્ચા હોય છે.

આ વાતની સ્વામિનારાયણ ભગવાનની દૃઢ નિષ્ઠાવાળા અને પ્રગટ પ્રભુની ખુમારીવાળા ભગા શેઠને જાણ થઈ. તેથી તે તરત ભૂવા પાસે આવ્યા અને કહ્યું, 'આ બધું શું તૂત ઊભું કર્યું છે ? આ પુણ્ય નહિ પાપ છે, અંધશ્રદ્ધા છે, પોતાને જીવવા સારુ અબોલ પશુને મારવાં તે મહાપાપ છે.' એમ કહી શ્રીજીમહારાજના બળે સહુના જોતા જ તમામ પશુઓને છોડી મૂક્યાં, અને ત્યાં મરકીનો રથ પડ્યો હતો તેને ખેંચીને ગામ બહાર નખાવી દીધો. જ્યારે ભગવાનનું બળ આવે ત્યારે સામાન્ય જીવમાં પણ અલૌકિક તાકાત પ્રગટે છે. આ જોઈને તમામ ભૂવાઓ ખીજાણા અને ધુધકારી નાખી બોલ્યા,

ચોપાઈ :

ભૂવા ધૂણીને બોલ્યા આવેશે, માતા ભગાને ભરખી લેશે;
જન જોવા મળ્યાં છે હજારો, રથ નાખી દીધો ગામ બા'રો.
મહાપ્રભુના પ્રતાપે કરી, ભગા શેઠ ડર્યા નહીં જરી;
મરકી ખીજાણી એવું જોઈ, બધા ભૂવાનું ભરખ્યું લોઈ.
પછી ભાગી ગઈ પરબારી, રોગચાળો ન રહ્યો લગારી;
આવ્યા મહાજન લોક તમામ, ભગા શેઠને કર્યા પ્રણામ.

ભગા દોશીએ આવું પરાક્રમ કર્યું. સાચા અર્થમાં પ્રગટ ભગવાનનું શુદ્ધ અને નક્કર બળ હોય તો તે પ્રભુ તરત આવીને હાજર થાય છે. ભગવાન અને મોટા સંતનું સાચું બળ જીવને તારી દે છે. નિષ્ઠામાં દંભ ચાલે નહિ અને દંભ કોઈ કરે, તો જ્યારે આવું ખરું ટાણું આવે ત્યારે તેનાથી કાંઈ થાય નહીં. માટે શ્રીહરિ અને સંતની નિષ્ઠાનું અંતરથી સાચું બળ રાખવું. આવા ભગવદ્‌બળવાળાનો કોઈ વાળ વાંકો ન કરી શકે. કેમ જે, આ સત્સંગમાં શ્રીહરિ સદા હાજરાહજૂર છે, પ્રગટ વિચરે છે. ભગા શેઠમાં જ્યારે આવું બળ જોયું ત્યારે ગામનું બધું મહાજન તેમની હિંમત દેખીને ઘેર ઘેર તેમનાં અપાર વખાણ કરવાં લાગ્યું. ભગા શેઠનાં ઈષ્ટદેવને ધન્ય છે અને શેઠની હિંમતને પણ ધન્ય છે. તેણે પોતાનો ધર્મ રાખ્યો પણ મૃત્યુનો ડર કાંઈ જ રાખ્યો નહિ. તેઓ ઘણા મોટા ધનાઢ્ય હતા. તેણે અહીંયાં ધનનો લોભ ન રાખ્યો અને યોગ્ય સમયે શરીરનોએ લગાર પણ લોભ રાખ્યો નહિ. **જેનો જેવો ધર્મ અને જેવી ધીરજ હોય છે તે કોઈ વિષમ સમય આવે ત્યારે તે દેખાઈ આવે છે,** તે રતીભાર પણ છુપાતી નથી.

धर्म धिरज ईष्ट के बल विन ही, दृढ करिके रहत नहीं किन ही।
जेसे ईष्ट के बल हि जाही, धर्म धिरज यह तेसे रहाही॥

धर्म धिरज ईष्ट जो जाके, परिक्षा लेवत रहे वाके।
उत्तम मध्य कनिष्ट हि तामें, जेसे जन देखावत यामें॥

ઈષ્ટદેવનાં બળ સિવાય ધર્મ અને ધીરજ દઢપણે કોઈની રહેતી નથી. જેને જેવું ઈષ્ટદેવનું બળ હોય છે તેને તેવો ધર્મ અને ધીરજ રહે છે. જેના જે ઈષ્ટદેવ હોય છે તે તેનો ધર્મ અને ધીરજની પરીક્ષા લે છે અને તે પરીક્ષામાં તે ભક્ત જેવો હોય તેવો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ દેખાય છે. એમ વિચારી તમામ મહાજનો મળીને ભગા શેઠ પાસે આવ્યા, તેમને પ્રણામ કર્યા અને કહે,

ધન્ય ગુરુ ને ધન્ય તમોને, મોતમાંથી બચાવ્યા અમોને;
વાત સાંભળી વાલાએ જાણ્યું, ભગા શેઠનું અંગ વખાણ્યું.

અષાઢ સુદના દિવસોમાં ભગા શેઠે બોટાદમાંથી મરકી ભગાડી હતી અને ઘણા જીવોને બચાવ્યા હતા. આ વાતની ગઢપુરમાં જ્યારે સ્વામિનારાયણ ભગવાનને ખબર પડી કે, મેં ભગા શેઠને મોતમાંથી બચાવ્યા, તો તેમણે અનેક અબોલ પશુઓને અમારાં બળે મોતમાંથી બચાવી લીધાં. ગામનાં લોકોને પાપ કરતાં અટકાવ્યાં અને બોટાદનાં મૂંઝાયેલાં માણસોને ખોટા ભૂવા તથા અંધશ્રદ્ધાના પંજામાંથી છોડાવ્યાં. મરકીનો રોગ મટાડી લોકોને સુખી કર્યા. તેથી મહારાજે ભગા દોશીનું આ વિશ્વાસનું તથા નિષ્ઠાના બળનું અંગ વખાણ્યું અને તેમના ઉપર અતિશય રાજી થયા. પછી શ્રીહરિ કહે, 'અમારા તમામ આશ્રિતોએ આવો ભગવાનનો વિશ્વાસ રાખવો, તો અમે અતિ રાજી થશું.'

દોહા : **એક જ હરિનો સૂરો હોય, ભક્ત અતિશે મહાન;**
આખું ગામ બચાવે તે, નિષ્ઠાએ કરી નિદાન...૮૨
એવા એક જ ભક્તથી, તરી જાય આખું ગામ;
નબળો હોય જો એક તો, ટળી જાય છે તમામ...૮૩

વહાલા ભક્તો ! **વિશ્વાસ વિના ભક્તિ થાય નહીં, વિશ્વાસ વિના વચન પળાય નહીં, વિશ્વાસ વિના ભગવાનનું બળ રહે નહીં, વિશ્વાસ અનેક ગુણોનો જનક છે, વિશ્વાસ આધ્યાત્મિક માર્ગનો પ્રાણ છે-ઓક્સિજન છે; જે ભગવાનનો દૃઢ ભરોસો રાખે છે તેની શ્રીહરિ જરૂર રક્ષા કરે છે.** કેમ જે, ભગવાનને કદિ વિશ્વાસઘાત કરતા આવડતું નથી. તેથી જો વિશ્વાસ હોય તો તે દિવસે પણ રક્ષા કરતાં, આજે પણ કરે છે અને ભવિષ્યમાં કરતાં રહેશે. ભગવાન અને મોટા સંતનો આવો વિશ્વાસ એ જ બંને લોકમાં સુખી થાવાનો અનુપમ માર્ગ છે. માટે આ નિષ્ઠાની વાતને અને નિષ્ઠાના બળને આપણે સહુ અંતરમાં રાખીએ. સાચા અર્થમાં વિશ્વાસી, નિષ્ઠાવાન, પ્રેમી ભક્ત બનીએ.

શ્રીહરિ **વચનામૃત લોયા**-૩માં કહે છે કે, **'જેને ભગવાન અને સંતની નિષ્ઠા હોય તેનાથી શું ન થાય ? બધું જ થાય.'** શ્રીહરિ તો ત્યાં સુધી કહે છે જે, **'જેને ભગવાનનો તથા સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તે જરૂર બ્રહ્મમહોલમાં જ પૂગે, પણ બીજે ક્યાંય કોઈ ધામમાં ઓરો ન રહે.'** માટે સુખી થાવું હોય તો નિષ્ઠાની દૃઢતા કરવી. સ્વરૂપનિષ્ઠાના બળવાળો ક્યારેય પાછો પડે નહીં, તેને પૂર્ણકામપણું મનાય અને રાણા રાજગરની જેમ પ્રાપ્તિનો કેફ રહે. નિષ્ઠાવાળાનો ભગા દોશીની જેમ રણકારો જ અનોખો હોય છે, અને એવા નિષ્ઠાવાન સંત કે ભક્તથી અનેકના પ્રશ્નો ચપટી વગાડતામાં ઉકલી જાય છે. નિષ્ઠાનો નબળો બધે જ નબળો રહે છે. માટે દૃઢ નિષ્ઠાવાન બનવું તો પળેપળે પ્રભુ રક્ષા કરે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગા શેઠે મરકીનો રોગ ભગાડ્યો' એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય-૧૮

ભગા દોશી વળાવિયા સાથે વડતાલ

એકવાર ભગા દોશીએ વડતાલમાં વિરાજતાં હરિકૃષ્ણ મહારાજ અને દેવોને ઘરેણાં ચડાવવાનો સંકલ્પ કર્યો હતો. તેથી તેઓ બોટાદથી ગાડું જોડાવી વડતાલ જવા નીકળ્યા. સાથે દેવોનાં ઘરેણાંનું જોખમ હોવાથી ચાર વળાવિયા લીધા. એક નાથો ખાચર, બીજો તેનો ભાઈ કાળો ખાચર, બીજા બે કાઠી જુવાન ભત્રીજો શાદૂળ ખાચર અને ભાણેજ માલો. તેમાંથી કાળો ખાચર અને નાથો ખાચર સત્સંગી હતા.

ચાલતાં ચાલતાં બપોર થયાં ત્યારે રોઝડ ગામનું પાદર આવ્યું. ત્યાં તળાવ ભરેલું દીઠું. એટલે તે કાઠીઓને ત્યાં સ્નાન કરવાનું મન થઈ આવ્યું. તેમણે ભગા શેઠને કહ્યું, 'ભગા દોશી ! તમે ગાડા હાલવા દ્યો. હમણાં અમે ઊભા ઊભા એક ખંખોળિયું ખાઈને તમને આંબી જઈએ છીએ, વાર નહીં લાગે.' ત્યારે 'બહુ સારું' કહીને શેઠે ગાડું હાલતું રાખ્યું, અને અહીં ચારેય કાઠીઓએ ઘોડાઓ કાંઠે ઊભા રાખીને સ્નાન કર્યું. નાહતાં નાહતાં થોડું મોડું થઈ ગયું.

આ બાજું ભગા દોશીનું ગાડું આગળ ચાલતાં ચાલતાં બરાબર બાવળની કાંટ્યમાં દાખલ થયું. સૂર્યનારાયણ ન દેખાય એવી ઘાટી ઝાડી હતી. એક લૂંટારું કોળીના ટોળાએ આ જોયું. તરત જ તે કોળી ઠાકરડાના જૂથે શેઠના ગાડાને ઘેરી લીધું. ગીચ ઝાડી હતી, હથિયારબંધ પચ્ચીસ-ત્રીશ કોળીઓ હતા ને અડખે પડખે વેરાન વગડો હતો. ભગા શેઠ એકલા હતા, પરંતુ સમજુ હતા. તરત સમય પારખી ગયા. તેથી પોતા પાસે જે કાંઈ ધન-સંપત્તિ અને ઘરેણાં હતાં તે લૂંટારાંને આપી દીધાં. તેથી તેમને માર્યા નહિ, પરંતુ વડતાલમાં દેવોને ચડાવવાના ઘરેણાં વગેરે બધું લૂંટી, તેનાં ખડિયા ભરી, ઠાકરડાઓનું જૂથ ત્યાંથી ભાગી ગયું.

આવી રીતે વડતાલ ભગવાન અર્થે ઘરેણાં અર્પણ કરવા જતાં લૂંટ થઈ છતાં ભગા શેઠ મનમાં ક્ષોભ પામ્યા નહીં અને સમજ્યા કે, **'સર્વકર્તા શ્રીહરિ છે, એમણે જે ધાર્યું હોય તેમાં જ મારું હિત હોય. મહારાજ મારું ક્યારેય બગાડે નહીં. જે થયું તે ભલે થયું..! એમાં જ મારું સારું હશે, જેવી શ્રીજીમહારાજની ઈચ્છા..!'** આવા સમયે ભગવાનને સર્વકર્તા-હર્તા સમજી ધીરજ રાખવી તે ઘણી સમજણ માગી લે છે. સાચી સમજણ અને પૂર્ણ નિષ્ઠા હોય તો જ ટાણે ધીરજ રહે. શેઠ ચોર દ્વારા લૂંટાયા છતાં સત્સંગની સમજણને લઈને અકળાણા નહીં અને ધીરજ ધારી શક્યા.

થોડી જ ક્ષણોમાં ચારેય વળાવિયા કાઠી ઘોડા દોડવતાં શેઠનાં ગાડાની સાથે થયા. પરંતુ ભગા શેઠ તો સ્થિર હતા પણ ગાડાખેડુને હાંફળો-ફાંફળો જોઈને કાઠીના દીકરાઓ બધું જ સમજી ગયા. પછી પૂછ્યું કે, અમે વળાવિયા તરીકે તમારી સાથે છીએ અને કોણ તમને લૂંટી ગયું ? ભગા શેઠે તેમને કહ્યું, **'ભાઈ, તમારો વાંક નથી, ભગવાને ધાર્યું હશે તેમ થયું. હું તમને દોષી નથી ગણતો માટે તમે ચિંતા ન કરતા.'** ત્યારે કાઠીઓ કહે, 'શેઠ ! આ અમારી આબરુંનો સવાલ છે. જો ભગવાનની ઈચ્છા જ હશે તો અમે અમારા પ્રાણના ભોગે પણ તમારો લૂંટાયેલો માલ પાછો લાવી આપશું.'

એમ કહી કાઠીઓએ ગાડાખેડુને પૂછ્યું કે, 'ચોર કયા માર્ગે ગયા છે ?' ત્યારે ખેડુ કહે, 'દરબારો ! આમ ઉગમણા માર્ગે તેઓ ઊતરી ગયા છે.' ત્યારે શેઠ કહે, દરબારો ! હવે તે વાતને બંધ વાળો તો સારું. કેમ જે, તે ઝાઝું માણસ છે અને આપણે હવે છેટું પડી ગયું છે.' શૂરવીર વળાવિયાઓ કહે, 'હરિહરિ ભજો શેઠ ! બંધ શું વાળે ? અમારી જનેતાનું ધાવણ લાજે.' એમ કહી કાળા ખાચરે પોતાની અગર ઘોડીને ઉગમણી મરડી, પછવાડે નાથા ખાચરે તેજણ ઘોડીને તે તરફ વાળી.

ચારેય શૂરવીરો મારતે ઘોડે ચીંધેલા માર્ગે ચોર પાસે પહોંચ્યા. લૂંટારાઓ ખભે દાગીનાના ખડિયાઓ ભરીને ચાલ્યા જતા હતા. કાઠીઓ ચાર જ હતા ને ઠાકરડા ચોર પચ્ચીશ ઉપરાંત હતા.

પરંતુ સ્વામિનારાયણ ભગવાનનું બળ રાખી કાળા ખાચર તથા નાથા ખાચર વગેરે ચારેયે તલવારો ખેંચી, હાકલ મારી, સહુને ઘેરી લીધા. થોડીવાર પરસ્પર રમખાણ મચ્યું, તેમાં ચાર-પાંચ ઠાકરડા મરાયા. તેથી બીજા ઠાકરડાઓ ખડિયાનો ઘા કરી ભાગ્યા. ભગવદ્‌બળે આ ચારેય કાઠીઓએ તમામ લૂંટારાઓનો પરાજય કર્યો. પછી વેરાયેલો તમામ માલ પાછો ખડિયામાં ભરી પોતાના વળાવિયા તરીકેની પૂર્ણ ફરજ બજાવી ચારેય શૂરવીરો પાછા ફર્યા. બે ગાઉં જેટલા દૂર થયેલા ભગા શેઠની સાથે થયા. તમામ માલ ભગા શેઠને આપ્યો. તે સમયે જોયું તો કાળા ખાચરની અગર નામની ઘોડીનાં તરિંગમાં(પૂછડાં પાસેના થાપાના ભાગમાં) બરછી ખૂંતી ગઈ હતી, લોહી ધગધગ નીકળતું હતું, છતાં તે માલિકને જણાવતી ન હતી. પછી તેને જાણ થતા દવા કરી.

ભગા શેઠે શ્રીજીમહારાજને સર્વકર્તા માની, વિશ્વાસ રાખી સવળું લીધું હતું, તેથી શ્રીહરિએ તે કાઠીઓમાં અપાર શક્તિ મૂકી. ચાર દ્વારા પચ્ચીસ-ત્રીસનો પરાજય કરી ઠાકરડાઓને મારી-ભગાડી બધા જ ઘરેણાં, સામાન વગેરે પાછું અપાવ્યું.

આપણે પણ ભગવાનનો પૂર્ણ વિશ્વાસ રાખીએ, નીતિથી કમાઈએ અને પ્રીતિથી પ્રભુને અર્પણ કરીએ તો જરૂર ભગવાન આપણી પણ રક્ષા કરે, મદદ કરે. આવા તો અનેક પ્રસંગો છે. નરસિંહ મહેતાને ભગવાનનો પૂરો વિશ્વાસ હતો તો ભગવાને તેમનાં બાવન કામ કર્યાં. દાદા ખાચરની પણ અનેકવાર રક્ષા કરી છે. ભગવાનની રક્ષા કરવાની રીતિ ન્યારી છે. ગમે ત્યારે ગમે તેમાં પ્રવેશ કરીને આપણી રક્ષા કરે છે.

માટે પ્રભુમાં પૂરો વિશ્વાસ રાખવો, પૂર્ણ પ્રીતિ રાખવી, સાચી નીતિ રાખવી અને અણહકનું આપણા ઉંબરામાં આવવા ન દેવું.

પછી ભગા શેઠ તથા તેમની સાથે વળાવિયા તરીકે આવેલા કાળા ખાચર વગેરે મહારાજની કૃપા અને મહિમાનું ગાન કરતાં-કરતાં વડતાલ પહોંચ્યા. લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દર્શન કર્યાં. ઘરેણાં વગેરે અર્પણ કર્યાં. શ્રીહરિ તથા મોટા સંતોનાં દર્શન કર્યાં. ગોમતીમાં સ્નાન કર્યું અને પોતાના જીવનમાં ધન્યતા અનુભવી. આ રીતે ભગા દોશીની શ્રીહરિએ અનેકવાર રક્ષા કરી છે, તેમના અનેક મનોરથો પૂરા કર્યા છે.

ભગા દોશીએ પણ અવારનવાર શ્રીહરિ અને સંતોની અનેક રીતે સેવા કરી છે. જ્યારે ભગુજી, વીરાજી, બેચરજી વગેરે પાર્ષદો સાથે ભડલીના ભાણ ખાચરની ચડામણીથી ખબડ-મતારાનું યુદ્ધ થયું ત્યારે શ્રીહરિના બાર શૂરવીર પાર્ષદોએ બસોને હરાવ્યા. ખબડ મરાયો અને મતારો બચેલા સૈનિકોને લઈને ભડલી ભાગી ગયો. આ ધિંગાણામાં બધા જ પાર્ષદો ઘવાયા હતા. વીર ભગુજીને શરીર પર અઢાર ઘા વાગ્યા. શ્રીહરિએ નિત્યાનંદસ્વામી સહિત આઠ-દશ પાર્ષદોને તેની સેવામાં રાખ્યા; ત્રણ મહિને ઘા રુઝાયા અને આરામ થયો. તે સમયે પ્રથમવાર પાણીથી સ્નાન કરાવ્યું. ત્યારે ભગા દોશી ગઢપુર હતા. સહુ સંતો, પાર્ષદો, બ્રહ્મચારી અને ભક્તોને તે દિવસે તેમણે મિષ્ટાન્નની રસોઈ આપી પ્રેમથી જમાડ્યા હતા, અને દાદા ખાચરના પક્ષે લડેલા શૂરવીર પાર્ષદોની જગન્નાથી તાકાની પાઘડીઓ બંધાવી શ્રીહરિને રાજી કર્યા હતા.

પાર્ષદવર્ય ભગુજીના શૂરવીરપણાની વાતો સાંભળી ભાવનગરનરેશ પણ તેમને જોવા માટે ગઢપુર આવ્યા હતા અને શ્રીહરિ સાથે બારેય પાર્ષદોને ભાવનગર પધારવાનું આમંત્રણ આપ્યું હતું. પછી જ્યારે

શ્રીહરિ ભાવનગર પધાર્યા ત્યારે ભગુજી વગેરે સાથે હતા. તેમની શૂરવીરતાની ભાવનગરનરેશે પ્રશંસા કરી પાર્ષદોને શ્વેત પાઘ બંધાવી હતી. તે સમયે પણ ભગા દોશી સાથે હતા. ભગા દોશીને નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી સાથે પણ ખૂબ સ્નેહ હતો.

✹ સંતોમાં રહી શ્રીહરિએ શેઠની રક્ષા કરી :

ભગા દોશી જ્યારે સંતો બોટાદમાં આવે ત્યારે હંમેશા તેમના મુખે બે વચનામૃત સાંભળતા; એવું તેમને નિયમ હતું. એક દિવસ બે વચનામૃત સાંભળીને ઊઠ્યા. ત્યારે પદ્મનાભાનંદસ્વામીએ કહ્યું કે, 'શેઠ ! આજ તો એક ત્રીજું વચનામૃત સાંભળતા જાવ.' શેઠ કહે, 'ના, સાધુ મહારાજ ! ત્રીજું વચનામૃત કાલે સાંભળીશ..!' એમ કહીને ઊઠ્યા. ત્યારે સાધુએ ઊઠીને શેઠનું બાવડું ઝાલીને કહ્યું કે, 'શેઠ, આજ તો તમને એક વચનામૃત વધારે સંભળાવવું છે, તે વિના જવા દેવા નથી.' ત્યારે શેઠે વિચાર્યું કે, 'સંતોમાં રહી શ્રીહરિ મારું સારું જ કરતા હોય..! આ સંત નહિ, પરંતુ ભગવંત મારું બાવડું ઝાલી રહ્યા છે.'

દોહા : **સંતરૂપમાં શ્રીહરિ, કરે છે બહુ કામ;**
વિશ્વાસ કરવો સંતનો, જાણી તેમાં શ્યામ...૮૪
હરિનું હાલતું રૂપ છે, ધરતી ઉપર સંત;
તેથી શાસ્ત્રો કહે છે, સંત સ્વયં ભગવંત...૮૫

આમ વિચારી સંતોનો અતિ આગ્રહ ભાળીને ભગા શેઠ સાંભળવા બેઠા. તે વચનામૃત સાંભળીને ખડકી બહાર નિસર્યા. ત્યાં એક વાણિયો સામો મળ્યો અને કહ્યું, 'શેઠ ! તમે ક્યાં હતા ?' ત્યારે શેઠ કહે, 'હું તો મંદિરમાં સંતો પાસે વચનામૃત સાંભળતો હતો.' ત્યારે તે વાણિયો કહે, 'તમને ખબર નથી..?!' ત્યારે શેઠ કહે, 'શું છે ? કહે તો ખરો..!' ત્યારે તે કહે, 'ગામમાં ધાડું આવ્યું છે ને તમારા પિતરાઈ ભાઈ શામજીનાં કટકા કરી નાખ્યા ને તમને ગોતતા હતા.' **ત્યારે શેઠે જાણ્યું**

જે, પદ્મનાભાનંદસ્વામીમાં શ્રીજીમહારાજે પ્રવેશ કરીને મને રોક્યો ને મારી રક્ષા કરી.

આમ, જે શ્રીહરિ અને મોટા સંતમાં વિશ્વાસ રાખે છે, તેમનાં વચન માને છે તેની ભગવાન તે સંતમાં રહીને જરૂર રક્ષા કરે છે. ભગવાન ક્યારેય વિશ્વાસઘાત કરતા નથી. આપણે દૃઢ વિશ્વાસ રાખવો.

હવે, ભગા દોશીને લગ્ન થયા બાદ પંદરેક વર્ષે ઘેર પારણું બંધાયું એ પ્રસંગ આપણે જોઈએ...

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે ભગા દોશીના આખ્યાનમાં 'ભગા દોશી વળાવિયા સાથે વડતાલ આવ્યા' એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

ઇતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી કુંડળધામ લિખિત
શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન ગ્રંથ મધ્યે
પ્રગટપ્રભુનિષ્ઠ શ્રીભગા દોશીનું આખ્યાન કહ્યું
એ નામે તૃતીય પ્રકરણ સમાપ્ત ॥૩॥

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

સંતસ્નેહી
શ્રીશિવલાલ શેઠનું આખ્યાન

પ્રકરણ-૪

અધ્યાય-૧
શિવલાલ શેઠના જન્મનું સહેતુક વર્ણન

સંવત્ ૧૮૮૧માં મહારાજે ભગા દોશીને સાજા કર્યા અને ત્યારે શ્રીહરિ બોલ્યા હતા કે, 'શેઠના પત્ની લક્ષ્મીબાઈનો જીવ સારો નથી, પરંતુ તેમને ત્યાં પ્રજા થશે તે મહાન ભક્ત થશે.' ત્યારબાદ સં.૧૮૮૨માં ભગા દોશીને ઘેર એક પુત્રરત્નનો જન્મ થયો. તેથી તે પરિવારમાં આનંદનો પાર રહ્યો નહીં.

દોહા : **કૃપા ઉતરી શ્રીજીની, મુક્ત મોકલ્યો ઘેર;**
દોશીના પરિવારમાં, થઈ છે લીલા લેર...૦૧
સત્સંગ વળી સંસારનો, મોકલ્યો વારસદાર;
સંસાર ને સત્સંગમાં, આનંદ વધારનાર...૦૨

ભગા દોશી સવારના પહોરમાં પૂજા-પાઠથી પરવારી મંદિર જવા તૈયાર થતા હતા, ત્યાં તો દાસી દોડતી દોડતી આવી. 'શેઠજી..! શેઠજી..! વધાઈ હો.. વધાઈ હો... આપને ઘરે મહા પ્રભુએ મે'ર કરી.' શેઠ કહે, 'અરે..! એવી તે શું મે'ર કરી, આટલી બધી હરખઘેલી થઈ

છો...' ત્યારે દાસી કહે, 'શેઠાણીની કૂંખે કમળનાં ફૂલ જેવાં દીકરાનો જન્મ થયો છે, આપના ભાગ્યનો પાર નથી.'

આ વાત સાંભળી 'જેવી શ્રીહરિની મરજી, પ્રભુ જે ધારે તે કરે' એમ વિચારી એક સોનાનો હાર અને હાથમાં પહેરેલી વીંટી દાસીને વધામણીમાં આપી.

પછી શેઠ મંદિર દર્શને ગયાં. ત્યાં સંતો-ભક્તોને વાત કરી કે, 'ભગવાને અમારે ઘરે દીકરો આપ્યો છે.' આ વાત સાંભળી સંતો-હરિભક્તો રાજી થયા. કેમ જે, સહુ જાણતા હતા કે, શેઠનો સત્સંગ નિષ્ઠાવાન છે, સમૃદ્ધિનો પાર નથી, પરંતુ સત્સંગ અને સમૃદ્ધિને સાચવનાર કોઈ ન હતો, પણ આજ પ્રભુએ બહુ કૃપા કરી એ ખોટ પૂરી કરી દીધી. એમ જાણી સહુ અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. એક સંત કહે, 'વાત સાચી છે હો.. જ્યારે પ્રભુની કૃપા હોય ત્યારે દશે દિશામાંથી સુખના વાયુ વાય છે, અવળી વાતય સવળી થઈ જાય છે, પ્રારબ્ધ પણ બદલાઈ જાય છે.'

ત્યારે એક હરિભક્ત કહે, 'ઘણાના મનમાં એમ હતું, આમને દીકરો નથી તો આમની સંપત્તિ આપણે ભોગવશું અને નગરશેઠની પદવી પણ મળશે જ ને...! ક્યાં જવાની છે ! પરંતુ મહારાજે કૃપા કરી પદવી, પૈસો, પ્રતિષ્ઠા અને પ્રભુપ્રેમ વગેરે બધું જ ભગા દોશીને આંગણે જ રાખ્યું.' આમ, સંતો-હરિભક્તો આનંદથી વાતો કરતા હતા.

આ વાત સાંભળી ભગા દોશીને ભગવાનમાં, સંતો-ભક્તોમાં ખૂબ પ્રીતિની વૃદ્ધિ થઈ. મનોમન ભગવાનનો ખૂબ પાડ માનવા લાગ્યા. અને વિચારે ચડી ગયા કે, 'આ ખુશીની ઘડીઓમાં હું શું કરું ને શું ન કરું ?! લાવ સંતોને જ પૂછું. હે સંતો ! આ પ્રસંગે મારે શું કરવું જોઈએ ?' ત્યારે સંતોએ કહ્યું, 'શેઠ ! જ્યારે સુતક મટે ત્યારે તમે ઠાકોરજીને થાળ, સંતો-હરિભક્તોને રસોઈ આપી, જમાડી સહુને રાજી

કરવાનો અત્યારે સંકલ્પ કરી રાખો, ને હાલ તો પાંજરાપોળ ગૌશાળામાં ગાયોને લીલું ઘાસ નંખાવો, ભૂખ્યાને ભોજન કરાવો, ગરીબને અન્ન-ધન-વસ્ત્ર આપો, આવું બધું કરી શકાય.' શેઠે અતિ હરખાઈને સંતોએ કહ્યું તેમ જ કર્યું.

દિવસો પછી દિવસો વીતવા લાગ્યા. બાળમુક્ત દિવસે ન વધે એટલા રાતે વધે છે, ને રાતે ન વધે એટલા દિવસે મોટા થાય છે, માતા પિતા તેનું મુખ જોઈને રાજી થાય છે. નિત્ય નવલા લાડ લડાવે છે. રમાડે, જમાડે, સુવાડે અને અતિ હરખાય છે. આખો પરિવાર તેમને રમાડવામાં જ અતિ આનંદથી ઘડીઓ વિતાવે છે, તેમાંય માતા લક્ષ્મીબાઈનાં આનંદનું તો કોઈ વર્ણન કેમ કરી શકે..!

આ રીતે આનંદથી દિવસો વિતતા જ્યારે તે સવા વર્ષના થયા ત્યારે ભગા દોશી તેમને તેડીને ગાડીમાં ખોળામાં બેસાડીને શ્રીજીમહારાજને પગે લગાડવા ગઢપુર લાવ્યા. મહારાજને જ્યારે પગે લગાડ્યા ત્યારે મહારાજ તેની સામે જોઈ બોલ્યા, **"અહો ! આ તો સિદ્ધવલ્લભ રાજા આવ્યા. તેમણે અમારી વનમાં ઘણી સેવા કરેલી છે,** પણ અમને સમજવામાં કાંઈ ખામી રહી તેથી તમારે ત્યાં જન્મ લીધો છે." ત્યારે ભગા દોશી કહે, **"હે મહારાજ ! તેનું નામ શું રાખીએ ?" ત્યારે મહારાજ કૃપાદૃષ્ટિ કરી, માથે હાથ મૂકી કહે, "શિવલાલ રાખો."** તેથી શેઠ રાજી થયા.

પછી ભગા દોશીએ મહારાજનાં ચરણમાં શ્રીફળ, સાકરનો પડો અને પાંચ રૂપિયા ભેટ ધર્યા અને ફૂલનો હાર પહેરાવ્યો. શ્રીહરિએ તે પ્રસાદીનો હાર શિવાને પહેરાવ્યો. આમ, મહારાજને પગે લગાડી તેમનું નામ પડાવી પુત્રની સાથે ભગા દોશી બોટાદ પરત પધાર્યા.

દોહા : **ભાગ્યવાન પૂર્વ જન્મનો, જેનું હરિએ પાડ્યું નામ;**
નાનપણથી મળ્યા એને, પ્રગટ શ્રીઘનશ્યામ...૦૩

મળેલા હરિ ફરી મળ્યા, ટળી કસર તમામ;
કરે કૃપા વાલમો તો, થાય છે આવા કામ...૦૪

ગીતાજીમાં કહ્યું છે, **"शुचीनां श्रीमतां गेहे, योगभ्रष्टोऽभिजायते"** (૬/૪૧) શુદ્ધ આચારવાળા શ્રીમંતને ઘેર યોગભ્રષ્ટ પુરુષ જન્મે છે. પરમેશ્વરની આરાધના કરતા કાંઈક ખામી રહી ગઈ હોય તો ભગવાન તેવા ભક્તને લખચોરાશીમાં મોકલતા નથી. પણ તરત જ શ્રેષ્ઠ આચારવાળા તથા અતિ સમૃદ્ધિસંપન્ન પવિત્ર ગૃહસ્થને ઘેર તેને જન્મ આપે છે. એ જ રીતે સિદ્ધવલ્લભને મહા અનાદિમુક્તની પદવી આપવા જન્મ આપ્યો છે.

શ્રીહરિચરિત્રામૃતસાગર ૨/૩૩માં આધારાનંદસ્વામીએ તે વાત સરસ રીતે લખી છે. શ્રીહરિ જ્યારે વનવિચરણ કરતાં ત્યારે સીરપુરમાં સિદ્ધવલ્લભ રાજાને ત્યાં ચાતુર્માસ રહ્યા હતા. એકવાર રાજાને જ્ઞાનોપદેશ કર્યો અને પછી પોતાની મૂર્તિનું ધ્યાન કરાવ્યું. રાજાએ જ્યારે હૃદયમાં શ્રીહરિની મૂર્તિ ધારી ત્યારે અંતરમાં અતિ મહાપ્રકાશ દેખાયો. સંપૂર્ણ બ્રહ્માંડ તેજથી ભરપૂર દેખ્યું. રાજાને પોતાના સ્વરૂપ સિવાય બીજી કોઈ પણ વસ્તુ નજરમાં આવતી ન હતી. તે તેજમાં મહાગંભીર શબ્દ થતો હતો. તે શબ્દ ધીરો અને અમૃતરસના જેવો અત્યંત મીઠો હતો. તે શબ્દને સાંભળતા અતિશય પ્રેમ-આનંદ ઊપજતો હતો. તેના સિવાય બીજું કાંઈ સારું લાગતું ન હતું. રાજાને આવા તેજમાં જે મૂર્તિ દેખાતી હતી તે અતિશય સુંદર જણાણી.

શ્રીહરિએ અહીં તો વર્ણીનું રૂપ ધાર્યું હતું પણ ત્યાં સમાધિમાં સિદ્ધવલ્લભ રાજાને તો તેમની મૂર્તિ અપાર રૂપયુક્ત સુંદર દેખાતી હતી. તે મૂર્તિનાં સુખ આગળ તો બ્રહ્મા આદિનું સુખ પણ શું ? તે તો અતિ તુચ્છ ગણાય; એવું અલૌકિક સુખ અનુભવાતું હતું.

चोपाई :

अनंत अवतार भये हें जेते, मूर्ति चहुं कोर बैठे हे तेते।
कर जुग जोर रहे दृग जोरी, एक पलक दूर लेत न चोरी॥

અને વળી, અત્યાર સુધી જે અનંત અવતારો થયા છે તે બધા શ્રીહરિની મૂર્તિ ફરતાં ચારેબાજુ બેઠાં હતાં. તે બધા અવતારોએ શ્રીહરિની મૂર્તિમાં દૃષ્ટિ એકાગ્ર કરી બન્ને હાથ જોડી રાખ્યા હતા. તે અવતારો એક પળવાર પણ શ્રીહરિની મૂર્તિમાં જોડેલી દૃષ્ટિને પાછી ખેંચતા ન હતા.

दोहा : नृप देखि आश्चर्य भये, सब यह कारनरूप।
कारन के कारन मूर्ति यह, सिंघासन बैठे अनूप॥

શ્રીહરિએ સિદ્ધવલ્લભ રાજાને સમાધિમાં આવું દેખાડ્યા પછી રાજાને અત્યંત આશ્ચર્ય થયું કે, આ વર્ણીરૂપ શ્રીહરિ તો સર્વે અવતારાદિકના કારણરૂપ છે. સિંહાસન ઉપર બેઠેલી આ અનુપમ મૂર્તિ તો સર્વે કારણનું પણ કારણ છે. સિદ્ધવલ્લભ રાજાને આવું આશ્ચર્ય તો થયું, પણ...

सो मूर्ति ईहाँ आत नहिं, तिहाँ रहे इहाँ देखात।
एसी हे कला याहिमें, ब्रह्मादिक देव मुंझात॥

હવે આધારાનંદસ્વામી કહે છે કે, 'તે મૂર્તિ કાંઈ આ મર્ત્યલોકમાં આવતી નથી. ત્યાં રહી થકી જ અહીંયાં દેખાય છે. શ્રીહરિની મૂર્તિમાં આવી અદ્‌ભુત યોગકળા રહી છે કે, જે સમજ્યામાં નહિ આવતી હોવાથી બ્રહ્માદિક દેવો પણ મૂંઝાય છે તો મનુષ્યની તો શું વાત કહેવી..? એ તો મૂંઝાય જ...

અક્ષર આદિક જે મુક્તો છે તેમને પણ શ્રીહરિની યોગકળાનું યથાર્થ જ્ઞાન ક્યારેય થતું નથી, આવા સામર્થ્યથી યુક્ત જે શ્રીહરિ છે તેને જ્ઞાનનું લક્ષ્ય કોણ કરી શકે ? કોણ ઓળખી શકે ? જેની જેવી

બુદ્ધિ હોય તેવું તે બધા શ્રીહરિની બાબતમાં કહે છે, પણ કોઈ સીધી-સ્પષ્ટ વાત કહેતા નથી. જે શ્રીહરિ અતર્ક્ય છે, તેની બાબતમાં કહો, શું તર્ક કહેશે-કરશે ? શ્રીહરિનો પ્રતાપ તો અનંત છે અને અપાર છે. જેને જેવું દેખાયું તેવું તે નક્કી કરી લે છે. જેને જેવો પ્રતાપ દેખાયો, તેણે તેવો ઠરાવ કર્યો. પરંતુ બધાના ઠેરાવથી શ્રીહરિ તો ન્યારા છે.'

હે વહાલા ભક્તો ! શ્રીહરિએ સિદ્ધવલ્લભ રાજાને પોતાની સર્વોપરીતા અને સર્વકારણપણું સમાધિમાં દેખાડ્યું હતું, પરંતુ એવો નિશ્ચય થવો ઘણો દુર્લભ છે. ગોપાળાનંદસ્વામી કહેતા, 'જેનું બીજબળ ઓછું હોય તેને મહારાજનાં સર્વોપરી નિશ્ચયની વાતો સાંભળે છતાં દૃઢ સર્વોપરીપણાનો નિશ્ચય થતો નથી.' સિદ્ધવલ્લભ રાજાને પણ દૃઢતામાં આવી કંઈક ખામી રહી હશે. તેથી જ તેમને શ્રીહરિએ બોટાદના નગરશેઠ ભગા દોશીને ઘેર જન્મ આપ્યો જણાય છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠનો સહેતુક જન્મ વર્ણવ્યો' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

શિવલાલ શેઠના સદ્‌ગુણો અને સમજણ

શિવલાલ સમૃદ્ધિમાન નવલખા શેઠને ત્યાં જન્મ્યા હતા. તેમના પિતાના એકના એક પુત્ર હતા. લાડકોડથી મોટા થતા હતા. પરંતુ તે બાળમુક્તમાં સહુને અત્યારથી જ દિવ્ય ગુણો દેખાવા લાગ્યા. મંદિરે જવાની હઠ, સંતોને જોઈને અતિ આકર્ષણ, બાળરમતમાં રુચિ નહીં, ખાવા-પીવામાં રસ નહીં. શરીરે કરડતા મચ્છર-માખીઓ વગેરેના દુ:ખને સહન કરવું, રડવું નહીં, હસતો ચહેરો વગેરેથી સહુને મનમાં એવું આશ્ચર્ય થતું હતું કે, 'માનો ન માનો આ કોઈ મોટા મુક્ત જ

કાંઈક અધુરું પૂરું કરવા માટે ભગા દોશીને ત્યાં જન્મ લઈને આવ્યા છે.'

અઢળક સંપત્તિ, ભોગ-સુખનો પાર નહિ, દરેક તરફથી માન-સન્માન ને વાહ વાહ મળતી, છતાં તેમનું જીવન બહુ જ સાદું અને સરળ હતું. નાનપણથી ભગવન્નિષ્ઠ હતા. શિવલાલ પૂર્વજન્મમાં મહામુમુક્ષુ, સંતપ્રિય સિદ્ધવલ્લભ રાજા હતા, તેથી તેમના તે બધા ગુણો આ જન્મમાં બુદ્ધિશાળીઓને સ્પષ્ટ દેખાતા હતા. તેમાં મુમુક્ષુતા અપાર દેખાતી. સંતોમાં પ્રેમ અપાર દેખાતો. તેમનો જીવ સંપૂર્ણ સાધુડિયો હતો. સાધુ પાસે જ બેસવું ગમતું. સાધુને જ જોવા ગમતા. સાધુની જ સેવા ગમતી. સાધુનો જ સ્વભાવ ગમતો. સાધુ સાથે જ રહેવું ગમતું, સાધુ સાથે જ ફરવું ગમતું. સાધુ અર્થે જ અઢળક ધન વાપરવું ગમતું. સંતોને જમાડવામાં અપાર પ્રીતિ જણાતી. આવા ગુણો શિવલાલમાં નાનપણથી જ સહુને જણાતા હતા. વળી, તેમના આચારવિચાર નાનપણથી જ યોગીપુરુષના જેવા જણાતા હતા.

શ્રીજીમહારાજે **વચ.મ.૫૯**માં કહ્યું છે, **"જેને પૂર્વજન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહીં."** શિવલાલને પૂર્વજન્મમાં સિદ્ધો, સંતો અતિ વહાલા હતા. તેથી તેમને તે જન્મમાં શ્રીહરિ અને સંતો મળ્યા હતા, તેમને ખૂબ જ સેવ્યા હતા. તેથી આ જન્મે નાનપણથી જ ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, યોગાનંદસ્વામી, ભાયાત્માનંદસ્વામી વગેરે સંતોનાં દર્શન, સેવા, સમાગમ અતિ ગમતાં, એટલું જ નહિ સંતો જે શીખવાડે તે ધ્યાન રાખીને શીખતા. નાનપણથી દેહથી પર રહેવાનું શીખી ગયા. મનગમતું મૂકી સંતોના ગમતામાં રહેવું એવો તેમનો સહજ સરલ સ્વભાવ હતો.

દોહા : **સોના સમ શુદ્ધ ભક્તને, લાગે ન માયા કાટ;**
મનડું ડૂબ્યું મહારાજમાં, એને ટળ્યા ઉચાટ...૦૫
શરીર રહ્યું સંસારમાં, મનડું હરિની પાસ;
ધન્ય ધન્ય શિવલાલ દોશી, જેને નહિ ભવ આશ...૦૬

વહાલા ભક્તો ! જેને નાનપણથી આવી પ્રભુ પામવાની લગની હોય, સંતોને સેવવાની ભૂખ હોય, તેને ક્યારેય નાનો ન સમજવો. પૂર્વજન્મમાં બહુ સાધના આરાધના કરી હોય, પ્રગટ ભગવાન અને પ્રગટ સંતોને રાજી કર્યા હોય, ત્યારે સંસારથી નિર્લેપ રહેવાના ગુણો આવે છે. બાકી અત્યારે તો મોટા ભાગના નાના છોકરાઓને પણ સંસારના સુખની જ આશા હોય છે. તેને કહીએ, 'છોકરા, તારે સાધુ થાવુ છે ?' તો તરત જ દશશેરિયો ઉગમણો આથમણો હલાવા માંડે પણ સીગ્નલ હેઠું તો પડે જ નહીં. અને જેવું પૂછીએ,'તારે પરણવું છે ?' તો તરત જ સીગ્નલ પડે.

વળી, આવા છોકરાઓને નર્યું ધાર્યું કરવાની જ ઈચ્છા હોય છે. એણે મનમાં નક્કી કર્યું હોય તેમ ન કરો તો કાંઈ ચાલતું ન હોય છતાં ધમપછાડા કરે. કાંઈક વસ્તુ તોડી-ફોડી નાખે, ન બોલવાના શબ્દો બોલે, માતા-પિતાનું કાળજું તૂટી જાય એવા તોફાન, આચરણ અને નખરા કરે. આમ, બદ્ધ અને મુક્તનાં લક્ષણ જોતાં આવડે તો નાનપણથી જણાઈ આવે છે.

✵ રઘુવીરજી મહારાજે સાધુ થવાની ના કહી :

એકવાર દશ વર્ષની ઉંમરે નાનો શિવો પિતાની સાથે ગઢપુર સમૈયામાં આવ્યો. ઉતારા કરી રહ્યા પછી એકાંત મળતાં કોઈને પૂછ્યા વિના સીધા જ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને મળીને કહે, "મને સંસારમાં રહેવું ગમતું નથી, મારે સાધુ થઈ જાવું છે. તો આપશ્રી મને દીક્ષા આપી સાધુ કરો." રઘુવીરજી મહારાજે કહ્યું, "તારી અવસ્થા

હજી નાની છે અને તારા પિતાને તું એકનો એક પુત્ર છો. ભાવનગર રાજ્યમાં તમારા પિતાનું સૌથી વિશેષ માન છે. અને તું સાધુ થઈ જા તે લોકમાં ઠીક ન કહેવાય. વળી, તારા પિતા પણ નારાજ થાય. અને તમે સંસારમાં રહેશો તોપણ ભવિષ્યમાં તમારાથી સત્સંગની ઘણી સેવા થશે. માટે વડીલોને પ્રસન્ન રાખી, પ્રભુભક્તિ કરો. એમાં અમે રાજી છીએ." આમ આચાર્યશ્રીએ કહ્યું. પછી તેમની ઈચ્છા અને પિતાની લાગણીને માન્ય રાખી શિવલાલ ઘેર આવ્યા. સંત થવા ન મળ્યું પણ...

વિનયી ને વિવેકી ખરા, સમજ હતી જોરદાર;
કમળવત્ રહ્યા સંસારમાં, નિર્વિઘ્ન ઊતર્યા પાર...૦૭

વહાલા ભક્તો ! સંસારમાં રહેતા હોય તેણે હંમેશાં સાવધાન રહેવું. સાચા સાધુથી ક્યારેય આઘા ન થાવું, સત્સંગ મૂકીને ક્યાંય ન જાવું. જે સાચા સંતોની નજીક થાય છે તેના જ દોષો દૂર જાય છે. સત્સંગ તો સારા રહેવાનું સુંદર ફ્રીજ છે. જેમ ફ્રીજમાં દૂધ બગડે નહિ તેમ જે સત્સંગમાં રહેશે તેનું જીવન બગડશે નહીં. શિવલાલ નાનપણથી સત્સંગમય રહ્યા છે, તેથી નાની ઉંમરમાં જ સર્વે કસર ટાળી મહામુક્ત બની ગયા છે. બગડવાની તો વાત જ ક્યાં રહી..!

એકવાર શિવલાલે ગોપાળાનંદસ્વામીને એકાંતમાં પૂછ્યું, 'હે સ્વામી ! રઘુવીરજી મહારાજને મેં પૂછ્યું, તો તેમણે મને સાધુની દીક્ષાની ના પાડી. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને પણ પૂછી જોયું, તો તેમણે પણ ના પાડી. તે મેં એવાં શા પાપ કર્યાં હશે તે મને સાધુની દીક્ષા નથી આપતા ?' ત્યારે સ્વામી કહે, 'શિવા ! તેં કોઈ પાપ કર્યાં નથી, પણ પુણ્ય બહુ કર્યાં છે. પૂર્વજન્મે તમે સાધુની બહુ સેવા કરી છે. તમે તો સિરપુરના સિદ્ધવલ્લભ રાજા હતા. મહારાજ વનવિચરણ કરતાં કરતાં વર્ણીરૂપે તમારે ત્યાં આવ્યાં હતાં. તમે ભાવથી નીલકંઠવર્ણીની મોટાપુરુષ જાણીને ત્યારે ખૂબ સેવા કરી હતી.

ચોપાઈ :

પણ જાણ્યા નહિ સર્વોપરી રે, તેથી આવ્યો જન્મ આ ફરી રે;
તમે તેહ કસરને ટાળજો રે, સર્વોપરી શ્રીહરિને જાણજો રે...૦૮

સ્વામીએ પોતાની જન્મ આવ્યા બાબતની કસર ઓળખાવી કે તરત જ પોતે અતિ સાવધાન થઈ ગયા. અને તે વાત તેમણે જીવમાં ઉતારી લીધી. પછી તેમણે ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામીનો ખૂબ સેવા-સમાગમ કરી શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા સહુ પ્રથમ અતિ દઢ કરી, અને તેમણે શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા દઢ કરી તે વાત પોતે જ પોતાના હસ્તાક્ષરમાં પોતાની ડાયરીમાં લખી છે. તે પ્રસંગ આવશે ત્યારે વિસ્તારથી જો'શું. શિવલાલ જ્યારે ગોપાળાનંદસ્વામીને દર્શને આવે ત્યારે સ્વામી ક્યારેક એમ બોલતાં, "આ સિદ્ધવલ્લભ આવ્યા." આમ, સ્વામી તેમના પૂર્વજન્મની વાત સહુને જણાવતા રહેતા અને તેમની સાથે હેત રાખતા. અને શિવલાલ પણ ઉત્સવ-સમૈયામાં જ્યાં જાય ત્યાં અગવડ, સગવડ વેઠીને પણ સંતોની સાથે જ રહેતા અને સેવા કરતા. આળસ જેવું તો તેમનામાં નામે પણ ન હતું.

કવિ માવદાનજીએ તેમના ગુણોનું વર્ણન સ્વકૃતિમાં કર્યું છે,

ઉપજાતિ :

ભગા દોશીનાં કહું ભાગ્ય કેવાં, પુત્ર જનમ્યા શિવલાલ જેવા;
તનડું ગૃહસ્થ મનડું છે ત્યાગી, લાખોપતિ પણ નહિ દ્રવ્ય રાગી.
સેવ્યા ગુણાતીતાનંદ પોતે સ્વામી, સર્વોપરી સમજણમાં ન ખામી;
જનક વિદેહીસુ સમાન જાણો, જળમાં કમળ તુલ્ય રહ્યા પ્રમાણો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠના સદ્‌ગુણો તથા સમજણ કહી' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

શિવલાલ શેઠના લગ્ન તથા નિર્બંધતા

જ્યારે તે પરણવા લાયક થયા ત્યારે માતપિતાએ લગ્ન કરવાનું નક્કી કર્યું. શિવલાલે પરણવાની ના કહી. પછી માતપિતા તથા સંબંધીઓએ બહુ આગ્રહ કર્યો ત્યારે હા પાડી. કેમ જે, તેમણે વિચાર્યું કે, મેં બંને દેશના આચાર્યને અને વડિલ સંતોને વિનંતિ કરી લીધી છે. મને સાધુ તો કોઈ કરે એમ છે નહીં. માટે પરણ્યા વિના મારે છૂટકો જ નથી. આવું સમજીને ન છૂટકે પરણવાનું સ્વીકારીને હા પાડી.

પછી ભગા દોશીએ શિવલાલનો સંબંધ લીમડીમાં જૈન પરિવારમાં રાધા નામની કન્યા સાથે કરવાનું વિચાર્યું. તે રાધાબાઈના ભાઈ વરવાશેઠ હતા, તે લીમડીના આગેવાન શેઠ ગણાતા, ખૂબ ધનાઢ્ય હતા. તેથી શિવલાલ અને રાધાબેનનો સંબંધ કરતાં પહેલા ભગા દોશીએ એક સ્પષ્ટતા કરતાં કહ્યું, 'તમે જૈન છો, અમે વૈષ્ણવ છીએ; એમાંય સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી છીએ. બંનેના ધર્મ જુદા જુદા છે. માટે તમોને જો તે બાબતનો વાંધો ન હોય તો આ બાબતમાં આગળ વધીએ. અને તમારી દીકરીને પણ સારી રીતે પૂછી, સંમતિ લઈ પછી જ આપણે આ સંબંધથી જોડાવું જોઈએ. કેમ જે, તમારી દીકરી અમારા ઘરમાં આવે પછી સ્નાન, પૂજા વગેરે નિયમો પાળવા પડે. સત્સંગી બનવું પડે. અને એમને તે પસંદ ન હોય તો તેને દુઃખ થાય અને તેથી અમને પણ સુખ રહે નહીં. માટે તમે તેને પૂછી જુઓ. તેને તે વાત કબૂલ-મંજુર હોય તો જ અમારે આ બાબતમાં આગળ વધવું છે.'

પછી વેવાઈએ પોતાની પુત્રી રાધાને સંપૂર્ણ સ્પષ્ટતા સાથે વાત કરી. ત્યારે તેમણે બધી જ વાત કબૂલ રાખી અને કહ્યું, 'જેમ કહે તેમ કરવા હું તૈયાર છું. મારે તો એવા દૃઢ સદાચારી અને વિવેકી, નિખાલસ કુટુંબમાં જ વહુ બનીને જાવું છે.' આ વાત સાંભળી બંને

પરિવાર રાજી થયા. રાધાબેનના ભાઈ વગેરે કુટુંબીઓએ પણ એમ કહ્યું કે, 'તમારા જેવા આબરૂદાર, સુખી અને સંસ્કારી માણસો અમારા સગાં બને એનાથી બીજુ અમારું રૂડું શું હોય ? માટે અમને બધાને આપની વાત ગમી છે, અને અમે બધા એમાં રાજી થઈ સંમતિ આપીએ છીએ.

પછી લોકરિવાજ મુજબ ખાનદાન કુટુંબને શોભે તે રીતે શિવલાલનો સંબંધ કર્યો. પછી નિશ્ચિત તીથિ-વારે લગ્ન લેવાણા. બંને પરિવારો ખૂબ જ ધનાઢ્ય હોવાથી તેઓને છાજે તે રીતે ધામધૂમથી મોટી તૈયારીઓ કરવા લાગ્યા. પછી યોગ્ય સમયે બોટાદ ગામથી ભગા દોશી જાડી જાન જોડી ઉમળકા સાથે વરરાજાને બરાબર શણગારીને લીમડી ગામ પહોંચ્યા. વરરાજા સાથે જાનના સામૈયા થયા. રૂડાં આવકાર અપાયા અને વરરાજાને પોખ્યા. ઉતારા-પાણી કરાવ્યા અને ધામધુમથી લગ્નવિધિ સંપૂર્ણ થયો.

ત્યારપછી વેવાઈ પરિવારની રજા લઈ તેમણે ભાવે વળાવ્યા થકા જાન લઈ બોટાદ ઘેર આવ્યા. ભગા દોશીએ આ નિમિત્તે ખૂબ ખર્ચો કર્યો. સહુને જમાડ્યાં અને પુત્રને પરણાવવાના કોડ પૂરા કર્યા, અને વગર ભૂલ્યે દેવમંદિરે થાળ કરાવ્યા, સંતો-હરિભક્તોને રસોઈ આપીને સાચા સગાં જાણી ભાવથી જમાડ્યા હતા.

પછી સમય જતાં શિવલાલે તેમની પત્ની રાધાબાઈને એક માસ ગઢપુર મોટીબા વગેરે બહેનો સાથે રહેવા અને સેવા-સમાગમનું સુખ લેવા માટે મોકલ્યા. કેમ જે, સાચા પતિની એ ફરજ છે કે, તેની પત્ની પણ અંતે પરમાત્માને પામે એવું એમને કરવું જોઈએ. રાધાબાઈ ત્યાં ગઢડા જઈ મોટાં મોટાં બહેનોનો સમાગમ કરી અતિ દૃઢ સત્સંગી થયાં. શ્રીહરિ અને સંતોની પાકી નિષ્ઠા થઈ, નિયમ-ધર્મની દૃઢતા થઈ, પછી ઘેર તેડી લાવ્યા. શિવલાલ શેઠ જેવા કોઈ ઉત્તમકોટીના જીવ હોય તેનાથી જ આવું કરી શકાય.

દોહા : **ધન્ય છે શિવાશેઠને, ધન્ય છે રાધાબાય;**
મને લાગે છે જગમાં, આવું બીજાથી ન થાય...૦૯
બીજા જાય હનીમુનમાં, રખડે ને બહુ ખાય;
ભૂલી શ્રીહરિ સંતને, વિષયમાં ડૂબી જાય...૧૦

પછી સમય જતા ભગા શેઠની ઉંમર થઈ. તેથી દીકરાને ધીમે ધીમે વ્યવહાર સંબંધી કાર્ય સોંપવા લાગ્યા. ધીરે ધીરે તેમને વેપાર-ધંધામાં પણ કુશળ બનાવી દીધા. છતાં શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા અને સત્સંગના પ્રતાપે શિવલાલભાઈ અનાસક્ત રહ્યા. શ્રીમંતાઈનો લેશ પણ ગર્વ ન હતો. સત્તા-સંપત્તિનું જરા પણ અહં ન હતું. તેમના દિલમાં હું સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો છું. મારા ગુરુ ગોપાળાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી છે; આ કેફ હતો અને આ નિષ્ઠાના કેફે જ તેમને સંસારથી વિરક્ત રાખ્યા હતા. વળી, વાણિયા બુદ્ધિની ખોટી કુનેહ, કૂટનીતિ તથા મોજશોખનો તેમણે ત્યાગ કર્યો. અપાર વૈભવ હોવા છતાં સરળ અને સાદું જીવન જીવતા હતા.

સમૃદ્ધિ અતિશે પામતા, સેવે સંતને કોક;
અતિ સંપત્તિ મળતા, સત્સંગ થૈ જાય ફોક...૧૧

આ બધું ગૃહસ્થાશ્રમીઓએ શીખવા જેવું છે. માણસ થોડા રૂપિયા કમાવવા મંડે, દેશ-વિદેશમાં જાવા આવવા મંડે, ગમે તેવાં મેગેઝીનો વાંચે, બ્લ્યુ ફીલ્મો આદિ અશ્લીલ દૃશ્યો માણે અને ધંધામાં અમુક સ્વાર્થી માણસો સાથે હેત થાય પછી મોટા ભાગના યુવાનોની સમજણ તથા સત્સંગ ચૂંથાઈ જાય છે. જીવમાં અમુક અંશે નાસ્તિકતા આવે છે. પછી પૈસો એ જ પરમેશ્વર, ધંધો એ જ ધર્મ, પત્ની એ જ પ્રાપ્તિ, વિષય એ જ વહાલી વસ્તુ, સંતાન એ જ સંપત્તિ, આબરૂ એ જ આનંદ; આવું લાગવા મંડે છે.

અને પછી મંદિરોની, સંતોની, સત્શાસ્ત્રોની, ભજન-ભક્તિની, ધર્મ-નિયમની શું જરૂર છે ? આવું થઈ જાય છે. અને ભોગ ભોગવવા એ જ ભક્તિ માની લે છે. નીતિમત્તાનું તો કાંઈ ઠેકાણું રહેતું નથી. જ્યારે અમુક માણસો આધ્યાત્મિક નહિ બનતા સાત્ત્વિક માર્ગ લે છે. પછી 'જનસેવા એ જ પ્રભુસેવા' એમ માની તેમાં માન કમાવવા માટે જ ચડી જાય છે અને એમ બોલવા મંડે છે કે, 'ભગવાન, સંતો કે મંદિરની શી જરૂર છે ?' આમ સંપત્તિ, સત્તા, યુવાની અને સન્માન મળતાં કાંઈક જીવો ઊંધા રસ્તે ચઢી જતા હોય છે.

માટે **જેને કલ્યાણનો ખપ હોય, આ જ જન્મે ભગવાનને પામવું હોય, શાશ્વત સુખમાં જામવું હોય તો દેશ-વિદેશમાં ફરતા કુસંગીનો સંગ લાગવા દેવો નહીં. હંમેશાં સત્સંગમાં સહુના દાસના દાસ થઈને રહેવું તો જ શિવલાલ શેઠની જેમ અતિ સંપત્તિ મળવા છતાં આદર્શ ભક્ત બનાશે.** નહિ તો સંપત્તિ, સત્તા અને સન્માન તો કાંઈકના સત્સંગ ભરખી ગયા છે. તેમાંથી ઊગરવું હોય તો શું કરવું ? તે શિવલાલભાઈનું આ આખ્યાન સહુને શીખવાડે છે.

શિવલાલભાઈ નિત્ય સવારમાં એકાગ્રતાથી પૂજા કરતા. સવાર સાંજ ભગવાનનું ધ્યાન કરતા, નિત્ય ભજન, કથા, કીર્તન, સેવા, સમાગમને જ પ્રધાનપણે રાખતા. સત્સંગનું તો વ્યસન પડી ગયું હતું. સર્વ ક્રિયામાં હરિસ્મરણ કરવું અને અખંડવૃત્તિ રાખવી; એવું અંગ હતું અને નિત્ય મૂર્તિમાં રહેવાનો અભ્યાસ કરતા હતા. આ ગુણો પૈકી આપણામાં કેટલા ગુણો આવ્યા ? તે તપાસવું.

શ્રીહરિએ **ગ.પ્ર.૨૧**માં કહ્યું છે, **"જે ભગવાનનો ભક્ત હોય તેને ખાતાં, પીતાં, ના'તાં, ધોતાં, ચાલતાં, બેઠતાં સર્વ ક્રિયાને વિશે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું.** અને જ્યારે અંતરમાં કોઈ વિક્ષેપ ન

હોય, ત્યારે તો ભગવાનનું ચિંતવન કરવું ને ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું. અને જો અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થાય તો દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા, વિષય એ સર્વથી પોતાનું સ્વરૂપ જુદું સમજવું અને જ્યારે સંકલ્પનો વિરામ થાય ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું."

આ વાતનો શિવલાલ શેઠ નિત્ય આળસ, પ્રમાદ અને ગાફલાઈનો ત્યાગ કરી અભ્યાસ કરતા અને અખંડ ભજન પરાયણ રહેતા.

અખંડ હરિ સંભારતા, કરતા એવો અભ્યાસ;
ખટકો ભજન સ્મરણનો, રાખતા સદાય ખાસ...૧૨

વહાલા ભક્તો ! આપણે પણ આ વાત વાંચી હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં હરિસ્મરણનો અભ્યાસ કરવો. માર્ગમાં ચાલ્યા જતાં હોય તોપણ શિવલાલભાઈની વૃત્તિ બીજે ક્યાંય જતી નહીં. ભજન સ્મરણનો ખૂબ ખટકો રાખતા. દુકાને બેઠા હોય ત્યાં પણ જરૂરી હોય તેટલી જ વાતચીત કરતા. **ક્યારેય ખોટા ગપ્પા મારવામાં જરાય સમય બગાડતા નહીં. હાથમાં વચનામૃતનો ચોપડો કે માળા અખંડ હોય જ અને દુકાનમાં પોતાની દૃષ્ટિ સામે ભગવાનની સુંદર મૂર્તિ રાખતા અને મોટે ભાગે મૂર્તિમાં વૃત્તિ રહે એવું અખંડ અનુસંધાન રાખતા.** આ બધું જેને આ જ જન્મે પૂરું કરવું હોય, છતાં દેહે મુક્ત બનવું હોય, તેમને શીખવા જેવું છે.

ઇતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠના લગ્ન તથા નિર્બંધતા કહી' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

શિવલાલ શેઠનું ધ્યાન, જ્ઞાન અને સંતસેવન

લોધિકાનરેશ અભેસિંહે કવિ દલપતરામને વાત કરેલી કે, ગોપાળાનંદસ્વામીએ મને તથા બોટાદના શ્રીમંત નગરશેઠ ભગા દોશીના પુત્ર શિવલાલને ધ્યાનની રીત શીખવી હતી. તેમની કૃપાથી મારે બે પહોર અને શિવલાલને દોઢ પહોરનું ધ્યાન સિદ્ધ થયું છે. સ્વામીએ અમને ધોળા કપડે ત્યાગી જેવા બનાવ્યા. અમારા બંને ઉપર ગુરુકૃપા થતાં અત્યારે અમારા અંતરમાં અતિ શાંતિ વર્તે છે. **હું સંસારમાં રહી રાજ્ય કરું છું અને શિવલાલભાઈ લાખોનો વેપાર ખેડે છે, છતાં અમને એકેયને સંસાર-વ્યવહારનો, ધનનો, સત્તાનો, માન-મોટાઈનો જરાય મદ નથી. કેમ જે, એનો ભાર જ પડતો નથી. તેનું કારણ માત્ર ગોપાળાનંદસ્વામીનો અમને મળેલ આશીર્વાદ છે. કેમ જે, સ્વામીએ અમને એકવાર કહ્યું હતું કે, 'તમને વ્યવહાર બંધનકર્તા નહિ થાય.'** આમ, સ્વામીના આશીર્વાદના પ્રતાપે અમે બંને નિર્બંધ રહ્યા છીએ.

દોહા : **મોટાના આશીર્વાદથી, આવે સતત હરિ યાદ;**
ધ્યાન ભજન થાય અતિ ઘણું, નડે ન આળસ પ્રમાદ...૧૩
નિર્બંધ રહે સંસારમાં, ના'વે કોઈ ફરિયાદ;
સુખ મનાય શ્રીહરિમાં, એ મોટા તણો પ્રસાદ...૧૪

મોટા સંત જરાક રાજી થાય અને આશીર્વાદની એકાદ કટકી આપે ત્યાં તમામ વાસના ટળવા લાગે. અંતરથી ભજન થવા લાગે, જીવ બળિયો થઈ જાય. ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, 'ભગવાન ભજવામાં સુખ છે, ને જે જે થાય છે તે સંસ્કારે થાય છે. તે શિવલાલને પહોર દોઢ પહોર ધ્યાનમાં બેસાય ને અભેસંગને બે પહોરનું ધ્યાન. તે ચાય તેવા કામ આવે, પણ બેસે એવો નિયમ. ત્યારે એ બધું સંસ્કાર ને

કોઈક મોટા સાધુની દષ્ટિએ કરીને થાય છે.' માટે મોટા સંતોની અખંડ આપણા ઉપર અમીદષ્ટિ રહે એમ જીવવું જોઈએ.

સુખી છે આ જગતમાં, હરિ ને હરિનાં જન;
'જ્ઞાન' સુખી થાવા સારું, મૂરતિ રાખો મન...૧૫
અખંડ શ્રીજી સંભારવા, પાડવી એવી ટેવ;
'જ્ઞાન' શ્રીજી સંભારતા, રાજી દેવાધિદેવ...૧૬
ભૂલી જાય ભગવાનને, તેને દુઃખનો ન પાર;
સતત શ્રીજી સંભારતા, આવે છે સુખ અપાર...૧૭

સુખી થવું હોય તો સતત શ્રીહરિને સંભારવા. હરિસ્મૃતિ રહે એટલા શ્વાસ અને એટલું જીવન સફળ છે અને ભગવાન ભૂલાય એટલી જિંદગી નિષ્ફળ છે. ટૂંકી આયુષ્ય છે, માટે સાવધાન રહેવું જોઈએ. ક્યારે અને ક્યાં દેહ પડી જાય ? તેનો કોઈ નિર્ધાર નથી, અને **આ દુનિયામાંથી કોઈ ખાટ્યો નથી, માટે સતત મૂર્તિમય રહેવું.**

લાખો રૂપિયાની ધમધોકાર સાયબીમાં ઊછરેલા યુવાન શિવલાલને સંતનો સંગ મળે કે સેવા મળે તે સોનાના દિવસો લાગતા, અને સેવા સમાગમ ન મળે એવા દિવસો તેમને ધૂળના લાગતા. તેમને કેવો સત્સંગ પ્રિય હશે ? તે આ વાત પરથી સમજાય છે. ગોપાળાનંદસ્વામી વડતાલથી જૂનાગઢ જતા હોય તો બે-પાંચ દિવસ બોટાદ પધારતા. તેથી શિવલાલભાઈ રાજી રાજી થઈ જતા. વળી, ગુણાતીતાનંદસ્વામી દર વર્ષે બે વાર વડતાલ સમૈયે જતા ત્યારે પણ અવશ્ય બોટાદ પધારતા.

સંતો પધારે ત્યારે જાણે મહારાજ પધાર્યા હોય એવો શિવલાલભાઈને આનંદ થતો ! શ્રીમંતાઈનો મોભો મૂકીને તેઓ દાસના દાસ થઈ સંતની સેવા કરવા લાગી જતા. સંતો માટે સીધું-સામાન લાવી આપતા. વાસણ કે ઘર સાફ કરવા મંડતા, અને સંતો બે દિ' રોકાવાના હોય તો પ્રેમભરી પ્રાર્થના કરી વિશેષ રોકતા.

વળી, ગુણાતીતાનંદસ્વામી સમૈયે જતા હોય ત્યારે તેમની સાથે પંદર-વીશ ભક્તો તો હોય જ. કાં તો તેથી વધારે પણ હોય. તેમનો મહિમા જાણી તેમની પણ ખૂબ સેવા કરતા. બધી રીતે તેમનું ધ્યાન રાખતા. ઘણીવાર તે પણ સ્વામી સાથે બોટાદથી વડતાલ તેમજ ગઢડા, જૂનાગઢ, ધોલેરા વગેરે સ્થળે સત્સંગ સમૈયા કરવા જતા. ત્યાં જાય તોપણ વિશેષ સેવા, સમાગમનો લાભ મળે એવો જ કાર્યક્રમ ગોઠવતા.

ગુણાતીતાનંદસ્વામીએ એકવાર કહ્યું, 'વરસમાં એક મહિનો સાધુનો સમાગમ કરશે તેનો સત્સંગ રહેશે.' આ વાક્ય સ્વામીએ સભામાં સહુને કહ્યું હતું, પરંતુ 'શિવલાલભાઈએ અધ્ધરથી ઝીલી લીધું હતું.' આને ઉત્તમ મુમુક્ષુ કહેવાય. સમૂહમાં વાત થાય છતાં પોતાના કામની વાત પકડી, એકાંતે બેસી તેને જીવનમાં ઉતારવાનો અભ્યાસ કરે તેને જ સદ્‌ગુણો વરે.

જ્યારથી સ્વામીએ આ વાત કરી **ત્યારથી દર વર્ષે એક માસ વણતેડે જૂનાગઢ જાવાનો શિવલાલભાઈએ નિયમ રાખ્યો હતો.** એ સમયે ગુણાતીતાનંદસ્વામી ભલે ગમે ત્યાં હોય, ત્યાં જઈ એક માસ સેવા, સમાગમ કરતા. પોતે બુદ્ધિશાળી હતા, નવલખા શેઠિયા હતા; છતાં સમયનો ધર્માદો કાઢી સત્સંગ કરતા અને આપણને અત્યારે કોઈને સત્સંગ કરવાનો સમય નથી. સેવા કે ભજનનો સમય નથી. થોડા ધંધા છે છતાં નવરા નથી રહેતા. ત્યારે આવો મોટો વેપાર હોવા છતાં જે સમય કાઢતા, તેને કેટલો સત્સંગનો ખપ હશે ? કેવો સત્સંગનો મહિમા સમજાણો હશે ? તે વિચારવું.

અને આજ પણ શિવલાલભાઈની જેમ ઘણાય એવા વિરલ હરિભક્તો છે, તે પણ સમયનો ધર્માદો કાઢી વર્ષમાં એક-બે મહિના સંતોની સાથે સેવા-સમાગમ માટે રહે છે. ધન્ય છે આવા હરિભક્તોને..! ધન્ય છે એમના માતા-પિતાને.. ધન્ય છે તેમની મુમુક્ષુતાને અને

સમજણને.. આવા ભક્તોને નજરે જોઈને પણ આપણે તેમાંથી કાંઈ પ્રેરણા ન લઈએ તો ધિક્કાર છે આપણને..!

જે ખરો ખપ રાખી સત્સંગ કરે તે પુરુષ માયાનું બંધન તોડી નિર્વાસનિક રહી શકે છે. ભજનમાં એકાગ્રતા અને સાંસારિક પદાર્થમાં અનાસક્ત રહી શકે અને '**निःस्पृहस्य तृणं जगत्।**' અર્થાત્ નિઃસ્પૃહી માણસને જગત તણખલાં જેવું છે. આ વાક્યને જીવનમાં સાર્થક કરી શકે છે. જે સદ્‌ગુરુના બંદા હોય તે જ આવો અલખ ખેલ ખેલી શકે છે. જે સાચા અર્થમાં સદ્‌ગુરુનું સેવન કરતા હોય તેનાથી જ આ કામ થઈ શકે છે. શિવલાલ શેઠે આ વાત પોતાના જીવનમાં સાર્થક કરી હતી. તેથી તે આમ રહી શક્તા. માટે...

મૂરતિ મેલી જાવું નહિ, કદિ પંચવિષય માય;
'જ્ઞાન' અખંડ સંભારવા, અતિ પ્રેમે હરિરાય...૧૮

સુખથી ભર્યો છે વાલમો, અખંડ રાખવું મન;
મન મૂર્તિમાં રાખતા, થાશે સુખી જીવન...૧૯

સર્વકારણ હરિમૂર્તિ, બીજું બધું જ કારજ;
કારણ છોડીને કાર્યને, સંભારવા નહીં રજ...૨૦

સહુનું કારણ શ્રીહરિની મૂર્તિ છે. જે કારણને પકડે છે તે જ કાર્યના બંધનથી મુક્ત થાય છે. સર્વત્ર કારણની કિંમત છે, કાર્યની નહીં. તમામ કાર્ય કારણરૂપ મૂર્તિની સિદ્ધિ માટે છે, માટે સુખી થાવું હોય તો કાર્યને છોડવું અને કારણમાં મન જોડવું. શિવલાલ શેઠને કાર્ય કારણનો ચોખ્ખો વિભાગ હતો. વળી, આવા નિર્બંધ શિવલાલ શેઠની એકાગ્રતા પણ અજબ હતી..!

શીખીએ સુણી આપણે, શિવલાલ જેવા ગુણ;
એટલા માટે ગાઈએ, શિવલાલના સદ્‌ગુણ...૨૧

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠનું ધ્યાન, જ્ઞાન અને સંતસેવન કહ્યું' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

એકાગ્રતાની આવશ્યકતા

ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી જેવા મહાન સંતોના સમાગમે શિવલાલભાઈએ ઉત્તમ યોગીના જેવી આંતરિક સ્થિતિ કેળવી હતી. મનની વૃત્તિને પાછી વાળી એકાગ્ર ચિત્તે શ્રીહરિની મૂર્તિમાં રમમાણ રહેવું; એવું અંગ કેળવ્યું હતું. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સૂતાં-બેસતાં કે વ્યવહારિક કાર્ય કરતાં શિવલાલભાઈ સતત 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ..' સ્મરણ કરતાં હતાં. તેઓ રસ્તા ઉપર નીકળે છતાં તેમની દૃષ્ટિ ક્યાંય આડી અવળી ડોલતી નહીં; એવા તે એકાગ્રનિષ્ઠ હતા.

એકાગ્રતા એટલે શું ? તો ભિન્ન-ભિન્ન પદાર્થનું સતત ચિંતવન કરતા મનને એક સ્થળે સંપૂર્ણ કેન્દ્રિત કરવું એનું નામ એકાગ્રતા. એકાગ્રતા બે પ્રકારની છે : (૧) બાહ્ય અને (૨) આંતરિક; આકર્ષક અને રમણીય એવાં ચિત્રો કે ભૌતિક પદાર્થોમાં તત્પરતાને કારણે થતી મનની સ્થિરતાને બાહ્ય એકાગ્રતા કહેવાય. અને અંતરમાં પળ પળ થતાં વિચારો અને વાસનાઓને શોધીને ટાળવાં ને આત્મવિચાર તથા સતત પ્રભુસ્મરણ કરી મહારાજમાં મનને સ્થિર કરવું તે આંતરિક એકાગ્રતા કહેવાય છે.

ગોખવું, અભ્યાસ કરવો વગેરે દ્વારા કેળવેલી બાહ્ય એકાગ્રતા આંતરિક એકાગ્રતામાં ખૂબ મદદરૂપ થાય છે. સંસારની અનેક

વિટંબણાઓને કારણે અશાંત બનેલા મનને શાંત બનાવવા માટે એકાગ્રતા અનિવાર્ય છે. **આંતરિક શાંતિ માટે એકાગ્રતા એ સર્વોત્તમ સાધન છે, એકાગ્રતા એ મનને વશ કરવાનું મહા ઔષધ છે, ઈન્દ્રિયો, બુદ્ધિ અને મનને કાબૂમાં લાવી એકાગ્રતા કેળવે તેનાથી જ ધ્યાન થાય. જે પ્રથમ બાહ્ય એકાગ્રતા કેળવે તેને આંતરિક એકાગ્રતાનો અભ્યાસ સહેલો બની જાય છે.** મન જ આપણું શત્રુ અને મિત્ર છે. **જો મન આત્મા-પરમાત્મામાં એકાગ્ર થયું હોય તો મિત્ર છે અને જ્યાં ત્યાં ભટકતું હોય તો તે શત્રુ છે.**

સુખનું મૂળ મનની એકાગ્રતા છે. ઈશ્વરપ્રાપ્તિનું મુખ્ય સાધન પણ એકાગ્રતા છે. તેથી જ પૂર્વે જે જે મહાપુરુષો થયા છે તેમણે પરમેશ્વરની પ્રાપ્તિ જેવા કોઈ પણ મહાન કાર્યની સિદ્ધિ માટે આંતરિક એકાગ્રતા કેળવી છે. આવા જ હતા શિવલાલ શેઠ. તેમણે ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી જેવા મહાન સંતોના સમાગમથી શ્રેષ્ઠ જ્ઞાન મેળવી ઉત્તમ પ્રકારની એકાગ્રતા કેળવી હતી. તેથી જ તેમને સતત હરિસ્મરણ રહેતું. આપણે પણ આપણું અંગ ઓળખવું જોઈએ અને અંગમાં રહી ભક્તિ કરી એકાગ્રતા કેળવવી જોઈએ તો સતત હરિસ્મરણ થાય. તે સતત ચાલતા હરિસ્મરણના પ્રવાહમાં વ્યવહાર અને દૈહિક ક્રિયાઓ વિઘ્ન કરી શકે નહીં.

દોહા : **એકાગ્રતાને કેળવવી, આવું સુણી આખ્યાન;**
શ્રીહરિને રાજી કરવા, પ્રેમે ધરી હરિ ધ્યાન...૨૨
વાલું છે ધર્મપુત્રને, માટે ધરવું હરિધ્યાન;
રાખતા વૃત્તિ વાલામાં, વશ થાય ભગવાન...૨૩

✹ રસ્તાને કાંઠે હવેલી બની :

શિવલાલ શેઠે કેવી એકાગ્રતા કેળવી હતી ? અને કેવા મૂર્તિમય રહેતા હતા ? તેના એક બે પ્રસંગો જોઈએ. આ પ્રસંગ તેમની દૃષ્ટિ

કેટલી કાબૂમાં હતી અને તે કેવા ભગવદ્‌નિષ્ઠ ભક્ત હતા તે બતાવે છે. શિવલાલ શેઠની દૃષ્ટિ એવી નિયમમાં હતી કે, તેઓ ઘરેથી મંદિર જાય, મંદિરેથી દુકાને જાય, પરંતુ તેમનું મન શ્રીહરિની મૂર્તિ મૂકીને ક્યાંય જાતું નહીં. આસપાસમાં શું થાય છે ? તેની તેમને કશી ખબર રહેતી નહીં. શરીર શરીરનું કામ કરે, આંખ આંખનું કામ કરે અને ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં રમ્યા કરે. આવી ઉત્તમ યોગકળા, અભ્યાસ કરીને શિવલાલભાઈએ સિદ્ધ કરી હતી. જ્યાં ત્યાં ઓટલે બેસતા હોય, બારીએ બેસીને આખા જગતને જોવાની ટેવ હોય; એવા વ્યક્તિઓને હવેનો શિવલાલ શેઠનો પ્રસંગ જગાડનારો છે.

રસ્તે જાતા આવતા, જોયું નહિ આસપાસ;
અખંડ હરિ સંભારતા, આગ્રહ રાખી ખાસ...૨૪

મંદિર, દુકાન અને ઘર આ ત્રણ વિના શિવલાલ શેઠના પગ ક્યાંય વળતા નહીં અને વૃત્તિઓ ક્યાંય ચળતી નહિ; ક્યાંય આઘા પાછા અલક મલકની કૂથલી કરવા ખોટી થતા જ નહીં. તેઓ જે રસ્તેથી જતાં-આવતાં તે રસ્તે એકવાર કોઈએ જુની મેડી તોડી બે માળની નવી મેડી બનાવી. તે મેડીનું કામ પૂરું થયું તેને છ મહિના થયા હતા. શિવલાલ શેઠ રોજે દુકાનેથી મંદિરે જતા આ રસ્તા પરથી જ ચાલતા.

એકવાર અચાનક છીંક આવી અને ઊંચું જોયું તો બાજુમાં બે માળની મેડી નજરે ચડી. તે જોઈને બોલ્યા, "લે..! આ મેડી ક્યારે બની ગઈ ?" તે સાંભળી આજુબાજુ ઊભેલા લોકો હસવા લાગ્યા અને કહે, 'શેઠ ! આ મકાન છ મહિનાથી બની ગયું છે. તમે નિત્ય આંહીંથી નીકળો છો, તે શું નથી દેખાતું ?' શિવલાલ શેઠને લાગ્યું કે, 'આ લોકોને કાંઈ જવાબ દેવા જેવું નથી.' કેમ જે, 'આ બિચારા જગતના જીવ છે. તેની સાથે ખોટો સમય ન બગાડાય.' સામાન્ય સાંસારિક

બુદ્ધિના માણસને પોતાની વાત કેમ સમજાવવી ? તે પણ પ્રશ્ન હતો. તેથી શેઠ પણ થોડું હસીને ચાલતા થયા.

મુક્તાનંદ કહે હરિહરિજનની ગતિ છે ન્યારી;
તેને દેહ દર્શી દેખે પોતા જેવા સંસારી.

જગતના ને ભગતના, હોય જુદા લક્ષણ;
ચકળ વકળ જોવે નહિ, જેને કરવું છે ભજન...૨૫

શિવલાલ શેઠ જવાબની પરવા કર્યા વિના ભજનમાં મસ્ત બની, દુકાન તરફ જતા રહ્યા. ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામીએ શેઠનું અંતર-કલેવર એવું ઘડ્યું હતું. તેથી મહારાજની લીલા અને ભજન કરવાનું એમને વ્યસન પડી ગયું હતું. આપણે પણ આ આખ્યાનમાંથી શીખવું અને જીવનમાં ખરાબ જોવાની, કુદૃષ્ટિ કરવાની કુટેવ હોય તો ધીમે ધીમે કાઢવી. કુસંગીની જેમ જિંદગીના દા'ડા ન બગાડવા. આપણે સત્સંગી છીએ. ખરાબ ચેનલો કે ચિત્રો જોતાં અથવા સાંભળતાં આપણને શરમ થવી જોઈએ. આપણે અમીર પેઢીના વારસદાર છીએ, ખાનદાનનાં સંતાન છીએ, માટે આપણું જીવન પણ શિવલાલ શેઠ જેવું ઊંચું હોવું જોઈએ. સંસારમાં રહેવા છતાં તેમના જેવી મનોવૃત્તિનો સંયમ કેળવવો જોઈએ તો શ્રીહરિ ને સંતો રાજી થાય.

✵ સાળી પીરસવા માટે :

એકવાર શિવલાલ શેઠને ઘેર માંગલિક પ્રસંગ હતો. તેથી સગાં-સંબંધીઓ સહુ આવ્યાં હતાં. પ્રસંગ પૂરો થાતા સહુ પોતપોતાને ઘેર ગયા. શેઠની સાળી ત્યાં કોઈ કારણોસર બે-ચાર માસ રોકાયાં. શેઠને કુટુંબમાં બહુ રસ ન હોવાને કારણે તેની ખબર ન હતી. બીજું તે અગત્યના કાર્ય સિવાય સ્ત્રીઓને મળતા જ નહીં. તેમજ ઘરમાં પણ ખાસ કામ સિવાય રસ લેવાની તેમને ટેવ ન હતી. હંમેશાનો ભજન-ભક્તિનો કાર્યક્રમ નિયમિત રાખતા. તે તેમનાં ઘરનાં રાધાબાઇ વગેરેને ખ્યાલ હતો, તેથી ક્યારેય કોઈને માઠું લાગતું નહીં.

શિવલાલભાઈ નિત્ય પાંચ માનસી, ધ્યાન, પૂજા કરે, સંધ્યા સમયે મંદિરે જવું, નિત્ય-નિયમ, સ્વાભાવિક ચેષ્ટા વગેરે પૂર્ણ કરીને મોડી રાત્રે ઘેરે આવતા, આ તેમનો નિયમ હતો. દિવસે પેઢીના કામમાં જાય. ત્યાં પણ જળકમળવત્ રહી અખંડ ભગવદ્પરાયણ રહીને જ સર્વે કામ કરતા. ઊંચા સ્વરે 'સ્વામિનારાયણ..સ્વામિનારાયણ...' અખંડ ભજન કરતા. તેમનાં સાળી ત્રણ-ચાર મહિનાથી બોટાદ ઘરે હતાં. તે ઘણીવાર તેમને પીરસવા આવતાં, પરંતુ શેઠ તો મહારાજની મૂર્તિમાં તલ્લીન બની ભોજન કરતા. શિવલાલભાઈનું મન ભોજન વખતે પણ ભજનમાં અખંડ લેલીન રહેતું. તેથી કોણ રસોઈ કરે છે ? કેવી રસોઈ કરે છે ? કોણ પીરસે છે ? તેનો ખ્યાલ રહેતો નહીં.

એક દિવસ તેમના સાળી પીરસતા હતા. તેણે થોડું વધારે પીરસી દીધું. તેથી શેઠે ઊંચે જોયું તો સાળી પીરસવામાં હતાં. એટલે તરત પૂછ્યું, "તમે ક્યારે આવ્યા ?" તે સાંભળી સાળીને ખોટું લાગી ગયું. અને જવાબ આપ્યા વિના ઘરમાં જતાં રહ્યાં અને સૌને કહે, 'ચાર મહિનાથી અહીં છું અને ઘણીવાર એમને પીરસું પણ છું, છતાં પૂછે છે કે ક્યારે આવ્યા છો ?' ત્યારે રાધાબાઈ કહે, **"બહેન ! તેમની તો ભગવાનમાં જ અખંડ વૃત્તિ હોય છે. ભગવાનમય તેમનું જીવન છે. કાયમ નીચી દષ્ટિ રાખીને ભોજન કરે છે,** તેથી ખ્યાલ નહિ હોય." આમ કહીને તાવડી તપે તેમ તપેલી પોતાની બહેનને શાંત કરી.

દષ્ટિ કાબુ રાખવી, એ તો છે કામ કઠણ;
શિવલાલભાઈ તો રાખતા, અખંડ હરિનું સ્મરણ...૨૬
દષ્ટિ કાબૂ કર્યા વિના, ન હોય નિર્મળ મન;
નિર્મળતા સાધ્યા વિના, ન થાય સતત સ્મરણ...૨૭

જેને વારેવારે આડુંઅવળું જોવાની ટેવ હોય, બિનજરૂરી જે તે જાણ જાણ કરવાની ખોટી જિજ્ઞાસા બહુ હોય, એવા વ્યક્તિ ક્યારેય

આવી એકાગ્રતા કેળવી શકતા નથી. આખ્યાનો તો ઘણાં ભક્તોનાં હોય છે, પરંતુ શિવલાલ શેઠનું આખ્યાન અતિ અસરકારક છે. આપણા જીવનમાં સીધું સ્પર્શે એવું છે. આપણી ખોટ-ખામીને ચોખ્ખી બતાવે એવું છે. વૃદ્ધોને પણ આ આખ્યાન બહુ ઉપયોગી છે.

✵ શિવલાલશેઠના સાળા-સાળીને સત્સંગ :

લીંબડીના રામજી શેઠે લખેલ લીલાચરિત્રની પુસ્તિકામાં એક લીંબડીના વરવા શેઠની તેમણે વાત લખી છે. એ શિવલાલશેઠના સાળા તથા તેમની બહેન એટલે કે શિવલાલ શેઠની સાળીનો પ્રસંગ લખ્યો છે. આ તેમની સાળી તેમને ત્યાં છ મહિના રહ્યા તે જ હશે કે બીજા હશે ? તે નિશ્ચિત નથી, પરંતુ આ પ્રસંગ અતિ અદ્‌ભુત છે અને મહિમાવર્ધક છે એમ જાણી અહીં લખું છું.

શિવલાલભાઈના સાળા લીંબડીના આ વરવા શેઠ મૂળ જૈન વાણિયા હતા. તેમની બહેનને ધોળકા પરણાવી હતી. તેમનો પતિ મરી ગયો ત્યારે તે બાઈને સત્સંગ થયો ને સાંખ્યજોગી બની ભજન કરવા લાગી. આ સત્સંગ તેમને શિવલાલભાઈ અને તેમના પત્ની રાધાબાઈ દ્વારા થયો હશે એવો ખ્યાલ આવે છે. કેમ જે, તે તેમના બેન-બનેવી થાય. આ શિવલાલ શેઠની સાળીને બે દિયર હતા. તેઓએ તેમની બધી મુડી લઈ લીધી. તેથી એ બેય દિયર સાથે એ વિધવા બાઈએ અબોલા રાખ્યા. એમ કરતાં પાંચ વરસ વીતી ગયા.

પછી એક દિવસ વરવા શેઠ ધોળકે પોતાની બહેનને ઘરે મળવા ગયા. એ જ રાત્રીએ મહારાજે તે બાઈને દર્શન આપીને કહ્યું જે, "તમારા દિયર સાથે તમારે તકરાર છે. તે પાર પાડવા આજ અમે આવ્યા હતા ને પાર પાડ્યું છે. માટે તમે સવારે તમારા બેય દિયરને બોલાવજો. એટલે તે તમારું નાણું તમને પાછું દઈ દેશે." એમ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

પછી સવારે બાઈએ પોતાના ભાઈ વરવા શેઠને રાતની વાત કરીને કહ્યું જે, “મારા મોટા દિયરને બોલાવો. જો શ્રીહરિની વાત ખરી હશે તો તે પૈસા આપી દેશે.” ત્યારે વરવા શેઠે તેના મોટા દિયરના ઘરે જઈને કહ્યું જે, “મારી બેન તમને બોલાવે છે.” ત્યારે તે કહે, “આજ વગર કીધે હું તેમની પાસે આવતો હતો.” એમ કહી તે પોતાની ભોજાઈ પાસે આવ્યો અને પગે લાગીને કહે, “આજ રાતે તમારા સ્વામિનારાયણ આવ્યા હતા ને તેની ભેળા કાળા ડગલાવાળા વીસ જમ હતા. તેમણે આવીને મને કહ્યું જે, તારી ભોજાઈના રૂપિયા તેં રોક્યા છે તે સવારમાં આપી આવજે નીકર કાલે તને મારી નાખશું.” એમ કહીને એક જમે મને પડખામાં ઠુંહો માર્યો છે, તે મને હજુ સુધી જીવ જાય તેવી પીડા કરે છે.” એમ કહીને જેટલા રૂપિયા દબાવ્યા હતા તે સર્વે આપી દીધા. પછી એ બાઈએ એમના બીજા દિયરને બોલાવ્યા. એણે પણ એ જ પ્રમાણે વાત કરીને રૂપિયા આપી દીધા. આવો ચમત્કાર જોઈને વરવા શેઠને શ્રીજીમહારાજનો નિશ્ચય થયો.

ત્યારપછી કેટલાક દિવસે એ બાઈએ વરવા શેઠને લીંબડીથી ફરી ધોળકા તેડાવીને કહ્યું જે, “આજથી આઠમે દા’ડે મારે દેહ મૂકવો છે તે સારુ તમને તેડાવ્યા છે.” પછી આઠમો દિવસ થયો ત્યારે એ બાઈએ પોતાના ભાઈને મહારાજના પ્રતાપની વાત કરીને કહ્યું જે, “મહારાજ મને તેડવા આવ્યા છે. આ મારી સામે ઊભા. હું હવે દેહ મૂકું છું અને તેમની સાથે ધામમાં જાઉં છું. તે તને મહારાજનાં દરશન થાય છે ?” એમ કહીને એ બાઈએ બોલતે-ચાલતે દેહ મૂકી દીધો. ત્યાં તો સંતે સહિત શ્રીજીમહારાજનાં વરવા શેઠને દર્શન થયાં. તે જોઈને વરવા શેઠને શ્રીજીમહારાજનો અતિ દૃઢ નિશ્ચય થયો અને શ્રીહરિનું ભજન કરવા માંડ્યા.

પછી કાળાંતરે જ્યારે વરવા શેઠે દેહ મૂક્યો ત્યારે તેમને પણ

મહારાજનાં દર્શન થયા અને ઘણા લોકોને પણ મહારાજનાં દર્શન થયાં. તે સમયે તેમની પાસે જૈન વાણિયા બેઠા હતા. તેમને વરવા શેઠે કહ્યું જે, "આ મારા સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે અને હું તેમના ભેગો શ્રીજીમહારાજના અક્ષરધામમાં જાઉં છું." એમ કહીને તેમણે દેહ મૂકી દીધો. આવો અદ્ભુત પ્રતાપ મહારાજે સહુને દેખાડ્યો હતો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'એકાગ્રતાની આવશ્યકતા કહી' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬

ખોટ જાય એવો ધંધો ન કરવો

એકવાર ભગા દોશી સપરિવાર ગાડે બેસી દેવો તથા સંતોનાં દર્શન કરવાં ગઢપુર જતાં હતાં. ભગા દોશી અને શિવલાલભાઈ ગાડામાં સાથે બેઠા હતા. ભગા દોશી માર્ગમાં આવતાં ખેતરો તથા સારા મોળા મોલની વાતો કરે. આ જમીન સારી છે, આ ખરાબ છે, આ તો સોનું પાકે એવી જમીન છે. આમાં આટલો બાજરો તો જરૂર થશે. આટલો ભાવ આવશે. તેથી ખેડુને આટલા રૂપિયા આવશે. આમ અન્યના લાભ ગેરલાભની સાચી ખોટી વાતો કરતાં હતાં, અને આનંદ કરતાં સહુ ગઢપુર તરફ જઈ રહ્યાં હતાં. **ત્યારે શિવલાલભાઈ તો હાથમાં માળા રાખી, અખંડ એકાગ્રવૃત્તિ રાખી મહારાજનું ચિંતવન કરતાં હતાં.** તેમને આ કોલાહલ નિરર્થક લાગતો હતો. આપણે પણ...

દોહા : **ગ્રામ્યવાર્તાને તજવી, કરીને ઝાઝું જતન;**
એકાગ્ર વૃત્તિએ કરવું, સદાય જ્ઞાન ભજન...૨૮
ભજનમાં જેવો લાભ છે, તેવો ન બીજે ક્યાંય;
ભજન કરનારા ઉપરે, હરિ અતિ રાજી થાય...૨૯

પછી શિવલાલભાઈએ નમ્રતાપૂર્વક પિતાજીને કહ્યું, 'આપ તો જૂના, પીઢ અને અનુભવી વેપારી છો. વેપારમાં ખોટ કે નુકસાન જાય એવો ધંધો કોઈ વેપારી ન કરે. વેપારીની દૃષ્ટિમાં તો શું કરવાથી પોતાને લાભ મળે એ જ અખંડ ઉદ્દેશ હોય છે. આપ મારા પિતાશ્રી છો. આપને કહેવું તે યોગ્ય નથી, પરંતુ લાગણીવશાત્ કહુ છું આપ રાજી રહેજો. તમો રસ્તે કેવળ અન્ય વાતો કરો છો, તેમાંથી તમારા કામનું શું ? તેમાંથી આપણા ઘેરે કેટલા ગાડા આવશે ? કેટલી કમાણી થશે ? અને આપણે તો ગઢપુર મોટા સંતનો સેવા-સમાગમ તથા કથા વાર્તાનો લાભ લેવા માટે જઈએ છીએ, પરંતુ રસ્તામાં અલકમલકની વાતોરૂપી વિષ્ટાની ગોળીઓ નાકમાં ઘાલશું તો સત્સંગરૂપી બગીચાની સુગંધ કેમ મળશે ?

માટે જગતની વાતો છોડી મહારાજનાં લીલા ચરિત્રોને યાદ કરો, મહારાજનાં ઐશ્વર્ય-પ્રતાપની વાતો કરો, સંતોના સદ્ગુણો સંભારો, તો મનને શાંતિ થશે અને તો જ સત્સંગનો સાચો લાભ પ્રાપ્ત થશે. ભગા દોશીએ પણ પુત્રની આવી સ્થિતિ અને સમજણને માન્ય કરી. ભૂલ સ્વીકારી અને વલણ બદલ્યું. પછી સહુ ભજન-ભક્તિ અને ધૂન-કીર્તન કરતાં કરતાં ગઢપુર પહોંચ્યાં. ત્યાં પાંચ દિવસ રોકાયા, સંતોને રસોઈ આપી, સેવા-સમાગમનો અલૌકિક લાભ લીધો.

વાત હૈયે વિચારજો, જેમાં હોય નુકસાન;
'જ્ઞાન' કદી તે ન કરવું, સંભારવા ભગવાન...૩૦

નડે છે સહુ જીવોને, મોહ માન ને પ્રમાદ;
બે દોષને ટાળ્યા વિના, 'જ્ઞાન' હરિ રહે ન યાદ...૩૧

આળસ નડે છે જીવને, આડો આવે પ્રમાદ;
હરિ ભૂલાડી જીવને, બીજું કરાવે યાદ...૩૨

ધન્ય ધન્ય શિવલાલ શેઠને, હતા ખૂબ સાવધાન;
બાપ કરતા પણ બમણા, રાજી કર્યા ભગવાન...૩૩

દરેક ભક્તોએ કાયમ નજર સમક્ષ રાખવા જેવો આ પ્રસંગ છે. જેને ભગવાનની તથા સત્સંગની સાચી ભૂખ જાગી હોય તેને પોતાની આ ભૂલ સમજાય. બાકી અત્યારે પણ પૂનમે દર્શન કરવા જતાં કે તીર્થયાત્રા કરવા જતાં લોકો પ્રાયઃ ન કરવાની જ વાતો કરતાં હોય છે. રોજ મંદિરે જતાં કે મંદિરમાં પણ ઘણા બાઈઓ-ભાઈઓ ગ્રામ્યવાર્તા બહુ કરે છે. ત્યાં બિરાજમાન શ્રીહરિ કે સંતોની પણ મર્યાદા રાખતા નથી. આજકાલ તો મોબાઈલ ફોનનો જમાનો હોવાથી જ્યાં મંદિરમાં બેસીને સંતો-ભક્તો ધ્યાન, માનસી, માળા કરતાં હોય ત્યાં જ રીંગટોન વાગ્યા કરતાં હોય છે અને ફોનમાં જોરજોરથી વિવેકહીન ભક્તો વાતે વળગીને ભજનાનંદીને વ્યર્થ વિક્ષેપ પહોંચાડતા હોય છે. આપણે પણ આવી ભૂલ થતી હોય તો સુધારજો.

આ પ્રસંગ ખોટું ડહાપણ કે હોંશિયારી છોડવાનો અને મન ભગવાનમાં જોડવાનો છે. પહેલા બે પ્રસંગ દૃષ્ટિ કાબૂમાં રાખવાના હતા. આ પ્રસંગ ડહાપણ કાબૂમાં રાખવાનો છે. ઘણા દોઢ ડાહ્યા હોય છે, તેથી વાતની વાતમાં ખોટું ડહાપણ કર્યા કરતા હોય છે. પછી રાજીપાની બદલે કુરાજીપો મળે છે. માટે સમજી ડહાપણ છોડવું.

✹ શ્રીહરિ કહે તો કોને ત્યાં જન્મ લેવો ? :

ભગા દોશીને જ્યારથી સત્સંગ થયો અને પોતે કમાતા થયા ત્યારથી તે દર વર્ષે ચારવાર તમામ સંતોને જમાડતા. આ નિયમ તેમણે આજીવન પાળ્યો હતો. ભગા દોશીને સંતોને જમાડવામાં ખૂબ જ પ્રેમ હતો. તેથી એકવાર નિયમ અનુસાર સંતોને રસોઈ દેવા ગઢપુર ગયા. યોગીરાજ ગોપાળાનંદસ્વામી વર્ષોવર્ષ સત્સંગનો લાભ આપવા જૂનાગઢ પધારતા. પછી ત્યાંથી પાછા આવે ત્યારે પ્રાયઃ ગઢપુર આવતા અને થોડું

રોકાતા. એકવાર સ્વામી જૂનાગઢથી ગઢપુર પધાર્યા અને ભગા દોશી પણ સંતોને રસોઈ આપવા ગઢપુર આવ્યા હતા. બંને ત્યાં ભેળા થયા હતા.

તે સમયે ગોપાળાનંદસ્વામી પાસે ગઢપુરમાં સભા ભરાઈને બેઠી હતી. તે વખતે સ્વામી કહે, “સંતો ! શ્રીજીમહારાજ આ બ્રહ્માંડમાં પહેલીવાર પધાર્યા ને આપણે સહુએ દેહ ધાર્યો, તે શ્રીહરિના યોગમાં આવ્યા એટલે આપણા બહુ મોટા ભાગ્ય છે. હવે આપણે સહુ શ્રીહરિના સર્વોપરી એવા અક્ષરધામમાં જાશું, પરંતુ તે ધામમાંથી હવે શ્રીહરિજી મહારાજ કોઈ બીજા બ્રહ્માંડમાં પધારે ત્યારે આપણને સહુને કહે, દેહ ધરીને મારી સાથે ચાલો, તો આપણે કેવો દેહ માગીએ ? જેને જેવી રુચિ હોય તે તેવું બોલો.”

ત્યારે એક સંત કહે, ‘હે સ્વામી ! જો મને મહારાજ દેહ ધરવાનું કહે તો હું ચક્રવર્તી રાજાનો દેહ માગું અને સમ્રાટ બની સહુને સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરાવું ને જે ન કરે તો તેને દંડ આપું.’ આ રીતે સંતોએ પોતપોતાની ઈચ્છા મુજબ જુદું જુદું કહ્યું. પછી હરિભક્તોમાં પ્રથમ ભગા દોશી બોલ્યા જે, ‘હે સ્વામી ! હું તો આવો ને આવો શેઠનો દેહ માગું. જેથી રૂપિયા હોય તો આપ જેવા સંતોની સેવા થાય, રસોઈ અપાય અને સહુને રાજી કરાય.’

પછી લાધા ઠક્કર તથા હરજી ઠક્કર કહે, ‘સ્વામી ! અમે પણ જેવા છે એવા જ દેહ માગીએ. જેથી શ્રીહરિ તથા આપ જેવા સંતોની સેવા થાય.’ આમ સહુએ પોતપોતાની રુચિ પ્રમાણે કહ્યું.

પછી ગોપાળાનંદસ્વામી કહે, “લ્યો હવે હું મારું કહું. મને શ્રીજીમહારાજ દેહ ધરવાનું કહે તો હું, બે ગામમાં લોટ માગે ત્યારે માંડ લોટનું પૂરું થાય એવો ગરીબ બ્રાહ્મણ હોય, ભણેલો અને પવિત્ર હોય એવા વિપ્રને ત્યાં દેહ માગું, તેથી ક્યાંય બંધન થાય નહીં અને ખબર પડે કે, ‘આ સ્થાનમાં પ્રગટ ભગવાન વિચરણ કરે છે, એટલે તરત

ઘરબાર છોડી ચાલી નીકળાય. પ્રગટ ભગવાનની સેવા-ઉપાસના કરી જલ્દી પાછા તેમની સેવામાં અક્ષરધામે પહોંચી જવાય એમ હું માંગું."

પછી વળી ગોપાળાનંદસ્વામીએ સહુને સમજાવ્યું કે, 'હે સંતો ! મહારાજ આજ્ઞા કરે જે, 'તમારી નજરમાં આવે ત્યાં અવતાર ધરીને જીવોનાં કલ્યાણ કરી આવો.' ત્યારે એવે ઠેકાણે દેહ ધરવો જે, ગરીબ બ્રાહ્મણ હોય ને માગીને પેટ ભરતો હોય ને વેદનો ભણેલો ને ધર્મવાળો હોય, તેને ઘેર દેહ ધરવો. તેથી કન્યા પણ ન મળે એટલે તરત ઘરનો ત્યાગ કરીને ત્યાગી થવાય અને જો ભારે ધનાઢ્ય ગૃહસ્થને ઘેર જન્મ ધરે તો નાનો હોય ત્યાંથી જ એવા માર્ગમાં ચડાવી દે, જે માન, મોટપ, સ્ત્રી, ધન અને લોકની આબરૂ તથા પોતાનાં જે સંબંધી તેમાં સ્નેહ થાય, પછી તે મૂકીને નીકળાય નહીં. તે માટે દેહ ધરવો પડે તો એમ સમજી, વિચારી, તપાસ કરીને દેહ ધરવો – એ વાત અવશ્ય સમજવાની છે.

હવે મનગમતું મૂકી શ્રીહરિ તથા સંતનું ગમતું કરવાના પ્રસંગો આવે છે; તે આપણને ઘણું બધું શીખવાડે એવા છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ખોટ જાય એવો ધંધો ન કરવો' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

બાપ કરતાં બેટો સવાયો

દોહા : **ધાર્યું કદિ કરવું નહીં, હરિ હરિજનની પાસ;**
તેથી જ શાંતિ જાય છે, મન થાય છે ઉદાસ...૩૪

શ્રીજીમહારાજ હતા ત્યારે ભગા શેઠે મનધાર્યું કરી એકવાર રસોઈ આપેલી. મહારાજે કહ્યું કે, 'અત્યારે મંદિરનું કામ ચાલે છે, માટે તેમાં પૈસા આપો અને સંતો દાળ, રોટલા જમે છે માટે તમે સાદી

રસોઈ આપો, એમાં અમે રાજી છીએ.' છતાં તેઓ મહારાજની મરજી સમજી શક્યા નહીં, અને આગ્રહ કરીને પાકી રસોઈ બનાવડાવી. અને તે પણ માત્ર સંતો પૂરતી જ કરાવી અને પાર્ષદોને તારવી નાખ્યા. પછી મહારાજને કહ્યું, 'સંતોને પીરસવા આવો.' શ્રીહરિ તેમના માન ખાતર પીરસવા ગયા અને એક એક સંતના પત્તરમાં આઠ-આઠ દશ-દશ લાડુ પીરસી દીધા. પછી સંતો થોડું થોડું જમ્યા, વધ્યા એ લાડવા પાછા તાંસમાં ભરાવી લીધા. પછી મહારાજ ભગા દોશીને કહે, 'આ સંતોની પ્રસાદી છે, તેનું કેમ કરશું ?' ત્યારે તે કહે, 'અમારે એ ન ખપે.' ત્યારે મહારાજ કહે, 'તમે કહો તેમ આનું કરીએ.' ત્યારે શેઠ કહે, 'મહારાજ ! આપને યોગ્ય લાગે તેમ કરો.' ત્યારે શ્રીહરિ કહે, 'પાર્ષદોને પીરસી દઈએ ?' ત્યારે શેઠે કહ્યું, 'હા.. પીરસી દો.'

પછી મહારાજે તે પ્રસાદી પાર્ષદોને જમાડી. પાર્ષદો અતિશે રાજી રાજી થઈ ગયા. ભલુ થાજો ભગા દોશીનું કે એના પ્રતાપે અમને આ દિવ્ય પ્રસાદીનો લાભ મળ્યો. આવી તેમનાથી એકવાર ભૂલ થયેલી અને મનધાર્યું કરેલું. એ વાત જ્યારે તેમને યાદ આવે ત્યારે તેમને દિલમાં દુઃખ થતું.

માટે **સુખી થાવું હોય તો ક્યારેય મનધાર્યું ન કરવું. મોટાની પાસે નમી દેવાથી જ શાંતિ થાય છે.** ભગા દોશી વ્યવહારે મોટા હતાં તેથી સંતો પણ તેમને બહુ કહી શકતા નહીં, અને તેમાં તે પોતાનું ગૌરવ સમજતા. **ખરેખર તો જે મોટાની આગળ ફોતરાં જેવા હળવા થઈને રહે છે એ જ મોટા બની શકે છે.** પરંતુ આપણને અહં અને આસક્તિ, આ બે દોષો હેરાન કરે છે. દરેક બાબતના પાયામાં આ બે દોષો હોય છે. અહં અને આસક્તિ જાય તો જ મોટાની મરજી સમજી શકાય અને પાળી શકાય. જેમ કમોદનાં ફોતરાં કાઢી નાખ્યા પછી જ શુદ્ધ ચોખા મળે છે, એમ આપણે જ્યારે અહં અને આસક્તિરૂપી ફોતરાં કાઢી નાખશું ત્યારે જ શુદ્ધ આત્મચૈતન્ય પ્રગટશે, અને આત્મામાં પરમાત્માનાં

દર્શન પણ થશે. શિવલાલભાઈએ આ બંને કાઢી નાખ્યા હતા. ભગા દોશીને આ બંને કાઢવા થોડા બાકી હતા, તેથી થોડી અશાંતિ રહેતી.

એકવાર શિવલાલભાઈને તેમણે આ વાત કરી હતી. ત્યારે શિવલાલભાઈએ કહ્યું હતું, 'હે પિતાજી ! મહારાજને સ્થાને અત્યારે ગોપાળાનંદસ્વામી છે. તેમને તથા સંતોને રસોઈ આપી રાજી કરો તો તમારા અંતરમાં શાંતિ થશે. બાકી ઘણા રૂપિયા વાપરશો છતાં અંતરકજિયો મટશે નહીં.' પછી જ્યારે ગોપાળાનંદસ્વામી જૂનાગઢ પધારવાના હતા ત્યારે બાપ-દીકરો બંને જૂનાગઢ પધાર્યા. ભગા દોશીએ સંતો પાસે પોતાની ભૂલ સ્વીકારતાં કહ્યું, 'હું મહારાજની મરજી સમજી શક્યો ન હતો. તેનું કારણ મારામાં રહેલા અહં અને આસક્તિ જ હતા. તેથી મહારાજની મરજી સમજી શક્યો નહીં અને મેં મારું મનધાર્યું કર્યું હતું. એ મારા ભક્તપણાની ખામી છે.' એમ પશ્ચાત્તાપ કર્યો, અને નિર્માની થઈ બધું જ મોટા સંતોને કહી દીધું. પછી કહ્યું, 'જેમ આપ રાજી થાઓ તેમ કરવું છે, માટે કૃપા કરો.' એમ કહી ગોપાળાનંદસ્વામીને તથા ગુણાતીતાનંદસ્વામીને પોતાની રસોઈ લેવાની પ્રાર્થના કરી. બંને સંતોએ તેમની શુદ્ધ ભાવના જોઈ રસોઈની હા કહી.

બીજે દિવસે બોટાદવાળા શેઠ ભગા દોશી તરફથી રસ-રોટલીની રસોઈ રાખી. રાજભોગની આરતી થઈ રહ્યા પછી ગોપાળાનંદસ્વામી બ્રહ્મચારીની જગ્યામાં આવ્યા. ત્યાં બ્રહ્મચારી મહાપુરુષાનંદજીએ સ્વામીને કહ્યું કે, **"આ રસની કોઠીમાં આપનો હાથ બોળીને પ્રસાદીનો રસ કરી આપો."** ત્યારે સ્વામીએ પ્રસન્ન થઈને તે રસની કોઠીના તળિયા સુધી પોતાનો જમણો હાથ બોળ્યો. પછી તે હાથ બહાર કાઢતી વખતે બ્રહ્મચારી મહાપુરુષાનંદજીએ પોતાના જમવાના પત્તરમાં સ્વામીનો રસવાળો હાથ લૂઈ બધો જ રસ લઈ લીધો. પછી સ્વામીનો હાથ જળે કરીને ધોઈ દીધો. મહિમાવાળા સંત-ભક્તની વાત અલૌકિક છે.

મહિમા મોટા સંતનો, રાખતા આવો અનંત;
તેથી સુખ બહુ આપતા, રાજી થઈ ભગવંત...૩૫
અંતઃશત્રુ સહુ ભાગતા, તેથી સુખે થતું ભજન;
મહિમાવાળા હોય તેનું, સહુને રહેતું વજન...૩૬

પરસ્પર આવો મહિમા હતો, તેથી આખું વાતાવરણ દિવ્ય રહેતું. ગોપાળાનંદસ્વામીની કૃપાને અને મહાપુરુષાનંદ બ્રહ્મચારીના મહિમાને લાખો વંદન છે. કેટલો બધો સ્વામીનો મહિમા હશે ? ત્યારે આમ પ્રસાદ લેવાય. અને જેના અંતરમાં આવો મહિમા હોય તેના અંતરમાંથી કામ, ક્રોધ, લોભ, માન આદિ તમામ અંતઃશત્રુ તથા વાસના ઊભી પૂંછડીએ ભાગી જાય. મહિમાવાળાને સુખેથી ભજન થાય અને મહિમાવાળાનો જ સહુને ભાર પડે છે. અભાવ-અવગુણ લેવાવાળાનો કોઈને વજન પડતો નથી. જેને કેવળ નેગેટીવ સાઈડ જોવાની અને અભાવ લેવાની ટેવ હોય એ તો ગમે ત્યારે ભૂંડે હાલે હેરાન થાય છે. તેના અંતરમાં ક્યારેય શાંતિ થતી નથી. માટે પરસ્પર મહિમા રાખવો જોઈએ, તો જ મહારાજ આનંદ આપે છે.

પછી ત્યાંથી સ્વામી સાધુના ભંડારમાં પધાર્યા, ત્યારે ભંડારી સંતોએ કહ્યું જે, “સ્વામી ! ઠાકોરજીને થાળ ધરાઈ ગયો છે; તો તમે પ્રથમ જમી લિયો, ત્યાર પછી હરે કરીએ.” પછી સ્વામી ભંડારમાં બાજોઠ ઉપર બેસીને રસ રોટલી જમ્યા. તે પછી ‘હરે’ શબ્દ થતાં સંતોની ત્યાં પંક્તિ થઈ. સહુ સંતો પત્તર લઈને બેસી ગયા. ધૂન કરવા લાગ્યા. **ત્યારે ગોપાળાનંદસ્વામી પોતાનું પત્તર લઈને સાધુને પીરસવા પધાર્યા** અને બીજા સાધુઓ રસનાં તપેલાં ભરીને લાવ્યા.

તેમાંથી સ્વામી પત્તર ભરી ભરીને સંતોને પીરસવા લાગ્યા, અને ગુણાતીતાનંદસ્વામી રસમાં દળેલી સાકર પીરસવા લાગ્યા, અને શુકાનંદસ્વામી રસમાં ઘી પીરસવા લાગ્યા; એવી રીતે પીરસી સૌ સંતોને

તૃપ્ત કર્યા. પછી જમીને સૌ સંતો સભામાં આવ્યા. ત્યારે ભગા દોશીએ અને શિવલાલ શેઠે સૌ સંતોને ચંદન અર્ચી, ચાંદલા કરી, ફૂલના મોટા મોટા હાર પહેરાવ્યા, ધોતિયાં ઓઢાડ્યાં. પછી દંડવત્ કરી પગે લાગ્યા, **તે વખતે શેઠ ભગા દોશીના અંતરમાં શાંતિ થઈ ગઈ.** પહેલાં મનધાર્યું, ડહાપણ કર્યું હતું તેનો જે પરિતાપ હતો તે શમી ગયો. આમ મોટા સંતની કૃપા થાય તો હૈયામાં આનંદ લહેરાય.

આવો આનંદ આપતા, મોટા સંતો હરખાય;
મહિમાવાળા માણતા, આવું સુખ સદાય...૩૭
મોટાને રાજી કરતા, શ્રીહરિ રાજી થાય;
દુઃખ સર્વે તર્ત ટળે, અંતરે શાંતિ થાય...૩૮
હરિ વસે હરિજનમાં, ત્યાંથી કરે પ્રકાશ;
સંતોરૂપે રહી હરિ, ભક્તોની પૂરે આશ...૩૯

આ રીતે મહારાજ મોટા સંતોમાં રહીને સહુને આનંદ આપે છે. જે મોટા સંતને રાજી કરે છે તેના ઉપર શ્રીહરિ તત્કાળ રાજી થાય છે, તેનાં સર્વે દુઃખો ટાળે છે, તેનાથી અંતરમાં ભગવાનનો વાસ થાય છે, સત્ય જ્ઞાનનો પ્રકાશ થાય છે; આમ શ્રીહરિ સંતોરૂપે રહી ભક્તોની આશા પૂરે છે.

ઐસે મેરે જન એકાંતિક, તેહિ સમ ઓર ન કોઈ;
મુક્તાનંદ કહત યું મોહન, મેરો હી સર્વસ્વ સોઈ.

આ પંક્તિને સમજાવતાં ગુણાતીતાનંદસ્વામી કહેતા, એવા સાધુ મળ્યા છે, ત્યારે શી વાતની કમી રહે ? કેમ જે, **ભગવાન એવા સાધુમાં રહીને પોતાનું દર્શન દે છે, વાતો કરે છે, મળે છે ને દષ્ટિ માંડીને જુએ છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે. એવી રીતે વાતો કરીને સુખિયા કરી નાખ્યાં હતાં.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'બાપ કરતાં બેટો સવાયો' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

શ્રીહરિની બોટાદમાં સત્સંગ અભિવૃદ્ધિની ઈચ્છા

દોહા : **ભગા દોશી શિવલાલનું, કહેતા આ આખ્યાન;**
વચ્ચે બોટાદ મંદિરનું, થોડું દઈ દઉં 'જ્ઞાન'...૪૦

બોટાદવાસી ભક્તો નસીબદાર છે. કેમ જે, અહીં શિવલાલ શેઠ, ભગા દોશી અને દાદા ખાચર જેવા અનેક ભક્તોનો જન્મ થયો છે. અને જ્યારથી બોટાદમાં સત્સંગના શ્રીગણેશ થયા ત્યારથી બોટાદનો સત્સંગ શ્રીહરિની ઈચ્છાથી દિનપ્રતિદિન આજ દિવસ સુધી વધતો ને વધતો જ રહ્યો છે. પહેલું મંદિર ગોપાળાનંદસ્વામીએ દક્ષિણાદાબારનું બંધાવ્યું હતું. પછી સત્સંગ વધતા બીજું મંદિર ત્યાં જ ગુણાતીતાનંદસ્વામીએ શિવલાલ શેઠ દ્વારા હવેલી કરાવીને ઉગમણાબારની મૂર્તિ સ્થાપીને કર્યું હતું. વળી, સત્સંગ વધતા ત્રીજું મંદિર જોગેશ્વરસ્વામીએ ઉતરાદાબારનું હરિમંદિર બનાવ્યું હતું. અને એમાં વહાલા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સ્થાપી હતી. અને વળી, સત્સંગ ખૂબ ફૂલ્યો ફાલ્યો. આઠસો ઘરથી વધારે સત્સંગીઓના ઘર બોટાદમાં જ્યારે થઈ ગયા ત્યારે ગઢડાના પૂ.વિષ્ણુપ્રસાદસ્વામીએ ત્રણ શિખરનું ઉગમણાબારનું ધ્રાંગધ્રાના પથ્થરનું ભવ્ય મંદિર સત્સંગીઓના સર્વ પ્રકારના યોગદાન દ્વારા નિર્માણ કર્યું છે.

અને તે મંદિરમાં જેની છાતીના ધબકારા સંભળાય એવા હરિકૃષ્ણ મહારાજ પ્રગટ બિરાજે છે. શ્રીહરિના પ્રતાપે અહીં ભક્તોને કૌટુંબિક, શારીરિક અને આંતરિક શાંતિનો અનુભવ થાય છે. શ્રીહરિના સમયથી બોટાદ સત્સંગસમાજની સેવા અજોડ છે.

બોટાદના ભક્તોની તન, મન, ધનથી ગઢડા, સારંગપુર, કારિયાણી, કુંડળ અને ધોલેરા સુધી બધા જ ધામમાં ખૂબ જ સેવા રહી છે. વળી, બોટાદના ભક્તો શ્રદ્ધાવાન, નિષ્ઠાવાન, ભક્તિવાન અને સંતપ્રેમી છે. સદા આવો સત્સંગ રહે એ માટે મહારાજને પ્રાર્થના કરીએ.

મોંઘા મારા નાથને, કરું કોટી નમસ્કાર;
હેતે સંભારું મૂર્તિ, કરી અતિશય પ્યાર...૪૧

સુખદાતા છો શ્રીહરિ, તમે જ સહુના સદાય;
રાજી કરું હું આપને, હરિજનના ગુણ ગાય...૪૨

ધન્ય ધન્ય બોટાદ ગામને, ધન્ય અહીંના હરિજન;
સ્વીકારી પ્રભુ પ્રગટને, જે થયા અતિ પાવન...૪૩

ધન્ય ધન્ય એની નિષ્ઠાને, જેણે કર્યું સમર્પણ;
રાતદિવસ હૃદિયા માંહી, કર્યું છે હરિસ્મરણ...૪૪

સત્સંગ વધાર્યો ગામમાં, ઓળખાવ્યા ભગવાન;
રીઝવ્યા સંતો સ્નેહથી, અતિ સેવી શ્રદ્ધાવાન....૪૫

એવા બોટાદ ગામમાં, હતા હરિજનો અપાર;
શિવલાલ ભગા દોશીને, વખાણું છું કરી પ્યાર...૪૬

આવા મુક્તો સમાન ભક્તોનો મહિમા તથા ગુણો ગાવાથી આપણું હૈયું હરિ સાથે એકતા પામે છે.

બોટાદ જૈન સંપ્રદાયનું થાણું ગણાતું હતું. તેથી અહીં સત્સંગ થવો ઘણો કઠણ હતો. શ્રીહરિ નજીક ગઢપુરમાં જ બિરાજતા, પરંતુ બોટાદમાં સત્સંગ થતો ન હતો. આજુબાજુના ઘણાં ગામો શ્રીહરિ અને સંતોથી પ્રભાવિત થઈને સત્સંગી થયા, સત્સંગ અને ભક્તિના રંગે રંગાયા. બોટાદમાં મુમુક્ષુ ઘણા હોવાથી શ્રીહરિને ત્યાં સત્સંગ કરાવવાની તથા વધારવાની ઈચ્છા હતી.

હમીર ખાચર કારિયાણીના માંચા ખાચરના ભાયાતો હોવાથી તથા ભગા દોશી વગેરે થોડા વ્યાપકાનંદસ્વામીના યોગથી સત્સંગી થયા હતા, પરંતુ સત્સંગ વધતો ન હતો.

પછી એકવાર શ્રીહરિએ ગઢપુરમાં સંતોને કહ્યું, 'હે પરમહંસો ! તમો ગામડે ગામડે અમારી ઓળખાણ કરાવવા જાઓ.' સહુ સંતોએ હા પાડી. મહારાજ કહે, 'બોટાદ કોણ જશે ?' પણ કોઈ સંતો બોલ્યા નહિ. કેમ જે, અહીં નાસ્તિકોને આસ્તિક કરવાના હતા. તેમ કરતા ક્યારેક ખોટો ઝઘડો ઊભો થાય, માથાકૂટ થાય તેવી શક્યતા હતી, તેથી કોઈ સંતો તૈયાર ન થયા.

એકવાર શ્રીહરિએ ગઢપુરથી વડતાલ જતા એક સંત સાથે કૈવલ્યાનંદસ્વામીને બોટાદમાં થઈને નીકળવાનું કહેલું. પછી તે સ્વામી બોટાદ સોંસરા થઈને રોજીદ ગામની ભાગોળે શ્રીહરિને ભેગા થયા. ત્યારે મહારાજે પૂછ્યું, 'બોટાદમાં તમને જોઈને કોઈએ કાંઈ કહ્યું ?' ત્યારે સાથે હતા તે ભાયાત્માનંદસ્વામી કહે, 'મહારાજ શું બોલે ?' આ મહાપુરુષ તો જૈનોના દિગંબર પંથની જેમ ધોતી કાઢી બગલમાં રાખી બોટાદમાં આંટો મારી નીકળી ગયા. કેવળિક સાથે તે કેવળિક થઈ ગયા, તેથી કોઈ કાંઈ બોલ્યું નહીં. આવું બોટાદગામ મોટેભાગે જૈનમતમાં માનવાવાળું હતું. તેથી દિગંબર સાધુને જુએ તોપણ કોઈને ખરાબ કે ખોટું લાગતું ન હોવાથી કોઈ કાંઈ નિંદા-ટીકાત્મક બોલતા ન હતા.

એકવાર ભગા દોશી ગઢપુર આવ્યા હતા. ત્યારે શ્રીજીમહારાજ આગળ સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ભગા દોશીએ મહારાજને કહ્યું, 'હે હરિ ! અમારા બોટાદ ગામમાં સત્સંગ વધે તે માટે આપ કૃપા કરીને કોઈ પ્રતાપી સંતને મોકલો.' ત્યારે શ્રીહરિ કહે, 'બોટાદમાં સત્સંગ વિકસે તેવું અમે પણ ઈચ્છીએ છીએ. માટે આ સભામાંથી

તમને જે સંત પસંદ પડે તેને તમે બોટાદ લઈ જાઓ.' ભગા શેઠે મુક્તાનંદસ્વામી ઉપર પસંદગી ઉતારી. હાથ જોડી શ્રીહરિને કહ્યું, 'હે હરિ ! આ મુક્તાનંદસ્વામીને મંડળ સાથે અમારે ગામ મોકલો.'

ત્યારે શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને આજ્ઞા કરી. તેથી સ્વામી ભગા દોશી સાથે બોટાદ પધાર્યા. ભગા દોશીનું બે ઓરડા ઓસરીવાળું ઉતરાદાબારનું એક મકાન હતું. તેનું ફળિયું ઘણું મોટું હતું. આ મકાનમાં એક ઓરડો સંતોને ઉતારા માટે ખાલી કરી આપ્યો અને એક ઓરડામાં તેઓ રહેતા હતા. બંને ઓરડાની ઓસરીમાં વચ્ચે પડદો બાંધી દીધો. ત્યાં મુક્તાનંદસ્વામી સમંડળ ઉતર્યા. બે દિવસ રોકાયા.

પરંતુ સાંપ્રદાયિક મર્યાદા અનુસાર સંતો બહાર ફળિયામાં હોય તો ઘરના કોઈ બહેનોને બહાર નીકળાય નહીં, અને બહેનો કોઈ કામકાજ માટે બહાર હોય તો સંતોને ઓરડા બહાર નીકળાય નહીં. આવી મુશ્કેલી બંનેને અનુભવાતી હતી. તેમ છતાં બે દિવસ ત્યાં રોકાયા પછી મુક્તાનંદસ્વામીએ ભગા દોશીને કહ્યું, 'અહીંયાં અમને બહુ અનુકૂળ આવતું નથી. માટે અમને સાધુ-સંતોને ઉતારા કરવા ફાવે એવી કોઈ સ્ત્રીરહિત જગ્યા-આશ્રમ હોય તો સારું. તમે ગામમાં શોધ કરો. જો એવી એકાંત જગ્યા મળી જાય તો અમે અમારી મેળે ત્યાં રાડાની ઝૂંપડી બાંધી લઈશું. અહીંયાં અમને અને તમને બંનેને થોડું પ્રતિકુળ પડે છે.'

પછી ભગા દોશીએ કહ્યું, 'સારું સ્વામી, હું ગામમાં તપાસ કરું છું.' પછી ભગા દોશીએ ગામમાં તપાસ કરી. ત્યારે ગામમાં એક અલાયદી ગેબી બાવાજીની જગ્યા હતી, તે તેમને યાદ આવ્યું. તે બાવાઓ અવારનવાર ભગા દોશીને નગરશેઠ જાણી તેમને ત્યાં બોલાવતા હતા, પરંતુ ભગા દોશી ક્યારેય ત્યાં જતા નહીં. તે ગેબી બાવાના મંડળમાં જે મુખ્ય બાવાજી હતા તેની ઉંમર ૧૨૫ વર્ષની હતી. તેઓ ૨૫ વર્ષની

ઉંમરે અયોધ્યાથી દ્વારકાની તીર્થયાત્રા કરતાં કરતાં બોટાદ આવ્યા હતાં.

અને બોટાદમાં આ જગ્યા તેઓને પસંદ પડતા ત્યાં શિષ્યો સાથે કાયમી રોકાઈ ગયા હતા. તેઓને છ-સાત શિષ્ય થયા હતા. તેઓએ પોતાની રીત પ્રમાણે પોતપોતાની એક એક કૂઈ કરાવી હતી. મોટા બાવાજી માટે એક મોટી કૂઈ કરાવી હતી, અને દરેકના પોતપોતાના અગ્નિના ધૂણા રાખ્યા હતા. તેઓ ૧૦૦ વર્ષથી બોટાદમાં આ સ્થાનમાં સહુને ભજન-સત્સંગ કરાવતા થકા રહ્યા હતા. તેમનું ગામમાં ઘણું માન હતું, અને સર્વે સંતો ખૂબ ભાવિક, તપસ્વી અને સાત્વિક હતા.

ભગા દોશીએ આ જગ્યાનો વિચાર કરી મુક્તાનંદસ્વામીને કહ્યું કે, 'ગામમાં એક ગેબી બાવાજીની જગ્યા છે, અને તે જો આપને અનુકૂળ આવે અને તે બાવાજી ભેળું ફાવે તો હું તેમને પૂછી લઉં.' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'તેઓ હા પાડતા હોય તો અમને સંતોને સંતો ભેળું અનુકૂળ આવશે. માટે તમે જાઓ, તેમને મળીને વાત કરો.'

ત્યારે ભગા દોશી જઈને તે બાવાજીને મળ્યા. તેથી તે આખું મંડળ બહુ રાજી થયું અને કહે, 'आईए आईए नगरशेठ ! आज आप अचानक आये, क्या हमारे लायक कुछ काम पडा है ? बिना संकोच कहिए।' ત્યારે શેઠે કહ્યું, 'હા સંતો, એટલે જ હું અહીં આવ્યો છું. અમારા ગુરુ મુક્તાનંદસ્વામી બે દિવસથી અમારે ઘેર ઉતર્યા છે. સ્વામી અમને ભજન-કીર્તન, કથા-વાર્તારૂપ સત્સંગ કરાવે છે. પણ સ્વામી સ્ત્રી-ધનના ત્યાગી અને અમારું ગૃહસ્થનું ઘર, તેથી બહુ ફાવતું નથી. જો આપ તેમને અહીં ઉતરવાની થોડી સગવડતા કરી આપો તો બહુ સારું. તેઓને એક મહિનો રોકાવાનું છે. આપને જો કોઈ મુશ્કેલી ન હોય તો આટલું મારું કામ કરી આપો. અમો અહીં રાડાની ઝૂંપડી અમારી મેળે સંતો માટે બનાવી દઈશું.'

તે વાત સાંભળી તે બાવાજી અને તેમના મંડળના બધા જ સંતો

ખૂબ રાજી થયા અને બાવાજીએ કહ્યું, 'बहोत अच्छा, संत हमारे आंगन कहाँसे..? संतों को भेज दो, ऐसे महेमान सबको नहि मिलते। सब संत यहाँ रहेंगे तो हमे बहुत आनंद होगा। हम सब सुविधाएँ कर देंगे। इसमें भी मुक्तानंदस्वामी का नाम तो हमने भी सुना है। वे तो बहुत बडे संत हैं। उनकी साधुता की सुगंध सारे संसार में फैली है। इसलिये ऐसे संत आकर यह जगह में रहकर सारे गाँव को दर्शन देंगे, सत्संग करायेंगे; ये तो हम सभी के लिये बडे सद्भाग्य की बात है। ऐसे संत की सेवा थोडे पुण्यवाले को नहीं मिलती, ऐसा हम भलीभाँती जानते हैं।'

આ વાત સાંભળી ભગા દોશી બહુ રાજી થયા. ઘેર આવી મુક્તાનંદસ્વામીને વાત કરી. મુક્તાનંદસ્વામી કહે, 'સવારે અમે ત્યાં રહેવા જઈશું.' આ બાજુ તે બાવાજીના શિષ્યમંડળને સંતો સવારે આવવાના છે, તેનો ઘણો આનંદ હતો. તેથી તેઓએ રાતોરાત પોતે જ રાડાની બે પડાળી ઝૂંપડી સંતોને માટે તૈયાર કરી વાળી. મુક્તાનંદસ્વામી સમંડળ સવારે ત્યાં ગયા. સંતો સંતોને મળ્યા ને પ્રેમથી ત્યાં ઉતારા કર્યા. બંને મંડળોને ખૂબ હેત-પ્રીત થયા.

ધન્ય ધન્ય આવા સંતને, જેને સંતમાં પ્યાર;
બાકી નાતે ગત સહુની, હોય પરસ્પર ખાર...૪૭
સાચા ઓળખે સાચાને, ખોટાને ન કળાય;
ખોટા ખાસડા ખાય છે, સાચા તરી જાય...૪૮

થોડા દિવસ બાદ તે બાવાજીએ મુક્તાનંદસ્વામીને વાત કરી, 'स्वामीजी ! अब मेरी उम्र बहुत ज्यादा हो चूकी है। मैं सो साल से अयोध्या छोडकर इस देश में आया हूँ। मगर मैं ऐसा चाहता हूँ कि, मेरी अंतिम उम्र अयोध्या में रघुनाथजी की रमणभूमि में ही बीते। इसलिये मैं और मेरे शिष्य सब संत कल अयोध्या जा रहे हैं। शायद हम वापस नहीं आयेंगे और मेरे शिष्य भी कोई वापस यहाँ नहीं आयेंगे। यदि मेरे शिष्य

यहाँ आये तो यह जगह उनकी है ही। मगर ये कोई यहाँ न आये तो यह जगह आप आपकी समझना।'

આવું કહી બીજે દિવસે ગેબી બાવાજી સમંડળ અયોધ્યા ગયા. ત્યાં તેઓએ દેહ છોડી દીધો અને એમના શિષ્યો કોઈ પરત બોટાદ આવ્યા નહીં. મુક્તાનંદસ્વામી બોટાદ ગામની સર્વે જનતાને સત્સંગનો એક મહિનો લાભ આપી સમંડળ ગઢપુર પધાર્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શ્રીહરિની બોટાદમાં સત્સંગ વધે એવી ઈચ્છા' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

બોટાદમાં સત્સંગની અભિવૃદ્ધિ તથા ચરણારવિંદ પધરાવ્યા

વહાલા ભક્તો ! આ રીતે મુક્તાનંદસ્વામી બોટાદમાં રોકાણા તો ખરા, પરંતુ જૈન સંપ્રદાયનું બહુ બળ હોવાથી મોટા મોટા વિદ્વાન સંતોથી પણ સત્સંગમાં વધારો થયો ન હતો. આવું બોટાદમાં સત્સંગ વધારવાનું કામ કપરું હતું. હવે બોટાદમાં સત્સંગવૃદ્ધિ કેવી રીતે થઈ? મંદિરની જગ્યા કેવી રીતે પ્રાપ્ત થઈ ? બોટાદમાં સૌપ્રથમ મંદિર કોણે બનાવ્યું ? પછી ત્યારબાદ મંદિરમાં કેટલા ફેરફારો થયા ? તે વગેરે વાત વિસ્તારથી વર્ણવું છું.

બોટાદમાં સત્સંગની અભિવૃદ્ધિ માટે એકવાર ગઢપુરમાં બિરાજમાન શ્રીજીમહારાજે ધ્યાનાનંદસ્વામી તથા સાંખ્યાનંદસ્વામીને કહ્યું જે, 'હે સંતો ! તમે બંને બોટાદ જાઓ ને ત્યાં સત્સંગ કરાવો.' ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! અમે કાંઈ ભણ્યા નથી. વાતો કરતા આવડતું નથી, તેથી શું વાતો કરીએ ? અને ત્યાં તો મોટા

મોટા વાતોના કરનારા વિદ્વાન સંતોથી પણ સત્સંગ વધ્યો નથી; તો અમારાથી શું થાય ?'

પછી મહારાજ કહે કે, "મહાપુરુષો ! જાઓ, તમારાં વર્તન વાતું કરશે અને તેથી જરૂર સત્સંગની અભિવૃદ્ધિ થાશે." પછી બન્ને સંતો શ્રીહરિનો આવો આશીર્વાદ માથે ચડાવી બોટાદ ગયા અને હાલ જ્યાં મંદિર છે ત્યાં ઉતાવળી નદીના કાંઠા તરફ જ્યાં મુક્તાનંદસ્વામી ઉતર્યા હતા અને જે જગ્યા ગેબી બાવાઓની હતી અને તે બાવાજી અયોધ્યા ચાલ્યા ગયા હતા, તે જગ્યામાં જાળના ઝાડ હતા, તેની નીચે બેસી બંને સંતો ભૂખ્યા-તરસ્યા રોજ ધ્યાન ધરતાં હતાં. એમ ધ્યાન કરતાં થોડાક દિવસ થયાં એટલે તેમનાં તે વર્તનની ગામમાં ખબર થઈ. તેથી સહુને તેવાં વર્તનની ઘણી છાપ પડી. સહુ વખાણવા લાગ્યા. 'અહો..! આ તો કેવા મહાન સંતો છે..! ખાધાં-પીધાં વિના આખો દિવસ ધ્યાનમાં બેસી રહે છે.'

અને જે જૈન વણિક લોકો હતા તેમને તો મનમાં એવો અહોભાવ જાગ્યો જે, 'આપણા ગામમાં ખરા કેવળિક આવ્યા છે. કેમ જે, તે તો ચોવીસે કલાક ધ્યાનમાં બેસી રહે છે. તેથી તેનાં દર્શનથી જ આપણા તો પાપો બળી જાય. માટે ચાલો એમનાં દર્શને જઈએ અને વાતો પણ સાંભળીએ.' એવું વિચારીને કેટલાક જૈન વાણિયા હતા તે આવી આવીને સંતના ચરણમાં વંદના કરતાં હતાં. ને કહેતા, 'તમે તો સાક્ષાત્ કેવળિક છો. કાંઈક અમારું અન્ન-જળ લો, જેથી અમારું ભલું થાય અને અમને કાંઈક બે શબ્દ બોધના કહો.'

ત્યારે સંતે તેમનું ભલું કરવા તેમનાં અન્ન-જળ-ફળ સ્વીકાર્યા. તેથી તે જૈન વાણિયાના પાપ બળ્યા અને પુણ્ય ઉદય થયું. પછી પ્રગટ ભગવાન સ્વામિનારાયણની કલ્યાણકારી જેવી આવડે તેવી દિવ્ય વાતો કરી. તેથી કેટલાક જૈન વણિક વર્તમાન ધરાવીને સત્સંગી થયા અને

બીજા પણ ઘણા માણસોએ સત્સંગ સ્વીકાર્યો. આ રીતે અહીં બોટાદમાં સત્સંગનો વધારો થયો.

દોહા : **ગુણ આવતા સંતનો, બળ્યા બધા પાપ;**
તેથી સંત સેવાનો, ભાવ જાગ્યો અમાપ...૪૯
ગુણ આવે જો સંતનો, તરત સત્સંગ થાય;
માટે ગુણ આવે એવું, કરવું જોઈએ સદાય...૫૦

થોડા વર્ષો બાદ એકવાર મુક્તાનંદસ્વામી સંતમંડળ સાથે બોટાદ ફરીવાર આવ્યા હતા. ત્યારે પેલા બાવાજીનાં કહેલાં વચન યાદ આવ્યા. તેથી મુક્તાનંદસ્વામીએ ભગા દોશીને પૂછ્યું, 'પેલા ગેબી બાવાજી અયોધ્યાથી આવ્યા છે કે નહીં ? કેમ જે, એમણે કહ્યું હતું કે અમે ન આવીએ તો આ જગ્યા તમે તમારી જાણજો.' ત્યારે ભગા દોશીએ કહ્યું, 'તે કોઈ પાછા આવ્યા નથી. અને ત્યાંથી એવા સમાચાર પણ છે કે, મુખ્ય બાવાજી દેવલોક પામ્યા છે, અને એમના કોઈ શિષ્યને અહીં આવવાની ઈચ્છા નથી. તેથી તેઓ આવવાના પણ નથી.'

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'તો આપણે તે જગ્યાનો મંદિર માટે દસ્તાવેજ કરાવી નાખો.' ભગા દોશીએ કહ્યું, 'સારું સ્વામી.' ભગા દોશી બહુ હોશિયાર હતા. તેમણે મનમાં વિચાર્યું કે, 'જો મંદિરના નામે પ્રથમથી જ દસ્તાવેજ કરાવીશ તો અહીં સ્વામિનારાયણનું મંદિર થાય છે, એમ જાણી જૈન સંપ્રદાયના કોઈક લોકો વિરોધ કરશે.' તેથી ભગા દોશીએ ભાવનગર જઈ પોતાના નામે તે જગ્યાનો દસ્તાવેજ પ્રથમ કરાવ્યો. પછી તે જમીન તેમણે શ્રીજીમહારાજને સમર્પણ કરી. એટલે કોઈ જૈન લોકો બોલી શક્યા નહીં.

પછી જ્યારે જ્યારે સંતો બોટાદ પધારે ત્યારે તે જગ્યામાં જ ઉતારા કરતા. સાંખ્યાનંદસ્વામી અને ધ્યાનાનંદસ્વામી વગેરે સંતોએ અહીં ઉતારા કરી બોટાદમાં ઘણો સત્સંગનો વિકાસ કર્યો હતો. અને

એમ પણ કહેવાય છે કે, તે બંને સંતો તો ત્રીસ-ચાલીસ વર્ષ સુધી બોટાદ રોકાયા હતા.

જ્યારે મહારાજે બોટાદમાં રંગોત્સવ કર્યો ત્યારે પણ સંતોના ઉતારા આ જગ્યાએ રાખ્યા હતા. અને શ્રીહરિ પણ અહીં ઘણીવાર સંતોને દર્શન દેવાં માટે પધારતા હતાં. આમ, શ્રીહરિએ આ જગ્યાને ઘણીવાર પ્રસાદીની કરી છે.

હતી ઈચ્છા શ્રીજીની, તેથી થયો વિકાસ;
હરિ ઈચ્છા બળવાન છે, સમર્થ શ્રીઅવિનાશ...૫૧
જાણી હરિની જ ઈચ્છા, કરીએ જો એ કામ;
જરૂર સફળ થાય તે, રાજી થાય તમામ...૫૨
ઈચ્છા હરિની હોય નહિ, કરવા જઈએ તે કામ;
સફળતા કોઈ દિ' મળે નહિ, કાં થઈએ બદનામ...૫૩
જાણવું સર્વે યશના, ભોક્તા છે ભગવાન;
ભૂલે પણ ન ભોગવવો, તે યશ આપણે 'જ્ઞાન'...૫૪

પછી બોટાદમાં ત્યાં સૌ પ્રથમ ગોપાળાનંદસ્વામીએ ભગા દોશી દ્વારા દક્ષિણાદાબારનું એક નાનું હરિમંદિર કરાવી, તેમાં શ્રીહરિની ચિત્રપ્રતિમા પધરાવીને આરતી ઉતારી પ્રતિષ્ઠા કરી હતી. સહુ બોટાદવાસી ભક્તો તેમાં ભજન-ભક્તિ કરતા હતા, અને સંતો પછી ત્યાં જ ઉતરતા-રહેતા હતા. આ બોટાદ ગામનું સૌ પ્રથમ મંદિર હતું.

ત્યારબાદ સં.૧૯૦૫ આસો વદ-૫ ના રોજ સારંગપુરમાં ગોપાળાનંદસ્વામીએ કરોડોના કષ્ટ દૂર કરે એવા કષ્ટભંજન હનુમાનજી મહારાજને પધરાવી પ્રતિષ્ઠા કરી. ત્યારે બોટાદના દાહા ખાચર, ભગા દોશી, શિવલાલ શેઠ વગેરે ભક્તોએ સારંગપુર જઈ ગોપાળાનંદસ્વામીને પ્રાર્થના કરી, 'હે સ્વામી ! બોટાદમાં પણ આવું કોઈ અવલંબન કરી આપો તો સારું.' સ્વામીએ રાજી થઈ હા પાડી.

પછી ગોપાળાનંદસ્વામીએ કડિયા કાના ખોડાને આરસના પથ્થરમાં શ્રીહરિના ચરણારવિંદ કોતરી તૈયાર રાખવાની આજ્ઞા કરી. પછી સ્વામી સારંગપુરથી નીકળી ગઢપુર દિવાળી-અન્નકૂટનાં દર્શન કરવા માટે પધાર્યા. બેસતુંવર્ષ કરી સ્વામી ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવા માટે બોટાદ પધાર્યા. કાનાભાઈને ગોપાળાનંદસ્વામીને રાજી કરવાનો ખૂબ જ ભાવ હતો. પણ ઉતાવળમાં ડાબા ચરણના ચિહ્નો જમણા ચરણમાં અને જમણા ચરણનાં ચિહ્નો ડાબા ચરણમાં કોતરી નાખ્યાં હતાં. સ્વામી બોટાદ આવ્યા ત્યારે તે ગોપાળાનંદસ્વામી પાસે ચરણારવિંદ લઈને આવ્યા. પછી સ્વામીએ તે જોઈને કહ્યું, 'આ તો અવળાં ચિહ્નો થયાં છે.' ત્યારે કાનાભાઈને મનમાં થયું કે, 'અરેરે..! મારે તો સ્વામીને રાજી કરવાના હતા, પરંતુ મારે મોટી ભૂલ થઈ ગઈ. સ્વામી કુરાજી થઈ જશે.' પરંતુ ભાવિક ભક્તનું ભાવિક હૈયું જોઈને તેની ચિંતા ટાળતા ગોપાળાનંદસ્વામીએ કહ્યું,

કાના તું કરીશ નહીં, ચિંતા મનમાં જરાય;
ભલે ભાઈ જે થયું તે, માનવી હરિ ઈચ્છાય...૫૫
ભલે ચિહ્નો છે અવળા, મૂકું છું મહા પ્રતાપ;
કામ થશે સહુ સવળા, ટળશે વિઘ્ન અમાપ...૫૬
આ ચરણારવિંદમાં, દૈવત મૂકું અપાર;
અવળા કામ સવળા થશે, કરશે બેડો પાર...૫૭
હું તેને પધરાવી દઉ, રાજી થઈને અમાપ;
કષ્ટભંજન દેવ જેવો, મૂકું એમાં પ્રતાપ...૫૮

ત્યારબાદ **સં.૧૯૦૬ કારતક સુદ ભાઈબીજને દિવસ** એટલે કે સારંગપુરમાં હનુમાનજી પધરાવ્યા તેના બારમે દિવસે બોટાદમાં ગોપાળાનંદસ્વામીએ હરિભક્તોના સુખાર્થે ચરણારવિંદ પધરાવ્યા, અને તેની પ્રતિષ્ઠા કરી, પોતાના શિષ્ય બાલમુકુંદસ્વામી પાસે આરતી

ઉતરાવી, અને તેમાં પોતાના પ્રતાપથી પ્રગટ ભગવાન જેટલું દૈવત મૂક્યું. ત્યારે ચાલુ આરતીએ ચરણારવિંદમાંથી અપાર તેજ નીકળ્યું, તેનાથી આખો સભાખંડ છવાઈ ગયો હતો.

પ્રતિષ્ઠાવિધિ પૂરો થયા પછી સર્વ તેજ ચરણારવિંદમાં સમાઈ ગયું હતું. ત્યારે ગોપાળાનંદસ્વામીએ સર્વ સંતો-હરિભક્તોને કહ્યું, 'હે સંતો ! હે હરિભક્તો ! સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણના આ ચરણારવિંદ અહીં સાક્ષાત્ પ્રતિષ્ઠા પામ્યા છે. આ ચરણારવિંદનાં જે કોઈ દર્શન કરશે, પ્રદક્ષિણા ફરશે, કોઈ પણ પ્રકારની મનોકામનાથી ચરણારવિંદની બાધા રાખશે, તેના શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વ મનોરથને પૂર્ણ કરશે. માટે સર્વ કોઈ હરિભક્તો તમારા જીવનમાં કોઈ પણ દુઃખ, મુશ્કેલી, વિઘ્ન આવી પડે ત્યારે આ ચરણારવિંદનાં દર્શન કર્યાનો અથવા અમુક સંખ્યામાં પ્રદક્ષિણા ફર્યાનો નિયમ રાખજો. અને જ્યારે દર્શન-પ્રદક્ષિણા કરો ત્યારે ગ્રામ્યવાર્તાનો ત્યાગ કરી પરમાત્માનું એકાગ્રચિત્તથી સ્મરણ કરતાં કરતાં પ્રદક્ષિણા કરશો અને અમારા વચનમાં વિશ્વાસ રાખી, શ્રીસ્વામિનારાયણ ભગવાનને સમર્થ માની દૃઢ શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક નિયમ પૂરું કરશો તો તમારું કાર્ય ચોક્કસ સફળ થશે; એવા અમારા આશીર્વાદ છે.'

મોટા સંતો કહેતા કે, તેથી વર્ષો સુધી ચરણારવિંદની પ્રતિષ્ઠાના દિવસે એટલે કે દર ભાઈબીજના દિવસે તે ચરણારવિંદમાંથી તેજ નીકળતું હતું, અને તેનાં ઘણા હરિભક્તોને દર્શન થતાં હતાં, અને અપરંપાર પ્રતાપ જણાતો હતો. હજારો લોકો ચરણારવિંદમાં તણાતા હતા. અને આ પ્રાંતના તો શું..! પણ દૂર દૂર સુધીના હરિભક્તો અતિ શ્રદ્ધાસહ આશ્ચર્યભાવથી દર્શન કરવા આવતાં. દર્શન કરી ખૂબ સુખિયા થતાં હતાં, અને તેનાં દર્શન-પ્રદક્ષિણાથી અંતરમાં પ્રગટ પ્રભુનાં દર્શન જેવી અલૌકિક શાંતિ થતી હતી.

અને ભક્તો જે મનોરથ કરે તે સર્વે અચૂક સિદ્ધ થતા હતા. સારંગપુરવાસી કષ્ટભંજન દેવના પ્રતાપ જેવો જ આ ચરણારવિંદમાં ગોપાળાનંદસ્વામીએ પ્રતાપ મૂક્યો હતો.' મહા મોટા સમર્થ સંતની વાત જ જુદી હોય છે. હરિકૃપાથી તે તો જે ધારે તે કરી શકે છે. બોટાદના પ્રથમ મંદિરના ચોકમાં પ્રથમ આ ચરણારવિંદ પધરાવ્યા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'બોટાદમાં સત્સંગની અભિવૃદ્ધિ તથા ચરણારવિંદ પધરાવ્યા' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

ચરણારવિંદની પુનઃસ્થાપના તથા મંદિરનો ઈતિહાસ

ત્યારબાદ બોટાદમાં સત્સંગ ઘણો વધ્યો. બધી જ જ્ઞાતિઓમાં સત્સંગ વ્યાપ્યો. જેવી કે, દરબારો, પટેલો, વણિકો, કડિયાઓ, મિસ્ત્રીઓ, કુંભાર, લુહાર, દરજી, સોની અને મુસલમાન સુધ્ધાં ઘણા ઘરો સત્સંગી થયા. તેથી આ મંદિર ઘણું નાનું પડવા લાગ્યું.

ત્યારે શિવલાલ શેઠ આદિ સર્વે સત્સંગીઓએ વિચાર કરી થોડું મોટું મંદિર બાંધવાનો નિર્ણય કર્યો. તેમાં સંતોને માટે સારી રીતે ઉતારા વગેરેની સગવડ પણ થઈ શકે, અને થોડા યાત્રાળુઓનો પણ નિભાવ થાય. તે માટે **સં.૧૯૦૮** ની સાલમાં શિવલાલ શેઠે પ્રથમ મંદિરની જગ્યાએ, તે મંદિર તોડીને દસ ખંડની હવેલી બનાવવાનો આરંભ કર્યો. તેનું ખાતમુહૂર્ત સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીના હસ્તે કરાવ્યું હતું. તેનું કામ ત્રણ વર્ષ ચાલ્યું હતું. સં.૧૯૧૦ માં હવેલીનું કામ પૂરું થયું. તે હવેલીના પ્લાન મુજબ ગોપાળાનંદસ્વામીએ પધરાવેલા ચરણારવિંદ હવેલીના પગથિયાં તરફ નીચે આવતા હતા. ત્યાં ચરણારવિંદ ઉપર ધૂળ

પડતી હતી, તેથી શિવલાલભાઈ વગેરે ભક્તોએ ગુણાતીતાનંદસ્વામીને વિનંતિ કરી કે, 'આ ચરણારવિંદ ઉપર ધૂળ પડે છે. માટે તેને ફેરવીને થોડા ઊંચા કરી આપો તો સારું.'

ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું, 'ગોપાળાનંદસ્વામીએ જેની સ્થાપના કરી છે, તેને ન ફેરવીએ તો સારું.' ત્યારે સહુ ભક્તો કહે, 'સ્વામી, અમે આપને પણ મહાન માનીએ છીએ, તેથી બીજું તો કાંઈ નહિ પણ થોડા ઊંચા સ્થાપી આપો તો સારું.' પછી સ્વામીએ તેમની ભાવના જોઈને થોડા ઊંચા લેવા પૂરતી હા કહી. ત્યારે ધ્યાનાનંદસ્વામી ત્યાં હતા તે કહે, 'સ્વામી ! ઊંચા લ્યો છો તો હવે અહીં હવેલીના સભામંડપમાં વચ્ચે જ લઈ લો ને..! જેથી સહુ ભક્તોને પ્રદક્ષિણા કરતાં ફાવે.' ત્યારે સહુ હરિભક્તોએ પણ તેમાં સૂર પુરાવ્યો.

ચરણારવિંદ ફેરવવાની ઈચ્છા ન હતી, છતાં હરિભક્તોના અતિ આગ્રહથી સ્વામીએ આ ચરણારવિંદ શેઠે કરેલી હવેલીના સભામંડપમાં વચ્ચે પધરાવ્યા. ચરણારવિંદનો પ્રતાપ આજ પણ ઓછો થયો નથી. આજે પણ આ ચરણારવિંદમાં દૃઢ શ્રદ્ધાથી બાધા રાખી પ્રદક્ષિણા કરે છે તેના સર્વે મનોરથો શ્રીહરિ પૂરા કરે છે, તેનો ઘણા શ્રદ્ધાળુ ભક્તોને અનુભવ છે.

દોહા : **પ્રગટ પુરુષોત્તમના, છે આ પ્રગટ ચરણ;**
સુખિયા રાખે જીવતા, અંતે સુધારે મરણ...૫૯
મહિમા રાખી મનમાં, રાખજો બાધા સહુ;
કહ્યું ગોપાળસ્વામીએ, ફાયદો થાશે બહુ...૬૦

અને જ્યાં ચરણારવિંદ પધરાવ્યા તે હવેલીના ચાર ખંડમાં ગુણાતીતાનંદસ્વામીએ હાજર રહી શિવલાલભાઈ દ્વારા હરિમંદિર બનાવ્યું હતું. તેમાં ઉગમણાબારે શ્રીહરિની ચિત્રપ્રતિમા ગુણાતીતાનંદસ્વામીએ પધરાવીને પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી હતી. આ બોટાદનું **દ્વિતીય**

મંદિર જાણવું. પછી જ્યારે સંતો પધારતા ત્યારે ત્યાં જ કથા-વાર્તા કરતા અને હવેલીમાં ઉતારા કરતા. તેમાં રહી સત્સંગ-ભજન કરી તે મૂર્તિનાં ધ્યાનથી અનેક કલ્યાણ પામ્યા હતા.

પછી ઘણાં વર્ષો બાદ જેમાં બજારમાંથી ભગવાનનાં દર્શન થાય એવું ઉતરાદાબારનું હરિમંદિર બનાવ્યું. તેમાં પહેલા ચિત્રપ્રતિમા પધરાવી હતી, અને પછી તે જગ્યાએ હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિ પધરાવી હતી. આ બોટાદનું **તૃતીય** હરિમંદિર જાણવું. અને આ મંદિર બન્યું પછી આના પહેલાના મંદિરને સ્થાને સભામંડપ તરીકે ઉપયોગ કરવાનું ચાલું કર્યું અને તેનું નામ **'ગોપાળાનંદસ્વામી સભામંડપ'** રાખ્યું. તેમાં જ હાલ ચરણારવિંદ છે, અને ત્યારે ત્યાં જ કથા-વાર્તા થતી હતી.

આ ત્રીજું મંદિર કોણે બનાવ્યું હતું ? તો કહીએ છીએ જે, ગઢપુરના મહાન સંત જેમને શ્રીહરિએ સદ્ગુરુ બનાવ્યા હતા એવા સદ્.શ્રીશામળિયા ચૈતન્યાનંદસ્વામીના શિષ્ય કો.ભક્તિવલ્લભદાસજી સ્વામી હતા. જેમણે ગઢડામાં પાંત્રીશ વર્ષ સુધી મહંતાઈ કરી હતી. તેમના શિષ્ય સદ્.જોગેશ્વરદાસજીસ્વામીએ બંધાવ્યું હતું. તેનું ખાતમુહૂર્ત **સં.૧૯૯૦ માં કર્યું હતું અને સં.૧૯૯૨ વૈશાખ વદ સાતમ ને બુધવારે** આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજના હાથે હરિકૃષ્ણ મહારાજ તથા હનુમાનજી-ગણપતિની પ્રતિષ્ઠા કરી હતી. આ હનુમાનજી-ગણપતિ હાલ ત્યાં ને ત્યાં જ સ્થાપિત છે.

આ સદ્.જોગેશ્વરસ્વામી પૂર્વાશ્રમમાં જ્ઞાતિએ કુંભાર હતા અને બહુ હોશિયાર હતા. તે વખતે ભગવાનભાઈ લાધાભાઈ કુંભાર બોટાદમાં ધનાઢ્ય સત્સંગી હતા. જેમણે ગોપાળાનંદસ્વામીના કહેવાથી સારંગપુરના કષ્ટભંજન દેવની મૂર્તિ બનાવી હતી તથા બોટાદમાં ચરણારવિંદ ઘડી આપ્યા હતા તે કડિયા કાના ખોડાના દીકરા જે લાધાભાઈ તેમના દિકરા થતા હતા.

જોગેશ્વરસ્વામીના કહેવાથી આ મંદિર તથા ઉત્સવનો ખર્ચો તેમણે આપેલો. ત્યારે તે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પંદરસો રૂપિયામાં તૈયાર થઈ હતી, અને એટલા રૂપિયામાં મંદિર અને પ્રતિષ્ઠાવિધિ થઈ હતી; એમ ત્રણ હજાર રૂપિયામાં આ રીતે તે મંદિર તૈયાર થયું હતું. તે તમામ ખર્ચો ભગવાનભાઈ લાધાભાઈ કુંભારે આપ્યો હતો. પોતાની જીંદગીનું ભેગું કરેલું બધું જ નાણું સંતના વચને તેમણે અર્પણ કર્યું હતું.

ધન્ય છે આવા ભક્તોને, ધન્ય ધન્ય એનું જીવન;
ધન્ય ધન્ય એની નિષ્ઠાને, ધન્ય ધન્ય સમર્પન...૬૧
લખાણું નામ સદ્‌ગ્રંથમાં, ગવાશે તે સદાય;
સુણી પ્રેરણા પામશે, સુખી ભક્તો હરખાય...૬૨

ત્યાર પછી બોટાદમાં ધંધાર્થે બહારગામથી ઘણાક સત્સંગીઓ આવ્યા, અને બોટાદનો ઘણો વિકાસ થયો, અને બોટાદમાં આઠસો ઉપરાંત ઘર સત્સંગીના થયા. તેથી આ મંદિર પણ ઘણું નાનું પડવા લાગ્યું. તેથી **સં.૨૦૫૩** માં બોટાદમાં ચોથું ઉગમણાબારનું શિખરબંધ મંદિર બનાવવામાં આવ્યું. અને તેના મધ્યખંડમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને પેલા મંદિરમાંથી લાવીને પુનઃ પધરાવી, દક્ષિણ ડેરામાં રાધા-કૃષ્ણ દેવ પધરાવ્યા, અને ઉત્તર ડેરામાં સુખશૈયા રાખવામાં આવી છે. આ બોટાદનું **ચોથું** મંદિર જાણવું, જે હાલ મંદિર તરીકે ચાલું છે. અને ત્રીજુ મંદિર બન્યું હતું તે હાલ એમનામ છે. અને એમાં પ્રથમના મંદિરોની બંને ચિત્રપ્રતિમાઓ પધરાવી છે. અને તેમાં પ્રસાદીની વસ્તુઓ પણ પધરાવી છે. અને તેનો હાલ સભામંડપ તરીકે ઉપયોગ પણ થાય છે.

આ ચોથું મંદિર કોણે બનાવ્યું ? તો, ગોપાળાનંદસ્વામીની પરંપરાના શાસ્ત્રી નારાયણચરણદાસજીસ્વામીના શિષ્ય ગઢડાના પુરાણી વિષ્ણુપ્રસાદસ્વામીએ બંધાવ્યું છે. તેનું ખાતમુહૂર્ત **સં.૨૦૪૭ શ્રાવણ**

સુદ-૫ ઈ.સ.૧૯૯૧ ભૂજના મહાન સંત વાત્સલ્યમૂર્તિ પ.પૂ.સદ્. શ્રીઘનશ્યામજીવનસ્વામીના વરદહસ્તે પૂ.વિષ્ણુપ્રસાદસ્વામીએ કરાવ્યું હતું. આ મંદિરનો આરંભ કર્યો ત્યારે ગેબી બાવાજીના કરેલા કેટલાક ધૂણાઓની રાખોડીઓ પાયો ગાળતા નીકળી હતી, અને તેઓએ બનાવેલી બે-ત્રણ કૂઈઓ હનુમાનજીનું ડેરું છે તેની અડખે પડખે આવતી હતી તે પૂ.વિષ્ણુસ્વામીએ ત્યારે પુરાવી હતી. અર્થાત્ હમણા સુધી તે કૂઈઓ હતી.

અને **સં.૨૦૫૩ વૈશાખ વદ સાતમ ને સોમવાર ઈ.સ.૧૯૯૭** માં પૂ.વિષ્ણુપ્રસાદસ્વામીના અધ્યક્ષ સ્થાને આચાર્ય શ્રીઅજેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે રાધાકૃષ્ણ દેવની પ્રતિષ્ઠા થઈ હતી. તેમાં હનુમાનજીના મંદિરની સેવા શિવલાલભાઈના વંશજોએ કરી હતી. આ રીતે બોટાદ ગામનો વિકાસ, સત્સંગનો વિકાસ, મંદિર અને ચરણારવિંદ બાબતનો ઇતિહાસ જ્યારે હું લખી રહ્યો છું ત્યારે આજે જ વિ.સં.૨૦૬૯, શ્રાવણ વદ બારસ, ઈ.સ.૨૦૧૩ બીજી સપ્ટેમ્બર સોમવારે બોટાદને રાજ્ય સરકારે જિલ્લો ઘોષિત કર્યો અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદી દ્વારા બોટાદ જિલ્લાનું ઉદ્‌ઘાટન થયું ત્યારે ભાષણ આપતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, 'આ જિલ્લામાં અનેક આધ્યાત્મિક સ્થાનો આવ્યા છે. માટે આ બોટાદ જિલ્લાને આધ્યાત્મિક જિલ્લો કહીને હું બિરદાવું છું.' આમ, આ બોટાદને એક સામાજિક ગૌરવ સાથે આધ્યાત્મિક નામ સાંપડ્યું છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ચરણારવિંદની પુનઃસ્થાપના તથા મંદિરનો ઈતિહાસ કહ્યો' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય-૧૧

હવેલી તથા શિવલાલ શેઠની પૂજાની બાબત

શિવલાલ શેઠ બોટાદ મંદિરમાં જ પૂજા કરતા હતા, અને શ્રીહરિ પણ પ્રગટ થઈ તેમની પૂજા સ્વીકારતા હતા. તે ઓરડી ક્યાં હતી તે અને એ ઓરડી જેમાં હતી એ દશખંડની હવેલીની વિગત કહીએ છીએ.

હાલ તે હવેલીમાંથી ગોપાળાનંદસ્વામી સભામંડપ નામે ઓળખાતા ચાર ખંડ પૂરતી જ હવેલી બચી છે. હવે હવેલીના બાકીના છ ખંડ હાલ નથી રહ્યા તેની વિગત કહીએ છીએ. હાલ ત્રણ શિખરનું બનેલ જે નવું મંદિર છે, તેનાં મુખ્ય પ્રવેશદ્વારના મોટાં પગથિયાં અને એ બાજુનો પ્રદક્ષિણાનો ભાગ છે, ત્યાં હવેલીના બીજા પાંચ ખંડ હતા. જેમાં બે ખંડમાં ભંડાર થતો અને ત્રણ ખંડમાં સંતો ઊતરતા હતા. તેના પહેલા ખંડમાં નીચે ધ્યાનાનંદસ્વામી વગેરે સંતો રહેતા હતા. તેમાં ધ્યાનાનંદસ્વામી ધ્યાન કરતા તે ઓરડી 'ધ્યાનાનંદસ્વામીની ઓરડી' તરીકે ઓળખાતી હતી. તેની ઉપરના રૂમમાં શિવલાલ શેઠ પૂજા કરતા, તે જ શિવલાલભાઈની પૂજાનો રૂમ હતો, અને તેમાં તે પૂજા કરતા ત્યારે શ્રીહરિ સાક્ષાત્ પધારતા હતા. હાલ પણ 'ગોપાળાનંદસ્વામી સભામંડપ'ના ઉપરના ખંડમાં શિવલાલ શેઠ જ્યાં પૂજા કરતા હતા તે ખંડની પ્રસાદીની જાળી રાખેલી છે, અને તે જાળી નીચે 'આ શિવલાલ શેઠની રૂમની જાળી છે' એવું લખેલું છે.

અને હવેલીનો છઠ્ઠો ખંડ, ગોપાળાનંદસ્વામી સભામંડપ તથા હાલ શિખરબંધ મંદિર છે તેની વચ્ચેનો જે રસ્તો છે ત્યાં હતો. આ રીતે પાંચ ખંડ શિખરબંધ મંદિર કર્યું તેમાં જતા રહ્યા. અને એક ખંડ રસ્તામાં ગયો અને ચાર ખંડ હાલ બચ્યા છે. જે **'ગોપાળાનંદસ્વામી સભામંડપ'** નામે ઓળખાય છે અને એમાં ચરણારવિંદ દર્શન આપે છે. આ રીતે

બોટાદમાં ક્રમશઃ થયેલા ચારેય મંદિરો અને હવેલી તથા ચરણારવિંદની વિગત વર્ણવી. હવે આપણે શિવલાલ શેઠની પૂજામાં ક્યારથી શ્રીહરિ પ્રત્યક્ષ પધારતા તે પ્રસંગ જાણીએ.

✹ શિવલાલ શેઠની પૂજામાં નિત્ય શ્રીહરિના દર્શન :

દોહા : **સ્વામી ગોપાળાનંદની, કૃપાથી થયું આ કામ;**
નિત્ય પૂજામાં પધારતા, પોતે પ્રગટ ઘનશ્યામ...૬૩

એક સમે ગોપાળાનંદસ્વામી બોટાદ પધાર્યા હતા. પોતે પૂજા કરી ઠાકોરજી તથા સંતનાં દર્શન કર્યાં. ત્યાં શિવલાલ શેઠ પૂજા કરી સ્વામીના દર્શન કરવા માટે આવ્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું, 'શિવલાલ શું કરતા હતા ?' તે કહે, 'પૂજા કરતો હતો.' ત્યારે સ્વામી કહે, 'મેં તમારી પૂજામાં ક્યાંય મહારાજને ન દેખ્યા. તે તમે કેવી રીતે પૂજા કરો છો ? તમારી પૂજામાં મહારાજ પ્રત્યક્ષ તો આવતા નથી..!'

ત્યારે શિવલાલ શેઠ કહે, 'હે સ્વામી ! હું તો મહારાજની મૂર્તિઓ પધરાવી માળા ફેરવું છું.' સ્વામી કહે, 'આહ્વાન, વિસર્જન કરો છો કે નહિ ?' ત્યારે તે કહે, 'સ્વામી ! મને એ મંત્ર આવડતા નથી.' પછી સ્વામીએ અતિ દયા કરી તે મંત્ર શિવલાલ શેઠને શીખવ્યા. તેમાં પ્રથમ **આહ્‌વાન મંત્ર શીખવ્યો.**

उत्तिष्ठोत्तिष्ठ हे नाथ !, स्वामिनारायण ! प्रभो ! ।
धर्मसूनो ! दयासिंधो !, स्वेषां श्रेयः परं कुरु ॥
आगच्छ भगवन् ! देव !, स्वस्थानात्परमेश्वर ! ।
अहं पूजां करिष्यामि, सदा त्वं सन्मुखो भव ॥

પછી સ્વામી કહે, 'નિત્ય પૂજા કરવા બેસો ત્યારે પ્રથમ આ મંત્ર બોલજો. તેથી તમારી પૂજામાં શ્રીહરિજી મહારાજ પ્રત્યક્ષ પધારશે, અને જ્યારે પૂજા પૂરી થાય ત્યારે આ રીતે **વિસર્જન મંત્ર** બોલજો.

स्वस्थानं गच्छ देवेश !, पूजामादाय मामकीम् ।
इष्टकाम प्रसिद्ध्यर्थं, पुनरागमनाय च ।।

તેથી મહારાજ પોતાના સ્થાનકે પધારશે.' આમ સ્વામીએ મંત્રો શીખવ્યા. પછી શિવલાલ શેઠ પૂજા કરવા બેસે ત્યારે 'હે મહારાજ ! હે દયાસિંધુ ! હે ભગવાન ! આપ મારી સેવા સ્વીકારવા પૂજામાં પધારો. હું સદા તમારી સન્મુખ રહી પૂજા કરીશ. માટે આપ મારી સામે બિરાજો.' આમ જ્યાં બોલે ત્યાં નિત્ય મહારાજ તેમની પૂજામાં પ્રત્યક્ષ પધારતા હતા અને જ્યારે વિસર્જન મંત્ર બોલે ત્યારે શ્રીહરિ પાછા પોતાના સ્થાનકે પધારતા. આ રીતે ગોપાળાનંદસ્વામીની તેમના ઉપર અપાર કૃપા હતી. તેથી આવો લાભ સામેથી મળી ગયો હતો.

તેથી દરેક પૂજા કરનારા ભક્તોએ આ મંત્રો શીખવા અને પૂજાના આરંભમાં આહ્‌વાન મંત્ર બોલવો. મંત્ર ન આવડે તો તેનો ભાવાર્થ બોલી પ્રભુને પ્રાર્થના કરવી. આપણો શુદ્ધભાવ હશે તો જરૂર આપણી પૂજામાં પણ પ્રભુ પધારશે. સ્વામીએ શેઠને મંત્ર શીખવાડ્યા અને તેમની સેવાભાવના અને શ્રદ્ધા જોઈને તેમને હૈયાના હેતથી સ્વામીએ આશીર્વાદ આપ્યા, તેથી તેમની પૂજામાં નિત્ય શ્રીહરિ આવતા હતા.

સંતવચને જો કરીએ, નાનું મોટું કંઈ કામ;
લાભ થાય છે સદા ઘણો, મળે પ્રગટ ઘનશ્યામ...૬૪

કોઈ પણ કામ સદ્‌ગુરુથી દીક્ષિત કરીને કરીએ તો બહુ ફાયદો થાય. પોતાની મેળે સો માળા ફેરવીએ અને સંત દીક્ષિત એક જ માળા ફેરવીએ તોપણ આ એક માળાનું ફળ વધી જાય. સંતના વચને કરેલા કામનું ફળ તત્કાળ મળે છે, અને પ્રગટ ભગવાન પણ સંતના વચને તરત મળે છે. ગોપાળાનંદસ્વામીની કૃપા થઈ ત્યારથી નિત્ય શેઠની પૂજામાં શ્રીહરિ પ્રત્યક્ષ પધારતા હતા.

વહાલા ભક્તો ! પૂજા કરીએ તેમાં એકાગ્રતા તથા પ્રગટભાવ આ બે વસ્તુ અનિવાર્ય છે. આહ્‌વાન મંત્ર બોલ્યા પછી વિસર્જન મંત્ર બોલીએ ત્યાં સુધી વચ્ચે બોલવું જોઈએ નહીં, અને જો વ્યાવહારિક કામકાજ કરવા મંડીએ, તે અંગે કાંઈ બોલીએ તો પૂજામાં આવેલા પ્રભુ પણ ચાલ્યા જાય.

પૂજામાં નવ બોલવું, કદિ વ્યવહારિક કાંય;
એકાગ્રતા જો તૂટે તો, શ્રીહરિ ચાલ્યા જાય...૬૫

શેઠ પૂજા કરવા બેસે ત્યારે મહારાજ તેમની પૂજામાં પ્રત્યક્ષ પધારતા. તેથી રામાનુજાનંદસ્વામી તથા ધ્યાનાનંદસ્વામી, આ બંને સંતો તેમની પૂજાનાં દર્શન કરવાં જતાં.

એક દિવસ અરધી પૂજાએ સંતો ઊઠીને ચાલી નીકળ્યા. તેથી શિવલાલભાઈના મનમાં વિચાર આવ્યો કે, 'આજ સંતો વચ્ચેથી કેમ ચાલ્યા ગયા હશે ? કાયમ તો મારી પૂજા પૂરી થાય ત્યાં સુધી સંતો બેસે છે.' ત્યાર પછી પૂજા કરી શેઠ મંદિરે ઠાકોરજીના દર્શન કરી સંતોને પગે લાગવા ગયા ત્યારે 'જય સ્વામિનારાયણ' કર્યા પછી પૂછ્યું, 'હે સંતો ! રોજે તો હું પૂજા કરું ત્યાં સુધી તમે બેસો છો અને આજે કેમ અધવચથી ચાલ્યા ગયા ? કોઈ અગત્યનું કામ આવ્યું હતું ?'

ત્યારે રામાનુજાનંદસ્વામી કહે, "શેઠ ! તમે પૂજામાં મૂર્તિઓ પધરાવી આહ્‌વાન મંત્ર બોલો ત્યારે મહારાજ પ્રત્યક્ષ પધારે છે. તેથી દર્શન કરવા માટે અમે બેસીએ છીએ. તમે લખપતિના દીકરા છો કે રૂપાળા છો એટલે અમે નથી બેસતા. પરંતુ આજે તમે પૂજા કરી રહ્યા હતા, ત્યારે તમારા ગુમાસ્તાએ આવીને તમને સમાચાર આપ્યા કે, 'શેઠજી ! આપણી દુકાનના તાળા શમી સાંજના ઉઘાડા રહી ગયા છે.' ત્યારે તમારું મન પૂજામાં ન રહ્યું અને દુકાને પહોંચી ગયું, અને ચાલુ પૂજામાં તમે દુકાનના ઉઘાડા તાળા વાસી દેવાની તજવીજ કરાવી. તેથી

તમારી વૃત્તિઓ બહાર ગઈ અને મહારાજમાં તમારું ધ્યાન રહ્યું નહીં તેથી મહારાજ ચાલ્યા ગયા. પછી અમે પણ ચાલી નીકળ્યા, બીજું કોઈ અગત્યનું કામ હતું નહીં."

વહાલા ભક્તો ! આ વાત ઉપરથી એવો ખ્યાલ આવે છે કે, શિવલાલભાઈની પૂજામાં આવીને પ્રત્યક્ષ શ્રીજીમહારાજ બિરાજતા હતા. તેના દર્શન સંતોને થતાં હતાં, પરંતુ શિવલાલભાઈને દર્શન થતા ન હતા. પરમેશ્વરની લીલા અજબ ગજબની હોય છે. જેની પૂજામાં પ્રભુ પધારે તેને દર્શન ન થાય અને સંતોને દર્શન થાય, તે ઘણી આશ્ચર્ય બાબત છે.

પરંતુ આ વાત સાંભળી શેઠને પોતાની ભૂલ ઓળખાણી તેથી તરત જ શેઠે એકાગ્રતાપૂર્વક પૂજા કરવાનો દૃઢ સંકલ્પ કર્યો અને ભૂલને તરત સુધારી લીધી. ધન્ય છે શિવલાલભાઈને..! તેઓ ખૂબ જ સજાગ હતા. કોઈના દ્વારા પોતાની ભૂલ જણાય તો તરત જ સુધારી લેતા.

બોધ આમાંથી શીખવો, સુધારવી નિજ ભૂલ;
પૂજા કરતી વખતે તો, રહેવું હરિમાં ડૂલ...૬૬
પૂજા એટલે આપણું, હરિ સાથે એકાંત;
જેમ સેવે કોઈ ભાવથી, નારી પોતાનો કાંત...૬૭

આપણે પણ આવી ભૂલ થાતી હોય તો તરત શિવલાલ શેઠની જેમ દૃઢ સંકલ્પ કરવો અને ભૂલ સુધારવી. કેમ જે, પૂજા એટલે શ્રીહરિ સાથેનું આપણું એકાંતનું વ્યક્તિગત મિલન. આ રીતે નિત્ય શ્રીહરિ સાથે થોડીવાર એકાંત સેવીએ, ધ્યાન કરીએ તો અંતર ટાઢું થાય, ટેન્શન ઓછું થાય. નહિ તો આ સંસાર, વ્યવહાર, ધંધા તથા બૈરાં-છોકરાં તો જીવને ગાંડા કરી મૂકે એવા છે. માટે શાંતિથી પૂજા કરવી. શિવલાલ શેઠના એક એક જીવનપ્રસંગથી આપણે બધાએ જે શીખવું ઘટતું હોય તે જરૂર શીખવું જોઈએ. તો જ આ કથા આપણા કામની છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'મંદિર, હવેલી તથા શિવલાલ શેઠની પૂજાની બાબત કહી' એ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય-૧૨

હરિ–હરિજનને અર્થે વપરાણું તે જ સાચું

શ્રીહરિ અને સંતો-ભક્તોને અર્થે વપરાણું એટલું જ જીવન તથા સંપત્તિ સાર્થક છે, બાકી બધું નિરર્થક છે. આવી શિવલાલ શેઠની સમજણ હતી. એક દિવસ તેઓ ઘરે ધ્યાનમાં બેઠા હતા. અને પરિવારના કોઈ સભ્ય ઘીનો ઘડો લઈ દાદરો ઊતરતા હતા. એમાં પગ લપસ્યો તેથી ઘીનો ઘડો પડ્યો. ફૂટી ગયો અને ઘી ઢોળાઈ ગયું. એટલે ભગા દોશી દોડીને ત્યાં આવ્યા, ને જોયું તો ઘી ઢોળાઈ ગયું હતું. તેથી ખિન્ન હૃદયે ભગા શેઠે ધ્યાન કરતા શિવલાલને કહ્યું, "શિવા ! આ જોતો ખરો ઘી ઢોળાઈ ગયું છે." તેથી તેનો ઉત્તર આપતાં તરત જ શિવલાલ કહે, "એમાં બાપુ ઉદાસ શા માટે થાવ છો ? બહેનોનાં લગ્નમાં વિશ ઘડા ઢોળાયા તેની ભેગો આ એક ઘડાને ગણી લ્યોને..!"

ત્યારે ભગા દોશી કહે, "બેટા ! એ તો માણસો જમ્યાં હતાં તેને ઢોળાણું થોડું કહેવાય !" ત્યારે બાપને ટકોર કરતાં શિવલાલ કહે, "એમાં કોઈ ભગવાનના ભક્ત જમ્યા હતા ?"

વહાલા ભક્તો ! આ બન્ને ભક્ત છે પણ ગણિત બન્નેનાં જુદાં છે. એક વ્યવહારપ્રધાન છે, એક ભગવાનપ્રધાન છે. શિવલાલભાઈની દૃષ્ટિએ ભગવાનના ભક્ત જમે એટલું જ સાર્થક છે, બાકીનું બધું જ નિરર્થક છે. તેથી પિતાને સ્પષ્ટ શબ્દોમાં કહે,

દોહા : હરિ હરિજનને અર્થે, જે જે વપરાણું હોય;
તેને જ સાચું જાણવું, બીજું વલોવ્યું તોય...૬૮

જેમ રેતી પીલવાથી તેલ ન મળે, પાણી વલોવવાથી ઘી ન મળે, તેમ જગતનાં માણસો માટે માનમાં ને માનમાં ગમે તેટલું કરીએ છતાં તેનું કોઈ ફળ ન મળે. આ વાત સાંભળી ભગા દોશી એક પણ શબ્દ બોલ્યા નહીં.

વહાલા ભક્તો ! ઘણા ભક્ત એવા હોય છે. પોતાની નાત, જાત કે સગાં-વહાલાને જમાડે અને તેને પુણ્ય કર્યું માને. આ દાન નહિ પણ માન મેળવ્યું કહેવાય. માટે દાનનો અને માનનો ભેદ સમજવો જોઈએ. ગોપાળાનંદસ્વામી કહેતા કે, **'આખા બ્રહ્માંડના લોકોને જમાડે તે કરતાં પણ એક ભગવાનના ભક્તને જમાડે તો તેનું ફળ અધિક મળે છે.'** માટે આપણે વિચારવું કે, કોને માટે વાપરીને રાજી થવાય છે ? જો શિવલાલ શેઠ જેવી આપણી સમજણ થાય તો મૂર્તિ સાથે વૃત્તિઓ સંધાય અને એમના જેવી આપણી સ્થિતિ બંધાય.

સ્વામી ગોપાળાનંદની, કૃપાથી પામ્યા જ્ઞાન;
શિવલાલ જ્ઞાન ધ્યાનમાં, થયા અતિશે મહાન...૬૯

સાડા ચાર કલાકનું, કરતા શિવલાલ ધ્યાન;
સંતકૃપાથી શ્રીજીને, રિઝવવાનું હતું તાન...૭૦

આ કામ ઘણું કઠણ છે. માણસથી એક કલાક કે અડધી કલાક પણ ધ્યાનમાં બેસી શકાતું નથી, અને ધ્યાનમાં બેસે તો શિવલાલભાઈની જેમ મૂર્તિમાં તલ્લીન થવાતું નથી. શિવલાલનું જીવન જોઈને તેમના બાપાને તથા આખા કુટુંબને ઘણીવાર આશ્ચર્ય થતું હતું.

મહારાજના ધ્યાનમાં નિત્ય દોઢ પહોર તલ્લીન રહેતા પુત્રને જોઈને એકવાર ભગા દોશીએ પૂછ્યું, 'બેટા ! મને તારા જેટલી ધ્યાનમાં એકાગ્રતા નથી આવતી, તેનું શું કારણ હશે ?' ત્યારે શિવલાલ કહે, 'બાપા ! હજી તમારો જીવ વ્યવહારમાં વધુ પરોવાયેલો છે, તેથી ધ્યાનમાં જીવ લાગતો નથી.' **વ્યવહારની આસક્તિ હરિવિસ્મૃતિનું કારણ છે.**

વ્યવહારનો રાગ જીવને ભગવાનમાં અનુરાગ કરવામાં આડો ગઢ બને છે. સંતો કહેતા, જેનો જીવ વ્યવહારમાં લાગશે તેનાથી ભજન થનારું નથી. માટે વ્યવહારને બહુ પ્રધાન ન રાખવો. વ્યવહાર જોડાને ઠેકાણે છે, અને સત્સંગ તથા ધ્યાન-ભજન પાઘડીની જગ્યાએ છે. માટે જ્યારે ભજનમાં બેસીએ ત્યારે વ્યવહારના સંકલ્પો બહાર મૂકી દેવા જોઈએ, પણ ઈતરડીની પેઠે વ્યવહારમાં વળગેલા ન રહેવું.

અને ગુણાતીતાનંદસ્વામી કહે છે કે, 'કામ પૂરાં કરીને પ્રભુ ભજવા એવી કોઈએ આશા ન રાખવી. કેમ જે, કામ ક્યારેય કોઈના પૂરા થતા નથી, ને વ્યવહારના માર્ગે તો આખું જગત ચાલે છે,પણ ભગવાનના માર્ગે ચાલવું એ કઠણ છે.' આવું સંતો પાસેથી આપણે ઘણી વખત સાંભળ્યું છે. તેને અમલમાં લેવું જોઈએ.

વહાલા ભક્તો ! જે વ્યવહારને ઠેલીને શિવલાલભાઈની જેમ ભગવાનમય રહે છે તેને ક્યારેય નાનો ન સમજવો જોઈએ. જે મુક્ત કોટિના જીવ હોય તેનાથી આ થઈ શકે છે. ભગા દોશીને ધન્યવાદ છે, તે પોતાના પુત્ર શિવલાલની સ્થિતિને પોતાના કરતા ઊંચી માની દીકરો હોવા છતાં તેને નાનો સમજતા નથી, અને નિર્માની થઈને પુત્ર પાસેથી ધ્યાન શીખવા પ્રશ્ન કરે છે; આ આશ્ચર્ય વાત છે. ભગા દોશીના નિર્માનીપણાને વંદન કરીએ.

✹ શિવલાલ શેઠની ધ્યાન કરવાની રીત

આગળ વાત કરતા શિવલાલ શેઠે કહ્યું, 'બાપા ! તમારો જીવ વ્યવહારમાં બંધાયો છે. તેથી ધ્યાન નથી થતું.' ત્યારે ભગા દોશી કહે, 'બેટા ! મને તારા જેવું ધ્યાન શીખવને ! તું કઈ રીતે ધ્યાન કરે છે ?' ત્યારે શિવલાલે કહ્યું, 'સાંભળો બાપા ! હું તો ધ્યાનમાં બેસું ત્યારે પ્રથમ જ્ઞાને કરીને દુનિયાનો પ્રલય કરું, પછી બોટાદનો પ્રલય કરું, પછી આપણી પેઢીઓનો પ્રલય કરું, પછી રૂપિયા, હવેલી તથા સર્વે

સગાં-વહાલાંઓનો પ્રલય કરું, પછી તમારો પ્રલય કરું, પછી મારા દેહનો પ્રલય કરું. આમ, તમામને બાળી જાણે રાખનો ઢગલો કર્યો હોય એમ વિચારું. પછી તેની ઉપર બેસી બ્રહ્માકારે થઈ મહારાજના ધ્યાનમાં તદાકાર થાવ છું. તેથી દેહ, દુનિયા બધું ભૂલાઈ જાય છે ને ભગવાનની મૂર્તિમાં લીન થઈ જાઉં છું. આમ, જ્ઞાનપ્રલય કરવાથી મારે ધ્યાનમાં જોડાવાય છે.'

આ વાત સાંભળી ભગા શેઠ બહુ રાજી થયા અને બોલ્યા જે, 'ધન્ય છે બેટા ! તારું ધ્યાન શીખ્યા જેવું છે, પણ થોડું કઠણ જણાય છે. કેમ જે, દુનિયાનો અને બોટાદનો પ્રલય થાય તેનો વાંધો નહીં. પણ પોતાનો પણ પ્રલય કરી નાખવો એ કઠણ છે. આ સમજણ તો ઘણી ઉત્તમ છે. તારા ઉપર શ્રીહરિનો અને મોટા સંતોનો ઘણો જ રાજીપો છે. તેથી જ આ બધું પિંડ-બ્રહ્માંડ ખોટું કરી ધ્યાનમાં ચાર કલાક બેસી શકાય છે.'

રાજીપો અતિ અમૂલ્ય છે, રાજીપો મહાધન;
રાજીપો મોટું સુખ છે, રાજીપો સત જીવન...૭૧
રળવો સહુએ રાજીપો, રાજીપો કરે કામ;
પામવા એક રાજીપો, કીજે યત્ન તમામ...૭૨

વહાલા ભક્તો ! હું લંડન મંદિરમાં કથા કરતો હતો. ત્યાં એક કચ્છી બાપા નિત્ય કથા સાંભળવા આવતા. મેં કહ્યું, 'હે બાપા ! આ દુનિયા કોની છે ?' એટલે તેઓ કહે, 'ભગવાનની છે.' પછી મેં કહ્યું, 'અહીં તમારું મકાન છે ?' ત્યારે કહે, 'હા, મારું મકાન છે.' મેં કહ્યું, 'તે મકાન દુનિયા બારું આવે કે અંદર ?' પછી થોડીવાર વિચારીને કહે, 'લ્યો..! મકાન પણ ભગવાનનું થયું.' પછી મેં કહ્યું, 'હવે તમારું શું રહ્યું ?' ત્યારે તે કહે, 'દેહ મારો છે.' મેં કહ્યું, 'દેહ દુનિયાની બારો છે ?' તેથી વિચારીને કહે, 'આ તો દેહ પણ ભગવાનનો થયો. ખાલી

આત્મા મારો રહ્યો.' મેં કહ્યું, 'આત્મા દુનિયાથી અલગ છે ?' ત્યારે કહે, 'લ્યો..! મારું તો કાંઈ ન રહ્યું, બધું ભગવાનનું થઈ ગયું.' ત્યારે મેં કહ્યું, 'બાપા ! આટલું જ સમજવાનું છે. આપણું કાંઈ હતું નહિ, છે નહિ ને હશે નહીં. આપણા તો એક ભગવાન જ હતા, છે અને હશે. **'હું' અને 'મારું' એ જ બંધન છે. આત્મા સુધ્ધાં સર્વ ભગવાનનું જ છે. એમ સમજાઈ જાય એ જ મુક્તિ છે.**

હું ટળ્યે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે;
મુક્તાનંદ મહા સંતને, પ્રભુ પ્રગટ પાસે રે.

અહંશૂન્ય થવાય ત્યારે મૂર્તિમાં રહેવાય. શ્રીહરિ વચ.ગ.અં.૩૯માં કહે છે, 'ભગવાનની માયા તે કઈ છે ?' તો **દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ એ જ માયા છે, તે એ માયાને ટાળવી અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય, અને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.** તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો.'

હે વહાલા ભક્તો ! દેહમાં અહંતા અને સંબંધીમાં મમતા એ જ માયા છે એમ મનાશે તો એનાથી છૂટા પડવાની ઈચ્છા થશે, અને પછી શિવલાલ શેઠ જેવી સમજણ દૃઢ કરી શકાશે. માટે નિત્ય ભગવાન પાસે માગવું, 'હે નાથ ! આ અહં-મમત્વરૂપી માયાથી રક્ષા કરજો અને આ માયાને તર્યા હોય એવા સંતોનો નિત્ય સમાગમ દેજો. એમની મરજીમાં જ મારું જીવન વહેજો.' આવું રોજ માગવું તો ક્યારેક પ્રભુ કૃપા કરશે. શિવલાલ શેઠ તો એવું જ માગતા ને એમ જ રહેતા.

ધ્યાન એવું તે કરતા, ભૂલતા દેહનું ભાન;
બ્રહ્માકાર થઈ રહેતા, મૂર્તિમાં જ ગુલતાન...૭૩
મહિમા એવો જાણતા, શ્રીહરિનો મહાન;
સાચો આનંદ મૂર્તિ, રહેતું તેનું જ તાન...૭૪

સૌથી કઠણ તો એ જ છે, ધરવું હરિનું ધ્યાન;
છેલ્લો જનમ કરવા, કરવું જ પડશે 'જ્ઞાન'...૭૫

શિવલાલ શેઠના અંતરમાં ખૂબ ભગવાનનો અને સંતોનો મહિમા હતો. તેમને પાકું સમજાઈ ગયું હતું કે, મારો આનંદ માત્ર સહજાનંદ છે ! બીજે તેને ક્યાંય સુખબુદ્ધિ, હેતબુદ્ધિ કે મમત્વબુદ્ધિ હતી જ નહીં. તેથી તેમની વૃત્તિ મૂર્તિમાં રહેતી. જીવને જ્યાં સુધી સ્ત્રીમાં, ધનમાં, કુટુંબમાં, ધંધામાં, પદ, પ્રતિષ્ઠામાં સુખ મનાશે ત્યાં સુધી વૃત્તિ ત્યાં આપોઆપ જશે. જ્યારે એક મૂર્તિમાં જ સુખ મનાય ત્યારે મૂર્તિમાં સ્થિર થવાય. માટે જેને ધ્યાન શીખવું હોય તેમણે પહેલા આ સમજણ શીખવા જેવી છે. હવે તેમના જીવનનો એક બીજો પ્રસંગ લખું છું. જે તમામ હરિભક્તો માટે અતિ ઉપયોગી છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'હરિ-હરિજનને અર્થે વપરાણું તે જ સાચું તથા ધ્યાનની રીત કહી' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય-૧૩

શ્રેષ્ઠ ઉપાસના દ્વારા સર્વોત્તમ પ્રાપ્તિ

દોહા : **પ્યારા મારા શ્રીહરિ, કરો અંતરમાં વાસ;**
તમારા વ્હાલા ભક્તની, કરો કથા પ્રકાશ...૭૬

અતિ વ્હાલા છે તમને, તમારા ભક્ત સદાય;
રીઝવું તમને શ્રીહરિ, એના ગુણલા ગાય...૭૭

અક્ષરધામના અધિપતિ, શ્રી પુરુષોત્તમ રાય;
તમને જે જે પામિયા, તે મહામુક્ત ગણાય...૭૮

ગુરુ ગોપાળાનંદજી, સ્વામી જે ગુણાતીત;
એવા સંતમાં કરી જેણે, દેહથીય વધુ પ્રીત...૭૯

ભગા દોશીનો દીકરો, એવો હતો શિવલાલ;
સંતોનો હતો લાડલો, તેથી હરિને વ્હાલ...૮૦
તૃણવત્ ફેંકી જગતને, ધામે ઊપડ્યા ઝટ;
આવી કથાને સાંભળી, કરીએ એવી ચીવટ...૮૧

જેના અંતરમાં સત્સંગના પ્રતાપે શ્રીહરિનો મહિમા સમજાણો હોય, ભગવાનને પામવાની ભૂખ જાગી હોય, તેમના માટે આ શિવલાલ શેઠનું આખ્યાન અતિ ઉપયોગી છે. જેમણે ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામી જેવા મહાસમર્થ સંતને સેવી શ્રીહરિમાં અતિ પ્રીતિ વધારી હતી; એવા શિવલાલભાઈ અનેકના આદર્શ છે, તેઓ સંપત્તિ અને સન્મતિનો સુભગ સમન્વય છે.

વહાલા ભક્તો ! અધિક સંપત્તિ હોય તેમાં સદ્‌બુદ્ધિ કે સંસ્કારો પ્રાયઃ જોવા મળતા નથી, પરંતુ શિવલાલ શેઠની વાત ન્યારી છે. તેઓ તમામ ભૌતિક સુખ-સંપત્તિને તણખલાની જેમ ફેંકીને શ્રીહરિ પાસે જવા સદા તત્પર રહેતા. પ્રભુને પામવાની અંતરમાં ઈચ્છા જાગે અને ઈચ્છા પ્રમાણે પ્રયત્ન થાય તેને ચીવટ રાખી કહેવાય. શિવલાલભાઈ આવા ચીવટવાળા ભક્ત છે. તેથી તેમના પ્રસંગો શ્રીહરિ અને સંતોમાં સ્નેહ, મહિમા અને નિષ્ઠાની દૃઢતા કરાવે છે, ધ્યેયશુદ્ધિ કરાવે છે. આપણો આત્મા જલ્દી જગતમાંથી અને દેહમાંથી નીકળી શ્રીહરિના દિવ્યાનંદમાં પહોંચે એવી આ અણમોલ વાતો છે. વાંચતાં જ આપણા દિલમાં એમ થાય કે, **'મારે શિવલાલ શેઠ જેવા બનવું છે.'**

સર્વાવતારી શ્રીહરિની ઉપાસના કરી જીવને આ જન્મે જ પૂર્ણકામ બનાવે તેવો હવે પ્રસંગ આવે છે. એક વાત યાદ રાખીએ, આપણે જેની ઉપાસના કરતા હોઈએ એની જ આજ્ઞામાં ઉપાસકે રહેવું જોઈએ. **જેને શરણે ગયા એની મરજી પાળવી એ જ સાચી શરણાગતિ કહેવાય.** ઉપાસના વિના કેવળ કર્મના કૂટણા કરવાથી અક્ષરધામમાં જવાતું નથી.

ઉપાસના વિનાનાં કેવળ કર્મ તો એકડા વિનાનાં મીંડાં જેવા નિરર્થક છે. **ઉપાસના આધ્યાત્મિક માર્ગનું અમૃત છે.**

કેવળ સાધન કરતાં, મળે ન અક્ષરધામ;
ઉપાસનાના બળથી, તરીએ માયા તમામ...૮૨

પ્રગટ પ્રભુની ઉપાસના, કરીએ સંતનો સંગ;
સહેજે કલ્યાણ થાય છે, ધરજો મનમાં ઉમંગ...૮૩

એકવાર ગોપાળાનંદસ્વામી સાથે શિવલાલ શેઠ સીગરામમાં બેસી જતા હતા. ઉનાળાના વૈશાખ મહિનાનો ધોમધખતો તાપ હતો. બોટાદ ગામની ઉતાવળી નદીમાં પહોંચ્યા, ત્યારે તેમાં એક બાવો રેતીમાં સૂઈ તપ કરતો હતો. લોકો તેને જોતા હતા, અને બહુ મોટા બાપુ છે એમ સહુ માનતા. તેને જોઈને સ્વામી કહે, "શિવલાલ ! આ શું કરે છે ?" શેઠે કહ્યું કે, "સ્વામી ! આ બાવો પંચાગ્નિ તાપે છે. તપેલી વેળુમાં બે કલાક ઊંધો-ચત્તો ને પડખાભેર રહી શરીરને બાળે છે, બધી ચામડી કાળી કરી નાખી છે; આવું તપ કરે છે. માટે એને તો બહુ મોટી પ્રાપ્તિ થશે."

ત્યારે સ્વામી બોલ્યા કે, "શિવલાલ ! આ બાવો ભલે આખી જિંદગી દેહને આટલું કષ્ટ આપે, સૂકો રોટલો ખાય, પણ તે એકડા વિનાનાં મીંડાં જેવું છે. કેમ જે, તે ભગવાનને નથી માનતો. માત્ર કર્મને જ માને છે એટલે એને માથે જન્મ-મરણ અને લખચોરાશી ઊભી છે. તે અક્ષરધામમાં તો સ્વપ્નેય જઈ શકશે નહીં, અને તું ભલે એવું તપ નથી કરતો, વળી મશરૂના ગાદલામાં સૂવે છે, દૂધ-ચોખા ને સાકર જમે છે, હિંડોળા ખાટે હીંચકે છે, લાખો રૂપિયાની સાહેબીમાં આળોટે છે; **છતાં તારો એક પગ આંહીં છે અને એક પગ અક્ષરધામમાં છે."**

આ વાત સાંભળી શેઠ શિવલાલભાઈને નવાઈ લાગી, તેથી કહે, 'સ્વામી ! આટલી સાયબી ભોગવું છું છતાં હું અક્ષરધામમાં જઈશ..?'

ત્યારે સ્વામી કહે, ‘હા, તું જરૂર ભગવાનને પામીશ. **કેમ જે, તારે પ્રગટ ભગવાનની ઉપાસના છે અને આવા પ્રગટ એકાંતિક સંતોમાં દિવ્યભાવ છે.** માટે તારે જરૂર પુરુષોત્તમનારાયણની પ્રાપ્તિ થાશે અને એને માથે ચોરાસી ઊભી રહેશે.’ આ વાત શિવલાલ શેઠને સ્વામીએ અતિ હેતથી કહી હતી. કેમ જે, સ્વામીને શિવલાલભાઈ ઉપર ખૂબ હેત હતું.

તેઓ દર વર્ષે એક મહિનો સંતોનો સમાગમ કરવા જતા હતા. સંતો ઉપદેશ આપે કે ન આપે, છતાં એમને સંતોની સાથે રહેવું ગમતું. સંતો ભેળા રહેવાનો તેમનો આ નિયમ અભંગ હતો. સાચા સંતોની સેવા, સમાગમે કરી તેમનો જીવ બહુ બળિયો થયો હતો. એટલે તેમને આ વાત તરત સમજાઈ ગઈ હતી. સ્વામીએ સંસારમાં રહેવા છતાં મૂર્તિનો મહાઆનંદ પામવાના બે હેતુ બતાવ્યા : (૧) પ્રગટ પ્રભુ સર્વોપરી શ્રીહરિની ઉપાસના અને (૨) એકાંતિક સંતોમાં દિવ્યભાવ.

આપણે તપાસ કરીએ તો ખ્યાલ આવે કે, અખંડ પ્રગટ ઉપાસના કેટલી થાય છે ? અને પ્રગટ સંતોમાં દિવ્યભાવ કેટલો રહે છે ? **શ્રીહરિ અને સંતોમાં દિવ્યભાવ રહે એટલી જ નિષ્ઠા કહેવાય, અને દિવ્યભાવ રહે તો જ દિવ્યગતિ મળે છે. દિવ્યભાવ આધ્યાત્મિક માર્ગનો ઓક્સિજન છે.** માણસમાં ધર્મ-નિયમ પાળવાની તાકાત હોય છે, પરંતુ સાચા પ્રગટ સંતો-ભક્તોમાં દિવ્યભાવ રાખવાની શક્તિ હોતી નથી. વાસનારૂપી ઝેરને ટાળવાનું ઉત્તમ ઔષધ દિવ્યભાવ છે. **જેને પ્રગટ સંતો-ભક્તોમાં દિવ્યભાવ થાય તેનું તરત જ કલ્યાણ થાય છે.** કેમ જે, દિવ્યભાવવાળાને ક્યારેય અભાવ આવતો નથી. તેથી જીવ અતિ બળિયો થઈ જતા સાક્ષાત્ ભગવાનને પામે છે, અને જો અભાવ-અવગુણ આવતા હોય તો દિવ્યભાવ જેવું કાંઈ છે જ નહીં; એમ માનવું.

આ દુનિયામાં ભગવાનની ઉપાસના કરનારાની કોઈ તાણ નથી. અસંખ્ય લોકો છે, પરંતુ સહુ પરોક્ષ પ્રભુને ભજે છે અને પરોક્ષ સંતોનાં

વખાણ કરે છે. પ્રગટના ઉપાસકો બહુ ઓછા છે. અને **મોક્ષનું રહસ્ય તો પ્રગટની પ્રતીતિ અને પ્રગટમાં પ્રીતિ; આ બે જ છે.** શ્રીહરિ જેવા ધામમાં છે તેવા જ મૂર્તિમાં પ્રત્યક્ષ બિરાજે છે, અને બ્રહ્મરૂપ સાચા સંતમાં પણ એવા ને એવા જ બિરાજે છે, અને સ્વરૂપાદ્વૈત સિદ્ધાંત પ્રમાણે તો અણુઅણુમાં પણ હરિ એવા ને એવા જ હાજરાહજૂર છે.

આમ, પ્રત્યક્ષભાવે શ્રીહરિની સેવા કરે એવા ભક્તો બહુ ઓછા છે. મોટા ભાગના ભક્તો એવું માને છે કે, શ્રીહરિ અક્ષરધામમાં સદા બેઠા છે અને તે બસો વર્ષ પહેલાં પૃથ્વી પર પધાર્યા હતા; તેમની આ મૂર્તિઓ છે. પરંતુ **જે ધામમાં છે તે જ આ પ્રગટ મૂર્તિરૂપે છે; એમ અખંડ રહેતું નથી. અને જો એમ અખંડ રહે તો તેને દિવ્યભાવ કહેવાય. અને જે ધામમાં મુક્તો, સંતો-ભક્તો છે તે જ આ પ્રગટ સંતો-ભક્તો, મુક્તો છે, એમ રહે તેને પ્રગટમાં દિવ્યભાવ કહેવાય.** અને આવો દિવ્યભાવ જેને થાય તે વ્યક્તિમાં તો અનેક પ્રકારની ઊર્જા પ્રગટે છે, અને આવા દિવ્યભાવને જ પરાભક્તિ કહેવાય છે. શ્રીહરિ વચ.લો.૧૮માં કહે છે કે, **'એવી રીતે ભગવાનને વિશે જેને દિવ્યભાવ છે તેને જ પૂરો નિશ્ચય જાણવો.' તેને જ પૂરો સત્સંગી જાણવો.**

જ્યારે આપણને શ્રીહરિ કે સંતોમાં દિવ્યભાવ તૂટી જાય ત્યારે નિશ્ચય પણ તૂટી જાય છે, અને સત્સંગી પણ રહેતા નથી. પણ આપણને તેનો ખ્યાલ હોતો નથી. માટે આ વાતને સમજવી જોઈએ. શિવલાલ શેઠને શ્રીહરિ અને પ્રગટ સંતો-ભક્તોમાં સદા દિવ્યભાવ હતો. તેથી તે પ્રગટ પ્રભુના ઉપાસક હતા. વળી, જે અક્ષરધામના મુક્તો છે તે જ આ પ્રગટ સંતો-ભક્તોરૂપ મુક્તો છે, એમ સ્વીકારતા હતા. એટલે જ ગોપાળાનંદસ્વામી કહે છે કે, 'શિવા ! તારો એક પગ અહીં અને એક પગ અક્ષરધામમાં છે કહેતાં, તને અત્યારે પણ ધામ જેવો આનંદ આવે છે અને અંતે પણ તું અક્ષરધામનો અધિકારી છે. તને જરૂર

પુરુષોત્તમનારાયણની પ્રાપ્તિ થશે, શ્રીહરિનો દિવ્યાનંદ મળશે. અને બાવાને નહિ મળે. કેમ જે, તે પોતાનાં તપ-જપાદિક સાધનને શ્રેષ્ઠ માને છે, પોતાના અહંમાં રાચે છે, કોઈ સંતો-ભક્તોનો કે શ્રીહરિનો સ્વીકાર નથી; માટે ઘણાં સાધન કરશે છતાં અહંને કારણે અધોગતિ થશે.

કેવળ સાધન કરતાં, મળે ન અક્ષરધામ;
ઉપાસનાના બળથી, તરીએ માયા તમામ...૮૪

ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે જે,

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।।

અર્થાત્ મારી ગુણમયી માયાને તરવી અતિ કઠણ છે. કેમ જે, તે મારી દૈવી શક્તિ છે. પરંતુ જે મારે આશરે આવે છે, મને સોંપાઈ જાય છે, મારું ધ્યાન તથા ઉપાસના કરે છે; એ જ મારી માયાને તરી શકે છે. જેને પ્રગટ પ્રભુની ઉપાસના અને સાચા સંતનો સંગ, આ બે મળી જાય તેનો બેડો પાર થઈ જાય. બાકી તો...

તપે કરીને ખપી જવાય રે, તોય એ ધામે નવ જવાય રે.

પૂર્વે અનેક ઋષિમુનિઓનાં માથે તપ કરતાં કરતાં રાફડા થઈ ગયાં હતાં. તોય સ્વપ્નમાં પણ અક્ષરધામનાં દર્શન થયાં નથી. એવા દુર્લભ ધામને સ્વામિનારાયણ ભગવાન ચપટી વગાડતામાં આપે છે. આખી સભાને ચપટી વગાડતામાં અક્ષરધામનાં દર્શન કરાવતાં. કેમ જે, તે અક્ષરધામના ધણી છે. માટે તેમનું આપ્યું જ અક્ષરધામ મળે છે. સાધને કરીને ક્યારેય એ ધામ પમાતું નથી. શ્રીહરિ કહેતા કે, **'અક્ષરધામ અમારું છે અને સર્વોપરી એવો જે હું તે તમને સહુને મારા સામર્થ્યે કરીને તે ધામને પમાડીશ. અને સર્વને અંતર્યામી જેવા કરીશ.'** નંદસંતો પણ આ વાત કહેતા કે,

એક વાત કહું સહુ સાંભળો વ્રજવાસીજી.
તજો સાધનનો ઉર આંબળો વ્રજવાસીજી.

કોઈ સાધનનું અભિમાન કરશો નહિ, સાધન શ્રીહરિની પ્રસન્નતા માટે છે, અને તે પણ અતિ નિર્માનીપણે કર્યા હોય તો પ્રભુ પ્રસન્ન થાય છે. અને જો સાધનનું અહં આવી જાય તો 'હું જ શ્રેષ્ઠ છું.' એવું મનાય જાય છે. પછી આ શ્રેષ્ઠતારૂપી અંધાપો શ્રીહરિની સાચી શરણાગતિ અને પ્રગટ સંતો-ભક્તોમાં દિવ્યભાવ કરવામાં આડો ગઢ બની જાય છે. જે હું શ્રેષ્ઠ છું આવો અંધાપો તોડે અને દિલ સાચા સંતોમાં જોડે તેને જ હરિમાં હેત થાય છે; તે જ સાચો ઉપાસક બની શકે છે.

માટે કદી કોઈ પણ કાર્યનું અથવા વ્રત, તપ, જપ કે યાત્રાદિક સાધનોનું અહં રાખવું નહીં. હું સાધન છોડવાની વાત નથી કરતો, પરંતુ સાધનના અહંને તોડવાની વાત કરું છું. અહં તૂટશે તો જ હરિ રાજી થશે અને એમાં જ આપણું ભલું છે. વ્રત, તપ, કે દાન-પુણ્ય કરીને કેવળ પોતાની જ નામના અને ગણતરી કર્યા કરીએ તો દેહાભિમાન વધશે, અને એ જ પ્રભુપ્રાપ્તિમાં આડું ઢાંકણ બની જશે. તેથી દળી દળીને ઢાંકણીમાં ઊઘરાવ્યા જેવું થશે.

દોહા : અક્ષરધામને પામવા, જોઈએ પ્રગટનું બળ;
એ વિના મેળ ખાય નહિ, ભલેને ખાતા વળ...૮૫
ઉપાસનાના બળ વિના, મળે ન સિદ્ધિ કાંય;
હરિના બળે જગતમાં, જે ચાહો તે પમાય...૮૬

શ્રીહરિ વચ.ગ.પ્ર.૫૬ માં કહે છે કે, **"કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે, ઈત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી.** માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિગત સમજીને અથવા કોઈક

મોટા સંતના મુખથી વાત સાંભળીને જાણે જે, 'હું આત્મા-અનાત્માની વિગતિ કરી લઉં' એમ વિગતિ થતી નથી; એ તો એ **જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિશે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે, પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી."**

માટે સુખી થાવું હોય તો સહુથી અધિક શ્રીહરિનું બળ રાખવું. મહારાજે તો યુધિષ્ઠિર અને અર્જુનના સંવાદે કરીને ધર્મનિષ્ઠા કરતાં પણ સ્વરૂપનિષ્ઠાને અધિક કહી છે. અને ભગવદ્‌બળને જ વિશેષ રાખવાની વાત કહી છે. જેના અંતરમાં અર્જુનજીના જેવી ચોખ્ખી ઉપાસના અને નિષ્ઠાની ખુમારી હોય તે જ મહા સુખને પામે છે.

કર્મનું કૂંટણું કૂટતા, જઈએ ખુદ કૂટાય;
કર્મ ફળપ્રદાતા હરિ, ફલિત કરે તો થાય...૮૭

બાકી તો કર્મ કરતાં કરતાં કાંઈક કૂટાઈ ગયા છે. કર્મફળપ્રદાતા શ્રીહરિ જેટલા કર્મ ફલિત કરે તેટલા થાય. વ્યક્તિથી કશું જ થાતું નથી. સર્વકર્તા એક શ્રીહરિ છે, એમ સર્વે શાસ્ત્રોનો સિદ્ધાંત છે, અને મોટા મોટા સંતોનો પણ એ જ સિદ્ધાંત છે; માટે આપણે સમજી જાવું. બે હાથ અને ત્રીજું માથું ભગવાન અને તેમના પ્રગટ સંતોના ચરણોમાં મૂકી દેવાથી જે પમાય છે તે સાધનથી પમાતું નથી. શરણાગતિ જ જીવને તારે છે. કેમ જે, શરણાગતનો ઉદ્ધાર કરવો એવું પ્રભુનું બિરુદ છે. ગોપાળાનંદસ્વામીએ શિવલાલ શેઠને આપેલો આ ઉપદેશ આપણા સહુને માટે જીવનદોરીરૂપ છે. માટે સવળું સમજવું અને જીવનમાં ઉતારવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શ્રેષ્ઠ ઉપાસના દ્વારા સર્વોત્તમ પ્રાપ્તિ કહી' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય-૧૪

શારીરિકસૂત્રભાષ્યપૂજન તથા સંત-શ્રીહરિ એકતા

બોટાદમાં ગોપાળાનંદસ્વામીએ નેમીવિજયનો પરાજય કર્યો ત્યારથી ભગા દોશી સ્વામીમાં ગુરુભાવ રાખતા. પિતાને યોગે કરીને શિવલાલ શેઠને પણ પ્રથમથી જ ગોપાળાનંદસ્વામીમાં અનન્ય ગુરુનિષ્ઠા હતી. નિયમીત રીતે તેઓ ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરતા હતા. સ્વામીની કૃપાથી જ શિવલાલ શેઠને ધ્યાન સિદ્ધ થયું હતું.

સં.૧૯૦૭માં એકવાર ગોપાળાનંદસ્વામી ઉમરેઠમાં હતા. બોટાદના શિવલાલભાઈ સ્વામીના સમાગમ માટે ત્યાં ગયા. તે સમયે સ્વામીએ સૂત્રાર્થદીપ નામનું શારીરિકસૂત્રભાષ્ય પૂર્ણ કર્યું. તેથી શિવલાલભાઈને કહ્યું, 'આજે ભાષ્ય પૂરું થયું છે. માટે મારે તેની પૂજા કરવાની ઇચ્છા છે.' તરત જ તક જોઈને શેઠ કહે, 'સ્વામી ! આજનો પૂજનોત્સવ તથા સંતો-ભક્તોની રસોઈ વગેરે મારા તરફથી રાખો.' તેથી સ્વામી રાજી થયા. પછી બાજોઠ પર પુસ્તક તથા મહારાજની મૂર્તિ પધરાવી. શિવલાલભાઈ દ્વારા પુસ્તકની પૂજા કરાવી. મહારાજની મૂર્તિને રાતી શાલ ઓઢાડી, આરતી કરી. પછી સૌ સંતોની કેસર ચંદનથી પૂજા કરી, વસ્ત્રો ઓઢાડ્યાં. પછી સ્વામીએ કેશવદાસને સમાધિ કરાવી અક્ષરધામમાં સૌની પૂજા થઈ છે કે નહિ ? તે જોવા માટે મોકલ્યા.

તે સમાધિ કરી અક્ષરધામમાં ગયા. ત્યાં મહારાજનાં દર્શન થયાં. મહારાજના કપાળમાં ચંદનની અર્ચા, કંઠમાં ગુલાબનો હાર, ખભે વસ્ત્ર તથા લાલ શાલ ઓઢેલી હતી. સર્વે મુક્તોની પણ પૂજા થઈ હતી, પરંતુ એક મુક્તાનંદસ્વામી બાકી હતા. તેથી તેમણે સમાધિમાંથી બહાર આવી સ્વામીને વાત કરી કે, 'એક મુક્તાનંદસ્વામી બાકી છે. બીજા બધાની પૂજા થઈ ગઈ છે.' ત્યારે સ્વામી કહે, 'એમના શિષ્ય શાંતાનંદ ક્યાં છે ?' તે વખતે તે સ્નાનાર્થે ગયા હતા, તેથી તેમનું પૂજન બાકી હતું.

તે આવ્યા એટલે તેમની પૂજા કરી.

પછી ફરી કેશવદાસને સમાધિ કરાવી અક્ષરધામમાં મોકલ્યા. ત્યારે સર્વેની પૂજા થઈ ગઈ હતી. તેથી તે જાગ્રત થઈને કહે, “હે સ્વામી ! હવે મહારાજની, મુક્તાનંદસ્વામી આદિ સર્વે સદ્‌ગુરુઓની પૂજા થઈ ગઈ છે.” **આમ, જે સદ્‌ગુરુને તથા શ્રીજીને અહીં જે જે અર્પણ કરે તે અક્ષરધામમાં પહોંચે છે.** અહીં કોઈ સુજ્ઞ શિષ્યની પૂજા કરે તો ધામમા તેમના ગુરુની પૂજા થાય છે. જેમ શાંતાનંદસ્વામીની અહીં પૂજા કરી તો ધામમાં મુક્તાનંદસ્વામીની પૂજા થઈ. અહીં સારા સંત કે ભક્તને પૂજે અને ધામમાં ભગવાનની પૂજા થાય. એવી સંત અને મહારાજની એકતા હોય છે.

દોહા : અહીં ને અક્ષરધામની, એકતા બતાવી આમ;
અહીં પૂજા થઈ તેથી, ત્યાં પૂજાણા તમામ...૮૮
અલૌકિક વાતો આજની, છે આ સત્સંગ માંય;
મોટા સંતને ઉર વિશે, પ્રગટ છે હરિ સદાય...૮૯

ગોપાળાનંદસ્વામી જેવા મોટા સંતનો મહિમા અનોખો છે, તેમની વાત જુદી છે. એવા સંતની સેવા-પૂજા કરે તો અનંત મુક્તોએ સહિત શ્રીજીમહારાજની સેવા-પૂજા થાય એવો તેમનો પ્રતાપ છે. તેને તો જે સ્થિતિવાળા હોય તે જ જાણી શકે છે.

✵ મોટા સંત અહીં હોવા છતાં સદા ધામમાં જ છે ! :

સ્વામી ગોપાળાનંદજી, ધામે જ છે સદાય;
ત્યાં રહ્યા થકા જ સ્વામી, આ લોકેય દેખાય...૯૦

એકવાર ગોપાળાનંદસ્વામી જૂનાગઢથી વડતાલ સમૈયો કરવા જતા હતા. વચ્ચે બોટાદ આવ્યા. ત્યાંથી શિવલાલ શેઠ સ્વામીની સાથે વડતાલ ઉત્સવ કરવા માટે ચાલ્યા. સહુ ચાલતાં ધોલેરા પધાર્યા. ત્યારે ધોલેરાના મહંત વિજ્ઞાનદાસજીસ્વામીએ ગોપાળાનંદસ્વામીને પૂછ્યું, ‘મારે કાંઈ

વાસના છે કે નથી ?' ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'તમે સમાધિ કરી અક્ષરધામમાં જાવ, ત્યારે ત્યાં મહારાજને એ પ્રશ્ન પૂછજો.' એટલે વિજ્ઞાનસ્વામી સમાધિ કરી અક્ષરધામમાં ગયા. ત્યાં મહારાજને પૂછ્યું, 'મારે કાંઈ વાસના છે ?' ત્યારે મહારાજ કહે, 'આ ગોપાળાનંદસ્વામી અહીં બેઠા છે, તેમને પૂછો.' તેથી તેમણે સ્વામીને પૂછ્યું.

ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'તમારે વાસના તો નથી, પણ તમે ત્રણ ઘર કર્યાં તેથી તમારા અંતરમાં થોડી સંસારની ગંધ પેસી ગઈ છે. જેમ કોઈ વાસણમાં હિંગ ભરી હોય; પછી કાઢી નાખે ને વાસણ ધોઈ નાંખે છતાં નાક પાસે લઈ જાવ તો પાછી હિંગની ગંધ આવે ખરી. તેમ તમારે અવ્યક્તરૂપે કારણશરીરમાં વાસનારૂપી થોડી ગંધ રહી છે. તે ત્રણ દેહથી પર થઈ જીવમાં પ્રતિલોમપણે મહારાજનું ધ્યાન કરશો એટલે ટળી જશે.' આમ સ્વામીએ કહ્યું.

પછી વિજ્ઞાનસ્વામીએ સમાધિમાંથી જાગીને ગોપાળાનંદસ્વામીને કહ્યું, 'તમે અક્ષરધામમાં આવું કહ્યું તે અહીં કેમ ન કહ્યું ?' ત્યારે સ્વામી કહે, 'તમે જુના, વળી ઉંમરમાં મોટા છો, તેથી આંહીં તમને તે વાત ન મનાય, તેથી ન કહ્યું.' તે સાંભળી શિવલાલ શેઠ સાથે હતા તે કહે, "હે સ્વામી..! તમે અહીં ને અક્ષરધામમાં બંને સ્થળે છો ?" ત્યારે સ્વામી સહજમાં વહાલથી બોલ્યા, "ગાંડિયો લાગે છે ! હું એક જ નહીં, તમે બધાય પણ અક્ષરધામમાં છો."

તે સાંભળી શિવલાલભાઈને નવાઈ લાગી કે, 'એમ કેમ હોય?' ત્યારે સ્વામી કહે, "મધ્યના ૧૩ મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, 'અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે સર્વે પણ ત્યાં જ બેઠા છો, એમ હું દેખું છું. પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી... તેમાં જો ખોટું કહેતા હોઈએ તો અમને સર્વે પરમહંસના સમ છે.' તે વાત તેં વાંચી છે કે

નહિ ?" ત્યારે શિવલાલભાઈ કહે, 'સ્વામી ! ઘણીવાર વાંચી છે, પણ આ વાત તો આજ સમજાણી..!! શેઠને તો ત્યારે સમજાણું. આપણને કેદી સમજાશે ? ખબર નહીં.'

વાંચ્યું હોય બહુ વાર તોય, સમજાતું નથી કાંય;
મોટા સંતના મુખથી, સુખે શાસ્ત્ર સમજાય...૯૧
મોટા સંતનો મહિમા, સમજવો છે મુશ્કેલ;
ક્યારેક કૃપા થાય તો, આવે 'જ્ઞાન' ઉકેલ...૯૨

ગોપાળાનંદસ્વામી કહેતા, 'જેમ પૃથ્વી જળમાં રહી છે ને બાહેર જણાય છે, તોપણ જળમાં જ છે; તેમ **કૈવલ્યમુક્ત તો સદા પરમેશ્વરમાં જ વર્તે છે.**' આ વાત ઘણી ઊંડી છે. તે વાત શિવલાલ શેઠને સમજાવવા માટે જ સ્વામીએ તેમની હાજરીમાં વિજ્ઞાનસ્વામીના પ્રશ્નનો ઉત્તર કર્યો. આવી સમજણ તો ગોપાળાનંદસ્વામી કે ગુણાતીતાનંદસ્વામી જેવા મોટા સાધુથી ચોખ્ખી સમજાય. તે વિના ચોખ્ખી સમજવી ઘણી કઠણ છે. આખા સત્સંગમાં મહારાજની ચોખ્ખી ઉપાસના જેવી ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામીએ સમજાવી તેવી સહુને સમજાતી નથી.

વચનામૃતની વાણી તો, પરાવાણી કે'વાય;
મોંઘા મૂલું એ જ્ઞાન છે, એમ ક્યાંથી સમજાય...૯૩
અનુભવી કોઈ હોય તો, તેનાથી જ સમજાય;
બાકી વાંચી વિચારતા, જનમ પૂરો થઈ જાય...૯૪
વાતો ચોખ્ખી સમજવા, સેવવા મોટા સંત;
મોટા સંતમાં રહીને, જ્ઞાન આપે ભગવંત...૯૫

જન્મારો વયો જાય છતાં ચોખ્ખી ઉપાસના સમજવી ઘણી કઠણ છે અને ગોપાળાનંદસ્વામી કહેતા કે, 'મોટા સંતો ભેગા રહેતા હોય છતાં જેને પૂર્વજન્મનું બીજબળ ઓછું હોય તો મહારાજનું સ્વરૂપ જેમ છે તેમ યથાર્થ સમજી શકાતું નથી. મંદ બીજબળવાળો હોય તે બીજા

અવતારને અને પુરુષોત્તમને સરખા જાણે છે; ને મધ્યમ બીજબળ જેને હોય તે અવતાર અવતારીને જાણે તો ખરો પણ યથાર્થ જેમ છે તેમ ન જણાય, કિંચિત્ ફેર રહે; ને ઉત્તમ બીજબળ જેને હોય તે તો ઉત્કૃષ્ટ વક્તાને પામીને જેવા પુરુષોત્તમનારાયણ શ્રીહરિજી છે તેવા યથાર્થ જાણે છે. માટે **ઉત્કૃષ્ટ જ્ઞાન જેને હોય એવા જે મોટા એકાંતિક સાધુ, તેનો જેને સંગ છે, છતાં તેને જે ફેર રહે છે, તેને બીજબળમાં ફેર છે એમ જાણવું.**' માટે આ વાતને પણ સમજી રાખવી. અને સત્પુરુષનો મન, કર્મ, વચને સમાગમ કરી આપણી સમજણમાં કસર હોય તે ટાળવી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શારીરિકસૂત્ર ભાષ્યનું પૂજન કર્યું તથા શ્રીહરિ અને સંતની એકતા સમજાવી' એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય-૧૫

ગોપાળાનંદસ્વામીની શિવલાલને છેલ્લી શિખામણ

વિ.સં.૧૯૦૮ ની સાલમાં વડતાલમાં મોટો ચૈત્રી સમૈયો થયો. સમૈયો પૂર્ણ થયા બાદ ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો, રઘુવીરજી મહારાજ તથા સત્સંગનો લાભ લેવા આવેલા શિવલાલ શેઠ વગેરે બધા વડતાલથી ઉમરેઠ ગયા. ગોપાળાનંદસ્વામી ઉમરેઠમાં નિત્ય સભામાં શ્રીજીમહારાજનાં અલૌકિક ઐશ્વર્ય અને સર્વોપરીપણાની વાતો કરતાં, સહુને અલૌકિક સુખ આપતા હતા. નૃસિંહ ચતુર્દશીનો ઉત્સવ ઉમરેઠમાં કર્યો.

શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીને ફરીવાર સ્વપ્નમાં નૃસિંહ ચતુર્દશી વૈશાખ સુદ-૧૪ ની વહેલી સવારે પુરુષોત્તમપણાનું પ્રતિપાદન કરવાનું કહ્યું. પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા. તેથી તે દિવસે ગોપાળાનંદસ્વામીએ સવારની સભામાં શ્રીજીમહારાજના સર્વોપરી

પુરુષોત્તમસ્વરૂપની વાત કરતા કહ્યું, **‘અવતારમાત્ર શ્રીહરિને આધીન રહી તેમણે આપેલું ઐશ્વર્ય ભોગવે છે. અનંત અવતાર થઈ ગયા ને અનંત અવતાર થશે તે સર્વના પ્રેરક, નિયંતા અને સ્વામી એક શ્રીજીમહારાજ છે. સર્વે દેવો, ઈશ્વરો અને અવતારો શ્રીહરિથી સામર્થી પામ્યા છે. આવી શુદ્ધ ઉપાસના અને નિષ્ઠા નહિ સમજો તો અક્ષરધામને નહિ પમાય.’**

આજ અક્ષરધામના પતિ પુરુષોત્તમનારાયણ પધાર્યા છે. તેનો મહિમા સમજવો અને શાસ્ત્રમાં નરનારાયણને શાપ થયો તથા વૃંદાવનમાં ધર્મ-ભક્તિને શ્રીકૃષ્ણે દર્શન દઈ કહ્યું કે, ‘હું તમારે ત્યાં જન્મ ધરીશ. તે અવતાર ધરવાની રીત પ્રમાણે કહ્યું છે, પણ મહારાજ અક્ષરધામના પતિ છે, સર્વ અવતારના અવતારી છે, સર્વનું કારણ છે; એમ સમજવું.’ એ વિગેરે વચનામૃતના પ્રમાણો આપી સ્વામીએ ઘણી વાતો કરી.

તે સાંભળી બ્રહ્મચારી નાનાઅખંડાનંદને બહુ વસમું લાગ્યું, તેથી ઝાડે જવાનું થઈ ગયું અને સાંજ પડી ગઈ છતાં સારું ન થયું, મરણ તુલ્ય થઈ ગયા. પછી તેમના શિષ્ય બ્રહ્મચારીએ રઘુવીરજી મહારાજ આગળ વાત કરી કે, સ્વામીએ સભામાં બહુ આકરી વાત કરી, તેથી બ્રહ્મચારીને બહાર જવાનું થઈ ગયું છે, તે બંધ થતું નથી અને દેહ રહે તેમ નથી, માટે તમો દર્શન દેવા પધારો.’

પછી રઘુવીરજી મહારાજે બ્રહ્મચારી પાસે જઈને કહ્યું કે, ‘બ્રહ્મચારી કેમ છે ?’ બ્રહ્મચારી કહે, ‘શાસ્ત્રમાં નરનારાયણનું કહ્યું છે અને સ્વામી બીજી રીતે કહે છે.’ ત્યારે આચાર્ય કહે, ‘સ્વામી તો મહાજોગી છે, તે કઈ કળામાં ખેલતા હોય તેની આપણને ખબર ન પડે, માટે તેના બોલ્યા સામું આપણે જોવું નહિ. તમે બરાબર સમજો છો !’ આચાર્ય મહારાજે આમ કહ્યું, એટલે તુરત જ તબિયત સારી થઈ ગઈ. પછી તેઓ છેલ્લી ઉંમરે જૂનાગઢમાં ગુણાતીતાનંદસ્વામીના ભેળા રહ્યા હતા. તેથી તેમને અતિ દૃઢ સર્વોપરીપણાની નિષ્ઠા થઈ હતી.

આમ, શ્રીજીમહારાજનું સર્વકારણપણું સમજવું ઘણું કઠણ છે. તેમને અર્થે ભેખ લીધો હોય છતાં મહિમા સમજાય નહિ તે શા કામનું? ત્યાગી ગમે તેટલો ત્યાગ પાળે, ગૃહી ગમે તેટલું દાન દે કે યજ્ઞ-યાગાદિ કરે, પણ શ્રીજીમહારાજને જેવા છે તેવા જો ન જાણે તો તે ખામી ક્યારેય ભાંગે નહીં. આ વાત મહારાજે વચ. ગ.મ. ૯ માં કહી છે.

દોહા : **સહુએ વાત વિચારવી, ઉપાસનાની ખાસ;**
નિજ દર્શન કરી જોવું, રીઝવવા અવિનાશ...૯૬
વાત વિચારી ટાળવી, ખામી નિજની જરૂર;
સર્વોપરી ઉપાસકને, હરિ હાજરા હજૂર...૯૭

પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદસ્વામીને આસને જઈ પૂછ્યું, 'સ્વામી ! આજ સભામાં બહુ આકરી વાત કરી ?' ત્યારે સ્વામીએ હસીને કહ્યું, 'તમારા બાપે સ્વપ્નમાં આજ્ઞા આપી હતી એટલે કહી. જે સત્ય છે તે કોઈક દહાડે તો બહાર પડશે.' એટલે રઘુવીરજી મહારાજે કહ્યું, 'સ્વામી ! હું તો ના પાડતો નથી, પરંતુ બધાને આ વાત સમજાતી નથી.' શિવલાલ શેઠ ત્યારે સાથે હતા તેણે આ વાત સાંભળી. તેથી બહુ જ રાજી થયા.

વૈશાખી પૂર્ણિમાનો ઉત્સવ ઉમરેઠમાં કરી ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢ ગયા. ગોપાળાનંદસ્વામીના કાન નીચે રતવાની ફોડલી થઈ હતી. તેથી સ્વામીના શરીરે થોડો તાવ આવ્યો એટલે શિવલાલ શેઠ ગોપાળાનંદસ્વામીની સેવામાં રોકાયા. પછી સ્વામી વગેરે ઉમરેઠથી વડતાલ પધાર્યા. ગોપાળાનંદસ્વામીને શરીરે મંદવાડ વધવા લાગ્યો. તેના સમાચાર સાંભળી દૂર દૂરથી હરિભક્તો પણ સ્વામીના દર્શને આવવા લાગ્યા. સ્વામી હવે આ લોકમાંથી ઉદાસ થયા હતા. તેમણે શરીર છોડી દેવા માટે જ આ મંદવાડ ગ્રહણ કર્યો હતો.

શિવલાલ શેઠ સ્વામીની સેવા કરતા. એક દિવસ તેના અંતરમાંથી અવાજ આવ્યો કે, 'કદાચ હવે સ્વામી આ લોકમાં નહીં રહે.' સ્વામીના

આ લોકમાંથી વિદાયના સંકલ્પમાત્રથી શિવલાલ શેઠને હૃદયમાં અતિ દુઃખ થયું. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. તે જોઈ ગોપાળાનંદસ્વામી કહે, 'શિવલાલ ! શા માટે કોચવાય છે ?'

શેઠ કહે, 'સ્વામી, આપની આ ઉદાસી જોઈને મને એમ લાગે છે કે હવે આપ આ લોકમાં નહીં રહો.'

ગોપાળાનંદસ્વામી કહે, "શિવા ! તારી વાત ખરી છે. અમે શરીર છોડવા માટે જ આ મંદવાડ ગ્રહણ કર્યો છે. મહારાજે મને અઢી વર્ષ પહેલા કહ્યું હતું કે, **'મારું પુરુષોત્તમપણું ખુલ્લે ખુલ્લું સત્સંગમાં નહિ કહો, ત્યાં સુધી હું તમને અક્ષરધામમાં નહીં લઈ જાઉં. તમે ગમે તેટલા ઉપવાસ કરશો તોપણ તે નકામ છે.'** પછી તે સમયે હું અઠ્યાવીસ ઉપવાસ બાદ અનાજ જમ્યો અને શ્રીહરિની આજ્ઞા મુજબ પુરુષોત્તમપણાની ઉઘાડી વાતો કરવા મંડ્યો. તેમાં પણ ઉમરેઠમાં તો મેં જેમ છે તેમ મહારાજનું સર્વોપરીપણું કહ્યું છે; તું ત્યાં હાજર હતો. શ્રીજીમહારાજની આજ્ઞા મેં બરાબર પાળી છે, માટે હવે મને ધામમાં તેડી જાશે."

ગોપાળાનંદસ્વામીની આ વાત સાંભળી શિવલાલભાઈ ઊંડા ઉતરી ગયા. થોડીવાર તો કાંઈ ન બોલી શક્યા. પછી આંખો લૂછીને પૂછ્યું, 'હે સ્વામી ! આપ ધામમાં જશો તો મારો આધાર કોણ ?' એમ કહી પોક મૂકી રડી પડ્યા. ત્યારે સ્વામી વહાલથી કહે, 'ગાંડા..! શા માટે રડે છે ? તને તો મેં મહારાજનાં અંતરનો અભિપ્રાય સમજાવ્યો છે. વહેલું-મોડું સહુ કોઈને આ લોકમાંથી તો જાવાનું જ છે.'

ત્યારે શિવલાલ કહે, 'હા સ્વામી..! એ વાત તો સાચી, પણ આપ ધામમાં જાવ પછી મારું કોણ..? હું કોનો સમાગમ કરું ? અને સત્સંગનું સુખ લઉં. તથા મારે કાંઈ વ્યાવહારિક મૂંઝવણ આવે તો શું કરવું ? કોને પૂછવું ?' ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'શિવલાલ, તું

ચિંતા કરતો નહીં, તારે વહેવાર શીખવો હોય તો ગઢડા પૂજાભાઈ પાસે જજે, અને વ્યવહાર અને મોક્ષ એ બંને રીતિ શીખવી હોય જૂનાગઢ ગુણાતીતાનંદસ્વામીના સંગમાં રહેજે. હવે પછી તે તારો આધાર બનશે, અને તને સત્સંગનું સુખ આપશે.' આ રીતે ગોપાળનંદસ્વામીએ શિવલાલ શેઠને અંતિમ ભલામણ કરી.

આ વખતે હિંદુસ્તાની સાધુ કેશવદાસજીને ઘેર જવાના સંકલ્પ થતા હતા. ગોપાળાનંદસ્વામીએ તેના તે સંકલ્પને અંતર્યામીપણે જાણ્યા. પછી પોતાની પ્રસાદી આપી, તેથી તેને ઘેર જવાનો સંકલ્પ ટળી ગયો. પછી તેને પણ ગોપાળાનંદસ્વામીએ ગુણાતીતાનંદસ્વામીનો સંગ કરવાનું કહ્યું હતું. સ્વામીના મંદવાડના સમાચાર સાંભળી તે સમયે વૈશાખ વદ ચોથને દિવસે વડોદરાના વણિક ભક્ત પ્રેમચંદભાઈ અને બાપુ રાયજીભાઈ આવ્યા. ગોપાળાનંદસ્વામીની ઉપશમ સ્થિતિ જોઈને તે ભક્તો પ્રાર્થના કરતા કહે, 'હે સ્વામી ! અમે તમારા છીએ. અમારી ઉપર નજર રાખજો.'

ત્યારે ગોપાળાનંદસ્વામી ઉપશમ અવસ્થામાંથી જાગ્રત થયા અને પૂછ્યું, 'કોણ એ..?' ત્યારે તેઓ કહે, 'અમે વડોદરાના ભક્તો છીએ. હે સ્વામી ! વડોદરા પર દૃષ્ટિ રાખજો.' ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'હવે તો દૃષ્ટિ સર્વોપરી પુરુષોત્તમનારાયણ સામે હોય.' એમ કહી સ્વામી પાછા ઉપશમ સ્થિતિમાં ઊંડા ઉતરી ગયા. શિવલાલ શેઠ ત્યારે હાજર હતા. પછી બીજે જ દિવસે સં.૧૯૦૮ વૈશાખ વદ પાંચમના દિવસે ગોપાળાનંદસ્વામીએ આ લોકમાંથી સ્વતંત્ર થકા વિદાય લીધી.

ગોપાળાનંદસ્વામીના ધામગમન બાદ શિવલાલ શેઠ જૂનાગઢ ગુણાતીતાનંદસ્વામીના દર્શને ગયા. શિવલાલ શેઠને જોઈને ગુણાતીતાનંદસ્વામી બોલ્યા, 'કેમ શિવલાલ..?! યોગીરાજ મહામુક્ત ગોપાળાનંદસ્વામીની ભલામણથી અહીં આવ્યા કે..!!'

શિવલાલ શેઠે હાથ જોડી કહ્યું કે, 'હા સ્વામી ! યોગસમ્રાટ ગોપાળાનંદસ્વામીની ભલામણથી જ આપની પાસે આવ્યો છું. સ્વામી ધામમાં ગયા ત્યારે મને કહેતા ગયા છે કે, 'હવે તું જૂનાગઢના જોગીનો સંગ કરજે. તેથી હું અહીં આવ્યો છું.'

ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું, 'શિવલાલ ! સ્વામીની આજ્ઞા પાળજો. સમય કાઢી અવાર-નવાર જૂનાગઢ સમાગમ કરવા આવતા રહેજો. અહીં તો અમે કથા-વાર્તાનો અખાડો માંડ્યો છે.' ત્યારે શિવલાલ શેઠ કહે, 'હા સ્વામી..!

સદા આવીશ હું આપનો, કરવા રૂડો સંગ;
ગોપાળસ્વામીની આજ્ઞા, પાળીશ સદા અભંગ...૯૮

દયા કરીને આવજો, તમે પણ મુજ ગામ;
વડતાલ જાતા આવતા, ના ભૂલતા મુજ નામ...૯૯

અમને લાભ આપવા, આવતા રે'જો જરૂર;
પ્રીત અમારી જાણીને, જાણશો નહિ દૂર...૧૦૦

આ છે અમારા દિલની, વિનતિ સ્વામી સદાય;
જાણી તમારા અમને, ભૂલશો નહિ કદાય...૧૦૧

ત્યારે સ્વામી કહે, 'શિવલાલ જે કોઈ સત્સંગના ભૂખ્યા હોય તેને માટે અમે બ્રહ્મરસ પીરસવા તૈયાર જ છીએ.' આ રીતે ગોપાળાનંદસ્વામી ધામમાં ગયા બાદ જૂનાગઢના જોગી અને શિવલાલ શેઠની ગુરુ-શિષ્યની જોડી જામી હતી.

ગોપાળાનંદસ્વામી જેવા મહાસમર્થ સદ્‌ગુરુએ શરીર છોડતા પહેલા ઉત્તમ મુમુક્ષુ જીવોને બીજા સદ્‌ગુરુઓના હાથમાં સોંપ્યા હતા. તે આપણને ઘણું બધું શીખવી જાય છે.

શિષ્ય પણ છે સંપત્તિ, તેનોય કરવો ત્યાગ;
સત્સંગની આ રીત છે, અહો કેવો વૈરાગ...૧૦૨

નિજ શિષ્યનું ભલું કરવું, એવું જ એક તાન;
ધન્ય છે આવા ગુરુજીને, પમાડે તે ભગવાન...૧૦૩

સ્વામીએ જ જેમને ધ્યાન શીખવ્યું હતું અને સ્વામીની જ કૃપાથી જેની પૂજામાં હંમેશાં મહારાજ પ્રત્યક્ષપણે પધારતા; એવા શિવલાલ શેઠને પણ આ લોકમાં આજીવન માથે મોટાપુરુષની જરૂર છે એવું આ પ્રસંગ શીખવે છે. તો આપણે તો આજીવન માથે મોટા રાખવા જ જોઈએ. માટે આ વાત વાંચીને વિચારવું અને શિવલાલ શેઠની જેમ સાચા સદ્‌ગુરુનો સમાગમ કરી હરિવરને વરી જાવું, પુરુષોત્તમનારાયણને પામી જાવું.

ગુરુ વિનાના રહેવું નહિ, જીવનમાં કોઈ પળ;
મોટા માથે રાખવા, સમજીને હરપળ...૧૦૪

માયા મહા વિચિત્ર છે, છેતરી દે તે તરત;
મોટા સંતની કૃપાથી, બચતા રૈયે અવિરત...૧૦૫

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ગોપાળાનંદસ્વામીએ શિવલાલને છેલ્લી શિખામણ આપી' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય-૧૬

સંતપ્રસન્નતાની રીત-ખપ તથા વઢનારની આવશ્યકતા

દોહા : **શિવલાલ સંત દર્શને, જતા ન ખાલી હાથ;**
કંઈક ને કંઈક રાખતા, આપવા જેવું સાથ...૧૦૬

લેતા રાજીપો સંતનો, વારે વારે અપાર;
હતો શિવલાલ શેઠને, સંત પર એવો પ્યાર...૧૦૭

શેઠ સહુ સંતોનો વારંવાર રાજીપો કમાતા. તે વખતે છાપખાનાં ન હતાં, તેથી ઘેર લહિયા રાખી 'વચનામૃતો' તથા કીર્તનો વગેરેના

ચોપડા લખાવી તૈયાર રાખતા અને સંતોને ભેટ આપતા; આ તેમનું અંગ હતું. આમ, સંતોનો ખૂબ રાજીપો અવારનવાર રળ્યા જ કરતા. બંને દેશનાં સંતો જ્યારે ગઢપુર દર્શને આવતાં ત્યારે જો કારિયાણી, સારંગપુર, કુંડળ, લોયા વગેરેની પંચતીર્થી કરવા નીકળે તો વચ્ચે બોટાદ અવશ્ય આવતા. જે સંતો આવતાં તે સહુને શિવલાલ શેઠ પ્રેમથી ઉતારા, સીધું-સામાન આપતાં અને સેવતાં. સંતો આવે એટલે તેમને મન ગોળનાં કે સાકરનાં ગાડાં આવ્યાં હોય તેવો આનંદ થતો ! તેથી અતિ ભાવથી સેવા કરતા.

મનધાર્યું કરતા નહીં, ને રાજી કરતા સંત;
મનમાં એવું જાણતા, તો જ રીજે ભગવંત...૧૦૮

સંતમાં ગુણો ગોતતા, અભાવ ન લે જરાય;
સરળ થઈને વર્તતા, લખપતિ હતા છતાંય...૧૦૯

મોટા સંતની દૃષ્ટિથી, જીવનાં બંધન જાય;
એટલે શિવલાલ સંતને, ખુશ રાખતા સદાય...૧૧૦

ગુણાતીતાનંદ સ્વામી, સાથે હતી બહુ પ્રીત;
સ્વામી પરીક્ષા કરતા, ઘડવા સારું અમિત...૧૧૧

સ્વામી વઢે વારે વારે, કરે કદિ અપમાન;
લખપતિનો પુત્ર તોય, માનતો ભાગ્ય મહાન...૧૧૨

✵ રાજીપો રળવાનો ઉત્તમ ઉપાય : 'સવળું લેવું'

શેઠ કોઈ પણ સંતો કહે એટલે તરત સવળું લેતા. કારણ કે, મન કરતા સંતવચનને પ્રધાન રાખતા. અજબની ગુણગ્રાહી દૃષ્ટિ કેળવી હતી. ક્યારેય કોઈનો અવગુણ જોતા જ નહીં. એ ટેવ જ હતી નહીં. સહુના ગુણો લેતા અને લાખોપતિ હોવા છતાં સરળ બનીને વર્તતા, તેથી સહુ સંતોની સદા તેમના ઉપર અમીમય દૃષ્ટિ રહેતી અને સંતો વઢે તો એવું સમજતા કે, મારા ઉપર સંતો રાજી છે એટલે મને વઢે છે,

નહિતર શું કામ વઢે ? મોટા સંતોને આપણી શું પડી હોય ? સુખી ધનાઢ્યને કોણ વઢે ? એમને તો વખાણીને સહુ સ્વમતલબ સાધતા હોય છે, સાચું કહેનારા જગતમાં બહુ ઓછા છે; આવી તેમની સમજણ હતી તેથી વઢનારા વહાલા લાગતા. આ સમજણ ઝાઝાં લોકોમાં હોતી નથી. નિષ્કુળાનંદસ્વામી કહે છે,

ખોળી ખોળીને ખોળિયું, ખરા ખપવાળાની ખોટ રે;
જેને ન જોઈએ જાળવ્યા, સુણી સમજે સીધું ચોટ રે.

અપમાન સમયે પણ સવળું સમજવું એ બધાંનું કામ નથી. ગુણાતીતાનંદસ્વામી કહે, 'એકવાર જામનગર ગયા તે રઘુવીરજી મહારાજ અને મોટા સંતોનાં દર્શન મૂકી સહુ દરિયો જોવા દોડ્યા. તે શું ? સંતોમાં એટલોય માલ નહિ હોય..? પણ જીવને તો પોતાની ખોટ દેખાતી જ નથી.' વળી, એક મોટા મંદિરના કોઠારી સાધુ સારા સારા હરિભક્તોનાં નામ લઈને મને કહેતા કે, 'ફલાણા હરિભક્તને અમે વીસ વર્ષથી સાચવીએ છીએ, ફલાણા ગામના પેલા હરિભક્તને પચ્ચીસ વર્ષથી સાચવીએ છીએ, અમુકને તો પાંત્રીસ વર્ષથી જાળવીએ છીએ. આમ, અમુકને સંતો સાચવીને રાખે છે. આમાં ઘડતર શું ધૂડ્ય થાય ? શિવલાલ શેઠ જેવા ક્યાંથી કાઢવા ?

જેને ન જોઈએ જાળવ્યા, સુણી સમજે સીધું ચોટ રે.
સમું સમજે શોધતાં એવા, જોતાં ઝાઝા નવ જડે રે;
જેને ન આવડે અવળું લેવા, વણતોળી વિપત્ય જો પડે રે.
એવાં જન જગતમાં જાણો, ઘરઘર ઘણાં ન હોય રે;
નિષ્કુળાનંદ કહે પરમાણો, સાચા સંત કા'વે સોય રે.

રામચંદ્ર ભગવાને વનમાં સીતાજીની રક્ષામાં લક્ષ્મણજીને મૂક્યા હતા, પરંતુ રાક્ષસ મારીચે 'હે લક્ષ્મણ !' એમ બૂમ પાડી ત્યાં સીતાજી અકળાઈ ગયાં. લક્ષ્મણે કહ્યું, 'માતા ચિંતા ન કરો. મારા ભાઈને

બ્રહ્માંડમાં કોઈ કાંઈ કરી શકે તેમ નથી; તે પરમેશ્વર છે. છતાં સીતાજીથી ન રહેવાણું અને લક્ષ્મણજીને ન કહેવાના શબ્દો કહ્યા, કડવાં વેણ માર્યાં. પછી લક્ષ્મણજીને ઘણું દુઃખ લાગ્યું છતાં અવળું ન લીધું. તે સમજી ગયા અને રામચંદ્ર ભગવાનની પાછળ ગયા. પછી સીતાનું રાવણે અપહરણ કર્યું. પરંતુ ઘણીવાર માણસ સવળું સમજતા જ નથી. સીતાજી જેવાંએ પણ વિપત્તિકાળમાં સવળું ન લીધું. માટે મુશ્કેલીના સમયે સવળું સમજવું અને અવળા સંકલ્પ ન જ કરવા; એવા તો શિવલાલ શેઠ જેવા કોઈક વિરલા હોય ! આપણે તેમના જેવા થવું.

સાચા ભક્તના લક્ષણ બતાવતા હ.ચ.સા. ૬/૨૧ માં આધારાનંદસ્વામી કહે છે,

दोहा : दृढ निश्चे होय जाहिकुं, दृढ सो रखे विश्वास।
विपत परे कोटि गनी, कबहु न होय उदास॥

જેને ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય દૃઢ હોય તે તો ભગવાનનો સુદૃઢ વિશ્વાસ રાખે. અને તેને જીવનમાં કરોડગણી વિપત્તિ પડે તોપણ તે ક્યારેય ઉદાસ થાય નહિ.

सोरठा : विपत सो समजे तप, अंतरजामि जो देत कबु।
जाकुं होय अति खप, समझ ग्रहे सो सुलट सब॥

અંતર્યામી શ્રીહરિ ક્યારેક જો આવી વિપત્તિ આપે તો તેને તે ભક્ત તપ સમજે છે. જેને ભગવાનને રાજી કરવાનો અતિ ખપ હોય તે સર્વે સમજણને સવળી જ ગ્રહણ કરે, ક્યારેય અવળી સમજણને ગ્રહણ કરતો નથી.

❋ સાંખડાવદરમાં સેવા કરવા :

એકવાર શિવલાલ શેઠ સમાગમ કરવા જૂનાગઢ ગયા. ત્યારે ગુણાતીતાનંદસ્વામી સાંખડાવદરના બીડમાં ખડ વઢાવવા ગયા હતા. જૂનો જમાનો હતો, મંદિર આદિ સ્થાનો બંધાઈ રહ્યા હતા, સંપત્તિ તથા

સાધન-સામગ્રી ઓછા હતા, તેથી મંદિરના રોજિંદા નાના-મોટા સેવા કાર્યો સંતો-ભક્તો જાતે જ કરતા હતા. પથ્થર કાઢવા, પથ્થર ઘડવા, લાકડા કાપવા, તેને વેરવા, લોટ દળવા વગેરે કાર્યો સંતો-ભક્તો સહુ સાથે મળી કરતા.

આ સેવાયોગમાં પણ સમજણ અને સમર્પણ જળવાઈ રહે, આધ્યાત્મિક માર્ગ ભૂલી ન જવાય, સેવા-પ્રવૃત્તિ બંધન ન કરે અને મુક્તિનું પરમ સાધન બની રહે તે માટે શ્રીહરિએ સતત કથા-વાર્તાનો મારો રાખ્યો-રખાવ્યો હતો. ગુણાતીતાનંદસ્વામીએ પણ સેવાની સાથોસાથ કથા-વાર્તાનો યોગ પૂરેપૂરો વણી લીધો હતો.

જૂનાગઢના નવાબ બહાદૂરખાન અને બુલેખા ગામના નવાબ તે બંને ભાયાતો થતા હતા. તેમને સ્વામિનારાયણ ભગવાનનો ખૂબ જ ગુણ હતો. તેથી સાંખડાવદરની સીમમાં તેમણે મોટી વાડી (બીડ) શ્રીહરિને સમર્પણ કરી હતી. આસો માસમાં ઘાસ વઢાતું, મજૂરોની તંગી હતી, તેથી ગુણાતીતાનંદસ્વામી દોઢસો ઉપરાંત સંતો-ભક્તોને સાથે લઈને ત્યાં સીમમાં તંબુ-ડેરા નંખાવી ખડ વાઢવાનું કામ કરવાતા.

તે સમયે શિવલાલ શેઠ પણ ત્યાં ગયા હતા. સ્વામી જ્યાં સુધી બીડમાં વાઢવા રોકાય ત્યાં સુધી તે પણ વગડામાં સાથે રહેતા અને સ્વામીનો સેવા-સમાગમ કરતા. સંતો-ભક્તો ઘાસ વાઢતા હોય તેની પાછળ સ્વામી ફરતા. શિવલાલ શેઠ પણ સ્વામીની આજ્ઞાથી હાથમાં પુસ્તકનું પાનું રાખી પાછળ પાછળ ફરતા અને વચનામૃત વાંચતા. સેવા કરતા સહુની મનોવૃત્તિ વચનામૃત તરફ ખેંચાયેલી રહેતી. જ્યારે વચનામૃત પૂરું થાય ત્યારે સંતો-ભક્તો વાઢવાનું બંધ રાખે, દાતરડા પડતા મૂકે.

પછી ગુણાતીતાનંદસ્વામી વચનામૃતના મર્મ સમજાવે, શ્રીહરિની સર્વોપરીતાની વાતો કરે. પછી ફરી 'હરે' બોલે એટલે શિવલાલ શેઠ

વચનામૃત વાંચવાનું શરૂ કરે, સંતો-હરિભક્તો વાઢવાનું શરુ કરે. સેવા અને સત્સંગનો આ અનોખો સંગમ હતો. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી વાતો થતી. ભાદરવા-આસો મહિનાનો તીખો તાપ હોય, અનેક પ્રકારના જીવડાઓ ઉડતા હોય, જીવાત શરીરે કરડતી હોય, ગરમીથી શરીર તપતા હોય, પરંતુ આ મહાપુરુષ બ્રહ્મરસના વરસાદ વરસાવી સહુનાં અંતરને હિમાળા જેવા ટાઢા કરી દેતા.

દોહા : **ધન્ય ધન્ય સંતો-ભક્તો, ધન્ય ધન્ય આ સત્સંગ;**
એવો હતો એ વખતનો, અતિ અનોખો ઉમંગ...૧૧૩
એવો આપણે રાખીએ, તો રહે રૂડો રંગ;
એના જેવો આપણે, આજ કરીએ સત્સંગ...૧૧૪

શિવલાલ શેઠને ઘરે સુવા માટે રૂના પોચા ગાદલા હોય, ગાલમશુરિયા હોય, મચ્છરદાનીઓ નાંખી હોય, સેવકો પંખા નાંખતા હોય, ભાત-ભાતના ભોજન હોય, ઘી-દૂધની રેલમછેલ હોય તે માંહિલું કાંઈ અહીં નહોતું મળતું. છતાં શિવલાલ જેવા ઉત્તમ મુમુક્ષુઓ બીડમાં કોઈ પણ પ્રકારની સગવડતા ન હોય ત્યાં રહેતા. બપોરે બાજરાના રોટલા અને અડદની દાળ સંતની સાથે જમતા. સવાર-સાંજ દૂધ-છાશ જે મળે તે પીતા. આવાં કષ્ટ વેઠીને તથા જંગલમાં ટાઢ-તડકો વેઠી સત્સંગ કરતા. સમાગમ કરવામાં તેમને કોઈ પણ પ્રકારની અગવડતા કે માન-અપમાન નડતા નહીં. સંતસમાગમમાં કેટલી શ્રદ્ધા હશે ? અને કેટલો ખપ હશે ? મહારાજ તથા સંતનો કેવો મહિમા સમજાયો હશે ? ત્યારે આ રીતે સત્સંગનો લાભ લેતા હશે..!! વાણિયાના દિકરા લાભ વિના લોટે નહીં. આપણને બુદ્ધિ નથી તેથી લાભ સમજાતો નહીં હોય, નહિ તો આપણેય આ રીતે જ સંતસમાગમ કરીએ હો..!

આવી શ્રદ્ધા રાખીએ, આવો સેવાભાવ;
આપણે પણ પામીએ, સહેજે બ્રહ્મભાવ...૧૧૫

પણ જે'દિ એવો જાગશે, ખરો સત્સંગ ખપ;
તે'દિ દેહભાવ ટળશે, અખંડ થશે હરિજપ...૧૧૬

શ્રીહરિએ વ.લો.૧૨માં કહ્યું છે, **'વક્તા સુધો શાંત હોય અને શ્રોતા ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળો હોય તો ભગવાનનો જેવો છે એવો યથાર્થ મહિમા સમજાય.'** સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી ઉત્તમ વક્તા હતા અને શિવલાલ શેઠ ઉત્તમ મુમુક્ષુ હતા, તેથી તેમની જોડી અદ્‌ભુત બની રહેતી. આપણે પણ એવા શ્રદ્ધાવાળા શ્રોતા થાવું અને એવા શ્રદ્ધાવાળા સંતનો નિર્માનીપણે, ખપ રાખી, સમય ફાળવી સેવા-સમાગમ કરી લેવો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'સંતપ્રસન્નતાની રીત-ખપ તથા વઢનારની આવશ્યકતા કહી' એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય-૧૭

અપમાનમાં પણ સવળું લે તે સમજુ

ગુણાતીતાનંદસ્વામી શિવલાલભાઈનું સભામાંય અપમાન કરતા, છતાં શિવલાલ હસ્તે મુખે આનંદમાં રહેતા. પોતાને 'હું સહન કરું છું' એવો અહેસાસ પણ થાતો નહીં. કેમ જે, દુઃખ લાગે અને સમાવવું પડે તો સહન કર્યું કહેવાય. એમની સમજણ જ અલૌકિક હતી. પોતામાં કાંઈક ખોટ ખામી હોય તો વિચારી તત્કાળ ત્યાગ કરી દેતા. તેથી જ સ્વામી ઉપદેશામૃતમાં કહે, 'આજ તો છોકરો સત્સંગી થાય ત્યારે રાજી થાય. એકને મણ સાકર ખવરાવીને સત્સંગી કર્યો ને એક જણને સોપારીનું બંધાણ છોડાવ્યું.

અને શિવલાલભાઈ સોપારીનો કટકો ખાતાં હતાં, ને સભામાં બેસીને ભાયાત્માનંદસ્વામીની વાતું સાંભળતાં હતાં, ત્યારે વારે વારે કટકટ થાતું સાંભળી આત્માનંદસ્વામી કહે જે, 'આટલામાં કૂતરાની

પેઠે કોણ હાડકું કરડે છે ?' આમ, સ્વામીએ આવા મોટા શેઠિયાનું ભરસભામાં અપમાન કર્યું, અને તેમને પણ ખબર પડી કે, આ મને કહ્યું, છતાં રંચપણ મુખની રેખા ફરી નહીં.

આ વાત સાંભળી કે તરત શિવલાલભાઈ ઊભા થયા ને બહાર જઈને કટકો થૂંકી નાખ્યો ને જિંદગીભર સોપારી ન ખાવી એવો અમારી પાસે આવી નિયમ લીધો. **તે વઢીને કહે તોય ગુણ લે એવા થોડા.'**

આમ, ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી હતી. વહાલા ભક્તો ! રંચમાત્ર પણ ભાયાત્માનંદસ્વામીનો શિવલાલભાઈએ અવગુણ ન લીધો. અને આપણને તો વારેવારે મનમાં એમ થઈ જાય, 'આ સ્વામી મારા ઉપર જ શું વાત કર્યા કરે છે ? આ વાત ભરસભામાં સંભળાવીને મારી આબરું લે છે, મને બધામાં ઉતારી પાડે છે, આ મારું અપમાન છે. એકાંતમાં મને કહેવું જોઈએ, મારું એમને સારું કરવું હોય તો આમ મને હલકો કરવાથી થોડું થાય, આ તો મારા ઉપર દાઝ છે એટલે સભામાં મારા ઉપર વાત લાવીને સતત ઘસકાવ્યા જ કરે છે. પ્રેમ તો આપતા જ નથી.' આવા સંકલ્પ થાવા માંડે. પણ શિવલાલભાઈની જેમ ગુણગ્રાહી થવાતું નથી, તે બહુ મોટી ખોટ છે.

માટે હે વહાલા ભક્તો ! આપણે પણ શિવલાલભાઈ જેવા ગુણગ્રાહી ભગત થાવું તો શ્રીહરિ અને સંતો રાજી થાય. વચનામૃતમાં મહારાજે કહ્યું છે જે, 'દત્તાત્રેયની પેઠે જે ગુણ લે તેનો સત્સંગમાં અચળ પાયો થાય છે અને અવગુણ લેનારની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે.' વળી, શ્રીહરિએ ૨૬૨ વચનામૃતમાં ૧૮૮ વાર અવગુણ લેવાની ના કહી છે. તોય આપણે સમજતા નથી. અવગુણ લેવામાં તો બહુ ઉતાવળિયા થઈ જવાય છે, ધીરજ રહેતી નથી. કેટલાય આડા-અવળા સંકલ્પ ઘડીકમાં થઈ જાય છે.

દોહા : માટે સ્વખોટ ખોળવી, રાખવું નિજ દર્શન;
નહીં તો દોષો વકરે, ભારે કરે જીવપતન...૧૧૭

મોટાં માણસને સભા વચ્ચે ટોકવું અને તે ટોકણીનું સહન કરવું તે બંને ભારે કઠણ છે. બધાથી ટોકી શકાતું નથી. કેમ જે, બીજાને ટોકવા-સુધારવા માટે પણ લાયકાત ને ઉંચાઈ જોઈએ છીએ. અને તે પોતે વર્તન કર્યા વગર થાય નહીં. જેનામાં કાંઈ વર્તન ન હોય તેનાથી સામાને ટોકી શકાતું નથી. માટે ટોકનારનેય ધન્યવાદ ઘટે છે. કેમ જે, જીવ ઉપર અપાર દયા સિવાય તે સેવા થઈ શક્તી નથી. આ વાતને ડાહ્યા માણસ હોય તે સમજી શકે છે.

અને વળી, જે મુમુક્ષુ નાની ભૂલને પણ હસતા મોઢે સ્વીકારે, સહન કરે તે જ સંપૂર્ણ નિર્દોષ બને છે અને મુક્તદશાને પ્રાપ્ત કરે છે. **પરંતુ મોટા ભાગનાં માણસો લોકમોટાઈ, વ્યવહારકુશળતા, વિદ્વત્તા કે ભજન-ભક્તિમાં અમુક કક્ષાએ પહોંચે પછી તેનું અભિમાન આવે છે. આ અભિમાનને કારણે ભગવાન ને ભગવાનના સંતો-ભક્તોમાં ગૌણતા આવી જાય છે. પછી નિજદર્શનના અભાવે સામાની ભૂલ દેખાવા લાગે. પછી બીજાની નાની ખામીઓ પણ મોટાં સ્વરૂપે દેખાય આવે છે અને મોક્ષના માર્ગમાંથી જીવ ભ્રષ્ટ થાય છે.**

માટે મોટાપુરુષે બતાવેલી નાની બાબત ઉપર પણ સંપૂર્ણ ધ્યાન રાખવું અને શિવલાલ શેઠની જેમ સવળું સમજીને તેનો ત્યાગ કરવો તો જ સુખેથી સત્સંગમાં રહેવાય.

વઢીને વાતો કરતા, સત્સંગે સંતો નંદ;
શિવલાલ શેઠને મનમાં, તોય આવતો આનંદ...૧૧૮

આવી મુમુક્ષુતા આપણે, હોવી જોઈએ આજ;
જાણી ઘડતર આપણું, થાવું નહીં નારાજ...૧૧૯

ટાંકણે ટાંકણે ઘડતાં, પથ્થર મૂર્તિ થાય;
'જ્ઞાન' સંતના વચનથી, બદ્ધ મુક્ત બની જાય...૧૨૦

શિવલાલ શેઠને ગમે તેમ મોટા સંતો વઢે છતાં તેમને આનંદ થતો ! સમયે સમયે કહેલા કડવાવેણરૂપી ઔષધ જ જીવને નિરોગી કરે છે. શિવલાલ શેઠ મહિમા સમજી સંતોના વચનો અમૃતની પેઠે પાન કરતા અને તેથી જ તેમણે ભાયાત્માનંદસ્વામીની ટકોર સાંભળી તરત જ સ્વામી પાસે જઈ કહ્યું, 'આજથી મારે સોપારી હરામ છે.'

ત્યારે ગુણાતીતાનંદસ્વામી કહે, 'શિવા ! અમારે તો તને માયા પણ હરામ કરાવી દેવી છે. ગોપાળાનંદસ્વામીએ અમને તારી ભલામણ કરી છે અને તેં અમારામાં જીવ જોડ્યો છે, માટે તારામાં રંચમાત્ર કસર રહેવા દેવી નથી.' તે સાંભળી શિવલાલ કહે, 'હા સ્વામી, એ તો મારા ઉપર આપની બહુ મોટી કૃપા છે, એમ હું સમજુ છું.'

આવી મુમુક્ષુતા આપણામાં આવવી જોઈએ. આવું ઘડતર આપણું કરે જ કોણ ? એમ આનંદ થવો જોઈએ. વઢે અને અભાવ આવે તેની માટે શ્રીહરિ વચ.ગ.મ.૨૬ માં કહે છે, **'જે બીજામાં અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે સત્સંગી છે તોપણ અર્ધો વિમુખ છે.'**

વળી, શ્રીહરિ વચ.ગ.મ.૬૦ માં કહે છે જે, **'જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે અને તેની સાથે વૈરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ એવો જે હોય તે ચાંડાળ જેવો જીવ છે.'**

વળી, શ્રીહરિ વચ.ગ.પ્ર.૭૮ માં કહે છે, **'પ્રથમ તો એને સંતને વિશે અલૌકિક મતિ હોય અને પછી તો તે સંતનો અલ્પ દોષ જોઈને પોતાની કુબુદ્ધિએ કરીને ઝાઝો દોષ પરઠે છે. પછી એની અસદ્‌વાસના થઈ જાય છે, તેણે કરીને સંતને વિશે ઓછો ભાવ થઈ જાય છે.** તે જો વિચારીને અસદ્‌વાસનાને ટાળે તો પ્રથમ હતો તેવો શુદ્ધ થાય; અને જો અસદ્‌વાસના ન ટાળે તો અંતે જતાં વિમુખ થઈ જાય છે.'

માટે હે વહાલા સંતો-ભક્તો ! મોટા સંતો વઢે-ટોકે છતાં ભાવ ફેર ન થવા દેવો. જેમ ટાંકણે ટાંકણે પથ્થરમાંથી મૂર્તિ થાય છે તેમ સંતના વચનરૂપી ટાંકણાથી જ જીવ બદ્ધમાંથી મુક્ત થાય છે. તુલસીદાસજી કહે છે,

પારસ અરું સંતન મેં, બડો અંતર જાણ;
એક લોહા કંચન કરે, એક કરે આપ સમાન.

પારસ કે પરસંગ સે, કંચન ભયી તલવાર;
તુલસી તીનો નવ મીટે, માર ધાર આકાર.

પારસમણિ લોઢાને અડે તો લોઢું કંચન થઈ જાય ! પરંતુ પારસમણિ કોઈને પારસમણિ ન બનાવી શકે. જ્યારે સંત કોઈ લોઢા જેવા નિર્દય જીવને પોતાના સંગમાં લે તો તેને પોતા જેવો સંત બનાવી દે છે. માટે પારસમણિ કરતાં પણ સંત ઘણા મહાન છે. પારસમણિના સ્પર્શથી લોખંડની તલવાર સોનાની થાય, પરંતુ તેનો મારકણો સ્વભાવ, તીક્ષ્ણ ધાર અને તેનો આકાર એમનાં એમ જ રહી જાય છે. માત્ર સોનાની થાય એટલું જ બને છે, પરંતુ સંત તો એના તે સ્વભાવોને પણ ટાળી દે છે.

જ્ઞાન હથોડા કર ગ્રહી, સદ્‌ગુરુ ભયે સુનાર;
તુલસી તીનો નવ રહે, માર ધાર આકાર.

પણ કોઈ સદ્‌ગુરુ જ્ઞાનરૂપી હથોડો લઈ મુમુક્ષુનું ઘડતર કરે તો એનો વાસનાવાળો સ્વભાવ ટાળી દે છે, માયિક આકાર ટાળી દે છે, વિષયવાસનાની ધારો બૂઠી કરી નાખે છે અને મુક્ત બનાવી દે છે. દેહધારી મટાડી મૂર્તિધારી કરી દે છે, માટે પારસમણિ કરતાં સંતમણિ અતિ મહાન જાણવો.

ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી જેવા વિરલ સંતની શિવલાલભાઈ ઉપર અમીદૃષ્ટિ હતી, મોટો ઉપકાર હતો. તેથી તેમણે

શેઠનું આખું કલેવર બદલી નાખ્યું હતું. છતાં દેહે મુક્ત બનાવી દીધા હતા. તેથી શેઠને પોતાનો સાચો પ્રાણવાયુ એક શ્રીહરિની મૂર્તિ જ છે એમ અનુભવાતું હતું. સુખનું મૂળ સદ્‌ગુણો છે અને તે સદ્‌ગુણો પણ સત્પુરુષ પાસેથી જ પમાય છે. શેઠ સંતોને સેવીને અનેક ગુણોના સાગર બન્યા હતા !

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'અપમાનમાં પણ સવળું લે તે સમજુ' એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય-૧૮

શેઠનો ધન રળ્યાનો ઉમંગ તથા બુદ્ધિનો ડોડ ટાળ્યો

એકવાર ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢ ધર્મશાળા બાંધતા હતા. તેને માટે કાળવા નદીમાંથી મોટા પથ્થરો રેકડે ચડાવી મંદિરે લાવતા, અને ધર્મશાળાના પાયામાં નખાવતા હતા, અને ધાબળી નાંખી પાયો પૂરે ત્યાં બેસતા. શિવલાલભાઈ પણ ત્યારે ત્યાં હતા. જ્યારે પથ્થર પાયામાં નાખતા હતા ત્યારે સ્વામી **'હરામ-હરામ'** બોલ્યા. એટલે શિવલાલે સ્વામીને પૂછ્યું, "એમ કેમ બોલો છો ?" ત્યારે સ્વામી કહે, **"શિવલાલ ! તેં બાર લાખ દાટ્યા છે તે તારે કાઢવા હરામ છે અને મારે આ પથ્થર કાઢવા હરામ છે."** વળી, સ્વામીએ કહ્યું, "શિવલાલ, તારે ઘેર કઢી કરવી હોય તો છાશ, ચણાનો લોટ અને હળદર હોય તો જ કઢી થાય અને હળદરથી જ તમે ધનવાનો પણ કઢી પીળી કરો છો, કાંઈ અંદર સોનાનો ભૂકો નાંખતા નથી. મારે પણ હળદર નાખવાથી જ કઢી પીળી થાય. સોનું નાખ્યે કઢી પીળી ન થાય." એમ વાત કરી સ્વામીએ તેમને રૂપિયાનો મોહ હતો તે મટાડી દીધો. આ કામ ઘણું કઠણ છે. જેના અંતરમાંથી રૂપિયાનો મોહ ગયો હોય તે બીજાના રૂપિયાનો મોહ મટાડી શકે.

દોહા : મોટા સંતની નજરમાં, બ્રહ્માંડ ઢુંસા સમાન;
જાણી શિવલાલ શેઠનું, ઊતરી ગયું ગમાન...૧૨૧

વળી, એકવાર શિવલાલભાઈ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ ગયા હતા. તે દરમ્યાન તેઓ એક દિવસ શહેરમાં ફરવા ગયા. ત્યાં એક જગ્યાએ વ્યાજબીભાવે સોનું વેચાતું હતું, એટલે શિવલાલ શેઠે તે લીધું અને તરત જ બીજી જગ્યાએ વેચ્યું, એટલે દોઢસો રૂપિયાનો નફો થયો. પોતે લાખો રૂપિયાના આસામી હતા. તેને આ રૂપિયાની બહુ ગણતરી હતી નહીં, એટલે વિચાર્યું કે, 'સાવ મફતમાં નફો મળ્યો છે માટે આ પૈસાની મારે આજે જ સંતોને રસોઈ આપી દેવી.' આમ વિચારી હરખમાં ને હરખમાં મંદિરે આવ્યા.

સભામાં મોડા આવ્યા એટલે ગુણાતીતાનંદસ્વામીએ ટૂંકા ઝાલ્યા ને શિવલાલને કહ્યું જે, 'આજ ક્યાં ગયા હતા ?' પછી શેઠે હાથ જોડીને કહ્યું જે, 'સ્વામી ! આજ તો શહેરમાં ગયો હતો, તે ત્યાંથી એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામીએ કહ્યું, 'રસોઈ કેવી ?' ત્યારે શિવલાલે કહ્યું જે, 'સોનું લઈને બીજે દીધું તેમાંથી દોઢસો રૂપિયા રહ્યા તેની રસોઈ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ તો ઠીક. તને સોનું લેવાનો સંકલ્પ થયો, પણ કોઈ દિવસ સો કરોડ મણ ઢૂંસાં લઈને કમાણી કરીએ, એવો સંકલ્પ થાય છે ?' ત્યારે શિવલાલે કહ્યું જે, 'ના, મહારાજ ! એવો તો કોઈ દિવસ સંકલ્પ નથી થતો.'

ત્યારે સ્વામી બોલ્યા જે, **'મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિ-પુરુષ અને તેના તમામ કાર્યો ઢૂંસાં જેવા જ છે; પણ તેમાં કાંઈ માલ જણાતો નથી. ને તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન અને વાતો મૂકીને શી કમાણી કરી ?'** એમ કહીને બુદ્ધિનો ડોડ ટાળી નાંખ્યો. સ્વામીના વેણેવેણે શિવલાલ શેઠનો સાત્વિક અહંકાર ઓગળી ગયો.

પછી બે હાથ જોડી કહ્યું, 'હે સ્વામી ! મારી ભૂલ થઈ, મારે આવું નહોતું કરવું. તમ જેવા સંતનો સમાગમ મૂકી સોનામાં મારું મન ગયું તે મારી કસર છે.' ત્યારે શિવલાલનો નિર્માની, નિખાલસ સ્વભાવ જોઈ સ્વામી રાજી થયા અને કહ્યું, 'શિવલાલ ! તું તારી કસર ટાળવા અહીં આવ્યો છો અને મારે પણ તારી કસરમાત્ર ટાળવી છે. નિર્વાસનિક કરી, બ્રહ્મરૂપ બનાવી સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનમાં જોડી દેવો છે.'

ગુણાતીતાનંદસ્વામીની ખુમારી જુદી હતી. એક જણો જૂનાગઢ મંદિરે રાધારમણ દેવ આગળ પાંચસો રૂપિયા મૂકીને ગયો. તે જોઈને સ્વામી કહે, 'આ રૂપિયા આંહી દેવ આગળ નાંખી ગયો તેના કરતાં તેનો બાજરો લઈ તેણે પ્રભુ ભજ્યા હોત અને સમાગમ કર્યો હોત તો હું તેને બ્રહ્મરૂપ કરી દેત, તેની વાસના-સ્વભાવ બધું ટાળી દેત, ભગવાનનો ભેટો કરાવી દેત.'

વહાલા ભક્તો ! જુઓ તો ખરા રૂપિયાની તે વખતે બહુ તાણ હતી, તોય રૂપિયા જોઈ મોટા સંતોનું મન રાજી નહોતું થતું. તેથી તે રૂપિયાવાળાના સ્વભાવો છોડાવી શકતા અને તેને પણ મૂર્તિમાં જોડી શક્તા. આપણે પણ સ્વામી જેવા નિર્મોહી અને નિર્બંધ સંત થવાની જરૂર છે.

આવા મોટા સંતનો, જોઈ ત્યાગ વૈરાગ્ય;
રહેતો ભાવ સહુ જનને, માનતા'તા બડ ભાગ્ય...૧૨૨
શિવલાલ જેવા શેઠને, ઘડી શકે ગુણાતીત;
એનું નહીં કામ જેને, હોય માયામાં પ્રીત...૧૨૩

ગુણાતીતાનંદસ્વામી અતિ નિર્મોહી અને વૈરાગ્યવંત સંત હતા. તેથી તે વઢે છતાં સહુને ગુણ આવતો અને પોતાનાં ભાગ્ય માનતાં કે, અમને આવા દિવ્ય મહાપુરુષ મળ્યા છે કે, જેમને અમને વઢવાં, ટોકવાં કે ઉપદેશ દેવાં પાછળ પોતાનો કોઈ સ્વાર્થ સિદ્ધ કરવાનો છે નહીં, તે જે કાંઈ કરે છે તે માત્ર અમારા કલ્યાણ માટે, સુખ માટે કરે છે.

હે વહાલા ભક્તો ! જેઓ આજ-કાલ રોજ ઊઠીને ધનની જ વાતો કરે, દુનિયાના હાર-જીતની જ વાતો કરે અને ગમે તેની પાસે પૈસા માગ માગ કરે, કાં તો આ કાંઈક આપશે એવા આશયથી તેની સાથે હેત-પ્રીત, સંબંધ રાખે, તેનું સન્માન, સારા ઉતારા આપવા વગેરે દ્વારા તેને સાચવ્યા કરે તેવાઓની ઉપર માની, તાની ને ધાનિયા ભગત હોય તે રાજી થાય છે. પરંતુ ખરા મુમુક્ષુ એવા સાધુને જોઈને પોતાનાં ધન્યભાગ્ય ન માને !

હીરો વિંધાય હીરાથી, કાચ કરે નહિ કામ;
ચળકે ચમકે 'જ્ઞાન' ઘણા, પણ પેલ ન પડે આમ...૧૨૪

જેમ હીરાથી હીરો વીંધાય, કાચથી ન વીંધાય. એમ શિવલાલ શેઠ જેવા લખપતિને તો ગોપાળાનંદસ્વામી કે ગુણાતીતાનંદસ્વામી જેવા ઘડી શકે. જે માયાના ગુલામ હોય તેનાથી આ કામ ન થઈ શકે. એક ગામના પાદરમાં બાવો આવેલો. ગામના લોકોએ રાજા પાસે તેનાં વખાણ કર્યાં કે, આપણા ગામમાં મહાત્મા બહુ સારા આવ્યા છે. તેથી રાજા સવારી સાથે તેના દર્શન કરવા ચાલ્યા. રાજા આવે છે એવી ખબર પડતાં બાવો તેને જોવા ખીજડા ઉપર ચઢ્યો. તે જોઈને રાજાએ પ્રધાનને પૂછ્યું, 'પેલા ખીજડા ઉપર કોણ છે ?' પ્રધાન હોંશિયાર હતા. તે કહે, 'મહારાજા ! માફ કરજો. આપ જેના દર્શન કરવા જાવ છો તે આપના દર્શન કરવા માટે ખીજડે ચઢ્યો છે.' એટલે રાજા કહે, 'આવાના દર્શનથી મને શું ફાયદો થાય ?' એમ જાણી તરત સવારી લઈને પાછા વળી ગયા. એમ જે ત્યાગીઓને કે ધર્મગુરુઓને ધનવાનનો કે સત્તાધારીનો મહિમા-વજન હોય, તેનો મહિમા-વજન સત્તાધીશો કે ધનવાનોને રહે જ નહીં. તેના મનમાં એવા વિચારો તરત આવે કે, આ બિચારો ધર્મગુરુ છે કે ત્યાગી છે પણ એ તો મારી સત્તા અને સંપત્તિ જોઈને અંજાય છે તો મારે એનાથી શું અંજાવું ?

એમ જે માયાના ગુલામ હોય તેનાથી શિવલાલ શેઠ જેવાનું ઘડતર ન થાય. તે એને કાંઈ વઢી, ટોકી શકે નહીં, ખોટ-ખામી કાઢી શકે નહીં એ તો રૂપિયાવાળો ભાળે કે તરત તેના ગુલામ બની જાય, તેને હાથ જોડવા મંડે. **જીવનું ઘડતર તો જે માયા પરના હોય તે કરી શકે.** દેહરૂપ જીવને બ્રહ્મરૂપ બનાવવો એ છોકરાના ખેલ નથી. ઘણા ભણેલા-ગણેલા હોય, મીઠી મીઠી વાતો કરે પણ તેનાથી કોઈનાં કાળજાં ન બદલે.

સ્વામી કહેતા, 'ઇન્દ્રિયું તો બધાયને શત્રુ છે. તે સત્સંગી-કુસંગી બેયને શત્રુ છે. ભગવાન વિના જે જે કરીએ છીએ તે ખડ વાઢીએ છીએ. જેટલો વેવાર હોય તેટલો ઘડી બે ઘડી કરીને પછી ભજન કરવું.' શિવલાલભાઈના દીકરા છગનલાલને ચાર પેઢી સુધી ખૂટે એમ નથી પણ આંહીં ન રહેવાય. રૂપિયા ખાધા ખૂટે એમ ન હોય તોપણ તેના ઘઉં લઈને ભજન કરે એવો તો કોઈ જડે જ નહીં.

મટે ન મમતા માયાની, એ જ જાણો અજ્ઞાન;
આત્મા ને પરમાત્મામાં, તાન લાગે તે જ્ઞાન...૧૨૫

આજે પણ શિવલાલ શેઠનાં વંશજો મુંબઈમાં, ભાવનગરમાં, સુરતમાં, બોટાદમાં ઘણી જગ્યાએ છે, પરંતુ મોટા ભાગનાં ધનસંપત્તિમાં અને માયામાં અવરાઈ ગયા છે. અમે પણ મોટા ઉત્સવો કે કથાઓ કરીએ તેમાં મધ્યમ વર્ગના માણસો જ પૂરો લાભ લઈ શકે છે. ઝાઝાં રૂપિયાવાળા તો માંડ એકાદ દિવસ આવે. કેમ જે, રૂપિયાવાળાથી પ્રભુ ભજાય નહીં. સંપત્તિ અને સન્મતિનો સુભગ સમન્વય શિવલાલ જેવા કોક મર્દ માણસમાં હોય, અને તેવા શૂરવીરથી જ આ કામ થઈ શકે. બાકીનાં તો આખ્યાન વાંચે કાં સાંભળે પણ બીજું કાંઈ થાય નહીં.

જેને ઝાઝી આવક હોય તેને મનમાં એવા વિચાર થાય છે કે, એક દિવસ કથા-વાર્તા કે સત્સંગ કરવા સાધુ ભેળો રહીશ તો આટલા

લાખની ખોટ જાશે. માટે આટલા બધા રૂપિયાની ખોટ કેમ ખવાય ? આમ વિચારી તે બિચારા નિજાત્માના કલ્યાણ માટે સમય ફાળવી શક્તા નથી, અને નાના માણસોને બે-પાંચ દિવસ ફાળવીને ભજન-સત્સંગ કરવામાં કાંઈ ઝાઝાં રૂપિયાની ખોટ જાતી નથી; તેથી તેઓ નિજાત્માના કલ્યાણ માટે સમય ફાળવી શકે છે.

જ્યારે આત્મા અને પરમાત્માનું સાચું જ્ઞાન હોય ત્યારે જ શ્રીહરિમાં તાન જાગે છે. બાકી તો જીવ ગમે ત્યાં ધન-સ્ત્રીમાં અટકે અને લખચોરાસીમાં ભટકે અને ભગવદ્પ્રાપ્તિ વિના લટકે. પછી ભૂંડે હાલે મરે છે. આ તો જેને છેલ્લો જન્મ કરવો હોય, આ જન્મે જ પૂરું કરવું હોય તેના માટેની વાતો છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શેઠનો રૂપિયા રળ્યાનો ઉમંગ અને બુદ્ધિનો ડોડ ટાળ્યો' એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

અધ્યાય-૧૯

બીલખાના બાવાનું કલ્યાણ કર્યું

શિવલાલ શેઠ મહાબુદ્ધિશાળી હતા. તેથી જ થોડા દિવસ પેઢી સંભાળી ત્યાં નવલાખના બારલાખ રૂપિયા કરી દીધા હતા. તેમને વેપારમાં સહજમાં હજારો રૂપિયા કમાવવાની કળા હતી. છતાં સંપત્તિને તણખલાં જેવી ગણતાં અને સંતો સંગાથે સમાગમ માટે ઘણું ફરતા. જેને આ જન્મે જ મોક્ષ કરવો હોય એવા તમામ ગૃહસ્થોએ આ શીખવા જેવું છે. દર વર્ષે એકાદ મહિનો તો સાધુ ભેગા રહેવું. અઠવાડિયું કે પંદર દિવસ સંતો સાથે ગામડાં ફરવાં, તેથી સંતનો તથા સત્સંગનો મહિમા સમજાય.

દોહા : સંતોની સાથે ફરતા, રાજીપે શિવલાલ;
સગાંથી સો ઘણો એને, મનાણો સંતમાં માલ...૧૨૬

કોઈ ગૃહીના સગાં-વહાલાં આવે ત્યારે તેની સાથે બે-પાંચ દિવસ ગમે ત્યાં જાવું પડે, તેની માટે અઠવાડિયું કે પંદર દિવસનો સમય કાઢવો પડે તો નીકળે છે; તો સત્સંગ માટે કેમ ન નીકળે ? શિવલાલ શેઠ મોટી પેઢી ચલાવતા તોપણ તેઓ દર વર્ષે એક મહિનો સત્સંગ કરવા ફાળવતા અને સંતો ભેળા જતા રહેતા.

એકવાર ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢથી વડતાલ જતા હતા. શિવલાલભાઈ પણ સાથે હતા. રસ્તામાં બીલખા ગામ આવ્યું. સંઘ સહિત સ્વામીએ ત્યાં ઉતારો કર્યો. દોઢસો બસો માણસનો સંઘ ભાળી જગ્યાના મહંત સંતાઈ ગયા. કેમ જે, આ બધાને જમવાનું તથા ઉતારાની વ્યવસ્થા કેમ કરવી ? તે તેને મન પ્રશ્ન હતો.

પછી સ્વામી શિવલાલભાઈને સાથે લઈ તે બાવાની પાસે ગયા. ગુણાતીતાનંદસ્વામીને જોઈ બાવો ઘરમાંથી બહાર નીકળ્યો. આવીને પગે લાગ્યો અને સ્વામીને કહે, "અમારે સીધાંની કોઈ તાણ નથી, પણ અહીં રાંધનારા કોઈ નથી." સ્વામી કહે, "મહંતજી ! તેની તમે ચિંતા કરતા નહીં, અમારા સાધુ રાંધશે." ત્યારે શિવલાલભાઈ કહે, 'હે સ્વામી ! હું સાથે છું, માટે સદાવ્રત ન લેવાય. મારું સીધું વાપરો.' ત્યારે સ્વામી કહે, 'તારે આમાં બોલવું નહીં. કેમ જે, મારે તેનું કલ્યાણ કરવું છે ને તારું તો સાધુ રોજ જમે જ છે.'

સોરઠા : સંત કરે ઉપકાર, એવો ન થાય બીજાથી;
આપે અપરંપાર, ગ્રહણ કરી જરા જેટલું...૧૨૭
એવાનું લીધું પણ, દીધું જ બની જાય છે;
તે જે કરે ગ્રહણ, તે અર્પણ કહેવાય છે...૧૨૮

પછી બાવાએ સીધું આપ્યું. સ્વામીએ સંતો પાસે તેની સુખડી બનાવી અને શેર શેરના લાડવા વળાવ્યા. પછી સ્વામીએ બાવાને કહ્યું, 'તમારા હાથે જ સહુ સંતોને એક એક લાડવો પીરસો. તેથી બાવાએ સંતોને એક એક લાડવો પીરસ્યો. પછી સ્વામી જમતાં જમતાં તેના દેવાલયમાં ત્રણ ઠેકાણે ફર્યા. ત્યારે શિવલાલ કહે, 'સ્વામી આમ કેમ કરો છો ? એક જગ્યાએ બેસીને જમોને ?' ત્યારે સ્વામી કહે, 'શેઠ ! હું જ્યાં જ્યાં બેઠો તે સર્વ સ્થળે તીર્થ થયાં અને આગળ જે તીર્થો થયાં છે તે પણ મોટા પુરુષો થકી જ થયાં છે.' આવો શેઠને જવાબ આપ્યો. આમ, ગુણાતીતાનંદસ્વામીએ એ બાવાનું સીધું લઈ તેનું કલ્યાણ કર્યું અને ત્યાં તીર્થ કર્યું. મોટા સંતની રીત ન્યારી છે. તેમાં આપણે ભૂલા પડવું નહીં. મોટા સંતની ક્રિયા બધાને સમજાય એવી નથી.

દોહા : મોટા સંતની ક્રિયાને, સમજી શકે નહિ જંત;
સમજે જો કોઈ જીવ તો, 'જ્ઞાન' થાય મોટો સંત...૧૨૯

જે મોટા સંતની રીતને સમજી શકે છે, તેમનાં આચરણને સમજી શકે છે અને તેમાં સદા નિર્દોષભાવ રાખે છે, તે ટૂંક સમયમાં તેમના જેવો મહાન સંત બની જાય છે; એવી આ જબરી વાત છે. નરસિંહ મહેતાનું એક ભજન છે. તેમાં ભગવાન કહે છે,

લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ સંતને ચરણે, કોટિ ગયા કોટિ કાશી રે.
...પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા૦

લક્ષ્મીજી મંદિરોમાં મારી સાથોસાથ બિરાજે છે. છતાં તે મારા સંતની દાસી છે. લક્ષ્મીજીને મેં મારા ઉર ઉપર વાસ આપ્યો છે અને સંતોને તો મેં મારા હૃદયમાં રાખ્યા છે. એવા સંતના ચરણોમાં કરોડો કાશી, કેદારનાથ કે ગયાજી જેવાં તીર્થો રહ્યાં છે. આવો મહિમા સમજાય ત્યારે શિવલાલ શેઠની જેમ સમાગમ થાય.

✵ કાળને પેસવા ન દીધો :

એક વખત ગુણાતીતાનંદસ્વામી અને શિવલાલભાઈ સાથે એક ગાડીમાં બેઠા થકા વડતાલ જતાં હતાં. રસ્તામાં એક મોટો સર્પ દોડીને ગાડી ઉપર ચડ્યો. ત્યારે સ્વામી કહે, 'હત તેરી હું' એટલે સર્પ તરત ગાડીથી નીચે ઊતરી ગયો. પછી શિવલાલભાઈએ પૂછ્યું, 'સ્વામી ! એ કોણ હતો ?' ત્યારે સ્વામી કહે, 'કાળ અમારી આજ્ઞા માંગવા આવ્યો હતો જે, હું દેશમાં પ્રવર્તું ?' પણ હજુ અમારા સરખા મોટા પુરુષ છે ત્યાં સુધી પ્રવર્તીશ નહીં, આમ મેં તેને ના કહી.

સ્વામી નિજ સેવકને, કહેતા નિજ મહિમાય;
'જ્ઞાન' વિશ્વાસ હોય તો, કે'વાય જાય હરખાય...૧૩૦
ધન્ય શિવલાલ શેઠને, આવતો નહિ અભાવ;
મોટાનાં વાણી વર્તનનો, જાણતા બહુ પ્રભાવ...૧૩૧

જે પોતાના યોગ્ય સેવક હોય અને તેઓ વિનમ્રતાથી જીજ્ઞાસાથી પૂછે તો તેને મોટા સંતો ક્યારેક સ્વમુખે સાચી વાત કરે પણ ખરા. એકવાર ભરુચમાં ભાયાવદરના રામજી વિપ્રએ ગોપાળાનંદસ્વામીને પૂછ્યું, "હે સ્વામી ! તમારું ઐશ્વર્ય હોય તે મને કૃપા કરીને કહો." ત્યારે સ્વામી બોલ્યા જે, **"અનંતકોટિ બ્રહ્માંડના જીવને જેમ ફાનસમાં દીવો દેખાય તેમ હું દેખું છું ને એક જીવ સામું જોઉં, ત્યારે તે જીવનાં હજાર જન્મનાં પાપ-પુણ્ય જણાય. ને સંકલ્પ કરું ત્યારે વરસાદ વરસે છે, તે તો ભરૂચમાં નજરે ભાળ્યું. અને મહારાજ ને હું માતાના ગર્ભમાં ન આવીએ; ફક્ત દેખાય જે જન્મ થયો છે. ને આજ જ્ઞાન છે તેવું જ્ઞાન અમો એક માસના હતા ત્યારે પણ તેવું જ હતું. ને અક્ષરના ઘાટ પણ જાણું ને અનંતકોટિ મુક્તોના ઘાટ પણ જાણું; આવું મારામાં સામર્થ્ય છે."** આમ, સ્વામીએ તેને રાજી થઈને સાચું જણાવ્યું હતું તથા એકવાર શુકમુનિને પણ જેવું છે તેવું પોતાનું ઐશ્વર્ય કહ્યું હતું.

પરંતુ વહાલા ભક્તો ! આ મોટા પુરુષની વાત અનોખી હોય છે. તેનું જોઈને આપણે નાનાઓએ વાદ લઈને આનું અનુકરણ ન કરવું. એમ આપણે જો કરીએ તો સ્વશ્લાઘામાં જતું રહે અને આપણું અતિ બગડી જાય અને તેની ખબર પણ ન રહે. આ વાત કરવાનું તાત્પર્ય તો એટલું જ છે કે, મોટાનો આપણને અભાવ-અવગુણ ન આવે જે, આ તો પોતાનાં વખાણ કરે છે.

ગુણાતીતાનંદસ્વામી તો ઘણીવાર આ રીતે પોતાના મહિમાની વાતો કહેતા હતા. પરંતુ જો સમજ્યા વિના મનમાં એમ સંકલ્પ થાય કે, 'આ તો સ્વામીએ પોતે પોતાનાં વખાણ કર્યાં, પોતાની મોટપ પોતાના મુખે અમારી આગળ ગાઈ. શિક્ષાપત્રીમાં તો સ્વમુખે સ્વશ્લાઘા કરવાની ના પાડી છે ને સ્વામી તો આજ્ઞા લોપે છે.' એમ જો અભાવ આવે તો આપણું હાંડલું ફૂટી જાય. ચકલીનું મોત ઢેફે, તેમ મોટાનો થોડોક અભાવ આવે ત્યાં આપણા વર્ષો સુધી કરેલાં જપ, તપ, તીર્થ, સેવા, ભજન વગેરે બધું ધોવાઈ જાય. શિવલાલ શેઠ મોટાના પ્રભાવને જાણતા, તેથી ક્યારેય તેમને સંતોનો અભાવ આવતો નહીં. તેથી જ મોટા સંતો તેમની આગળ પોતાની અંગત મોટાઈ પણ જેવી છે તેવી કહી શકતા.

✹ નાના-મોટા સહુ કહી શકતા :

હવે જે શિવલાલ શેઠની વાત આવે છે તે સહુને માટે બહુ ઉપયોગી છે. **જીવનમાં સુખી થાવું હોય તો એક સાદું જીવન અને બીજી સરળતા;** આ બે ગુણ દરેક સંતો-ભક્તો માટે અનિવાર્ય છે. સાદું જીવન જીવવામાં સ્થૂળ દેહને ઘસારો આવે છે તેથી પંચવિષયની વાસનાને ઘસારો આવે છે, અને સરળ જીવન જીવવામાં સુક્ષ્મ શરીરને ઘસારો આવે છે તેથી અહંકારને ઘસારો આવે છે. માટે જે સાદું જીવન જીવે તેની આસક્તિ ઘસાઈ જાય છે અને જે સરળ જીવન જીવે તેનો

અહંકાર ટળી જાય છે. એમ સ્થૂળ-સુક્ષ્મને ઘસારો આવતા કારણ શરીર ઘસાઈ જાય છે. તેથી જ અહંકાર અને આસક્તિ નાશ પામે છે, અને **જેની અહં અને આસક્તિ ટળે છે તે જ મૂર્તિમાં અને મરજીમાં રહે છે.** માટે આ બે ગુણ જેમાં હોય તે મહામુક્ત બને છે.

શિવલાલભાઈ આવું સરળ અને સાદું જીવન જીવતા હતા. તેથી તેને સહુ સંતો વઢી-ટોકી શક્તા. ભાવનગરમાં દાદાગુરુ ભક્તિજીવનસ્વામી એવું કહેતા કે, **'જેનું જીવન સાદું એનું નામ સાધુ.'** આ વાક્ય મને બહુ ગમે છે. ઘણા માણસો સત્સંગમાં એવા પણ હોય છે કે, તેને કોઈ કાંઈ કહી શકે નહીં અને તેનું કારણ એ કે, તે માની હોય. માની અને અહંકારીને અડવામાં બહુ સારું નહીં. આપણામાં આ દોષ હોય તો ટાળવા.

સોરઠા : **સરળ થતા જ માન, આપો આપ ટળી જાય છે;**
સાદું જીવતા 'જ્ઞાન', આસક્તિ મટી જાય છે...૧૩૨
માન આસક્તિ જાય, બ્રહ્મરૂપ થવાય છે;
મરજી મૂરતિ માંય, સહેજે 'જ્ઞાન' વહાય છે...૧૩૩

શિવલાલભાઈનું વર્તન એવું અજબ-ગજબનું હતું. એકવાર આચાર્ય રઘુવીરજી મહારાજ સાથે ગુણાતીતાનંદસ્વામી વડતાલ જતાં હતાં. વચ્ચે વાગડ ગામને પાદર નદીમાં મુકામ કર્યો. ત્યારે ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારીએ **'જનુની જીવો રે ગોપીચંદની...'** એ કીર્તન ગાયું. ત્યારે ગુણાતીતાનંદસ્વામી કહે, 'ઋષિ કાંઈ નિશાન છે કે આકાશમાં ભડાકા છે ?' બ્રહ્મચારી કહે, "આ શિવલાલભાઈ સામા બેઠા છે તે મારું નિશાન છે." ત્યારે સ્વામી કહે, 'એ તો બાર લાખનો આસામી છે અને તેના બાપને એકનો એક દીકરો છે, તેના સામું તમે ક્યાં નિશાન તાક્યું ?'

દોહા : **આમ જેને સહુ કહિ શકે, લઈ શકે જેનું નિશાન;**
અતિ મોટા એ શેઠનું, કેવું હશે વર્તમાન.!!..૧૩૪

આપણે પણ આવો સ્વભાવ કેળવવો; જેથી આપણી ખોટ કે ભૂલ સહુ આપણને નિશાન બનાવી સહજ બતાવી શકે, તે જ આપણા માટે બહુ સારું છે. આપણને કોઈ કહી શકે નહીં, નિશાન બનાવી શકે નહીં, ભૂલ બતાવી શકે નહીં તેના જેવું આપણું દુર્ભાગ્ય બીજું કોઈ નથી. કેમ જે, જીવને ક્યારેય પોતાની મેળે પોતાની ભૂલ દેખાતી નથી અને સુધરતી પણ નથી. જેમ સર્જન ડૉક્ટર અનેકના ઑપરેશન કરી તેને સાજા કરતો હોય છે, પરંતુ પોતાનું ઑપરેશન કરાવવા તેને બીજા ડૉક્ટર પાસે જ જવું પડે છે. તેમ આપણે બીજાની ખોટ-ખામીનું ઑપરેશન કરી શક્તા હોઈએ પણ આપણી ખોટ-ખામીનું ઑપરેશન કરાવવા કોઈ બીજા પાસે જ જવું પડે છે. માટે નિર્માની થવું અને બીજા પાસે જવું, એમાં જ આપણું ભલું છે.

મનધાર્યું કરવાથી અનેકનું બગડ્યું છે અને મોટા કહે તેમ કરવાથી અનેકનો ઝપાટામાં મોક્ષ થયો છે. માટે કોઈક કૃપા કરીને કહેતા હોય, ભૂલ બતાવતા હોય તો નિર્માની થઈ સ્વીકારવી પણ માનમાં ને માનમાં આડોડાઈ ન કરવી. જેમ કાદવમાં ધોવાથી કપડું ઊજળું થાય નહિ તેમ **મનમુખી, અહંકારીનો ક્યારેય મોક્ષ થાય નહીં. માટે જે આપણને આપણી ભૂલ બતાવે તેને તો આપણે આપણા ભગવાન જેવા સમજવા તો નિર્માની રહેવાય, વાત મનાય, જલ્દી સુધારો થાય અને ઝટ સુખી થવાય.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'બીલખાના બાવાનું કલ્યાણ કર્યું' એ નામે ઓગણીશમો અધ્યાય થયો. ॥૧૯॥

અધ્યાય-૨૦

આચાર્યે કારભારી કર્યા તથા ધર્માદાનો નિયમ લીધો

દોહા : વૈરાગ્ય જેના વર્તનમાં, વણ કહ્યો વર્તાય;
બલાત્ બોળો જળે તોય, તુંબું નીકળી જાય...૧૩૫

જેમ તૂંબડાને પાણીમાં પરાણે ડૂબાડો તોય આપોઆપ બહાર નીકળી જાય, તેમ જે અનાસક્ત હોય, વૈરાગ્યવાન હોય તેને ગમે તેવી સત્તા કે સંપત્તિનો યોગ થાય છતાં તેમાં ન બંધાય, તરત બહાર નીકળી જાય અને વૈરાગ્ય ન હોય તો થોડું-ઝાઝું હોય તેમાંથી પણ નીકળી શકે નહીં; માટે શિવલાલભાઈ જેવો વૈરાગ્ય કેળવવો.

એકવાર રઘુવીરજી મહારાજ ગઢડામાં હતા. ત્યારે વડોદરાના મહારાજા સયાજીરાવ પોતાના અમરેલી પ્રાંતમાં પ્રવાસે ગયા હતા. ત્યાંથી વળતા તેમને ગઢપુર દર્શન કરવાની ઇચ્છા થઈ. તેથી ઘોડેસ્વાર દ્વારા સમાચાર મોકલ્યા કે, અમે ગઢડા આવીએ છીએ. તેથી રઘુવીરજી મહારાજે શિવલાલભાઈને કહ્યું, "ગાયકવાડ સરકારના સામૈયામાં મારા કારભારી તરીકે તમે સામા જઈને તેમને મંદિરે તેડી લાવો." શેઠે આજ્ઞા શીરે ચડાવી. સંતો-ભક્તો સાથે જવા માટે તૈયાર થયા ત્યારે રઘુવીરજી મહારાજે પાછા બોલાવી વસ્ત્ર અલંકાર ધારણ કરી સિગરામમાં બેસી જવા કહ્યું. કેમ જે, શ્રીહરિની આજ્ઞા છે કે, 'જે માણસ જેવા ગુણે યુક્ત હોય તેવું તેમનું સન્માન કરવું અને તેવા વચને કરીને બોલાવવો.'

ત્યારે શિવલાલભાઈ કહે, 'કિંમતી ખેસ, ધોતિયું વગેરે પહેરું પણ ઘરેણાં તો હું પહેરતો નથી.' આચાર્ય કહે, 'અમારી આજ્ઞાથી આજ પહેરો.' એટલે તરત તેમની મરજીમાં ભળી ગયા. પછી આચાર્યે સેવક પાસે હીરકોરી ધોતી, ઝીણા સોનેરી તારવાળું અંગરખું, સોનેરી કોરના છેડાવાળો ખેસ, માથે કસુંબી પાઘ, હાથમાં કાશ્મીરી રૂમાલ,

કંઠે સોનાના હાર, હાથમાં કડાં, વીંટી, વેઢ વગેરે આભૂષણો આપ્યાં. શિવલાલની ઇચ્છા ન હોવા છતાં આચાર્યનો આગ્રહ જોઈને પહેર્યાં.

મૂકે ગમતું નિજમનનું, મોટાના વચનમાંય;
એવા થાવું આપણે, જેવા શિવલાલ ભાય...૧૩૬

પછી શસ્ત્રધારી પાર્ષદોને સાથે આપ્યા. શિવલાલભાઈ રાજરીતિથી સામે ગયા અને ગાયકવાડ સરકારનો યોગ્ય સત્કાર કરી, ધામધૂમથી મંદિરમાં તેડી લાવ્યા. દેવોનાં દર્શન કરાવ્યાં, પછી સહુને સભામંડપમાં લાવ્યા. રઘુવીરજી મહારાજ તથા ગાયકવાડ સરકાર ત્યાં પાટ ઉપર બેઠા. એટલે તરત શેઠ ઉતારે ગયા. ત્યાં જઈ વસ્ત્રાલંકાર કાઢી નાખ્યા અને સાદાં કપડાં પહેરી સભામાં આવી માળા ફેરવવા મંડ્યા.

ત્યારે સંતોએ સભામાં ગાવણું કર્યું. પછી સ્વાગત, પ્રવચનો થયાં. સભા અંતે પરસ્પર પહેરામણી કરી. પછી ગાયકવાડ સરકાર ચારેબાજુ દૃષ્ટિ કરી પોતાને સન્માનવા આવેલા આચાર્યના કારીભારી ક્યાં છે ? તે જોવા લાગ્યા, પરંતુ તે ન દેખાયા તેથી આચાર્યને પૂછ્યું. ત્યારે તેમણે સભામાં પાટની પાછળ ધ્યાનસ્થ બેઠેલા શિવલાલ શેઠને દેખાડ્યા અને પરિચય આપ્યો. પછી ગાયકવાડ સરકારે પોતાના કારભારી પાસે શાલ તથા પાઘનો પોશાક મંગાવી શિવલાલ શેઠને ભેટ આપ્યો. પછી ગાયકવાડ સરકાર વિદાય થયા. તેમને વળાવી સહુ પાછા મંદિરમાં આવ્યા.

ત્યારે રઘુવીરજી મહારાજ કહે, “શિવલાલભાઈ ! ગાયકવાડ મંદિરમાં રહ્યાં ત્યાં સુધી તો વસ્ત્રાલંકાર પહેરવાં’તાં ?” શેઠે હાથ જોડી વિનંતિ કરી કહ્યું, “હે આચાર્યશ્રી ! એટલો બધો સમય મારાથી તે વસ્ત્ર અલંકારો ન રખાય.” આવા તે જગવિરક્ત અને નિર્બંધ મહાપુરુષ હતા. જેમ સોનાને કાટ ન લાગે, અગ્નિને ઊધઈ ન લાગે તેમ શિવલાલભાઈને સંસારનો પાશ અડ્યો ન હતો.

આજ્ઞાથી સંસારમાં, રહ્યા હતા શિવલાલ;
રજોગુણમાં તો કોઈ દિ', એણે ન ભાળ્યો માલ...૧૩૭
રજોગુણથી તે ભાગતા, જાણીને મોટું સાલ;
સતત શ્રીજીમાં મહાલતા, ધન્ય ધન્ય શેઠ શિવલાલ...૧૩૮

ગોપાળાનંદસ્વામી અને મોટા સંતોની આજ્ઞાથી સંસારમાં રહ્યા હતા, આસક્તિથી નહીં. અને શ્રીહરિ વચ.ગ.પ્ર.૨ માં કહે છે, 'જેને **ઉત્તમ વૈરાગ્ય હોય તે પરમેશ્વરની આજ્ઞાએ કરીને અથવા પોતાનાં પ્રારબ્ધકર્મ વશે કરીને વ્યવહારમાં રહે પણ તે વ્યવહારમાં જનકરાજાની પેઠે લોપાય નહિ**. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ પ્રકારના જે ઉત્તમ વિષય તે પોતાના પ્રારબ્ધ અનુસારે પ્રાપ્ત થાય તેને ભોગવે પણ પ્રીતિએ રહિત ઉદાસ થકો ભોગવે અને તે વિષય એને લોપી શકે નહિ, અને તેનો ત્યાગ મોળો ન પડે અને તે વિષયને વિશે નિરંતર દોષને દેખતો રહે અને વિષયને શત્રુ જેવા જાણે, અને સંત, સત્શાસ્ત્ર અને ભગવાનની સેવા તેનો નિરંતર સંગ રાખે અને દેશ, કાળ, સંગ આદિક જો કઠણ આવી પડે તોપણ એની જે એવી સમજણ તે મોળી પડે નહિ, તેને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ.' શિવલાલ શેઠ આવા ઉત્તમ વૈરાગ્યવાળા હતા. આપણે પણ તેમના જીવનમાંથી આવો વૈરાગ્ય શીખવો. વૈરાગ્ય વિના વિષયસુખના ઘા રુઝતા નથી. વૈરાગ્ય અણમોલ ઘરેણું છે. તેથી સહુનાં જીવનને તે શોભાવે છે.

❋ મરજીમાં ભળે તે મહાન છે :

ભાળી જાય કોઈ સંતને, તેડી લાવે નિજ ધામ;
સારી રસોઈ જમાડવા, હૈયે છે ઘણી હામ...૧૩૯

એકવાર નિષ્કુળાનંદસ્વામી સમંડળ બોટાદના પાદરમાં પધાર્યા. શિવલાલ શેઠ વગેરે ભક્તો બહાર કૂવે ના'વા ગયા હતા. તેમણે છેટેથી

સ્વામીને ભાળ્યા તેથી આગ્રહ કરીને ગામમાં લાવ્યા. શેઠે બિરંજની રસોઈ કરાવી. ઠાકોરજીને ધરાવી, સંતો જમવા બેઠા. શેઠ વગેરે ભક્તો સ્વામીનાં દર્શને આવ્યા. ત્યારે પત્તર ઉપર બેઠેલા નિષ્કુળાનંદસ્વામી કહે, 'જમ્ય નિષ્કુળાનંદ જમ્ય... પણ એકપણ કોળિયો મોઢામાં ન મૂકે.' પાછા પોતાને કહે, "તું મોટાનો મોબતી છો તે મોબત નહિ મેલી શકે." તે સાંભળી ભગા શેઠ તથા શિવલાલભાઈ હાથ જોડી કહે, "સ્વામી ! તમો જેમાં રાજી હો તે જમો." પછી સ્વામીએ પોતા સારુ રોટલો મંગાવ્યો અને જમ્યા પણ બિરંજ વગેરેને હાથ ન અડાડ્યો.

મરજી પાળતા સંતની, ભળી જતાં હરખાય;
મોટા સંતના ગમતામાં, રે'તા હતા સદાય...૧૪૦

સ્વામી બિરંજ ન જમ્યા છતાં રંચપણ અભાવ ન આવ્યો કે, અમારી પાકી રસોઈ બગાડી. જેવી ખબર પડી એવા તરત સ્વામીની મરજીમાં ભળી ગયા. બીજા હોય તો પોતાનું ધાર્યું ન થાય એટલે તરત અભાવ લે અને ગમે તેમ બોલવા મંડે.

અમે સમંડળ એક ગામમાં સત્સંગ અર્થે ગયા હતા. ત્યાંના અમુક હરિભક્તોએ પાકી રસોઈ બનાવવાનો બહુ જ આગ્રહ કર્યો. પછી તે બધા ગયા ત્યારે એક ભાઈએ મને કહ્યું, 'સ્વામી ! આ લોકોનો બહુ વિશ્વાસ ન કરવો. અમારા ગામમાં એક સારા સાધુ-વૈરાગી આવ્યા હતા. બહુ ધર્મ-નિયમ રાખતા. ગામથી દૂર ઝૂંપડીમાં રહેતા. પછી ગામનાં ત્યાં સત્સંગના લાભ માટે જતા. તે સ્વામીજી સાવ સાદું જમતા. પણ આ લોકો એમને પાકી રસોઈ બનાવવાનો ખૂબ જ આગ્રહ કરતા હતા. પેલા સંત કાયમ ના જ પાડતા. તોય આ લોકોએ હઠ મૂકી જ નહીં. તેથી સંતે કહ્યું, "સારું લાવો, પાકી રસોઈ બનાવીએ."

પછી એકની પાકી રસોઈ બનાવી. ત્યારે બીજો કહે, “મારી પણ બનાવો.” પછી એની પણ બનાવી. ત્યારે ત્રીજો કહે, “મારી પણ પાકી રસોઈ બનાવો.” આવી રીતે ઝાઝાં દિવસ ચાલ્યું. સંત તેમને રાજી રાખવા પાકી રસોઈ બનાવીને રોજ જમતા. તેને જોઈને એના એ રસોઈ દેનારા જ બોલવા મંડ્યા કે, “માળો આ તો જે આપીએ તે ઝાપટી જાય છે, આનું તો કાંઈ ઠેકાણું નહીં, રોજ સારું સારું ખાય છે. આને તે કાંઈ સાધુ કહેવાય ?” એમ તે લોકો જ તે સંતની પછી નિંદા કરવા લાગ્યા. માટે સ્વામી, આ અમારું ગામ એનું એ જ છે. પ્રથમ ખવડાવે, સન્માન કરે, પૂજે પછી અભાવ લે અને મનફાવે એવું બોલીને તમારી સંતોની નિંદા કરે. માટે તમે સંતો જેમ રહેતા હો એમ જ રહેજો.”

વહાલા ભક્તો ! આ ભાઈની વાત સાંભળીને મને એમ થયું કે, આમાં રહીને શ્રીજીમહારાજ બોલ્યા. માટે આપણે સદાય સાવધાન રહેવું. પહેલાં વખાણે પછી વખોડે એવાં માણસોની આ સંસારમાં કોઈ તાણ નથી. પરંતુ શિવલાલ શેઠ જેવા તરત મોટાની મરજીમાં ભળી જાય અને ક્યારેય કોઈનો અભાવ ન લે એવા ભક્ત બનવું દુર્લભ છે.

વિવેકી હરિભક્ત બનવું, તે જ અતિશે કઠણ;
બાકી સહુની રીતે, સહુ કરે હરિસ્મરણ...૧૪૧
જેનાથી દુ:ખ ન ઉપજે, સ્વયં દુ:ખી ન થાય;
એવી સમજણ હોય તો, ‘જ્ઞાન’ વિવેક કે’વાય...૧૪૨

એકવાર યોગીરાજ સદ્.ગોપાળાનંદસ્વામી બોટાદ પધાર્યા. ત્યારે સ્વામીએ વાતવાતમાં સહુને દશાંશ-વિશાંશ ધર્માદાની વાત કહી. તેને સાંભળીને ભગાદોશી કહે, “સ્વામી ! અમારે ઝાઝી આવકવાળાને તો બહુ ઝાઝાં પૈસા દેવાના થાય. એટલા બધા દેવા તો કઠણ પડે.” ત્યારે સ્વામી કહે, “તમને આટલા બધા રૂપિયા શ્રીહરિએ આપ્યા તે તેમને કઠણ નહિ પડ્યું હોય ! માટે સહુએ દશાંશ-વિશાંશ ધર્માદો આપવાની

આજ્ઞા પાળવી જોઈએ." તેથી બીજા સહુ હરિભક્તોએ નિયમ રાખ્યા પણ ભગાદોશીએ ન માન્યું.

તેથી સ્વામીએ મનમાં વિચાર કર્યો કે, 'આમનું કલ્યાણ કરવા માટે મારે તેમની પાસે આ આજ્ઞા પાળવવા સારુ થોડું દબાણ આવે એવું કરવું પડશે.' એમ વિચારી ઉદાસી દેખાડી બોટાદથી સારંગપુર જતા રહ્યા. આ વાતની ખબર પડતા શિવલાલભાઈ ઉદાસી થઈ ગયા. તેમના પિતાની વાત તેમને રુચિ નહિ. તેથી તેમણે પોતાના પિતાને સમજાવ્યા અને પોતે સારંગપુર ગયા. ત્યાં જઈ સ્વામીને દંડવત કરી પિતા વતી માફી માગી અને કહ્યું, "હે સ્વામી ! હવે અમે બાપ, દિકરે નક્કી કર્યુ છે કે, શ્રીહરિની આજ્ઞા મુજબ અમે આવકનો દશમો ભાગ ધર્માદો કાઢીશું, માટે આપ દયા કરી બોટાદ પધારો."

આ રીતે તેમણે સ્વામી પાસે પૂરો દશમો ભાગ ધર્માદો આપવાનું નિયમ લીધું, અને ખૂબ જ પ્રાર્થના કરી સ્વામીને રાજી કરીને પાછા બોટાદ લાવ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામી શિવલાલભાઈને કહે, "તમારી શાહુકારબુદ્ધિ છે અને તમારા પિતાની રાજ્યબુદ્ધિ છે. અર્થાત્ તું સમજવાની વાત સમજી શકે છે." આમ, શિવલાલભાઈની સમજણ પિતા કરતાં સવાઈ હતી. તેથી મોટા મોટા સંતો તેમના ઉપર ભગા દોશી કરતાં પણ વધારે રાજી હતા. તેથી ગોપાળાનંદસ્વામી જેવા પણ નાના શિવાલાલનું વચન રાખતા.

વહાલા ભક્તો ! ત્યાગીઓને મંદિરોમાં દેવોનો વિધવિધ રસથી ભરપૂર થાળ બનતો હોવા છતાં નિઃસ્વાદીપણું રાખવું એ જેમ કઠણ છે, તેમ ગૃહસ્થને પોતાની પાસે ઘણી આવક હોવા છતાં પૂરો દેવધર્માદો કાઢવો તે ઘણું કઠણ છે. આપણે વિચારવું જોઈએ કે, આપણે પણ ભગવાનની આજ્ઞા પાળવામાં શિવલાલભાઈની જેમ શૂરવીર છીએ કે એના પિતાની જેમ થોડુંક કાચું-પોચું છે ?

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજના કારભારી બનાવ્યા તથા ધર્માદાનો નિયમ લીધો' એ નામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

અધ્યાય-૨૧

શિવલાલભાઈએ ગીગા ધાધલને સહાય કરી

શિવલાલ શેઠને જેવા શ્રીહરિ અને સંતો વહાલા હતા, એવા જ નાનામાં નાના ભક્તો પણ વહાલા હતા. શ્રીહરિના આશ્રિત ગમે તેવા હોય, પરંતુ શેઠ તેમને હંમેશા પોતાથી સારા માનતા. એકવાર મહારાજે તેમને દર્શન આપી ભક્તની સેવા કરવાનું કહ્યું. તેથી ભક્તનો મહિમા સમજી તે આજ્ઞાઓને તેમણે સારધાર પાળી એવા બે પ્રસંગો છે. એક શિરવાણિયાના ગીગા ધાધલનો અને બીજો સારંગપુરના રાઠોડ ધાધલનો. શિવલાલભાઈ નાના ભક્તોનો પણ કેટલો મહિમા સમજતા અને કેવા સેવકના સેવક બનીને રહેતા ? એ આ પ્રસંગોમાંથી જોવા મળે છે અને આપણને એવું થાવાની પ્રેરણા મળે છે. આ બંને પ્રસંગો ભક્ત-ભક્તમાં પરસ્પર હેત રાખવા માટે ઘણું બધું શિખવાડી જાય છે.

પરીક્ષા લેવા દાસની, હરિ સદા હુશિયાર;
'જ્ઞાન' પરીક્ષા પાસ કરે, પછી વરસાવે પ્યાર...૧૪૩

પ્રભુ તાવી તાવીને જ ભક્તને તેજસ્વી બનાવે છે, અનેકના આદર્શ બનાવે છે. અને જે પરીક્ષા સમયે છટકી જાય છે અથવા મૂંઝાય છે અને રુદન કરે છે તો ભગવાન તેની પરીક્ષા લેવાનું છોડી દે છે, તેથી તે નાનો રહી જાય છે અને જો એકવાર આપણે પ્રભુની પરીક્ષામાં પાસ થઈ જઈએ તો ભગવાન ખૂબ આપણા ઉપર પ્યાર વરસાવે છે, પોતાના સ્વરૂપનું દાન દઈ દે છે, પોતા જેવો સુખિયો બનાવે છે. શ્રીહરિની સર્વે પરીક્ષામાં સંપૂર્ણ પાસ થયેલા ગીગા ધાધલનો આ એક

જીવનપ્રસંગ લખું છું.

ભાવનગર જિલ્લામાં બોટાદ પાસે એક શિરવાણિયા ગામ છે. ત્યાં સ્વામિનારાયણ ભગવાનના નિષ્ઠાવાન ભક્ત ગીગા ધાધલ થઈ ગયા. તેઓ બન્ને આંખે અંધ હતા, પરંતુ સંતોનો સમાગમ કરી તેમણે સમજણરૂપી ચક્ષુ બહુ તેજસ્વી મેળવ્યાં હતાં. તેમને એક દીકરી ને એક દીકરો હતો. દીકરાનું નામ 'ગોવિંદ' હતું. દીકરીને પરણાવીને સાસરે વળાવી હતી. ખેતીની જૂજ આવકમાં આ પરિવાર સંતોષ માની સુખે સત્સંગ-ભજન કરતો હતો. સમય જતાં શ્રીહરિએ ગીગા ધાધલની સમજણને એરણ ઉપર ચડાવવાનું શરૂ કર્યું. બહુ ટૂંકી બીમારીમાં ભગતનાં ધર્મપત્ની ધામમાં ગયાં. ગીગાભાઈએ નરસિંહ મહેતાની સાખી ચરિતાર્થ કરી લીધી.

'ભલું થયું ને ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.'

ભગતે વિચાર્યું, 'પ્રભુએ મારા ભજનનો માર્ગ મોકળો કરી દીધો. મને સ્ત્રી બંધનરૂપ ન થાય તે માટે શ્રીહરિએ બહુ કૃપા કરી. આ આખું જગત તેમનું જ છે, ધણીને ઠીક લાગે તેમ તેમાં ફેરફાર કરે, તેમાં આપણે શું ખરખરો ! પ્રભુની વસ્તુ પ્રભુ મંગાવી લે એમાં ખોટું શું ? જે થયું તે બધું બહુ જ સારું થયું છે.' ભગતે હવે ભજન વધાર્યું.

ધર્મપત્નીની શ્રાદ્ધવિધિ પૂરી થઈ. પછી થોડા દિવસોમાં જ બીજા સમાચાર આવ્યા કે, દીકરી વિધવા થઈ છે, તે હવે પિયરમાં રહી પિતાની સેવા તથા પ્રભુભક્તિ કરવા ઇચ્છે છે. આ સમાચાર સાંભળતાં જ ગીગાભાઈ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલવા લાગ્યા. પ્રભુ તેના અંતરપડદા પાછળ રહી ભગતની સમજણ ચકાસી રહ્યા હતા. મહારાજ ગીગા ભક્તની સમજણનો તાગ મેળવી રહ્યા હતા, પરંતુ સંતોના સમાગમથી ભગતે સમજણ દૃઢ કરી હતી કે, "સર્વકર્તા તો એક શ્રીહરિ છે, તેની મરજી વિના કોઈથી તરણુંય તૂટતું નથી; તો

આ કાર્ય પણ મારા પ્રભુની મરજીથી જ થયું છે. વળી, તેઓ જે કરે તે સહુના હિતનું જ હોય છે.

જમાઈની આયુષ્ય આટલી જ હશે. દીકરીને ભગવાન ભજવાની ઈચ્છા હતી તે હવે નિર્વિઘ્નપણે ફળીભૂત થશે. જો કાંઈક બાળ-બચ્ચાં થયાં પછી આ બન્યું હોત, તો દીકરીને તથા તેના સાસરિયાને ઉપાધિ ઘણી વધત; માટે મહારાજે જે કર્યું તે સારું જ કર્યું છે." એમ સમજી દીકરીને ઘેર તેડાવી લીધી. પછી તો દીકરો ખેતીકામ સંભાળે, દીકરી ઘરકામ તથા પિતાની સેવા કરે અને ભગત અખંડ ધ્યાન-ભજન કરે. આમ, ફરી આખું ઘર ભગવાનના આધારે અતિ આનંદથી રહેવા લાગ્યું.

એક દિવસ અચાનક ભગતનો યુવાન દીકરો ગોવિંદ સખત બીમાર થઈ ગયો. ઘરગથ્થુ ઉપચાર ઘણા કર્યા પણ પ્રભુની ઈચ્છા કાંઈક બીજી જ હતી. ભગતે તો મનોમન મહારાજને કહી દીધું કે, "હે હરિ ! આ દીકરો આપનો જ છે, આપને જેમ યોગ્ય લાગે તેમ જ કરજો.મારી આપને બધી જ છૂટ છે." ગીગા ભગતની આ પ્રાર્થના પછી તરત પ્રભુએ ગોવિંદને દર્શન દઈને પૂછ્યું કે, "તારું આયુષ્ય થઈ રહ્યું છે, જો તારા પિતાની સંમતિ હોય તો અમે તને અમારા ધામમાં તેડી જઈએ; તું પૂછી લે." ગોવિંદે તેના પિતાને આ વાત કરી.

ત્યારે તેના પિતા ગીગા ભગતે હોંશથી કહ્યું, "અરે બેટા ! પૂર્ણ પુરુષોત્તમ પોતે તેડવા પધારે તેથી બીજું રૂડું શું ? તને અત્યારથી જ અક્ષરધામ મળી જાતું હોય તો મને તેનો અતિ આનંદ છે ! આ લોકમાં કાંઈ જ લેવાનું નથી. ભાઈ ! તું સુખેથી પ્રભુની સેવામાં જા. તેમાં હું ખૂબ જ રાજી છું."

"પણ બાપા ! તમારી સેવાનું શું ?" પુત્રે પિતાની મુશ્કેલી યાદ કરી આપી. **"અરે ભાઈ ! ઈ તો ભગવાન જેવો ધણી માથે બેઠો છે, તે જે કરશે તે સહુનું સારું જ કરશે. જ્યારથી મને સ્વામિનારાયણ**

ભગવાનનો આશરો મળ્યો છે ત્યારથી તેની ચિંતા મને સહેજેય નથી. તું પણ મારી ચિંતા જરાય રાખીશ નહીં. સંતોના પ્રતાપે મને પણ કોઈ જ ચિંતા નથી.” આમ, પિતા-પુત્રની સંમતિ મળતાં તરત જ શ્રીહરિ ગોવિંદને તેડી ગયા. બહેનનું હૈયું હાથ ન રહ્યું, ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી. ભગતે દીકરીને ધીરજ આપી. પછી સગાં-સ્નેહીઓને જાણ કરી. સહુએ ભેળાં મળી ગોવિંદના દેહનો અગ્નિસંસ્કાર કર્યો.

સાંજે સગાં-સંબંધીજનો ઘરે બેસવા આવ્યાં ત્યારે તેમણે ગીગાભાઈને વાત કરી, “ભગત ! આ તો ભારે થઈ. તમે અંધ, આ દીકરી વિધવા, હવે વાંસે કામ કરનારું કોઈ ન રહ્યું. તમે સત્સંગ ને ભક્તિ ઘણી કરી પણ ટાણે કાંઈ કામ ન આવ્યું.” તરત જ ગીગા ભગતે તેમની વાત કાપતાં કહ્યું, “ભાઈઓ ! એવું નથી, અત્યારે એ જ કામ લાગ્યું. જુઓને ! આ પરિસ્થિતિમાંય પ્રભુએ મને આનંદમાં રાખ્યો છે ! વહેલું-મોડું એક દિવસ તો મારે-તમારે સહુને મરવાનું જ છે. જેનો વહેલો વારો આવે તે વધુ ભાગ્યશાળી ! માટે કોઈ શોક કરશો નહિ, ભગવાનનું ભજન કરો.”

આમ, જે કોઈ મળવા આવે તે બધાંને ગીગાભગત બળ આપતા. રડતાં-રડતાં આવ્યાં હોય તેને હસતાં-હસતાં જાય તેવા બનાવી દેતા. **દુઃખની વેળાએ દિલ ડગે નહિ તે જ સાચી દૃઢતા કહેવાય.** ગામડામાં રહેનાર એક સાદો સત્સંગી કેટલી ઊંચી સમજણ ધરાવે છે ! આને જ સત્સંગનો રંગ લાગ્યો કહેવાય ! ગીગા ભગતે હવે પોતાની ખેતીનું કામ કોઈ વિશ્વાસુ ખેડૂતને સોંપી દીધું. બાપ-દીકરીનું ગુજરાન ચાલે તેટલું તેમાંથી મળી રહે એવું થઈ ગયું. આ રીતે ગમે તે પરિસ્થિતિમાં પણ એક શ્રીહરિના જ બળે, એક શ્રીહરિના જ વિશ્વાસે, તેમના જ થઈને રહેવું, પરંતુ સહેજેય ભાવફેર ન થાય; તે જ નિષ્ઠાનું સાચું સ્વરૂપ છે.

હું છું હરિનો હરિ મમરક્ષક, એ ભરોસો જાય નહીં;
જે કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહીં.

આ વાક્ય તેમણે જીવનમાં ચરિતાર્થ કર્યું હતું. છએક મહિના થયા હશે. એકાએક ભગતની દીકરી બીમાર થઈ. માંદગી એટલી વધી ગઈ કે, તેનો દેહ રહે તેવું ન રહ્યું. ભગત સમજી ગયા. દીકરીની બાજુમાં બેસી સમજાવવા લાગ્યા, "બેટા દીકરી ! આ લોક તથા બાપ-દીકરી જેવું આ સગપણ એક સ્વપ્નતુલ્ય છે, આપણે બધા આત્માઓ શ્રીહરિના સેવકો છીએ. જેને તેની સેવામાં જવાનો અવસર આવે તેણે હોંશે-હોંશે જતું રહેવું જોઈએ, માટે હવે બધેથી વૃત્તિ સંકેલી પ્રભુ-પરાયણ થઈ જા, એક મહારાજનું ચિંતન કરજે. જ્યાં મોટીબા-લાડુબા જેવાં મહામુક્તો મહારાજની સેવામાં રહ્યાં છે ત્યાં જવાનો હવે તારે અવસર છે, તું બહુ ભાગ્યશાળી છો."

બાપની આવી વાત સાંભળતાં જ દીકરી ઊંડી ઊતરી ગઈ. અંધ ગીગા ભગત તેની નાડી જોવા લાગ્યા. તે જ વખતે દીકરી બોલી, "આતા ! આ મહારાજ મુક્તોને લઈને મને તેડવા આવ્યા છે, પણ તેઓ કહે છે કે, 'તારા આતાને કોઈ રાંધી ખવડાવે એવું નથી, માટે તારા બાપને પૂછી જો. તમે બંને રાજી હો તો તેડી જઈએ નહિ તો મૂકી જઈએ."

ભગતે નક્કર અવાજે કહ્યું, "બેટા ! તું મારી જરાય ચિંતા કરીશ મા. મહારાજ મારું ક્યારેય અહિત થવા દેશે નહિ, તેનો મને પાકો વિશ્વાસ છે. મારી રક્ષા તથા સેવા તો ગર્ભમાં જેમણે કરી છે એવા સર્વાત્મા શ્રીહરિ કરશે, હરિવર શ્વાસોચ્છ્વાસ મારી સાથે જ છે; માટે તું મારી ચિંતા ન કરતી, શ્રીહરિ મુક્તો સાથે તને તેડવા આવ્યા છે, આ તકને ચૂકતી નહીં. હું કહું છું તું સુખેથી ધામમાં જા." બાપની આવી બળભરી વાત સાંભળી દીકરીને તેડવા આવેલા મુક્તો તથા મહારાજ

રાજી રાજી થઈ ગયા. પછી દીકરી છેલ્લા 'જય સ્વામિનારાયણ' કહી તરત જ મહારાજ સાથે ધામમાં ગઈ.

પ્રેક્ટિકલ જીવનમાં જોઈએ તો સમજણની વાતો લખવી કે કરવી બહુ સહેલી છે, પણ વિપત્તિ વેળાએ વર્તનમાં રાખવી બહુ કઠણ છે. વિકટ સમયે જે વહારે આવે તે સમજણ જ સાચી છે. મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, **"જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહીં."** (ગ.પ્ર.૭૪)

ગીગા ભગતે સગાંઓની મદદ લઈ દીકરીનો અગ્નિસંસ્કાર કર્યો, તે વખતે કુટુંબીજનો કાંઈક આડું-અવળું બોલવાં લાગ્યાં. તેથી તે સહુ કોઈને સામે બેસાડી ભગતે કહ્યું, "ભાઈઓ ! કોઈ બીજા સંકલ્પ ન કરશો. મારા સ્વામિનારાયણ ભગવાન અતિ દયાળુ છે, તેથી મારા પત્ની, દીકરો ને દીકરી એ બધાંને અક્ષરધામમાં તેડી ગયાં છે, ને હવે હું પણ જઈશ તેનો મને અતિશય આનંદ છે !" ગીગા ભગતની બળભરી વાત સાંભળી કુટુંબીજનો તો નવાઈ પામી ગયાં ! આમ, ગીગા ભગત શ્રીહરિની સર્વે કસોટીમાં સંપૂર્ણ પાસ થયા.

વહાલા ભક્તો ! સારાં સારાં ભણેલાં, ડાહ્યાં અને બુદ્ધિશાળીથી પણ આમ જીવાતું નથી. જ્યારે અચાનક પોતાના કુટુંબી સભ્ય કાયમી વિદાય લે ત્યારે અનેકને સલાહ આપનારા પણ રડતાં છાના રહેતાં નથી. તત્ત્વચિંતકો, પંડિતો પણ આવા સમયે ધીરજ રાખી શક્તા નથી, તો આનંદમાં રહી બીજાને આનંદમાં રાખવા એ તો બને જ કેમ ? જેને સંપૂર્ણ ભગવાનની નિષ્ઠા હોય, ભગવદ્‌બળ હોય અને મોટા સંતોનો રાજીપો હોય; એવા વિરલ પુરુષો જ આવા પ્રસંગે મેરુની જેમ મક્કમ રહી શકે છે. ગીગા ભગતની નિષ્ઠા અને સમજણને વંદન કરીએ, અને

પ્રભુને પ્રાર્થના કરીએ કે, 'આવી સમજણ, નિષ્ઠા તથા ધીરજ આદિ ગુણો આપણામાં પણ આવે.'

ગીગા ભગતની સમજણથી અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે જ દિવસે બોટાદમાં શિવલાલભાઈને દર્શન આપીને કહ્યું, "શિવલાલ ! ગામ શિરવાણિયાવાળા ગીગા ધાધલ અમારી પરીક્ષામાં પૂરેપૂરા પાર ઊતર્યા છે, તેમનાં પત્ની તથા બંને સંતાનોને અમે ધામમાં તેડી ગયા તોપણ જરાય મૂંઝાયા નથી કે અમારી નિષ્ઠામાંથી મોળા પડ્યા નથી; માટે હવે તેમને કોઈ જ તકલીફ ન પડે તેમ તું તેમની સર્વ પ્રકારે સંભાળ રાખજે." શિવલાલભાઈ બે હાથ જોડી કહે, 'હે કૃપાનાથ ! આવા આપના નિષ્ઠાવાન ભક્તની સેવા મારા ભાગ્યમાં હોય જ ક્યાંથી ! હું પ્રેમથી એમની સર્વ પ્રકારે સંભાળ રાખીશ.' આમ, શેઠે આ સેવા પ્રેમથી સ્વીકારી લીધી. એટલે શ્રીહરિ તરત અદૃશ્ય થયા.

પછી શિવલાલ શેઠ સવારમાં નાહી-ધોઈ, પૂજાપાઠ કરી તત્કાળ શિરવાણિયા ગયા. ભગતના ઘરમાં દાણા, કપડાં વગેરે જે કાંઈ વસ્તુઓ જોઈએ તે તમામ વસાવી દીધું. ગામમાંથી એક વૃદ્ધ માતાને ગીગા ધાધલની સેવામાં રાખ્યાં, તેને પગાર આપવા તથા જીવનજરૂરિયાત ખર્ચ માટે તે ગામના પોતા વિશે હેતવાળા એક વાણિયાને ૫૦૦ રૂપિયા આપી રાખ્યા, અને તેને ભગતની સર્વ પ્રકારે સંભાળ રાખવાની ભલામણ કરી. તથા કહ્યું કે, 'કાંઈ જરૂર પડે અથવા રૂપિયા ખૂટે તો તરત મને સમાચાર આપજે. હું તરત પહોંચી જઈશ, પરંતુ તું આ ભગતની તારા બાપની જેમ સંભાળ રાખજે.' એટલી તેને ભલામણ કરી શિવલાલભાઈ બોટાદ આવ્યા.

પછી ગીગા ધાધલ જીવ્યા ત્યાં સુધી શિવલાલ શેઠે શ્રીહરિની આજ્ઞા મુજબ તેમને કોઈ વાતે કષ્ટ પડવા દીધું નહીં. ને છેવટે મહારાજે

દર્શન આપી ગીગા ભગતને કહ્યું, 'હવે ચાલો અખંડ અમારી સેવામાં.' એટલે ગીગા ભગતે સહુને કહ્યું, 'આ સર્વાવતારી શ્રીહરિ મને તેડવા આવ્યા છે, હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું. સહુને મારા જય શ્રીસ્વામિનારાયણ.' આમ બોલી ભૌતિકદેહનો ત્યાગ કરી દિવ્યદેહ ધરી અક્ષરધામમાં કાયમ શ્રીહરિની સમીપની સેવામાં પહોંચી ગયા.

✹ આપણે પણ ગરીબ ભક્તોને સહાય કરવી :

આમ, શિવલાલભાઈના જીવનચરિત્રમાં શિરવાણિયાના ગીગા ભગતનું નામ અમર બની ગયું. આપણા જીવનમાં પણ ક્યારેક આવી સેવાની તક મળે તો કોઈ ચૂક્તા નહીં. ગરીબોની સેવા કરવી તે વાત સારી છે, પરંતુ ગરીબ હરિભક્તની સેવા કરવી તે વાત તો સહુથી ન્યારી છે, અલૌકિક છે. માટે મુશ્કેલીમાં આવેલા હરિભક્તની સેવા કરવાની તક મળે તો કોઈએ ચૂકવી જોઈએ નહીં. અડગપણે તેમની પડખે ઊભા રહેવું જોઈએ.

ભક્તને મહિમા ભક્તનો, દિલે જોઈએ સદાય;
ભક્ત જીવે જો ભક્તાર્થે, હરિ રાજી બહુ થાય...૧૪૪

એક ભક્ત બીજા ભક્ત માટે જીવે, ભક્ત ભક્તની સેવાભક્તિ કરે; તે જોઈને ભગવાન બહુ જ રાજી થાય છે. માટે હું સહુને વિનંતિ કરું છું કે, 'જો કોઈ ગરીબ સત્સંગી હોય તો ધનવાનો ખાસ તેની સેવા કરજો, મદદ કરજો.' કોઈ ગરીબના છોકરાને ભણવાની ફી ભરી દેજો, માંદા પડ્યા હોય તો ઓપરેશન વગેરે દવાનો ખર્ચ આપવા મક્કમપણે સાથે ઊભા રહેજો અને કહેજો, 'ભાઈ ! તું મૂંઝાંતો નહિ, ચિંતા કરતો નહિ, વ્યાજે રૂપિયા લેતો નહિ; હું ડૉકટરનો તથા દવાનો તમામ ખર્ચો મારો ભાઈ માનીને ભરી દઈશ. હું તારી ભક્તિને, સેવા ભાવનાને અને ભગવદ્નિષ્ઠાને વંદન કરું છું. માટે હું તારી પડખે ઊભો છું.'

આમ, જો આપણે ગરીબ સંત-ભક્તની સેવા કરશું તો તેનું ફળ સીધું અક્ષરધામ મળશે, આ લોકના મનોવાંછિત સુખ મળશે. કેમ જે, ગરીબ સત્સંગીની સહાય કરનારા ઉપર ભગવાન બહુ જ રાજી થાય છે. ગરીબને ક્યારેય દુઃખવવો નહીં; એમ શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે. અને સત્સંગિજીવનમાં પણ શ્રીહરિએ રાજા રંતિદેવનું આખ્યાન કહીને આપણને સહુને ઉપકાર કરવાનું દબાણપૂર્વક કહ્યું છે. માટે શ્રીજીને રાજી કરવા શ્રીજીની આજ્ઞાને પાળીશું તો ભગવાન જરૂર રાજી થશે, અને ભગવાન રાજી થાય તો કોઈ વાતની ખોટ રહેતી નથી. તે વાતમાં દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલભાઈએ ગીગા ધાધલને સહાય કરી' એ નામે એકવીસમો અધ્યાય થયો. ॥૨૧॥

અધ્યાય-૨૨

સારંગપુરના રાઠોડ ધાધલનો પ્રસંગ

સારંગપુરમાં રાઠોડ ધાધલ મહાન ભક્ત હતા. તેમના પત્ની રાણદેબા પણ એવા જ મહાન ભક્ત હતા. મહારાજે એકવાર તેમની સાથે દહીં વલોવવા માટે નેતરા તાણ્યા હતા. મહારાજ સારંગપુર પધારે ત્યારે બહુવાર તેમના ઘેર ઊતરતા હતા. રાઠોડ ભક્તે પોતાનું સર્વસ્વ શ્રીહરિ અને સંતો-ભક્તોને માટે કરી રાખ્યું હતું.

શ્રીહરિની અનેક કસોટીમાં તેઓ હસતે મોઢે પાર ઊતર્યા હતા. તેમની નિષ્ઠા, નિષ્કામભક્તિ અને સમર્પણને વશ થઈ મહારાજ ઘણીવાર દિવ્ય દર્શન આપતા. તેમની આર્થિક સ્થિતિ ઘણી દુર્બળ હતી. તેમને એક પુત્ર અને એક પુત્રી હતી. શ્રીહરિના દિલમાં એવો વિચાર આવ્યો હશે કે, મેં જેમની સાથે નેતરા તાણ્યાં છે, જે નિરંતર મારા

પ્રેમમાં તરબોળ રહે છે એવા મારા અનન્ય ભક્ત રાણદેબાની ચૂડીનો ભંગ થવા દેવો નથી. તેથી સૌ પ્રથમ શ્રીહરિ તેમનાં પત્ની રાણદેબાને ધામમાં તેડી ગયા. રાઠોડ ભગતે હસતા મોઢે પત્નીને ધામમાં વળાવ્યા.

થોડા દિવસો ગયા ત્યાં તેમના દીકરીને પરણાવીને સાસરે મોકલ્યા હતાં, તે વિધવા થયાં. તેથી રાઠોડ ભગતે દીકરીને પોતાના ઘેર બોલાવી લીધી. જો કે, યુવાન દીકરી વિધવા બની ઘેર પાછી આવે ત્યારે મા-બાપને બહુ મોટી ઉપાધિ આવે છે, પરંતુ રાઠોડ ધાધલે તમામ ચિંતા શ્રીહરિને સમર્પણ કરી અને પોતે અખંડ હરિસ્મરણમાં તલ્લીન રહેવા લાગ્યા.

દોહા : ચિંતા સમર્પિ શ્રીજીને, પોતે રાખ્યું સ્મરણ;
ધન્ય ધન્ય એવા ભક્તના, ધરા પર જન્મ-મરણ...૧૪૫

વળી, થોડા દિવસો ગયા ત્યાં તેમના યુવાન પુત્રને અતિ રોગ લાગુ પડ્યો. ઘણી દવા કરવા છતાં સારું ન થયું. આયુષ્ય પૂર્ણ થતાં મહારાજ તેમને તેડવા પધાર્યા. રાઠોડ ભક્તને દર્શન દઈ મહારાજે કહ્યું, 'તમારા પુત્રને અમે તેડવા આવ્યા છીએ, તમે રજા આપો તો તેને ધામમાં તેડી જઈએ.' ત્યારે ભગત કહે, 'હે નાથ ! સુખે તેડી જાઓ. મારાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે, આપ મારા દીકરાને અક્ષરધામનો મહાઆનંદ આપો ! માટે હું બહુ જ રાજી છું.' પછી મહારાજે પુત્રને પૂછ્યું, 'અમે તને તેડવા આવ્યા છીએ, તારે ધામમાં આવવું છે ?' પુત્ર કહે, 'હે મહારાજ ! હું તૈયાર છું.' તેથી મહારાજે તેનો ભૌતિક દેહ તજાવ્યો, દિવ્ય દેહ આપ્યો અને વિમાનમાં બેસાડી પોતાના ધામમાં લઈ ગયા.

સર્વોપરિ આ શ્રીહરિ, સહેજે આપે સુખ;
ચપટી વગાડતા ટાળે છે, જન્મ-મરણના દુઃખ...૧૪૬

પૂર્વે આવી વારતા, નથી સાંભળી કાન;
પ્રગટ્યા ધરતી ઉપરે, સર્વોપરિ ભગવાન...૧૪૭

આ પ્રસંગે વૃદ્ધ રાઠોડ ધાધલે શ્રીહરિના બળે ખૂબ જ ધીરજ રાખી, પરંતુ ભાઈના ધામમાં જવાથી બહેન પોક મૂકી રડવા લાગી અને કહે, 'હે પિતા ! મારો ભાઈ તમારા અને મારા બંનેનો આધારરૂપ હતો. અરેરે..! તેનેય મહારાજ ધામમાં તેડી ગયા.' ત્યારે દીકરીને ધીરજ આપતાં રાઠોડ ભગત કહે, 'બેટા ! તારો મારો આધાર તો એક શ્રીહરિ જ છે અને ભાઈ તો અહીં કરતાં ત્યાં અનંત ઘણા સુખને પામ્યા છે, અને આપણે પણ જ્યાં ભાઈ ગયો ત્યાં જ એક દિવસ જવાનું છે. માટે તેની ચિંતા ન કરાય. આ પ્રસંગે તો આપણે ઉત્સવ મનાવવો જોઈએ.'

આ રીતે દીકરી તથા સંબંધીઓને ધીરજ આપી. પણ હવે રાઠોડ ભગત અને વિધવા પુત્રી બે જ રહ્યાં છે. તેમાં કોઈ કમાય એવું હતું નહીં, તેથી અક્ષરધામે બિરાજમાન શ્રીજીમહારાજને ચિંતા થાવા લાગી કે, મારા ભક્તના યોગ-ક્ષેમનું વહન હું નહીં કરું તો કોણ કરશે ? જેઓ મારે આધારે રહે છે, મારે જ વિશ્વાસે રહે છે તેને જો હું દુઃખી થાવા દઉં તો હું સર્વોપરી ભગવાન શેનો ?

આ રીતે વિચારી પછી મહારાજે શિવલાલ શેઠને સ્વપ્નમાં દર્શન આપી કહ્યું, 'સારંગપુરના રાઠોડ ધાધલ અમારા મહાન ભક્ત છે, અતિ વૃદ્ધ છે, તેમના યુવાન પુત્રને હું ધામમાં તેડી ગયો છું; માટે તમે તેમની સેવા-ચાકરી કરજો, સર્વ રીતે સંભાળ રાખજ્યો.' મહારાજે શેઠને સ્વપ્નમાં આ આજ્ઞા કરી. તે આજ્ઞાને શિવલાલ શેઠે આજીવન પાળી હતી.

સ્વપ્નમાં કીધી આજ્ઞા, તેય પાળી સારધાર;
શિવલાલ શેઠને ભક્તનો, હતો મહિમા અપાર...૧૪૮

હોય હરિનો મહિમા, ભક્ત હૈયે અપાર;
તેથી ભક્તનો હોય છે, સંબંધથી સારધાર...૧૪૯

દર મહિનાની બીજના દિવસે શિવલાલ શેઠ સારંગપુર જતા અને બાપ-દીકરીને જે કાંઈ જોઈતું હોય તે લાવી આપતા તથા સો રૂપિયા રોકડા આપતા. ત્યારના સો રૂપિયા અત્યારના દસ હજારથી પણ અધિક થાય. છતાં દર મહિને શિવલાલભાઈ આપતા. આ રીતે તેમની આજીવન ખબર રાખી હતી.

ભગવાનના ભક્તના નાતે આજીવન અન્યની એક કુટુંબી સભ્યની જેમ જ ખબર રાખવી અને તેને સુખ-દુઃખમાં તમામ જોઈતી વસ્તુ લાવી આપવી તે ઘણું કઠણ કામ છે. શિવલાલભાઈ જેવો એકાદ ગુણ પણ આપણામાં આવી જાય તો જીવન સફળ બની જાય. સત્સંગ સાર્થક કર્યો ગણાય.

માટે કોઈ ગરીબ સત્સંગી હોય અને તેને ન છૂટકે વ્યાજે લેવા પડ્યા હોય તો આપણે ભક્તના નાતે તેમના વ્યાજને માફ કરવું જોઈએ, તો ભગવાન આપણા ઉપર રાજી થાય. જે ગરીબના દિલને દુઃખવે છે અને સત્તા અને સંપત્તિના જોરે તેની પાસેથી વ્યાજ લૂંટે છે, એના ઘરમાં છોકરા કે છોકરી ગાંડા થાય છે, અને એ ગાંડા નહિ થાય તો રૂપિયાવાળાને ગાંડા કરી મૂકશે.

માટે ભગવાને આપણને ઉદાર હાથે ધન આપ્યું હોય તો આપણે પણ બીજાને ઉદાર હાથે આપજો. દાનથી જ આપણા હાથની અને જીવનની શોભા વધે છે; સારાં કપડાં, ઘરેણાં પહેરવાથી નહીં. લોભી અને કંજૂસ માણસ તો ઉનાળામાં થયેલાં વાદળાં જેવો છે. તે વરસે નહિ અને ગરમીમાં વધારો કરે છે. માટે સુખિયા થાવું હોય તો કંજૂસાઈ તથા લૂચ્ચાઈને છોડવી. જે ગરીબોનું શોષણ કરે છે તેને લગભગ તો અહીં જ કર્મનાં ફળ ભોગવવાં પડે છે. આપણે કથા ન કરીએ-સાંભળીએ

તો કાંઈ નહીં, પરંતુ એકવાર કોર્ટકચેરીમાં જઈને જોઈ લઈએ તોય ઘણો બોધ મળી જાય. સમાજમાં જે દુઃખી થતા હોય, હેરાન થતા હોય તેને જોઈ પછી તેનું કારણ તપાસવું. જો આપણે દુઃખી વ્યક્તિનું કારણ તપાસીએ તો તરત જીવનમાં પાછું વળવાની દૃષ્ટિ મળે.

જોતા રહેવું જીવનમાં, કોરટ ને હોસ્પિટલ;
આંટો મારવો સ્મશાને, તો મતિ થાય નિર્મલ...૧૫૦
જોવા દુઃખો બીજાના, વિચારવું મનમાંય;
શું કરીએ જો આપણે, તો આ દુઃખથી બચાય...૧૫૧

અને ભક્તનો મહિમા હોય તો જ ભક્તને અર્થે ઘસાવાય. જો મહિમા ન હોય તો કોઈ મોટા સંત કહે તોય એકાદવાર પરાણે પરાણે કરીએ. પછી તરત દિલમાં થાય કે સંતો તો કહે, એમ થોડું બધું દઈ દેવાય. પછી અમારે શું બજારમાં સૂવા જાવું ? આવા વિચારો આવે. કેમ જે, સાચી સમજણ ઘણી દુર્લભ છે અને સેવાધર્મ ઘણો ગહન છે. પ્રભુ કૃપા કરે ત્યારે તે મળે છે.

આ સંસારમાં કોઈક એવા વિરલ આદમી હોય છે કે પોતાને જે કાંઈ મળ્યું તે મારું નહિ પણ પરમેશ્વરનું છે અને પ્રભુના બનાવેલા માનવસમાજની સેવા માટે મને આપ્યું છે, એવું સમજે છે અને સત્સંગને અર્થે તથા સમાજને અર્થે પોતાનું સર્વસ્વ વાપરીને સુખ માને છે. તે સમજે છે કે, મારા હાથથી ગરીબો સુધી પહોંચે એ જ મારા આત્માનો આનંદ છે ! જે દી' મારા હાથ ચીકણા થશે અને ધનમાં ચોંટી જશે તે દિવસે પ્રભુ મને આપતા બંધ થઈ જશે.

વહાલા ભક્તો ! આપણને મળ્યું હોય તો તેમાં ચોંટી જવું નહીં, કાઢતા રહેવું. શાંતિ આપવામાં છે, માગવામાં નહીં. દાતાર સુખ અનુભવે છે અને માંગણ અશાંતિ. દીકરી ગમે તેટલી વહાલી હોય પરંતુ તમે તેનું કન્યાદાન કરો ત્યારે જ શાંતિ થાય. વાળ અને નખ

વહાલા હોય છતાં મોટા થાય એટલે કાપી નાખો તો જ સુખ રહે. એમ ઝાઝી સંપત્તિ હોય તે કોઈકને આપી દો તો જ અંતરમાં શાંતિ રહેશે. જો ભેગું કરશું તો તે આપણું જ મોત બગાડશે, આપણો જન્મ ફેલ કરી દેશે કાં તો ભૂત થાવું પડશે. આ ભક્તોનાં ચરિત્ર ભક્તોને બહુ શીખવી જાય છે.

ચરિત્ર આવાં સાંભળી, લેવી ભક્ત સંભાળ;
હરિભક્તને મુશ્કેલીમાં, કરવી મદદ તત્કાળ...૧૫૨
સેવા કરતા સંતની, રાજી થાય ભગવંત;
ભક્તોને મદદ કરતા, રાજી હરિ ને સંત...૧૫૩

તકની સેવા તો બહુ રાજીપો આપે છે. કોઈને ખરેખરી જરૂર હોય તે સમયે થોડું આપીએ તોપણ આપણું આખું ભાગ્ય પલટાઈ જાય. બીજું સંતોની સેવા કરીએ તો માત્ર શ્રીહરિ જ રાજી થાય, પરંતુ જ્યારે આપણે ભક્તોની મદદ કરીએ ત્યારે તો શ્રીહરિ અને સંતો બંને રાજી થાય છે. કેમ જે હરિભક્તોની સાચી મા સંત છે અને પિતા ભગવાન છે. દીકરાને રાજી કરો તો મા-બાપ બંને રાજી થાય છે. તેથી કહુ છું કે, ભગવાને તમને આપ્યું હોય તો ગરીબ ભક્તની પડખે ઊભા રહેજો. માત્ર આર્થિક રીતે જ નથી કહેતો પરંતુ સામ, દામ, દંડ અને ભેદ, આ ચારમાંથી કોઈ શક્તિ વાપરવાથી નાના ભક્તો સુખી થતાં હોય તો એમ કરજો. કોઈ ખોટી દાદાગીરી કરી ભોળા નિર્બળ ભક્તને હેરાન કરતો હોય તો તેનો પક્ષ રાખજો. તમે એક શબ્દ બોલો ત્યાં લુચ્ચાં માણસો બોલતાં બંધ થઈ જાય, એ પણ એક પ્રકારની સેવા છે.

અમારા સંતો પહેલા વડોદરા સત્યનગર સોસાયટીમાં ભણતા. સંતો સવાર-સાંજ આરતી-ધૂન કરે એટલે બાજુવાળા બિનસત્સંગી બેફામ રીતે બોલતા. હરિભક્તોના સ્કુટર ત્યાં પડ્યા હોય તો તેની હવા કાઢી નાખતા, કાચ ફોડી નાખતા. આ વાતની ધીરુભાઈ અસ્વાર (પી.એસ.

આઈ.)ને ખબર પડી. એક દિવસ સાંજે આરતી સમયે અચાનક આવ્યા. અને બાજુવાળા ધમાલ કરતાં હતાં તેને કહી દીધું કે, 'તમે આખો દી' જગતનાં ગીતો વગાડો છો. વળી, આ તમારું કૂતરું રાત-દિવસ ભસે છે, તે અવાજ તમને નડતો નથી અને સંતો આરતી-ધૂન કરે એ જ નડે છે ? ખબરદાર હવે જો કાંઈ બોલ્યા તો. કોઈ હરિભક્તની ગાડીનો કાચ તૂટશે તો બધાને જેલમાં નાખી દઈશ.' તે દિવસથી સંતો-ભક્તોને પરમ શાંતિ થઈ ગઈ.

આ રીતે કોઈ ખોટી રીતે સાચા સંતો-ભક્તોને હેરાન કરતું હોય અને આપણામાં શક્તિ હોય તો તેમને મદદ કરવી. જેથી શ્રીહરિ આપણા ઉપર બહુ રાજી થાય છે. શિવલાલ શેઠ ભક્તોને મદદ કરતા. સ્વપ્નમાં કરેલી શ્રીહરિની આજ્ઞા પણ તેમણે આજીવન પાળી.

આવી આજ્ઞાપાલનની, હતી શેઠને ચીવટ;
થતા આજ્ઞા શ્રીજીની, પાળવા માંડતા ઝટ...૧૫૪

આ રાઠોડ ધાધલને પણ ધન્યવાદ છે કે, તેની ચિંતા મારા મહારાજે કરી ! અને શિવલાલ શેઠને પણ લાખો ધન્યવાદ છે કે, તેણે હરિભક્તોને અર્થે ધન વાપરી પોતાની લક્ષ્મીને અમર બનાવી ! શ્રીહરિએ તેને સંપત્તિ અને સન્મતિ, બંને આપ્યું. તેથી તે ઈતિહાસમાં અમર બની ગયા. વળી, ગીગા ભગત તથા રાઠોડ ધાધલની જેમ યુવાન પુત્રોને એકાએક શ્રીહરિ અક્ષરધામમાં લઈ જાય છતાં સ્થિર બુદ્ધિ રાખવી તે ઘણી સમજણ માંગી લે છે. એટલે ભક્તચિંતામણિ પ્ર.૭૬ માં શ્રીહરિ કહે છે,

સુખદુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ;
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ.
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું;
પણ વ્રત નિયમ જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું.

નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી;
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી.

આ પંક્તિઓ જો આપણા જીવનમાં ઊતરી જાય તો તડકામાંથી છાંયડો થઈ જાય, દુ:ખની પળો આનંદમાં પલટાઈ જાય, રુદનની ચિચકારી હાસ્યના કિલકિલાટમાં બદલાઈ જાય, અને જગઆસક્તિ મટી પ્રભુભક્તિ પ્રગટ થાય. માટે શ્રીહરિ કહે છે, **'સુખ-દુ:ખમાં સ્થિર બુદ્ધિ રાખજો. તમે મારા છો માટે હું તમને જરૂર જાળવીશ, જતન કરીશ, અને એમ કરતાં પણ તમારું આયુષ્ય ખૂટ્યું હશે તેથી તન પડશે તો અક્ષરધામનું મહાસુખ આપીશ, માટે મૂંઝાતા નહીં. મારો આશરો, મારો વિશ્વાસ છોડતા નહીં અને આ લોકમાં સુખિયા થાવા સારું વ્રત, ટેક કે ધર્મ-નિયમ છોડતા નહીં.'**

જીવ શરીરના સુખ સારુ ભગવાનની આજ્ઞા અને આશરો છોડી, અધર્મ, અન્યાય અને કૂડ-કપટનો આશરો લે છે. પછી તેમાંથી તેને બહુ દુ:ખ અને હેરાનગતિ આવે છે. ગમે તેટલી યુક્તિ-પ્રયુક્તિ કરીએ છતાં ભગવાનને છોડી દેવાથી ક્યારેય સુખી થશું નહીં. માટે શિરસાટે શ્રીહરિનો આશરો અને આજ્ઞા પકડી રાખવી તો પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આપણને અંતરથી આનંદ રહેશે. **આશરો આત્માને આનંદથી ભરી દે છે. પુરુષોત્તમનારાયણનું સ્મરણ વ્યક્તિને નચિંત અને નિર્ભય બનાવે છે.**

તેથી જ શ્રીહરિ કહે છે જે, **'તમે મારો વિશ્વાસ રાખજો. હું તમને ચપટી વગાડતાંમાં સુખિયા કરી દઈશ.' વિશ્વાસ આધ્યાત્મિક માર્ગનો ઓક્સિજન છે, હરિવિશ્વાસ ભક્તનો શ્વાસ છે. તેથી જ તે ભક્તનું સાચું જીવન છે.** જે ભક્ત વિશ્વાસ ગુમાવી બેસે છે તે જીવનમાંથી બધું જ ગુમાવી બેસે છે. દૃઢ વિશ્વાસ અનેક સારાં કાર્યનો જનક છે. માટે ભગવાનનો અચળ ભરોસો રાખવો, તો જ ખરાં

ટાણે રાઠોડ ધાધલ, ગીગા ધાધલ અને શિવલાલ શેઠ જેવી સમજણ રહેશે. આપણને પણ આ ભક્તો જેવી સમજણ, વિશ્વાસ, ધીરજ તથા નિષ્ઠા પ્રભુ આપે એ જ પ્રાર્થના. વળી, શિવલાલભાઈ જેવી નાના ભક્તોની સેવા કરવાની શ્રદ્ધા અને હરિ-હરિભક્તોનો મહિમા આપે એવી પ્રભુજીનાં ચરણોમાં પ્રાર્થના...

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'સારંગપુરના રાઠોડ ધાધલનો પ્રસંગ કહ્યો' એ નામે બાવીસમો અધ્યાય થયો. ।।૨૨।।

અધ્યાય-૨૩

સેવામાં શ્રદ્ધા અને બોટાદમાં શ્રીહરિનું મંદિર

એકવાર શિવલાલ શેઠ ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરવા વડતાલ ગયા હતા. ત્યાં એક દિવસ રઘુવીરજી મહારાજને ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું કે, સત્સંગિજીવન સંસ્કૃત ગ્રંથ છે. શ્રીજીમહારાજે રચાવ્યો છે. તેમની કોઈ કથા કરાવે તો તેમાં શું વાત આવે છે તેની સહુને ખબર પડે અને એકાંતિક ધર્મની પુષ્ટિ થાય.'

આ વાત સાંભળીને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ કહે, 'સ્વામી, આપની ઈચ્છા છે, તો કથા કરાવવાનો લાભ મારે લેવો છે. હું ભલે આચાર્ય રહ્યો પણ ગૃહસ્થ છું, તેથી આવા કાર્યો કરવાનો અને ભગવાન અને સંતને અર્થે ધન વાપરવાનો અમને ભગવાને અધિકાર આપ્યો છે, અને કાનમ સત્સંગ વિચરણમાં ગયા હતા ત્યારે હરિભક્તોએ અતિ ઝાઝી ચરણભેટો ઉદાર હાથે અમને અર્પણ કરી છે. તે પૈસા સત્સંગને અર્થે ઉપયોગમાં ન આવે તો શું કામના ? માટે સત્સંગિજીવનની પારાયણ કરાવવાનો તથા સહુને જમાડવાનો લાભ હું લઈશ.'

દોહા : આચાર્ય દેતા રસોઈ, દેતા હતા તે દાન;
ધર્માદો પણ કાઢતા, જાણી પ્રગટ ભગવાન...૧૫૫
રૂડાં આયોજન કરતા, પોતે થતા યજમાન;
કરતાં રૂડી છાવણી, રિઝવવા ભગવાન...૧૫૬

તે વાત સાંભળી શિવલાલભાઈ કહે, 'જો આપ કથા કરાવતા હો તો ખર્ચો હું આપું.' ત્યારે આચાર્યશ્રી કહે, 'ના હો.. શિવલાલભાઈ ! તે બધો ખર્ચો મારે જ કરવો છે. કેમ જે, ગુણાતીતાનંદસ્વામીની મરજી છે, માટે મારે મારા ખર્ચે ચાર મહિનાની કથા કરાવવી છે, અને વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા ચાર મંદિરના સંતોને તથા ચારે દેશના હરિભક્તોને કથા સાંભળવા બોલાવવા છે. તેમાં ભોળાનાથ શાસ્ત્રી સત્સંગિજીવનની કથા વાંચશે અને સ્વામી વાતો કરશે અને શુકમુનિ પણ કથાનો લાભ આપશે; તમે પણ સાંભળવા આવજો. શ્રોતા તમારે બનવાનું છે અને યજમાન આ વખતે અમારે બનવું છે.'

આવા હતા આચાર્યો, આવા હતા હરિભક્ત;
હરિ રિઝવવા તાન હતું, હતા ન જગ આસક્ત...૧૫૭
પૈસા ભેગા કરવામાં, માનતા મોટું દુઃખ;
સત્સંગમાં વાપરવામાં, જાણ્યું હતું મહાસુખ...૧૫૮

ત્યાર પછી રઘુવીરજી મહારાજે સત્સંગ છાવણીનો આરંભ કર્યો. તેમાં શિવલાલ શેઠ ચાર મહિના સુધી સંતોનો સમાગમ કરવા વડતાલ રોકાયા. આવું તેમને સેવાનું, કથા-વાર્તાનું, મહિમાનું અને મોટાની મરજીમાં ભળી જવાનું જબરું અંગ હતું. હવે શિવલાલભાઈના જીવનમાંથી મંદિરની સેવાનો મહિમા સમજાવતો પ્રસંગ જોઈએ.

ઘરથી વધુ મંદિરનો, મમત્વ રાખતા શેઠ;
મંદિર સાચું જાણતા, સંસાર જાણતા વેઠ...૧૫૯

શેઠ સત્સંગને જ પોતાનું સાચું જીવન માનતા, સંસારના કામને તો વેઠ સમજતા. તેથી તે સત્સંગી અને મંદિર માટે પોતાનું સર્વસ્વ આપવા તૈયાર રહેતા; આપણું કેમ છે તે તપાસવું ?

બોટાદમાં શિવલાલ શેઠ મંદિર બંધાવતા હતા. તેમાં બાંધકામની, આર્થિક તેમજ શારીરિક પ્રાયઃ જવાબદારી પોતાને માથે રાખી હતી. સં.૧૯૦૮ થી ૧૯૧૦ માં દશ ખંડની હવેલી બનાવી મંદિર કરાવી રહ્યા હતા. આ મંદિર અંગે ખર્ચ તેમજ દેખરેખ પોતે જ રાખતા. તે જ સમયે પોતાનું પણ એક મકાન બોટાદની બજારમાં ચણાવવાનું શરૂ કરેલ.

શિવલાલ શેઠે પોતા માટે બનાવેલી આ હવેલી તેમના વંશજોએ થોડાં વર્ષો પહેલાં જ વેચી દીધી છે, અને જેણે લીધી તેણે તે પાડીને ત્યાં બીજા મકાન બાંધ્યા છે, પરંતુ જ્યારે આ બંને કામ ચાલું હતાં ત્યારે મંદિર તથા મકાનનાં બાંધકામ અંગે લાકડું મલબારથી ધોલેરા બંદર આવતું. ત્યાંથી ગાડા માર્ગે બોટાદ લાવતા. જ્યારે ધોલેરા લાકડું આવે ત્યારે શિવલાલ શેઠ જાતે ત્યાં જતા અને લાકડાનું વહાણ આવ્યું હોય ત્યાં જઈ શેઠ મારફતિયાને (લાકડાંના વેપારી તથા ધંધાદારી માણસોને) સૂચના આપતા કે, લાકડાં ઉતારતી વખતે ધ્યાન રાખજો. સારું સારું લાકડું એક બાજુ મૂકજો અને હલકું લાકડું બીજી બાજુ મૂકજો. આ જોઈને મારફતિયાઓએ જાણ્યું કે, શેઠ બોટાદમાં મંદિર અને પોતાનું મકાન બંને ચણાવે છે. માટે તેમના પેટમાં પાપ લાગે છે. જેથી સારું સારું લાકડું ઘરે લઈ જવા માંગે છે કે શું ? તેથી એક મારફતિયે પૂછ્યું, 'શેઠ ! સારું લાકડું આપના ઘેર મોકલાવુંને ?'

વહાલા ભક્તો ! કોઈકના ઉપર જોયા-જાણ્યા સિવાય ખોટી કલ્પના કરવી એ બહુ મોટી કુટેવ છે. જ્યાં ત્યાં શંકા-કુશંકા કરનારો માણસ બહુ હેરાન થાય છે. **અહંગ્રંથી કરતાં પણ સંશયગ્રંથી જીવને વધારે નડે છે.** માટે આવી ખોટી કલ્પના કરવાની કુટેવ હોય તો વહેલી

તકે તે છોડી દેવી. કેમ જે, આ કલ્પના ક્યારેય આપણને ભગવાનના ભક્તમાં સાચાં પ્રેમ, મહિમા, આત્મબુદ્ધિ કે દિવ્યબુદ્ધિ થવા દેશે નહીં, ઉલટો દ્રોહ કરાવશે.

પેલા વેપારીને શેઠ ઉપર શંકા ગઈ તેથી પૂછ્યું, "આ સારું લાકડું આપના ઘરે મોકલાવુંને ?" ત્યારે શિવલાલભાઈ કહે, 'કેમ ભાઈ ! મને પાપમાં નાખવો છે ? મકાન તો અમારા વંશમાં છોકરા થાશે તે નવું બનાવશે, પણ મંદિર ફરી કોણ બનાવે ? માટે સારું સારું લાકડું મંદિર માટે મોકલવું છે અને હલકું લાકડું મારે ઘેર મોકલવું છે. તે માટે જુદું કરાવું છું.' શેઠની આવી સમજણ જોઈ તે વેપારીઓ અચંબો પામી ગયા ! જગતના જીવ અને ભક્ત આ બંનેની રીતિ ન્યારી છે. ઉપરથી ક્રિયા એકસરખી દેખાતી હોય તોપણ ભક્ત અને અભક્તની ક્રિયાના હેતુમાં ઘણો ફેર હોય છે.

મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી;
તેને દેહ દર્શી દેખે પોતા જેવા સંસારી.

ચોપાઈ :

ભક્ત પોતાનું કરે હરિ માટે રે, વળી સમરે હરિ શિર સાટે રે;
તેને એકાંતિક ભક્ત જાણો રે, એના ગુણ ગાય ને વખાણો રે...૧૬૦

જે જાણે ન મહિમા પૂરો રે, તેહ ભક્તને જાણો અધૂરો રે;
એ તો ભક્ત અને મહારાજ રે, એને વાપરે પોતાને કાજ રે...૧૬૧

સાચો ભક્ત પોતાનું બધું જ ભગવાન અને સત્સંગને અર્થે વાપરે છે અને ખોટો ભક્ત હોય તે સત્સંગનો પોતા માટે ઉપયોગ કરે છે. આમ, બંને ભક્તમાં આકાશ-પાતાળનું અંતર છે.

શ્રીહરિ વચ.ગ.મ.૧૧ માં કહે છે, **'વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાની ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત**

જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે; માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે... માટે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનના ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિશે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે.'

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'બોટાદમાં શ્રીહરિનું મંદિર કરાવ્યું' એ નામે ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

અધ્યાય-૨૪

શિવલાલ શેઠનાં પત્ની ધામમાં તથા તેમની સમજણ

શિવલાલ શેઠને સંસારમાં રહેતાં તેમનાં પત્ની રાધાબાઈ થકી ક્રમશઃ ત્રણ પુત્ર થયા હતા. (૧) **કેશવલાલ** (૨) **છગનલાલ** (૩) **હરિલાલ.** આ ત્રણેયમાં નાના પુત્ર હરિલાલની ઉંમર તો ઘણી નાની હતી, અને શેઠની ઉંમર આશરે **૩૦ વર્ષ** જેટલી હતી. ત્યારે અચાનક નજીવી બીમારીમાં સં.૧૯૧૩ માં તેમના પત્ની રાધાબાઈને મહારાજ પોતાના ધામમાં તેડી ગયા. ત્યારે શિવલાલ શેઠે જાણ્યું, **'ભલું થયું, ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ...'** એમ સમજી જરા પણ શોક કે ચિંતા કરી નહીં. મહારાજની મરજી સમજી વિશેષ ધ્યાન, ભજન ને સત્સંગ કરવા લાગ્યા.

દોહા : નવલખીયા આ શેઠની, નાની ઉંમરમાંય;
પત્ની ગઈ ધામમાં તો, રાજી થયા મનમાંય...૧૬૨
વાસના નહિ સંસારની, ધન્ય વ્રત નિષ્કામ;
લોક લાજે ખેંચાણા નહિ, ભજ્યા અખંડ શ્યામ...૧૬૩

શિવલાલભાઈને તો કોઈ અસર ન થઈ, એ તો રાજી થયા. પરંતુ તેમના પિતા ભગા દોશી તથા સર્વ કુટુંબીજનોએ તેમની નાની ઉંમર હોવાથી ફરી લગ્ન કરવાનો અતિ આગ્રહ કર્યો.

પરંતુ શિવલાલ શેઠે તો નક્કી કર્યું હતું કે, 'હવે મારે ફરી સંસારની જંજાળમાં પડવું નથી.'

શિવલાલ એવું સમજ્યા, માયા છોડાવા કાજ;
સ્ત્રીને ધામે લઈ ગયા, મુજ સારુ મહારાજ...૧૬૪
ધન્ય ધન્ય મારા નાથજી, અતિ કરી કૃપાય;
આને કોપ હું જાણું ના, જાણું આપ સહાય...૧૬૫
આપનો આનંદ આપવા, મને કરો છો મદદ;
મોહ માયા છોડાવવા, કર્યા વિષય સુખ રદ...૧૬૬

ભગા દોશી ખાનદાન, ધનાઢ્ય અને સુપ્રસિદ્ધ નગરશેઠ હતા. તેથી ઘણા સારા ઠેકાણેથી માંગા આવતા હતા. તેથી ભગા દોશીએ, આગેવાનોએ તથા કુટુંબીઓએ તેમને ખૂબ સમજાવ્યા, છતાં શિવલાલભાઈએ ફરીવાર લગ્ન કરવાની હા ન પાડી.

✹ શિવલાલ શેઠ અને આચાર્યનો સંવાદ :

તે સમયે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ ગઢપુર આવ્યા હતા. તેથી ભગા દોશી સહુ કુટુંબીઓ સાથે ગઢપુર દર્શન કરવા ગયા. આચાર્યશ્રીને દોશી કુટુંબ સાથે ઘણો સ્નેહ હતો. તેથી ભગા દોશીએ આચાર્યશ્રીને એકાંતમાં કહ્યું, 'શિવલાલ ઘરભંગ થયો છે. હજી ઉંમર નાની છે. વળી, ત્રણ નાના દીકરા છે, અમારું પ્રતિષ્ઠિત કુટુંબ છે; માટે તે ફરીવાર લગ્ન કરે તો સારું. સારા સારા માંગા આવે છે, છતાં શિવલાલ ફરીવાર લગ્નની ના કહે છે, કોઈનું માનતો નથી; માટે તમે સમજાવો તો સારું.' ત્યારે આચાર્યશ્રી કહે, 'બહુ સારું, તમે ચિંતા ન કરતા. હું સમજાવીશ.'

પછી શિવલાલભાઈને આચાર્યશ્રીએ એકાંતમાં બોલાવ્યા અને કહ્યું, 'અમે ગુરુ અને તમે ચેલા એ વાત સાચી..?' શિવલાલભાઈએ કહ્યું, 'બાપજી ! એમાં કોઈ શંકા નથી.' પરંતુ આ એક જ પ્રશ્નમાં વાણિયાના દીકરા હતા એટલે તરત આચાર્યશ્રી શું પોતા પાસે કરાવવાના છે ? તે બધું જ સમજી ગયા. મનોમન શ્રીહરિ તથા મોટા સંતોને સંભારી પૂર્વતૈયારી કરી લીધી.

પછી રઘુવીરજી મહારાજે કહ્યું, 'શિવલાલ ! મારું એક વચન તમારે માનવું પડશે.' શેઠ કહે, 'બોલો શું વચન માનું ?' ત્યારે આચાર્ય તેમને સમજાવતાં થકાં કહે, 'તમે અમારે વચને બીજું ઘર કરો, તમારા પિતાશ્રી અને વડિલોને રાજી કરવા, એ તમારું કર્તવ્ય છે.' આમ અતિ આગ્રહ કર્યો. ત્યારે શિવલાલભાઈ કહે, "મહારાજશ્રી ! આમ એકતરફી ન ચાલો, 'હું તમારું માનું અને તમે મારું માનો.' આપણે બેય પરસ્પર ઠેરાવ કરીએ."

પછી રઘુવીરજી મહારાજે કહ્યું, 'બોલો ! શું ઠેરાવ કરવો છે ?' ત્યારે શિવલાલભાઈ કહે, 'બાપજી ! મારે તો ત્રણ પુત્ર છે. માટે હવે હું ભજન કરું તે યોગ્ય છે, અને જો શ્રીહરિને મારી પત્નીને રાખવાની ઈચ્છા હોત જ, તો ધામમાં શું કામ તેડી જાત ? શ્રીહરિ મારી પત્નીને ધામમાં તેડી ગયા, એ જ બતાવે છે કે, હવે મારે સંસાર વ્યવહાર કરવો નહીં, છતાં આપનો આગ્રહ હોય તો એક શરતે નક્કી કરીએ. આપ તો ધર્માચાર્ય છો અને તમારે કોઈ પુત્ર નથી, માટે ગુરુ સેવકની અરજી સ્વીકારે અને સેવક ગુરુની મરજી સ્વીકારે, માટે તમે અને હું બંને ફરી લગ્ન કરીએ. આપ પણ હજી એક વધારે નવું ઘર કરો તો ધર્મની ગાદી ખાલી ન રહે.'

તે સાંભળી રઘુવીરજી મહારાજ કંઈ બોલ્યા નહીં. કેમ જે, સંતાન માટે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે ત્રણ ઘર કર્યાં હતા, છતાં

શ્રીહરિએ સંતાન આપેલ નહીં. તેથી આચાર્યશ્રી સમજતા હતા કે, હરિઇચ્છા વિના કોઈથી તરણુંય તૂટતું નથી. પછી શિવલાલ શેઠ ઉતારે ગયા. ત્યારબાદ ભગા દોશી આચાર્યશ્રી પાસે આવ્યા અને પૂછ્યું, 'કેમ બાપજી..! શિવો માન્યો..?' ત્યારે રઘુવીરજી મહારાજ કહે, 'શેઠ ! માનવાની વાત તો રહેવા દો. એણે તો મનેય બંધનમાં નાખ્યો. એણે તો ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામીને સેવ્યા છે, માટે તે જબરો બળિયો થયો છે. બીજું ઘર કરવા શિવલાલ માને તેમ નથી.' એમ કહી પોતા સાથે જે સંવાદ થયો હતો તે ભગા દોશીને સંભળાવ્યો. તે સાંભળી ઉદાસ ચહેરે ભગા દોશી પાછા ઉતારે આવ્યા.

ત્યારે શિવલાલભાઈએ કહ્યું, 'પિતાજી, હવે મને સમજાવવા કોને મોકલવા છે ?' તેથી ભગા દોશી કાંઈ બોલ્યા નહીં. પછી વિચાર કર્યો જે, 'પુત્રને ગુણાતીતાનંદસ્વામી સાથે બહુ હેત છે. માટે તેઓ કહેશે તો જરૂર માનશે.' આમ વિચારી સ્વામીને સર્વે વાત કરી. તેથી ગુણાતીતાનંદસ્વામીએ વિચાર કર્યો કે, આ નિર્વાસનિક પુરુષને હવે સ્ત્રી પરણાવીને શું કામ હશે ? પણ એમને શાંતિ થાય એવી વાત કરવી જોઈએ. આમ વિચારીને કહે, 'શેઠ ! આચાર્યનું ન માન્યા તો અમારું તો માને જ કેમ ? અને વ્યક્તિને જ્યાં સુધી મનમાં વેગ હોય ત્યાં સુધી કોઈનું ન મનાય. માટે તમે હમણા ધીરજ રાખો. ચાર-છ મહિના પછી કહેશું એટલે માનશે.' સ્વામીની વાત ભગા દોશીને ઠીક લાગી. પછી સૌ પરિવાર શાંતિથી ઘેર ગયા.

દોહા : કોઈની મોબતે ન આવ્યા, ત્યાગ્યું પ્રવૃત્તિ વચન;
હરિની મરજી જાણીને, કર્યું અખંડ ભજન...૧૬૭
એવા જોઈએ આપણે, શ્રદ્ધા સત્સંગ જ્ઞાન;
મોટી ઉંમરે નથી છૂટતું, ભારે કહેવાય જ્યાન...૧૬૮

ચેતવું આપણ સર્વએ, સુણી કથાનો સાર;
વિષય મળવત્ છોડીને, કિજે હરિસંતે પ્યાર...૧૬૯

ઘણા તો બે-બે વાર સ્ત્રી મરી જાય તો ત્રીજું કરવા તૈયાર થાય છે. અરે..! ચોથા, પાંચમાં સુધી પણ પહોંચી જાય છે. કુટુંબી ના પાડતા હોય, છોકરાઓ ના પાડતા હોય છતાં વાસનાના કીડા રહી શક્તા નથી. ત્યારે શિવલાલ શેઠને તેમના કુટુંબીઓ, સમાજના આગેવાનો અને ખુદ આચાર્ય સમજાવે છે, છતાં સંસારથી વિરક્ત રહે છે. જેને ભગવાનને પામવું હોય તેણે સ્ત્રી, ધન તથા પંચવિષયની વાસના ટાળવી જ જોઈએ. જે વારંવાર સ્ત્રીને જોયા કરશે તે જરૂર સત્સંગમાંથી પડી જશે. રૂપ જેવો કોઈ વિષય બળવાન નથી. મોટાની કૃપા વિના તે વિષય જીતાય નહીં એવો છે. માટે સ્ત્રીનું રૂપ નહિ, ભગવાનનું રૂપ જોવું. એકબીજાના દેહને ન જોવા, દેહમાં રહેલા શ્રીહરિને જોવા.

વળી, **મોક્ષનો સહુથી મોટો દુશ્મન અહંકાર છે, માટે સુખ-દુઃખ કે માન-અપમાનમાં શેઠની જેમ સ્થિર રહેવું હોય તો, પોતાના અહંનો આધાર મૂકી માત્ર મહારાજના આધારે જીવવું. તો જ સદા સુખિયા રહેવાશે.** આ પ્રસંગ આપણને ઘણું શીખવી જાય છે. વાસના ઝેર છે, વાસના વ્યક્તિને ગુલામ બનાવે છે, ગર્ભવાસ અને લખચોરાસીમાં ભટકાવે છે; માટે સુખિયા થાવું હોય તો નિર્વાસનિક થાવું. નિર્વાસનિક ભક્ત જ ભગવાનને વહાલો લાગે છે.

જીવ માયાનું ને ભગવાનનું બેય સુખ લેવા ઈચ્છે છે. તે બેય ક્યાંથી મળે ? જીવને બ્રહ્મરૂપ કરવા માટે મહારાજનો અવતાર છે. ભલે સ્ત્રી-પુરુષ સત્સંગી કહેવાતા હોય પણ મનુષ્યના, નાત-જાતના, સગા-સંબંધીમાં હેતના, આ લોકના, વૈભવના, વિષય-વાસનાના ભાવ ટાળવા ઘણા કઠણ છે. એ તો ગોપાળાનંદસ્વામી જેવા મોટા સંતોના યોગે કરીને લોધિકા દરબાર અભેસિંહજી, ગણોદ દરબાર અભેસિંહજી, બોટાદના

શેઠ શિવલાલભાઈ, પાણવીના પૂંજા ડોડિયા, ઉનાના ગણેશ શેઠ જેવા નિર્વાસનિક થયા હતા અને અખંડ ભગવાનમાં વૃત્તિ રાખતા હતા અને પ્રભુપરાયણ બની આ લોકમાં રહ્યા થકા અક્ષરમુક્ત બની ગયા.

માટે આપણે પણ શિવલાલ શેઠ વગેરે ભક્તોના પગલે ચાલવું. તેમના જેવો સત્સંગનો ખપ રાખવો, ભજનનો આગ્રહ રાખવો, ઇન્દ્રિયો ઉપર સંયમ રાખવો. તે પ્રમાણે વર્તશું ત્યારે અક્ષરમુક્ત થવાશે અને શ્રીજીમહારાજની અખંડ સેવામાં રહેવાશે. પછી શિવલાલ શેઠની જેમ હર્ષ-શોકની એડકી નહીં આવે; સુખ-દુઃખ, માન-અપમાન આદિ દ્વંદ્વથી પર થઈ જઈશું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠનાં પત્ની ધામમાં ગયા તથા તેમની સમજણ કહી' એ નામે ચોવીસમો અધ્યાય થયો. ॥૨૪॥

અધ્યાય-૨૫

ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્થાપના

દોહા : ગઢપુરમાં પધરાવિયા, હરિકૃષ્ણ મહારાજ;
ધન્ય ધન્ય શિવલાલ શેઠને, ભારે કર્યું એ કાજ...૧૭૦

આ પ્રસંગ તમામ ભક્તોના અંતરે સીધો ટચ થાય એવો છે, હૃદયસ્પર્શી પ્રસંગ છે. શિવલાલ શેઠે ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા, એ બહુ મોટું કામ કર્યું કહેવાય. સૃષ્ટિ રહેશે ત્યાં સુધી આ વાત રહેશે.

શ્રીજીમહારાજે ધામમાં જતાં પહેલા મોટીબાને ભલામણ કરેલી કે, ગોપીનાથજી મહારાજની બાજુમાં અમારી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવજો. કોઈ કારણોસર ઘણું મોડું થયું. શ્રીહરિ ધામમાં ગયા તેને

ત્રીશ વર્ષનાં વાણાં વહી ગયાં, પરંતુ હરિકૃષ્ણ મહારાજને પધરાવવાનું સાનુકૂળ ન આવ્યું. મોટીબા તેમના કુટુંબમાં સહુથી મોટાં હતાં અને સહુથી વધારે જીવ્યાં હતાં. શ્રીહરિ લાડુબા, રાજબા, દાદા ખાચર વગેરેને ધામમાં તેડી ગયા, પરંતુ મોટીબાને મહારાજ તેડવા આવે નહીં. કેમ જે, મહારાજે તેમને પોતાની મૂર્તિ ગઢપુરમાં પધરાવવાનું કહ્યું હતું. તે જ્યાં સુધી કામ પૂરું થાય નહીં ત્યાં સુધી મોટીબાને આ લોકમાં રહેવું જોઈએ, અને તે વાતનું કોઈ રીતે સાનુકૂળ આવતું ન હતું. કેમ જે, ઘણા સંતો-ભક્તોનું એવું કહેવું થાતું કે, મહારાજે પોતાના અંગોઅંગ માપીને ગોપીનાથજી મહારાજ પોતાને હાથે પધરાવ્યા છે, હવે બીજા સ્વરૂપની શું જરૂર છે ? તો ઘણાનું એવું કહેવું થાતું કે, આનો ખર્ચો ક્યાંથી કાઢશું ? પૈસા કોણ દેવાના છો ? તો ઘણા એમ કહેતાં કે, આ બધું માથે રાખીને આનું આયોજન કોણ કરે ? બધું કામ સારી રીતે કોણ સફળ કરે ? આવી ઘણી ગૂંચવણ હોવાથી એ કામ વર્ષો સુધી થયું નહીં.

પછી એક દિવસ મોટીબાને શ્રીહરિએ હૃદયમાં પ્રેરણા કરી કે, આ અમારી મૂર્તિ પધરાવવાની ઇચ્છા બોટાદના શિવલાલભાઈ દ્વારા જ પૂરી થશે. માટે તમે એમને બોલાવીને અમારી આજ્ઞા છે તે વાત જણાવો. પછી મોટીબાએ શિવલાલ શેઠને બોલાવ્યા અને ઉપરોક્ત બધી વાત કહી, અને વિશેષમાં જે જે અડચણ આવવાથી આજ દિવસ સુધી કામ અટક્યું હતું તે પણ સમજાવ્યું. શિવલાલ શેઠ બુદ્ધિશાળી અને પ્રતિષ્ઠિત હતા. તેમના કહેવાથી તો ભાવનગરનરેશે વર્ષોથી ચાલતા સ્વામિનારાયણ સંપ્રદાય સાથેના કુસંપનું સમાધાન કર્યું હતું. તેઓ બધી જ વાત તત્કાળ સમજી ગયા.

પછી શિવલાલ શેઠે ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવી મોટીબાનો સંકલ્પ પૂરો કરવાનું વિચાર્યું. તે બાબતે બધાને ભેળા કરી

એક મીટીંગ કરવાનું પણ મનમાં નક્કી કર્યું, અને પછી ગઢપુરમાં વડતાલ, જૂનાગઢના મોટેરા સંતોને તથા આચાર્યશ્રીને ભેળા કર્યા. તેમાં ગુણાતીતાનંદસ્વામી પણ હાજર હતા. પછી સહુને સમજાવતાં કહ્યું કે, 'મોટીબાની ઇચ્છા અહીં હરિકૃષ્ણ મહારાજ પધરાવવાની છે, તે એમને મહારાજે ધામમાં જતી વખતે ખાસ આજ્ઞા કરેલી છે તેને લઈને છે, મોટીબાની પોતાની ઇચ્છા નથી; આ તો શ્રીજીમહારાજની આજ્ઞા છે, માટે તે કામ આપણે કરવું જોઈએ. કેમ જે, જ્યાં સુધી મહારાજની આજ્ઞા મોટીબાથી સંપન્ન નહીં થાય ત્યાં સુધી મોટીબાને ધામમાં જવામાં વિલંબ થશે. અને બાની ઉંમર હવે ઘણી બધી થઈ ગઈ છે, માટે આપણે સહુએ વિચારવું જોઈએ અને તત્કાળ આ કાર્ય કરવું જોઈએ.

બીજું એમાં મૂર્તિનો તથા પ્રતિષ્ઠા મહોત્સવનો જે કાંઈ ખર્ચો થાશે તે હું કરીશ. અને તમામ જવાબદારી પણ હું માથે લેવા તૈયાર છું. આપ સહુ રાજી થઈ આ કાર્ય કરવા સંમતિ આપી આયોજન વિચારો.' આવી શેઠની હકારાત્મક, વ્યાજબી, ઉપયોગી, તટસ્થ વાત સાંભળી સહુને ગળે ઘૂંટડો ઊતરી ગયો અને વાત હૈયે બેસી ગઈ. તેથી તત્કાળ સહુ સહમત થઈ ગયા.

અને આ જ રીતે ગુણાતીતાનંદસ્વામીને પણ જૂનાગઢમાં રાધારમણદેવની પાસે શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાની હતી, તે વાતની પણ ભેળી સંમતિ થઈ ગઈ. તેથી પછી ગઢપુર તથા જૂનાગઢ, આ બંને ધામો માટે એકસાથે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બનાવવાનું નક્કી કર્યું. તેમાં મોટીબાએ પ્રસાદીનાં ઘણાં વાસણો તથા ઘરેણાંઓ આપ્યાં અને જૂનાગઢથી સ્વામીએ પણ આપ્યા. તે ઓગાળી બંને મૂર્તિઓ વડોદરામાં નારાયણભાઈના હસ્તક તૈયાર કરાવી.

પછી ગઢપુરમાં મૂર્તિ પધરાવવાનું મુહૂર્ત જોવડાવ્યું તો, ફાગણ સુદ પાંચમનું મુહૂર્ત આવ્યું. પછી **સં.૧૯૧૬, ફાગણ સુદ પાંચમે ગઢપુરમાં**

ધામધૂમથી શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ **૨૨ મણની** હતી તેમજ નિજમંદિરમાં અતિશય સંકડાશ હતી તેથી મૂર્તિ પધરાવવામાં ખૂબ મુશ્કેલી પડી. કેમ જે, થોડા માણસથી મૂર્તિ ઊંચી થાય નહીં અને ઝાઝા માણસ ત્યાં સમાય નહીં. મહેનત કરતાં કરતાં મોડી રાત થઈ ગઈ, છતાં મૂર્તિ બેસારી શક્યા નહીં. સવારમાં પ્રતિષ્ઠાનું મુહૂર્ત હતું. હવે શું કરવું ? તે પ્રશ્નને કારણે સહુ મૂંઝાતા હતા.

ત્યારે શ્રીજીમહારાજે ભાયાત્માનંદસ્વામીને દિવ્ય દર્શન આપી કહ્યું, 'રઘુવીરજી મહારાજને કહો કે બીજા બધાને બહાર મોકલી દે. પછી અમે એકલા તેમના હાથે બેસી જઈશું.' પછી સ્વામીએ રઘુવીરજી મહારાજને સમાચાર આપ્યા. એટલે તેમણે બીજા બધાને ત્યાંથી બહાર જવા કહ્યું. પછી હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરી, તેથી મહારાજ તેમના હાથે ગોપીનાથજી મહારાજની બાજુમાં બેસી ગયા, ત્યારે સહુને ખૂબ આનંદ થયો. પછી રઘુવીરજી મહારાજે પ્રતિષ્ઠાની આરતી ઉતારી. હ.લી.૧૦/૧૫ માં કહ્યું છે જે,

ચોપાઈ :

પ્રતિમા ગોપિનાથની જોડે, સ્થાપિ શ્રીહરિકૃષ્ણની કોડે.
પૂર્વ ખંડે સ્થાપ્યા તતખેવ, કૃષ્ણ રેવતિ ને બળદેવ;
ગોપિનાથને સ્થાપતાં જેવો, સમૈયો થયો એ પણ એવો.
ધામધૂમ કરી બધિ તેમ, આખું ગામ જમાડિયું એમ;

શ્રીજીમહારાજની ઇચ્છા હતી, તે કાર્ય મોટીબા તથા શિવલાલભાઈ દ્વારા પૂર્ણ થયું. આખા ગામને તે સમયે શિવલાલ શેઠે જમાડ્યું. પછી પ્રથમ જીવુબા, બાવો ખાચર, અમુલા વગેરે ભક્તોએ ભૂમી અને વસ્ત્રાભૂષણો ભેટ ધર્યાં. પછી શિવલાલ શેઠે પણ ઘણાં વસ્ત્રાભૂષણો ભેટ ધર્યાં. આ પ્રસંગે શિવલાલ શેઠનાં બહુ જ વખાણ થયાં. સહુ કહેવા લાગ્યા કે, 'શિવલાલભાઈને લાખો લાખો ધન્યવાદ..!' અને આવાં

સારાં કાર્ય કરે તેને ખરેખર વખાણવા જોઈએ, બિરદાવવા જોઈએ એ સત્સંગની રીત છે. તમામ લોકો શું બોલતા હતા ? તો ગ્રંથકાર કહે છે,

શાર્દૂલ : સુજ્ઞાની શિવલાલ જે સપુત તો દોશી ભગાનો ભલો,
મોટો મુક્ત નિવાસિ અક્ષર તણો જન્મ્યો દિસે જે વલો;
ભાસે ભક્ત ભલો અનન્ય હરિનો સદ્‌બુદ્ધિનો તે નિધી,
જાણે શ્રીહરિનો અપાર મહિમા સદ્‌ભક્તિ તેવી કિધી.

શિવલાલ શેઠ તો મહાજ્ઞાની છે, ભગા દોશીના વિરલ સપુત છે. તેમને ત્યાં આ તો અક્ષરધામના મુક્ત જન્મ્યા છે. તેમની ભક્તિ અને બુદ્ધિ અપાર છે, માટે તેમની સેવાને ધન્યવાદ છે, તેમના નિર્માનીપણાને ધન્યવાદ છે, તેમની ભક્તિને તથા સંતોમાં આત્મબુદ્ધિને ધન્યવાદ છે; આ તો દાદા ખાચર જેવા છે. આમ સહુએ ખૂબ બિરદાવ્યા. સમૈયો પૂરો થયો. તે સમયે મૂર્તિ તથા ઉત્સવ વગેરેનો કુલ ખર્ચો ૨૨ હજારનો થયો હતો. શિવલાલભાઈએ બાવીસ હજાર રૂપિયા તે ઉત્સવમાં વાપર્યા તે જોઈ ભગા દોશી કહે કે, "બેટા શિવલાલ ! આમ ઘર ન પહોંચે, વાપરવામાં કાંઈક માપ રાખવું જોઈએ. આપણે એકલા જ સત્સંગી નથી, બીજાનેય લાભ આપવો જોઈએ." પરંતુ શિવલાલભાઈ કાંઈ બોલ્યા નહીં.

પછી ત્યાંથી ગુણાતીતાનંદસ્વામી સાથે વડતાલ જતાં શિવલાલે ધોલેરામાં કંઈક વેપાર કર્યો, તેમાં રૂપિયા બાવીસ હજાર કમાયા. તેથી વળતાં ગાડામાં રૂપિયાની કોથળીઓ ભરીને ઘેર આવ્યા અને પિતા ભગા દોશીને કહ્યું જે, "બાપુજી ! આ આપણે શ્રીજીમહારાજ માટે વાપર્યું તો મહારાજે આપણને પાછું આપ્યું.

દોહા : વાપરો શ્રીજી અર્થે તો, આવી મળે છે આમ;
તેથી શ્રદ્ધા રાખીએ, ન વાપરીએ શું કામ ?..૧૭૧

ધન દેવાથી ધન મળે, માન દેવાથી માન;
પ્રેમ આપતાં પ્રેમ મળે, ધાન વાવ્યાથી ધાન...૧૭૨

કાંઈક જોતું હોય તો પ્રથમ કાંઈક નાંખવું પડે છે, વાવવું પડે છે. માણસ જેવું બીજાને આપે છે, તેવું પાછું મળે છે. બીજાને પ્રેમ અને હૂંફ આપો તો પ્રેમ ને હૂંફ મળે, માન આપો તો માન મળે. ગાળ આપો તો ગાળ મળે. બીજાનું અપમાન કરો તો અપમાન મળે. જેવું અન્ન વાવો તેવું પાછું મળે છે, માટે જે જોતું હોય તે દેવું. આપણે જેવું બીજા સાથે વર્તન કરીએ તેવું જ આપણને પાછું મળે છે. માટે સહુ સાથે પ્રેમભર્યો મીઠો વ્યવહાર રાખવો, અને સત્સંગની સેવા મળતી હોય અને આપણને ભગવાને આપ્યું હોય તો આગેવાની લઈ પોતે જ બધી સેવા કરીએ તેમાં કાંઈ નુકશાન કે ખોટ નથી." આ બધી વાત સાંભળી ભગા શેઠને સમજાણું અને બહુ જ રાજી થયા.

પરંતુ આ ઉત્સવમાંથી મંદિર કે મૂર્તિ આદિના દાતાઓ માટે આ એક વાત ઉપયોગી છે કે, સત્સંગ અર્થે ધન વાપરીએ તો ભગવાને શિવલાલભાઈને જેમ બાવીસ હજાર તરત જ વેપારમાં રળાવી દીધા, તેમ પ્રભુ તરત જ પાછું આપી દે છે, તે વાત આપણે જાણી. અને હવે મંદિર કે મૂર્તિના સેવા કરનારા દાતાઓને બધા જ ખૂબ જ વખાણે, માન-સન્માન આપે, દાદા ખાચર જેવા કહે તેથી સ્વમાં શ્રેષ્ઠતા મનાય જાવાની પૂરેપૂરી શક્યતા છે, તે રોગ કેમ મટે ? અને કોણ મટાડે ? તે વાત પણ અતિ જાણવા જેવી છે. તે હવે આગલા અધ્યાયમાં લખું છું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્થાપના થઈ' એ નામે પચ્ચીશમો અધ્યાય થયો. ॥૨૫॥

અધ્યાય-૨૬

શિવલાલ શેઠનું અહં ટાળ્યું

દોહા : **હવે કહું એક વાર્તા, સમજ્યા જેવી અપાર;**
ડાહ્યા જન સાંભળજો, કરજો ઊંડો વિચાર...૧૭૩
નિજ સંશોધન કરવું, કામ તે મહામુશ્કેલ;
'જ્ઞાન' સંત સેવ્યા વિના, મળતો નથી ઉકેલ...૧૭૪

આ પ્રસંગ તમામ દાનવીરોને અંતરમાં અથડાય એવો અને જીવને જગાડે એવો છે. આપણા દોષો આપણને દેખાતા નથી, ઓળખાતા નથી. મોટા સંતો-ભક્તો ઓળખાવે તો જ ઓળખાય છે. પોતાના દોષ ઓળખાય એ ભગવાનની મોટી કૃપા સમજવી. અને દોષો ઓળખાય તો મોટો ઉત્સવ કર્યો હોય એવો આનંદ માણવો, મૂંઝાવું નહીં. અને રોજે દિલથી પ્રાર્થના કરવી કે, 'હે નાથ ! મને એવા અનુકૂળ થાજો કે જેથી મને મારી ભૂલ સૂઝે.' વળી, સંતો સાથે હૈયાનું હેત રાખવું. સંતોને આપણામાં હેત હોય તે સારી વાત છે. પરંતુ આપણને વઢી-ટોકીને જેમ છે તેમ કહી શકે તે અતિ સારી વાત છે. શિવલાલભાઈને ગમે ત્યારે સંતો કહી શકે એવું સંતમાં હેત હતું.

સ્વામી ગુણાતીતમાં, શેઠને હોત ન હેત;
આવી રૂડી તો વાર્તા, ક્યાંથી એને કે'ત ?...૧૭૫
સંત ચરણની રજમાં, બેસી રે'વું સહુ જામ;
'જ્ઞાન' હેતે સંભારવા, રાત દિ' ઘનશ્યામ...૧૭૬

જેને પોતાના સ્વભાવ ટાળવા હોય તેને નિત્ય સંતોની ચરણરજમાં બેસી રહેવું. જેને સંતમાં હેત હોય તેને જ હરિમાં હેત થાય છે. જેને સંતોના ગુણો દેખાય તેમાં જ શ્રીહરિના ગુણો આવે છે. **સંતોની અમીદષ્ટિ જ આપણું અધુરું કામ પૂરું કરે છે. જે સંતોની નજીક રહે છે, તેના જ દોષો તથા દેહાભિમાન દૂર થાય છે.**

હવેનો પ્રસંગ સાચા સંત જીવને કેવા સૂક્ષ્મ અહંથી બચાવે છે અને નિર્વાસનિક કરે છે; તે સમજાવે છે. ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી, પછી યજ્ઞ પૂર્ણ થયો, સહુએ અવભૃથ સ્નાન કર્યું, સર્વત્ર જયજયકાર થયો.

પછી તરત જ સંવત ૧૯૧૬, ફાગણ વદ બીજે જૂનાગઢમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાનું મુહૂર્ત હતું. તેથી ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો જૂનાગઢ ગયા. સમય આવતા રઘુવીરજી મહારાજ, શિવલાલ શેઠ વગેરે પણ જૂનાગઢ પધાર્યા. ત્યાં વેદોક્ત વિધિથી ફાગણ વદ બીજના દિવસે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. સહુ સંતો-ભક્તોને જમાડ્યા. બ્રાહ્મણોની ચોરાશી કરી. તેથી જૂનાગઢમાં પણ શ્રીહરિનો જયજયકાર થયો. પરંતુ આ દિવસોમાં જ શિવલાલ શેઠે રઘુવીરજી મહારાજની ભાવનગરમાં પધરામણી કરવાનું નક્કી કર્યુ હતું. તેથી બીજે જ દિવસે આચાર્યશ્રી તથા ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો-ભક્તો સંઘ સાથે જૂનાગઢથી ભાવનગર પધાર્યા.

ભાવનગરનરેશે પોતાના રાજભુવનમાં રઘુવીરજી મહારાજ તથા સંતોની પધરામણી કરી. ભાવનગરવાસી ભક્તોએ ખૂબ સેવા કરી અલૌકિક લાભ લીધો. પરંતુ આ બધું કાર્ય શિવલાલ શેઠના કહેવાથી થયું હતું. આ રીતે ભાવનગરમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય થયો. ત્યાં સંતો સાથે આચાર્યશ્રી ૧૬ દિવસ રોકાયા.

છેલ્લે દિવસે જ્યારે ભાવનગરથી નીકળ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલને પોતાની ગાડીમાં બેસાડ્યા. પછી નિધડકપણે સત્ય વાત સમજાવતાં સ્વામીએ કહ્યું જે, 'શિવલાલ ! તેં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી, ખરું ને ?' શિવલાલભાઈ કહે, 'હા સ્વામી !' થોડોક બળમાં જવાબ આપ્યો. સ્વામી થોડીવાર ઊંડા ઊતરી ગયા. પછી તરત બીજો પ્રશ્ન કર્યો જે, 'શિવલાલ ! તેં ભાવગનરમાં રઘુવીરજી મહારાજની

ધામધૂમથી પધરામણી કરાવી, તે સાચું છે ?' ત્યારે શેઠ કહે, 'હા સ્વામી ! ભાવનગરમાં સ્વામિનારાયણ ભગવાનનો વિજય થયો.'

તે સાંભળી સ્વામીએ મુખ પર આનંદને બદલે અસંતોષ વ્યક્ત કર્યો. તેથી શિવલાલભાઈ સમજી ગયા કે, કાંઈક ભૂલ થઈ લાગે છે. એટલે પ્રાર્થના કરતાં કહ્યું, "હે સ્વામી ! મારી જે ભૂલ હોય તે કૃપા કરીને કહો, મને ખોટું નહિ લાગે, હું આપનો સેવક છું." આવી તેમની નમ્રતા અને ખપ જોઈને સ્વામી કહે, "શિવલાલ ! તું એમ માને છે કે, આ બધું મેં કર્યું, પણ તું શું કરી શકે એમ છો ? સર્વે કર્તા-હર્તા તો એક મહારાજ છે, તે વાત શું તું ભૂલી ગયો ? મહારાજે કરાવ્યું તેથી તારાથી થયું. માટે તું ઠાલો અહંમાં શું કામ ફૂલાય છે ?

માનવ જાણે મેં કર્યું, કરતલ બીજો કોય;
આરંભ્યા અધ વચ રહે, હરિ કરે સો હોય.

ગાડા હેઠે કૂતરું ચાલે અને મનમાં મિથ્યા અભિમાન કરે કે, હું ગાડું તાણું છું તે કેટલી મૂર્ખતા કહેવાય ? તેમ **સારાં કામ થયાં પછી તેના કર્તા પોતે થઈ જાવું તે તેટલી જ મૂર્ખતા છે. શિવા ! સ્ત્રી, સત્તા, સંપત્તિ અને સન્માન - આ ચાર જીવને મૂર્તિમાંથી બારા કાઢે છે.** સાચી સમજણ વિના સુખ શાંતિ અશક્ય છે. **માલિકપણાનો અને કર્તાપણાનો રાગ જાય ત્યારે હરિમાં વિરામ થાય.** ગઢડામાં મૂર્તિ પધરાવી અને ભાવનગરમાં રઘુવીરજી મહારાજની પધરામણી થઈ એ તો બહુ સારું કામ થયું, પણ તારા જીવ સામું જોઉં છું, ત્યાં તો અર્ધો સત્સંગ રહ્યો હોય એમ જણાય છે. તું આ ઉત્સવનો યજમાન થયો અને તારાં ખૂબ વખાણ થયાં તેથી તેનું અહં આવ્યું, રજોગુણ આવ્યો એટલે તારો અર્ધો સત્સંગ નાશ થઈ ગયો."

દોહા : **કરતા સારા કાર્યને, આવે થોડુંયે માન;**
અહં આવતાં જીવમાં, ગૌણ થાય ભગવાન...૧૭૭

કોટી રૂપિયા વાપરે, થઈ મોટો યજમાન;
સુણી વખાણ નિજ તણા, આવે જો રતી માન...૧૭૮
તો લાપશી કરતાં જાણો, થઈ ગયું લાબરું ભાય;
અભિમાન એને નડશે, જરાય સગું નહિ થાય...૧૭૯

સારા કાર્યનું અહં આવે પછી શ્રીહરિ અને સંતો-ભક્તો ગૌણ થઈ જાય છે અને તે સાત્વિક અહં હોવાથી ઓળખાતું નથી. અને તે અહં તો સાકર કરતાં પણ મીઠું લાગે, પરંતુ એ જ અહં ભગવાનમાં જોડાવામાં આડો ગઢ બને છે, મહારાજનું સુખ આવવા દે નહીં. જેને રંચ પણ અહં આવે તેનો આત્મા મહારાજની મૂર્તિમાં ઓગળે નહીં. જ્યારે નિર્માનીપણે દાસના દાસ થઈને રહેતા હોય ત્યારે જેવું સુખેથી ધ્યાન-ભજન થતું હોય, મૂર્તિમાં જોડાવાતું હોય તેવું રંચ પણ અહં આવે તો ન જોડાવાય, અહં આવી બૂરી બલા છે. એટલે જ મુક્તાનંદસ્વામીએ કહ્યું છે જે,

હું ટળે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે;
મુક્તાનંદ મહા સંતને, પ્રભુ પ્રગટ પાસે રે.

અમે આને 'મુક્તાનંદોપનિષદ' કહીએ છીએ. મુક્તાનંદસ્વામી કહે છે કે, જેને અહંકાર ટળી જાય તેની પાસે હરિ આવે છે, ને તે તો દાસથી જ ટાળી શકાય છે. **દાસ થયા વિના અહંકાર મટે નહીં. અને અહંકાર મટ્યા વિના દાસ થવાય નહીં. માટે જે ભગવાનનો મહિમા સમજે તે દાસ થાય છે અને જે દાસ થાય છે એનું અહં ઓગળે છે. અને જેનું અહં ઓગળી જાય છે તેનું દાસત્વ સિદ્ધ થાય છે.** એવા દાસ થયેલા નિરહંકારી મહાસંતની પાસે પ્રભુ પ્રત્યક્ષપણે સદા રહે છે. તે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું છે,

ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઉલટી પલટ્યું આપ, સંત તે સ્વયં હરિ;
આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ, સંત તે સ્વયં હરિ

ગુણાતીતાનંદસ્વામીએ શિવલાલ શેઠને કહ્યું કે, 'સર્વે કર્તા એક શ્રીહરિ જ છે. માટે આ કામ મેં કર્યું એ જ મોટું અજ્ઞાન છે. તારા મનમાં એમ થયું કે ઉપરોક્ત બે કામ મેં કર્યા એ જ અહં આવ્યું કહેવાય. **ભગવાનનું કાર્ય, ભગવાનની ઈચ્છાથી, ભગવાને કર્યું છે; એમ સમજણ રાખવી.**' માત્ર શ્રીહરિ આપણા ઉપર કૃપા વરસાવવા કોઈ સારા કાર્યમાં આપણને નિમિત્ત બનાવે છે. એવી સમજણ રહે તો જ અહંથી બચાય. **સેવા કરનાર સેવકને જેટલાં વખાણ વહાલાં લાગે એટલી તેના અંતરથી ભક્તિ ભાગે, પ્રભુમાં અને સંતોમાં થયેલો પ્રેમ નાશ પામે.**

માટે દોડી-દોડીને સેવા કરીએ તે ખૂબ સારી વાત છે, પરંતુ સેવા કરવામાં પણ સદા સેવકભાવ રાખવો, ગળતા હૃદયે નિત્ય પ્રભુને પ્રાર્થના કરતાં રહેવું અને અંતરદૃષ્ટિ કરતાં રહેવું; નહિ તો અલૈયા ખાચર, મછિયાવના ફઈબા તથા ગઢડાના જીવા ખાચરે ઘણી સેવા કરી હતી, પરંતુ તે સેવાનું જ અહં આવતાં પોતામાં શ્રેષ્ઠતા મનાણી. પછી સ્વશ્રેષ્ઠતારૂપી અંધાપાએ તેમના સત્સંગને ચૂંથી નાંખ્યો હતો. માટે સજાગ રહેવું.

✵ ચાલ મારી સાથે જૂનાગઢ :

શિવલાલભાઈ સ્વામીની વાત સાંભળતાં જ સમજી ગયા. તરત જ હાથ જોડી ગળગળા થઈને કહ્યું, 'હા મહારાજ ! મને માફ કરો.' પછી સ્વામી કહે, "ચાલ તને જૂનાગઢ લઈ જવાનો છે. ત્યાં ભગવાનની વાતો કરી પાછો તને પાકો પૂરો સત્સંગી કરીશ. કેમ જે, આવા સાધુને મૂકીને જે બીજે સુખ લેવા જાય છે તે તો જેમ 'એક દિવસ ગાયનું વાછરું છૂટીને ગૌશાળાએ ગયું ને જાણે જે, દૂધનું સુખ લઉં; પણ ત્યાં તો પોઠિયા ઊતરેલ, તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટુઓ ખાય. તે પાટુ ખાઈખાઈને મોઢું તો સૂઝી ગયું, પણ દૂધનું સુખ આવ્યું નહિ; પછી

પોતાની મા આવી તોય તેને પણ ધાવવા સમર્થ ન થયું,' તેમ **આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય છે, તે તો પાટુઓ ખાધા જેવું છે. કેમ જે, આજ્ઞા-ઉપાસનામાં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય;** જેમ ગાયનું વાછરું ગાય પાસે ન ગયું તેમ."

એમ કહીને સ્વામી બોલ્યા જે, 'શિવલાલ ! બીજાએ વખાણી વખાણીને તારી દૃષ્ટિ સ્થૂળ કરી નાખી છે. હવે પ્રથમની જેમ તરત ભગવાનમાં જોડાઈ જવાય એવી તારી વૃત્તિઓ રહી નથી. ખૂબ વખાણને કારણે તારું મોઢું પણ સૂઝી ગયું છે. અને જો તે વખાણ જ તને સારાં લાગશે તો વખાણનારા વહાલા લાગશે; પછી અમારામાં હેત નહીં રહે તેથી તારા જીવનું બગડી જશે.'

વહાલા ભક્તો ! આવી વાતો તો ગુણાતીતાનંદસ્વામી કરી શકે અને શિવલાલભાઈ સાંભળી શકે. આને જ સાચો સત્સંગ કર્યો કહેવાય. બાકી તો, ઊંટનાં લગ્ન થયા ત્યારે ગધેડાં ગવૈયા તરીકે જાનમાં જાનડિયું બન્યા. પછી ગધેડાએ ગીત ગાયું, 'રે હો ઊંટ ! શું તમારું રૂપ છે રે લોલ.' ત્યારે ઊંટ ડોકું પાછું વાળીને કહે, 'રે હો ગર્ધભીઓ ! શું તમારું ગળું મીઠું છે રે લોલ.' આમ પરસ્પર 'અહો રૂપં અહો ધ્વનિ' જેવું થાય. આમને આમ જિંદગી જતી રહે, તો સત્સંગ બધો ટળી જાય. ધૂમાડાના ગોટામાંથી લેવાનું શું ? તેમ દેહનાં વખાણ થાય તેથી ફૂલાઈ જવાથી મળે શું ? જેને સત્યસ્વરૂપ એવા પરમાત્માને પામવું હોય તેણે હંમેશા સત્ય અને નક્કર જીવન જીવવું જોઈએ. ભગવાન વાસ્તવિક છે. માટે જેનું જીવન વાસ્તવિક હોય તે જ પ્રભુને પામી શકે છે. પરમેશ્વરના દરબારમાં ડબલ રોલ ચાલતો નથી. ઉપરના આટાટોપથી અંતર્યામી રિઝતા નથી. દ્વિમુખી વ્યક્તિત્વ તો પોતાને જ દુઃખ દે છે. જે સિંગલ જીવન જીવે છે, જેવા અંદર તેવા જ બહાર વર્તે છે, તેનો જ હરિવર હાથ ઝાલે છે.

વહાલા ભક્તો ! શિવલાલભાઈ ખૂબ સજાગ છે. સ્વામીએ જરા ટકોર કરી કે, તરત સમજી ગયા. સ્વામી કહે, "વખાણથી લલચાઈ માન-સન્માન માટે ગમે તેવા પાસે જો સમાગમ કરવા જતું રહેવાશે તો આજ્ઞા-ઉપાસનામાં ભંગ થશે તો આવા સાધુ પાસે નહિ બેસી શકાય, માટે ચાલ મારી સાથે. આમ ને આમ બે મહિના સુધી વાતો કરીશ ત્યારે મોરે ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે, એવો સ્થૂળભાવ આવી ગયો છે. વખાણરૂપી ઝેરને કારણે દેહભાવ વધી ગયો છે ને આ વાતો તો ભગવાનમાં જોડાવાની છે."

વહાલા ભક્તો ! સ્વામીની વાત સાંભળી શિવલાલ શેઠ વ્યવહારનો કે ઘરનો કોઈપણ વિચાર કર્યા વિના સ્વામી સાથે ચાલી નીકળ્યા. બે મહિના સુધી સતત સ્વામીનો સમાગમ કર્યો ને પાછા બ્રહ્મભાવને પામી ગયા.

જૈસે હિ હેમ હુતાશમેં ડારકે, ધોય વિકાર સોનાર તપાવે;
વ્યોતત જ્યું દરજી પટ ફારકે, કાષ્ઠકું બાઢ સુતાર બનાવે;
પાત્ર કુલાલ શિલા કર પાહન, લોહ લુહાર સુધાર હિ લાવે,
યું શિષ્યકું ગુરુદેવ સુધારત, સો હિ બ્રહ્માનંદ આનંદ પાવે.

બ્રહ્માનંદસ્વામી કહે છે, "જેમ સોની સોનાને અગ્નિમાં તપાવીને તેનો બગાડ કાઢી નાખે છે અને સોળવલ્લું સુવર્ણ બનાવે છે; દરજી કપડાને વેતરીને સરસ પહેરી શકાય એવા પેન્ટ-શર્ટ બનાવે છે; સુતાર લાકડાના સરસ મજાના ઘાટ ઘડે છે; કુંભાર માટીમાંથી સરસ મજાના ઘડા કે કુંજ બનાવે છે; શિલ્પી પથ્થરમાંથી સુંદર મૂર્તિ ઘડે છે; લુહાર લોઢાને ઘડે છે. તેમ **સાચા સદ્‌ગુરુ શિષ્યને રોકે છે, ટોકે છે અને સુંદર ઘાટ ઘડે છે, દેહધારી મટાડી મૂર્તિધારી બનાવે છે, દેહભાવ મેલી બ્રહ્મભાવે ખેલે તેવો બનાવે છે.** એવો શિષ્ય જ સહજાનંદના આનંદને પામે છે.

કવિ માવદાનજી કહે છે જે, **'શિવલાલભાઈ તો ધ્યાનમાં બેસે ત્યારે દેહ-ગેહનું ભાન ભૂલી જતા એવા બ્રહ્મરૂપ હતા. છતાં તેમાં દાનધર્મના નામે, શુભ કાર્યના નામે માયા પેસે તો મોટા સંતોને ગમતું નહીં. તેથી જ સ્વામીએ તેને આવી ટકોર કરી હતી. અને શિવલાલને પણ ધન્યવાદ કે તેમણે સવળું લીધું. સાચા સંતને ખુશામત કરવાની કાંઈ ટેવ હોતી નથી. સંત તો ધર્મવાળા છે, નિઃસ્વાર્થ છે ને જીવના કલ્યાણ કરવા ઉપર જ દૃષ્ટિ છે. તેથી વઢીને પણ કહે, વખાણ ન કરે. કેમ જે, તે સંતો-ભક્તોની આંતરિક સ્થિતિને જુએ છે.**

શિષ્યનું જીવન સુધારવું એ વાત જુદી છે, અને શિષ્યો પાસેથી વખાણી-વખાણીને તેના ખીસ્સા ખાલી કરાવવા એ વાત પણ જુદી છે. આ તો ખરા ખપવાળા, જેને છેલ્લો જન્મ કરી લેવો છે એવા અને 'આજ ભગવાન મળતા હોય તો કાલ થવા દેવી નથી' આવા ધ્યેયવાળા ઉત્તમ ગુરુ અને શિષ્યના સંવાદની સત્ય ઘટના છે. જે ખરેખરા મુમુક્ષુ હશે તેને આ પ્રસંગથી ઘણું શીખવા મળે તેમ છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠનું સ્વામીએ અહં ટાળ્યું' એ નામે છવ્વીશમો અધ્યાય થયો. ॥૨૬॥

અધ્યાય-૨૭

વખાણની વિકરાળતા અને બ્રહ્મરૂપ થવાની વાત

દોહા : ગળહટો ને ગુંદરિયો, ગમતો દારુ વખાણ;
જન્માવે છે અહંકારને, 'જ્ઞાન' ભૂલાવે ભાન...૧૮૦

જે પૂર્વજન્મમાં સિદ્ધવલ્લભ રાજા હતા, સંતોના મહાચાહક અને પૂજક હતા. વળી, પ્રગટ ભગવાન સ્વામિનારાયણ જેમને વર્ણીરૂપે મળ્યા હતા અને એમની જેમણે સેવા કરી હતી. વળી, ભગા દોશી

જેવા ભક્તરાજના પુત્ર થયા અને જેમનું નામ ખુદ સ્વામિનારાયણ ભગવાને પાડ્યું હતું અને જેના ઘડવૈયા ગુરુ ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામી જેવા હતા; તેવા શિવલાલભાઈ જેવા શિવલાલભાઈને પણ પોતે કરેલા સેવાદિક બે-ચાર સારા કામનું જો સાત્ત્વિક અહં આવતું હોય, માન-સન્માન ને વખાણ આદિકનું ઝેર ચડતું હોય તો આપણા જેવાની શું દશા થાય ? એ વિચારવું જોઈએ.

માન-સન્માન ને વખાણ શિવલાલભાઈનો સત્સંગ અડધો નાશ કરી નાંખતું હોય તો આપણે કયા ખેતરના મૂળા છીએ, તે નિર્ભય થઈને ફરીએ છીએ અને માન-સન્માનાદિમાં હરખાઈએ છીએ ? એ તો સારુ થયું, ગુણાતીતાનંદસ્વામી હયાત હતા અને વળી શિવલાલભાઈને તેમાં ભગવાન જેવો ભાવ હતો, તેથી સ્વામી તેમને વઢ્યા, કસર ઓળખાવી અને બે મહિના પોતાની સાથે ઉપાડી ગયા અને અખંડ વાતો કરી તેમનું અહં ઓગાળ્યું અને ભગવાનમાં જીવ જેવો હતો તેવો જોડી દીધો. આજ જો એવા કોઈ ન હોય અને કદાચ હોય પણ એવામાં જો આપણને દૃઢ પ્રીતિ ન હોય તો આપણા તો રામ રમી જાય અર્થાત્ જન્મ ફેલ થઈ જાય.

કેમ જે, **વખાણ મીઠું અને ધીમું ઝેર છે.** ખબરેય ન રહે અને મરી જઈએ તથા તે **વખાણ ગાંડા કરી મૂકે એવો મીઠો, ગળસટો, ગુંદરિયો ને મનગમતો દારૂ છે.** તે જો આપણને કોઈ પાઈ દે તો પાગલપણું આવે જ. અને પછી સારું-મોળું, કર્તવ્ય-અકર્તવ્ય, સાચા-ખોટાનું જ્ઞાન ક્યાંથી રહે ? અને આ જગતમાં આપણા જીવનું શું થશે? તેનો જેને કોઈ વિચાર નથી, માત્ર પોતાને ધન-માન આદિક મળતું હોય તો તેના સ્વાર્થે આપણા માન-સન્માન અને વખાણાદિક કરી કરીને ધીમું, મીઠું ઝેર અને ગળહટો આ દારુ પાઈને આપણને દિશા ભૂલાડી દે ત્યારે ગુણાતીતાનંદસ્વામીને ક્યાં લેવા જવા ? જે સાચી દિશાએ ચડાવે.

માટે દરેક મુમુક્ષુએ માન-સન્માન, વખાણ સાચા હોય તોપણ તેનાથી ઝેરથી ડરીએ એટલા ડરવું જોઈએ. **સ્વપ્રશંસા ઝેરથી જરાય કમ નથી,** આ વાત એમ જ છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી; માટે ખોટા નિર્ભય થાવું નહિ. જો સાચા અર્થમાં જ થતા વખાણ, સન્માન આદિ પણ સત્સંગ અડધો કરી નાંખતા હોય તો ખુશામત તો શું ન કરે? માટે ખુશામતખોરોથી તો સો ગાઉ છેટે રહેવું. એમાં જ આપણું કલ્યાણ છે.

અને આપણને અહં આવ્યું કે, આપણો સત્સંગ ઘટ્યો, અડધો થઈ ગયો કે સાફ થઈ ગયો એ તો ગુણાતીતાનંદસ્વામી જેવા કોઈક હોય અને આપણી ઉપર તે બહુ રાજી હોય અને આપણું ધ્યાન રાખતા હોય તો તે જાણે ને આપણને ઓળખાવે અને વાત કરે પછી એનું માનીએ તો ટાળે પણ ખરા. પરંતુ આપણને જો તે દોષની કાંઈ ખબર જ ન રહે તો ઓળખ્યા વિના તે ટાળીએ ક્યાંથી ? વખાણ તો અહં ન હોય તોય પેદા કરી દે છે, તો હોય એને જગાડે, પોષણ કરે અને વધારીને જાડાં પાડા જેવું કરી દે એમાં કહેવું જ શું ?

અન્ય માણસો અહોભાવથી આપણાં સાચાં વખાણ કરતાં હોય તોય ઝેર છે. આપણે આપણાં વખાણ ઈચ્છીએ ને બીજા પાસે કોઈ પણ રીતે કરાવીએ તો તે મહાઝેર છે. અને આપણે પોતે પોતાના મોઢે પોતાનાં વખાણ કરીએ તો તે હળાહળ ઝેર છે. માણસ પોતાનાં મોઢે પોતાનાં વખાણ સામી વ્યક્તિને સારો અને સાચો લાગવા માટે કરતો હોય છે, પરંતુ સાંભળનારાને તે ખોટો અને ખરાબ લાગતો હોય છે. મહિમા, હેત થાવાને બદલે હોય તેય ઊતરી જાય છે. માટે '**સ્વમુખેન સ્વશ્લાઘા ન કર્તવ્યા**' આ શ્રીહરિની આજ્ઞા કંઈક અંશે આપણે લોપતા તો નથી ને ? તે તપાસવું.

✺ બ્રહ્મરૂપ થવાની વાત

વળી, એકવાર ગુણાતીતાનંદસ્વામીએ શિવલાલભાઈને વાત કરી

જે, 'મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહીં.' ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યો જે, 'હે સ્વામી ! મહારાજને પુરુષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મહારાજ તો સર્વોપરી છે ને સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે.' તે ઉપર મધ્યનું નવમું ને અંત્યનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આજ તો સત્સંગમાં આચાર્ય, મંદિર ને મૂર્તિઓ તે પણ સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. અને બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, **આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.'**

પછી સ્વામીએ વચનામૃત પ્ર.૨૩, મ.૪૫, અમ.૨, ૩ આદિ વંચાવીને બોલ્યા જે, 'આ વચનામૃત સાંભળતાં તો એમ જણાય છે જે, કોટી કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. કહેતાં, સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી, સર્વના કારણ સમજવા અને પોતાના આત્માને બ્રહ્મરૂપ માની મૂર્તિમાં તલ્લીન રહ્યા સિવાય છૂટકો નથી. તે આચાર્ય હોય, કે ભગવાનનો પુત્ર હોય, કે ઈશ્વર હોય, કે નાના-મોટા ભગવાનના અવતાર હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી. કેમ જે, એ પણ મહારાજનો મત છે, તે ઉપર મહારાજના કહેલા શ્લોક છે તે બોલ્યા જે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ।।
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।
परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया ।
गृहितचेता राजर्षे आख्यानं यदधीतवान् ।।
आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ।।

એવા એવા ઘણાક શ્લોક બોલીને કહ્યું, 'જે આ શ્લોકમાં કહ્યું એમ બ્રહ્મરૂપ થાય અને દેહ તથા દુનિયાને ભૂલી શ્રીહરિમાં જોડાય ત્યારે તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.'

દોહા : આવી વાતો કરતા, મોટા સંતો અખંડ;
તેથી બ્રહ્મરૂપ થઈ જતા, ભુલાઈ જાતું પંડ...૧૮૧
સર્વોપરી સમજણની, ઊડતી છોળ્યો અપાર;
પુરુષોત્તમને જાણતા, ભક્તો હજારો હજાર...૧૮૨

અને અસંખ્ય ભક્તો શ્રીહરિને જેમ છે તેમ સર્વોપરી, સર્વ અવતારના અવતારી જાણતા અને અક્ષરધામના અધિકારી બનતા. આવા સર્વોપરી જ્ઞાનના અખાડા મોટા સંતો હોય ત્યાં હોય. બાકી તો બીજે બધે વ્યવહાર અને આ લોક પ્રધાન થઈ જાય છે.

શિવલાલ શેઠ જ્યારે જ્યારે સંતોનો સમાગમ કરવા જતા, ત્યારે ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો જે જે વાતો કરે તેને નોંધી લેતા. અને તેની એક શિક્ષાપત્રી જેવડી નાની પુસ્તિકા બનાવી પૂજામાં નિત્ય અભ્યાસ માટે રાખતા. પોતાના અંતરને સ્પર્શતી હોય, જીવને જગાડતી હોય, એવી વાતો લખી નિત્ય તેનો અભ્યાસ કરીએ તો શિવલાલ શેઠની જેમ આપણા જીવનમાં સુધારો થાય. જે જાગૃત આત્મા હોય તેને આ કામનું છે. ખપ વિનાના તો ગમે તેટલીવાર આવું સાંભળે છતાં તે અમલમાં મૂકી શકશે નહીં. શિવલાલ શેઠ સારી વાતોની નોંધપોથી રાખતા અને તેનો અભ્યાસ કરતા. તે પુસ્તિકામાં શેઠે જે વાતો નોંધી છે, તે તેમના વંશજો પાસેથી મળતાં કવિ માવદાનજીએ તેમાંથી પ્રસાદીભૂત નવ વાતો નોંધી છે, તે થોડી આપણે વાંચીએ.

(૧) 'આ દેહ દુઃખરૂપ છે તે સાક્ષાત્ થાય છે, છતાં ભૂલી જવાય છે. કહેતાં, દેહે દુઃખ આપ્યાં હોય તેનો અનુભવ થયો હોય, તોપણ અહં ને આસક્તિ આંધળા છે, તેથી ભૂલાડીને તે જીવને દેહરૂપ કરી નાખે છે.'

(૨) શિવલાલ શેઠને વડતાલમાં આંજણીનું બહુ દુઃખ થયું હતું. તે જોવા સારુ સ્વામી આવ્યા, ત્યારે વાત કરી જે, 'આપણું પ્રારબ્ધ ભગવાનના હાથમાં છે. તે આવરદા આવી રહી હોય તોપણ ભગવાનને દેહ રાખવો હોય તો જ રહે. ને આવરદા હોય ને તેડી જાવા હોય તો તેડી જાય. કેમ જે, સર્વ કર્તા-હર્તા એક મહારાજ છે.' ઇત્યાદિ ઘણીક વાતું કરી.

(૩) ચૈત્ર વદ બીજને દિવસે શિવલાલ શેઠને વડતાલમાં તાવ આવ્યો, તેથી ગુણાતીતાનંદસ્વામી પોતે ચૈત્ર વદ ત્રીજને દિવસે તેમને જોવા તેમના ઉતારે આવ્યા, ત્યાં સુવાણ કરી ગયા. પછી વડતાલની સભામાં કહે કે, બાપ-દીકરાનું નોખું નથી, તેમજ ગુરુ-શિષ્યનું નોખું નથી. તે ઠેકાણે પોતે ગુણાતીતાનંદસ્વામી ગુરુ અને હું શિવલાલ શિષ્ય. સ્વામી બાપ અને હું દીકરો છું; એમ સમજવું.

(૪) 'જેના આપણે કે'વાણા છીએ, જેનું ભજન રાત-દિવસ કરીએ છીએ ને જેનો આશરો છે, તે શ્રીહરિ સર્વ જાણે છે, તે આપણી સર્વ વાતે ખબર રાખશે.' વળી કહ્યું જે, 'તે ખબર રાખ્યા વિના નહિ જ રહે. કેટલીક વાતો અંતર્યામીપણે તમારી જાણું છું.' એમ સ્વામીએ કહ્યું.

(૫) 'વળી, બહુ ભજનનો આગ્રહ રાખે તો આને આ દેહમાં રહ્યા થકાં અક્ષરધામ દેખાય. અને શ્રીજીએ કહ્યું છે જે, બહુ ભજન કરશે તે પુરુષોત્તમનું ધામ દેખશે. એક દા'ડો તો આ સંસાર મૂકવો જ પડશે. પણ હમણાં જઈને સાધુ પાસે એક મહિનો ન રહેવાય.'

(૬) "વળી, મહારાજ કહે, **'મુને જેવો છું તેવો જાણીને ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો રહે એટલી જ વાર ધ્યાન કરે તો અનંતકોટિ જન્મનાં પાપ બાળીને મારા ધામમાં લઈ જાઉં એવો હું છું. અને જેવો હું છું એવો ન જાણે અને કોટિ તપ કરે, જપ કરે, આ મંદિર સોનાનાં કરે તોપણ શું ? ને બીજા દેવો, ઈશ્વરો કે અવતારો જેવા અમને કહે છે, તે અમને બહુ વસમું લાગે છે.'** એ વાત વિસ્તારીને કહી."

(૭) 'મહારાજે કહ્યું જે, ભગવાન અંધારામાં બેઠા હોય અને આપણે જોઈએ ત્યારે આપણે તેજે ભગવાનનું દર્શન થાય તોપણ તે એમ સમજે જે, સર્વે એનું આપેલ મુને છે. તારે તેનું નામ સમજણ કહેવાય.'

(૮) જેવી ગળથૂથી પીધી હોય તેવા ગુણ પ્રવર્તે છે. એમ એકાંતિક સાધુની વાત એવી છે.

(૯) વડતાલમાં એકાંતે ઘણી જ વાત કઈ, તેમાંથી આ સાંભરે તેટલી સંભારી રાખી, બાકી હૈયે રઈ નથી. જ્ઞાનાનંદસ્વામી તથા સર્વનિવાસાનંદસ્વામી કેવું સુખ મૂકીને ગોપાળાનંદસ્વામી પાસે રહ્યા ? આ વાતે વિચાર કરવો. અને ગાડીમાં જોડે સૂતા છઈએ.

આવી વાતો શિવલાલ શેઠની નોંધપોથીમાં લખેલી છે. તે સહુને માટે અતિ ઉપયોગી છે. તેથી અહીં લખી છે.

એકાંતિક સાધુ સેવતાં, થાય છે સાચુ જ્ઞાન;
સાચું હેત જો રાખીએ, તો ટાળી દે અજ્ઞાન...૧૮૩
સંત વિના સમજાય ના, કદિએ જેમ છે તેમ;
સંતમાં પ્રીતિ રાખજો, જેમ દેહમાં છે એમ...૧૮૪

આ શિવલાલ શેઠની લખેલી તમામ વાતો બહુ ઉપયોગી છે. મોટા સંતો વિના સમજાય એમ નથી. માટે સુખિયા થવું હોય તો જેવી દેહમાં પ્રીતિ છે, તેવી સંતોમાં પ્રીતિ રાખજો. શ્રીહરિ વચ.ગ.અં.૧૧ માં કહે છે જે, **'જેવી પોતાના દેહને વિશે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે, તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે.'** જેમ સરોવરમાં પાણી ભરાય ત્યાં આપોઆપ પંખીઓ આવે છે, તેમ

INDEX

જેને જેવી દેહમાં તેવી જ સાચા સંતમાં પ્રીતિ અને આત્મબુદ્ધિ થાય તેમાં અનેક સદ્‌ગુણો આવે છે. અને શ્રીહરિ પણ તેના જ અંતરમાં અખંડ નિવાસ કરીને રહે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'વખાણની વિકરાળતા તથા શેઠને બ્રહ્મરૂપ થવાની વાત કહી' એ નામે સત્તાવીસમો અધ્યાય થયો. ॥૨૭॥

અધ્યાય-૨૮

શિવલાલ શેઠ ભાયાત્માનંદસ્વામીની સેવામાં

સર્વાત્મા શ્રીહરિનો આનંદ એ જ આપણા ઘરનો આનંદ છે. બાકી તમામ ભાડુતી સુખ છે. માટે સુખિયા થાવું હોય તો સહજાનંદના આનંદમાં રહેતા શીખવું. જે શિવલાલભાઈની જેમ પોતાનું અહં ઓગાળે એ જ મૂર્તિના આનંદને ભાળે છે. અને જેને એકવાર સહજાનંદનો આનંદ ચાખ્યો તેને પછી વિષયાનંદની જરૂર રહેતી નથી. આ શિવલાલભાઈની કથા જેને અસર કરે તેની તમામ કસર કાઢી નાખે એવી અજોડ છે. આધ્યાત્મિક માર્ગે ચાલેલા આપણે સહુ શિવલાલ શેઠ જેવું થવાય એવી શ્રીહરિને તથા તેમને પ્રાર્થના કરીએ.

દોહા : **વંદન કરું હરિ આપને, કરગરું જોડી હાથ;**
સર્વોપરી છો શ્રીહરિ, કોટી બ્રહ્માંડના નાથ...૧૮૫
સુખ ભરેલી મુર્તિ, શ્રીહરિ સર્વાધાર;
પ્રેરક પોષક નિયંતા, સકલ સૃષ્ટિ સ્રજનાર...૧૮૬
ગાવું ગુણ શિવલાલના, ને વખાણું ભગોશેઠ;
રાજી થાજો મુજ ઉપરે, પહોચું ધામે ઠેઠ...૧૮૭

શ્રદ્ધા ભક્તિ પ્રગટમાં, સંતમાં હેત અપાર;
નિર્વિકલ્પ નિષ્ઠા હરિ, આપજો કરી પ્યાર...૧૮૮
ગાવા જેવા બે જ છો, તમે તમારા દાસ;
જોવા જેવા બે જ છો, હરિ હરિજન ખાસ....૧૮૯

બાકી બધા તો રોવડાવે એવા છે. માટે શિવલાલ શેઠની કથા સાંભળી શ્રીહરિ અને સંતો-ભક્તોમાં ખૂબ પ્રેમ કરવો, વારંવાર આ કથા અંતરમાં વાગોળવી અને આ વાતોના સારને ગ્રહણ કરવો તો સહેજે બેડો પાર થઈ જશે.

હવે, તેમના જીવનનો છેલ્લો પ્રસંગ છે, તે લખું છું. આ પ્રસંગ મને બહુ ગમે છે. દિલમાં એમ થાય કે, આપણે પણ આવી રીતે ડંકો વગાડી ધામ ભેળા થઈ જઈએ, તેમના જેવા જ આપણે પણ શ્રીહરિની સર્વોપરી નિષ્ઠાની ખુમારીવાળા બનીએ, અને સહેજે મહારાજની મૂર્તિના મહાઆનંદને પામી જઈએ તો કેવું સારું ? જેના બહુ મોટા ભાગ્ય હોય તેને મોટા સંતની સેવા મળે છે, અને તે મોટા સંતને મન અર્પી શકે છે. તથા મોટા સંતના આશીર્વાદ પામી સહેજે અક્ષરધામના અધિકારી બને છે. વાંચીએ હવે એ પ્રસંગ...

દોહા : **સેવા માંદાની કરવી, અતિ સારું એ કામ;**
'જ્ઞાન' બિમાર સંતોને, સેવતાં રીજે શ્યામ....૧૯૦
સેવા મળે માંદાની, મોટાં ભાગ્ય જો હોય;
'જ્ઞાન' બિમાર સંતોને, સેવી શકે વિર કોય...૧૯૧

જીવનમાં ક્યારેક માંદા સંતની સેવા કરવાનો અવસર મળે તો મોટા ભાગ્ય સમજી સેવા કરવી. જેના બહુ જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય, તેને જ માંદા અને મોટા સંતોની સેવા મળે છે. શ્રીહરિએ વચ.ગ.મ.૫૯ માં કહ્યું છે કે, **'ભગવાન કે ભગવાનના સંતની જ્યારે**

પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે. અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે, પણ થોડા પુણ્યવાળાને મળતી નથી.' માંદા સંતોની પૈસાથી સેવા અને દેહથી સેવા કરવી એ જુદી વાત છે. માંદા સંતોના ધોતિયાં ધોવાં, તેમને નવરાવવા, તેમનો રૂમ સાફ કરવો વગેરે જો સેવા મળી જાય તો મહદ્‌ભાગ્ય ગણાય.

શ્રીજીમહારાજ કહેતા, જે માંદા સંતની સેવા કરે તેને હું મારી સેવા કર્યા તુલ્ય સમજું છું. કોઈ વૃદ્ધ સંત હોય, ચાલી શક્તા ન હોય, શરીરમાં અતિ બીમારી હોય, તો તેમને બાથરૂમ વગેરે જવા માટેની ક્રિયા કરાવવાની થાય; જો એવી સેવા મળે અને આપણાથી તે સેવા થાય, તો આપણા ભાગ્યના દ્વાર ખુલી જાય. આવી સેવા મંગાય નહિ, પરંતુ હરિઈચ્છાથી મળતી હોય તો તક ચુકાય પણ નહીં.

શિવલાલ શેઠને આવી સેવા મળી અને આ સેવા કરવાથી તેમણે જે વરદાન માગ્યું, તેનો સંપ્રદાયમાં સોનેરી અક્ષરે ઈતિહાસ સર્જાઈ ગયો. આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી આ ઈતિહાસ અનેક મુમુક્ષુઓને પ્રેરણા આપતો રહેશે.

હતો એ વિરલ આદમી, મહા ભક્ત શિવલાલ;
માંદા સંતની સેવામાં, એણે જાણ્યો મહા માલ...૧૯૨

મોટા ભાગના માણસો માંદાની સેવાથી દૂર રહેતા હોય છે, ત્યારે શિવલાલભાઈએ માંદા સંતની સેવામાં ઉત્તમ માલ માન્યો હતો. સં.૧૯૧૬માં ફાગણ સુદ પાંચમે ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા. પછી ગુણાતીતાનંદસ્વામીના કહેવાથી શેઠ સત્સંગ કરવા જૂનાગઢ ગયા. ત્યાં બે માસ સત્સંગ કરી, શિવલાલભાઈ વૈશાખ મહિનામાં બોટાદ પાછા ઘેર આવ્યા. ત્યાં સમાચાર મળ્યા કે, 'વાગડ ગામમાં ભાયાત્માનંદસ્વામી બહુ બિમાર છે.'

બનેલું એવું કે, સ્વામી સત્સંગમાં ફરતાં ત્યારે કોઈ દુષ્ટોએ ઝોળીમાં ઝેર ભેળવેલો ખોરાક આપ્યો હતો, સ્વામી તે જમ્યા હતા. તેથી ઝેર ચડ્યું અને સ્વામી મૂર્છિત થઈ ગયા હતા. ત્યારે મહારાજે દિવ્યરૂપે દર્શન આપી ઝેર ઉતારી સાજા કર્યા હતા. પરંતુ આ ઝેરની શરીરમાં થોડી અસર રહી હતી તેથી વારે વારે તેમનું શરીર લડથડી જતું અને બેચેની રહેતી, માથું દુઃખ્યા કરતું. હોજરીમાં પીતનો પ્રકોપ રહેતો.

પછી સ્વામી ફરતાં ફરતાં ભાલદેશમાં વાગડ-મોરસિયા ગામે આવ્યા, તે બંને ગામની વચ્ચે મોરસિયાની સીમમાં એક કૂવાનું પાણી પીધું. તેથી ઝેરની અસર ઘટવા લાગી, શરીરે જરા સારું થયું. પછી મહારાજની આજ્ઞા મેળવી સ્વામી વિશેષ વાગડ ગામમાં રહેતા. ત્યાંનું પાણી સ્વામીને વિશેષ માફક આવી ગયું. તેથી ત્યાં દરબારો વગેરેમાં સત્સંગ કરાવ્યો. સુંદર હરિમંદિર કરાવ્યું. આસપાસના ગામોમાં પણ સ્વામીએ સત્સંગ કરાવ્યો.

આત્મનિષ્ઠા અને વચનની તો મૂર્તિ એવા ભાયાત્માનંદસ્વામી **૧૧૭ વર્ષની** ઉંમરે અતિ બીમાર છે; સ્વામીના વાંસામાં ભાઠું પડ્યું છે અને તેમાંથી પાચ-પરુ નીકળે છે; ઝાડા-પેશાબ પણ પથારીમાં કરાવવા પડે છે. સ્વામીની સેવામાં ઘણા હરિભક્તો છે, છતાં કોઈ સમજીને સારી સેવા કરી શકે તો ઘણું સારું. આવા શિવલાલભાઈને સમાચાર મળ્યા એટલે તરત જ **૩૩ વર્ષના** શિવલાલ શેઠે વિચાર કર્યો કે,

માત-પિતા ગુરુજનની, માંદા હોય કોઈ જન;
તેની સેવ ભાવે કરો, છે શિક્ષાપત્રી વચન...૧૯૩

શ્રીજી વચન શિરે ધરી, પહોંચ્યા વાગડ ગામ;
લાગ્યા પ્રિતે સેવ કરવા, રિઝવવા ઘનશ્યામ...૧૯૪

જ્યારે શિવલાલભાઈ વાગડ પહોંચ્યા ત્યારે ભાયાત્માનંદસ્વામીએ જાણે એવી લીલા કરી કે ગોદડામાં સૂતા હતા. ગોદડામાં ઝાડા-પેશાબ

થયેલા એટલે તે ગંધાતા હતા. તે બધું જ શિવલાલભાઈએ નજરે જોયું. મનમાં વિચાર થયો કે, 'અહો..! આવા મોટા સંતની સેવામાં કોઈ નથી ?' પછી ત્યાં રહેલા ભક્તોને કહ્યું, 'આ સાફ કેમ નથી કરતા ?' ત્યારે તેઓ કહે, 'એક માણસ રાખ્યો છે, તે તેના સમયે આવે છે અને સાફ કરે છે.' આ વાત શેઠને બિલકુલ ન ગમી. પછી તો બીજો કોઈ પણ વિચાર ન કરતાં શિવલાલભાઈ પોતે જ સ્વામીની સેવામાં લાગી ગયા. તરત જ નવાં ગોદડાં પાથરી સ્વામીને સ્નાન કરાવી તેમાં સુવાડ્યા. અને પોતે મળ-મૂતરવાળાં ગોદડાં ઉપાડી ધોવા મંડ્યા. ત્યારે જે ઓળખતા હતા કે, આ તો બોટાદવાળા ભગા દોશીના દિકરા શિવલાલભાઈ છે, જેઓ બારલખા શેઠ છે, તે દરબારો કહેવા લાગ્યા, 'શેઠ ! તમે આ સેવા કરવી રહેવા દો. અમો હમણાં જ ગામમાંથી નોકરને બોલાવીએ છીએ, તે આવીને ધોઈ નાંખશે.'

ત્યારે શિવલાલભાઈ કહે, **'સાંભળો હરિભક્તો ! મોટા સંતની આવી સેવા થોડા પુણ્યવાળાને મળતી નથી. આવું શ્રીહરિનું વચનામૃતમાં વચન છે. આવી સેવા તો મોટા દેવોને પણ દુર્લભ છે.** આ સેવા નોકર પાસે ન કરાવાય. માટે હું જ કરીશ. કેમ જે, **આવી સેવા કરે તેના ઉપર શ્રીહરિ બહુ રાજી થાય છે.** એવું મને મોટા સંતોએ સમજાવ્યું છે. અને ગુણાતીતાનંદસ્વામીએ કારિયાણીમાં ઓગણીસ માંદા સંતોની સેવા કરી તો મહારાજ તેમને ઓગણીસ વાર ભેટ્યા. એવા રાજી થયા હતા. તેને તમે સહુ જાણો છો. વળી, આ સત્સંગમાં પોતાના ગુરુની કે વડીલ માંદા સંતની સેવા કરે તે સહેજે નિર્વિઘ્ન પાર ઊતરે છે. એવા ભગવાન તેમના ઉપર રાજી થાય છે.'

ગૃહસ્થોએ પણ તેમના કુટુંબમાં કોઈ માંદા બાઈ, ભાઈ કે વડીલો હોય તો તેની પ્રેમથી સેવા કરવી, શ્રદ્ધાથી દવા આપવી. મનગમતું અને

તેમના શરીરને માફક આવે તેવું ખાવાનું કરી આપવું. અને તેને પ્રેમ, બળ તથા હૂંફ દેવા. જે આ રીતે માંદાની સેવા કરશે તેના કુટુંબમાં સંપ રહેશે. અને ત્યાં સુખ, શાંતિ અને સદ્‌લક્ષ્મીનો વાસ થશે. તેથી જ શ્રીહરિએ માતા, પિતા, ગુરુ અને રોગીની આજીવન સેવા કરવાની પોતાના આશ્રિતોને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે.

માત-પિતાએ આપણને જન્મ આપી રક્ષણ-પોષણ કર્યું છે. માટે તેમની જીવનપર્યંત સેવા કરવી. ગુરુજનોએ જીવન જીવવાનો સાચો રાહ બતાવ્યો છે. માટે તેમની જીવનપર્યંત સેવા કરવી. પરંતુ જેની સાથે આપણો કોઈ સંબંધ ન હોય એવો દુનિયાનો કોઈ પણ વ્યક્તિ માંદો હોય તો તેને પણ તમારાથી થઈ શકે તથા કરવી ઘટે એ પ્રમાણે સેવા કરવી; એવી શ્રીહરિની આજ્ઞા છે.

શ્રીહરિએ પણ વનવિચરણ વખતે સેવકરામની નિઃસ્વાર્થભાવે સેવા કરી આપણને માંદા માણસની સંભાળ રાખવાનો બોધ આપ્યો છે. પોતે મહાત્યાગી-વૈરાગી હતા, એકલા વનમાં વિચરતા, સાવ નિર્લેપ અને નિર્બંધ હતા, ગૌદોહન જેટલો સમય પણ એક સ્થળે રહેતા નહિ, એવા શ્રીહરિએ સેવકરામની બે મહિના સુધી સેવા કરી છે; પછી આપણને માંદાની સેવા કરવાની આજ્ઞા કરી છે. વળી, જ્યારે શ્રીહરિ લોજમાં પધાર્યા ત્યારે પણ લોજના આશ્રમમાં વાસીદું વાળતા, છાણ મેળવવા જતા, વાસણ ઊટકતા, ભીક્ષા માગવા જતા અને કોઈ માંદા સાધુ હોય તો તેની અતિ ભાવથી સેવા કરતા. રોટલી કે પૂડલું જે કાંઈ તેને ગમતું હોય તેવું ખુદ મહારાજ રાંધીને જમાડતા. તેમનું માથું કે ચરણ દાબતા; આવો સ્વભાવ આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો હતો. શ્રીહરિ માંદા સંતોની આટલી સાર-સંભાળ રાખતા તો આપણે કેટલી રાખવી જોઈએ ? તે વિચારવું.

શિવલાલભાઈ કહે, 'ભક્તો ! નોકરની જરૂર નથી. સ્વામીના બગડેલા ધોતિયાં તથા ગોદડાં હવે હું ધોઈશ.' આમ પોતે સ્વામીની સેવામાં લાગી ગયા. જેના ઘરે અનેક નોકરો કામ કરે છે, એવા શેઠ આજ નોકરની જેમ સ્વામીની સર્વ પ્રકારે સેવા કરવા લાગ્યા.

ભાયાત્માનંદસ્વામી અતિ બિમાર હોવાથી રોજે આસપાસના ગામના હરિભક્તો તથા સંતો સ્વામીનાં દર્શન માટે આવતા. તેથી શિવલાલ શેઠે પોતાના ખર્ચે ત્યાં રસોડું ચાલું કરાવ્યું. માંદા સંતો-ભક્તો હોય તેની ખબર કાઢવા જઈએ ત્યારે પણ ઘણો વિવેક રાખવો જોઈએ. કોઈની ખબર કાઢવા જઈએ ત્યાં એક તો તેમને દવાખાનાનો ખર્ચ હોય જ અને આપણને જમાડવાનો ખર્ચો વધી જાય એવું ન કરવું. માંદા મૂંઝાતા હોય તો તેની ખબર કાઢવા જઈએ. તેને પ્રેમ, બળ, હૂંફ આપીએ એ ઘણી સારી વાત છે, પરંતુ માંદાની મૂંઝવણ વધી જાય એવું ન કરવું. ઘણા તો માંદાની ખબર કાઢવા જાય પણ એમના ઘરે કાંઈક વસ્તુ પડી હોય તો ઉપાડતા જાય, એવા પણ હોય છે. માટે માંદાની સેવા કરવામાં તથા ખબર કાઢવામાં વિવેક બહુ જ જરૂરી છે.

જેના ઉપર ભગવાનની કૃપા હોય તેને આ વિવેક હોય છે. શિવલાલભાઈ ખૂબ વિવેકી તથા ધનવાન હતા. તેથી તેમને સ્વામીની ખબર કાઢવા આવનાર તમામ સંતો-ભક્તોને જમવા માટે રસોડું ચાલું કરી દીધું. તેમજ ધોળકા, ધંધુકાના સારા વૈદ્ય બોલાવી સ્વામીની ઘણી દવાઓ કરી, પણ મંદવાડ મટ્યો નહીં. સ્વામીશ્રીને વાંસામાં ભાઠું પડેલું ત્યાં પાટો બાંધેલો તેમાંથી લોહી, પરુ નીકળતું. વળી, પથારીમાં જ ઝાડા-પેશાબ થતા. તે બધી જ સેવા શિવલાલ શેઠ કરતા. બહુ શ્રદ્ધા હોય તો આ કામ થાય. શેઠ લાખોપતિના દીકરા હોવા છતાં દિવ્યભાવે સ્વામીની પથારી વગેરે સાફ કરવા લાગ્યા.

લાખો પતિનો દીકરો, ધોવે પરુ ને પાશ;
સામાન્ય નર્સની જેમ, કરે સેવા દિલ સાચ...૧૯૫

સુખી ઘરનો જુવાનિયો, કો કરે સેવા આમ;
'જ્ઞાન' આવી સેવા કરે, તો મળે જ ઘનશ્યામ...૧૯૬
માંદા માણસને સેવવા, એ છે કપરું કામ;
અભાવ ન દિયે આવવા, તો રીઝે ઘનશ્યામ...૧૯૭
માંદા મોટા સંતને, સેવતાં રાખવું ધ્યાન;
મન અવળા ઘાટ કરે તો, 'જ્ઞાન' થાય નુકશાન...૧૯૮

વળી, મોટી મુશ્કેલી એ છે કે, 'કોઈ સંત આમ બીમાર હોય તો એનો અભાવ ન આવવો જોઈએ. મનમાં સહેજ પણ સંકલ્પ થાય કે, 'આ સંતે કાંઈક પાપ કર્યાં હશે, નહિતર આવી પીડા શું કામ ભોગવે ?' તો કરેલી તમામ સેવા ઉપર પાણી ફરી જાય. અને સેવા કરવાનો જરા પણ આનંદ રહે નહીં, ઊલ્ટાનો બોજો લાગે. માટે માંદા સંતની સેવામાં દિવ્યભાવ રાખવો અનિવાર્ય છે.

શિવલાલ શેઠ ખૂબ જ ધીરજ, શ્રદ્ધા તથા દિવ્યભાવ રાખી સ્વામીની સેવા કરતા. કેમ જે, માંદા હોય તે માત્ર તનના જ માંદા નથી હોતા, ઘણા મનના પણ માંદા હોય છે. તેથી ક્યારેક કડક શબ્દ પણ બોલી જાય, અપશબ્દ પણ બોલી જાય. તે વખતે ધીરજ રાખવી જોઈએ, દિવ્યભાવ રાખવો જોઈએ. ત્યારે મહારાજ રાજી થાય અને આપણું અંતર પણ શુદ્ધ થાય. જેને માંદાની સેવા કરવી હોય તેને પ્રથમથી બુદ્ધિને અને મગજને તાળું મારવું પડે, તો શિવલાલભાઈની જેમ આશીર્વાદના અધિકારી બનાય.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠ ભાયાત્માનંદસ્વામીની સેવામાં' એ નામે અઠ્ઠાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

અધ્યાય-૨૯

ભાયાત્માનંદસ્વામી વરદાન આપવા ઈચ્છ્યા

શિવલાલભાઈ શેઠને તો ભાયાત્માનંદસ્વામીની માંદગીવાળી દશા જોઈને કોઈ શંકા થતી નહીં, સ્વામીમાં તેમને દિવ્યભાવ હતો. અને સ્વામીને પણ ખબર હતી કે, શિવલાલને મારી આ દશા જોઈને જરાય અભાવ, અવગુણ સ્વપ્નામાંય આવતો નથી, છતાં લાગણીવશાત્ એકવાર ભાયાત્માનંદસ્વામીએ કહ્યું, 'શિવલાલ ! તું મને અડીશ નહિ, મારું શરીર ગંદુ અને અભડાયેલું છે.' ત્યારે શિવલાલભાઈ કહે, "સ્વામી, હું આપને મનુષ્ય સમજતો નથી, હું આપને મહામુક્ત માનું છું. આપ જેવા સંતોની કૃપાથી જ મને સત્સંગ ઓળખાયો છે, અને શ્રીહરિની કૃપાથી આપને ઓળખું છું.

આપની કથા-વાર્તા દ્વારા મારામાં પણ સુધારો થયેલ છે. સોપારી ખાવાનું આપની વાતથી જ મેં છોડ્યું છે, અને આપે જ મને અખંડ દિવ્યભાવ કાયમ જેમ રહે તેમ શીખવાડ્યું છે. માટે 'તમને આવો રોગ કેમ થયો હશે ?' એવો અભાવ મને નહિ આવે, કુભાવ નહિ થાય. અરે..! સંકલ્પ પણ નહિ થાય. અને તમ જેવા ચૈતન્યની જ મૂર્તિ જે મહાપુરુષો હોય તેને નહીં અડીએ તો અમે કોને અડશું ?"

આવી શિવલાલભાઈની સમજણ અને સેવા-ભાવના જોઈને સ્વામી તેમના ઉપર બહુ રાજી થયા. સ્વામીનું અંતર ઓગળી ગયું. 'આ તો ખરેખર મહાન ભક્ત છે. મેં આવો મોટો આને નહોતો જાણ્યો.' એવી સ્વામીને શિવલાલ પ્રત્યે અંતરમાં ભાવના થઈ.

વહાલા ભક્તો ! આને ખરેખર રાજીપો લીધો કહેવાય. **કોઈ સંતના અંતરના ઊંડાણમાં આપણા પ્રત્યે અહોભાવ પેદા થાય, એ જ જિંદગીની ખરી કમાણી કરી કહેવાય.** શિવલાલભાઈ સ્વામીની નિત્ય

સેવા કરે છે, દિવસો ઉપર દિવસો જાય છે. એમ કરતાં સં. ૧૯૧૬, જેઠ વદ પાંચમનો દિવસ આવ્યો. તે દિવસે શિવલાલભાઈએ સ્વામીને સવારે સ્નાન કરાવ્યું, આખું શરીર પ્રેમથી લૂછ્યું, નવા ધોયેલા વસ્ત્ર પહેરાવ્યા, સારા ચોખ્ખા ગોદડા ઉપર સ્વામીને બેસાડ્યા અને પ્રેમથી સ્વામીને જમાડ્યા. પછી સ્વામીની પાસે આવીને બેઠા.

ત્યારે સ્વામી રાજીપાથી અતિ કરુણાભીના થઈ કહેવા લાગ્યા, "શિવા ! તેં મારી બહુ સેવા કરી. આવી સેવા કોઈથી થાય નહીં. તું ધનવાન છો, આબરૂદાર છો. વળી, યુવાન છો, તોય તારામાં આવું નિર્માનીપણું, આવી સેવા-ભાવના છે, તે મારું હૈયું ઓગાળી દે છે. ખરેખર શ્રીહરિ અને ગોપાળાનંદસ્વામી જેવા સંતની કૃપા વિના તારામાં છે એવા સદ્‌ગુણો પામવા કઠણ છે, હું તારા ઉપર અતિ રાજી થયો છું; માટે જે જોઈએ તે વરદાન માગ."

ત્યારે શિવલાલભાઈ કહે, "સ્વામી ! બસ આમનામ તમારી સેવા કર્યા કરું એ જ મારી ઈચ્છા છે, બીજું મારે શું જોઈએ. ભગવાને મને શું નથી આપ્યું ? આપ જેવા સંતની સેવા તો શ્રીહરિ કહે છે કે, હું પણ ઈચ્છું છું. જન્મ ધર્યાનું કોઈ કારણ નથી તેમ છતાંય કોઈ નિમિત્ત ઊભું કરીને પણ સંતની મધ્યે જન્મ ધરી તેમની સેવા કરવી એ જ શ્રેષ્ઠ પ્રાપ્તિ છે. આવા શ્રીહરિના વચનામૃતો મને યાદ છે. માટે આપની સેવા મારે મન સર્વોત્તમ પ્રાપ્તિ છે."

ત્યારે ભાયાત્માનંદસ્વામી કહે, "પણ શિવા ! કાલથી એ સેવા તને મળનાર નથી." "સ્વામી ! એવું કેમ કહો છો ?" "શિવા ! હવે મારે આવતીકાલે આ દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં જાવું છે, માટે તારે જે જોઈએ તે વર માગ. હું તારા ઉપર અતિ રાજી થયો છું, અને કાલે ધામમાં જતો રહેવાનો છું. માટે કાંઈક તને તારી જે ઈચ્છા હોય તે દેતો જાવ, તેથી જ માગવાનું કહું છું; માટે માગ."

વહાલા ભક્તો !

માંદા થોડા સેવતાં, ઝાઝાં રાજી થાય;
'જ્ઞાન' આવી તક મળે તો, ઝટ ઝડપી લેવાય...૧૯૯

ધરાયેલાને ખાજા, જલેબી કે બદામ-પિસ્તા આપો છતાં રાજી ન થાય અને ભૂખ્યાને સૂકો રોટલો આપો તોપણ આશીર્વાદ આપે. તેમ જરૂરિયાત વિનાના માણસોની ગમે તેટલી સેવા કરો છતાં રાજી ન થાય. અને જરૂરિયાતમંદની થોડીક સેવા કરો છતાં બહુ રાજી થાય. આમ, જેને જેની જરૂર હોય તે તક ઝડપી તેની જરૂરિયાત મુજબની સેવા કરી હોય તો મોટું કામ થાય. શિવલાલભાઈએ આ અણમોલ અવસરને ઝડપી લીધો અને તકની સેવા કરી. તેથી સ્વામી રાજી રાજી થઈ ગયા છે અને માંગવાનું કહે છે.

પછી શેઠ બોલ્યા, 'હે સ્વામી ! જે માગીશ તે આપશો ?' ત્યારે સ્વામી કહે, **'સાંભળ શિવલાલ ! અત્યારે મારા હૈયામાં સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું અતિ બળ વર્તે છે.** અને મારા દેહમાં આ રોગ તો મહારાજે મારી આત્મનિષ્ઠાની કસોટી કરવા તથા બીજાને ધીરજ અને પ્રેરણા આપવા રાખ્યો હતો. શ્રીહરિ જેમ રાખે તેમ, તેમની ઈચ્છા એ જ મારું પ્રારબ્ધ; એમ સમજી મેં આ રોગ રાખ્યો હતો. **બાકી શિવલાલ ! ફૂંક મારું ત્યાં બ્રહ્માંડના તમામ રોગોને ઉડાડી મેલું. અને તું કહે છો કે હું માગું તે આપશો. તો તને કહું છું કે તારી ઈચ્છા હોય તો અહીં પૃથ્વીથી લઈ પ્રકૃતિપુરુષના લોક સુધીના રાજ્યને માગી લે. હું તે આપવા પણ સમર્થ છું, તો બીજું શું ન આપી શકું ? માટે જે માગવું હોય તે વિના સંકોચે માંગી લે, માગ્યું મળશે.'**

વહાલા ભક્તો ! આ છે ભાયાત્માનંદસ્વામીને સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીપણાની નિષ્ઠા થયા પછીની

ખુમારી. કેમ જે, સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી જાણ્યા પછી સંતમાં અપાર ઐશ્વર્ય પ્રગટ થાય છે. અને તેઓ જે ધારે તે કરવા સમર્થ થાય છે. સર્વોપરી ઉપાસનામાં જેવી તાકાત છે એવી તાકાત બીજી કોઈ સાધનામાં નથી. બીજું બધું તો તેમની આગળ કંઈ વિસાતમાં નથી. માટે શ્રીહરિને સર્વોપરી જાણવા જેવું કોઈ બળ છે જ નહીં. તેથી જ સ્વામી ખુમારી સાથે શિવલાલને કહે છે, "જે માગ તે આપું."

વહાલા ભક્તો ! શિવલાલ શેઠે પણ પ્રથમથી જ મનમાં નક્કી કરી રાખ્યું હતું કે, 'હું સ્વામીની આવી સેવા કરું છું. તેથી સ્વામી જરૂર મારા ઉપર રાજી થશે અને મને વરદાન માગવાનું કહેશે. જ્યારે માગવાનું કહે ત્યારે મારે આ જ માગવું છે, એવું તેના અંતરમાં પાકું નક્કી હતું. તેથી રંચ પણ વિલંબ કર્યા વિના શિવલાલ શેઠે કહ્યું, **'સ્વામી ! મને આ લોકની કોઈ ઈચ્છા નથી અને પરલોકમાં પણ પ્રકૃતિપુરુષના લોક સુધીના કોઈ પદની જરાય ઈચ્છા નથી. હે સ્વામી ! મારે તો મારા વહાલા ઘનશ્યામ મહારાજની અક્ષરધામમાં સેવા જોઈએ છે. મારે એ દિવ્યલોકમાં, દિવ્યમૂર્તિ શ્રીહરિના આનંદમાં ગરકાવ થાવું છે. આ સડેલા દેહમાં, દુઃખરૂપ સંસારમાં કે નરકના ખાડા જેવા આ જગતમાં હવે મારે રહેવું નથી. અને જેને કાળ કોળિયો કરી જાય છે એવા પ્રકૃતિપુરુષાદિકના કોઈ પદની જરૂર નથી.**

માટે હે સ્વામી ! તમો ધામમાં જાવ તેના ચૌદમા દિવસે શ્રીજીમહારાજને સાથે લઈ મને તેડવા આવજો અને મૂર્તિનો મહા આનંદ આપજો. કાલે જેઠ વદ છઠ છે, પછી ચૌદમા દિવસે એટલે અષાઢ સુદ પાંચમના દિવસે મને પણ અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં અખંડ સ્થાપજો. બસ એ જ વરદાન માંગું છું."

આ વાત સાંભળી સ્વામી થોડીવાર વિચારમાં પડી ગયા. પછી કહે, "શિવલાલ ! તું આ શું માગે છે ? તું હજી બીજી વીશીમાં

છો અર્થાત્ હજી તારે ચાલીસ વર્ષ પણ થયા નથી, તારી ઉંમર તો માત્ર ૩૩ વર્ષની જ છે. ઘણો નાનો છો ને આવું શું માંગી બેઠો ? બીજું કાંઈક માંગ." ત્યારે શિવલાલભાઈ કહે, "હે સ્વામી ! હું બીજું શું માંગું ? આ લોકમાં તો મારે ત્યાં સુખ, વૈભવ, ધન-દોલત, દીકરા, પદ-પ્રતિષ્ઠા આદિ બધું જ છે. પણ આપ જેવા સદ્ગુરુઓની સેવાથી અને મહારાજની કૃપાથી તે સર્વે માયિક સુખ મારે ઝેર જેવું થઈ ગયું છે. માટે હવે પિંડ-બ્રહ્માંડ છોડાવો અને અખંડ મહારાજનો અનુભવ કરાવો."

ત્યારે સ્વામી કહે, "અરે શિવલાલ ! તારા ત્રણેય છોકરા હજી નાના છે. તેને સાચવી મોટા કરે એવી એની મા પણ નથી. એકેયને પરણાવ્યા નથી. પેઢીએ બેસે એવા થયા નથી અને તારા પિતા હયાત છે, તે વૃદ્ધ છે. ઘરવ્યવહાર અને પેઢી સંભાળે એવો તું જ છો. માટે કાંઈક લાંબી મુદ્દત માગ. ચૌદમા દિવસે જ રહેવા દે."

ત્યારે શિવલાલભાઈ કહે, "સ્વામી ! પુત્રો હજી નાના છે, પણ સહુના પાલક, પોષક પિતા એક પરમેશ્વર જ છે. મારું આયુષ્ય ખૂટી ગયું હોય અને હું પણ એની મા જેમ જતો રહ્યો હોત તો શું છોકરા મોટા ન થાત ? ભગવાન એના નહીં હોય ? જો તેઓ મહારાજને જ પ્રધાન રાખશે તો મહારાજ તેની સર્વ રીતે રક્ષા કરશે. અને સ્વામી ! અમારા ઘરમાં સાત પેઢી કંઈ પણ કર્યા વિના સહુ ભજન કરે તોય અન્ન વગેરે કંઈ ખૂટે એમ છે જ નહીં. પેઢીએ જાવાની કોઈને જરૂર જ નથી. તો મારા પિતાને પણ શું ચિંતા છે ? માટે આપ રાજી થયા હો તો મેં જે વર માગ્યો તે જ મને આપો." એમ કહીને સ્વામીને હાથ જોડ્યા.

માંદા સંતની સેવા તો, કરી કરશે ઘણાય;
'જ્ઞાન' આવું વરદાન તો, શિવલાલથી જ મગાય...૨૦૦

માંદા સંતની સેવા કરવાથી તે રાજી થયા હોય ત્યારે જેને માંગવાનું કહ્યું હોય એવા ઘણા લોકો મળશે. પરંતુ શિવલાલ જેવું માંગ્યું હોય એવો હજી સુધી ઈતિહાસમાં મારી દૃષ્ટિએ કોઈ નથી થયો. જીવને દેહ અતિ દુઃખ આપે, રગેરગમાં રોગ વ્યાપે, સંબંધીઓ કોઈ સેવા કરતા ન હોય, પથારીમાં અતિ પીડાતો હોય, સારું થવાની કોઈ આશા જ ન હોય, ત્યારે કહે, 'હવે મને ધામમાં લઈ જાવ.' પરંતુ ચારેય બાજુથી લીલાલહેર હોય, આ લોકમાં સુખ સાયબી હોય તો આ જીવને હજાર વર્ષે પણ ભગવાનના ધામમાં જવાનું મન થાય તેમ નથી.

એક શેઠ જમવા બેઠો. આઠ ફૂલકાં જમી ગયો. એટલે તેમની સાથે મહેમાન જમતા હતા તેમણે કહ્યું, 'શેઠ ! આ વૃદ્ધ ઉંમરે પણ તમે આટલું બધું જમી શકો છો ?' ત્યારે શેઠ કહે, 'જ્યાં સુધી ધંધામાં કમાણી સારી હોય અને બધે વાહ વાહ બોલતી હોય ત્યાં સુધી ગમે તેટલું હોય તોપણ પચી જાય. બજાર બેસી જાય તો બે ફૂલકાં પણ પચતાં નથી.' આમ, આ લોકમાં સારું હોય તો જીવને ધામમાં જાવાનું મન જ થાય તેમ નથી. દુઃખમાં જ જીવ ભગવાનને યાદ કરે છે. આપણો ભગવાનનો આશરો તો ગાડીના સ્પેરવ્હીલ જેવો છે. જ્યારે પંચર પડે ત્યારે જ લોકો સ્પેરવ્હીલનો ઉપયોગ કરે છે. તેમ જ્યારે આપણે દુઃખી હોઈએ, માથે વિપત્તિ આવી હોય, શરીરમાં રોગ થયો હોય ત્યારે ભગવાનની યાદ આવે છે, તેમનો ઉપયોગ કરવા માટે. કાંઈ તેમને પામવા, ભજવા નહીં. બાકી તો ભગવાનની સ્મૃતિ નડે છે. કોઈ કવિએ કહ્યું છે,

દુઃખમેં સુમરન સબ કરે, સુખમેં કરે નહિ કોય;
જો સુખમેં સુમરન કરે, તો દુઃખ કહાંસે હોય.

વહાલા ભક્તો ! દુઃખમાં ભગવાનને ભજતા હોય, ભક્તિ કે સેવા કરતા હોય અને ત્યાર પછી તે તેમાંથી ઊગરી જાય ત્યારે તેને

ભગવાનની કૃપા માને એવા અનેક ભક્તો હોય છે. પરંતુ થોડા સમયમાં તે ભગવદ્‌કૃપાને ભૂલી જાય છે અને પોતાના પુરુષાર્થથી સુખી થયો છું એવું માનવા લાગે છે, કાયમ ભગવાનની કૃપા યાદ પણ રહેતી નથી. જીવ અતિ ભૂલકણો છે.

એક ગામમાં પ્રસાદીનાં ચરણારવિંદ ફરતો હું પ્રદક્ષિણા ફરતો હતો. ત્યાં એક બાપા મારી સાથે પ્રદક્ષિણા ફરવા લાગ્યા. પ્રદક્ષિણા ફરતાં ફરતાં સહજપણે મેં પૂછ્યું, 'બાપા ! મજામાં છો ને..?' ત્યારે તે કહે, 'સ્વામી ! ભગવાન અને સંતોની કૃપાથી બચી ગયો. નહિ તો મને પેરાલિસિસનો આંચકો આવ્યો હતો તે મરી જાત, પણ આ તો આપ જેવા સંતોની કૃપાથી બચી ગયો છું.' ત્યારે મેં કહ્યું, 'આ તમારી સીત્તેર-પંચોત્તેર વર્ષની ઉંમર થઈ, છતાં બચી ગયો બચી ગયો એમ બચી ગયાનો આટલો બધો આનંદ કેમ વ્યક્ત કરો છો ? આ દેહ-દુનિયામાં શું લેવાનું છે ? મરી ગયા હોત તો ભગવાનના ધામમાં જાત.'

ત્યારે તે બાપા કહે, 'કોને ખબર ક્યાં જાત..?' આ જવાબ સાંભળી મને ઘણું આશ્ચર્ય થયું હતું. કેમ જે, અહો ! આમ જીવ વર્ષોથી સેવા-સત્સંગ કરતા હોય, છતાં હું ક્યાં જાઈશ તે નક્કી થયું હોતું નથી. હું ધામમાં જ જાઈશ, એવો વિશ્વાસ કે નિષ્ઠા પણ થતી નથી અને બચી ગયાનો મહાઆનંદ માણતા હોય છે. તો ધામમાં જવાનું વરદાન તો ક્યાંથી માગે ? વાસના છોડવી ઘણી કઠણ છે. વાસના છૂટે તો જ ધામમાં જવાનું મન થાય.

આપણા હિંમતનગરવાળા મોહનભાઈને અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. તેમનો પુત્ર હર્ષદ મને ફોનમાં કહે, "ગુરુજી ! મારા પિતાને કેન્સર હોય એવું લાગે છે, રીપોર્ટો કરાવવાનું ચાલું છે, શું થાશે તે નક્કી નથી." આ સમાચાર સાંભળી અમે સંતો અમદાવાદ હોસ્પિટલ તેમની ખબર કાઢવા ગયા. મેં ખબર-અંતર પૂછ્યા પછી

તેમને પૂછ્યું, 'દેહ પડે તો કેમ થાય ?' ત્યારે તે કહે, 'અત્યારે દેહ પડી જાય તોપણ મને તેની ચિંતા નથી. કેમ જે, અંતકાળે પસ્તાવો થાય એવું મેં જીવનમાં કોઈ કામ કર્યું નથી. મેં જે કરવાનું હોય તે જ કર્યું છે. અને જે ન કરવાનું હોય તે કાંઈ કર્યું નથી. માટે શ્રીહરિ અત્યારે તેડવા આવે તોપણ હું તૈયાર છું.' આવો જવાબ સાંભળી હું એના ઉપર બહુ જ રાજી થયો હતો.

વહાલા ભક્તો ! ભગવાન થોડુંક આયુષ્ય લંબાવે તો હું મારે કરવાનું છે તે કરી લઉં. આમ ઈચ્છા રહે તેને અંતે પસ્તાવો થાય. માટે ડાહ્યા માણસોએ મૃત્યુ આવે તે પહેલા વાસનાને મારી નાખવી જોઈએ. જો આપણે આપણી વાસનાને નહિ મારીએ તો વાસના જરૂર આપણને મારી નાખશે. માટે અંતે પસ્તાવું પડે એવું કાંઈ બાકી રાખવું જોઈએ નહીં. કેમ જે, ત્યારે આપણી પાસે બિલકુલ સમય હોતો નથી.

ઈચ્છા બાકી આયુ પૂરી, 'જ્ઞાન' તે મૃત્યુ જાણ;
આયુ બાકી ઈચ્છા પૂરી, તેને મોક્ષ પ્રમાણ...૨૦૧

એક મોટા સંતનું એક પત્રકારે ઈન્ટરવ્યુ લીધું. તેમાં એક પ્રશ્ન એવો પૂછ્યો કે, 'સ્વામીજી ! તમને એવી ખબર પડે કે એક મહિનો જ તમારું આયુષ્ય છે, પછી તમારું મોત છે તો તમે શું કરો ?' ત્યારે તે સંતે જવાબ આપ્યો, "જે કરું છું એ જ કરું. કેમ જે, મેં મારા જીવનમાં કાયમ જે કરવાનું હોય એ જ કર્યું છે અને જે અક્ષરધામમાં કરવાનું હોય એ જ કરુ છું. કાંઈ બીજું કરવાનું છે નહીં કે, જે બાકી રહી જાશે." મોતની વાત સાંભળ્યા પછી આપણી જીવનશૈલીમાં ફેરફાર કરવો પડે એનો અર્થ એ થાય કે, આપણને જીવન જીવતાં આવડ્યું નથી. કેમ જે, જીવન જીવતા આવડ્યું હોય તો જે કરવાનું હોય તે જ કરતા હોઈએ.

સામે મૃત્યુ દેખાય છતાં જેમ જીવીએ છીએ એમ જ જીવીએ તો આપણે સાચું જીવન જીવીએ છીએ. તેમાં જેટલો ફેરફાર કરવો પડે એનો અર્થ એ થાય કે, એટલું ખોટું જીવન જીવતા હતા. જે સાચું જ જીવન જીવતા હોય તેને મોતના સમાચાર મળે છતાં કોઈ ફેરફાર થાય નહીં; એને તો મૃત્યુ મંગલકારી લાગે. આપણું મહિના પછી મૃત્યુ આવે અને માળા ફેરવવા લાગીએ, વૃત્તિઓ સંકેલવા લાગીએ અથવા ચિંતા થવા લાગે, તેનો અર્થ એ થાય કે, આપણે સાચા અર્થમાં સત્સંગ કર્યો નથી, સંતોને સેવ્યા નથી, શ્રીહરિને સમજ્યા નથી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ભાયાત્માનંદસ્વામી વરદાન આપવા ઈચ્છ્યા' એ નામે ઓગણત્રીસમો અધ્યાય થયો. ॥૨૯॥

અધ્યાય-૩૦

શેઠને વરદાન અને સ્વામીનો અક્ષરવાસ

વહાલા ભક્તો ! જો આપણે સાચા અર્થમાં સત્સંગ કર્યો હોય તો શિવલાલ શેઠની જેમ આ લોકની તમામ સુખ-સાયબી હોય છતાં તે પદ-પ્રતિષ્ઠા કે પૈસા ઝેર જેવાં થઈ જાય. એક શ્રીજીમહારાજની સેવામાં પહોંચવાની જ ઉતાવળ થાય. પરંતુ એવી સમજણ કેટલાને હોય ? તેમણે ગોપાળાનંદસ્વામીને તથા ગુણાતીતાનંદસ્વામી જેવાને સેવીને કેવી અંતરમાં સમજણની ઘેડ્ય પાડી હશે ? તેથી આ લોક અને પરલોકનાં તમામ ભોગ-સુખ તેને ઝેર જેવાં થઈ ગયાં. છોકરા નાના છે, છતાં તેની પણ ચિંતા નથી. એ તો કહે, 'મહારાજના રહેશે તો મહારાજ તેમનું ધ્યાન રાખશે. માટે મારે તો હવે જલ્દી ધામમાં જાવું છે. શિવલાલભાઈને કાંઈક આવા જ વિચારો હૃદયમાં ઘોળાયા હશે ને...!

રાગ : જીવ શાને ફરે છે ગુમાનમાં...

મારું મનડું મોહ્યું છે ઘનશ્યામમાં, મારે જાવું છે અક્ષરધામમાં...ટેક.

એની મૂર્તિમાં મન મારું રહ્યું વળગી,
સખી એના વિના નહિ રહું અળગી;
મારું ચિત્ત ન લાગે કોઈ કામમાં...મારે૦ ૧

પ્યારા પ્યારા છે સહજાનંદ સ્વામી,
છબી હરિની હૈયામાં ગઈ જામી,
મને ગમતું નથી કોઈ ઠામમાં...મારે૦ ૨

મને ગમતી નથી હવે વાત બીજી,
જ્ઞાનજીવન કે' મારો આધાર શ્રીજી,
સાચું સુખ છે મારે મારા શ્યામમાં...મારે૦ ૩

આ લોકમાં કોઈ મૂળિયાં નાખી ગયા નથી, માટે થોડા કાળ જીવવા માટે આપણે કોઈએ પરલોક બગાડવો નહીં. આ લોકમાં તો ચાર દિવસની ચાંદની જેવું છે, પછી આગળ બહુ જ અંધારું છે. માટે અખંડ આનંદમાં રહેવું હોય, શાશ્વત સુખને પામવું હોય તો ભગવાનને મેળવી લેવા; એ જ કરવાનું છે. શિવલાલ શેઠ કહે, 'મારે એક મહારાજનું જ કામ છે.' આવી તેમની સમજણ જોઈ ભાયાત્માનંદસ્વામી બહુ રાજી થઈ ગયા.

પછી તરત સ્વામી પથારીમાંથી બેઠા થયા, ને શિવલાલભાઈનો વાંસો થાબડીને બોલ્યા કે, **"જા ! મારા ચૌદમાને દિવસે શ્રીજીમહારાજને સાથે લઈને આવીશ અને જરૂર તને ધામમાં તેડી જઈશ." આ લોકની દોમ-દોમ સાયબીમાં આળોટતા ૩૩ વર્ષના યુવાનને જગત ઝેર થઈ જાય અને મોટા સંતો પાસેથી વરદાન માંગીને જલ્દી અક્ષરધામની વાટે સિધાવે તે એક ઐતિહાસિક ઘટના છે. ઘણી સમજણને અંતે આવી સ્થિતિ થાય છે. આ પ્રસંગ આપણને ઘણું સમજાવી જાય છે.**

વાહ શિવલાલભાઈ ! વાહ..! આપણે પણ એક દિવસ આવું કરવું પડશે. માટે અત્યારથી જ બધેથી વૃત્તિઓને પાછી વાળીને ભગવાનમાં જોડવા મંડવું. શરીર સારું હોય, મન સારું હોય, આ લોકમાં તથા કુટુંબમાં સુખ-શાંતિ હોય, ત્યાં સમજીને બધી જ વાસના તોડી નાખવી જોઈએ, ઈચ્છાઓ અને સંકલ્પો ટાળી દેવા જોઈએ. ઈચ્છાનો કે વાસનાનો કોઈ એન્ડ નથી. **જેટલી ઈચ્છા વધુ તેટલી ગુલામી વધુ.** માટે મનમાં ઊઠતાં સંકલ્પોને પૂરા કર કર ન કરાય, તેને તો તોડતા જ રહેવાય. આ લોકના તાલ ભાંગતા જ રહેવું, તો જ શિવલાલ શેઠ જેવી સમજણની દૃઢતા થાય. ભાગ્યશાળી માણસને શિવલાલભાઈ જેવી સમજણ અને સ્થિતિ આવે છે. સ્વામીના અંતરમાં પણ એમ થયું કે, 'આ ધરતીના ઈતિહાસમાં આવો કોઈ માંગનારો નીકળ્યો નથી. ધ્રુવ જેવા ભક્તને પણ માંગતાં આવડ્યું નથી.' સામે સંત પણ એવા સમર્થ છે. તેથી તેમણે વરદાન આપી દીધું.

જીવનમાં અગત્યમાં અગત્યની બાબત છે શ્રીજીમહારાજની મૂર્તિનો અખંડ આનંદ મળે તે. શ્રીહરિએ સાચા સંતનું લક્ષણ કરતાં વચ.ગ.પ્ર.૬૭ માં કહ્યું છે જે, "કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિશે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, **'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિશે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહિ."**

વહાલા ભક્તો ! ભાયાત્માનંદસ્વામી જેવા મોટા સંતને આ લોકની હાણ-વૃદ્ધિ નજરમાં જ હોતી નથી. પરંતુ કોઈ જીવ પોતાના

કલ્યાણનું કામ બગાડે તો તેનું તેને દુઃખ થાય છે. આપણી માનસી બગડે, ધ્યાન બગડે, સમજણ બગડે, એની મોટા સંતોને ચિંતા થાય છે. જ્યારે આપણે મૂર્તિનો મહાઆનંદ માણીએ ત્યારે મોટા ખૂબ જ રાજી થાય છે. માટે જ્યારે માત્ર ૩૩ વર્ષના નવયુવાને મૂર્તિનો મહાઆનંદ માગ્યો ત્યારે ૧૧૭ વર્ષની ઉંમરના આ વિરલ સંતના રૂવાંડાં બેઠાં થઈ ગયાં. અર્થાત્ તેની મુમુક્ષુતા જોઈ સ્વામી બહુ રાજી થયા અને વરદાન આપ્યું. જેમ દાતરડી જુવાર, બાજરી કાપે તેમ શિવલાલભાઈની આ કથા આપણાં તમામ બંધનો કાપે એવી છે. વાસના-ઈચ્છાઓ ટાળે અને સ્વભાવો બાળે એવી અદ્ભુત છે.

દોહા : **કેવો હશે શિવલાલને, આ લોકનો અભાવ;**
કેવો હશે હરિ સંતમાં, વળી અક્ષરધામે ભાવ...૨૦૨

થોડી કલ્પના તો કરો કે દોમ દોમ સુખ સાયબીમાં આળોટતા આ નવયુવાનને આ લોકનો અને દેહનો કેવો અભાવ હશે ? કેવો શ્રીહરિમાં, સંતોમાં અને અક્ષરધામમાં ભાવ હશે ? કેવી શાશ્વત સુખ પામવાની ઉતાવળ હશે ? અને આપણું કેમ છે ? તે તપાસવું જોઈએ.

શીખવા જેવી આ કથા, મારે તમારે આજ;
આવી સમજણ કરીએ, તો ખુશ થાય મા'રાજ...૨૦૩

જોજે માંદા સંતની, કરજે સેવા જરૂર;
'જ્ઞાન' આશા એક રાખજે, ઝટ જઈએ હરિ હજુર...૨૦૪

સકામ ભાવે કરીએ, તો પણ થાય છે કામ;
'જ્ઞાન' હરિ રીઝાવવા, રાખ્ય ભાવ નિષ્કામ...૨૦૫

તેત્રીશ વર્ષની ઉંમરનો, જાય જો અહિંથી આમ;
ક્યાં સુધી કુટાવું આપણે, આ લોકે આમનામ...૨૦૬

સીત્તોર વર્ષેય થાય નહિ, ધામે જવાનું મન;
અરે એ વાત છે દુઃખની, ચેતજે જ્ઞાનજીવન...૨૦૭

હરિનો માર્ગ શૂરવીરનો છે, કાયર નરનું અહીં કામ નથી. અહીં તો પહેલું મસ્તક મૂકે તે મુક્તિરૂપી મહાફળને પામે. કોઈએ કહ્યું છે,

ડાહ્યા હો તો ડહાપણ મૂકો, ત્યાં નથી ડહાપણનું કામ;
કાલા ઘેલાના છે પ્રભુ, સમરથ સીતારામ.

જે માથું વાઢે તે માલ કાઢે, ફોસીનું કામ નથી. માટે માંદા સંતની સેવા કરવી, પરંતુ નિષ્કામભાવ રાખવો. સકામભાવે સેવા કરીએ તોપણ આ લોકના ધન, ધાન કે દીકરા વગેરે મળે, પરંતુ નિષ્કામભક્તિની વાત અનોખી છે. **નિષ્કામભાવે ભક્તિ કરનાર જ અક્ષરધામનો અધિકારી બને છે.** અને એ જ શિવલાલભાઈની જેમ નાની ઉંમરમાં પણ સંપૂર્ણ નિર્વાસનિક થઈ જાય છે. સકામને તો સો વર્ષે પણ ધામમાં જાવાનું મન થાતું નથી. આ લોકની અનેક આશાઓ અંતરમાં ભરી હોય, સ્ત્રી-ધનની વાસનાઓ હૈયામાં ઘોળાતી હોય, તે શું ધૂળ ધામમાં જાય !

આશા ભરી આ લોકની, હૈયામાં સલો સલ;
અક્ષરધામે જાવાનું, કેમ થાય જીવને દલ...૨૦૮
સંકલ્પશૂન્ય જુવાનિયો, માંગે આવું વરદાન;
ઈચ્છાશૂન્ય થયા વિના, થાય ન આવું તાન...૨૦૯
ત્યાગી ગૃહિનો મેળ શું, વય સાથે શો સંબંધ ?
'જ્ઞાન' જો સમજાય તો, તરત છૂટે બંધ...૨૧૦

શ્રીહરિ વચ.વડતાલ.૨૦ માં કહે છે કે, **ત્યાગી-ગૃહીનો કાંઈ મેળ નથી જેની સમજણ મોટી તે જ સૌથી મોટો હરિભક્ત છે. અને એવી સમજણ ન હોય તો શિવ, બ્રહ્માદિક દેવોને પણ ખોટ કહેવાય છે.** માટે સુખિયા થાવું હોય તો સમજણ બદલવી. સમજણ બદલશું તો જ સ્થિતિ બદલાશે.

વહાલા ભક્તો ! પછી બીજે દિવસે **સં.૧૯૧૬, જેઠ વદ ૬ ને શનિવારે, સવારે ૧૧.૦૦ કલાકે ભાયાત્માનંદસ્વામી** બોલ્યા જે, 'ગાયનું છાણ લાવો, અહીં લીપી તેમાં તલ વેરો.' સેવક સંતોએ સ્વામીએ કીધું તે મુજબ કરી આપ્યું. પછી સ્વામીએ કહ્યું, 'હવે સહુ સંતો-ભક્તો મારાં છેલ્લાં દર્શન કરી લો.' તમામ સંતો-ભક્તોને બોલાવી દર્શન કરાવી દીધાં. તે સહુ દર્શન કરી રહ્યા પછી સ્વામી પથારીમાંથી ઊભા થયા, છાણ લીપેલી ભુમિ ઉપર પદ્માસન વાળીને બેઠા, પ્રાણાયામ કરી લાંબો શ્વાસ લીધો. અને સહુને કહ્યું, **'વહાલા સંતો-ભક્તો ! આ મહારાજ મને ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી વગેરે અનંત મુક્તો સાથે તેડવા આવ્યા છે. હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું. સહુને મારા છેલ્લા જય સ્વામિનારાયણ.'** એમ કહી સ્વતંત્ર રીતે અખંડ મહારાજની સેવામાં અક્ષરધામે પહોંચી ગયા.

ઈતિહાસ નોંધે છે કે, **તે જ દિવસે ગઢપુરમાં મોટીબા પણ સ્વતંત્ર રીતે દેહનો ત્યાગ કરી શ્રીહરિના ધામમાં ગયા હતા.** આમ, તમામ પરમહંસોમાં વધારે લાંબું જીવનારા ભાયાત્માનંદસ્વામી અને તમામ એભલ પરિવારમાં સહુથી વિશેષ લાંબુ જીવનારા મોટીબા, આ બંનેએ અક્ષરધામમાં જવાનો એક જ દિવસ પસંદ કર્યો.

પછી ભાયાત્માનંદસ્વામીના અક્ષરવાસના સમાચાર સાંભળતા જ સહુ સંતો-ભક્તો વાગડ મુકામે ભેગા થયા. સુંદર પાલખી કરી સ્વામીના પાર્થિવ દેહને તેમાં પધરાવ્યો. પછી સહુ સ્વામીની અંતિમયાત્રામાં જોડાયા. ધૂન-ભજન કરતાં કરતાં મોરસિયા ગામની વાડીમાં ગયા, ત્યાં સ્વામીના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો; તે સ્થળે ત્યાં હાલ ઓટો છે. વાગડ, મોરસિયા અને સાલાસર એ ત્રણ ગામનાં લોકો સ્વામી સાથે બહુ જ હેતથી જોડાયા હતા. તેથી ત્યાંના ખેડૂતો અને દરબારો સ્વામીનો મહિમા જાણી હજી સુધી જેઠ વદ-૬ નો અગતો પાળે છે.

કહેતાં, તે દિ' કોઈ ખેડુતો સાંતી જોડતા નથી. વળી, સ્વામીશ્રીની ચાખડીઓ, લાકડી, પહેરવાની ધોતી, તુંબડી તથા ચાકળો વગેરે તેમની પ્રસાદીની વસ્તુઓનો મહિમા જાણી હાલ પણ વાગડના મંદિરમાં પધરાવીને સાચવેલી છે. જે કોઈ યાત્રાળુઓ આવે તેને ત્યાંના ભક્તો ભાવથી તેનાં દર્શન કરાવે છે.

વાગડ દર્શન કરજો, જઈને કોઈક દન;
આ પ્રસંગ સંભારજો, 'જ્ઞાન' થશે હરિ પ્રસન્ન...૨૧૧

ત્યાં દર્શન કરી આ પ્રસંગને યાદ કરવાથી આપણે પણ સાચા સંતની સેવા કરવાથી શું મંગાય ? એવી સમજણની દૃઢતા થશે. સ્વામી જે કૂવાના પાણીથી સ્નાન કરતા, તે કૂવો હજી વાગડના મંદિરમાં વિદ્યમાન છે, અને સ્વામી જે કૂવાનું પાણી માફક આવવાથી પીતા હતા તે કૂવો પણ મોરસિયામાં જ્યાં સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો ત્યાં નજીકમાં જ વિદ્યમાન છે. આ રીતે ભાયાત્માનંદસ્વામીના કારણે આજે સારાય સત્સંગમાં વાગડ ગામ પ્રસિદ્ધિ પામ્યું છે. સંતો સાથે જોડાયેલા વ્યક્તિ, વસ્તુ, સ્થળ કે ગામ પણ અમરત્વ તથા તીર્થત્વ પામે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શેઠને વરદાન તથા સ્વામીનો અક્ષરવાસ કહ્યો' એ નામે ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

અધ્યાય-૩૧

શિવલાલ શેઠ તથા ભગા દોશીનો સંવાદ

ભાયાત્માનંદસ્વામીના અંતિમ સંસ્કારનો વિધિ પૂર્ણ થયો. બીજે દિવસે સ્વામી ધામમાં ગયાનાં પત્રો લખ્યાં. એક પત્ર બોટાદ ભગા દોશી પર લખ્યો. તેમાં લખેલું કે, 'શિવલાલભાઈને સ્વામીશ્રી ધામમાં

પધાર્યાં પછી થોડો તાવ આવ્યો છે.' એટલે ભગા દોશી ગાડી જોડાવી શિવલાલભાઈને તેડવા વાગડ આવ્યા. તેમણે શિવલાલને બોટાદ આવવા કહ્યું. તેમણે ના પાડતા કહ્યું, 'પિતાજી ! હવે મારે બોટાદ આવવું નથી, ત્યાં આવીને મારે શું કામ છે ? અને હવે મારે ત્યાં શું કરવાનું છે ?' એવા શિવલાલના શબ્દો સાંભળી ભગા દોશી ઢીલા પડી ગયા, બહુ જ ઉદાસ થઈ ગયા. એટલે સ્વામીના શિષ્ય સાધુ દેવનંદનદાસજી વગેરે સંતો હતા, તેમને થયું કે, 'આ બરાબર થતું નથી.' પિતાજી ઉદાસ છે અને શિવલાલભાઈ માનતા નથી. પછી દેવનંદનસ્વામીએ શિવલાલભાઈને સમજાવતાં કહ્યું, 'આવું ન કરાય, તમો તમારા પિતાશ્રી સાથે બોટાદ જાઓ.' પછી સંતોના વચને પોતાને વાગડમાં જ શરીર છોડવાનો ઠેરાવ હતો તે છોડી દીધો. અને પિતાજીને કહ્યું, 'સારું, હું બોટાદ આવું છું.'

પછી જતી વખતે સહુ સંતોને કહ્યું, 'સ્વામીના ચૌદમાના દિવસે વાગડ, મોરસિયા અને સાલાસર, આ ત્રણેય ગામના તથા તે દિવસે આવેલા તમામ સંતો-ભક્તોને છૂટથી જમાડજો.' એમ કહી તેનો જે ખર્ચો થાય એટલા રૂપિયા ત્યાં આપ્યા અને કહ્યું, 'છૂટે હાથે ખર્ચ કરજો, કાંઈ કસર રાખતા નહીં. અને જો રૂપિયા ઘટે તો બોટાદ કહેવડાવજો.' એમ કહી પિતાની સાથે શિવલાલભાઈ ગાડીમાં બેઠા.

પછી રસ્તામાં જતા કહ્યું, 'બાપુજી ! તમે મને બહુ આગ્રહ કર્યો. તેથી હું અત્યારે બોટાદ આવું છું, પણ...' એટલું બોલી થોડા અટક્યા. ત્યારે ભગા દોશી કહે, 'બેટા ! હું કાંઈ સમજ્યો નહીં. પણ શું ?' ત્યારે શિવલાલ કહે, 'બાપુજી ! એક વાત હું તમારી માન્યો. હવે એક વાત તમારે મારી માનવાની છે. હું બોટાદ આવું છું, પરંતુ ઘેર નહિ આવું.' ત્યારે ભગા દોશી કહે, 'તો બેટા ક્યાં જઈશ ?' શિવલાલભાઈ કહે, 'હું મંદિરમાં રહીશ. મારો ખાટલો મંદિરમાં ઢળાવજો.' ભગા દોશી કહે, 'એમ કેમ ?' ત્યારે શિવલાલભાઈ કહે, 'મારે ધામમાં જાવું છે !'

વહાલા ભક્તો ! આવા સુખી ઘરમાં એકનો એક દીકરો ધામમાં જવાની વાત કહે તો કયા બાપને આંચકો ન લાગે ? ભગા દોશી પુત્ર સામું થોડીવાર જોઈ રહ્યા. પછી કહે, 'કેમ બેટા અચાનક આવું બોલે છે ?' ત્યારે શિવલાલભાઈએ કહ્યું, "પિતાજી ! સાંભળો, હું ભાયાત્માનંદસ્વામીની સેવા કરવા ગયો હતો. સેવા કરવાથી સ્વામી મારા ઉપર બહુ રાજી થયા હતા, મને વરદાન માંગવાનું કહ્યું હતું. તેથી મેં કહ્યું કે, જે હું માંગું તે આપવાના હો તો વરદાન માંગું. સ્વામી મારા ઉપર બહુ જ રાજી હતા. તેથી મને સ્વામીએ હા પાડી, ત્યારે મેં કહ્યું, 'હે સ્વામી ! તમે ધામમાં જાઓ પછી ચૌદમા દિવસે મને મહારાજની સાથે તેડવા આવજો.' આવું મેં વરદાન માંગ્યું છે, અને સ્વામીએ મને રાજી થઈને આ વરદાન આપ્યું છે."

આ વાત સાંભળતાં જ ભગા દોશી વિચારે ચઢી ગયા, તેમને મનમાં થયું, 'દીકરે કમાલ કરી..?! તે હવે સાધુ થવાની વાત નથી કરતો ને સીધી ધામમાં જવાની વાત કરે છે. જો સાધુ થવા જાતો હોત તો ક્યારેક તેનાં દર્શન થાત. વળી, એમ પણ મનમાં ગૌરવ લેવાય કે, મેં દીકરાનું દાન દીધું છે અને દીકરો આ લોકમાં રહે તેથી દર્શન તો થાય. પરંતુ આ તો ધામમાં જવાની જ વાત કરે છે.' આવું વિચારી ભગા દોશી કહે, 'શું બોલે છે બેટા..? તને આ જ વરદાન માગવાનું સૂઝ્યું ?' એમ કહી થોડા ઊંડા ઊતરી ગયા. ત્યારે શિવલાલભાઈ કહે, 'પિતાજી ! મેં વરદાન માંગવામાં જરાય ભૂલ નથી કરી. દુનિયામાં કોઈ ન માગે એવું મેં માગ્યું છે. આ ધૂળના દેહની બદલે ચૈતન્યનો દિવ્ય દેહ મળતો હોય તો આવા એક નહિ હજારો દેહ કુરબાન કરી દેવાય, માટે મેં બરાબર માગ્યું છે. અને સ્વામીએ પણ રાજી થઈને મને આપ્યું છે.'

ત્યારે ભગા દોશી કહે, 'બેટા ! હજી હું બેઠો છું અને તું નાની ઉંમરમાં ધામમાં જા, અચાનક મરી જા, તે મને અને સહુને કેવું દુઃખ થાય ? તેનો કાંઈ વિચાર કર્યો છે ?'

ત્યારે શિવલાલે કહ્યું, "પિતાજી ! **આ મરવાની વાત નથી, તરવાની વાત છે,** અને મરવાનો તો દેહ છે, આત્મા તો અજર, અમર છે. અને એનું સાચું ઘર અક્ષરધામ છે. માટે મને ત્યાં જવાનો ઉમંગ છે. મેં તો ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામીને બહુ સેવ્યા છે, સમાગમ કર્યો છે. માટે મારે મન આ વાત સો ટકા પાકી છે કે, હું કોઈ કાળે દેહ નથી. હું કોઈનો દીકરો નથી, મારે કોઈ મા-બાપ નથી, છોકરા નથી, નાત-જાત નથી,ભાઈ-ભગીની નથી, બ્રહ્મ એ જ મારી જાત છે; હું તો અજર, અમર અને અવિનાશી એવો આત્મા છું. આત્મા કોઈ દિવસ મરતો નથી તો તમને કોઈને દુઃખ શેનું થાય ? ન જ થવું જોઈએ અને મને આ શરીર પડે એનો ડર નહીં, પરંતુ અમરપદ પામીશ એનો આનંદ છે.

દોહા : મરને સે સબ જગ ડરે, મેરે મન આનંદ;
કબ પાઉં કબ ભેટહું, પૂરણ પરમાનંદ.

મને તો મારા આત્માના આત્મા પ્યારા મહારાજને પામવાનો આનંદ છે. હું મારા પિયુ હરિવરને ક્યારે પામું ?! તેની હોંશ છે. અને તે અવસર મારી માટે આવી ગયો છે, એટલે આ દેહનું મૃત્યુ મને મંગલ મહોત્સવ લાગે છે."

વહાલા ભક્તો ! જેણે સાચા અર્થમાં સત્પુરુષને સેવ્યા હોય તેથી જે પાકા સત્સંગી હોય તેની આવી સમજણ હોય. ઘણી કેરીઓને પરાળના દાબામાં નાંખી રાખે તોય પૂરી પાકતી નથી. પરંતુ આ તો આંબાની ડાળે પાકેલી શાખની કેરી, જેવી મીઠી હોય એવી શિવલાલભાઈની ઉત્તમ સમજણ છે. તેથી તેઓ દેહ અને દુનિયા બધેથી આપમેળે છૂટા

પડી ગયા છે. આ દુનિયામાં શિવલાલભાઈના જેવું અનાસક્તપણું અને સમજણ કોઈ ભાગ્યશાળી પુરુષને જ હોય છે.

અમારા ગુરુજી શ્રીરાધારમણદાસજીસ્વામી(ખાનદેશી) જ્યારે નડિયાદમાં બિમાર હતા, ત્યારે અમે સ્વામીને દવા લેવાનું કહેતા, પરંતુ તેમને દવા ઉપર અરુચિ હતી, તેથી દવા લેવાની ના કહેતા. તેથી મેં કહ્યું કે, 'દવા નહિ લો તો શું થાય ખબર છે ?' ત્યારે મારા ગુરુજી સહજતાથી શબ્દો બોલ્યા જે, 'બધું જ જાણું છું, પરંતુ **અહીંયાં કરતાં ત્યાં અનંત ગણું સુખ છે.** દેહ પડી જાય તેની મને કોઈ ચિંતા નથી.' વહાલા ભક્તો ! મોટા સંતો-ભક્તોની સમજણ કંઈક જુદી હોય છે. સામાન્ય જીવને આ વાત સમજાતી નથી. જો અહીંયાં કરતાં ત્યાં અતિ અધિક સુખ છે, તે સમજાઈ જાય તો ધામમાં જવાનો શિવલાલભાઈની જેમ આપણને પણ ઉમળકો આવી જાય અને સહજતાથી બોલાય કે,

દોહા : **મરને સે સબ જગ ડરે, મેરે મન આનંદ;**
કબ પાઉં કબ ભેટહું, પૂરણ પરમાનંદ.

આપણી વૈદિક સંસ્કૃતિમાં દેહથી આત્માને તદ્દન જુદો કહ્યો છે. જીવ જેવાં કર્મ કરે તેવા જન્મને પામે છે. આત્માનો ક્યારેય નાશ થતો નથી. આપણે પૂનર્જન્મ સ્વીકાર્યો છે. તેથી હિંદુ માણસ મરવાથી બહુ ડરતો નથી. એ તો આપણી સંસ્કૃતિમાં મળેલા જ્ઞાનનો પ્રભાવ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં તો લોકો મોતથી બહુ જ ડરે છે. ત્યાં દવાખાનામાં વૃદ્ધો હોય તે ડૉક્ટરોને સતત કહેતા હોય છે કે, 'કોઈ પણ ભોગે મને જીવાડો. માંસ ખવાડો, દારૂ પિવડાવો, જે કરવું હોય તે કરો પણ મને જીવાડો, મને જીવાડો.' ત્યાં જઈને એની કઠણાઈ જુઓ તો ખ્યાલ આવે. આપણે આહીં તો જીવ થોડા ઘણા દુઃખી થાય ત્યાં પ્રભુને પ્રાર્થના કરવા મંડે છે કે, હે પ્રભુ ! હવે મારી દોરી ખેંચી લે. ક્યાંક બીજે નવું

કલેવર દઈ દે, અહીંથી હવે ઉપાડી લે. એ વૈદિક ધર્મવાળા માટે બહુ સારું છે. બીજા તો મોતને ભાળી અતિ દુઃખી થાય છે.

વળી, હિંદુ સંસ્કૃતિમાં સ્પષ્ટ છે કે, 'દેહ મરે છે, આત્મા ક્યારેય મરતો નથી. પરંતુ એક દેહમાંથી છૂટી બીજી સારી જગ્યાએ તેનાં શુભ કર્મો પ્રમાણે બીજો જન્મ આવે છે.' ત્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિમાં તો મરવું એટલે સમાપ્ત થઈ જવું, કાંઈ વધતું જ નથી. કેમ જે, તે પુનર્જન્મને માનતા નથી, માટે મોતથી બહુ ડરે છે. અને શિવલાલભાઈ જેવા બધી જ શારીરિક સુખ સગવડતા હોય છતાં આપમેળે આનંદથી ધામમાં જવા તૈયાર થઈ જાય; એ વાત તો અનોખી છે. જ્ઞાની અને નિર્વાસનિક માણસનું એ કામ છે. મોટા ભાગના માણસો કૌટુંબિક, સામાજિક, આર્થિક કે શારીરિક રીતે ખૂબ હેરાન થાય ને પીડા ભોગવે; પછી વિચારે છે કે, 'હવે આ દેહમાંથી છૂટા થવાય તો સારું.'

ચારેય બાજુ સુખ હોય, જગમાં માન-મોટપ અને અઢળક સંપત્તિ હોય, મંદિરમાં જઈ પ્રભુ ભજી શકાય એવું હોય તો ધામમાં જવાનું બહુ ઓછાને મન થાય. સુખમાં કોઈ સ્મરણ કરતું નથી, સહુ દુઃખમાં જ પ્રભુ ભજે છે, પ્રાર્થના કરે છે. સુખમાં ભજન કરે, સત્સંગ કરે, જીવન સમર્પણ કરે એવા વિરલા ઓછા હોય છે. આ શિવલાલભાઈનું આખ્યાન વાંચવા જેવું અને હૃદયમાં રાખવા જેવું છે. આ કથા જીવને છતાં દેહે મુક્ત બનાવે તેવી છે.

જેમ કાચમાં અને હીરામાં ફેર છે, પાણીમાં અને અત્તરમાં ફેર છે; તેમ શ્રીહરિનાં સુખમાં અને વિષયસુખમાં બહુ મોટો ફેર છે. જેને શ્રીહરિના સુખમાં દૃષ્ટિ પહોંચે તેને અનંત બ્રહ્માંડનાં સુખ ગંધાતી ગટર જેવાં થઈ જાય છે. પછી તે ભક્ત જેમ યજ્ઞ કરનારો યજ્ઞનારાયણને આહુતિઓ અર્પણ કરે છે તેમ પોતાના આત્માની તમામ વૃત્તિઓને શ્રીહરિના સ્વરૂપમાં અર્પણ કરે છે. અને જે પોતાની તમામ વૃત્તિઓ

મૂર્તિમાં અર્પણ કરે છે, તે જ મહામુક્ત બને છે. જેને શ્રીહરિનો મહિમા સમજાય તેને જ તેમનું આપોઆપ અખંડ ચિંતન થાય છે અને તે આત્મા જ હોંશે હોંશે હરિવરને અર્પણ થાય છે.

શિવલાલ કહે છે, ‘પિતાજી જેને એક સર્વાવતારી શ્રીહરિનું જ કામ છે, તેને શ્રીહરિ સિવાયના બીજા સંકલ્પો શોભે નહીં. જેમ નાક વગરની નથણી શોભતી નથી તેમ મારે મુખે હવે બીજી વાત શોભે નહીં. હવે મને મહારાજ સિવાયનું બીજું કોઈ ચિંતન ગમતું નથી. માટે મારી પથારી મંદિરમાં કરાવજો.’

ભગા દોશીએ શિવલાલભાઈને માપી લીધા. કેમ જે, તે પણ કાંઈ સામાન્ય નથી ને..! તે સમજ્યા કે, આ આલોકના નથી. મારે હજી દેહમાં તથા આ લોકમાં મોહ છે, પરંતુ આ તો સંપૂર્ણ નિર્મોહી બની ગયો છે. પછી તેમને કહ્યું, ‘બેટા ! કાંઈ વાંધો નહિ. તને જેમ ગમે તેમ હું કરીશ, ઘેર ન આવવું હોય તો મંદિરમાં ઉતારો રાખીએ.’ આમ, બાપ-દીકરા બંનેનો સંવાદ ચાલતો હતો ત્યાં ગાડું બોટાદ પહોંચ્યું. બોટાદની બજારમાં મંદિર આવ્યું ત્યારે શિવલાલભાઈએ કહ્યું, ‘ભાઈ ! ગાડું ઊભું રાખ.’ પછી ગાડું ઊભું રાખ્યું એટલે શિવલાલભાઈ નીચે ઊતરી ગયા અને બોટાદ મંદિરમાં પ્રવેશ કર્યો. ભગવાનનાં દર્શન કરી સંતોને ભાવથી જય સ્વામિનારાયણ કર્યા. પછી બોટાદ મંદિરમાં ધ્યાનાનંદસ્વામી તથા સાંખ્યાનંદસ્વામી જ્યાં રહેતા તે ઓરડાની ઉપરની મેડીએ શિવલાલભાઈએ ખાટલો ઢળાવ્યો અને ત્યાં જ ઉતારો રાખ્યો.

એક પછી એક દિવસ જવા લાગ્યા. એવામાં શેઠને તાવ વધ્યો અને માલણ થઈ. નાકમાં ફોડલી થાય તેને માલણ કહેવાય છે. પછી શિવલાલભાઈએ સહુ સંતો-ભક્તોને કહ્યું, **‘અષાઢ સુદ પાંચમને દિવસે હું મહારાજના ધામમાં જવાનો છું. માટે અહીં જે કોઈ આવે તે અખંડ ભજન-સ્મરણ કરજો, બીજી કોઈ વાત કરતા નહીં.’**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠ તથા ભગા દોશીનો સંવાદ કહ્યો' એ નામે એકત્રીસમો અધ્યાય થયો. ॥૩૧॥

અધ્યાય-૩૨

શેઠે પિતાજીને કરેલી અંતિમ બે ભલામણ

પછી ભગા દોશીએ ગઢપુર તથા વડતાલ સમાચાર મોકલ્યા. શું સમાચાર મોકલ્યા ? તો સં.૧૯૧૬ અષાઢ સુદ-૫ ના દિવસે મારો દીકરો શિવલાલ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.સદ્.ભાયાત્માનંદસ્વામીના આશીર્વાદથી ભગવાનના ધામમાં જવાનો છે. જેથી અમારા કુટુંબમાં તથા બોટાદ સત્સંગમાં ઘણી ખોટ પડશે, પરંતુ મોટાએ જે નક્કી કર્યુ હોય તેને કોઈ ફેરવી શકતું નથી. તેમને જે ગમ્યું તે ખરું. અને મારા દિકરા શિવલાલને પણ અહીં કરતાં અક્ષરધામમાં અનંત ઘણું સુખ મનાણું છે. તેથી તે મહાસુખ લેવાનો તેને બહુ ઉમંગ છે. માટે તેઓ અક્ષરધામમાં જશે. જેમને તેને મળવું હોય તે આવી જજો.'

વહાલા ભક્તો ! આ તો જાણે અત્યારે તો કોઈ મરી જાય પછી સમાચાર મોકલે કે, 'આ ભાઈ અક્ષરવાસી થયા છે. તેના જવાથી ઘણી ખોટ પડી છે. હરિને ગમ્યું તે સાચું.' આમ સહુ ભૂતકાળના સમાચાર મોકલે છે. ત્યારે ભગા દોશીએ કાગળ લખી ભવિષ્યમાં પુત્ર ધામમાં જવાનો છે, એવા સમાચાર મોકલ્યા. આ તો સ્વામિનારાયણ સંપ્રદાયની વિશિષ્ટ દિવ્યતા છે. જેમ કોઈ બહારગામ જવાના હોય કે દીકરાનાં લગ્ન હોય તેમ ધામમાં જવા માટેનો સમય નક્કી થયો છે. આ જ સ્વામિનારાયણ ભગવાનના સત્સંગની સર્વોપરીતા છે.

વિશ્વના ઈતિહાસમાં કોઈ જગ્યાએ આવી વાતો લખાણી હોય એવી મેં વાંચી-સાંભળી નથી. ત્યારે સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા આ સંપ્રદાયમાં આવી અનેક ગાથાઓ છે. અઢારમાં સૈકામાં અક્ષરાધિપતિ શ્રીહરિ અહીં પધાર્યા ત્યારથી દુનિયામાં આવા અનેક ઈતિહાસો સર્જાઈ ગયા છે, અને સર્જાઈ રહ્યા છે અને પૃથ્વી રહેશે ત્યાં સુધી હજુ પણ સર્જાતા રહેશે. બાકી આવી સમજણ આવવી એ છોકરાના ખેલ નથી. લોઢાના ચણા ચાવવા જેવું કઠણ છે.

સાંદીપની ઋષિ શ્રીકૃષ્ણ ભગવાનના ગુરુ હતા. અને તેમનો દીકરો સોમનાથના દરિયામાં તણાઈ ગયો તેને વર્ષો વયાં ગયાં હતાં. પરંતુ શ્રીકૃષ્ણ, બળદેવ ભણી રહ્યા અને ગુરુદક્ષિણા આપવાનું કહ્યું, ત્યારે ઋષિ તથા ઋષિપત્નીએ વર્ષો પહેલાં મરેલો પોતાનો દીકરો પાછો માગ્યો હતો. પછી ભગવાને તેને જમપુરીમાંથી લાવી આપ્યો. પરંતુ મારે એ કહેવું છે કે, તમામ વિદ્યા અને કળાના પારને પામેલા સાંદીપની ઋષિને વર્ષો ગયા છતાં દીકરાની આસક્તિ ગઈ ન હતી, હેત ટળ્યું ન હતું.

વળી, વશિષ્ઠ મુનિ રામચંદ્ર ભગવાનના ગુરુ હતા. તેમના પુત્રો મૃત્યુ પામ્યા ત્યારે તે પણ આત્મહત્યા કરવા તૈયાર થઈ ગયા હતા. અને અર્જુનજી નરનો અવતાર ગણાય છતાં અભિમન્યુ યુદ્ધમાં મરાયો ત્યારે અર્જુનજીને પુત્રમાં હેત હોવાને કારણે ગીતા સાંભળ્યા પછી પણ શોક થયો હતો, શ્રીકૃષ્ણ ભગવાને તેમને સમજાવીને છાના રાખ્યા હતા. આમ, આ લોકમાંથી, સ્ત્રીમાંથી, ધનમાંથી કે દીકરા-દીકરીમાંથી કે માતા-પિતામાંથી પ્રીતિ તોડવી તે કામ સહેલું નથી. શિવલાલભાઈની જેમ જેણે સાચા અર્થમાં સત્સંગ કર્યો હોય, ખૂબ સંતોની સેવા કરી હોય, વચનામૃત અને નંદસંતોની વાતોના જ્ઞાનને જીવનમાં પચાવ્યું હોય અને પૂર્વજન્મના ભક્ત હોય, તેનું આ કામ છે.

ગઢપુર તથા વડતાલ શિવલાલભાઈ ધામમાં જવાના છે એવા સમાચાર મળ્યા. તે જ સમયે વડતાલમાં રઘુવીરજી મહારાજને ભાયાત્માનંદસ્વામી તથા મોટીબા ધામમાં ગયાના સમાચાર પણ મળ્યા. સત્સંગના આભૂષણ જેવાં બે રત્નો ગયા અને શિવલાલભાઈ જવાની તૈયારીમાં છે,

પૂર્વછાયો : એવા સમાચાર સાંભળી, થયાં અંતર સૌનાં ઉદાસ;
મુક્ત જે અક્ષરધામના, તન તજી ગયા પ્રભુ પાસ.

એવા સમાચાર સાંભળી રઘુવીરજી મહારાજ વડતાલથી બોટાદ આવવા નીકળ્યા. વળી, ગઢપુર નજીક હોવાથી ત્યાંથી તરત જ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી બોટાદ આવ્યા, મંદિરમાં ઉતારો કર્યો. સંતોની મંડળી રોજે શિવલાલભાઈ પાસે બેસી કીર્તનો ગાય છે, વચનામૃત વગેરે ગ્રંથોની કથા વાંચે છે. શિવલાલભાઈએ ત્યારે પોતા પાસે ચાલીશ સાધુ રાખ્યા હતા અને સતત ભજન કર્યું હતું. વળી, શિવલાલભાઈને ગંગાજળ કરતાં પણ ઘેલાજળનો અધિક મહિમા હતો, તેથી ભગા દોશીએ તેમની ઈચ્છા પ્રમાણે વ્યવસ્થા કરી હતી, તે મુજબ રોજે બે કાવડો ભરીને ઉન્મત્તગંગાનું જળ ગઢપુરથી બોટાદ લાવતા. તે જ પાણી તેમને પાતા, રસોઈમાં વાપરતા, અને એ જ જળથી શિવલાલભાઈને સ્નાન કરાવતા.

સર્વાવતારી શ્રીહરિના સંબંધમાં આવેલા ઘેલાનો મહિમા પણ આ પ્રસંગથી સમજવા જેવો છે. જ્યાં પાંચસો પરમહંસો સાથે અક્ષરાધિપતિ સર્વાવતારી શ્રીહરિએ અનંતવાર સ્નાન કર્યું છે, તે જળનો મહિમા ગંગાજળ કરતાં અનંત ઘણો વિશેષ છે. તે સમજાવવા માટે તો આખો 'ઉન્મત્તગંગા માહાત્મ્ય' નામનો ગ્રંથ લખાયો છે. આપણને પણ જ્યારે સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાશે ત્યારે શ્રીહરિના સંબંધમાં આવેલ દરેક વસ્તુ, પદાર્થ, વ્યક્તિ, ઝાડવાં, ઘર, પથ્થર, નદીઓ,

તળાવો વગેરેનો અતિ મહિમા થાશે. બધું જ શ્રીહરિના સંબંધથી નિર્ગુણ સમજાશે, ચિન્મય સમજાશે અને દિવ્યતાની અનુભૂતિ થશે. શિવલાલભાઈ નિત્ય ઉન્મત્તગંગાનું પવિત્ર જળ જ સ્નાનાદિક તમામ ક્રિયામાં વાપરે છે.

આમ, આઠ-દશ દિવસ ગયા. નિત્ય કથા, કીર્તનની રમઝટ બોલે છે, બ્રહ્મરસની હેલી વરસે છે, શિવલાલભાઈ મહાઆનંદમાં છે. ભગા દોશીના મનમાં પણ એમ થાય છે કે, 'વાહ મારા પ્રભુ..! અને વાહ મારો પુત્ર..!' આટલો સમૃદ્ધિવાન બાપ પોતાના એકના એક પુત્રને આ રીતે ધામમાં જતા જુએ ત્યારે તેમને પણ ક્યારેક મનમાં એવું થાય કે, 'શિવલાલ આગળ નીકળી ગયો અને હું પાછળ રહી ગયો.' જેમ મોટીબાની પ્રાર્થનાથી શ્રીહરિએ દૂધનો કટોરો પીધો અને એભલબાપુના પગમાં ફગાવ્યો ત્યારે બાપુને સમજાણું કે, 'મારી દીકરી મોટી..! આગળ નીકળી ગઈ અને હું કાંઈ સમજ્યો નહીં, પાછળ રહી ગયો.' તેમ ભગા દોશીને પણ ક્યારેક એમ થાય છે કે, 'બેટો આગળ નીકળી ગયો ને હું પાછળ રહી ગયો.'

આમ, કરતાં અષાઢ સુદ-૪ નો દિવસ આવ્યો. હવે શિવલાલભાઈને ધામમાં જવા માટે માત્ર એક જ દિવસ બાકી રહ્યો હતો. આગલે દિવસે આખું કુટુંબ આવ્યું, સહુ બેઠા છે, સંતો બેઠા છે. ત્યારે,

પૂર્વછાયો :

ભગા દોશી એમ બોલિયા, બેટા કે'વી છે કાંઈ વાત;
જે કહેવું હોય તે સુખે કહે, હું માનીશ થઈ રળિયાત...૨૧૨
શિવલાલ કહે પિતા સાંભળો, મારે કે'વી છે બે વાત;
વ્યાજ તણા આ વ્યાજમાં, તમે બંધાશો નહિ મુજ તાત...૨૧૩

(૧) હે પિતાજી ! આ મારા પુત્રોમાં તમે મોહ રાખતા નહીં. તેમને ત્રણ પુત્ર હતા. તેમાં આ સમયે મોટા કેશવલાલની ઉંમર ૧૩

વર્ષની હતી. બીજા છગનલાલની ઉંમર **૧૧ વર્ષની** **અને** નાના હરિલાલની ઉંમર **૯ વર્ષની હતી.** આ ત્રણ સામી આંગળી ચીંધી કહે, **‘બાપુજી ! આ વ્યાજના વ્યાજમાં તમો બંધાતા નહીં.’** વણિક પુત્ર હોવાથી તેની વ્યાજવટાની ભાષામાં વાત કરી અને કહ્યું, ‘આ વાત મારી કબૂલો તો બીજી વાત કરું.’ ત્યારે ભગા શેઠ કહે, ‘બેટા ભલે, કબૂલું છું. તે બાબતની તું ચિંતા કરીશ નહીં, હું તેમાં નહિ બંધાવ.’ “સારું પિતાજી !” તો હવે બીજી વાત સાંભળો.

દોહા : સાધુની પેઠે ઉત્સવ કરતાં, સ્મશાન યાત્રા કાઢજો;
કીર્તન ગાજો આનંદથી, મુજ વાસે કોઈ ન રડજો...૨૧૪

(૨) બીજી વાત એ કે, **‘સાધુની પેઠે ઉત્સવ કરતાં કરતાં અને કીર્તનો ગાતાં ગાતાં મારી સ્મશાનયાત્રા કાઢજ્યો. મારી પાછળ કોઈ રડશો નહીં. સહુ વાજિંત્રો વગાડજો, કીર્તનો ગાજો, અબીલ-ગુલાલ ઉડાડજો અને શ્રીહરિના નામનો ‘જય જયકાર’ બોલાવતાં વાજતે-ગાજતે મારા પાર્થિવ દેહને સ્મશાને લઈ જઈને બાળી દેજો. કેમ જે, હું અક્ષરધામમાં જવાનો છું. અહીં કરતાં અનંતગણા મહાસુખને પામવાનો છું. માટે મારી પાછળ શોક કરવો વ્યાજબી નથી.’**

શું શિવલાલભાઈએ સમજણની દૃઢતા કરી છે ! માટે આપણે પણ આવી સમજણ શીખવી જ જોઈએ. આ તો સમજણ બદલાવવાની કથા છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં ‘શિવલાલ શેઠે પિતાજીને કરેલી અંતિમ બે ભલામણો કહી’ એ નામે બત્રીસમો અધ્યાય થયો. ॥૩૨॥

અધ્યાય-૩૩

શિવલાલ શેઠનો અક્ષરવાસ

વહાલા ભક્તો ! જીવનમાં સુખ હોય, બંગલા હોય, સંપત્તિ હોય, ખાવા-પીવાની કોઈ મુશ્કેલી ન હોય, જગતમાં આબરુનો પાર ન હોય ત્યાં જ શિવલાલભાઈ જેવી સમજણ કેળવી લેવી જોઈએ. જે ગરીબ છે, જેને ખાવાનું પણ પૂરું મળતું નથી એ સત્સંગ માટે સમય ન કાઢી શકે; એ તો સમજ્યા જેવી વાત છે. પરંતુ જેમને ભગવાને બધું જ આપ્યું છે, તેણે તો મન-કર્મ-વચને સમય કાઢીને સત્સંગ કરી લેવો જોઈએ, સાચી સમજણ કેળવી લેવી જોઈએ, તો જ અંતે આવી શાંતિ અને આવો આનંદ રહેશે. આ લોકમાં ગમે તેટલું કરશું તોપણ સુખ, શાંતિ કે સ્થિરતા નહિ રહે. કેમ જે, બધું જ કાળનો કોળિયો છે. માટે ખોટું ડહાપણ મૂકી, હોંશિયારી છોડી વર્ષમાં એક-બે મહિના સંતો ભેળા રહીને શિવલાલભાઈના જેવી સમજણ કેળવી લેવી જોઈએ; એ જ સાચું શાણપણ છે. અને પોતાનો મોક્ષ સુધારે એ જ ડાહ્યો છે. **જે પોતાનું કલ્યાણ કરી લે એને જ શ્રીહરિએ કુશાગ્રબુદ્ધિવાળો કહ્યો છે.** બાકી જેને મોક્ષની ગમ જ ન હોય એવા ગાંડા તો દુનિયામાં ઘરોઘર ભર્યા છે.

શિવલાલભાઈએ આગળ કહી તે બે ભલામણ પિતાને કરી. અને ભગા દોશીએ પણ તે બંને વાત સહર્ષ સ્વીકારી અને કહ્યું, 'બેટા ! તારી બંને વાતને હું મસ્તકે ચડાવું છું.' લાખો ધન્યવાદ છે મહામુક્તરાજ શિવલાલભાઈને કે, જેમણે પોતાના નાના પુત્રોમાં પિતાશ્રીને હેત ન રહે ને તેમાં બંધાઈ ન જાય એવો અંતકાળે ઉપદેશ આપી તેમને પણ નિર્બંધ કર્યા. અને ભગા દોશીને પણ ધન્યવાદ છે કે, તેમણે સહુની હાજરીમાં નિર્માનીપણે આ વાતને સહર્ષ સ્વીકારી. આ રીતે તે દિવસની સભા પૂર્ણ થઈ.

બીજે દિવસે સવારમાં સ્નાન કરી, પૂજાપાઠ કરી સવારના પહોરમાં શિવલાલભાઈ ધામમાં જવા તૈયાર થઈને બેઠા. તમામ સંતો-ભક્તો આવી ગયા, તેમનું આખું કુટુંબ ત્યાં હાજર હતું. પરંતુ કોઈ કારણોસર રઘુવીરજી મહારાજ આ સમયે ત્યાં પહોંચી શક્યા ન હતા. ભગા દોશીએ અગાઉથી સહુને જણાવ્યું હતું કે, 'મારો પુત્ર આ તીથિએ, આ વારે ધામમાં જવાનો છે.' જગતમાં તો કોઈ લોકો મરે તેની તીથિ નક્કી ન હોય. તેથી લોકો તેના મર્યા પછી બેસણાની તીથિ નક્કી કરી તે પ્રસંગે કે દાડામાં સહુ ભેગા થાય. પરંતુ અહીં તો અગાઉથી ધામમાં જવાના તીથિ, વાર નક્કી જ હતા. એટલે બહુ સંતો-ભક્તો ત્યાં હાજર થઈ ગયા હતા. પછી જે રીતે ભાયાત્માનંદસ્વામીએ સવારમાં દેહ છોડ્યો હતો, એ જ રીતે શિવલાલભાઈએ પણ સવારમાં ગાયના છાણથી ભુમિ લીપાવી, તલ વેરાવ્યા, સહુ સંતો-ભક્તોને ભાવથી પગે લાગ્યા અને પલાઠીવાળી તે સ્થળે ધ્યાનમાં બેઠા.

એ જ સમયે **સં.૧૯૧૬, અષાઢ સુદ-૫ ને દિવસે પોતાના આપેલા વરદાન પ્રમાણે ભાયાત્માનંદસ્વામી શ્રીજીમહારાજ તથા અનેક સંતોને સાથે લઈને શિવલાલ શેઠને તેડવા આવ્યા.** તેથી શિવલાલભાઈ સહુને બે હાથ જોડી પગે લાગી કહે, 'આ ભાયાત્માનંદસ્વામી, પ્યારા શ્રીહરિજીમહારાજ તથા ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, યોગાનંદસ્વામી આદિક ઘણા સંતો સાથે મને તેડવા આવ્યા છે.' એમ કહી કહે, 'પધારો મહારાજ ! પધારો સ્વામી ! પધારો સંતો ! આપ અસંખ્ય મુક્તો સહ મને તેડવા પધાર્યા, હું ધન્ય થઈ ગયો ! પ્રભુજી ! હું ધન્ય થઈ ગયો !' આવું બોલતાં શિવલાલભાઈની સામે સહુ સંતો-ભક્તો, કુટુંબીઓ એક નજરે જોઈ રહ્યા. પછી સહુને કહે, 'હવે હું ધામમાં જાઉં છું. સહુને મારા જય સ્વામિનારાયણ.' એમ જ્યાં બોલ્યા ત્યાં તેમનો દેહ ધરતી ઉપર ઢળી પડ્યો. અને તેમનો આત્મા સ્વતંત્રપણે

દેહનો ત્યાગ કરી શ્રીજીકૃપાથી દિવ્યતનુ પામી મહારાજ તથા મુક્તો સાથે ધામમાં જવા વિમાનમાં બેસી રવાના થયો. આ રીતે શિવલાલભાઈએ આ લોક અને ભૌતિક શરીરનો ત્યાગ કરી અક્ષરધામમાં શ્રીજીમહારાજનો મહાઆનંદ સદાને માટે પ્રાપ્ત કર્યો. આવું મૃત્યુ કોઈ ભાગ્યશાળીનું થાય છે.

શાર્દૂલ :

આવે અંતસમો સુભક્ત જનને, સંતો સમીપે રહે,
કોઈ કીર્તન ગાય થાય સુમતી, વાર્તા પ્રભુની કહે;
પ્રીતી દેહ સુગેહ માંહિ ન રહે, વૃત્તી પ્રભુમાં ઠરે,
એવાનું અતિ ધન્ય ધન્ય મરવું, સદ્ધામમાં સંચરે.

આ રીતે વાજતે-ગાજતે સંતોની સાનિધ્યે, મંદિરમાં રહીને જ ભગવાનના ધામમાં જાય તેને લાખો ધન્યવાદ છે. હવે તેનાથી વિરુદ્ધ દિશાનું એક ચિત્ર રજુ કરતાં વિહારીલાલજી મહારાજ કહે છે,

આવે અંતસમે ઉદાસ કરવા, સ્વાર્થી સગાં સૌ મળી,
પાડે આંસુ સમીપ આવિ પતની, સંતાન સાથે વળી;
તે દેખી તનવાસના અતિ વધે, ક્યાં કષ્ટનો પાર છે,
એવું અંત સમે મુંઝાઈ મરવું, ધિક્કાર ધિક્કાર છે.

માણસ મરવા પડ્યો હોય, આશાઓ અધૂરી હોય, વાસનાની પીડા હોય, તેથી તેની વેદનામાં હેરાન થતો હોય; એવા સમયે સહુ સ્વાર્થી સગાંઓ મળી ત્યાં આવે, આંસુડાં પાડે અને તેની ચિંતા સાથે મરવું, તેને હજારોવાર ધિક્કાર છે. માટે...

જબ તું આયે જગતમેં, જગ હસે તુમ રોય;
ઐસી કરની કર ચલો, તુમ હસો જગ રોય.

મરના મરના સબ કહે, મરના ન જાને કોય;
એક બાર ઐસા મરો, ફીર જનમ ન હોય.

ફરીને જન્મ ન થાય, એમ મરવું એ જ જીવનની સાર્થકતા છે. શિવલાલભાઈએ જીવતાં પણ શીખવાડ્યું છે અને મરતાં પણ શીખવાડ્યું છે. માટે જીવનના દરેક શ્વાસોનો એવો ઉપયોગ કરીએ કે, જેથી અંત સમયે પસ્તાવો ન થાય, જ્યારે આપણો અંતકાળ આવે ત્યારે દુનિયાના લોકો રડતાં હોય અને આપણે શિવલાલભાઈની જેમ હસતાં હોઈએ. એવી સમજણ અત્યારથી દૃઢ કરવી જોઈએ. પાણી આવ્યે પાળ ન બંધાય, તરસ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. પૂર્વતૈયારી કરવી તેના જેવી કોઈ ચાલાકી નથી, તે સર્વોત્તમ બુદ્ધિમત્તા છે. તે સાવધાન મનુષ્ય જ કરી શકે છે.

શિવલાલભાઈએ કેવી સમજણની દૃઢતા કરી હશે ! કેવો વૈરાગ્ય મેળવ્યો હશે ! કેવું જ્ઞાન કેળવ્યું હશે ! કેવો શ્રીહરિમાં અનુરાગ અને સંતો-ભક્તોમાં પ્યાર કર્યો હશે ! તે બાબતે થોડું વિચારવું જોઈએ.

ચોપાઈ :

કેવું પામ્યા હશે શેઠ જ્ઞાન રે, કેવા રાજી હશે ભગવાન રે;
કેવો હશે એને વૈરાગ્ય રે, કેવો હશે હરિમાં અનુરાગ રે...૨૧૫

ધન્ય ધન્ય આ મુક્ત અવતાર રે, સિદ્ધવલ્લભ ઊતર્યા પાર રે;
પિતા તથા ગુણાતીત ગુરુ રે, તેના પેલા કર્યુ પોતે પુરુ રે...૨૧૬

શિવલાલે લીધો છે નંબર રે, ધામે જાવામાં ભારે જબ્બર રે;
આવું વર માંગીને ભાગવું રે, જગ તૃણવત્ જે ત્યાગવું રે...૨૧૭

જેવા તેવાથી ક્યાંથી તે થાય રે, આ તો અતિશે મોટા કે'વાય રે;
આવું થાવાનો કરવો વિચાર રે, એમાં રાજી હરિ છે અપાર રે...૨૧૮

મળવત્ આ લોક છોડવું રે, સદા હરિમાં મન જોડવું રે;
એવું કરી લેજો તમે 'જ્ઞાન' રે, જાણો એમાં જ રાજી ભગવાન રે...૨૧૯

સિદ્ધવલ્લભ રાજાને શ્રીહરિને સર્વોપરી જાણવાની જરીક જેવી ખામી રહી હતી. દયાળુ શ્રીહરિએ આ જન્મ આપી તે કસર ટાળી દીધી.

પછી તો શિવલાલભાઈ પોતાના પિતા તથા ગુરુથી પણ ધામમાં જવામાં આગળ નીકળી ગયા. આપણે પણ તેમના જેવો જ જગતનો અભાવ અને શ્રીહરિ તથા સંતોમાં ભાવ કેળવવો જોઈએ. **દેહમાં ખાર થાય તો જ પ્રભુમાં પ્યાર થાય.** માટે દેહ અને દુનિયાને મળવત્, તુચ્છ જાણી શ્રીહરિની મૂર્તિના સુખના બંધાણી થઈ જાવું જોઈએ. **આપણો જન્મ દુનિયામાં સારા થવા નહિ, પરંતુ શ્રીહરિ અને સંતોના પ્યારા થવા માટે છે;** તે ક્યારેય ભૂલવું નહીં. તો જ સાચી સમજણ કેળવી શકાશે. શિવલાલભાઈ ધામમાં ગયા પરંતુ રઘુવીરજી મહારાજ ત્યાં પહોંચી શક્યા નહીં. વાટમાં જ તેમને ખબર પડી કે, 'શેઠ ધામમાં જતાં રહ્યા છે.' તેથી બોટાદ નહિ આવતાં સીધા ગઢપુર જતાં રહ્યા. અને તેમના બારમાના દિવસે ભગા દોશી તથા તેમના કુટુંબીઓને મળવા બોટાદ આવ્યા. ત્યારે કહે, શેઠ હતા તો આસપાસના દેશની આજ સુધી અમારે કાંઈ ચિંતા નહોતી, એવા તે બળીયા હતા. આ રીતે શિવલાલભાઈની અતિશય પ્રશંસા કરી અને તેમના સંબંધીઓને આશ્વાસન આપી તેઓ પરત પધાર્યા.

વહાલા ભક્તો ! જીવનમાં એક સદ્‌ગુરુ મળે તોપણ બેડો પાર થઈ જાય. પરંતુ શિવલાલ શેઠ તો પરમ ભાગ્યશાળી હતા. તેમને ત્રણ સદ્‌ગુરુઓ મળ્યા હતા. (૧) અનાદિમુક્ત યોગસમ્રાટ ગોપાળાનંદસ્વામી (૨) બ્રહ્મદર્શી ગુણાતીતાનંદસ્વામી અને (૩) વચનમૂર્તિ ભાયાત્માનંદસ્વામી. આ ત્રણેય સમર્થ સદ્‌ગુરુના યોગે કરીને શિવલાલભાઈએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેને યુગો સુધી લોકો સંભારશે, પ્રેરણા પામશે અને અક્ષરધામમાં જવાનો સાચો રસ્તો મેળવશે. એટલું જ નહીં, ડંકો વગાડી ધામમાં જતા રહેશે, શ્રીજીમહારાજની મૂર્તિનું ત્યાં અખંડ મહાસુખ ભોગવશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠનો અક્ષરવાસ કહ્યો' એ નામે તેત્રીસમો અધ્યાય થયો. ।।૩૩।।

અધ્યાય-૩૪

શિવલાલ સાથે શ્રીહરિની સવારીનાં દર્શન

જ્યારે મહારાજ અનેક મુક્તમંડળ સાથે શેઠને તેડવા આવ્યા ત્યારે ભાવનગરમાં રેવન્યુ અધિકારી છોટાલાલને તથા બોટાદના એક વોરા આ બંનેને શ્રીજીમહારાજની સવારીનાં દિવ્ય દર્શન થયાં હતાં. શ્રીહરિ શિવલાલ શેઠને સવારી સાથે તેડવા આવ્યા, એવી જાણ ભાવનગરના દીવાન મહામુત્સદ્દી ગંગા ઓઝાને થઈ. તેથી તેમણે રેવન્યુ અધિકારી છોટાલાલને પોતા પાસે બોલાવીને પૂછ્યું કે, "શિવલાલ શેઠને સ્વામિનારાયણ સવારી સાથે તેડવા આવ્યા તે વાત સાચી છે ?" ત્યારે છોટાલાલ કહે કે, "દીવાનજી ! તે વાત સંપૂર્ણ સત્ય છે. કેમ જે, હું મારી અગાસીમાં સવારને વારે ઊભો હતો, ત્યારે સ્વામિનારાયણ છોટી સવારી સાથે મારા ઘર પાસે નીકળ્યા. મેં તેમને નમસ્કાર કરી પૂછ્યું, હે સ્વામિનારાયણ ! તમો ક્યાં જાઓ છો ? ત્યારે તેઓ કહે, અમો બોટાદમાં શિવલાલ શેઠને તેડવા જઈએ છીએ."

આવાં દિવ્ય દર્શન ભાવનગરમાં શ્રીહરિએ તેમને આપ્યાં હતાં. ત્યારથી છોટાલાલ અને દીવાન ગંગા ઓઝા, આ બંનેને સત્સંગનો અતિશય ગુણ આવ્યો હતો, અને સત્સંગનો મોટો મહિમા સમજતા હતા.

દોહા : રીત અલૌકિક નાથની, સહુને ન સમજાય;
એક કામમાં અનેક કામ, કરે છે શ્રીહરિરાય...૨૨૦

જ્યારે શ્રીહરિ શિવલાલભાઈને તેડવા આવ્યા, તે જ સમયે બોટાદમાં વોરાને પણ મહારાજે સવારી સાથે દિવ્ય દર્શન આપ્યાં હતાં.

તેથી તે વોરાએ બોટાદમાં સહુને કહ્યું કે, “આ સહજાનંદસ્વામી વિમાનમાં બેસી શિવલાલભાઈને તેડવા સ્વામિનારાયણના મંદિરમાં ગયા છે.” આમ સહુની પ્રતીતિ માટે મહારાજે તે બંનેને દિવ્ય દર્શન આપી ‘શિવલાલ શેઠને ધામમાં તેડી ગયા’ તેના સાક્ષી બનાવ્યા હતા.

બોટાદ ગામે વોરાના, મોટા ભાગ્ય ગણાય;
નહિતર પ્યારા શ્રીજીનાં, દર્શન ક્યાંથી થાય...૨૨૧

છોટાલાલ ભાવપુરના, પામ્યા પુણ્ય અપાર;
દર્શન આવાં પામિયા, ધન્ય એનો અવતાર...૨૨૨

વળી, ભગા દોશીએ પુત્રનાં વચનને સત્ય કરવા આવી દુઃખદ વેળાએ પણ ધીરજ રાખી. એકના એક પુત્રને શ્રીહરિ તેડી ગયા, છતાં જરા પણ શોક ન કર્યો. તેમની સ્મશાનયાત્રામાં પણ રુદન કર્યા વિના શ્રીહરિનાં ધૂન-કીર્તનો કરાવ્યાં અને અબીલ ગુલાલ ઉડાડતાં ઉડાડતાં ભક્તિભીના વાતાવરણ સાથે તેમની અંતિમ યાત્રા કાઢી હતી.

ધન્ય ધન્ય ભગા દોશીને, ધન્ય ધન્ય એની ધીરજ;
આપી વિદાય હસતે મુખે, શોક કર્યો નહિ રજ...૨૨૩

એકના એક સંતાનને, શ્રીહરિ તેડી જાય;
લાખોપતિ એ બાપને, ધક્કો ગયો જીરવાય...૨૨૪

એવું થાવું છે આપણે, માટે કરશું સત્સંગ;
મોટા સંતને સેવીને, કરવું ‘જ્ઞાન’ અભંગ...૨૨૫

પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રસન્ન રહી શકાય એવું મજબૂત જ્ઞાન કેળવવું. વરોળ ગાયનો કોઈ અર્થ નથી, ફળ ન આવતા હોય એવા ઝાડનું કોઈ કામ નથી, તેમ આપણા જીવનમાં ઉપયોગી ન થાય એવા જ્ઞાનનું પણ કોઈ કામ નથી. જે આપણા જીવનનું પરિવર્તન કરે, એ જ આપણા માટે સાચું જ્ઞાન છે. માટે જીવનમાં ઉપયોગી થાય એવી સમજણ કેળવવી. તુલસીદાસજીએ કહ્યું છે,

धीरज धर्म मित्र अरु नारी, आपतकाल परखहुं चारी ।

ધીરજ, ધર્મ, મિત્ર અને નારી - આ ચાર આપત્કાળમાં પરખાય છે. વૈરાગ્ય અને જ્ઞાન કેટલાં દૃઢ થયાં છે ? તે પણ આપત્કાળમાં જણાઈ આવે છે, એમ શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે. એકના એક યુવાન પુત્રના મરણ જેવા આપત્કાળમાં પણ શ્રીહરિની મરજીને શિરે ચડાવી ધીરજ રાખી, તેમાં ભગા દોશીની અગ્નિપરીક્ષા હતી. કેમ જે, રત્નસમાન યુવાન પુત્ર ધામમાં જાય અને તેમની સ્મશાનયાત્રા ઉત્સવ ઊજવતાં થકાં કાઢવી તે સંસારી જીવડાનું કામ નથી. એ તો મુક્તકોટિના આત્માઓનું કામ છે.

ખરેખર શિવલાલ શેઠ અને તેમના પિતા ભગા દોશી આ બંને શ્રીહરિજી અને સત્સંગની સેવા કરવા જ અવની પર અવતર્યા હતા. તેથી ગૃહસ્થાશ્રમમાં રહીને પણ તેઓ જનકરાજા તથા અંબરીષની પેઠે નિર્બંધ રહ્યા. આજે આપણા માટે અનેક પ્રકારની પુનિત પ્રેરણા પૂરી પાડતું આ આખ્યાન સત્સંગના ઈતિહાસમાં સદા અમર રહેશે.

જે કોઈ સ્નેહે વાંચશે, સુણશે ગાશે હરખાય;
બાપ બેટાની બેલડી, બળ પ્રેરશે સદાય...૨૨૬
બાપ થઈ ગયા એકલા, પુત્ર ગયો સ્વધામ;
અણમળતી આ વારતા, બની ગઈ છે આમ...૨૨૭
શીખવું શિવલાલ શેઠથી, આપણે આવું તાન;
મેલવું આ જગતને, પામવા ઝટ ભગવાન...૨૨૮
રહ્યાં ભલે સંસારમાં, જનક અંબરીષ જેમ;
અલિપ્ત ધ્યાની ભજની, સેવા શ્રદ્ધા ને પ્રેમ...૨૨૯
નિજદર્શન ખપ ખટકો, સત્સંગે પ્રેમ અપાર;
સંત ભક્તમાં પ્રેમનો, નહિ શિવલાલને પાર...૨૩૦
નિર્વાસનિકતા એવી હતી, જે જોવા ન મળે ક્યાંય;
'જ્ઞાન' સદ્‌ગુણો શીખવા, આપણે એવા સદાય...૨૩૧

શિવલાલભાઈ જેવું નિજદર્શન, નિર્વાસનિકતા, સાવધાની, સત્સંગનો અને સંતોનો ખપ, સેવામાં શ્રદ્ધા, સંતો-ભક્તોમાં ગાઢ પ્રીતિ, સંસારમાં નિર્બંધતા વગેરે અનેક સદ્‌ગુણો તથા સાચી સમજણો આપણે શીખવી.

મારે શિવલાલ થાવું છે, એમ હૈયે કર હામ;
હરિકૃપા સત્સંગથી, પૂરી કરશે શ્યામ...૨૩૨
સાચા સંતને સેવતાં, જરૂર આવું થવાય;
માન મૂકીને સંતને, સેવજો 'જ્ઞાન' સદાય...૨૩૩
પમાડે નિજ શિષ્યને, નિજ પહેલા હરિધામ;
એવા મોટા સંતને, લાખો લાખો પ્રણામ...૨૩૪
'જ્ઞાન' આ શિવલાલને, કેવી હશે સમજણ;
માંડ માંડ આ જગતમાં, દશકા કાઢ્યા ત્રણ...૨૩૫

શંકરાચાર્ય માત્ર ૩૨ વર્ષ આ લોકમાં રહ્યા; વિવેકાનંદસ્વામી ૩૯ વર્ષ રહ્યા; પરંતુ ટૂંકી આયુષ્યમાં તેમણે ઝાઝું કામ કર્યું હતું. વળી, ઝીણાભાઈ ૪૨ વર્ષ રહ્યા; દાદા ખાચર ૫૧ વર્ષ રહ્યા; ભજનસ્વામી માત્ર ૩૦ વર્ષ જ રહ્યા; પરંતુ આ બધા કહીને ધામમાં ગયા. આ લોકો અનેકના આદર્શ બની ગયા. માટે **થોડું જીવવું, પણ તેઓ જીવ્યા એવું જીવીએ તો જીવન સાર્થક કર્યું ગણાય.**

લાંબુ જીવે નાડા જેવું, પણ કર્યું હોય નહિ કાંય;
'જ્ઞાન' જેવા ગાવા બેસે, એનું શું હોય તે ગાય...૨૩૬

ઘણા તો નેવું કે સો વર્ષ જીવે, પરંતુ તેનું જીવન તપાસીએ તો ગાવા જેવું કે બીજાને પ્રેરણા મળે એવું એક પણ કાર્ય ન હોય. અને શિવલાલભાઈ તો માત્ર ૩૩ વર્ષ જીવ્યા, તોપણ તેમનું કેટલુયં લખ્યું છતાં ખૂટતું નથી. માટે આપણે પણ તેમના જેવું આદર્શ જીવન કેળવીએ. અંતે પસ્તાવું પડે એવી જીવનમાં કાંઈ ભૂલ થતી હોય તો આજથી અને અત્યારથી જ સુધારી લઈએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠ સાથે શ્રીહરિની સવારીનાં દર્શન થયા' એ નામે ચોત્રીસમો અધ્યાય થયો. ॥૩૪॥

અધ્યાય-૩૫

ભગા દોશી ઉપર શ્રીહરિ દ્વારા સ્વામીની અપાર કરુણા

જેમના ઘેર શિવલાલભાઈ જેવા એક આદર્શ મુક્તે જન્મ લીધો હતો, વળી જેમણે પ્રગટ શ્રીહરિને ઓળખ્યા હતા, તેમની શિરસાટે નિષ્ઠા રાખી સેવા કરી હતી; એવા બોટાદવાસી ભગા દોશી જેવી ધીરજ આપણામાં આવે તથા શિવલાલભાઈ જેવી સમજણ તથા સદ્ગુણો આપણામાં આવે તે માટે પ્રાર્થના કરીએ કે, 'હે નાથ !

પૂર્વછાયો :

સર્વોપરી છો અવતારી, સર્વાવતાર ધરનાર;
પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ મારા, સર્વ સુખ આપનાર...૧

કરોડો જીવનો કરિયો, આ ટાણે તમે ઉદ્ધાર;
હે અલબેલા ! આજ અમારો, સ્નેહે કરો બેડો પાર...૨

સુખ આપો છો નિત્ય નવા, રહીને સદા સંગાથ;
આવો ભેટો પિયુ અમને, પ્રેમે ભીડીને બાથ...૩

છીએ તમારા દાસ હરિ, તમે અમારા છો નાથ;
કરુણા કરી પિયુ તમે, ઝાલ્યા અમારા હાથ...૪

વાલીડા ઘનશ્યામ મારા, પિયુડા સુખધામ;
લાડીલા લહેરી શ્રીહરિ, ને સર્વજ્ઞ પૂરણકામ....૫

દોહા : વાત કહું ભગાશેઠની, બાકી છે તે આંય;
માથે વેવાર આવિયો, શેઠને પાછો ત્યાંય...૨૩૭

શિવલાલભાઈ અક્ષરવાસી થયા. તેમના પુત્રો નાના હતા. તેથી પેઢીની તથા બીજી તમામ જવાબદારી ભગા દોશી ઉપર ફરી આવી. જેથી તેઓ - (૧) લાખો રૂપિયાની લેવડ-દેવડ અને દેશ-પરદેશ સાથેનો મોટો વેપાર કરતા. (૨) ભાવનગર રાજ્યની સલાહકાર કમિટિમાં તો પ્રથમથી જ તેઓ હતા. તેથી ત્યાં પણ જવાનું થાતું. (૩) બોટાદના નગરશેઠ તરીકે સામાજિક સેવાની જવાબદારીઓ પણ હતી. તેથી બોટાદનું કોઈ કામકાજ હોય, નાના-મોટા પ્રસંગો હોય તો ત્યાં પણ શેઠને હાજરી આપવાની રહેતી. અને (૪) બોટાદ તેમજ ગઢપુર મંદિરની સેવાઓ પણ રઘુવીરજી મહારાજે તેમને સોંપી હતી, તે બધી સેવા કરતા હતા. આ રીતે પેઢીના વહીવટી, રાજકીય, સામાજિક અને ધાર્મિક કાર્યો ભગવાનના બળે ધીરજ ધારીને સંભાળવા લાગ્યા.

ભગા દોશી વ્યવહારકુશળ અને શ્રીહરિ તથા સંતોના કૃપાપાત્ર હતા. તેથી ધીરજ ધારી સેવા-કાર્ય કરવા લાગ્યા. વૃદ્ધ અવસ્થા થાય ત્યારે આ બધી જવાબદારીઓ ઉપાડવી ઘણી કઠણ પડે છે. યુવાન હોય ત્યારે તો માણસમાં શક્તિ હોય તેથી દોડાદોડી કરી શકે, પરંતુ અમુક ઉંમર થાય પછી ઝાઝા ઉજાગરા થાય કે ઝાઝી દોડાદોડી થાય તો શરીર બીમાર પડી જાય, છતાં ભગવદ્‌બળે શ્રીહરિને સંભારીને સમજણપૂર્વક ભગા શેઠ આ બધું જ કામ કરતા.

આ દુનિયામાં કોઈક કેવળ સત્સંગમાં મોટેરા હોય તો કોઈક કેવળ સમાજમાં મોટેરા હોય. એક આધ્યાત્મિક જગતના મોભી જેવા હોય, બીજા સમાજના મોભી જેવા હોય; પરંતુ ભગા દોશી તો સત્સંગના અને સમાજના, બંનેના આધારસ્તંભ હતા. તે ભજન-ભક્તિ અને મોક્ષના માર્ગમાં પણ સાવધાન હતા. તો વ્યાવહારિક કાર્યમાં પણ ક્યાંય ઊણા ઊતરતા નહીં. આવા જે હોય તે પ્રભાવશાળી વ્યક્તિ ગણાય.

ઘણા ભજન-ભક્તિ કરી જાણે પરંતુ વ્યવહારમાં કાંઈ ખબર ન પડે, તેથી વારેવારે દુઃખ આવે. તો ઘણા વ્યવહારમાં પાવરધા હોય, પરંતુ ભજન-ભક્તિ કે મોક્ષના માર્ગે સાવ મીંડું હોય, તેથી બદ્ધના બદ્ધ રહે. ત્યારે ભગા શેઠ બંને વાતે હીરો હતા. કોઈ વાતમાં કાચું ન હતું. અને તેથી જ ટાણે ધીરજ રાખી સહુને પ્રેમ, બળ અને હૂંફ આપ્યાં. આ ઘણી સમજશક્તિ હોય ત્યારે થાય.

વળી, તે રાજકીય પુરુષ હોવાથી ઉપરથી તેની મુખમુદ્રા જોઈ કોઈ પુત્ર વિયોગનું દુઃખ કળી શકતું નહિ, પરંતુ દિલમાં આ દુઃખનો ઘા ઘણીવાર ડંખતો હતો. આ દુનિયામાં પ્રાયઃ પિતાની અંતિમ પાલખી પુત્રો ઉપાડતા હોય છે. જ્યારે ભગા શેઠને પોતાના યુવાન પુત્રની પાલખીને ખંભો દેવો પડ્યો હતો. અને એ પણ વાજતે-ગાજતે લઈ ગયા હતા. વળી, શિવલાલભાઈના ત્રણેય પુત્રો ઘણા નાના હતા. તેથી ક્યારેક તેનું અંતરમાં દુઃખ ડંખતું. તેથી અંતરદૃષ્ટિ રાખી વિશેષ ભજન કરવા લાગ્યા.

વ્યક્તિના જીવનમાં જ્યારે આવી ઘટના ઘટે ત્યારે તેને પછી સંસારમાં રસ રહેતો નથી. બધા લોકો કહે તેથી કાર્યમાં જોડાય, પરંતુ અંતર સંસારમાંથી ઉદાસ થઈ જાય છે. છતાંય સમજુ માણસ હોય તે મજબૂત મન રાખી પોતાની જવાબદારી નિભાવે છે. કોઈને દુઃખ ન લાગે એમ જીવન જીવે છે; ભગા દોશી એવા હતા. માટે મેં તેમનું આખ્યાન લખ્યું છે. કેમ જે, આમાંથી આપણને ઘણું શીખવા મળે એમ છે. ખોટી જગ્યાએ મેં મારો કિંમતી સમય બગાડ્યો નથી. આ વાતોથી જીવનમાં જાગૃતિ મળે છે, ધર્મ-નિયમ પાળવાની શક્તિ મળે છે, આપત્તિકાળે હિંમત આવે છે, લોકોમાં પરસ્પર સેવાભાવ, ભક્તિભાવ અને સંપની ભાવના જાગે છે, સહનશીલતા, ક્ષમાભાવના અને ઉદારતા જેવા સદ્‌ગુણો કેળવાય છે. અને તેનાથી ભદ્ર સમાજનું નિર્માણ થાય છે; એવી આ હૃદયસ્પર્શી વાતો છે.

હવે શેઠ ભગા દોશી, ઉંમર અધિક થાતા સંસારમાં રહેવા છતાં પણ તેથી વિરક્ત રહેવા લાગ્યા અને દિલથી પ્રભુને પ્રાર્થના વિશેષ કરવા લાગ્યા. હવે આત્માના કલ્યાણમાં ખરેખરા સજાગ બન્યા.

દોહા : **કરતા વ્યવહાર આટલો, ચૂકતા નહિ ભજન;**
માટે એવાના ગુણલા, ગાય છે જ્ઞાનજીવન...૨૩૮

ભક્તવત્સલ ભગવાન જેમ માતા બાળકની રક્ષા કરે તેમ ભક્તની રક્ષા કરે છે, તેનું પોષણ કરે છે, તેને સાચવે છે અને તેનું સર્વપ્રકારે ધ્યાન રાખે છે. શેઠને જ્યારે શિવલાલ સાંભરતા ત્યારે અંતરમાં થોડુંક દુઃખ થતું. તેથી શ્રીહરિએ ગુણાતીતાનંદસ્વામીને અંતરમાં પ્રેરણા કરી. પ્રભુ-પ્રેરણાથી અંતર્યામીપણે સ્વામી ભગા દોશીનાં અંતરનું દુઃખ જાણી ગયા. તેથી પોતાના મંડળ સાથે સ્વામી ગાડી જોડાવીને બોટાદ પધાર્યા. શેઠે આમંત્રણ નથી આપ્યું, પરંતુ તેમના અંતરની વેદના શ્રીહરિએ સ્વામીને જણાવીને પ્રેર્યા તેથી આવ્યા છે.

ધન્ય ધન્ય પ્યારા પ્રભુને, નિજાશ્રિતની ખબર;
સતત રાખે સ્નેહથી, નિજ ભક્તો પર નજર...૨૩૯
સંત દ્વારા પ્રભુ પોતે, લે ભક્તોની સંભાળ;
અહો કોટી બ્રહ્માંડમાં, આવો કોણ દયાળ...૨૪૦

અને આવા પ્રસંગે મહાન સંત પધારે તો કોને આનંદ ન થાય? સ્વામી આવ્યા જાણી ભગા દોશી ખૂબ રાજી થયા. શેઠે સ્વામીને સારા ઉતારા આપ્યા, સીધા-પાણી આપ્યાં. સ્વામી થોડા દિવસ બોટાદ મંદિરે રોકાયા. અને ભગા દોશી નિત્ય ભાવથી સમાગમ કરવા મંદિર આવતા. તેથી સ્વામીએ તેમને મહારાજના મહિમાની વાતો ખૂબ કહી. દુઃખના સમયે ખૂબ જ પ્રેમ, હૂંફ તથા બળ આપ્યું. એટલે **ભગા દોશીને ગુણાતીતાનંદસ્વામી પ્રત્યે ખૂબ જ આત્મીયતા વધી. એટલે હવે વ્યવહારમાંથી સમય કાઢી મોડી રાત સુધી નિત્ય સત્સંગ**

કરવા લાગ્યા. સ્વામીએ પણ હૈયાના હેતથી તેમને સાચી સમજણની, સર્વોપરી ઉપાસનાની અને દેહથી આત્માને જુદો માની બ્રહ્મરૂપે રહી ધ્યાન-ભજન કરવાની વાતો સંભળાવી. પ્રૌઢ અવસ્થાએ ભગા દોશીને અનુભવી સંતની આ અનુભવી વાણી અસર કરી ગઈ. પછી તો આગ્રહ કરી સ્વામીને ખૂબ જ રોક્યા.

ધન્ય ધન્ય કૃપા સંતની, સમજી શકે ન કોય;
સમજી શકે એ જ કે, જે સંત સરીખો હોય...૨૪૧
સાધુ જેવો થાય ત્યારે, સાધુ એને સમજાય;
દેહાભિમાની જીવને, સંતમાંય દોષ દેખાય...૨૪૨

ગુણાતીતાનંદસ્વામીના મુખમાંથી નીકળતી બે કાંઠે વહેતી ગંગા જેવી વાતોનો પ્રવાહ અનેકના મનના મળ ધોઈ નાખતો. તેથી જીવો બ્રહ્મરૂપ થઈ જતા અને શ્રીહરિની સર્વોપરી ઉપાસના સમજી, ડંકા વગાડી, અક્ષરધામમાં જતા. જેવો રોગ હોય, જેવી પીડા હોય તેને સમજી યોગ્ય નિદાન કરી એવી જ દવા કરે ત્યારે જીવનાં અંતર બદલાઈ જાય. સ્વામીએ મીઠા વેણે બોલાવી, મહારાજની વાતો કરી, ભગા દોશીનું અંતર કલેવર બદલી નાંખ્યું.

શ્રીહરિ વચ.ગ.મ.૧૭ માં આવું કહે છે, **'જે ભગવાનનો દૃઢ ભક્ત હોય તેનું માહાત્મ્ય તો ભગવાનનો ભક્ત હોય તે જ જાણી શકે છે. અને ભક્ત જ ભક્તને ઓળખી શકે છે. પરંતુ તે વિના જે જગતના વિમુખ જીવ હોય તે પંડિત હોય તોપણ ભક્તને ઓળખી શકતા નથી.'** ભગા દોશીના અંતરની વેદનાને સ્વામી જાણી ગયા હતા અને સ્વામીની કરુણાને શેઠ જાણી ગયા હતા. તેથી પરસ્પર ખૂબ હેત વધ્યું, આત્મીયતા વધી, શેઠના અંતરના ઘા રુજાઈ ગયા.

વળી, સ્વામી શેઠ કે ગામના હરિભક્તો જ્યાં કહે ત્યાં પધરામણી પણ કરી દેતા. મોટા સંતો જીવને જેમ પ્રથમ પોતામાં હેત થાય

તેમ કરતા. કેમ જે, હેત થાય તો સાચી વાત મનાય અને તે જીવ પ્રભુને પામી શકે. પરંતુ જે રાગ-દ્વેષમાં સપડાઈ ગયા હોય, જેને ખોટો બુદ્ધિનો ડોડ હોય અને સ્વશ્રેષ્ઠતારૂપી અંધાપાનો રોગ લાગુ પડ્યો હોય, તે મોટા સંતોની વાતના આશયને સમજી શકતા નથી. તેથી તે વાતના ઊંધા અર્થ કાઢી ખોટા સંકલ્પો કરી અપરાધ કરતા હોય છે. **જે મોટા સંતના આશયને સમજી શકે તે તત્કાળ માયાના બંધનથી મુક્ત થઈ શકે છે.** માટે આપણે પણ ખોટા પક્ષા-પક્ષીમાં કે રાગ-દ્વેષમાં અંધ બન્યા હોઈએ તો તે વાતને છોડી દેવી જોઈએ, એવા ગૃપને કે સંગને છોડી દેવા જોઈએ.

ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી જેવા મોટા સંતો હતા ત્યારે હજારો ભક્તો તેમનો મહિમા રાખતા. તેમના વચને જે કહે તે કરી આપતા. આજે પણ મોટા સંતોમાં જે જોડાયા હોય છે, તેમાં જે શક્તિ, ભક્તિ, શ્રદ્ધા, ભગવત્પ્રીતિ અને નિર્વાસનિકપણું હોય છે, દેખાય છે, એવું જેની તેની ખોટ ખોળનારામાં ક્યારેય હોતું નથી. **જેને સંતનાં વચન મનાય છે, તેની જ અનંત ભવની પીડા જાય છે.**

શેઠને સ્વામીમાં હેત થયું તેથી તેમનાં વચનો વહાલાં લાગવાં લાગ્યાં. એટલે એક દિવસ સ્વામી કહે, 'શેઠ ! અર્ધો સંબંધ જગતનો અને અર્ધો અમારો કરો છો, પરંતુ જો યથાર્થ વાત સમજવી હોય તો દર વર્ષે ઓછામાં ઓછો એક મહિનો અને સમય હોય તો બે મહિના અમારો સમાગમ કરવા આવો તો તમારી કસર માત્ર કાઢી નાખીએ, બ્રહ્મરૂપ કરી દઈએ. અને ભગવાનમાં એવા જોડી દઈએ કે એમાંથી નીકળવાનું મન જ થાય નહીં.' ભગાશેઠને સ્વામી સાથે હેત બંધાણું હતું. તેથી વચન આપ્યું કે, 'હવે હું મારા પુત્રની જેમ દર વર્ષે એક અથવા બે મહિના આપનો સમાગમ કરવા આવીશ.' સ્વામીના વેણે વેણે શેઠના અંતરમાં વીજળીઓ થતી હતી. તેથી મોહ-માયા કપાઈ

ગયાં, અજ્ઞાનનું અંધારું દૂર થયું. આ રીતે ભગા દોશીના દુઃખને ટાળીને સ્વામી જૂનાગઢ પધાર્યા.

પછી ભગા દોશી દર વર્ષે એક કે બે માસ જૂનાગઢ સત્સંગ કરવા જતા. અથવા વડતાલ સ્વામી રહેતા હોય ત્યારે તેમની સાથે રહેતા, સત્સંગ કરતા ને નિર્માનીભાવે સેવા કરતા. અને ક્યારેક સ્વામી સાથે આવતાં-જતાં ગામડા ફરવા પણ જતાં. એમનો ખપ જોઈ સ્વામી રાજી થયા. સદ્‌ગુરુનો સમાગમ થતાં છેલ્લી ઉંમરે ભગા દોશીએ વ્યવહાર, રાજકીય જવાબદારી, મુત્સદ્દી વિદ્યા વગેરેનો ત્યાગ કર્યો. '**निजात्मानं ब्रह्मरुपं...**' ની સ્થિતિ પ્રાપ્ત કરી. બ્રહ્માનંદસ્વામી કહે છે,

તીન તાપકી ઝાલ ઝર્યો, પ્રાની કોઈ આવે;
તાકું શીતલ કરત તુરત, દિલ દાહ મિટાવે.
કહી કહી સુંદર બેન રેન, અગ્યાન નિકાસે;
પ્રગટ હોત પહિચાન, જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે.
વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવદુઃખ કાટત જંતકો;
કહે બ્રહ્મમુનિ યહ જગતમેં, સંગ અનુપમ સંતકો.

આધિ, વ્યાધિ ને ઉપાધિરૂપી ત્રણ તાપમાં સળગતો કોઈ જીવ સંતને શરણે જાય તો સંત તરત તેમના દિલની દાહ મટાડે છે, હેતાળાં વચનો કહી અજ્ઞાન ટાળે છે, પ્રગટ ભગવાન અને પ્રગટ સંતની ઓળખાણ આપે છે, અને અંતરમાં જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ કરે છે; તેથી અજ્ઞાનનું અંધારું દૂર થાય છે, હૈયામાં ટાઢું થાય છે. આમ જીવના ભવદુઃખને ટાળનારા, ત્યાગ વૈરાગ્યથી શોભતા એવા નિર્મળ સંતનો સમાગમ દુર્લભ છે. જેમ ભગવાનને કોઈની ઉપમા આપી શકાતી નથી, તેમ આવા સંતને પણ કોઈની ઉપમાં આપી શકાય નહીં.

સંતનો સમાગમ તો જીવને માટે અમૃત છે. સહજમાં સુખી થવાનો સરળ અને સીધો રાજમાર્ગ સંતસમાગમ છે. જે એવા સંતને સેવે છે,

તેનો જન્મ સાર્થક થાય છે. સર્વે સુખ અને સદ્‌ગુણોને આવવાનું દ્વાર આવા સંત છે. જપ, તપ, તીર્થ, વ્રત આદિક તમામ સાધનોનું ફળ પણ એવા સંત મળે એ જ છે. જેને પ્રગટ સંત મળે અને તેમાં પોતાનું અહં ગળે તેનાં ભાગ્યના દ્વાર ખૂલી જાય છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ભગા દોશી ઉપર શ્રીહરિ દ્વારા સ્વામીની અપાર કરુણા' એ નામે પાંત્રીસમો અધ્યાય થયો. ॥૩૫॥

અધ્યાય-૩૬

ભગા દોશીની નોંધપોથીની વાતો

અંતિમ ઉંમરે ભગા દોશીએ ગુણાતીતાનંદસ્વામી જેવા સંતનો સમાગમ કરી છેડો સુધારી લીધો, સમજણની કચાશ હતી તે ટાળી દીધી. પછી સ્વામીનો સમાગમ કરવા જ્યારે જતા ત્યારે શિવલાલ શેઠની જેમ ભગા દોશી પણ નાની નોંધપોથી રાખતા. દીકરા જેવી બાપાએ પણ સુટેવ પાડી. આપણે પણ આવી સુટેવ પાડવી. સારી વાતો લખી અને તેનો અભ્યાસ કરી જીવનમાં ઉતારવી, એ તો આપણા નંદ સંતો વખતની પરંપરા છે. માટે અમે પણ કહીએ છીએ કે, 'સત્સંગ કરવા જાઓ ત્યારે તેમાંથી જે સારી વાતો હોય તેને લખજો, જીવનમાં ઉતારજો તો બહુ સમાસ થશે.' શેઠ પોતાના અભ્યાસ માટે સારી સારી વાતો લખી લેતા. આ વાતો પણ આપણને અતિ ઉપયોગી થાય એવી છે. માટે તેમાંથી પાંચ વાતો અહીં લખીએ છીએ.

(૧) સ્વામી કહે, **"અમે જે ભજન કરવાનું કહ્યું એવો આગ્રહ રાખે તેને પ્રવૃત્તિ કરતાં પણ ભજન થાય. નકર નિવૃત્તિ પર રહે તોય ભજન ન થાય. ઈત્યાદીક કહ્યું."** માટે પાછી વૃત્તિ વાળી ભજન કરવું. વળી પ્રશ્ન કર્યો જે, **'જીભના ભજનથી મનનું ભજન અધિક કહ્યું છે,**

તે આપ કેમ કહેતા નથી ?' ત્યારે સ્વામીએ તેનો ઉત્તર આપતાં કહ્યું કે, 'એમ કરવું તે તો ઘણું કઠણ છે, એ તો શિવલાલ જેવાથી થાય. ને બીજો તો એમ કરવા માંડે તો મૂળગો ઘટી જાય.'

વહાલા ભક્તો ! આપણે તો પ્રથમ જીભથી અખંડ ભજન કરવું. જીભના ભજનથી મનનું ભજન ઉત્તમ છે. પરંતુ પ્રથમ તો હાથમાં માળા કે જપયંત્ર રાખી તેના સહારે સ્મરણ થાય. અને મંત્રના આધારે મૂર્તિ સાંભરે. માટે હાથમાં માળા હોય છતાં સ્મરણ ન થતું હોય તેણે મનનાં ભજનનો ડોડ ન રાખવો. અને અંદરથી આપોઆપ અખંડ સ્મરણનો પ્રવાહ વહેતો હોય, સતત મૂર્તિ સાંભરતી હોય તો માળાની પણ જરૂર નથી. પરંતુ જો એમ ન થતું હોય તો માળા કે જપયંત્રના આધારે અખંડ સ્મરણ કરવું. તેનાથી ખૂબ ફાયદો થશે.

વળી, ભગા દોશીની નોંધપોથીમાં એક આવી વાત લખી છે જે, (૨) **'જેવા પુરુષને સેવે તેવા ગુણ આવે છે. તે ભાયાત્માનંદસ્વામીને મહારાજ જેવા છે તેવી વાત ન સમજાણી. તે સારુ તેમનો દેહ ૧૧૭ વર્ષ સુધી મહારાજે રાખ્યો. અને આજ તો અક્ષરધામના સાધુ જેવા સાધુ આંહીં બેઠા છે. તે માટે મહિમા સમજી સેવી લેવા.'**

વહાલા ભક્તો ! જેમણે શિવલાલભાઈને આશીર્વાદ આપ્યો એવા ભાયાત્માનંદસ્વામીને પહેલા તો શ્રીહરિને જેમ છે તેમ સમજવામાં ભૂલ હતી. પણ પછી તે ભૂલ રહી ન હતી. સં.૧૮૬૦ માં ૬૦ વર્ષના આ સંત શ્રીહરિને મેઘપુરમાં નારાયણ સોનીના ફળિયામાં પ્રથમવાર મળેલા. પ્રથમ દર્શને જ મહારાજમાં મન ખેંચાયું, તેથી સંત થઈ ગયા. પરંતુ પ્રથમ પરોક્ષમાં રહેલા તેથી બીજા અવતાર જેવા જ શ્રીહરિને જાણતા. પરંતુ મહારાજના તમામ વચનો પાળતા એટલે પ્રભુને બહુ પ્યારા હતા. પરંતુ શ્રીહરિને સર્વ અવતારના અવતારી, સર્વોપરી જાણતા ન હતા. આ ખામીને કારણે મહારાજે તેમને ૧૧૭ વર્ષ સુધી આ લોકમાં

રાખ્યા હતા. પછી તેઓ જૂનાગઢની પંચતીર્થિ કરવા માટે ગયા ત્યારે મહારાજે ગુણાતીતાનંદસ્વામીને દર્શન આપીને કહ્યું કે, 'ભાઈસ્વામીને જેમ છે તેમ અમારું સ્વરૂપ સમજાવજો, હવે તેમને તમારી વાત મનાશે. ને જો એમ નહિ સમજે તો તેમને કલ્યાણમાં બહુ ખામી રહી જશે.'

પછી ગુણાતીતાનંદસ્વામીએ ભાયાત્માનંદસ્વામીને વચનામૃતના આધારે શ્રીહરિનું જેમ છે તેમ સર્વોપરીપણું સમજાવ્યું. તે વાત ગુણાતીતાનંદસ્વામીએ ભગા શેઠને કહેલી કે, 'તે જ્યારે પોતે મારા ભેગા થયા ને ઉપાસનાનાં વચનામૃત ગ.મ.૯, ગ.અં.૩૮ વગેરે વંચાવી સમજાવ્યાં ત્યારે ઘેડ્ય બેઠી. પછી મહારાજ ભાયાત્માનંદસ્વામીને અક્ષરધામમાં તેડી ગયા હતા.'

અને ભાયાત્માનંદસ્વામી વાગડ ગામમાં બિમાર હતા અને ત્યાં શિવલાલભાઈ સેવામાં હતા ત્યારે પણ ગુણાતીતાનંદસ્વામી ત્યાં પધાર્યા હતા. અને ભાયાત્માનંદસ્વામીના ખબર, અંતર પૂછી ત્યાં રોકાઈ ખૂબ જ સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરીપણાની વાતો કરી હતી, તેનાથી ભાયાત્માનંદસ્વામીને સર્વોપરી ઉપાસનનાનું અતિશય બળ મળ્યું હતું અને મહાખુમારી ચઢી હતી કે, જેનું વર્ણન કોઈ પણ માણસથી થઈ શકે તેમ ન હતું.

જ્યારે મહારાજનું સ્વરૂપ જેમ છે તેમ સમજાણું ત્યારે ભાયાત્માનંદસ્વામીએ શિવલાલભાઈને કહેલું કે, 'માગ વરદાન, તું માગ તે આપું. આજ મારામાં શ્રીહરિની સર્વોપરી ઉપાસનાના પ્રતાપે અતિ સામર્થી દેખાય છે. ફૂંક મારું તો આખા બ્રહ્માંડના રોગ ઉડાડી મૂકું અને તારી ઈચ્છા હોય તો પાતાળથી પ્રકૃતિ પુરુષ સુધીનું રાજ્ય આપી દઉં; આવું શ્રીહરિના પ્રતાપે મારા અંતરમાં બળ વર્તે છે.'

વહાલા ભક્તો ! જ્યાં સુધી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું જાણ્યામાં ન આવે ત્યાં સુધી તે સાધુમાં કે સત્સંગીમાં

બળ આવતું નથી. અને જે સ્વામિનારાયણ ભગવાનને જેવા છે તેવા સર્વોપરી જાણે છે તેની ઉપર તો મહારાજ સહુથી વધારે રાજી થઈ જાય છે. એવા સંતમાં પ્રગટ પ્રમાણ શ્રીહરિ અખંડ રહીને સહુના કલ્યાણ કરે છે, એવા સંત જેમ બોલે તેમ વિશ્વમાં થાય છે, એવા સંતનાં દર્શનથી અનેકને શાંતિ થાય છે, હજારો માણસો તેમાં તણાય છે. અને તેથી જ અસંખ્ય માણસો તેની પાછળ ફરે છે; આ સર્વોપરી શ્રીહરિને જાણવાનો અને અંતરમાં ધારવાનો પ્રતાપ છે.

(૩) વળી, ભગા દોશીની નોંધપોથીમાં લખ્યું છે કે, **'ભગવદ્પ્રસાદજી મહારાજને ગુણાતીતાનંદસ્વામી એકાંતે જ્ઞાન આપતા ત્યારે ત્યાં મને (ભગા દોશીને) દરરોજ સાથે તેડી જાતા હતા.'** વળી શેઠ બોટાદમાં અચિંત્યાનંદજીની ઓરડીમાં બે વાર એકાંતમાં બેઠેલા. આ અચિંત્યાનંદસ્વામી કોણ ? તો સંપ્રદાયમાં અચિંત્યાનંદ નામના એક બ્રહ્મચારી હતા અને ત્રણ સંતો હતા. નંદમાળામાં મંજુકેશાનંદસ્વામી કહે છે..

અચિંત્યાનંદ છે ત્રણ ઉદાર, ત્યાગ તપ ધ્યાન તણા ભંડાર;

(૧) અચિંત્યાનંદસ્વામી ભાઈરામદાસસ્વામીના સેવક હતા. અને તેમને જ્યારથી સત્સંગ થયો ત્યારથી શ્રીહરિએ કહેલી વાતો અને શ્રીહરિના થયેલાં દર્શન અંતરમાં યાદ રાખતા અને તેને જ પોતાની જીવનદોરી માનતા. અને જ્યારે શ્રીહરિએ કરજીસણના નાનાભાઈને અમદાવાદમાં સંતો માટે ધર્મશાળા બાંધવા મોકલ્યા ત્યારે આ અચિંત્યાનંદસ્વામીને તેમની સાથે મોકલ્યા હતા. જ્યારે કરજીસણના નાનાભાઈએ દેહ છોડ્યો ત્યારે આ સ્વામીએ મહારાજની મૂર્તિમાં અતિ અનુરાગ થાય એવા ચરિત્રો અને પ્રસંગો સંભળાવ્યા હતા. પછી શ્રીહરિએ તે સમયે આ અચિંત્યાનંદસ્વામીને અમદાવાદના મહંત કર્યા હતા. તેઓ અતિ ઉદાર, ત્યાગ, તપ અને સદ્ગુણોના ભંડાર હતા.

(૨) કારિયાણીના માંચા ખાચર સંત થયા તેમનું નામ પણ અચિંત્યાનંદસ્વામી રાખ્યું હતું. તે પણ ત્યાગ, તપ, ધ્યાન-ભજન વગેરે અનેક ગુણોની ખાણ સમા હતા.

(૩) અચિંત્યાનંદસ્વામી પણ સદ્‌ગુણોની ખાણ સમાન હતા. શ્રીહરિ એકવાર ગઢપુરથી વડતાલ સમૈયો કરવા જતા કારિયાણી રાત રહ્યા. તે સમયે કારિયાણીમાં ઘણા સંતો બિમાર પડ્યા. ત્યારે આ અચિંત્યાનંદસ્વામી કહે, 'હે મહારાજ ! આ માંદા સંતોની સેવા હું કરીશ. આપ સુખે સહુ સંતો સાથે વડતાલ ઉત્સવ કરવા પધારો.' તેથી શ્રીહરિ તેમના પર ખૂબ રાજી થયા. જ્યારે શ્રીહરિ વડતાલ સમૈયો કરી અઢારમે દિવસે પાછા કારિયાણી આવ્યા ત્યારે આ અચિંત્યાનંદસ્વામીને અઢારવાર મળ્યા હતા.

પછી સર્વે માંદા સંતોએ કહ્યું, 'હે મહારાજ ! સ્વામીએ અમારી ખૂબ સેવા કરી છે, માટે તમો એમના ઉપર બહુ રાજી થાજો.' તે સાંભળી મહારાજ બહુ પ્રસન્ન થયા અને કહે, 'હે અચિંત્યાનંદસ્વામી ! આજથી તમને અમારી મૂર્તિ અખંડ દેખાશે.' તે દિવસથી આ અચિંત્યાનંદસ્વામી અખંડ મહારાજની મૂર્તિ દેખતા હતા. અખંડ મહારાજના ધ્યાન-ભજનમાં ડૂબેલા રહેતા, સેવામાં ખૂબ શ્રદ્ધા હતી. ગોપાળાનંદસ્વામી વગેરે સંતોની ઈચ્છા મુજબ ભગા દોશીએ બોટાદમાં મંદિર બંધાવ્યું પછી તેઓ વિશેષતઃ કાયમ બોટાદ જ રહેતા. અને બોટાદના તમામ સત્સંગીઓને તેમના પ્રત્યે ગુરુભાવ હતો. સહુ ખૂબ શ્રદ્ધા રાખી સ્વામીની સેવા કરતા. જ્યારે બોટાદ મંદિરના સ્થાને શિવલાલભાઈએ હવેલી બાંધી ત્યારે તે હવેલીમાં સ્વામીને એક ઓરડી આપી હતી. એટલે તે ઓરડી તેમના નામની કહેવાતી હતી.

આ અચિંત્યાનંદસ્વામીની ઓરડીમાં ભગા દોશી સ્વામી સાથે એકાંતમાં બેઠેલા. ત્યારે સ્વામીએ વ્યવહારમાર્ગ અને મોક્ષમાર્ગ બંને બતાવ્યા હતા. અર્થાત્ સંસારમાં કેમ રહેવું ? અને સત્સંગમાં કેમ

રહેવું ? તે બંને રીત ભગા દોશીને ગુણાતીતાનંદસ્વામીએ શીખવાડી હતી ને સુખ પણ ઘણું જ આપ્યું હતું.

પછી ગુણાતીતાનંદસ્વામીએ કહેલું, 'ભગા શેઠ ! આ અચિંત્યાનંદસ્વામી છે તે તો ચીંથરે બાંધેલું રતન છે, તે શ્રીજીમહારાજે દયા કરીને તમને આપ્યું છે માટે તેને સેવી લેજો.' અને અચિંત્યાનંદસ્વામીને પણ સંતોનો ખૂબ મહિમા હતો. તેથી ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો આવે અને રાતે સૂતા હોય ત્યારે છાના-છાના દંડવત્ કરતા, એવા મહિમાવાળા હતા. ભગા દોશીને અને આ અચિંત્યાનંદસ્વામીને ખૂબ જ સ્નેહ હતો. વળી, વડતાલ રહ્યાં ત્યાં સુધી વાડીએ હંમેશા એકાંત કરી કહેતાં તે વાત ભગા દોશીએ નિજ નોંધપોથીમાં લખી છે જે, **'હું તથા સ્વામી વાડીએ એકાંતમાં સમાગમ કરતા હતા. અને ફરવા નીકળતા ત્યાં પણ એકાંત કર્યું.'** અર્થાત્ સ્વામી સાથે ગામડે ફરવા જતાં ત્યારે પણ શેઠ સ્વામી સાથે એકાંતમાં સમાગમ કરતાં હતાં. અને તેમાં સ્વામીએ તેમને મોક્ષ ને વેવાર, એ બે વાત બતાવી હતી.

આ વાત ઉપરથી જાણવા મળે છે કે, મોટા સંતો પાસે એકાંતમાં બેસી, નિખાલસભાવે સત્સંગ કરવો, મનની મૂંઝવણો કહેવી, પોતાની ખામીઓ, દોષો કે અપરાધોની વાત કરવી. માફી માગવી, પ્રાયશ્ચિત લેવું, તે સમયોચિત્ત કરી નાંખવું. અને મોટા સંત દોષો ટાળવાનો જે ઉપાય બતાવે તેમ કરવું. તેથી તત્કાળ આપણી કસર ટળે છે. અને આ રીતે વ્યક્તિગત મોટા સંતો પાસે બેસી પોતામાં જે કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, અભિમાન, મોહ, પંચવિષયની આસક્તિ આદિક જે દોષો હોય તે કહેવા, સદા નિષ્કપટ થતા રહેવું અને તે દોષોને ટાળવાનો સંતો પાસેથી સાચો ઉપાય મેળવવો. અને એમ કરીને દોષોને નિર્મૂળ કરવા. તથા **શ્રીહરિને સમજવામાં ખામી હોય તો તે પણ કહેવી. અને જેમ મોટા સંત સમજાવે તેમ સમજવું. તેને એકાંતનો સમાગમ કર્યો કહેવાય.**

વળી તે પોથીમાં એમણે લખ્યું છે, (૪) **'ગયા સમૈયાથી લઈને આ સમૈયા પર્યંત એટલે સં.૧૯૧૮ થી ૧૯૧૯ સુધી પોતે અંતરજામીપણું જણાવતાં તેમાં તો કસર જ રાખી નહીં. ને સ્વપ્નમાં પણ ઘણી જ વખત (વાતો કરી) તેની ગણતી નથી. તે રીતે સુખ આપી કેટલીકવાર વાતુ કરી જ્ઞાન આપે. તે દિવસે વડતાલે એકાંતે વાતું કરી હોય તે રાતે સુવે ત્યારે બધી સ્વપ્નમાં સ્મરણ રે'વા વાસ્તે કે'તાં. ઈત્યાદિક અંતરજામીપણું જણાવવામાં તો કસર જ રાખી નથી. ને એ જેવા તો કોઈ સમર્થ થયા નથી ને થાશે પણ નહીં.'** આ શેઠનો પોતાનો અનુભવ છે. સ્વામી પ્રત્યે તેમને પ્રગટેલો સદ્‌ભાવ આ વાક્યમાં પ્રગટ થાય છે. અને મોટા સંતોની કરુણા અને મોટાઈ તો જુઓ ! જેના ઉપર રાજી હોય તેને સ્વપ્નામાં પણ વાતો કરે છે. આ તો જેને અનુભવ હોય એને ખ્યાલ આવે. બિનઅનુભવી આમા શું જાણે ?

(૫) **'આ દેહનું નિમિત્ત કેટલું હશે ? ઉત્તર : 'સત્સંગમાં તો ભગવાનની ઈચ્છાએ દેહ રહે કે પડે. ને કોઈક બહુ ઊતરતો હોય તેને પ્રારબ્ધ પ્રમાણે દેહ પડે. બાકીના સર્વેના દેહ તો ભગવાનની ઈચ્છા વડે રહે છે કે પડે છે; એમ કહ્યું. ને શિવલાલને તો દાડે દાડે સમાસ થતો જતો હતો; તોપણ મહારાજ તેડી ગયા. માટે એ તો જેમ મહારાજને ગમે તેમ કરે. વળી, જેને સમાસ કે અસમાસ થવાનો હોય તે સારુ મહારાજ મૂકી જાય કે તેડી જાય, પણ તેનો કાંઈ મેળ નથી. એ તો બધું જ શ્રીહરિના હાથમાં છે.'**

વહાલા ભક્તો ! જુઓને ગુણાતીતાનંદસ્વામી પોતે જ કહેતા કે, 'કાળ કેટલાય વર્ષોથી ધક્કા ખાય છે, પરંતુ આ સોરઠના સત્સંગીઓને શ્રીહરિને પોતાનું સુખ આપવું છે, એટલે મારી આવરદા નથી છતાં ચોવીસ વર્ષથી દેહ રાખ્યો છે. બ્રહ્માનંદસ્વામીની આયુષ્ય ખૂટી હતી તો મહારાજે દશ વર્ષની બહેનો પાસેથી માગીને સ્વામીને દીધી.' આમ

બધું જ મહારાજના હાથમાં છે. આ સત્સંગમાં બધો પ્રતાપ શ્રીહરિનો જ છે. **મહારાજ કરે છે અને મહારાજનું છે. આપણું કાંઈ નથી, આપણામાં કાંઈ નથી. આપણાથી કાંઈ થાતું પણ નથી. માટે શ્રીહરિની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ છે. એમ સમજાય તો જીવમાં બળ બહુ આવે, અખંડ અહો અહોપણું રહે અને સતત અંતરમાં શાંતિ રહે.** જો શ્રીહરિનું સર્વમાં કર્તૃત્વ દેખાય અને સ્વીકાર થાય તો અખંડ શ્રીહરિ સાથે અનુભવાય, સહેજે અખંડ વૃત્તિ રહે, તમામ દોષો ટળી જાય. અને મહારાજ કૃપા કરી આપણને પણ મહામુક્ત જેવા છતાં દેહે બનાવે. માટે આપણે પોતે પોતાની ખૂબીઓ કે પોતાનાં સત્કાર્યને ગોખવાં નહીં. બધો પ્રતાપ મહારાજનો જ છે. આ ભાવના સદા દૃઢ કરતા રહેવું.

આ બધી વાતો ભગા દોશીની નોંધપોથીમાં લખેલી છે. વર્ષો પહેલાના તે જમાનાના તેના હાથના અક્ષરોમાં લખાયેલી છે. અત્યારે તો તે ઊકેલવી પણ બધા માટે કઠણ છે. પરંતુ આપણા નંદસંતો અને મોટા ભક્તો ભગવાનને કેવા સમજતા ? કેવી વાતો કરતા ? કેવી રીતે પરસ્પર હેત રાખતા ? તે બધું આ વાતોનો અભ્યાસ કરતાં અંદાજ આવે છે. માટે આપણે પણ આમાંથી જેટલું ઉપયોગી હોય એટલું શીખવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ભગા દોશીની નોંધપોથીની વાતો કહી' એ નામે છત્રીસમો અધ્યાય થયો. ॥૩૬॥

અધ્યાય-૩૭

ભગા દોશીનો અક્ષરવાસ

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા ત્યારે તેમણે ગઢપુર મંદિરની તમામ જવાબદારી પહેલા વિરક્તાનંદસ્વામીને સોંપી હતી. પછી શ્રીજીએ પરમાનંદસ્વામીને ગઢડાની મહંતાય સોંપી હતી ત્યારે મહારાજે દાદા

ખાચર પાસે રૂપિયા મંગાવ્યા ને ખોબો ભરીને સ્વામીના હાથમાં આપ્યા ને કહ્યું કે, "લ્યો. તમને ધન બાધ નહિ કરે. તમે મંદિરનો કારભાર સંભાળજો." પછી તે મહંતાય કરતા. પછી જ્યારે રઘુવીરજી મહારાજ વડતાલ રહેવા ગયા ત્યારે તેમણે,

ચોપાઈ :

ભગા દોશીને પણ કહ્યું આમ, પડે જ્યારે તમારુંયે કામ;
તમને આંહિથી લખે પત્ર, તમે આવજો એ સમે અત્ર.
વરતાલ જશું હવે અમે, આવશું જ્યારે તેડાવો તમે;

આ રીતે ગઢપુર મંદિરની દેખરેખની ભલામણ ભગા દોશીને પણ કરી હતી. તેથી જ શેઠે ગઢડા મંદિરની પણ આ જવાબદારીને કર્તવ્યનિષ્ઠાપૂર્વક નિભાવી હતી. તેમજ ભગવદ્‌પ્રસાદજી મહારાજ પણ ઘણી વાર ભગા શેઠની સલાહ લેતા. આવા તે સમજુ અને ગુણિયલ હતા. જ્યારે ગોંડલના રાજાએ ત્યાં શિખરબદ્ધ મંદિર કરવાની આજ્ઞા માંગી ત્યારે સં.૧૯૨૧માં ભગવદ્‌પ્રસાદજી મહારાજે બોટાદથી ભગા દોશીને તેડાવી તેમની સલાહ લીધી હતી; તેમ ઇતિહાસ કહે છે.

ઉપજાતિ : બોટાદના દોશિ ભગો સુભક્ત, સંસારથી અંતરમાં વિરક્ત;
બોલાવી ઇત્યાદિક આપ પાસ, આચારજે વાત કરી પ્રકાશ.

આમ, સત્સંગમાં સારાં સારાં કાર્યોમાં આચાર્ય સુદ્ધાં તેમની સલાહ લેતા. એવા તો પ્રતિષ્ઠિત અને પ્રામાણિક હતા. નાનપણથી જ શિરસાટે સત્સંગ રાખ્યો હતો. શિવલાલભાઈ ધામમાં ગયા પછી તમામ જવાબદારી ધીરજતાપૂર્વક નિભાવી, તેમ છતાં શ્રીહરિ તથા સત્સંગને જ પ્રધાન રાખ્યો હતો. તેમણે ક્યારેય સત્સંગ ગૌણ પડવા દીધો નથી.

આ રીતે સમયના વાણલા વહી ગયા. પછી જ્યારે યોગ્ય સમય આવ્યો ત્યારે શિવલાલભાઈના મોટા પુત્ર કેશવલાલને તમામ જવાબદારી

સોંપી પોતે વૃત્તિઓ સંકેલી લીધી, વ્યવહારથી વિરક્ત થયા, અખંડ ભજન કરવા લાગ્યા, મંદિરમાં બેસી સાધુ-સંતોની કથા-વાર્તા સાંભળે, સદ્‌ગ્રંથોનું વાંચન કરે, નાની-મોટી સેવા કરે, એક જ વાર ઘેર જમવા જાય. આમ, આખું જીવન સત્સંગપરાયણ અને મૂર્તિમય બનાવી દીધું. પોતાની તમામ વૃત્તિઓ દેહ અને દુનિયામાંથી સંકેલી મૂર્તિમાં સ્થિર કરી.

દોહા : આ પ્રસંગથી વૃદ્ધોએ, શિખવું જોઈએ ઝટ;
આજથી બધું મેલીને, પ્રભુ ભજો ઝટપટ...૨૪૩
વૃદ્ધાવસ્થામાં સહુએ, વાળી વૃત્તિઓ આમ;
સદા હરિ સંભારવા, સ્નેહે ભજવા શ્યામ...૨૪૪
આવો માનવ દેહ તો, મળે ન વારંવાર;
પામ્યા છીએ કૃપાથી, તો કીજે નિજ ઉદ્ધાર...૨૪૫
કોઈ કોઈનું છે નહીં, આ જગતની માંય;
હરિ ભજનમાં ડૂબવું, વૃત્તિ વાળી સદાય...૨૪૬

એમ ભજન કરતાં **સં.૧૯૨૫, કારતક સુદ પૂનમનો** દિવસ આવ્યો. તે દિવસે ભગા દોશી સવારે વહેલા ઊઠી સ્નાન કરી શ્રીહરિની પૂજા કરીને પરવાર્યા. પછી દિકરા કેશવલાલને કહે, “મારે મંદિરે દર્શન કરવા જાવું છે.” તેથી તેઓ દાદાને લઈને મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં ભગવાનનાં ખૂબ ભાવથી દર્શન કર્યાં. મનોમન પરમાત્માને પ્રાર્થના કરી,

“હે ભગવાન ! આજ પૂનમનો દિવસ છે. કૃપા કરી આ શુભ દિ’ને મને હવે તમારી સેવામાં અક્ષરધામમાં તેડી જાવ. આ સંસારની કોઈ ઈચ્છા મને રહી નથી. આ નાશવંત શરીરમાં હવે મને ગમતું નથી અને નાશવંત દુનિયામાં કાંઈ જ સુખ છે નહીં. હે પ્રભુ ! હે સર્વોપરી શ્રીહરિ ! આપના જ શાશ્વત આનંદમાં મને ડૂબાડો. હે નાથ ! જીવન જીવતા જીવતા માનવ દેહ હોવાને નાતે જે કાંઈ મારી ભૂલો થઈ

હોય તે આપ મોટું મન રાખીને માફ કરજો મહારાજ.” આવી ઘણી પ્રાર્થના કરી. જાણે પ્રભુએ તેમની પ્રાર્થના સ્વીકારી લીધી. પિતા-પૌત્ર ઘરે આવ્યા.

ઘેર આવી પ્રભુપ્રસાદીનું થોડું દૂધપાન કરી અને પલંગે બેઠા. ત્યાં અનેક મુક્તો લઈને મહારાજ તેમને તેડવા આવ્યા. ત્યારે તેઓ એવું બોલ્યા, **“આ મહારાજ અને મુક્તો મને તેડવા આવ્યા છે, હું તેમની ભેળો અક્ષરધામમાં જાઉં છું. સૌને મારા જય સ્વામિનારાયણ.”** એમ કહી ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્ય દેહ ધારી સ્વતંત્રપણે સદાને માટે શ્રીહરિની સેવામાં પહોંચી ગયા. તેમના ત્રણેય પૌત્રો તથા બોટાદવાસી તમામ સત્સંગીઓએ મળી તેમના અંતિમ સંસ્કાર કર્યા. સહુના દિલમાં ઘણું દુઃખ થયું. આ સમાચાર વડતાલ પહોંચ્યા.

ચોપાઈ :

એવા માંહિ બોટાદથી પત્ર, આવ્યો શ્રીવડતાલમાં અત્ર ।
ભગો દોશી મહા ભક્ત જેહ, ગયા ધામમાં તે તજી દેહ ॥૪૩॥

એવો સત્સંગનો સ્થંભ જાય, સુણી કોણ ન દિલગીર થાય ।
તેના ખર્ચ ઉપર ત્યાં તેડાવ્યા, થયા તૈયાર તે તહાં જાવા ॥૪૪॥

સભા સ્થાનતણું કામ જેહ, પવિત્રાનંદને સોપ્યું તેહ ।
સાથે લઈ કાંઈ સંતસમાજ, વદી બીજે ચાલ્યા મહારાજ ॥૪૫॥

આ રીતે વડતાલથી આચાર્ય ભગવદ્‌પ્રસાદજી મહારાજ બોટાદ આવવા નીકળ્યા. બોટાદ આવી શેઠના પરિવારને ધીરજ આપી ગઢપુર ગયા. પછી તેમના તેરમાના દિવસે આચાર્ય ભગવદ્‌પ્રસાદજી મહારાજને ફરીવાર બોટાદ તેડાવ્યા. ઘણા સંતોને સાથે લઈ આચાર્યશ્રી બોટાદ આવ્યા. શેઠના મોટા પૌત્ર કેશવલાલ આગેવાન હતા. તેમનો ભાવ જોઈ એક દિવસ રોકાણા.

ત્યારે આચાર્યશ્રીએ તેમને શિરપાવ બંધાવ્યો. સંતોએ સહુને ધીરજ આપી અને કહ્યું, **'તમારા પિતા શિવલાલભાઈ તથા દાદા ભગા શેઠના જેવા સદ્‌ગુણો શ્રીહરિ તમોને આપે એવી અમે પ્રાર્થના કરીએ છીએ. તમો પણ તમારા વડવાઓનો વારસો જાળવી રાખજો. તેમના જેવો ભગવાનનો, સત્સંગનો ખપ રાખજો તો ભગવાન સદાય સાથે રહેશે. વિષય-વાસના ટાળવી, ભગવાનમાં વૃત્તિ વાળવી, જીવનો મોક્ષ કરવો એટલો જ મનુષ્ય જન્મનો હેતુ છે. આ વાતને ક્યારેય ભૂલશો નહીં. તમારા વડવાની જેમ આ સત્સંગના દાસ થઈને જો રહેશો તો આ લોક-પરલોકમાં સર્વ રીતે સહુ સુખિયા રહેશો. પરંતુ સત્સંગ છોડી દેશો જગતના જીવ જેવા બિનહરિભગત યા કુસંગી થઈ જશો તો કોઈ વાતનું સુખ રહેશે નહીં.'**

આવી સંતોએ જીવન ઉપયોગી વાતો તથા કેટલીક વ્યવહાર ઉપયોગી ભલામણો કરી સહુને ધીરજ બંધાવી. પછી સહુ ત્યાંથી ગઢપુર ગયા.

જેમને મહારાજના વરદાનથી અખંડ અંતરમાં મૂર્તિ દેખાતી હતી એવા વૃદ્ધ અચિંત્યાનંદસ્વામી જ્યારે શેઠ ધામમાં ગયા ત્યારે બોટાદમાં જ રહેતા, તે ખૂબ ભજની હતા. ભગા શેઠ ધામ ગયા બાદ એક મહિને સં.૧૯૨૫, માગસર સુદ પૂનમના પવિત્ર દિવસે બોટાદ મંદિરમાંથી દેહત્યાગ કરી શ્રીહરિની સાથે ધામમાં ગયા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'ભગા દોશીનો અક્ષરવાસ કહ્યો' એ નામે સાડત્રીસમો અધ્યાય થયો. ॥૩૭॥

અધ્યાય-૩૮

શિવલાલ શેઠનો વંશ અને ઉપસંહાર

શિવલાલભાઈના ત્રણેય પુત્રો પણ તેમના વડિલોના માર્ગે ચાલ્યા હતા. સહુ ખૂબ સત્સંગ-ભજન કરતા, શ્રદ્ધાથી સેવા કરતા. જ્યારે સં.૧૯૨૮ માં ગોંડલ નૂતન મંદિરની પ્રતિષ્ઠા કરી તે વખતે આચાર્યશ્રીએ તેમના ત્રણેય પુત્રોને સાથે લીધા હતા.

વળી, સમય જતા શિવલાલ શેઠની જેમ તેમના મોટા પુત્ર કેશવલાલને શ્રીહરિ નાની ઉંમરમાં ધામમાં તેડી ગયા હતા. તેથી ભાવનગરનરેશ તરફથી શિવલાલ શેઠના ત્રીજા પુત્ર હરિલાલને નગરશેઠની પદવી આપી હતી. મોટાભાઈના ચિલે ચાલી તેમણે પણ મંદિરનો વહીવટ તથા દેવદ્રવ્યનો સદ્દુપયોગ કરી તેમજ પોતાની લક્ષ્મીનો સદ્દુપયોગ કરી સત્સંગ તથા મંદિરોની ખૂબ સેવા કરી હતી.

બોટાદ મંદિરના સભામંડપમાં **ગોપાળાનંદસ્વામીએ પધરાવેલા ચરણારવિંદ ઉપર આરસની છત્રી હરિલાલ શેઠે કરાવી હતી.** ગઢપુર મંદિરમાં પણ ખૂબ સેવા કરેલી. તે ધામમાં ગયા બાદ તેમના સુપુત્ર હિંમતલાલભાઈ નગર શેઠ થયા હતા. તેમણે પણ સત્સંગની તથા સમાજિક સેવાઓ ખૂબ કરેલી. તેમજ ગઢડા મંદિરના ટ્રસ્ટી તરીકે રહી ત્યાં પણ તન, મન ને ધનથી ખૂબ જ સેવા કરી હતી.

આ હિંમતલાલભાઈ અતિ લોકપ્રિય નગરશેઠ હતા. તેઓ ધામમાં ગયા ત્યારે તેમને શ્રદ્ધાંજલી આપતાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ કહેલું કે, **'તે આ ધરતીના ઢાંકણહાર હતા. ગોહિલવાડની અસ્મિતા હતી.'** આમ, મોટા માણસોની નજરે તેઓ ગૌરવવંતા હતા.

વહાલા ભક્તો ! સૌજન્ય, સંસ્કાર અને સ્નેહની પ્રતિમા સમા બોટાદના આ નગરશેઠનું આકર્ષક વ્યક્તિત્વ અને અનોખી પ્રતિભા હતી.

તેમના સહેજ પણ પરિચયમાં આવ્યા પછી ભાગ્યે જ કોઈ તેમને ભૂલી શકતા. આવો તેમનો પ્રેમાળ સ્વભાવ હતો. તેમણે નિઃસ્વાર્થભાવે કરેલી સેવા અને કર્તવ્યપરાયણતાને કારણે લોકો તેમને **'બાપુજી'ના** નામે જાણતા. તેમની પાસે આવેલું કોઈ ખાલી હાથે જતું નહીં. ભાવગનર રાજ્યમાં તેમની સલાહનું ભારે વજન પડતું. તેમનો આતિથ્ય સત્કાર બેનમૂન હતો. પેઢીઓથી ચાલ્યો આવતો રાજકીય સંબંધ અને સત્સંગનો વારસો તેમણે બરાબર સાચવ્યો હતો. તેમની પરંપરામાં હજી સુધી સત્સંગ જળવાઈ રહ્યો છે. સહુ દેવ, આચાર્ય, મંદિરો તથા સત્સંગની યથાશક્તિ સેવા કરે છે.

શિવલાલ શેઠના મોટા પુત્ર કેશવલાલના પુત્ર શાંતિલાલભાઈએ સારંગપુર કષ્ટભંજન દેવની ખૂબ જ સેવા કરી હતી. શાંતિલાલભાઈ દર વર્ષે સારંગપુરમાં બેસતાવર્ષનો અન્નકૂટ પોતા તરફથી કરાવતા. આજ સુધી તેમની પરંપરામાં હજી તેમના તરફથી દર વર્ષે એક હજાર રૂપિયા અન્નકૂટ પેટે આપવામાં આવે છે.

શિવલાલ શેઠના વચેટ પુત્ર છગનલાલ પણ મહા ભક્ત હૃદયના હતા. તેમના પુત્ર ચંપકલાલભાઈ એક સન્નિષ્ઠ અને નીડર લોકસેવક હતા. બોટાદની પ્રજાની પીડામાં તેઓ સદાય મોખરે રહી સેવા બજાવતા. મંદિર માટે કે ધર્મ માટે કોઈ પણ કાર્ય હોય તો તેઓ ખડે પગે રહીને તે કરતા. સત્યમાં જરાય નમતું જોખતા નહીં. તેમની પ્રામાણિકતા અને ઉદારતા અજોડ હતી. તેઓ સ્વભાવે નમ્ર હતા, છતાં અન્યાય અને અત્યાચાર સામે અડગ ઊભા રહેતા. તેમનું વ્યક્તિત્વ અનોખું હતું.

જાહોજલાલીમાં મોટા થયા હોવા છતાં ગરીબો પ્રત્યે તેમનો પ્રેમ અનોખો હતો. કપાળમાં સ્વામિનારાયણ ભગવાનનો તિલક-ચાંદલો, માથે ઊંચી પાઘડી, ખંભે ખેસ અને હાથમાં માળા રાખતાં. તેમનું ખાનદાનીભર્યું જીવન જોઈ સૌરાષ્ટ્રના મહાજનો તેમનો પડ્યો બોલ

ઉપાડતા. રજવાડાઓ પણ તે કહે તેમ કરવામાં ગૌરવ અનુભવતા. તેથી જ સૌરાષ્ટ્રમાં લોકો તેમને **'જગતશેઠ'** કહેતા. એવા તે શક્તિમાન અને ભક્ત હતા. શ્રીહરિની અને સત્સંગની ખૂબ તેમણે સેવા કરી હતી.

ચંપકલાલ શેઠ ૫૩ વર્ષની ઉંમરે જ્યારે અક્ષરવાસી થયા ત્યારે રાજા અને પ્રજા બધાએ એમની પાછળ પ્રેમનાં આંસુ વહાવ્યાં હતાં. મુંબઈના તે સમયના પ્રથમ ન્યાયમૂર્તિ લલ્લુભાઈ આશારામ શાહે તેમને શ્રદ્ધાંજલી આપતાં કહ્યું કે, **"ચંપકલાલ શેઠે એમની શક્તિથી, ડહાપણથી અને સેવાકાર્યથી આ સંસારમાં આંબા વાવી પુષ્કળ સ્નેહના નાતા બાંધ્યા છે."** આ ચંપકલાલના પુત્ર મોહનલાલભાઈ થયા. અને તેમના પુત્ર રમણિકલાલભાઈ થયા. તેઓ પણ સારા ભક્ત હતા. મુંબઈમાં રહેતા. તેમણે જ કવિ માવદાનજી પાસે ભગા શેઠ તથા શિવલાલભાઈના જીવન વૃત્તાંતની પુસ્તિકા લખાવીને સત્સંગમાં પ્રસિદ્ધ કરી હતી. તેમના પુત્ર અશ્વિન તથા રમેશ છે.

હિંમતલાલ શેઠના પૌત્ર ઘનશ્યામભાઈ તેમના પિતાશ્રી મણિલાલભાઈ અક્ષરવાસી થતાં માત્ર **૨૩ વર્ષની** ઉંમરે જ નગરશેઠ બન્યા. નાની વયે શિરછત્ર ગુમાવ્યા બાદ પણ આખા નગરની જવાબદારી સારી રીતે નિષ્ઠાપૂર્વક અદા કરી હતી. તેઓ સ્વભાવના ખૂબ શાંત અને ઉદાર હતા. સહુના માન-મોભા સાચવી સદા પ્રજાના હિતમાં કાર્યો કરતા. તેમના સરળ અને ઉદાર સ્વભાવને કારણે તેઓ બોટાદ મહાજન પાંજરાપોળ, સર તખ્તસિંહજી લાઈબ્રેરી, જૈન ભોજનાલય અને બોટાદ શ્રીસ્વામિનારાયણ મંદિર, આ જાહેર સંસ્થાઓના પ્રમુખ હતા. છતાં પક્ષાપક્ષીથી પર રહી સહુનું હિત થાય તેમજ કાર્યો કરતા હતા. શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજીસ્વામી કહેતાં કે, "અમે જ્યારે બોટાદ મંદિરની સેવામાં રહ્યા હતા ત્યારે તેઓ અતિશય વૃદ્ધ હતાં છતાં મંદિરમાં બેસીને માળા ફેરવ્યા કરતાં હતાં, તે મેં જોયેલું."

આજે તો શિવલાલ શેઠનો આ વંશ ઘણો વિસ્તાર પામ્યો છે. બોટાદ, ભાવનગર, સુરત, મુંબઈ વગેરે સ્થળોએ તેમના પરિવારના સભ્યો રહે છે. મહારાજે **બોટાદમાં રંગોત્સવ કર્યો ત્યારે ભગા દોશીએ વરદાન માગેલું કે અમારા વંશજોમાં સત્સંગ સદા રહે.** આ વરદાન મુજબ હજી તેમના વંશજોમાં સત્સંગ, શ્રીહરિની નિષ્ઠા, સંતોમાં સ્નેહ વગેરે જોવા મળે છે. પરંતુ તેમના દીકરાઓનાં લગ્ન જૈન પરિવારની દીકરીઓ સાથે થતાં તે દિકરીઓ સાસરે આવી આ સત્સંગી પરિવારમાં ભળતા મોટે ભાગે સત્સંગના રંગે રંગાઈ જતી, પરંતુ અમુકનું વલણ હવે તે સંપ્રદાય તરફ ઢળતું હોય એવું જાણવા મળ્યું છે.

વહાલા ભક્તો ! હાલ તમારે સર્વે સત્સંગી હરિભક્તોને પણ તમારી પરંપરાગત પેઢીમાં સંપત્તિ હોવા છતાં પરિવારના સભ્યોમાં સત્સંગનું બળ ટકી રહે, સદ્‌ગુણો જળવાઈ રહે, શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા કાયમ રહે એવી દરેકે કાળજી રાખવી જોઈએ. મા-બાપ તરીકે તમારી સહુની એ પવિત્ર ફરજ છે કે, બાળકોમાં સત્સંગ અને સંસ્કારો રેડવા, યુવાનોને સત્સંગ અને ભક્તિના રસ્તે વાળવા; એવું માતા-પિતાએ આયોજન કરવું જોઈએ. અને તેના માટે તમારે સમય ફાળવવો જોઈએ.

જેમ સંપત્તિ મેળવવા ધંધા માટે સમય ફાળવો છો, તેમ જ સંતાનોમાં સંસ્કાર કેળવવા સમય ફાળવવો; એ દરેક માતા-પિતાનું કર્તવ્ય છે. તે સહુએ પોતાની ફરજ સમજીને નિભાવવું, તો તમારા કુટુંબમાં પણ સંપ રહેશે, સુખ રહેશે અને ભગવાન તથા સંતોનો રાજીપો રહેશે.

માટે ભગવાન અર્થે, સત્સંગ અર્થે અને સાચા સંતો-ભક્તો માટે માથું દેવું પડે તોપણ દઈ દે એવા સંસ્કારો તમારા સંતાનોને આપજો. આ લોકમાં ગમે તેટલાં સુખ હશે, છતાં તે અક્ષરધામના સુખ આગળ

તો સાવ લુખ્ખાં છે, તુચ્છ છે. મૂર્તિનું સુખ એ જ આત્માનું સાચું સુખ છે. જે શાશ્વત સુખને મૂકી નાશવંત પદાર્થમાં કે વ્યક્તિમાં બંધાઈ જાય છે, તેને અંતે બહુ પસ્તાવો થાય છે. માટે શાશ્વત શ્રીહરિનો આનંદ સદા મળે એવી સમજણ શીખવી અને સંતાનોને પણ શિખવાડવી. અંતે આપણે હાથ જોડી, હેતથી હરિવરને પ્રાર્થના કરીએ કે,

દોહા : સમજણ શિવલાલ જેવી, અમને દેજો નાથ;
કરગરી 'જ્ઞાન' વિનવું છું, જોડીને બે હાથ...૨૪૭

નિયમ ધર્મની દૃઢતા, શીલ સત્સંગ પ્રેમ;
સહનશીલતા આપજો, નીતિ રીતિ ને ક્ષેમ...૨૪૮

હરિબળ વળી ઉદારતા, ભગા દોશીની જેમ;
એવા ગુણ આપો અમને, કરો કરુણા એમ...૨૪૯

પિતા-પુત્રના આપજો, અમને ગુણો તમામ;
સહુના મનમાં હોંશ છે, પામવા શ્રીઘનશ્યામ...૨૫૦

આ લોકના સર્વ રીતે, હોય સુખ સુખ ને સુખ;
અક્ષરધામના સુખ સારુ, લાગે આ બધું દુઃખ...૨૫૧

ગાયું સુણ્યું મુક્તોનું, ભાવે આ આખ્યાન;
રાજી થજો અમ ઉપરે, ભક્ત વળી ભગવાન...૨૫૨

રાખી નિષ્ઠા સત્સંગની, ધામે જઈએ ઝટ;
નીકળે વાળ માખણથી, એમ નીકળીએ પટ...૨૫૩

સાચા સંત ઓળખાવજો, દેજો સેવા અખંડ;
એવા સંતને સેવતાં, ભલે પડી જાય પંડ...૨૫૪

સંવત બે હજાર ઉપરે, ઓગણસીતેર સાલ;
ભાદરવા વદ આઠમે, શુક્રવાર છે હાલ...૨૫૫

ઈસવિસન બે હજાર તેર, મહિનો સપ્ટેમ્બર;
સત્યાવીશ તારીખ છે, સાંજનો સમય સુંદર...૨૫૬

બાપ બેટાની આ કથા, લખી રહ્યો છું હાલ;
બેયનું આખ્યાન પૂરું થયું, રાજી થજો હે લાલ...૨૫૭

રાજી થજો સહુ મુક્તો, સંત ભક્ત અમ પર;
કૃપા કરીને રાખજો, અમ પર મીઠી નજર...૨૫૮

લખ્યું આ કુંડળધામે, નદી ઉતાવળી તીર;
નદીમાં પૂર આવ્યું છે, રીમઝીમ વરસે નીર...૨૫૯

જ્ઞાનજીવન કરગરીને, વિનવે તમને નાથ;
સર્વોપરી હે શ્રીહરિ, રહેજો અમ સંગાથ...૨૬૦

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે શિવલાલ શેઠના આખ્યાનમાં 'શિવલાલ શેઠનો વંશ તથા ઉપસંહાર કહ્યો' એ નામે આડત્રીસમો અધ્યાય થયો. ॥૩૮॥

ઇતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી કુંડળધામ લિખિત

શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન ગ્રંથ મધ્યે

શિવલાલ શેઠનું આખ્યાન કહ્યું

એ નામે ચતુર્થ પ્રકરણ સમાપ્ત ॥૪॥

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

વિશ્વાસીભક્ત ગલુજીનું આખ્યાન

પ્રકરણ-૫

અધ્યાય-૧

પૂર્વભૂમિકા તથા નિષ્ઠાવાનનાં લક્ષણ

દોહા : પ્રગટ શ્રીપુરુષોત્તમને, વંદું હું વારંવાર;
લેવા પરીક્ષા દાસની, સદા રહો છો ત્યાર...૦૧

જેને ઈચ્છા આપને, પામવાની જ હોય,
તેની કસોટી કરવામાં, ખામી ન રાખો કોય...૦૨

ટેવ પડી છે તમને, પરીક્ષા લેવા બહુ,
તમારા તે પરાક્રમને, જાણે છે જગત સહુ...૦૩

પ્રથમ દ્યો છો બળબુદ્ધિ, કરી પૂરો તૈયાર;
પછી લ્યો છો પરીક્ષા, દયાળુ ભક્તિકુમાર...૦૪

વિધ વિધ તાવો દાસને, કરવા તેને પાર;
તવ દિલે એક તાન છે, જીવ કરવા ઉદ્ધાર...૦૫

જેને માનો પોતાનો, તેને ભૂલો નહિ;
એવી તમારી ટેક છે, તે દેખાડીશ કહિ...૦૬

આવ્યા તમારે આશરે, તેનું રાખ્યું ધ્યાન;
નિષ્ઠા કરાવી આપની, પોતે પ્રગટ ભગવાન...૦૭

પાત્ર કુપાત્ર ન જોયા, ન જોઈ જાત ને ભાત;
જેણે તમને પોકાર્યા, તેને મળ્યા સાક્ષાત...૦૮

પરવા કરી ના કોઈની, ભક્તના પૂર્યા ભાવ;
કુસંગી ભલે બળતા, ભલે લેતા અભાવ...૦૯

તમે કોઈને ગણો નહિ, નિજ સેવકને કાજ;
પ્રગટ્યા પ્રેમી કારણે, આજ તમે મહારાજ...૧૦

નિષ્ઠાવાનમાં કરો છો, નિત નિત નવલો નેહ;
નિષ્ઠાવાનને નિરખીને, નેણે વર્ષે મેહ...૧૧

નિષ્ઠાવાન એક ભક્ત છે, જેનું ડડુસર ગામ,
તેની કસોટી બહુ કરી, જેનું ગલુજી નામ...૧૨

આખ્યાન તેમનું લખું છું, રાજી કરવા નાથ,
પળે પળે પિયુ પાતળા, રહેજો મુજ સંગાથ...૧૩

રાજી કરવા ગલુજી, હરિ ને હરિજન ખાસ,
બુદ્ધિ માંગુ છું ભાવથી, જ્ઞાનજીવન તવ દાસ...૧૪

જેને સર્વાવતારી શ્રીહરિને રાજી કરતા આવડ્યું તેનાં તમામ કાર્યો સિદ્ધ થાય છે. શ્રીહરિ કે મોટા સંતનો રાજીપો તો આત્માને આનંદથી ભરી દે છે. જેના ઉપર નાના-મોટા સહુનો રાજીપો હોય તેના જીવમાં બહુ બળ આવે છે. શ્રીહરિ અને સંતોનો રાજીપો તો અમૃતથી પણ વધુ પોષણ આપે છે. જેમ અન્ન જમવાથી ભૂખ જાય, પાણી પીવાથી તરસ જાય તેમ જેના પર મોટા સંતનો રાજીપો થાય તેના તમામ દોષોનો નાશ થાય છે. શ્રીહરિ તેના હૃદયમાં રહીને સુખનો વરસાદ વરસાવે છે.

માટે જેને સદા સુખ, શાંતિ અને આનંદ અનુભવવો હોય તેમણે પોતાની તમામ ક્રિયા શ્રીહરિને પ્રસન્ન કરવા માટે જ કરવી. ઘણીવાર આપણે ક્રિયાનો આરંભ શ્રીહરિ અને સંતોને રાજી કરવા કરીએ છીએ; પરંતુ ક્રિયા ચાલુ થાય પછી તેની સફળતા મળે તેથી સહુ આપણા વખાણ કરે એટલે આપણે પોતે રાજી થવા લાગીએ છીએ, અને ભગવાનને રાજી કરવાનું ભૂલી જઈએ છીએ. આપણું મન આપણને રમાડવા લાગે છે ત્યારે તેની આપણને ખબર પણ રહેતી નથી, અને પોતે રાજી થઈ જઈએ છીએ, એટલે ભગવાનને રાજી કરવાનું સાવ ભૂલાઈ જાય છે; માટે આશયશુદ્ધિનું સાતત્ય અથ થી ઈતિ સુધી ઘણું અગત્યનું છે.

પોતે જ રાજી થાવા, કરીએ એ જ બંધન;
કરીએ હરિ રિઝવવા, 'જ્ઞાન' તો જ નિરબંધન...૧૫
હરિ કે મોટા સંતનું, ગમતું કરે એ મુક્તિ;
નિજ મનગમતું કરીએ, 'જ્ઞાન' એ જ આસક્તિ...૧૬

ભગવાનને આપણી પાસે કાંઈક કરાવવું છે અને કાંઈક કરાવવું નથી. તે બંને સમયે આપણે મહારાજ અને મોટાની ઈચ્છા મુજબ વર્તીએ તો જ માત્ર શુદ્ધ રાજીપા માટેની ક્રિયા થાય. તેનાથી વિપરીત જેટલી કરવાની કે નહીં કરવાની વ્યક્તિગત ઈચ્છા રહે એટલી અશુદ્ધિ છે. માટે **સ્વતંત્રતા તજવી, દાસતા ભજવી એ જ ભક્તિ-મુક્તિ છે, બાકી સર્વ આસક્તિ છે. પ્રગટ શ્રીહરિ કે પ્રગટ સંતની ઈચ્છા મુજબનું વર્તન એ જ સાચું દાસપણું છે અને એ જ સાચી નિષ્ઠા છે.**

સોરઠા : **નિષ્ઠાનું મૂર્તિમંત, સ્વરૂપ વળી જે દાસનું;**
ગલુજી બુદ્ધિવંત, આખ્યાન લખું છું તેમનું...૧૭
લખતા આ આખ્યાન, ગળતા હૈયે સમરિયે;
સર્વોપરિ ભગવાન, દેજો શુદ્ધબુદ્ધિ અમને...૧૮

"હે મહારાજ ! અમારી સર્વે ક્રિયા ગલુજીની જેમ માત્ર આપની તથા આપના લાડિલાની પ્રસન્નતાર્થે જ થાઓ, મારા સર્વે શ્વાસો આપની મરજીમાં રહેતા સંતો-ભક્તોની મરજીમાં વપરાય; એવી કૃપા કરજો."

દોહા : **કહી લખીને આ કથા, લઈએ એનો સાર;**
અસારમાં ન પડીએ, કૃપા કિજે કિરતાર...૧૯
ભક્તનો મહિમા ગાવ છું, સમજવા ભગવાન;
ભગવદ્ મહિમા સમજેથી, સમજાય ભક્તિમાન...૨૦

સંવત ૧૮૭૭ ના કાર્તિક વદ ૧૩ની રાત્રિએ લોયામાં શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ દેશ દેશના સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે મહારાજ તેમને પ્રગટ સંતો-ભક્તોનાં મહિમાની વાતો કરતાં કહે,

પૂર્વછાયો : **હરિજન સતસંગમાં જે, નિરભિમાની અને નીતિમાન;**
સતસંગમાં શિરોમણિ, ધરે અક્ષરાતીતનું ધ્યાન.
અહંમતિ નહીં અંગમાં, સંત સેવાને ચાહે સદાય;
વર્તમાને વર્તે વધુ, ગુણ પ્રગટ પ્રભુના ગાય.

"એવા ગામ ડડુસરવાળા રજપુત ગલુજી, ધર્મપુરવાળા કુંશળકુંવરબાઈ, પર્વતભાઈ, રાજબાઈ, જીવુબાઈ, મોટા રામબાઈ, દાદો ખાચર, માંચો ભક્ત, મૂળજી બ્રહ્મચારી, ભૂજવાળા લાધીબાઈ ને માતાજી, મુક્તાનંદસ્વામી, વાળાક દેશના આહિર પટેલ સામંત, માનકૂવાના મૂળજી તથા કૃષ્ણજી, વાળાક દેશના ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત ઈત્યાદિ જે સત્સંગી છે તેમાં લેશમાત્ર પણ અહં નથી તથા સર્વે પ્રગટ સંતોની સેવાને કાયમ ઈચ્છે છે." આવું શ્રીહરિ બોલ્યા.

વહાલા ભક્તો ! ખરેખર જેને પ્રગટમાં નિષ્ઠા થાય તેનો અહં તરત ઓગળી જાય છે, પરંતુ જીવની બે પ્રકારની વૃત્તિ સહજ છે. એક પોતાનો અહં ટકાવવો અને બીજું પોતાનો અહં વિસ્તારવો. તેથી

તેને પ્રગટ હરિ અને સંતો ફાવતા નથી, તેથી જ તે પરોક્ષને ભજે છે. અને એમાંય ઘણાને તો કેવળ ઔપચારિકતા કરવી પડે છે. પછી તે વાસ્તવિકતાથી દૂર જ થતો જાય છે. પરંતુ વાસ્તવિકતાથી દૂર થયેલા વ્યક્તિને ક્યારેય અંતરમાં સુખ-શાંતિ મળતા નથી. કેમ જે, તેના દોષો, સ્વભાવો ટળતા નથી.

ઔપચારિકતા જેને પ્રિય છે એવો વ્યક્તિ પ્રગટ પ્રભુથી યા પ્રગટ સંતથી ડરતો રહે છે, તેથી તે પરમ સત્ય એવા શ્રીહરિના વાસ્તવિક સુખને પામી શક્તો નથી. ડરવાનું કારણ એ છે કે, પ્રગટ હરિ કે સંત તેના અહં ઉપર ઘા કરે છે, તેની દુઃખતી નસ જ પકડે છે અને ટૂંકો ઝાલે છે; તેથી જીવને આ ગમતું નથી અને અહં, દોષો, વાસના છૂટતા નથી. પછી પ્રગટથી દૂર રહે છે અને આ સ્વખામીની કોઈક અંતર્મુખીને જ ખબર પડે છે.

માટે હે વહાલા ભક્તો ! અંતર્મુખી બનવાની અતિ જરૂર છે. અને તેને માટે ગલુજીભાઈનું આખ્યાન આપણને અતિ ઉપયોગી થાય એવું છે. ભક્તરાજ ગલુજીએ પોતાને જોવાનું, પોતાના સ્વભાવ તથા વાસના ટાળવાનું અને પોતાના દોષ શોધવાનું જ રાખ્યું હતું, આપણે પણ તેમ કરીશું તો જ મહારાજના અતિ પ્રિયપાત્ર બનીશું. પ્રભુના પ્રેમપાત્ર બનવા માટે ગલુજીભાઈનું આખ્યાન આપણને ઘણું ઉપયોગી થાય એમ છે.

દોહા : **આવા ભક્તના આખ્યાનો, સુણિએ રાજી થઈ;**
એમાંથી જે મળશે તે, બીજેથી મળશે નઈ...૨૧
લાભ ક'દી ચૂકવો નહિ, સુણવું આ આખ્યાન;
ભક્તિ ધર્મ ને વૈરાગ્ય, મળશે રૂડું જ્ઞાન...૨૨

શ્રીહરિએ પોતે લોયાના ત્રીજા વચનામૃતમાં શ્રીમુખથી એકવીસ જેટલા ઉપરોક્ત પ્રગટ સંતો-ભક્તોનાં આખ્યાનો તેમની સામે ગાયાં છે.

પરંતુ તેમાં સૌપ્રથમ ડડુસરના ભક્ત ગલુજીનું આખ્યાન ભગવાને કહ્યું હતું; એવા તે પ્રગટમાં નિષ્ઠાવાન, નિરાભિમાની, સત્સંગપ્રેમી અને સેવાભાવી, ગુણ ગાવા યોગ્ય ભક્ત હતા. અને આજ એના ગુણ લખવા-ગાવાનો ભગવાને આપણને અવસર આપ્યો છે, તે આપણા મોટા ભાગ્ય કહેવાય.

રાત્રિના સમયે લોયામાં ભરાયેલી આ સભામાં શ્રીજીમહારાજને ભગવદાનંદસ્વામી તથા શિવાનંદસ્વામીએ હાથ જોડીને પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ ! ભગવાનનો તથા સંતનો જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, **"જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? બધું જ થઈ શકે. તેને માટે કંઈ ન થઈ શકે એવું છે જ નહિ, તેને કોઈ બાબત કે વસ્તુ અંતરાય કરી શકે જ નહિ, રોકી શકે જ નહીં."**

વહાલા ભક્તો ! વાતનો દોર આગળ લંબાવતા શ્રીહરિ કહે, **"સંબંધીઓમાં સ્નેહ સમાન બીજું કોઈ બંધન નથી. કુટુંબીઓમાં સ્નેહ એ જ મોટો માયાનો પાશ છે.** નિષ્ઠાવાનને આ બંધન પણ બાંધી શકતું નથી. સંબંધીઓના આવા બંધનને પણ તે મળવત્ છોડી દે છે. વળી, જીવને સ્ત્રી અને ધન કરતાં પણ લોકલાજ અને આબરૂનું મોટું બંધન હોય છે. ઘણા માણસો આબરૂ રાખવા આપઘાત પણ કરે છે. ઘણા તો યશ મેળવવાની ઈચ્છાથી જ દાન, પુણ્યાદિક સારાં કાર્યો કરતાં હોય છે.

આબરૂને દેહ સાથે સીધો સંબંધ છે. દેહાભિમાની માણસને આબરૂ અતિ પ્રિય હોય છે, તે આબરૂનો જ ઉપાસક હોય છે. ક્યારેક તો દેહ કરતાં પણ તેને આબરૂ અધિક પ્રિય લાગે છે અને તેથી જ આબરૂ રાખવા દેહનો પણ ત્યાગ કરે છે. તેના મનમાં એમ થાય છે કે, "હવે હું શું મોઢું બતાવીશ ? મારી આબરૂ શું ?" આમ મૂંઝાઈને

કોઈ પણ રીતે તે આત્મઘાત કરે છે. આનો અર્થ એ થયો કે, 'જીવને દેહ કરતાં પણ લોકલાજ વધુ વહાલી છે.'

પરંતુ જ્યારે પ્રગટ શ્રીહરિ કે સંતની નિષ્ઠા થાય ત્યારે આવા લોકલાજરૂપી ગઢને પણ તે તણખલાંની જેમ તોડી નાંખે છે. રાજ્યના બંધનનો પણ ત્યાગ કરી દે છે અર્થાત્ સંબંધીઓ, આબરૂ, રાજપાટ, ગામ-ગરાસ કે પદ-પ્રતિષ્ઠા; આ સર્વનો ત્યાગ કરે છે, અને આવો ત્યાગ જેમાં હોય તેને જ શ્રીહરિ આધીન થાય છે. તે આ લોકના વસ્તુ-પદાર્થનો જ નહિ; પરંતુ કાળ, કર્મ અને માયાના ભયનો પણ ત્યાગ કરે છે અર્થાત્ જીવવાની આશાનો ત્યાગ કરે છે, મોતથી પણ ડરતો નથી. આવો જે હોય તેને બીજા ભય શું નડે ?

તમે કહેશો કે, "લોકો તેના વિશે ગમે તેવી વાતો કરે ત્યારે તે કેવી સમજણ રાખે છે ? જેણે કરીને તેને કાંઈ તકલીફ થાતી નથી." તો આવા જે ભક્ત છે તે અજ્ઞાની લોકો નિંદા કરે કે અપશબ્દો બોલે તો તેને પશુ, પંખી, કૂતરા કે ગધેડાના શબ્દો સમાન સમજે છે. જેમ કૂતરા ભસે કે ગધેડા ભોંકે તેને આપણે ગણકારતા નથી અને તેની પરવા પણ કરતા નથી; એ જ રીતે પ્રગટની નિષ્ઠાવાળો સાચો ભક્ત અજ્ઞાનીના શબ્દોને કાને ધરતો નથી અને તેની કોઈ પરવા પણ કરતો નથી. તેથી જ તેમને કોઈ અસર થાતી નથી. અને આવી રીતે જે ભગવાન અને સંતોને અર્થે જીવતા હોય એવા સંતો-ભક્તોના શ્રીહરિએ લોયા ગામે સભા મધ્યે આખ્યાન કહ્યા છે. આ લોયાના ત્રીજા વચનામૃતમાં તો જેનાં આખ્યાન કહ્યાં છે તેના નામમાત્ર લખ્યા છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'પૂર્વભૂમિકા તથા નિષ્ઠાવાનનાં લક્ષણ કહ્યાં' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

ભક્તરાજ ગલુજીનો પરિચય, ગુણો તથા સમજણ

વચનામૃત તો પુરુષોત્તમનારાયણની પરાવાણી છે. જેમાં શ્રીહરિ બોલ્યા, "જેને ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તે તેમને અર્થે શું ન કરે ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે."

વહાલા ભક્તો ! જુઓ તો ખરા ! ત્યાગ, ત્યાગ ને ત્યાગ ! શ્રીહરિના વેણે વેણે ત્યાગ શબ્દ પ્રયોજાયો છે. શ્રીહરિ અને સંતો માટે પોતાના પ્રાણનો પણ ત્યાગ કરે. ત્યાગ વિના પ્રાપ્તિ અશક્ય છે અને તે ત્યાગ પણ થોડાકનો નહિ, સંપૂર્ણનો કરવો પડે છે. **જેમને શ્રીહરિની મૂર્તિનો જ અખંડ અનુભવ રાખવો હોય તેમણે તે સિવાયનું બધું જ ત્યાગવું જોઈએ; આ સિદ્ધાંત વાર્તા છે.**

અને જેની પ્રાપ્તિ કરવી હોય તેનો દૃઢ માહાત્મ્યજ્ઞાને યુક્ત નિશ્ચય અનિવાર્ય છે. કેમ જે, જેનો જેને નિશ્ચય હોય તે તેના માટે મરી શકે છે અને જીવી શકે છે. જેમ કે, દેહની નિષ્ઠા હોય તો દેહ માટે જીવાય-મરાય. સ્ત્રી-ધનની નિષ્ઠા હોય તો તેના માટે.. ,માન કે આબરૂની નિષ્ઠા હોય તો તેના માટે.. અને શ્રીહરિ કે સંતનો પરિપક્વ નિશ્ચય હોય, તો તેમના અર્થે જ જીવાય અને તેને માટે મરાય પણ ખરું. આપણું આપણે તપાસવું જોઈએ કે, કોના માટે જીવીએ છીએ ? અને કોના માટે મરવાના છીએ ?

દોહા : **નિષ્ઠા ચકાસી લઈએ, આપણે આપણી આજ;**
તો જ આ આખ્યાનથી, રાજી થાય મહારાજ...૨૩
કોરુ કહીએ સુણિયે તો, અર્થ ન આવે કાંય;
સમયશક્તિ બંને બગડે, રીઝે નહિ હરિરાય...૨૪

વહાલા ભક્તો ! આપણે આજ નિષ્ઠાવાન ભક્ત ગલુજીનું જીવન વિચારવા બેઠા છીએ ત્યારે તેમાંથી એ નિહાળવું છે કે, શ્રીહરિ તેના ઉપર શાથી આટલા બધા રાજી હતા ? અને વળી, તે પ્રગટ ભક્તનું પ્રગટ ભગવાને આખ્યાન ગાયું અને મુક્ત કંઠે એની પ્રશંસા કરી છે અને તેના સદ્‌ગુણો બિરદાવ્યા છે, માટે વિચારવા જેવું તો ખરું જ.

આવા ભક્તરાજ ગલુજીનો જન્મ ખેડા જિલ્લાના મહુધા તાલુકાના ડડુસર ગામે થયો હતો. તેઓ જ્ઞાતિએ મહિડા રજપૂત હતા. તેમના પિતાનું નામ મળ્યું નથી. તેમની માતાનું નામ જીજીબા હતું. તેમની ધર્મપત્નીનું નામ અંબાબાઈ હતું. તેમને એક દિકરી હતી તેનું નામ સુખબાઈ હતું. તેમના ભાઈનું નામ મેલાજી તથા લકુમસિંહ હતું. તેમના નામ લખતા નિષ્કુળાનંદસ્વામી ભ.ચિં. પ્ર.૧૨૧ માં કહે છે,

ક્ષત્રી ભક્ત ગલુજી મેલોજી, જેસંગ ભાયે લીધા હરિ ભજી;
ક્ષત્રી જીજીબા ને સુખબાઈ, એહ જન ડડુસરમાંઈ.

વિક્રમ સંવત ૧૮૫૮ માં શ્રીહરિ જેતપુરમાં ગુરુ રામાનંદસ્વામીની ગાદીએ બિરાજ્યા. પછી બે-પાંચ વર્ષમાં જ મહાપ્રભુએ પાંચસો પરમહંસ કર્યા અને તેઓને ગામડે ગામડે મંડળ બાંધીને પોતાની ઓળખાણ કરાવવા માટે મોકલ્યા.

તે સમયે સંતો ભિક્ષા માગીને જમતા અને મુમુક્ષુઓને સત્સંગ કરાવતા. અદ્‌ભુતાનંદસ્વામી એક સાધુની સાથે વિચરણ કરતાં કરતાં ડડુસર ગામ આવ્યા. નિજગામમાં જોળી માગતા સંતોને જોઈ મેલાજીને આનંદ થયો. સંતને જમાડવા સારુ વિનંતિ કરી પોતાને ઘેરે તેડી લાવ્યા. તે સમયે ગલુજીભાઈને વાંસામાં ગૂમડું થયેલું, તેની ઘણી પીડા હતી, તેથી તેઓ પથારીમાં બેઠા બેઠા 'કૃષ્ણ કૃષ્ણ', 'રામ રામ' સ્મરણ કરતાં હતાં.

સ્વામીએ મેલાજીભાઈને પૂછ્યું, "આ કોણ છે ?" તેમણે કહ્યું, "એ મારા મોટાભાઈ છે, કૃષ્ણભક્ત છે. વાંસામાં ગૂમડું થયું હોવાથી પથારીમાં બેઠા બેઠા ભગવાનને સંભારે છે. આંગણે આવેલા સંતોને જોતા પૂર્વના મુક્તાત્મા ગલુજીભાઈના અંતરમાં પૂર્વની પ્રીત પ્રગટ થઈ. અદ્‌ભુતાનંદસ્વામી તેમની પાસે ગયા. શ્રીહરિને સંભારી ધીરે રહી ગૂમડા ઉપર હાથ ફેરવ્યો ને કહ્યું, "ભગવાન સ્વામિનારાયણ તમને સારું કરી દેશે." સ્વામિનારાયણનું નામ સાંભળતા જ તેમના અંતરમાં અપાર શાંતિ થઈ, એટલે પૂછ્યું, "સ્વામિનારાયણ કોણ છે ?" સ્વામીએ મહારાજના મહિમાની થોડી વાતો કરી. ત્યાં જમવા માટે ભોજન તૈયાર થયું. પત્રાવળામાં સંતો જમ્યા. એટલા સમયમાં તો શ્રીહરિની કૃપાથી ગલુજીભાઈને ગૂમડાની પીડા મટી ગઈ, તેથી અંતરમાં આનંદ થયો. પછી આખા પરિવારે બેસી સ્વામીના મુખથી સત્સંગના નિયમોની તથા શ્રીહરિના મહિમાની વાતો સાંભળી. સહુને પ્રગટ શ્રીહરિની પ્રતીતિ આવી. સ્વામીના હાથે વર્તમાન ધરાવી તે આખો પરિવાર પ્રગટ હરિ-સંતના રંગે રંગાયો.

ત્યારબાદ તેમના યોગે કરીને ડડુસર ગામના જેસંગભાઈને તથા પટેલ પરિવારમાં ભૂધરભાઈ, રાયજીભાઈ, પ્રભુદાસભાઈ વગેરેને સત્સંગ થયો. બ્રાહ્મણોમાં નારણભાઈ, આણંદરામ વગેરે સત્સંગી થયા. બીજા ભક્તોને પણ સત્સંગ થયો હતો. આ બધા સત્સંગી સંપ રાખી પ્રગટ પ્રભુની ભક્તિ કરતા હતા. સંતોને અવારનવાર પ્રેમથી પોતાને ગામ તેડાવી સત્સંગ પિયુષપાન કરતા હતા. ઘણી વાર સંતોને વિનંતી કરી તે દ્વારે પ્રગટ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણને પણ પોતાને ગામ તેડાવી લાભ લીધો હતો.

પ્રગટ પરમાત્મા શ્રીહરિએ ડડુસર ગામમાં છ-સાત વાર પધારી ગામને પાવન કર્યું છે. તેમાંય મોટે ભાગે ભક્તરાજ ગલુજી અને એમના

પરિવારને સુખ દઈ રાજી કરવા ડડુસર પધાર્યા હતા. આ પરિવારે તો પૂર્વના પુણ્યવશાત્ સત્સંગ અર્થે જીવવું અને સત્સંગ અર્થે જ મરવું એવો દૃઢ નિશ્ચય કર્યો હતો.

હવે સર્વોપરી શ્રીહરિએ જેમનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે એવા ભક્તરાજ ગલુજીમાં શું શું વિશેષતાઓ હતી ? કેવી સમજણ હતી ? કેવા ગુણો હતા ? તે જોઈએ. ઘણા એવું બોલતા હોય છે કે, "માણસ મરી જાય, તેની રાખ થઈ ઊડી જાય અને હાડકું પણ ન રહે; પછી તેના વખાણ કરાય." પરંતુ સ્વામિનારાયણ ભગવાનનો એ મત હોય એવું જણાતું નથી. મરી જાય પછી ડૉક્ટર આવે તે શું કામનું ? જીવતા હોય ત્યારે આવે તો મદદરૂપ થાય. તેમ પ્રગટ શ્રીહરિ અને પ્રગટ સંતો-ભક્તોના જીવન, ગુણાનુવાદ ને નિષ્ઠા આપણને તત્કાળ ન્યાલ કરી દે છે, એવો ફાયદો પરોક્ષથી થતો નથી. સદ્.મુક્તાનંદસ્વામી કહે છે,

પરોક્ષથી ભવતણો પાર આવે નહિ, વેદ વેદાંત કહે સત્ય વાણી.
પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુનિકા કપિ વૃંદ કોટિ,
વ્રજ તણિ નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સહુથી મોટી.

આ વાણી સાંભળી એવું સ્પષ્ટ થઈ જાય છે કે, પ્રગટ પ્રભુથી જ ઝટ કલ્યાણ થાય છે. કેમ જે, અગ્નિ સળગતો હોય ત્યાં સુધીમાં તાપી લઈએ તો ટાઢ ઊડે, પ્રગટ અન્ન-જળથી ભૂખ-તરસ મટે. તેમજ આપણને જેટલી પ્રગટ હરિ તથા સંતો-ભક્તો દ્વારા મદદ મળે છે, પ્રેમ, હૂંફ કે બળ મળે છે, તેવું બળ પરોક્ષથી ક્યારેય મળતું નથી. તેથી જ શ્રીહરિએ વચ.ગ.મ. ૨૧માં કહ્યું છે કે, **"પરોક્ષ ભગવાન અને પરોક્ષ સંતનો જેવો મહિમા છે, તેવો પ્રગટનો થાશે ત્યારે જ કલ્યાણ થશે... આ વાત એકવાર કહ્યે સમજો કે લાખવાર કહ્યે સમજો; સમજે જ છૂટકો છે."**

માટે શ્રીહરિના આ વાક્યને વિચારતા એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે, મરી ગયા પછી તેની રાખ પણ ઊડી જાય પછી જ એનો મહિમા રાખવો-ગાવો તે વાત શ્રીહરિની વાતથી વિરુદ્ધ છે. પણ હા... જેનામાં ખરેખર મહાનતા હોય નહીં અને તેને પચે એમ પણ ન હોય એવાનો મહિમા ન ગાવો એ હિતાવહ છે. માટે આપણે તો એવા મહાન જે હોય તેવા પ્રગટને અર્થે જીવવું ને પ્રગટને અર્થે મરવું. ભક્તરાજ ગલુજીના આખ્યાનમાંથી આટલું તો જીવનમાં ઊતારવું જ જોઈએ.

અને વળી, આપણા સંપ્રદાયના તમામ ગ્રંથોમાં જેટલું પ્રગટ ઉપર વજન આપેલું છે એવું કોઈ સંપ્રદાયના ગ્રંથોમાં પ્રગટ ઉપર વજન આપેલું નથી. અને **પરોક્ષની નિષ્ઠાવાળાને જ્યારે પ્રગટમાં નિષ્ઠા થાય છે ત્યારે જ તેનું જ્ઞાન વિજ્ઞાન બને છે, તેની માહિતી અનુભૂતિ બની શકે છે.**

✹ ગલુજીના સદ્‌ગુણો તથા નિત્યક્રમ :

શ્રીહરિ પ્રગટને બિરદાવતા થકાં કહે છે કે, "ભક્તરાજ ગલુજી મહાગુણિયલ છે, તેમને અમારામાં તથા સંતોમાં અભંગ હેત છે, સદાકાળ તેઓ અમારી સેવા-પૂજામાં તત્પર રહે છે; અને તેથી જ અમે તેનું આખ્યાન કહીએ છીએ. ભક્તરાજ ગલુજીનું નામ સંપ્રદાયના ગ્રંથોમાં સુવર્ણ અક્ષરે લખાશે, તેમના આખ્યાનો ગવાશે, અને તેમાંથી પ્રેરણાના પીયૂષ પીને લાખો નરનારીઓ બળિયા થશે. અમારું ગમતું જીવન જીવીને, અમને રાજી કરી સહજમાં અમારી પ્રાપ્તિ કરી લેશે.

સૂર્યની જેમ તેજસ્વી **આ ભક્તરાજ સત્સંગમાં શિરમોડ છે. કેમ જે, તેમને અમારી સર્વોપરી નિષ્ઠા છે. અને તેથી જ સત્સંગ અર્થે તન, મન, ધન સહિત સર્વસ્વનું સમર્પણ કરી દીધું છે. અને તેથી જ અમારે અર્થે ને સંતને અર્થે માથું દેવું હોય તોપણ તેમને મન રમત જેવું છે; એવા તે શૂરવીર ભક્ત છે. તેને અમારા અને સંતના વચનમાં**

સંપૂર્ણ વિશ્વાસ છે. અમારા સંબંધમાં આવેલા સર્વે સંતો-ભક્તોને તેઓ બ્રહ્મની મૂર્તિ જ સમજે છે અને તેમના પ્રત્યે વ્યવહાર કરતાં કરતાં પણ દિવ્યભાવ રાખી શકે છે; આવું તેમનું આગવું અંગ છે. તેમણે અમારી તથા સંતો-ભક્તોની અનેક વાર ઘણી બધી સેવા કરી છે. અને તેમનો પરિવાર પણ તેવો જ મહાન છે, અને તેથી જ અમે તથા સંતો તેમની ભક્તિને વશ થઈને અનેક વાર તેમના ગામ ડુસર જઈએ છીએ.

વહાલા ભક્તો ! પ્રગટ પરમાત્મા શ્રીહરિ ભર સભામાં ભક્તરાજ ગલુજીની નિઃસંકોચ આવી પ્રશંસા કરતા હતા. કેમ જે, તેઓ મહારાજની નાની-મોટી દરેક આજ્ઞા ખબરદાર થઈ પાળતાં તથા સત્સંગના નિત્ય નિયમો તો એમના જીવમાં જડાઈ ગયા હતા. સવારે વહેલાં ઊઠવું, સ્નાન કરી પૂજા-પાઠ કરવા, વિશાળ ભાલમાં અખંડ તિલક ચાંદલો કરવો, હાથમાં માળા રાખવી, પવિત્ર આહાર કરવો, પવિત્રપણે જીવન જીવવું, દારૂ, માટી, ચોરી, અવેરી વગેરે પંચવર્તમાનને પૂરેપૂરાં પાળવા, સત્ય વાતમાં શૂરવીર રહેવું, પાજીપળાવની છાયામાં કોઈથી દબાવવું નહીં; આવા અનેક ગુણોથી ગુણિયલ ભક્તરાજ ગલુજી નીડર અને સ્પષ્ટ વક્તા હતા. તેથી જ તેમાંથી આપણે સહુએ ઘણું બધું શીખવા જેવું છે.

પરંતુ જ્યાં સારું હોય ત્યાં મોળું હોય. સત્યની સામે અસત્ય પણ હોય. આ જગતમાં આદિકાળથી જ દૈવી અને આસુરી શક્તિઓ સામસામી લડ્યા કરે છે, તે ન્યાયે ઘણા ઈર્ષ્યાળુ, રજોગુણી તથા વ્યવહારપ્રધાન વ્યક્તિને ભગત આંખના કણાની જેમ ખૂંચતા હતા. કોઈ કવિએ કહ્યું છે,

દોહા : **જગતડા કહે છે રે, ભગતડા કાલા છે;**
તેને કાલા ન કહેશો રે, પ્રભુને મન વહાલા છે.
જગતડા કહે છે રે, ભગતડા ભૂંડા છે;
તેને ભૂંડા ન કહેશો રે, તેનાં મૂળ ઊંડાં છે.

જગતડા કહે છે રે, ભગતડા પાજી છે;
એને પાજી ન કહેશો રે, તેના પર હરિ રાજી છે.

વહાલા ભક્તો ! પારખાં તો સોનાનાં હોય, કથીરનાં નહીં, તેમ સાચાની પરીક્ષા હોય, ખોટાની નહીં; ગલુજીભાઈની વધતી જતી ભક્તિ તથા સમર્પણને કારણે ઘણા લોકો તેમને અતિશય આદર આપતા તો ઘણા તે આદર-સન્માનને જોઈને જ તેમને પાછા પાડવા, હેરાન કરવા તેમની પાછળ પડી ગયા હતા. તે ન બોલવાનું બોલતા, ન કરવાનું કરતા. વળી અમે જ સાચા છીએ, અમે બોલીએ એ જ સાચું છે, અમે કરીએ એ જ બરોબર છે એવું ડીંગ હાંક્યે રાખતા. પરંતુ આ બધી વાત ભક્તરાજ ગલુજીને મન તો...

રે જેમ ગજ જાય બજારે ધસી, રે શ્વાન મરે બહુ ભસી રે ભસી;
તે હાથીને મન નહિ શંકા કશી, રે ધરિયા અંતર ગિરધારી.

એમ હતું. તેથી જગતના લોકો ગમે તેમ બોલે તેની ભક્તરાજ ગલુજીને કોઈ અસર થતી નહીં. તેમને મન તો તેમને મળેલા પ્રગટ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની જ ખુમારી હતી અને તેના અંગોઅંગમાં તેમને મળેલા પ્રગટ સંતો-ભક્તોનો નશો હતો, એને કહેવાય : 'નિષ્ઠાનો નશો', એને કહેવાય : 'ઓળખાણનો આનંદ, પ્રાપ્તિનો કેફ.' અને તેથી જ દુન્યવી કોઈ વાત તેને અડતી નહીં. અને ખરેખર સાચી નિષ્ઠા થાય ત્યારે જ જગતનાં બંધનો જતા રહે છે. નિષ્ઠા વિના નિર્ભયપણું અને નિર્દોષપણું આવવું અશક્ય છે.

દોહા : **આવી નિષ્ઠા શિખવા, આવાના આખ્યાન;**
હોંશે હોંશે લખિયે, કરીએ હેતે ગાન...૨૫
નિષ્ઠા વિના નિર્ભયતા, નિષ્ઠા વિન નિર્દોષ;
'જ્ઞાન' ક'દિ થવાય નહીં, કરતા કેવળ ઘોષ...૨૬

જેને દુન્યવી માયા ભૂલવી-મૂકવી હોય અને મુક્ત બનવું હોય, તો તેને શ્રીહરિ અને સંતોની નિષ્ઠાનો કેફ રાખવો જોઈએ. પ્રગટની નિષ્ઠાથી જ પિંડ-બ્રહ્માંડ ભૂલાય છે. પ્રગટના પ્રેસરથી કામ, ક્રોધાદિ દોષોનો ભૂક્કો બોલી જાય છે, પ્રગટની પ્રાપ્તિના કેફથી વિષય-વાસના બાષ્પ બનીને ઊડી જાય છે.

નિષ્ઠા પ્રથમ કેળવીએ, પછી જ ચડે કેફ;
પછી જ ટળે દોષ બધા, પછી થઈએ સેફ...૨૭

વહાલા ભક્તો ! દુનિયામાં નશો કરવાની ના કહી છે. પરંતુ શ્રીહરિ અને સંતોની નિષ્ઠાનો નશો તો રાખવો જ જોઈએ. કેમ જે, એ નિષ્ઠાનો નશો જ આપણી શક્તિ છે અને એ પ્રગટ ભક્તિ જ આપણું ગૌરવ છે. નિષ્ઠા જ આત્મકલ્યાણનું ઉત્તમ સાધન છે, ભવરોગનું ઔષધ છે.

નિષ્ઠા ભક્તનો પ્રાણ છે, નિષ્ઠા એ જ વિશ્વાસ;
નિષ્ઠા વિશ્વાસ રહિતને, રીઝે નહીં અવિનાશ...૨૮

આશરાથી જ થાય છે, જીવનું પરમ કલ્યાણ;
અન્ય સાધન રાજી કરવા, કહ્યા છે શ્રીભગવાન...૨૯

શ્રીહરિએ મ. ૯મા વચનામૃતમાં કહ્યું છે કે, આજ્ઞામાં કાંઈ ભૂલ થઈ હોય તો અમે માફ કરીશું. પરંતુ **અમારો મહિમા તથા નિષ્ઠા અને ઉપાસનામાં ખામી હશે તો માફી નહીં મળે. અને અક્ષરધામમાં રહી અમારી મૂર્તિનો મહાઆનંદ નહીં ભોગવી શકો. બીજા ધામમાં રહીને સેવા કરવી પડશે. કેમ જે, જેવી મહિમાએ સહિત નિષ્ઠા હોય એવું જ કલ્યાણ થાય છે. માટે માહાત્મય સહિત નિષ્ઠા તો સહુએ મનમાં ઉતારવી જ પડશે;** એમાં કોઈ વિકલ્પ નથી અને જેટલી નિષ્ઠા હોય તેટલું જ તેનું બળ રહે છે. ભક્તરાજ ગલુજીને લોહીના કણેકણમાં

શ્રીજીમહારાજની નિષ્ઠા વણાયેલી હતી. તેથી અખંડ તેમને શ્રીહરિનું બળ રહેતું હતું.

ઇતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'ગલુજીના સદ્‌ગુણો તથા સમજણ કહી' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

ગલુજીની વચનપાલનની દૃઢતા

એકવાર ગઢડાથી શ્રીજીમહારાજ વડથલ ગામે પધાર્યા. ત્યાં સોલંકી ધર્મસિંહ નામે ગરાસિયા સત્સંગી હતા. મહારાજે ત્યાં એક પત્ર લખ્યો અને તે લઈને ધર્મસિંહને મહારાજે ડડુસરવાળા રજપૂત ગલુજીભાઈને આપવા મોકલ્યા. વડથલથી ડડુસર ચાર કિલોમીટર દૂર છે, બંનેની સીમ ભેળી છે. તે પત્ર લઈને ધર્મસિંહ ગામ ડડુસર ગયા. સંધ્યા સમયે ત્યાં જઈને ગલુજીભાઈને પત્ર આપ્યો. તે વખતે ગલુજીભાઈને વાળુ કરવાનો વખત હતો. તેથી તેમની મા જીજીબાએ દીવો કરીને થાળી જમવા પીરસી હતી અને તેમણે જમવાનું શરુ કર્યું, એ જ વખતે પ્રભુના પત્રને ગલુજીભાઈએ હાથમાં લીધો. પછી પ્રેમથી વાંચવા લાગ્યા, તેમાં લખેલું કે, 'આ પત્ર વાંચીને તુરત જ ઘરની સર્વે સમૃદ્ધિ, માલ-મિલ્કત, ઘરેણાં વગેરે ગાડામાં ભરીને, તમારી માતૃશ્રીને ઘરે રાખીને તમો વડથલ આવતા રહેજો.'

દોહા : **પત્ર વાંચી રાજી થયા, અતિશે ગલુજીભાઈ;**
વિચારી લીધું મનમાં, જાવા વડથલ માંઈ...૩૦

શ્રીહરિનો પત્ર વાંચી ગલુજીભાઈએ મહારાજની આજ્ઞા માથે ચડાવી, જમવાનું પડતું મૂક્યું. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના

વિશ્વાસુ આ ભક્તે તરત જ સેવક પાસે ગાડું મંગાવ્યું. તાબડતોબ તૈયારી કરી. માલ-મિલકત બધું જ ગાડામાં ભર્યું અને તરત જ શ્રીહરિની આજ્ઞા મુજબ બળદ જોડ્યા. ત્યારે તેમની માતા કહે, ‘બેટા ! અચાનક ક્યાં જવું છે ?’ ગલુજીભાઈ કહે, ‘માતા ! મહારાજની આજ્ઞા છે તેથી હું અત્યારે જ વડથલ જાઉં છું અને આપ ઘેર રહી મહારાજના નામની માળા ફેરવજો.’ તેમની માતા પણ ભક્ત હતા, તે કહે, ‘સારું દિકરા , જા. પ્રભુની આજ્ઞા પાળવામાં જ આપણું કલ્યાણ છે. મહારાજને મારા જે નારાયણ કે’જે.’

“સારું માતા.” એમ કહેતાં જ ગલુજીભાઈએ ગાડું હાંકી મેલ્યું. અને મહારાજ પાસે જવા વડથલના રસ્તે રવાના થયા. રસ્તે ચાલતાં સાથે ઘોડા ઉપર આવી રહેલા ધર્મસિંહથી ન રહેવાયું. તેણે કહ્યું, ‘ગલુજી ! ધન્ય છે તમને ધન્ય છે. કેમ કે, તમોએ કાંઈ પણ વિચાર્યા વિના તુરંત મહારાજની આજ્ઞાનો અમલ કર્યો. આપ જેવા વિશ્વાસુ ભક્તો ઓછા હોય છે.’ ત્યારે ગલુજીભાઈ કહે, ‘બાપુ ! વહાલાના વચનમાં તો દેવો, ઈશ્વરો આદિ તમામ રહે છે. તે મુક્તાનંદસ્વામીએ એક છંદમાં કહ્યું છે, એમ કહેતાં જ ગલુજીભાઈએ છંદ લલકાર્યો.

છંદ : થરથર ધ્રુજત રહે વચન મેં ઈન્દ્ર મુનીન્દ્રા;
થરથર ધ્રુજત રહે વચન મેં અવની અહીંદ્રા.
થરથર ધ્રુજત રહે વચન મેં શશી અરુ શૂરા;
થરથર ધ્રુજત રહે રેન દિન કાળ હજૂરા.
હરિ-હર અજ આદિ સબે, રહત ભક્તિ રત જાહિકી;
જન મુકુંદ મોહવશ મૂઢ નર, પાળે ના આગ્યા તાહિકી.

આ છંદ સાંભળી ધર્મસિંહ ડોલી ઊઠ્યા અને બોલી ઊઠ્યા, “વાહ ગલુજીભાઈ ! વાહ, તમે આવા છંદોય કંઠે રાખો છો એમને...”

ગલુજીભાઈ કહે, "ખાલી છંદ કંઠે નહિ. ભાઈ ! સંતોની કૃપાથી એનો અર્થય તમને કહું. ભગવાનની આજ્ઞામાં તો શિવ, બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર, ચંદ્ર, સૂર્ય, મોટા મોટા દેવો રહે છે. અરે...! ઈશ્વરો, ઋષિમુનિઓ, પૃથ્વી, પર્વતો અને મહાકાળ પણ થરથર કંપતા હાથ જોડીને હાજર રહે છે. સહુ તેમની જ ભક્તિ કરે છે. સર્વાવતારી શ્રીહરિનું જ શ્વાસોશ્વાસ ભજન કરે છે અને આજ્ઞામાં જરા પણ ફેર પડવા દેતા નથી.

સદ્. મુક્તાનંદસ્વામી કહે છે, પરંતુ જે મૂઢ છે, અજ્ઞાની છે, મોહાધીન છે એવા મૂર્ખ માણસો પ્રભુની આજ્ઞા પાળતા નથી. આપણે તો પ્રગટ પ્રભુના દાસ છીએ. તેમને સંતોની વાતથી બરાબર ઓળખીએ છીએ, મૂરખ નથી. અને ધર્મસિંહભાઈ ! આમય **સ્વામીની આજ્ઞા નિઃશંકપણે પાળવી; એ જ સેવકનો ધર્મ છે.**" ગલુજીભાઈની આ વાત સાંભળી ગરાસિયા ધર્મસિંહ પણ વિચાર કરતા થઈ ગયા.

આમ સત્સંગ કરતાં બંને ભક્તો વડથલમાં મહારાજ પાસે આવ્યા. મહારાજ અતિ રાજી થઈ કહે, 'તમે અમારું વચન પાળ્યું તેથી તમારા યોગ અને ક્ષેમ, બંનેનું અમે વહન કરશું.' એમ કહી ગલુજીને ભાવથી ભેટ્યા, પ્રેમથી જમાડ્યા. કેમ જે, તે જમવાનું પડતું મૂકી હાલી નીકળ્યા હતા.

દોહા : **ભક્ત અને ભગવાનની, આ છે અલૌકિક રીત;**
અરસ પરસ આત્મીયતા, અને અલૌકિક પ્રીત...૩૧

વહાલા ભક્તો ! શ્રીહરિએ અચાનક સર્વસમૃદ્ધિ સહ ગલુજીભાઈને પોતાની પાસે તેડાવી લીધા તેનું કારણ એ છે કે, તે જ દિવસે ચાર વાગે ડડુસરમાં ગલુજીભાઈ પર દ્વેષવૃત્તિવાળાએ મળીને ગલુજીભાઈને રાત્રે મારી નાખવાનું કાવતરું કર્યું હતું, તેની સ્પષ્ટતા કરું છું. તે સમયે ડડુસર ગામમાં આ મહિડા રજપુતના માત્ર બે ઘર જ હતા. તેમાં એક ગલુજીભાઈ વગેરે ત્રણ ભાઈનું અને બીજું જેસંગભાઈનું. અને સોલંકી

ગરાસિયાના પાંચ-છ ઘર હતા. મુસલમાનોના પાંત્રીસ ઘર હતા. અને પટેલોના પંદર ઘર હતા. બાકી બીજી બધી પણ જ્ઞાતિ ઘણી હતી, તે વખતે ડડુસર નગરી ગણાતી હતી. આમ તો બીજા કોઈને મહિડા રજપૂત ગલુજીભાઈ સાથે અણબનાવ કે વાંધો ન હતો, પરંતુ સોલંકી ગરાસિયાઓ અને મહિડા રજપૂતોને પરંપરાથી રાગ-દ્વેષ, વેર-ઝેર ચાલ્યા આવતા, તે લોકોએ કાવતરું કર્યું હતું.

સોલંકી ગરાસિયા અને મુસલમાનોને સંબંધ સારા હતા. તેથી થોડા મુસલમાનો પણ આ ગરાસિયા ભેળા ભળ્યા હતા. પછી તેઓ પ્રથમ તો ભક્તરાજ ગલુજી પ્રત્યેની નિંદા-ટીકા અને રાગ-દ્વેષ ભરી ઉશ્કેરણીવાળી વાતો કરવા લાગ્યા. અંતે તે ટોળામાંથી અકોણો અબુ બોલ્યો, 'ગલુજીને સ્વામિનારાયણે એવી તો શું ચોંટ લગાડી ? તેથી તેણે આપણા બાપ-દાદાનો જૂનો ધર્મ છોડી દીધો, માળો પાખંડમાં ભળ્યો.' ત્યારે વેરાજી કહે, 'સ્વામિનારાયણ તો કામણ-ટૂમણિયો છે.' ત્યારે કસૂંબાના ઘેનમાં ઘેરાયેલો કાંધો કહે, 'તેણે તો બાબરો ભૂત વશ કર્યો છે. તેથી ઘડીક અહીં તો ઘડીકમાં સો ગાઉ ઉપર દેખાય છે.'

આ વાતમાં શૂર પૂરતો લુખ્ખો લાખો કહે, 'અરે... ભાઈ ! સ્વામિનારાયણ તો કળિયા, બળિયા, છળિયા બધી વાતે પૂરા છે. એક માણસ હોય ને લાખ માણસનું લશ્કર બતાવે છે.' ત્યારે અખતર ડાહ્યા અગ્રાજીથી ન રહેવાયું, તે કહે, 'અરે ભાઈ ! આપણા ગામમાં સ્વામિનારાયણનું પાખંડ લાવનાર એ રાજપૂત ગલુજી જ છે. તેને ટૂંકો કરી નાખીએ તો વાતનો અંત આવે.' વિમુખ વિહાએ તે વાતને ટેકો આપ્યો. આમ તે ગરાસિયાઓએ સંપથી ઠરાવ કર્યો કે, આજ રાત્રીએ ગલુજીની ઘર-સમૃદ્ધિ લૂંટી લઈને તેને મારી નાખવો.' આમ સંધ્યા સુધી ષડ્યંત્ર રચી બધા જુદા પડ્યા હતા.

પછી રાત્રીએ ગરાસિયાઓ ગલુજીભાઈના ઘરની ચારેકોર ઘેરીને ઊભા રહ્યાં. પછી અમુકે ઘરમાં પ્રવેશ કર્યો, ત્યારે ઘરમાં દીવો બળતો હતો. ગલુજીભાઈના વૃદ્ધ માતા જીજીબા બેઠા બેઠા માળા ફેરવતાં હતાં. બે જણાએ ડોશીને બાનમાં લીધા, ને બીજા લોકો ગલુજીને શોધવા લાગ્યા. ન મળ્યા ગલુજી કે ન દેખાણી કોઈ ઘર-સંપત્તિ. તેથી એક આગેવાને ગલુજીની માતૃશ્રીને પૂછ્યું કે, 'એ ડોશી ! ઘર ખાલી કેમ છે ? ગલુ ક્યાં ગયો છે ?' ત્યારે ડોસીમાએ કહ્યું કે, 'તે તો વડથલ ગયો છે.' 'ક્યારે ગયો ?' 'સાંજે ગયો છે.' 'ત્યાં શું એને કામ હતું ?' 'સ્વામિનારાયણ ભગવાનના બોલાવવાથી વાળુ કર્યા વગર નીકળી ગયો છે.' ત્યારે લૂંટારાઓએ પૂછ્યું, 'હે ડોશી ! ઘરમાં કાંઈ ઘરવખરી કેમ દેખાતી નથી ?' 'અરે ભાઈઓ ! પ્રભુજીની એવી આજ્ઞા હતી કે, બધી ઘરવખરી સાથે લઈને તું જલ્દી વડથલ મારી પાસે આવતો રહેજે. તેથી બધી સમૃદ્ધિ લઈને તત્કાળ સ્વામિનારાયણ ભગવાનની પાસે વડથલ ગામ ગયો છે.'

આ વાત સાંભળતાં જ જે મારવા આવ્યા હતા તેના મોઢા પડી ગયા. ધાડ પાડવા આવેલા યુવાનો તો અચંબો પામી ગયા. તેમાંથી આંચકો ખાઈ ગયેલો એક યુવાન બોલ્યો, 'માડી ! આજ તારા ગલુજીની ભક્તિ ફળી. તમારા સ્વામિનારાયણ ખરા અંતર્યામી છે. તેઓ અમારા બદઈરાદાને અગાઉથી જાણી ગયા. તેથી તેણે તારો દીકરો બચાવી લીધો.' ત્યાં બીજો આધેડ બોલ્યો, 'ડોસી ! આજે અમે ગલુને મારી નાખવાના હતા ને ઘર લૂંટી જવું હતું. પણ સ્વામિનારાયણ ભગવાન ખરા કે, તેમણે તેમના ભક્ત ગલુજીને ઉગારી લીધો.' ત્યારે ત્રીજો કહે, 'ભાઈઓ ! જેને રામ રાખે તેને કોણ ચાખે ?' ત્યાં તો એક જણો સાખી બોલ્યો,

जितने तारे गगन में इतने शत्रु होय ।
कृपा जाको रघुवीर की बाल न बांका होय ॥

ખરેખર ! સ્વામિનારાયણ ભગવાન ખરા. અને જે પરભુ હોય તે તો કાળના કાળ હોય, એના હાથ બહુ લાંબા હોય. આપણી જેવા માનવીથી એના ભક્તનું કાંઈ બગાડી શકાય નહીં, તે આજ પાકું થઈ ગયું. એમ કહીને તે ગરાસિયા બોલ્યા કે, "હે ડોસીમા ! તમે ગલુજીભાઈને કહેજો કે, હવે અમારે તમારી સાથે કાંઈ વેર નથી અને તમો જેમ સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરીને ભજો છો, તેવી રીતે અમને પણ સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવો. અને અમે પણ તેમનું ભજન કરીએ તેવો આશીર્વાદ આપો, અમારા અપરાધ માફ કરે તેમ કહેજો.' આટલું કહીને સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે, એવો નિશ્ચય કરીને ડોસીમાને જય સ્વામિનારાયણ કહી મારવા આવેલા તે ગરાસિયાઓ પોતાને ઘેર ગયા.

શ્રીહરિએ વચ.ગ.અં.૧૪ માં કહ્યું છે જે, **"વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે. તે રામકથામાં રામચંદ્રજીએ કહ્યું છે કે, 'જે મારે દૃઢ વિશ્વાસે રહે તેની જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું,' માટે વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે."** વિશ્વાસ એ સત્સંગનું પ્રથમથી છેલ્લે સુધીનું મહત્ત્વનું પાસું છે. વિશ્વાસ વિનાની સાધના ફળ વિનાના વૃક્ષ જેવી છે. ગમે તેવો જ્ઞાની હોય તોપણ તે જ્યારે વિશ્વાસ મૂકે ત્યારે જ તેનો વિરામ થાય છે. આત્મનિષ્ઠા જેવો ગુણ પણ અંતકાળે કામ લાગતો નથી. અંત સમયે તો ભગવાનનો દૃઢ ભરોસો જ કામ લાગે છે. વિશ્વાસ જ માણસને મૃત્યુરૂપી સાગરથી ઉગારે છે. 'જેનો વિશ્વાસ ડગે, તેનો મોક્ષ ફગે.' તેથી જ શ્રીહરિએ હ.લી.૫/૨૨ માં કહ્યું છે,

રાખે એક મારો વિશ્વાસ, તેનાં કષ્ટ કરું છું હું નાશ;
બીજા દેવ કે દેવીને વળગે, ત્યારે તજું છું તેને હું અળગે.

કાળ કર્મ કે માયા કદાપિ, મારા જનને ન શકે સંતાપી;
મારા હાથમાં છે બધી બાજી, એમ જાણી રહે જન રાજી.

જેને શ્રીહરિનો અંતરના ઊંડાણ સુધીનો વિશ્વાસ હોય, નિષ્ઠા હોય તે ગમે તેવી વિપત્તિ આવે છતાં મૂંઝાય નહીં. અને આવા દૃઢ વિશ્વાસીની શ્રીહરિ તથા મોટા સંતો રક્ષા કરે છે. **વિશ્વાસ હોય તો જ વાત મનાય અને મોટાની વાત મનાય તો કાળના મુખમાંથી પણ ઉગરી જવાય.**

સોરઠા : **રાખશું આમ વિશ્વાસ, તો આપણી પણ શ્રીહરિ;**
રક્ષા કરશે ખાસ, મહાદયાળુ ભૂલે નહીં...૩૨
સુણી આ આખ્યાન, વિશ્વાસ કરીએ નાથનો;
રાજી થઈ ભગવાન, વિશ્વાસુને વશ રહે...૩૩

ઇતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'વિશ્વાસી ગલુજીની વચનપાલન દૃઢતા કહી' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

વિશ્વાસી ભક્તની વિશેષતા

દોહા : **હરિનો વિશ્વાસ રાખીએ, સંતોનો પણ ખાસ;**
કામ કરે છે બહુ મોટું, પ્રગટનો વિશ્વાસ...૩૪
તે વિશે બે વારતા, લખું છું અહીં ખાસ;
'જ્ઞાન' તે સુણી વાંચીને, થાય દૃઢ વિશ્વાસ...૩૫

વિરસદમાં પૂ.જ્ઞાનજીવનદાસજીસ્વામી રહેતા, તેમનાં દર્શને એક ભક્ત આવ્યો. સ્વામીએ તેને કહ્યું, "તું આજની રાત અહીં રોકાઈ જજે, ઘેર જતો નહીં." ત્યારે તે કહે, "સારું." પણ તેને રોકાવાની

ઈચ્છા હતી નહીં. તેથી તેણે વિચાર્યુ કે, સ્વામી સંધ્યા આરતી કરવા મંદિરમાં જાય ત્યારે હું સ્વામી આરતી ઉતારતા હોય, ત્યાં જ નીકળી જઈશ. જો એમ નહીં કરું તો સ્વામી મને જાવા દેશે નહીં અને મારે ઘેરે કામનો પાર નથી.

પછી સ્વામી સંધ્યાટાણે મંદિરમાં આરતી ઉતારવા ગયા. આ ભક્ત ઝટપટ આરતીના દર્શન કરી ચાલુ આરતીમાં ધીમેથી નીકળી જવાની તૈયારી કરતા હતા. તેથી સ્વામીએ ચાલુ આરતીએ પાછું વળીને તેની સામું જોઈને કહ્યું, "તું આજે જાતો નહિ. કાલે જાજે." ત્યારે કહે, "સારું સ્વામી."

પછી સ્વામી આરતી ઉતારવા લાગ્યા ત્યાં પેલો સંતના વચનમાં વિશ્વાસ વગરનો ભગત ચાલુ આરતીએ નીકળી ગયો. મંદિરમાંથી નીચે ઊતરી પોતાની નવી ગાડી લઈને ઊપડી ગયો. પરંતુ જ્યાં ધર્મજ ચોકડીએ પહોંચ્યો કે ત્યાં સામેથી મોટો ટ્રક આવતો હતો તેની સાથે અકસ્માત થયો અને ત્યાં જ તે ભગતના પ્રાણ નીકળી ગયા.

આરતી ઉતારી સ્વામી નીચે આવ્યા અને પૂછ્યું, "પેલો ભગત ક્યાં ગયો ?" ત્યારે બીજા હરિભક્તો કહે, "સ્વામી, એ તો નીકળી ગયા." એટલે સ્વામી કહે, "તેની માથે કાળ ભમતો હતો, એટલે મેં તેને જવાની ના પાડી હતી. જો તે મારા વચનમાં વિશ્વાસ રાખી રોકાયો હોત તો કાળના મુખમાંથી બચી જાત. પરંતુ રોકાયો નહિ તેથી હવે તેની રક્ષા નહિ થાય." ત્યાં સમાચાર આવ્યા કે, "ભગત અકસ્માતમાં ધામમાં ગયા છે." આમ, મોટા સંતનો વિશ્વાસ ન રાખ્યો તો ભૂંડા હાલે મોત થયું.

'જ્ઞાન' વિશ્વાસ રાખવો, મોટા સંતનો ખાસ;
રક્ષક પોષક સુખદ છે, મોટાનો વિશ્વાસ...૩૬
મોટાને મોટા માનવા, એમાં દેવું ધ્યાન;
તે વિન વિશ્વાસ ન રહે, 'જ્ઞાન' વાત નિદાન...૩૭

વડતાલના મહાન ભજનાનંદી સંત અથાણાવાળા કૃષ્ણજીવનદાસજીસ્વામીએ એકવાર મને સંતવિશ્વાસ દૃઢ થાય એવી એક સરસ વાત કહી હતી, તે અહીં લખું છું.

અમરેલી જિલ્લાના બોડકા ગામે જૂનાગઢથી રૂગનાથચરણસ્વામી સંતમંડળ સાથે ફરવા ગયા હતા. ત્યાં મંદિરમાં ઉતારો કર્યો. સાંજે આરતી, નિયમ કરી રોજે સત્સંગ-સભા કરતા. અને ગામના બધા ભક્તો રોજ સત્સંગનો લાભ લેવા આવતા. ગામના હંસરાજભાઈ નાદપરા પણ રોજે સત્સંગનો લાભ લેવા મંદિરે આવતા.

એક દિવસે તે ગામના હંસરાજભાઈ પટેલને ત્યાં ગામમાં આવેલા સિંધી જુવાનિયાઓ સાથે કાંઈ વ્યવહાર બાબતે બોલાચાલી થયેલી અને તેમાં જુવાનિયા સિંધીનો મગજ ગયેલો. તેઓએ નક્કી કરેલું કે, આજે રાત્રે આ હંસરાજ વાડીએ આવે એટલે તેને મારી નાખવો છે. પરંતુ અંતર્યામી શ્રીહરિએ રૂગનાથચરણસ્વામીના હૃદયમાં આની જાણ કરી.

પછી સત્સંગ સભા પૂરી થઈ એટલે હંસરાજભાઈ ચાલતા થયા. ત્યારે સ્વામી કહે, "હંસરાજ ! ક્યાં જાવું છે ?" તે કહે, "વાડીએ વાહુ જાવું છે." (વાડી અને મોલ સાચવવા માટે રાત્રે વાડીએ જઈને સૂવું તેને વાહુ ગયા કહે છે.) સ્વામી કહે, "મારું માનતા હો તો આજ મંદિરમાં સૂઈ રહો." તે કહે, "સ્વામી ! ખેતરમાં રાતે ચોર આવે, રેઢિયાર ઢોર આવે તેથી નુકસાન થાય." સ્વામી કહે, "તમારા ખેતરની ભગવાન રક્ષા કરશે. તમે અહીં મંદિરમાં જ સૂઈ રહો."

ત્યારે કહે, "સારું સ્વામી," એમ કહીને હંસરાજભાઈ રોકાયા. અને સ્વામી સૂતા એટલે પગચંપી કરવા લાગ્યા. પગચંપી કરતાં કરતાં હંસરાજભાઈને વિચાર આવવા મંડ્યા કે, જો હું વાડીએ નહીં જાઉં તો ત્યાં પપૈયાની વાડી કરી છે તે પપૈયા કોઈક ચોરી જશે. આ

હંસરાજભાઈ મૂળ સણોસરાના વતની હતા, તેમની અટક નાદપરા હતી. તેમણે બોડકામાં જમીન રાખી અધવારુ કરેલું હતું. તેઓ ધર્મ, નિયમની દઢતાવાળા હતા અને ખૂબ સેવા કરતા, તેથી તેમના ઉપર સ્વામી બહુ રાજી રહેતા. અને કથા-વાર્તા સાંભળ્યા પછી પપૈયાની વાડી સંભાળવા માટે રોજ વાડીએ સૂવા જાતા. તેથી તે બાબતની ચિંતા થવા લાગી.

ત્યાં સ્વામીને જરા નિદ્રા આવી. એટલે હંસરાજભાઈ તરત ઊઠીને વાડીએ જવા રવાના થયા. તેઓ બહાર નીકળી ચાલતા થયા. ત્યાં સ્વામી જાગી ગયા અને તરત જ પૂછ્યું, "એ સંતો ! હંસરાજભાઈ ક્યાં ગયા ?" ત્યારે તેઓ કહે, "તે તો વાડીએ ગયા." ત્યારે સ્વામી એકદમ ઉતાવળા થઈને બોલ્યા કે, "જાઓ ! જાઓ ! એમને પાછા બોલાવી લાવો." પછી એક સત્સંગી તેમને પાછા બોલાવી લાવ્યા. અને સ્વામીએ એને કહ્યું, "તમને ના પાડી તોય તમે કેમ નીકળી જાવ છો ? આજે તમારે અહીંયાં જ સૂવાનું છે." તેથી તે સ્વામીનો વિશ્વાસ રાખી વાડી ભગવાનને ભરોસે છોડી મંદિરમાં જ સૂઈ રહ્યા.

સવારે સ્નાન કરી, પૂજાપાઠ કરી વાડીએ ગયા. તે જે ખાટલા ઉપર સૂવાના હતા તે ખાટલા તથા ગોદડાને અહીં હંસરાજભાઈ સૂતા છે એમ માની પેલા જુવાનિયાઓએ અંધારામાં કુહાડા તથા ધારિયા મારી મારી તેના કટકે કટકા કરી નાખ્યા હતા. આ તેમણે પોતાની સગી આંખે જોયું અને માન્યું કે, આ દશા મારી થાત ! તેમને સિંધી જુવાનિયાઓના કાવતરાની ખબર પડી. આ વાતની જાણ થતા હંસરાજભાઈના દિલમાં એમ થયું, આહા...! મેં સ્વામીના વચનમાં વિશ્વાસ રાખ્યો તો સ્વામીએ મને કાળના મુખમાંથી ઉગારી લીધો. આ વાતની ખબર પડતા સહુને ઘણું આશ્ચર્ય થયું અને સ્વામી રૂગનાથચરણદાસજીસ્વામીનો સહુને મહિમા સમજાયો.

સર્વે વિશ્વાસી જનની, રક્ષા થાય જરૂર;
કોઈમાં વસીને વાલમો, વિઘ્ન કરે છે દૂર...૩૮
મોટા સંતો ભક્તોનો, કેળવીએ વિશ્વાસ;
મનધાર્યું ન જ કરીએ, સમજ એટલું ખાસ...૩૯

શ્રીહરિએ પણ વચ.ગ.મ.૬ માં કહ્યું છે કે, "જેમ સમર્થ શાહુકારે હૂંડી લખી હોય અને તેનો વિશ્વાસ ન કરે તેને મૂર્ખ જાણવો. કેમ જે, તેને તે શાહુકારના પ્રતાપની ખબર જ નથી. તેમ નારદ, સનકાદિક, વ્યાસ, વાલ્મીકિ ઈત્યાદિક જેવા મોટા પુરુષના વચનનો જેને વિશ્વાસ નથી તેને નાસ્તિક જાણવો ને મહાપાપીષ્ઠ જાણવો... **અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું જ કલ્યાણ થાય છે. જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ."**

આપણે વિશ્વાસ ક્યારે રાખ્યો કહેવાય ? એવો પ્રશ્ન થાય તો એના ઉત્તરમાં ગોપાળાનંદસ્વામીની એક વાત છે કે, "સત્પુરુષ કોઈનો લાખોનો વ્યવહાર ધૂળમાં મેળવી દે છતાં એમ થાય કે, એનું એમ જ હિત હશે. પણ કોઈ સંકલ્પ ન થાય તો વિશ્વાસ રાખ્યો કહેવાય." તથા કસરમાત્ર ટાળ્યાનો એવો એક જબરો ઉપાય કયો છે ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામી કહે કે, **"મહત્પુરુષનો સર્વ પ્રકારે વિશ્વાસ રાખીને સમાગમ કરવો, એ એક જ ઉપાય અતિશય બળવાન છે."**

આવી વાતો મોટાએ, કરી છે વારંવાર;
છતાંય અજ્ઞાની જીવો, નથી કરતાં વિચાર...૪૦
તેથી જ દુ:ખી થાય છે, જગમાં જીવો બહુ;
એવું સમજી આપણે, વિશ્વાસ રાખશું સહુ...૪૧

શ્રીહરિએ વિશ્વાસી ગલુજીભાઈને ઊગારી લીધા. તેથી તે ગરાસિયાના મનમાં સદ્વિચારો આવ્યા. ત્યાર પછી તે બધા ભેળા થયા. ઘણી બધી ચર્ચા અંદરોઅંદર થઈ. ત્યારે અબુ કહે, "અલ્યા વિહા ! આવા ભક્તને આપણે હેરાન કરીએ તો રાવણ, કંસ ને દુર્યોધનની જેમ

આપણું પણ કાસળ નીકળી જાય હો...” વિહો કહે, “આપણે સમજી ગયા તે સારું કર્યું.” ત્યારે લાખો બોલ્યો, “તમે હવે લાખો રૂપિયાની વાતો કરો છો. પહેલા તમારી વાતો સાવ લુખ્ખી હતી. અને તમે મને લુખ્ખો કહેતા હતા, લુખ્ખા તમે નીકળ્યા.”

ત્યારે અગ્રાજી બોલ્યા, “એય લુખ્ખા ! હવે અમે ભક્તિભાવથી ભીના થયા છીએ. કેમ કાંધા ? મારી વાત સાચી ને ?” ત્યારે કાંધો કહે, “સારું કર્યુ આપણે બધા સમજી ગયા. વેરાજી ! હવે તો આપણે ઈ પ્રગટ સ્વામિનારાયણને વહેલી તકે મળી માફી માગી ભગત થઈ જાવું છે. કેમ જે, એમને શરણે થયા વગર તને આપણો ઉદ્ધાર દેખાય છે ?” ત્યારે વેરોજી કહે, “આપણા મોટા ભાગ્ય છે કે, આપણને સહુને આવી એકસાથે સારી બુદ્ધિ સૂજી. હવે જ્યારે શ્રીજીમહારાજ આપણે ગામ આવે ત્યારે એમના ચરણમાં અર્પાઈ જાશું.”

આ બાજુ અંતર્યામી મહારાજે આ વાતને જાણી. બીજે દિવસે સવારે જમાડી ગલુજીભાઈને પોતાને ગામ જવાની આજ્ઞા કરી. ભક્ત ગલુજી ગાડુ ને ઘરવખરી લઈ ડડુસર પાછા આવ્યા. ગામના ગરાસિયાઓને ગલુજીભાઈ ઘરે આવવાના સમાચાર મળ્યા એટલે તરત તેમના ઘેર બધા ભેળા મળીને આવ્યા અને ખુલ્લા દિલે પેટ-છૂટી વાત કરી કે, “અમો તમને કાલે રાત્રે મારી નાખવા માટે આવ્યા હતા. પરંતુ તમારા સ્વામિનારાયણે તમને બચાવી લીધા. ખરેખર સ્વામિનારાયણ બોલતાં-ચાલતાં પરભુ છે. અને તમે એના સાચા સોના જેવા ભક્ત છો. માટે અમારા અપરાધ માફ કરજો. અમે તમને હાથ જોડીને અમારા પાપની માફી માટે કરગરીએ છીએ.” આમ કહી તેઓ ભક્તરાજ ગલુજીના વચનમાં વિશ્વાસ રાખી સત્સંગી થયા.

થાવું આપણે સમજી, ગલુજી જેવા ભક્ત;
વિશ્વાસ રાખી શ્રીજીનો, રે’વું વચને આસક્ત...૪૨

આજ્ઞાપાલક થાવામાં, ફાયદો જાણો અપાર;
સમજી મહિમા વચનનો, કરશું એમાં પ્યાર...૪૩

ધન્ય ધન્ય ભકત ગલુજી, ધન્ય તેનો વિશ્વાસ;
એના સદ્‌ગુણ શીખીને, થાવું તત્‌સમ ખાસ...૪૪

તો જ આપણે આ કથા, સાંભળી તે પરમાણ;
રંગે ચંગે તો આપણું, થઈ જાશે કલ્યાણ...૪૫

વળી, શ્રીહરિએ વચ.લો.૩ માં કહ્યું છે કે, "જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યજ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે." તેના ઉપરથી પોતે શ્રીહરિએ પોતાની વાત કરી કે, "અમારો સ્વભાવ કેવો હતો ? તો 'ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ' એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો. ને શ્રીરામાનંદસ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું; તોપણ સ્વામીએ ભૂજનગરથી કહી મોકલ્યું કે, 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે.'

એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી અર્થાત્ આ સત્સંગના થાંભલા જેવા મોટા સંતો છે. તેમના વચનમાં વિશ્વાસથી વળગી રહેવું અને તે જેમ કહે તેમ કરવું તેને થાંભલાને બથ લીધી કહેવાય. તેથી શ્રીહરિ કહે છે કે, અમે થાંભલાને બાથ લીધી. એટલે કે, પછી અમે સ્વામીનાં દર્શન થયાં મોર નવ મહિના સુધી મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં રહ્યા. એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને જાણીએ."

આમ, જે ભક્તરાજ ગલુજી જેવો વિશ્વાસ રાખી ભાવથી ભક્તિ કરે, તેની આજે પણ મહારાજ રક્ષા કરે છે. એવા ભક્તના યોગ અને ક્ષેમનું વહન જરૂર સ્વામિનારાયણ ભગવાન કરે જ; એવા શ્રીહરિ મહાસમર્થ અને મહાદયાળુ છે. શ્રીહરિએ તેમની આ રીતે રક્ષા કરી.

તેથી આ પ્રસંગ બાદ દિનપ્રતિદિન ઉત્સાહથી ભક્તરાજ ગલુજી સેવા-સત્સંગ, ભજન-ભક્તિ કરવા લાગ્યા. અને તેમની માતા જીજીબા, પત્ની અંબાબાઈ તથા દિકરી સુખબેન આ સહુને શ્રીહરિનો અતિ મહિમા અને વિશ્વાસ થયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'વિશ્વાસી ભક્તની વિશેષતા કહી' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

ભક્તરાજ ગલુજીની નિષ્ઠાની ખુમારી

ભક્તરાજ ગલુજીને નિત્ય ઉત્સાહથી સત્સંગ, સેવા, ભજન કરવાની અંતરથી રુચિ હતી. સંતો-ભક્તોની નિરાભિમાનીપણે સેવા કર્યાનું વ્યસન હતું. અને ખેતીકામ કરી કુટુંબપોષણની જવાબદારી હરિઆજ્ઞા મુજબ વહન કરતા.

દોહા : **આ રીતે દિન વીતતા, આવ્યું એક વિઘન;**
'જ્ઞાન' આ સંસારમાં, શાંતિદા કોઈક દન...૪૬

હાલતા દુ:ખ આવી પડે, બોલતા પણ મરે જન;
કોણ જાણે ક્યાંથી આવે, અચાનકે જ વિઘન...૪૭

સુખમય જીવન જીવતા અચાનક તેમની માતા જીજીબા અતિ બીમાર પડ્યા. તેમની ખૂબ સેવા-ચાકરી કરી. વૈદો પાસે દવા ઘણી કરાવી. આ રીતે અનેક ઉપાયો કરવા છતાં રોગ મટ્યો નહીં, તેથી સહુને મનમાં એવું નક્કી થઈ ગયું કે, 'આજ-કાલમાં બા જરૂર ધામમાં જશે.'

એવા સમયમાં શ્રીહરિ સંતો-ભક્તોને સાથે લઈને ત્યાંથી નીકળ્યા. મહારાજને ઉમરેઠ જવાનો વિચાર હતો. પરંતુ વચમાં ડડુસર ગામ

આવ્યું તેથી શ્રીહરિએ અચાનક સહુ સખાઓને કહ્યું, "આપણે આજે ગલુજીભાઈને ઘેર રાત રહીએ ને સવારે ઉમરેઠ જઈશું." તરત એક સ્વારને સમાચાર આપવા મોકલ્યા, તેણે આવીને કહ્યું, "ગલુજીભાઈ ! મહારાજ સખાઓ સાથે અત્યારે જ આપને ઘેર પધારે છે." આ સમાચાર મળતાં જ તેમના દિલમાં અતિ આનંદ થયો. અને તેમના પત્ની અંબાબાઈ તથા પુત્રી સુખબાઈને તો હૈયે સુખનો સાગર રેલાયો.

પરંતુ જીજીબા મૃત્યુની અણી ઉપર હતા. હવે શું કરવું ? બધા ભાઈઓ મૂંઝવણમાં પડ્યા, કંઈ નિર્ણય આવતો ન હતો. સાંજ પડવાનો સમય હતો, ત્યારે ભક્તરાજ ગલુજીએ વિચાર્યું,

લક્ષ મારે વધુ શેમાં દેવું, માને સેવું કે શ્રીહરિ સેવું;
અહીં માતા મારી મરી જાશે, તહીં સેવાનો લાભ ચુકાશે.

✹ માતાની અને શ્રીહરિની સેવા વિષે :

વસંતતિલકાવૃત્ત :

માતા તણી સપૂત સૂત કરે જ સેવા, લક્ષાવધિ સ્વરગ સુખ અમૂલ્ય લેવા;
જાણો વળી મૂર્તિ ઈષ્ટ તણી વધારે, તેથી વધુ પ્રગટ શ્રીપ્રભુ જો પધારે.
જેવા ભળે નદીનીરો મળી સાગરે જૈ, સૌ સેવના તેમજ શ્રીજી પદે ઠરે જૈ;
માતા ગણી પ્રમુખ શ્રીહરિને મૂકે છે, તે બોબડો જરૂર બેઉ જગા ચૂકે છે.

"જેમ નદીઓના તમામ નીર સમુદ્રમાં મળે છે, તેમ સર્વેની સેવા શ્રીહરિનાં ચરણમાં જઈને ઠરે છે. માટે શ્રીહરિની સેવાથી બધાનું પુણ્ય મળી જશે અને તમામની સેવા કરવાનું ફળ મળશે. માટે કોઈ પણ ભોગે મારે તો શ્રીહરિની સેવા કરવાનો આ અવસર ચૂકવો જ નથી. જે માતાની સેવાને મુખ્ય માની, પ્રગટ પ્રભુની સેવાને મૂકી દે છે તે બોબડો તો આ લોક અને પરલોક, બંને લોક બગાડે છે અર્થાત્ તે

બુદ્ધિ વગરનો છે. માટે સહુથી શ્રેષ્ઠ સેવા તો પ્રગટ પ્રભુની છે અને જેમ હાથીના પગમાં તમામ પગલાં સમાઈ જાય તેમ શ્રીહરિની સેવામાં તમામ સેવા આવી જશે.” એવો તેમણે દૃઢ નિશ્ચય કર્યો.

ચોપાઈ :

એમ પૂરો વિચાર કરીને, ધાર્યા સેવવા ત્યાં શ્રીહરિને;
હતા ઘર તણા માણસ જ્યાંય, કહ્યું બોલાવી તેમને ત્યાંય.
માની સેજ મેડે પથરાવો, સેવા પાસે બેસી કરો જાવો;
કરો અચૂક ચાકરી આવું, સેવા કરવા હરિની હું જાવું.
કદી વિલંબ મુજને થાય, અને માતા અહીં મરી જાય;
તોએ વાત ઉચરશો ન એહ, જાવા બેઠી તે જાવાની દેહ.

સંબંધીઓને કહ્યું, “તમો માતાની પથારી મેડા ઉપર પાથરો અને તેની સેવા તમે કરજો. હું શ્રીહરિની સેવામાં જાઉં છું. કદાચ મારે આવતાં મોડું થાય અને જો માતા મરી જાય તો તે વાત કોઈને કહેશો નહીં. કેમ કે, દેહ તો સહુના પડવાના જ છે. પરંતુ પુરુષોત્તમનારાયણ આપણા આંગણે પધારે છે, તે અવસરને બગાડશો નહીં.” આમ જ્યાં વાત કરે છે ત્યાં જ મા જીજીબાએ દેહત્યાગ કર્યો.

હરિએ લીધી પરીક્ષા, ભક્તની અચાનક;
આમ તો ગલુભાઈને, આવી છે રૂડી તક...૪૮
પરીક્ષા લાગે પ્યારી, જો દિલે હોય રંગ;
નહિતો ભલભલા ભક્તનો, થાય સત્સંગ ભંગ...૪૯

ગલુજીભાઈએ મનમાં વિચાર કર્યો, હવે શું કરવું ? આ તો ખરી પરીક્ષા થઈ. પછી તરત જ નિર્ણય લઈ લીધો કે, ‘ભવ-બ્રહ્માદિક દેવોને ન મળે એવો આજે સેવાનો જોગ મળ્યો છે. તેમાં આ વિઘ્ન થયું પણ ડોસી તો પાંચ દિ’ વહેલી-મોડી મરવાની જ હતી ને...! કેમ કે,

ચોપાઈ :

નામ ધારી સહુ નાશ થાવે, લાગ આવો ફરી નહીં આવે;
લોકલાજ ભલે બધી જાય, આવી સેવા તે કેમ ચુકાય.

તેમના ભાઈ મેલાજી કહે, "હવે આપણે શું કરવું ?" ત્યારે ગલુજી કહે, "જેનો ક્યારેય નાશ ન થાય એવા મહારાજ પધારે છે, તે અવસર સાચવી લેવાનો છે. જો માની ક્રિયા કરવા રહેશું તો મહારાજ ચાલ્યા જશે, માટે મહારાજને જાવા દેવા નથી, કોઈ મૂંઝાતા નહીં. ધામધૂમથી સામૈયા સાથે શ્રીહરિને ઘેર લાવવાના છે. અને મા ગુજરી ગયા છે તે કોઈને ખબર પણ પડવા દેવાની નથી." એમ કહી માને મેડીના માઢ ઉપર ખાટલીમાં સુવાડી માથે બૂંગણ ઢાંક્યું. સ્નાન કરી, સારા નવા કપડા પહેરી, તરત જ ગામના પાદરમાં ભાઈઓ સાથે સામૈયું લઈ મહારાજને તેડવા સામા ગયા.

માણસોને મોકલી ઢોલીને બોલાવ્યા. શ્રીહરિ પધાર્યા જાણી ગામલોકો સહુ ભેગા થયા. વાજિંત્રો વાગવા લાગ્યા. મહારાજ તેમની નિષ્ઠા તથા સમજણ જોઈને મંદમંદ હસવા લાગ્યા. ગલુજી મનોમન કહે, 'હે નાથ ! તમારે જે પરીક્ષા લેવી હોય તે લેજો, પરંતુ આપની સેવા-ભક્તિ મારા ભાગ્યમાં હોય ક્યાંથી...!' પછી સન્માન-પૂજન કરી વાજતે-ગાજતે મહારાજને ગામમાં લાવ્યા. સર્વે નાચી-કૂદી ગાવા લાગ્યા...

ઢાળ : તેરી સાંવરી સુરત છટાદાર...

મારે આંગણે પધાર્યા મહારાજ, અહો ધન્યભાગ્ય મારા;
આવો આવો પધારોને આજ, પ્રીતમ પ્રાણ મારા...ટેક.

નાચી-કૂદી ગાવો, હરિને વધાવો;
મૂકી દો સહુ લોકલાજ...અહો૦ ૧

ઢોલ વગાડો, શરણાઈ વગાડો;
વગાડો ઝાંઝ પખાજ...અહો૦ ૨

ડોસી ગઈ મરી, ચિંતા ના જરી;
ક્યાંથી મળે રાજાધિરાજ...અહો૦ ૩

કોટિ જન્મના, પુણ્ય ફળ્યા જ્યારે;
ત્યારે આવ્યા ઘેર મહારાજ...અહો૦ ૪

અહો મારા વ્હાલા, હરિ મતવાલા;
તજું તારે માટે સમાજ...અહો૦ ૫

જ્ઞાનજીવન કહે, સર્વ જાણો છો;
સર્વોપરી છો સુખસાજ...અહો૦ ૬

પોતાની મા મરી ગઈ તેની ભક્તરાજ ગલુજીને કોઈ ચિંતા નથી. પુરુષોત્તમની નિષ્ઠાના બળે આ રીતે ગલુજીભાઈ વાજતે-ગાજતે વાલમજીને પોતાને ઘેર લાવ્યા. મહારાજ પણ મનમાં સમજે છે કે, "આવો ભગત મળવો દુર્લભ છે."

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'ગલુજીભાઈની નિષ્ઠાની ખુમારી કહી' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬

ગલુજીભાઈની નિષ્ઠા જોઈ હરિએ લાજ રાખી

દોહા : નિષ્ઠાવાનને વશ છે, પ્રગટ શ્રીપુરુષોત્તમ;
નિષ્ઠા વિનાના જીવને, નથી પડતી કંઈ ગમ...૫૦
આ શુભ દિવ્ય પ્રસંગથી, શીખવો નિષ્ઠા સાર;
આડો અવળો મનમાં, 'જ્ઞાન' ન કર વિચાર...૫૧

આવી રીતે ધામધૂમથી પ્યારા પ્રભુજીને ગલુજીભાઈ વગેરે પોતાને ઘેર લઈ આવ્યા. પહેલી પધરામણી પોતાને ઘેર કરાવી. ઢોલિયો ઢાળી

દીધો. ઉપર ગાદલા પાથરી ઓછાડ નાખ્યા. તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. ચોખલિયે વધાવ્યા, કંકુનો ચાંદલો કર્યો. પુષ્પના હાર પહેરાવ્યા. દૂધે ચરણ ધોયા. હૈયાના હેતથી આરતી ઉતારી. ફળ, ફૂલ આદિ અર્ઘ્ય અર્પણ કર્યું. પછી શ્રીજીમહારાજ ને સંતો-ભક્તોની વિશાળ સભા ભરાણી. સહુ સન્મુખ બેઠા.

ચોપાઈ :

કહ્યા ધર્મના મર્મ મહાન, ધારે દૈવી જીવો મન-ધ્યાન.
પછી પધરામણી થાવા લાગી, ઉરે આણે છે દ્વેષ અભાગી;
બહુ સેવક કાજ સુધારે, આવે તેડવા ત્યાં જ પધારે.
રૂડા રંધાવ્યા પાક અનેક, જેમાં ખામી મળે નહિ એક;
અતિ આનંદી અક્ષરાતીત, જમ્યા સર્વ પીછાણીને પ્રીત.

જે-જે ભક્તો બોલાવવા આવ્યા તે તમામ ભક્તોને ઘેર પ્રભુ પધરામણીએ પધાર્યા. પોતાના સેવકના કાજ સુધાર્યા, તે જોઈ દ્વેષી લોકો બળવા લાગ્યા. આ બાજુ ગલુજીભાઈએ વાણિયાની દુકાનેથી સર્વે પ્રકારનું સીધું બ્રાહ્મણને ત્યાં પહોંચાડ્યું અને શ્રીજીમહારાજ તથા સંતો-ભક્તો માટે તે ભૂદેવને ત્યાં જ રસોઈ-ઉતારા વગેરેની સગવડતા કરાવી. રૂડા અનેક પ્રકારના ભોજન રંધાવ્યા.

ત્યારબાદ ગામમાં પધરામણીએ ફરી શ્રીહરિ અને સંતો નિશ્ચિત કરેલ ઉતારે પધાર્યા. અક્ષરાધિપતિ શ્રીહરિ ગલુજીભાઈ તથા તેમના પરિવારનો ભાવ જોઈ બધા જ ભોજનો અતિ પ્રેમથી જમ્યા. પછી ચળુ કરી હાથ ધોયા. મુખ રૂમાલથી લૂછ્યું. પછી મુખવાસ લીધો. શ્રીહરિ તથા સખાઓના અશ્વ માટે જોગાણ લાવ્યા હતા. તેની પણ સારી રીતે સેવા કરી હતી. તેનાથી અશ્વ વગેરે પશુઓને પણ સારી રીતે તૃપ્ત કર્યા. જે બ્રાહ્મણને ત્યાં ગલુજીભાઈએ શ્રીહરિને રસોઈ કરાવી જમાડ્યા

હતા અને ઉતારો કરાવ્યો હતો ત્યાં હાલ આપણું સ્વામિનારાયણ મંદિર છે. પછી રાત્રીએ સત્સંગ સભાનું આયોજન થયું. ગામ આખામાં સાદ પડાવી ગલુજીભાઈએ સત્સંગ લાભ લેવાનું સહુને આમંત્રણ આપ્યું. તેથી સત્સંગપિપાસુ લોકો રાત્રિના સમયે કામકાજથી પરવારી સત્સંગ લાભ લેવા માટે આવ્યા. ત્યાં એક લીંબ વૃક્ષ હતું, (હાલ તે લીંબડો પડી ગયો હોવાથી તેની જગ્યાએ બીજો લીંબડો ઊગાડેલ છે.) તેની નીચે સુંદર પાટ ઉપર સુંદર ગાદિ-તકિયા બિછાવ્યા હતા. તેના ઉપર નયનરમ્ય સુંદર વસ્ત્રો પહેરીને પ્રગટ શ્રીહરિ બિરાજમાન થયા. તેમની આગળ સુંદર સભા ભરાણી. સંતો-પાર્ષદો પણ શ્રીહરિની અડખે-પડખે શ્રીહરિના દર્શનમાં જ જેની દૃષ્ટિ છે એવા થકા બિરાજ્યા છે.

ત્યારે શ્રીહરિ સહુ સંતો-ભક્તો અને ગામજનોને સંબોધતા થકા અમૃતવચનો બોલવા લાગ્યા, "અહીં આંબા વગેરે વૃક્ષોની છાંયા બહુ જ સારી છે. આ ગુજરાત જેવો બીજો કોઈ દેશ નથી.

इहाँके मनुष्य हि जो जेते, बाई भाई कहावत तेते ।
सत्संग की रीत जो तामें, समझत रहे सहज ही यामें ॥

बचन कर संत के सनमाना, करत रहत एसे बुद्धिमाना ।

અહીંના બાઈ-ભાઈ વગેરે સર્વે મનુષ્યો છે, તે ખૂબ સત્સંગ કરે છે. તેથી સત્સંગની રીતને સહેજે સમજે છે. અને સંતોનું વચને કરીને ખૂબ સન્માન કરે છે. એવા આ ગલુજીભાઈ વગેરે બુદ્ધિમાન ભક્તો અહીં છે, તેથી અહીં રહેવું અમને બહુ સારું લાગે છે."

અમે અતિશે પ્રેમથી, આવ્યા છીએ આજ;
આપવો અમારે સહુને, અલૌકિક મોક્ષરાજ...૫૨
મનુષ્ય દેહ પામીને, પામીએ કલ્યાણ;
એવું કરીએ આપણે, તો જ છીએ સુજાણ...૫૩

શોધી સાચા સંતને, કીજે તેનો આશ્રય;
તે વિના સંસારથી, ઉદ્ધાર થાશે નય...૫૪

સંત ઓળખાવે શ્રીહરિ, સંત છે તારણહાર;
ભેટો કરાવે પ્રગટનો, સહેજે ઉતારે પાર...૫૫

આ રીતે મોડી રાત સુધી શ્રીહરિએ સહુને મહિમાની વાતો કરી સત્સંગલાભ આપ્યો. પછી પ્રભુએ ત્યાં જ આરામ કર્યો અને સાથેના સંતો-ભક્તો પણ ત્યાં જ બધા હરિધ્યાન ધરીને સૂઇ ગયા.

બીજે દિવસે સવારમાં જાગ્યા. નાહી-ધોઈ પૂજાપાઠ કર્યા. સર્વે ગામજનો ભેગા થયા. મહારાજે તેમની રજા લીધી અને કહ્યું, "અમારે ઉમરેઠ જાવું છે, માટે બહુ તાણ ન કરશો." ત્યારે ગલુજીભાઈ વગેરે કહે, 'હે મહારાજ ! એક દિવસ રોકાઈ જાઓ. અમારા ઉપર એટલી કૃપા કરો. પછી તમે ફરીને ક્યારે આવશો ? અમને આવો લાભ બહુ વર્ષે મળ્યો છે.' ત્યારે શ્રીહરિ કહે, "ફરી ક્યારેક આવશું ત્યારે રોકાશું." ત્યારે ગલુભાઈ કહે, "હે પરમાત્મા ! કોણ જાણે ફરી તમે ક્યારે આવો? આપને બહુ ઉતાવળ હોય તો બપોર સુધી તો રોકાઓ જ. આપને અને આ સંતો-ભક્તોને બપોર પહેલા તો અમે નહીં નીકળવા દઈએ. બપોરે જમ્યા પછી આપ સુખેથી નીકળજો. આટલું અમ ગરીબ સેવકોનું હે રાજાધિરાજ ! જો સાંભળો, તો તમારી બહુ મોટી મહેરબાની માનશું." ત્યારે મહારાજ કહે, "આપ અમારી મહેરબાની તો માનશો પણ હું જે સમજું છું તે મારે કહેવું કોને ? આપના પ્રત્યે મને ઘણો જ ભાવ છે, પણ અત્યારે તો તમે અમને રજા આપો. હવે તો અમારે નીકળવું જ છે."

ત્યારે સહુ ગલુજીભાઈ વગેરે ભક્તોએ પ્રેમથી શ્રીહરિને જવાની રજા આપી. આ રીતે સર્વેની રજા લઈને સખાઓ સાથે શ્રીહરિ ચાલ્યા.

ત્યારે ગલુજીભાઈ વગેરે ભક્તો એક ગાઉ સુધી મહારાજને વળાવવા ગયા. આવા તો તે વિવેકી હતા. સંતો કહે છે,

ચોપાઈ :

ગયા વળોટાવા ગાઉ એક, એવો આદર્યો પ્રૌઢ વિવેક;
હરિ બોલ્યા બહુ થયું એ તો, ઘેર જાઓ ગલુજી તમે તો.
વાટે રોકાશો નહીં જ વધારે, પૂરા પાધરા ઘેર પધારો;
છવ માહિત હું સહુ માટે, કહી વાત વિચારજો ઘાટે.

મહારાજ કહે, "તમે તો સૂતકમાં પણ અમને જમાડી દીધા." ગલુજીભાઈ કહે, "હે મહારાજ ! માણસ અભડાય ત્યારે સોનાની છાંટ નાખી પવિત્ર બને છે. આમ, સોનું બીજાને પવિત્ર બનાવતું હોય તો આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો; આપનાં દર્શન, સ્પર્શ કે સ્મરણમાત્રથી સર્વે પવિત્ર થાય છે, ત્યાં સૂતક ક્યાંથી રહેતું હશે ? વળી, હે મહારાજ ! જેને અહં-મમત્વરૂપી મોટું સૂતક હોય તેને આ નાનું સૂતક વળગે. પણ જેણે દેહનો સંબંધ ચોરાશી લાખ જાતિની હારે ગણ્યો હોય તેને વળી સૂતક કેવું ?

જુઓને, મિથિલાપુરીમાં નારદ આવ્યા ત્યારે સર્પદંશથી જનકના પુત્રનું મૃત્યુ થયું. તેથી નારદે તેની માતા તથા પત્નીને કહ્યું, 'આની ક્રિયા કરો.' ત્યારે એ બંનેએ ઉત્તર આપ્યો કે, 'આવા પુત્રો અને પતિઓ તો જનમો-જનમ મળે જ છે, પણ આપ જેવા મહર્ષિનાં દર્શન અમને ક્યાંથી ?' એમ સમજી ભાવથી તેમનું સ્વાગત તથા સેવા કરી. પરંતુ જનકરાજાએ કે તેમના પરિવારે બીજુ કાંઈ મનમાં વિચાર્યું ન હતું. ત્યારે હે નાથ ! આપ તો પ્રગટ પુરુષોત્તમનારાયણ છો. સર્વે અવતારના અવતારી છો. સર્વનું કારણ છો. એવા સર્વોપરી આપ પધાર્યા પછી સૂતક ક્યાં ઊભું રહે ? કેમ કે, આપ જ અમંગળને મંગળ કરનારા છો."

આવી ગલુજીભાઈની સમજણ જોઈ મહારાજ અતિશય રાજી થયા અને કહ્યું, "તમારે જે માગવું હોય તે વરદાન માગો." ત્યારે ગલુજીભાઈ કહે, **"હે મહારાજ ! આ લોકમાં સદા નિર્બંધ રહેવાય અને સત્સંગમાં સદા દિવ્યબુદ્ધિ રહે, આપના સંબંધથી જ શુદ્ધ થવાય છે, એવી અખંડ સમજણ રહે એવું વરદાન આપો."** ત્યારે મહારાજે રાજી થઈને તેમને તે વર આપી કહ્યું, "હવે જલ્દી ઘેર જાઓ, તમારી માને અમો અક્ષરધામમાં તેડી ગયા છીએ." ગલુજીભાઈ કહે, "મારે તેની કોઈ ચિંતા નથી. આપ જે કરતાં હશો તે સારું જ કરતાં હશો."

✵ શ્રીહરિએ માતાને જીવતી કરી લાજ વધારી :

શ્રીહરિ કહે, 'આ તમારી માતા જીજીબા રહ્યા.' આમ કહી ગલુજીભાઈને તેની માતાના દિવ્યદેહે દર્શન કરાવ્યા. પછી ગલુજીભાઈ તથા તેમના સર્વે ભાઈઓએ મા જીજીબાને ધામમાં જતાં પ્રત્યક્ષ જોયા. સર્વેને આનંદ થયો. પછી મહારાજ કહે, 'હવે તમારી માતાની ક્રિયા કરો.' એમ કહી મહારાજ ઉમરેઠ જવા નીકળ્યા અને ગલુજીભાઈ વગેરે ઘેર આવ્યા.

આ પ્રસંગ વાંચી તમો સૂતક પાળતા હો તો તે બંધ કરી દેતા નહીં. કેમ કે, ગલુજીભાઈ જેવા ભક્તો અપવાદરૂપ છે. અહીં તો શ્રીહરિએ તેમની પરીક્ષા લીધી છે અને તેની માતા મરી ગયા છતાં ગલુજીભાઈને તેની કોઈ અસર ન થઈ; તે ગલુજીભાઈની ભક્તિનું, સમજણનું અને નિષ્ઠાનું સર્વોપરીપણું છે. તેથી તેમને પ્રગટ શ્રીહરિને મૂકીને સૂતક પાળવું એનું દુઃખ લાગ્યું હતું. એટલે તેમણે શ્રીહરિની સેવામાં જ સર્વ વિધિઓ સમાઈ જાય છે એમ સમજી પ્રભુને ઘરે પધરાવ્યા હતા. માટે આપણે આ પ્રસંગથી તેમના જેવી ભક્તિ, સમજણ, નિષ્ઠા અને નિર્દોષભાવ શીખવો.

જેવા ગલુજીભાઈ વગેરે ઘેર પહોંચ્યા ત્યાં ગામલોકોને ખબર પડી કે, તેની માતા મરી ગઈ છતાં ગલુજીભાઈએ સાધુ-બાવાને જમાડ્યા, "અરે..! આ તો તેમણે ધર્મ-મર્યાદા લોપી છે. મહામોટો અધર્મ કર્યો છે. કેમ જે, પવિત્ર એવા સાધુ-સંતોને પણ તેમણે અભડાવી નાંખ્યા છે. માટે એનું તો એને ભયંકર પાપ લાગ્યું ગણાય. આવાને તો ગામમાંથી કાઢી મેલવા જોઈએ. આવાની સાથે ગામમાં રહીએ તો આપણું પણ નખ્ખોદ જાય. આવા ભગતડા જ કળિયુગમાં જ્યાં ત્યાં ફાટી નીકળ્યા છે. આવાને ગામમાંથી હાંકી જ મેલવા જોઈએ. આપણે બધા એક થાઓ અને એનો બહિષ્કાર કરો."

આ રીતે વિરોધીઓએ આ બાબતનું બહુ મોટું સ્વરૂપ આપી ઉપાધિનો ભડકો કર્યો. ને જેમ મનમાં આવે તેમ બોલવા લાગ્યા. તેથી ગલુજીભાઈની શ્રીહરિને ચિંતા થવા લાગી.

દોહા : **મુજ અર્થે જે જીવે છે, મુજ માટે જ છે શ્વાસ;**
છોડી જગતની આબરુ, રાખે છે મુજ વિશ્વાસ...૫૬
એવા મારા ભક્તને, દુર્જન દે છે દુઃખ;
નહિ મુંઝાવા દઉં એને, ભલે મુંઝાતા વિમુખ...૫૭
આવ્યા મારે આશરે, તેની મારે છે લાજ;
ભલે વિરોધી લવ્યા કરે, થવા ન દઉં નિર્લાજ...૫૮
આવું વિચારી વાલમે, જણાવ્યો પ્રૌઢ પ્રતાપ;
શું ન કરી શકે પ્રગટ હરિ, સર્વોપરી છે આપ...૫૯

ગામલોકો મનફાવે એમ બોલતાં ગલુજીભાઈને ઘરે આવ્યા. "ક્યાં તમે ડોસીને ચડાવી દીધી છે ? ક્યાં મડદું સંઘર્યું છે ? તમે તમારા મનમાં સમજો છો શું ? અમે આવું તમારું ધતિંગ બિલ્કુલ ચાલવા દેશું નહીં." એમ બોલે છે. ત્યાં એક જણાએ કીધું, "ક્યાં ડોસીનું મડદું

સંઘર્યું છે ઈ મને ખબર છે, ચાલો બતાવું." એમ કહી ટોળાને લઈને મેડે ચડ્યો. ને જ્યાં જીજીબાનું મૃતશરીર બુંગણમાં રાખ્યું હતું ત્યાં જઈને બુંગણ ખેંચ્યું.

તે જ સમયે જીજીબા મરણપથારીમાંથી બેઠા થયા ને કહે, "કોણ કહે છે હું મરી ગઈ છું ?" આવાં તેનાં વચન સાંભળી લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. દ્વેષી લોકોની તો બોલતી બંધ થઈ ગઈ. સર્વે શરમાઈ ગયા. કાળામશ મોઢા થઈ ગયા. કાપ્યા હોય તોય લોહીં ન નીકળે એવા થઈ ગયા. પછી જીજીબા કહે, "સહુ સ્વામિનારાયણની ધૂન બોલો." એમ કહી પોતે ધૂન કરવા મંડ્યા. પાપી લોકો તો ઊભી પૂંછડીએ ભાગ્યા. બીજા લોકો ધૂન કરવા લાગ્યા ત્યારે જીજીબા આનંદ સાથે કહે, "આ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે. હું તેમની સાથે ધામમાં જાઉં છું." એમ કહી દેહત્યાગ કરી ધામમાં ગયા.

પછી ગામના લોકો સાથે રહ્યા ને ગલુજીભાઈ આદિ પરિવારે માતાના દેહના અંતિમ સંસ્કાર કર્યા. આખું ગામ ત્યારે તેમની અંતિમયાત્રામાં મહિમા સાથે જોડાયું હતું. નહિતર નજીકના લોકો પણ આડું-અવળું ખેંચવા લાગ્યા હતા. પરંતુ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણે આવો પરચો આપીને ભક્તની લાજને અકબંધ રાખી. કારણ કે, ગલુજીભાઈ આદિ પરિવારની નિષ્ઠા ઉપર પુરુષોત્તમ વારી ગયા હતા. અને તેથી જ આ અલૌકિક પ્રતાપ જણાવ્યો હતો.

પુષ્પિતાગ્રાવૃત :

ભગત ગલુજી કેરુ આ વૃતાંત, સુણી હરિભક્ત થયા ઉરે જ શાંત;
હરિજન મનમાંથી વ્હેમ વામ્યો, શુભ સતસંગ તણો સુ રંગ જામ્યો.

અને આ પ્રસંગને જ શ્રીહરિએ લોયાના ત્રીજા વચનામૃતમાં માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયમાં બિરદાવ્યો છે. હવે ગલુજીભાઈને

મહારાજનો આવો પ્રૌઢ પ્રતાપ જોઈ અંતરમાં ખૂબ જ ઉમંગ આવ્યો. તેથી રાત્રિ-દિવસ ભાવથી શ્રીહરિને ભજવા લાગ્યા.

ગુણાતીતાનંદસ્વામી કહે, "બીજાથી આવું થાય નહીં, કેમ કે, ધર્મ આડો આવે. પણ **ભગવાનના સંબંધથી જ શુદ્ધ થવાય છે એવી જેની સમજણ હોય તેની સર્વે ક્રિયાને ભગવાન ભક્તિ માની લે છે.**"

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'ગલુજીભાઈની નિષ્ઠા જોઈ શ્રીહરિએ લાજ રાખી' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

ભક્તરાજ ગલુજી ત્યાગી થયા

મહાવિશ્વાસી ગલુભાઈને સુખ દેવા માટે એકવાર શ્રીહરિ ડડુસર પધાર્યા. એ વાતને વર્ણવતા વૈષ્ણવાનંદસ્વામીએ હરિલીલાસિંધુ ૧૦/૩ માં કહ્યું છે કે,

छंद कवित :

भयेउ बिहान जानी कियेउ पयान प्रभु।
डडुसर गाँउ आये गलुजी सदन सो॥
मुकाम कियेउ शाम धाम स्वच्छ सुखधाम।
प्रभुजूत पारसद करत अदन सो॥
भागवती भये भारी भक्त भुविमांही भूप।
सुखरूप शाम लखी लजत मदन सो॥
अधिक दइके सुख दुःखहारी दासनके।
आये गाम कठलाल ललित वदन सो॥

બ્રહ્માનંદસ્વામી કહે છે, હે રાજન્ ! સવાર થતા શ્રીહરિ ઉમરેઠથી ચાલ્યા, તે ડડુસર આવી ગલુજીભાઈને ઘેર ઉતારો કર્યો. તેમનું ઘર અતિ

સ્વચ્છ ને સુખરૂપ હોવાથી સર્વના નાથ શ્રીહરિએ પાર્ષદો સાથે ત્યાં ભોજન કર્યું. તેથી ભક્તરાજ ગલુજીભાઈ ભૂમિ ઉપર ભારે ભગવદીય ભક્ત બન્યા. જેમની શોભા જોતા કામદેવ પણ લાજે છે એવા અને દાસના દુઃખને નાશકરનારા શ્રીહરિએ ગલુજીભાઈને અતિશય સુખ આપ્યું. જેમની સુંદર મુખાકૃતિ છે એવા શ્રીહરિજી મહારાજ પછી ત્યાંથી ચાલ્યા તે કઠલાલ ગામ આવ્યા.

જ્યારે મહારાજ ડડુસરથી કઠલાલ જવા ચાલ્યા ત્યારે ગલુજીભાઈ પણ મહારાજ ભેળા સાબદા થઈને ચાલ્યા હતા. પછી શ્રીજીમહારાજે તેમને સમજાવીને માંડ માંડ પાછા વાળ્યા અને સંસારમાં રાખ્યા. તેમને ત્યાગી થઈ જવાની ઈચ્છા હતી, પરંતુ ભગવાનની આજ્ઞાવશાત્ સંસારમાં રહ્યા, પણ સંસારમાં રહેવું ગમતું નથી.

તેથી ગલુજીભાઈના અંતરમાં રાત્રિ-દિવસ એક જ ઈચ્છા રહે છે કે, ‘હું ફરી ક્યારે મારા મહારાજને મળું ? ક્યારે એમની સેવામાં પહોંચી જાઉં ? શું કરું તો મારો મહારાજ રાજી થાય ? અને મને તેમની સેવામાં અખંડ રહેવાની સંમતિ આપે ? શું મારા એવા દુર્ભાગ્ય હશે જેથી ભગવાન મને ત્યાગી થવાની છૂટ આપતા નથી ? ખરેખર ! પ્રગટ ભગવાન અને પ્રગટ સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે. મારા કાંઈક પુણ્ય ખૂટતા હશે, નહિતર ભગવાન મને પાછો ન વાળે.’

આવા વિચારો નિત્ય અંતરમાં ઘોળાયા કરે છે. થોડા દિવસો ગયા હશે ત્યાં એવા સમાચાર આવ્યા કે, ‘મહારાજ જેતલપુર આવ્યા છે.’ તેથી તરત નક્કી કર્યું કે, ‘જેતલપુર અહીંથી દૂર નથી. માટે હવે જલ્દી ત્યાં પહોંચી જાઉં.’ આમ નક્કી કરી મહારાજનાં દર્શન કરવા માટે ગલુજીભાઈ જેતલપુર આવ્યા. શ્રીહરિનાં દર્શન કર્યા. હાથ જોડી મહારાજની સામે ઊભા રહ્યા, ત્યારે મહારાજે પૂછ્યું કે, ‘ગલુજીભાઈ !

તમે ભક્તિ કેવી રીતે કરો છો ? કેમ કે, જ્યારથી મારો તમને સંબંધ થયો ત્યારથી તમારાં તમામ પાપ-તાપ ટળ્યા, પરંતુ હું કોણ છું ? ને તમે કોણ છો ? એ જાણતાં હો તો વાત કરો.' આવો શ્રીહરિએ તેમને પ્રશ્ન કર્યો, ત્યારે...

કહે ગલુજી હે ઘનશ્યામ, આપ રે'ઠાણ અક્ષરધામ;
તમો ઘટઘટમાં રહ્યા વ્યાપી, ધર્મ સ્થાપ્યો અધર્મ ઉથાપી.
આપ અક્ષરાતીત અભેદ, નેતી નેતી કરી કહે વેદ;
સર્વકર્તા નિધિ સુખધામી, વૃષવંશી છો આપ અનામી.
અમો આપ આધીન તો જીવ, કર્યાં પાપ ઘણાં અમે પીવ;
તેને તોડી સત્સંગ કરાવો, આપ અક્ષરથી અહીં આવો.

હે નાથ ! અમારા પાપનો નાશ કરી અમને સત્સંગ કરાવવા માટે જ આપ અક્ષરધામમાંથી અહીં આવો છો. તે આપની અમારા ઉપર અપાર દયા છે. હે મહારાજ ! આપ અને આપના સંતોએ કૃપા કરીને અમારા ઉપર કરેલા ઉપકારોને હું શું વર્ણવું ?' એમ કહેતાં તો તેમનું હૃદય ભરાઈ આવ્યું.

રે'ણી જોઈ શ્રીહરિએ સારી, ત્યારે ઉરની વાત ઉચારી;
મને જાણતા હો જગદીશ, સાધુ તો તમો થાઓ આ દીશ.

મહારાજની વાત સાંભળી ગલુજીભાઈ બહુ રાજી થયા. તરત જ સંસારી મટી સંત થયા.

વાર ગલુજીને તો નવ લાગી, થયા તેજ ઘડી તહાં ત્યાગી;
મુનિમંડળે મુખ્ય ગણાયા, ઝાઝા જોગ વૈરાગ્યે જણાયા.

ત્યાગી થાતા તેમને જરાય વાર લાગી નહીં. એ જ ઘડીએ ત્યાં ને ત્યાં સાધુ થયા. કેમ જે, એ તો આજ્ઞાએ કરીને પરાણે સંસારમાં

રહ્યા હતા. તેથી રાહ જોતા હતા કે, મને ક્યારે સાધુ બનાવે ? વળી, મુનિમંડળમાં તેઓ મુખ્ય ગણાયા. વૈરાગ્યની બાબતમાં તેઓ મોટા યોગી જણાયા.

શ્રીહરિ વચ.ગ.મ.૬૧ માં કહે છે કે, 'કોઈ હરિભક્તની સભામાં મોઢા આગળ આવીને બેસતો હોય, ત્યારે બીજાને એમ જણાય કે, 'એ મોટેરો સત્સંગી છે.' પણ મોટેરાની તો એમ પરીક્ષા છે કે, **ગૃહસ્થ હોય પણ જે પોતાનું સર્વસ્વ ભગવાનને અને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે તથા સત્સંગને અર્થે માથું આપવાનું હોય તો આપી દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે કે, 'તું પરમહંસ થા,' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય, તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા પાછળ બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો.'**

વહાલા ભક્તો ! ગલુજીભાઈમાં આ શબ્દેશબ્દ બંધબેસતો આવે છે. આપણું વિચારીએ તો ખ્યાલ આવે કે, આ વચનામૃતના શબ્દો આપણા જીવનમાં કેટલા ઉતરેલા છે ? જેને શ્રીહરિનું સ્વરૂપ સમજાય તે દેહમાં કે દુનિયામાં ક્યાંય ન બંધાય. મહારાજ સમજાયા છે તેનું માપ શું ? તો **પંચવિષયમાં ક્યાંય પ્રીતિ ન રહે એ જ મહારાજ સમજ્યાનું માપ છે.** અને જ્યાં સુધી આપણે વિષયના લેપમાં મોહાંધ હોઈએ ત્યાં સુધી આપણને ભગવાનનો અલૌકિક મહિમા સમજાયો નથી. મહિમા સમજાય તો ગલુજીભાઈની જેમ પંચવિષય કે દુન્યવી કોઈ પદાર્થનું બંધન રહે નહીં. **માહાત્મ્ય સહિતની નિષ્ઠા જ માણસને નિર્બંધ કરે છે, નિર્વાસનિક બનાવે છે.** ગલુજીભાઈએ પરમહંસ બની શ્રીહરિ અને સંતોની ખૂબ સેવા કરી. તેમની ભક્તિભાવના તથા ત્યાગ-વૈરાગ્ય જોઈ તમામ મુનિમંડળો તેમને મોટેરા માનવા લાગ્યા.

દોહા : **સહુ સ્વીકારે સદ્‌ગુણો, સદ્‌ગુણો સુખની ખાણ;**
સ્નેહ થાય સદ્‌ગુણોમાં, સદ્‌ગુણે થાય પ્રમાણ...૬૦

નિર્માનાદિક સદ્‌ગુણો, હોય કળા વિદ્યાદિક;
છતાં તેનો ગર્વ નાવે, તે જ મનુષ્ય અધિક...૬૧

આ વિશ્વમાં વિદ્યાદિક કળાઓ ઘણી હોય, પરંતુ તે તમામ કળા થકી ગુણો અનંત ગણા મહાન છે. કેમ કે, સદ્‌ગુણો તો શ્રીહરિની આપેલી અણમોલ ભેટ છે. **પરોક્ષના ગુણો બિરદાવીએ તે ઠીક છે, પરંતુ પ્રગટના ગુણાનુવાદ થાય એ તો માણસનું આખું જીવન પરિવર્તન કરી નાખે છે.** સર્વે સંતોએ સંત બનેલા ગલુજીભાઈના સદ્‌ગુણો સ્વીકાર્યા. તેમને મોટા બનાવ્યા. આપણે પણ સદ્‌ગુણોને વખાણવા જોઈએ, પૂજવા જોઈએ, સેવવા જોઈએ અને ગુણોને સન્માનવા જોઈએ. આપણે જેટલો ગુણોનો સંગ્રહ કરીશું અને એકબીજાના ગુણો જોઈશું તથા ગુણોનો પ્રચાર કરીશું એટલો જ ગુણિયલ સમાજ નિર્માણ થશે.

વળી, એકવાર મહારાજે તેમની પરીક્ષા લેવા માટે કહ્યું, ‘સ્વામી ! તમે ત્યાગી થઈ ઘણો લાભ લીધો. હવે ઘેર પાછા જાઓ.’ તે કહે, ‘હે મહારાજ ! આપ આવી આજ્ઞા કેમ કરો છો ? હાથીએ બેસાડી હવે મને ગધેડે શા માટે ચડાવો છો ?’ ત્યારે મહારાજ કહે, ‘સ્વામી ! અમને કેવા જાણો છો ? અને તમે કોણ છો ?’ ત્યારે સ્વામી કહે, ‘મહારાજ ! આપ તો સર્વ અવતારના અવતારી, સર્વ કર્તા પરમેશ્વર છો. હું આપનો સેવક છું.’ શ્રીહરિ કહે, ‘સ્વામી કહે તેમ કરવું એ જ સેવકનો ધર્મ છે. માટે મારી આજ્ઞાથી આપ ભગવાં કપડાં ઉતારી તમારે ઘેર જાઓ. અમારે તમારા દ્વારા ત્યાં ઘણાં કામ કરવાનાં છે.’ શ્રીહરિની મરજી જોઈ તરત જ તેમણે ભગવાં કપડાં ઉતારી નાખ્યાં અને ભક્તને શોભે એવાં કપડાં પહેરી પાછા ઘેર ગયા. જેટલું સંત બનવું કઠણ છે એટલું જ સંત થયા પછી પાછું ગૃહસ્થાશ્રમમાં જાવું તે કઠણ છે.

લાભ ત્યાગી થઈ બહુ લીધા, પાછા સંસારી શ્રીજીએ કીધા;
એવા શ્રીહરિ પૂર્ણ પ્રતાપી, મન ભક્ત તણા લે છે માપી.

શ્રીહરિ વચ.ગ.પ્ર.૬૩ માં પરિપક્વ નિશ્ચયવાળાનાં લક્ષણ કરતાં કહે છે કે, **'જેને પરિપક્વ નિશ્ચય હોય અને તે પોતે અત્યંત ત્યાગી હોય, તોપણ તેની પાસે ગમે તેવી પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો તે કરે, પણ તેમાંથી પાછો હઠે નહિ અને કચવાઈને પણ કરે નહિ, રાજી થઈ કરે.'** આ રીતે વચનમાં રહેવું ઘણું કઠણ છે. વચને પ્રવૃત્તિ અને વચને નિવૃત્તિ લઈ શકે એવા ઓછા ભક્તો હોય છે. પોતાને ગમે એવું ઘણું કામ કરતા હોય પરંતુ મોટાની આજ્ઞા થાય તો તરત મૂકી દે, અને નિવૃત્તિ પકડીને ભજન કરતા હોય પરંતુ મોટાની આજ્ઞા થાય તો તરત પ્રવૃત્તિમાં જોડાઈ જાય; એવા ઓછા હોય છે. અને આવું જેને અંગ હોય તેને જ નિર્વાસનિક ભક્ત કહેવાય.

શ્રીહરિ વચ.ગ.અં.૧૮ માં કહે છે કે, **'જે નિર્વાસનિક હોય તે તો જ્યાં સુધી પરમેશ્વર આજ્ઞા કરીને જેટલી ક્રિયામાં જોડે તેટલી જ ક્રિયાને કરે.** જેમ કોઈક પુરુષના હાથમાં તીર-કમાન હોય, તે જ્યાં સુધી એ પુરુષ ખેંચે ત્યાં સુધી એ કમાન કરડી થાય. અને જ્યારે એ પુરુષ કમાનને ખેંચતો આળસી જાય ત્યારે એ કમાન્ય ઢીલી થઈ જાય છે. તેમ **જે નિર્વાસનિક પુરુષ છે તે તો જેટલી પરમેશ્વરની આજ્ઞા હોય તેટલા જ વ્યવહારમાં જોડાય પણ આજ્ઞાથી બહાર કાંઈ ન કરે.'** સવાસનિક ક્યારેય વચન પ્રમાણે વર્તી શકે નહીં. થોડું-ઝાઝું તો તેને મનનું ધાર્યું થઈ જ જાય. આપણે કેવા છીએ ? તે વિચારવું.

સોરઠા : **ગલુજીની બહુવાર, આ રીતે પરીક્ષા કરી;**
ઉતર્યા સે'જે પાર, ધન્ય ધન્ય વિશ્વાસુભક્ત...૬૨
ચકાસી સર્વે રીત, જોયા પ્રભુએ વારે વારે;
વધતી રહી પ્રીત, તોય ગલુજીને પ્રગટમાં...૬૩

ભગવાનની પરીક્ષામાંથી જે સંપૂર્ણ પાર ઊતરે તે કેટલા મહાન હશે ? તે વિચારવું. અને શ્રીહરિનું પણ એ જ સર્વોપરીપણું છે કે, પોતાના

ભક્તને અનેક પ્રકારે તાવે, ઘસે અને સોએ સો ટકા શુદ્ધ બનાવે. જો આપણને તે કોઈ વાતે કાચા રાખે તો શ્રીહરિના સર્વોપરીપણામાં ખામી કહેવાય; એ જ સર્વોપરી પરમેશ્વર સાચા કે, જે પોતાના ભક્તને કોઈ વાતે કાચા ન રહેવા દે. પોતાના સ્વરૂપ સિવાય બીજે ક્યાંય રંચમાત્ર પ્રીતિ ન થવા દે અને અંતે એમના દિવ્યાનંદમાં પહોંચાડે. પોતા જેવો જ ચૈતન્યમૂર્તિ બનાવી ભક્તને મહાસુખિયો બનાવે.

વહાલા ભક્તો ! તો આવો આપણે ગળતા હૃદયે શ્રીહરિને પ્રાર્થના કરીએ કે, "હે મહારાજ ! અમારી પણ એ જ માગણી છે, એ જ લાગણી છે." "શું ?" તો, "અમારામાં જે કાંઈ કસર રહી ગઈ હોય તે આપ જ કૃપા કરી દૂર કરજો. અમારી પરીક્ષા લેજો અને તેમાં પાર ઊતરવા માટે મદદે પણ તૈયાર રહેજો. ભક્તરાજ ગલુજીભાઈ જેવા અમને સદ્ગુણો દેજો, નિષ્ઠા દેજો, વચનમાં વિશ્વાસ દેજો અને પિંડ-બ્રહ્માંડથી વિરક્તિરૂપી વૈરાગ્ય આપજો."

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'ભક્તરાજ ગલુજીભાઈ ત્યાગી થયા' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

ભક્ત ગલુજીભાઈએ કાળને પાછો કાઢ્યો

દોહા : **વાલો વિશ્વાસુ ભક્તની, પરીક્ષા લે અપાર;**
પ્રસિદ્ધ કરી સતસંગમાં, સહુનો દેવા પ્યાર...૬૪
પરીક્ષા પ્રભુ કરે જ્યારે, આપણે મુંઝાવું નઈ;
શ્રીહરિ રાજી જાણીને, રે'વું સદા નિર્ભય...૬૫

એકવાર મહારાજ પરમહંસો સાથે ડડુસર પધાર્યા. ગલુજીભાઈએ શ્રીહરિ અને સંતોની સારી પેઠે સેવા કરી. સુંદર રસોઈ બનાવી સર્વેને

જમાડ્યા. પછી સર્વેએ આરામ કર્યો. બપોર પછી સભા ભરાઈ. શ્રીહરિએ કહ્યું, "ક્યાં ગયા ગલુજી..!" તે કહે, "મહારાજ ! આપની સેવામાં હાજર છું." પછી મહારાજે ગલુજીભાઈને કહ્યું, "તમારે સામે વડથલ ગામમાં રહેલ સંતના મંદિરે જવાનું છે. (વડથલમાં હાલ જ્યાં રામજી મંદિર છે કહેતાં, ચોરો છે ત્યાં પહેલા આપણા સંતો ઉતરતા હતા. તેથી મહારાજ તેને **'સંતનું મંદિર'** કહે છે અને મહારાજ પણ ત્યાં ઘણી વાર ઉતરતા.) ત્યારે ગલુજીભાઈ કહે, "મહારાજ ! તૈયાર છું. બોલો ત્યાં જઈને શું કામ કરવાનું છે ?"

"ગલુજીભાઈ ! આ સાકરનો પડો અને શ્રીફળ આપવા જવાનું છે અને રસ્તામાં કોઈ વિઘ્ન આવે તોપણ પાછા ન વળશો." એમ કહી શ્રીહરિએ સાકરનો પડો અને શ્રીફળ આપ્યું. તે લઈને મહારાજનું સ્મરણ કરતાં કરતાં તે ચાલતા થયા.

દોહા : **ધન્ય એના વિશ્વાસને, વિશ્વાસ એનો શ્વાસ;**
વિશ્વાસી આવા ભક્તને, રાજી હોય અવિનાશ...૬૬
શ્વાસ વિશ્વાસ એક જેને, એનું નામ ગલુભાઈ;
ભક્ત એવા બનાવવા, હરિ આવ્યા ધરામાંઈ...૬૭

વહાલા ભક્તો ! જુઓ તો ખરા શ્રીહરિ તેમની વારે વારે વિધવિધ પ્રકારે કસોટીઓ લીધા કરે છે. આ વખતે કંઈક અનોખી કસોટી લેવા વિચાર્યું છે. એક બાજુ આજ્ઞા છે, ગમે તેવું વિઘ્ન સામે આવે તોપણ પાછા વળવાનું નથી. અને બીજી બાજું, પોતે જ પ્રભુ પરીક્ષા ખાતર કેવું વિઘ્ન મૂકે છે ? તે જોઈએ... કેમ જે, તે જોવા જેવું છે.

ગલુજીભાઈ શ્રીફળ અને સાકર લઈ વડથલ જતા હતા. ત્યાં રસ્તામાં કાળ મોટા સર્પનું રૂપ લઈ સામે આવ્યો. તેને વાચા ફૂટી, તેથી તે કહે, "હે ગલુજીભાઈ ! હું તારો કાળ છું. તારું આયુષ્ય પૂરું

થયું છે, તેથી હું તને લેવા આવ્યો છું." ત્યારે ગલુજીભાઈને શ્રીહરિના શબ્દો યાદ આવ્યા કે, 'ગમે તેવું વિઘ્ન આવે છતાં પાછા પડતા નહીં.' તેથી અંતરમાં અતિશય બળ આવ્યું. એટલે કાળને કહે, **"તું ભલે કાળ રહ્યો, પરંતુ હું સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ઉપાસક છું. તેમની આજ્ઞા પાળવા જાઉં છું, માટે મને તારો કોઈ ભય નથી.** જો તારે મને લઈ જવો હોય તો હું મારા મહારાજની આજ્ઞા પાળીને પાછો આવું પછી મારી પાસે આવજે. વચ્ચે વિઘ્ન કરતો નહીં." છતાં કાળરૂપ સર્પ તેમને ફેણ મારવા ગયો ત્યારે ગલુજીભાઈએ તો તેને ઉપાડીને લાત મારી. તેથી કાળરૂપ સર્પ ઉછળીને દૂર જઈ પડ્યો.

વહાલા ભક્તો ! આમ જેને શ્રીહરિનો દૃઢ આશરો હોય તે કાળથી પણ ડરે નહીં. કાળના માથા ઉપર પણ પગ દે એવી તેમાં શ્રીહરિના પ્રતાપે શક્તિ પ્રગટે છે. સચ્ચિદાનંદસ્વામીએ પણ ભગુજી બિમાર હતા ત્યારે કાળની બોચી મરડી નાંખી હતી. પછી ગલુજીભાઈ દોડતાં દોડતાં વડથલ ગયા. કાળરૂપ સર્પનું કંઈ જોર ચાલ્યું નહીં. સર્વોપરીના ઉપાસકની એક લાત પડતા સમજીને જતો રહ્યો.

ગલુજીભાઈએ વડથલ જઈ ત્યાં સંતના મંદિરે સાકરનો પડો અને શ્રીફળ આપ્યા. પછી પાછા ડડુસર મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું, "ગલુજીભાઈ ! તમને કોણ સામું મળ્યું હતું ?" ગલુજીભાઈ કહે, "કાળરૂપે મોટો નાગ મળ્યો હતો." ત્યારે મહારાજ કહે, "એ તમારો કાળ હતો. તમને લેવા આવ્યો હતો. પણ મારે કાળને છેતરવો હતો અને જે તમારી જેમ અમારા વચને કાર્યમાં પ્રેરાય છે તેને કાળ પણ કાંઈ કરી શક્તો નથી, એ સર્વને જણાવવું હતું.

જેને મારી સર્વોપરી નિષ્ઠા છે, મારી આજ્ઞામાં દૃઢ વર્તે છે, એવા મારા ભક્તો કાળરૂપી મૃત્યુને પણ તરી જાય છે. તે સહુને વિશ્વાસ

આવે તે સારુ અમે તમને ત્યાં મોકલ્યા હતા. અને અમારા વચને તમે ગયા તેથી જ બ્રહ્માંડોનો પ્રલય કરનાર મહાકાળ પણ તમને કશું કરી શક્યો નહીં."

વચન મારા અમૂલ્ય છે, વચન કાળથી ઉપર;
વચનો ટાળે કર્મને, માયાથી કરે પર...૬૮
માટે તમ જેમ વચનમાં, રાખશે કોઈ વિશ્વાસ;
તેનો બેડો પાર કરુ, રાજી થઈ હું ખાસ...૬૯

એમ કહી ગલુજીભાઈની સમજણ તથા નિષ્ઠાની પ્રશંસા કરી ભાવથી ભેટ્યા, છાતીમાં ચરણારવિંદ આપ્યા. આમ, મહિમાએ સહિત નિષ્ઠાવાળાને કેફ રહે ને તે અલમસ્ત બની ભગવાનને ભજે છે.

હું હરિનો હરિ મમ રક્ષક, એહ ભરોસો જાય નહીં;
જે કરશે તે મમ હિત અર્થે, એ નિશ્ચય બદલાય નહીં.

આ દોહા અનુસાર તેને અતિશય બળ વર્તે છે. પરીક્ષા હીરાની હોય, કાચની નહિ. તાવણી સોનાની કરાય, છાણની નહિ. એમ પ્રભુ પરીક્ષા પણ આવા નિષ્ઠાવાન વિશ્વાસી ભક્તની લે છે. જે ધનનો, સ્ત્રીનો કે પદ-પ્રતિષ્ઠાનો ગુલામ હોય તેની પ્રભુ પરીક્ષા લેતા નથી. આપણી નિષ્ઠાની કચાશ હશે તેથી જ પ્રભુજી આપણી પરીક્ષા લેતા નહિ હોય અને જે ખરા નિષ્ઠાવાન હોય, એને કોઈનો ડર હોતો નથી. તેના અંતરમાં તો એક જ અવાજ હોય છે કે, **'મારો મહારાજ સર્વ કર્તા છે, હિતકર્તા છે અને જે કરે તે મને માન્ય છે.'** આ નિશ્ચય તેનો ક્યારેય બદલાતો નથી. લાંબા કાળ સુધી આપત્તિનો અંત ન દેખાય, છતાં સાચા નિષ્ઠાવાનના વિચારો ક્યારેય બદલતા નથી અને જે આવી પ્રભુની પરીક્ષામાં પાર ઊતર્યા છે તે જ મજબૂત બને છે, એ જ અનેકનો આદર્શ બને છે અને તેણે જ સાચા અર્થમાં શ્રીહરિને જાણ્યા છે.

વહાલા ભક્તો ! પ્રારબ્ધનું દુઃખ ભોગવીએ કાં તો આજ્ઞાલોપથી આવેલા પ્રાયશ્ચિતરૂપ દંડનું દુઃખ ભોગવીએ અને શ્રીજીમહારાજે રાજી થઈને આપણી પરીક્ષા લેવા માટે મોકલેલું દુઃખ ભોગવીએ એમાં અતિશય તફાવત છે. પહેલા બંને દુઃખ ભોગવવાથી પ્રારબ્ધ ટળે અને ભૂલનું પ્રાયશ્ચિત થઈ જાય છે પણ બીજું કાંઈ મળતું નથી. જ્યારે શ્રીહરિએ પરીક્ષા ખાતર મોકલેલા દુઃખને સહન કરી લઈએ છીએ ત્યારે આપણામાં પરમાત્મા અપરંપાર નૂતન શક્તિઓ પ્રગટાવે છે. અને આપણને જે સ્થિતિમાં હોઈએ તેનાથી ઘણી ઊંચી સ્થિતિએ પહોંચાડે છે, એ વાત નિર્વિવાદ છે; માટે પરમાત્મા આપણી પરીક્ષા લે છે તેમાં કેવળ ફાયદો, ફાયદો અને ફાયદો જ છે.

સંતોને રસોઈ આપવી, ધોતિયા ઓઢાડવા કે બે-પાંચ દિ' મંદિરમાં સેવા કરવી એ સહેલું છે, પરંતુ પ્રભુની આવી પરીક્ષામાંથી પાર ઊતરવું એ ઘણું કઠણ છે. દરેક ભક્તોની એકવાર તો પ્રભુ પરીક્ષા લેશે જ. જે વિદ્યાર્થી ભણતો હોય તેની પરીક્ષા આવે અને પરીક્ષામાં જે પાસ થાય તેની જ પ્રગતિ થાય છે. તેને જ ઉત્તમ ડીગ્રી મળે છે અને તેને જ સારી નોકરી અને સારી છોકરી પણ મળે છે અર્થાત્ સારી સદ્‌ગુણી પત્ની મળે છે. જે પરીક્ષા જ ન આપતો હોય તેને કોઈ પ્રાપ્તિ થતી નથી.

માટે પ્રભુ મારી આવી પરીક્ષા લેશે તો શું થાશે ? એમ મૂંઝાવું નહીં. અત્યારથી જ પૂર્વના ભક્તોની જેમ તૈયાર થઈ જવું. ભગવાને મીરાંબાઈની, નરસિંહ મહેતાની, સગાળશા શેઠની, સખુબાઈની તથા મયુરધ્વજ રાજાની કેવી કેવી પરીક્ષાઓ લીધી છે ? તથા મોટીબા, લાડુબા, દાદા ખાચર, પર્વતભાઈ વગેરે ભક્તો અને નંદસંતોની પણ કેવી કેવી પરીક્ષાઓ લીધી છે ? તે વિચારવું.

આ ગલુજીભાઈની પણ જુઓ કેટલી પરીક્ષા લીધી છે ? માટે હંમેશાં પરીક્ષા આપવા તૈયાર રહેવું. વગર પરીક્ષાએ કોઈની પ્રગતિ

થતી નથી. જે પરીક્ષામાં પાસ થતો નથી તેને કોઈ પટાવાળા તરીકે રાખવા પણ તૈયાર થતું નથી. જો પરીક્ષા આપવાની શક્તિ જ ન હતી, તો સ્કૂલમાં શું કામ ભણવા બેઠા ? ત્યાં આપણું શું કામ હતું ? તેમ આપણે પણ પ્રભુજીને પરીક્ષા ન આપવી હોય તો ભગત શું કામ થયા છીએ ? માટે ભયહારી ભગવાનનો પૂર્ણ વિશ્વાસ રાખવો, દૃઢ નિશ્ચય રાખવો અને પરીક્ષા આપવા સદૈવ તૈયાર રહેવું.

ગુણાતીતાનંદસ્વામી કહે, **"ભગવાનની ઉપાસનાનું ને નિષ્ઠાનું બળ હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ એમ સમજે જે, દેહ તો પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું; એમ સમજીને સુખિયો રહે."**

માટે આપણે પણ આવું ભગવદ્‌બળ રાખવું જોઈએ અને શ્રીહરિને પણ આનંદ સાથે કહેવું કે, 'હે મહારાજ ! તમારે જેમ મારી પરીક્ષા લેવી હોય તેમ લેજો. મને મોતનો, ધન-સંપત્તિનો કોઈ ભય નથી. હું તો તમારા આધારે છું. મારે એક તમારો આશરો છે, તમારી આશા છે અને તમારો જ વિશ્વાસ છે. આટલું પાકું હશે તો ભગવાન પણ આપણી પરીક્ષા લઈ કસર ટાળશે, આપણને પાર ઉતારશે અને ગલુજીભાઈની જેમ આપણને પણ વશ થઈ જશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'ગલુજીભાઈએ કાળને પાછો કાઢ્યો' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

શ્રીહરિએ ગલુજીભાઈની દુષ્કાળમાં રક્ષા કરી

શ્રીહરિ જેમ જેમ પરીક્ષા લેતા ગયા તેમ તેમ ગલુભાઈ સંપૂર્ણ રીતે ઉત્તીર્ણ થતા રહ્યા તેથી શ્રીજીમહારાજ તેમના ઉપર વધુ ને વધુ

રાજી થતા ગયા. અને ફરી એકવાર તેમને સુખ આપવા મહારાજ તેમને ઘેર પધાર્યા. હરિલીલાસિંધુ ૧૧/૨૨ માં વૈષ્ણવાનંદસ્વામી કહે છે,

चोपाई :

गुनवंत गलुजी फली सार, मुकाम किन मद हरन मार।
आसन पर आसीन अजित आप, सनमुख बैठ सब मुनि कलाप॥
लखी प्राननाथ पूजंत प्रीत, पूजंत गलुजी प्रबल प्रीत।
हरि काज करायो थाल हेत, जीमवाय जानी प्रभु सुखनिकेत॥

કામદેવના ગર્વ હરનાર એવા સ્વામિનારાયણ ભગવાને મહાગુણિયલ ગલુજીભાઈના ઘરના સુંદર ફળિયામાં ઉતારો કર્યો. પછી સર્વથા અજીત એવા શ્રીહરિ સુંદર આસન ઉપર બેઠા. તેમની સન્મુખ સર્વે સંતોનો સમુહ પણ બેઠો. અતિશય પ્રેમી એવા ભક્તરાજ ગલુજીભાઈએ શ્રીહરિને પોતાના પ્રાણનાથ સમજી પ્રેમથી પૂજા કરી. એ જ રીતે સર્વે સંતોની પણ પૂજા કરી. પછી શ્રીહરિ માટે અતિ સ્નેહથી થાળ કરાવ્યો. શ્રીજીમહારાજને જ સુખધામ અને સર્વના નિયંતા સમજી પ્રેમથી જમાડ્યા.

जीमी नाथ सबे निज संत साथ, प्रभु आप जीमावत पीरसी हाथ।
पुनि बैठ वरासन प्राननाथ, हरिभक्त जन जोरी हाथ॥
दरशन करत हरि करत बात, जनव्रात सुनत मन मोदपात।
करी जन सनाथ सुखपाथ शाम, गुनवंत डडुसर किन गाम॥

જ્યારે મહારાજ જમી રહ્યા ત્યારે સાથે રહેલા સર્વે સંતોને શ્રીહરિએ પોતાના હાથે પીરસીને સ્નેહથી જમાડ્યા. ગલુજીભાઈએ શ્રીહરિ માટે સુંદર ઢોલિયો ઢાળ્યો. આસન તૈયાર કર્યું. પ્રાણાધાર પ્રભુજી તેના ઉપર બેઠા. ગલુજીભાઈ વગેરે સંતો-ભક્તો હાથ જોડીને શ્રીહરિ પાસે બેઠા. સહુ મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં થકાં વાતો સાંભળવા લાગ્યા. શ્રીહરિની વાત સાંભળી સહુ સંતો-ભક્તો મનમાં અતિશય આનંદ

પામ્યા. આ રીતે સુખસાગર શ્રીહરિએ નિજસંબંધે તથા ઉપદેશે કરીને ભક્તોને સનાથ કરી ડડુસર ગામને ગુણવંત બનાવ્યું અર્થાત્ તીર્થરૂપ કર્યું.

પછી સભામાં શ્રીહરિએ પૂછ્યું, “હે ગલુજી ! તમારે કેટલા માણસનો વરો છે ?” ગલુજીભાઈ કહે, “દસ માણસનો ખરચ છે.” મહારાજ કહે, “તમારા ઘરમાં દાણા કેટલા છે ?” ગલુજીભાઈ કહે, “એક માસ ચાલે એટલા છે.” પછી મહારાજે કહ્યું, “ગલુજીભાઈ ! તમારા ઘરમાં જે રૂપિયા તથા ઘરેણાં હોય તે લાવો.” **‘ગુરુઆજ્ઞા અવિચારણિયા’** કહેતાં, મોટા સદ્‌ગુરુની આજ્ઞામાં કોઈ વિચાર કરવાનો હોય જ નહીં. આ ન્યાયે ગલુજીભાઈએ ઘરમાં જે કાંઈ રૂપિયા, ઘરેણાં વગેરે હતું તે સર્વનો શ્રીજીમહારાજ આગળ ઢગલો કર્યો.

દોહા : **ધન્ય ધન્ય ગલુભાઈને, ધન્ય તેનું સમર્પણ;**
જેવા તેવાથી થાય ના, આ રીતે સર્વાર્પણ...૭૦
ભક્ત દાદા ખાચર જેવું, જણાય છે એનું અંગ;
વિશ્વાસાદિ એના જેવા, દેખાય છે અભંગ...૭૧

પછી મહારાજે કહ્યું, “આ સર્વને વેચી નાખો અને તેનું અનાજ લઈ ઘરમાં ભરી રાખો.” એમ આજ્ઞા કરી. પછી મહારાજે થોડી વાર આરામ કર્યો અને ત્યાંથી વિદાય લઈ ઉમરેઠ પધાર્યા.

શ્રીહરિએ આજ્ઞા કરી તેથી તરત જ ગલુજીભાઈએ તમામ ઘરેણાં વેચી નાખ્યાં અને પોતાના ઘરમાં જે રૂપિયા હતા તે પણ તેમાં ભેળવ્યા. અને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે તે તમામ રૂપિયાનું બસો મણ બાજરી, ત્રણસો મણ જુવાર, એકસો મણ તુવેર વગેરે અનાજ ખરીદી લીધું અને ઘરમાં કોઠીઓ ભરી દીધી.

ગામના માણસોને આ વાતની ખબર પડી. તેથી લોકો કહેવા લાગ્યા, “અલ્યા મેપા ! ગલુજીભાઈને તો સ્વામિનારાયણે ભીખ માગતો

કરી દીધો." ત્યારે કાંધો કહે, "શું થયું ?" ત્યારે મેળ વગરનો મેપો કહે, "રજપૂતના દીકરાનાં સ્વામિનારાયણે તમામ ઘરેણાં વગેરે વેચાવી નાંખ્યા અને અનાજ લેવડાવ્યું." ત્યારે કાંધો કહે, "આજ તો ધૂળના ઢગલે દાણો મળે છે અર્થાત્ મફતના ભાવે અનાજ મળે છે; તે સડીને લોટ થશે અને ગલુ ભીખ માગવા નીકળશે." પણ આગળ ઓગણતેરો કાળ આવે છે તેની આ બિચારા કોઈને ખબર ન હતી. તેથી ઘણા લોકોએ ઉપાધિ કરી. પણ ગલુજીભાઈના મનમાં તો ભગવાનનો દૃઢ વિશ્વાસ હતો કે, **"મારો મહારાજ મારું સારું જ કરશે. મહારાજ માત્ર કર્તા જ નથી પરંતુ મારા માટે અને સહુને માટે હિતકર્તા પણ છે. જેમાં મારું હિત હોય એવું જ મારા પ્રભુ કરે.** મારા પ્રભુ તો કુસંગીનું અને નાસ્તિકનું પણ હિત કરે છે, તો મારું હિત કરે તેમાં કહેવું જ શું...? હું તો તેમનો આશ્રિત છું."

જેને આવો વિશ્વાસ હોય તેની જ ભક્તિ ફળે છે. આવા વિશ્વાસીને જ મોટા સંતના આશીર્વાદ ફળે છે. આવો વિશ્વાસ જ આધ્યાત્મિક માર્ગનું ફાઉન્ડેશન છે. આ માર્ગની **સફળતાનું પ્રથમ પગથિયું વિશ્વાસ છે. મંદિરમાં નિત્ય આવતા હોઈએ, સત્સંગમાં બેસતા હોઈએ પરંતુ જો વિશ્વાસ ન હોય તો માત્ર પુરુષપ્રયત્નથી કામ થતું નથી. વિશ્વાસ તો પહેલો જોઈએ. પ્રભુવિશ્વાસ જ આધ્યાત્મિક માર્ગની સફળતા માટેનો ઑક્સિજન છે.** આપણા બુદ્ધિનાં ત્રાજવાંથી તોલવા બેસીએ તો ક્યારેય મેળ પડતો નથી. બુદ્ધિનો ડોડ મૂકીએ પછી જ અક્ષરધામનો આનંદ મળે છે. જેમ બાર ઈંચની ફૂટપટ્ટીથી બારસો એકર જમીન માપી ન શકાય, તેમ રજોગુણમાંથી ઉત્પન્ન થયેલી આપણી બુદ્ધિ ક્યારેય મહારાજ અને મોટા સંતો-ભક્તોનું માપ લઈ શક્તી નથી. માટે **મોટાના વચનમાં વિશ્વાસ રાખી જે પોતાની બુદ્ધિને બુઠ્ઠી કરતો રહે છે એ જ સાચો બુદ્ધિશાળી છે.**

આપણાં ત્રાજવાંમાં તો મહારાજ કે મોટા નહિ જ સમાય. માટે જે પ્રભુને પામવા નીકળ્યા હોય તેને ભગવાન અને મોટા સંતનો દૃઢ વિશ્વાસ રાખવો અનિવાર્ય છે. વિશ્વાસી ભક્તને જ પ્રભુ પચાવવાની પાત્રતા પ્રાપ્ત થાય છે. જો વિશ્વાસ ન હોય તો મારા પ્રભુ મારું હિત જ કરે છે, એ નિષ્ઠા ક્યાંથી રહે...?! ગલુજીભાઈ પૂર્ણ વિશ્વાસુ છે એટલે તેઓએ મહારાજની નિષ્ઠાના બળે બધું જ હસતે મોઢે સહન કર્યું. પછી ઓગણતેરો દુષ્કાળ પડ્યો. તેથી અનાજ વિના હજારો માણસો મરી ગયા.

પરંતુ પોતાના વિશ્વાસી ગલુજીભાઈની મહારાજે રક્ષા કરી ને તે અનાજનો ચાર ઘણો ભાવ થઈ ગયો હતો. છતાં કેટલાય અનાથ, ગરીબ કુટુંબોને તેમણે તેમાંથી નિભાવ્યા હતા. તેમ છતાં અનાજ ખૂટ્યું નહીં તેથી તે અનાજ વેચ્યું એટલે તેમાંથી ગલુજીભાઈ તે વર્ષે ત્રણ હજાર રૂપિયા કમાયા. તેમાંથી ઘરમાં ઘી, ગોળ, ખાંડ, કપડાં વગેરે વસ્તુ લાવ્યા. એ રીતે દુષ્કાળમાં પણ પોતે સુખી થયા તથા પોતાના ઘરનો વરો પણ સુખે પાર પડ્યો અને અનેકને સુખી કર્યા.

દોહા : **હરિ કહે તેમ કરવામાં, સુખ રહ્યું છે અપાર;**
માટે હરિની આજ્ઞામાં, રે'વું કરીને પ્યાર...૭૨
મનની ને બીજા જનની, પાળે આજ્ઞા તમામ;
પાળે હરિ હરિજનની, તેનું ભક્ત છે નામ...૭૩
ધાર્યુ કરે જે પોતાનું, તે છે નિજનો દાસ;
માને જે હરિનું તેને, દાસ માને અવિનાશ...૭૪
દાસ થવું હોય શ્રીજીના, તો માન્ય સ્નેહે વચન;
'જ્ઞાન' વચનને માનતા, મળે સુખ શાંતિ ધન...૭૫

શ્રીજીમહારાજ કહે એમ કરવામાં જ સુખ રહ્યું છે. ક્યારેક આપણને મોહવશ હોવાથી આજ્ઞા પાળવી કઠણ પડે, પરંતુ **ભગવાન કે મોટા સંતનાં વચનો અનેક ભવની પીડા મટાડે એવાં નિર્મળ હોય**

છે. ભક્તની રક્ષા કરવા ભગવાન વચનરૂપે જ તેમના અંતરમાં પ્રવેશ કરે છે અને અનેક પ્રકારની શક્તિ આપે છે. માટે વહાલાના વચનમાં વળગી રહેવું.

દુષ્ટ દુષ્કાળ કાઢિયો, બચાવિયો આશ્રિત;
ચોક્કસ શ્રીજી રક્ષા કરે, જો હોય નિષ્ઠા પ્રીત...૭૬

જેને શ્રીહરિ અને સંતનાં વચનમાં વિશ્વાસ અને પ્રીતિ હોય તે જગત જીતી જાય છે. વિશ્વાસુની પ્રભુ જરૂર રક્ષા કરે છે, કરે છે ને કરે જ છે. ગલુજીભાઈને ભગવાનના વચનનો વિશ્વાસ હતો તો તેમણે ઓગણતેરા જેવો દુષ્કાળ સુખેથી પસાર કર્યો.

પ્રગટ હરિ ને સંતનો, જેને હોય વિશ્વાસ;
માહાત્મ્ય નિશ્ચયવાનને, પ્રભુ કરે છે પાસ...૭૭
એવા હેતાળા જનથી, વચન મુજબ વર્તાય;
નિષ્ઠામાં ખામી હોય તો, વચન પૂરા ન પળાય...૭૮

વિશ્વાસુ ભક્ત જ પ્રભુની પરીક્ષામાં પાર ઊતરે છે. કેમ જે, એને ખબર હોય છે કે, **હરિની પરીક્ષા એ જ મારી સાચી રક્ષા છે.** જેને વિશ્વાસ ન હોય તે જરૂર ડૂબી જાય છે. ભગવાન ભક્તની માહાત્મ્ય સહિત નિષ્ઠાની જ પરીક્ષા લે છે. અને તે પરીક્ષાની ચકાસણી કંઈક આજ્ઞા કરીને તે આજ્ઞા ભક્ત પાળે છે કે નથી પાળતો ? એ જોઈને જ ભગવાન કરે છે.

માટે **પ્રભુની પરીક્ષામાં પાર ઊતરવાની પાત્રતા માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય જ છે.** ગલુજીભાઈ આવા નિષ્ઠાવાન ભક્ત હતા. તેથી તે શ્રીહરિની દરેક પરીક્ષામાંથી પાર ઊતર્યા. હવે મહારાજ તેમની પરીક્ષાનું આખરી અને છેલ્લું પેપર કાઢે છે. આ પ્રસંગ સર્વેને માટે અતિ સમજવા જેવો અને જીવનમાં ઉતારવા જેવો છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'શ્રીહરિએ ગલુજીભાઈની દુષ્કાળમાં રક્ષા કરી' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

ગલુજીભાઈને નાતબહાર મૂક્યા, તેની નિર્દોષબુદ્ધિ

દોહા : **વળી વાલે વિચારીયું, લીધી પરીક્ષા અનેક;**
હજી લેવી છે મારે, ગલુજીની વધુ એક...૭૯
આ છે તેની આખરી, પરીક્ષા અતિ કઠણ;
જોઈએ એનું આપણે, આકરુ આ સમર્પણ...૮૦
વિચિત્ર પરીક્ષા લે ક'દિ, લોક શાસ્ત્રથી વિરુદ્ધ;
વાત કોઈને પચે નહિ, થાય તેથી જ યુદ્ધ...૮૧
'જ્ઞાન' એને સમજી શકે, ભક્ત ને બ્રહ્મરૂપ;
બીજા તે સમજે નહીં, જે હોય માયારૂપ...૮૨

ગલુજીભાઈને એક સુખબાઈ નામે દીકરી હતી. તે ઘણી સ્વરૂપવાન હતી. તે યુવાન થઈ પરંતુ હજુ પરણાવવાની બાકી હતી. અને તેપણ મહાન ભક્ત હતી. જેવા ગલુજીભાઈ નિષ્ઠાવાન ભક્ત હતા, એવી જ નિષ્ઠાવાન તેમની આ દીકરી સુખબાઈ હતી.

તેમના દિલમાં વર્ષોથી ઘૂમરીઓ ખાતી શુદ્ધ ભક્તિભાવના દબાઈને પડી હતી. તે અંદરથી નિત્યે ઉછાળા મારીને શ્રીહરિને પોકારતી. કાયમ એના મનમાં એમ થતું કે, કોઈક વાર મારો નાથ મારે ઘેર રહે, મારા હાથનું જમે, મારા હૈયાના કોડ હેતાળો હેતે પૂરે. હું પ્રગટ પ્રભુની મનમૂકી નેહથી સેવા કરું અને મારું આયખું સાર્થક

કરું, એવી તેના દિલમાં અતિ ભાવના હતી. ભાવનાને સ્વીકારીને તે આત્માને શાશ્વત મહાઆનંદ આપવાનો ભગવાને વિચાર કર્યો.

પછી કોઈક સમયે ગલુજીભાઈ અને એના ધર્મપત્ની વગેરે કુટુંબીઓ કોઈ અગત્યના કામ પ્રસંગે થોડા દિવસ પૂરતા બહાર ગામ ગયા હતા. અને ઘરના પશુ વગેરેને સાચવવા યુવાન દીકરી સુખબાઈ એકલીને ઘેર રાખી હતી. આ ટાણે ઘરમાં બીજું કોઈ ન હતું.

આ રીતે ભક્તવત્સલ ભગવાન સંજોગ ગોઠવીને તેમની ભાવના પૂર્ણ કરવા સાધુનો વેશ ધરીને દિવ્ય સ્વરૂપે અચાનક એકલા જ ગલુજીભાઈને ઘેર આવ્યા. મહારાજને અચાનક આવેલા જોઈને સુખબાઈના હૈયાનો ભાવોદધિ હિલોળે ચડ્યો. મનનો મોરલિયો નાચી ઊઠ્યો. વર્ષોથી હૈયામાં ઘૂંટાતી ભાવોર્મિ જાણે કે શબ્દનું રૂપ લઈ પદ્યના રૂપે વહેવા લાગી ત્યારે તેણે જાણે આવું જ પદ ગાયું હશે કે શું !

તમે કુંવર ભક્તિમાના, આવ્યા આંગણ મારે છાના,
તમને જાહેર કરું કે છાની પ્રીત કરું;
તુંમાં હૈયું તો ખેંચાતું, મુંથી નો'તું કાંઈ કહેવાતું,
હવે વાતો કરું કે હું ફજેતો કરું...ટેક.

જોઈ રૂડુ તારું રૂપ હું તો થઈ તદ્રૂપ,
મને લાલ લોભાઓ શું કરવા ?,
મને જાણ તારી ઈચ્છા જાણ મારી,
આવો હાથ લંબાઓ મારું હૈયું ઠરવા;
હવે હૈયે હૈયું જોડો, મારી શરમ શ્રીજી તોડો,
હવે હૈયે રાખું કે સહુને કહ્યા કરું...તમે૦ ૧

સદા સોંપતી'તી હાથ મનોમન મારા નાથ,
આજ આવ્યા અલૌકિક સુખ દેવા,

મારાં ભાગ્ય ભારી થઈ તારી નારી,
હવે જગથી મારે શું છે લેવા દેવા ?;
મારી શય્યામાં છો આવ્યા, મારા હૈયામાં સમાયા,
હવે હેત કરું કે હૈયું દુઃખી કરું...તમે૦ ૨

તું તો સર્વોપરી હરિ હું તો તુંમાં ગઈ ઠરી,
મને ભાન નથી કાંઈ જગનું,
દિલ દયા ધારી હરી પીડા મારી,
જાણી જ્ઞાનસખીના અંતર મનનું;
ક્યાંથી મળો હરિ આવા, મારા મનના માન્યા માવા,
હવે રજા દઉં કે સદા મજા કરું...તમે૦ ૩

પ્રગટ પરમાત્મા શ્રીહરિને પ્રેમથી મીઠે વેણે આવકાર્યા. સાચા સ્નેહથી સત્કાર્યા. શરમ અને માન છોડી અતિ સન્માન કર્યું. લોકલાજ તો પ્રેમના સાગરમાં ક્યાંય તણાઈને જતી રહી હતી. પ્રેમના આંસુડાથી, નિતરતા નેણાથી નાથના ચરણ પખાળ્યા. પૂજન કરી આરતી કરી.

પ્રેમાળા પ્રભુ પણ તેમની ભાવનાને હાવભાવથી સ્વીકારતાં થકા ઘરમાં પધાર્યા. સુખબાઈએ સુખપૂર્વક સુખશૈયાવાળો ઉતારો આપ્યો.

પછી તો પૂછવાનું જ શું ? રોજ રોજ શ્રીજીમહારાજને સ્નાન કરાવે, પ્રેમથી નિત નવલી રસોઈ કરી હૈયાને હેતે નિજ હાથે જમાડે, પોઢાડે, જગાડે, કીર્તન ગાઈને આનંદ પમાડે, અતિ નિર્લેપ અને સહુથી પર એવા શ્રીહરિ આત્માની અલૌકિક શુદ્ધ નિષ્કામભક્તિને આદરથી માન આપતા થકા ત્યાં રોકાયા છે. એમ રોજે રોજ સત્સંગસંબંધી પ્રેમભરી વાતો કરે છે. એમ કરતા પંદર દિવસના વાણા વાય ગયા. મહારાજ તેમની દીકરી સાથે એકલા રહ્યાં છે. તેની જાણ ગામ આખામાં થઈ ચૂકી હતી.

દોહો : **બે જણ રહ્યા એકલા, ભેળા દિવસ ને રાત;**
ગામના લોકો બળી ઊઠ્યા, કર્યો નિંદા ઉત્પાત....૮૩

ગામના લોકો જેમ ફાવે તેમ બોલવા લાગ્યા. તેઓ ગલુજીભાઈની, તેમની પુત્રી મહાનભક્ત સુખબાઈની અને શ્રીહરિની ટીકા-નિંદા કરવામાં જરાય ઊણા રહ્યા નહિ. ગામમાં જ્યાં ત્યાં અનેક ઘરે આ જ ચર્ચા ચાલે છે તેવામાં ગલુજીભાઈ અને એમના પત્ની બહારગામથી ઘેર આવ્યા. ત્યારે ગામના સાત્ત્વિક ધર્મવાળા અને કહેવાતા સજ્જન આગેવાનો ભેગા થયા. પછી ગલુજીભાઈને બોલાવીને કહ્યું, "શું આ તમારા રાજપૂત કુળને શોભે એવું કામ છે ? આમાંથી તો કુળને કલંક લાગે." ત્યારે ગલુજીભાઈ કહે, **"જ્યારથી મને સ્વામિનારાયણ ભગવાન મળ્યા ત્યારથી મારું બધું નિષ્કલંક થઈ ગયું છે, નિર્દોષ થઈ ગયું છે."** એમ કહી તેઓ ઘેર આવ્યા.

પછી તે તમામ ગામના ઈર્ષાળુ આગેવાનોએ ભેગા મળી તકનો લાભ ઉઠાવી આજુબાજુના મહિડા જ્ઞાતિના રાજપૂતોને વાત કરી ઉશ્કેરી તેઓને નાતબહાર મૂકાવ્યા. સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો, પરંતુ ગલુજીભાઈને તેની કોઈ ચિંતા ન થઈ. તેમના અંતરમાં તો પોતાની દીકરી સુખબાઈ સાથે પરમાત્મા દિવ્યરૂપે પંદર દિવસ રહ્યા, તેનો જ તેમને બહુ આનંદ થયો. પણ લોકો તો કાંઈ ને કાંઈ બોલવા મંડ્યા. છતાં ગલુજીભાઈનું રુંવાડું પણ હલ્યું નહીં. એ તો મેરુની જેમ મક્કમ રહ્યા.

દોહા : **ઘાટ ન થયો એક એને, ધન્ય એનો નિશ્ચય;**
પ્રગટ હરિને ઓળખ્યા, નહિ તો રહેવાય નય...૮૪
આવી કસોટી આકરી, કોઈકની જ થાય;
જેવા તેવાની કોઈ દિ', નથી લેતા હરિરાય...૮૫

ગલુજીભાઈએ પ્રગટ પુરુષોત્તમને ઓળખ્યા હતા. નહિતર આવા પ્રસંગે નિર્ભય રહેવાય, એવું શક્ય જ ન બને. આખું ગામ નિંદા

કરતું હતું. સર્વેએ મળી નાત બહાર મૂક્યા હતા અને શ્રીહરિ પણ તેમની દીકરી સાથે ત્યાં જ હતા. આવું ભગવાનનું મનુષ્ય ચરિત્ર જોવે ત્યારે કોનું દિલ ન ડગે ? પરંતુ ગલુજીભાઈને એક પણ સંકલ્પ ન થયો. આ તેમની છેલ્લી પરીક્ષા હતી. આ પરીક્ષા સારા સારા સંસારીને પરસેવો વાળી દે તેવી છે. અને ત્યાગી, જ્ઞાનીને પણ નાવા-ધોવાનું થઈ જાય એવી ભારે છે.

ગલુજીભાઈએ અતિ હેતથી શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું, “મને ખબર નહોતી કે આપ પધારવાના છો. નહિતર હું બહારગામ જાત નહીં. માટે જેમ દીકરીને ખાતર પંદર દિવસ ઘેર રહ્યા તેમ હવે મારા ખાતર એક મહિનો રહો.” તેમની હૃદયની સાચી ભાવના જોઈ મહારાજ એક માસ વધુ રોકાયા. આમ, કુલ દોઢ માસ ત્યાં રહ્યા. ગામના લોકો ઠેકડા મારતા રહ્યા. પરંતુ ગલુજીભાઈ અને તેમની દીકરીએ તો લોકની લાજ મૂકી પ્રભુ ભજ્યા. આવી મહારાજે તેમની પરીક્ષા લીધી. તેમાં પણ તેઓ સારધાર પાર ઊતર્યા. વિચાર કરો..! કેવી તેમને મહારાજમાં નિર્દોષ બુદ્ધિ હશે ?

ધન્ય ધન્ય એ ગોપીકા, ધન્ય વ્રજવાસી જન;
ધન્ય ભક્ત ઉદ્ધવજી, ધન્ય પ્રભુજી કિશન...૮૬
એવી જ છે સુખબાઈ, મહાપ્રેમી નિષ્ઠાવાન;
ભાવ પૂરો કરવા તેનો, ભેળા રહ્યા ભગવાન...૮૭

ગરુડજી ભગવાનનું વાહન કહેવાય, વૈકુંઠનાથના પાર્ષદ છે. તેમના નામે આખું ગરુડપુરાણ રચાયું છે, પરંતુ લંકામાં શ્રીરામ નાગપાશથી બંધાયા ત્યાં નિષ્ઠાના ટૂકડા થઈ ગયા. પાર્વતીજી જગદંબા કહેવાય, દુનિયામાં અનેક તેમનાં મંદિરો છે, પરંતુ થોડું શ્રીરામનું મનુષ્યચરિત્ર જોયું ત્યાં નિષ્ઠાના ભૂક્કા બોલી ગયા. શ્રીકૃષ્ણનું મનુષ્ય ચરિત્ર જોઈ બ્રહ્માની બુદ્ધિ પણ ડગી ગઈ. ત્યારે આટઆટલી પરીક્ષા

કરી, છતાં ગલુજીભાઈની તથા તેમના પરિવારની નિષ્ઠામાં કે ભાવનામાં ઊની આંચ આવી નથી.

શ્રીહરિ વચ.ગ.મ.૧૦ માં કહે છે કે, **"દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે ને તેને વિશે પણ જેને દિવ્યપણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો.** અને ભગવાને ગીતામાં કહ્યું છે કે,

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ! ॥

"હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે; તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે." માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ **જ્યારે ભગવાન મનુષ્યનાં જેવાં પ્રાકૃત ચરિત્ર કરે, તોપણ તેને વિશે જેને દિવ્યપણું જ જણાય. પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય. અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય...**

એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે. અને એક-બે જન્મને સુકૃતે કરીને એવી ભક્તિ ન આવે, એ તો અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેગા થાય છે ત્યારે તેને ગોપીઓ સરખી ભક્તિનો ઉદય થાય છે અને એવી ભક્તિ તે જ પરમપદ છે. ગલુજીભાઈ તથા તેમનો પરિવાર આવી ભક્તિવાળા મહાન ભક્ત હતા. તેથી તેને કોઈ સંશય થયો નહીં.

અહંગ્રંથિ, મમત્વગ્રંથિ, મૈથુનગ્રંથિ તથા સંશયગ્રંથિ; આવી અનેક પ્રકારની જીવના કારણશરીરમાં ગાંઠો પડી છે. પરંતુ આ તમામ ગ્રંથિઓમાંથી એક સંશયગ્રંથિ ટળી જાય તો બીજી તમામ ગ્રંથિઓ આપમેળે ઓગળી જાય. **જીવને પરમાત્માના વચનમાં તથા તેમના જીવનમાં સંશય રહે છે તેથી જ અહં ને મમત્વરૂપી ગ્રંથિઓ કે માયા**

પીડે છે. જેની સંશયગ્રંથિ છેદાય તેના તમામ દોષો ભેદાઈ જાય, કર્મો ટળી જાય અને અખંડ ભગવાનનું દર્શન થાય છે. માટે આપણે પણ નિત્ય પ્રાર્થના કરી ભગવાન પાસે આવો દિવ્યભાવ માગવો. અજ્ઞાન, આસક્તિ અને અવગુણ, આ ત્રણ વાનાથી જીવ ધોવાઈ જાય છે, નિર્બળ બને છે અને **દિવ્યભાવ, મહિમા તથા નિષ્ઠાથી જીવ ભરાઈ જાય છે, બળિયો બને છે, મહાસુખિયો થાય છે.**

માટે જેને પોતાનું અંતર પ્રેમભીનું રાખવું હોય તેણે ગલુજીભાઈના જેવો પ્રગટ દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ કેળવવી. જે ખેતરમાં લીલો મોલ ઊભો હોય ત્યાં નીકળીએ તો ઠંડક આવે તેમ જેના જીવનમાં મહિમા અને દિવ્યભાવ હોય તેની પાસે બેસીએ તો આપણું અંતર ટાઢું થાય અને હૈયામાં સુખ પ્રગટે. લાખો પ્રકારનાં વાવાઝોડાં વાય છતાં જીવનમાં કોઈ ફેરફાર ન થાય તેને નિષ્ઠા કહેવાય અને ગલુજીભાઈની જેમ આવા નિષ્ઠાવાનની જ પ્રતિષ્ઠા થાય છે. નિષ્ઠાવાન જ મહાન બને છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'ગલુજીભાઈને નાતબહાર મૂક્યા, તેની નિર્દોષબુદ્ધિ' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય-૧૧

ગલુજીભાઈના ગુણો, સમજણ, ઉપસંહાર

વહાલા ભક્તો ! ભક્તરાજ ગલુજીની અલૌકિક સ્થિતિ અને પ્રભુપ્રીતિને નહિ સમજનારા તેવા ગામજનો તેમની અતિશય નિંદા કરવા મંડ્યા ને તેમને નાત બહાર મુકાવ્યા. છતાં લોકલાજ મૂકી પ્રભુ ભજ્યા. આમ, જે લોકલાજ મૂકી પ્રભુ ભજે છે, તેની હારે અખંડ

ભગવાન રહે છે. આવા ભગવદ્‌નિષ્ઠ ભક્તોનાં નામ જ શાસ્ત્રોમાં લખાયા છે, ઈતિહાસમાં અમર બન્યા છે.

દોહો : ધન્ય ધન્ય રજપૂત કુળને, ધન્ય ડડુસર ગામ;
ધન્ય ધન્ય તદ્ મા-બાપને, ધન્ય ગલુજી નામ...૮૮
ધન્ય ધન્ય તેની ભક્તિને, ધન્ય એનો પરિવાર;
ધન્ય ધન્ય એની સુતાને, સેવ્યા પ્રગટ કીરતાર...૮૯
ધન્ય ધન્ય પ્રગટ નિષ્ઠાને, ધન્ય ધન્ય હરિ વિશ્વાસ;
ધન્ય ધન્ય દિવ્ય બુદ્ધિને, હરિવચને રહ્યા ખાસ...૯૦
ધન્ય ધન્ય કેફ પ્રગટનો, મારી કાળને લાત;
કસણીથી પાર ઉતર્યા, ધન્ય ગલુજી વિખ્યાત...૯૧
તત્‌સમ જોઈએ આપણે, નિષ્ઠા ભક્તિ વિશ્વાસ;
માહાત્મ જ્ઞાને સહ સદા, શ્રીહરિ વિષે ખાસ...૯૨
કરીએ નિર્દોષબુદ્ધિ, પ્રગટ હરિ સંતમાંય;
અખંડ આનંદ તો રહે, મૂંઝવણ જરી ન થાય...૯૩
આજ્ઞા પળે આનંદથી, રહેવાય હળવાં ફૂલ;
પ્રગટ હરિ સંત કારણે, કરી શકીએ શિર ડૂલ...૯૪

જો આપણે પણ શ્રીજીમહારાજનો દિવ્યાનંદ માણવો હોય, મૂર્તિનું દિવ્ય સુખ સદા ભોગવવું હોય તો મનનું ધાર્યું મૂકી શ્રીહરિ અને સંતોનું ગમતું કરવું. જે પ્રગટમાં દિવ્યભાવ રાખે છે તે છતાં દેહે દિવ્ય બની જાય છે અને શ્રીહરિના દિવ્યસુખને પામે છે. માટે આપણે પણ ભક્તરાજ ગલુજીભાઈના જેવો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કેળવવો. નિષ્કામપણું અને નિર્દોષબુદ્ધિ શીખવી. પ્રગટ શ્રીહરિ અને પ્રગટ સંતોનો મહિમા તથા વિશ્વાસ દૃઢ કરવો.

જેની નિષ્ઠામાં અને નિર્દોષબુદ્ધિમાં ખામી હોય તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થતી નથી. અને તેને ભગવાનને સમજવામાં પણ ફેર કહેવાય. જ્યારે મહારાજ અને તેમના મુક્તોનું સ્વરૂપ સમજાય ત્યારે આપોઆપ શ્રીહરિમાં અખંડવૃત્તિ રહે છે. સતત શ્રીહરિનું સામીપ્ય અનુભવાય છે. પોતાને અને બીજા ભક્તોને બ્રહ્મરૂપ માની શકાય છે. અને પછી જ આપણી વૃત્તિઓ અક્ષરમુક્તોની જેમ ભગવદ્આકારે થાય છે. અને મૂર્તિનો મહાઆનંદ અખંડ અનુભવાય છે.

જેમ પાણી ભરેલો લોટો પ્રગટ હોય તો તરસ મટે છે, માત્ર ગંગા અવતરણનું કે સરોવરનું ચિત્ર કે સી.ડી. જોવાથી તરસ જાય નહીં. તેમ મહારાજ અને મુક્તોને ધામમાં જ માનીશું અને તેમાં જ દિવ્યભાવ રાખીશું, તેથી આપણી મુક્તિ થશે નહીં. મુક્તરાજ ગલુજીભાઈની જેમ પ્રગટ ભગવાન અને પ્રગટ સંતો-ભક્તોને ઓળખી, તેમાં દિવ્યભાવ ને દઢ નિષ્ઠા રાખીએ તો તરત બેડો પાર થાય. છતાદેહે અક્ષરધામનો આનંદ અનુભવાય. **જે પ્રગટને સેવે-પચાવે તે જ મહાન બને છે.** મૂર્તિમાં પ્રગટભાવ ન રહે અને સંતો-ભક્તોમાં મનુષ્યબુદ્ધિ રહે એ જ મોટી માયા છે અને પ્રગટ નિષ્ઠાની ખામી હોય ત્યાં સુધી જ અહં, દોષો અને વિષયાસક્તિ નડે છે.

જગતમાં તો નિયમિતતાથી ઊઠતા-જાગતા હોય, ઉપલક ધર્મ-નિયમ પાળતા હોય, બહારનું ખાતા ન હોય તેને જ બહુધા લોકો મોટા માને છે. પણ તેનાથી શું ? કર્મવાદીઓ હજી ચાલીને જાય છે, ઘણો ધર્મ પાળે છે પણ તે કલ્યાણનું કારણ નથી. **કલ્યાણનું મુખ્ય કારણ તો પ્રગટ ભગવાન અને પ્રગટ સંતોની નિષ્ઠા છે. અને દઢ વિશ્વાસ રહે એ જ સાચો આનંદ છે. તેમાં જ વૃત્તિઓ લાગેલી રહે એ જ સાચું સુખ છે. એમાં સદા દિવ્યભાવ રહે એ જ સાચી મોટપ છે.** દેહરૂપથી પ્રગટ ભગવાનની એક પણ મનુષ્યલીલા જોઈ શકાતી નથી. જે બ્રહ્મરૂપ હોય

તેને જ પ્રગટ હરિની પ્રાકૃત જેવી જણાતી ક્રિયા પણ પચે છે. જ્યારે એ જ ક્રિયા દેહાભિમાનીને આસક્તિને કારણે અવળી જ પડે છે.

જેને પ્રગટ હરિ કે સંતોમાં ક્યારેય મનુષ્યભાવ ન આવતો હોય, તેમાં ક્યારેય સંશય ન થતો હોય, તે દેહરૂપ લાગતો હોય તોપણ તે બ્રહ્મરૂપ થઈ ગયો છે એમ સમજવું. કેમ કે, તેનાથી જ પ્રગટમાં અચળ નિષ્ઠા રહે છે. જન્મોજન્મની સાધનાને અંતે ગલુજીભાઈના જેવી પ્રગટમાં નિઃશંક નિષ્ઠા થાય છે અને તે સામાન્ય જીવ હોય છતાં તેનામાં મહાનતા પ્રગટે છે, સદ્‌ગુણો અને સન્મતિ જન્મે છે. અને શ્રીહરિ તેની ઉપર અતિશય રાજી થાય છે. અને સાચી સાધુતા પણ પ્રગટ સંતો-ભક્તોની કૃપાથી જ આવે છે.

ઉપરોક્ત લક્ષણો અનુસાર ગલુજીભાઈ મહાપ્રેમી, વિશ્વાસી ભક્ત હતા. તેથી પ્રભુને અતિ વહાલા હતા. તેમણે આ રીતે શ્રીહરિને, સંતો-ભક્તોને ખૂબ જ સેવીને રાજી કર્યા હતા.

ભક્તરાજ ગલુજી દિન-પ્રતિદિન સર્વાવતારી શ્રીહરિ અને તેમના લાડીલા સંતો-ભક્તોની તન, મન, ધનથી સેવા કરતા રહ્યા. જ્યાં મહારાજ મોટા મોટા ઉત્સવો કરતાં ત્યાં પરિવાર સહિત જતા. તે સમૈયા ઉત્સવોમાં ઘણું રોકાતા અને ઘરધણીની જેમ તેઓ સેવા કરતા. તેથી શ્રીહરિ આ પરિવાર ઉપર અનેકવાર રાજી થયા હતા.

સમય જતા બ્રહ્માંડ રહે ત્યાં સુધી લોકોના કલ્યાણ થતા રહે, ઉપાસનામાર્ગ અખંડ રહે એવા હેતુથી શ્રીહરિએ સદ્‌ગ્રંથોની રચના કરાવી તથા ગગનચુંબી મંદિરો કરાવ્યા અને તેનો વહિવટ વ્યવસ્થિત ચાલે એવા હેતુથી બે દેશગાદી કરી આચાર્યપદની સ્થાપના કરી. સત્સંગીઓના સુખાર્થે દેશ વિભાગનો લેખ કરી આપ્યો. તેમાં ડડુસર ગામ અમદાવાદ દેશમાં આવ્યું છે. જો કે, આ પ્રાંતમાં પ્રથમથી જ અદ્‌ભુતાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી જેવા મહાપુરુષોએ

વિચરણ કરી સત્સંગ કરાવ્યો હતો. આ સંતોની અમીદષ્ટિથી અહીંના સત્સંગના પાતાળિયા પાયા નંખાયા હતા. મહુધાના અમીન અજુભાઈને અદ્‌ભુતાનંદસ્વામીએ સત્સંગ કરાવ્યો અને તેમના દ્વારા જ મહુધામાં સ્વામીએ તે સમયે રમણીય હરિમંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

એ જ રીતે મહાનુભાવાનંદસ્વામીએ તથા સંતમંડળે ડડુસર, વડથલ, ચિખલોડ વગેરે સ્થળોએ વિચરણ કરી સત્સંગનું ખૂબ પોષણ કર્યુ હતું. અને આ પ્રાંતમાં ડડુસર વગેરે ગામોમાં હરિમંદિરનું નિર્માણ કર્યુ હતું, તે વાત કહું છું.

સં. ૧૮૯૩ માં વચનસિદ્ધ મહાનુભાવાનંદસ્વામી સમંડળ ડડુસર પધાર્યા. ગલુજીભાઈ તથા જેસંગભાઈ વગેરે મહિડા રાજપૂત પરિવાર, પ્રભુદાસભાઈ, ભૂધરભાઈ, રાયજીભાઈ વગેરે પટેલ પરિવાર અને નારણભાઈ, આણંદરામ વગેરે વિપ્રોને ખૂબ આનંદ થયો. સ્વામીએ અહીં સત્સંગીઓના સુખાર્થે મંદિર નિર્માણની વાત કરી. શ્રીહરિ ડડુસર ગામ પધારતા ત્યારે જે સ્થળે ઘણી વાર ઊતર્યા હતા, સભાઓ કરી હતી એવા પ્રસાદીભૂત ઘરની જગ્યા ત્યાંના સત્સંગી બ્રાહ્મણોએ મંદિર કરવા માટે સમર્પણ કરી. અને સહુના સેવાદિ સાથ-સહકારથી મંદિર તૈયાર થયું. પછી સં. ૧૮૯૫ માં મહાનુભાવાનંદસ્વામીએ ડડુસર ગામે નૂતન હરિમંદિરમાં સ્વામિનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા કરી. તેથી ત્યાંના ભક્તો ખૂબ રાજી થયા.

આ હરિમંદિરમાં બેસી સતત ભજન કરતા, એમની સેવા કરતા ગલુજીભાઈ તથા તેમના પરિવારને કાળક્રમે ધીરે ધીરે શ્રીહરિ પોતાના ધામમાં તેડી ગયા. સહુને અક્ષરધામમાં પોતાનું અવિનાશી સુખ આપ્યું. હાલ એમનું જ્યાં ઘર હતું ત્યાં ઘર પડી જતા માત્ર પ્રસાદીની ભૂમિના દર્શન થાય છે.

✹ ગલુજીનો અક્ષરવાસ :

વહાલા ભક્તો ! આ રીતે સત્સંગની સેવા અને ભજન કરતાં કરતાં ગલુજીભાઈની ઉંમર બોતેર વર્ષની થઈ. એકવાર થોડી બિમારી લાગુ પડી. તેમની સેવામાં તેમનો ભત્રીજો ઘનશ્યામસિંહ હતો. તેમણે કાકા ગલુજીભાઈની ખૂબ ભાવથી સેવા કરી. સં.૧૯૧૨, જેઠ સુદ-૧૧ નો સહુએ ઉપવાસ કર્યો.

બીજે દિવસે સવારમાં પારણા કર્યા. થોડી બિમારીને કારણે ગલુજીભાઈ ખાટલામાં સુતા સુતા શ્રીહરિનું સ્મરણ કરતા હતા. સફેદ ધોતી, સફેદ પહેરણ પહેર્યા હતાં. હાથમાં માળા, કપાળે સુંદર તિલક-ચાંદલો, કંઠમાં કંઠી, મધ્યમ વરણી રૂપકડી કાયા અને મુખારવિંદ ઉપર પ્રગટ ભગવાનની પ્રાપ્તિના કેફનું તેજ ઝળહળી રહ્યું હતું. તે જ દિવસે **સં.૧૯૧૨, જેઠ સુદ-૧૨ તા.૧૫/૬/૧૮૫૬, રવિવારના રોજ અગિયાર વાગે શ્રીહરિ સંતોને સાથે લઈ તેમને તેડવા પધાર્યા.**

મહારાજે પીળી ધોતી પહેરી હતી. રૂપેરી તારવાળો ગુલાબી જામો પહેર્યો હતો. ખંભે સફેદ ખેસ અને હાથમાં રેશમી રૂમાલ હતો. મંદ મંદ હસતા મહારાજના મુખ ઉપર તેજ ઝળહળતું હતું અને સાથે દશ-બાર સંતો હતા, એવા અલૌકિક દર્શન આપ્યા. પછી શ્રીહરિ કહે, “ગલુજીભાઈ ! અમો તમોને આ અદ્‌ભુતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, તદ્રુપાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી વગેરે સંતો સાથે તેડવા આવ્યા છીએ.” તેઓ ખૂબ રાજી થયા. તરત જ સેવામાં રહેલા સેવકને સંબોધીને કહ્યું, “ઘનશ્યામસિંહ ! આ મહારાજ સંતો સાથે મને તેડવા આવ્યા છે. માટે તમે મહારાજના દર્શન કરી લ્યો.” તરત જ ઘનશ્યામસિંહ તથા તેમના પરિવારના ત્રણ-ચાર પુરુષો ને ત્રણ-ચાર બહેનો આવ્યા. તે સહુને પણ મુક્તો-સંતો સહિત મહારાજના દર્શન થયા. પછી સહુને જય સ્વામિનારાયણ કહી ભક્તરાજ ગલુજીભાઈ

ભૌતિક શરીરનો ત્યાગ કરી દિવ્ય દેહ ધરી અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા. તેમના પરિવારજનોએ અંતે શ્રીહરિના સહુને દર્શન થયા એ જ આનંદમાં ગલુજીભાઈના અંતિમ સંસ્કાર કર્યા. આ રીતે શ્રીહરિ ભક્તરાજ ગલુભાઈને ધામમાં તેડી ગયા.

પરંતુ નિષ્ઠાવાન તેમના ધર્મપત્ની અંબાબાઈ તથા પુત્રી સુખબાઈ આદિક કોઈની જન્મતિથિ તથા ધામગમન સાલ, તિથિ આદિ અમને મળેલ નથી તથા તેઓને નાતમાં પાછા લીધા કે નહીં ? તે પણ મળેલ નથી. આ બાબત સંશોધનીય છે. કેમ જે, આ સર્વે પ્રગટ પુરુષોત્તમનારાયણને મળેલા, સેવેલા, પરીક્ષામાં પાસ થયેલા મહામુક્તો હતા. અને તેમના દ્વારા જ ડડુસરમાં સત્સંગનું ખૂબ પોષણ થતું હતું. ગલુજીભાઈ તથા પ્રભુદાસ પટેલ વગેરે ધામમાં ગયા બાદ અહીંનું મંદિર અને સત્સંગ બંને જર્જરિત થયા હતા. બંનેના જીર્ણોદ્ધારની જરૂર પડી.

પછી મહાનુભાવાનંદસ્વામીની પરંપરાના જ પુરાણી સાધુ લક્ષ્મીપ્રસાદદાસજીસ્વામીએ અમદાવાદ કાલુપુર મંદિરની કમિટિની સંમતિ લઈ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સં.૧૯૯૫ માં ડડુસર આવી અહીંના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો અને સત્સંગનું પોષણ કર્યું હતું. તે સમયે તેમની સાથે મહુધાના અમીન અજુભાઈના પરિવારમાં આવેલા મૂળજીભાઈ ચતુરભાઈ પટેલ રહ્યા હતા. તેમણે જ હાલ ડડુસરમાં જ્યાં ભક્તરાજ ગલુજીના ઘરની ઓસરીમાં શ્રીજીમહારાજ બિરાજતા હતા ત્યાં દર્શનાર્થીઓના સુખાર્થે, પોતાનો મોક્ષ થાય તે માટે સં.૧૯૯૦ માં સુંદર આરસનો ઓટો કરાવી શ્રીહરિના ચરણારવિંદ પધરાવ્યા છે.

ભક્તરાજ ગલુજીના વંશજોમાં હાલ કોઈ રહ્યું નથી. તેમના ભાઈ મેલાજીના વંશમાં છેલ્લે બાબરભાઈ પથાભાઈ મહિડા રાજપૂત હતા. તેમને પુત્ર ન હતો પરંતુ બાલુબા અને નાનીબા નામે બે દીકરીઓ હતા. તેમને એક જ રાઠોડ પરિવારમાં પરણાવ્યા હતા. તેમણે સત્સંગ

રાખ્યો હતો. તેઓ અમદાવાદ-વિજોલ વિસ્તારમાં રહેતા. તેઓ થોડા સમય પહેલા ક્રમશઃ બેય ધામમાં ગયેલ છે. તેમાં બાલુબાને દીકરા ન હતા, દીકરીઓ છે. અને નાનીબાનો પૌત્ર જગદીશ રાઠોડ હાલ છે. તેમણે આ માહિતી આપેલી છે. બાકી ડડુસરના રજપૂતોના વંશમાં અત્યારે કોઈ રહ્યા નથી. પરંતુ ડડુસરમાં પ્રભુદાસ પટેલના વંશજોમાં ધર્મેન્દ્રકુમાર છે અને મંદિરની સેવા-પૂજા પણ તે કરે છે તેમને જે કાંઈ ખબર હતી તે અનુસારે ત્યાંની થોડી ઘણી માહિતી અમને આપી હતી અને હાલ ડડુસરમાં જૂનું મંદિર પાડીને પ્રસાદીની એ જ જગ્યાએ પાયામાંથી નવું મંદિર બંધાઈ રહ્યું છે. આટલો ડડુસર ગામના સત્સંગનો તથા મંદિરનો ઈતિહાસ પ્રસંગાત્ કહ્યો.

દોહા : **મુક્તરાજ ગલુજીભાઈનું, રૂડું કહ્યું આખ્યાન;**
અંબાબાઈ સુખબાઈનું, ભેળું કર્યું વ્યાખ્યાન...૯૫

ત્રણેય આત્મા મુક્ત છો, કર્યું મેં તમારું ગાન;
એમાં થયેલી ભૂલની, માફી આપો ગુણવાન...૯૬

રાજી થજો અમ ઉપરે, તમારા જેવા થઈએ;
તમ ભેળા શ્રીહરિ સાથે, સદાય અમે રહીએ...૯૭

હવે અંતમાં આપણે, પ્રાર્થના કરીએ સહુ;
હે પ્રગટ પુરુષોત્તમજી, સંત હરિભક્ત બહુ...૯૮

સર્વે મળી અમ ઉપરે, કૃપા કરો સુખસાજ;
સર્વ ક્રિયામાં સતત મને, સાંભરો શ્રીમહારાજ...૯૯

મુક્તરાજ ગલુભાઈના, જેવું જ બને જીવન;
બે હાથ જોડી હું માગું છું, પ્રેમે જ્ઞાનજીવન...૧૦૦

સંવત બે હજાર ને ઉપર, વરસ ઓગણસિત્તેર;
તે દિ' આખ્યાન પૂરું થયું, સંત હરિની મેર...૧૦૧

ભાદરવો માસ હતો, વદી તિથિ બારસ;
એકાદશી રહેવા હતી, આજ ઈંદિરા સરસ...૧૦૨

ઈસવિસન બે હજાર તેરે, પહેલી ઓક્ટોબર;
શુભ મંગળવાર દિ'ને, કામ થયું સુંદર...૧૦૩

કુંડળ રૂડું તીર્થધામ છે, નદી ઉતાવળી તીર;
ત્યાં વસી ગ્રંથ લખિયો, ખુશ કરવા રામવીર...૧૦૪

કરું છું અર્પણ આપને, હે હરિ મારા નાથ;
હરિ હરિજન રાજી રે'જો, સદાય મુજ સંગાથ...૧૦૫

ઈતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન મધ્યે પંચમ પ્રકરણે ભક્તરાજ ગલુજીના આખ્યાનમાં 'ગલુજીભાઈના ગુણો, સમજણ અને ગ્રંથનો ઉપસંહાર કહ્યો' એ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

ઇતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી કુંડળધામ લિખિત
શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન ગ્રંથ મધ્યે
વિશ્વાસીભક્ત ગલુજીભાઇનું આખ્યાન કહ્યું
એ નામે પંચમ પ્રકરણ સમાપ્ત ॥૫॥

॥ ઇતિ શ્રીસ્વામિનારાયણીય ભક્ત આખ્યાન ભાગ-૧ સમાપ્ત ॥

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પ્રકાશન

VCD

૧. મોક્ષનાં સાધનો   ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)   ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ   ૩. પંચરત્ન
૪. હરિસ્મરણ   ૫. દાદા ખાચરના વિવાહ
૬. શ્રીમદ્ ભાગવત

DVD

૧. સ્નેહગીતા   ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન   ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ   ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર   ૮. સર્ગનિસરણી
૯. મુક્તવંદના
૧૦. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૧. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૨. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૩. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૧૪. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૬)*
૧૫. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૧૬. હે નાથ ! *(કીર્તન દર્શન-૮)*
૧૭. કુંડળધામ દર્શન
૧૮. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૯. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૨૦. હિંડોળા ઉત્સવ   ૨૧. યુવાશિબિર
૨૨. વિવેકશતક કથા
૨૩. મૂર્ખશતક કથા   ૨૪. યમદંડ

MP5

૧. ભક્તચિંતામણિ   ૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન   ૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા   ૧૦. વિવેકશતક કથા
૧૧. વાસુદેવ માહાત્મ્ય
૧૨. વિવેક ચિંતામણિ
૧૩. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૪. કીર્તન સહ ધ્યાન
૧૫. કથામૃતમ્
- છપ્પનાવલી   - શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય - ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત
૧૬. વડતાલધામનો મહિમા
૧૭. ઐશ્વર્યપ્રકાશ
૧૮. નારાયણ અંગ ચિંતામણિ
૧૯. સંત આખ્યાન
  - સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
  - સદ્.શ્રીશુકાનંદસ્વામી
  - સદ્.શ્રીઆધારાનંદસ્વામી
  - સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી

- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીઅક્ષરજીવનસ્વામી (ભુજ)નું જીવન એવં પત્ર
- મૂળજી બ્રહ્મચારી - જેરામ બ્રહ્મચારી

૨૦. ભક્તાખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- શિવલાલ શેઠ અને ભગા દોશી
- ડડુસરના ગલુજી
- સોખડાના ગોપાલભાઈ
- લોધિકાના અભેસિંહ
- મેંગણીના માનસિંહ
- જોબન પગી - રૂડિયો રખડું
- કાળુ મકવાણા - ઝીણાભાઈ
- હેમરાજ શાહ
- વૃંદાવનના લાલાબાબુ
- લાલજીભાઈ ધાનાણી (સુરત)
- દિનેશમામા (USA) - મીણબાઈ
- રાઈબા મા - જાનબાઈ - સખુબાઈ

૨૧. કીર્તન વિવેચન
- મારે ઘેર આવ્યા રે. . .
- ભજ્યો નહિ ભગવાન. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે... - શ્રીજી બાવની...
- જુઓ વિચારી... - ચલે ગજ બૈઠકે...
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- સહજાનંદ સુખકારી . . .
- કોઉ કામ ન આવે. . .
- આજ મેં તો ભેટ્યા રે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે... - ફગવા...
- તમારે શરણે શીશ નમાવું. . .
- ધર્મકુંવર ઘનશ્યામજી. . .
- પ્રભુ મને થાજે. . .
- સહજાનંદ સિંધુ સખી જો. . .
- શીલવંતા સાધુને. . .
- આનંદ આપ્યો અતિ ઘણો. . .
- સદ્ગુરુ સાચા રે. . .
- વાત મેં તો વિચારી મને રે. . .
- ઓરા આવોને ધર્મકુમાર. . .
- પ્રભુ સાથે કરને રે. . .
- હરિ ભજતાં સહુ મોટપ. . .
- સહજાનંદ સહજાનંદ. . .
- સંત સમાગમ કીજે. . .
- દીન દયાળુ ગુરુદેવ. . .
- પ્રતાપ પૂરણ શ્રીપુરુષોત્તમ. . .
- આજ ભાગ્ય ઉદય થયાં. . .
- વાલા ભક્તિ-ધર્મસુત. . .
- પુરુષોત્તમ બોલ્યા પ્રીતે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .
- ભૂતળ ભક્તિ પદારથ મોટું. . .

૨૨. સવારનું ચિંતન
- વંદુ સહજાનંદ રસરૂપ - શિબિર-૭
- સવારનું ચિંતન - શિબિર-૯,૧૦
- શોભા શી કહું રે - શિબિર-૧૧
- સ્વામી સહજાનંદજી - શિબિર-૧૨
- બદ્ધમાંથી મુક્ત - શિબિર-૧૩
- ભગવદ્ગુણો - શિબિર-૧૫
- એમ અગણિત વિશ્વ - શિબિર-૧૬
- સહજાનંદ સનેહી - શિબિર-૧૭

પુસ્તક

हिन्दी/संस्कृत प्रकाशन

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને કથા-કીર્તન અને ધ્યાન-ભજન દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે તેઓ ઉપરોક્ત બંને મંદિરો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લાં ૨૧ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર

મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે. ત્રિવિધ તાપથી તપેલા જીવને માટે શાંતિની ગંગોત્રી છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદસંતોની પરંપરા મુજબ આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે. સત્સંગ-પિપાસુ ભક્તજનો આ સંતોના મુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય ધન્ય બની રહ્યા છે.

વિવિધ પ્રકાશનો : આ ધમાલિયા યુગમાં સુખ, શાંતિ અને મોક્ષ માટે સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કથા-વાર્તા અને કીર્તનાદિક સંજીવની ઔષધ સમાન છે. આ જ હેતુને અનુલક્ષીને પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી મોક્ષપર્થદર્શક એવા અન્ય સદ્‌ગ્રંથો તથા ‘સત્સંગસેવક’ નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક વાલુડા-બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ મંદિર તરફથી બનાવવામાં આવે છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે.

પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૨૫ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરનું પણ આયોજન થાય છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળ સંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે. ●



લેખક :- પ. પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી



શ્રીસ્વામિનારાયણ મંદિર - વડતાલ ધામ

ISBN 978-93-83456-53-6